


કાઠિયાવાડના એક સાહિત્ય રસિક રાજવી.

પાનેદના દરબાર જનાબ " ઉસ્તા " સાહબ જેમણે થોડાક સમયમાંજ
ઉર્દૂ–ગુજરાતી શાયરીમાં સારી પ્રગતિ સાધી છે.

વોહ જંગલોમે સૈર શબે માહતાબકી





● ખમ્સા ●

તારીફ કયા કરૂ તેરે હુસ્નો શબાબકી, ઝરૈમે મહક કયા હૈ બલા આફતાબકી
વોહ સોહબતે વોહ નઝરે ઇનાયત જનાબકી; વોહ જંગલોમે સૈર શબે માહતાબ કી,
ઐસી હૈ જંમો હૈ ન કોઇ બાત ખ્વાબકી.

કયા કીજ્યે ઇલિજ્જ કે ગમકા નહીં શુમાર, આશિક તુમ્હારા રેહના હૈ હર વકત બેકરાર,
પુરકતકા આપકી વોહ ખટકતા હૈ દિલમે ખાર, કેહના હૈ બારબાર યેહ રોરોકે ઝારઝાર,
હાલત ન પુછીયે દીલે ખાના ખરાબકી.

યૂતો હસીં ઝમાનેમે દેખે હૈ બેહિસાબ, લેકીન કહાંહૈ આપકે ઇસ હુસ્નકા જવાબ,
હૈ ઇન્તેખાબ ઇસમે ભી હૈ આપ ઇન્તેખાબ, કમ બાનકા તુમ્હારી કિમીસે બના જવાબ,
જો બાતકી ખુદાકી કસમ લા જવાબકી.

બે-આપકે ન હોગી મેરી જિન્દગી બસર, યેહ ગમ સતા રહા હૈ મુજે શામ ઔર સહર,
કરની ન થી યૂં મુજપે તુમ્હેં લુતફકી નઝર, મુજસે મિલાકે આંખ ન દેખો ઝમીન પર,
મટ્ટીપે કયૂ ઉલટતે હો બોતલ શરાબકી.

"રૂસ્વા" તેરી તલાશમે કયુ જાએ કૂબકૂ, જબ હૈ તસુવ્વરાતકી દુન્યામેં તૂહી તૂ,
તેરે સીવા નહીં કોઇ ચમ ઉસકી આરઝૂ, જો તૂ નહીં ખયાલ તો તેરાકે દૂબદૂ,
તસ્વીર મુશ્કિલોંસે યે હૈ દસ્તયાબકી.

પુસ્તક ત્રીજું અંક ૧ લો



કારવાં



સપ્ટેમ્બર ૧૯૪૧

ત્રીજી મંઝિલ


શુ કહેવું કે વધુ કહું લા શરીકનો કે જેના ફંડોના કરમથી, પોતાના હસ્તીમે પાક મસ્ત ના મહકાબા 'કારવાં' પોતાની બીજી મંઝિલ વટાવી ત્રીજી મંઝિલમાં કદમ મૂકવાને શક્તિશાળી બન્યું છે

એહસાન છે તે ગ્રાહકો, ચાહકો, લેખકો અને ઉત્તેજકોનો કે જેમના મીઠા સહકારના પરિણામે આ પચ્ચીસમો અંક પ્રગટ કરવા ભાગ્યવંત થયા છીએ.

કારવાં એ પ્રથમ બે વર્ષમાં શું શું આપ્યું તેનો વાચકોની દૃષ્ટિ સમક્ષ છે જ શું શું હજી આપવાનું બાકી રહ્યું છે તે પણ અમારી નજરથી દૂર તો નથી જ પણ જ્યાં વિશ્વમાં દારૂણ જંગના તાંડવ ચાલી રહ્યા હોય, ચાર સાડાચાર આને રતલ મળતા કાગળના ભાવો આઠ નવ આના ચૂકવવા પડતા હોય, બ્લોક બનાવનારની ભાવો વધારાની નોટીસો ઉપરા ઉપરી મળતી રહેતી હોય, તેમ છતાં હાલ જેટલા પૃષ્ઠો અપાય છે તેમાં કાપ મૂકવા ઇચ્છા થતી ન હોય, એટલે અમે દીધ્યા એ મધુર બોલના તો સોણલાજાર રહે ને? પૃષ્ઠોની સંખ્યા નહીં ઘટાડતા અલ્પમત્ત ટાઇટલમાં ત્રીરંગી ચિત્રને બદલે એક રંગી ટાઇટિલ મૂકવાની ફરજ તો બજારે લાવી પડી છે જ. જ્યાં ભોજશોકની વસ્તુઓ ઉપર રેશનીંગ આવવાની સંભાવના હોય, ત્યાં આર્ટનું રેશનીંગ તો ગ્રાહકો અને શુભેચ્છકોને ગમશે જ. જ્યાં પેટ્રોલ વિના મોટરોને ગેરેજમાં પૂરવાનો સમય ઉપસ્થિત થતો હોય ત્યાં સાદા ગણગારેવા ઊંટોનું અમારા "કારવાં" પૂરા બોઝ સહિત પોતાની મંઝિલો પર મંઝિલો વટાવતું રહે એટલી સદ્ભાવના તો અમારી માંગે તેઓ પણ નાખી ન્હાં રહેશે જ.

કેમાં ગ્રાહકો એક એક ગ્રાહક આપે, વ્યાપારીઓ તેમની જાહેર ખબરો આપે, અને તે પણ જ તેઓને અમે શું આપવા માગીએ છીએ તે જણાવવા શક્તિવાન થઇશું. હિસાબના હજી બન્ને બેડા મગજો ભમી રહે એમ નથી જ અને તેથી જ આટલો હુકમ ઈશારો કરીએ છીએ બાય આ ત્રીજા વર્ષના પ્રથમ અંકથી જ ગ્રાહકોને કાયમી નવિનતાનાં દર્શન તો થયા હશે જ? અને હજુએ થતા રહેશે. ઇન્શાઅલ્લાહ.

—તંત્રી



ઈસ્લામી શિક્ષણ

અલ્લાહ તઆલાનું ફરમાન (કુર્આન)
મૌલાના અબ્દુર્રહીમ સાહિબ

(૧૪૭) તે (હિદાયત પામેલા) લોકો (એવા છે) કે સોદા કરવા અને ખરીદવુ વેચવુ તેમને અલ્લાહની યાદથી તેમ નમાઝ કાયમ રાખવાથી તથા ઝકાત આપવાથી ગફલતમા નાખી શકતા નથી તેઓ એવા દિવસથી ડરે છે જેમા ઘણા દિલ અને ઘણી આંખો ફરી જશે (કુર્આન)

* * * *

(૧૪૮) અને (હે મુસલમાનો !) નમાઝ કાયમ રાખો અને ઝકાત આપતા રહો તેમ રસૂલના હુકમ પર ચાલો કે જેથી તમારા ઉપર (સ પૂર્ણ) દયા થાય (કુર્આન)

* * * *


(૧૪૯) ઈમાનવાળાઓની વાત તો એજ છે કે જ્યારે તેમને ખુદા અને રસૂલની તરફ તેમના દરમ્યાન ફૈસલો કરવા માટે બોલાવવામા આવે તો (ખુશીથી) કહે છે અમે સાભળ્યુ અને હુકમ માની લીધો, અને તે લોકોજ મોક્ષ મેળવનાર છે (કુર્આન)

* * * *

(૧૫૦) અને જે લોકો કાફિર છે તેમની કરણી (ની મિસાલ એવી છે) જાણે જગલમાની રતી કે તરસ્યો તેને પાણી ધારે છે, એટલા સુધી કે જ્યારે તેની પાસે પહોચ્યો તો (જે સમજ્યો હતો) તેને કાઈપણ ન જોયુ અને અલ્લાહ (ના અઝાબ)ને પોતાની પાસે જોયો ફરી તેને તેનો હિસાબ પુરો ચુકવી દીધો, અને ખુદાપાક જલ્દી હિસાબ લેનાર છે (કુર્આન)

* * * *

(૧૫૧) અને જ્યારે તમારામાના છોકરા જુવાનીની હદ પર પહોચે તો તેમણે પણ તેવીજ પરવાનગી લેવી જોઇએ જેવા કે એમનાથી આગલા (મોટા માણસો) પરવાનગી લે છે, એવીજ રીતે ખુદાપાક તમારા માટે પોત ના હુકમો સ્પષ્ટ બયાન કરે છે, અને ખુદાપાક સઘળુ જાણનાર હિકમતવાળો છે (કુર્આન)



(૧૪૭) રસૂલુલ્લાહ સલ૦ એ ફરમાવ્યું કે આ કુર્આનને હંમેશ પઢતા રહો, કારણ કે તેની કસમ કે જેના હાથમાં મુહમ્મદનો જાન છે કે કુર્આન તે ઊંટોથી વધુ નાસનારૂ છે જે દોરડાથી બંધાયલુ નથી (સહીહૈન)

× × × ×

(૧૪૮) રસૂલુલ્લાહ સલ૦ એ ફરમાવ્યુ કે અલ્લાહ તઆલા તારા વડે કોઈપુરૂષને હિદાયત કરે (માર્ગ બતાવે) એ તારા માટે લાલ ઊંટો મળવા કરતાં બેહતર છે. (બુખારી)

× × × ×

(૧૪૯) રસૂલુલ્લાહ સલ૦ એ ફરમાવ્યું કે અવશ્ય લોકો ઉપર એક એવો વખત આવનાર છે કે કતલ કરનાર નહિ જાણશે કે તેણે કઈ વાતમાં કતલ કર્યો અને કતલ થનાર જાણશે કે કઇ બાબતમાં કતલ થયો. (મુસ્લિમ)

× × × ×

(૧૫૦) રસૂલુલ્લાહ સલ૦ એ ફરમાવ્યું કે મુનાફિકની ત્રણ નિશાની છે. [૧] જ્યારે તે વાત કરે તો જુઠું બોલે, [૨] અને જ્યારે તે વાયદો કરે તો વિરૂદ્ધ કરે. [૩] અને જ્યારે તેની પાસે અમાનત મૂકાય તો ખિયાનત કરે. (સહીહૈન)

× × × ×

(૧૫૧) રસૂલુલ્લાહ સલ૦ એ ફરમાવ્યુંકે ઈમાનવાળાનો અજબ મામલો છે કે તેના દરેક કામમાં તેના માટે ખૈર (અને બેહતરીજ) છે. અને ઈમાનવાળા સિવાય આ વાત બીજા કોઈને નથી. જો તેને ખુશી પહોંચે તો તે શુક્ર કરે. તે શુક્રગુઝારી તેના માટે બેહતર છે. અને જો તેને તકલીફ પહોંચે તો તે સબર કરે તો તે પણ તેના માટે બેહતર છે. (મુસ્લિમ)



આવાઝકી દુનિયાકે દોસ્તો! "કારવાં" માસિક વયની દાદરના બે પગથીયા વટાવીને આજે ત્રીજા પગથીયા પર પગલું મૂકે છે વામને ત્રણ ડગલામા પૃથ્વી પુરી માપી લીધી હતી, તેમ અમે ત્રણ ડગલામાજ બધું કરી નાખશુ એમ કોઇ ન સમજે! કારણ કે હીટલરે સળગાવેલી હોળી તો ટાઢી પડવાને બદલે બમણા વેગથી આખા જગતમાં બળવા લાગી છે અને તેને લીધે જગત આખુ મોઘવારીના મગરના ડાચામા જઇ ફસાયુ છે તો તેમાથી છાપાવાળા પણ શી રીતે છટકી શકે? કાગળના ભાવ વધ્યા છે છતા કારવાના ભાવ વધ્યા નથી કે શરીર ઘટયુ નથી એ ખુદાની મહેરબાની માનો, અને અમારા અધુરા પ્રયત્નોને ઉદાર દિલે અપનાવો એ આશા અસ્થાને નથી! નવિનતામા અમે અલબત્ત માનીએ છીએ પણ સીતમાની હીરોઇનના ઘડી ઘડીમાં બદલાતા પોઝની જેમ, ઘડીકમાં લાંબા કેશકલાપ કે વેણી વાળા અંબોડાની જગ્યા એ કપી ગએલા બૉબ્ડ હૅરની જેમ, આમ ઘડીમાં કંઇક તો ઘડીકમા કંઇક નવિનતાના બદલાતાં સ્વરૂપોની જેમ 'કારવા'ને નિત નવી નવિનતામા ફેરવવાની હામ તો અમે કરી શકતા નથીજ તેમ છેક અળસીયાની જેમ ઉંધમા એકજ જગ્યાએ પડી રહેવાની માન્યતાને પણ માનતા નથી જેથી કરવા યોગ્ય થોડાક સુધારા વધારા ખિસ્સા તરફ નજર રાખીને કર્યા છે તે આવકાર પાત્ર નિવડે તોય બસ છે! શું કરીએ મિત્રો અમારાય ટાંટીયા તો લાંબા છે, પણ ચાદરની બહાર કાઢવા જેટલી હીંમત ચાલતી નથીને?

●

આવાઝકી દુનિયાકે દોસ્તો! સર સીકંદર અને સર સાદુલ્લાહ જેવા સરકસના વાઘોને જનાબ ઝીણાએ મોહરમના વાઘ કેરવી દીધા છે સર સીકંદરનું ઉંચું છોગું જનાબ ઝીણાના પગોમા ઝુકી પડયું છે! છતારીના નવાબ જેના બકરીનાં સીંગડા જેવી મૂછો વાળા લીડરે પણ મૂડાના આકડા લીગપતિની સામે નીચા નમાવી દીધા છે. જનાબ ઝીણાની મુત્સદીગીરીએ એક વાર પોતાનુ પાણી બતાવી દીધુ છે. સંરક્ષણ સમિતિના થાંભલા જેવા એ આસામીઓને રાજીનામા આપવા પડયા છે એ જનાબ ઝીણાની નજરબંધીનો પ્રતાપ છે. સરકારની મુત્સદીગીરીના ધડાને જનાબ ઝીણાએ એકજ ઝાંકરીથી ફોડી નાખ્યો છે! એક મદારી ખેલ કરતો હોય તેની ઉપર મૂઠ મારીને કોઇ પ્રેક્ષક તેની કુમકુમી બંધ કરી દે તેમ સરકારી કુંગકુંગીને જનાબ ઝીણાએ મૂઠ મારીને બંધ કરી દીધી છે શીસ્તભંગનો સોટો એમણે એવી ઝડપથી વીંઝયો કે દેટલાય પુરાણા અખાડાબાજોને હટાવી દીધા. અમે લીગ અને લીગપતિની આવી મક્કમતાને અભિનંદીએ છીએ, લીગની

આ મેઘમ વક્તવ્યને પ્રતાપે બંગાલના વાઘ કંઈક ઢીલા પડ્યા પણ નમતું મૂકે તો નવાબ નહિ! અમે લીગે પોતાની પાઉંગેટી જેવી નરમ વક્તવ્ય પડતી મૂકાને ગિલ્લેકુટ જેવી કડક વક્તવ્ય ધારણ કરી છે તે બદલ ધન્યવાદ આપીએ છીએ અને સાથે સાથે સરકારને પોતાના પુરાણા પેંતરા પડતા મૂકવાની વિનંતિ કરીએ છીએ. પર ઉદ્દત્ત ઝાઝે કેમ્બોશરફ!

આવાઝકી દુનિયા કે દોસ્તો! શાંતિના ફરિસ્તા જેવા ચર્ચીલ અને રૂઝવેલ્ટની ભર દરિયાની મુલાકાત પછી એટલાંટિકના પાણીના મોજાં પર જે જગત આઝાદીના તૂમડાં તરતાં મૂકાયાં હતાં તે ઉપરથી હિંદે પણ જાણી લીધું હશે કે યુરોપના બીજા દેશોની જેમ હિંદ પણ એ આઝાદીનાં તૂમડાં પર તરવાને ભાગ્યશાળી બનશે! એ ઉપરથી આશાવાદીઓ તો માને છે કે વહેલો મોડો પણ એ વાયદો ફળશે ખરો પણ તે-અલબત્ત લીગ-કોંગ્રેસ જરા પોતે પકડેલાં પોતપોતાની પક્કડોનાં નાકાં ઢીલાં મૂકે તોજ! આથી કેટલાક ભૂતકાળના દૃષ્ટિથી દાઝેલા અને દાઝમાં છાસને પણ ફુંકી ફુંકીને પીનાર નિરાશાવાદીઓ તો કહે છે કે:—

"જ્યમ પૂરના પ્રવાહો ખાળ્યા નહિ ખળે છે,
જ્યમ લેખ વિધાતાના ટાળ્યા નહિ ટળે છે;
ત્યમ યત્ન દિલીઓના શું વ્યર્થ જવા બેઠા?
મેઢ ભલે ચળે પણ જનમુક્ત નવ ચળે છે!"

અરે! ભલે જનમુક્ત ન ચળે; પણ વીર સાવરકર જેવા વાણીના વીર, અને ડૉ. મુંજે જેવા દૃઢપ્રાણ લીડર હિંદમાં હયાત છે ત્યાં સુધી દીલું નાખવાની જરૂર શી છે?

જેમ કડવા બોલા લીડરોમાં સરદાર વલ્લભભાઇ વીન આવે છે, એમાંથી એકવાર સુરત સુધરાઇના સભ્યોને દેડકાં સાથે સરખાવ્યાં હતાં, મુંબઇના પત્રકારોને ગટરનું પાણી પીનારા બનાવ્યા હતા, તેમ પંજાબના એક યુનીયનીસ્ટ પાર્ટીના પ્રધાન સર છોટુરામ ચોધરીએ પત્રકારોને 'ગધેડા'ની ઉપમાથી સંબોધ્યા છે જેથી ઉત્તર હિંદના બધા પત્રકારો તેમના ઉપર ઉકળ્યા છે. પણ એમાં ઉકળવા જેવું શું હતું? આજકાલ એડીટરોને જે ભાર વહન કરવો પડે છે; તે જોતાં એમને ગર્દભ કહેવા જરાય ખોટા નથી! અલબત્ત ભારવહન કરવાની દૃષ્ટિએ કે અડગનાવારી સત્યાગ્રહીની દૃષ્ટિએ જો ગર્દભ કહ્યા હોય તો કહ્યા વગર ચાલે એમ નથી કે એડીટરો નાના ગર્દભો ગણાય તો એવા સર છોટુરામ જેવા પ્રધાનો મોટા ગધેડા અરે ખચ્ચર ગણાય!

ઘણી વેળા છાપાંઓમાં વિદ્યાર્થીઓનાં તોફાનો વિષે વાંચવામા આવતું, વળી કોઈ વાર કોઇ વિદ્વાન ભાષણકર્તા કે પ્રોફેસરો તરફથી પણ વિદ્યાર્થીઓની ઉદ્ધતાઇની વાતો સાંભળવામાં આવતી; ત્યારે ઘણી વેળા મારા મનમાં એમ થતું કે છાપાંવાળાઓ ઉપરી અધિકારીઓની તરફદારી કરીને વિદ્યાર્થીઓની વિરૂદ્ધના કરે છે, અને વિદ્વાન ભાષણકર્તા કે પ્રોફેસરો પોત પોતાના જ્ઞાનનો દંભ બતાવી વિદ્યાર્થીઓને દબાવવાનો પ્રયત્ન કરતા હશે; જેથી વિદ્યાર્થીઓનો આઝાદ આત્મા બંડ પોકારી તેમને માથું ઉંચું કરવાની પ્રેરણા આપતો હશે. પણ ના, ના, પમી સપ્ટેમ્બરના અનુભવે મને બતાવી આપ્યું કે વિદ્યાર્થીઓ ખરેખર સ્વતંત્રતાને બદલે ગુલામીના પંથ તરફ વિચરતા થયા છે! ફક્ત ધમાલ-ધરપત કરવાથીજ જુવાનીનો



જવાબ–જનાઝાની નમાઝ મસ્જદના દાખલ હિસ્સામાં પઢવી મકરૂહ છે. હવે મસ્જદની સહેન, મસ્જદમાં દાખલ છે? કે જમાતખાનાથી અલગ ગણવામાં આવે છે. એ બાબતનો ફેંસલો આપણે કરી શકતા નથી. એનો આધાર અસલ બાનીની નૈયત પર મોકુફ છે. જો બાનીએ સેહેન ને મસ્જદના જમાતખાના મલ્હક ગણી હોય તો દાખીલ ગણાશે. અને જો બહાર ગણવામાં આવી હોય તો દાખીલ મસ્જદથી બહાર સમજવી. મસ્જદથી બીજી કોઇ જગ્યાએ જનાઝાની નમાજ પઢવામાં આવે તો ઘણું બેહતર છે. અથવા તો મસ્જદની સહેનની કોઇપણ બાજુએ બહારનો બીજો કોઈ ભાગ તે સહેન સાથે એવી રીતે લાગેલો હોય કે જનાઝો અને અમુક લોકો બહારના ભાગમાં હોય અને બાકીના લોકો સહેનમાં ઉભા રહે તો એમા કશો વાંધો નથી. કરાહત વગર જાએઝ છે. એ વિષે લોકોને નરમીથી સમજાવવું જોઇએ. ઝગડો અને ફિસાદ કરવાની જરૂર નથી. દરેક કામ હળીમળી મોહોબ્બતથી કરવું જોઇએ. (ખુલાસતુલ ફતાવા.)

સવાલ–મસ્જદની કોઇ પુરાની વસ્તુ જેમકે ચટાઇ, લોખંડ ત્યા પીત્તળના સળીયા વગેરે એવી બીજે કે જે મસ્જદના કામમાં આવતી ન હોય, અને નકામી પડી રહેવાથી અથવા ચોરી થઇ જવાનો સંભવ હોય, તો એવી નકામી વસ્તુઓ વેચી તે પૈસો તેજ મસ્જદના કામમાં વાપરવામાં આવે તો દુરસ્ત છે કે નહિ?

મસ્જદની જુની ચટાઇ લોકો ખરીદી કબરમાં બગલી બધ કરવામાં કામમાં લે છે. અને એજ કારણસર મોટે ભાગે ખરીદે છે.

જવાબ–મસ્જદની કોઇપણ વસ્તુ જરૂરત વગરની નકામી હોય કે જે મસ્જદના કોઇપણ કામમાં આવી ન શકે. એવી વસ્તુ વેચી તેના નાણાં તેજ મસ્જદના કામમાં ખર્ચ કરવા જાએઝ છે. પણ મસ્જદની જુની ચટાઇઓને કબર માટે ખરીદવી અને તેને જરૂરી સમજવું અથવા અકબ્બલ કે વધારે સવાબનું કારણ કેરવવું ન જોઇએ. એવી નૈયત વગર અગર ખરીદી હોય, અને જરૂરતના વખતમાં કબરના કામમાં લેવી પણ દુરસ્ત છે. એમ ન સમજવું જોઇએ કે મસ્જદની ખરીદેલી ચટાઈ કબર સિવાય બીજા કામમાં ન લેવી એ ભૂલ ભરેલી વાત છે.

સવાલ–અમારે ત્યાં એવો દસ્તુર કે બન્ને ઈદોના દિવસે લોકો કબરસ્તાનમાં આમ તૌર પર ફાતેહા પઢવા જાય છે. એ વિષે શું હુકમ છે?

જવાબ–એ બાબતમાં હદીસ છે કે ફિકાહની કોઇ કિતાબમાં ખાસ કોઈ રિવાયત મારા જોવામાં આવી નથી. અગર વગર જરૂરી સમજી ઈદોના દિવસે કબરસ્તાનમાં ફાતેહા પઢવા જાય, તો જાએઝ છે. પણ બીજો કોઈ તરેકનો ફાસિદ અને બાતિલ એતેકાદ રાખવો ન જોઇએ.

સવાલ–કિતાબો જુની થાય છે. અને તેની જિલ્દો ફાટી જવાથી પુઠાં અલગ થઈ જાય છે. તે પુઠાં બીજા કોઈ કામમાં લેવાં જાએઝ છે કે નહિ?

જવાબ–કિતાબોના પુરાના પુઠાં બીજા કામમાં લેવાં જાએઝ છે.

આફ્રીકાવાસીઓ માટે ખાસ :–

રાંદેર–સુરતમાં મળતાં ઉર્દૂ અને ગુજરાતી પુસ્તકો માટે આપના નાના મોટા જે ઑર્ડરો હોય તે મોકલાવી આપી ફાયદો મેળવો.

ધી રાંદેર સ્ટોર્સ બુકસેલર્સ : કણપીઠ, સુરત.

અસ્માઉલ હુસ્ના

સંપાદક

રિફાઈ-સાબેરી

યા મુકીતો "(અદદ ૫૫૦)" એ રૂહ અને બદનને તાકત દેનાર (૧) એને હમેશા કસરતથી પકનારના બદન અને રૂહને તાકત મળે છે. (૨) રોઝદાર અગર રોઝાની સખ્તી સહન કરી શકતો ન હોય તો ૧૦૦ વખત પઢી ફુલ ઉપર દમ કરી સુંઘવાથી ઇ. અ. તકલીફ દૂર થઇ જશે. (૩) જેની આંખો લાલ રહેતી હોય અથવા દરદ કરતી હોય અગર બંને સાથે હોય તો ૧૦ વખત પઢી દમ કરવાથી ઇ. અ. જલ્દી આરામ થઇ જશે. (૪) પોતે ગરીબ હોય અથવા ગરીબીમાં આવી ગયો હોય તો દરરોજ ૫૫૦ વખત પઢવાથી ઇ. અ. ગરીબીમાંથી બહુ જલ્દી છુટકારો થશે. એને હમેશા ચાલુ રાખવું જોઇએ. (૫) કોઇ છોકરો અગર છોકરી બદચલણ માલમ પડે તો એક કોરા માટીના નાના બટેરા અગર કુંજા ઉપર ૧૧ વખત પઢી દમ કરી તેમાં પાણી ભરી તેને પીવાડેથી ઇ. અ. નેક ચાલ થઇ જશે. કોઇ ખસ્યું બહુ રડતું હોય-તો તેને પણ એ મુજબ કરવાથી રડશે નહીં. એવી રીતે જરૂર હોય તેટલા દીવસ કરવું. જો મોટા માણસનો નફસ પણ કાબુમાં ન હોય અને બુરા કામો કરવામાજ રાત દિવસ રહેતો હોય તો તે પોતે પણ ઉપર મુજબ કરી શકે છે અગર બીજો માણસ કરી શકે છેઃ એવી રીતે ઇ. અ. નફસ કાબુમાં આવી જશે અને બુરા કામો જલ્દી છુટી જશે. (૬) જે કોઇને લગાતાર રોઝા રાખવા ઇરાદો હોય પણ કમઝોરીને લીધે હીમ્મત થતી ન હોય તો એને કસરતથી પકતો રહેશે અને ફુલ ઉપર દમ કરી અથવા પાક માટી ઉપર દમ કરી તેને પાણીથી તર કરી તે સુંઘતો રહેશે તો ઇ. અ. એવી રીતે લગાતાર રોઝા રાખી શકશે. (૭) અગર કોઇને રહેવાની જગ્યા બદલવી હોય તો નવી જગ્યા જ્યાં રહેવા ઇરાદો હોય ત્યા દાખલ થતાં ૫૫૦ વખત અને એટલી વખત ન થઇ શકે તો ૧૫૦ વખત પઢી તે મકાનની ચારે બાજુ દમ કરવું ઇ. અ. ત્યાં ચૈન અમનથી રહેશે. (૮) મુસાફરી કરનાર એને કસરતથી પકતો રહી પાણી ઉપર દમ કરી પીતો રહેશે તો મુસાફરીની દરેક તકલીફ, આફત, બલા વગેરેથી બચેલો રહેશે. (૯) "યા અલ્લહો, યા મુકીતો, યા કાએમો" એને દરેક નમાઝ પછી સાત વખત પઢી પાણી ઉપર દમ કરી પીવાથી અગર બદન ઉપર દમ કરવાથી સૌદાવી બીમારીઓથી નજાત મેળવશે અને એવી બીમારીઓથી બચેલો રહેશે. (૧૦) દરરોજ નખ ૬ મુજબ પઢી પાણી ઉપર દમ કરી પીવાથી ખુદાપાક તરફથી રોઝી પહોંચાડશે ઇ. અ. કદી ભૂખ્યો રહેશે નહિ.

'યા હુસીબો" (સંખ્યા ૮૦) એ "દુન્યામાં હિફાયત કરનાર અને આખેરતમાં હિસાબ લેનાર" (૧) એને હમેશાં કસરતથી પકનાર દરેક આફત, મુસીબત વગેરેથી બચેલો રહેશે.

(૨) એની બરકતથી મુજબ દરરોજ પઢનાર દુશ્મનના હુમલાથી બચેલો રહેશે તેમજ દુશ્મનની દરેક કિસ્મની શરારત વગેરેથી પણ બચેલો રહેશે. (૩) જો મકાન અગર બીજે ઠેકાણે કીડી બહુ હેરાન કરતી હોય તો એને દરરોજ ૭૭ વખત પઢી પાણી અથવા કોઈ પણ જાતના આટા (લોટ) ઉપર દમ કરી જ્યાં કીડી હોય ત્યાં છાટી દેવું ઇ. અ. બહુ જલ્દી કીડી નાબૂદ થઇ જશે (૪) જ્યારે બે દોસ્તોમાં કોઇ કારણે કંઇ ખટરાગ પડે અગર દોસ્તી છુટી જવા સંભવ હોય ત્યારે દરરોજ સૂર્ય નીકળવા પહેલા ૨૦ વખત અને સૂર્ય ડૂબવા પછી ૨૦ વખત પઢવાથી ઇ. અ. દોસ્તી પાછી કાયમ થઇ જશે. (૫) જો કોઇએ ખોટી રીતે પૈસા ટકાના હિસાબ બાબત ફસાવી દીધા હોય તો નંબર ૪ મુજબ કરવાથી ઇ. અ. બહુ જલ્દી છુટકારો થઇ જશે (૬) **"હુસ્બિયલ્લાહુલ હસીબુસ્સમીઓ"** દીન દુન્યાના દરેકે દરેક જાયઝ કામ માટે નવચંદી જુમેરાતે રાત્રે અથવા ગમે તે જુમ્આની રાત્રે નહાઇ ધોઇ પાક સાફ કપડા પહેરી તાકત મુજબ ખુશબૂ લગાડી બે રકાત નફિલ પઢી તેનો સવાબ હુજૂર સ૰ અ૰ વ૰ સ૰ને બક્ષી કિબ્લારૂ બેસી પ્રથમ ૧૧ વખત દરૂદ શરીફ પઢી પોતાના નામના અદદ કાઢી તેટલી વખત અથવા ૩૪૩ વખત મજકુર હુઆ પઢી છેવટે ૧૧ વખત દરૂદ શરીફ પઢવું. જે કામ માટે હોય તેની પ્રથમ હિમ્મત કરવી જોઇએ અને પઢતી વખતે પણ તે કામનું ધ્યાન ધરવું જોઇએ. એ મુજબ સાત દીવસ કરવાથી ઇ૰ અ૰ દિલી મુરાદ પૂરી થઇ જશે. જો એટલા દિવસમાં કામ ન થાય તો કામ પૂરું થાય ત્યાં સુધી દરરોજ ઉપર મુજબ પઢવું. અને તાકત મુજબ દરરોજ સવારે બચ્ચાઓને મીન્ની વહેંચવી. અને કામ પૂર્ણ થયે પોતાની ગુંજાશ મુજબ ફકીરોને ખવડાવું અગર કપડાં અપાવવાં. (૭) અગર કોઇને તેના પાડોશી-ઓની, ચોર ડાકૂઓની, મોહલ્લાવાલાઓની બીક લાગતી હોય અથવા એ પાડોશી કે મોહલ્લાવાલા ઝુલ્મ કરતા હોય તો જુમ્આની રાતે ૭૭ વખત પઢવું. એ મુજબ સાત રાત સુધી દરરોજ ૭૭ વખત પઢવું ૪૯ અ૰ સાત રાત પસાર થતા પહેલાં એ બધાઓથી અમન મેસવશે. (૮) અગર કોઇને નજર લાગી હોય અથવા નજર લાગવાની બીક હોય તો નંબર ૭ મુજબ પઢવું અથવા પઢીને દમ કરવાથી ઇ. અ બહુ જલ્દી નજાત મેસવશે. (૯) **"ફઇન તવલ્લવ ફકુલ હસ્બિયલ્લાહો લાઇલાહા ઇલ્લા હોવા અલયહે તવક્કલ-તો વહોવા રબ્બુલ અર્શિલ અઝીમ"** (૧) જે કોઇ એને દરેક નમાઝ પછી ૧૧ વખત પઢશે તો ખુદાપાક પોતે તેને હિફાયત થશે એટલે તેના બધા કામો અને તેની બધી હાજતો તે પુરી કરશે અને તેને કોઇનો મોહતાજ કરશે નહીં (૨) તંગદસ્તી દૂર કરવા સવારે ઉઠવાની સાથેજ ત્રણ વખત પઢવાથી ઇ. અ. તંગદસ્તી બહુ જલ્દી દૂર થઇ જશે. (૩) સવારે ઉઠવાની સાથેજ એક વખત પઢનાર ઇ. અ. તે દીવસે ભૂખ્યો રહેશે નહીં. (૪) સવારે અને મગરેબની નમાઝ પછી ૭-૭ વખત પઢનારને ખુદાપાક દરેક નેઅમત અતા કરે છે. (૫) દરરોજ સવારે ૧૧ વખત અને મગરેબ પછી ૧૧ વખત પઢવાથી તે દીવસના બધા ગુન્હા ખુદાપાક બક્ષી દેશે અને આખો દીવસ અને રાત ખુદાપાકની હિફાજતમાં રહેશે (૬) દરરોજ સવારે ૧૧ વખત પઢનાર આખો દીવસ કોઇનો મોહતાજ

થશે નહીં. ખુદાપાક તેની હાજતો પૂરી કરશે. (૭) કોઇ પણ હાજત, મુશ્કિલ કામ, ઉમ્મેદ વગેરે માટે પ્રથમ ૧૧ વખત દરૂદ શરીફ, પછી એક હજાર વખત મજકુર આયત શરીફ પઢી, પાછું ૧૧ વખત દરૂદ શરીફ પઢવું ઇ. અ. બહુ જલ્દી મુરાદ પૂરી થશે, કામ પૂરૂં થાય ત્યાં સુધી પઢવુ જોઇએ. (૮) જો કોઈ તંગ હાલ હોય અને ભરણ પોષણ માટે કંઇ સાધન ન હોય તો હમેશા દરેક નમાઝ પછી એને જેમ બને તેમ વધારે પઢવાથી ખુદાપાક તેને ગૈબથી રોછી અતા કરશે અને દરેક રીતે તેની મદદ કરશે (૯) અગર માથે દેણુ બહુ થઇ ગયું હોય અને તેમાંથી છુટવા કોઇ સાધન ન હોય તો દરેક નમાઝ પછી કમતીમા કમતી ૧૦૦-૧૦૦ વખત પઢવાથી ઇ. અ બહુ જલ્દી કર્જથી છુટો થઇ જશે. (૧૦) દિલ ઉપર કોઇ એવો રંજ આવી ગયો હોય કે તેને લીધે હમેશા ગમગીન રહે અને કોઈ પણ રીતે એ ગમ-રંજ દૂર નજ થતો હોય તો દરરોજ ૪૧ વખત પઢવું ઇ. અ, તે રંજ-ગમ દૂર થઇ જશે. જો પોતે પઢી શકે તો બેહતર છે કેમકે એથી બીજા કાયદાઓ પણ મલે છે અગર બીજા કોઇની એવી હાલત થઈ ગઇ હોય તો દરરોજ ૪૧ વખત પઢી તેની ઉપર દમ કરવાથી તેમજ પાણી ઉપર દમ કરી પીવાડવાથી પણ તેને ઇ. અ. બહુ જલ્દી આરામ થઇ જશે (૧૧) કોઇ સખ્ત બીમારીમાં સપડાઇ ગયો હોય તો દરરોજ ૪૧ વખત પઢી દમ કરવાથી અગર પાણી ઉપર દમ કરી પીવાડવાથી ઇ. અ. બહુ જલ્દી સારો થશે. મરઝલ મૌત સિવાય દરેક બીમારી ઇ. અ. સારી થઇ જશે, (૧૨) પોતાના નામના અદદ કાઢી દરેક નમાઝ પછી તેટલી વખત પઢનારને દીન દુન્યાની દરેક નેઅમતો ખુદાપાક આપે છે અને એ ઉપરાત શું શું આપે છે તે અમલ કરનાર જાણી શકશે ખુદાપાક બેહતર જાણનાર અને આપનાર છે તેને ત્યાં કોઇ જાતની કમી નથી. (૧૩) એને બગર ગણત્રીએ રાત દીવસ પઢનાર દુન્યા અને દુન્યની ચીજોથી બેનિયાઝ થઇ જાય છે અને તેનું દિલ માત્ર ખુદાપાક સાથે લાગી જાય છે. (૧૪) એને કસરતથી પઢનાર કદી કોઇનો મોહતાજ થતો નથી. તેને કોઇ કંઇ તકલીફ આપી શકતો નથી દરેક રીતે ખુદાપાક તેની હિફાજત કરે છે અને ગૈબથી તેને રોઝી પહોંચાડે છે.

મુસ્લિમ બિરાદરોને ખુશ ખબર:—

દરેક કેમીલી સહીત પધારનારા ગૃહસ્થોને પરદાની પુરતી સગવડ સચવાય તેવા રૂમ્સ સાથે ઇલેકટ્રીક લાઇટ, હવા ઉજાસ અને અપ-ટુ-ડેટ ફરનીચર તથા ફ્રેશ ખોરાકની સુંદર સગવડતા સાથેનું વિશ્વાસ પાત્ર સ્થળ:-

—: બિસ્મીલ્લાહ હોટલ :—

ઠે૦ રેલ્વે સ્ટેશન સામે. સુરત.

માલેકઃ- જે. એચ. સુમાર કાસમાણી



ઉત્પાદકઃ
ઝાર રાંદેરી.

ઝાર પીલ્સ— આ ગોળીઓ ઘણા લાંબા અનુભવ પછી બજારમાં મુકી છે કોઇ પણ કારણે ગુમાવેલી શારીરિક, માનસિક, દરેક શક્તિઓને પાછી મેળવવામાં તેમાં ખાસ કરી મરદાઇ માટે છેવટનો ઉપાય કહીએ તો લગારે અતિ-શયોક્તિ નથી. અતિ સ્ત્રી સમાગમ, કુટેવ, કે ગમે એ કારણે ગુમાવેલું પુરૂષત્વ (મર્દાઇ) પાછું મેળવવામાં અમારા લાંબા અનુભવમાં આજ સુધી એનાથી ઇકસીર ઉપાય એક આવ્યો નથી. બેજ દિવસમાં નિર્બળતા, પાચનશક્તિ, ફેફાવટમા પણ પોતાનો ગુણ બતાવવો શરૂ કરે છે. અને શરીરમાંથી સુસ્તી, ઢીલાપણું, કમર, માથા, સાંધા અને રગોના દુઃખાવાઓને દૂર કરે છે. એમાં કસ્તુરી, અંબર અને સોનાની ભસ્મ જેવી કીમતી વસ્તુઓ હોવા છતાં માત્ર પબ્લિકના લાભાર્થે ૩૨ ગોળીઓની કીમત રૂા. ૬-૦-૦ પોસ્ટ ખર્ચ જુદો.

ઝાર તિલા— આ તિલામાં સર્વથી વધુ ખૂબી તો એ છે કે એના ઉપયોગથી કોઇપણ રોતની જલન કે ફોલીઓ થતી નથી. તેમ એને લગાડી પાન કે પાટો બાંધવાનીયે અગત્ય નથી મસળતાંજ ચામડીમાં ઘુસી જાય છે. રગોની નબળાઇને દૂર કરવામાં આ તિલો બરોબર ચમત્કારી છે, હજારો રૂપીઆ ખર્ચે જે લાભ ન મળે તે લાભ માત્ર અદી રૂપીઆમાં મેળવી શકાય છે. કીમત ૨-૮-૦ (અદી) પોસ્ટ ખર્ચ જુદો.

આનંદ રસ— આ વિચિત્ર તિલો મર્દાઇ અને ધમ્સાક (વીર્ય સ્તંભન) માટે ખાસ છે. ગરીબોને ખાસ લક્ષમાં રાખીને આ કુદરતી તિલો બજારમાં મુકયો છે. એના ઉપયોગથી ખાસ જગ્યામાં સખ્તી અને ધમ્સાકમાં બેવડો વધારો થાય છે. કીમત ડબ્બીનો રૂા. 1) પોસ્ટ ખર્ચ જુદો.

મુકવ્વી વ મુસ્સિક— કસ્તુરી, અંબર, સોનાની ભસ્મ જેવી કીમતી વસ્તુઓ વડે તૈયાર કરવામાં આવેલી આ દવા ધમ્સાક અને મર્દાઇ માટે અજોડ છે. નિર્બળતા, (ધાતુસ્રાવ) ધ્વજભંગ, (સ્વપ્નદોષ) તેમજ વીર્ય વિકારની દરેક કુર્યાદો આ દવા માત્ર બેજ દિવસમાં દૂર કરે છે. શોખીનો માટે આ દવા ખાસ છે. એક તોલો દવા બાર દિવસ ચાલે છે કીમત તોલા એકનો રૂપીઓ એક, પોસ્ટ ખર્ચ જુદો.


દવાએ સુઝાક— આ પીવાની દવા છે. ગમે એવા નવા કે જૂના પરમિયાને મટાડે છે. હજારો માણસો સારા થયા પછી આ દવા પબ્લીક સનમુખ ધરી છે. એક શીશી સાત દિવસ ચાલે છે. સાધારણ બીમાર માત્ર એકજ શીશીમાં સારો થઇ શકે છે. ગમે એવા જુના પરમિયાને માત્ર બે શીશી કાફી છે. ઇન્જકશનો વડે પોતાનું ભવિષ્ય પાયમાલ ન કરતા એક વાર આ દવા સેવા અમારી ભલામણ છે કીમત શીશીનો રૂપીઓ દોઢ, પોસ્ટ ખર્ચ જુદો. (રૂબરૂમાં પરમિયાનો શર્તીયા ઇલાજ કરીશું)

હિન્દ બહારથી મંગાવનારાઓએ પોસ્ટલ ઓર્ડર Manager, The Rander Unani Pharmacy :-ના નામે મોકલવો. કાર્મસીમાં મળતી દરેક દવાઓનું સૂચિપત્ર મુફ્ત મોકલવામાં આવશે. લખો અથવા મળો :

મેનેજર **ધી રાંદેર યૂનાની કાર્મસી**

રાંદેર, Rander, Dist. Surat.

આફ્રીકાના એજંટઃ-Union Printing Works 91, Victoria Street, Durban(Natal)



"આપણો જન્મારો કવિતા લખી લખીને સ્વ. કવિશ્રી ટાગોર શું કમાયા?" આ પ્રકારનો ધ્વનિ કવિશ્રી ટાગોરને અંજલી અર્પવા ચોત્રએલી સભામાંથી બહાર નીકળતાં બે મારવાડી ગૃહસ્થોની વાતમાંથી સંભળાયો. એવોજ બીજો પ્રકાર થોડા દિવસ પર બન્યો હતો. લાયબ્રેરીમાં અડવાજી પેપર વાંચી રહ્યા હતા એવામાં સુરત બીસાંટ હોલના મુશાયરાની જા. ખ. વાંચીને એક ગૃહસ્થ અડવાજીને કહેવા લાગ્યા. "આ આપણા શાહરોને મુશાયરામાં શું મળે છે કે થોડા થોડા દિવસે મુશાયરા કરે છે?" આ વાત અડવાજીએ બેકારજીને કહી તો બેકારજીએ કહ્યું કે "એમાં એ લોકોનો બગડ્યું શું દોય? દરેક વાતમાં, દરેક વિચારમાં વાણીયાશાહ બુદ્ધિ ધરાવતી આપણી સરકારના ૨૦૦ વરસના સહવાસ પછી પણ પ્રજા આમ દરેક વાતમાં પાઇ, પાઇનો હિસાબ રાખતી અને દરેક ધંધામાં મગજતર છે કે નહિ તેનું સંશોધન કરતી ન થાય તો કરે પણ શું? અને વાત પણ ખરીજ છે ને કે એક એક પંક્તિ પર લાખોની બક્ષીસ કરનાર અકબર કે ભોજનો જમાનો તો વહી ગયો! હવે તો એક એક પંક્તિ પર એક એક ઘસાએલું દોકડીયું દેવા પણ કોઇ નવરું નથી! અને ખરું પુછવો તો જગતની દરેક વસ્તુનું મૂલ્ય હવે પાઇ પૈસામાંજ અંકાવું જોઇએ કારણ કે:-

"પૈસા વિના જગતને નવ કાંઇ કળા વળે છે,
પૈસા તણીજ જ્યાં ત્યાં જપમાળ ફરે પળે છે,
ના લોભ કેમ લાગે સૌ કોઇને લક્ષ્મીના;
પૈસાને આજ દેખી ભગવાન પણ ચળે છે!"

તો માનવીનું શું ગજું? અને તેથીજ તો ચેલી કાશીની ડીગ્રી આપનારી સંસ્થાએ હવે 'સાહિત્યભૂષણ' 'સાહિત્યાલંકાર' વગેરે ડીગ્રીઓના ભાવ ૫ રૂા. પરથી ઘટાડીને ૨ રૂા. કરી થોડા નફે જાહોજો વહેપાર કરવા માંડયો છે! આ વાતને ખોટી માનનારાઓના હાથ હેઠા પડયા છે ને હવે સૂર્યની જેમ આ વાત પ્રકાશમાં આવી ગઇ છે કે સાહિત્ય જેવા સુક્ષ્મ પ્રદેશમાં કુળદુર બેજાંઓ આવી રીતે ડીગ્રીઓ વેચીને લોટરીની ટીકીટની જેમ કમાણી કરી શકે છે! પછી કોઇ કવિ કે લેખક પોતેજ ઘસાએલા દબ્બુ જેવો હોય અને તેની કીંમત ન ઉપજતી હોય તેમાં બીજાઓનો શું દોષ?"

સાહિત્યકારો નિરાશ ન થતાં ગેલમાં આવી જાઓ કે હવે તમારી કલમો ને કલકારથી એક લિમિટેડ કંપની સાહિત્યકારો અને લક્ષ્મી-



દારોના સહકારથી અસ્તિત્વમાં આવી છે. હવે તમારાં લખાણોને ઉધાઇનો ભોગ નહિંજ થવાનો વારો આવે ! પણ જો તમારી કલમમાં પ્રતીક્ષા હશે અને કલમની પ્રતિક્ષા કરતાંય તમારી જબાનમાં વિજળીક શકિત હશે, બિલ્લા કાતરૂઓની કાતરો કરતાં તમારી જબાનો વિશેષ ચાલતી હશે તોજ એ સાહિત્યની પેઢીમાં તમારી દાળ ગળશે નહિતર નહિ. કારણકે અહીં પણ 'બામા ફેઇતા' થવાનો દરેક સંભવ છે અને જ્યા સુધી ગુજરાતી સાહિત્યવાડીમાથી પેલી વાડાબંધી દૂર થઇ નથી ત્યાં સુધી 'વાડામાથી પાકું એકને છુટું થઇને નાકું છેક'ની જેમ એ છુટાં છવાયા વાડા વિનાનાં પાકાને તે ગમે તેવુ ધરખમ હશે તોય કોઇ પુછવાનું નથી ! અને પૂછવાની વાત આવી ત્યાં મને મને બે ત્રણ રવિવાર પહેલાની એક ઘટના યાદ આવી જાય છે. ગુજરાતના વર્તમાન ગઝલકાર કવિ શ્રી. 'બેદિલ'નાં હનૂમાનના પૂછડાં જેવાં અનેક કાવ્યો વર્તમાન સાહિત્યના ધરખમ ગણાતાં માસિકોમા વાચ્યા - પછી એમના જ્ઞાતે દર્શન કરવા ગયો. એ દુગરા દૂરથી રળિયામણા ન હતા તો પછી નજીકથી તો રળિયામણા શાનાજ દેખાય ? લોકો એમની કવિતાનું શ્રવણ કરીને રસમુગ્ધ બનવાને બદલે રસહિન બની ગયા અને માળા સુરતી પત્રકારો પણ જબરા નીકળ્યા બધાએ એકે અવાજે એમની નિષ્ફળતાને વધાવી લીધી અને વળી એક પત્રકારે તો એટલા સુધીની ધૃષ્ટતા કરી કે "એઓશ્રીએ જ્ઞાતે પધારીને એમનાં દૂર દૂરથી કાવ્યો વાંચવાની જે મઝા પડતી હતી તે પણ બગાડી દીધી છે !" હું કહું છું કે કવિશ્રી બેદિલ જો સફળ થયા હોત તોય સાભળનારાઓ એમને શું નજરાણું આપી દેવાના હતા ? "વાહ ! વાહ !"ની લુખ્ખી લહાણી કરવા સિવાય બીજું સાહિત્ય રસિક શ્રોતાઓ કરી પણ શું શકત ? ભલે પણ આવાં એકાદ બે રોગાં અટકવાથી પતિલશ્રીની કાવ્યટ્રેન કંઈ અટકી જવાની નથી ? અમે તેમને ગીતાનું પેલું વાકય યાદ દેવરાવીએ છીએ કે,

"કાર્ય કર ફળની આશા રાખીશ મા !"

●

ગુજરાતમાં હવે ગપ્પાંનો ભાવ વધવા લાગ્યો છે. ઓલીસ બ્રીજ આરોગ્ય સમિતિએ એક વિનોદ પરિષદ ભરી તેમાં ગપ્પાં મારવાનો પ્રોગ્રામ રાખ્યો છે. તેમાં "બાર હાથનું ચીભડું ને તેર હાથનું બી" કહેનારા કલમ-સ્વામીઓ ખૂબ ફાવી જવાના ! બાકી પત્રકારોને તો અનુભવ છેજ. એ પત્રકારિત્વમાં ગપ્પાં એ મહત્વનુ અંગ છે અને એવા અનિવાર્ય અંગને પોસવાનો ઓલીસ બ્રીજ સમિતિનો આ અખતરો સફળ થાય એવું ઇચ્છીએ છીએ ! સ્વ. વાડીલાલ મો. શાહ કહી ગયા છે કે: "સાહિત્ય સેવકો અને સ્વતંત્ર વિચારકોને હમેશાં કોઠીમાં બીં ઘાલીનેજ રોવાનું નસીબમાં લોંધાયલું છે. શોખ છોડાય નહિ અને નિભાવાય પણ નહિ. જનતા તેના કામની 'મહત્તા કે ઉપયોગિતા સમજી શકે નહિ તો પછી સહાય તો કરેજ શાની ?" અમે એ વિધાનને ઉધું વાળવાની તરફેણમાં છીએ, અલબત્ત સાહિત્યકારો દિલ ખોલીને ગપ્પાનોજ આસરો લ્યે અને આ વિનોદ પરિષદ જેવા પ્રવૃત્તિઓનેજ વહેતી મૂકે તો આમ જનતા આપોઆપ એમના તરફ ખેંચી જાય ને કોઠીમાં બીં ઘાલી રોવાને બદલે હસતા મોઢે લોકોને



ખુશીથી બનાવી શકે! "દુનિયા બનતી હે બનાનેવાલા ચાહીયે!"

"સને ૧૮૯૬માં સુપ્રસિદ્ધ આંગ્લ લેખક રડયાર્ડ કિપ્લીંગને કોઈ અમેરિકન પ્રકાશકે તેની નવલકથાના પ્રત્યેક શબ્દ માટે એક એક પેન્સનો પુરસ્કાર આપ્યો હતો. એ રીતે કિપ્લીંગને દસ હજાર પાઉન્ડની કમાણી થઇ હતી." જાણો છો? દસ હજાર પાઉન્ડ એટલે ૩૧ લાખ રૂપિયા અને તે એક પોથાંના લેખકને! હું હિંદના સાહિત્યકારો, સાંભળો કાનનો મેલ કાઢીને આ વાતને, અને પછી વિચાર કરો, આપણા પ્રકાશકો અને લેખકોની દરિદ્રતાનો? અત્યાભાઇ પણ કુવામા હોય તો ડચકામાં આવેને? અહીં રહેવાજ શું દીધું છે કે સાહિત્યકારોના ભાગ આવે? કવિએ કહ્યું છે તે બરાબર છે કે:-

"હુમ ને હીરા હુવાયા હિંદથી પસ્તેશામાં;
બાકી રહ્યા અહીં ફાંકવાને બાજરી જુવાર છે!"

કવિ નાનાલાલનું 'ગોપિકા' વીસેપારસે, સાંતાક્રુઝ વગેરેનાં લગભગ ૫૦ એક યુવાન યુવતિઓએ ભજવી, જામનગર, ભાવનગર, રાજકોટ વગેરે સ્થળે ભજવ્યું હતું. કવિના ચાહકોએ તેનો સત્કાર પણ કર્યો. એ મંડળી 'ગોપિકા' ભજવતું ભજવતું અમદાવાદ આવ્યું ને પછી છુટાં છવાયાં પાત્રો અમદાવાદથી મુંબઇ આવી ગયાં પણ એના એક સુત્રધાર અમદાવાદનું ઘોડાપુર ઉતરી ગયું, મેઘોનો પુત્ર સંઘાઇ ગયો, છતાં આવકના ગલ્લા સાથે અમદાવાદમાં રહી ગયા છે! દ્વાપરમાં કનૈયાએ ગોપિકાઓના મદિ લૂંટી ખાધાં હતાં તેમ એ સુત્રધારે કદાચ ગરબો દબાવવાનો રટંટ ન કર્યો હોય? આ તો થઇ 'ગોપિકા'ની વાત પણ પેલા શ્રી. ચંદ્રવદનવાળા નટધરનું શું થયું? શું હાલેલાઓ, સુધરેલાંઓ સ્વતંત્ર રીતે નાચી શકે એટલા માટે એક નાટયધર પણ બનાવી શકતાં નથી? સંસ્કારિ ગુજરાતીઓના નાચવાના કોડ શા માટે આમ અધુરા રહી જવા જોઇએ? નગાણું ત્યાં પુરા સો? અરે નડેડ જેવા હિંદના સુધારાની ટોચે બેઠેલા કુટુંબની કન્યા યશોધરા કાત્જુ જેવી નિર્દોષ કુમારિકાઓ જ્યાં હિલ્મમા કામ કરવા તૈયાર થઇ હોય ત્યાં બીજાઓએ શા માટે પાછી પાની કરવી? ભલી ભિયારી આપણી 'બીબીઓ' બેઠેળા ભુખ્યામાં ઢંકાયલી છે એટલુંજ હીક છે નહિતર મિનાંઓનો કજોડો પણ લોકોને જોવાનો મળત! આવી બાબતમાં તો ઑર્થોડોક્ષપક્ષણું પણ ઘણીવાર અભિનંદનને પાત્ર કરે છે.

"બુજને કો રહસ પર કિસ બાતકી મેં દાદ દું?
હાં ચેલુ જાઇઝ હે મદારીકો મુબારકબાદ દુ!"



"આટઆટલી સાહિત્ય પરિષદો ભરાઇ, અષ્ટઆટલાં કવિ સંમેલનો અને મુશાયરા થયા છતાં કવિ અને કવિતાની સ્પષ્ટ વ્યાખ્યા કોઇએ ન બતાવી!" અડવાણીના આ કથન સામે મેં શયદાજીના આ શબ્દો તેના મોંદાપર માર્યા કે "કવિ એટલે ગાંડો અને કવિતા એટલે ગાંડપણ" અલબત્ત પણ તે ગાંડપણ એવું તેવું જોઇએ કે તે સાંભળનારને પણ ગાંડો બનાવે." વળી કોઇએ એક સભામાં કહ્યું હતું કે "કવિ કદી મરતો નથી." તેનો હવાલો આપીને અડવાણીએ પૂછ્યું કે: "શું આ વાત ખરી છે?" અલબત્ત ખરી છે 'કવિ કદી મરતોજ નથી' એનો અર્થ એ થાય કે



"અને જો કદાચ મરી જાય તો પુનઃ ભૂત થઈને આવે છે! એટલે મરેલો તો નજ કહેવાયને?" "તો શું ત્યારે તમે આ ડાયરાઓ, અને મુશાયરાઓને ભૂતખાના સમજો છો?" "અલબત ભૂખો હોયા વગર એ લોકો ચ્યારા-ચનચાળા કરે, અને કૂદે ઉછળે ને ધૂણે!" "તમારા જેવા દાંડે ડોબાં ન પારખે તે રાતે હીરા પારખવા હાલી નીકળ્યા છે! મુશાયરા સામે શું ઉરાડવા કરતા જાનેજ અનુભવ કરી આવીને પછી બોલો!"

"હા, હા, હવે જોયા તમારા મુશાયરા અલબત એમા કેટલાક કવિઓ લોકોને જોશ ચઢાવી દે છે; પણ એવો સોડાવૉટરીયા જોશ શું કામનો? અને કામનો હોય તોય શું? વહેપારીઓ દુકાનપર ચોપડા પડતા મૂકીને કવિતા લખવા બેસવાના હતા? બેકતો હળનો દાડો ને બળદનો કાંદો પડતો મૂકી શાયરી કરવા કલમ પકડવાનાં હતા? શું બૈરાંઓ રોટલી વણવાનાં વેલણો પડતાં મૂકીને કવિતા લખવા કલમો ગ્રહણ કરવાની હતી? બાપા, પહેલાં સારી રીતે કમાઓ, પછી સારી રીતે ખાઓ, અને જો પછી વખત મળે તો કવિતાઓ ગાઓ! શું સમજ્યા? મુશાયરા! મુશાયરા! કરતા કરતાં કંઈ તમારા જેવા મુંઢના કાંકરે ગાંધી બની જનારને મુઝારો ન થઈ જાય તો સારૂ!"

મુરાદ ટેલરીંગ ઈન્સ્ટીટ્યુટ

લંડનની કટીંગ કોલેજની પધ્ધતિ અનુસાર, સાયન્ટીફીક કટીંગ અને ટેલરીંગ કામ, શીખાડવા માટે મુરાદ ટેલરીંગ ઇન્સ્ટીટ્યુટ ચાલુ કર્યું છે. કટીંગ અને ટેલરીંગનો ચાર્જ મધ્યમ અને દરેક વર્ગનાને અનુકૂળ પડે તેવા રાખ્યા છે. શીવણ કામ જાણનારને ફક્ત કટીંગ પણ શીખાડવામાં આવશે. વધુ માહીતી માટે મળો, યા લખોઃ—

સાયન્ટીફીક ટેલર એન્ડ કટર.

Try our Secret Good Fit



મુરાદ ટેલરીંગ વર્કસ.

ચુનારવાડા મસ્જીદ પાસે,
રાંદેર.

સુલેમાન જી. મુરાદ

મુરાદ ટેલરીંગ ઇન્સ્ટીટ્યુટ એન્ડ ટેલરીંગ વર્કસ.
પ્રોપ્રાએટરઃ-સુલેમાન ગુલામ હુસેન મુરાદ.



[વિદ્યાર્થી સંઘ, સુરત તરફથી તા. ૫-૯-૪૧ ની સાંજે ક૦ ૫-૦ સુરતના 'બિસન્ટ હૉલ'માં, 'એક ઘડી મોજની'ના તંત્રી જ૦ "શયદા" સા૦ના પ્રમુખપદ હેઠળ ચોજનએલ મુશાયરામાં વંચાએલી ગઝલોમાંથી કેટલીક કાવ્યકુસુમ પછી અત્રે પ્રગટ કરવામાં આવે છે. સંપાદક]

પંક્તિ "ટૂંકા જિવનમાં માનવ દુન્યાને શું છળે છે."

૧

કોને અખર છે કોના પદ રવ એ સાંભળે છે
મારો ખુદાપો શાથી યૌવનમાં ઉછળે છે ?
પીતે છે સંત આપી ઝુદી મઝા મળે છે
હું દિલની સાંભળું છું દિલ મારી સાંભળે છે
એક આગ છે અનોખી જે પાણીથી બળે છે
એ ભેદ જાણ ભેદુ જે હોય તે કળે છે.
એની નજરથી, જ્યારે મારી નજર મળે છે
હું એમ સમજુ છું કે પૃથ્વીનું પડ વળે છે
કુદરતી જો હોય ઇચ્છા તો લોઢી સીંચ તારૂં
પૂરો, કે વેલ પાણી પાયા વિના ફળે છે.
એના ચરણ ચુમે છે સ્વતંત્રતાની દેવી
જે મર્દ કફન માથે બાંધીને નીકળે છે.
હું સમઝ્યો સમઝ્યો એના નયનો રહ્યા છે નાચી
દિલ તારા તડપવાનો મુદ્દો હવે મળે છે
તદબીર ને કરૂં શું ? તકદીરને કરૂં શું !
એક આ તરફ વળે છે એક આ તરફ વળે છે
શી આદમાં અસર છે કયારેક તમે જોશો
કિરતાર પણ અમારી કયારેક સાંભળે છે.
કંઇ ધીમે ધીમે જોજો કંઇ છાના છાના છબરો
જોતા નથી પરાયા સૌ લોક સાંભળે છે !
સાકીની આંખમાં તું નાંખીને આંખ પીજ
સાકીનો હાથ "શયદા" પાછો કદી વળે છે.

"શયદા" [મુખપ]

૨

સાચા દિવાનાઓ તો મદા મુશ્કેલ મળે છે
મોતી અમૂલ્ય લાખોમાં એક નીકળે છે.
અંતરની છેડાઓ અંતરને જઈ છળે છે
છાના હૃદયના ચાળા જાનું હૃદય કળે છે.
જર જોરને જવાની, એ ત્રણ નથી સદાની
માનવ ન ભૂલ ખાતું, દુન્યા તને છળે છે.
મારા હૃદયના દાગોથી છે જગત પ્રકાશિત
એ આગથીજ જોને દિલ સૂર્યનું બળે છે.
હે મંદ મંદ વાયુ, ગુલને જઈને કહેજે
બુલ્બુલનું દિલ અધીરૂં મળવાને ટળવળે છે.
બેસો, લગાર બેસો, તૂટે છે સંસ મારો
જોવી બધી ઉતાવળ તે ચિંદને આ પળે છે.
જેને મિટાવશો મા ! સમજો, લગાર સોચો !
કોના મિલનની આશા એ દિલ મહીં પળે છે.
દિલ મારૂં હાથમાં લઈ, ખુશ થઇ કર્યું ખરેખર !
મોતી અમૂલ્ય આવું મદા મેદનને મળે છે.
કર્તવ્ય તારૂં જૂદું છે. કર યાદ ! "કર અને ભો!"
ટૂંકા જિવનમાં માનવ દુન્યાને શું છળે છે.

દુન્યા યહ ન કોની, કોઇની નવ થવાની
ટૂંકા, જીવનમાં માનવ દુન્યાને શું છળે છે.
બદલ્યો છે રંગ એવો, દુન્યાએ "ઝાર" આજે
દેખે છે આંખ શું શું, શું કાનું સાંભળે છે.
"ઝાર" [રદીફ]

૩

મુજ દિલની અવદશા પર તે ક્રૂર કળકળે છે;
લાંબો સમય પછી શું મારી વહા ફળે છે.
બન્નેમાં એક સરખી કંઈ જોત ઝળહળે છે,
હું જોઉલો બળુ છું તે તેટલો બળે છે.
ઠેલે છે કયાં કૃપાળુ મુજ યાચનાને કોઈ;
યાચું છું તે કનેથી કર ફેલતાં મળે છે.
જોજન વટાળવાને શાને ડરું કે જ્યારે:
જીવનના સત્ય સાથી કટક પગો તળે છે.
નિસહાયતા નિહાળી, ચીંધી જવા કિનારો;
મુજ નાવડી નિકટથી મોજાં ફરી વળે છે.
મમ પ્રેમ-મસ્તીઓના રંગોની દાદ દેવા;
જનમો થકી સુરા પણ છલકે પળે-પળે છે.
ત્યાગો "કલીમ" ત્યાગો આકંદ આફતોનું;
કોને પડી છે કોની, ને કોણ સાભળે છે.
"કલીમ" વાડિફી [ધોરાજી]

૪

પુષ્પોમાં એ હસે છે જ્યોતિમાં ઝળહળે છે;
સમજે તો એ બધે છે, શોધો તો ના મળે છે.
જે બીજ થઈ રહે છે તે વૃક્ષ થઈ ફળે છે,
જે ધૂળમાં ખપે છે, તે મૂળમાં ભળે છે.
સળગાવે પ્રેમ જ્યોતી કોઈ નથી સળગતી,
એ આપ પ્રગટે છે, એ આપ ઝળહળે છે.
તેને હું ઓળખું છું તે મુજને ઓળખે છે;
તેઓને હું કળું છું તેઓ મને કળે છે.
મારી ને એની મેહફિલમાં એજ છે તફાવત,
અહીં પ્રેમ-મજબે છે ત્યાં રૂપ ઝળહળે છે.
દિલને તમે ન તોડો દિલ છે અનોખી વસ્તુ,
જોતાં ન એ જડે છે, માગ્યું ન એ મળે છે.
આવો વિચારો આવો આવીને એને રોકો,
મુજથી હવે તો પાછા વાળ્યા ન એ વળે છે
દિલને શું દિલ કહું હું? દિલ દર્દ થઇ ગયું છે,
એ શબ્દોમાં ભળે છે ના અર્થથી મળે છે.
તૂફાન અવનવા છે સાગરથી કલ્પનાના,
એક ઊર્મિ-ઊતરે છે ત્યાં લાખ ઊછળે છે.
કૈં અશ્રુ આંખમાં છે કૈં અશ્રુ દિલ મહીં છે,
આ હોડીઓ તટે છે; તે હોડીઓ તળે છે.
એનો વિનાની "ઘાયલ" દિલની દશા નિહાળો!
કહીં આશ કરમરે છે કહીં ઝખ્મ ટળવળે છે.
"ઘાયલ" પાલનેદ]

૫

આકાશ પર ઘટાઓ પાછી ફળી વળે છે;
તોફાનું ઘર ફરીથી આજે જુઓ બળે છે!
દર્દો રૂદન, નિરાશા-એની શિકાયતો શું?
મ્હારાં નસીબનું આ લખ્યું મને મળે છે.
ખોટો ભલે મગર તું ઇકરાર તો કરી લે;
બીજું તો શું, હૃદયને એક આસરો મળે છે.
આવીજ જિન્દગી કંઈ આજે તો થઇ ગઇ છે,
દર્દો હૃદયમાં-આંસુ આંખોમાં ઘર પળે છે!
મ્હારા નસીબનું પણ ફૂટી ગયું મુકદ્દર;
નયનોનું નૂર જોતાં દર્શન હવે મળે છે;
શી શી કયામતો આ ગુજરી રહી છે મુજ પર;
ઘર પણ જુઓ અમારૂં વર્ષાદમાં બળે છે.
દુનિયાની વાત શું ને દુનિયાની જિન્દગી શું?
મુઝને હજારે જીવન મરવા મહીં મળે છે
મ્હારી મુસીબતોની હાલત ન પૂછ સહચર?
લાખો બધી પડે છે, એકાદ જો ટળે છે.
બોવાયલી દશામાં તું એકલો જીવે છે:
"નાશાદ" તું ભલેને સૌથી હળે મળે છે!
"નાશાદ" [મુંબઈ]



૬

મળતા નથી એ મુજને દુનિયા બધી મળે છે;
એના મિલનથી દિલની મુજ આશ ફરફરે છે.
નયનોથી નયન જ્યારે છાનાં છુપાં મળે છે.
અંદરના ભેદ કેવા એક એકના એક કળે છે;
દીપક કોઇના વિરહે દિલ કોઇના વિયોગે,
એક જ્યોત પર એ બન્ને એકજ રીતે બળે છે.
પ્યાલી તમારા કરમાં તૌબા ઓ શેખ સાહબ,
મસ્જિદમાં બેસનારા રિન્દોમાં શું ભળે છે?
દુનિયાના રંગ જુદા દુનિયા જ છે અનોખી,
ભાઇને ભાઇ આજે અજગર બની ગળે છે.
આ વિશ્વમાં નકામાં ફાંફાં ન માર ફાવર,
પત્થર પર ફોડતાં શિર તુજથી એ કંઈ વળે છે!
ક્યાંથી ફળે અમારી અંતરની ભાવનાઓ,
કિસ્મત અમારી અમને ચક્કી બની દળે છે.
કુંલ્લો મન અલૈડા, ફાનને તું ભૂલી,
ટૂંકા જીવનમાં માનવ દુનિયાને શું છળે છે.
ટૂંકો છે પંથ તારો ટૂંકી છે તારી મંઝિલ,
ટૂંકા જીવનમાં માનવ દુનિયાને શું છળે છે.
દિલની વ્યથા તો તમને આંખો કહી રહી છે,
શું જાણું હું કે શાથી મારું હૃદય બળે છે.
હે દિલ! "ફના" ને અંતે તું તો ફનાજ કરશે,
મારાં રિપુથી છાનું છાનું તું જઇ મળે છે.
"ફના". [સંદેશ]

૭

માનવ જિવનના તત્વો કઠણાઇથી ફળે છે;
પુષ્પો તો કંટકોમાં ખીલીને નીકળે છે.
ગુલ રોપની મહત્તા સદ્‌ભાગ્યથી મળે છે;
કૈંક કંટકો ચમનના ગુલ રોપ પર પળે છે.
મારું વદન રિબતું મેં કળીઓને દઇદીધું છે;
મારા જિવનની ખુરશ્બ પુષ્પોથી નીકળે છે.
હું બીજતા સુમનના દુખડાંઓ લઇ રહ્યો છું;
મારું હૃદય ચમનમાં કંટક ભણી ઢળે છે.
મુજ ચક્ષુઓને અશ્રુ તણુંબાઓ હો મુબારક;
આનંદ છે મને તો પાપી હૃદય બળે છે.
ચૂંટ્યા વસંત ટાણે નૈસર્ગ છે દિવાની;
મુજ દિલને હાથમાં લઇ ઉર્મિઓ ઊછળે છે.
ઓ ઉન્નતિની શોધક! આકાશ સામું જોજે;
તે ઉંચા, ઉંચે રહીને ધરતી તરફ લળે છે.
હુંવે રહીને મુખથી ઘૂંઘટ હટાવનારા;
બાકી તમારા વાંકે મારું હૃદય ચળે છે.
દુનિયાનો મોહ પાશો "સાબિર" જળી ગયો છે;
ટૂંકા જિવનમાં માનવ દુનિયાને શું છળે છે.
"સાબિર" [વટવા]

૮

તેનીજ પ્રેમ આશા જીવન મહીં ફળે છે.
અંતરની આગમાં જે પ્રેમી સદા બળે છે.
દિલની નવિન સૃષ્ટિ હું ફરપળે રચું છું,
સ્વપ્નામાં જ્યારે જ્યારે આવીને તે મળે છે.
એક ભાવમાં હજારો વાતો કહે છે દિલની,
પુષ્પોની પ્રેમ કથની પણ કોણ સાભળે છે.
ઝૂલી રહ્યાં છે પુષ્પો, ડોલી રહી છે દુનિયા,
પ્રેમીની પ્રેમ આશાનું આકમાં મળે છે.
આપી શકો તો આપો તે પ્રેમની મદીરા,
જીવનની સાધના પણ જેના થકી ફળે છે.
શું આપને બતાવું શું થાય છે જિગરમાં,
મારી નજરથી જ્યારે તિરછી નજર મળે છે.
જીવન મહીં છે આશા આશા મહીં છે જીવન,
આશાની એક પ્યાલી પી જોને શું મળે છે.
અંતરની પ્રેમ જવાળા દીઠી નથી હજી તેં,
બળી પતંગીયાને દીપક સદા બળે છે.
ભજ્યું છે મુશ્કિલોથી આ દિલ "હુઝી" અમોને,
દુઃખ દર્દમાં હમેશાં જેને મઝા મળે છે.
"હુઝી" [સંદેશ]



૯

આસ્તિકતામાં જ્યારે નાસ્તિકતા ભળે છે,
કુદરતનો કોપ ખુણે ખુણે ફરી વળે છે.
સંજોગનાં પવનનાં સુસવાટા જો ફળે છે
એક પળમાં દુખનાં ડુંગર પણ હોય તો ટળે છે.
શું "પ્રેમ" "વાસના"ને સમજી રહ્યા છે લોકો
શાને જીગર જળે છે શાને હૃદય બળે છે.
શું લેણ દેણ માનવનું જગને આભમાં છે.
એક અહિંથી નીકળે છે એક ત્યાંથી નીકળે છે.
કુદરતના જગમાં એવા તે કેવા કાયદા છે
કોઇ મઝા કરે છે ને કોઇ રળવળે છે.
શું શેખજી પુછો છો ? પીવામાં શું મળે છે ?
પોતેજ પી જુઓને પીવામાં શું મળે છે.
જગમાં તો અમને શાંતિ કે સ્વર્ગ કંઇ ન મલ્યું
મર્યા પછીની વાતો પણ જોઇશું મળે છે.
ટવાઈ હું ગયો છું આફત સહી સહીને
ટાળું છું એક ને કે બીજી તરત મળે છે.
તારી પીપુડી અહિંઆ કયાંથી "અમીન" ચાલે
જગનાં નગારખાનામા કોણ સાંભળે છે.
"અમીન" આઝાદ [સુરત]

૧૦

જોયું, જણાયું શાન્તિ, સંતોષમાં મળે છે;
સંતોષી જન સુખી છે, તૃષ્ણાએ શું વળે છે.
કુદરતનો કાયદો છે, જે વાવો, એજ લણશો;
જવ વાવે જવ મળે છે, ઘઉં વાવે ઘઉં ફળે છે.
સ્વાર્થિ કે પક્ષપાતિ, કરતા કુસંપ, કલેશો,
જ્ઞાની ને પ્રેમી ભક્તો, સહુમાં હળે, ભળે છે.
સત સેવા કર ઓ ભાઇ, દુનિયામાં કર ભલાઇ;
ટૂંકા જીવનમાં માનવ, દુનિયાને શું છળે છે.
"સત્તારશાહ" સમજો, કિસ્મતના ખેલ ન્યારા;
લખ્યા લલાટે લેખો, ટાળ્યા ન એ ટળે છે.
"સત્તારશાહ" [રાજપીપલા]

૧૧

કોના કપટથી. છળથી, ધર્મથી કંઇ વળે છે,
ટૂંકા જીવનમાં માનવ દુનિયાને શું છળે છે.
દિલ હાથથી ગયું છે તુજ રૂપને નિરખતાં,
બસ ઊર્મીઓ હવે મુજ અંતરમાં ટળવળે છે.
હે શેખ તું શું જાણે મર્મો શરાબ કેરાં,
એક જામ માંહે એના દુનિયા નવી મળે છે.
દિલ પર હસી હસીને વરસાવે વીજળી કો',
તાપી રહ્યું છે કોઇ કોઇનું ઘર બળે છે.
મુજ કાવ્ય સાંભળીને કે'છે એ મુજને "ઝાકિર,"
શી ધારણા છે ધારે શી કલ્પના કળે છે.
"ઝાકિર" [બરવોધન]

૧૨

ઉપડી રહી છે જીવન-નૌકા શી પુર બળે છે,
આવે ઉતાવળે છે, જાએ ઉતાવળે છે.
એક પ્રેમની જ્વાળા અંતરમાં ઝગડ્યે છે,
રગ, રગમાં રકત ભારૂં જેનાથી ઊકળે છે.
છે રોગ પ્રેમનો શી ? શી પ્રેમનો છે અગ્ની ?
એક દર્દ દિલમાં ઉપજે, એક બળતરા બળે છે.
આવે છે યાદ જ્યારે વીતેલા દીવસોની,
છાતી ઉપર એ જાણે આરીને ભગ દળે છે.
જાહેર મીલનમાં તારા સંતોષ કાં હું માનું !
અંતરથી જ્યારે અંતર દિલથી ન દિલ મળે છે.
લોહીથી હું જીગરના સીંચન કરૂં છું એનું,
એતી મુજ આશ કેરી પ્રફુલ્લ થઇ ફળે છે.
બેડી ગુલામી કેરી તોડીને જો જો રહેશે,
આઝાદીના ઉમળકા અંતરમાં ઊછળે છે.
આધીનતાનું જીવન એ પણ છે કોઇ જીવન,
ખંજર સમિપ ગળું છે શિર તેગની તળે છે.
"ઉલ્ફત" હૃદયની વાતો કોને હું જઇ સુણાઉં,
દિલની દુઃખદ કથાઓ કોણ આજ સાંભળે છે.
"ઉલ્ફત" [બરવોધન]

૧૩

તુજ દિલમાં પ્રેમ કેરી, કયાં બળતરા બળે છે ?
આહો કરીને જુદી દુન્યાને શું ગળે છે !
આશા છે, તુજ ક્ષમાની, ભય કોપનો છે તારા
આશા, ને ભય અહીં મુજ, આ જિન્દગી ફળે છે.
વિધ વિધ તરંગો દિલમાં આવીને જાય છે પણ
તુજ યાદ મ્હારા દિલમાં આવે ન નીકળે છે.
દિલ છળ કપટ મહીં છે, હાથો મહીં છે માળા
નિર્મળ હૃદય વગરની ભક્તિથી શું વળે છે ?
ઝાહિરમાં ભક્ત છે, એ એકાંતમાં એ પાપી
દુ:ખી જીવનમાં માનવ દુન્યાને શું છળે છે.
સ્વપ્ના સભી થઇ છે, સ્વૈતંત્રતાની વાતો
ભોગો વિના જગતમા આઝાદી કયાં મળે છે ?
વૈભવ વિલાસમા તું, ચુલ્તાન છે હે ! "મુઝતર"
ને દેશ ભૂખ કેરી, અગ્ની મહીં બળે છે
"મુઝતર" [બરબોધન]

૧૪

જો વાસનાઓ આવી શુધ્ધ પ્રેમમાં ભળે છે;
તો પ્રેમનો બજારો અધ્યત્મ ઉઘો વળે છે.
સ્વદેશી કુતરાઓને ઝેર જયા મળે છે;
વિદેશી શ્વાન પુત્રો ત્યાં મોજથી પળે છે !
તું તાર ફોડી લેને પરની તને શી ચિંતા ?
કા પારકાના કર્મો જોઇને તું બળે છે ?
ત્યેટ્રોલ નિયમેનથી પાળીને કે છે મિસ્ટર;
મોટરની મોજ અમને ગાડા મહીં મળે છે.
કૂદી કૂદીને થાકયાં આમેડકર હવે તો;
વિસ્તાર કોંગ્રેસમાંહી દળ કમ મળે છે ?
મોટો થા દીકરા તું પરણાવીશું તને પણ,
સિમ્લાની ટેકરીથી કહ્યું વચન મળે છે !
જીવન થયા છે દૂંકા ને પેંતરા છે લાબા;
દૂંકા જીવનમાં માનવ દુન્યાને શું છળે છે !
પળો મૂકયો છે આજે સ્વરાજ માંગણી પર;
ઇચ્છું છું એવી આજે આઝાદી કયા મળે છે ?
"બેદાર" કયાંથી આવે એ કાવ્ય પ્રેરણાઓ,
જ્યાં વારસો કવિનો કડકાઇનો મળે છે,
"બેદાર" [રદીફ]

૧૫

જ્યારે જિગરની આહો તડપીને નીકળે છે
પાતળ શું બધું એ, આકાશ બાકાશ બળે છે.
લાગી છે આગ દિલમાં, કોને જઇ સુણાવું,
દુ:ખીયા-હૃદયની કોઇ અહીંયા ન સાભળે છે.
આંસુ ખૂટી ગયાં છે નિશદીન રડી રહીને,
તો એ ન ચૈન દમભર દુનિયા મહી મળે છે.
નાના હૃદય મહીં પણ શું શું નથી સમાતુ;
આશા અને નિરાશા લાખો હળેભળે છે.
આનંદ શુ ? વ્યથા શું ? એની મને ખબર શું ?
જાણું ફકત કે મ્હારી જિવન-ઉષા હળે છે.
સજ્જન ન સારો ગણજે, દુર્જનને ના નકારો;
લાખો ગુલબી પુષ્પો ખારો મહીં પળે છે.
લાવું છું જ્યારે જગને નજરો પરે "વલી" હું
કે કેટલાએ જિવન, દૂકડાને ટળવળે છે.
"વલી" [કરમાડ]

૧૬

તડપે છે દિલ, હવે તો, મુજ ખૂન ઊકળે છે.
કૈં ઊર્મિઓ હજારો મુજ દિલમા સળવળે છે.
ખુજરી રહી છે કેમો નવ પૂછશો મને કો.
દુ:ખ, દર્દ, ગમ, સિતમ અહિ નિતનિત પળે પળે છે.
બ્યાકુળ મૌજ થઇ ગઇ સાગર મહીં ઉઠીને,
તો એ ન કોઇ એને સાહિલ હજી મળે છે.
ફુરસત નથી નજરને, તારકને ચદ્રિકાને,
રજકણ અને કિરણ પણ તડપે છે તળવળે છે
વિશ્વાસ ધર ખુદ પર, છે આત્મમા ખુદાનો,
એના વિના અરે દિલ ! અહિં કોણ સાભળે છે ?
બૂદાજ રંગ જોયા 'અશરાફ' જિંદગીમાં
એક આશમા મરે છે, એક આશમાં પળે છે
"અશરાફ" [વલાપુ]

૧૭

જિને સ્વાર્થ પ્રેમ કાજે જે બાકમાં ભળે છે;
તેનાજ નામ નિશ્ચય દુનિયામાં ઝળહળે છે.
જીવન મહીં તમાગ જીવનનો સાર શોધો;
મેહનત કરો તો અહીંયા દુનિયા બધી મળે છે.

આવો અહીં બતાવું દુનિયામાં એક દુનિયા;
જીવન ગરીબ કેરા જ્યાં ધૂળમા મળે છે.
જીવનને શોધનારા જીવન મરણ મહીં છે;
દાણોજ તે ફળે જે માટી મહીં મળે છે.
"યૂસુફ" સમાજ-સેવા દિલ છોડશે ન તારૂં;
પ્રેમીની મંડળીમાં કયાં જઈને તું બળે છે.
"યૂસુફ" [સુરત]

૧૮

પ્રેમીના આત્માને સંતોષ કયાં મળે છે,
વીયોગમાં જીગર ને દિલ, બન્ને તળવળે છે.
જન્મી બરાડા છો ને પાડાનાં જેવા મારે,
ડિટેરીઝમ જમાનામાં કોણ સાંભળે છે.
સ્વતંત્રતાના લાડુ છે હાથમાં પરંતુ
ચિંતા ઘડી ઘડી છે શંકા પળે પળે છે.
જાપાની મોટીઆની માફક તમોને જોઈ,
ભડકી ઉઠીને આશિક પુર જોશમા બળે છે.
ધંટીને પ્રીયતમમા છે આટલો તફાવત,
એ આશિકોના દીલને દાણાંને તે દળે છે.
ઝાલિમ એ નાઝીઓથી ઓછા નથી સિતમગર,
ભાગેલાં દિલનો ઢગલો દિલજરના પગ તળે છે.
રૂપીઆના પરચુરણથી નફરત છે મિસને 'આસી'
સંતાન માટે જર્મન જાપાન દળવળે છે.
"આસી" [સુરત]

૧૯

સાચેજ દુખથી દિલની આશા બધી ફળે છે
સારૂં છું જ્યારે અશ્રુ મોતી મને મળે છે.
થાઉં નિરાશ શાને ? આશા અમર છે મારી
અંધકારમાય મારો દિલ-દીપ ઝળહળે છે.
માણસ તણી કસોટી થાયે છે સંકટોમાં
સોનું થવાની પહેલાં અગ્નિ મહીં બળે છે.
મુજ આત્મા તરે છે પરમાત્મામાં દૂબી
સાગર થવાને બિંદુ સાગર મહીં ભળે છે.
જીવું છું આ જગતમાં તું જીવવાને કાજે
પણ માન છે કે મારે માથે ફરી વળે છે
વ્યાપકતા મારી વાણીની જોઇ લેજો મિત્રો
હું દિલને જે કહું છું તે જગત સાંભળે છે
જીવે છે, નૂર' તું તો આ વાત લે વિચારી
જ્યારે અમર થવાયે ત્યારે જીવન ફળે છે.
"નૂર" [સુરત]

૨૦

દૂંકા જીવનમાં માનવ દુનીયાને શું છળે છે,
રે છળકપટ કરીને છેવટમાં દળવળે છે.
બેકારી કેવી ડાકણ વળગી છે જિંદગીઓને
છે જીંદગી તો જોયું કયારે જુઓ ટળે છે.
ઓ પ્રેમ આ થયું શું ! આ પક્ષપાત કેવો !
કંઠ કલેજું તેનું દિલ માફ ઊકળે છે.
કુકર્મ કરતાં પહેલાં કેવો હસે છે મુરખ,
પસ્તાવો થાય અને તૌબા કરી બળે છે,
પરમેશ્વરથી ભાગો શ્રધ્ધાનું પાણી સીંચો
આશાના વૃક્ષ ઉપર અમૃતના ફળ ફળે છે.
"ગુમનામ"ની ગઝલ આ નીરખીને કંઇક હરખે
છે દ્વેશબુદ્ધિ જેને તેનું જીગર બળે છે.
"ગુમનામ" [!!!]

૨૧

ચાહું છું જેને જગમાં બસ તેજ ના મળે છે
બીજું બધું મળે પણ એનાથી શું વળે છે.
કહેતો ફરે કાં સૌને તુજ દર્દની કથાઓ,
આંસૂને લુછનારો આલમમાં કયાં મળે છે !
કયાં સાથ લઇ જવાનો રહેવાનો કયાં અમર તું,
દૂંકા જીવનમાં માનવ દુનિયાને શું છળે છે.
શાને નિરાશ થઇને માનવ રૂદન કરે તું,
કંઇ કાર્ય કર જીવનમાં જીવન નવું મળે છે,
કેવી છે કાળી રજની જોની સહર દિશે ના,
ના વિરહનો છે આરો ના તું મને મળે છે.
કોયલ ન ગીત ગાતું પીપી ન કર પપીહા,
કોઇની યાદ આવે નહક હૃદય બળે છે.
છે વ્યર્થ યાચનાઓ બેકાર તુજ રૂદન છે,
"મઝલૂમ" દિલની વાતો ઝાલિમ કયાં કળે છે.
"મઝલૂમ" [બિલપુર]



૨૨

શું કોઇની કૃપાઓ મુજ પર થઇ રહી છે.
કંઇ દર્દ ધીમું ધીમુ હૈયામાં સળવળે છે.
મમ અવદશા કરીને, મમ અવદશા નીહાળી.
અજે રહી રહીને શા કાજ કળ કળે છે;
એની જરાને ઊંડો દિલમાં ધરી રહ્યો છું.
હું જોઉં છું કે કયારે મારી વકા ફળે છે;
કેવા પ્રણયમાં સમ છે, દીપક પતંગ બન્ને.
એ પણ કરે બળે છે, તે પણ મરે બળે છે;
થઇને પ્રભાવશાળી ચોટે છે પ્રેમ-ચોટો !
"ઇજન" તે મારી આંહો સુણનાંજ બળભળે છે;

"ઇજન" [મદ્રાસ]

૨૩

સંકટને પારકાના પોતાના જે કળે છે,
એવા નરો જગતમાં જોવા એ કયાં મળે છે.
સંકટ સહન કરે છે એક ભૂખથી મનુષ્યો,
લાખો ઉપાય કરતા કયાં વિપત્તી ટળે છે.
ભેદી તિમીર પટને જગને પ્રકાશ અર્પે
કયારે જગતમાં એવા જન્મે તિમિરો મળે છે.
સંકટ નિવારવાને ઉત્સુક બનો જવાનો,
લાખો પિડિત મનુષ્યો આકાશની તળે છે.
પોતાનું કામ છોડી પોતાનું ભાન ભૂલી
"મદ્દાહુ" પારકાની અગ્ની મહીં બળે છે,

"મદ્દાહુ" [ભરૂચ]

૨૪

કોઈ રંક તની જો કિસ્મત જ્યારે ફરી વળે છે,
તેની દુઆને બદલે ઝાલિમ તણી ફળે છે.
કોઇ રહ્યું ના રહેશે લાખો ગયા ને આવ્યા,
એવા જીવનમાં માનવ દુ-માને શું છળે છે?
જે ના રહ્યું કોઇ સાથે રહેશે ના કોઇ સાથે,
તેવા જીવનને મૂરખ કાયમનું કાં કળે છે?
યુવાની તો જવાની, એ કયાં રહી સદાની
એતો દરેક માથે, એમજ ચઢી ઢળે છે.
માયા જગતની છોડી દિલ્બરથી બાંધ માયા
માયા કરે જે દિલથી તેની તે સાંભળે છે.
જેવાની સાથે તેવા થૈને રહો જગતમાં
લોખંડનો કાટ જલ્દી અગ્નિથી ટીકળે છે.
વાવો તેવુંજ લણશો, બોટું નથી કે એમાં
બાવળ ઉપર જગતમાં કેરો કદી ફળે છે?
ઉલ્ટી વહે છે ગંગા આજે જુઓ અમેરધ
દુખ્યો છે સર્વથી જે મહેનત કરી રળે છે.
છે કોણ જગમાં એવું દરદમ ખુશી રહે જે
તારી ગમીની ઉપર "બાકી" તું કાં બળે છે?

"બાકી" [સુંદર]

૨૫

આઝાદી તુજ કને છે, માગેથી શું વળે છે?
માંગેથી આજે બંધુ, ભિક્ષાયે કયાં મળે છે?
આઝાદ થઇને યૂવક, આઝાદ કર વતનને;
ભારત કહે છે તુજને, યૂવક તું સાંભળે છે?
આઝાદ થાવા માટે, કુર્બાન પ્રથમ તું થા;
કુર્બાન થાયે તેને, આઝાદી ખુદ મળે છે.
આઝાદી કાજ દુન્યા આજે લડી રહી છે.
તું શું જૂએ છે યૂવક, ભારત પણ બળભળે છે.
સ્વતંત્ર દેશમા સૌ, આરામથી રહે પણ;
બેડીના બંધનોમાં, હિન્દીજ ટળવળે છે.
વાવે તેવું લણેછે, ભૂલી ગયો શું યૂવક?
લોખંડનો કાટ પણ તો, લોખંડથી નીકળે છે.
આજે સમય છે યૂવક, બંધન ઓ તોડવાનો;
આવેલી તક ગઇ તો, પાછી એ કયાં મળે છે?

'બહુશી' બનીને કોઇ, આઝાદી કાજે ખેલે,
હરતોમા હાથ કરીએ, બેડી પડે ગળે છે.

"બહુશી" [સુંદર]

૨૬

આવીને કલ્પનામા જ્યાં પ્રેમદા મળે છે.
દીલના ઉમગ દીલમા રહીનેજ બળભળે છે.
આફતને પ્રેમની શીદ આફત તમે ગણો છો
એ આપદાથી દિલની કંઇ આપદા ટળે છે.
બરબાદ થઇ ન જાયે મારા જીગરની દુન્યા,
માગ્યા વિનાજ સાકી સુરા અહિં મળે છે.

"લાલ" [સુંદર]

૨૭

અમ આઝાદીનાં બીજાં ઇગ્લાંડમાં ઢળે છે!
સાંભળ્યું છે? આઝાદી વેચાતી કંઈ મળે છે?

બીજી દિકર નથી કંઈ 'બેકાર' હિંદીઓને;
આઝાદી કાજ શાને થાયે ઉપર તળે છે?

હા! દોમીવાદ–ઝનિયી હિંદ ઊકળે છે;
દિવાળા થઈ દુર્લભ દોળી બધે બળે છે!
પકવે છે રૂના ઢગલા પણ વસ્ત્ર કેરા વાખા;
હિંદી કિસાન આજે ભૂખે કાં ટળવળે છે?
બર્મા કરાર શું છે તે હિંદીઓ વિચારો!
જુવોને આખું કોળુ એ શાકમા ગળે છે!
શું વિસ્તરે છે લી-લીયગો કેરી કારોબારી?
કે આખલાઓ હરી એ યોજના ફળે છે?
તાલીમને બેકારી સાથે કરે છે પ્રગતિ;
ડીગ્રી મળે ભણાએ તવ વેતરા રહે છે!
દેખાય બહાર સાંજ ઘરમા ગયા તો અકરી.
એવાય મર્દ જગમાં નિજ મૂછ આમળે છે!
શું હિંદીઓનાં કિસ્મત અસ્તે થયાં છે ઉષા?
વાવે છે આમ્ર કાને બસ આકડો ફળે છે!
સોકો મરીજ દિલને મારે ભલેને હૈકર;
પણ રંકના નિસાસે આકાશ બાળજે છે!
પુરુષાર્થથી તો જિવત દુઃખો થયા છે તોયે,
દુઃખો જિવનમાં માનવ દુનિયાને શું બળે છે?
મુજને જીવાડે આશા ને આમ દે દિલાસા;
અંતેય તો જગતમા મહેનતનુ ફળ મળે છે!
'બેકાર' તુજ કલમને શું શક્તિ સાપડી છે?
સાબુનાંજ તુજ ગજલને કવિઓય બાળજે છે!
"બેકાર" [ચાંદેર !

૨૮

ઉંડા પ્રેમ એક નથી તેમા ન કંઈ વધે છે,
ઉંડાણમા નિત્ય જેનુ બન્ન જીગર બળે છે.
મુજ દિલનુ દુઃખ જીવન એક પુષ્પમા ભળે છે,
જે બીલવાજ પહેલા માટી મા જઈ મળે છે.
તારીફ શી બતાવું દીદારની તમારા,
ગોયા જગતની આફત બધાયમાં ટળે છે
નાદક ન જુલ્મ કરજો એ દિલ તો તેજ દિલ છે,
જે બાળવા પહેલાં પોતે મહી બળે છે.
તારી સભામાં આવી ફરયા થયો હું ફેકટ,
ના ધાન મેં કરે છે, ના કોઇ સાભળે છે.
ઇન્સાન શું કરે છે ભૂતીને તે ખુતને!
દુઃખો જીવનમાં માનવ દુનિયાને શું બળે છે.
દુઃખને ન દુઃખ સમજ તું, ઉર દિલડે પ્રેમ ધર્યે.
જેને પતંગ દીપક, ઉપર સુખે બળે છે
ધિમંત શું વતુએ છે? ઝર છે, ફકીર પણ છે,
દેવાથી કંઈ સહકો દિલથી બધા ટળે છે?
લાખો ભિખારીઓને આપે છે દાન તેઓ,
જોઉં છું આજ મુજને તે દ્વારે શુ મળે છે?
જે હોય જેવો જગમાં તેવો મળે છે તેને
તું કેહને છળે છે, કોઈ તને છળે છે.
પળવારમાં સિતમગર શું શું મિટાવી દીધું.
"બબ્બરી" હતો જે તારો તે પણ કબર તળે છે.
"બબ્બરી" [ચાંદેર]

૨૯

દુઃખો જીવનમાં માનવ દુનિયાને શું બળે છે?
નિજ ધર્મ, કર્મ ભૂલી એલે જીવન ટળે છે?
અતરને જો ઉઘાડી કે આગ કયાં બળે છે?
દાગો પડયા છે એમાં ચિનગારી નીકળે છે.
ભૂલ્યા તમે તો ભૂલ્યા પણ હું ભૂલું કઈ રીતે,
દુઃખમાં વિસ્મરે તારી યાદી પળે પળે છે.
ચહી વર્યા છે ત્યારે મુજને મળી જવા છે;
દુનિયા મહીં મને તો એવા બધા મળે છે.
મેટ્રીક થઇને મિસ્ટર અરજી કરે બાપેબાપ;
"ઇન્ટરવ્યુ" અર્થ કરતાં, કયા નોકરી મળે છે?
જો! પ્રેમ શું દિવાનો! બેહદ દશા તું જોને!
જોતાજ આગ ભૂખ્યાં અન્નવિત્ર ટળવળે છે?
કરવાનું "શાદુ" કરી લે દુનિયા થોડી જાણી;
મૃત્યુ ઉભું છે માથે, આવે કઇ પળે છે.
"શાદુ" [ગીખડી]

૩૦

ઇન્સાનથી તમારા દિલ કેમ કેટલા બળે છે;
જિવ મેત મારનારા તમને તે શું મળે છે?
મુશ્કિલ નથી બદલવી દુનિયા આ જગતની;
આ જોજ જોજ દુનિયા આવે તરફ ઢળે છે.
પણ મુસવાતા વધુ મહીથી ખતની ઉઠે છે;
દુઃખો જીવનમાં માનવ દુનિયાને શું બળે છે?
જુગજૂની જિન્દગીની એક બગાવત છે શ્વાસમા;
તે ટાવવા, સમાવા, જુગજૂ રવયં બળે છે.
આજે વસંત વસી છે "શૌકીન" ચક્ષુઓમાં;
મુજ ઉર આજ પછી ઉદ્યાનમાં ફેરે છે.
"શૌકીન" [નેતપર]

મુસ્લિમ

અરબી વહાણવટું

અનુવાદક:
સાલેહ અકીલી B.A.

'—અને ખુદાએ વહાણોને તમારા કામમાં કર્યા, કે તે એની આજ્ઞાથી સમુદ્રમાં ચાલે અને નદીઓને (પણ) તમારા કામમાં કર્યા"

'કુર્આને મજીદ'

(આ લેખ વર્તમાન સમયના હિન્દુસ્તાનના અલ્લે' ઈસ્લામી ઇતિહાસકાર મૌલાના સૈયદ સુલયમાન નદવીની કૃતિ "અરબોકી જહાઝરાની"ના થોડાક પાનાઓનો અનુવાદ છે મુસ્લિમ કોમોમાંથી માત્ર અરબોના વહાણવટા વિષે એમાં કેટલીક ઐતિહાસિક માહિતીઓ આપવામાં આવી છે બીજી મુસ્લિમ કોમોની આ ક્ષેત્રમાં પ્રગતિ વિષે ઇતિહાસોના આધારે આવતા રજુ કરવાની આશા છે ઇન્શાઅલ્લાહ)

—સાલેહ અકીલી

નબૂવતના સમયમાં અરબોની દર્યાઈ સફર

તે ઝમાનાની વાત છે જ્યારે જાહિલીયત (અજ્ઞાનતા)ના સિયાહ વાદળો વિખેરાઈને નબ્વતના સૂર્યનો ઉદય થઈ રહ્યો હતો હજુ અરબોએ એ સૂર્યના પ્રકાશ (નૂર)ને પોતાના સીનાઓમાં સ્થાન આપ્યું ન હતું અને અરબોના બધાએ પ્રાચીન દેશી રીતરિવાજ જેવાને તેવા જ મોજૂદ હતા એ ઝમાનામાં જે કોઈ નઝરે પડશે તેને અરબોનું પ્રાચીન કેરેક્ટર સમજવું જોઈએ એ યુગમાં અમને અરબવાસીઓ આમતેમ વહાણોમાં આવતાં જતા નઝરે પડે છે હબશ (એબીસિનીઆ)નો દર્યાઈ દેશ તો જાણે એમનું બીજું વતન જણાય છે જ્યારે મનમાં આવ્યું અરબસ્તાન આવી ગયા અને જ્યારે ઈચ્છયું હબશ પહોંચી ગયા બહરે અહમર (લાલ સમુદ્ર)માં રોમનોની અમર જબર હતી એક રોમન બ્યાપારી વહાણ એ સમયથી કાંઈક પહેલા જિદ્દાની પાસે ભાંગી ગયું હતું, જેના પાટીઆ કુરૈશીઓએ ખરીદીને કઅબા શરીફની છત ઉપર લગાવ્યા હતા (સીરત ઇબ્ને હિશામ કઅબાનું વર્ણન)

મક્કામાં જ્યારે મુસલમાનો ઉપર જુલ્મો સિતમનું તુફાન ઉઠ્યું, ત્યારે આ હઝરત સ અમે મુસલમાનોને સમુદ્ર પાર હબશા જવાની રજા આપી હિ સ ન મા અમ્માર મરદ અને ચાર ઔરતોનો મક્કો રવાના થયો તે જ્યારે જિદ્દા પહોંચ્યો ત્યારે સા બે વ્યાપારી વહાણો હબશા જવાને માટે તૈયાર હતા તેઓ એમાં બેસીને હબશા પહોંચી ગયા એની પાછળ પછી

મિસર અને શામમાં અમીર મુઆવિયા ગવર્નર હતા. એમણે રોમનો ઉપર દર્યાઈ હુમલો કરવા ઇચ્છયું હઝરત ઉમર (રદી૰) પાસે પરવાનગી માગી, પણ એમણે રજા આપી નહિ અને લખી મોકલ્યું: "તમને ખબર છે કે મેં એના ઉપરથી અલા'ને સજા આપી."

જંગી વહાણવટાનો સૌથી પહેલો પ્રસંગ અરબોના ઇતિહાસમાં એજ છે; એટલે કે બહરૈનના ગવર્નર અલા' બિનુલ હદ્રમીએ બહરૈનમાં વહાણોનો બંદોબસ્ત કર્યો અને દર્યાઈ માર્ગે ઈરાનના પ્રાંત ફારસ ઉપર હુમલો કર્યો. ઈરાનીઓએ કિનારા તરફથી પણ અને આગળથી પણ એમને ઘેરી લીધા. તેઓ ઘેરાઇ ગયા છેવટે ખુરપાને માર્ગે અરબોને મદદ મળી, ત્યારે છુટકારો થયો અને શહેર ફતહ થયું.

નાઇલ અને લાલ સમુદ્રનું જોડાણ

પરંતુ બીજી તરફ શાંતિમય વહાણવટાનો યુગ પણ હઝરત ઉમર (રદી૰)ના સમયથીજ શરૂ થયો. એના માટે એક કુદરતી કારણ ઉત્પન્ન થઈ ગયું. હિ. સ ૧૮માં અરબસ્તાનમાં ભ્યાત દુષ્કાળ પડયો. એને માટે હઝરત ઉમરે (રદી૰)એ મિસરથીજ અનાજ મંગાવવવાની વ્યવસ્થા કરી, પરંતુ જમીન માર્ગે અનાજ મોડું પહોંચતું હતું. જોથી એવું કરવામાં આવ્યું કે નીલ (નાઇલ) નદીમાંથી ૬૯ માઇલ લાંબી એક નહેર કાઢીને નીલને લાલ સમુદ્ર સાથે મેળવી દીધી. આ કામ ૭ માસની અણથક મેહનતને અંતે પુરું થયું. પહેલેજ વર્ષે વીસ વહાણો સાડ હઝાર અરદબ અનાજ લઇને નીલમાંથી લાલ સમુદ્રમાં દાખલ થયાં અને મદીનાની બંદરગાહ જારમાં આવીને લંગર નાખ્યા.

આ નહેર લાંબા સમય સુધી ચાલુ રહી. એનાથી મિસર અને અરબના દર્યાઈ વ્યાપારની ઘણીજ ઉન્નતિ થઇ. ખલીફા ઉમર બિન અબ્દુલ અઝીઝ ઉમવી (હિ. સ. ૧૦૦) સુધી એ કામ આપતી રહી પછી ગવર્નરોની બેપરવાઇએ ઠેરઠેરથી પૂરાઈ ગઇ અને ખલીફા મન્સૂર અબ્બાસીએ એક રાજકિય કારણે એને બંદ કરી દીધી. ફરી સાફ થઈ અને લાંબા સમય સુધી ચલુ રહી.[૮]

સુવેઝની નહેરનો વિચાર

અમ્ર બિન આસ, જે મિસરના ગવર્નર હતા. સૌથી પ્રથમ એમને આ વિચાર આવ્યો કે લાલ સમુદ્ર, અને ભૂમધ્ય સમુદ્ર વચ્ચેની જમીન ક્યાંથી કેવી જોઇએ, પરંતુ હઝરત ઉમર (રદી૰)એ એમની આ યોજનાની વિરૂદ્ધતા કરી. અબૂલ ફિદા પોતાની ભૂગોળમાં ઇબ્ને સઇદ મગરિબીના હવાલાથી લખે છે:—

"ફરમાની પાસે ભૂમધ્ય સમુદ્ર અને લાલ સમુદ્રમાં સિત્તેર માઇલનો ફરક રહી જાય છે. ઇબ્ને સઇદનું બ્યાન છે કે, અમ્ર બિન આસે ઇચ્છયું કે આ બન્ને વચ્ચેની જમીન એ સ્થળ સુધી જેનું નામ જન્બુલ તમસાહ છે, કાપી નાંખે પણ ઉમર બિન ખત્તાબે આ યોજનાને રદ કરી દીધી. એણે બ્યાન કર્યું કે રોમનો હાજીઓને માર્ગમાંથી ઉઠાવી લઇ જતા હતા." (તકવીમુલ બલ્દાન, અબૂલ ફિદા: પૃષ્ટ ૧૦૨) દૂર અદેશ ઉમર (રદી૰)એ જે

૮. મુકરયઝી વ' હસનુલ મહાઝરતઃ ઝિક્ર નહેર અમીરૂલ મૂમેનીન.

બતરાની બહીકથી આ યોજનાને રદ કરી હતી આજે બદાચ પૂર્વનો કોઈ નાદાન એવો ન હશે, જે એને સમજી શકતો ન હોય

ઈરાની બખાત તરફ ઇગનીઓના સમયમા ઉબુલ્લહ નામે એક ઇગની બદર હતુ એના ઉપરગાહ સ ૧૪મા અરબોએ કબજો કર્યો એની રીતે હઝરત ઉમર (રદી૦)ના જ સમયમા અરબોની પાસે બે મોટા વ્યાપારી બદરો થઇ ગયા એક લાલ સમુદ્રના અરબી કીનારા ઉપર, બતરા અને બીજુ ઇગની બખાતમા ઇરાકા કિનારા ઉપર ઉબુલ્લહ

જાર

એ લાલ સમુ,ના અરબી કિનારા ઉપર મદ્ કરીને વર્તમાન યમ્બઅની પાસે વસેલુ હતુ હિજરાથી જે મુસલમાનો હિ સ ૭મા પાછા આવ્યા હતા, તે એજ બતરની બદરમાર્ગ પાસે આવીને ઉતર્યા હતા એના ઉપરથી જણાશે કે ઇસ્લ થી પરના પણ એ જાણીતુ હતુ એના પછી હઝરત ઉમર (રદી૦)ના સમયમા જ્યાર મિસર અને શામ જીતાયા ત્યારે એની હસીયત વિશેષ વધી ગઇ પછી જ્યારે નાઇલ નદી અને લાલ સમુદ્રને નહેર વડે મેળવી દેવામા આવ્યા ત્યારે એણે કેન્દ્ર સ્વરૂપ પ્રાપ્ત કરી લીધુ ખ્યાલ કરીને જ્યારે મદીના પાટનગર (પાયતખ્ત) અને એ તેનુ બદરગાહ હતુ ચારે તરફથી સામાન સમગ્રી લદાઇને અહિ આવતી હતી હબશ, મિસર અદન, હિન્દુસ્તાન અને ચીન સુધીના વહાણો આવીને અહિ લંગર નાખતા હતા

ઇસ્લામની પ્રાથમિક સદીઓમા એની રોનક વધતીજ રહી વિદ્યાબ્યાસનો પણ પ્રચાર થયો મહાન મહાન વિદ્વાનો અહિ પૈદા થયા અને મોટી મોટી ઇમારતો અહિ બની ૮ જરની સમે સમુદ્રમા એક માઇલ લાંબો અને એક માઇલ પહોળો બેટ હતો જ્યા હોડીઓમા બેસીને જતા હતા એનુ નામ જાર હતુ એ ખાસ હબશથી આવનાર વહા ણોનુ બદરગાહ હતુ અને અહિ પણ જરની પેઠે વ્યાપારીઓની વસ્તી હતી ૧૦

Ubullah

એ બસરાથી રહેજ ઉપર દજલા નદી મા આવેલુ હતુ ઈરાનીઓના સમયમા એ એક લશ્કરી થાણુ હતુ અને વ્યાપારી બદર ગાહ પણ હિ સ ૧૪મા અરબોએ એના ઉપર કબજો કર્યો આ બદર ખાસ રીતે ચીન અને હિન્દુસ્તાનના વહાણો માટે હતું હઝરત ઉમર (રદી૦)ને આ બદરગાહ જીતા વાની મુબારકબાદ આ શબ્દોમા મોકલવામા આવી

એ અમ્માન બહરેન, ફારસ હિન્દુસ્તાન અને ચીનના વહાણોનુ બંદરગાહ છે ગનીમ તના માનમા અમને અહિથી ચાદી અને સોનુ મળ્યુ ”૧૧

અરબોની હકૂમતના સમયમા પણ ઉબુ લ્લહની બંદરી હસીયત કાયમ રહી હિ સ ૨૫૬ સુધી બરાબર કાયમ રહી પરતુ એજ વર્ષે ઝંગીઓની લડાઇમા એ બરબાદ થઇ ગયુ ૧૨

૯ મુઅજ્જિમુલ બલ્દાન યાકૂત બર

૧૦ મુઅજ્જિમુલ બલ્દાન, યાકૂત બર

૧૧ અલ-અખબારૂત તવાલ અબૂ હનીફહ દીનૌરી (મૃત્યુ હિ સ ૨૮૬) પૃષ્ઠ ૧૩૨ લીન

૧૨ તારીખે બમરહ અલમંતઝમ.

બસરા

વર્તમાન સ્થળ કરના પાસે, દજલા અને ફુરાત (યુફ્રેટ્રીસ અને તૈગ્રીસ) મળીને આગળ શત્તુલ અરબની પાસે ઈરાની સાગરમાં પડે છે. બસરા, કરના અને શત્તુલ અરબની વચ્ચે હિ. સ. ૧૪માં હઝરત ઉમર (રદી૦)ના હુકમથી વસાવવામાં આવ્યું. એનું સ્થળ એવું હતું કે એણે ઘણી જલદી ઉન્નતિ કરી અને થોડાજ વખતમા ઉબુલ્લાનું દર્યાઈ હરીફ બની ગયું. ધીમે ધીમે હિન્દુસ્તાન અને ચીનના વહાણો સીધાં અહિંજ આવવા લાગ્યાં. હિ. સ. ૯૭ મા જ્યારે અરબોએ સિંધ ઉપર હુમલો કર્યો, ત્યારે સિંધ અને બસરા વચ્ચે અવરજવર ઘણીજ વધી ગઇ.

ઉસ્માની યુગ

અરબોમાં વહાણવટાનો ખરો સમય હઝરત ઉસ્માન (રદી૦)ની ખિલાફતના ઝમાનાથી શરૂ થાય છે. એ સમયે અમીર મુઆવિયા શામ અને મિસરમાં તથા અલા' બિન હદ્રમી બહરૈનમાં ગવર્નર હતા. અરબોના સૌથી પહેલા અમીરૂલ બહર (એડમિરલ) અબ્દુલ્લાહ બિન કૈસ હારસી છે, જેઓએ રોમનોના મુકાબલામાં પચાસ દર્યાઈ હુમલા કર્યા. એ હુમલાઓની શરૂઆત હિ. સ. ૨૮થી થાય છે. રોમનો ઉપર એમની ધાક બેસી ગઇ. છેવટે એક દર્યાઈ હુમલામાં જ્યારે તેઓ એકલા એક નાની નૌકામાં લશ્કરથી અલગ ભૂમધ્ય સમુદ્રમાં જઈ રહ્યા હતા. રોમનોએ એમને ઓળખી લીધા અને શહીદ કરી નાખ્યા.

હિ. સ. ૨૮માં ક્રિબ્રસ (સાઇપ્રસ) ઉપર અરબોએ હુમલો કર્યો. શામી દર્યાઈ લશ્કરના અમીર મુઆવિયા અને મિસરી સાગર સેનાના અબ્દુલ્લાહ બિન સઅદ બિન અબી સરહ અમીર હતા.[૧૩] ધીમે ધીમે એ પછી અરબોએ ભૂમધ્ય સમુદ્રના અનેક ટાપુઓ ઉપર કબજો કરી લીધો.

આ તરફ ઈરાની અખાત અને હિન્દી મહાસાગરમાં પણ અરબોના દર્યાઈ હુમલા એજ સમયથી શરૂ થયા. અલા' બિન હદ્રમી પછી, હઝરત ઉમર (રદી૦)એ ઉસ્માન બિન અબીલઆસ થકફીને અમ્માન અને બહરૈનના ગવર્નર મુકર્રર કર્યા. ઉસ્માને પોતાના તરફથી પોતાના ભાઇ હિકમ બિન અબીલઆસને બહરૈનના નાયબ નિમ્યા. બહરૈન તે સ્થળ હતું જ્યાંથી પૂર્વ દેશોના વ્યાપારી વહાણો આવતાં જતાં પસાર થતાં હતાં. એના ઉપરથી એમને બહરીએજા (નૌકા સેના)ની તૈયારીનો વિચાર ઉત્પન્ન થયો. હિકમે એક નૌકા સૈન્ય હિન્દુસ્તાન તરફ રવાના કર્યું. એ વખતે મુંબઇનું અસ્તિત્વ ન હતું. થાણા હતું. હિકમના બોલાએ એના ઉપર હુમલો કર્યો અને બીજો હુમલો ભરૂચ ઉપર કર્યો અને પોતાના ભાઇ મુગૈરહ બિન અબીલઆસને સિંધના બંદર દબયલ (દેબા) ઉપર હુમલો કરવાને માટે વહાણો આપીને મોકલ્યો. આ બનાવો ઉપરથી જણાય છે કે અરબ વહાણવટીઓને એ શેહરોની દિશાઓ એ સમયે માલૂમ હતી અથવા તો એમાં એમણે ઘરાની બલાસીઓ અને વહાણવટીઓથી કામ લીધું.[૧૪]

---

૧૩ આ બનાવો માટે જુઓ, 'તિબરી' (હિ. સ '૨૮)

૧૪ ફતૂહુલ બલ્દાન: બલાઝરી, પૃષ્ઠ ૪૩૧–૪૩૨ સિંધના વિજયનું પ્રકરણ. મુઅજ્જિમુલ બલ્દાન: યાકૂત. બહરૈન વિષેનો બાબ.

આ હુમલાની તારીખોમાં કંઈક મતભેદ છે.

એક અજબ સંજોગ છે કે હિન્દુસ્તાન ઉપરના હુમલાની શરૂઆત જેમ રીતે એક શકરી નસ્લુમાનના હાથોએ થઇ, એમ રીતે એની પૂર્ણતા પણ એક શકરી નસ્લુમાન મુહમ્મદ બિન કાસિમને હાથે થઇ હિ સ. ૯૨મા એણે સિંધ સંપૂર્ણ પણે જીતી લીધું

ઉમયી યુગ

ખિનાફતે રાશિદહ પછી બનૂ ઉમય્યદ એ જ્યારે દમિશ્કને પોતાની રાજધાની બનાવી ત્યારે બીજા સ તનતના અમલદારોની પેઠે વહાણવટા પ્રત્યે પણ ધ્યન આપવામા આવ્યું. વિશેષ ધ્યાન ખેંચવાને એક કારણ પણ બન્યુ હિ સ ૪૬મા રોમનોએ શામના કિનારાઓ પર હુમલો કર્યો. અમીર મુઆવિયાએ રોમનોને મારવા માટે યોગ્ય તદબીરો કરી હમણા સુધી અરબોનો જહાજો (વહાણો) બનાવવાના કારખાના માત્ર મિસરમાંજ હતા હવે જરૂરત જણાઈ કે શામમા પણ સ્થાપવામાં આવે એન્જીનીઅરો અને કારીગરો મુકરર થયા અને સિરિયાના કિનારા ઉપર વહાણો બાંધવાની શોધવણ થઇ અને એમુ કેન્દ્ર અક્કા શહેરને ઠેરવવામા આવ્યુ. (બલાઝરી પૃષ્ઠ ૧૧૭-૧૧૮) એ પછી અમીર મુઆવિયાએ રોમનોના દર્યાઈ હુમલાઓને પરાજીત કરવાને માટે સંપૂર્ણ તૈયારી કરી, મદદ આગળ વધીને ભૂમધ્ય સમુદ્રના ટાપુઓ ઉપર કબજો જમાવીને નાકાબંદી કરી એટને સુધી કે કટલીના કિનારાના પ્રાંત સિસિલી ઉપર પણ હુમલો કર્યો જનાદહ બિન અબી ઉમય્યહ અઝદી (મૃત્યુ, હિ સ ૮૦) એ અમીર મુઆવિયાના હુકમથી હિ સ ૫૪મા રોહ સ ઉપર કબજો કર્યો અને ત્યાં અરબોની દર્યાઈ નવી વસાહત વસાવી હિ સ. ૫૮મા જનાદહ એ કોન્સટન્ટીનોપલની પાસે અરવાદ નામે ટાપુ જીતી લીધો અને પછી ક્રેટ ઉપર હુમલો કર્યો (બલાઝરી પૃષ્ઠ, ૨૩૬-બાબ ફતુહ જઝાઇર)

અબ્દુલમલિક બિન મરવાને ટયુનિસમા વહાણો બનાવવાનુ ઘણુ મોટું કારખાનું કાયમ કર્યું (મુકદ્દમહ ઇબ્ને ખલ્દુન પૃષ્ઠ ૨૧૦)

એજ અબ્દુલ મલિકના ઝમાનામા હિ સ ૭૪મા હજ્જાજ બિન યૂસુફ શકરી (મૃત્યુ, હિ સ ૯૫) પૂર્વ પ્રાંતોનો વાઇસરોય નિમાયો અર્થાત ઇરાકથી તુર્કસ્તાન અને સિંધ સુધી એની વ્યવસ્થા હતી અને એનુ દારૂલ અમારત કુફા હતુ એની અમલદારી ચાલીસ વર્ષ રહી, એ દરમ્યાન અરબોના વ્યાપારી વહાણવટ એ પૂર્વ સમુદ્રોમા ઘણી પ્રગતિ કરી અરબોના વહાણો સિંહલદ્વીપ (સિલોન) સુધી આવતા જતા હતા એજ વહાણોને હિન્દુસ્તાનના કિનારા દયાબ ડાકૂ (ચાચીઆ) ઓએ લુટી લીધા હતા જેનો બદલો વાળવાનેજ એણે સિંધ ઉપર ચઢી અને ખુરશી બન્ને માંગે હુમલા કર્યા અને સિંધ જીતી લીધુ (બલાઝરી ફતૂહે સિંધ પૃષ્ઠ ૩૪-૩૫)

હજ્જાજથી પહેલા ઇરાની અખાત અને સિંધી સાગરમા જે વહાણો ફરતા હતા, તેના પાટીઆ દોરી વડે જોડી દેવામા આવતા હતા અને ભૂમધ્ય સમુદ્રના વહાણોમા લોખંડના ખીલાઓ વડે જડવામા આવતા હતા હજ્જાજે આ પાછની વહાણો બનાવવાની રીતજ પ્રસારી, તેમજ તેલને બદલે પાટીઆઓ ઉપર તારકોલ (ડામર) ચોપડાવ્યુ અને અણીદાર નૌકાઓને બદલે સપાટ નૌકાઓનો રિવાજ

ચાલુ કર્યો. (અત્ર અબ્બાસકુલ નંશીસહ, ઇબ્ને ગ્રિસનહ : પૃષ્ઠ ૧૯૫-૧૯૬)

અકકામાં વહાણો બનાવવાનું કારખાનું અબ્દુલ મલિકના સમય સુધી કાયમ રહ્યું. હિશામે કોઇ કારણે આ કારખાનાને અક્કાથી સૂરમાં પરિવર્તન કર્યું. વાકદીનું બ્યાન છે કે અમીર મુઆવિયાથી લઇને યઝીદ સુધી એ જહાઝો અક્કામાં રહ્યાં જ્યારે બનૂ મરવાન સત્તા ઉપર આવ્યા ત્યારે એને સૂરમાં લઇ આવ્યા અને ત્યાં અબ્બાસી હુકૂમતના સમયમા મુત્વક્કિલ (હિ. સ. ૨૪૭) સુધી રહ્યા. (ફતૂહુલ બલદાનઃ બલાઝરી, પૃષ્ઠ, ૧૧૭-૧૮)

હિન્દુસ્તાન ઉપર દર્યાઇ હુમલો

સામાન્ય પણે પ્રખ્યાત છે કે હિન્દુસ્તાન ઉપર ઇતિહાસના આરંભથી યૂરપી યુગ સુધી હમેશાં બહારની કૌમોએ હુમલા કર્યા છે, પરંતુ યૂરપવાસીઓ સિવાય કોઇએ પણ સમુદ્ર માર્ગે હુમલા કર્યા નથી, પણ એ ખરૂં નથી. અરબવાસીઓએ હિન્દુસ્તાન ઉપર જે હુમલા કર્યા તે ખુશ્કી અને તરી બન્ને માર્ગે હતા. હઝરત ઉસ્માન (રદી)ના સમયમા થાણા, ભરૂચ અને દેબા ઉપર હુમલા થયા તે સમુદ્ર માર્ગેજ હતા. પછી હિ સ ૯૨માં મુહમ્મદ બિન કાસિમ શકફીની સરદારી મુજબ જે હુમલો કર્યો, તેમાં ખ્રોક તે અને તેનાં લશ્કરનો એક ભાગ શીરાઝને માર્ગે મકરાન થઇને સિંધ ઉપર હુમલો લાવ્યા પરંતુ એનો બીજો ભાગ તમામ સરસામાન અને યુધ્ધ સામગ્રી સાથે સમુદ્ર માર્ગે આવ્યો અને સિંધના બંદર દેબા ઉપર કબ્જો કરીને આગળ વધ્યો. [૧૫]

૧૫. બલાઝરી : પૃષ્ઠ-૪૩૬.

અને પછી મદદ પણ એજ દર્યાઇ માર્ગે આવતી રહી. એ પછી હિ. સિ ૧૦૭ માં જુનૈદ બિન અબ્દુર્રહમાન મરી, જ્યારે સિંધનો ગવર્નર નિમાઇને આવ્યો ત્યારે એના થી અને રાજા જયસિંહ વચ્ચે દર્યાઇ યુધ્ધ થયું. એના લશ્કરે મંડલ, ભરૂચ વ. ઉપર કબ્જો કર્યો. લશ્કરના બીજા ભાગે દહીબ બિન મરાહના સેનાપતિ હેઠળ માલવા ઉપર હુમલો કરીને ઉજ્જૈન ઉપર કબ્જો કરી લીધો અને ધણું કરીને એણે ગુજરાત ઉપર પણ કબ્જો કર્યો. કેમકે બલાઝરીમાં છે, "અને જુનૈદે બલયમાન તથા ગુજરાતને જીતી લીધાં."

બની ઉમય્યહના સમયમાં ઇરાકમાં વહાણવટા તેમજ ખેતીવાડીને માટે પુષ્કળ નહેરો બનાવવામા આવી હતી આજે કોઇને 'અસતખરી'ના આ બયાનનું યકીન પણ ન આવશે કે, બિલાલ બિન અબી બરદહના વખતમાં એક લાખ વીસ હઝાર નહેરો એવી હતી, જેમાં નહાની નૌકાઓ ફરેતી હતી. (જુઓ પૃષ્ઠ, ૮૦)

આ બની ઉમય્યહની જિન્દગીના છેલ્લા કારનામા હતા. એમના ઝવાલ અને પડતી પછી હિ. સ. ૧૩૩માં અબ્બાસોની સત્તાનું સૂકાન બનૂ અબ્બાસના હાથમાં આવ્યું અને શામને બદલે ઇરાકમા રાજધાની આવી. જેનાથી ભૂમધ્ય સમુદ્રને બદલે ઇરાની અખાત, અરબી સમુદ્ર અને હિન્દી મહાસાગરને સમીપતા આપી.

અબ્બાસી યુગ

બનૂ અબ્બાસની સત્તાની સંપૂર્ણતા મન્સૂરના સમયમાં થઇ. દજલા, ફુરાત અને ઇરાની અખાતની સમીપતાને કારણે પૂર્વનાં દર્યાઇ વ્યાપાર અને અવરજવરને ઘણીજ ઉન્નતિ થઇ.

હિ સ ૧૫૨૫મા મન્સૂરે દજલાના કાંઠા ઉપર બગદાદ વસાવ્યુ આ શહેરનો રેક મહાવંશ અને પ્રાસા એક નહેર બની ગયા રાજધાની માટે આ સ્થળની પસદગી પણ એટલાજ માટે થઇ હતી કે દજલા અને પુરાતને માર્ગે દુન્યાના દરેક ભાગોમાથી દર્યાઇ અવર જવર અને વ્યાપાર થઇ શકતો હતો ઇબ્ને વાઝેઅ યઅકૂબી (હિ સ ૨૭૭) જે બબ્બ અબ્બાસની ઉન્નતિ-યુગનો પુરાણો ઇતિહાસકાર છે તે લખે છે –


'મન્સૂરે આ સ્થળને એટલા માટે પસદ કર્યુ કે એ દજલા અને પુરાત વચ્ચે જાણે એક ટાપુ રૂપે છે એની પૂર્વે દજલા અને એની પશ્ચિમે પુરાત આખી દુન્યાના ઘાટ છે વાસત બસરા ઉબુલ્લા, અહવાઝ ફારસ, અમ્માન યમામહ, બહરૈન અને એની આજુ-બાજુથી જે માલ આવશે તે જલાને માર્ગેજ આવશે અને અલિઆજ તે જલાઓ લગર નાખશે એવીજ રીતે ઉપર મૂસલ, દયાર રબીઅહ, આઝર બૈજાન અને આરમીનીઆથી જે વહાણો આવશે, તે દજલામા થઇને આવશે આવો અને દાર મઝર રક્કા રામ, શામી બદગાયે મિસર અને ઉત્તર આફ્રિકાથી પુરાતમા થઇને જહાઝો અહિ આવશે" (કિતાબુલ બલદાન યઅકૂબી પૃષ્ઠ ૮)

આ શહેરની રોનકનુ આ દર્યાઇ વ્યાપારી કારણ એટલુ બધુ નજર સામે હતુ કે સૌદાગરો માટે જે મુહલ્લો બધો હતો તેમા પુરાત નદીમાથી એક નહેર કાઢીને લાવવામા આવી હતી કે સામાનોથી ભરેલા વહાણો સમુદ્રમાથી પુરાત સરિતામા અને પુરાતમાથી નહર કર ખાયામા અને એમાથી બનાવટી નહેર વડે શહેરમા અને શહેરમાથી તે મુહલ્લામા પહોચી જાય અને ત્યા પહોચીને સામાન ઉતારવામા આવે એ સિવાય બીજી નહેરો ખાસ એજ કામને માટે બનાવવામા આવી હતી જેમકે નહેરે ઇસા જે પુરાતમાથી કાઢવામા આવી હતી આ એક મોટી નહેર હતી જેમા મોટા મોટા જલાઓ રક્કાથી લોટ અને દરેક પ્રકારનો વ્યાપારી માલ લઇને શામ અને મિસરથી આવતા હતા અને ભરામલા લદાયના ઓમાથી પસાર થતા હતા એનેજ કાઠે સૌદા-ગરોના ગોદામો બનેલા હતા એનુ પાણી દરેક વખતે વહેતુ રહેતુ હતું કે કોઇ પણ વખતે વહાણોની અવર જવર બદ પડે નહિ (કિતા બુલ બલદાન યઅકૂબી પૃષ્ઠ ૨૩૮ ૨૪૬, ૨૫૦)

બગદાદ પછી સરસર મુકામે એક નહેર સરસર હતી, જેમા નૌકાઓ ચલતી હતી (અસ્તખરી પૃ ૮૫) ઇસા નહેરથી નૌકાઓ પુરાતમાથી નીકળીને દજલામા આવતી હતી (અસ્તખરી પૃષ્ઠ ૮૫) અબ્બાસીઓના ઝમા નામા નજરે પડે છે કે અરબોમા વ્યાપારી ઉત્સાહ અને શાન પહેલાથી વિશેષ વધી ગયો હતો એનું કારણ એ જણાય છે કે અમ્મોને બનૂ ઉમય્યહની રાજ્યસત્તામા જે કિશનરી (સિવિલ) અને લશ્કરી (સૈનિક) મરતબા પ્રાપ્ત હતા તે બનૂ અબ્બાસના સમયમા એમની પાસેથી ઝુટવાતા ગયા પહેલા સુફી ખોહદાઓ ઉપર હિ સ ૧૩૩થી ઇરાનીઓએ કબજો જમાવ્યો અને અરબો પાસે માત્ર લશ્કરી સેવાજ રહી ગઇ પાછળથી મુઅતેસિમના સમયમા હિ સ ૨૧૮ પછી લશ્કરી પદવીઓ પણ તુર્કોમા પરિવર્તન પામી જેથી વ્યાપાર સિવાય દૌલત મેળવવાનો આબરૂભર્યો માર્ગ એમને માટે કોઇ રહ્યો નહિ છતા આ સમયમા પણ એમણે કાઇને મઇ દર્યાઇ વિજયો મેળવ્યા છે


બનૂ ઉમય્યાહના ઉત્તરાધિકારીની હૈસીયતે સિંધ ઉપર એમણે કબ્જો કર્યો. સિંધ અને બસરા વચ્ચે પહેલાં પેકેજ દર્યાઇ અવરજવર ચાલુ રહી હિ. સ. ૧૫૯ ખલીફા મેહદી અબ્બાસીના સમયમાં અરબોએ ગુજરાતના કિનારાઓ ઉપર દર્યાઇ હુમલા કર્યા. એના અફસર અબ્દુલ મલિક બિન શહાબ મસમઇ હતા. હિ સ. ૧૬૦માં આ લસ્કર ગુજરાતના કિનારાના શહેર બારબુદ સુધી પહોંચી ગયું આ બારબુદ ખરી રીતે ભાડભૂત છે જે હાલમા પણ ખડિયેરરૂપે ભરૂચની પાસે મૌજૂદ છે. (ઇબ્ને અસીર એને ઇબ્ને બહૂનઃ ભાગ ત્રીજો, પૃષ્ઠ ૨૦૮)

બગદાદના ખલીફાનો સંબધ એના સો વર્ષ પછી પણ સિંધ સાથે રહ્યો. પરંતુ કોઇ નવીન દર્યાઈ વિજય તેમણે પ્રાપ્ત કર્યો નહિ. ધીમે ધીમે અરબો એ પ્રદેશોમાં માત્ર દર્યાઇ વ્યાપારીઓ તરીકેજ રહી ગયા. ઇરાક અને અરબસ્તાનના બંદરોથી એમના વહાણો ઇરાની અખાત, હિન્દી મહાસાગર, ચીની મહાસાગર અને હબશાના સાગરમાં આવતાં જતા હતાં. (અપૂર્ણ)



અહમદ એન્ડ કો.

જુના અને જાણીતા વેપારી.



દરેક જાતની પેટ્રોમેક્ષ બત્તીઓ, પ્રાઈમસ સ્ટવ, સોનીના ઝાળવાના ચુલાઓ, ઇલેકટ્રીક ફેન, વીજળીના લેમ્પ, અને ડેકોરેશન માટે ઇલેકટ્રીક તોરણો, પાણી ગરમ કરવા માટે વૉટર હીટર, ઇલેકટ્રીક અસ્તરી, નોંઈટ લેમ્પ, બેટરીના બલ્બ, એવરેડી પાવર, ફ્લેશ લાઈટ ટોર્ચ વગેરે ફીકાયત ભાવે મલશે તેમજ વીજળીનું દરેક પ્રકારનું ફીટીંગ કામ તૈયાર મળશે.

અમારા કારખાનામાં બનતી દરેક જાતની અને દરેક સાઇઝની સ્ટીલ ટ્રંકો, સુટકેસ, બેગ વગેરે તૈયાર મળશે તેમજ ઑર્ડરથી બનાવી આપવામાં આવશે.

—: ગામડાના વેપારીઓને ખાસ સગવડ :—

ઑર્ડર આવેથી માલ ખાતરી પૂર્વક મોકલવામાં આવશે.

૬૦ કણપીઠે બજાર, લાલગેટ પાસે, સુરત.

હબ્બે મુંદર હેઝ

(માસીક સાફ લાવવાની ગોળી)

સ્ત્રીઓના અટકાવ સાફ ના આવવાથી ઘણીજ બીમારીઓમા સ્ત્રીઓ જેવી કે હીસ્ટીરીયા ગર્ભસ્થાનમાં દુખાવો થાય છે. પેટનું પેઢુનું દુઃખ તેમજ શરીરનું ફુલવું, શરીરે જડા થવુ, ચરબી થવી, આખા શરીરનુ દુખવું, કમરનું દુખવુ. લોહીના બગાડો થવો, હીસ્ટીરીયા જેવી બીમારી થવી, પાણીનું (ધાતુનું જવું) માથું દુખવા કરવું, ચક્કર આવવા વીગેરે બદહજમી થવી, આ ગોળીઓ અટકાવ આવવાના ચાર છ દીવસ આગળ લેવાથી અટકાવ સાફ લાવવામા અકસીર સાબીત થઇ છે અને સ્ત્રીઓના દરેક ગુપ્ત દરદોને પુરેપુરો આરામ આપે છે

કીંમત : ૩૨ ગોળીની હબ્બીનો એક રૂપીઓ

ઝુલ્ફે સંનમ હેર ઓઇલ

આ તેલ માથામાં લગાડવાથી મગજને ઠંડક આપી વાળને વધારવામાં તેમજ સફેદ થતાં વાળને અટકાવવામાં તેમજ લાબો વખત લગાડવાથી વાળને કાળા કરે છે. ઉંધ ઘણીજ સારી લાવી ખરતા વાળને અટકાવે છે અને ઘણુંજ લાંબા કરવામાં અકસીર સાબીત થયું છે. કીમત બોટલના ૧૨ આના

ઇશરત પીલ્સ

ઇશરત પીલ્સ ગોળીઓ દીલ (હાર્ટ) મગજ, લીવર, સ્ટમક (સ્ટમક) તેમજ તમામ શરીરની શકતીનો વધારો કરી, ભુખ લગાડી, લોહી વધારી શરીરને ચુસ્ત ચાલાક બનાવી ચહેરા પર રોનક લાવી તેજસ્વી બનાવવામા અકસીર છે. તેમજ ગમે તેવા કારણથી ધાતુ પાતળી થઇ અશકિત વધીને નામરદાઇ આવી ગઇ હોય તેને ધાતુ પુષ્ટ કરી જુવાનને નવજુવાન અને ઘરડાને જુવાન બનાવવામા અકસીર સાબીત થઇ છે, ફકત એકજ શીશી વાપરી ખાત્રી કરો. અમારી યુનાની ફાર્મસીમા આશરે ૪૭ વરસની અનુભવીક દવા છે. નાસીપાસ થઇ ગયેલા દર્દીઓને આરામ થયો છે કીંમત ૪૦ ગોળીની શીશીનો રૂ ૧-૮-૦

ઇકસીરે પાયોરીઆ મુનુન મુકવીએ દનદાં

આ મંજન દાંતને લગાડવાથી દાતમા થતુ પરૂ અને લોહીનુ નીકળવું, મોઢાની ખરાબ વાસ, મેલને દુર કરીને દાતના દુખાવાને તથા હાલવાને દુર કરવામા અકસીર સાબીત થયું છે. કીમત શીશી એકનો રૂપીઓ ૧.

સુપુફે ઇકસીરલ હાઝીમ

આ ચુરણ ખાસ બદહજમી માટે અકસીર છે ગમે તેવો પેટનો દુખાવો પુરાવો હોય, હજમ થતું ન હોય, ભુખ ન લાગતી હોય, ખાટી ઓડકાર આવતી હોય, કબજીયાત હોય, પવન ન છુટતો હોય, તેને ફાયદો કરી ભુખ લગાડી, હજમ કરી ઝાડો સાફ લાવવામાં અકસીર છે. કીમત બાટલીનો રૂપીઓ ૧)

દિન્દ બહારના ઓર્ડરો પુરતી સભાળથી મોકલવામા આવે છે. બહારગામ એજન્ટોની જરૂર છે, પત્ર વહેવાર નીચેના સરનામે કરો

વિગત માટે પ્રાઇસ લીસ્ટ મંગાવો. વી. પી. ઉપર ધ્યાન અપાય છે. દરેક બીમારીનો ઇલાજ પત્ર વહેવારથી કરવામાં આવે છે, જવાબ માટે ટીકીટ બીડવી.

મળવાનું ઠેકાણું:—

મેનેજર યુનાની ફાર્મસી (રજીસ્ટર)

ખાંડ બજાર—સુરત

આફ્રીકાના સોલ એજન્ટ:—

યુનીયન પ્રીન્ટીંગ વર્કસ

૬૧, વિકટોરીયા સ્ટ્રીટ—ડરબન નાતાલ

શાંતિની શોધમાં !

● ● ● ફીરોઝ એ. સરકાર ● ● ●

પીઠી ચોળેલા વરરાજાની માફક સૂર્ય પશ્ચિમમાં શોભી રહ્યો હતો રંગીન કપડાં પહેરીને વાદળાંઓ પણ લગ્નની ધૂમધામમાં પડ્યાં હોય એમ આમથી તેમ દોડી રહ્યાં હતાં.

'સંધ્યા' સાથે 'સૂર્ય'નાં લગ્ન થઇ ગયાં. પ્રિય, પ્રિયાને લઇને મધુરજનીની મોજ કરવા દૂર-દૂરના દેશમા ચાલ્યો ગયો

વાદળાંઓએ પોતાનો રંગીન પોશાક ઊતારી નાંખ્યો. લગ્નના થાકને લીધે કહો, યા વરરાજાના ચાલ્યા જવાને લીધે કહો, ગમે તેમ પણ વાદળાંઓ ઠંડા પડી ગયાં હતાં; નિસ્તેજ થઇ ગયાં હતાં. નતો તેમના મો પર દેખાવમાનો ઉત્સાહ હતો કે આનંદ !

તેઓ પણ ધીરે, ધીરે, થાકેલા પગે ચાલી નીકળ્યા-દૂર...દૂ...ર !

નિરભ્ર આકાશમાં બે તારાઓ, પશ્ચિમના વિયોગના આંસુની માફક ચમકી રહ્યા !

દિવસના થાકથી ન થાકેલી દુનિયા રાતે પણ એજ 'હોહાને શોરબકોર'માં મશગૂલ હતી !

ઓ રાત ! તું પણ અજબ છે !

તારૂં સ્થાન અનોખું છે !

રાત ! ચંદ્રની મૃદુ ચાંદનીમાં તને સરોવરને તીરે જોયી !

ઓ ! એજ રાત ! તને અનંત શાંતિમાં સૂતેલા કબ્રસ્તાનમાં નિહાળવી !

અરેરે ! રાત ! રાત ! ને...ને ..તને કોઇ પતિતાલયમાં યૌવનનો ઢોંગ કરી ખુલ્લી પડેલી જોયી !

રાત ! તને ક્યાં ક્યાં જોયી ?

તારૂં સુંદરમાં સુંદર સ્થાન ક્યાં !

સાગર પર જ્યારે ચંદ્ર રજની વરસાવતો હોય. મોજાઓ આનંદથી નાચી રહ્યાં હોય, મીઠું મીઠું ગાઈ રહ્યાં હોય. પવનની ઠંડી ઠંડી લહેરો આવી રહી હોય, ત્યાં ?

ના ! ગરીબની ઝૂંપડીમાં !

'રાત ! તું ભયંકર, વિકરાળને ક્રૂર ક્યાં ?

કબ્રસ્તાનમાં ? સ્મશાનમાં ?

ના ! બંનેમાંથી એકે જગ્યાએ નહીં !

ત્યાં તો હજી હું સુંદર છું !

સારી છું !

સૌંદર્ય બજારમાં ! !

શહેરના બીજા લત્તાઓ કરતાં આ લત્તાની રોનક, એની શાન, એનો દેખાવ કંઇ ઔરજ હતો બધા લત્તા કરતાં સુંદર લાગતો આ લત્તો બધાં કરતાં વધુ ભયંકર હતો !

દરેક ઘરમાં વીજળીની ઝળહળતી બત્તીઓ પ્રકાશ આપી રહી હતી; કેટલાક ઘરની બારીઓ ફૂલોથી ગુંથેલી હતી; કેટલાકની મોતીઓ-બનાવટી મોતીઓથી !

એક ઘરમાંથી, ગ્રામોફોનની રેકાર્ડમાંથી કોઇનો સુરીલો અવાજ આવી રહ્યો હતો;

'દીવાના બનાના હોતો દીવાના બનદે !

વરના કહીં તકદીર તમાશા ન બનદે !'

અને ખરેખર ! એ ઘરમાં જાણે બધાજ દીવાના ન હોય તેમ ત્યાં અર્થશૂન્ય શોરબકોર થઇ રહ્યો હતો !

બીજા ઘરમાંથી, રેડીઓમાંથી વારેવારે, રહી રહીને થતાં અવાજ પરથી તે રેડીઓજ હોય એમ લાગતું હતું.-કોઇ પોતાના હલકની મીઠાશ 'તેના' સાંભળનારાઓને-તેના દીવાનાઓને પાઇ રહ્યું હતું:

'તું, ને મારા નદી આગિયકો, મગર યેહનો બતા,
નામ લેતા હૈ મેરી જન, ઝમાના તેરા!
સિક્તે હુસ્ન, કરે કોઈ કિસી પરદેમે;
બાલ ઉઠતા હૈ મેરી જન કૃસાના તેરા!'

ને વળી કોઇ રંગીલા ઘરમાંથી ગ્રામોફોન ને રેડીઓ સાથે હરીફાઇ ન કરતી હોય તેમ કોઇ યૌવનના રસમાં ચકચૂર થયેલી-ચકચૂર થયેલી હોવાનો ઢોંગ કરતી ઘુમતી-ઝુમતી નહીં, છતાં અકુદરતી રીતે બનેલીનો અંદાજ આવી રહ્યો હતો.

'રહેગા ઈશ્ક તેરા આક મે, મિટાકે મુઝે
કે ઈન્તેટા મે હુએ રજ ઈન્તેહાકે મુઝે'

બગૈર મૌત કે કિસ તરહ કોઇ મરના હૈ
યહાં ન આએ તો, ચોહ દેખ, જાએ આકે મુઝે!
બડાએ ઇશ્ક તો, દુશ્મનકો ભી નસીબ નહીં
મેરા રકીબ ભી, રોયા ગલે લગા કે મુઝે!
સિતમ તો યે હૈ કે ફિર ઇસ, ખુશીકી કદ નહીં
તુમ અપને દિલમે હો ખુશ કિસ કદર સતાકે મુઝે!

હારમોનિયમના અવાજ સાથે એકતાલ થઇને આવી રહેલો અવાજ વાતાવરણને અજબ બનાવી રહ્યો હતો. અવાજમાં ઇશ્ક હતો; બીજાશ નહોતી! અવાજમાં બીજાને બેચેન બનાવવાનો જંગી હતો; ખુશ કરવાનો સાદ બહુજ ઓછો!

ચારે તરફથી સંભળાતા ઇશ્કના ગાયનોએ તો જગ્યાને ઇશ્કથી રંગી દીધી હતી. આ આખો લત્તોજ ઇશ્કનો લત્તો બની ગયો હતો. એ વાતાવરણને વધારે ઇશ્કી બનાવવા માટે કેટલાક ઘરની બારીઓમા યૌવનનો વેશ સજી સ્ત્રીઓ ઉભી હતી. મહામેહનતે તેઓએ પોતાના મુખ પર કૃત્રિમ હાસ્ય પૈદા કર્યું હતું. તરસ્યા કૂતરી આંખોને અંગારા જેવા હોઠો લઇને તેઓ પોતાના શિકારની વાટ જોતી ઉભી હતી.

કેટલીક શિકારણ તો એથી પણ વધુ ચાલાક-વધુ હુશિયાર હતી પોતાના શિકારને બેચકુફ બનાવવા, આંધળો બનાવવા પોતાના શરીરને લગભગ નગ્નજ રાખ્યું હતું! ને પોતાના વક્ષઃ સ્થળને છુપાવવા જે એકાદ વસ્ત્ર પહેર્યું હતું તે પણ ન પહેરવા બરાબરજ હતું!

રે! સ્ત્રી! તારા નામ સાથે આ શી મશ્કરી?

રસિક વાતાવરણમાં-રસિક લાગેતા વાતાવરણમાં એક અરસિક લાગતો માનવી દૂરથી ચાલ્યો આવતો હતો મોં પરથી તો તે જવાન લગતો હતો, છતાં મોં પર જવાની નહોતી! તેના શરીરનાંથી યૌવનનો રસ કોઇએ ચૂસી લીધો હતો. છતાં તે રસનાં બે છાંટા જેવી, તેની બે આંખો તેની જવાનીની રહી સહી બે નિશાનીઓ હતી! અડાળે વૃદ્ધ થયેલો તે જવાન હતો!

આ તરફ અવતા માનવીઓના પગની માફક તેના પગો ઉપડતા નહોતા. તેની આંખો ઉપર નીચે, આજુબાજુ નહોતી ફરતી. તે તો ફક્ત નીચે-જમીન તરફ જોઇનેજ ચાલ્યો આવતો હતો અદિ આવવા માટે નહીં, પણ આવી-ભૂલથી અહી ચાલ્યા જવા માટેજ તે આવી રહ્યો ન હોય તેવી તેની ચાલ હતી.

ધીમી! નિરસ! ઉત્સાહી!

"સિ...ત! સિ...ત!"

યુવાને ઉપર જોયું. તેનાથી અચાનકજ જોવાઇ ગયું. બારીમાં ૧૮-૨૦ વરસની દેહ વેચતી સ્ત્રી ઉભી હતી. યુવતી કરતાં તેને પ્રૌઢાજ કહેવાનું વધારે મન થાય!

બંનેની આંખો મળી. જેમ આકાશમાં બે વાદળાંઓ અથડાઇને વીજળી ચમકે તેમ

તે સ્ત્રીની આંખોમાં વીજળીનો ચમકારો આવી ગયો. એ ચમકારાએ પેલા યુવકના જિગર પર પણ થોડીક અસર કરીજ. પેલીએ ડોક વડે તેને ઉપર આવવાનું મીઠું આમંત્રણ આપ્યું!

યુવક અટકી ગયો!

સ્ત્રી હસી! ધ્રુક જગાવે એવું!

યુવકની નજર તેના આરપાર દેખાતા વસ્ત્રો પર પડી. તેના શરીરમાં એક ઝણઝણાટી પ્રસરી ગઇ.

સ્ત્રી ફરી હસી! મી...ઠુ લાગે એવુ! યુવકે આગળ વધવાનો પ્રયત્ન કર્યો. પણ તેના તે હાસ્યે તેને ત્યાંજ રોકી લીધો.

હાથના ઇશારાથી તેને ઉપર બોલાવતી, આંખો નચાવતી તે બોલી,

"આઓ! આઓ ડિયર!"

તે થોડીક અદ્ર ખસી, ને પેલા યુવકની તરફ જોઇને તેને હાથ વડે ચુંબન કર્યું!

યુવક તે ઘરનો ઓટલો ચઢ્યો!

તેના શરૂ થએલા પતનથી આકાશનું કૈયું ભરાઇ આવ્યું ને તે કાળી રાતમાં તેના નિર્મળ આંસુ જેવા બે તારાએ ખરી પડ્યાં!

વેશ્યા તેને નીચે લેવા આવી. તેનો હાથ પકડી તે તેને ઉપર લઇ ગઈ. પલંગ પર બેસાડી તે તેની પાસે લપાઈને બેસી ગઇ!

એના ઓરડામાં ચારે તરફ ઇશ્ક ચીતરા-એલો હતો. ખૂણે ખૂણે વાસના ઉશ્કેરી મૂકનારી વસ્તુઓથી ભરેલો હતો. એ ઓરડાને નરક વચ્ચે કંઇ ઝાઝો ફેરફ નહતો!

તે યુવકના મુખ પર નમી. બંનેના શ્વાસોચ્છ્વાસનો એક બીજાને સ્પર્શ થાય એટલી નજીક જઇ તેને પૂછ્યું,

"આપ કયું પરેશાન નઝર આતે હૈ?"

"પરેશાન? નહીં! નહીં!"

"આઇએ! મહબ્બતકી બાતેં કરેં! આપસ મેં જવાની લુટેં! દિલ ખુશ હો જાએગા!"

કહી તેણે યુવકનો હાથ પોતાના હાથમાં લીધો. ને પોતાનો સુંવાળો-સુવાળો બનાવેલો હાથ તેના પર ફેરવ્યો. યુવકને અનિલને કંઇ કંઇ થઇ ગયું!

"ખુશી? એ હવે મારા તકદીરમાં નથી!"

"જિગર! યહાં સબ મિલેગા!"

"સબ?"

"સબ!"

"દુનિયામાં મને હવે ફકત શાંતિનીજ

.... દરેક જાતની ....

ટોપીઓ, હુંગીઓ, હોઝિયરી,
ગુજરાતી તર્જુમા સાથના

પંજસૂરહ અને સીપારાઓ

તાજ કું. લી૰ લાહોરના

પંજસૂરહ અને દુઆઓની

કિતાબો

* ગુજરાતી *

વાર્તાઓ અને અન્ય વિષયોનાં પુસ્તકો

:::: કિફાયત ભાવે મળશે ::::

ફકત એકવાર પધારી ખાત્રી કરો

અમીરીઆ તુર્કીશ માર્ટ

ચોકબજાર (જુમ્મા મસ્જિદ પાસે)

સુરત.

જરૂર છે. બધું જોયું. 'એ મળશે અહીં?"

"પ્યારે! જન્મમેં તેરી હું,' તબ તુઝે કૈસા નહીં મિલેગા?'

કહી શાંતિ આપનારો દાવો કરતી વેશ્યાએ અનિલને એક ચુંબન કર્યું!

અમૃતનો ઘૂંટડો હોય એમ અનિલને તે વખતે લાગ્યું! પણ 'તે હૃદયંગમ'નો પહેલો ડામ હતો તેની તેને કયાં ખબર હતી?'

એટલામાં પાડોશના ઘરમાંથી હારમોનિયમ ને તબલા સાથે ગાવાનો અવાજ આવ્યો;

"એક બાસા લે, યે સેમંતબા મેં" બોબાદ હો ગયા। મિટ ગયા, દુનિયાસે મેંતો આહ! બરબાદ હો ગયા।"

ને તેની સાથે ઊઠતા પોકારો.

'કયા ખૂબ! વાહરે મેરી જાન! માર ડાલા! કુરબાન હોઉં તેરે પર! ફિરસે કહો, પ્યારી! દોબારા કહો!"

ના કાનના પડદા ફાડી નાખતા શોરબકોરમાં અનીલ સાથે વેશ્યાની પોતચીત આગળ બીલકુલ ન સંભળાઈ.

છતાં તે દિવસથી અનિલ તેનો થયો! વેશ્યાએ પણ અનિલની હોવાનો પૂરો ઢોંગ કર્યો! એક વાર ઠગાયા છતાં પણ, પોતાનો સમજનાર, પોતાને પ્રેમ કરનાર, પોતાને શાંતિ આપનાર પર અનિલ પોતાના સર્વસ્વની કુરબાની આપેતો રહ્યો! શાંતિના પરપોટા પાછળ જિંદગી ધૂળમાં મેળવતો રહ્યો!

[૨]

પત્નિના મરણ પછી પ્રેમાનંદ પોતાના પાંચ સાત વરસના, ખીલતી કળી જેવા પુત્રમાંજ જીવન દોરી પરોવી જીવી રહ્યો હતો. પત્નિ-ઘેલો પ્રેમાનંદ કદાચ પુત્ર ન હોત તો જીવતે પણ નહીં. પુત્રે તેને જીવાડયો કહો અથવા પુત્રને જીવાડવા માટેજ તે જીવ્યો. છતાં તેના જીવનમાંથી જીવતો પત્નિની સાથેજ ચાલ્યો ગયો હતો. પત્નિનો પ્રેમ, પુત્રનો પ્રેમ —બંને પ્રેમો એક કરી પ્રેમાનંદ પુત્રને ઊછેરી રહ્યો હતો. તેના જીવનમાં હવે ફકત એકજ ઉમેદ રહી હતી-પુત્રને મહાન બનાવવો; દુનિયામાં ચમકાવવો!

કયા પિતાના હૃદયમાં છુપી છુપી એ આશા નહીં હોય?

અનિલના હોઠ પરથી હજુતો માનુ ધાવણ સુકાયું ન હતું, ત્યાં તો તે ચાલી ગઇ. ગઇ, પાછી ન આવવા માટે! અનિલે એકલી મા જ નહોતી ગુમાવી. સાથે સાથે ઘણું ઘણું ગુમાવ્યું—એનો મીઠો છાયડો; એનો પ્રેમ, એનો લાડ અને એવું તો બીજું ઘણું એ!

પિતા માની યાદ ન આવવા દેતા. મા

રાંદેરની મુલાકાત લેતાં

કયાં જમશો?

ધી પાગલ કોટેજ

રેસ્ટોરાં.

ઉમરા ફલીયા, રાંદેર.

જ્યાંની દરરોજની નવી નવી વાનગીનો ટેસ્ટ તમારા મોઢામાં યાદદાસ્ત રૂપે રહી જશે.

માલિકઃ-ઈ. એસ. મેકુજી

બદલાઇ હતી. તેની આંખોનો રંગ પણ બદલાયો હતો! તેના હાવભાવ પણ બદલાયા હતા. મહિના પહેલાં આજ રસ્તા પરથી નીચી મુંડીએ ચાલ્યા જતાં અનિલમાં ને આજના છાતી કાઢી, ટોપી વાંકી મૂકી, પાન ચાવતા ચાવતા ડોલતા ડોલતા આવી રહેલા અનિલમાં ભારે ફરક પડી ગયો હતો.

અનિલને અહીં શાંતિ મળી હતી!!!

લત્તો તો રોજના જેવોજ ઘરકી બન્યો હતો. ગાનતાન, હોહા ને શોરબકોરમાં ડુબેલો હતો. રૌશનજનના ઘર આગળ આવી અનિલ અટકી ગયો. ઘરની અંદરથી હસતો હસતો એક મુસલમાન યુવક નીકળ્યો. બંનેની નજર એક થઇ. મુસલમાન કંઇક તુચ્છ નજરે તેને જોઇ આગળ ગયો! અનિલના શરીરમા આગ પ્રસરી ગયો. ક્રોધથી ધ્રુંવા ફુંવા થતો તે ઉપર ગયા. વેસ્યા—રૌશનજન—પલંગ ઉપર સૂતી હતી. અત્યારે તેની આંખોમાં રસિકવૃત્તિનો બિનકુલ અભાવ હતો! અનિલ એ ન સમજી શક્યો—એનું કારણ ન સમજી શક્યો!!

પોતાને જોતાં પ્રેમ ભીના શબ્દોથી સામે લેવા દોડતી રૌશનને આજે આ પ્રમાણે સૂતેલી જોઇને અનિલ વધુ અકળાયો તે તેના પલંગ આગળ આવી ઊભો. રૌશન ઊઠી નહીં—પડીજ રહી!

"રૌશન! હમણાં ગયો-તે કોણ હતો?"

"કયું? કયા કામ હૈ?" રૌશનના ભ્રમર કંઇક ચઢ્યાં!

"એને અહીં આવવાનો શો હેતુ? મારી રૌશન પાસે આવવાનો શો હક?"

રૌશનજન આખરે હતી તો ગુણુકોજને? ચાલાક રૌશને વાતને પલટો માર્યો. બંને બાજુએથી ઢોલ કઇ વેસ્યા નહી વગાડતી હોય? ને એમ ન હોય તો તે વેસ્યા કહેવાય પણ ખરી? "મેરે ભાઇકા લડકા થા! મિલને કે લીએ જરા આયા થા ઔર કુચ્છ નહીં!"

કહી રૌશન પલંગ પર ઓડી થઇ અનિલના ગળામાં પોતાનો હાથ પરોવી તેને તેના હોઠને એક અરસિક ચુંબન કર્યું!

અનિલ ઠંડો પડી ગયો!

"તો ભલે!"

કહી અનિલ તેની પડખે બેસી ગયો. ને રૌશનને પોતાના બાહુપાશમાં દાબી દીધી.

અત્યારે અણગમતા આ આલિંગનનો વેસ્યાને હસ્તે મોએ સ્વિકાર કરવો પડયો! પ્રેમાળ બની વધાવી લેવું પડ્યું!!

[૪]

આ વાતને ત્રણ દિવસ થઇ ગયાં. ફરી અચાનક તેજ જગ્યા પર અનિલનો પેલા મુસલમાન સાથે મેળાપ થઇ ગયો!

"ઇધર કયું આયા હૈ?" સત્તાધારી સ્વરે અનિલે પૂછ્યુ.

"તેરે બાપકા ઘર હૈ?"

"કયા કહા?" અને જાણે ખરેખર અનિલનુંજ તે ઘર ન હોય તેમ તે લાલપીળો થઇ ગયો!

"તેરી ઔરત હોગી, કયું?" કહી પેનો ખડખડાટ હસી પડયો. એ હાસ્યે અનિલના ક્રોધાગ્નીપર તેલનું કામ કર્યું, તે ભભૂકયો. રૌશનને પોતાની પત્નિજ—પત્નિ જેવીજ સમજનારો દીવાનો અનિલ આ ન સાંખી શક્યો.

"સાલે! સુવ્વર કે બચ્ચે! જાનસે માર ડાલુંગા, ફિર આયા તો!"

"અરે સાલે ! કલકી !"

અને તે કાંઈ વધુ બોલે તે પહેલાં તો અનિલનો મુક્કો તેના મોં પર પડ્યો. બંને વચ્ચે જામી લોકોએ આવી મહામહેનતે તેમને છૂટા પાડ્યાં. રૌશનજ્યને પણ મારીમાં આવી અનિલને ઉપર બોલાવી લેવા ધમાધમ કરી મૂકી. આખરે બંને છૂટા પડ્યાં.

જતાં જતાં તે મુસલમાન બોલ્યો,

"સુવ્વર ! સાલે ! દેખ લુંગા !"

"હરામી ! યા દેખુંગા તો મારા હી ડાલુંગા !"

"કલ હી..... !"

ને તે કાંઈ વધુ બોલે તે પહેલાં લોકોએ પકડી તેને આગળ ખેંચ્યો. બાકીના શબ્દો તેના મોંમાંજ રહી ગયા અનિલ તેના કહેવાનો અર્થ સમજી ગયો.

"અનિલ ! ઉપર આજા, પ્યારે !"

ઉપરથી રૌશનનો અવાજ આવ્યો. અનિલે ઉપર જોયું. બંનેની નજર મળી. અને નજર પડે રૌશને અનિલને કંઈ પાયું ન હોય તેમ તેનો ક્રોધ ઓગળી ગયો !

અનિલ પોતાના ઘરમાં–રૌશનજ્યન બેઘા પાસે ચાલ્યો ગયો ! ! !

[૫]

બે ત્રણ દિવસ થયા. અનિલ રૌશનજ્યનને ત્યાં આવતો નહોતો. તે રૌશનના ઘરથી થોડે દૂર એક અંધારા ખાંચામાં કોઇની છુપી તપાસ રાખતો બેસી રહેતો. છતાં તે અત્યાર સુધી કોઇને પકડી શક્યો નહોતો.

આજે પણ તે પેલા ખાંચામાંજ બેઠો હતો. રસ્તામાં રોજનો ઘસ્કો પડેલો હતો. ખાંચામાં અંધકારને લીધે તેને કોઇ જોઇ શકતું ન હતું છતાં તે ત્યાંથી રૌશનજ્યનના ઘર ઉપર બરાબર નજર રાખી શકતો હતો

પાસેના ઘરમાં ઘડિયાળમાં બારના ટકોરા સાંભળી અનિલ કંટાળ્યો ને તે પોતાની જગ્યા પરથી બહાર નીકળવાનુંજ કરતો હતો એટલામાં સામેથી પેલોજ મુસલમાન આવતો દેખાયો. ક્રોધથી અનિલની નસેનસ ધ્રૂજી ઊઠી. અનિલનો હાથ ગજવા તરફ ગયો. આજે તે નીકાલ કરી નાંખવાજ આવ્યો હતો. પેલો રૌશનજ્યનના ઘરમાં ગયો.

"પાછો ક્યા હે, હરામખોરને !"

ક્રોધથી ધ્રૂજતા ધ્રૂજતા અનિલ બરાડ્યો.

પાસેના ઘરમાં ઘડિયાળનો ટકોરો પડ્યો.

ટ.....ન !

ઉંચી ક્વૉલિટીના ઇગ્લીશ

- ગરમ કાપડ (કેશ્મીર),
- ફ્રેન્યુસન્સ પ્રીન્ટેડ વૉયલ,
- હરકુમ્ર ટાફેટા સીલ્ક,
- વેમ્કો રોબરેલ્કો–શર્ટીંગ્સ,
- હરક્સ રપન ક્રેપ
- હરકોર્ડ, રીવરસીબલ તથા પોપલીન શર્ટીંગ્સ

વગેરે
જાત જાતના કાપડનો નવો સ્ટોક આવ્યો છે.

PLEASE SHOP EARLY

'ગીવ એન્ડ ટેક' સ્ટોર્સ
જુમ્મા મસ્જીદ પાસે
ચોક બજાર : સુરત.

એક થયો!

ઘડિયાળનો રણકાર શાંત પડ્યો ન પડ્યો ત્યાંતો પેલો મુસલમાન ઘરમાંથી નીકળ્યો. ઓટલો ઉતરવામાં પણ તેનું ઠેકાણું નહતું! કોટના બટન ઉઘાડા હતાં. ટોપી વાંકી હતી– અવ્યવસ્થિત રીતે મૂકાએલી હતી. બાલ બહાર નીકળી આમ તેમ ઉડતા હતા.

તે આગળ ચાલ્યો.

રસ્તો શાંત હતો.

અનિલ પણ પોતાની જગ્યાએથી નીકળી તેની પાછળ પડ્યો

આજે શિકાર હાથ આવ્યો!

શિકારને જોઇ શિકારી ઝનુની બન્યો!

જ્યારે પેલો મુસલમાન એક અંધારી સુનસાન ગલીમાં પહોંચ્યો કે તરતજ અનિલે તેના પર તેજ છરી સાથે હુમલો કીધો. તેના મોંમાંથી એક દર્દ ભર્યો ઉદ્‌ગાર સરી પડ્યો, ને તે જમીન પર પછડાયો. તેની પીઠમાં છરીનો ઊંડો જખમ પડ્યો હતો.

ફર...ફર એક કૂતરૂં જાગ્યું, ને અકારણ ભસ્યું!

અનિલ તે ઉઠે તે પહેલાં તેની છાતી પર ચઢી બેઠો. ને,

"મારી રોશનને ભગાડવી છે, કેમ? મારી રોશનને લઇ જવી છે, કેમ?"

બોલતા બોલતા ક્રોધપૂર્વક તેની છાતીમાં છરીના ઘા કરતોજ રહ્યો. મુસલમાન શાંત પડ્યો હતો. તે હવે કદી કંઈ બોલવાનોજ નહોતો! તેની આજુબાજુ લોહીની નદી વહી રહી હતી.

શાંત પડતાં અનિલ લોહીથી રંગાએલા હાથોમાં લાલ લાલ છરી લઇને પોલિસ ચોકીએ પોતાના ગુનાહનો એકરાર કરવા ચાલ્યો ગયો!

(૬)

આજે અનિલના 'કેસ'નો ચૂકાદો આવી ગયો હતો. જજે તેને ગુનેહગાર ઠરાવી ફાંસીની સજા ફરમાવી.

(૭)

આજે અનિલની ફાંસીનો દિવસ હતો. ફાંસી પર ચઢાવતા પહેલાં તેને પૂછવામાં આવ્યું.

"તને કંઇ જોઇએ છે? કંઇ કહેવું છે?"

મક્કમ, ધીમા ને શાંત અવાજે અનિલે કહ્યું.

"એટલુંજ. જે ઘરમાંથી મને શાંતિની આશા હતી ત્યાંથીજ મને અનંત શાંતિ મળી!"

"સંપૂર્ણ"

FOR VICTORY

FOR VISIT
'GIVE AND TAKE'
STORES
Chowk Bazar: SURAT.
YOUR FAVOURITE SHOP
FOR ALL KINDS OF CLOTH
at
FIXED AND LOW RATES
Trial Solicited

"ઇસ્લામી આંદોલનનું અધઃપતન."

[મૌલાના મવદૂદી સાહેબના લેખ ઉપરથી]

[અનુવાદકઃ-જનાબ ઇંસાભાઇ ઇબ્રાહીમ, કાવી]

વર્તમાન યુગના કોઈ પણ આંદોલન ને તેના મૂળભૂત સિધ્ધાંતો પર અવલંબિત રાખવા માટે બે માર્ગો અવલંબણ કરવામાં આવે છે

એક આ કે જે લોકો શિક્ષણ, પોષણ, અને સામૂદાયિક વાતાવરણના આકર્ષણ છતા શિસ્તનો ભંગ કરે તેઓને "તકરીર" (પર્જ, સાફ કરવું) વડે સંસ્થામાંથી બહાર કાઢવામા આવે અને એ રીતે સંસ્થાને સડેલા તત્વોથી સ્વચ્છ રાખવામાં આવતી રહે.

બીજો આ કે "તબ્લીગ"[1] વડે જમાઅતમા એવા નવા લોકોની ભરતીનું કામ ચાલુ રહે, જેઓ 'હૃદય-કોણ' અને "મનોવૃત્તિ"ની દ્રષ્ટિએ તે આંદોલન સાથે આંતરિક સંબંધ ધરાવતા હોય, તેમજ જેઓને તેના સિધ્ધાંતો અને હેતુઓ તેવીજ રીતે અપીલ કરે જેવી રીતે તેમણે પ્રાથમિક ઉપાસકોને અપીલ કરી હતી.

કેવળ એ બેજ માર્ગો એવા છે જે કોઇ પણ ચળવળ તથા જમાઅત યા પાર્ટીને વિનાશ યા પતનથી બચાવી શકે છે પરતુ થાય છે શું ? કે લોકો ધીમે ધીમે એ બને માર્ગોની મહત્વતાથી પ્રમાદ સેવતા થઇ જાય છે ! કેન્દ્ર વિયોગીઓને કેન્દ્રગામી બનાવવાના પ્રયાસો મંદ પડતા જાય છે ! જમાઅતના ઉત્થાન માટે નરસોત્પત્તિ પરજ બધો આધાર રાખવામા આવે છે ! અને એ રીતે જમાઅતમા જે લોકો પૈદા થાય છે તેમાથી સડેલા તત્વોને તિલાંજલી આપવા બાબત સંબંધ-સુત્રો અને સામાજિક બંધનો તેમજ દુન્યવી મરસૈલતોની બાતર શિથલતા વતી આખ આડા કાન કરવામા આવે છે ! અનેક પ્રકારના બહાનાઓથી સમૂહગત-માર્ગમા એવી ગુંજાયશો કાઢવામા આવે છે કે પ્રત્યેક પ્રકારનો કાદવ કચરો તેમાં સમાઇ શકે અને એ માર્ગને એટલો બધો વ્યાપક બનાવવામા આવે છે કે તેના નિર્ણિત ચિન્હો અને વિશિષ્ટ મર્યાદાઓનુ અસ્તિત્વ મુશ્કેલ બાકી રહેતું નથી ! ત્યા સુધી કે એ સંસ્થાના સંપ્રદાયમા વિવિધ પ્રકારનાં એવાં માનવ પ્રાણીઓ એકત્ર થઇ જાય છે જેઓને તેની નીતિ, સિધ્ધાંત કે આશયો સાથે સહેજ પણ સબંધ હોતો નથી !

પછી જ્યારે જમાઅતમાં તેના સિધ્ધાંતો સાથે મુદ્દઢ સબંધ ધરાવનારાઓની લઘુમતિ અને સંબંધ વિહોણાઓની બહુમતિ થઇ જાય છે ત્યારે શિક્ષણ વ્યવસ્થા અને સામૂદાયિક વાતાવરણ પણ વિકૃત થવા લાગે છે. ! પરિણામ આ આવે છે કે દરેક નવી નસલ પ્રથમ નસલથી ખરાબ ઉઠે છે, જમાઅતનો કદમ પ્રતિદિન પ્રલય અને પતન પ્રતિ ઢળતો જાય છે ! ત્યાં સુધી કે તેની નીતિ, સિદ્ધાંતો, તથા

---

૧ સત્ય હકીકતોના પ્રચારને "તબ્લીગ" અને જુઠા પ્રચારને "પ્રોપેગેન્ડા" કહે છે . અનુવાદક

લઈને ગતિમાન થયું હતુ અને "મુસ્લિમ" શબ્દ તે જમાઅત માટે નક્કી કરવામાં આવ્યો હતો જે એ આંદોલનના સંચાલન અને અનુસરણ માટે અનાયવામાં આવી હતી. (અફસોસ) આંદોલન અદૃશ્ય થઇ ગયું! તેનો હેતુ વિસારી દેવાયો! તેના સિધ્ધાંતોનો સદંતર વિનાશ કરવામાં આવ્યો! અને હવે તેનું નામ પોતાના બધા આંતરિક ભાવાર્થો ગુમાવ્યા પછી કેવળ એક નસ્લી અને સામાજિક દ્રષ્ટિએ બનેલી કૌમ તરીકે વપરાય રહ્યું છે! હદ આ છે કે તેનો એવા પ્રસંગોએ પણ બેધડક ઉપયોગ કરવામાં આવે છે કે જ્યાં ઇસ્લામના હેતુઓ પાયમાલ થઈ રહ્યા હોય! જ્યાં તેના સિધ્ધાંતો તોડવામા આવી રહ્યા હોય! જ્યાં ઇસ્લામને બદલે ગેર ઇસ્લામનું અસ્તિત્વ હોય!

આપ ભાગ્યેજ જાઓ "મુસલમાન વેશ્યાઓ" ઝરૂખામાંથી ઝાંખતી અને "મુસલમાન' વ્યભિચારીઓ" પ્રદક્ષિણા ફરતા દ્રષ્ટિગોચર થશે! જેલખાનાઓ પર દ્રષ્ટિપાત કરો—"મુસલમાન ચોર" અને "મુસલમાન ડાકૂઓ" તથા "મુસલમાન ખૂનામરકી" સાથે આપની ઓળખ થશે! ઓફિસો અને ન્યાય મંદિરો તરફ નજર નાખો "લાંચ, રૂશ્વત, જુઠી સાક્ષી, પ્રપંચ, દમન, ફરેબ, અને પ્રત્યેક પ્રકારના નૈતિક અપરાધો સાથે "મુસલમાન" શબ્દ જોડાયેલો જણાશે! સોસાયટીમાં ફરો કયાંક "મુસલમાન શરાબીઓ" સાથે આપની મુલાકાત થશે! કયાંક આપને "મુસલમાન જુગારીઓ" મળશે! કયાંક "મુસલમાન" સાઝિન્દા. (ભડવા) "મુસલમાન ગવૈયા" અને "મુસલમાન ભાંડો" અથડાશે! ભલા વિચાર કરો આ 'મુસલમાન" શબ્દ કેટલો હલકો કરી દેવામાં આવ્યો છે! અને કેવા કેવા દુર્ગુણો સાથે દેખાય રહ્યો છે!

મુસલમાન અને વ્યભિચારી! મુસલમાન અને ચોર! મુસલમાન અને શરાબી! મુસલમાન જુગારી! મુસલમાન અને રૂશ્વતખોર! જે દુષ્કર્મો એક કાફિર કરી રાકતો હોય તે બધું જ એક મુસલમાન પણ કરવા લાગે તો પછી જગતમાં "મુસલમાન"ના અસ્તિત્વની આવશ્યકતાજ શું છે?! ઇસ્લામતો નામજ તે આંદોલનનું હતું જે વિશ્વભરમાંથી એ સઘળી અનૈતિક વિકૃત્તિઓનો અંત લાવવા જનમ્યું હતુ. તેણે તો મુસલમાનના નામથી એવી વિશિષ્ટ વ્યકિતઓની જમાઅત બનાવી હતી જે પોતે સર્વોત્તમ સદ્ગુણોના સ્વામી હોય અને નૈતિક સુધારણાના પ્રતિનિધાક બને! તેણે પોતાની જમાઅતમાં હાથ કાપવાની, પત્થર મારી મારીને અંત લાવવાની, કોરડા વરસાવી વરસાવીને ચામડી તોડવાની, ત્યાં સુધી કે "સુળી" પર ચઢાવવાની ભયંકર સજાઓ એટલા માટે નક્કી કરી હતી કે જે જમાઅત જગતમાંથી વ્યભિચારનો વિનાશ કરવા જન્મી છે ખુદ તેમા કોઇ વ્યભિચારી ન હોય! જેનું કર્તવ્ય શરાબનો મુલોચ્છેદ હોય તે પોતે શરાબીઓના અસ્તિત્વથી પવિત્ર હોય.! જેને ચોરી તથા લુંટનો અંત લાવવો છે ખુદ તેમાં કોઈ ચોર લુટારો ન હોય! તેનો તો આશયજ આ હતો કે જેઓને જગત સુધારણા કરવી છે તેઓ જગતભરથી વધારે સદ્ગુણી અને મહાન ચારિત્રશાળી લોકો હોય. એટલાજ માટે જુગાર, પ્રપંચ, અને રૂશ્વતખોરી તો દૂર રહી તેણે એટલું પસંદ કર્યું નહિ કે કોઇ

મુસલમાન સાબિન્દો કે ગર્વેયો હોય! કારણ કે એ પણ નીતિ-સુધારકોના રથાનથી ઉતરતી વસ્તુ છે!

જે ઇસ્લામે આટલા કોણ નિયમન અને આવા સખ્ત શિસ્ત-પાલન સાથે પોતાના આંદોલનને ગતિમાન કર્યું હતું, અને જેણે પોતાની જમાન્તમા શોધી શોધીને સર્વોત્તમ કેરેકટરવાળી યુગ-પ્રવર્તક વ્યક્તિઓની ભરતી કરી હતી તેની ફ્રેશેતી આથી વધારે બીજી શી હોઈ શકે છે કે રંડી, પીટંગા, ભડવા, વ્યભિચારી અને ચોર સુધ્ધાની સાથે "મુસલમાન" શબ્દનો સંબંધ જોડાએલો હોય! શુ આટલી હદે હલકા અને ફ્રેશેત થયા પછી પણ "ઇસ્લામ" અને "મુસલમાન"નો આ પ્રભાવ ટકી શકે છે કે તેની સ્લામે વિશ્વાસ પુર્ણ શીરા ઝુકી જાય! અને ચક્ષુઓ તેને માટે માર્ગ-પટ બને! જે શબ્દ બન્તરે બન્તર અને ગલીએ ગલીએ ઝલીલ થઈ રહ્યો હોય, શું કદી તેને માટે પણ આપે કોઇને સન્માનાર્થે ઉભો થતાં જોયો છે!

આતો ઘણુંજ ઉતરતા વર્ગનો નમુનો હતો એનાથી ઉચ્ચ શિક્ષિત વર્ગની સ્થિતિ એનાથીએ વધારે દુખદ છે. અરીયાં એમ સમજવામાં આવી રહ્યું છે કે ઇસ્લામ એક "નરસી કોમિશ્યન"નું નામ છે અને જે મનુષ્ય મુસલમાન માત પિતાને ત્યાં જનમ્યો તે હરહમેશ મુસલમાનજ છે ચાહે તો તે માન્યતા, જીવન માર્ગ અને રહેણી કરણીની દ્રષ્ટિએ ઇસ્લામ સાથે કોઇ પણ સંબંધ ધરાવતો ન હોય! આપ સોસાયટીમાં

.... મફત ....

જો આપ દર માસે રૂા. ૬૭૫ કમાવા માગતા હો તો અમારા અસલ ન્યુ ગોલ્ડની એજન્સી મેળવો. આ સોનું કસોટી ઉપર પણ ખરા સોના જેવુંજ ઉતરે છે અને ખરા સોનાને જેમ ઘડી શકાય છે તેમ તેના તાર પણ ખેચી શકાય છે. તેનો રંગ કદીયે બદલાતો નથી. અમારે ત્યાંથી તેના દરેક ઘાટના દાગીના તૈયાર પણ મળી શકે છે. ચાર તોલા અમેરિકન ન્યુ ગોલ્ડ, એક જોડી ફેન્સી બંગડી, મુંબઈ ફેશનની એક અંગુઠી, એક જોડી કાનની ઈઅરરીંગ, નમૂના તરીકે મોકલવામાં આવશે. ઉત્સાહી અને લાગવગવાળા એજન્ટોને દરેક પ્રકારની સગવડ આપવામાં આવે છે.

મફત:-દાગીનાઓનું સંપૂર્ણ કેટલોગ અને એજન્સીના નિયમો મફત મોકલવામાં આવે છે. આજેજ લખોઃ—

અમેરિકન ન્યુ ગોલ્ડ કું૦પોસ્ટ બોક્ષ નં. ૬૧. (D. 1467) લાહોર (ઇન્ડીયા)
American New Gold Company. P. O. Box 61 (D. 1467) Lahore (India)



કરતા ફરતા રહો તો દરેક સ્થળે આપને વિચિત્ર પ્રકારના મુસલમાનો સાથે ભેટો થશે. કોઇ જગ્યાએ કોઇ સાહેબ છડે ચોક ખુદા અને રસૂલ (સલ્લ) સાથે દ્વા કરી રહ્યા હશે અને ઇસ્લામ પર આક્ષેપો વરસાવતા હશે, એમ છતાં પણ તેઓ મુસલમાનજ છે! એક બીજા સાહેબ ખુદા અને રિસાલત તથા આખિરતનો ઇન્કાર કરીને જડવાદી દ્રષ્ટિબિન્દુ પર સમ્પૂર્ણ-ઇમાન રાખે છે છતા તેમના મુસલમાન હોવામા કંઇ ફરક પડતો નથી એક ત્રીજા બુઝુર્ગ સ્ત્રી, અને પુત્રોને "મેમ સાહિબા" યા શ્રીમતિજી બનાવીને સિનેમા તરફ લઇ જઇ રહ્યા છે છતાં આપની સાથે પણ "મુસલમાન" શબ્દ હમેશ મુજબ ચોંટેલ રહ્યો છે! [એનાથી ઇજ્જત પણ લેતા નથી.]

વળી ખુબી આ છે કે એ લોકો ઇસ્લામથી વિમુખ થવા પરજ સંતોષ સેવતા નથી બલ્કે હવે તેઓનો દ્રષ્ટિકોણ આ થઇ ગયો છે કે "મુસલમાન" જે કઇ પણ કરે તે ઇસ્લામી છે! ત્યા સુધી કે જો તેઓ ઇસ્લામ સાથે દ્રોહ પણ કરે તો તે "ઇસ્લામી દ્રોહ" છે! જો તેઓ "બેંક" ખોલે તો તે "ઇસ્લામી બેંક" છે! તેઓ ઇન્શ્યોરન્સ કંપની કાઢે તો તે "ઇસ્લામી ઇન્શ્યોરન્સ કંપની" હશે. તેઓ અણુ ઇસ્લામી શિક્ષણ-ગ્રહ ખોલે તો તેનું નામ "ઇસ્લામી યુનીવર્સીટી" "ઇસ્લામ્યદ-કૉલેજ" યા ઇસ્લામી રકત હશે! તેઓના અણુઇસ્લામી રિવાજોને ઇસ્લામી રિવાજોની ઉપમા આપવામાં આવશે! તેઓનુ અણુ-ઇસ્લામી-જીવન "ઇસ્લામી સભ્યતા અને સંસ્કૃતિ" કહેવામાં આવશે! તેઓની 'ગાયનકળા, ચિત્રકળા, અને મુર્તીમંડન' ને "ઇસ્લામી-આર્ટ"ના માનવંતા લકબથી સંબોધવામાં આવશે. તેઓની નાસ્તિકવાદી કરતૂતોને "ઇસ્લામી ફલસફો" કહેવામાં આવશે! ત્યાં સુધી કે તેઓ સોસ્યાલિસ્ટ થઇ જાય તો મુસ્લિમ સોસ્યાલિસ્ટના નામથી સંબોધાશે આ બધા નામોથી આપ પરિચિત થઇ ચુકયા છો. હવે માત્ર આટલી કસર રહી ગઈ છે કે "ઇસ્લામી શરાબખાના" "ઇસ્લામી વ્યભિચારાલયો" અને "ઇસ્લામી જુગારખાના" જેવી પરિભાષાથી આપ પરિચિત થવા લાગો! "મુસ્લિમો"ની એ કાર્ય પધ્ધતિએ "ઇસ્લામ" શબ્દને એવો અર્થ-વિહોણો કરી નાખ્યો છે કે એક "પ્રકારાત્મક" વસ્તુ ને "ઇસ્લામી કુદ" યા "ઇસ્લામી-અપનધ"ના નામથી સંબોધવામાં હવે કોઇને "કોન્ટ્રાડીકશન ઇન ટર્મસ" [બને વિરોધ તત્વોથી બનેલી પરિભાષાની સંજ્ઞા પણ થતી નથી એમ છતા કે કોઈ દુકાન પર આપ "શાકભાજી ખાતરાઓની મર્મિ-દુકાન" યા "વેશ્યાવતી-સ્વદેશી-ભંડાર!"નુ બોર્ડ ટાંગેલું જુઓ અથવા કોઇ ઇમારતનું નામ "તૌહીદ પન્તોનુ મુર્તિમંદિર" સાંભળો તો કદાચ આપ હાસ્ય પ્રવાહને રોકી શકશો નહિ!

હાની અજ્ઞાનતાથી લાખને કરોડો ભોળાભોળી સંખ્યાઓ સુધી ચોકકસ આ સાર્વત્રિક રોગના જંતુઓ પ્રસરેલા ઝાઝેરોગ્યર થાય છે! ખેદાય હૃદયે નિરંતર આ પ્રશ્ન કર્યો છે કે "ઇસ્લામ" જે એક વેગા મહા ઉત્પાતની જેમ ઉભર્યો હતો, જેની સ્થાને જગતની કોઇ શકિત ટકી શકતી નોતી, આજે તેની વિશ્વવ્યાપકતા આખરે કઇ વસ્તુએ લઇ લીધી છે? એનો જવાબ દરેક વખતે મને એજ મળ્યો કે-

ઇસ્લામી-આદોલન પર પ્રક્ષપ અને અંધ. પતનના તેજ નિયમોનો અમલ જરી થયો છે

વધારે અસર કરે છે, માટે આપણે દરેકે પોતાની જાતને સુધારવાનાં સતત પ્રયત્નો કરવાં જોઇએ.

૧૪૭

સિદ્ધિનાં સન્માર્ગ રજુ કરનાર પોતે કેવો હશે, એમ કેટલાક વાંચકો વિચારશે, તો તેનો ટુંકો અને સાચો જવાબ તો એજ છે કે લખનાર પોતે ગાફિલ છે, એટલો સંતોષ છે. અલ્લાહ સાચી ઇન્સાનીયત અર્પણ કરે એમ સર્વ કોઇ ઇચ્છે, એટલીજ પ્રાર્થના છે.

૧૪૮

પ્રત્યેક કાર્યનું પ્રાથમિક પગથીયુંજ અઘરૂં હોય છે, પછી તો કાર્ય કરનારને સરળતાજ દીસે છે.

૧૪૯

શરમ ત્યજીને શરૂ થવું હોય, તો ઉછીનું આપશો. પરસ્પર મૈત્રી કે સ્નેહ હોય, ત્યાં ઉછીના આપવા કરતાં યથાશક્તિ આપીને ભૂલી જવું વધારે ઉત્તમ છે.

૧૫૦

બોલવા કરતાં ચુપ રહેવા અને સાંભળવામાં ઘણો લાભ સમાયેલો છે, એ ભૂલશો નહિ.

૧૫૧

ઘડીયાળ આપણને સતત જાગૃત રહેવાની ચેતવણી આપે છે, સમય કોઈની રાહ જોઇ થંભી જતો નથી, સમયનો સદુપયોગ કરી લેવો એજ જીવનસિદ્ધિની કુંચી છે. ઘડીયાળ

દુનિયા...ને...ચેલેંજ

મેજીક ઓઇલ ગુપ્ત ભાગ પર સ્લેજ લગાડવાથી અધી મીનીટમાંજ ચમત્કાર બતલાવે છે. દુનિયાને ચેલેંજ આપનારી અને તરતજ વીજળીક કરંટની માફક ગુણ બતાવનારી દુનિયાના પટ ઉપર આ એકજ દવા છે. જેમની ઇંદ્રી જાગ્રત થઇને પડી જતી હોય તેને માટે અમુલ્ય વસ્તુ છે. એકજ મીનીટમાં તો તમો તાજુબ થઇ જશો કે આટલી શક્તિ આવી કયાંથી? તેલની માલીશ કર્યા પછી અજબ આકર્ષણ તો એ છે કે રતિ સુખમાં અપુર્વ આનંદ આપી જીંદગીનો શોખ પુરો કરે છે, કીંમત બાટલી એકના રૂા. ૫।।.

સ્ટોકીસ્ટઃ— સા. એનઃ બ્રધર્સ. કણપીઠ, સુરત.

લખોઃ— ધી બ્રીટીશ ઇન્ડીઅન મેડીકલ એજન્સી-અમદાવાદ ૧૪.

જેમ ભાઇની શરમ રાખતી નથી, તેમ તમે પણ સદા ગતિમાન રહેા, કારણ કે ગતિ વિના પ્રગતિ નથી.

૧૫૨

સંબંધ સારી બાબતો જાણવા કરતાં, એકાદને વર્તનમાં મૂકવાથી વધારે ફાયદો થાય છે.

૧૫૩

બાલ્યાવસ્થામાંજ બાળકોને યોગ્ય રીતે કેળવવાની શરૂઆત થવી જોઇએ. કારણ કે કુમળી ડાળને જેમ વાંળશો તેમ વળી શકશે.

૧૫૪

ઉતાવળે દોડનાર કરતાં ચોકકસ પધ્ધતિએ ચાલનાર વધારે આગળ વધી શકશે.

૧૫૫

ઘરમાં સુવર્ણપાત્રોનાં ઢગ ખડકાય, એ કરતાં સુકીર્તિ વધે, એમાં જીવનની સાર્થકતા સમાએલા છે.

૧૫૬

તલવારનાં ઘા કરતાં જીભનો ઘા ભયકર છે. તલવારનો ઘા વખતનાં વહેવા સાથે રૂઝાઇ જાય છે, પણ જીભનાં ઘાનો જખમ રૂઝાતોજ નથી.

૧૫૭

આવેશમાં આવીને તત્કાળ ન બોલવાનું બોલી નાખવા કરતાં મઉન સેવવાથી અનેક લાભો થાય છે.

૧૫૮

પૈસાનો સદુપયોગ કરવો, એ આકરી કસોટી છે, પૈસો મેળવી સહુ કોઈ શકે, પણ તેનો સદુપયોગ કરનારાઓ બહુજ ઓછા પાકે છે અધિક પૈસા અંગે અનેક મૂર્ખ બની જવાના દ્રષ્ટાંતો સંખ્યાબધ મળી આવે છે,

૧૫૯

ઉછીના આપવા કરતાં અરધું આપી દેવું વધારે સારું ગણાય, કારણકે એમ કરવાથી મૈત્રી દુશ્મનીમાં ફેરવાઇ જતી નથી.

૧૬૦

બુધ્ધિની અત્યંત આવશ્યકતા માત્ર યુવાવસ્થામાંજ હોય છે, કારણ કે યુવાની દીવાની છે.

૧૬૧

ઘણું જાણ્યા છતાં પણ ઓછું બોલવાથી આપણી કિમત વધે છે, એ યાદ રાખવું ઘટે.

૧૬૨

સજન કરવું પડે છે માત્ર વાતો કરનારનેજ. મઉન સેવનાર ને સજન કરવાનું રહેતુંજ નથી.

૧૬૩

વાતોડયા માનવીઓ કાર્યની, દ્રષ્ટિએ સહુ કરતાં વિશેષ પછાત હોય છે, જ્યારે શાંત રહેનાર, વાતો નહિ કરનાર વિશેષતઃ કાર્ય કરેજ જાય છે.

૧૬૪

બોલનાર કાંઇ કરી શકતો નથી, કારણ કે તે-સમય અને શકિત ને બોલ-બોલ કરીનેજ વેડફી નાખે છે.

૧૬૫

કરકસર એ પૈસાદાર થવાનો સરળ માર્ગ છે. પોતાની કમાણીનો અલ્પાંશ બચાવનાર વખતનાં વહેવા સાથે ધનવાન અવશ્ય થાય છે.

૧૬૬

સમયની રાહ જોઇ બેસી રહેનાર કોઇપ તકનો લાભ લઇ શકતો નથી.

૧૬૭

રપષ્ટ ન કહેનાર મુંગા રહેનાર કરતાંયે અધિક ભયંકર પૂરવાર થાય છે.

૧૬૮

અયોગ્ય સોબતથી કરતાં એકાંત ઉત્તમ છે.

૧૬૯

પ્રત્યેક ઉતાવળા પ્રશ્નનો પ્રત્યુત્તર અત્યંત ધીરજથી આપવાની ટેવ કેળવો.

૧૭૦

શારીરિક અસ્વસ્થતા ને કાબુમાં રાખતાં શીખો, નજીવા કારણો સર વૈદ્યો પાસે દોડી જવાથી આપણું સ્વાસ્થ્ય વિશેષ બગડે છે.

૧૭૧

દુરાચારી જીવન, અનીયમિતતા, ગેરવ્યવસ્થા, પ્રમાદ કે દગધડા વગરનાં કરેલા કામોનાં અંગે આવેલી-રંકતા ને ભાગ્ય સાથે કશોજ સંબંધ નથી.

૧૭૨

પ્રયત્નો દ્વારા અટકાવી શકાય એવી રંકતાથી પ્રત્યેક લજ્જીત થવું જોઇએ.

૧૭૩

જે સંજોગોમાં તમે મૂકાએલા છો, તેવાજ સંજોગોમાં અનેક ઇન્સાનોએ પોતાની પ્રતિકુળતાઓ દૂર કરી છે, અને તે ઉપરથી તમારી ખાત્રી થવી જોઇએ, કે તમો પણ તમારી પરીસ્થીતિને જીતી લેવા સમર્થ છો.

૧૭૪

આત્મશ્રદ્ધા ગુમાવ્યા પછી, સાફલ્ય માટે આવશ્યક એવા સર્વ સદ્‌ગુણોનો નાશ થાય છે. આવા માણસોનો ઉત્સાહ ઓસરી જાય છે, મહત્વાકાંક્ષા મંદી પડી જાય છે, અને પછી

અમેરીકન ડાકટરની અજબ શોધ !!

દુનિયામાં છેલ્લો ઇલાજ !! અવિશ્વાસુઓને ચેલેંજ !!!

સંપૂર્ણ મરદાઇ માટે "ગોલ્ડન ખોક્ષ" એ છેલ્લીજ શોધ છે. સેંકડો ઠેકાણેથી દવાઓ વાપરી તમે નિરાશ થયા હશો. પરંતુ "ગોલ્ડન ખોક્ષ" એટલો પાવરફુલ છે કે તારીફ કરવાની અડિ મનાઇ છે. અલબત કિંમત બહુજ છે પરંતુ બહુજ ગુણકારી અને કિંમતી દવાઓ છે. નામરદાઇ જડમુળથી અને ગમે તેટલા વખતથી હોય પણ સંપૂર્ણ નાશ કરી જીંદગીભર શક્તિ ટકાવી રાખે છે ચાલીસ દિવસમાં ગમે તેવા પુરૂષને સંપૂર્ણ આરામ આપે છે. ખોક્ષની અંદર "ઇલેકટ્રીક પાવર પીલ્સ" જેની કીંમત રૂા ૪૦ અને ઇલેકટ્રીક પાવર ઓઇલ કી. રૂા. ૪૦ તથા અમેરીકન ડોકટરની દેખરેખ નીચે બનાવેલી "શહેનશાહી ટોનીક પીલ્સ" કી. રૂા ૫૦ મલી કુલ ત્રણ દવાઓ પુરતા પ્રમાણમાં છે. ખોક્ષની કિંમત રૂા. ૧૨૫) જીંદગીને નવી દુનિયા બનાવો અને કાયમની ફરિયાદ દૂર કરો. આ દવા તદ્દન કંટાળેલાઓ માટે અને જીંદગી નકામી લાગતી હોય તેને અમારી ચેલેંજ છે કે અવિશ્વાસ આવતો હોય તો ફક્ત બે દિવસની દવા મંગાવી જુઓ, પછી અદ્‌ભૂત ચમત્કાર જણાય તોજ પુરી દવા મંગાવજો. પરણ્યા છતાં કુંવારી જીંદગી ગાળતાં પુરૂષો અને ૭૦ વર્ષના વૃદ્ધ એક વખત વાપરી જુઓ. ગેરંટીડ અને છેવટનો સચોટ ઇલાજ છે.

ધી બ્રીટીશ ઈન્ડીયા મેડીકલ એજન્સી

અમદાવાદ—૧૪.

તો તે સતત શ્રમ પણ કરી શકતો નથી, તેનાં પ્રત્યેક કાર્યમાંથી પધ્ધતિ અને વ્યવસ્થા રૂખસદ પામે છે, તેનામાં શીથીલતા આવી જાય છે, સારાંશ એ કે તે ઢંગધડા વિનાનો બની રહે છે પરીણામે રંકતાને જીતી લેવાની તેની શક્તિ હણાઇ જાય છે.

૧૭૫

રંકતા પોતે એટલી ખરાબ નથી, જેટલા કે તેના વિચારો ખરાબ છે, આપણે રંક છીએ, માટે રંકજ રહેવાના છીએ એ માન્યતાજ ભયંકર છે.

૧૭૬

અન્ય એકંદર વસ્તુઓ કરતાં નિરાશાએ વધારે ભોગ લીધા છે, નિરાશા એ જીવતા માનવી માટે મૃત્યુ સમાન છે

૧૭૭

કોઇપણ સંજોગોમાં આપણને રીબાવવાનો કુદરતનો હેતુ હોતોજ નથી, મનુષ્ય પોતે પોતાનાં અવળાં આચરણો દ્વારા પાપમાંથીને નોંતરે છે.

૧૭૮

આશા, ઉલ્લાસ અને આનંદ એ સફળતાનાં સર્વોત્તમ સાધનો છે. નિરાશા કાર્યસિધ્ધિનો ધ્વંસ કરે છે.

૧૭૯

શંકા અને નિરાશા એ સાફલ્ય પ્રાપ્તીના મહાન શત્રુઓ છે, શંકાનું નિવારણ તત્કાળ થઇ જાય, તોજ સિધ્ધિને વરી શકાય.

૧૮૦

આશ્વાસપૂર્વક વિચારનાર અને ધૈર્યપૂર્વક ઉદ્યોગ કરનાર ને સફળતા મુલ્યા વગર રહેતીજ નથી

૧૮૧

શંકા, વ્યગ્રતા અને ભય એ અંદરના એકંદર દ્વારો બંધ કરી દયે છે. જેને વળગે વસ્તુઓ વળગે છે, તેનો ઉધ્ધાર થવો અશક્ય છે.

૧૮૨

શયન કરતી વખતે નિરાશા, નિરૂત્સાહ અને ઉદાસિનતાને અળગાં કરી દેવાં જોઇએ, અને તેનાં બદલે આશા, ઉત્સાહ અને ઉલ્લાસનાં ચિત્રો આપણા અંતરપટ ઉપર અંકિત કરવા જોઇએ.

૧૮૩

કોઇ પણ સંજોગોમાં ચિંતા વ્યગ્રતા, અસ્વસ્થતા, વ્યાકુળતા, કે ક્રોધસહ શયન કરશો નહિ.

૧૮૪

શયન કરતી વખતે તમારા ચહેરા ઉપર એક પણ કરચલી રહેવા દેશો નહિ. તિરસ્કાર, ઇર્ષ્યા દ્વેષાદી મન શાંતિના સમસ્ત શત્રુઓને વિદાય આપજો, અન્ય માણસ પ્રત્યેનાં દ્વેષ કે ધિક્કારની ભાવના સહ કદી પણ ઉંઘશો નહિ.

૧૮૫

દીવસના સમયમાં અન્ય સાથેના વ્યવહાર કે વર્તનમા જો તમોએ મૂર્ખતા કે દુષ્ટતા વાપરી હોય, વૈર, ઇર્ષ્યા કે દ્વેષ કર્યો હોય, તો પણ નાચે તો તમારે તમારા મનને નિર્મળ બનાવી મુકું જોઇએ ખાસ કરીને, ક્રોધ તો પોતાનીજ શાંતિનો ભંગ કરે છે, એ યાદ રાખજો.

૧૮૬

શુધ્ધ બનીને શયન કરવાથી પ્રત્યેક સવારે નવું પ્રોત્સાહન મેળવી શકાય છે.

(અપૂર્ણ)

યુવાનીની ખરી મઝા લુંટવી હોય

અને શરીરમાં નવું જોશ અને નવું લોહી ભરવું હોય તો સંપૂર્ણ મર્દાઈ માટે ગેરંટીડ દવાઓ વાપરો

મેજીક પીલ્સ—એક એક ગોળીમાં મર્દાઇની તાકાત છે. જુદી જુદી દવાઓની મુંઝાણમાં પડતાં પહેલાં એક વખત અજમાવો ખોટા જુસ્સો પેદા કરનારી દવાઓથી બચો અને દવા ખાધા પછી કાયમ શક્તિ ટકી રહી સંસાર સુખ ભોગવવામાં આનંદ આવે, વિર્યને ઘટ બનાવે, સંભોગમાં સંપૂર્ણ ટકાવ થાય, તે માટે મેજીક પીલ્સ વાપરો. શરીરના બાંધાને મજબુત કરી એક અઠવાડીયામાં તો શરીરમા લોહી જુસ્સાબંધ દોડવા લાગે છે. ચહેરો લાલ સુર્ખ બને છે અને ધાર્યા છતાં બ્રહ્મચર્ય પાળી શકાતું નથી. ભલે ને પછી તે તદ્દન અશક્ત કેમ ન હોય! એક બાટલી મંગાવી વાપરી જુઓ. કીં રૂા. ૫.

મેજીક તીલા—બાળપણમા કુટેવથી હસ્તદોષથી, અતિશય સ્ત્રીસંગથી, નસોમાં કમજોરી આવી જાય છે શરીરમાં વીર્ય હોવા છતાં પણ નસો ઢીલી હોવાને કારણે ઈંદ્રી જોઇએ તેવી જાગૃત થતી નથી. તેના માટે આ તિલા મેજીક પીલ્સ સાથે વાપરવામાં આવે તો અજબ જેવું કામ કરી બતાવી એક વખત સંસારથી નાસીપાસ થયેલાને મહા બળવાન બનાવે છે. કીં. રૂા ૫

મેજીક ચુર્ણ—પાતળી ધાતુને ઘટ કરવામાં અસરકારક પરિણામ બતાવે છે. સંસાર સુખમાં જેઓને ટકાવની ખામી છે, તેને લઇ નથી પોતાને આનંદ આવતો કે નથી સ્ત્રીને સંતોષ થતો તેના માટે ખાસ ગુણકારક છે. ટકાવમાં ચાર ગણો વધારો કરી વીર્યને ઘટ બનાવી શરીરમાં શક્તિનો અખંડ ઝરો પેદા કરે છે આ ત્રણે દવાના સેવનથી તમે આશ્ચર્ય પામશો માટે વાપરો અને પછી જુઓ કે ગુમાવેલી શક્તિ પાછી આવી કે નહિ. કી. રૂા. ૪

અમે હિંમતથી છાતી ઠોકીને કહીએ છીએ કે ઉપરની ત્રણે દવાઓ ઘણીજ અસરકારક તેમજ ગીન હરીફ છે.

લખો:— **ધી બ્રીટીશ ઈન્ડીઆ મેડીકલ એજન્સી**

અમદાવાદ. ૧૪

ઇત્યાદિ શબ્દો સહિત પ્રેમ પાઠનું જે દર્શન કરાવવામાં આવે છે, એ રિવાજ પંદરસો વર્ષ પહેલાનો છે. ઈસ્લામના પ્રકાશ પછી મુસ્લિમોએ પણ એજ શબ્દો વડે હકીકી માલિકના પ્રેમને વર્ણવ્યો, તે પહેલાં એવા દરેક શબ્દોની જુદી જુદી વ્યાખ્યા કરી, તેજ શબ્દો સહિત ગઝલો કહી. દ્રષ્ટાંત લેખે શરાબના શાબ્દિક અર્થ તો 'પીણું' અને મહાવરામાં સુરા થાય છે, પણ ગઝલમાં એનો અર્થ "મસ્તી" નક્કી કરવામાં આવ્યો છે. એવીજ રીતે ગઝલમાં વપરાતા ખાસ ખાસ શબ્દોના ખાસ ખાસ અર્થો સમજ્યા વિના જો ગઝલ કહેવામાં આવશે, તો ગઝલમાં એક ખાસ લહેર છે તે લહેરથી ગઝલ સાવ કોરી રહેશે.

પદ્યોના દરેક પ્રકારોમા ગઝલ સર્વથી વિશેષ પ્રીય છે. એની સર્વથી વિશેષ પ્રીય હોવાની દલીલ એનો વિશેષ રિવાજ પ્રત્યક્ષ છે. ઉર્દૂ સાહિત્યમાં શાયરીએ જ્યારથી કદમ ધર્યા છે, ત્યારથી આજ લગી સાંભળવા પ્રમાણે જેટલા શાયરો થયા તેઓની શાયરીનો પ્રારંભ ગઝલોથીજ થએલો ઇતિહાસના પાનાઓ પર જોવામા આવે છે. ગઝલને કબૂલિયત બે કારણોના લીધે પ્રાપ્ત થઇ છે તેમાં એક તો એ કે ગઝલોને ઉસ્તાદોએ માત્ર રૂપ અને પ્રેમ માટે ખાસ રાખી છે, રૂપ અને પ્રેમની તાસીરોથી કોઇ પણ માણસ નકાર કરી શકતો નથી. આ પ્રેમના દરેક રંગો સર્વથી વિશેષ અને સંપૂર્ણ માત્ર મનુષ્યમાંજ જોવામાં આવે છે. મનુષ્યના સ્વભાવમાં પ્રેમ સર્વથી વિશેષ પ્રમાણમાં હોય છે, અને મનુષ્ય જીવે છે ત્યાં સુધી તેમાં પ્રેમના તત્વો બાકી રહે છે. ગઝલનો એક અર્થ "પ્રેમની જીભ" પણ થાય છે. એ કારણે ગઝલ સર્વને પ્યારી લાગે છે.

ગઝલ પ્યારી લાગવાનું બીજું કારણ એ છે કે દુન્યા માને છે કે શાયરીનો આત્મા તાસીર છે, અને તાસીર ત્યારેજ ઉત્પન્ન થઇ શકે છે કે જ્યારે કવિના હૃદયમાં દર્દ હોય, અને દર્દ પ્રેમ વિના અશક્ય છે.

મનુષ્યમાં એક સ્વાભાવિક જુસ્સો છે, એ જુસ્સો દરેક ભાષામાં બયાન થઈ શકે છે. મનુષ્યનો બ્યાજ આ દુન્યની પ્રેમને સાચા દીલથી પ્રેમની પહેલી મન્જિલ સમજે છે.

કવિત્વની સર્વથી ચડિયાતી, નાજુક, અને વિખ્યાત કારીગીરીમાં ગઝલનું નામ ટોચે એટલા માટે છે કે એમા સર્વથી વિશેષ આશિકી અને મુહિબ્બાનુ વર્ણન થઇ શકે છે, ગઝલ ઉર્દૂ, ફારસી, અને અરબી શાયરીનો આત્મા છે, ગઝલમાં આવતાં વિષયો અમુક સંખ્યામાં બસ હોવાથી તે વિષયોને નવા નવા કાફિયા રદીફો સાથે નવાં રંગમાં રજૂ કરવા કવિ પોતાની તમામ શકિત અજમાવે છે, ગઝલમાં મહોટે ભાગે નીચે વર્ણવેલ વિષયોનું વર્ણન નવા નવા રંગમા લાવવું પડે છે. (૧) આશિકોની કમનસીબી. (૨) વસ્લની શોધ. (૩) મઅશૂકના સિતમો (૪) પુષ્પ અને બુલબુલનો પ્રેમસંવાદ (૫) પ્રેમનું દીવાનાપણું. (૬) પ્રેમે કરી આવતી આફતો (૭) મઅશૂકના વખાણ (૮) વસંત અને બાગના સુંદર દેખાવો (૯) સુરાના વખાણ, તથા તેની માંગ, અને તેની તાસીર (૧૦) હરીફોના શિકવા ઇત્યાદિ.

ગઝલોમાં શબ્દો એવા હોવા ન જોઇએ જેથી ઉચ્ચાર કરવો કઠિન પડે, અથવા

કઠિનતાના કારણે બોલવા જીભ ન ચલાવે, તેમ સાભળવાવાળાને પણ અણગમતો ન લાગે. શુધ્ધ અને ભદ્રાવરાઓમાં મોટે ભાગે બોલાતો હોય એવા શબ્દો ફસીહ કહેવાય છે, એવા ફસીહ શબ્દોની માહીતી રાખી, મતલબ બ્યાન કરતાં ભૂલોથી બચવું ગઝલની ખાસ ખુબી ગણાય છે; તેમ ગઝલમાં પ્રાસ સારી રીતે નીભાવવો જોઇએ.

શબ્દ શુધ્ધ છે કે અશુધ્ધ તે શબ્દકોષ વડે જાણી શકાય છે, વાકયની રચના બોટી છે કે ખરી તે વ્યાકરણ વડે સમજી શકાય છે, અને શબ્દ પ્રીય છે કે અપ્રીય છે તે ભદ્રાવંગ વડે સમજી શકાય છે. પણ એ ત્રણેની સહાય વડે પણ મતલબ બ્યાન કરતા ભૂલ ન થાય એથી કેવી રીતે બચવું તે સમજી શકાતું નથી. તેને માટે દરેકે બલાગતનું જાણવું અતિ અગત્યનુ છે. દરેકે બલાગતને લગતું કોઇ પુસ્તક ગુજરાતીમા પ્રગટ થયું હોય તે મારી જાણમા નથી.

ગુજરાતી ભાષામા અલંકાર શાસ્ત્રને અરબીમા દરેકે બદીચ કહે છે. તેને લગતા પુસ્તકો છે, તેનો અભ્યાસ ઘણોજ અગત્યનો છે શબ્દદોષ, વાકયદોષ, અર્થદોષ, ઇત્યાદિ તમામ દોષોથી ગઝલ નિર્દોષ હોવી જોઇએ, અરબી, ફારસી, કે સંસ્કૃત શબ્દોના સારી રીતે અર્થ સમજ્યા વિના વજન મેળવવા ખાતર વધઘટ કરી લાવવાથી શબ્દ અર્થહિણ થઈ જાય છે, હું તો કહું છુ જેઓ એ અલંકાર શાસ્ત્રનો અભ્યાસ કર્યો ન હોય, તેઓએ કાવ્ય કહેવા શ્રમ ઉઠાવવો નકામો છે.

ઉત્તર હિન્દમા ગઝલને હિન્દુ અને મુસ્લિમ બંને કોમોએ અતિ સુંદર રંગમાં કહેવા જીવતોડ પ્રયત્નો કર્યા અને ગઝલને સુંદરતાની ટોચે પહોચાડી શકયા. તેવીજ રીતે જો ગુર્જરસ્તિરામાં હિન્દુ મુસ્લિમ બન્ને કોમો સાથે મળી પ્રયત્ન કરે તો ગઝલ પોતાનો બે હજાર સાલની જિન્દગીમાં આજે ચોથી ભાષામા એક-અનેરા રંગમાં ચમકી શકે છે, અને ગઝલને ચોથી ભાષામાં ચમકાવવાનું માન ગુર્જરનગરોને મળે, પણ એમા બન્ને કોમોનો સાથ આવશ્યક છે

ગઝલ અરબસ્તાનમાં જન્મી, અરબ સિવાયના દેશોમા ગઝલને પ્રથમ ઇરાને અપનાવી અને ઘણીજ સુંદર રીતે ગઝલમા કહેવામા આવતા વિષયોને બ્યાન કર્યા તે ઇરાનીઓ ગઝલને હિન્દ લાવ્યા અને તેને ઉર્દૂમા કહી. અગ્રો પોતાની ભાષામા અન્ય ભાષાના શબ્દો બોલવા ભારે ખામી સમજતા હતા તેથી તેઓએ ગઝલને માત્ર અરબી શબ્દોમાજ કહી ઇરાનીઓને સાફી, સબ્બૂહ, ઇત્યાદિ અરબી શબ્દો લાવવાજ પડયા, કારણ કે ગઝલની સુંદરતાનો સબંધ આ ખાસ શબ્દો સાથે અતિ અગત્યનો હતો. જ્યારે ગઝલે ઉર્દૂ ભાષામા જન્મ લીધો ત્યારે તેમા તેવોજ વધારો થયો, અને ગઝલનો બાગ એટલો બધો વિશાળ અને રંગીન બન્યો કે આજે અરબી અને ફારસી ગઝલના રંગથી એ ઉર્દૂનો રંગ બહુ સ ન્યારોજ લાગે છે! હુ ઉપર જણાવી ગયો તેમ ગઝલને માત્ર અરબ, ઇરાન, અને હિન્દમાં માત્ર ઉર્દૂ એજ કહી છે. એ સિવાય ગઝલને ગઝલના રંગમા કોઈ દેશ કે ભાષાએ કહી નથી, મિસ્રીઓ અને તાતારીઓએ પણ મઅશૂકના રૂપના વખાણ માત્ર કસીદાઓમા કર્યા છે મઅશૂકના રૂપના વખાણ ગઝલોમા કરવા એટલા માટે કહ્યા હતા કે ગઝલમા એક વિષયને માત્ર એકજ કડીમા પૂરો કરવાનો નિયમ એક મતે છે. ગઝલમા એક સાથે માત્ર કપનું કે માત્ર બાગનુજ વર્ણન કરવુ પણ ગઝલને દોષિત બનાવી દે છે. ગઝલની કોઈ કડી બાગ બુલબુલની, કોઇ કડી દીપક પતંગની, કોઇ કડીમાં સુરા સાકી, કોઇ કડીમા વિરહના દુઃખો બ્યાન થયાં જોઇએ.

ગઝલો કોઇ વખતે ખાસ ખુદાપાકની સ્તુતી કે હમારા નબી (સ૦) સાહબના વખાણ માટે

ખાસ લખવામાં આવે છે, તે અનુક્રમે હન્દિયદ અને નઅતિયદ કહેવાય છે, એવી ખાસ ગઝલોમાંય એક કડીને બીજી કડી સાથે મેળવણ હોતું નથી. એટલે એક ખાસ વિષય કે ભાવનને માત્ર એકજ કડીમાં પૂરો કરવો પડે છે. ગઝલની સર્વથી મોટી ખૂબી આ એક ખાસ છે, કે ગમે એવી લાંબી વાતને એક કડીમાં એવી રીતે પૂરી કરવી પડે છે, કે સાભળવાવાળાને સમજતાં લગારે વાર ન લાગે. ગઝલને અરબી, ફારસી, અને ઉર્દૂ ભાષા વિના બીજી ભાષાઓએ ન કહી તેના કેટલાંક કારણોમાં આ કારણ પણ એક મુખ્ય હતું. હિન્દી ભાષાએ પણ ગઝલ કહી નથી. હિન્દી ભાષામાં કેટલીક નઅતિયદ કે હરિકીયદ ગઝલો નજરે પડે છે, તે મુસ્લિમોનીજ છે. બિનમુસ્લિમોના તો માત્ર ગીતો કે ભજનોજ જોવામાં આવે છે હા! ઉર્દૂ અને ફારસી ભાષામા ગઝલકારો લેખે હિન્દૂઓએ ઘણો મોટો ભાગ લીધો છે. શાહી દરબારમા કેટલાક તો એવા નામાંકિત ઉસ્તાદો થઇ ગયા છે, કે આજે અરબી પાઠશાળામા તેઓના ગ્રંથો ઘોરણસર દાખલ કરવામા આવ્યા છે. (ઇન્શાએ માધોરામ, નલદમયંતિ ઇત્યાદિ)

ગુજરાતી ભાષામાય કોઇ બિનમુસ્લિમે ગઝલને તેના નિયમાનુસાર કહી હોય, તે મારી જાણમાં નથી. કવિ બાલ, કે ઉમાશંકર જોષી જેવા માત્ર નામની થોડીક ગઝલો નિયમાનુસાર કહી ગયા હોય તો તે ગણત્રીમા એટલા માટે આવી ન શકે કે ઉર્દૂની ગઝલો સાથેની સરખામણીમાં તે ગુજરાતી ગઝલો કોઇ પ્રમાણમાં આવી ન શકે. તેમ કોઇ મુસ્લિમ ગુજરાતી ગઝલકાર કે જેણે ગુજરાતી ભાષામાં એવી ગઝલો કહી હોય કે જે ઉર્દૂના એક સાધારણ ગઝલકારની પણ બરોબરીમાં આવી શકે એમ મને દેખાતો નથી.

આજે ગુજરાતમાં ગુજરાતી ગઝલોના મુશાઇરાઓની દિલચાલ કેટલીક જગ્યાએ થયા પછી હવે હિન્દુભાઇઓ પણ તેમાં સારો રસ લેતા નજરે પડે છે; પરંતુ ગઝલનો રંગ હજી બેન્જમાં સારી રીતે રીતે સમાયો હોય એમ મને લાગતું નથી. કારણ કે ગઝલો તેજ માણસ સારી રીતે લખી શકે છે, કે જેણે ઉસ્તાદોના કાવ્યોનો સારી રીતે અભ્યાસ કર્યો હોય. ગુજરાતીમાં ગઝલકાર લેખે મોટા ઉસ્તાદો આગળ થઇ ગયા હોય, અને તેઓના કાવ્યો જેમાં ખાસ કરી ગઝલોના દીવાનો પ્રગટ થયા હોય તે વાત મારી જાણમાં નથી. ગુજરાતીમાં અરબી પિંગળને સમજાવે એવું કોઇ પુસ્તક મારી નજાનકડી પુસ્તીકા "શાયરી" વિના પ્રગટ થયું હોય તે પણ મારી જાણમાં નથી.

અરબી, ફારસી, અને ઉર્દૂ ગઝલોની ખૂબીઓ દ્રષ્ટાંતો સહિત જો હું અત્રે સમજાવત, તો આપને ઠીક મોજ આવત, પણ તેમ કરવું પંદર મિનિટમાં થઇ ન શકે. ઉર્દૂમાં ગાલિબ ફારસીમાં આરિફનામી, અથવા હાફિઝ, કે અરબીમાં મુતનબ્બીની એક એક કડી સમજવા માટે લાંબો સમય જોઇએ.

[ઑલ ઇન્ડીયા રેડીયો મુબઈના સૌજન્યથી]





સુલતાન



યુવાન હૈયાં ઉકેલતી મુસ્લિમ સમાજની સામાજિક નવલકથા



લેખક: "તુરાબ"

[ગતાંકથી ચાલુ]

આ એક અક્ષરી શબ્દ સમ્ભાવિત ભાષામા તોછડો ગણાય છે પણ પ્રેમની પરિભાષામા એનો અર્થ બહુ ઊંડો થાય છે એક શબ્દના બન્ને અર્થે સુલતાન પર નિશાન કર્યા સમ્ભાવિત ભાષાનુ નિશાન સુલતાનનાં નિમાગ પર થયુ અને પ્રેમની પરિભાષાનુ નિશાન તેના દિલ પર થયુ દિલે કરેલો અર્થ સુલતાને સાચો માન્યો

સોના પ્યામા ઉઠરેલી રઝિયા ચાકર હોવા છતા પોતાના હાથે સુલતાન માટે ચાનું પ્યાલુ કેમ લઈ આવી ? અને ચાનો સ્વાદ પણ સુલતાનને અનોખો લાગ્યો

"અરે આ ચા છે કે અમૃત ?" બીજા ઘુટ પીને સુલતાને રઝિયાને પૂછ્યુ

રઝિયા મૌન રહી

ચાના ઘુટ સુલતાનની વિચારમાળા ચૂથી રહ્યા હતા અને રઝિયા મૌન બેઠી હતી ત્યારે, શાન્તિએ પગરણ કર્યા શાન્તિએ રઝિયાને પોતાના આચરણમા નિગ્રહ કરવાનો આદેશ આપ્યો પરન્તુ રઝિયાના હૃદયમા ઉછળતો સુલતાન તરફનો પ્રેમ તેને બેબાક બનાવી રહ્યો હતો રઝિયાની રગોમા દોડતુ આનદાની ખૂન અયોગ્ય ઉશ્કેરાટને મોળા પાડી દેતુ સભ્યતા અને સુશીલતાએ રઝિયાને સયમ અપાવ્યો પણ પણ રઝિયાના અતરમા ઘુઘવતો પ્રેમનો સાગર સપૂર્ણ શાન્ત નહિજ થઈ શક્યો

ચા પી લેતા તોફાની હૃદયે સુલતાનને બોલાવી દીધુ

"ચા તો બહુ સરસ છે !"

'મારી ભાભી પીવરાવે છે તેટલી તો સરસ નહિજ !" નિગ્રહ કરવા છતા રઝિયાનુ દિલ બે કાબુ બની ગયુ

કેવળ મદ હાસ્યથી સુલતાને આ પ્રેમનો વાર વાળ્યો

પ્રેમના સગ્રામમા ખાડાના ખેલ બેબસામા સ્ત્રી ખાડી જાય એવું કયારે સાભળ્યું છે ? રઝિયાએ નવો વાર કર્યો

"સારી સરી વાતોમા જમવા માટેજ આટલી ઉતાવળથી શાદી કરી નાખીને કેમ ?

"શાદી નહિ કરૂ તો શુ આખી ઉમર કુવારો રહુ ?" સુલતાને કળા વાપરી

" કુંવારા રહેવાને કોણ કહે છે, પણ વિવાહ કરવા હતા તો અને સગાઇ શાદી તુરતમાંજ કરી નાંખવાની શી જરૂર હતી? માજીથી પણ છેલ્લી ઘડી સુધી આ વાત છુપી રાખી!"

" લક્ષ્મી ચાંદલો કરવા ત્યારે મહોડું ધોવાની શી જરૂર?" સુલતાને સમયસુચકતાનો ઉપયોગ કર્યો.

"બ્રહ્મે બીજું કોઇ પોતાની દીકરી તમને આપનાર નહોતું!"

વાતાવરણ વધારે ગુચવણ ભર્યું થતુ હોવાથી સુલતાને એક યુક્તિ શોધી કહાડી.

" અરે! હું આવ્યો ત્યારે તું પીયાનો પર કયું ગીત ગાતી હતી? બહુ સુંદર ગીત હતું. મને તે સાંભળવું છે. ચાલ વગાડને ફરી તે ગીત."

રઝીયાએ પીયાનોની ચાવીઓને બોલતી કરી; પરન્તુ સુલતાનનું ચિત્ત સંગીતમાં નહોતું તે તો વિચારવમળમાં અટવાયલો હતો.

ઝરીનાના જોડે લગ્નનો યોગ નહિ બનતે અથવા તો સંજોગવસાત ઝરીના જોડેની લગ્નની રેશમી દોરી તૂટી જાય તો સુલતાન રઝિયા જોડે પરણી શકે કે નહિ? પરન્તુ ઝરીનાનું મૃત્યુ થાય યા ઝરીનાથી છુટાછેડા થવાના સંજોગો બને એવા અનિષ્ટ વિચારો સુલતાનના મગજમાં કેમ આવતા હતા? અને આ બોટા વિચારોને દૂર કરીને પણ પોતાની વિદ્યાર્થીની રઝિયા જોડે લગ્ન કરવાના વિચારો પણ સુલતાનના મગજમાં પ્રવેશ કરે એ કેવું હતું? શિક્ષક પોતાની શિષ્યા જોડે શાદી કરે એમાં શું કાંઇ બોટું છે? શિષ્યા અને શિક્ષક સામાન્ય સ્ત્રી પુરૂષથી જુદો છે? વયનું અંતર આડું આવતું નહિ હોય તો શિક્ષક અને શિષ્યાનાં બે પ્રેમી હૈયાંને લગ્ન ગ્રંથીથી જોડાતાં અટકાવી શકે એવી કઈ સમાજ રચના છે? પણ સુલતાનતો પરણેલો હતો—

એવા એવા વિચારોના ચકરાવામા સુલતાનનું મગજ ભમરી લેતું હતું. રઝિયાએ પિયાનો વગાડવાનુ બંધ કર્યું તેનું યે ભાન સુલતાનને નહોતું.

" તમે તો સાંભળતા નથી, કોઇ વિચારમા પડયા છો!" રઝિયાએ સુલતાનને ચમકાવ્યો, સુલતાન નિંદ્રામાંથી જાગ્રત થયો હોય તેમ ચમકયો, અને વસ્તુ સ્થિતિને પિછાણતાં બોલ્યો,

" હા, આજે કલકત્તા જવાનું હોવાથી મારૂં દિલ બાકી રહી ગયેલી ખરીદીમાં પરોવાયલું છે, " સુલતાને ઊતાં ઊતાં કહ્યું, " હવે હું જાઉંશ."

" માજી હવે કમણા આવવા જોઇએ," રઝિયાએ સુલતાનની મુલાકાત લંબાય એ માટે કહ્યું.

" વખત હવે વધારે નથી. માજી આવે ત્યારે તેમને કહેજે કે હું આવ્યો હતો અને માજીને લઇને સાંજે તુ મારા ઘેર જરૂર આવજે, મહેરૂએ પણ તને ખાસ આવવાને કહેરાવ્યું છે."

" હું જરૂર આવીશ અને માજીને પણ સાથે લેતી આવીશ "

રઝિયાની આંખો, જતાં સુલતાનને જોતી રહી.

સુલતાન ખરીદી કરીને ઘેર આવ્યો ત્યારે બપોરના ભોજનનો સમય થઈ ગયો હતો.

રોશન કયારનો ઘેર આવીને બેઠો હતો. સુલતાને ઘરમાં પ્રવેશ કર્યો કે રોશને પૂછ્યું.

"અરે તું અત્યાર વેર કયાં હતો?"

"ખરીદી કરવા ગયો હતો."

"એ તો હું જાણી ચૂકયો છું ને જોઈ રહ્યો છું, પણ મને લેવા કેમ નહિ આવ્યો? આપણે બન્ને સાથે જતેને! અહીં હું સવારનો આવ્યો છું અને પરિણામમાં ભૂખે રહેવાની સજા ભોગવી રહ્યો છું."

"ઘણી વસ્તુ લેવાની બાકી હતી એટલે હું વહેલો નીકળી ગયો; છતાં પણ બન્ને મને મોડું થઈ ગયું. તમે જમ્યા નથી ને મને પણ બહુ ભૂખ લાગી છે. ચાલ, જલદી જમી લઈએ."

રોશનની મા ઝમનબા પણ પાછળથી સુલતાનનો ઘેર આવી લાગી હતી. ઝમનબા અને બીજા તો બન્ને બહેન થતી હતી એટલે સ્વાભાવિક રીતે ઝમનબા પોતાની બહેનને ત્યાં વહેલી આવી હતી. રોશન અને સુલતાન ભાઈ અને દોસ્ત થતા હતા એટલે રોશન પોતાની માથી પણ વહેલો સવારમાંજ સુલતાનને ત્યાં આવી પહોંચ્યો હતો. પણ રોશન સુલતાનના ઘેર પહોંચ્યો તે પહેલાં સુલતાન ખરીદી કરવા નીકળી ચૂકયો હતો, અને રોશન નિરાશ થઈને બેસી રહ્યો.

સુલતાનની નજર ઝમનબા પર પડી ને તે બોલ્યો.

"કેમ છો માસી?"

"ખુદાનો ફઝલ છે, બેટા" આશિર્વાદ આપતી હોય તેમ સુલતાન તરફ હાથ કરતાં ઝમનબે જવાબ આપ્યો.

ભોજનવિધિથી સુલતાનનાં ઘરનાં પરવાર્યાં તેટલામાંતો રઝિયા અને તેની મા શીરીન આવી પહોંચ્યાં અને થોડા સમય પછી ઝરીનાની મા સકીના પણ આવી લાગી.

સમાજની કડીઓને સાંધતા આવા આવા પ્રસંગે તો સ્ત્રીઓનીજ મુખ્યત્વે હાજરી રહે છે. પુરૂષો તો મહત્વના સામાજિક પ્રસંગોએજ ચમકે છે અને જાણે સમાજને ચમકાવે છે. નાના નાના અવસરે પધારવા માટે પુરૂષોને દૈનિક વ્યવસાયમાંથી અવકાશ મળતો નથી!

સુલતાનના સસરા શરીફની ગેરહાજરીને આ વસ્તુસ્થિતિના સ્ફોટનના પ્રકાશમાં ન ગણુકારીએ તો પણ સુલતાનની સાસુ મોડી મોડી સૌથી છેલ્લી કેમ આવી? પોતાની પુત્રી પ્રતિના વહાલનું આ પરિણામ હતું કે પોતાનો જમાઈરાજની નારાજગીનું કારણ હતું? આ સવાલનો જવાબ તો સકીનાનું હૃદય જ આપી શકે એમ છે.

વરની સાસુ અને વહુની સાસુના કોયડાના ઉકેલમાં રઝિયાની આંખોને કયાં લગી તણાવા દેવી? સકીના પોતાની દીકરીની પૂછપરછ કરવા ઝરીના પાસે ગઈ, એ તકનો લાભ લઈ સુલતાન ધીમે શીરીન પાસે આવ્યો.

"કેમ છો માજી?"

"સારી પેઠે છું. દિકરા."

"ઠીક થયું તમે આવ્યાં તો."

"રઝિયાને પણ લેતી આવી છું. માસ્તરને ભણવા રઝિયા બહુ ઉતાવળ કરતી હતી.

"તમને લઇ આવવા માટે મેં રઝિયાને ખાસ કહ્યું હતું"

પોતાનું નામ લેવા બદલ પોતાની બહેન મહેરૂનું નામ સુલતાન લેતે તો પોતાની લાગણીઓ છુપી રાખી શકતે; પણ નબળી દિલની દિવાલો લાગણીઓને ખાળી શકતી નથી અને આવા નાજુક પ્રસંગો દિલની દિવાલને નબળી બનાવી જ મૂકે છે

"માસ્તરે શીખવ્યું તો રઝિયાને તોફાન કરવાજ શીખવ્યું" કહેતી શીરીન હસી પડી.

પણ શીરીનના હાસ્યે સુલતાનના દિલને ચીરી નાખ્યું

સુલતાનના દિલની દવા કરનાર ડાકતર રઝિયા ત્યાં હાજર હતી અને તેણે કબજાનાં કહ્યું.

"માજી, તમે પણ જાણે સુલતાનને ઠપકો આપવાની તક જોતાંજ બેસી રહો છો!"

ને સુલતાન અને શીરીન બન્ને હસી પડ્યાં.

મહેરૂન્નિસા ચાના પ્યાલા સાથે હાજર થઈ.

પ્યાલા પાછા ફર્યા અને ખતીજાએ કહ્યું

"છોકરાઓ હવે જલદી કરો નહિ તો ગાડીતો ટાઇમ થઇ જશે."

રોશન ગાડી લઇ આવ્યો અને રોશન, સુલતાન, ઝરીના, મહેરૂ અને રઝિયા સ્ટેશને જવા ઉપડ્યા.

વડીલોએ તેમને વિદાય આપી.

પંચ બોરીબંદરના સ્ટેશને પહોંચ્યું ત્યારે સજાના સવા પાંચ વાગ્યા હતા.

એક કલાક પ્લેટફોર્મ પર વાર્તાલાપમા વીતી.

સુલતાને રોશનને ભલામણ કરી.

"મહેરૂની સંભાળ રાખજે"

"હું નાની ગીગલી છું ને કે રોશન મારી સંભળ રાખશે?" મહેરૂએ છણકો કર્યો.

"મારી નજરમા તો તું નાની છે!"

"પોતાની સંભાળ રાખી શકતો નથી તો મારી સંભાળ રોશન શું રાખશે?"

સીટી વાગી.

"સુલતાને ફરી રોશનને ભલામણ કરી.

"મહેરૂની સંભાળ રાખજે અને મારું ધ્યાન કરજે."

કલકત્તા મેલ ઉપડી ગયો.

સુલતાને વિદાય લીધી અને ગાડીની બારીમાંથી હાથ લહેરાવ્યો.

મહેરૂની આખમાથી બે અશ્રુ સરી પડ્યાં.

આસુ સાફ કરીને મહેરૂએ જોયું તો રઝિયા હજી ગાડી તરફ રૂમાલ લહેરાવી રહી હતી.

મહેરૂએ રઝિયાને ઉદ્દેશીને કહ્યું,

"અરે! પગલી, ગાડી તો બહુ દૂર નીકળી ગઈ." પછી બધાને સંબોધતી હોય તેમ કહ્યું, "ચાલો હવે ઘેર જઇએ."



ચુપાન હૈયાં ઉકેલતી મુસ્લિમ સંસારની સામાજિક નવલકથા



લેખક: "તુરાબ"

પ્રકરણ ૧૫ મું — પ્રેમ ઝંખનું સ્ત્રી હૈયું

સુલતાન કલકત્તે ગયો તેને લગભગ એક માસ વીતી ગયો હતો, રોશન અવારનવાર પોતાની માસીને ઘેર આવતો જતો અને ખતીજાને જોઈતી કારવતી વસ્તુઓ લાવી આપવામા મદદરૂપ થતો. સુલતાનની જગ્યા રોશને પૂરી હતી અને ખતીજાને તે હવે સુલતાનના જેવો વહાલો લાગતો હતો. મહેરૂન્નિસાને તો રોશનનો સહવાસ ગમતો. સુલતાનના જવાથી મહેરૂન્નિસાને ઓછું ઓછું લાગતું હતું પણ સમય વહેતાં તેને સહેવાઈ ગયું હતુ. રોશનની હાજરી સુલતાનની ગેરહાજરીને ભૂલવવામા સહાયભૂત થતી હતી.

રોશનનો સ્વભાવ શાન્ત હતો. સામાન્ય રીતે શાન્ત સ્વભાવનાં માનવ મિતભાષી હોય છે. રોશન પણ મિતભાષી હતો, તે બહુ થોડું બોલતો. જેટલું બોલવું પડે તેટલુંજ બોલતો. જરૂરથી વધારે બોલતો નહિ. "નહિ બોલવામાં નવ ગુણ" પ્રમાણે ઓછું બોલવામા ઓછા ગુણ નથી; પણ "બોલે તેના બોર વેચાય" પ્રમાણે નહિ બોલવામા ગેરલાભ ય રહેલા છે. માનવસ્વભાવના બે પ્રકાર પાડી શકાય, એક તો Reserve મિતભાષી અને બીજો Demonsirative બહુભાષી, મિતભાષી સ્વભાવના મનુષ્યમાં બુદ્ધિમત્તા વધારે હોય છે એવો સામાન્ય અનુભવ છે. પરન્તુ પ્રશંસાપ્રસંદ દુનિયાને બહુભાષી સ્વભાવનો મનુષ્ય વધારે ગમે છે, અને બહુભાષી મનુષ્યમા બુદ્ધિમત્તા હોતી નથી એવો નિયમ ય નથી, અને કેટલા વાર તો બહુભાષામાથી બુદ્ધિમત્તા નતન્તી સ્પષ્ટ જોવામાં આવે છે. બહુભાષી સ્વભાવની વ્યક્તિઓ આનંદી હોય છે, અને દુઃખી દુનિયા દુઃખને ભૂલવા આનંદનો પ્રકાશ વાન્છે છે પોતે આનંદ માણી શકે અને અન્યને આનંદી બનાવી શકે એવી વ્યક્તિ સૌને ગમે છે. આ એક મનુષ્ય સ્વભાવની નિર્બળતા છે પણ દુન્યાની ત્રુટી છે.

મહેરૂન્નિસા યે દુનિયાના અપવાદ રૂપ નહોતી ઉષ્મા ચાહતાં મહેરૂન્નિસાના દિલને રોશનના સ્વભાવની ટાઢી શાન્તિ સાલી આવતી. રોશન વાચાળ બને એવું મહેરૂન્નિસા મુગું મુગું ઇચ્છતી હતી. મહેરૂન્નિસા ઇચ્છતી હતી કે રોશન તેનાં રૂપગુણની પ્રશંસા કરે, પ્રેમની વાતો કરે અને વાતોના વાહનમાં વાદુમા તેને વિહાર કરાવે. કયું યુવાન હૈયુ પોતાના પ્રેમીની પ્રેમભરી વાતો માટે તલસતું નથી.?

સ્ત્રી પુરૂષના સબંધમાં પુરૂષ Aggressive કર્માધિકારી હોય છે અને સ્ત્રી passive કર્માધિન હોય છે. કર્માધિનતા એ સ્ત્રી સુલભતા છે. સંસ્કારથી ઘણીવખી કર્માધિનતા સુરેખ હોય



પણ રોશને ઝયન ને જણાવ્યુ નહિ કે તે મહેરુનિસા જોડે સિનેમામા જવાનો હતો પ્રિયતમાને એકાંતમા મળવાનો મળેલો અવસર ઝાનબની નાથી કદાચ હાથથી સરી નહિ જાય તેની બીક રોશનને લાગી હોય એ સંભવિત છે ક્યા પ્રેમીનુ હૈયુ પોતાની પ્રિયતમાને મળવાને થનગનતુ નથી ?

રોશન મહેરુના ઘેર પહોંચ્યો ત્યારે સાંજ ચા ચૂને ચી હતી અને 'મેટીની' નો સમય વ્યતિત થઇ ગયો હતો પ્રેમી યુગલને પટેલા ભેતમા ધગતા તાપમા જવુ પણ કય હતુ !

મહેરુન્નિસા પત્રો સજી લઇ બહાર આવી ત્યારે રોશનને તે મોહીની જેવી લાગી અને ઘડી બે ઘડી તની દ્રષ્ટિ મોહેરુ પર અમીર મંડાઇ રહી પોતાની સ્થિતિનુ રોશનને ભાન થતા તેને અકળામણ થઇ અને અકળામણને વિહારવા તેણે મુસ્કાન્યુ મહેરુ સામુ હસી

'કેમી લાગુ છુ ? મહેરુએ નજદીક આવીને પૂછ્યુ

'પરી જેવી !'

રોશનના ઉત્તર જેવા ભાસતા જવાબમા સંકોચતા વધારે હતી

બતીજા આ યુગલને જોઇ રહી

ચર્ચગેટ સ્ટેશનની સામેના સિનેમા પાસે રોશન અને મહેરુ આવી પહોંચ્યા ત્યારે રાજમાઇ ટાવરે પ્રેમીયુગલને છ ઘંટની વધામણી આપી

રોશન સિનેમાની ટીકિટ બારી તરફ પગ વાળતો હતો તેટલામા મહેરુએ તેનો હાથ ઝાલ્યો અને કહ્યુ

આપણે દરિયા પર જઇએ તો ?

'પણ હવે વખત કયે છે ? પછી ટીકિટ નહિ મળે !

"નહિ મળે તો ભલે નહિ મળે ! મારો વિચાર તો દરિયા પર ફરવાનો થાય છે

સાગરના અલિપ્ત પરથી ચાલી આવતા શિતળ વાયુની આ અસર હતી યા મહેરુએ અગાઉથી રચેલી યોજના હતી માને સિનેમામા સથે આવવા કહી તેને સથે આવતા અટકાવવી એમા યે સ્ત્રીબુધ્ધિ પ્રતીત થતી હતી

પણ માસીએ તો સિનેમામા જવાની રજા આપી છે અને આપણે આમ દરિયા પર ફરવા જઇએ એમા મને ઠીક નથી લાગતુ રોશનનુ દિલ તેના પગને યોગ્ય અયોગ્યતાની જાણ જરૂર કરતુ હતુ

' એમા ઠીક અને અઠીક જેવુ શુ છે ? માએ આપણને સાથે જવાની રજા આપી છે અને આપણે સિનેમામા જઇએ કે દરિયા પર જઇએ એ આપણી મરજીની વાત છે," ખુલ્લા દિલની મહેરુનિસાએ રોશનની મુંઝવણનુ વિવરણ કર્યું



ચિત્રપટની રસલીનતામાં પોતાની પડખે બેઠેલા પ્રેમપાત્રનુ વિસ્મરણ કરવાને બદલે સાગરતટ પર ઠંડી ઠંડી હવામા પ્રેમની મીઠી મીઠી વાતો કરવાનું રોશનનું દિલ પસ્ત થતું હતુ અને મહેરૂ પોતે યે દરિયા પરચાલવાને કહેતી હતી એટલે ત્યા જવામાં રોશનને અયોગ્ય જણાયું નહિ

રવિવાર હોવાથી દરિયા પર લોકોની સારી હડ હતી સ્ત્રી પુરૂષોની બેકસરખી સંખ્યા જણાતી હતી નવ પરણિત યુગલો શિતલ વાયુના નશામાં અડોઅડ યા હાથમા હાથ નાખી ચાલતા હતા. દુઃખ અને ચિંતાનો ત્યાં નિવાસ નહોતો, આનંદ અને ઉલ્લાસ ત્યાં વિહાર કરતા હતા. અમર યુવાનીનું આ સ્થાન હતું

રોશન અને મહેરૂએ પણ દરિયાને કાંઠે લટાર લગાવા માંડી.

એક સુંદર સ્ત્રીને સામેથી એકલી અટૂલી ચાલી આવતી જોઇને મહેરૂ બોલી.

"રોશન જો આ છોકરીને, કેટલી ખુબસુરત છે છતાં એકલી છે મને એવી એકલતા ગમતી નથી. મને તો સુંદર યુવતિ અને સુંદર યુવાનનું જોડું જોવાને ગમે છે દુનિયામાં આટલા સ્ત્રી પુરૂષો છે તેમાંથી સ્ત્રીને મનપસંદ પુરૂષ અને પુરૂષને મનપસંદ સ્ત્રી મેળવવાનું શું મુસ્કેલ છે? અને જ્યાં લગી દુનિયામાં જોટલાં યુગલો ઓછાં હશે ત્યાં લગી સુખમાં તેટલી ખામી રહેશે." મહેરૂ આ નવી ભાવનાની વાત કરી રહી તે સમયે પાસેથી એક ટોળું ચારપાંચ યુવતિઓનું અને બીજું ટોળું ત્રણચાર યુવકોનું સામી દિશામાં પસાર થઇ ગયું.

"જોયું? આવું જોડને ભારે દિલ બળી જાય છે. એના બદલે ચારપાંચ યુગલો જોયાં હોત તો કેટલી ખુશી થતે!"

"પણ તું આવું વિચારતાં કયારથી થઇ?" આજો બની ગયેલા રોશને પૂછ્યું.

"મારા ભાઇ સુલતાનનો પણ આવોજ મત છે. સુલતાન કહે છે દુનિયા પોતાની જવાબદારી સમજતી નથી. લોકોને જવાબદારીનો બોજ ઉચકવો ગમતો નથી અને પરિણામે દુઃખી થાય છે. જવાબદારી ટાળીને છુટા ફરવામાં પહેલાંતો સહેજ આનંદ મળે છે પણ પછી દુઃખના ભારા ઉચકવા પડે છે"

"તમારા ભાઇબહેનની ભાવના તો સુંદર છે પણ આદર્શ પાછળ આંધળા બની દુનિયાની વાસ્તવિકતાને ભૂલવી જોઇએ નહિ" પ્રજ્ઞજ એવો છેડાયો હતો કે રોશન પણ દલીલમાં ઉતરી પડયો.

"વિચારથી વર્તન બદલાય છે. આદર્શથી વાસ્તવિકતા બદલાય છે અને આદર્શથી જે વાસ્તવિકતા બદલાય છે તે વાસ્તવિકતા પણ આદર્શ હોય છે."

"પહેલા આદર્શ બદલાને બલિદાનની જરૂર પડે છે અને બલિદાન આપે એવા લોક દુનિયામાં બહુ ઓછાં હોવાથી આદર્શ પણ બહુ ઓછા પાર પડે છે. આદર્શ વગરની વાસ્તવિકતા તો તેં કહ્યું તેમ બોડીલી હોય છે. દુનિયાની વાસ્તવિકતા એ આવી બોડીલી છે.

"એનું કારણ દુનિયાની બેજવાબદારી અને બેસમજદારી છે."

"અને બેસમજ દુનિયાને નહિ" સમજનાર આદર્શવાદીને બેજવાબદાર દુનિયા પાગલ માને છે."

"દુનિયા જ પાગલ છે!" મહેરૂએ રોષમાં કહ્યું.

"આદર્શવાદી, દુનિયાને પાગલ માને છે અને દુનિયા આદર્શવાદીને પાગલ માને છે. દુનિયાદારોની સંખ્યા વધારે હોવાથી બહુમતે આદર્શવાદી પાગલ ઠરે છે. સુલતાને તો પાગલ છે અને તું પણ આવી ડાહ્યીડમરી વધારે વાતો કરશે તો પાગલ થઈ જશે. ચાલ હવે આપણે કયા બેસીએ અને દુનિયાની વાતો છોડી આપણી વાતો કરીએ."

મહેરૂ અને રોશન પાળી પર બેઠા ત્યારે સૂરજ સાગરની કિનારીએ ઝૂલી રહ્યો હતો, અને સ્વર્ગની ડાળે બેસી બે પ્રેમપંખીડાં આ દ્રશ્ય જોઇ આનંદી રહ્યાં હતાં.

"આપણી જીંદગી અહીં આમ બેસી રહીએ અને સાગરને વાદળ જોતા રહીએ એવી મને લાગણી થાય છે! તમને એવું નથી લાગતું?" મહેરૂએ પૂછ્યું.

"મને પણ એવું ગમે છે." રોશને જવાબ આપ્યો.

"તો તમે પણ મારા જેવા આદર્શવાદી છો."

"આદર્શવાદી તો છું પણ મારા આદર્શનીજ મને બીક લાગે છે.

"આદર્શથી ડરો છો?"

"હા."

"એમ કેમ?"

"આદર્શની પાછળ હું પાગલ બનું અને આદર્શ ભાગીને ભૂકો થઇ જાય તો હું હંમેશનો પાગલ બની જાઉંને?"

"આદર્શથી માણસ પાગલ બનતાં હશે!"

"દુનિયા બનાવી દે છે–આદર્શવાદીને દુનિયા પાગલ બનાવી દે છે. ધારી લે કે મારા આદર્શને પામવા માટે, તું કહે છે તેમ, હું સંસારની જોખમદારી વહોરી લઉં અને મારા ભાગ્યે તારી જેવી વઢકણી કોઈ મને મળે તો મારી દુનિયા જ ડુબી જાય ને!" રોશનના હૈયે હતું તે ધીરે ધીરે પણ હોઠે આવ્યું.

"મેં એમ કયાં કહ્યું હતું મારા કહેવાનો આ ભાવાર્થ જ કયો હતો? અને હું વઢકણી?"

"વઢકણી નહિ તો ક્યારની આદર્શ આદર્શ કરી શું વઢી રહી છો?" રોશન મૂછમાં હસવા લાગ્યો.

"હું વઢકણી હતે તો તમારૂં કાળજું કાપી નહિ લેતે?"


"તો બાકી શું રાખ્યું છે?"

દાલ પુરી!

મુબઇના દરિયાના સહેલાણીઓને પરિચિત, એવા દાલપુરીવાળાના અવાજે બે પ્રેમીઓની મીઠી તકરારમાં ભંગાણ પાડ્યું.

"એ, દાલપુરીવાલા અહીં આવ." રોશને બૂમ મારી.

દાલપુરી જમી પ્રેમીઓ શાન્ત પડ્યાં–કે મસાલાથી તેમનાં દિલ વધારે ગરમ થયા!



દારૂલ ઓલૂમ મદ્રસએ અશરફીયહ, અરબીયહ, ઈસ્લામીયહ.

નં૬૨

▣ ઈલ્મનું ઉદ્યાન ▣

●

રાંદેર ગુજરાતનો ઇલ્મ બગીચો છે. રાંદેરમાં ખુદાના ફઝલથી અને તેના હબીબે પાકસલ૦ ના વસીલાથી નવાં નવાં ઇલ્મ ધામોનો વિકાસ થતોજ રહે છે. સમસ્ત ગુજરાતને દુન્યવી ઇલ્મથી માલા માલ કરનાર પીપરડીવાલા મદ્રેસા હાઇસ્કૂલથી તો કોઈ અજાણ્યુ નહિ જ હોય? તેવીજ રીતે દીની ઇલ્મદ્વારા હિંદમાં અને હિંદ બહાર પણ પોતાનુ સ્થાન જમાવનાર જમેઆ હુસૈનીયહની કારકીર્દિ પણ જગ-જાહેર છે. અને સાથે હવે રાંદેરના પુરાણા ઇલ્મધામ દારૂલ ઉલૂમ મદ્રસએ અશરફીયહ અરબીયહ ઇસ્લામીયહનો પુનરોદ્ધાર કરી તે મદ્રેસાના વ્યવસ્થાપક મૌલાના અહમદ અશરફ સાહબે ગુજરાતની ઇલ્મવાડીને ખૂબ ફળ-ફૂલવતી કરી છે. મજકૂર મદ્રેસાના નવા દૌરનુ પહેલું વર્ષ પૂર્ણ થતાં વાર્ષિક જલ્સો તા. ૩૧-૮-૪૧ને રોજ મદ્રેસાના આગણામાં ઉભા કરેલા વિશાળ મંડળમાં યોજાયો હતો. હિંદના મહાન ધર્મિષ્ઠાથી આલિમ મૌલાના ઉબેદુલ્લાહ સીંધી પ્રમુખસ્થાને હતા, અને મુખ્ય વ્યાખ્યાતા તરિકે મહાન ઓરેટર અને 'અલ પુર્કાન'ના એડીટર મૌલાના મહમદ મંજૂર નોમાન હતા. જેમની તકરીરોનું તત્વ આ અકમાજ પ્રગટ થયું છે. મદ્રેસાની એક વરસની કારકીર્દિનુ દીર્ઘ-દર્શન કરાવતો મજકૂર મદ્રેસાના મોહતમિમ જનાબ મૌલાના અહમદ અશરફ સાહેબનો રિપોર્ટ પણ આ સાથે પ્રગટ કરવામાં આવ્યો છે. જલ્સામા બાળકોની ઇલ્મી કારરવાઈ, કારીઓની કિરઅત, તથા ઇલ્મના ફવાઇદોથી ૫-૬ હજાર પ્રેક્ષકો સંતુષ્ટ કરનાર એ જલ્સો ઇલ્મ-ઉત્સાહ અને દીની-પ્રેમના એક અજોડ જુસ્સા સહિત પૂર્ણ થયો હતો. ગુજરાતના આટલા બધા ઇલ્મ-પ્રેમીઓ એકજ સ્થળે આ રીતે જમા થશે અને ઇલ્મનાં ગુણગાન સાંભળવા આતૂર હશે એવુ બાજ્યે જ મનાતુ હતુ. પણ તે દિવસના અજોડ દૃશ્યે ગુજરાતની ઇલ્મ-દોસ્તીની અજબ છાપ પાડી. હવે રાંદેરની પુરાણી, અને રાંદેરની પુરાણી, જોહોલબલાલીતો, એકબત્ત ખુબ: દર્શન કરાવ્યાં હતા. ખુદા આવા ઇલ્મી કેંદ્રના આવા ઇલ્મી આંદોલનોને વધુને વધુ ફળવંતાં કરે એ દુઆ સહિત અવકાશના અભાવના ભયથી વરસલામ કરું છું.

—સહતંત્રી

●

વેપારી  ડિરેક્ટરી

અરબી ગુજરાતી કુરઆને શરીફ

કુરઆને શરીફ અરબી મોટા ખુબસુરત હરફોમા તેની પાછળ એજ આયતો ગુજરાતી મોટા ટાઇપમા સહીહ વાચવાના ચીન્હો સહિત તેની નીચે ગુજરાતી સરળ તરજુમો, મોટા એક હજાર પેજ પર પંદર સીપારાના બે ભાગ પાકી બાઇન્ડીંગ હદીયો રૂા. ૧૨) પો રૂા ૨॥ પરદેશ રૂા ૪)

લખો–રાહેનજાત ઓફીસ, ભાવનગર.

બજમે ઇકબાલનું ૭મું પુસ્તક

અસ્હાબુલ શીલ

મુલ્ય દશ આના

પોસ્ટેજ બે આના વધુ

બજમે ઇકબાલ, કઠોર

હિન્દી બનાવટના હેરઓઇલો, ન્હાવાના સાબુઓ, દંત મંજન, ટોઇલેટ પાવડર, સ્ટેશનરી, વીગરે માટે

ધી રાંદેર સ્ટોર્સ

કણપીઠ, સુરતમાં

એકવાર પધારો.

તાજ કું૦ લી૦ લાહોરના ઉર્દુ "તર્જુમા" સાથના

હિમાયલ શરીફ

બ્લોકની છપાઈ

હદીયો–રૂા. ૪, રૂા. ૫, રૂા. ૧૦.

ધી રાંદેર સ્ટોર્સ કણપીઠ,—સુરત.

"કારવાં"ના ગ્રાહકોને વગર કિંમતે

'ચીરાગ' માસિકની ફાઈલ

પાચ આના, પોસ્ટેજ–પેકીંગના મોકલનારને જ મળશે.

ધી પટેલની કું૦

જાહેર સ્ટ્રીટ–ભાવનગર.

આ આના માટેનો 'માસિક ચાજ' ફક્ત એક રૂપીઓ બાર માસ માટે રૂા ૧૨) જાહેર ખબર આપનારને ૭ આનાનો 'કારવા'નો અંક પણ મળે છે.

લયલાના પત્રો

૧૯૪૧ નું સનસનાટીભર્યું પુસ્તક.

મુલ્ય બે રૂપીઆ.

(વી પી પોસ્ટેજ જુદુ)

ઇમામુદ્દીન સ. દરગાહવાલા

દરગાહ શરીફ, **નવસારી**

"Karavan" Agents:-

1) LIMBADA & Co
22, Diagonal street,
JOHANNESBURG

2) UNION PRINTING WORKS
91, Victoria Street
DURBAN

પત્રવહેવાર વેળા "કારવા"નો હવાલો જરૂર આપો

دار العلوم
مكي رسالة اشتوفيه عن
راندير ضلع سورت
١٢٨٦ هـ

દારૂલ ઓલૂમ
મદ્રસહ અશરફિયહ અરબીયહ
રંદેર જીલ્લે સુરત
સ્થપના ૧૨૮૬ હિજરી

દારૂલ ઓલૂમે અશરફીકા દૌરે જદીદ

બારકહનાલ રૂતુમા મુખ્હે દુવા હોને કા હૈ
મત્લએ અનવારે આફાકે સમા હોને કા હૈ
બિદ્અતોકી દૂર અબ કાની ધગ હોનેકા હૈ
ઝગ ખુશ્હલ સીનએ દિલકી જિના હોનેકા હૈ
ઝુલમત કાફૂર હોગી શિર્ક ઔર ઈન્હા કી
રૌશન ઇમ કા દિનેમે ફિર દિયા હોનેકા હૈ
ખિતએ ગુજરાત પર હોગી ઝિયા તા નિય
વકે તબિશ ખકાર શમ્સે ઝુ હોનેકા હૈ
ફિર ચનેગા દૌર સબ્બાઈ મચ્ચરિફ બઝમમે
ફિર વોહી સાકી વોહી ફિર મયકદા હોનેકા હૈ
મસ્જિદે અબાદ હોગી નામે હક હોગા બુલંદ
બોતખાના દીનકા ફિર બરમલા હોનેકા હૈ
અહમદે અશરફકી કોશિશ બારઆવર હુ ગઇ
ગુન્ચા ગુન્ચ વકફ ઝિકરે ફિલરિયા હોનેકા હૈ
હાજ ઇરમાઇન અશરફકી યે દીની યાદગાર
બાઇસે નશરે ઉલૂમે મુસ્તફા હોનેકા હૈ
હઝરતે મર્હમકી નિય્યતકે બાઇસ દોસ્તો
યેહ અમાનત મકબે રહદો દા હોનેકા હૈ
બારબાવર હો ગણ ઉનકા યેહ નખ્લે આરઝૂ
તા કિય મ યેહ શજર નશ્વોનુમા હોનેકા હૈ
જદ્દે અમજદકો જઝાએ ખર દે રબ્બે જહ
કયૂ કે હર સબ્બો અમલકા ફૈસના હોનેકા હૈ
મુસ્તબ્બે હક દુઆએ અબને દિનકી હોગઇ
બ દઝે રંદેર ઇબ્બી કરતના હોનેકા હૈ
હો ગયા બરી વોહ ફિર દારૂન ઉલૂમે અશરફી
જા કિયન ખુરશીદે ઈ મે મુસ્તફા હોનેકા હૈ

મદરેસેકે દૌરે સાનીકા હુવા આગાઝ ફિર
યઅની કયમ ફિરસે બઝમે અશ કિયા હૈ મેકા હૈ
તિશનગ ને ઇલ્મ આએગે પંએ તાહસીર દી
ફિરસે તાઝા ઇ મો કનકા મશગના હોનેકા હૈ
કોશિશે પૈહમકા આખિર યેહ નતીજા મિલ ગયા
મદરેસેકા ફિર ઊંચો એઅતેના હોનેકા હૈ
નેક મકસદકે લીયે બને કી ઈ સબ્બે જમીલ
મુસબેરે બરકાત ઉસકા મુન્તહા હોનેકા હૈ
ગનાગના હે ૧ બલદ ઇસ્લામકા અતરાફમે
ઔર બરી દહ મે યેહ સિનસિલા હોનેકા હૈ
એક ત કે તકસીરે કુબ્બા એક તરફ દસે હદીસ
ફિરસે તાઝહ ઇ મે દીકા મશગના હોનેકા હૈ
ઝોક ઝોક અબ આએગે હર સિમ્તસે તુ આએ દી
કિસ્મતે રંદેર બર ઓજે સમા હોનેકા હૈ
બ્યા મુબારક સ ઝમીં જરપરબની યેહ યાદગાર
ત અબદ ઝિકરે ખુદા મુખ્હે મસા હોનેકા હૈ
ગૌહરે મકસદ પાએગા હર એક જોય ગે ઇલ્મ
તાનેબ્બે આબ્બો કે પૂરા મુદ્દઆ હોનેકા હૈ
અહલબિય્યત જિન્કી મુસલ્લમ ઇલ્મ જિ કા મુસ્તનદ
ઉન્કે હાથો ઇન્તેઝામે મદ્રસહ હોનેકા હૈ
જિન્કે દિલમે દર્દ હૈ મઝહબ કા ઔર ઇસ્લામકા
ઉકી નિગરાનીમે તેરાહે દુવા હોનેકા હૈ
જનમેઇય્યતમે હૈ અપની અશરફિયહ મેનજીર
ઈન ખસાઇસમે વોહ અપની જનમેઆ હોનેકા હૈ
લો, મુબારક હો ગયા હૈ આમ કૈફાને ખુદા
આમ કૈફે ઇલ્મે ખ મુલ્ક અબીયા હોનેકા હૈ

કાબિને સદ કુછ હૈ અર બનદએ ગરીબ તક, આજકા લિખી હૈ "અગરફે કયા મુમારક
મરહબ્બે ઈમે રસૂને કિતરિયા નેકા હૈ ઔર સબ્દ
થી મુખ્તસર નહી કિસ્મતમે ખૈરે મુન્તજર બારબ્બાહ હૈર કયા વહૂરે કુઆ હોનેકા હૈ
મુકઅબે નૂરે ખુનારદે અતા હોનેકા હૈ"

પરમો (ગોનોરીઆ) અને—

પેશાબનાં ભયંકર દર્દોનો

સંપૂર્ણ ફત્તેહમંદ ઇલાજ

ડાક્ટર જસાણીની
જગમશહુર અસલ દવા **ગોનો-કિલર**
[નજરદર્દ]



બેધડક આજેજ અજમાવો

ગમે તે કારણથી લાગુ થયેલ તુરતનો અથવા જુનામાં જુનો પરમો, પ્રમે (પરમેઓ) ગ્લેનામા તથા પેશાબમા જતી ધાતુ તથા રસી (પરૂ, થતી સખ્ત બળતરા ટીપુ ટીપુ તથા અટકીને થતા પેશાબ, મુત્રાશયમા આવેલો સોજો તથા થયેલો જખમ તથા સ્ત્રીઓ અને છોકરાઓના પેશાબને લગતા તમામ દર્દોને જ મુળથી નાશ કરી બંધારણી ધાતુને સુધારી સ્વચ્છ અને ઘટ્ટ કરે છે

પચાસ પડીકાની બાટલીની કીંમત રૂા. ૩)
વી.પી. ખર્ચ આઠ આના જુદુ.

*** ચેતવણી ***

નકલીઓથી ચેતજો ખરીદ કરતી વખતે દવાનુ નામ ગોનોકીલર અને કુકડા છાપ મીનસધ પેકેટ તપાસી લેજો

એકલા બનાવનાર **ડો. ડી. એન. જસાણી,**

વીઠ્ઠલભાઇ પટેલ રોડ, મુંબઇ નં ૪

રજીસ્ટર્ડ ની એન પ્રધર્મ, કણપીઠ મુગત

આફ્રિકા એજન્ટ —યુનીયન ટ્રેડીંગ વર્કસ, ૯૨, વિક્ટોરીઆ સ્ટ્રીટ ડર્બન.

دار التعليم مدرسة اشرفية عربية
રાંદેર જિલ્લો સુરત

મોહતમિમનો (વ્યવસ્થાપકનો) રિપોર્ટ.

હમદો સનાત પછી ઇસ્લામી ભાઇઓ દાઇલ ઓનુમ મદ્રેસએ અશરફીઆના નવા દોરનુ તાલીમી રૂએ આજે પહેલું વર્ષ પુરૂ થયુ છે ખુદાપાકનો એ વિષે મોટો એહસાન છે

મદ્રેસાની અસલી બીના અને બાની મહુમનો ઝિક્ર ખૈર.

આ દીની દર્સગાહ આખા ગુજરાતમા પહેલી દર્સગાહ છે જેના મર્હુમ બાનીએ તે વખતની ખાસ દીની જરૂરતોનો ખિયાલ કરી સને ૧૨૮૬ હી મા કાયમ કર્યો હતો બાની મર્હુમ એટલે હાજી ઇસ્માઇલ મોહમદ અશરફ સાહેબ રાંદેરી એક મોટા વેપારી માણસ હતા જેઓ તે જમાનામા કલકત્તામા રહી વેપાર કરતા હતા તેમના હૃદયમા ઇસ્લામી ફિતરત, દીની જઝબો અને મઝહબી જોશ ભરપુર હતો ત્યા મર્હુમને એક મહાન બુઝુર્ગ આલિમની સોહબત નસીબ થઇ જેમના કૈજથી બધા હૌદુરતાનના ભાગોમા ફાયદો પહોચી રહ્યો હતો એટલે હઝરત મૌલાના અહમદઅલી સાહેબ અમ્રુતસરી, (રહે.) મુહદ્દીસ, પંજાબ, વગે રહ્યા હતા. બાની મર્હુમને એવા મહાન આલિમથી ન માત્ર મુલાકાત બલકે શાગિર્દીનો સબધ પણ હતો એજ કારણથી મર્હુમ બાનીએ ગુજરાતમા એક દીની મદ્રસાની જરૂરત વિચારી પોતાના અસલ વતન રાંદેરમા હઝરત શેખની ફરમાસથી મદ્રેસ-એ-અશરફી-આની બીના કાયમ કરી

એ મદ્રેસાના સર્વથી પહેલા ઉસ્તાદનો ઝિક્ર ખૈર.

સર્વથી પહેલા મુદર્રિસ જે આ મદ્રેસામા પઢવવા માટે બોલાવવામા આવ્યા તેઓ મૌલાના મોહમદ બરકતુલ્લા સાહેબ, સુરતી મે હાજિરે મક્કી હતા જેમનો શાગિર્દીનો સિલસિલો પણ હઝરત મૌલાના સ્હારનપુરીથી હતો આખાએ ગુજરાતમા આ સર્વેથી પહેલો મદ્રેસો હતો જેણે પોતાના કૈજો અને બરકતોથી ગુજરાતવાસીઓને ફાયદો પહોચાડવાનો મૌકો અર્પણ કર્યો

ગુજરાતની હાલત જેમા આ મદ્રેસો કાયમ કરવામા આવ્યો

ગુજરાતી હાલત તે સમયમા જાહેરીયતના સમયના લગભગ સરખી હતી જેમા કુર્આન અને હદીસની રોશનીની જગ્યા એ કુરુઢ અને રિવાજોની અધેરી છવાઇ ગઇ હતી શરીઅતની બુઝુરગી અને ઇજ્જત લોકોના દિલોથી મટી ગઇ હતી તરેહ તરેહની બિદઅતોમા લોકો ફસાયલા હતા નામની રૂએ માત્ર ઇસ્લામ બાકી હતો મગર અમલોનો જ્યા સુધી સબધ છે તેઓને ઇસ્લામથી



દુરનો પણ સંબંધ ન હતો મર્હૂમ બાની સાહેબે ગુજરાતના આવા અંધકારમાં આ દીની મદરેસો કાયમ કરી પોતાની ઇમાની કુવત અને જોશનો સબુત આપ્યો આજે તેમની તે નિખાલિસ નૈયતનું આ ફળ છે; જે આપની સામે મૌજુદ છે. શરૂમાં ઘણા ખરા ગુજરાતના અકાબીરો આ મદરેસાથી ઈર્ષ્ય ઉઠાવી ચુકયા છે, અને તેમના વડે ગુજરાતના ખૂણેખૂણામા દીની ઇલ્મની રોશનીને ચમકદમક પહોંચી રહી છે. મતલબ કે મદરેસો આખાએ ગુજરાતમાં સર્વેથી પુરાનો અને પહેલો મદરેસો છે. જેની તારીફ મેં આપ સાહેબો સમક્ષ રજુ કરી છે.

દરમિયાનમાં કેટલાક કારણો સર, મદરેસાના ફરાએઝમાં કંઇક દરજ્જે કમી થઇ.

કેટલાક અરસા પછી કેટલાક કારણોને લઇ આ મદરેસો પોતાના ઉંચ ફરાએઝને અદા કરવાથી કંઇક દરજ્જે કમ રહ્યો. મગર ખુદાપાકના ફઝલો કરમથી તે અફસોસનો જમાનો ખતમ થયો. અને મદરેસાનો નવો દૌર શરૂ થયો.

મદરેસાના નવા દૌરની શરૂઆત

હવે અલ્લાહપાકની મહેરબાનીથી મદરેસાના બધા વિભાગોમા તરક્કીની સુરત મૌજુદ છે. આ, મદરેસામા પુરાના મશહુર મદરેસાઓ માફક અરબી અને ફારસી, કુઅનિ મજીદ, ઉર્દૂ, અને તજવીદે કિરાઅત. વિગેરે, વિગેરેની પઢાઇ ઘણા ઉંચા દરજ્જા ઉપર જારી છે. હમારો વિચાર છે કે, અમે આ મદરેસાને મર્હૂમ બાનીની ઇચ્છા માફક એવા ઉચા દરજ્જા પર લાવીએ, જેમાં વિભાગની પુરેપુરી અને સર્વોત્તમ પઢાઈ અને શિક્ષણ થાય. સારાશ કે અમે પોતાની શક્યાતની મુશ્કેલીઓ હોવા છતાં મદરેસાની પઢાઇને દરેક રીતે કાબિલો ઇત્મિનાન બનાવવામાં હર તરેહથી પુરેપુરી કોશિશ કીધી છે. અરબી દરજ્જામા આ વર્ષે હદીસમા મિશકાત શરીફ, તફસીરમા જલાલૈન શરીફ, ઇલ્મે મીરાસમાં સીરાજી, ફિકહમાં હિદાયા, તનજુફ દકાએક, ઉસૂલે-ફિકહમા ઉસૂલે સાહસીલ, અને બીજા સંબંધ ધરાવતા ઇલ્મોની જુદી જુદી કિતાબો. જેમકે ઇલ્મે સર્ફનહ, અને ઇલ્મે મનતીક વિગેરે ફનોની કિતાબો પણ પઢાવી. ફારસીના દરજ્જામા ગુલિસ્તા, બોસ્તા, મારા બુદ વિગેરે પઢાવવામા આવી. તજવીદના દરજ્જાનો ખાસ પુરતો બંદોબસ્ત કરવામા આવ્યો છે અને હમારી ઇચ્છા છે કે અમો એ દરજ્જાની પઢાઇને ઘણા ઉંચા પાયા પર કાયમ કરીએ

આ વર્ષે તાલીમ પામેલા તલબાઓની ગણત્રી.

આ વર્ષે દાખલ થનારા તલબાઓમાં બે તરેહના તાલિબે ઇલ્મો હતા. એક બહારના, અને બીજા શહેરના. બહારના બધા તલબાઓનો ખાવા પીવાનો તેમજ બધી જરૂરતોનો ખર્ચ આ મદરેસાએ ઉપાડયો છે. એ તાલિબે ઇલ્મોને રહેતામાં સાધુ અપાય છે, તેમજ હજામત અને નાસ્તા વિગેરેનો બંદોબસ્ત પણ મદરેસા તરફથીજ કરવામા આવ્યો છે. એવા તાલિબ ઇલ્મોની ગણત્રી બિસ્તાલીસની છે અને એમાં મોટે ભાગે ગુજરાતનાજ તલબાઓ છે. શહેરના તલબાઓ એકસો પચ્ચોતેર છે. જેઓ જુદા જુદા દરજ્જાઓમાં દાખલ થઇ તાલીમ હાસિલ કરી રહ્યા છે. મદરેસાના નિભાવ ખર્ચ માટે મર્હૂમ બાની હાજી ઇસમાઇલ મોહમદ અશરફ

સાહેબે એક વકફ કર્યું છે. જેની આમદનીથી આ મદરેસાની મોટે ભાગે જરૂરતો પુરી પડી રહી છે, અને મર્હુમ શાનીની ઇચ્છા અનુસર મદરેસાની જરૂરતોમાં ખર્ચ થઇ રહી છે. સાગશકે મદરેસાના નવા દોરની શરૂઆતને એક વર્ષનો જમાનો થયો છે, અને હજી અમારા માર્ગમા ઘણી મુશ્કેલીઓ પણ આડે આવી રહી હતી. જે કોઇ પણ કામની શરૂઆતમાં કુદરતી રીતે આવ્યા કરે છે. એ કારણ સર આ વર્ષે બહારના તાલિમ પ્રોફેસોની ઓછપનો અથવાકે ચોક્કા હોવાનો અમને પોતાને પણ ખિયાલ છે. અને અમો હમારી પુરતી કોશિશ અને મદરેસાની માલી ગુંજાએશનો ખિયાલ રાખી આવતે વર્ષે તબક્કાઓની ગણત્રીમાં મોટો વધારો કરવાનો ખિયાલ રાખીએ છીએ. ખુદાપાક હમારી ઇચ્છાઓને પાર પાડે.

આ મદરેસાની લાયબ્રેરી વિષે વર્ણન

આ મદરેસાની જરૂરતોની કડીમાં એક મોટી વસ્તુ લાયબ્રેરી થાય છે, જ્યા બધા ફનૅ અને ફનોની કિતાબો રાખવામાં આવે. કે જેથી પઢવા પઢાવવા વાળાઓને દરેક તરેહની કિતાબો આ મદરેસો પુરી પાડી શકે. મદરેસામાં પહેલેથીજ એક મોટી લાયબ્રેરી મૌજુદ છે. છતા અમો કોશિશમાં છીએ, કે આ લાયબ્રેરીને હજી વધુમા વધુ મોટી બનાવીએ, કે જેથી શીખનારાઓ અને શીખવનારાઓ બન્નેની જરૂરતોના માફક લાયબ્રેરીમાં બધી કિતાબો દરેક વખત મૌજુદ રહે. અમોએ અમારા સંદેર કરવાના બાળકો માટે તાલીમનો ખાસ બંદોબસ્ત કર્યો છે. કે તેઓ શરૂઆતથીજ સરસ તાલીમ પ્રાપ્ત કરી ઉપરના દરજ્જાઓમાં દિલી ખાત્રીથ માફક સારી તરક્કી હાસિલ કરી શકે અને બાળકોની તા'લીમી હાલત ઘણી સારી અને ઉચ્ચ દરજ્જેની થાય.

દારૂલ ઇકતાહુ

આ મદરેસામાં એક વિભાગ દારૂલ ઇકતાહુનો મૌજુદ છે. ફતાવાના જવાબ ઉર્દુ અને ગુજરાતી બંન્ને ઝબાનોમાં કુર્આન અને હદીસ તેમજ ફિકહથી મોતેબર કિતાબોથી આપવામાં આવે છે. અને મહીનામાં જેટલા ફતાવા જેવા થાય છે તે ગુજરાતી મસિક 'કારવાં'માં પ્રગટ થતા રહે છે. જેનાથી ગુજરાતના લોકો તેમજ બહાર સહરમાં રહેનારા લોકો ઘણો લાભ ઉઠાવે છે.

મદદ કરનારા સાહેબોનો શુક્રીઓ

હું મારા જીવને આ પણ જરૂરી સમજું છું કે હું મારા મિત્રો અને મુખ્લિસોનો આભાર માનું, જેઓએ મારી મુશ્કિલોમાં મદદ આપી અને મને પોતાના કીમતી મશવિરાઓથી ઓદસાનમંદ કર્યો. એમાં બે તરેહના સાહેબો છે એક તે જેઓએ મદરેસાના કોઇ પણ વિભાગમાં મારી મદદ કરી છે. બીજા તે જેઓએ પોતાની કોશિશ અને પોતાના કીમતી મશવિરાઓથી મારો બોજ હલકો કર્યો.

દાયેરતુલ-મ-આરેફ હૈદ્રાબાદનો ઉંડો ઋણ, અને તેના અરકાનનો ખાસ આભાર.

એ સિલસિલામાં અમો દાયેરતુલ-મ-આરેફ હૈદ્રાબાદના અરકાનનો ઘણાજ ખુલુસ દિલથી આભાર માનીએ છીએ. કે તેઓએ પોતાને ત્યાંની બધી કિતાબોને આ મદરેસા માટે અર્પી કીમત પર મોકલી મદરેસાને એક મોટા

ખર્ચથી બચાવી લીધો ખુદાપાક તેઓને એનો નેક બદલો અતા ફરમાવે મદરેસાના અગ્રજન તેઓના એહસાનનો હમેશ માટે શુકરીઓ અદા કરતા રહેશે વળી અમો ઉમ્મીદ રાખીએ છીએ કે તેઓ ભવિષ્યમા પણ પોતાને તાની ગણિને કદર કીમતી દિલાસો આ મદરેસા માટે એવીજ રિઆયતથી મોકની શુકરીઆનો મોકો ફરમાવતા રહેશે

મુકામી મુખ્લિસોનો આભાર

હું એ સહેબોનો પણ ખરા અંત:કરણથી આભાર માનુ છુ જેઓ એ મદરેસાના આંતમા મકાનના બાંધકામમા મારે સાથે રહી પોતાના કીમતી વખતનો ભોગ આપ્યો અને મને પોતાના કીમતી મશિવરાઓથી એહસાનમદ કર્યો જેમના મુબારક નામો આ છે જનાબ હાજી મોહમદ આઝમ ઇસમાઈલ સાહેબ બીજા મી૦ ઇબ્રાહીમ હાજી આરેફ અશરફ સાહેબ ત્રીજા મસહૂદ ચુનારવાડ રહેવાના મુતવલ્લી સાહેબો ખાસ કરી મુતવલ્લી મી૦ ઇબ્રાહીમ અહમદ ભાઈ સાહેબ કે જેઓએ દરેક વખત અમારી મદદ ફરમાવી અને હજુ પણ દરેક કામમા હમારો સાથ આપી રહ્યા છે ચોથા રહેવાસી સરકારી હોસ્પીટલના મહેરબાન ડોકટર મનેક સાહેબ કે જેઓ હમેશા તબયાતોની બીમારીમા કરી પધારી પોતાના કિમતી ટાઇમનો ભોગ આપે છે ઉમ્મીદ રાખુ છુ કે મારા આ બધાજી ભાઇ અને અઝીઝ મારી હમેશા એવીજ રીતે હીંમત અફઝાઇ કરતા રહેશે ખુદાપાક એ સર્વેને બદલામા નેક બદલો અતા ફરમાવે ।

• બહારગામ મહેમાનોનો આભાર.

અમારી ઘણી મોટી ખુશ કિસ્મતી છે, કે અમારી અદના દાવત પર હઝરત મૌલાના ઓબેદુલ્લા સીંધી સાહબ અને મૌલાના મોહમદ મઝહર નોમાની સાહબ પધાર્યા, અને પોતાના કીમતી અને જરૂરી ટાઇમમાથી હમારા આ વાર્ષિક જલસા માટે બને સાહેબોએ ટાઇમ કાઢી અમારી દાવત કબુલ ફરમાવી હું ખાસ તૌર પર એ બને સાહેબોનો આભાર માનું છુ અને ઉમ્મીદ રાખુ છુ કે ભવીષ્યમા પણ અમારા ઉપર પોતાની મહેરબાની ફરમાવતા રહેશે વળી બહાર ગામથી આવનારા બહારના મહેમાનોની સેવામા પણ હું મારો ફકીર શુકરીયો પેશ કરૂ છુ જેઓ દુર દરાજની તકલીફો અને સફરની મુસીબતો ઉઠાવી એક દીની મદરેસાના વાર્ષિક જલસામા મારા આમંત્રણને માન આપી તશરીફ લાવ્યા અમો કબુલ કરીએ છીએ કે અમો અમારા બહારના મહેમાનોના આરામ અને સુખનો પુરેપુરો બંદોબસ્ત ન કરી શકયા હોય અને બનવા જોગ છે કે તેઓને અમારી પુરતી કોશિશ છતાં, કાઇને કાઇ તકલીફ પડેલી હોય મગર અમને ઘણી ખુશી ઉત્પન્ન થઇ છે, કે તેઓએ પોતાના આરામ અને રહેતનો ખિયાલ ન કરતા અમારી દાવત કબુલ કરી આ જલસાને રોનક બક્ષી છે અમે અમારા એ બહારના મહેમાનોનો ઘણો માન સહિત આભાર માનીએ છીએ અને ઉમ્મીદ રાખીએ છીએ કે તેઓ ભવિષ્યમા પણ અમારા મદરેસાના વાર્ષિક જલસામા શામલ થઇ અમારી હીંમત અફઝાઇ કરતા રહેશે. અને પોતાના કીમતી મશિવરાઓથી અમને બરાબર ફાયદો પહોંચાડવાનો મોકો દેતા રહેશે

અરબી મદરેસાનો તાલીમી દસ્તૂર.

અરબી મદરેસાઓમાં આમ દસ્તૂર એવોજ હોય છે, કે તેઓનું તા'લીમી વર્ષ શવ્વાલ માસથી શરૂ થઇ શાબાન માસમાં પૂર્ણ થઇ જાય છે. એજ પ્રમાણે દારૂલ ઓલુમ મદરેસા અશારફીયાના અરબી, ફારસી અને કુર્આન શરીફ, તથા ઉર્દૂ અને તજવીદ તથા કીરાઅતના દરજ્જાઓનું વાર્ષિક ઇમ્તેહાન પહેલી અને બીજી શાબાનના થયું. અરબી અને ફારસીનું ઇમ્તેહાન મૌલાના સૈયદ રસૂલશાહ સાહબ અને મૌલાના શેર મોહમદ સાહબ. અને મૌલાના ઇસમાઇલ ગોરા સાહબ સૂંદેરી, અને મૌલાના મોહમદ અહમદ સાહબ દેવબંદીએ લીધું. ઇલ્મે તજવીદનુ ઇમ્તેહાન મૌલ્વી કારી અબ્દુર્રહીમ સાહબ પેશ ઇમામ, મોટી મસજીદ રાદેર એ લીધું. કુર્આન શરીફ હાફેઝ થનારાઓનું ઇમ્તેહાન હાફેઝ મદની છો આગલીઆ સાહબ રાદેરીએ લીધુ. નાજેરાહનાં દરજ્જાઓનું ઇમ્તેહાન ઇમામ સાહબ, જુમ્મા મસ્જીદ રાદેર અને ઇમામ સાહબ, મસ્જીદે કુબ્વતે ઇસ્લામ રાદેર એ લીધું. ખુદાપાકના ફઝલો કરમથી ઇમ્તેહાનનો નતીજો ઘણોજ સંતોષ કારક નીવડયો છે. ઇમ્તેહાન લેનારા સાહેબોનો પણ અમો ખરા અંતઃકરણથી આભાર માનીએ છીએ.

મારી આખેરી ગુજારિશ.

મેં જોકે પહેલા અરજ ગુજારી છે. હજી અમારા મદરેસાના ઘણા વિભાગો 'કામિલ દરજ્જે પહોંચવા માટે જરૂરી જણાય છે જેની તરફ દરેક વખત અમારો ખિયાલ લાગી રહ્યો છે. ઇન્શા અલ્લાહો તઆલા. તે દિવસ દૂર નથી કે આપનો આ ઇસ્લામી મદરેસો પોતાનો બધો ઇલ્મો અને ફનોની રૂએ એક મરકઝ થવાનો શરફ હાસિલ કરી લેશે. ખુદાની ઝાતથી ઉમ્મેદ રાખીએ છીએ કે હમણા શરૂના દૌરમાં અમને જે મુશ્કીલો નડી છે. તે પર અમો ધીમે ધીમે અનુભવ મેળવી થોડા દિવસોમાં એ કાબેલ થઇ જઇશું કે મદરેસાના બધા વિભાગોને ઉંચ પહોંચાડવા કૃતેહમંદ નીવડીએ. અલ્લાહપાક અમારી મદદ ફરમાવે. હું હવે છેવટમાં આપ સાહબોનો લાંબો ટાઇમ વેસ્ટ કરવાની માફી ચાહી આપથી રૂખ્સત થઉં છું. અને એક વેળા પાછો આપ સર્વ સાહબોની તકલીફ ફરમાવવાનો શુક્રીઓ અદા કરૂં છું.

—મોહતમીમ

'કારવાં'ના પ્રથમ વર્ષની ફાઈલ

અંક ૧ થી ૧૨ કપડાંનું પાકું પુઠું

કી. રૂા. ૫) ટ. ખ. સહિત

કોપીઓ સીલકમાં ઓછી હોવાથી થોડીકજ બંધાવવામાં આવી છે.

આજેજ ઓર્ડર મોકલી આપો.

બીજા વર્ષના છુટક અંકો પણ ઘણા ઓછા સીલકમાં છે. પોતે ફાઈલ બંધાવનારા શોકીનોએ દરેક અંકના **સાત આના** લેખે નાણાં મોકલી ઘટતા અંકો મંગાવી લેવા ચુકવું નહીં.

વહરી સાહિત્ય કાર્યાલય,

કણપીઠ–સુરત.

—: અદ્‌ભુત ચમત્કાર :—

: : માર, ચોટ, વા, અને શરીરના દુખાવા માટે જાદુઇ ઇલાજ : :

વન્ડર ઓઈલ

વન્ડર ઓઈલ:— શરીરના દુખતા ભાગો પર "વન્ડર ઓઇલ" જાદુઇ અસર કરે છે. અને શરીરના તમામ હાડીલા અને ખોડ ઉમન્ન કરી કઠણ બનેલા ભાગો અને તમામ દર્દોને ગેરંટીક જડમુળથી દુર કરી સાંધાઓ તથા દુખતા ભાગોમાંથી દર્દને ખેંચી કાઢી થોડાજ વખતમાં સ્ફુર્તી આપી મજબુત અને અસલ કરતાં ચેતન્ય બનાવે છે.

વન્ડર ઓઈલ:— માર, ચોટ, વા, અને છાતીના દુખાવા ઉપર થોડીજ વારમાં ચમત્કાર બતાવે છે. અને દુખનું નામજ દઈ થઇ જાય છે.

વન્ડર ઓઈલ:— માંસ અને હાડકામાં થતો દુખાવો તુરતમાં જ નરમ પડી જાય છે. અને થોડા કલાકમાં જ તમારી ફરિયાદ દૂર કરે છે.

વન્ડર ઓઈલ:— અકસ્માતે બની જવાથી આનો ઉપયોગ કરવાથી પાકતું કે સડતું નથી. ઠંડક આપી તરત પીડા શાંત કરે છે. ઉપરાંત માર લાગવાથી શરીર છુંદાઈ ગયું હોય તો તેના ઉપર ચમત્કારીક અસર બતાવે છે.

.....શરીરના તથા સાંધાઓના દુખાવા માટે.....

પાવરફુલ ઇલાજ

આજેજ વાપરો : કીંમત બાટલી એકના રૂા. ૨–૦–૦

લખો:—ધી બ્રીટીશ ઈન્ડીયા મેડીકલ એજન્સી

અમદાવાદ ૧૪

દારૂલ ઉલૂમ મદ્રેસા અશરફીયહ ઈસ્લામીઆનો વાર્ષિક જલ્સો

મુસલમાનોને પોતાના પગો ઉપર ઉભા રહેવાની સલાહ.

હાલના મુસલમાનોની સ્થિતિ કેવી છે? મૌલાના નોમાની અને મૌલાના ઉબૈદુલ્લા સીંધીની તકરીરો.

દારૂલ ઉલૂમ મદ્રેસા અશરફીયા રાંદેરનો વાર્ષિક ઇન્આમી જલ્સો તા. ૩૧-૮-૪૧ને રવિવારે હિન્દના મશહૂર આંતરરાષ્ટ્રિય ઇસ્લામી લીડર અને મહાન બુઝુર્ગ આલિમ મૌલાના ઉબૈદુલ્લાહ સીંધી સાહબના પ્રમુખપણા હેઠળ મદ્રેસા સામે ઉભા કરેલા વિશાળ અને ભવ્ય મંડપમાં ભારે દબદબા સાથે ઉજવાયો હતો. એ જલ્સામાં ભાગ લેવા સુરત અને ભરૂચ શહેર અને એ જીલ્લાના મુસ્લિમ ગામોગામથી માનવ-સાગર ઉભરાઇને ચાલ્યો આવ્યો હતો. મેદની એટલી ભારે હતી કે એના વિશાળ મંડપમાં માણસો ન સમાતાં બહાર ઉભા રહ્યા હતા, સુતારવાડા મરજીદના ધાબા ઉપર. આસપાસના ઘરોમાં અને આરેફ ભાઇ વકફ ફંડ બીલ્ડીંગમાં ગીચોગીચ માણસો જોવામાં આવતાં હતાં, મદ્રેસાના મકાનમાં તથા કેટલાક મકાનોમાં સ્ત્રી-શ્રોતાઓની ઠઠ ભારે હતી. આસરે પાંચથી છ હજાર માણસોની મેદની જામી હતી જલ્સામાં લાઉડ-સ્પીકરની વ્યવસ્થા રાખવામાં આવી હતી. જલ્સાનું કાર્ય કુર્આન શરીફની તિલાવતથી બરાબર ૯ વાગે શરૂ થયું હતું. વિદ્યાર્થીઓની કિરાઅત, નઝમ, અને પ્રવચનો પછી મૌલાના અહમદ અશરફ સાહબ મુહતમીમ, મદ્રેસાએ મદ્રેસાનો રિપોર્ટ વાંચી સંભળાવ્યો હતો. એમાં એમણે મદ્રેસાની લાંબી કારકીર્દિનો ઇતીહાસ, એની ઇલ્મી સેવાનું બ્યાન સંપૂર્ણ અને સરળ ભાષામાં રજુ કર્યું હતું.

ત્યાર પછી મૌલાના ઉબૈદુલ્લાના હસ્ત મુબારકે પરીક્ષામાં ફતેહમંદ થયેલા વિદ્યાર્થીઓને ઇનામો વહેંચવામાં આવ્યાં હતાં. તે પછી મૌલાનાં મુહમ્મદ મન્ઝૂર નોમાની સાહેબે પોતાનું પ્રવચન શરૂ કર્યું હતું.

મૌલાનાએ રાંદેરની ઇલ્મી સેવાઓનું વર્ણન કરતાં જણાવ્યું કે આજે રાંદેર દીની ઇલ્મનું કેંદ્ર બન્યું છે. મિત્રો અને વીરોધીઓ બંને રાંદેરને 'ગુજરાતનું દેવબંદ' કહે છે તે ઠીકજ છે. એ પછી મૌલાનાએ ઇસ્લામ વિષે બોલતાં જણાવ્યું કે "ઇસ્લામના મંડાણ ગુર્બતમાં થયાં છે ને અંતમાં પણ ઇસ્લામ તેજ તરફ ફરશે" એ હદીસના શબ્દ "ગુર્બત"ના અર્થ



સમજાવતા કહ્યું કે લોકો 'ગુમરાહ' ના અર્થ ગરીબાઇ કરે છે તે ખોટા છે ગુમરાહીના અર્થ અજાણપણું 'અપરિચયપણું' છે એમને ઇસ્લામ જ્યારે જગતમા આવ્યો ત્યારે એ લોકોમા અપરિચીત હતો કિવા લોકોની દૃષ્ટિએ તે વિચિત્ર હતો તેમને એ ધર્મ અજીબ અને વિચિત્ર જણાયો ને આજમા ઇસ્લામ પાછો તેવોજ લોકોની નજરે અપરિચીત અને અજીબ થઇ જશે.

ઇસ્લામના અર્થ સમજાવતા કહ્યું કે અકાયદ, માન્યતા અને અમલી જીવનના સમુહનું નામ ઇસ્લામ છે હવે માન્યતાને જ્યા લગી સબંધ છે ત્યા લગી તો ત્રણ વિભાગ થઇ શકે (૧) તૌહીદ (૨) રિસાલત (૩) મૌત પછીનું જીવન એ અકીદા-માન્યતાઓ નવીન નથી આગના પૈગમ્બરોએ જ શિક્ષણ લઇને આવ્યા ને સર્વે નબીઓએ એ મુદ્દા કહ્યા એ ઇસ્લામી શિક્ષણનુ જીવન ઘણુ લાબુ છે તેથી ઇન્સાની સ્વભાવ એનાથી પરિચિત હોવો જોઇતો હતો છતાયે જ્યારે પણ નબીઓ આવ્યા ત્યારે માનવ પ્રકૃતિને એ શિક્ષણ અપરિચિત અને વિચિત્ર લાગ્યુ

રિસાલતની માન્યતા

રિસાલત (પૈગમ્બરી પદ)ની માન્યતા પણ નવી નથી કારણ કે ઇસ્લામ પૂર્વે હજારો નબીઓ આવી ગયા હતા એ છતાયે જ્યારે અમારા નબીએ કરીમ (સ૦) આ જગતમા નબી બનીને આવ્યા ત્યારે લોકોએ કહ્યું કે ઇન્સાન પણ કે નબી બની શકે છે? તેઓને તો ઘણીજ નવાઇ લાગી, તેઓને એ વસ્તુ એક નિરાળી અને વિચિત્ર લાગી

અમારા નબીએ (સ૦) જ્યારે મૌત પછીના એક બીજા જીવનની ખબર આપી ત્યારે પણ તેઓ એક આશ્ચર્યની નજરે જોતા રહ્યા હુકમા જ્યારે આ જગતમા ઇસ્લામનુ આગમન થયુ ત્યારે ઇસ્લામની માન્યતાઓથી લોકોએ અપરિચય પણ જાહેર કર્યો ઇસ્લામની દરેક વસ્તુ તેમને નિરાળી અને વિચિત્ર લાગી ઇસ્લામના પ્રત્યેક શિક્ષણ, નવીન અને અપરિચિત વસ્તુ હતી તેમ અત્યારે ઇસ્લામ લોકોમા એક વિચિત્ર અને અપરિચિત વસ્તુ બની જરો હું એમ કહેતો નથી કે આજે જગતમા એમ તદ્દન બની ગયુ છે, પણ એ ભવિષ્ય વાણી ખરી પડતી જાય છે એ દૌર-યુગ શરૂ થઇ ગયો છે, પણ તે હજુ પોતાની મંઝિલમા છે

અત્રે મૌલાનાએ એ વિષે અબ્રે દર્દા (રદી૦) ની ઘટના કહી સંભળાવી હતી અબ્રે દર્દા (રદી૦) એ દમિશ્કમા દર્સ આપતા લોકોને કહ્યું કે 'લોકો, હું તમને શુ બતાવું? ઉમ્મતમા એટલા ફેર ફારો થઇ ગયા છે કે જો રસૂલ (સ૦) જુએ તો જરૂર કહેત કે તમારા ઇસ્લામમા અજ્ઞાન સિવાય કશુયે તેના અસલી સ્વરૂપમા રહ્યુ નથી

એમ ઇસ્લામની પહેલી સદીમાજ 'જાહેલીયત' ઘુસવી શરૂ થઇ હતી અત્રે વક્તાએ 'જાહેલીયત' ના અર્થ અણ ઇસ્લામી વસ્તુ અને 'જહાલત' નો અર્થ 'અજ્ઞાનતા' બતાવતા કહ્યુ કે પહેલી સદીમાજ મુસ્લમાનોમા જાહેલીયત ઘુસવી શરૂ થઈ ગઇ હતી આજના યુગની તો વાતજ જવા દો અબ્રે દર્દા (રદી૦) આપણેજ માનો જોત તો તેઓ આપણા માટે શુ કહેત? તેઓ જરૂર આપણી સામે જિહાદ કરવાના હુકમજ આપત! એ છતાએ

આવા જમાનામાંએ હજુ એવી હસ્તીઓ છે કે જેઓ અલ્લહ રીત ઉપર કદમથી કાયમ છે.

લાઇલાહા ઇલ્લલ્લાહુનો મૂળ રપીરીટ

રસુલુલ્લાહે (સલ૦) લોકોને શીખવ્યું હતું કે "અલ્લાહના સિવાય કોઇ પૂજવા લાયક નથી" પણ એજ કલમાનો મૂળ રપીરીટ લોકોને સમજાવો તો બધેબધા મુસલમાનોજ તમારું માથું ફોડી નાંખશે. શું એથી પણ જાહેલિયતનો જમાનો આવશે?

ઇસ્લામ પૂર્વે જે જાહેલીયત હતી, તેવી પ્રથમના જેવી જાહેલીયત આજે જોવામાં આવે છે રસુલુલ્લાહે (સ૦) ફરમાવ્યું છે કે યાહુદી અને નસારા ઉપર અલ્લાહની ફીટકાર થઇ છે કારણ કે તેમણે પોતાના પૈગમ્બરોની આરામગાહોને 'સિજદાગાહો' બનાવ્યાં છે.

ને હાલ તમે શું કરી રહ્યા છો? નસારા યાહુદીઓએ તો પોતાના પૈગમ્બરોની કબ્રોને સિજદાગાહ બનાવ્યા છે પણ તમે તો દરેક વલીની કબ્રને એક એક બુત બનાવી મૂકી છે! અરબમા કબ્રો સામે માથું ટેકવા જતાં બહુ તમારા માથામાં કંકુકો ચલાવવા નીરધારે છે ત્યાં તમારું ચાલતું નથી નહિતર તમે પણ નસારા પેઠેજ પૈગમ્બરોની કબ્રનો હાલ કરો.

મુસલમાનો માને છે કે મૌત પછી બીજું જીવન છે ને એ માન્યતા યાહુદીઓ પણ માનતા ને કહેતા કે અમે તો અલ્લાહના લાડીલા પૈગમ્બરના ઉમ્મતી છીએ ને અમારો સંબંધ તો પૈગમ્બર સાથે છે એટલે અમને મુક્તિ મળતાં વારજ નથી.

મુસલમાનો પણ એમજ માને છે કે પીરોની કબ્રને બેઅદબ કરી છે એટલે બસ બેડો પાર છે પણ અમારા આકા (સ) પોતાની પુત્રી બીબી ફાતેમા (રદી.)ને સાફ ફરમાવી દીધું હતું કે "અલ્લાહના દરબારમાં પૈગમ્બર સાહેબનો સંબંધ કંઇ કામ લાગશે નહિ પણ ફક્ત અમલજ કામ લાગશે." તમારી નમાઝ, તમારા રોજા, હજ્જ કે ઝકાતમાંયે કંઇ રપીરીટ રહ્યો નથી જેમ બીજાઓને ત્યાં પૂજા પાટ છે તેમ તમે નમાજને એક રિવાજી નમાઝ બનાવી મૂકી છે.

માન્યતામાં જેમ "જાહેલીયત" (અધુ ઇસ્લામીપણું)ની અસર છે તેમ ઇબાદત ઉપર પણ અધુ ઇસ્લામીપણાની અસર છે. મુસલમાનોની મોટી સંખ્યા એમ જાણતી હશે કે અમારો વહેવાર વહેપાર દીનની દોરવણી છે. પણ એમ માનનારા ભૂલમાં છે. હીન્દુ મુસ્લિમ વેપારીમાં કંઇ તફાવત નથી. અરે મને કહેતાં પણ શરમ લાગે છે કે કેટલીક બાબતોમાં તો બીન મુસ્લિમ વેપારીઓ કરતાંયે મુસ્લિમ વેપારીઓ પાછા પડેલા છે. મુસલમાનો એ વ્યાપાર વ્યવહારના ઇસ્લામી કાનૂનો ભૂલી ગયા છે, તેમણે તેમને અભરાઇએ મૂકી દીધા છે. જનાબ રસુલુલ્લાહે (સ૦) જેટલું નીતિ અખ્લાક માટે કહ્યું છે તેટલું બીજા કશા માટે કહ્યું નથી. આપે કહ્યું છે કે અમરદાર! જેઓમાં પ્રમાણીકતા અમાનતદારી નથી તેઓમાં ઇમાન નથી અમાનતદારી પ્રમાણીકતાનો અર્થ એ નથી કે (૧૦) રૂા. કોઇએ તમારી કને અમાનત મૂકયા તે ૧૦) રૂા. તેને પાછા આપવા. પણ પ્રમાણીકતા એ છે કે એક માણસ તમારી કને કોઇ મશવેરો માગે તો તેને સાચો મશવેરો આપવો. તે પ્રમાણિકતા પણ કંઇ જાતી રહ્યાં કે સંબંધને લઇને તેને ખાસ સલાહ આપવી તેજ અપ્રમાણિકતા. મુસલમાન તે છે કે જેની જબાથી ને હાથથી

બીજો મુસલમાન સલામત રહે, પણ અફસોસ કે આજે એક મુસલમાન બીજા મુસલમાનનુ માથુ ભાગવા નજીકી જાણતમા તૈયાર થઇ જાય છે

"મુસલમાન તે છે કે જેનાથી તેનો પાડોશી નચિંત રહે' પછી તે પાડોશી હીન્દુ હોય કે મુસલમાન "તે પણ મુસલમાન નથી જેનો પાડોશી ભૂખ્યો સુધ્ધ રહે ને એ લોકો પેટ ભરીને ખાય"

અંતમા તેમણે એક હદીસ કહી સભળાવી હતી કે "રસૂલુલ્લાહ (સ.)એ સહાબાઓને ફરમાવ્યુ કે 'હુ તમને એવુ બતલાવુ કે જે નમાઝ, રોઝા, અને સદકાથી શ્રેષ્ઠ છે?' સહાબાઓએ કહ્યુ "અમને જરૂર બતાવો" રસૂલુલ્લાહે ફરમાવ્યુ "તમે તમારા પરસ્પરના સબધો—વ્યવહારો સાફ રાખો ખબરદાર "તમે પોતાને' જાણુમાનીથી બચાવો, જે નરાધમ જુઠ છે એક બીજાના ઐબ ન કહાડો, માહો માહે દ્વેષ, અદાવત, ન રાખો, અને સવે એક મેમના ભાઇ ભાઇ થઈ જાઓ'

"એક ઇન્સાન બદઝાત હોવાનો પુરાવો એ છે કે કે બીજા મુસલમાનને નીચ ગણે તેની આબરૂ ઈજ્જત લેવી, તેનો એક પૈસો મારવો ગુમરાહી છે"

એ વાતોને યાદ રાખશે તો મુસલમાનો ઘણી જાણતોથી બચી શકે છે આગળ જતા મૌલાનાએ દર્શાવ્યુ કે –

"રસૂલ (સ.)ના શિક્ષણમા નીતિ અખ્લાકનુ ઘણુ ઉચ્ચ સ્થાન છે પણ મુસલમાનો તેને બરાબર સમજતા નથી ઇમાન અને અખ્લાકનો સબધ એવો છે કે જે મનુષ્યમા નીતિ-અખ્લાક નથી તેમા ઇમાન નથી

હુ ફરી એકવાર કહીશ કે અમારા સર્વ અકીદાઓમા "જાહેલીયત'ની અસર છવાઇ ગઈ છે છતાયે હજુ એની કઇ અસર થઇ નથી

ધર્મોના બે વિભાગ થઇ શકે છે (૧) તેમા એક એ કે જે ઇન્સાની જીદગી સાથે સબધ રાખે છે (૨) આખિરત સાથ સબધ રાખે છે ઇસ્લામ એક એવો ધર્મ છે કે મનુષ્ય જીવનના દરેકે દરેક અગો ઉપર પોતાનો પ્રભાવ અને અસર રાખે છે હુ આપ લોકોને ચોકખે ચોકખુ કહીશ કે તમે ધર્મને મસ્જીદોમા બધ કરી રાખ્યો છે, મસ્જીદો બાજી આપણે લાખો રૂપીઆ વેડફી નાખીએ છીએ, ત્યારે રસૂલુલ્લાહ (સ.)ના જમાનામા લાખો રૂપીઆ જિહાદ પાછળ ખરચાતા હતા એ તમારા લાખો રૂપીઆ મસ્જિદ પાછળ એળે જાય છે અલ્લાહ એ કામોથી રાજી નથી પરતુ જેમા કુવ્વત છે, જેથી કૌમને શક્તિ અને બળ મળે છે તે બાજી રૂપીયા ખરચાવા જોઇએ

હુ મારી વાત કહુ છુ 'અલફુર્કાન" માસિક સાથે મારો સબધ છે, તે બાબત એક ગુજરાતીમા પત્ર આવ્યો હુ ગુજરાતી જાણતો ન હોવાથી તેનો તર્જુમો કરવા મારા મિત્ર ઉપર મોકલ્યો, તો આવા આપણા પત્ર માટે કેટની કોશિશ કરીએ છીએ, પણ અલ્લાહના કલામ કુર્આન શરીફને આપણે દફતરમા બધ કરી રાખીએ છીએ, તેમા શુ છે તે જાણવાની, તર્જુમો સમજવાની પરવા રાખતા નથી મૌલવી પણ સમજાવી શકે છે, પણ તમે સમજવાની કોશિશ કરતા નથી આજે જે તમામ અધોગતિ માટે રડો છો, તે અલ્લાહનો – અજાબ છે કેમકે તમે અલ્લાહની કિતાબને છોડી

❀ સાહિત્યકારોના અભિપ્રાય ❀

કવિશ્રી ખબરદાર—

"ચિનગારી" હું વાંચી ગયો છું, ને તેમાંથી ઘણે ઠેકાણે મેં આનંદ મેળવ્યો છે. તમારા હૃદયમાં કવિત્વનો ઝરો ફુટેલો છે, એને તમારી આંખની કીકીમાંનાં કિરણોમાંથી જે ચિનગારીઓ ઉડી છે, તે ઘડીભર દારૂખાનામાંથી ઉડીને આકાશે ચઢેલું બાણ (Rocket) ને તેમાંથી રંગબેરંગી તારા ઝળા રહે, તેવી લાગે છે. તમારી ગદ્યાવલિઓમાં ઓસનાં તાજાં બિંદુ છે ને તેમાંથી સૂર્યકિરણોના પ્રતિચમકારા થાય છે.

જનાબ મુનાદી સાહબ—

"ચિનગારી" સ્પષ્ટ રીતે અગમચેતી આપે છે કે ગુજરાતમાં એક નવો મુસ્લિમ કવિ જન્મી ચુકયો છે અને પોતાના ભાવિ સંદેશોને જલ્દી ધડતર આપી રહ્યો છે.

શ્રી સુન્દરમ—

ચિનગારીમાંની ઘણી કડિકાઓમાંથી સારાં મુક્તકો સર્જી શકાય તેમ છે.

શ્રી ચાંપશી વિ૦ ઉદેશી—

ચિનગારી મને ગમે છે તેમા Original ideas હોય છે એ માટે.

Mr. P. R. Kalkhini

I have looked into some of the short pieces and read them With pleasure

આંખોમાં પ્રકાશનાં અંજન આંજવા

ચિનગારી

"તુરાબ"

મૂલ્ય રૂપિયો એક

(આફ્રિકા માટે શી. ૨)

પત્રકારોએ આ પુસ્તક પર પ્રશંસાના પુષ્પો વેર્યાં છે.

આજેજ મંગાવો

રૂપમ સાહિત્ય કાર્યાલય,

૧૩૮, ઝકરીયા મસ્જિદ સ્ટ્રીટ

મુંબઈ. ૯

સ્ટોકિસ્ટઃ– ધી સાંદેર સ્ટોર્સ કણપીઠ,–સુરત.

જાણીતા બુકસેલર્સ પાસેથી પણ મલશે.

❀ પત્રકારોનો અભિપ્રાય ❀

મેમથ બુલેટીન—

દુનિયાના અસીમ પટ ઉપર ઉભરાતી માનવતા વચ્ચે ઉભેલો લેખક એક માનવની હૃદય વીણાને ઝાલી બેઠો છે અને એ વીણાનો એકેક તાર ઢળવે ઢળવે બજવી રહ્યો છે, અને એ બાજતી વીણામાંથી સૂરો નિકળે છે કોઇમાં રૂદન છે કોઇમાં દર્દ છે, કોઇમાં હર્ષ છે. અને લેખક પોતે પણ માનવ હૃદયના એ સનાતન મહાગીતના સ્વરો સાથે તાલ મિલાવતો માનવતા સાથે ભળી જાય છે

ઇસમાઇલી—

જાણે દરેકના જીવનનું કાવ્ય ગાતા હોય, તેવા સુંદર ગદ્ય કાવ્યો સર્જ્યાં છે. જીવનનાં પાનાં પછી પાનાં ઉકેલતાં હોય તેમ એક એક કાવ્ય નવી ભાવના, નવા વિચારો, નવું ચિન્તન ઉપજાવે છે.

ઇન્સાફ (દૈનિક) :—

લીટીએ લીટીમાંથી પ્રેરણાના પ્રાણ રમે છે, ગુર્જરગિરાને ઓપાવતી અને સમૃદ્ધ બનાવતી શૈલીમાં મુસ્લિમ લેખક ભાઇ "તુરાબે" ગુજરાતને એક સુંદર કિતાબ અર્પી છે.

ગુરૂસુંદરી—(મહેશ ૬૦ શુકલ)—

કાવ્ય સાહિત્યમાં શોભતી ભાવનાઓને ગદ્યમાં રજુ કરતી શ્રી તુરાબની 'ચિનગારી' માંની કેટલીક ભાવના સાચેજ મનોરમ છે. એમાંથી ઘણા વિચારો મૌલિક છે અને એની રજુઆત પણ મઝાની રીતે થઇ છે.

Modern Review K. M. J.)-

Chingri really uen ities whatever it touches

તો અલ્લાહે તમને છોડી દીધા કુર્આન હિદાયત માટે છે ને તમો તો ફકત તેનું ખાલી રટન કરો છો!

આમ મુસ્લિમોમાં કેટલાક એમ સમજે છે કે ગેર મુસ્લિમોનું નુકસાન કરવામાં કંઇ પાપ નથી. હુલ્લડો કરવામાં એવી કોનામાં હીંમત છે કે કલાણા મુસ્લિમે હુમલો કર્યો હતો? તમે કહેશો કે હિન્દુઓ એમ કરતા નથી પણ તેમને ત્યાં હિદાયતજ કયાં છે? પણ વાત એ છે કે જે ગુનેહિમાં બીજી કોમો ફસેલી છે તેમાંજ મુસ્લિમ કોમ પણ ફસી છે.

હાલનો દીની મદરેસા વિષે બોલતાં મૌલાનાએ કહ્યું કે આજથી બસો વર્ષ ઉપર અમારા વડીલોએ દિનની સલામતી અને હિફાજત અર્થે ઇલ્મી અને અમલી કોશિશો કરી તેમણે કંઇ કામ કર્યું છે ને અમે અમારી ફરજો ભૂલી ગયાં છતાં એ જે કંઇ કાર્ય થયું તેથી ઇસ્લામની મૂળી રક્ષિત રહેતી આવી. જો અમે અમારા અમલની સુધારણાની દરકાર ન રાખીએ તો સર્વ કંઇ એ દીનની પુંજીએ ફના થઈ જશે.

અને મૌલાનાએ અમલી કાર્ય કરવાના ઉદાહરણ રૂપે ગઝવએ બદ્રની ઘટનાનો દાખલો આપ્યો હતો કે રસૂલે કરીમ (સ) ગઝવએ બદ્રમાં ફકત ૩૧૩ માણસો ઉભા કરી શકયા, તો તેમણે અલ્લાહના દરબારમાં દુઆ ગુજારી કે "હે અલ્લાહ, જો આજના મેદાનમાં ઉભા કરેલ મુજાહિદો ખપી જશે તો ફરી તારું નામ લેનાર કોઇ બાકી ન રહેશે." પરંતુ એ દુઆ રસૂલે અકરમે (સ૦) ત્યારે કરી જ્યારે જંગ માટે અત્યારીક રીતે સર્વ તૈયારીઓ કરી એટલા માણસો મેદાને જંગમાં મોકલી ચૂકયા. તેથી અમલી-કાર્ય અને કોશિશ વગર હાથ જોડી બેસી રહેવાથી કોઇ મદદ કરતું નથી કંઇ થતું નથી.

તે પછી તેમણે હાલના અરબી દીની મદરેસામાં ચાલતા કોર્સમાં સંજોગોવશાત ફેરફારો કરવા અપીલ કરી હતી તેમણે સ્કૂલ કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓ માટે એવા દીની મદરેસામાં બાલ સમયને બાલ અભ્યાસ-ક્રમની વ્યવસ્થા કરવી જોઇએ, વળી ઉમ્મા બનાવવાની પધ્ધતીમાંય પરિવર્તન થવું જોઇએ. હાલના નિસાબમાં ફેરફાર થવો ઘટે છે. એટલે એવો નિસાબ રાખવો કે જે જેમ બને તેમ ટુંક સમયમાં તે પૂર્ણ કરી શકાય. તે પછી મદ્રાસ આલિમો ફાઝિલ વલીએ કામિલ હજરત શાહ વલી ઉલ્લાહનો કોર્સ મદરેસામાં ચલાવવા ને તેમની રચીત કિતાબોથી તલબાઓને લાભ ઉઠાવવાની તક આપવા ઉપર ભાર મૂકયો હતો. અને દુઆ સાથે પોતાનું ભાષણ મૌલાનાએ સમાપ્ત કર્યું હતું.

મૌલાના ઉબૈદુલ્લાહ સીંધીની તકરીર

આ પછી જલ્સાના પ્રમુખ મૌલાના ઉબૈદુલ્લાહ સાહેબે પોતાના ભાષણમાં જણાવ્યું કે:-

"આજે જગતમાં પરિવર્તનો થઇ રહ્યા છે. દરેક સદી ને દર વર્ષે નવા નવા સંજોગો ઉપસ્થિત થતા રહે છે. આપણા હિન્દમાંયે ક્રાન્તિઓ થતા રહે છે. અખીલ હીન્દમાં બે મહાન સમ્રાટો થયા છે. તે મહાન સમ્રાટ આલમગીર અને સમ્રાટ અશોક હતા. તેઓ આખા હિન્દના માલિક હતા, તેઓના જમાનામાં જે કાનૂનો અને વ્યવસ્થા ઘડાઈ તે ઉપરથી કહી શકાય છે કે તેઓ નવા યુગના ઘડનારા હતા.



મૌલાનાએ હિંદમાં ઇસ્લામના ઇતિહાસ ઉપર વિવેચન કરતા જણાવ્યું કે હિન્દમાં ઇસ્લામની શરૂઆત અરબોએ કરી; છતા ખરું જોતાં હિન્દમા ઇસ્લામના હકમ ગીઝની માર્ગે આવ્યાં. આસરે ૬૦૦ વર્ષો ઉપર મહમૂદ ગઝનવીએ હિન્દનો પ્રથમ હિસ્સો સર કર્યો, મહમૂદે એ હિ ના પ્રજાપના રાજા જયપાળ પાસે રોપિ. અને એ પ્રથમ હિસ્સો જયપાળના દેહાંત કે જે મુસલમાન થઇ ગયો હતો તનજર હતાં કમ એક દેશ જીતી તેજ દવાના નાનેનાન સે દરના પ્રસંગ આ પડેલો ન હતા ઇસ્લામના પ્રથમ પ્રસંગ હજરત ઉમર (રદી) ના જમાનામા બન્યા હતો. જ્યારે ઇરાનની જીત થઇ ત્યારે હજરત ઉમરે (રદી)એ પ્રાંત હજરત નામના હાસી રદી ને સપુર્દ કર્યો હતો કે જેના એક પારસી નવમુસ્લિમ હતા. હીન્દમાં મહમૂદ ગઝનવીએ શરૂ કરેલું ઇસ્લામ હજરત આલમગીર (૨૭) એ પૂર્ણ કર્યું હતું.

એ પછી જેઓ હિન્દી મુસલમાનોને હિન્દથી જુદા પાડવા માંગે છે તેનું વર્ણન કરતા જણાવ્યું કે અમે મુસલમાન છીએ, અમે હિન્દમાં પેદા થયા. અમે હીન્દી છીએ. અમે હીન્દથી જુદા થઇ શકતા નથી. એક સૈયદ છે જેની દશ પેઢી હીન્દમાં વસતી આવી છે તે શું હીન્દી નથી? એક ઇરાની પેઢીઓથી હીન્દમાં વસતો આવ્યો છે તે શું હીન્દી નથી? જુઓ છે તે ઇન્સાન કે જે અમને હિન્દથી જુદા પાડવા માંગે છે. અમે હિન્દુસ્તાનને વતન કર્યું છે તેને માટે લાખો મુસલમાનોની કુરબાની કરી છે માટે આખો હીન્દ અમારો દેશ છે, તેનાથી અમે કદી વિખુટા પડી શકતા નથી

હીન્દમાં થયેલા પરિવર્તનનો ઇતિહાસ કહેતાં તેમણે જણાવ્યું કે આજનું હિન્દ પ્રથમ જેવું રહ્યું નથી. અમારી કનેથી ૨૦૦ વર્ષથી હીન્દ છીનવી લેવાયું છે. પરંતુ એ નવા માલિકો નવા કાનૂનો કયાંથી લાવ્યા? એ કાનૂનો અમારાજ ઘડેલા છે. અમારોજ ઇતિહાસ છે. અમારૂંજ બંધારણ છે. અમારો ઇતીહાસ હિન્દના સમ્રાટ આલમગીરની સાથે પૂર્ણ થાય છે. તેમના પછી તેમના વારસોના સમયમાંજ રાજ્યના ટુકડે ટુકડા થઇ ગયા. હકૂમતની પડતી સાથે કુર્આનની હકૂમતની પડતી થઇ. છતાં અમે માનીએ છીએ કે જ્યાં લગી જગતમાં ઇન્સાનીયત અને ઇન્સાન રહેશે ત્યાં લગી જગતમાં કુર્આન આપી રહેશે. કુર્આનની રક્ષા કરવાની જીમ્મેદારી અલ્લાહે પોતાના માથે લીધી છે, તે જીમ્મેદારીનો હક્ક આજના કુર્આનના દાઈઓ અદા કરી રહ્યા છે. સુલ્તાન આલમગીરે હિન્દમાં કુર્આનની મદ્રસા સ્થાપિત કરી હતી. જ્યારે સુલ્તાન પછી તેજ સલ્તનત કમજોર થઇ ગઇ ત્યારથી કુર્આની અદકામોની આગમાં કમજોરી આવી, હવે એ કુર્આની અદકામોના પ્રચારનું કામ સુલ્તાનની હકૂમત કમજોર થતાં એક રેઢાંગે ઉપાડી લીધું. એ સમુહ તે ઇસ્લામના આમિમો છે. હું તો એક નવમુસ્લિમ છું. છતાં તમને ઇસ્લામની વાતો કહું છું તે કેવળ શાહ વલીઉલ્લાહના શિક્ષણના પ્રતાપે. તેમના ખાનદાનના માણસોએ તે ઉપાડી લીધું. શાહ વલીઉલ્લાહને એ દીનનું કાર્ય કરવાની પ્રેરણા અલાહ તરફથી થઇ. એ ઇસ્લામનું કાર્ય કરતા એમનાં પૌત્ર હજરત ઇસ્માઇલ શહીદ કુર્આનની હકૂમત કાયમ કરવાનો પ્રચાર કરતા શહીદ થઈ ગયા આ વાતને એક સદી પીની ગઇ છે.

મુસલમાનોને પ્રતિહાસનો અભ્યાસ કરવા આગ્રહ કરતાં તેમણે જણાવ્યું કે દરેક મુસલમાને 'ઇતિહાસનો' સંપૂર્ણ અભ્યાસ કરવો જોઇએ. સુલ્તાન આલમગીર જેવા અહીંયા એવા સુલ્તાનો અને મહારાજાઓ થઇ ગયા કે તેવા અમને યુરોપના ઇતિહાસમાં જડશે નહીં. યુરોપમાં નેપોલીઅને એક સિધ્ધાંત કાયમ કર્યો, પણ હિન્દમાં તો આલમગીરે દેશને એક કાનૂનનો પાયો કર્યો. એક બંધારણ કાયમ કરી તે ઉપર લોકોને અમલ કરતા કર્યા.

એવા મહાન સમ્રાટોને આજના ઇતિહાસમાં બરાબર ચીતરી આપણા બાળકોને શીખવવામાં આવે છે. જદુનાથ સરકાર અને બીજા એક બંગાળી ઇતિહાસકારે આલમગીર વિગેરે વિષે જે કંઇ ઇતિહાસો લખી તેમનાં વખાણ કર્યા છે તે પણ હું કહું છું કે આલમગીર વિષે કંઇજ જાણતા નથી તેમને બિલકુલ ઓળખ્યા નથી.

સુલ્તાન આલમગીર પછી જે કંઇ જોહર અમારી કને બાકી રહ્યું છે તે શાહ વલીઉલ્લાહ અને તેમના જ્ઞાનદાનનાજ પ્રતાપે બાકી રહેવા પામ્યું છે.

એજ લોકોએ આલમગીર પછી કુર્આનનો પ્રચાર કર્યો. એમણેજ મહાન સોસાયટીઓ સ્થાપિત કરી જિહાદો કર્યા, જેલો ભોગવી, હાર પણ ખાધી અને શહીદ પણ થયા, મોગલાઇ સલ્તનતના અંત પછી જે હિંદુસ્તાનમાં શાહ વલીઉલ્લાહના ખરા પ્રતિનિધી જન્મ્યા હોય તે દેવબંદના ઉલમા છે ને તેઓજ મારા ઉસ્તાદ છે. એઓ ને સય્યદ અહમદ બરેલ્વી, હજરત કાસમ નાનોતવી વીગેરે છે એ સામ્રાજ્ય શાહ વલીઉલ્લાહના પ્રતિનિધિઓ હતા. તેઓએ પોતાનો પ્રોગ્રામ ઘડ્યો અને દેવબંદ જેવા મદરેસો કાયમ કર્યા.

અમારો પ્રોગ્રામ ચોકખો છે એ પ્રોગ્રામના ઘડનારમાં હું મહાત્મા ગાંધીનો ફાળો છું. એમના અહિંસાત્મક અસહકારની લડતનો પ્રોગ્રામ વાંચી હું તે વેળા ઘણોજ આશ્ચર્ય ચકીત થયો કે એ પ્રોગ્રામ મને કેમ ન સુઝ્યો? એ પ્રોગ્રામ તો અમારા મદની આકા (સલ્લ૰)નો મક્કી પ્રોગ્રામ છે.

મુસલમાનોને પોતાના પગ ઉપરજ ઉભા રહેવાની કોશિશ કરવા ભારપૂર્વક કહેતા જણાવ્યું કે ભાઇઓ, પહેલાં આપણે લડતા હતા, હવે આપણે હારી ગયા છીએ ને હવે ઉભા થવા માટે આપણે આપણા બાહુબળનો આસરો લેવો જોઇએ. એ આસરો તે અહીંસાત્મક અસહકાર છે. હું અફગાનિસ્તાનમાં ચાર વર્ષ રહ્યો છું. તુર્કીમાં હું લાંબો વખત રહ્યો છું. મેં એ દેશોમાં સર્વ કંઇ જોયું ને તપાસ્યું

'રમઝાન'

આવો, આવો ઓ રમઝાન!
તું તો મુસ્લીમોનો મહેમાનઃ
કરું હું શું તુજ ગૌરવ ગાન?
તુજ ઉષાની લાલીમાંથી થાતું દૈવિ વિધાનઃ
તુજ સંધ્યાની કાલીમાંથી મળતુ જ્ઞાનજ્ઞાનઃ
કરું હું તુજ ગૌરવ ગાન?
તું તો મુસ્લીમોનો મહેમાન.
કૂલ ગુલાબી ઓષ્ઠો ઉપર ભૂખ તૃષાના પાનઃ
સૂકી રસના રસથી રટતી રટણ સદા સુબ્હાન.
આવો, આવો ઓ રમઝાન!
તું તો મુસ્લીમોનો મહેમાન.

—'સાબિર' (વડવા.)

તો જણાયું કે એ દેશોમાંથી મુસલમાનોને કંઇ એ આસરો કે મદદ મળે એમ નથી બહારની મદદની આશા મુસ્લિમોએ છોડી દેવી જોઇએ.

મૌલાનાએ પોતાનો પ્રોગ્રામ અને પ્રવૃત્તિ વીષે પ્રવચન કરતાં કહ્યું કે હું મોરક્કોમાં લાંબો વખત રહ્યો છું. ત્યાંની ઇન્કિલાબી સોસાયટી-ઓમાના સહવાસમા આવ્યો છું. મે જે કંઈ અનુભવ મેળવ્યો તે ઉપરથી કહી શકું છુ કે મને મારા પ્રોગ્રામ કે શિક્ષણ માટે ગાંધીજીની પાછળ દોડવું પડે તેમ નથી. મારો ૨૨ વર્ષનો ઇતિ-હાસ સરકાર કને નોંધાએલો છે. હુ કોંગ્રેસી છું અને કોંગ્રેસમા એક એવી પાર્ટી ઉભી કરવા માગુ છું કે અહિંસાના સીદ્ધાંતને માન્ય રાખી તે હઝરત શૈખુલ હિન્દ મહ્મૂદના સિદ્ધાત પ્રમાણે આવી શકે મેં હાલમાં સિંધ પ્રાંતમાં મારા પ્રોગ્રામના મંડાણ શરૂ કર્યા છે. અમારા ઉસ્તાદ કાસમ નાનોત્તરીએ જે જે મદરેસા સ્થાપ્યા તેની પ્રસ્તાવના રૂપે હું નવા મદરેસા સ્થાપવા માંગું છું. હવે અમે કોઈ કામ સરકારથી છુપી રીતે કરી શકતા નથી.

અંતમાં તેમણે ગુજરાતના મુસલમાનોને અહિંસાનું પાલન કરવાનો બોધ આપતાં કહ્યું કે ગુજરાતના મુસલમાનો મોટે ભાગે વેપારી વર્ગના છે તેથી તેમને અહિંસાનું પાલન કરવા આપણ કરું છું. હું સીંધમા રહું છું ત્યાં મુસલમાનોની બહુમતી છે. તેઓ જો હિંસાના પગલે ચાલે, તો તે બહુ અવાસ્તવિક ગણાશે. નહી, પણ ગુજરાત કે જ્યાં મુસલમાનો ઘણીજ લઘુમતિમાં છે ત્યાં તો મુસલમાનોએ અહિંસાનું પાલન કરવુંજ ઘટે છે.

મદરેસા વિષે બોલતા તેમણે જણાવ્યું કે હાલના તબક્કે આવા મદરેસાના કોર્સમાં વધુ ફેર-ફાર કરવાની જરૂર જોતો નથી પણ એના અભ્યાસ-ક્રમમાં વેપારી શિક્ષણનો અભ્યાસ રાખવો જોઇએ. એવા વેપારી શિક્ષણ લીધેલા તાલિબ ઇલ્મોને થોડીક મૂડીઓ આપી ગામડાઓમાં દુકાનો ખોલી દેવાની જોઇએ. એજ વીદ્યાર્થીઓ કે જેઓ કુર્આનનું શીક્ષણ લીધેલું હશે તેઓ હિન્દુ અને મુસલમાન બંનેના સંબંધમાં આવશે અને કુર્આન પ્રચાર કાર્ય શાંતીપૂર્વક કરી શકશે.

બધા દીની મદરેસાઓને એક મહાન દારૂલ ઉલૂમ (યુનીવર્સીટી) હેઠળ મૂકવા ઉપર પ્રવચન કરતાં તેમણે જણાવ્યું કે આપ લોકોએ ગુજરાતમાં એક દીની ઇલ્મનો મહાન મદરેસા (યુનીવર્સીટી) કાયમ કરવી જોઇએ. આવા મદરેસામાથી ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ ઉંચ તાલીમ માટે આ મદરેસામાં આવી શકે.

આ પછી મૌલાના અહમદ અશરફ સાહેબે સૌ બહાર ગામથી આવેલા મેહમાનોને જાહેર દાવત મુજબ ભોજન લઇને ઘેર જવાની આગ્રહ પૂર્વક વિનતી કરી હતી.

એ મુજબ એ જલસો ૧૨॥ વાગે પૂર્ણ થયો હતો. (સંપૂર્ણ)

અપીલ

રકૅાલરશીપ ફંડમાં

આપની નાની યા મોટી રકમ, ઝકાત અથવા ખૈરાતની મોકલાવી, ગરીબ મુસ્લિમ વિદ્યાર્થીઓને આપ મદદ કરી શકો છો. એસોસીએશનની સ્થાપનાથી ઘણાયે ગરીબો કૉલેજ જીવનમાં લાભ લઇ નોકરી ધંધે લાગી ચૂક્યા છે. આ મુબારક રમઝાન માસમાં આ ફંડને ભૂલશો નહીં

ઑનરે. સેક્રેટરી :—

એમ. એમ. પી. ઑલ્ડ બૉયઝ એસોસીએશન,

સૂંદર

મદરેસા સંબંધી પરીક્ષકો તથા અન્ય આલેમોના અભિપ્રાય.

(૧)

"તારીખ ૨ જી માહે શાબાન ૧૩૬૦ હિ૰ મુતાબેક તારીખ ૨૬ ઑગસ્ટ સને ૧૯૪૧ ઇ૰ વાર મંગળના રોજે જનાબ મૌલાના હાજી અહમદ અશરફ સાહેબના હુકમ મુતાબેક હું અરબી અને ફારસી દરજ્જાના તલબાઓનું વારસીક ઇમ્તેહાન લેવા માટે હાજિર થયો. અરબી અને ફારસીનું ઇમ્તેહાન અમોએ સારી પેઠે લીધું. જુદી જુદી જગ્યાઓથી તલબાઓને સવાલો પૂછ્યા. તેના જવાબ તલબાઓએ સારા આપ્યા, જેનો નતીજો નંબરો ઉપરથી જાહેર છે. એ સર્વે મોહતમિમ સાહેબ મોસુફ અને મુદર્રેસીન સાહેબોની સારી કોશિશનું પરિણામ છે."

લી૰ બંદા સૈયદ રસૂલશાહ.
મુદર્રિસ મદ્રેસા મતલેઉલ ઉલૂમ સુરત.

(૨)

"જનાબ મૌલાના અહમદ અશરફ સાહેબ મોહતમિમ દારૂલ ઉલૂમ મદરેસાએ અશરફીઆ રાંદેર ના હુકમથી તારીખ ૧ લી માહે શાબાન સન ૬૦ હિ૰ મુતાબેક તારીખ ૨૫ ઓગસ્ટ ૧૯૪૧ ઇ૰ પીરના દિવસે ઇલ્મે તજવીદ અને કિરાઅતના દરજ્જાનું ઇમ્તેહાન લેવા હું હાજર થયો. માશાઅલ્લાહ ઇમ્તેહાનનો નતીજો ઘણો સરસ નિવડ્યો છે. જનાબ કારી મોહમદ હુસન સાહેબની મહેનત કાબિલે કદર અને મુબારકબાદ ને લાયક છે. તલબાઓની સંખ્યા ઘણી છે. જેથી કારી સાહેબ મોસુફ એકલા કારી થઇ શકતા નથી, માટે તુરતજ એક બીજા કારીની પણ નીમણુક કરવી જરૂરી છે. જનાબ મોહતમિમ સાહેબે ઇલ્મે તજવીદનો દરજ્જો કાયમ કરી તલબાઓ પર મોટો એહસાન કર્યો છે. વળી વધારે ખુશીની વાત એ છે કે રાંદેરના રોઠીબાઓના છોકરાઓ પણ કિરઅત શીખવા આવે છે. અને તેઓના દિલોમાં શોક પૈદા થયો છે. ખુદાના ફજલથી સર્વેએ એ ઇમ્તેહાનમાં કામયાબીના નંબર હાસલ કર્યા છે."

લી૰ સૈયદ અબ્દુર્રહીમ લાજપોરી.
ઇમામ બડી જામે મસ્જિદ રાંદેર.

(૩)

" કમતરીને મદરેસા અશરફીઆ રાંદેરના છોકરાઓનું વાર્ષિક ઇમ્તેહાન મૌલાના અહમદ અશરફ સાહેબ રાંદેરીના કહેવાથી ફારસી અને ઉર્દૂનું તારીખ. ૨ જી માહે શા'બાન, સન ૬૦ હિ૰ વાર મંગળના રોજે લીધું. છોકરાઓ હોશિયાર છે. ઘણી ખુશીની વાત એ છે કે રાંદેર કસ્બાના છોકરાઓ જેઓ સ્કૂલમાં અંગ્રેજી શીખે છે. તેઓ ઉપર ઘણી સારી કોશિશ કરવામાં આવી છે, છોકરાઓને તાલીમુલ ઇસ્લામ, ચહારબાગ અહલુલહલા વગેરે કિતાબોના મસાઇલ મોઢે યાદ છે. વળી છોકરીઓને પણ તા'લીમુલ ઇસ્લામ મોઢે કરવામાં આવ્યા છે. તેમજ તેઓને કુર્આન શરીફનો તર્જુમો પણ પઢાવવામા આવ્યો છે. એ જોઈ મને ઘણી ખુશી થઇ છે, બીજા છોકરાઓને પણ જોઇએ કે દીની તા'લીમ માટે આ મદરેસામાં આવી લાભ ઉઠાવે, ઇમ્તેહાનનુ પરિણામ સારૂં આવ્યું છે. ખુદાપાક મદરેસાવાલાઓને મુબારક કરે આમીન.

લી૰ મોહમદ અહમદ દેવમંદી.

(૪)

મૌલાના ઉબેદુલ્લા સાહેબ. સીંધીનો અભીપ્રાય.

"બંદા ઉબેદુલ્લા (કુરેશા અનસ્રી) મૌલાના અહમદ અશરફ સાહબ મંદેરીના આમંત્રણ પર એમના દારૂલ ઉલુમ અશરફીઆના વાર્ષિક જલસામાં શામિલ થયો. એમણે પોતાના વડીલના પુરાના મદરેસાને નવા પ્રોગ્રામ ઉપર ચલાવી પહેલો જલસો કર્યો હતો. અમે તલબાઓને ઈનામ વહેંચ્યું પ્રોગ્રામમાં અમોએ મશ્વેરાઓ આપ્યા. ઉમ્મીદ છે કે ઇન્તેઝામ કરનારા સાહેબો તે પર લક્ષ આપશે. અમે એવી તરેહના મદરેસાને ઇસ્લામી શિક્ષણના બોનાદ્રિજ જણીએ છીએ. એજ કારણ સર તેઓની મઝબૂતી અને ફતેહમંદી માટે અલ્લાહ પાકથી આજીજી ભરી દુઆ ગુજારીએ છીએ. કે ઇસ્લામની સેવા માટે જેના ઉપર તેની રઝામંદી હોય તેનાજ ઉપર તે ઇન્તેઝામ કરવાવાળાઓને હિમ્મતથી આગળ વધવાની તૌફીક અતા ફરમાવે. અને જે છોકરાઓ અને છોકરીઓ અહિંથી પઢી નીકળે તેઓને અલ્લાહના હુકમો બજાવ કરવા માટે સમજ અને મઝબૂતીથી કાયમ રહેવા પર મદદ બક્ષશે. અલ્લાહ તૌફીક અતા કરનાર છે."

લી૰ ઉબેદુલ્લા સીંધી.
તા. ૫ મી સપ્ટેમ્બર ૧૯૪૧

(૫)

મૌલાના મોહંમદ મંઝૂર, એડીટર 'અલ-કુર્કાન', બેલવીનો અભીપ્રાય


"મારા મોહતરમ દોસ્ત મૌલાના અહમદ અશરફ સાહબ મંદેરી મોહતમિમ મદ્રેસા અશરફીઆની દા'વત પર મદરેસા મંજૂરના નવા દૌરના પહેલા વાર્ષિક જલસામાં હાજર થવાનો મને મૌકા મલ્યો, મદરેસાની કેટલીક બાબતો વાર્ષિક રિપોર્ટથી અને કેટલીક બાબતો રીતે માલુમ થઇ અને ભવિષ્ય માટે મદરેસાના કારકુનોના જે ઉંચા વિચારો છે, તેથી પણ ખાસ રીતે ખબર થઇ. મદરેસાના મુખલિસ કારકુનોથી ઉમ્મીદ રાખીએ છીએ કે ઇનશાઅલ્લાહ તેઓ આ મદરેસાને એક મોટા પાયાની દર્સગાહના દરજ્જા સુધી પહોંચાડવામાં કામયાબ નિવડશે. આ મદરેસામાં તે તલબાઓ માટે દીની તાલીમનો જે ખાસ ઇન્તેજામ છે, કે જેઓ અંગ્રેજી સ્કૂલોમાં અભ્યાસ કરે છે તે બીજા મદરેસાવાલાઓ માટે પણ અમલ કરવાને કાબિલ છે. દુઆ છે કે અલ્લાહતઆલા આ કૈડના ચલાવનારાઓને કામયાબી અને મોટા ફાયદા સહીત જારી રાખે, અને કારકુનોને વખતના સંજોગો અનુસાર સંદીદ દીની તાલીમની સેવા કરવાની વધુથી વધુ તૌફીક આપે, આવા ઝમાનામાં આ મદરેસાઓની ખાસ જરૂરત છે. જાહેરી અસબાબમાં દીની તાલીમ અને રૂબ્બાની હિદાયતની હિફાઝતનું આજે એ સર્વથી ઉત્તમ કારણ છે. ખુશનસીબ છે તે લોકો જેઓથી અલ્લાહપાક દીનની, આવા નુકસાનના ઝમાનામાં આ કામ લઈ રહ્યો છે" કલમ.

લી૰ મોહંમદ મંઝૂર. નોમાની.
તારીખ ૧૩ શાબાન સને ૧૬૧૦ હિ૰

'કારવાં એજન્ટસ:=

૧. ધી તાજ ઓફીસ
મુહમ્મદઅલી રોડ, મુંબઈ ૩.

૩. તન્ના ન્યુઝપેપર એજન્સી
નાનકવાડા, કરાંચી.



કારોબારી વસ્તાર .

રમઝાનનો ચંદ્ર જોઈ ઉભા ઉભા તેજ વેગા મુરબ્બે "ઈન્નાકૂતહુના" પડવાથી આખા વર્ષ સુધી રોઝી બહોળી થાય છે. કોઠામાં લખેલા ટાઈમથી સહેરી કરવામાં ઢીલ કરશો તો રોઝા રાખનારનો રોઝો થશે નહી.

માહે રમઝાન હિ. ૧૩૬૦ નું ટાઈમ ટેબલ.

વાર	ઇસ્લામી તારીખ	ઇસ્વી તારીખ	સેહરીનું વખત		આફતાબ ગુરૂબ	
			મુંબઇ ટા.	રેલ્વે ટા.	મુંબઇ ટા.	રેલ્વે ટા.
	રમઝાન	સપ્ટેમ્બર	કલાક-મી.	કલાક-મી.	કલાક-મી.	કલાક-મી.
મંગલ	૧	૨૩	૪-૧૫	૪-૫૪	૫-૫૭	૬-૩૬
બુધ	૨	૨૪	૪-૧૫	૪-૫૪	૫-૫૬	૬-૩૫
જુમેરાત	૩	૨૫	૪-૧૫	૪-૫૪	૫-૫૫	૬-૩૪
જુમ્મ્અ	૪	૨૬	૪-૧૬	૪-૫૫	૫-૫૪	૬-૩૩
સનીચર	૫	૨૭	૪-૧૬	૪-૫૫	૫-૫૩	૬-૩૨
ઇતવાર	૬	૨૮	૪-૧૬	૪-૫૫	૫-૫૨	૬-૩૧
પીર	૭	૨૯	૪-૧૬	૪-૫૫	૫-૫૨	૬-૩૧
મંગલ	૮	૩૦	૪-૧૬	૪-૫૫	૫-૫૧	૬-૩૦
બુધ	૯	ઓકટો. ૧	૪-૧૭	૪-૫૬	૫-૫૧	૬-૩૦
જુમેરાત	૧૦	૨	૪-૧૭	૪-૫૬	૫-૫૦	૬-૨૯
જુમ્મ્અ	૧૧	૩	૪-૧૭	૪-૫૬	૫-૫૦	૬-૨૯
સનીચર	૧૨	૪	૪-૧૮	૪-૫૭	૫-૪૯	૬-૨૮
ઇતવાર	૧૩	૫	૪-૧૮	૪-૫૭	૫-૪૮	૬-૨૭
પીર	૧૪	૬	૪-૧૮	૪-૫૭	૫-૪૭	૬-૨૬
મંગલ	૧૫	૭	૪-૧૮	૪-૫૭	૫-૪૬	૬-૨૫
બુધ	૧૬	૮	૪-૧૮	૪-૫૭	૫-૪૫	૬-૨૪
જુમેરાત	૧૭	૯	૪-૧૯	૪-૫૮	૫-૪૫	૬-૨૪
જુમ્મ્અ	૧૮	૧૦	૪-૧૯	૪-૫૮	૫-૪૪	૬-૨૩
સનીચર	૧૯	૧૧	૪-૨૦	૪-૫૯	૫-૪૩	૬-૨૨
ઇતવાર	૨૦	૧૨	૪-૨૦	૪-૫૯	૫-૪૨	૬-૨૧
પીર	૨૧	૧૩	૪-૨૦	૪-૫૯	૫-૪૧	૬-૨૦
મંગલ	૨૨	૧૪	૪-૨૦	૪ ૫૯	૫-૪૦	૬-૧૯
બુધ	૨૩	૧૫	૪-૨૧	૫-૦	૫-૩૯	૬-૧૮
જુમેરાત	૨૪	૧૬	૪-૨૧	૫-૦	૫-૩૮	૬-૧૭
જુમ્મ્અ	૨૫	૧૭	૪-૨૧	૫-૦	૫ ૩૭	૬-૧૬
સનીચર	૨૬	૧૮	૪-૨૨	૫ ૧	૫-૩૬	૬-૧૫
ઇતવાર	૨૭	૧૯	૪-૨૨	૫-૧	૫-૩૫	૬-૧૪
પીર	૨૮	૨૦	૪-૨૨	૫-૧	૫-૩૪	૬-૧૩
મંગલ	૨૯	૨૧	૪-૨૨	૫-૧	૫-૩૪	૬-૧૩

રોઝાની નિયત:—રોઝામાં નિયત કરવી એટલે રોઝો રાખવાનો ઇરાદો કરવો કર્યું છે. અજ્ઞાનપણે નિયત કરવી જરૂરી નથી. સેહરી આવી એમાં પણ નિયત છે. રમઝાનના રોઝાની નિયત અરબી દીવસ શરૂ થયા પછી ફરજ છે; તેની પહેલી ચોઘડીયાર નથી. નિયત આવી રીતે છે.

" નયતો અન અસૂમા ગદન લિલ્લાહે તઆલા મિન ફરજે શહરે રમઝાન, "

ઇદ્દતારની નિયત—અહલાહુમા લકા સુમતો વ બેકા આમનતો વ અલયકા તવક્કલતો વ અલા રિઝકેકા અફતરતો.

અત્તઅલીગ નં. ૧૩ ઉપરથી.

Printed by: Maganlal Mangaldas Patel, at The 'Gangotri' Printing Press. *Kanpith, Khand Bazar,* Surat.

Published by: Aazum Ahmed Esmail 'Vahshi' for Vahshi Sahitya Karyalay *Kanpith* Surat.

તંત્રી : "ચહુશી" ચંદેરી. સહતંત્રી : "બેકાર"

માસ ઑકટોબર ૧૯૪૧


પુસ્તક ૩. અંક ૨ જો.

અનુક્રમણિકા.

વિષય સૂચિ.	લેખકનું નામ	પૃષ્ઠ.
ઊંડાણુ-ગુલાબી નિદ્રાની ગેાદમાં ...	... "કૃષ્ણ"-"ભરત-રઈક" ...	... ૯૬
ઈસ્લામી શિક્ષણ (કુર્આન) ...	... મૌ૦ અ. રહીમ સા૦ ...	... ૯૦
,, ,, (હદીસ) ...	... ,, ,, ,, ,, ...	... ૯૧
આવાઝની દુનિયા	... "બેકાર"	... ૯૨
ફતાવા	... મૌ૦ અ. અશરફ ...	... ૯૫
અરમાઉલ હુસ્ના	... રિફાઇ-સાબેરી ...	... ૯૭
ચેાક	... રા. વણજારેા ...	... ૧૦૧
વેા'રા	... મૌ૦ નદવી સા૦ ...	... ૧૦૫
મઝદૂર	... હા૦ ટિમેાલ ...	... ૧૧૪
મુસ્લિમ અરબી વહાણવટું ...	... સાલેહ બકીલી ...	... ૧૧૫
હું, મીંયા ને તિરમારખાં ...	... "શાન્ત"	... ૧૨૩
પ્રગતિ	... "નિસાર"	... ૧૨૮
આલમની અજાયબીઓ	... "ઇરમાઇલ"	... ૧૨૯
દીવાદાંડી	... ઉમર કુરૈશી	... ૧૩૨
પવિત્ર રમઝાન	... "ઉસ્કૃત"	... ૧૪૧
સિદ્ધિના સન્માર્ગ	... ગાફિલ	... ૧૪૭
"કેમ થવાશે પાર" (કાવ્ય) ...	... "સુરી"	... ૧૫૦
સુલતાન (ચાલુ વાર્તા)	... "તુરાબ"	... ૧૫૨




વાર્ષિક લવાજમઃ-હિન્દ અને સીલેાન રૂા. ૪, બર્મા રૂા. ૫, પરદેશ શી. ૮



જામેઆહ હુસૈનિયહ, સૂંદેર.

ગુજરાતમાં બહરહ્ય કુલ્લમ સમાન ગણાતો આ દીની મદ્રેસો કે જેની સ્થાપના મરહૂમ મૌલાના હાફેઝ મોહમ્મદ હુસૈન (રહ૦)એ સને ૧૯૧૭ માં કરી હતી. મજકૂર મદ્રેસાએ ખરેખર ગુજરાતમાં ઇલ્મના દરિયા-નું જોર કામ કર્યું છે. દીની ઇલ્મનો ફેલાવો કરવામાં, તબ્લીગ ને ઇશાઅતના જરૂરી વિભાગોને પરિપૂર્ણ કરવામાં આ દીની મદ્રેસાએ ખૂબ પ્રગતિ સાધી છે. આ ઇલ્મના દરિયામાં ઇલ્મની ડિગ્રીઓ દ્વારા મજહબે ઇસ્લામના દીની વારસાની ખૂબ તનદેહી થઇ રહી છે. તે જાણી આનંદ થાય છે કે એ મદ્રેસાનું આર્થિક રૂા. ૧૦૦૦નું બજેટ સણી વસ્તુદોની નેક કમાણીની સદાવતો પર નભી રહ્યું છે. તો તમે પણ આ રમઝાન મુબારકની બરકત હાસિલ કરવા તમારી ઝકાત ખૈરાતનો હાથ આ સંસ્થા તરફ લંબાવી તમારી ફરજ અદા કરો અને જીવ્યું સાર્થક કરો!




જામેઅહ ઈસ્લામીયહ, ડાભેલ.

મુસ્લિમ-ગુજરાત જેની ઉપર વાજબી રીતે ગર્વ કરી શકે એવી આ ગુજરાતના દીની ઈલ્મની યુનિવરસિ
જેવી મહાન સંસ્થા કે જેમા દર સાલ સેકડો મુસ્લિમ યુવાનો દીની ઇલ્મથી તૈયાર થઇ ઇસ્લામના વૃક્ષને તરોતાજ
રી રહ્યા છે. આ મદ્રેસાની નવી ઈમારતનો દેખાવ છે કે જેમા મદ્રેસાની ઑફિસ, તા'લીમવર્ગો, મહેમાનખાના
તુબખાના, વગેરેનો સમાસ થાય છે. તમારી ઝકાત ખેરાતની આ સંસ્થા પણ રાહ જુવે છે.

પુસ્તક ત્રીજું અંક ૨ જો



ચાંદની



ઑક્ટોબર ૧૯૪૧

ઊંડાણ

મને ગમે છે તારાં ઊંડાણ હે આકાશ ! મારી દૃષ્ટિમાં તું સમાઈ જાય છે.

સાગરો મને નથી ગમતાં અને નથી ગમતાં તેમનાં ઊંડાણ.

કારણ કે મારી દૃષ્ટિમાં તે સમાતા નથી. એ કેમ સમાતા નથી તેનું કારણ મેં શોધી કાઢ્યું છે.

દૃષ્ટિને જીવન જેવું ગમે છે; મૃત્યુ નહિ.

* * *

સાગરનાં મોજાંઓ હે આકાશ ! એક બીજાથી યુદ્ધો રમી તત્કાળ લય પામે છે.

તેના પેટાળમાં મોતીઓ ભલે હોય પણ એ મોતીઓની મોંઘી બિછાત પર જળચરો એક બીજાનો નાશ કરી પોતપોતાની ભૂખ મીટાવવા પેટ ભરવાનાં જ માત્ર ખેલ આરંભે છે.

મૃત્યુજ મૃત્યુ ! ના, ના હે આકાશ !

મારી દૃષ્ટિને મૃત્યુ ગમતાં નથી.

મારી આંખોને તો જોવાં છે અમરત્વનાં દૃશ્યો.

અને તું તે પૂરાં પાડે છે હે આકાશ !

હું નમું છું તને.

"કૃષ્ણ" ભાતરી

* * *

ગુલાબી નિદ્રાની ગોદમાં

પ્રખ્યાત ગ્રીક તત્વજ્ઞાની પ્લેટો અતિશય નિદ્રાને સમયની બરબાદી સમજતો. એ પોતાનો ઘણોખરો વખત પથારીમાં પોઢી પુસ્તકો વાંચવામાં પસાર કરતો. આ વખતે એ પોતાની પથારીની નીચે પિત્તળનું વાસણ મૂકતો અને હાથમાં શીશાનું વજન ધરી રાખતો. ઘેનથી એની આંખો ઘેરાતી ત્યારે એની હથેલીમાંનું વજન સરી પડતું અને પેલા વાસણ સાથે અથડાતાં ઉત્પન્ન થતા અવાજથી એ જાગી જતો અને પુનઃ વાચન શરૂ કરતો. ગુલાબી ઉંઘની ગોદમાં ઓદીની માફક કલાકો ચૂંથી પડી રહેતા માનવીઓ માટે આ અખતરો અજમાવી જોવા જેવો છે !

—"ભરત-રહીક"



ઈસ્લામી શિક્ષણ

અલ્લાહ તઆલાનું ફરમાન (કુર્આન
મૌલાના અબ્દુર્રહીમ સાદિક સાહ

(૧૫૨) ઈમાનવાળી સ્ત્રીઓને કહી દે કે પોતાની આંખો નીચી રાખે અને પોતાની નગ્નતાની સંભાળ રાખે અને પોતાનો શણગાર (કોઇને) દેખાડે પરંતુ તેમાંથી જે ભાગ (નું દરેક વખત છુપાવવું અશક્ય હોવાથી કરી તે) ખુલ્લા રહે છે. અને તેણીઓને જોઇએ કે પોતાનું ઓઢણું પોતા ગિરેબાન પર નાખી લે અને પોતાનો શણગાર બોલે નહિ (કુર્આન)

(૧૫૩) અને ખુદાપાકે દરેક પ્રાણીને એકજ પાણીથી બનાવ્યું, ફરી તેઓમાંથી કોઈ એવું છે જે પેટથી ચાલે છે, અને કોઇ એવું છે જે બે પગોથી ચાલે છે અને કોઈ એવું છે જે ચારથી ચાલે છે, ખુદાપાક જે ચાહે બનાવે છે, બેશક ખુદાપાક દરેક વસ્તુ કરી શકે છે (કુર્આન)

(૧૫૪) (હે નબી!) તું કહી દે કે હું તમારી પાસે એ (સંદેશા પહોંચાડવા) નો કંઇ બદલો માગતો નથી પરંતુ (એટલુંજ કે) જે ચાહે તે પોતાના પરવરદિગાર તરફનો માર્ગ ધારણ કરી લે. (કુર્આન)

(૧૫૫) અને તું અમર (ખુદા) પર ભરોસો કર જે (કદી) મરનાર નથી અને તેના ગુણગાનની તસ્બીહ પઢ, અને તે પોતાના બંદાઓના ગુનાહોથી પુરો ખબર રાખનાર છે. (કુર્આન)

(૧૫૬) અને રહમાનના (ખાસ) બંદા તે છે જેઓ પૃથ્વી પર ધીમા પગે ચાલે છે અને જ્યારે તેમનાથી નાદાન લોકો (અજ્ઞાનતાની) વાત કરવા લાગે છે તો કહે છે તમારા પર સલામ. (કુર્આન)

(૧૫૭) શું તને ખબર નથી? કે આસ અલ્લાહનેજ માટે આકાશો અને પૃથ્વિનું રાજ્ય છે, અને તમારા માટે અલ્લાહના સિવાય ન કોઈ હિમાયતી છે, અને ન કોઈ મદદગાર છે. (કુર્આન)



(૧૫૨) રસૂલુલ્લાહ સલ. એ ફરમાવ્યું કે પુરૂષની પરીક્ષા તેના ઘરવાળાઓમાં તેના માલમાં તેના જનમાં તેની ઔલાદમાં તથા તેની પાડોશમાં થાય છે. તેનો કફ્ફારો રોઝા, નમાઝ, સદકો તથા સારાં કામોની આજ્ઞા કરવી અને ભૂંડા કામોથી મનાઇ કરવી છે. (સહીહૈન)

× × × ×

(૧૫૩) રસૂલુલ્લાહ સલ. એ ફરમાવ્યું કે અલ્લાહ ફરમાવે છે, મ્હારા મુમિન બંદાની દુન્યાની તેની વહાલી વસ્તુ જ્યારે હું કબજે કરું છું અને ફરી તે તેના પર સબર કરે છે તો તેના માટે જન્નત સિવાય બીજો કોઈ બદલો નથી. (બુખારી)

× × × +

(૧૫૪) રસૂલુલ્લાહ સલ. એ ફરમાવ્યું કે જે કોઇ નેકીનું કામ અન્યને બતાવશે તો તેના કરનારના જેવો સવાબ તેને પણ મળશે. (મુસ્લિમ)

× × × ×

(૧૫૫) રસૂલુલ્લાહ સલ. એ ફરમાવ્યું કે જે સારી પેઠે ઇસ્લામમાં આવ્યો તો જે તેણે કુફરમાં કર્યું તે ઉપર તેની પકડ થશે નહિ. અને જેણે ઇસ્લામમાં બુરાઈ કરી તો આગલા પાછલા બંને ગુનાહો પર તેની પકડ થશે. (સહીહૈન)

× × × ×

(૧૫૬) રસૂલુલ્લાહ સલ. એ ફરમાવ્યું કે જેના પગો ખુદાના માર્ગ (જિહાદ, તબલીગ) માં માટીવાળા થયા તો ખુદાએ તેના પર અગ્નિ હરામ કરી છે. (બુખારી)

× × ×

(૧૫૭) રસૂલુલ્લાહ સલ. એ ફરમાવ્યું કે જે મુસલમાન પોતાના દીનને બદલી નાખે તેને તમો કતલ કરો. (બુખારી)



આવાજકી દુનિયાકે દોસ્તો! રમઝાન આવીને લગભગ જવાની પણ તૈયારી કરી રહ્યો છે તેવા વખતે હું રમઝાન વિષે કંઈ કહું તે મોડું થયું ગણાશે. છતાંય રમઝાન તો મુબારક છેજ તેની મુબારક બાદીના કારણે તો હજુય હોટલો બીબીઓની જેમ ઘુંઘટ ધારણ કરી રહે છે; યુરોપની સુંદરીઓની જેમ ખુલ્લા મોઢે રહેતી નથી! હજુય રમઝાનની આટલી ધજાઓ મુસલમાનોના દિલોમાં છે એ આનંદ જનક ગણાય. પણ એટલું ખરું કે તબુરો, સિતાર, દિલરૂબા, હારમોનીયમ વગેરે દરેક વાજીત્ર પર લાલ રંગના ગીલાફ હોવા જરૂરી મનાતુ હતું તેમ હોટલ પર પણ લાલ રંગનાજ પર્દા તણાતા હતા તેને બદલે હવે ગમે તે રંગનાં પર્દાઓવા કદરૂપતા વધારી દીધી છે. કુર્આન ખ્વાનીની મર્યાદા ઠુંકાઈ ગઇ કે-મ અને સાત હાથની રમતની મર્યાદા વધારી દીધી છે. રમઝાનને કારણે જનો રાતના ઉજાગરા કરજ્યાત હોય તેમ રાતને દિવસ બનાવી દિવસને રાત બનાવી રહ્યા છે? દિવસે મરજીદમા પડતી જીવંત લાશોની સંખ્યા હજુ ઓછી થતી નથીજ! અને રમઝાનમાં ઉસમ-ઉસમ જેવી નીતિથી અપાતી ઝકાત ખૈરાતોએ કૌમનું ઇળદર ફિટાડવાને બદલે ઇળદર વધારી દીધું છે! સંસારીઓ કરતાં સાંઇ ફકીરોની મેન્ટેરિટી વધી ગઇ છે એજ એનો સ્પષ્ટ પુરાવો છે. તન, મન ને વચન પર કાબુ અને ઈંદ્રીયો પર અંકુશ એ રોઝાનું ખરું મહત્વ છે. તે જાણીને કેટલા ચાલતા હશે તે તો જાણે અલ્લા-મિયા! બાકી જર્મન સેનાપતિઓનું સાબુ-સા-વ્યુહ જેમ પ્રખ્યાત છે તેમ "મુસલમાન વો કે રોઝે રખ્ખે દો!" એટલે કે પહેલા અને છેલ્લા રોઝાની વચ્ચે બીજા બધા રોઝ ઓને ઘેરી લેનાર પણ ઘણા અલ્લાહના લાલ હજુ ભર્યા પડયા છે! અને મોજે દાઢે, ઉભી બજારે પાન ખાઇ હોટો લાલ કરી સીગરેટના ધૂમાડા ઉરાડતા બેપરવા બુધ્ધુઓની સંખ્યા પણ નાની સુની નથી! ખુદા એમને સદ્બુદ્ધિ અર્પે એજ દુઆ સહિત રમઝાન પર પરદો પાડું છું. ટેન્શો કરતો નથી!

અબ્બર હાલમાં કે શુક્રવાર, શનિવારની ગુજરીમા રસ્તાપર ચાદર બીછાવી ભલભલા આયુર્વેદીક ધનવંતરી કે ભલભલા યુનાની હકીમ લુકમાનના બાપને પણ ઘડીવાર ભોંઠો પાડી દે એવી અનાથી ભાવણ કરતા કોઈ બુધ્ધુ હકીમને તમે જોયો હશેજ? તેની પાસે દવાનાં પડીકાંમાંતો ધૂળ સિવાય બીજું કશુંજ હોતું નથી; પણ તેની વાણીના જાદુથી ગમે તેવો માંદો માણસ એક વાર તો સાજો થઇ જાય છે! એવીજ કંઈક જાદુગરી વાણી આપણા હિંદી વઝીર એમેરી સાહેબે હસ્તગત કરી છે. હાલમાંજ એમણે અમેરિકા અને કેનેડા જોગ એક સદેશો બ્રોડકાસ્ટ કર્યો હતો તેમાં જણાવ્યું હતું કે: "હિંદ, બ્રિટીશ સરકારને સીધી કે આડકતરી રીતે કોઈ કરવેરા આપતું



નથી.” “વાત ખરી છે હિંદ તો હિંદી સરકારનેજ કરવેરા આપી રહ્યું છે ને? અને હિંદી સરકાર બ્રિટીશ સરકારની જ સગી લાગે તે હજી સુધી કોઇ બનવું શક્યું નથી!” “હિંદની તમામ મહેસુલ હિંદના લાભાર્થેજ વાપરવામાં આવે છે.” પણ તેની કોણ ના કહે છે? બ્રિટીશરો તો બિચારા આ હિંદની પાંજરાપોળના ટ્રસ્ટી તરિકેજ આવ્યા છે ને? અને છતાંય હિંદને માથે અજંપાનું દેવું થયું છે એ તો હિંદીઓના બાપાઓએ ઘી વેચ્યું હતું તેની ખોટ રૂપે થયું છે! કેમ એમજને? “ઉદ્યુ હિંદના બચાવ માટે તો બ્રિટીશ સરકાર ઘણા લાખનો ફાળો હિંદી સરકારને આપે છે” તે આપેજને? ભૂગોળમાં ને નકશામા તો હિંદની મર્યાદા આસામથી સરહદ પ્રાંત ને કાશ્મીરથી કન્યાકુમારી સુધીની ગણાય છે પણ બચાવના મોરચામાં તો હિંદની સરહદ બીસરથી સીંગાપોર સુધીની ગણાય છેને? આટલા બધા લાંબા પહોળા વિસ્તારને સાચવવા ખર્ચ પણ લાંબો પહોળોજ કરવો પડેને! “નાઝી આક્રમણ સામેની લડતમાં હિંદનો અભિપ્રાય બ્રીટનની પડખે છે.” પણ કે હજુ સુધી હિંદનો અભીપ્રાયજ લેવામાં આવ્યો નથી! “શહેનશાહતની સરકારે યુદ્ધ જાહેર કર્યું કે સામ્રાજ્યના બધા ભાગો યુદ્ધમાં આપોઆપ સંડોવાયા હતા.” યાને કે હિંદને યુદ્ધમાં ઘસડવામાં આવ્યું નથી પણ તે રાજીખુશીથી જંગમાં કૂદી પડયું છે ને તેના કેટલાક અણસમજુ આગેવાનો જેલોમાં કૂદી પડયા છે! મોળે દાડે દીવો સળગે ગોતમાંય આવો વઝીર તમને આખા દેશમાંથી મળવો મુશ્કેલ છે અને તેથીજ તો બ્રાઇટ કહેલનો એ નિયમ છે કે “ફોટ સામ્રાજ્ય તો ઉત્તર ઝાઝા”ની નીતિમાં ચિપકાઇથી વળગી રહેનાર આસામીનેજ હિંદી વઝીર બનાવવો!

●

લડાઇ ની ગરમીએ ઘણી ઘણી વસ્તુઓને લંબાવી, પહોળાવી દીધી છે. કારોબારી વિસ્તારી ગઇ યાને પહોળી થઈ ગઇ છે ત્યારે વાયસરોયની મુદત લાંબી થઇ ગઇ છે એ પણ લડાઇની ગરમીનોજ પ્રતાપને? ને એ પહેલાં ધારાસભાઓની મુદત લંબાઇ ગઇ છે ને? અને ખાવા પીવાની વસ્તુઓ તથા પહેરવા ઓઢવાની વસ્તુઓના ભાવતી લંબાઇ તો એટલી બધી વધી ગઇ છે કે હવે તાંતણો તૂટી જવાની અણીપર છે! કાપડના ભાવોને પ્રતાપે મીલ માલેકોની તિજોરીઓ પણ ખૂબ ફુલવા લાગી છે! આ બધું છતાંય મધ્યમ અને ગરીબવર્ગની નાણાંકીય સ્થિતિ ફુલવાને બદલે સંકોચાઇ ગઇ છે! બીજું બધું ફુલી ગયું છે; ત્યારે ગજવાં સંકોચાઈ ગયાં છે. અને ગજવાંનો સંકોચ એ જગતમાં સૌથી મહાન દુકાળ ગણાય!

●

જો તમે વનસ્પતિ શાસ્ત્રમાં રસ લેતા હોવ તો આપણા થોડાક લીડરોને કપા ઝાડની સાથે સરખાવી શકાય તે જરા વિચારી જુવો.

ગાંધીજી-એટલે સડુ કોઈ ઝુડી શકે એવી નીચી ઓરડી, પણ એની ઉપર ચઢનારને તો જરૂર કાંટા વાગે.

જવાહર ડીણા-એટલે તાડનું ઝાડ. જે બધાથી ઉંચુ તો ખરૂંજ પણ તેના છાંયડાનો વિસ્તાર એક સામાન્ય છત્રી જેટલોજ ગણાય!

સરદાર પટેલ-એટલે નર્યોજ લીમડો. એમની વાણીની મધુરતા એવી કે શબ્દે શબ્દે તમે કાનને રસ્તે કરીયાતુ પીતા હોવ એવી મઝા આવે!

વીર સાવરકર-કાંટાળો બાવળીયો. એના છાંયડે બેસનારને શૂળ ભોંકાયા વગર રહેજ નહિ!

મૌલાના આઝાદ-એટલે વિલાયતી સરજનનું દેશી ઝાડ!



સત્યમૂર્તિ—એટલે ખાદી ફેરીવાળો આંબો.

આચાર્ય કૃપલાની—એટલે દક્ષણી તીખાં મરચાંનો નાનકડો છોડ!

ફઝલુલહક—એટલે મારવાડી મૂળો જે દેખાવમાં મોટો પણ તીખાશમાં ઓછો.

એમ. એન. રોય—એટલે બારમાસીનો છોડ કે જેને બારે માસ ફુલ લાગે છે પણ સુગંધ વગરના હોઇ કશા ખપમાં આવતાં નથી! આ પ્રકરણ હજુ આગળ લંબાવવું હોય તો લંબાવી શકાય.

❁


એક બાજુ જ્યારે કરારના કાગળોને ચીથરા મીસાલ સમજી, હીટલર એના કરારોને તોડી ફોડીને ફેંદી રહ્યો છે, ત્યારે હિંદને તો હવે ઉલ્ટો કરારો કરવાનો મેનીયા લાગ્યો છે. બરમામાં જઇને બાજપાઈ બરમા કરાર બારી આવ્યા તે વાતનો ઉકળાટ હજુ શમ્યો ન હતો કે સીલોન કરાર કરી આવ્યા. પણ કહેવાય છે કે બરમા કરારનો બફારો બાજપાઇને ભારે પડવાથી સીલોન કરારમાં સારી સફળતા પ્રાપ્ત કરીને આવ્યા છે. પછી તો બા "લાડીને પાડી, નિવડે વખાણ!" બાકી પેલું ચાળીવાળુ વાજું ગાય છેને કે:

"આહ જો દિલસે નિકાલી જયગી;
કયા સમજતે હોકે ખાલી જયગી?"

ની જેમ બરમા કરારની કાઉંપીય હિંદી સરકારના કાનો સુધી પહોંચી ગઇ હોઇ બે વરસ માટે એ કરારનો અમલ મુલતવીયાની વાતો વાતાવરણમા વહેતી મૂકાઇ છે!

❁

નાઝીઓના ત્રણ ત્રણ માસના ધસારાથી હજુય લેલીનગ્રેડ પર ધરી અસર નીપજાવી શકયા નથી; ત્યારે સુરતીઓના ચંદની પડવાની ગલ્લા એકજ ધસારાએ સુરતની બધી ધારી અને ભૂસાની દુકાનો સાફ કરી નાખી. કહેવાય છે કે કેટલીક દુકાનોમાંથી તો ૮૦ થી ૧૦૦ મણ સુધી ધારી ઉપડી ગઇ હતી. જર્મન બોમ્બો રશિયામાં નથી કરી શકયાં તેથી વધુ કામ સુરતની ધારીએ બજાવ્યું છે. આખા હિંદમાં કયાંય આ ચંદની પડવાનો તહેવાર ઉજવાતો નથી ફકત સુરતીલાલાઓજ એ તહેવાર ઉજવવાનું માન ખાટી જાય છે! "આ તે શા શા તુજ હાલ સુરત તુજ રડતી સુરત?" કહેનાર નર્મદાશંકરને પણ આ ચંદની પડવાનો ઉત્સવ જોઈ આંગળી કરડવી પડે કે કોઇ પણ હાલતમાં, કોઇ પણ સંજોગોમાં સુરતની રડતી સુરત થઇ શકે એમ નથી! ઘરનાં વાસણો વેચીને પણ ચંદની પડવો ઉજવે એવા એ સુરતી સપેલાણીઓ છે. ચંદની પડવાની જેમ ઉતરાણ પણ સુરત સારી રીતે ઉજવે છે. મનભેદ કે વહેપાર ધંધા ભલે મંદા હોય પણ ઉત્સવોમાં સુરત પાછું પડે એમ નથીજ! આમ સુરત ધારી ભૂસામાં વીન આવે છે; તો ઢાકા હુલ્લડમા વીન આવે છે! એક સામટાં બબ્બે કોમી હુલ્લડો થયાં. શહેરને માથે હુલ્લડનો ટેક્ષ પડયો છતાં ઢાકાને તેથી નિરાંત ન વળી તે પાછું ચાલુ વરસમાંજ ત્રીજું હુલ્લડ લાલબાંજ ઉભું કરી દીધું છે! કોણ જાણે ત્યાં કઇ માટીમાંથી બનેલા માનવીઓ વસે છે? ધર્મના ભાવો આમ એકલા ઢાકામાંજ કેમ વધી ગયા હશે? અને બીચારું કલેટા એને ધરતીકંપનો રંગ લાગ્યો છે; શું બહેક ધરતીકંપ સાથે દોસ્તી જામી ગઇ છે કે ઉપરા ઉપરી ધરતીકંપના આંચકાઓ આવ્યેજ જાય છે! કુદરત પણ જેની કસોટી કરી નાખે છેને શું? ધરતીકંપના આંચકાઓની જેમ ચર્ચીલના ભાષણે પણ હિંદીઓને ખૂબ હચમચાવી દીધા છે મુંબઇના ભલા ગવરનરે તો હિંદના વડા હાકેમને વિનંતિ પણ કરી છે કે અમારા ઇલાકાના સોકા તો ચર્ચીલના નિવેદનથી ખૂબ ખૂબ ઉકળી ગયા છે; માટે તેઓ કંઇ પુનઃ ટાઢા પડી જાય એવું એકાદ નિવેદન ચર્ચીલ બાપા પાસે કરાવી લો ને! પણ ચર્ચીલ જેનું નામ તે શું વારે ઘડીએ, વાણીયા, વાણીયા, ફેરવી તોળા કરે કે? એકજ ઘાએ બે કટકાની નીતિનેજ એ તો વળગી રહેવાના પછી ભલેને એટલી કે એમેરી જેવા "સસે કે તીન પાઉ" જેવી વાતો કર્યા કરે! ભલેને નાઝીવાદનો અજગર એમની સામે ફુંફાડા માર્યા કરે; પણ શાહીવાદના મગરે પકડેલું હિંદી ઘેટું તેની પકડમાંથી છટકે એ બનવા જોગ નથી! અસ્તુ:



સવાલ–ઝકાતના પૈસાનો ચંદો કરી કબ્રસ્તાનની વાડ બનાવવી જાયઝ થઇ શકે કે નહિ?

જવાબ–કબ્રસ્તાનની વાડ ઝકાતના નાણાંથી બનાવવી દુરૂસ્ત નથી.

સવાલ–રોઝાની હાલતમાં સખત ગરમીને લીધે ઠંડક હાસલ કરવા માટે ગુસલ કરવું જેથી રોઝામાં કાંઇ નુકસાન થાય છે?

જવાબ–ઠંડક માટે રોઝામાં નહાવું દુરૂસ્ત છે એથી રોઝામાં કંઈ નુકસાન થતુ નથી.

સવાલ–રમઝાન શરીફમાં શું વધારે પઢવું જોઇએ અને કયો વઝીફો વધુ બેહતર છે.

જવાબ–માટે રમઝાન શરીફમાં વધારે કુર્આન શરીફની તિલાવત કરવી જોઇએ. એથી વધુ અફઝલ અને બેહતર બીજો કોઇ વઝીફો નથી.

સવાલ–રોઝદાર હુકકો. પીવે તો રોઝો બાકી રહે કે નહીં?

જવાબ–રોઝાની હાલતમાં હુકકો, બીડી, સીગારેટ કોઈ પણ વસ્તુ પીવી ન જોઇએ, કારણ કે રોઝો તુટી જાય છે.

સવાલ–એક માણસે રોઝો રાખ્યો ને બીમાર થયો. વધારે બીમારી પેદા થવાના અંદેશાથી રોઝો તોડી નાખ્યો. હવે રમઝાન બાદ તે માણસ ફકત ઝકો કરે કે તેના ઉપર કફ્ફારો પણ આવશે?

જવાબ–માત્ર ઝકા કરે, કફ્ફારો લાગુ પડશે નહિ.

સવાલ–ઝકાતના પૈસાથી અનાજ અથવા કપડાં વિગેરે ખરીદ કરી મિસ્કીનને આપવું જાયઝ છે કે નહિ?

જવાબ–જાયઝ છે. કંઇ વાંધો નથી કારણ કે ઝકાતમાં અસલ રકમ માલિક બનાવવું છે.

સવાલ–રેશમી અને ગરમ કીમતી કપડાં પહેરવાના હોય તો તે પર ઝકાત છે?

જવાબ–પહેરવાના કપડા ઉપર ઝકાત નથી.

સવાલ–પેશઇમામ સરાસર જુઠું બોલતો હોય અને તે સાબીત થાય તો એવા જુઠ્ઠા માણસને પેશઇમામત માટે રાખવો કે કેમ? એવા માણસ પાછળ નમાઝ પઢવી કેમ છે?

જવાબ–જે ઇમામ ખુલ્લમ ખુલ્લી રીતે જુઠું બોલતો હોય અને એ વાત આમ તૌર પર જાહેર મશહૂર હોય તો એવા પેશઇમામને બેશક બરતરફ કરવો જરૂરી છે. ઇમામતના ઓદ્દા પર કોઇ સારો નેક માણસ નીમવો જોઇએ.

સવાલ–હમારા ગામના કસાબો બકરાં અને ગાયનું ગોશ્ત વેચવાનો ધંધો કરે છે. તેઓને ગામના છાવણીવાળા આપણા જૈન લોકો તરફથી, જો તેમના પયગામના દીવસે, જો કસાબો જીવદયા ન કરે અને



બકરાં અને ગાય કાપે-નહીં તો શ્રાવકો તરફથી કસાઓની રોજની કમાણી કરતાં દસ ગણી વધારે કીમત આપવા લાલચ આપે છે કસાઓનો વિચાર આ રૂપીયા વડે કબ્રસ્તાનની વાડ સુધારી લેવાનો છે. એક દીવસ ગાય બકરા કાપવા બધ રાખી શ્રાવક જૈનો પાસેથી આવા દસ ગણા પૈસા લેવા જાયઝ છે કે કેમ? અને જાલજોર શ્રાવકોના આ રૂપીયાનો લિલ્લાહ કામમાં ઉપયોગ કરવાનો શરીઅતથી દુરસ્ત છે કે કેમ? શ્રાવકો પોતાના મહત્ત તહેવારનેજ દીવસે આ કામ કરવા કહે છે. બીજે દીવસે નહિ. ઇસ્લામી નીતી, શાન અને વફાદારીની નજરે પણ આ કામ કેવું છે?

જવાબ–શ્રાવકો, જૈનોની ઇચ્છા પુરી કરવા આવી રીતે લાચ રિસ્વત ખાવી અને તે દીવસે, ગાય, બકરા કાપવા બધ કરવા મુસલમાનો માટે જાયઝ નથી. તેમજ એવી રીતના નાણા વસુલ કરી કોઇ પણ કામમાં લગાડવા ન જોઇએ. વળી આગળ જતાં એમાં ઘણા નુકસાનો ઉત્પન્ન થવાનો ભય છે. માટે એથી બચવુ જરૂરી છે.

સવાલ–હિન્દુને ત્યા મૌલૂદ શરીફની મજલિસમાં મૌલૂદ પઢવા બોલાવે તો આપણે જવું કે કેમ?

જવાબ–મુસલમાનોએ મૌલૂદ શરીફ પઢવા હિન્દુને ત્યા ન જવું જોઇએ.

સવાલ–એક ભાઇ ગુજરી ગયા. તેમણે પોતીકી બે છોકરી હયાત છોડી અને એક પોત્રો અને એક પોત્રી છોડ્યા છે માટે ભાઇના માલમાંથી કેવી રીતે વારસા વહેંચણી કરવી?

જવાબ–કફન દફન અને કર્જ હોય તો તે અને વસીયત હોય તો તે ત્રીજા ભાગ સુધીની, એ સર્વે પ્રથમ અદા કર્યા પછી મરહૂમ ભાઇના માલના નવ (૯) ભાગ કરવા જેમાંથી દરેક છોકરીને ભાગ ત્રણ (૩) એટલે બંને છોકરીઓને ભાગ (૬) હવે બાકી રહેલા ભાગ ૩, માંથી ભાગ ૨, મરહૂમના પોત્રાને અને ભાગ ૧, પોત્રીને મળશે. કુલ્લે ભાગ ૯, પુરા થયા. (સિરાજી)

સવાલ–હમારી જમે મસ્જીદના હનફી પેશ ઇમામ બહુ કરતી વેળા પેલા વાપરતા નથી ફકત પાણી વાપરે છે. એ દુરસ્ત છે કે કેમ?

જવાબ–પેલો લઇ બહુ કરવું સુન્નત અને ઘણું અફઝલ છે. પણ પેલો નહીં લેતા માત્ર પાણીથી ધોવું દુરસ્ત છે. (મજમૂઅલ ફતાવા)

સવાલ–પેશઇમામ નમાઝમા રૂકુઅ સુજુદ કરતી વેળા સીધા પગના અંગુઠાને સ્થીર રાખતા ને બન્ને પગનો પંજો જમીનથી અધર ઉંચકી આમથી તેમ ખસેડ્યા કરે છે તો તેમ કરવું દુરસ્ત છે કે કેમ?

જવાબ–કેટલાક લોકો સિજદહમાં જતી વેળા બિલકુલ ખિયાલ રાખતા નથી અને તેમના પગ જમીનથી ઉંચા અલગ થઇ જાય છે. એક પગ જમીનથી ઉંચો થઇ જવાથી નમાઝ મકરૂહ તહરીમી થાય છે અને બંને પગો જમીનથી અલગ જુદા થઇ જવાથી ફાસિદ થાય છે અને કેટલાક બુઝુર્ગોએ કિબલાના નજદીક બંને પગો જમીન પર લાગી રહેવા વાજિબ છે અને વાજિબના છુટવાથી નમાઝ મકરૂહ તહરીમી થાય છે અને જે નમાઝ મકરૂહ તહરીમી થાય તે દોહરાવવી જરૂરી થઇ પડે છે. (દુર્રે મુખ્તાર, બહરૂરરાઇક)

સવાલ–રોઝાની હાલતમાં અત્તર સુંઘવું અથવા લગાડવુ, ફૂલ સુંઘવું અને સુરમો લગાડવો કેમ છે? એથી રોઝામાં કંઇ નુકશાન આવશે?

જવાબ–એથી ન તો રોઝો ફાસિદ થાય છે, નતો મકરૂહ થાય છે. બાંધા વગર બીલકુલ દુરસ્ત છે.

અસ્માઉલ હુસ્ના

રિફાઈ-સાબેરી

(ગતાંકથી ચાલુ)

(૧૫) કોઇ કેદમાં હોય તો પોતે દરરોજ રાત્રે ૧૦૦૧ વખત પઢે અથવા તેને છોડવવા માટે બીજો કોઇ એ મુજબ પઢશે તો ઇ. અ. બહુ જલ્દી છુટો થઇ જશે. (૧૬) એને દરરોજ કમમાં કમ ૧૧ વખત હંમેશા પઢનાર દીન દુન્યાની દરેક આફતોથી બચેલો રહેશે તેમજ બરાજ દોસ્તો ખુદ બખુદ તેનાથી દૂર થતા જશે. બનતાં સુધી સવારે ઉઠવાની સાથેજ પઢી લેવું અફઝલ છે. (૧૭) અગર દુશ્મનથી કોઇ પણ રીતે છુટકારો ન થતો હોય તો બુધ જુમેરાત અને જુમ્આ એ ત્રણ દીવસ રોઝા રાખે અને બુધવારથી દરરોજ બે રકાત નમીલ પઢી દરરોજ ૪૧ વખત ૪૦ દિવસ સુધી મઝકુર આયત શરીફ પઢવી. ઇ. અ. દુશ્મન તેમજ ઝાલિમ હલાક થઇ જશે, અને ખુદાપાક તેને પોતાની રહમતમાં લઇ લેશે. (૧૮) દરરોજ ૪૧ વખત પઢનારને ઉપર લખ્યા ઉપરાંત એના બહુ બહુ ફાયદાઓ મળશે જે બાબત અમલ કરી બાતો થઈ શકે છે દરેક બાબત લખી શકાય એમ નથી એ સહેજે સમજી શકાય એમ છે. ખુદાપાક સૌને આવી અમૂલ્ય આયત શરીફ તરફ રગબત અતા કરી તેના ફાયદા બક્ષશે આમીન. (૧૯) હુસ્બોનલ્લાહો, લેદીનેના; હુસ્બોનલ્લાહો લે દુન્યાના; હુસ્બોનલ્લાહો લેમા અહુમ્માના; હુસ્બોનલ્લાહો લેમમગા અલયના; હુસ્બોનલ્લાહો લેમન હુસદના; હુસ્બોનલ્લાહો લેમન કાદના બેસૂઇન; હુસ્બોનલ્લાહો ઇન્દલ મૌતે; હુસ્બોનલ્લાહો ઇન્દલ કબ્રે; હુસ્બોનલ્લાહો ઇન્દલ મસાએલે; હુસ્બોનલ્લાહો ઇન્દસ્સિરાતે; હુસ્બોનલ્લાહો ઇન્દલ હિસાબે; હુસ્બોનલ્લાહો ઇન્દલ મીઝાને; હુસ્બોનલ્લાહો ઇન્દલ જન્નતે વન્નારે; હુસ્બોનલ્લાહો ઇન્દલ સેકાએ; હુસ્બીયલ્લાહુલ્લઝી લાઇલાહા ઇલ્લા હોવા અલયહે તવક્કલતો વ હોવા રબ્બુલ અરશીલ અઝીમ. એને પંજગાના નમાઝ પછી એક એક વખત અથવા સવારે પાંચ વખત પઢી લેવું શોયા દીન દુન્યા અને ઉકબા હાસિલ કરી લેવા બરોબર છે. એની બરકત અને ફઝીલત આમિલ પોતે અનુભવશે.

"યા જલીલો" (અદદ ૭૩) એ બેપરવાહ અને મોટી કુદરતવાલા" (૧) એને હંમેશા કસરતથી પઢનારની દુન્યાવાલા બહુ ઇઝઝત કરશે. (૨) મકાનમાના માલ અસબાબ ઉપર દરરોજ દશ વખત પઢી દમ કરવાથી ઇ. અ. તેમાથી કોઈ વસ્તુ ચોરાઇ જશે નહિ. (૩) મુસાફરીએ જતી વખતે સાથે લીધેલ માલ અસબાબ ઉપર ૧૦ વખત પઢી દમ કરવાથી ઇ. અ. તેમાથી કોઇ કંઇ ચોરી જઈ શકશે નહીં. (૪) એને હંમેશાં કસરતથી પઢનારથી બધા



વેદાલંકાર, 'આયુર્વેદાર્ણવ, દૈવજ્ઞમણિ, કૃષિ કોવિદ, કાવ્યમનીષી, પ્રાચ્યવિદ્યાવારિધિ, પ્રવચનાલંકાર, કીર્તનભૂષણ, વ્યાખ્યાનમનીષી, ધર્મભૂષણ, ધર્મમનીષી, વગેરે અનેક જાતની અને અનેક ભાતની ડીગ્રીઓ એસંસ્થા છુટા હાથે વહેંચે છે અને ગુજરાતના માનભૂખ્યા માનવીઓ પણ પૈસા ખરચીને એને અપનાવે છે ! ગુજરાતમા કોઇને એવી સાહિત્ય-ડીગ્રી ઓની વખાર ખોલવાની કેમ સમજ પડતી નથી. સેંકડો મહાનુભવો એવી વેચાતી ડીગ્રીઓથી વિભુષિત થયા છે અને એ ડીગ્રીવેચનારી સંસ્થાનો ભાડો ઉઠયો છે, છતાંય હજુ હજારો મુમુક્ષુઓ એવી ડીગ્રીઓ ગૃહણ કરવા તૈયાર હશેજ ! વહેપાર કરવાની ઈચ્છા રાખનારાઓએ આ તક હાથથી જવા દેવી ન જોઇએ !



વા મો. શાહ કહે છે કે "જે વાચનથી માણસના જ્ઞાનભંડોળમા, શુદ્ધ આનંદમા, કે જીવનને ઉચ્ચતર બનાવવામાં સારી અસર ન થાય તેવા પુસ્તકો ગમે તેટલી સુંદર ભાષામાં લખાયાં હોય તો પણ પ્રજાને તે વાચવા પાછળ સમયનો ભોગ આપવાની સલાહ આપી શકાય નહિ" પણ આજે પ્રજા કયા કોઇની સલાહ લઇને પુસ્તકો વાચે છે ? પુસ્તકના પોથાનું બનાવટી કળા, જેકેટની ખુબસુરતી અને ગેટ-અપના હેઠળ ખરજ આજે તો પુસ્તક ઉંચકાય છે ! પહેલા લોકો ઝવેરાતને જોતા હતા પણ હવે તો તે કેવા ખુબસુરત ઘાટડામાં મૂકેલુ છે એજ જોવામાં આવે છે; જેમ વર કરતાં ઘરનું મહત્વ વધારે આકવામા આવે તેમ ! જેમ જાડી લાડીને નિરખી પહેલીજ નજરે વરની આંખ ભરાઇ જાય તેમ જાડું પુસ્તક પણ પહેલીજ નજરે પસંદગી પામે છે ! જેમ જગતમાં દુબળાં પાતળાં માણસોનો કોઈ ભાવ પુછતુ નથી તેમ દુબળાં પાતળાં પુસ્તકોય પ્રકાશકોના ઘરના કબાટોમાં ઉંધાઇનો ભોગ થતાં રહે છે પછી ભલેને તેમાં જ્ઞાનના હીરા ટાંકયા હોય !

વળી પાછું વા. મો. શાહે કહ્યું છે કે.- "દરેક પ્રમાણિકું પત્રકાર એટલું તો કરી શકે કે જે વિષયનો પોતાને અભ્યાસ ન હોય તે વિષયના ગ્રંથપર અવલોકન લખવાનો ધમંડ તે કરે નહિ !', આમ કહેવું એ પત્રકારનું અપમાન કરવા સમાન છે, બસ પત્રકારની ખુરસીજ જાદુવાળી છે કે તેના ઉપર બેસનાર સર્વ ગુણ સંપન્ન થઇ જાય છે ! ભલે તે પત્રકારના પેપરની કીંમત બે પૈસા હોય પણ તે પોતાની ખુરસી પર બેઠાં બેઠાં અમેરિકાના રૂઝવેલ્ટ કે ઈગ્લાંડના ચર્ચીલ જેવાને પણ શિખામણ આપી શકે છે ! એડીટરની ખુરસી પર બેઠાં બેઠાં હીટલર જેવાનાં પણ કાન ઝાલી શકે છે ! વેવલ જેવા ધરખમ સેનાપતિની બુદ્ધ રચનામાં પણ એ એડીટરનો

—: સહચરનું સૌન્દર્ય :—

જમાને હરનશીં જરમન અસર કર્દ;
વગર્ના મન હમા ખાકમ કે હસ્તમ

—શેખ સા'દી

સુરભિ રસે રંગાઇ સુરભિત બની ગઇ છું,
રજ રજ મહિં સુરભિની પાંખો છે ફણી ફૂલી,
સહચર તણાં સૌન્દર્યે આંજ્યાં છે પ્રભાચંજન;
પદધૂલિ હતી પૂર્વે, આજેય છું પદધૂલિ.

"નસીમ"

યતો ભૂલ કાઢી શકે છે! ગમે તેવા વિજ્ઞાનીની શોધ પર એ કલમના એકજ ઝાટકે પાણી ફેરવી શકે છે! દેશની ગમે તેવી સુંદર વ્યવસ્થા સરકારે કરી હોય તેના પર એ બેધડક ધૂળ ઉરાડી શકે છે; તો પછી પુસ્તક અવલોકન જેવી નજીવી વાતનું તો પૂછવુંજ શું? કોઇપણ પત્રકાર પછી ભલે તે ઉર્દૂ સુધીનુંયે જ્ઞાન ન ધરાવતો હોય, છતાં દરેક વિષયનાં અને દરેક ભાષાનાં પુસ્તકોનું અવલોકન કરવાની લાયકાત ધરાવે છે; જેમ શૈતાન સારા નરસા દરેકને ભરી શકે છે તેમ!

આપણે પૂર્વવાસીઓ તો ફક્ત વાતોને વાતોજ કરવાને ટેવાયલા છીએ. વાતોને અમલમાં મૂકવાનું આપણને આવડતુંજ નથી. બહુ બહુ તો કલમનું ઘોયું પકડી એકાદ ચોપડું લખી કાઢીએ પણ તેથી શું? આપણે ત્યાં ચુંબનની ફિલસૂફી પર કવિતાઓ લખાય છે કે ચુંબન મીમાંસા પર પુસ્તકો લખાય છે પણ અમેરિકાએ તો એ દીશામાંય હદ કરી છે બલકે હદ વટાવી છે. હાલમાંજ ત્યાંના એક નવરા એન્ડ પરવારતા સાયન્ટીસ્ટે શોધ કરી છે શાની? "પ્રેમી સેંકડો માઇલ દૂર બેઠાં બેઠાં પોતાની પ્રેમિકાને ચુંબનોની ભેટ મોકલી

ઈદ મુબારક

'ગીવ એન્ડ ટેક' સ્ટોર્સ

ચોક બજાર, સુરત.

લેટેસ્ટ ડીઝાઈનનાં સુટીંગ્સ-શરટીંગ્સ, લેડીઝ ડ્રેસ ફેબરીકસ

તથા

નોવેલ્ટીઝ ક્લોથ ખરીદવાના આપના માનીતા સ્ટોર્સ તરફથી

શકે એવા મશીનની! હોઠથી હોઠ મેળવતાં જેવી ચુંબનોની મઝા મળે છે એવીજ મઝા આ મશીનથી મળી શકે છે. ચુંબનો મોકલનારને ફકત એટલું કરવું પડે છે કે તે જ્યાં હોય ત્યાંની પોસ્ટ ઑફિસમાં જઈ પોતાની માશુકને એટલી ખબર આપે છે કે તે ચુંબનો માટે તૈયાર રહે! ત્યાર પછી તે મશીન પર મોઢું રાખીને ચુંબનો લે છે અને તે ચુંબનો ઇલેકટ્રીક કરંટ દ્વારા સેંકડો માઇલ પર બેઠેલી માશુકના હોઠ સુધી પહોંચી જાય છે!" આવી આવી શોધદ્વારા એ સાયંટીસ્ટો પ્રેમીઓને મહાઉપયોગી નીવડતા જાય છે ગરીબ બિચારા મજનૂં ને ફરહાદના જમાનામાં આવી શોધ થઇ હોત તો તેમને દરબદર ભટકવું ન પડત!

✪

"ગુજરાતી ભાષામાં બળ નથી, જમાનાના પ્રવાહનું જોમ નથી, ગુજરાતીભાષા પોચી પોચી ગુજરાતણોના મ્હોમાં શોભે એવી છે" એમ રમણલાલ વ. દેસાઇ કહે છે.

ગુજરાતીને આટઆટલી શણગાર્યા પછી રમણલાલને આવા નિરાશાવાદી સૂર ઢકાવાની જરૂરત કેમ પડી? જો એમને ગુજરાતી બોલનાર ભડવીર ભાળવા હોય તો, કાઠિયાવાડના ભાટચારણો, ચરોતરીયા પાટીદારો, અને કાનમીયા કડોરાઓ સાથે જઇને વાતચીત કરી જુવે. બીજી કોઇ પણ ભાષા બોલનારાઓ કરતાં એમના શબ્દો વધુ વજનદાર હોય છે. દાખલા તરિકે બેંહ, ડોંગ, નેદાળ, પેંધ્યો જેવા શબ્દો કોઇ ઓછા વજનદાર ગણાય?

✪

"શ્રી રવિંદ્રનાથ ટાગોર, અકીમખેમ ચુગતાઇ, "ફાની" બદાયૂની જેવા જગતીના સાહિત્યકારોની મરણનોંધ પણ 'ફારવાં' જેવા માસિકમાં ન આવે?" એમ તંત્રીશ્રીને ઠપકો દેતો એક પત્ર અમારા એક સાહિત્યરસિક મિત્રે પાઠવ્યો છે! તંત્રીશ્રીએ એ પત્ર મારે હવાલે કર્યો કે "હવે હવે જવાબ આપો? મોટા સાહિત્યની પોઠ હાંકવા બેઠા છો તો!" આવા કકળાટના ઉનાળા જેવા દિવસો અને વળી રમઝાનના ભૂખમારૂ દિવસોમાં હું શું જવાબ આપી શકું? એ સાહિત્યના મૂર્ધન્યમા સાહિત્યકારો પ્રત્યે અમને ખૂબ માન હતું, અને એમના અવસાન બદલ શોક થતો હતો; પણ એ શોકના અતિરેકમાં શોક પ્રગટ કરવાનુંજ ભૂલી ગયો તેનુ શું! પોદીયાના પુછ્યાં આકળનાર માનવી કલમ પકડે ત્યારે તો આવી જાડી બુધ્ધિનીજ આશા રાખી શકાયને!

'ધણુંજરો'

સાચી—મઝા

રડવા માટે મઝા છે મોટા થયા રહીને,
ચેદા થવાર મરતાં સહુ રહી ગયા રહીને,
હસવા માટે મઝા તો પ્રત્યેક માનવી લે,
"સાચી મઝા" છે રોવું ચેદા થયા રહીને.

"ઇંજાત"
(ચોરબંદર)

એક જરૂરી નિવેદન

ઑગસ્ટ ૧૯૪૧ના "ફારવાં"ના અંકમાં જનાબ 'રૂક્ષ' સહજની 'પ્રતિસ્પર્ધિ' નામની નવલિકા પ્રગટ થઇ હતી તેના લેખક તરિકેના સર્વ હકો તેમણે પોતાને સ્વાધીન રાખ્યા છે.

—તંત્રી



લેખક:-મૌ. સૈયદ અબૂ ઝફર નદવી સાહબ.

ગુજરાતી 'રાસમાળા'મા જણાવવામા આવ્યુ છે કે ભાટ લોકો માને છે કે પહેલવા અહમદશાહના સમયમા જે બહ્મણો અને સોદાગરોને મુસલમાન બનાવવામા આવ્યા હતા, તેઓ વોરાને નામે ઓળખાયા છે. તે લોકોએ અરબસ્તાન સાથે બોહાર (બોપાર અર્થાત્ વેપાર) શરૂ કર્યો આ કારણથી તેઓ બોહારે અને વધુ ૩૬ થતા બોહરે શબ્દથી ઓળખાવા લાગ્યા [1] આ વાત ઉપરથી માલૂમ પડે છે કે અહમદશાહ પહેલવા આ લોકો મોજૂદ ન હતા પરંતુ ઇતિહાસમાથી પુરાવો મળી આવે છે કે વોરા આ પહેલવા ગુજરાતમા હતા, જેમકે અહમદશાહના દાદા પહેલા સુલ્તાન મુઝફ્ફરશાહના સમયમા હઝરત શેખ અહમદ ગંજ જ્યારે ખટ્ટૂથી અમદાવાદ નજીક સિરખેજ (સરખેજ)મા તશરીફ લાવ્યા ત્યારે તેમણે પ્રથમ વોરાના મકાનમા મુકામ કર્યો હતો. [2] પરંતુ તે અગાઉ પણ તઘલખના સમયમા ઈજ્જ બતુતા જ્યારે ગન્ધાર પહોંચ્યો ત્યારે રાજા ઉપરાંત વોરાઓના સરદારના પુત્રો પણ કરતીકમાલ માટે આવ્યા હતા. [3] આ ઉપરથી માલૂમ પડે છે કે વોરા આ વખતે મોટી સંખ્યામાં હતા તેઓનો એક સરદાર હતો જેના હુકમોનું તેઓ પાલન કરતા હતા પરિણામે તેઓ વ્યવસ્થિત હતા

કાઝી નુરૂલ્લાહ શુસ્તરી (અવસાન હિ. સ ૧૦૧૯) પોતાના પુસ્તકમા લખે છે કે આજથી ત્રણસો વરસ પહેલા આ ધર્મના એક મુલ્લા અલી નામના મહાપ્રતાપી વિદ્વાને હિંદમા આવી લોકોને આ ધર્મમા સામેલ કર્યા અને અને પ્રચાર કાર્ય કરવાથી તેના અનુયાયીઓની સંખ્યામા વૃદ્ધિ થઇ. આ સમયથી આ લોકો હિંદમા ફેલાયા તેની કબર ખંભાતમા છે [4]

હું માનુ છુ કે આ બનેમાની એક પણ વાતમા સત્યતા નથી પ્રથમ તો એ કે વોરા આ (૭૦૦)ના કરતા ઘણા સમય પહેલાં હિંદમા આવી ગયા હતા જે મજમ્મીસે સયકિયા અને બીજા પુસ્તકોમાથી માલૂમ પડે છે, જેમકે કુમારપાળ ચરિત્ર (ઇ સ ૧૧૫૦, વિક્રમી સ ૫૪૫)મા ઉલ્લેખ કરવામા આવ્યો છે કે પાટણ અને વીરમગામમા વોરાની સંખ્યા વધુ પ્રમાણમા હતી આથી મજમ્મીસે સયકિયાને પણ પુષ્ટિ મળે છે સંભવિત છે કે મુલ્લા અલી નામનો કોઇ પ્રચારક આવ્યો હશે. પરંતુ ખરી વાત એ છે કે સૌથી પહેલા ગુજરાતમા મૌલાઇ અહમદ એક સરકારી પ્રચારક તરીકે આવ્યા હતા. મોલવી અબ્દુલ્લાહ અને મૌલાઇ નુરૂદ્દીન તેની સાથે હતા

૧ રાસમાળા ભા ૧, પૃ ૪૨૫

૨ મફ્ખુઝાતે મહમુદ ઉર્ફ્ છ, હસ્તલિખિત

૩ સફરનામએ ઈજ્જ બતુતા ભાગ ૨, રિફાહે આમ પ્રેસ લાહોર

૪ મનાકિબુલ્મોમીનીન ભા ૧

બહેરામજી મલબારી કહે છે કે વોરા અસલ હિંદુ હતા અને આ કારણથી અદ્યાપિ પણ થોડી હિંદુ માન્યતા અને રિવાજ તથા રૂઢિ તેઓમાં જોવામાં આવે છે.[૫] વોરાઓનો જ્ઞાતિભાઇઓ મારવાડ, રજપૂતાનો અને સંયુક્ત પ્રતિમાં રહે છે અને તેઓ હિંદુ વોરાને નામે ઓળખાય છે.

મિ. આર્નોલ્ડ પોતાના ઉત્તમ પુસ્તકમાં લખે છે કે તેઓ ઇ. સ. ૧૧૦૦, હિ. સ. ૪૯૩ અને ઇ. સ. ૧૩૦૦, હિ સ. ૭૯૯માં મુસલમાન થયા હતા, કારણ કે અણહિલવાડ પાટણમાં શિયા પ્રચારકો પ્રત્યેની ઉત્તર ગુજરાતના હિંદુ રાજાઓની વર્તણૂક બહુજ સુંદર હતી. બહુધા કેટલાંએ કુટુંબોમાં ઇસ્લામ ધર્મ ફેલાયો હશે.[૬]

આ વ્યાન ઉપરથી એ વાત તો સાબિત થઇ ગઇ કે આ કુટુંબ લાંબા સમયથી મુસલમાન છે. હવે માત્ર એ જાણવું રહ્યું કે (૧) વોરાનો અર્થ શો થાય છે? (૨) તેઓ હિંદમાં કયારે આવ્યા? (૩) શું એ બધાજ અસલ મુસલમાન નથી?

'રાસમાળા'માં કરેલા ઉલ્લેખ વિશે મેં ઉપર જણાવી દીધું છે કે આ નવમુસ્લિમોએ વેપાર શરૂ કર્યો તેથી તેમને બોહારે અને પાછળથી વોરા કહેવામાં આવ્યા. મીર નુરૂલ્લાહ શુસ્તરી (અવસાન હિ સ. ૧૦૧૯) લખે છે કે આ વોરા લોક વેપારધંધામાંથી પોતાનું ગુજરાન ચલાવે છે, જે બાબતમાં 'વોરા' શબ્દ તેના અર્થનું સૂચન કરે છે. હિંદમાં તેનો અર્થ 'તાજેર' થાય છે.[૭]

અમદાવાદમાં મોહમ્મદ સિદ્દીક એક ધર્મોપદેશક (વોરા) (અવસાન હિ સ ૧૦૪૧માં) હતા, જે મીર નુરૂલ્લાહ શુસ્તરીના લગભગ સમકાલીન હતા. તેમનો ભાઇએ એક કિતાબ લખી છે. તેની હાંસિયા ઉપર અરબી જબાનમાં લખ્યું છે કે "બવાદિર" શબ્દ વોરા ઉપરથી નીકળ્યો છે, જે વેપાર, ધંધો અને ખરીદ કે વેચાણ માટે વપરાય છે. 'મિરાતે એહમદી' નામના પુસ્તકના અંતમાં આજ પ્રમાણે લખ્યું છે, અને તેના અભિપ્રાય પ્રમાણે પણ તેનો અર્થ વેપારીઓ થાય છે; પરંતુ મૂળ સવાલ એ છે કે આ શબ્દ અરબી જબાનનો છે કે હિન્દી જબાનનો.

'વોરા' (કે બોહારે) શબ્દ જો હિન્દી હોય તો તેનો અર્થ વેપાર કે વેપારી થશે, જે પ્રમાણે 'રાસમાળા' અને આઝાદ બેલ્ગ્રામીએ લખ્યું છે. તેઓ પોતે સંસ્કૃત અને હિન્દીના મહાન વિદ્વાન હતા તેમજ કવિ પણ હતા. કેટલાકોએ બોહરાનો અર્થ સીધો રસ્તો અને બહુરાહ (પુષ્કળ રસ્તા) અર્થાત્ જુદીજુદી કોમનો બન્યો અને વોરા અર્થાત્ ઊંટોનો કાફલો એવા લીધા છે, જેનો ભાવાર્થ બહુધા વેપારી જ હશે. બહરાજ અર્થાત્ 'અમમચેતી' શબ્દ પણ કોઇકોએ વાપર્યો છે. અરબી શબ્દકોશ લુગતે કામુસમાં લખ્યું છે કે વોરા એક ખાનદાન છે. અને વોરાની ઉત્પત્તિ મદીના અને યમામા (યમનની પાસે) થયેલી હતી. વળી સુરાહમાં જણાવવામાં આવ્યું કે વોહરા કજાઆનું કુટુંબ છે. આ ઉપરથી લાગે છે કે આ શબ્દ અરબી જબાનનો હોવાનું શક્ય છે; જેમકે નરમાવાળા (વોરા) અને વલીઉલ્લાહ

૫ ગુજરાત એન્ડ ગુજરાતી. પૃ. ૧૮૯
૬ પ્રીચિંગ ઓફ ઇસ્લામ
૭ સુબ્હતુલ મરજાન, પૃ. ૪૫. મુબઈ
૮ કામુસ ભા. ૧



અને કમ્બોણીવાળા કુટુંબના લોકો દાવો કરે છે કે અમો તાહર અને મદીનાથી આવ્યા હતા. વિ. સ., ૩૦૩માં મકરૂહર ઇતિહાસકાર મશુદી ભરૂચ અને ખંભાતમાં આવ્યો હતો. તેણે લખ્યું છે કે મુંબઇ પાસેના બંદર એમુરમાં બુગદાદ અને બસરાના ઉપરાંત દશ હજાર બોલ્લા મુસલમાનો છે. કામુસમાં જણાવ્યા પ્રમાણે સિંધમાં એક કોમ છે જેને બહાજના કપ્તાનો મહેનતાણું આપી દુશ્મનો સામે લડવા માટે રાખતા હતા. એ શબ્દનું એકવચન બેસિરા છે. સંભવિત છે કે શરૂઆતમાં જે વેપારીઓ આ લોકોને જહાજો ઉપર નોકર રાખી હિંદુસ્તાનમાં આવતા હતા તેઓ પણ બ્બાસરા નામથી ઓળખાતા હતા. વખત જતાં તે લોકો માટે જ આ શબ્દ વપરાતો થઇ ગયો હોય, જેઓ અરબસ્તાનથી આવી રહ્યા હોય અને ધીમે ધીમે તેમની સંતતિ (એટલે કે હિંદમાં જેઓ જન્મ્યા) માટે તે વાસ થઇ ગયો હોય આનો દાખલો બીજી ભાષામાં મોજૂદ છે ૧૦

ધર્મ જબાનમાં એક શબ્દ 'કુલા' છે તેનો મૂળ ઉચ્ચાર 'કુલા' છે, જેનો અર્થ 'તરીને આવનાર' થાય છે. અર્થાત્ જે માણસ સમુદ્રના બીજા કિનારાથી આવ્યો હોય. એનો ભાવાર્થ પરદેશી લોકો થાય છે. શરૂઆતમાં આ શબ્દ હરેક પરદેશી માટે વપરાતો હતો. જ્યારે અંગ્રેજોએ બર્મા (બ્રહ્મદેશ) નો કબજો લીધો ત્યારે તેઓ માટે ફરીથી એક જુદો શબ્દ (ખુ) શોધી કાઢવામાં આવ્યો, અને કલા (કુલા) હિંદુસ્તાનીઓ માટે અને બાસ કરીને ફક્ત મુસલમાનો માટેજ વપરાવા લાગ્યો.૧૧

એજ પ્રમાણે સેંભુર્વિત છે કે બહુ જ રૂઢ થવાના સબબથી ગુજરાતીમા 'સ' અને 'હ' નો અરસપરસ ફેરફાર થાય છે, જેમકે 'સારો' ને બદલે 'હારો' અને 'ઉસિા' ને બદલે 'ઉહા' અને 'કસારા'ને બદલે 'કંહારા' વપરાય છે.

વોરાનો અર્થ સામાન્ય વેપારી હોય, અથવા તો એ શબ્દ અરબસ્તાનથી આવેલા વેપારીઓ માટે વપરાતો હોય, અથવા તે લોકો કઝાઆ બાનદાન સથે સબંધ ધરાવતા હોય, તોપણ કોઇપણ સંજોગોમાં ધર્મ અને જાતનો બાધ ન રાખતા આ શબ્દ બહુધા મુસલમાન વેપારી માટે જ વપરાય છે અને અરબ વેપારીઓનું (અર્થાત્ મુસલમાનનું) હિંદમાં આવવું બિજરી પહેલી સદીથી જાણવામાં છે. બિલાઝરીએ મોહમ્મદ બીન' કાસમની સિંધની કતેહ (હિ. સ ૯૨)ના સબબ પણ અરબ વેપારીઓનાં જહાજો લુંટી લેવાનો જણાવ્યો છે ૧૨ સુલેમાન

૯ આ કુટુંબ હાલમાં અમદાવાદમાં રહે છે.

૧૦ મારા એક મિત્રે આ શબ્દને જુદી રીતે સમજાવ્યો છે તે કહે છે કે શબ્દ મૂળ ગુજરાતી છે અને બે શબ્દોનો તે બનેલો છે. ગુજરાતી ભાષામાં 'બે'નો અર્થ બે (૨) થાય છે. અને 'સરા' નો અર્થ સીરા. એટલે કે બે માથાવાળા થાય છે; જેનો ભાવાર્થ અરબસ્તાન અને હિંદના મેળાપથી પેદા થયેલો પુરૂષ થાય છે; જેમકે ઇરાનમા મોવલ્લિદીન હતા અને આજકાલ એગ્લો ઇંડિયન છે. આજ પણ તિરસ્કારભરેલા વર્તન બતાવવા માટે ગુજરાતીમાં બેધડક 'બિસરા' (એટલે કે વર્ણસંકર) છે. આની અસર મારા મૂળ વિષય ઉપર બિલકુલ પડતી નથી એટલે કે માનો લો કે એ ગુજરાતી શબ્દ છે તોપણ શક્ય છે કે એ શબ્દ બદલાતાં વોરા બન્યો હોય.

૧૧ સફરનામ એ બરમાહ, પૃ. ૪૫, મદહુજુલ મતાબિઅ, દીલ્હી.

૧૨ બિલાઝરી-કાહે સિંધ, છપ્પિસ.

—: અદ્‌ભુત ચમત્કાર :—

: : માર, ચોટ, વા, અને શરીરના દુખાવા માટે અદ્‌ભુત ઇલાજ : :

વ•ન્ડ•ર ઓ•ઈ•લ

વન્ડર ઓઈલ:— શરીરના દુખતા ભાગો પર "વન્ડર ઓઈલ" અદ્‌ભુત અસર કરે છે. અને શરીરના તમામ હાડીલાં અને ખોડ ઉપલ કરી કદરૂપા બનેલા ભાગો અને તમામ દર્દોને ગેરંટીડ જડમુળથી દુર કરી સાંધાઓ તથા દુખતા ભાગોમાંથી દર્દને ખેંચી કાઢી થોડાજ વખતમાં સ્ફુર્તી આપી મજબુત અને અસલ કરતાં ચૈતન્ય બનાવે છે.

વન્ડર ઓઈલ:— માર, ચોટ, વા, અને છાતીના દુખાવા ઉપર થોડીજ વારમાં ચમત્કાર બતાવે છે. અને દુખનું નામજ દર્દ થઇ જાય છે.

વન્ડર ઓઈલ:— માંસ અને હાડકામાં થતો દુખાવો તુરતમાંજ નરમ પડી જાય છે. અને થોડા કલાકમાંજ તમારી ફરિયાદ દૂર કરે છે.

વન્ડર ઓઈલ:— અકસ્માતે બળી જવાથી આનો ઉપયોગ કરવાથી પાકતું કે સડતું નથી. ઠંડક આપી તરત પીડા શાંત કરે છે. ઉપરાંત માર લાગવાથી શરીર છુંદાઈ ગયું હોય તો તેના ઉપર ચમત્કારીક અસર બતાવે છે.

.....શરીરના તથા સાંધાઓના દુખાવા માટે.....

પાવરફુલ ઇલાજ

આજેજ વાપરો : કીંમત બાટલી એકના રૂા. ૨–૦–૦

લખો:—ધી બ્રીટીશ ઈન્ડીયા મેડીકલ એજન્સી

અમદાવાદ ૧૪

બંસી અને અબુઝમદ સયરાહીએ પોતાના સફરનામામાં લખ્યું છે કે[૧૩] ખંભાત, ભરૂચ, અમુર, ગન્ધાર, થાણા અને સોપારામાં મોટી સંખ્યામાં મુસલમાન અરબ વેપારી રહે છે. આ બંને ત્રીજી સદીના મધ્યમા આવ્યા હતા (લગભગ ઈ. સ ૨૫૦ અત, ૨૬૫) ઈ સ. ૩૦૩માં મસુદી આવ્યો હતો તેણે માત્ર એક જગ્યા ઉપર ૧૦૦,૦૦૦ મુસલમાનોની વસ્તી લખી છે.[૧૪]

વળી આ ઉપરાંત ઈબ્ન હોકલ, અસ્તખરી, બશારી મુકદ્દસી વગેરેએ પણ મુસલમાનોની વસ્તી વિષે ઉલ્લેખ કર્યો છે આ તમામ મુસાફરો ગુજરાતની ફલેહ પહેલાં હતા. આ ઉપરથી સાબિત થાય છે કે અરબ વેપારીઓ (વોરાઓ) હિજરી પહેલી સદીમાં આવ્યા હતા એમા કંઈ શક નથી. પોર્ટુગીઝોએ જમીનથી સમુદ્ર ઉપર કબજો લઈ તેઓની આવજા બંધ કરી ત્યાં સુધી તેમની આવજા અને અરબો સાથેનો વેપાર જારી રહ્યો. આ બાબત તો હકતુલ મગ્નહીનિમા સવિસ્તર મળી આવે છે.

હવે માત્ર એકજ સવાલનું નિરાકરણ કરવાનું બાકી છે કે આ સર્વ નવમુસ્લિમ છે કે નહિ. આ બંધનમાં 'રાસમાળા'ના લેખક અને બીજા લોકોના અભિપ્રાય મેં ઉપર મુજબ લખી દીધા છે. તેઓનો ખ્યાલ છે કે આ સર્વ નવમુસ્લિમ છે. મૌલ.ના આજાદ બેલ્ગ્રામીએ પણ લખ્યું છે કે, બરેબર વોરાઓના બાપદાદા નવમુસ્લિમ હતા. પરંતુ આધુનિક જમાનામાં એવા પુરાવા નજરે પડ્યા છે જેમાંથી માલુમ પડે છે કે આ બ્યાન સત્ય નથી મેં ઉપર જણાવ્યું છે કે 'કમબેરી' કુટુંબના વોરાઓમાં (જેઓ અમદાવાદમાં રહે છે) એક ધર્મોપદેશક, મોહમ્મદ સિદ્દિક હતા જેનું અવસાન હિ સ. ૧૦૪૦માં થયું હતું. એ એક ઉંચી કોટિના વિદ્વાન હતા. તેણે એક તફસીર અને બીજી તન્બીહુલ્ગુફલાહ એવી બે મશહૂર કિતાબો લખી છે.[૧૫] તેમના ભાઇ મોહમ્મદ સાલેહે રિસાલયે સિદ્દીકુલ્લાહના મુકદ્દમામાં લખ્યું છે કે શેખ અહમદ ફરમરી મદીનાથી ખંભાત તશરીફ લાવ્યા અને ત્યાં મુકામ કર્યો. તેના પુત્ર યાકુબથી લઇ વંશપરંપરા તમામ ત્યાં રહ્યા અને અદ્યાપિ (હિ. સ. ૧૦૪૧) પણ તેનું કુટુંબ ચાલુ છે. હાસિયા ઉપર પૂરી વંશાવળી લખવામા આવી છે, જે હઝરત અબુબક્ર સિદ્દિક અને ત્યાર પછી અદનાન સુધી પહોંચે છે.[૧૬] તેજ પ્રમાણે નરમાવાળા વોરા (સૂરત અને અમદાવાદના રહેનારી) દાવો કરે છે કે આ લોકો અસલ તાપ્તીથી આવ્યા હતા શરૂઆતમાં વેપારી નિરબતને લઇને તેઓની આવજા ચાલુ રહેતી હતી અને ત્યાર પછી સુરતના બંદરમાં તેઓએ વસવાટ કર્યો અને આખરે અમદાવાદમાં આવ્યા હતા તેમાંના ઘણા મહાન વિદ્વાન પણ થઇ ગયા હતા, જેના કે મુલ્લાં અબ્દુશશકુર

૧૩ કિતાબુલહિન્દ બલ ખિમ પેરિસ.

૧૪. મરસુદી ભા. ૧, ૬૯ખિમ

૧૫. મઘબારના હરતથી લખેલી તફસીરની એક નકલ હઝરત પીર મોહમ્મદશાહની લાયબ્રેરીમા અને તન્બીહુલ ગુફ્લાની એક નકલ પટનાની ખુદાબખ્શખાનની લાયબ્રેરીમાં મોજૂદ છે.

૧૬. આ પુસ્તક પણ હઝરત શાહ સાહેબની લાયબ્રેરીમા છે. પુ. ૧૨

સાહેબ, 'તેમને શાહઆલમ અને મોહમ્મદ-શાહના સમયમાં એકસો વીઘાં જમીન ભરણ પોષણ માટે બક્ષિશરૂપે આપવામાં આવી હતી. ફરૂખશિયરના વખતમાં અમદાવાદ, સૂરત, વડોદરા, ભરૂચ અને ખંભાતમાં તેમના જુદા જુદા પ્રકારોના વેરા માફ કરવામાં આવ્યા.[૧૭] વલીઉલ્લાહનું કુટુંબ પણ આજ પ્રમાણે મદીના કે બિદ્દાથી આવ્યું હતું. તેમના બાપ-દાદા તે જમાનાના પ્રખર વિદ્વાન હતા. મૌલાના નુરૂદ્દીન, મૌલાના ઇમાદુદ્દીન અને મૌલાના વલીઉલ્લાહની વિદ્વતા તો બેહદ ઊંચી કોટિની હતી. તીજારત ઉપરાંત તે સાથે તેણે સ્થાપેલી કૉલેજ અમદાવાદ માટે મગરૂરીની વસ્તુઓ હતી. મૌલાના ઇમાદુદ્દીન મોજદ (હિ સ ૧૧૫૫)ની કબર હાલ પણ જ્યાં તેલિયા મિલ છે ત્યા છે. આજ પ્રમાણે મૌલવી મોહમ્મદ મૃથમિયા સાહેબ અમદાવાદના રહેવાસીનું કુટુંબ છે, જે પોતાને કારકી કહે છે અને હિજરી અગિયારમી સદીમાં આવ્યાનું કહે છે અત્યારે આ ખાનદાન પણ વેરા કહેવાય છે. આજ પ્રમાણે રાંદેરવાળાઓનો પણ દાવો છે કે ખલીફા સફફાહ અબ્બાસી (હિ. સ ૧૩૨)ના સમયમાં મોમિન ખાનદાન કુફાથી તીજારત માટે આવ્યું, અને રાંદેરમાં વસવાટ કર્યો. તેથી રાંદેરી વેરા ખુદ પોતાને નવમુસ્લિમ સમજતા નથી, પરંતુ અસલ અરબી ગણે છે.[૧૮]

એ તમામ આજે પણ વેરા કહેવાય છે. આલમગીરના જમાનામાં એક મશહૂર મોહતસીબ (પ્રાચીન રોમન લોકોમાં એક ધર્માધિકારી રહેતો હતો. તેનું કામ રોમન રહેવાસીઓની માલ મિલકતની નોંધ રાખવી, તેમના ઉપર મિલકત પ્રમાણે વેરા નાખવા, લોકોની રીત-ભાત ઉપર તપાસ રાખવી અને જેઓની રીત-ભાત ખોટી હોય તેની ગેરહાજરત કરવી વગેરે હતું) અબ્દુલ ગની સાહેબ અને શેખ કાજી અસહુદ્દીને હિ સ. ૧૧૦૬માં મક્કાથી આવી પાટણમાં વસવાટ કર્યો. તેનું કુટુંબ અદ્યાપિ પણ વેરા કહેવાય છે. એજ પ્રમાણે સૂરત,

૧૭ એ બને ફરમાન અદ્યાપિ પણ નરમાવાળાઓની પાસે છે તેમણે બેહદ 'ઉદારતાપૂર્વક પોતાના ખાનદાનના તમામ દસ્તાવેજ જોવાની મને તક આપી હતી, તે માટે તેમનો હું ઋણી છું.'

૧૭ અ. ગુજરાત અને વેરા કોમ–મોહમ્મદ આરિફ.

૧૮. સુબ્હતુલ મરજાન, પૃ. ૪૪

મુસ્લિમ બિરાદરોને ખુશ ખબર:—

દરેક ફેમીલી સહીત પધારનારા ગૃહસ્થોને પરદાની પુરતી સગવડ સચવાય તેવા રૂમ્સ સાથે ઇલેકટ્રીક લાઈટ, હવા ઉજાસ અને અપ-ટુ-ડેટ ફરનીચર તથા ફ્રેશ ખોરાકની સુંદર સગવડતા સાથેનું વિશ્વાસ પાત્ર સ્થળ:—

—: બિસ્મીલ્લાહ હોટલ :—

ઠે૦ રેલ્વે સ્ટેશન સામે, સુરત.

માલેકઃ- જે. એચ. સુમાર કાસમાણી



ભરૂચ, ખંભાત વગેરે જગ્યાએ બેશુમાર વોરા ખાનદાન છે, પરંતુ તેઓ અસલ અરબસ્તાનથી આવ્યા હતા એમ લખાણ અને દંતકથામાંથી સાબિત થાય છે.

આઝાદ બેલ્ગ્રામીએ અલ્લામા મોહમ્મદ બીન તાહેર પટ્ટનીના જીવન ચરિત્રમાં લખ્યું છે કે તે તેમના પૌત્રોમાંથી શેખ અબ્દુલકાદર બીન શેખ અબુ બક્ર (અવસાન હિ. સ. ૧૧૩૮) મક્કાના એક મુફ્તી હતા. તેમની કિતાબમાં ચાર ભાગ ફતાવીના છે. તેમના ગુરૂ શેખ અબ્દુલ્લા અન્સારી મક્કી શાફેઇ હતા. મજબૂર મુફ્તીની વફાત પછી ગુરૂએ એક મરસિયા લખી, તેમાંની એક લીટીમાંથી માલૂમ પડે છે કે અલ્લામા મોહમ્મદ બીન તાહેર સત્તેરની પંચાવની હજરત અબુ બક્ર સિદ્દિક સુધી પહોંચે છે.[૧૯] ત્યાર પછી આઝાદ બેલ્ગ્રામીએ તેનો એવી રીતે રદિયો આપ્યો છે કે તેમને તેણે નવમુસ્લિમ ઠેરવ્યા છે અને તેના આધાર માટે મીર નુરૂલ્લાહ શુસ્તરીના શબ્દોની નકલ કરી છે જેનો રદિયો તેમના સમકાલીન ધર્મોપદેશક મોહમ્મદ સિદ્દિકના ભાઇની કિતાબમાંથી સાબિત કરી ચૂક્યો છું. અને વળી આઝાદ બેલ્ગ્રામીએ 'શેખ' શબ્દ સમજાવવા માટે કહ્યું છે કે હિંદમાં એવો રિવાજ છે કે જે શખ્સ નવમુસ્લિમ હોય છે તે પોતાને શેખ સિદ્દિક કહે છે, કારણ કે તેણે ઇસ્લામ ધર્મને મજબૂત બનાવવા માટે સિદ્દિક અકબરની નકલ કરી હતી આ અર્થ હિંદુસ્તાનના કેટલાક નવમુસ્લિમ ખાનદાનોની નિસ્બતમાં સાચો ઠરે છે; પરંતુ તમામ માટે ગણતાં આનો ઉપયોગ મારા ખ્યાલ પ્રમાણે બિલકુલ ગલત છે. રજપૂતોનાં હજારો નવમુસ્લિમ કુટુંબો આજ પણ મોજૂદ છે જે પોતાને રજપૂત ગણે છે. કોઇ પણ શેખ સિદ્દિકી હોવાનો દાવો કરતું નથી. ગુજરાતમાં મૌલા ઇસ્લામની (નવમુસ્લિમની) લાખોની સંખ્યા મોજૂદ છે જે મરાસિયા અને બીજી જાતોમાંથી મુસલમાન થયા છે. એમાંનો કોઇ પોતાને શેખ સિદ્દિકી કહેતો નથી. મારો ખ્યાલ છે કે શેખ કહેવાનો અસલ સબબ એ છે કે અરબસ્તાનમાં પહેલેથી જ આ રિવાજ ચાલી આવ્યો છે (અને હાલ પણ તે મોજૂદ છે) કે ખાનદાનના સૌથી મોટા માણસોને 'શેખુલ કબીલા' અને કુટુંબમાં ફક્ત શેખ કહેતા હતા. હાલમાં પણ દરેક મોટી વ્યક્તિને, ખાસ કરીને વિદ્વાનો, આધ્યાત્મિક માર્ગોપદેશકો વગેરેને શેખ કહેવામાં આવે છે. એ લોકો સામાન્ય રીતે તાલીમ પામેલા અને દોલતમન્દ હોય છે. તેથી કરીને તેમની મઝહબી અને દુન્યવી વૃત્તિઓ ધ્યાનમાં લઇ 'શેખ' શબ્દ તેમના નામ સાથે વાપરવો શરૂ કર્યો. તે ઉપરાંત ઇસ્લામાઇલી લોકોમાં દીની ઓહદા માટે જે ખિતાબો નક્કી કરવામાં આવેલા છે તેમા પણ એક શેખ છે[૨૦] જે તેઓ મગરૂરીથી પોતાનાં નામો સાથે લગાડે છે. અને બહુધા આજ સબબથી અલ્લામા ગુલામઅલી આઝાદ બેલ્ગ્રામી જેવા લોકોની પણ ગેરસમજ થઇ હતી.

ચોથી સદી હિજરીની આખરમા ઇસ્માઇલી લોકોએ સિંધનો કબજો લીધો હતો. મહમૂદ ગઝનીએ જ્યારે સિંધ લઇ લીધું ત્યારે તેઓ મોટી

૧૯. મુન્તહુલ મરજાન

૨૦. મોલિયે બદાર, ભા. ૩ સફહરી મુબાઇ તે જમાનાના પ્રચારક દાઇ સૈયદનાની મજલીસની વ્યવસ્થામાં શેખ અને દાઇ નામો પણ છે.

સંખ્યામાં સિંધ છોડી ગુજરાતમાં આવ્યા૨૧ હતા હિ. સ. પાંચમાં જ્યારે સલાહુદ્દીન અયુબીનો મિસર ઉપર સંપૂર્ણ કબ્જો થયો અને ઈસ્માઇલીને બદલે શાફેઇ ધર્મ ચાલુ થયો ત્યારે ઈસ્માઇલીનાં થોડાં ખાનદાનો વતન છોડી યમન અને ગુજરાતમાં ગયાં. ત્યારપછી હિ સ. ૯૪૬ માં જ્યારે ઝેદીઓએ યમન ઉપર કબ્જો કર્યો અને ઝેદીઓએ મઝહબી બાબતમાં છૂટછાટ ન વાપરી અને તુર્કોએ પણ તેની પરવા ન કરી ત્યારે દાઉદી ઇસ્માઇલીઓએ પ્રચારકાર્યનું કેન્દ્ર યમનથી બદલી ગુજરાત કર્યું, એટલું જ નહિ પણ કેટલાંક ખાનદાનો ગુજરાતમાં આવી વસ્યાં. એજ સબબથી કેટલીક જ્ઞાતિઓના વોરા–'ખાસ કરી દાઉદી કોમ'નું 'સૌંદર્યનું પ્રમાણ હિન્દુસ્તાનથી જુદા પ્રકારનું છે કેટલીક જ્ઞાતિઓના વોરાઓમાં અરબી ખૂન સાફસાફ માલૂમ પડી આવે છે. તેમની સ્ત્રીઓના ચહેરા, આંખ, ખૂબસૂરતી, રંગ, રૂપ વગેરે ઉપરથી સાબિત થાય છે કે તેઓ મિસર અને યમનના જલાવતન કરનારામાંના આખરી યદગારરૂપે છે.

આ તમામ તારીખી હકીકતો સાબિત કરે છે કે વોરાઓની વસ્તીમાં એવું તત્વ મોજૂદ છે જે મૂળ મુસલમાન છે અને હિન્દી નથી; જેમકે, મોહમ્મદ અમીન મદનીએ લખ્યું છે કે વોરાઓનો ઇતિહાસ એ બાબત ઉપર અનુમોદન આપે છે કે તેઓ અસલ મુસલમાન છે. આગળ જણાવે છે કે જ્યારે એમની (ફાતમી સલ્તનત) છઠ્ઠી સદીમાં ખતમ થઈ ત્યારે એ લોકો ત્યાંથી નીકળી યમન આવ્યા અને ત્યારપછી ત્યાંથી હિન્દમાં આવ્યા અને ત્યાં રહ્યા.૨૨

હવે ખરેખર કેટલીક બાબત વિચારવા જેવી છે. અમદાવાદમાં થોડા મુદ્દી વોરાનાં કુટુંબ એવાં છે કે જેમની અટક 'ખાન' છે અને જાતનાં અફઘાન છે. તે ઉપરાંત ગુજરાત, કાઠિયાવાડ દખ્ખણ વગેરે બલાકામાં અને ખાસ કરીને ગામડામાં એવા લોકો પણ મોજૂદ છે, જેઓ પોતાને વોરા કહે છે, પરંતુ વેપારી નથી. તેઓ ખેડૂત છે, બ્રાહ્મણ, રજપૂત, કોળી વગેરે પણ છે. મૂળ વાત એ છે કે ખરેખર એ લોકો નવમુસ્લિમ છે અને એમાં કંઇ શંકા નથી. તેઓ એવા નવમુસ્લિમ છે જેમને વોરા પ્રચારકોએ ઇસ્લામનું પ્રચાર-

૨૨ સુબ્હતુલ મરજાનનો હાંસિયો પૃ. ૪૫, મુંબઈ

બંધ માસિક "માંદગી"

ફક્ત ત્રણજ દિવસની અંદર 'શ્રી નોઃ' ગોળીઓથી ચાલુ થાય છે. માસિક અડચણની કોઇપણ ફરિયાદ માટે ૩૫ વર્ષનો દવા સાથે ગેરંટી પત્ર આપવામાં આવે છે. કીંમત રૂા. ૫-૮-૦ પરદેશ શી. ૧૦

–:ગર્ભ રહેતો અટકાવવા:–

"રાહત" દવા, ફક્ત ત્રણજ દિવસ ખાઇ લેવાથી જીંદગી ભરમાં કદી ગર્ભ રહેતો નથી માસિક ચાલુ. કશુંજ નુકસાન નહિ, ડૉકટર વૈદોએ અજમાવેલી દવા સાથે ગેરંટી પત્ર મોકલવામાં આવે છે, કીંમત રૂા. ૫-૮-૦ પરદેશ શી. ૧૦

ડૉ. એસ. એચ. ખાન,
૪૨ ચર્ચગેટ સ્ટ્રીટ, મોનજીની સામે
કોટ, મુંબઇ, ફોન ૨૧૩૪૩.

૨૧ તારીખે સિન્ધ, ભા. ૨, અબ્દુલહલીમ શરર લખનૌ,

કાર્ય કરી પોતાનામાં સામેલ કર્યા છે, જેમકે, મજ્મલિસે સયદ્દિયા અને બીજાં પુસ્તકોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મોહમ્મદ અમીન મદની પણ સાબિતી માટે કહે છે કે:-

"ત્યાર પછી યમનથી હિંદ (ગુજરાત, સિંધ) તેઓ આવ્યા અને તેજ જગ્યાને પોતાનું વતન બનાવી દીધું અને હિંદુઓમાં ઇસ્લામ માટે પ્રચારકાર્ય કર્યું. ત્યાર પછી એક મોટી સંખ્યા મુસલમાન બની ગઇ અને કદાચ આઝાદ બેતુલ્લાહીએ નવમુસ્લિમનો અર્થ આજ કર્યો હશે, જે વિશે લખ્યું છે કે જેઓ મિસરી મોહતરીન વોરાઓના પ્રચારકાર્યને લઇને મુસલમાન થયા.[૨૩] તેઓ લગભગ ૩૦૦ વરસથી મુસલમાન છે.

હું ધારું છું કે ગેઝેટિયરમાં જે કંઈ લખવામાં આવ્યું છે અને બીજાં પુસ્તકોમાં જેવાં કે રાસમાળા વગેરેમાં નવમુસ્લિમોની જે હકીકત તેમાં છે તે બધાંનો સારાંશ આ છે. અને તેમને વોરા કહેવાનો સંભવ ક્યાં તો એ હશે કે બાપદાદાઓ પહેલા વેપાર કરતા હશે અને ત્યાર પછીથી તેમનો વારસોએ પોતાનો નવો ધંધારોજગાર પેદા કર્યો હશે; જેમકે હાલ કેટલાક અમીર ખાનદાનના (વોરા)ના લોકો ડાક્ટર, બૅરિસ્ટર, પ્રોફેસર, વગેરે થયા છે તે છતાં પણ વોરા કહેવાય છે.

અને બીજો સંભવ એમ પણ હોઇ શકે કે આ તમામ લોકો સામાન્ય રીતે વોરાઓના હાથથી મુસલમાન થયા હતા અને બધાજ નવમુસ્લિમોને આ લોકોએ આકર્ષી લીધા હતા તેથી કરીને સામાન્ય રીતે દરેક નવમુસ્લિમને તે સમયે વોરા કહેતા હશે; જેમકે, યુરોપમાં 'મુર' એક શબ્દ છે. દરેક મુસલમાનને તેઓ મુર કહેતા હતા; કારણ કે શરૂઆતમાં મુસલમાન મોરોક્કોથી યુરોપ ગયા હતા. અથવા તો હિંદુસ્તાનમાં 'તુર્ક' શબ્દ છે. મોગલ વંશ પહેલાં દરેક મુસલમાનને હિન્દુ તુર્ક કહેતા હતા, જોકે હિન્દુસ્તાનમાં તમામ મુસલમાન તુર્ક ન હતા; એટલે કે, ઉત્તર હિંદમાં હિંદુઓ દરેક મુસલમાનને તુર્ક અને દક્ષિણ હિંદમાં દરેક મુસલમાનને વોરા કહેતાં હતા. અને આ સહેલું હોવાથી સામાન્ય લોકોએ આ બંને શબ્દોનો સ્વીકાર કરી લીધો હતો. અને આજ કારણથી ખુજ્જ (બોજ્જ) જે વિજય કે વેપાર અર્થે સિંધ પરંતુ સિંધથી પ્રચારકાર્ય કરતા કરતા આવ્યા હતા, તેમને તુર્ક તેમજ વોરા ન કહેવામાં આવ્યા, પરંતુ તેઓ બોજ્જ રહ્યા, જોકે તેમના પ્રચારકો પણ લગભગ એજ સમયે આવ્યા હતા.[૨૪]

[બુદ્ધિપ્રકાશ"માંથી]

---

૨૩. સુબ્હતુલ મરજાનનો હાશિયો.

૨૪. જેમકે આજ પણ મેલબારી નવમુસ્લિમોને આકર્ષી લે છે અને તેનો મોનમરતબો બનવે છે.

૨૫ નુરુદ્દીન સતામર (સદ્‌ગુરુ અર્થાત્ સાત ઇમામમાં માનનારા) મુરતઝીર ખલીફાના જમાનામાં પાટણમાં પધારી પ્રચારકાર્યમાં દોકાઈ ગયા. હિ. સ. ૪૦૬માં મરહૂમ થયા. તેમના અનુયાયી ગુજરાતમાં બહુ છે, પરંતુ તેઓ તુર્ક તેમજ વોરાને નામે ઓળખાતા નથી, કારણ કે તેઓ વિજયી કે વેપારી નહોતા.

મ • જ • દૂ • ર ! ! !

અનુવાદક : હાશિમ મુહમ્મદ ટિમોલ

તે દિવસે રેલગાડીમાં જોયું. બાબુજીએ એક કુલીને ધક્કો દઇ હડસેલી દીધો! આ દૃશ્ય જોઇને હૈયું હાથમાં ન રહ્યું! આંખમાં આંસુ આવી ગયાં ગરીબો હંમેશાં જગતમાં શું એમ ધુત્કારાતાજ રહેશે?

જે મજદૂર પોતાના લોહીમાંસનું બળતણ પુરી ગાડી દોડાવે છે. તે તો પાટિયાં પર પડયો છે અને રેલગાડીઓમાં મ્હાલે છે કોણ!

બડા બાબુ સાહબો!

શું કહું? 'પગાર અપાય છે?" નાલાયકો કહેતાં શર્મ નથી આવતી. મજદૂરને થોડાક પૈસા આપીને તમો ઢગલાબંધ દૌલત લઇ રહ્યા છો!

સડકો પર મોટર, સાગર પર સ્ટીમરો, હવામાં વિમાનો, શહેરોમાં પંત્રો એ બધું કોણ બનાવે છે? અને કોણ એને ચલાવી રહ્યું છે?

તમારા વિલાસભૂવનોની રંગીનીઓમાં કોનાં રૂધીર છાંટણા છે? એની પ્રત્યેક ઇંટ પર કોની વિતક કથા કોતરાએલી છે!

માટીની રજકણોમાંની પ્રત્યેક કણ એની ભવ્યતા અને દબદબાનો ખરો ઇતિહાસ જાણે છે!

[બંગાળના મશહુર ક્રાંતિકારી કવિ કાઝી નઝરૂલ ઇસ્લામના એક ગીત ઉપરથી]

.... મફત ....

ન્યુ ગોલ્ડની એજન્સી મેળવો. આ સોનું કસોટી ઉપર પણ ખરા સોના જેવુંજ ઉતરે છે અને ખરા સોનાને જેમ ઘડી શકાય છે તેમ તેના તાર પણ ખેંચી શકાય છે. તેનો રંગ કદીયે બદલાતો નથી. અમારે ત્યાંથી તેના દરેક ઘાટના દાગીના તૈયાર પણ મળી શકે છે. ચાર તોલા અમેરિકન ન્યુ ગોલ્ડ, એક જોડી ફેન્સી બંગડી, મુંબઈ ફેશનની એક અંગુઠી, એક જોડી કાનની ઈઅરરીંગ, નમૂના તરીકે મોકલવામાં આવશે. ઉત્સાહી અને લાગવગવાળા એજન્ટોને દરેક પ્રકારની સગવડ આપવામાં આવે છે.

મફતઃ—દાગીનાઓનું સંપૂર્ણ કેટલોગ અને એજન્સીના નિયમો મફત મોકલવામાં આવે છે. આજેજ લખોઃ—

અમેરિકન ન્યુ ગોલ્ડ કું॰પોસ્ટ બોક્ષ નં. ૬૧. (D. 1467) લાહોર (ઇન્ડીયા)

American New Gold Company. P. O. Box 61 (D. 1467) Lahore (India)

મુસ્લિમ

અરબી વહાણવટું

અનુવાદક:

સાલેહ અકીલી સાંહ્ય

(ગતાંકથી ચાલુ)

ભૂમધ્ય સમુદ્રમાં ટ્યુનિસ, જે બની ઉમય્યદના સમયથી દર્યાઈ યુદ્ધ વહાણોનું કેન્દ્ર હતું, તેને બનૂ અબ્બાસે પણ કાયમ રાખ્યું. રોમનોની રોકથામ માટે એની ઘણીજ જરૂરત હતી. અહિંથીજ એમની સાગર સેનાઓ ભૂમધ્ય સમુદ્રના ટાપુઓ, અને ફ્રાન્સ તથા ઇટાલીના બંદરો ઉપર હુમલા કરતી હતી. અંતે હિ. સ. ૨૧૨મા જ્યારે બનૂ અગ્લબ ઉત્તર આફ્રિકામાં બનૂ અબ્બાસના નાયબ તરીકે રાજ્ય ચલાવતા હતા, ત્યારે કાઝી અસદ બિન ફિરાતે એજ યુધ્ધનૌકાઓને લઇને સિસિલી ઉપર સફળ ચઢાઇ કરી અને હિ. સ ૪૬૪ સુધી અરબોએ અહિં રાજ્ય કર્યું. એ ઝમાનામાં સિસિલી અને ઉત્તર આફ્રિકાના કિનારા અરબી જહાજોના રમતગમતના મૈદાન જેવા હતા. હજ્જમેશ આ બન્ને કિનારાઓ વચ્ચે અરબોની અવર જવર ચાલુજ રહેતી. સાથેજ આ બન્ને આફ્રિકન અને યૂરપીયન કિનારાઓથી ઇરકંદરિયહ સુધી જહાજોની કતારની કતાર લાગેલી રહેતી હતી. પરંતુ હિન્દી મહાસાગર, ફ્રાંસ અને ચીનમાં તેઓ માત્ર આતારીજ રહી ગયા હતા.

બસરા

બનૂ અબ્બાસના સમયમાં પણ જે કે ઉબુલ્લહની પ્રાચીન બંદરગાહનું નામ સાંભળવામાં આવે છે, પરંતુ બગદાદથી ફુરાતમાં થઇને વહાણો બસરાના નાકાથીજ આવતા જતા હતા જેથી બસરાની હૈસીયત ઘણીજ ઉન્નતિ કરી ગઇ. બગદાદ અને વાસતથી જે વહાણો આવતાં, તે બસરા પહોંચીને નહેર ઈબ્ને ઉમરના કાંઠાને લાગીને ઉભા રહેતાં હતાં. ઉબુલ્લાહ હવે માત્ર ચીનના જહાજોને માટે ખાસ થઇ ગયું હતું. બસરાની હૈસીયત ઇબ્ને વાઝિહ યઅકૂબી-જે ત્રીજી સદી હિજરીમાં હતો-ના આ શબ્દોથી જાહિર થાય છે. "બસરહ, દુન્યાનું શહેર અને દુન્યાના વ્યાપારો અને સામાનોનો ભંડાર." (કિતાબુલ બલ્દાન: પૃષ્ટ, ૩૩૩)

ઇબ્નુલ ફકીહ હમદાની (હિ. સ. ૨૯૦) એ પોતાની કિતાબ 'અલ-બલ્દાન'માં લખ્યું છે: "બસરાવાસીઓના વેપારની એવી સ્થિતિ છે કે એક તરફ અકસાએ તુર્કસ્તાન ફરગાનહ માં અને બીજી તરફ અકસાએ મગરિબ સોસમાં તેઓ મળશે." (કિતાબુલ બલ્દાન)

બનૂ ઉમય્યહના ઝમાનામાં બસરાના વિસ્તારમાં જે અસંખ્ય નહેરો બની હતી, તેમાં બનૂ અબ્બાસના સમયમાં વિશેષ વૃદ્ધિ થઇ હશે. અસ્તખરી (હિ. સ. ૩૪૦) લખે છેઃ ઇતિહાસકારોના એ બ્યાન વિષે કે બસરાનાં વિસ્તારમાં આટલી બધી નહેરો હતી, એમાં મને પણ યકીન ન હતું, પણ જ્યારે મેં બસરા જોયું તો મને ખાત્રી થઇ ગઇ, કેમકે અનેક નહેરોમાં નૌકાઓ (જવરક) ફરી રહી હતી. (ઇસ્તખરી પૃષ્ટ ૮૦ લીડન)

સયરાફ

બસરાથી સાત મંઝિલ પાછળ ધરાની અખાતના કિનારા ઉપર ત્રીજી સદી હિજરીમાં આ બંદર વસ્યું અને ઘણીજ રોનક પ્રાપ્ત કરી અરબોના વહાણો જે હિંદુસ્તાન અને ચીન જતા હતા તે અહિં થઇનેજ પસાર થતા હતાં.

અદન

યમનના કિનારા ઉપર અદન નામે બંદરની આબાદી તો પ્રાચીનથી હતી, પરંતુ આ ઝમાનામાં એણે ઘણીજ ઉન્નતિ કરી. યઅકૂબી ત્રીજી સદી હિજરીના મધ્યમાં કહે છેઃ— "અદન સન્આનું બંદરગાહ છે. અહિંઆ હબશા, મંદપ, જિન્હા, "સિલહટ[૧૬] (આસામ) અને ચીનના જહાઝો આવીને લંગર નાખે છે." (પૃષ્ટ, ૩૧૯)

ચોથી સદી હિજરીનાં અંતમાં 'મુકદસી' અદનની વ્યાપારિક ઉન્નતિની આ હાલત લખે છેઃ "અહિંઆ એક હઝાર દિરહમ (ચાંદીનો સિક્કો) લઇને જાવ તો એક હઝાર અશરફી લઇને પાછા ફરશો. સો લઇને જાવ તો પાંચસો લઇને આવો." પૃષ્ટ ૯૮, લીડન)

સુલ્હાર

આ અમ્માનનું બંદર અને રાજધાની હતી. મુકદસી (હિ. સ. ૩૭૫) લખે છેઃ—

"ચીની (હિન્દી) મહાસાગર ઉપર આજે કોઈ પણ શહેર એના કરતાં ચઢીયાતું નથી. આબાદ અને રોનકદાર છે. દૌલતની વિપુલતા છે. મેવા છે. મુએદ, સન્આથી સારૂ છે. વિચિત્ર બાજારો છે, જે આખા કિનારા ઉપર પથરાયલાં છે. મકાનો બુલંદ, સફાઇદાર સાગના લાકડાં અને ઇંટોના બનેલાં છે. મીઠા પાણીની નહેર

'કારવાં'ના પ્રથમ વર્ષની ફાઇલ

અંક ૧ થી ૧૨ કપડાંનું પાકું પુંઠું

કીં. રૂા. ૫) ૮. બ. સહિત

કોપીઓ સીલકમાં ઓછી હોવાથી થોડીકજ બંધાવવામાં આવી છે.

આજેજ ઓર્ડર મોકલી આપો.

ચાલુ વર્ષના છુટક અંકો પણ ઘણા ઓછા સીલકમાં છે. પોતે ફાઇલ બંધાવનારા ગ્રાહકોએ દરેક અંકના સાત આના લેખે નાણાં મોકલી ઘટતા અંકો મંગાવી લેવા ચુકવું નહીં.

વહોરા સાહિત્ય કાર્યાલય,

કણપીઠ-સુરત.

---

૧૬ એક શહેરનું નામ સિલાહત દેખાડવામાં આવ્યું છે. સુલૈમાન તાજિરનો બ્યાન (પૃષ્ઠ ૬)થી જણાય છે કે એ બંગાળાના અખાત પાસે હતું. જેથી ઘણું કરીને એ સિલહટ છે.

છે કિનારા ઉપર જમેઅ મસ્જિદ છે. એ ચીનનું 'ઉબ્બર, પૂર્વનો ખજાનો અને 'યમનની ચાવી છે" (પૃષ્ઠ, ૬૨)

શિહ્ર

એ માછલાંઓની ખાણ હતી અહિંથી માછલાં પકડીને અમ્માન, અદન અને સ્યી બસરા અને યમનની આજુબાજુ સુધી મોકલાતાં હતાં.

કયસ

આ ટાપુ અમ્માનના સમુદ્રમાં બહરેન પાસે હતો એ હિન્દુસ્તાન જનારા વહાણોનું મથક હતું. (મુઅજ્જિમઃ યાકૂત)

બહરૈન

બહરૈન હમેશાંથી વહાણવટીઓનું ગૃહ રહ્યું છે નવમી સદીમા એની ઉન્નતિની એવી હાલત હતી કે અહિંઆ એક હજાર નાના મોટા વહાણો અને નૌકાઓ પડી રહેતી હતી. (જુઓ કિતાબુલ કવાઈદ ફી ઉસૂલુલ બહર વલ કવાઓદ પાનો માજિદ પૃષ્ઠ ૯)

હુરમઝ

આ ટાપુ પણ ઇરાનના અખાતમાં દર્યાઇ વેપારનું મથક હતું. કયસ અને હુરમઝમા હરીફાઇ થતી હતી હિન્દુસ્તાન, ચીન અને યમનના વ્યાપારી વહાણો અહિંઆ થોભતા હતા (પાનો અસી: હવાદિસ, હિ. સ ૬૧૧)

જિદ્દાહ

આ મક્કા મુઅજ્જમાનું બંદર હતું. હબશાથી હિજ્જ આવનારા માટે અહિ વહાણો ઉભા રહેતા જેમ જેમ આફ્રિકા, હબશ, સિંધ અને ફારસમાં ઇસ્લામની પ્રગતિ થતી ગઇ, તેમ તેમ એની પ્રગતિ પણ થતી ગઇ.

જાર

મદીના મુનવ્વરહની બંદરગાહ 'જાર'ને મન્સૂરે બંદ કરી દીધું, પછી તેને તે હૈસિયત પ્રાપ્ત થઈ શકી નહિં અને ઘણું કરીને તેનું સ્થાન કલઝુમે લઇ લીધું.

શહેર કલઝુમ

રાતા સમુદ્રના મિસરી કિનારા ઉપર રીનાની હદમાં આ બંદર એ સમયે પ્રગતિ કરી રહ્યું હતું. યઅકૂબી લખે છેઃ-

"એ સમુદ્રના કિનારા ઉપર મોટું શહેર છે. એમાં તે સૌદાગરો રહે છે, જે મિસરથી હિજાઝ અને યમન અનાજ મોકલાવે છે. અહિં જહાજોની બંદરગાહ છે. અહિં જુદી જુદી કૌમોના માલદાર સૌદાગરો રહે છે." (પૃષ્ઠ, ૩૬૦)

અયલહ

એનીજ પાસે અયલહના અખાતમાં જેને હવે અકબા કહે છે, એજ નામનુ સિરિયન (શામી) બંદર હતું યઅકૂબી લખે છેઃ-

"શહેર અયલા શૂના દર્યા (રાતા સમુદ્ર) ઉપર મોટી આબાદી છે અહિં શામ, મિસર અને ઉત્તર આફ્રિકાના હાજીઓ ભેગા થાય છે. અને પ્રકાર પ્રકારના વ્યાપારનું ધામ છે. વસતી જુદી જુદી કૌમોની છે." (પૃષ્ઠ, ૩૬૦)

ગલાફિકહ

એ યમનનું પ્રાચીન બંદર હતું. અહિંથી વહાણો હબશા જવાને રવાના થતા હતા. ખલીફા મામૂનના સમયમા (હિ. સ. ૨૦૪) જ્યારે ઝુબૈદ આબાદ થયું ત્યારે આ બંદરગાહ પણ વિશેષ ઉન્નતિ કરી ગયું. એ ઝુબૈદથી

અદનથી મિસર પ્રાચીન (ગાઝા) મારે જે બંદરોમાં આવતા હતા, તે અદિંઆજ લંબર નામના હતા. (સિંધ-બહરાન વગેરેની અને મુઅજમુલ બુલદાન જાવાનઃ પાના.)

તબારિકહુ

પશ્ચિમમાં અદનથી તરફ સમુદ્રના કિનારા ઉપર બાજરની પેઠે આ શહેર વસેલું હતું. અદિં વ્યાપારીઓની આવ જવાથી ખૂબ રોનક જોતી હતી એમ, એક જૂની નવેર હતી. જેમાં મોટા મોટા વહાણો આવતા હતા અને એમાંથી નિકળીને તબારકના બજારમાં દાખિલ થતા હતા. (મુઝાજિમઃ પાના.)

દરિયાકીલીયહ

આ રપેઈન (ઇન્દલુસનું મશહૂર શહેર છે સમુદ્રની બીપ છે અને એક નદી જે દરિયા અને નીચ જોતી છે, નદીને સમુદ્ર સાથે જોડે છે. આ નદીનું નામ 'કાદીદોક કબીર' અને 'નાવેર કબાની લીયહ' છે કબિયની લીયહના આ કારણે એને એક મોટુ દર્યાઈ શહેર બનાવી દીધું હતું મુસલમાનોના આવવા પહેલ પણ એ બંદર હતુ અને મુસલમાનોના આવવા પછી પણ એની આ હાલત કાયમ રહી. (તારીખ ફતેહ ઇન્દલુસ પૃષ્ટ ૫)

એની દર્યાઈ તરક્કીનું એક મોટુ કારણ એ થયું કે વિ સ. ૨૩૦માં જ્યારે ખેટપીક ન બગાવતી મુરબીયન, ઉમૈયાએ ,કબાનીલીયહને માર્ગે રપેઇન ઉપર દર્યાઈ હુમલો કર્યો., અને મુસલમાનોને ઘાયું નુકસાન પહોચાડયું; ત્યારે તે અમય ા મુસલમાન અબ્દુર્રહમાન બિન હકમે કબાનીલીયહને મજબૂત અને મહફુઝ બનાવવાનો હુકમ કર્યો અદિયા બદાઓ બનાવવાના કારખાના પણ કાયમ કર્યા અને દર્યાઈ લશ્કર રખ્યું. જંગી વહાણોને એના કિનારા ઉપર લાંગરક અરસામગ્રીથી સજ્જ કર્યા એનું પરિણામ એ આવ્યું કે વિ. સ ૨૪૦માં જ્યારે એ ફ્રેંકોએ ફરીથી હુમલો કર્યો ત્યારે અરબોના જંગી વહાણોએ એમનો રાહ્ય સામનો કર્યો અને એમને મારીને નસાડી મૂકયા. (તારીખે ફતહ ઇન્દુલુસ)

અલ્મરયહ

ઉત્તર આફ્રિકામાં અલમરિયહ શહેર એવા ઉમદા સ્થળે આવેલુ હતુ કે એની ત્રણ તરફ સમુદ્ર આવેલો હતો મધ્યે સન્દાનએ એને પોતાની રાજધાની બનાવી. અદિં વહાણો બનાવવાના બે કારખાના હતા જેમાંના શહેરો ઉપર મુસલમાનોના દર્યાઈ હુમલા આજ બંદરથી થતા હતા. આ પણ બહુજ અગત્યનું બંદર હતુ. રોમનોના વહાણો આ તરફ શામ અને તે તરફ ઈરાક રોમન પ્રદેશોથી આવતા જતા અદિ યાખના હતા, અને મુસલમાનોના જહાજો મિસર, યમન, હિન્દુસ્તાન અને ચીન વગેરેથી અદિ આવતા હતા (જુઓ, અનડિક્શનરી ઓફ અલહજુલ અમરસર. પૃષ્ટ ૨૦-૨૧ વિએનામા મુદ્રિત)

દાનિયહ

રપેઈનમાં દાનિયહ એક કિનારાનુ શાહેર અને પ્રધાન બંદર હતું એન્ડલુસીઅરીગના પુરા કમાવપૂર્વક બનાવવામા આવ્યુ હતુ ઈદ્રીસી (વિ સ ૫૪૮) એ આ બંદરગાહની ઘણી પ્રસંશા કરી છે અને લખ્યું છે "અદિંથી પશ્ચિમના દેશો તરફ વહાણો જાય છે અને આવે છે. અદિ વહાણો બનાવવાના કારખાના પણ છે અને અદિંથીજ મુખ્ય જહાજો લડાઇ માટે નિકળે છે.



દહેરાન.

બરબર પ્રદેશમાં સ્પેઇનના બંદર મર્સિયની સામે આ સુરક્ષિત બંદર હતું. એમાં નહાના મ્હોટા વહાણો અને પ્રવાસી નૌકાઓ આવીને ઉભી રહેતી હતી. સ્પેઇનના જહાઝો અહિં આવતા જતા હતા. (જુગરાફિયા ઇદ્રીસી.)

આફ્રિકા અને ઈન્દલુસ (સ્પેઇન)ના અસંખ્ય નહાના નહાના બંદરોના નામ અબૂ ઉબૈદહ બિકરી (મૃત્યુઃ હિ સ. ૪૮૭)ની કૃતિ "મસાલિક વ મમાલિક"ના આફ્રિકા વિષેના ભાગમા જે "કિતાબુલ મગરીબ ફી-ઝિક્ર બિલાદુલ આફ્રિકા વલ મગરિબ" નામે છપાઈ છે. તેમાં વર્ણવાયા છે.

પૂર્વિય વ્યાપારી વહાણવટાના માર્ગો

અરબોના વહાણો ઈરાની અખાતથી નિકળીને હિન્દી મહાસાગરમાંથી પસાર થઈને ચીન સુધી જતા હતા. એનું સવિસ્તર વર્ણન, ત્રીજી સદીના આરંભના પ્રવાસી વેપારી સુલૈમાન આ શબ્દોમાં કરે છેઃ—

"તે સમુદ્ર જે હિન્દુસ્તાન, ચીન અને સન્દીપ (સિલોન)ની વચમાં છે, તેમાં મ્હોટા મ્હોટા માછલાં હોય છે. જેનાથી વહાણો બ્હીએ છે. રાતના જયારે એમાં વહાણો ચાલે છે ત્યારે ઘંટા વગાડતા ચાલે છે કે એ માછલીઓ માર્ગમાંથી હટી જાય. એમાં વીસ હાથની માછલીનો અમે શિકાર કર્યો એનું નામ વાલ (વ્હેલ) છે.

ત્રીજો સમુદ્ર હરગન્દ (હિન્દી મહાસાગર?) છે. એમાં અસંખ્ય ટાપુ (બેટ) છે. કહેવાય છે ૧૯૦૦ ટાપુઓ છે. આજ ટાપુઓ હરગન્દ અને લારવીમાં હદરૂપે છે. આ ટાપુઓની રાજ્યકર્તા એક ઔરત છે. આ ટાપુઓમાં અંબર મળે છે અને એમાં નારિએળ પુષ્કળ છે. એક ટાપુથી બીજા ટાપુનું અંતર માત્ર બે ત્રણ ચાર ફરસંગ હોય છે. આ બધાય મનુષ્યો અને નારિઅળોથી આબાદ છે. અહિં લેવડ દેવડ કોડીઓથી થાય છે રાણીના ખજનામાં એજ કોડીઓ જમા થાય છે. અહિંના વતનીઓ હુનર ઉદ્યોગમાં ઘણા નિપૂણ હોય છે કપડાં, બાંય, દામન અને કલીઓ સાથે બને છે. એવીજ રીતે વહાણો બનાવવાના કામ, ચણતરે કામ અને બીજી કળાઓમાં પણ કમાલ ધરાવે છે હરગન્દના દર્યામાં સૌથી છેલ્લો ટાપુ સરનદીપ (સિલોન) છે. આ

.... દરેક જાતની ....
ટોપીઓ, લુંગીઓ, હોઝિયરી,
ગુજરાતી તર્જુમા સાથના
પંજસૂરહ અને સીપારાઓ
તાજ કુાં. લીઃ લાહોરના
પંજસૂરહ અને દુઆઓની
કિતાબો
* ગુજરાતી *
વાર્તાઓ અને અન્ય વિષયોનાં પુસ્તકો
:::: કિફાયત ભાવે મળશે ::::
ફક્ત એકવાર પધારી ખાત્રી કરો
અમીરીઆ તુર્કીશ માર્ટ
ચોકબજાર (જુમ્મા મસ્જિદ પાસે)
સુરત.

લોકો આ ટાપુઓને દીપ (દ્વીપ) કહે છે સરન્દીપના કિનારા પાસેથી મોતી નિકળે છે. એનાં પહાડમાં, જેના ઉપર હઝરત આદમ (અલૈ)ના પગના ચિન્હો છે લાલ, લીલા અને આસમાની ચાકૂતો (હીરાઓ)ની ખાણ છે. આ ટાપુમાં બે રાજ્ય છે. આ ઘણોજ મોટો ટાપુ છે. એમાં ઊદ સોનું, યાકૂત અને એના સમુદ્રમા મોતી અને શંગ (શંખ) થાય છે, જેને કુંકાનો બજવે છે.

આ સમુદ્રમાં સરન્દીપ સુધી જહાઝ ચલાવનામા આવે તો ટાપુઓ ઓછા છે, પણ મોટા મોટા છે. જેમાંથી એક ટાપુનું નામ 'રામની' છે. એમાં અનેક રાજ્ય છે. એનો વિસ્તાર આઠ નવસો ફરેસગ છે એમાં બાણો છે. કાફૂર (કપુર) અહિં ઉમદા થાય છે એના તાબામા બીજા ટાપુઓ પણ છે જેમાં સોનું થાય છે અહિંની ખુરાક નારિએળ છે એનુંજ તેલ લગાવે છે અને ખાય છે. ઔ તની મહોર એક દુશ્મનના માથાની ખોપરી છે. જેટલી ખોપરી કોઇ લાવે, તેટલીજ ઔરતો તે કરી શકે છે આ રામની ટાપુમાં હાથી, સકમ અને નેતરું થાય છે. અહિંના લોકો મનુષ્ય ભક્ષી છે. એ બે સમુદ્રો ઉપર છે એક હરકન્દ છે અને બીજો રિખાલતનો દર્યા (બંગાલનો અખાત?) એના પછી થોડાક ટાપુઓ છે જેને લંજબાલૂમ કહે છે. અહિંના સ્ત્રી પુરૂષો નગ્ન હોય છે. સ્ત્રીઓ પાતરાં લપેટે છે. જ્યારે વહાણો અહિં આવે છે, ત્યારે એ લોકો મોટી નાની ડોંગીઓમાં બેસીને આવે છે, અને અંબર તથા નારિએર ને લોખંડ, કપડાં અને બીજી જરૂરીયાતની વસ્તુઓના બદલામા આપે છે. એ પછી બીજા બે ટાપુઓ આવે છે. જેની વચ્ચે સમુદ્ર છે. જેમાંથી એકનું નામ અંદામાન છે. અહિંના વતનીઓ કાળા રંગના અને મનુષ્ય ભક્ષી છે. એમાં બીજા પણ ત્યાં ન જઈ શકાય એવા ટાપુઓ છે, જેને બલાસીઓ જાણતા નથી." (જીલ્દ ૩, પા. ૧૧)

આ માર્ગનું વર્ણન મસઊદી (હિ. સ. ૩૦૩)એ વિશેષ ખુબી પૂર્વક કર્યું છે. (મુર્વજુઝ ઝહબ : જીલ્દ, ૧, પા. ૩૩૦-૪૦) ઇરાની અખાતથી લઇને ચીનાઇ સમુદ્ર સુધી આ અરબ પ્રવાસીઓ અને વહાણવટીઓ, દર્યાઓ અર્થાત સમુદ્રના ભાગોના નામ લે છે. પહેલા દર્યાનું નામ, 'બહરે ફારસ' અથવા 'બતણાતુલ બસરા' બતાવે છે પછી 'બહરે લારવી'નું નામ લે છે, જેના કિનારા ઉપર ગુજરાત અને કોંકણના પ્રખ્યાત પુનતન કાહાના શહેરો ચૈમૂર, સોબારા (સોપારા) થાના અને બંલાયત (બંબાત) આબાદ હતા અને કેટલાએક હજુ સુધી પણ છે. ત્યો પછી 'બહરે હરકન્દ'નું વર્ણન કરે છે. પછી 'બહરે કલાહ'નુ નામ આવે છે, જેમા ટાપુઓ છે 'બહરે સિન્દ' (સિંધનો દર્યો) અને છેવટે 'બહરે ચીન' જેનું નામ તેઓ 'દર્યાએ જન્જ' (ચુન્જી) બતાવે છે. (જુઓ : મુર્વજુઝ ઝહબ, જીલ્દ ૧, પૃષ્ટ ૩૩૦, પેરીસમા છપાએલી આવૃત્તિ.)

ઉપરની તફસીલથી જણાય છે કે પહેલો દર્યા ઇરાની અખાત છે અને 'લારવી'ને હાલમા અરબી સમુદ્ર કહે છે અને 'બહરે હરકન્દ' વર્તમાન હિન્દી મહાસાગરનુ નામ હતું 'બહરે કલાહ' કદાચ બંગાલનો અખાત હોય

(અપૂર્ણ)

※ સાહિત્યકારોનાં અભિપ્રાય ※

કવિશ્રી ખબરદાર—

"ચિનગારી" હું વાચી ગયો છું, ને તેમાંથી ઘણે ઠેકાણે મે આનંદ મેળવ્યો છે. તમારા હૃદયમાં કવિત્વનો ઝરો ફુટેલો છે, એને તમારી આંખની ઝીકીમાંનાં કિરણોમાંથી જે ચિનગારીઓ ઉડી છે, તે ઘડીભર દારૂખાનામાંથી ઉડીને આકાશે ચઢેલું બાણ (Rocket) ને તેમાંથી રંગબેરંગી તારા ઝળી રહે, તેવી લાગે છે. તમારી ગદ્યાવલિઓમાં ઓસનાં તાજાં બિંદુ છે ને તેમાંથી સૂર્યકિરણોના પ્રતિચમકારા થાય છે.

જનાબ મુનાદી સાહબ—

"ચિનગારી" સ્પષ્ટ રીતે અગમચેતી આપે છે કે ગુજરાતમાં એક નવો મુસ્લિમ કવિ જન્મી ચૂકયો છે અને પોતાના ભાવિ સંદેશોને જલ્દી ઘડતર આપી રહ્યો છે.

શ્રી સુન્દરમ—

ચિનગારીમાંની ઘણી કંડિકાઓમાથી સારાં મુક્તકો સર્જી શકાય તેમ છે.

શ્રી ચાંપશી વિ૦ ઉદેશી—

ચિનગારી મને ગમે છે. તેમાં Original ideas હોય છે એ માટે.

Mr. P. R. Kaikhini

I have looked into some of the short pieces and read them With pleasure.

આંખોમાં પ્રકાશનાં અંજન આંજવ

ચિ ※ ન ※ ગા ※ રી

"તુરાબ"

મૂલ્ય રૂપિયો એક

(આફ્રિકા માટે શી. ૨)

પત્રકારોએ આ પુસ્તક પર પ્રશંસાના પુષ્પો વેર્યાં છે.

આજેજ મંગાવો

રૂપમ સાહિત્ય કાર્યાલય,

૧૩૮, ઝકરીયા મસ્જિદ સ્ટ્રીટ

મુંબઈ. ૯

સ્ટોકિસ્ટઃ- ધી રાંદેર સ્ટોર્સ કણપીઠ,-સુરત.

જાણીતા બુકસેલર્સ પાસેથી પણ મલશે.

※ પત્રકારોનો અભિપ્રાય ※

મેમણ મુસ્લિમ—

દુનિયાના અસીમ પટ ઉપર ઉભરાતી માનવતા વચ્ચે ઉભેલો લેખક એક માનવની હૃદય વીણાને ઝાલી બેઠો છે અને એ વીણાનો એકેક તાર હળવે હળવે બજાવી રહ્યો છે, અને એ બાજતી વીણામાંથી સૂરો નિકળે છે કોઇમાં રૂદન છે કોઇમાં દર્દ છે. કોઇમાં હર્ષ છે. અને લેખક પોતે પણ માનવ હૃદયના એ સનાતન મલ્હારગીતના સ્વરો સાથે તાલ મિલાવતો માનવતા સાથે ભળી જાય છે

ઇસમાઇલી—

જાણે દરેકના જીવનનું કાવ્ય ગાતા હોય, તેવા સુંદર ગદ્ય કાવ્યો સર્જ્યાં છે જીવનનાં પાનાં પછી પાનાં ઉકેલતાં હોય તેમ એક એક કાવ્ય નવી ભાવના, નવા વિચારો, નવું ચિન્તન ઉપજાવે છે.

ઇન્સાફ (દૈનિક) :—

લીટીએ લીટીમાંથી પ્રેમણાના પ્રાણ રમુરે છે. ગુર્જરગિરાને ઓપાવતી અને સમૃદ્ધ બનાવતી શૈલીમાં મુસ્લિમ લેખક ભાઇ "તુરાબે" ગુજરાતને એક સુંદર કિતાબ અર્પી છે.

ગુણસુંદરી—(યશોદા ૬૦ શુકલ)—

કાવ્ય સાહિત્યમાં શોભતી ભાવનાઓને ગદ્યમાં રજુ કરતી શ્રી તુરાબની 'ચિનગારી' માંની કેટલીક ભાવના સાચેજ મનોરમ છે. એમાંથી ઘણા વિચારો મૌલિક છે અને એની રજુઆત પણ મઝાની રીતે થઇ છે.

Modern Review K. M. J.)-

(Chingri *really worries whatever it touches*

હું, મીંયા ને તિસ્મારખાં !

લેખક:-"શાન્ત"

આજે શહેરમાં કાંઇક અનેરી ધમાલ જણાતી હતી "તિસ્મારખાં ટીન ફેક્ટરી"ની ફ્લોટીંગ સેરીમની હતી. મધરાતે થોડા ધાસ ન ખાય તે પ્રમાણે સરઘસ હતું. શહેરની તમામ ચેરીટેબલ સંસ્થાઓ; શરણાઇવાળા, ઢોલ ત્રાસાવાળા, બેન્ડ અને નવરી માનદ્ સંસ્થાઓના વોલંટીઅરો હાજર હતા આંઠ ચોકમાં જલસો હતો. પ્રતિષ્ઠિત ગૃહસ્થો, આમંત્રિત સજ્જનો અને સદ્ગાયકો સમક્ષ પ્રવચન થયું. ઉદ્યોગોની ઉન્નતિની ધગશમાં ટીન ફેક્ટરી કાઢી. પંદરસો ખર્ચ થયા અને પોણોસોનો માલ નિકાસ થયો. વધુ હિમ્મત ચાલતી ન હોવાથી, કારખાનું બંધ કરવાનું યોગ્ય લાગ્યું. હિંદી સહસોને પ્રોત્સાહન આપનાર અને ઉદ્યોગો ચેપનારનો ઉપકાર માનવામાં આવે છે કે આ અવદશા તેમને આભારી છે, આ પાણી હારતોરા બાદ સૌ વિખરાઇ ગયા !

° ° °

તિસ્મારખાંનું મગજ ખાલી પડી રહે તેમ ન હતું. શહેરમાં અખાડા પ્રવૃત્તિ ઠીક ચાલતી હતી. કાંઇક ગામોમાં કન્યા વિદ્યાલયો પણ લાઠી છૂરી ભાલા વિગેરે વાપરતાં શિખ્યાં હતાં. બહુલી સવારે અંધારામાં વ્યાયામ વીરો દોડતા નજરે ચડતા હતા. અમારા મુસ્લિમ ભાઇઓ મુઠ્ઠા પાઉનો ટુકડો અને સીંગદ્ય ચા પીને મુગ્દાલ્ય ફાની ગયા હતા; કમર વાંકી વળી ગઇ હતી; સીનો અંદર સંકોચાઇ ગયો હતો. તેમને સશક્ત બનાવવાની જરૂર હતી.

તિસ્મારખાંનુ માનવું એમ હતું કે તાલીમ લઇ પહેલવાન બનાવવા માટે અખાડા જરૂરી હતા. મીંયા સાહેબ કહે કે જિગરનું જોર મૂખ્ય છે. મુસ્લિમો-મર્દ કૌમ છે !

મીંયા સા'બે, શહેરના યુવાનોને બોલાવી પંજો લડાવવાની દાવત આપી. તિસ્મારખાંને દૈવે હિંમ્મત હતી. અખાડાનો મૂખ્ય કસરતબાજ સામે આવ્યો; બેઠા દાવ બેસાયા; પગમાં લાઠી ભરાવી જોર અજમાવવું વિગેરેમાં તિસ્મારખાં ફાવ્યા. હાથના પંજાની લડાઇમાં, તિસ્મારખાંએ પેલા કસરતબાજને હાવી દીધો. અમારા દુબળા તિસ્મારખાંએ કૌમની શાન દીપાવી. હર્ષાવેશમાં તેમને ઉંચકી લીધા; તકરીર કેપનું પુન્નું હવામાં ફેંકાઇ ગયું અને એક બે ચક્કર ખાઇ માંડ સરખું થયું !

ખુદાની કુદરત કે થોડા વર્ષ બાદ પેલા કસરતબાજને કરૂણ દશામાં મેં જોયા. ન ખાઇ ગએલું શરીર; મગજની અસ્થિર હાલત અને સહેજ ગાંડપણ જેવી થએલી બંદીવાન સ્થિતિ; અને રહેતે રહેતે તેના શરીરની એવી બેડોળ વિકૃતિ થવા પામી કે ટાંગામા બેસે તો ટાંગાનો બીજો અને છોકરાંઓ ટિખળ કરતા !

હજરત અલી (ક. વ.)નું જિસ્મી કુવ્વત દાખલા રૂપ છે. સાદો ખોરાક, ઉચ્ચ ધર્મોત્સાહી કુવ્વત અને ઇમાન પ્રથમ જરૂરી છે. મુસ્લિમોએ જમાના જુની પ્રથા હસ્તગત કરી સબળા તો થવું જ ઘટે.

° ° °

મીંયા સા'બને કૉલેજ વિષે બતાવવા જીજ્ઞાસા હોવાથી એક રાત્રે અમોએ ટ્રેન પકડી. ટર્મની શરૂઆત એટલે ગાડીનો ગબ્બો ચિક્કાર હતો. હિંદુસ્તાનના દૂર ખુણેથી-દખણ સિંધ

વિગેરે તરફથી મુસ્લિમ વિદ્યાર્થીઓ આવતા હતા; જંકશને જંકશને સીગારેટ પાકેટો ખલાસ થતા; ચાહ નાસ્તા થતા.

ફજરનો વખત થતાં મીંયા સા'બે નમાઝ અદા કરી, તરબીહ ફેરવવા માંડી. મુસ્લિમ-કોલેજીયનો અરધી ઉંઘમાં ઘોંઘાતા, કોઇ ગપ્પા મારતા, કોઇ મીઠી વાતો કરતા હતા. મીંયા સા'બે હળવેથી લાઉડ પટી કહ્યું—"કયા તરક્કી કરેંગે યેહ લોગ, અલ્લાહકો જૂત કર?"

કોલેજ હોસ્ટેલમાં ઉતારો થયો. બ્લોકમાં લટાર મારી તો ઘણાની સવાર હજી થઇ ન હતી. નવ વાગી ગયા હતા ને સૂરજ તપતો હતો. થોડાક જે હમણા ઉઠયા હતા તે બંધાતા ગ્રુપે અને ઉંઘની અસર સહિત બાથરૂમમાં નંબર લગાવવા વાટ જોતા ઉભા હતા. દુબળું શરીર, પાતળો લેંગો, નંગે શિર, ઔર બેદંગી રફતાર.—...

મીંયા સા'બ, સેન્ટ્રલ હોલમાં લેકચર માટે ઉભા થયા દિલમાં મજહબની ધગશ હતી. અણીદાર દાઢી જેટલીજ તેમની લાગણી પણ સતેજ હતી. કોમની ઉછરતી પ્રજા માટે તરફડીની દુઆ અહર્નિશ કરતા:—

બાદ હમ્દો સના, ચલુ વાએઝી ઢબે બ્યાન શરૂ કર્યું. થોડી મીનીટો, કોલેજીયનો અકળાઇનો બેસી રહ્યા. ગ્રામોફોનની રેકર્ડની પીન એકજ ઘરેડમાં ફસાઇ પડે આગળ વધે નહિ અને બેસૂરા રાગનો ટુકડો વગાડ્યાજ કરે તેમ મીંયાસા'બ તેમની પુરાણી ફેશનમાં નવિનતા ન લાવી શકયા.

દીલની અધુરી-કહાણી પુરી કરવા અને
જલતા જીગરને શાંત કરવા માટે એક માત્ર ચોકકસ ઉપાય.
સ્પેશીયલ પીલ્સ અને સ્પેશીયલ તીલા.

નામર્દાઈના કારણો અનેક છે. પણ ઉપાય એકજ છે. એક વખત સ્પેશીયલ પીલ્સ અને સ્પેશીયલ તીલા વાપરો. નામરદાઇ માટે અદભૂત ઈલાજ છે. થોડાક દિવસના સેવનથીજ નસોમાં નવુંજ બળ પેદા કરે છે. શરીરમાં તાજગી ભરી સ્નેહરાને લાલચોળ બનાવે છે. અને વીજળીક તાકાત આપી શરીરના દરેક ભાગને મજબુત કરે છે. કુટેવથી અગર ગમે તે કારણથી નામરદાઈ આવી હોય, નસો વાંકી ઢુંકી અને તુટી ગએલી હોય, તેને અમારો ચેલેંજ છે કે એક વખત વાપરી જુઓ. તુટી ગયેલી નસોને જોડી ઈંદ્રીને મજબુત અને અસલ સ્થીતીમાં લાવી જીંદગીને નવી દુનિયા બનાવી કાયમની ફરિયાદ દુર કરો. આ દવા તદ્દન કંટાળેલાઓ માટે છે. જીંદગી નકામી લાગતી હોય તો નવજીવન પ્રાપ્ત કરવા જરૂર વાપરો. વર્ષોથી દેશ દેશાવરમાં પ્રખ્યાત પામેલી આ ઉત્તમ અને ઘણીજ ગુણકારક દવાઓ વાપરી અદભૂત પરિણામ જુઓ. કીં. રૂપે. પીલ્સના રૂા. ૨૦ અને સ્પેશીયલ તીલાના રૂા. ૨૦

લખો:—ધી ઓરીએન્ટલ ઈન્ડીયા મેડીકલ એજન્સી. અમદાવાદ. ૧૪

આલિમો તથા સુશિક્ષિત ગૃહસ્થો મુંઝાઈ ગયા. પ્રોફેસ્સરનો તથા અરબીના પ્રોફેસરો મૂંછમાં હસવા લાગ્યા. (સૌરી," મૂંછો તો પહ્લાંથી થયેલી હતી!) તિરમારખાંએ મીંયા સાબની શેરવાનીનો છેડો નાટકનો પડદા માફક ઘણોય ખેંચ્યો પણ મીંયાસાબે તકરીર જોરથી કરવા માંડી.

"મોડી રાતે નવરા પડ્યા ત્યારે મારે કહેવું પડ્યું કે મીંયાસાબ Old Order Changeth, Giving Place To New હમેશાં જમાનો બદલાયા કરે છે." ("તીલકુલ અપ્યામા નદાયાતા")

૦ ૦ ૦

ફરતાં ફરતાં થાક લાગ્યો હતો. એક વિશાળ હોટેલમાં અમો ગયા. ચોગાનમાં ફૂલઝાડના કુંડા હતાં. બાંકડા ને ટેબલ હતાં. ત્રણ સીંગલ ચાહ મંગાવી પીધી. થોડી વાર બેઠા. હોટેલ ભરચક રહેતી; પણ હેરફેર જાજી હતી. એક પૈસામાં કલાકો સુધી બેસી રહેનારા મહકોની નિશ્ચિંતતા, આળસ, સબર અને બેકરી ખાસ ધ્યાન ખેંચતા હતાં કોઈક જુવાનીયા, કોઇક બુઢ્ઢા હતા; પણ સૌ કર્તવ્ય નિષ્ટ. તિરમારખાં ગુસ્સે થઇ કહેવા લાગ્યા કે "શરીઅતનો જમાનો હોય તો પાંચ પાંચ કટકા લગાવવા રૂલીંગ લાવવું પડે; બાઇબંધ કૌમની હોટેલોમાં અર્ધા આને કપ પીનારા પુષ્કળ હોય છે. કમાય છે ને ખર્ચી જાણે છે. સાંજી અવરજવર જોતાં જણાયું કે તેઓ ઉઘરી છે, નવરા બેસવું તેમને રૂચતું નથી; ચેચયાની રેરી, ગ્યાસલેટની રેરી કે છેવટે ખાલી ડબા ગુણપાટ વિગેરે માટે શેરીએ શેરી આથડતા નજરે ચડશે; બાઇબંધ કૌમ હોટલાની મોહતાજ નથી; મુસ્લિમો ફાકાકશી હાથે કરી વેઠે છે. હોટેલમાં એક પૈસાના કપમાં "કડક મીઠી દીજ્યો!" એમ કહેનારને ખબર નથી કે ખાંડ કેટલી મોંઘી છે? કેટલી મુસ્લિમ હોટેલો બંધ પડી?

૦ ૦ ૦

તિરમારખાં જુમ્માની નમાઝ માટે પહેલી સફમાં બેઠા હતા. કોઇ બીજા બેશ ઇમામે 'કીરાઅત' શરૂ કરી તો અવાજ ઠરાએલો લાગ્યો. ગળું બંધારવા બાબત 'લુકમો' દેવાની ઇચ્છા થઇ આવી પણ મઝહબી તમીજે તિરમારખાંને મના કરી. જમાત પુરી થયા સુધી અવાજ બોખગેજ ચાલુ રહ્યો. (વાએઝના રાગધાની એ અસર હતી.)

બહાર નીકળ્યા ત્યારે અમોએ તબજ્જુબી બતાવી. તિરમારખાંએ ફૌરન બીસા ડાયરી કાઢી એક પાના તરફ ધ્યાન બેચ્યું. **હિંદુસ્તાની મૌલ્વી** સાહેબ અમારા શહેરમાં બે ત્રણ માસ થયાં વાએઝ કરવા તશરીફ લાવેલા તેમની દીનચર્યાની નોંધ નીચે મુજબ હતી.

૧ વાએઝ ફી રૂ. ૫ દરરોજ

૨ સવારે નાસ્તા માટે ૦-૮-૦

૩ રાત્રે ને બપોરનું જમણ ટાંગા ભાડા સહિત

૪ વાએઝ ફીનું ઉત્પન્ન=ગરીબ શ્રમજીવી વર્ગ તથા ફણીયાની મોહતાજ એવા ઔરતો તરફથી બે બે આનાનો ફાળો-દેખાદેખી અને ચડસા ચડસીથી પ્રેરાઇને.

૫. રહેઠાણ=મુસાફરખાનાનો સુંદર સજાવેલો ઓરડો.

૬. સોબતીઓ=મસ્તી જાફેગત ઇચ્છતા કંજુસ શ્રીમંતો.

૭. પહેરવેશ=ગુલાબી સાફો વાએઝ વખતે; પછી તુર્કી ટોપી.



મૌલવી મૌસૂફ આ શહેરને પાંચ સાત વર્ષે પુનિત પગલાંથી પાવન કરી દર બેપે પાંચસો રૂા. પગારી જતા. મુલાયમ દાઢી ઉપર ચમકતી ઝીણી વેધક આંખો, લાંબુ કદ, શેરવાની, તંગ ઉરેજ પાયજામો ને મારવાડી રંગબેરંગી મોજડી–માશા અલ્લાહ શું તારીફ કરું! દરેક રાત્રે જુદાજુદા કસ્બામાં અગારી ત્રિપુટી તેમની વાએઝમા હાજર થતી તિરમારખાની તીક્ષ્ણ દૃષ્ટિએ, હાજર–મજલિસમાં ઔરતોની ગીરદી વધારે જણાતી. વાએઝીન મીઠા લલકારથી ફારસી બૈત લલકારતા. મરકા મસાઇલ રસીલા દેતા. કૌમને ખાસ શરીઅત પાબંદ બનાવવા કે મઝહબી ઉસૂલોની સમજ્ઞટ આપવા કરતાં, ફિરકાના મતભેદોની ચર્ચા તથા સદી સમજને ગહન લાગે એવા તર્કના પરસુરણ દુરુકા પેશ થતા. "ઝાકિર ને કાદિર" ઇન્સાન બન્ને છે; એક ટાંગ ઉંચી કરે ત્યાં સુધી કાદિર; બીજી ટાંગ ઉંચી ન કરી શકે. કરે તો પડે, એ ઝાકિર--કાદર-કાકાકલી-વેદ નહિ જો હોટલોકે જુઠે કપ ચાટતે હૈં!

તિરમારખાં સુબ્હાન અલ્લાહ કહી મજલિસમાં ગરમી લાવતા. મૌલવી - સાહેબ પણ જોરજોરથી દરૂદ શરીફ પઢવા કહેતા.

કસ્બાની વાએઝ–ગાહ સુંદર શણગારવામાં આવતીઃ કેળના થાંભલા, આશોપાલવ, બત્તીઓ વિવિધ રંગની અને ગાલીચાની બેઠક. "અત્તર ગુલાબ ખુબ લગાઓ' રોશની કરો; ફુલકી ખુશ્બૂ ફેલાઓ." આટલી તાકીદ મૌલવી સાંબ પ્રથમ કરતા અને મુસ્લિમ પબ્લીક દિદા હતી તેમના કલામપર.

છેવટે છેવટે માનપત્ર મળવા લાગ્યાં. તિરમારખાં પ્રમુખ બન્યા ત્યારે તો ચાંદીની કારકેટની ભેટ વાએઝીનને અર્પણ થઇ. બીજે થેલીઓ પણ નજર તરીકે મળી અને શ્રીમંત લીડરોને ખૂબ ઉતારી પાડયાઃ રાજ્યના માત્ર મશ્કા; કૌમને અંધારામાં રાખી મેંટાદનો ઇજારો રાખવો અને કૌમના હિતો ગીરો મકી બાહ્ય આડંબર અદકી લીડરીને પંપાળવી. બીજા દિવસે વિરોધ પક્ષે ટીપાટીપી આપી–"બેંસ પાયડી ચારી ગઇ" એમ થયું. બસ પછી તો સદરહુ લીડરોની તારીફનો રાફડો ફાટયો. ત્રીજે દિવસે સાંજની ટ્રેનમાં મૌલવી સાંબ તશરીફ લઈ ગયા, ત્યારે તો સ્ટેશન ભરચક હતું; ફૂલહારોથી દબાઇ ગયા હતા.

"ખુદા હાફિઝ" બાદ સ્ટેશન છોડયું ત્યારે મીંઆસાંબ હાજરીન સમક્ષ કાંઇક ઉખડી પડયા. તિરમારખાંએ તસલ્લી દેતાં કહ્યું કે " મીંઆસાંબ મુઝે તો યેહ અંદેશા થા કે શાયદ કારી નાઝનીનકા ભગા કે લે ન જાય; વાકેઇ ઔરતોં કે લીયે અતર નાફ થા!"

મીંઆસાંબે પોતાનીજ હાંકતાં કહ્યું "મગર ભાઇ મંયભી તો યેહ શહેરકા આલિમ હું. કુર્આનકા હાફિઝ, ફિકહ, ફારસી, અરબી પુસ્તૂ સબ જાનતા હું. ઇતના હયકે મેરી આંખે ઉસકે જૈસી તેજ નઝર નહિ; મેરા હલક, દિલકરેબ નહિ; મેરી સૂરત ઔરત પસંદ નહિ લેકિન "ધગડી મુરઘી દાલ બરાબર કયા? આખિર મેરે લકબકી તો કુછ પરવા હોની ચાહીએ! મંય કૌન–માલમ?:– "અબુલ મુહામીદ મૌલાના મૌલવી હાજી હાફિઝ કારી ફકીહ હકીમ સૈયદ શમશુદ્દોહા ઝેદી અલ વારસી ચિશ્તી કાદરી નક્ષબંદી સોહરવર્દી"!!!

—•—



પ્રોપ્રાઇટર
ઝાર, રાંદેરી.

ઝાર પીલ્સ— આ ગોળીઓ ઘણા લાંબા અનુભવ પછી બનેરમાં મુકી છે. કોઇ પણ કારણે ગુમાવેલી શારીરિક, માનસિક, દરેક શક્તિઓને પાછી મેળવવામાં તેમાં ખાસ કરી મરદાઇ માટે છેવટનો ઉપાય કહીએ તો લગારે અતિ-શયોક્તિ નથી. અતિ સ્ત્રી સમાગમ, કુટેવ, કે ગમે એ કારણે ગુમાવેલું પુરૂષત્વ (મર્દાઇ) પાછું મેળવવામાં અમારા લાંબા અનુભવમાં આજ સુધી એનાથી ઇલાજીર ઉપાય એક આવ્યો નથી. બેજ દિવસમાં જિર્યાન, પાચનશક્તિ, રૂધાવટમા પણ પોતાનો ગુણ બતાવવો શરૂ કરે છે. અને શરીરમાંથી સુસ્તી, ઢીલાપણું, કમર, માથા, સાંધા અને રગોના દુઃખાવાઓને દૂર કરે છે. એમાં કસ્તુરી, અંબર અને સોનાની ભસ્મ જેવી કીમતી વસ્તુઓ હોવા છતાં માત્ર પબ્લિકના લાભાર્થે ૩૨ ગોળીઓની કીમત રૂા. ૧-૦-૦ પોસ્ટ ખર્ચ જુદો.

ઝાર તિલા— આ તિલામાં સર્વથી વધુ ખૂબી તો એ છે કે એના ઉપયોગથી કોઇપણ રીતની જલન કે કોલીકો થતી નથી તેમ એને લગાડી પાન કે પાટો બાંધવાનીયે જરૂરત નથી. મસાલાનાંજ ચામડીમાં ઘુસી જાય છે. રગોની નબળાઇને દૂર કરવામાં આ તિલો બરોબર ચમત્કારી છે, હજારો રૂપીઆ ખર્ચે જે લાભ ન મળે તે લાભ માત્ર અઢી રૂપીઆમાં મેળવી શકાય છે. કીમત ૨-૮-૦ (અઢી) પોસ્ટ ખર્ચ જુદો.

આનંદ રસ— આ વિચિત્ર તિલો મર્દાઇ અને ધ્રુસાક (વીર્ય સ્ખલન) માટે ખાસ છે. ગરીબોને બસ લક્ષમાં રાખીને આ કુદરતી તિલો બનાવેલ છે. એના ઉપયોગથી ખાસ જગ્યામાં સખ્તી અને ધ્રુસાકમાં બેવડો વધારો થાય છે. કીમત ડબ્બીનો રૂા. ૧) પોસ્ટ ખર્ચ જુદો.

મુકવ્વી વ મુસ્સિક— કસ્તુરી, અંબર, સોનાની ભસ્મ જેવી કીમતી વસ્તુઓ વડે તૈયાર કરવામાં આવેલી આ દવા ધ્રુસાક અને મર્દાઇ માટે અજોડ છે. જિર્યાન, (ધાતુસ્રાવ) દુઃનિલામ, (સ્વપ્નદોષ) તેમજ વીર્ય વિકારની દરેક કુર્યાદો આ દવા માત્ર બેજ દિવસમાં દૂર કરે છે. કોળીનો માટે આ દવા ખાસ છે. એક તોલો દવા બાર દિવસ ચાલે છે કીમત તોલા એકનો રૂપીઓ એક, પોસ્ટ ખર્ચ જુદો.

દવાએ સુઝાક— આ પીવાની દવા છે. ગમે એવા નવા કે જુના પરમિયાને મટાડે છે. હજારો માણસો સાજા થયા પછી આ દવા પબ્લીક સનમુખ ધરી છે. એક શીશી સાત દિવસ ચાલે છે. સાધારણ બીમાર માત્ર એકજ શીશીમાં સારો થઇ શકે છે. ગમે એવા જુના પરમિયાને માત્ર બે શીશી કાફી છે. દરદકરોનો પોતાનું ભવિષ્ય પારખાલ ન કરતાં એક વાર આ દવા લેવા અમારી ભલામણ છે કીમત શીશીનો રૂપીઓ દોઢ, પોસ્ટ ખર્ચ જુદો. (ઇલાજમાં પરમિયાનો શબ્દ ઉલ્લેખ કરીશું)

વિદ્વ બહારથી મંગાવનારાઓએ બીડીશ પોસ્ટલ ઓર્ડર Manager, The Rander Unani Pharmacy : ના નામે મોકલવો. ફાર્મસીમાં બનતી દરેક દવાઓનું સુચિપત્ર મફત મોકલવામાં આવશે. લખો અથવા મળો :

મેનેજર **ધી રાંદેર યૂનાની ફાર્મસી**

રાંદેર, Rander, Dist. Surat.

આદીકાના એન્ડ-Union Printing Works 91, Victoria Street, Durban (Natal)



મૌલ્વી મૌસૂફ આ શહેરને પાંચ સાત વર્ષે પુનિત પગલાંથી પાવન કરી દર ખેપે પાંચસો રૂા. પડાવી જતા. મુલાયમ દાઢી ઉપર ચમકતી ઝીણી વેધક આંખો, લાંબુ કદ, શેરવાની, તગ ઉરેજ પાયજામો ને મારવાડી રંગબેરંગી મોજડી–માશા અલ્લાહ શું તારીફ કરું! દરેક રાત્રે જુદાજુદા કસ્બામાં અગારી ત્રિપુટી તેમની વાએઝમા હાજર થતી તિરમારખાની તીક્ષ્ણ દૃષ્ટિએ, હાજર–મજલિસમાં ઔરતોની ગીરદી વધારે જણાતી. વાએઝીન મીઠા હલકથી ફારસી બૈત લલકારતા. મરલા મસાઇલ રસીલા દેતા. કૌમને ખાસ શરીઅત પાબંદ બનાવવા કે મઝહબી ઉમૂરોની સમજાવટ આપવા કરતા, ફિરકાના મતભેદોની ચર્ચા તથા સાદી સમજને ગહન લાગે એવા તર્કના પરચુરણ ટુચકા પેશ થતા. "ઝાકિર ને કાદિર" ઇન્સાન બન્ને છે; એક ટાંગ ઉંચી કરે ત્યાં સુધી કાદિર; બીજી ટાંગ ઉંચી ન કરી શકે. કરે તો પડે, એ ઝાકિર--કાદિર-ફકાકશી-વેહ નહિ ને ઠોટપોટે જુઠે કપ ચાટતે હોં!

તિરમારખા સુબ્હાન અલ્લાહ કહી મજલિસમા ગરમી લાવતા. મૌલ્વી. સાહેબ પણ ન્યેરન્યેરથી દરૂદ શરીફ પઢવા કહેતા.

કસ્બાની વાએઝ–ગાહ સુંદર શણગારવામાં આવતીઃ કેળના થાભલા, આશોપાલવ, પત્તીઓ વિવિધ રંગની અને ગાલીચાની બેઠક. "અત્તર ગુલાબ ખુબ લગાઓ' રોશની કરો, ફૂલદી ખુશ્બૂ ફેલાઓ." આટલી તાકીદ મૌલ્વી સા'બ પ્રથમ કરતા અને મુસ્લિમ પબ્લીક ફિદા હતી તેમના કલામપર.

છેવટે છેવટે માનપત્ર મળવા લાગ્યાં. તિરમારખાં પ્રમુખ બન્યા ત્યારે તો ચાંદીની કાસ્કેટની ભેટ વાએઝીનને અર્પણ થઇ બીજે થેલીઓ પણ નજર તરીકે મળી અને શ્રીમંત લીડરોને ખૂબ ઉતારી પાડયાઃ રાજ્યના માણ મસ્કા; કૌમને અંધારામાં રાખી મેળાઓનો ઇજારો રાખવો અને કૌમના હિતો ગીરો મૂકી બાહ્ય આડંબર આદરી લીડરીને પંપાળવી. બીજા દિવસે વિરોધ પક્ષે ટીપાટીપ આપી–"બેંસ પાધડી ચાલી ગઇ" એમ થયું. બસ પછી તો સદરહુ લીડરોની તારીફનો રાહડો ફાટયો. ત્રીજે દિવસે સાંજની ટ્રેનમાં મૌલ્વી સા'બ તશરીફ લઈ ગયા, ત્યારે તો સ્ટેશન ભરચક હતું; ફૂલહારોથી દબાઇ ગયા હતા

"ખુદા હાફિઝ" બાદ સ્ટેશન છોડયું ત્યારે મીંઆસા'બ હાજરીન સમક્ષ કાંઇક ઉખડી પડયા. તિરમારખાંએ તસલ્લી દેતાં કહ્યું કે " મીંઆસા'બ મુઝે તો યેહ અંદેશા થા કે શાયદ કારી નાઝનીનકા ભગા કે લે ન જાય; વોરેઇ ઔરતોં કે લીયે ખતર નાક થા!"

મીંઆસા'બે પોતાનીજ હાંકતાં કહ્યું "મગર ભાઇ મંથલી તો યેહ શહેરકા આખિર હું. કુર્આનકા હાફિઝ, ફિકહ, ફારસી, અરબી પુસ્તૂ સબ જાનતા હું. ઇતના હબકે મેરી આંખે ઉરકે જૈસી તેજ નજર નહિ; મેરા હલક, દિલકરેબ નહિ; મેરી સૂરત ઔરત પસંદ નહિ લેકિન "ઘરકી મુરઘી દાલ બરાબર કયા? આખિર મેરે હલકકી તો કુછ પરવા હોની ચાહીએ! મંથ કૌન–માલમ?:– "બઅજુલ મુલ્લામીદ મૌલાના મૌલ્વી હાજી હાફિઝ કારી ફકીહ હકીમ સૈયદ શમશુદ્દોહા ઝેદી અલ વારસી ચિશ્તી કાદરી નક્ષબંદી સોહરવર્દી"!!!

—•—

આલમની અજાયબીઓ !

માનવ હાથી ! મનુષ્ય રેડીઓ ! કંજુસ !

માનવ હાથી

જહોન "આયર્ન જૉ" સ્મીથ જાતનો સીધી જેને ખૂનની સજા માટે જન્મ ટીપની સજા આપવામાં આવી હતી તેને નેબ્રાસ્કા સ્ટેટ જેલમાંથી મોટેથી નસકોરા ઉંઘમાં બોલાવવા માટે છોડી મૂકવામાં આવ્યો છે.

સ્મીથનું વજન ૨૮ સ્ટોન હતું. તેની પર્વત સમી કાયા માટે ખાસ નવો યુનીફોર્મ સીવડાવવો પડયો હતો. કેદીઓના યુનીફોર્મ ઉપર જે સાઇઝમાં નંબરો પાડવામાં આવે છે તે સાઇઝ પણ નકામી થઇ પડી હતી. પ્રચંડ કાયા ઉપર તે નંબર તદ્દન નાના લાગતા હતા એટલે ખાસ મોટી સાઇઝમાં ચીતરાવવા પડયા હતા. કેદખાનાની ઓરડીઓ માટે જે દરવાજા હોય છે તે તેના માટે સાંકડા પડયા અને તેને તે ઓરડીમાં પૂરવા માટે, ખેંચવા માટે અને પાછળથી ધક્કા મારવા માટે કેટલાયે માણસોને કામે લગાડવા પડયા હતા.

ખાણાનો સમય થયો. બધા કેદીઓ ભોજનાલયમાં હાજર થયા પણ સ્મીથ હાજર નહોતો. વૉર્ડન ઑગ્રેડીએ હુકમ છોડયો કે "તેને તેની ઓરડીમાંથી બહાર કઢાડવા અને જમ્યા પછી પાછો પૂરવા માટેની હમેશની મેહનત કરવા કરતાં તેની ઓરડીમાંજ ખોરાક પહોંચાડી આપવો."

એક વેઇટરને બદલે અનેકને ખાણું પહોંચાડવાની ફરજ બજાવવી પડી કારણ કે વીસ કેદીઓનો ખોરાક તે એકલો સ્વાહા કરી ગયો ત્યારેજ તે ધરાયો.

રાત્રી સમયે તેની ઓરડીમાંથી અવાજો બહાર પડવા લાગ્યા. જેલની ચેતવણીના સૂર (સાઇરન) જેવા, ફ્રેસીંગ માટે સોએક ગુડસ ટ્રેઇનોની સીસોટીઓ વાગતી હોય, પચાસેક કાર ખાઇ ગયલી કરવતો અને ગળો કૂટતી હોય એવા અવાજો થવા લાગ્યા.

કેદખાનાના રખેવાળો ગભરાટના માર્યા ઓરડી પાસે ધસી ગયા અને જોયું તો સ્મીથ નિરાંતે ઉંઘમાં ઘોરતો હતો. તેનાં નસકોરાંનો એ અવાજ હતો !

અર્ધાએક માઇલ દૂર રહેનાર વૉર્ડન ઑગ્રેડીના કર્ણે આ શોરબકોર પડતાં તે પણ ત્યાં ધસી ગયો. ત્રણ દિવસ સુધી આ કાર્યક્રમ ચાલુ રહ્યો. ચોથે દિવસે વૉર્ડને પોતાની બારીક તપાસમાં જોયું કે બીજા કેદીઓના નયનો પૂરતી નિદ્રાના અભાવે લાલ લાલ થઈ રહ્યાં હતાં.

અન્ય કેદીઓ તરફથી અરજીમેટમ મળવાં લાગ્યાં એટલે વૉર્ડન ગભરાયો કે મારપીટનો પ્રસંગ ઉભો થવા ન પામે. તેથી પોતાના કવાર્ટરમાં સ્મીથ માટે જગા કાઢી ત્યાં રાખ્યો. બધા કેદીઓ તો મીઠી નિદ્રાનો લાભ લેવા લાગ્યા પણ વૉર્ડનનું પોતાનું કુટુંબ નિદ્રા માટે તલસવા લાગ્યું. ખોરાકીનું બીલ પણ કુદકે ને ભુસકે વધવા લાગ્યું.

થોડાંક અઠવાડિયાં પછી વૉર્ડનના કુટુંબીઓએ અરજીમેટમ આપ્યું કે "સ્મીથ અહીંથી જવો જોઇએ અથવા તેને અન્ને રાખવા માટે અમારે આ સ્થાન તજવું જોઇએ." છેવટે

કટાળીને વૉર્ડને સત્તાવાળાઓને વિનંતી કરી કે "યા તો રમીથને છૂટો મૂકવો જોઈએ અથવા મને નિષ્ણાત ચોરની પરખાનગી મળવી જોઈએ."

પ્રેમીક ભજવવાને બદલે સત્તાવાળાઓએ જન્મજીપની સજા પામેલા રમીથને છોડી મૂકવાનો હુકમ કર્યો. આ કોઈ કલ્પિત કથાનું પાત્ર નથી પણ ખરા માણસની વાત છે અને એ મીદીલબરો હજુય અમરિકામાં જીવતા જાગતા મૌજૂદ છે.

મનુષ્ય રેડીઓ !

જોહન મોરકોમરજી જે શિકાગોનો વતની છે તે મનુષ્ય રેડીઓ રીસીવીંગ સેટ તરીકે પુરવાર થઈ ચૂકયો છે.

તે એક અતિ નાના કદાવર ગોરો યુવાન હતા તેના મકાનમાં તે ગમે તે કાર્ય કરતો હોય પણ તે રેડીયો સ્ટેશન ઉપરથી બ્રોડકાસ્ટ થતા પ્રોગ્રામો સાભળી રહ્યો. એક સઉમુકે ઓરીમાં તે એકનો, રેડીઓ સેટ સાથે લીધા વિના પુલ્યા જુલ્યા પણ ઉન્સ બેન્ડ અને હાસ્ય રસના પ્રોગ્રામો સાભળવા પડયા રેડીઓ સત્તાવાળાઓની તેણે આ સબધમાં મુલાકાત લેતા તેઓએ તેને હસી કાઢયો.

અતમાં તેણે રેડીઓ સત્તાવાળાઓને લખ્યું "જો કે તમે મારી વાતને માનતા નથી પણ હું વિનતિ કરું છું કે તમારા સ્ટાફના એક માણસને મારી પાસે મોકલો અને તેની ખાતરી કરી આપીશ કે પવનની પાછે શું ઉડી રહ્યું છે."

રેડીઓ સત્તાવાળાઓએ પોતાના ઉત્તમ નિષ્ણાતને રવાના કર્યો તે જોહનને પોતાની કારમા ફરવા લઈ ગયો અને એકાએક તેના તરફ ફરી પૂછ્યું "હમણા શું ચાલે છે ?" તેની ભારે અજાયબી વચ્ચે જે પ્રોગ્રામ તે વેળા ચાલુ હતો તેની વીગત તેણે જણાવી, એક વાર નહીં પણ છ સાત વાર તેણે બધી વીગતો કહી સભળાવી.

વિખ્યાત વિજ્ઞાન વેત્તાઓને આની જાણ કરવામાં આવી અને આ મનુષ્ય રૂપી રીસીવીંગ સેટ ઉપર શોધ ખોળ શરૂ થઈ અને માલૂમ પડયું કે જોહનના હાતની બત્રીસી બનાવટી હતી તે દાન બધા પ્રોગ્રામ ખેચી લાવતા હતા તે એક કારખાનના કારખાનામાં નોકરી કરતો હતો આ બનાવટી દાતોએ કારખાનને આકર્ષણ કરી ખેચવા માંડયુ અને જોહનના પ્રમાણમાં કારખાન ખેચુ થતા તે બત્રીસી એક ધાતુએ ચર ફિરવ્હ સેટમાં ફેરવાઈ ગઈ.

આ વીગતની માહિતી મળતાજ જોહને નવા દાતનુ ચોકઠું ખરીદ્યુ જ્યારે જ્યારે પ્રોગ્રામ સાભળવાનુ મન થાય છે ત્યારે ત્યારે તે ચોકઠું હેરફેર કરીને સાભળી લે છે આ રીતે જગતનો એક ઉત્તમ રેડીઓ સેટ મેળવવા તે ભાગ્યશાળી થયો છે જે તેના પાડોશીઓ માટે ન્યુસન્સ સમાન નથી કારણકે બીજાઓ તે સાભળી શકતા નથી.

કબ્જુસ

કાઉન્ટ રફુનફર્ડ (૧૬૬૭ ૧૭૪૭) જે બાવરીયાના ટેરીટોમાં સેક્ષન એલચી હતો, તે જ્યારે ૧૭૯૨મા ભયકર માદગીમા સપડાયો હતો એટલે મૃત્યુસમિપ હાર્લતમા મૃત્યુ-ખર્ચ કેટલો થશે તે તેણે પૂછતા ૧૨૦૦ પાઉન્ડ (૧૨૦૦ ન્યુટસ) કહેવામા આવ્યા આ ખર્ચ



તેને અસહ્ય લાગતા તેણે પોતાની ગાડીઓ તૈયાર કરાવી અને ૭૦૦ માઈલ દૂર તેની જન્મભૂમિ સેલ્ટની તરફ લજ્જ મૃત્યુ મેળવવા માટે રવાના થયું આ અર્થનો આઘાત લાગતા તે સાંજે થઈ ગયો અને તે પછી ૪૫ વર્ષ બીજા થયું જીવ્યો

"ઈસ્માઈલિ"


પરમો (ગોનોરીઆ) અને—

પેશાબનાં ભયંકર દર્દોનો

સંપૂર્ણ ફત્તેહમંદ ઇલાજ

ડાક્ટર જસાણીની જગપ્રસિદ્ધ અસલ દવા **ગોનો-કિલર**

[રજીસ્ટર્ડ]



બેધડક આજેજ અજમાવો

ગમે તે માણસથી લાગુ થયેલ તુરતનો અથવા જુનામા, જુનો પરમો, પ્રમેહ (પરમીઓ) રવજ્ઞામા તથા પેશાબમા જતી ધાતુ તથા રસી (પરૂ) થતી રૂબ્બત બળતરા ટીપુ ટીપુ તથા અટકીને થતો પેશાબ મુત્રાશયમા આવેલો સોજો તથા થયેલો જખમ તથા સ્ત્રીઓ અને પુરૂષોના પેશાબને લગતા તમામ દર્દોને જડમુળથી નાશ કરી બગડેલી ધાતુને સુધારી રવચ્છ અને ધટ્ટ કરે છે

પચાસ પડ) ગોળીની બાટલીની કીમત રૂા. ૩)
વી પી ખર્ચ આઠ આના જુદુ

* ચેતવણી *

નકલીઆગોથી ચેતવા ખરીદ કરતી વખતે દવાનું નામ ગોનોકીલર અને કુ ડા જપ ગીવસાય પેકેટ તપાસી લેવા

એકલા બનાવનાર ડો. ડી. એન. જસાણી,

વીઠલભાઇ પટેલ રોડ, મુબઇ ન ૪

રજીસ્ટર્ડ સી એન ગ્રંથર્સ, કાળુપીઠ, સુરત

એજન્ટો માટે એજન્ટ—યુનીયન પ્રીન્ટીંગ વર્કસ, ૯૧, વિક્ટોરીઆ રોડ ઇસ્ટ.

પણ એક કલાક જેટલા સમયને તો ગગનગામી નુ વ્યાખ્યાનજ ઓહિયા કરી જશે બિચા। ગઝલકારોને મળશે બેકલાકનો દોઢ કલાક રફીકે અઢી કલ કના સમયના વિભાગ કરી નાખ્યા

' આજ તારૂ મગજ ઠેકાણે નથી લાગતુ રેડીઓ પર ચોવીસ કલાકમાં ચૌદ પંદર મુશાયરાઓમાંથી એવો એક મુશાયરો તો બતાવ કે જેમાં પ્રમુખસ્થાનેથી આવ્યુ મોટુ ભાષણ રજુ થયુ હોય ' અઝીઝે રફીકને એની ભૂલ સમજાવી

થોડીવાર બન્નેમાંથી કોઇ કાંઇ બોલ્યુ નહિ

રફીક! લા રે આ વખતે તો તુ ઊપડ મુશાયરામા અઝીઝે ખાંસી ખણ, રહસ્યમાં મૂકતા કહ્યુ

હુઅ! તને ખબર તો છે કે લાગવગ વગર આવા મુશાયરામાંય ભાગ લઇ શકાય એમ નથી રેડીઓ મુશાયરાની બીજી બાજુ બતાવતા હોય એમ રફીક બોલ્યો

પણ મને તો ખાતરી જ છે કે તારા જેવાને એમા સ્થાન મળ્યા વિના રહેશે જ નહિ સમય સંકોચને કારણે બધાયને તક આપી ન શકાય એટલે જેનો અર્થ લાગવગવાળાને જ સ્થાન મળે છે, એમ કરવામા મને તો ખુબ અન્યાયજ લાગે છે અઝીઝે રફીકની દલીલને તોડવાનો પ્રયત્ન કરતા કહ્યુ 'તારા મામા પણ તને મુશાઈ આપવાનો આગ્રહ ઘણા વખતથી કરે છે એટલે હું તો કહું છું કે તુ આ મોકો જરૂર જા

' જો તુ આવવા તૈયાર હોય તો આપણ બને ઊપડીએ ચાલ છે કબૂલ? જાણે નવી યુક્તિ સૂઝી હોય એમ રફીક એકદમ બોલી ઊઠ્યો

" મારે કયુ મુશાયરામા ભાગ લેવો છે કે હું મુંબઇ આવુ! આપણે એમજ કરીએ કે તુ મુંબઇ જા અને હું મારે ગામ જઉં કોણ જાણે કેમ છેલ્લા પંચ છ દિવસો થયા મને ઘર બહુ યાદ આવા કરે છે અઝીઝનો અવાજ ગંભીર બની ગયો

ફરી બને થોડીવાર શાંત બેસી રહ્યા

બરાબર સાડાપાંચ વગે અભ્યાસગૃહની મૂક શાંતિને ભંગની મોટર બરાડી ઊઠી

'ચાલ અઝીઝ! ફરવા જઇએ વખત થઇ ગયો _રફીક ઊભા થતા કહ્યુ ____

બને દસ્તો તૈયાર થઇ આવવા પોત પોતાના લિબાસગૃહમા ચાલ્યા ગયા

રાત્રિના આઠેક વાગે મોટર રફીક મંઝીલ મા પાછી ફરી

'તારે આપણે આ આવે એ નહિ ને એના પછીના સોમવારે તો મુંબઇ તરફ રવાના થઇ જઈશુ કેમ?" રફીકે ઝડપભેર મંઝિલના પગથિયા ચડતા કહ્યુ

હા સોમવારે તો નીકળીજ જવુ જોઇએ અઝીઝે ઘરમા પ્રવેશી ગયેલો રફીક સાંભળી શકે એવા અવાજે ઉત્તર આપ્યો

યાકૂબશેઠ એ વખતે ઉપર બગીચામાજ Cબા હતા

' બેટા! ક્યા જવાની વાત કરતા હતા? થોડુ કર્યા પછી મુખવાસ લેતા લેતા યાકૂબ શેઠે અઝીઝને પૂછ્યુ —

રફીકે જે સમય રેડીઓને વધાવા આપી દીધો હતો

"ચયાગ્નન ! મુશાયરા રેડીઓ પર આવતા મહિનાની પાચમી તારીખે મુશાયરો છે. બધા ગઝલકારો લેગા થઇ પોતાની ગઝલો વાંચવાના છે. રફીકને એ મુશાયરામાં લાગ લઇ રેડીઓમા પોતાની ગઝલ વાચવી છે એટલે અમે બને મુબઈ જવાના છીએ " અઝીઝ યાકૂબ શેઠને 'ચયાગ્નન'થીજ સંબોધતો હતો યાકૂબ શેઠને જવાબ આપતા એણે મુશાયરાનો અર્થ પણ એમને સમજાવી દીધો.

" બહુ સારી વાત છે, રફીકના મામા તો ઘણા વખતથી એને ત્યાં બોલાવે છે, પણ એ માનતોજ નથી આ બહાને પણ તમે ત્યા જાવ છો એટલે એતો બહુજ ખુશી થશે. એમને રફીક પર બહુજ મહબ્બત છે." એટલુ કહી યાકૂબ શેઠ પોતાના કમરામાં ચાલ્યા ગયા.

રેડીઓની વાણીનો લાભ લેવા અઠીશે બનેલો અઝીઝ પણ એમના ગયા બાદ તુરતજ દાદરના પગથિયા ઝડપથી ગણવા લાગી ગયો.

° ° °

આજે શનિવાર હતો. મુંબઈ જવાની સઘળી તૈયારી થઇ ચૂકી હતી

" રફીક ! મારાથી મુંબઇ નહિ આવી શકાય હું તો આજે સાજેજ મારે ગામ ચાલ્યો

મુરાદ ટેલરીંગ ઈન્સ્ટીટયુટ

લંડનની કટીંગ કોમ્પેજની પધ્ધતિ અનુસાર, સાયન્ટીફીક કટીંગ અને ટેલરીંગ કામ, શીખાડવા માટે મુરાદ ટેલરીંગ ઇન્સ્ટીટયુટ ચાલુ કર્યુ છે કટીંગ અને ટેલરીંગનો ચાર્જ મધ્યમ અને દરેક વર્ગનાને અનુકૂળ પડે તેવા રાખ્યા છે શીખવુ કામ જાણનારને ફક્ત કટીંગ પણ શીખાડવામા આવશે વધુ માહીતી માટે મળો યા લખો —

સાયન્ટીફીક ટેલર એન્ડ કટર

Try our Secret Good Fit



મુરાદ ટેલરીંગ વર્કસ.

ચુનારવાડા મજીદ પાસે, રાંદેર

મુસેમાન જી. મુરાદ
મુરાદ ટેલરીંગ ઇન્સ્ટીટયુટ એન્ડ ટેલરીંગ વર્કસ.
પ્રોપ્રાએટર:-મુસેમાન ગુલામ હુસેન મુરાદ

જઈશ ' અઝીઝે અચાનક રફીકના અભ્યાસ ગૃહમા ધસી આવી જાહેર કર્યું જેના અવાજમા દર્દ હતુ

કેમ કેમ ! અઝીઝ તને આજે આ શુ થઇ ગયુ છે ? બે દિવસ પહેલ જ લખાયની અઝીઝની એક કરૂણ નવલિકા વાચતો રફીક અઝીઝનો આ નિશ્ચય સાભળી ભડકી ઊઠયા.

લે વાચ અઝીઝે રફીકના હાથમા એક પત્ર મૂકયો

રફીક એ પત્ર વાચવા લાગ્યા અઝીઝના પિતાનો એ પત્ર હતા એમની તબીઅત નાદુરસ્ત હતી અને એમણે અઝીઝને બોલાવ્યો હતો

રફીક પત્ર પૂરો કરી કાઈક વિચારવા લાગ્યો

ત્યારે એમજ કરીએ આપણે બને સથેજ તારે ગામ જવા અને સાજે નીકળી જઇએ અને એમની તબીઅત જોઇ પરમ દિવસે આપણે ત્યાથી મુબઇ ઉપડી જઇશુ મુશાયરા પછી તારી ઇચ્છા હોય તો મામાને ત્યા મારી સથે રોકાજે નહિ તો તારે ગામ જતા તને હિ રોકુ થોડી વારે રફીકે યોજના રજુ કરી

પિતાની નાદુરસ્ત તબીઅતના સમાચારે ગમગીન બની ગયેલા અઝીઝે એ યોજનાને મૂક સમતિ આપી

• • •

અઝીઝના પિતાની તબીઅત સુધારણ ન દુરસ્ત હતી ડોકટરે તો ખાતરી આપી હતી કે એમને માત્ર એક અઠવાડિયામાજ આરામ થઇ જશે, એટલે રફીકે એમને પોતાના તેમજ અઝીઝના મુબઈ જવાના કાર્યક્રમ વિશે વાત કરી

પ્યારા પુત્રોના આનદપ્રવાહ વચ્ચે દરેક પિતા કયારેક ખડક બની ઊભે કહે છે પણ દીવાન બની એ પ્રવાહને ખાળવાના પ્રયાસો કરનાર પિતા બહુ જૂજ હશે

અઝીઝને એના પિતા તરફથી મુબઇ જવાની રજા મળી ગઈ છતા એનુ મન માનતું નહોતુ પણ એને પોતાના દિલોજાન મિત્રના હૃદયો પણ ખ્યાન કરવાનો હતે

સોમવારે એ જઇ શકયા નહિ એટલે બીજે દિવસે બપોરની ગાડી પકડવાનો નિશ્ચય કરી બંને મિત્રો ગામ બહાર દૂર દૂર પ્રકૃતિના ભવ્ય સૌદર્યનુ પાન કરી તાજગી મેળવવા ઊપડયા

• • •

આજે રાત્રે નવ વાગે મુશાયરા હતો

થકાવ શેઠ વળી પતાવી પોતાની કમરામા આટા મારી રહ્યા હતા એકાએક ટેલિફોનની ઘટડીનુ વિચિત્ર અટ્ટહાસ્ય કમરામા પથરાઇ ગયુ

શેઠે રિસિવર કાને લગાડી વાતચીત શરૂ કરી 'એનાબ હા હુ બોલે તમે કોણ ? હ, મેતાજી અત્યારે શુ કામ છે ? હે! ભયકર સમાચાર! જલ્દી બોલો મેતાજી! જલ્દી બોલો શુ ? કપનીએ દેવાળુ કાઢયુ ? મુબઇથી આવતા આપણા બધા વહાણ વરાઈ ગયા ?

ઓ ખુદા! મારૂ શુ થશે ? મારા કરૂ બનું શુ થશે ? એમના હાથમાથી રિસિવર પડી ગયુ ફાસીનો હુકમ સભળી ન્યાયમદિરના પાજરામા ઊભેલા આરોપીના હૃદયમા જે વિષાદ જાગે એ કરતા પણ વિશેષ વિષાદ યાકૂબ શેઠના ચહેરા પર વ્યાપી ગયો એમણે પસીની ખુરસીમા પડતું મૂકયુ અને પોતાનુ મોઢુ બને હાથો વચ્ચે દાબી દીધુ

ઉપરોક્ત કંપનીના ગંજાવર રકમના શેરો યાકૂબ શેઠે ખરીદ્યા ત્યારે એમને કાને વાત પણ આવેલી કે બીજા વેપારીઓ કહે છે કે એક દિવસ જરૂર એ કંપની દેવાળું કાઢશે અને યાકૂબ શેઠ ગરીબીની કંટકદાર અને અપમાનિત એવી ખીણમાં ગબડી પડશે. પણ એમણે એવી વાતો પર કયારેય ધ્યાન આપ્યું જ નહોતું.

યાકૂબ શેઠને આજે એ વેપારીઓ મહાન જ્યોતિષી હોય એમ લાગ્યું એમના મનમાં વિચારોનો મહાન ઉલ્કાપાત મચ્યો.

"કાલે હું કયા મોઢે બજારમાં ઉભો રહીશ? મને એ વેપારીઓ કયાં મેણાં મારશે? સવારમાંજ વાત વાયુગતિએ ફેલાઇ જશે કે યાકૂબ શેઠ 'ખિસી ગયા' અને લેણદારોનો તો દરોડો પડશે. થોડા દિવસમાં તો મારી પાસે આ મોટર અને બંગલો પણ નહિ હોય, હશે એક માત્ર ભાડે લીધેલું કંગાલ ઘર. મારા કુટુમ્બનાં માણસોને આ વાતની ખબર પડશે ત્યારે? આ સમાચાર સાંભળી રફીકના દિલને કેવો આઘાત લાગશે? યા ખુદા! આ બધું મારાથી આ બુઢાપામાં સહન થશે? હરગિઝ નહિ થાય. બે દિવસ પછી 'હાર્ટફેઇલ'થી મારું મરણ નીપજે એ કરતાં આ વાતની કોઇનેય ખબર પડે એ પહેલાંજ અત્યારેજ મારી આ ફાની જિન્દગીનો અંત લાવી દઉં તો?"

અમેરીકન ડાકટરની અજબ શોધ!!

દુનિયામાં છેલ્લો ઇલાજ!! અવિશ્વાસુઓને ચેલેંજ!!!

સંપૂર્ણ મરદાઇ માટે "ગોલ્ડન બોક્ષ" એ છેલ્લીજ શોધ છે. મેંકડો કેકાણેથી દવાઓ વાપરી તમે નિરાશ થયા હશો. પરંતુ "ગોલ્ડન બોક્ષ" એટલો પાવરફુલ છે કે તારીફ કરવાની અહિં મનાઇ છે અલબત કિંમત બહુજ છે પરંતુ બહુજ ગુણકારી અને કિંમતી દવાઓ છે. નામરદાઇ જડમુળથી અને ગમે તેટલા વખતથી હોય પણ સંપૂર્ણ નાશ કરી જીંદગીભર શક્તિ ટકાવી રાખે છે ચાલીસ દિવસમાં ગમે તેવા પુરૂષને સંપૂર્ણ આરામ આપે છે. બોક્ષની અંદર "ઇલેકટ્રીક પાવર પીલ્સ" જેની કીંમત રૂા. ૪૦ અને ઇલેકટ્રીક પાવર ઓઇલ કી. રૂ. ૪૦ તથા અમેરીકન ડોકટરની દેખરેખ નીચે બનાવેલી "શહેનશાહી ટોનીક પીલ્સ" કી. રૂા ૫૦ મલી કુલ ત્રણ દવાઓ પુરતા પ્રમાણમાં છે. બોક્ષની કિંમત રૂા. ૧૨૫) જીંદગીને નવી દુનિયા બનાવો અને કાયમની કરિયાદ દૂર કરો. આ દવા તદ્દન કંટાળેલાઓ માટે અને જીંદગી નકામી લાગતી હોય તેને અમારી ચેલેંજ છે કે અવિશ્વાસ આવતો હોય તો ફક્ત બે દિવસની દવા મંગાવી જુઓ, પછી અદ્‌ભૂત ચમત્કાર જણાય તો જ પુરી દવા મંગાવજો. પરણ્યા જ્યાં કુંવારી જીંદગી ગાળતા પુરૂષો અને ૭૦ વર્ષના વૃદ્ધ એક વખત વાપરી જુઓ. ગેરંટીડ અને છેવટનો સચોટ ઇલાજ છે.

ધી બ્રીટીશ ઈન્ડીયા મેડીકલ એજન્સી

અમદાવાદ—૧૪.



જાણે એકેય વિચાર મૂઝતો ન હોય એમ થોડી વાર એમના વિચારો ખોટકાઈ ગયા.

"હા, હા એમજ કરું. આ અસહ્ય દુઃખમાંથી ઉગરવાનો આ એકજ રસ્તો રહ્યો છે" આત્મઘાતનો મક્કમ વિચાર કરી નાખ્યો હોય એમ ઉઠીને એમણે કબાટમાંથી એક નાનકડી શીશી શોધી કાઢી.

"યા ખુદા! તારા આ ગુનેગાર બન્દાને માફ કરજે. બેટા રફીક!..." અને એ કાંઇ પણ બોલે એ પહેલાંજ એમની દૃષ્ટિ સામેની દીવાલ પર લટકતા તારીખિયા પર પડી. "પાંચમી તારીખ!" એમના મુખમાંથી શબ્દો સરી પડ્યા અને કોણ જાણે કેમ એમને યાદ આવી ગયું કે અત્યારે તો રફીક રેડીઓ પર બોલવાનો છે. મરતાં મરતાં એક વાર પ્યારા બેટાને સાંભળી લેવાની પ્રેરણા એમના મનમા જાગી અને એમણે ત્વરાથી રેડીઓદાર ખંડમા પ્રવેશ કર્યો.

યાકૂબ શેહની નજર તારીખિયા પર પડી એજ સમયે રફીક રેડીઓગૃહમાં પોતાની ગઝલ વાચવા ઊભો થતો હતો. યાકૂબ શેઠે રેડીઓનું મૌન તોડ્યું કે તુરતજ રફીકનો અવાજ આખાય ઓરડામાં વ્યાપી ગયોઃ-

"લાખો નિરાશમા પણ હિંમત ન હારજે તું."

"શું કહ્યું બેટા! ફરી એકવાર બોલ તો." સીધા સાદા પંકિત જાણે હૃદયને સ્પર્શી ગઇ હોય એમ યાકૂબ શેઠ આતૂરતાથી બોલી ઊઠ્યા, અને એક બાળક જેવી અદાથી એમણે રફીકનો પ્રેરક અવાજ જેમાંથી ગળાઇને આવતો હતો તે રેડીઓની જાળી પાસે પોતાનો એક કાન માંડ્યો પિતાના પ્રશ્નનો પ્રત્યુત્તર પાઠવતો હોય એમ રફીકે ફરીવાર એ પંકિત ઝણકારીઃ—

"લાખો નિરાશમાં પણ હિંમત ન હારજે તું."

યાકૂબ શેઠના ચહેરા પર અજબ એવી ચમક આવી ગઇ. એ શાંતિથી પુત્રની હૃદયને ઢોલાવતી વાણી સાંભળવા લાગ્યા. રફીકે આગળ ચલાવ્યુંઃ—

"ઘનઘોર વાદળોમાં ચમકાર વીજનો છે."

એ પંકિત પૂરી થતાં તો તાળીઓના ગડગડાટથી રેડીઓ ગાજી ઊઠ્યો. રફીકે ફરી બોલવા માંડ્યુંઃ—

"સ્નેહી, સ્વજન બલેને સાત જગત ખફા હો,
શ્રદ્ધા અચલ ખુદામાં, વિશ્વાસ નિજનો છે.
ઘરબાર, માલ મિલકત સર્વસ્વ મુજ ફના હો,
તાકાતવાન મ્હું, ના ગમ કોઈ ચીજનો છે."

એ પંકિતઓ સાંભળીને તો કોઇ મંગલ પ્રેરણા મળી હોય એમ યાકૂબ શેઠ ઘડીક રેડીઓ સામે તો ઘડીક બાજુની દીવાલ પર લટકતી રફીકની તસ્વીર તરફ જોઇ રહ્યા અને આખરે આત્મઘાતના ખડક સાથે અથડાઇ વેરણ છેરણ બનવા તત્પર બનેલી પોતાની જીવનનાવને આશાની નવી દિશામા દોરી જવા માટે સુકાન ફેરવતા હોય એમ એમણે પેલી નાનકડી શીશીનો જોરથી ઘા કરી દીધો. સામેની દીવાલ સાથે ભેટી પટકેલી એ બદકિસ્મત શીશીએ વેદનાની એક ઘૂમ પાડી અને હૈયું ચૂરેચૂરા થઇ ગયા.

રફીકની ગઝલ હજુ પૂરી થઇ નહોતી પંકિતએ પંકિતએ એને દાદ મળતી હતી.

આત્મઘાતનો હિચકારો નિશ્ચય ત્યાગી ચૂકેલા યાકૂબ શેઠ પ્યારા બેટાને સાંભળવામાં મશ્ગુલ હતા.

અચાનક પેટીનો ચકચાર વધુક મેનેજર એ ઓરડામાં ધસી આવ્યો.

"કેમ?", એને જોઇ શેઠ માત્ર એટલુંજ બોલ્યા.

"આપણા પચીસ વહાણ અત્યારની ભરતીમા આવી ગયા છે સવારમા આપણે બંદર પર હાજર રહેવુ પડશે" મેંતાજીએ પોતાનુ આગમનનુ કારણ આપ્યુ.

"મેંતાજી! તમારું પણ મારી જેમ કંઈ તો નથી ગયું ને? થોડી વાર પહેલા તમે ટેલિફોન મારફત મને માર સર્વનાશના સમાચાર આપ્યા છે। અને અત્યારે આ ખબર આપી શુ મારી મશ્કરી .. ..."

"શેઠ સાહેબ! આપ આ શું બોલો છો? મે આપને ટેલિફોન કર્યોજ નથી. હુ તો અત્યારે બંદર પરથી સીધોજ અહીં આવુ છું." મેનની વાત સાભળી મેંતાજી તો બરેબર આશ્ચર્યચકિત થઇ ગયો

જોહને લાગ્યુ કે વાતમાં જબરો ગોટાળો લાગે છે એમણે મેંતાજીને પોતાની પાસે બેસાડી આખી વાત સમજાવી અને છેવટે ઉમેર્યું, "ટેલિફોન કરનારનો અવાજ બરાબર તમારા અવાજને મળતો હતો."

"મારા એકના એક દીકરાના સોગંદ લઈને કહુ છું કે મે ટેલિફોન કર્યોજ નથી. આપણા કોઇ દુશ્મનેજ આપને આ બનાવટી વાત કહી છે મારા માલિકનો સર્વનાશ ઇચ્છનારનુ નખ્ખોદ જાય છે. ધણી! તે આજે મારી લાજ રાખી છે" મેંતાજીએ ઓરડામા વેરાયેલા કાચના ટુકડા તરફ જોઈ બે હાથ જોડી પ્રભુનો પાડ માન્યો.

યાકૂબ શેઠ એ વખતે રેડીઓને જોઈ પડી બોલતા હતા, "યા ખુદા! મને તારામા ઈતબાર ક્યારે નહોતો? મારી જનમમા પ આજે વિશ્વાસ આવ્યો રહીમ જેવો મારા બેટા હોય પછી મારે કઇ વાતનો ગમ રાખવાનો હોય! તે, પરવરદિગાર તારા લાખ લાખ શુક્રિયા" એ વખતે બાજુ રહીમની તસ્વીર મંદ મંદ હાસ્ય કરી રહી હતી


રેડીઓને ભેટી પડેલા યાકૂબશેઠને 'બાપજી'નો કરડા આપવાની મહેનતાણાને ઇચ્છા થઇ આવી.

(હસ્તલિખિત 'સારથી'માથી)

નર્મદ સાહિત્ય સભા, સુરત.

નવેમ્બર માસમાં યોજાયેલું કવિ સમેલન

નર્મદ સાહિત્ય સભા, સુરત તરફથી આવતા નવેમ્બર માસમા મુશ્તમા કવિ સમેલન યોજવા વિચાર રખાયો છે જે વેળા કવિઓ પોતે રચેલા કૃતિઓ જાહેર રજુ કરશે જેઓ પોતાની કાવ્ય કૃતિ એ પ્રસગે રજુ કરવાને ઇચ્છતા હોય તેમને તે ઓકટોબર માસની આખર સાપ્તાહિક સભાના અધિવેશનમા રજુ થવા અર્થે આવેલા કાર્યાલયમા યા સભાના મત્રી શ્રી રતનજી કસ્તમજી માર્શલને કેળાની વખાર, કાપડીયા સ્ટ્રીટને શિરનામે મોકલી આપવા વિનતિ છે



યુવાનીની ખરી મઝા લુંટવી હોય

અને શરીરમાં નવું જોશ અને નવું લોહી ભરવું હોય તો
સંપૂર્ણ મર્દાઈ માટે ગેરંટીડ દવાઓ વાપરો

મેજીક પીલ્સ— એક એક ગોળીમાં મર્દાઈની તાકાત છે. જુદી જુદી દવાઓની મુંઝવણમાં પડતાં પહેલાં એક વખત અજમાવો મોટા જુસ્સો પેદા કરનારી દવાઓથી બચો અને દવા ખાધા પછી કાયમ શક્તિ ટકી રહી સંસાર સુખ ભોગવવામા આનંદ આવે, વિર્યને ઘટ બનાવે, સંભોગમાં સંપૂર્ણ ટકાવ થાય, તે માટે મેજીક પીલ્સ વાપરો. શરીરના બાંધાને મજબુત કરી એક અઠવાડીયામાં તો શરીરમાં લોહી જુસ્સાબંધ દોડવા લાગે છે. ચહેરો લાલ સુર્ખ બને છે અને ધાર્યા છતાં બ્રહ્મચર્ય પાળી શકાતુ નથી. ભલે ને પછી તે તદ્દન અશક્ત કેમ ન હોય! એક બાટલી મંગાવી વાપરી જુઓ. કીં રૂા. ૫.

મેજીક તીલા— બાળપણમાં કુટેવથી હસ્તદોષથી, અતિશય સ્ત્રીસંગથી, નસોમાં કમજોરી આવી જાય છે. શરીરમા વીર્ય હોવા છતા પણ નસો ઢીલી હોવાને કારણે ઈદ્રી જોઇએ તેવી જાગૃત થતી નથી. તેના માટે આ તિલા મેજીક પીલ્સ સાથે વાપરવામાં આવે તો અજબ જેવું કામ કરી બનાવી એક વખત સંસારથી નાસીપાસ થયેલાંને મહા બળવાન બનાવે છે. કીં. રૂા. ૫

મેજીક ચુર્ણ— પાતળી ધાતુને ઘટ કરવામાં અસરકારકે પરિણામ બતાવે છે. સંસાર સુખમાં જેઓને ટકાવની ખામી છે તેને લઇ નથી પોતાને આનંદ આવતો કે નથી સ્ત્રીને સંતોષ થતો તેના માટે ખાસ ગુણકારક છે. ટકાવમાં ચાર ગણો વધારો કરી વીર્યને ઘટ બનાવી શરીરમાં શક્તિનો અખંડ ઝરો પેદા કરે છે. આ ત્રણે દવાના સેવનથી તમે આશ્ચર્ય પામશો માટે વાપરો અને પછી જુઓ કે ગુમાવેલી શક્તિ પાછી આવી કે નહિ. કી. રૂા ૪

અમે હિંમતથી છાતી ઠોકીને કહીએ છીએ કે ઉપરની ત્રણે દવાઓ ઘણીજ અસરકારક તેમજ ગ્રીન હરીફ છે.

લખોઃ— **ધી બ્રાટીશ ઈન્ડીઆ મેડીકલ એજન્સી**

અમદાવાદ. ૧૪

પવિત્ર રમઝાન

લેખકઃ-હાફિઝ "ઉલ્ફત" સાહુબ (અરણેાધન)

ખુદાની સ્તુતી અને વખાણથી ફલગ લાચાર છે. તે મહાન કૃપાળુ અને દયાળુ સર્જનહાર માનવને દુન્યામાં સરજ્યેા તેના આરામ માટે એવી ગેાવી અણમેાલ નેમતેા ઉત્પન્ન કરી અને તેના સુખ શાંતિ અને સલામત માટે એના એવા અમૂલ્ય સાધનેા ઉપસ્થિત કર્યા કે જેની કંઈ ગણત્રી કે હિસાબ નથી. તદુપરાંત તેની હિદાયત માટે અને તેને સીધા માર્ગે દેારવા ખાતર દરેક સમયમાં અને દરેક કૌમમાં પૈગમ્બરેા મેાકલ્યા કે કદાચ ભેાળેા માનવ દુન્યાની લાલસાઓને વશ થઇ શેતાનની જાળમાં ફસાઇ પેાતાની આકેબતનું સત્યાનાશ વાળી મૂકે. દરેક પૈગમ્બરેાએ પેાતપેાતાના ગજા અનુસાર બંદાઓને માબૂદે હકીકતનેા સંદેશ અને ફરમાન પેાંચાડવામાં પેાતાની અંતિમ પળેા લગી પ્રયત્નેા કર્યા છે. આજે દુન્યામાં અને દુન્યાની દરેક કૌમમાં જે કાંઇ ધર્મ અને ધાર્મિક ક્રીયાઓ દૃષ્ટિગેાચર થાય છે એ બધું ખુદાના પૈગમ્બરેાની શુભ કેાશિશેાનું જ ફળ છે. જો કે દરેક પૈગમ્બર એકજ મનસબ, એકજ સિદ્ધાંત અને એકજ ધેયના પ્રચારક હતા પરંતુ માનવેાએ પેાતાની અણસમજુ, જિદ્દ અને ગુમરાહીથી પૈગમ્બરેાએ આપેલા ખુદાઇ સંદેશનું સ્વરૂપજ બદલી નાખ્યું. દરેક કૌમે પેાતપેાતનેા ધર્મ જુદેા ઘડી કાઢ્યેા અને ખુદાની બંદગી, ઇબાદત અને અમલમાં પેાતાના મન ફાવતા ફેરફારેા કરી લીધા. માત્ર ઇસ્લામજ એક એવેા ધર્મ છે કે જે તેના મૂળ રૂપમાંથી જરા સરખાપણ વિના ફેરફાર તેના કેાઈ પણ સિદ્ધાંત અને કેાઇ પણ ફરમાનમાં હજી પણ ફેરફાર થયેા નથી બીજા કૌમેાએ પેાતાની ધાર્મિક ઇબાદતેા અને ધાર્મિક ઉત્સવેાને સમય અને ઋતુના પાબંદ કરી દીધાં પરંતુ ઇસ્લામી ઇબાદતેા અને ઇસ્લામી સિધ્ધાંતેા કેાઈ પણ ઋતુ કે સમયને આધીન નથી. કડકડતેા શિયાળેા હેાય અથવા અંગાર વરસાવતેા ઉનાળેા હેાય કે કરી રેસમઝેસ વર્ષાઋતુ હેાય ઇસ્લામનેા કેાઇ પણ કાનૂન અને કેાઇ પણ સિધ્ધાંતમાં ફેરફાર થઈ શકતેા નથી. અને જો ઇસ્લામી ઇબાદતેાનેા ઉલ્લેખ કરવામા આવે તેા લેખ ઘણેા લાંબેા થઇ જાય એટલા માટે માત્ર રમઝાન અને રેાઝા ઉપર થેાડા પ્રકાશ નાખવામા આવે છે.

એમ તેા અમુક દિવસેા અને મહિનાઓ અફઝલપણાને સર્જાયેલા છે. પરંતુ રમઝાન માસને અલ્લાહતઆલાએ ખાસ ખુબીઓ આપી છે રમઝાન અલ્લાહની રહમતેા, બરકતેા અને બખ્શિશેા માટે ખાસ છે. એના રાત્રી દિવસ બલકે એની એક એક પળ અને એક એક ઘડી ભાઈ, બખ્શિશ અને કબૂલિયતની છે. એટલે રમઝાનની કેાઇ પણ ઘડીમાં જે દુઆ માગવામાં આવે છે, તે અલ્લાહ તઆલા કબૂલ કરી લે છે

અલ્લાહ તઆલા ફરમાવે છે કે "રમઝાન તે મહીનેા છે કે જેમા કુર્આન શરીફ ઉતર્યું જે લેાકેા માટે હિદાયત અને જ્ઞાન, હક અને બાતિલની નિશાની છે. તેા જે આ મહિનામા હાજર રહે તે રેાજા રાખે. અને જે બીમાર હેાય અથવા મુસાફર હેાય તે તેના બદલે બીજા દિવસેામાં ફરી ગણી લે (કબૂ કે) અલ્લાહતઆલા આ બતી ગાડે છે, બગડી કરવાનેા નથી. કે જેથી તમેા તેની સંખ્યા પુરી કરી



રોઝા અને રોઝા એટલા માટે ફરજ કરવામાં આવે છે કે તમો આ ફિતરત અર્પણ થવા બદલ ખુદાની સ્તૂતી કરો અને તેનો શુક્ર અદા કરો." (કુર્આન શરીફ)

હઝરત રસુલે મકબુલ (સ૦)એ ૨૯ મી શાબાનના દિવસે એક ખુત્બો આપ્યો હતો જેમા ખાસ કરીને નીચેની જાહેરાત કરી હતી, "લોકો! એક ઘણોજ બરકતવાળો મહિનો તમારા ઉપર છાયારૂપ થનાર છે. આ મહિનામા એક એવી રીત છે જેની ફઝીલત હજાર મહિનાની ફઝાદતથી બેહતર છે, અલ્લાહ તઆલાએ આ મહિનાના રોઝા ફર્ઝ કર્યા છે. રાતનો કયામ

રોકડ ઇનામ રૂા. ૧૦,૦૦૦

"લક્ષ્મી" અને "સિદ્ધ વશીકરણ" તાવીઝ.

વાચકોનું લક્ષ અમે જાહેર મત તરફ ખેંચીએ છીએ. ન્યુ દિલ્હીથી મી. પ્રેમ તા. ૧૫-૪-૪૧ના લખે છે કે:-"તમારા તાવીઝે મારૂં ઘણુ ઉત્તમ કાર્ય કર્યું તેણે મને સંપૂર્ણ સંતોષ આપ્યો છે. હવે હું તમારા તાવીઝ નંબર ૫ જે સંપૂર્ણ શક્તિશાળી છે અને જેની કીંમત રૂા ૭-૫-૦ છે તેની અજમાયશ લેવા માગુ છું. તાકીદે મોકલી આભારી કરશોજી.

સિદ્ધ વશીકરણ તાવીઝ: કોઇપણ પુરૂષ કે સ્ત્રી, મિત્ર હો યા શત્રુ, જેને તમે ચાહતા હો, તમારી તરફ ગમે તેવી લાગણી ધરાવતા હોય, સત્વર વશ થઈ તમને ચાહવા લાગે છે, કી સોનાના માદળીયા સાથે રૂા. ૫-૧૫-૦, ચાંદીનાં માદળીયાના રૂા. ૨-૧૨-૦, તાંબાના માદળીયાના રૂા ૧-૧૫-૦ (ત્રણના રૂા ૫-૦-૦)

"લક્ષ્મી" તાવીઝ:—ધન પ્રાપ્તી માટે એ અદભૂત છે બધાજ ગ્રહોની અસર એ ઉપર થતી નથી. વેપાર ધંધા, લોટરી, શત્રુ ઉપર વિજય, પરીક્ષામાં અને દાવાઓમા સફળતા, નોકરી મળવી અને એવાં કેટલાંયે કાર્યોમા સફળતા મેળવી આપે છે સંતાન પ્રાપ્તિ માટે બે તાવીઝ. પુરૂષ અને સ્ત્રી બન્નેએ એક એક તાવીઝ પહેરવું જોઇએ.

તાંબાની કી રૂા. ૧-૧૫-૦ (ત્રણના રૂા ૫,) ચાંદીમાં રૂા.૨-૧૨-૦ સોનામાં રૂા. ૫-૧૫-૦.

એક સાથે ચાર કાર્યો માટે અમારૂં અતિશય શક્તિશાળી તાવીઝ નંબર ૫, કી. રૂા. ૭-૫-૦, વાળું મંગાવો

જેમની પત્નિઓ અતિશય કષ્ટ વેઠી રહી હોય અથવા બાળવેજ બાળ મરણ થતું હોય તેમણે નંબર ૭ની, કી. રૂા. ૧૧-૦-૦ વાળું તાવીઝ મંગાવવું.

નોટ:—૧ ઉપર જણાવેલી બીનતોમાં કોઇ પણ બોટાપણું પૂરવાર કરશે તેને રૂા. ૧૦,૦૦૦ ઇનામ. જો તાવીઝ અસર ન કરે તો નાણું પાછું.

૨. ઉપયોગ વેળા કોઇ ખાસ તૈયારી રાખવાની નથી અથવા કોઇ પણ કઠીન કાર્યમાં મૂકાવું પડતું નથી.

આનંદ સ્વામી, આનંદ કુટી.

પો. બો. ૬૧ (D. 1461) લાહોર (ઈન્ડીયા)

Anand Swami, Anand Kuti. *P. B. 61 (D. 1461)* **Lahore.** *(India)*



(તહજ્જુદ) મુસ્તહબ છે. જેણે આ મહિનામાં કોઇ નફ્લી ઇબાદત કરી તો તેનો સવાબ બીજા મહિનાના ફર્ઝ સમાન છે, અને એ મહિનાના ફર્ઝનો સવાબ બીજા મહિનાના સિત્તેર ફર્ઝ જેટલો છે એ મહિનો સબ્રનો છે. અને સબ્રનો બદલો જન્નત છે, આ મહિનો આપસમાં એકબીજાની મદદ અને હમદર્દીનો છે આ મહિનામાં મોમિનની રોઝી વધારી દેવામા આવે છે જેણે કોઇ રોઝદારનો રોઝો ખોલાવ્યો તો તેના ગુનહા બખ્શી દેવામાં આવે છે. તેને દોઝખથી આઝાદ કરવામા આવે છે, રોઝો ખોલાવનાર ને રોઝો રાખવા જેટલોજ સવાબ પ્રાપ્ત થય છે. અને રોઝદારના સવાબમાંથી કઇ ઓછું પણ થતુ નથી, લોકોએ વિનંતી કરી કે યા રસુલુલ્લાહ! અમો બધા તો એવી શક્તિ નથી ધરાવતા કે કોઇ રોઝદારનો રોઝો ખોલાવીએ અને તેને ખાણું ખવડાવીએ. આપે ફરમાવ્યું કે માત્ર એક ખજૂરથી અથવા દૂધના એક ઘૂંટથી રોઝો ખોલાવવુ પણ વિશેષ છે. આ મહિનાના પહેલા દસ દિવસો રહમતના છે. બીજો દશકો મગફેરતનો છે, અને છેલ્લા દસ દિવસો દોઝખથી મુક્ત થવાના છે એ મહિનામાં જે માણસ પોતાના હાથ નીચે કામ કરનાર (નોકર ચાકર) ઉપર આસાની કરશે તો અલ્લાહ તઆલા તેઓને બખ્શી દેશે. આ મહિનામા ચાર કામો ખાસ જરૂરી છે બે કામો તો એવાં છે કે જેનાથી તમારો પરવરદિગાર રાજી થાય છે અને બે એવાં છે જેની વગર તમોને છુટકો નથી એ બે કામોમાં એક તો કલમએ તય્યબ છે અને બીજું ઇસ્તિગફારની કસરત. આ બન્ને વાતો અલ્લાહને ઘણીજ પસંદ છે ત્રીજી જન્નતની માંગણી કરવી અને ચોથું દોઝખથી પનાહ માગવી આ તે બે વાતો છે જે તમારા માટે અત્યંત જરૂરતની છે રોઝદારને કયામતમા મારા હોઝમાંથી પાણી પીવાડવામા આવશે, અને કરી એને જન્નતમ દાખલ થતાં સુધી તરસ લાગશે નહિં" (બય્હકી મુઝ્હેમદ).

રમઝાનની પહેલી તારીખે જન્નતનાં દરવાજાઓ ખોલી દેવામા આવે છે અને દોઝખના દ્વાર બંધ કરી દેવામા આવે છે (બુખારી મુસ્લિમ)

એ સિવાય રમઝાન માસની ફઝીલતનાં મુખ્ય કરતી બીજી ઘણી હદીસો છે અને ગુંજાયશ ન હોવાથી એટલુજ બસ છે. ઉપલી હદીસો અને કુર્આની ફરમાનના વર્ણનથી રમઝાનની બુઝુર્ગી, ફઝીલત અને અગત્યતા માલૂમ પડે છે. માટે સર્વ મુસલમાનોને જરૂરી છે કે તેઓ રમઝાનની દિવો જાતથી કદર કરે અને દરેક બદીઓ અને શરીઅત વિરોધના કામોથી બચીને રહે અને પરહેઝગારી ધારણ કરે અને રોઝા રાખી પોતાની દરેક શારીરિક અને આત્મિક બીમારીઓનો ઇલાજ કરી લે.

એ હદીસ તઆલા ફરમાવે છે કે "હે મુસલમાનો હમોએ તમારા ઉપર રોઝા ફર્ઝ કર્યા છે, જેવી રીતે તમારાથી પહેલી ઉમ્મતો ઉપર ફર્ઝ કર્યા હતા જેથી કરીને તમો પરહેઝગાર બની જાઓ

રોઝાની ફઝીલત અને બરકતનો તો બધા ધર્મો સ્વીકાર કરે છે. અને હવે તો સાયન્સના પણ્ડિતો પણ રોઝાને અનેક રોગોનો અસરકારક ઉપાય તરીકે માને છે. એમ એમાં શક નથી કે રોઝો દુન્યવી રીતે પણ ઘણોજ ફાયદાકારક છે પરંતુ રોઝા મારા અસલ અર્થમા રોઝો

હોવો જોઇએ. અને રોઝો માત્ર ભૂખ્યા તરસ્યા રહેવાનું નામ નથી. બલ્કે રોઝામાં પોતાના મન અને પોતાના દરેક અવયવ ઉપર સંપૂર્ણ કાબૂ રાખવો જોઇએ. મનને ખોટા વિચારોથી દૂર રાખે, જીભને ગીબત ચુગલી ગાળગલોચ અને લડાઇ ટંટાથી બચાવી રાખે અને હાથોને ઇજા પહોંચાડવાથી મહફૂઝ રાખે મતલબ કે રોઝામાં દરેક અવયવનો પણ રોઝો હોવો જરૂરી છે. જ્યારે કોઇ એવા પ્રકારનો રોઝો રાખશે અને રોઝાના હેતુ ચિવટાઇથી બજાવશે તો ખરેખર તેના શારીરિક અને આત્મિક રોગોનું નિકંદન થઇ જશે અને અલ્લાહની નેમતોનો ખરા અર્થમા હકદાર ઠરશે. હવે રોઝાની ફઝીલત અને બુદ્ધર્ગીનું સૂચન કરતી થોડીક હદીસો રજુ કરું છું.

ઇન્સાનનો દરેક અમલ તેનો પોતાનો હોય છે. પરંતુ રોઝો મારો છે. અને તેનો બદલો પણ હું જ આપીશ. (બુખારી હદીસે કુદસી)

રોઝો દોઝખથી બચાવની વસ્તુ છે. રોઝો દોઝખના અઝાબને ઢાલ બનીને રોકશે (બુખારી).

રોઝદાર એક ખાસ દરવાજામાંથી જન્નતમાં દાખિલ થશે તે દરવાજાનું નામ રૈયાન છે જ્યારે રોઝદારો દાખિલ થઇ જશે તો ફરી તે દરવાજાને બંધ કરી દેવામાં આવશે. ફરી કોઇ પણ તેમાંથી જઇ શકશે નહિ (બુખારી-મુસ્લિમ) રૈયાન દ્વારા મહીંથી દાખલ થનારને કદી પણ તૃષાની તકલીફ નહિ થશે (તિરમીઝી)

એ સિવાય બીજી પણ ઘણી હદીસો છે. જેમાં રોઝા રાખનાર માટે મહાન બુશખબરીઓ આવેલી છે. જેમ રોઝા રાખનાર માટે મોટા મોટા દરજ્જાઓ છે તેમ રોઝા ન રાખનાર માટે હદીસ શરીફમાં મોટી મોટી વધેલ પણ આવી છે. હદીસ શરીફમાં છે કે ત્રણ વસ્તુઓ એવી છે કે જેના ઉપર ઇસ્લામનો પાયો તૈયાર કરવામાં આવ્યો છે. અગર કોઇએ આ ત્રણમાંથી એકને પણ છોડી દીધી (અને છોડી દેવાને હલાલ સમજ્યો) તો તે કાફિર થઇ ગયો. તેનું ખૂન અને તેનો માલ હલાલ છે. પહેલું ખુદાના વહદહૂ લા શરીકલહૂ હોવાની ગવાહી આપવું, બીજું પાંચે વખતની નમાઝ પઢવી, ત્રીજું રમઝાન માસના રોઝા રાખવા. (અબૂ અયલા)

રમઝાન માસનો એક રોઝો છોડી દેવો એ એટલું બધું સખ્ત છે કે આખી ઉમર રોઝા રાખવાથી પણ તેનો બદલો થઇ શકતો નથી (તિરમીઝી-અબૂ દાવૂદ-નસાઇ-ઇબ્ને માજહ)

હઝરત રસુલે મકબૂલ (સ૦)એ સ્વપ્નામાં જોયું કે કેટલાક લોકો ઉલટા લટકયા છે અને

ઓલ ઇન્ડિયા રેડીઓનું
પખવાડિક
"આવાઝ ઉર્દૂ"
અથવા
"સારંગ" હિન્દી
વાંચો અને રેડીઓ સાંભળો
છુટક નકલ સાડા ત્રણ આના.
ધી રાંદેર સ્ટોર્સ કણપીઠ સુરત

તેઓના બદલા ચિરાયના છે અને તેમાથી બોહી વહી રહ્યું છે આપે પૂછ્યુ કે આ કયા લોકો છે? તો આપને બતાવવામા આવ્યુ કે એ લોકો રોઝાખોર છે જેઓ રમઝાન માસ પૂરો થવા પહેલાજ રોઝ પૂરા કરી નાખતા હતા (ઇબ્ને ખુઝૈમહ)

ઉપની હદીસોથી સ્પષ્ટ થયુ છે રોઝા ન રાખવા એ કેવુ મહાન પાપનુ કામ છે અફસોસ કે આજે મુસલમાના બીજા ઇબાદા તો જેમ રોઝા પ્રત્યે પણ ઘણીજ બેદરકારી વાપરે છે અને પવિત્ર રમઝાન માસમા ઠેરઠેરાક પાન, બીડી, સીગારેટ અને બાબાપીવામા મશગૂલ નજરે પડે છે તેઓને ન ખુદાનો બીક છે ન બન્દાઓની શર્મ અને વગી કેનાક રોઝદારો તો રોઝા રાખી જાણે ખુદા ઉપર ઉપકાર કરે છે તેમ વાત વાતમા ગરમ બની જાય છે અને લડાઇ ટટો કરવા ઉતરી પડે છે અને મોઢાથી કુવે તેવા ગંદા શબ્દો ઉચ્ચારે છે જ કે હદીસ શરીફમા આવ્યુ છ "રોઝામા લડાઇ ટટા ગાળ ગલોચ થી પોતાની જાતને સભાળો અગર કોઇ તને ગાળ પણ આપે તો માત્ર આપવુજ કહી દે કે હુ રોઝદાર છુ તમારી સથે ટટો કરવા નથી માગતો" મતલબ રોઝમા રોઝાના હોતુઓને બગાડવા અત્યન્ત જરૂરી છે નહિતર આખો દિવસ ભૂખ્યા તરસ્યા રહેવામા કોઇ ફાયદો નથી હદીસ શરીફમા આવ્યુ છે કે 'રોઝાદાર સવારથી માજ સુધી ખુદાની ઇબાદતમા છે જ્યા લગી તે કોઇની બુરાઇ ન કરે અને જ્યારે તે બુરાઇ કરે છે તો પોતાના રોઝાને ફાડી નાખે છે (દયલમી) રોઝો એ માત્ર ખાવા પીવાથી પરહેજનુ નામ નથી બલકે નફ્સ અને બુરાઇથી પરહેજનુ નામ છે (હાકિમ) જે માણસ રોઝાની હાલતમા જુઠ્ઠુ અને જિહાલતના કામને નહિ છોડે તો અલ્લાહ તઆલાને કઇ જરૂર નથી કે ગરીબ તેના માટે ખોરાક પાનુ પીવુ છોડી દે (બુખારી-તિરમીઝી નસાઇ-ઇબ્ને માજહ)

ઉપની હદીસો ધ્યાનમા લઇ રોઝદારે સમજી લેવુ જોઇએ કે રોઝાનુ બલ ઇન્સાન હાય છે પરંતુ રૂહ ફરિસ્તાઓ જેવુ હોવુ જોઇએ જે ખાતા પીતા નથી અને કોઇ પણ દુન્યવી ખ્વાહિશોને વશ થતા નથી તેઓને જીવનનો માત્ર એકજ હેતુ હોય છે અને તે અલ્લાહના હુકમોનુ પાલન કરવુ છે રોઝદાર પણ કઇ ખાતો પીતો નથી અને તે દુન્યવી ખ્વાહિશોથી દૂર રહેવાની પોતાથી બનતી કોશિશો કરે છે રોઝદાર નેકીઓનો ભડાર હોય છે રોઝદાર જુઠ્ઠુ નથી બોલતો, નિન્દા નથી કરતો, ગાળગલોચ કે કોઇ સાથે લડાઇ ટટો નથી કરતો, તે કોઇની બુરાઇ નથી કરતો ક્રોધના સાથે જિહાલત ભરી વાત નથી કરતા તે બદીનો બદલા લેવાથી બાધે છે, અને તેના સથે કોઇ બેઅદબ વર્તનોથી વરતે છે તો તે આ બાબતના રસૂલ (સ૦) ના ફરમાન અનુસાર એમ કહી દે છે કે હુ રોઝદાર છુ કેટલા બારીક બધુઓને વિનતી કરુ છુ કે હમોને રમઝાનની આ મુબારક તક સપડી છે એને ગનીમત સમજવી અને જોના લાભો પ્રાપ્ત કરવામા દીન અને બેબરકત ન કરતા બની શકે તેટલા નેક અમલો કરી લેવા જોઇએ ખુદા કરી બીજા વાર હમોને એવી તક નસીબ થાય કે નહિ માટે કે જિન્દગીનો કોઇ ભરોસો નથી

કેમ થવાશે પાર ?

રચનાર : ઈ. ડી. મુન્શી "મુફી" બેંગાલ, ટ્રાન્સવાલ.

૧

કેમ થવાશે પાર ?
ભૈયા !
કેમ થવાશે પાર ?

૨

તૂફાને ચઢયો છે સાગર,
યોડું બાકી છે હિંમત ધર,
જલ્દી કર તું, રે ! સત્વર તર,
તુજ ઉપર જ આધાર,
ભૈયા !
કેમ થવાશે પાર ?

૩

જો ખળખળ પાણી દોડે છે,
ને જળચર પ્રાણી દોડે છે,
નુજને એ જાણી દોડે છે,
યોભ ન તૂં પળવાર,
ભૈયા !
કેમ થવાશે પાર ?

૪

તુજ બાહુમાંએ તાકત છે,
તારા દિલમાંએ હિંમત છે,
ને ઉજળી તારી કિસ્મત છે,
હામ નહિ તૂં હાર,
ભૈયા !
કેમ થવાશે પાર ?

૫

જો, સામે તારી મંઝિલ છે,
શાને સારે તૂ ગાફિલ છે ?
જાણે ધાયત્ન છે, બિસ્મિલ છે,
કોણ ઉતારે પાર ?
ભૈયા !
કેમ થવાશે પાર ?

૬

જગમાં રણભેરી વાગે છે,
ને વ્યક્તિ વ્યક્તિ જાગે છે,
નિર્બળ શક્તિ વિણ ભાગે છે,
તુજ કરયો ભજવાર,
ભૈયા !
કેમ થવાશે પાર ?

૭

દુશ્મન પણ બોલીને મંતર,
તુજ પર પણ કરશે તે જંતર,
નિર્દય છે જો તેનું અંતર,
શસ્ત્ર તણા ઝણકાર,
ભૈયા !
કેમ થવાશે પાર ?

હબ્બે મુદર હેઝ

(માસીક સાફ લાવવાની ગોળી)

સ્ત્રીઓના અટકાવ સાફ ના આવવાથી ઘણીજ બીમારીઓમાં સ્ત્રીઓ જેવી કે હીસ્ટીરીયા ગર્ભસ્થાનસાં દુખાવો થાય છે. પેટનું પેડુનું દુઃખ તેમજ શરીરનું ફુલવું, શરીર જડા થવું, ચરબી થવી, આખાં શરીરનું દુખવું, કમરનું દુખવું, લાલીનો અભાડો થવો, હીસ્ટીરીયા જેવી બીમારી થવી. પાણીનું (ધાતુનું જલું) માથું દુખ્યા કરવું, ચક્કર આવવા વીગેરે બદહજમી થવી, આ ગોળીઓ અટકાવ આવવાના ચાર છ દિવસ આગળ લેવાથી અટકાવ સાફ લાવવામાં અકસીર સાબીત થઇ છે અને સ્ત્રીઓના દરેક ગુપ્ત દરદોને પુરેપુરો આરામ આપે છે. .

કીંમત : ૩૨ ગોળીની ડબ્બીનો એક રૂપીઓ

ઝુલ્ફે સનમ હેર ઓઇલ

આ તેલ માથામાં લગાડવાથી મગજને ઠંડક આપી વાળને વધારવામાં તેમજ સફેદ થતાં વાળને અટકાવવામાં તેમજ લાબો વખત લગાડવાથી વાળને કાળા કરે છે. ઉંઘ ઘણીજ સારી લાવી ખરતા વાળને અટકાવે છે અને ઘણાંજ લાબા કરવામાં અકસીર સાબીત થયું છે. કીમત બોટલના ૧૨ આના

ઇશરત પીલ્સ

ઇશરત પીલ્સ ગોળીઓ દિલ (હાર્ટ) મગજ, લીવર, સ્ટોમરી (સ્ટમક) તેમજ તમામ શરીરની શક્તીનો વધારો કરી, ભુખ લગાડી, લોહી વધારી શરીરને સુસ્ત ચાલાક બનાવી ચહેરા પર રોનક લાવી તેજસ્વી બનાવવામાં અકસીર છે. તેમજ ગમે તેવા કારણથી ધાતુ પાતળી થઇ અશક્તિ વધીને નામરદાઇ આવી ગઇ હોય તેને ધાતુ પુષ્ટ કરી જુવાનને નવજુવાન અને ઘરડાને જુવાન બનાવવામા અકસીર સાબીત થઇ છે, ફકત એકજ શીશી વાપરી ખાત્રી કરો અમારી યુનાની ફાર્મસીમાં આશરે ૪૭ વરસની અનુભવીક દવા છે. નાસીપાસ થઇ ગયેલા દર્દીઓને આરામ થયો છે. કીંમત ૪૦ ગોળીની શીશીનો રૂા ૧-૮-૦

ઇકસીરે પાયોરીઆ સુનુન મુકવીએ દનદાં

આ મંજન દાંતને લગાડવાથી દાંતમા થતું પરૂ અને લોહીનુ નીકળવું, મોઢાની ખરાબ વાસ, મેલને દુર કરીને દાંતના દુખાવાને તથા હાલવાને દુર કરવામાં અકસીર સાબીત થયું છે. કીમત શીશી એકનો રૂપીઓ ૧.

સુપુફ ઇકસીરલ હાઝીમ

આ ચુરણ ખાસ બદહજમી માટે અકસીર છે ગમે તેવો પેટનો દુખાવો પુલાવો હોય, હજમ થતું ન હોય, ભુખ ન લાગતી હોય, ખાટી ઓડકાર આવતી હોય, કબજીયાત હોય, પવન ન છુટતો હોય, તેને ફાયદો કરી ભુખ લગાડી, હજમ કરી ઝાડો સાફ લાવવામાં અકસીર છે. કીમત બાટલીનો રૂપીઓ ૧)

વિગત બદલના ઓર્ડરો પુરતી સભાળથી મોકલવામાં આવે છે. બદલગામ એજન્ટોની જરૂર છે, પત્ર વહેવાર નીચેના સરનામે કરો

વિગત માટે પ્રાઇસ લીસ્ટ મંગાવો. વી. પી ઉપર ધ્યાન અપાય છે. દરેક બીમારીનો પ્રેમાજ પત્ર વહેવારથી કરવામાં આવે છે, જવાબ માટે ટીકીટ બીડવી.

મળવાનું ઠેકાણું:—
મેનેજર યુનાની ફાર્મસી (રજીસ્ટર)
ખાંડ બજાર—સુરત

આફીકાના સોલ એજન્ટસ—
યુનીયન પ્રીન્ટીંગ વર્કસ
લાવિક્ટોરીયા સ્ટ્રીટ—દરબાર બાગ પ



યુવાન હૈયા ઉકેલતી મુસ્લિમ સમાજની સામાજિક નવલકથા

લેખક "તુરાબ"

[ગતાંકથી ચાલુ]

પ્રકરણ ૧૬ મું — પાંગરતી પ્રેમપાંખડીઓ

મહેરૂના ઘર લગી રોશને મહેરૂને પહોંચાડી મકાનના નગરિયા ચાલ્યા ગયા. રોશનનું દિલ ખુદ શેકસપીઅર કહે છે કે Conscience makes cowards of us all રોશનનું અંતઃકરણ રોશનને ડંખતું હતું કે રોશને કંઈક ખોટું કર્યું હતું ? સિનેમામાં જવાને બદલે ફરવા નીકળી ગયા એમ કાંઈ ખોટું હતું ? સિનેમામાં જતે તો મોડું થતે અને ફરીને વહેલા આવ્યા હતા એટલે રોશનનું દિલ ડગમગતું હતું. રોશનનો સ્વભાવજ નરમ ઘસ હતો અને વહેલા વળી આવવાનું ખાતીનું કારણ પડે તો રોશન પાસે બીજો જવાબ આપવાને શું દેવો જોઈતો

ત્યારે કેમ જલ્દી રોશને મહેરૂનિસાની વિદાય માગી

ઉપર આવોને ? મહેરૂએ વિનય કર્યો

ના હું જઈશ

જરા વાર મારે મહેરૂએ શિથિલ આગ્રહ કર્યો

બસ નહિ રોશને દૃઢતા દર્શાવી

મહેરૂનું દિલ આજે ભરાયેલું હતું એટલે મનમાંના મલકાતા બોલ્યું

" આવજો ત્યારે !

મહેરૂનિસાએ ઘરમાં પગલાં માંડ્યા ત્યારે ખતીજા રાહ જોઈ રહી હતી મહેરૂને આવવા સમયથી વહેલી આવતી જોઈ ખતીજાએ પૂછ્યું

વહેલી વહી આવી !

સિનેમાની ટિકીટ નહિ મળી એટલે અમે દરિયા પર ફરીને જ પાછી આવ્યા

રોશન કયાં છે ?

ગયો

તને મૂકવા નહિ આવ્યો ?

ના નીચે મૂકીને ગયો

ઉપર નહિ આવ્યો ?

'નહિ"

"કેમ ?"

'થકી ગયો હુને"

"તુ નહિ થાકી અને તે ચાલ્યો ગયો ! તુ પણ કેવી છોકરી છે ! તે ઉપર આવવાને કહ્યું નહિ ?"

"કહ્યું તો ખરૂ પણ તે આવ્યો નહિ"

"હ ! ચાલ કપડા બદલી લે"

વચ્ચે બદલી મહેરૂ નિરાંતે ઝરને આવી બેઠી ત્યારે ખતીજાએ વાત છેડી

"મહેરૂ ! એક વાત પૂછું ?"

"શું ?

'રોશન કોકરો કેવો ?"

મહેરૂના મુખ પર શરમના શેરડા પડ્યા

'હું શું જાણું ?'

મહેરૂનો મુક્ત સ્વભાવ મરેરૂની વહારે આવ્યો,

"પછી જુઓ છોકરાની માને !' ને મહેરૂ ખડખડાટ હસી પડી

"મને તો છોકરો સારો લાગે છે" ખતીજાએ પોતાનો અભિમત મત પ્રદર્શિત કર્યો

'રોશન તો બધાને ગમે એવો છે !' દૈયાની વાત સહસા મહેરૂને હોઠે આવી ગઇ

"તને ગમે છે ?' ખતીજાએ પ્રત્યક્ષ પ્રશ્ન કર્યો

'હ ? મે કહ્યું કે બધાને ગમે એવો છે' પોતાના અર્થનો રહ્યો કહ્યો અને છટકવા માંડી છટકતા મરેરૂએ જણાવ્યું

'મહેરૂ ! મારો વિચાર છે કે રોશન સાથે તને પરણવી" સિમત ફરમાવતા ખતીજા બોલવા માંડી "ને વળી આજની છોકરીઓને તો મનગમતા વર જોઇએ—'

બે લાયમા મહેરૂ સતાવતી મરેરૂ ઝરના પત્થરો ઝડપથી ઉતરી ગઇ અને અંદરના ઓરડામા ચાલી ગઇ

ખતીજાએ પાછળથી પકાર્યું

"—મહેરૂ !"

× × ×

રોશને ઘરના આંગણામા પગ મૂક્યા ત્યારે ઝમતમ ગબડી રહી હતી

મધ્યમ સ્થિતિના ઘરમા ખુશ ખમચી રાખવા પરાડે એમ નહિ હોવાથી ઘરની સ્ત્રીઓ સ્વહાથે રાંધે છે અને સ્ત્રી સુલભ રાંધનકળા સ્ત્રીના સ્ત્રીત્વને ઝેમ આપે છે ધનવાન કુટુમ્બની દીકરી મધ્યમ સ્થિતિના ઘરમા પ્રવેશ કરતી નથી ત્યા લગી સંસારનો આ અદ્રશ્ય પ્રકાશ ઘરમા જગમગાટ કરે છે ધનવાન ઘરની દીકરીઓ પરજ કેવળ આ દોષનું આરોપણ કરવું યે

એકપક્ષીય છે, કેમકે દોલતના નશામાં મસ્ત બનેલી ગરીબ ઘરની કન્યા ધનવાનને ત્યાં આવે પડે છે ત્યારે ગૃહિણી બનવાના ખોટા ખ્યાલમાં કુટુમ્બની સંરક્ષકતામાં કર્કશતા ભેળવવાનું કારણ બને છે. ઘરસંસારને ઝંગારવાની યા ઝંખવવાની જવાબદારી સ્ત્રીની પોતાની છે.

રોશનને ધારેલા સમયથી વહેલો આવેલો જોઈને જયનબે પૂછ્યું.

"કેમ વહેલો વળી આવ્યો?"

"સિનેમા જવાને બદલે મહેરૂ જોડે દરિયા પરજ ફરીને પાછાં આવતાં રહ્યાં."

"મહેરૂ જોડે?"

"હા"

"પણ મને તો એમ કહીને ગયો હતો કે તું તારા દોસ્ત જોડે સિનેમા જોવાને જતો હતો!"

"મેં એમ કયા કહ્યું હતું?"

"તો શું કહ્યું હતુ?"

"કે મને સિનેમા જવાનુ હતું."

"તો પછી મારાથી આ વાત શા માટે છુપાવી કે તું મહેરૂ જોડે સિનેમા જવાનો હતો!"

"જવાની ઉતાવળમાં હું એમજ સમજ્યો હતો કે આ વાત તમને કહી છે."

"હું! મહેરૂ કયા છે?"

"તેને ઘેર મૂકી આવ્યો"

જગતમા કેટલા ઝઘડાણાને કારણ છે અને આવા સરાસર ઝઘડાણાનાં ભોગ બનેલા સમજુ લોકો ઉદારતાથી તેના કારણ સમજી લે છે. ભિનરના ભેદ ભાંગવાની આળખામણી કુતુહલતામા જગતજનો નહિ પડે તો સકારણ ઝઘડાણાનાં પરિણામ ખોટા ઉતરતા નથી. જેના પરિણામ શુભ પુરવાર થાય તેવા ઝઘડાણાથી જગતને દુઃખી થવું યે ન ઘટે.

હાથ મહોડું ધોઇ રોશન પુસ્તક લઇને ઇઝીચેર પર નિરાંતે વાંચવા બેઠો ત્યારે જયનબે વાત છેડી.

"રોશન! એક વાત પૂછું?"

"શું?"

"મહેરૂન્નિસા છોકરી કેવી?"

"કેમ, મા?"

"મને તો છોકરી ગમે છે." જયનબે પોતાનો મત દર્શાવ્યો.

"મહેરૂ તો બધાને ગમે એવી છે." રોશને પણ મહેરૂન્નિસાની પ્રશંસા કરી.

"એમ નહિ, તને ગમે છે?" જયનબે હિમત કરતાં પ્રત્યક્ષ પ્રશ્ન કર્યો.



"મા, તમને ગમે તે મને કેમ નહિ ગમે? સ્થિતિ સમજી જઈને રોશને વાત પોતાની મા પર ઢાળી દીધી.

"આજના છોકરાઓને મનગમતી છોકરીઓ જોઈએ છીએ. વળી તું ભણેલો; એટલે તારો વિચાર હોય તો ખતીજાને વાત કરું?"

"એમાં હું શું કહું?" કહેતાં કહેતાં રોશનથી મલકાઈ જવાયું. "મને આરામથી જરા વાંચવા દે ને!" ને સુન્નતાને પુસ્તક મોઢા આડું ધર્યું.

પ્રકરણ ૧૭ મું — બે બહેન

રોશન અને મહેરૂની પ્રેમપાંખડીઓ પાંગરતી થઈ તેના એકાદ સપ્તાહ પછી રોશનની મા જયનબ પોતાની બહેન અને મહેરૂની મા ખતીજાને મળવા આવી.

"આવ આવ જેના, કંઈ બહુ દહાડે ભૂલી પડી!" જયનબને આવકાર દેતી ખતીજા બોલી

"ભૂલીને સાથી આવી, યાદ કરીને આવી છું." જયનબે શબ્દોની રમત કરી.

"બહુ દહાડે નાની બહેન યાદ આવી?"

"મોટી બહેનને તું તો યાદે કરતી નથીને?"

"શા માટે યાદ કરું? તારી માર ખાવા?" ખતીજાને બાલપણના દિવસોનું સ્મરણ થયું.

ઘરડાંઓને પણ બાલપણ અને યુવાનીના વિતેલા દહાડા યાદ આવે છે અને ત્યારે તેમનાંથી મલકાય યે જવાય છે આવા વિલસેલા વાતાવરણમાં ઘડપણની પ્રૌઢતાને કરડાઈ વિસારે પડે છે અને તેના સ્થાને યુવાનીની ઉચ્છૃંખલતા ને નિરંકુશતાનું પુનરારોપણ થાય છે. જીવનના આ પ્રકારના વિલાસમાં વડેરાંઓને માનવતાની દુર્બળતા સમજાય છે.

"બચપણના દહાડાને હજી પણ તું યાદ કરે છે?"

"હું તો અમસ્યી હસું છું. તું તો જાણે છે ને બહેન. સુન્નતાનના જવા પછી મારું મન હંમેશાં ઉચું રહે છે અને મને કયાં બહાર જવાનું સુજવુ યે નથી."

"એતો માનું દિલજ પોચું હોય છે, એટલે એમ લાગે"

અંદરના ઓરડામાં નવલકથા વાંચતી મહેરૂએ જયનબનો સાદ પિછાન્યો અને બહાર આવી.

"કેમ છો માસી?"

"ઠીક છું, બેટા, તું કેમ છે?"

"મજામાં."

"મહેરૂ, માસી માટે પાન તો લઈ આવ" ખતીજા બોલી.

મહેરૂ અંદરના ઓરડામાંથી પિતળનું પાનદાન લઈ આવી અને જયનબ પાસે મૂકયું.

"ડાહી દિકરી! સો વર્ષ જીવજે!" જયનબે મહેરૂને આશિર્વાદ આપ્યો.

"મહેરા! તું દમણાં શું કામ કરતી હતી?" મહેરુની માએ પૂછ્યું.

"વાર્તા વાંચતી હતી"

"આખો દિવસ વાર્તા ને કામનું નામ નહિ! અને કામ પણ શું છે? જા, તારી વાર્તા પરી કર."

પોતાની દીકરી કલ્યાણકારી ને કામ કરનારી છે એવું બહારનાં માણસોને બતાવવાને દરેક માતાનું હૈયું ચાહે છે. પણ મહેરુ તો કામ કરવાને બદલે વાર્તા વાંચતી બેઠી હતી. અને વાર્તા વાચવી એ પણ તો એક કામ જ છે ને? આળસુ બેસી રહેવા કરતાં સંસ્કાર પામતી વાર્તા વાચવામા બેટુ યે શું છે?

બનીઝને આ વાતની ખટપટ કરવાની જરૂર યે નોતી પહીલા વાતો કરતાં હોય ત્યં બરચાઓની હાજરી અનિચ્છનીય છે એવું માનનારાંમાંની બનીઝ એક હતી.

મહેરુ અંદરના ઓરડામાં ચાલી ગઇ.

યુવાનીનું બીજું નામ ચંચળતા છે. નહિ કરવા કહેલું કામ પહેલું કરવાને યુવાનોને કુતુહળતા જાગે છે. અને અળખામણી કુતુહળતા "પેન્ડોરાના ડબ્બા"ની જેમ તેમને દઝાડે પણ છે. દાઝયા વિનાનું ઘડપણ યે ડાહ્યું હોતું નથી.

ચાલ્યા જવાને પરોક્ષ રીતે પણ કહેવામાં આવ્યું હોવાથી ચોક્કસ પોતાને લગતી વાત થતી હોવી જોઇએ એવું મહેરુન્નિસાએ માની લીધું. તેનાં કાનો વાત સાંભળવાને સરવરવા લાગ્યા અને યુવાનોના દિલ પણ ઘણાખરા સમયે સાચે સાચી વાતો સાંભળાવે છે ને!

"સુલતાનના કાગળપત્તર તો આવે છે ને?" જયનબે ખબરઅંતર પૂછ્યા.

"હા, વચ્ચે એક કાગળ હતો-" બનીઝએ ખુલાસો આપવો શરૂ કર્યો, તેટલામાંજ જયનબે આગળ પૂછ્યું.


"તબીઅત તો સારી રહે છે ને?"

"તબીઅતના તો ફરજો કરમ છે પણ કાગળ લખવામાં બહુ સુસ્તી કરે છે; અને તેમાં એનો વાક યે નથી. એ લખે છે કે કામકાજના અંગે કાગળ લખવાનું કેકાલું રહેતું નથી અને તેના માટે જરાપણ ફિકરચિંતા કરવી નહિ પણ માના દિલને શાંતિ કેમ થાય!"

"સુલતાન અને ઝરીના આનંદમાં હોય તો પછી તેમનાં માટે બીજી કોઈ વાતની ચિંતા કરવાની જરૂર નથી. કાલ ખપતું કારવતું હોય મારો રોશન લઈ આવી આપશે. રોશન પણ તારોજ દીકરો છે ને!"

"રોશન તો બહુ ભલો છોકરો છે. મારા માટે હંમેશા ખોરપગે તૈયાર છે સુલતાનની ગેરહાજરીયે મને રોશન બૂમારી દે છે. મારા મને તો સુલતાન અને રોશન એક સરખા છે."

"મહેરુ અને રોશન પણ બહુ હળીમળી ગયા છે. બનીઝની વાતના વલણથી જયનબ ઉત્સાહિત થઇ પોતાની મતલબની વાતનું મંડાણ કર્યું. "સિનેમામાં પણ હવે સારેજ બતય છે. (આપણું)"



એમ. એમ. પી. હાઇસ્કૂલ રાંદેર

મુસ્લિમ ગુજરાત આ હાઇસ્કૂલ અને તેના અંગેની કી ઓદ્યોગનો લાભ લઇને કેળવણીના ક્ષેત્રમાં ઊંચે ઊંચે પ્રગતિ કરી શકયું છે. તેનો પુરાવો તો મુંબઇથી કચ્છની સુધીના વિસ્તારમાં ઠેરઠેર ઉંચા સરિસો પર ચોકવાએલા ઓલ્ડ બૉયઝોજ પુરો પાડી શકે એમ છે, પણ હાઇસ્કૂલની કેળવણી પુર્ણ કર્યા પછી કૉલેજની કેળવણી માટે ગરીબ વિદ્યાર્થીઓને પડતી અનેક વિટંબણાઓને દાળવા આ હાઇસ્કૂલના "ઓલ્ડ બૉયઝો"એ એક ઓલ્ડ બૉયઝ એસોસીએશન સ્થાપ્યું છે. આ મુબારક રમઝાન માસમાં તમારી ઝકાત ખેરાતનો સદુપયોગ કરવા ધારતા હોય તો આ એસોસીએશનને પણ ન ભૂલશો.

મદદ મોકલવાનું ઠેકાણું:—ઓન. સેક્રેટરી-એમ. એમ. પી. ઑલ્ડ બૉયઝ એસોસીએશન, રાંદેર.

ચાર ચિરંજીવી પ્રકાશનો



કોન્ગ્રેસ નામની કવમવાદી જમા'તને એના નગ્ન સ્વરૂપમાં નાગી કરતુ અને 'સ્વદેશી નાઝીવાદ' સ્હામે બુલ્લું 'તિલકમતનામું' પુકારતુ પહેલ્લુ અમિ-પુસ્તક એમા મુલકના મુકિતજંગમાં મુસલમાનોએ આપેલી કીમતવાન કુરબાનીઓનો અને દેશદ્રોહીએ કરેલી કારમી ખૂટલાઇઓનો કડીબંધ ઇતિહાસ સ્વરવામા આવ્યો છે.

અખબારોમા અવલોકાય એ પહેલાજ એની પહેલી આવૃત્તિ ખતમ થઇ ગઇ એજ બતાવે છે કે દેશમા અને પરદેશમા એણે ગજબનાક દિલચસ્પી પયદા કરી છે

કીમત એક રૂપિયો [પોસ્ટેજ પાંચ આના]



મુસ્લિમ-લીગની સ્થાપનાથી માંડીને એની ૧૯૪૦ની તે મશહૂર લાહોરી બેઠક (જેમાં પાકિસ્તાનનો ઠરાવ મન્જૂર કરવામાં આવ્યો હતો) લગીના લીગ-જીવનનો સળંગ, આંકડા અને બાતમીઓથી ઓતપ્રોત ઇતિહાસ. એમાં ન માત્ર લીગની સ્થાપના પરેલાંની મરિલમ-હિન્દી સિયાસતના આછા ઘેરા રંગો, લીગની સ્થાપનાનુ કારણ અને પ્રેરણા, લીગ-બેઠકોના સ્વાગતી અને સદારતી ભાષણો, ઠરાવો અને અગત્યની કાર્યવાહીઓનો સંપૂર્ણ રિપોર્ટ આપવામાં આવ્યો છે. બલ્કે ૩૫ વર્ષના આ લીગી ચળવળના ગાળા દરમિયાન મુસ્લિમ-હિન્દ સામે આવી ઉભેલા કટોકટી અને સિયાસી સવાલોની ઝાંખી-કીપૂર્વક છણાવટ પણ કરવામાં આવી છે.

કીમત બે રૂપિયા [પોસ્ટેજ આઠ આના]



આ કિતાબમાં હિન્દના વિભાગીકરણની યોજનાનુ કુરઆનની રવશનીમા અવલોકન અને વિવેચન કરવામા આવ્યું છે હિન્દની રાજકીય પરિસ્થિતિ કેવી છે અને એના બે ભાગ પાડવાની જરૂરત શા સારૂ છે એની એમા મઝાદની અને સિયાસી નઝરે સુરેખ સમજૂતી આપવામા આવી છે. પકિસ્તાન શું, કેમ અને શા માટેની એમાં સંપૂર્ણ સમજણ છે.

કીમત છ આના [પોસ્ટેજ છ પૈસા]



જિન્નાહ સાહિબે એડિટ કરેલી આ કિતાબમાં લીગના લાહોરી ઠરાવ પર જુદા જુદા હિન્દુ, મુસ્લિમ, અંગ્રેજ લેખકોના સંશોધન અને મતનપૂર્વક લખાએલા લેખો સંધરવામાં આવ્યા છે 'શબ્દવાદ' કે હિન્દુ-મુસ્લિમ સવાલનો ઉકેલ નથી; પકિસ્તાનજ એક માત્ર વ્યવહાર ઉકેલ છે' એમ દરેક લેખકે દલીલ સિદ્ધ કરી બતાવ્યું છે. એની પ્રસ્તાવના ખુદ કાયદે આઝમે લખી છે.

કીમત આઠ આના [પોસ્ટેજ બે આના]

[કેટલાક હમદર્દ ભાઇઓ અને અ-જુમનોએ માલી મદદ આપેલી હોવાથી આ ચારે કિતાબો પાકતર કીમતેજ આપવામાં આવે છે.]

ધી કોહિનૂર પ્રિન્ટિંગ પ્રેસ : ઇકબાલ રોડ : ભાટવા

Printed by: Maganlal Mangaldas Patel, at The 'Gangotri' Printing Press. Kanpith, Khand Bazar, Surat.
Published by: Azum Ahmed F[illegible]

વિનંતીઃ-સરનામાના રેપર ઉપર ગ્રાહક નંબર હમેશા લખવામા આવે છે પત્રવ્યવહાર વેળા તે નંબર લખવા વિનંતિ છે.


તંત્રી: "ચંદ્રશી" સંદેરી. સહતંત્રીઃ "બેકાર"

આસ્ નવેમ્બર ૧૯૪૧


પુસ્તક. ૩ અંક ૩ જો

અનુક્રમણિકા.


વિષય સૂચિ.		લેખકનું નામ		પૃષ્ઠ
વતનના જવાનોને	... ...	ઢા મો. ટીમોલ	... ...	૧૫૭
ઈસ્લામી શિક્ષણ (કુર્આન)	... ...	મા૦ મ. રહીમ સા૦	... ...	૧૫૮
" " (હદીસ)	... ...	" " "	... ...	૧૫૯
આવાજોથી દુનિયા	... ...	"બેકાર"	... ...	૧૬૦
રમીકાર સમાલોચના	... ...	ઇસ્માઇલ-આરેફ	... ...	૧૬૪
અરમાઉસ દુરના	... ...	ત્રિકમ-સાબેરી	... ...	૧૬૫
રેમયા ...	... ...	મૌ૦ અ. અશરફ	... ...	૧૬૮
પોકાર ...	... ...	૨. વસુજરો	... ...	૧૭૦
ગઝલ (ગુજરાતી)	... ...	"અસિર"	... ...	૧૭૨
મારી અહમદશાહ	... ...	"મુઝતર"	... ...	૧૭૩
કવિ ટાગોર ...	... ...	સૈ૦ "નૂર"	... ...	૧૭૮
મુસ્લિમ અરબી વહાબુવહુ	... ...	સાકિબ બકીતી	... ...	૧૮૩
"સામને ધુસ્સ" (અ૦) (ગઝલ)	... ...	"ગાલિબ"	... ...	૧૮૪
ધુમા ઋતુ ...	... ...	મ્રજી ઇબ્રહીમ	... ...	૧૮૭
સરધુ ...	... ...	"શાકિર" ઉનીઆ	... ...	૧૮૮
ધ્રુવા અને ધ્રુવ (ગઝલ)	... ...	"સાગર" જેતપુરી	... ...	૧૯૩
ઇન્દિરાજીનો ઇતિહાસ	... ...	એ. સી. ખાનીન	... ...	૧૯૫
ધ્રુવ ...	... ...	"સાગર"	... ...	૧૯૮
ગુજરાતી ગઝલ	... ...	"બેખુદ"	... ...	૨૦૦
ઝબુનિસા ...	... ...	"મઝાક"	... ...	૨૦૧
રૂંવાડાના દામ	... ...	"જાબી," ધોરાજવી	... ...	૨૦૪
સિદ્ધિના સન્માર્ગ	... ...	સાકિબ ...	... ...	૨૦૬
નાગ્રા (બાળ કાવ્ય)	... ...	"ઝમી" રાદેરી	... ...	૨૦૮
મેનકિલમાંથી ઉંદર	... ...	"ઝિયા ઝ"	... ...	૨૦૯
મુસલમાન (ચાલુ વાર્તા)	... ...	"તુરબ" ...	... ...	૨૧૧



વાર્ષિક લવાજમ-હિન્દ અને સીલોન રૂ. ૪, બર્મા રૂ. ૫, પરદેશ શી. ૮




ઇસ્લામ જિમખાના—રાંદેર



ઇબ્રાહીમ ક્રિકેટ શીલ્ડ

રાંદેર ઇસ્લામ જિમખાનાના એક સ્થાપક શેઠ હાજી ઇબ્રાહીમ આદમ ઇસ્માઇલ મહંમદની યાદમા તેમના મિત્રો અને ચાહકો તરફથી યાદગીરી રૂપે આ ચાંદીનું શીલ્ડ જિમખાનાને અર્પણ કરવામાં આવ્યું છે. ત્યાર પછી આ ક્રિકેટની મેચો રમાવી પણ શરૂ થઈ ગઈ છે.



ડૉ. શમ્શુદ્દીન મોહંમદમિયાં મલિક

એમ. બી. બી. એસ.


(ભગવતન જંબુસર હાલ-રાંદેર)

રાંદેરની શેઠ નુરાલ આરેફ (મરહૂમ) હિસ્પેન્સરીના જનરલ મેડિકલ ઑફિસર જનાબ મ.મિક સાહબના નાના પુત્ર કે જેઓ છેલ્લી એમ. બી. બી. એસ. ની પરીક્ષામાં સફળતા આપે ફર્સ્ટક્લાસ થયા છે, અને પોસ્ટ ગ્રેજ્યુએટ થવાની પણ તૈયારી કરી રહ્યા છે. પિતાને પગલે ચાલી પિતા કરતાં પણ વધુ લોકપ્રિયતા પ્રાપ્ત કરે એવી આશા સહિત એમની ઝળકતી ફર્સ્ટક્લાસ ડિગ્રીને બીરદાવે છે.

તંત્રી



ચિનગારી



નવેમ્બર ૧૯૪૧

વતનના જવાનોને !

પ્રાત:કાળના રમણીય સમયે ગાંધીની અટારીએથી સૂર્ય વતનના જવાનોને સંદેશો વે છે —

અદ્રષ્ટ ભીડી વિચારનારાઓ ! આમ નિશ્ચેન પ્રતિમા જેમ શાને બેઠા છો ? શું ખરેખર તમો પાષાણ બની ગયા છો ? જુઓ મારી તરફ જુઓ ! પ્રભાત થનાર ગગનમાતાની ગોદમા જાગ્રત થઈ મારી સ્મિત લહેરીઓથી વેગન જગતોમા પ્રકાશના પુષ્પ ખિલવું છું.

જુઓ ! જેમ જેમ દિવસ વધતો રહે છે. તેમ તેમ મારી શક્તિમા અદ્‌ભૂત વધારો થતો રહે છે. મારી વિજળીક શક્તિ જીવનજ્યોતમા જળહળાટીના આ જગતને નૂરમય બનાવી મૂકે છે.

સંધ્યા સમયે જીવન-રથનુ અંતિમ રંગીન પૂંઠ ફેરવતી વખતે, હુ આકાશના ખૂણાઓને મહાન મનોહર રંગો વડે રંગી જાઉ છું

જ્યારે હુ જાઉં છું ત્યારે મહારા વિયોગ દુ:ખથી, આ જગતનુ પ્રત્યેક જડકણ કાળી ચાદર ઓઢી રુક્ત રડતી આંખોને-જન માટે આમંત્રે છે

વતનના જવાનો ! તમારા બાલપણમા જુલ્મો અને ઉમંગોની દુન્યા છુપાયેલી છે. જેના દામનમા જિંદગીની હજારો વિજળીઓ ખોવી રહી છે

બહાદુરો ! તમારા ક્રાંતિકારક હાથો વડે મડીવાદ, શાહીવાદ, અને માનવતાનો સંહાર કરનાર ભયાનક ચિન્હોને જીવન-પટ પરથી ઉખેડી નાખી પછી તમે તમારા આશાઓના પ્રકાશિત તારાઓને જનમતાકાશે ઝળહળતા જોશો

શૂરવીરો ! સમાજના અનીતિ અને વૈભવ વિલાસના પ્રાણઘાતક જંતુઓને તમારી ક્રાંતિકારી કર્તવ્ય જવાળા વડે જવાની ભસ્મ કરી દો, અને તમારા દેહની પ્રત્યેક રગમા એક નશાયુક્ત જીવનત તમને ભાન થશે.


યુવાનો ! નિડર થઈ આગળ ધપો. તમારા આ પ્રયત્નો શાંતિના ખૂણામા પડ્યો તોડીને જોમનાગ એક્યમયોને ક્રમભૂમિ તરફ મત્વર ખેંચી લાવશે. અને તમારી દર્દમાં ડૂબેલી આવાજ નિદ્રાધીનોની ઉંઘ ઉડાડી મૂકશે. આમ તમો વિશ્વમા તમારી સ્વાતન્ત્ર્ય-ભાવનાના પ્રથમ ચિન્હો પેદા કરી ગયો તમારી અયાગ કર્તવ્ય ધગશો દિવ્યતાના તેજ ઝળહળી ઉઠશે. અને તમારા પવિત્ર ક્રાંતિ-ચમકી લહેરીઓ આ જગત-ઉપવનને આલ્હાદ આપશે.

અને, આજનુ નોમિનો અને અનાભાન્ય કુર્બાનીઓના ભોગે, તમારા નિર્ભયાત્મક જીવનની પ્રત્યેક પ્રભા, વર્તમાન અને ભાવિ નાગરો માટે દિવ્યપ્રકાશ-જ્યોત પ્રગટાવશે.

અને તમારૂ નામ ન્યાયત લગી જગતના ઇતિહાસ કપાળે સુવર્ણાક્ષરે ચમકાશે.

નિર્ભી નજરે ક્રાંતિના ભેર નીત ઉપર્યો.

લુત્ફિબ મોહમદ ટીમોલ.



ઇસ્લામી શિક્ષણ

અલ્લાહ તઆલાનું ફરમાન (કુર્આન)

મૌલાના અબ્દુલ્હમીદ સાદિક સાહબ

(૧૫૮) અને જે તમારા સર્વેનો પૂજ્ય બનવા લાયક છે તે તો એકજ ખરો! મઅબૂદ છે, તેના સિવાય કોઈ બંદગીના લાયકજ નથી (તેજ) બહુ કૃપાળુ (અને) ઘણો દયાળુ છે. (કુર્આન)

(૧૫૯) તેજ (ખુદા) છે જેણે તમારા માટે રાતને પરદાની વસ્તુ અને નિંદ્રાને આરામ બનાવી અને દિવસને ઉઠી નીકળવા માટે બનાવ્યો (કુર્આન)

(૧૬૦) તેજ (ખુદા) છે જેણે બે સમુદ્રોને (એક બીજાથી) મળેલા વહેતા કર્યા એક મીઠો તૃપ્ત કરનાર અને બીજો ખારો કડવો છે, અને ને બંનેની વચ્ચે (પોતાની કુદરતથી) એક પરદો અને મજબૂત આડ બનાવી દીધી છે. (કુર્આન)

(૧૬૧) જે કોઇ વસીયતને સાંભળવા પછી તેને બદલી નાખે (અને તેથી કોઇનો હક માર્યો જાય) તો તેનો ગુનોહ તે લોકોનેજ થશે જેઓએ તે વસીયત બદલી નાખી બેશક અલ્લાહ સાંભળનાર, જાણનાર છે. (કુર્આન)

(૧૬૨) (હે પૈગમ્બર!) તું જેને દોસ્ત રાખે તેને રહ પર લાવી શકતો નથી પણ અલ્લાહ જેને ચાહે તેને હિદાયત આપે છે, અને તે હિદાયત પામનારાઓને ખૂબ જાણે છે. (કુર્આન)


(૧૬૩) અને તમારો પરવરદિગાર તે બધુ જાણે છે જે કંઇ તેમના દિલોમાં છુપુ છે અને જે તેઓ જાહેર કરે છે, અને તેજ અલ્લાહ છે તેના સિવાય કોઈ પૂજ્ય નથી, દુન્યા અને આખેરતમાં તેનાજ વખાણ છે અને તેનીજ સત્તા છે અને તેનીજ પાસે તમો પાછા ફરશો. (કુર્આન)

(૧૬૪) જેણે (દુન્યામાં શિર્કથી) તોબાહ કરી અને ઇમાન લાવ્યો તેમ નેક કામ કર્યાં તો આશા છે કે તે મુક્ત થનારાઓ માહેનો થશે. (કુર્આન)

ઈસ્લામી શિક્ષણ

રસૂલુલ્લાહ સલ્લ.નું ફરમાન (હદીસ)

મૌલાના અબ્દુર્રહીમ સાદિક સાહબ



(૧૫૮) રસૂલુલ્લાહ સલ્લ. એ ફરમાવ્યું કે જે કોઈ પશ્ચિમથી સૂર્ય નીકળવા પહેલાં તૌબહ કરશે તો અલ્લાહ તેની તૌબહ કબૂલ કરશે. (મુસ્લિમ)

(૧૫૯) રસૂલુલ્લાહ સલ્લ એ ફરમાવ્યું કે જેણે સારી રીતે વોઝુ કર્યું તો તેના ગુનાહ શરીરથી નીકળી જાય છે તે એટલા સુધી કે તેના નખની નીચેથી નીકળી જાય છે (મુસ્લિમ)

(૧૬૦) રસૂલુલ્લાહ સલ્લ એ ફરમાવ્યું કે જે કોઈ તમારામાંનો જુમ્આમાં આવે તો તેને જોઈએ કે તે ગુસલ કરે. (સહીહૈન)

(૧૬૧) રસૂલુલ્લાહ સલ્લ.એ ફરમાવ્યુ કે જેણે ઈસ્લામ સિવાય બીજા ધર્મના સોગંદ ખાધા તો તેણે જેવુ કહ્યું તેવોજ થયો. (સહીહૈન)

(૧૬૨) રસૂલુલ્લાહ સલ્લ એ ફરમાવ્યું કે કોઇ સાચા દિલથી અલ્લાહ પાસે શહાદત માગશે તો અલ્લાહ તેને શહીદોને દરજ્જે પહોંચાડશે અગર જો તે પોતાની પથારીએ મર્યો હશે (મુસ્લિમ)

(૧૬૩) રસૂલુલ્લાહ સલ્લ.એ ફરમાવ્યું કે જે કોઇ અમારી સાથે (એટલે મુસલમાનો સાથે) દગલબાજી (ઠગાઇ) કરે તે અમારામાંથી નથી (મુસ્લિમ)

(૧૬૪) રસૂલુલ્લાહ સલ્લ.એ ફરમાવ્યું કે જે કોઇ મન્ઝિલ પર ઉતરે અને આ દુઆ પઢે "અઊઝો બે-કલિમાતિલ્લાહિ-ત્તામ્માતે મિન શર્રે મા-ખલક" તો તે સ્થળેથી કુચ કરવા સુધી તેને કોઇ ચીજ હાની પહોંચાડી શકશે નહિ. (મુસ્લિમ)



આવાજકી દુનિયાકે દોસ્તો! આજકાલ આપણી વડી ધારાસભાનું નાટક ખૂબ જોરશોરથી ભજવાઈ રહ્યું છે કારોબારીના થોડાક નવિન એકટરોના બળથી ખેલ ઠીક ઠીક ઉંચકાયો છે, કોંગ્રેસ અને લીગ તો એકટર થવું પડતું મૂકી પ્રેક્ષક બનવામાજ મજા માણી રહી છે! ભૂતકાળમા હમેશના વિલન ગણાતા આણે દાદાને માથે હીરોની ભૂમિકા ભજવવાનું હતું હોઇ એમણે ઘરડે ઘડપણ ઠીક ઠીક પાર્ટ અદા કર્યો છે! જોકે ગાંધીજી તો કહે છે કે 'એમણે વરસ વેચ્યા છે!' તો 'બ્રહ્મા બ્રહ્મ'ના ટેભ્યા ઉપરથી ઘણાઓનું અનુમાન છે કે અણેદાદા ભલે ગમે તેમ બોલે પણ દિલનું હિત એમના હૈડે છે! હોય, ભલે પણ અણેદાદાના પરાક્રમો થોડાજ દિવસમા ઢાપાના ઢાપરે ચઢી ગયા છે. ધારાસભાના એમના બરછટ જવાબોથી ચચીલ તથા એમેરીને હવે લડતમા પેલા જોરજ ખાતરી થઈ ગઇ હશે કે હવે હિંદની કારોબારીમા એક પણ અંગ્રેજને રાખવાની જરૂર નથી; કારણ કે અણે જેવા રાષ્ટ્રવાદી હિંદી, યુરોપીયનો કરતાં આપણું વધુ હિત બજાવી શકે એમ છે! અને વાત પણ ખરીજ છે કે નવિની સરકાર કે અણે જેવાને આગળ ધરીને અમેરિકા ખાતે બ્રિટન માટે પ્રોપેગેન્ડા કરી શકશે કે રાષ્ટ્રવાદીઓ પણ અમારા પડખે છે!

પણ એમા બિચારા અણેદાદાએ શું કરે? એ કારોબારીની ખુરશીજ એવી જાદુઇણી છે કે એની ઉપર બેસનારની બુદ્ધિ બહેર મારી જાય છે અને પછી એ ખુરશીની પાજળ બોલાવવી બેટરી ચાલુ થતા, કળ દબાવ્યા પ્રમાણે કળ દબાવનારની મરજી પ્રમાણેના ઉદ્ગારો તેની ઉપર બેસનારના મુખમાંથી સરવા માંડે છે! જેમ ભૂવાઓ ભૂત કાઢે છે; ત્યારે જે માણસને ભૂત વળગ્યું હોય છે તેનેજ પૂછે છે કે તું કોણ છે? ત્યારે પેલા માણસના પેટમાંથી ભત જવાબ આપે છે હું કબાણો છું! તેમ કારોબારીની ખુરસી પર બેસનાર પોતે બોલતો નથી પણ તેનુ બળગાડ બોલે છે કે—

"મેં દિલકા હિત સમઝતે મેરી બકો બક સમઝે,
મેરા બોલ બોલતા હે મેરી ઝબા ન સમઝે!"

કારોબારીની ખુરસી લગભગ સવાબે ત્રણ પાઉંડ જેવાજ વજનો માટે છે તેનુ એકાદ ઉદાહરણ બસ થશે. સર તેજબહાદુર સપ્રુ ધારાસભાના કોઇ સભ્યે પ્રશ્ન કર્યો તેના જવાબમા તેમણે કહ્યું કે "મોટર બનાવવાનો ઉદ્યોગ મૂળભૂતરે યુધ્ધ માટેનો ઉદ્યોગ ન કહેવાય" એટલે કે આ જવાબથી આશ્વિત થયું કે મોટરો ટ્રેક્ટરો વગેરે લડાઇનાં સાધનો નથી ત્યારે શું બહાદુર કે પોતાની લડાઇઓ લડાતી હશે? ટાંગા એક્કા, ઘોડાગાડીઓ કે ઉંટગાડીઓમાં બેસીને સૈનિકો મોરચા પર લડતા હશે?' તો પછી

ચલો મોટરલૉરીઓની લાઇનો અને ટૅંક દુકડીઓનાં ફોટાઓ લડાઇનાં ચિત્રો તરિકે ભ્હાર પડે છે. તે શું અદ્દર ઉતારતા હશે? આપણે કોઇ જવાબ?

C

આવાઝકી દુનિયાકે દોરતો! કોઇ પણ મલ્લ અખાડામાં આવતા પહેલાં ખૂબ દંડ બેઠક કરે છે, અને શરીરે તેલની માલીશ કરી કસાયી શરીરને લીસું લીસું બનાવીને પછીજ અખાડામાં કૂદી પડે છે. જપાને પણ આજકાલ એવાજ પેંતરા કરવા માંડયા છે; પણ કયા અખાડામાં કુસ્તી કરવા કૂદી પડવું તેજ એને સમજ પડતી નથી! એને કુસ્તી જ ગમાં ઉતારવા હીટલરે લંગોટ તો બાંધી છે. પણ પણ એ મલ્લ કોની સામે કુસ્તી લડવાથી જલ્દી અને સહેલાઇથી વિજય મળે એ વિચારી રહ્યો છે! એને વિચાર કરતોજ રહેવા દઇ પગ પકડીને 'ધબ્બ' શું ને પછાડી પાડવાની હીમત બહુ ગભરાઇ ગએલું અમેરિકા કેમ કરતું નથી? "પહેલો ઘા રાણાનો" એ કહેવતમાં શું પાસિફીકની એ. બી. સી. ડી. ને થંક રહે છે? શું રૂઝવેલ્ટબાબા પણ મહાત્મા ગાંધીની જેમ અંતરના અવાજની રાહ જુવે છે? પાસિફીકમાં નિરાંતે માછલાં મારવાનો આ મોકો અમેરિકાએ ચૂકવા જેવો નથી. "થાય છે! થાય છે!"ની નીતિમાં બ્રીટન અને અમેરિકાએ ઘણું ખમ્યું છે. હીટલર યુરોપમાંથી નવરો થાય તે પહેલાંજ પગલાં ભરવાનો ટીક મોકો છેટે તો પ્રથમ મારવીજ પડશે! કારણ કે હીટલર તો અમેરિકા સામેય રોગિણ ઉગામશે અને ત્યારે જપાન પૂછડું અટકશે જો બ્રીટન અમેરિકાની 'ટૂ ફ્રીલ'ની નીતિથી સરકાર આખું યુરોપ હીટલરની ઓટી તળે દબાઇ ગયું છે; ત્યારે 'બેચકે કોટા'ની નીતિથી હીટલરે અનેકનાં કનકવાં કન્નામાંથી કાપ્યાં છે! બીજાની દોર પેર માંજો ચલાવવાનો વખત હવે નથી રહ્યો એ વહેલામાં વહેલાં તક રૂઝવેલ્ટ-ચર્ચીલ વિચારી લ્યે અને 'આપ સમાન બળ નહિ'ની કહેવતને અનુસરે!

O

એક વાત આજે કેટલાય દિવસો થયાં છાપા વાંચનારાઓના મનમાં ઘોળાતી હોવી જોઇએ કે રશિયાના મોરચા પર છતે છે કોણ? પરજ્યા પછી જેરી ધણી પર રાજ ચલાવે છે કે ધણી જેરી પર રાજ ચલાવે છે? એ કોયડાનો કોઇ હજુ સુધી તોડ કાઢી શકયું નથી તેમ રશિયાના મોરચા પરની હારજીતનો પણ તોડ થઇ શકે એમ નથી? રશિયા શહેરો ખાળીને તેનાં ખંડીએરો નાઝીઓને હવાલે કરી નવી દુરોળો રચતું પાછળ હઠવાનું ચાલુ રાખે છે; ત્યારે નાઝીઓ આગળ વધી નવાં રચયોનો કબ્જો લે છે છતાં સૈનિકો, વિમાનો, તોપો, ટેંકોની ખુવારી રશિયા કરતાં જમણીને ત્રમણી વેઠવું જાય છે. એટલે કે નાઝીઓ લશ્કર ગુમાવી મુલક લે છે ત્યારે રશિયનો મુલક ગુમાવી લશ્કર બચાવે છે! એક પક્ષ કહે છે કે હીટલર જેમ જેમ રશિયામાં અંદર ઘુસતો જાયછે તેમ તેમ વધુને વધુ ખુંચતો જાય છે. કારણકે રશિયા પોતાનું બચેલું લશ્કર હીટલર આકરો ત્યારે એનો ધોકો ખાતો કરી નાખવા વાપરશે! બર શિયાળાની રાહ જોવાય છે, પણ શિયાળો એકલો નાઝીઓનેજ નડશે અને રશિયાને કેમ નહિ? યુક્રેનનો પ્રદેશ હીટલરને મળવાથી તેના ટાંટીયામાં જોર આવ્યું છે પણ કોકેસસનો તેલનો પ્રદેશ એના હાથમાં જાય પડે તો રાવણની જેમ 'દસ માથાં ને વીસ હાથ એને પ્રગટ



થઈ જાય એમ છે પણ તે પહેલાં કેકિસસ પર વાવેલ હનુમાન કૂદકો મારે તેજ ઘડુલી પેટ્રોલ રૂપ સીતાનું રક્ષણ થાય, ને સ્ટેલીનની મૂછ પણ ઉંચી રહી જાય પણ જો તેમ ન થાય, અને 'ઈર આયદ દુરસ્ત આયદ'ની કહેવતો પંકિતની જેમ હજુય તકની રાહ જોવામ; તો હીટલરની ભક્ષસી લીલાનું તાંડવ નૃત્ય જગણા વેગથી જામે. બાકી નેપોલીયન હાર્યો માટે હીટલર હારશે એવી ધારણા રાખવી એનો આપણા મુંબઈ--અમદાવાદનાં છાપાંઓમાં જા. બ છપાવનાર પેલા પ્રોફેસરો અને જ્યોતિષિઓ જેવી વાત થઈ!

●

હિંદમાં અકાળે વસંત બેસી ગઈ છે અને ઝાડ પર નવાં પુષ્પ પત્રો પ્રગટ થાય તેમ એકા એક છુપા પત્રો પ્રગટ થવા લાગ્યા છે. જયપ્રકાશ નારાયણનો પેલો ભેદી પત્ર દિલ્હી સરકારના મંત્રીએ પ્રકાશમાં મૂક્યા પછી હવે કોઇએ જનાબ ઝીણાએ કોઇ પાર્લામેન્ટના સભ્ય પર લખેલો પત્ર પેપરોમાં વહેતો મૂકેલો છે! આમ ભેદી પત્રો પ્રકાશમાં આવતા જાય છે. એમાં ખરું શું ને ખોટું શું તે તો અલ્લાહ-મિયાં જાણે પણ આ કાગળની મોંઘવારીનાં જમાનામાં પેપરવાળાઓ, શા માટે એટલી જગ્યા બગાડતા હશે? એટલીજ જગ્યામાં જાહેર ખબર છપાય તો આર્થિક દ્રષ્ટિએય ફાયદો થાયને? વળી કાગળના ભાવોની ચઢવાન નીકળી છે તો કહી દઉં કે પત્રકારો પેપરો કાઢવાં પડતાં મૂકી વ્યાયામ ધારણ કરી બાવા બની જાય એવો વખત કાગળની મોંઘવારીએ આણી દીધો છે. કાગળો સોના-રૂપાનાં પતરાંની જગ્યા સારી રહ્યા છે. અને તેથીજ પેલી પત્રકાર સમિતિ પણ સમાજમો બધારવાની વાત કરી રહી છે. જો કે બધેજ સમાજમો બધી રહ્યાં છે. એક જણે પૂછ્યું તો 'કારવાં'મા શું છે, અલ્લા-હનો કે એ ગાજરાની પીપી, હજુય જગતના નગારખાનામાં બાકી રહી છે અને તે કદરદાન વાંચકોની મહેરબાનીનું પરિણામ છે!

●

સમાજને સુધારવાની વાત તો બાજુએ રહી, સમાજને બગાડવાની વાતમાં સિનેમા અને વર્તમાનપત્રોએ સારો ભાગ ભજવ્યો છે! અપહરણ અને એકપર બીજાનો કિસ્સાઓ સુધરેલા સમાજમાં રોજબરોજ વધુ વેગથી બનતા જાય છે તે છાપામાં વાંચી વાંચીનેજ બીજા જુવાનો અને જુવાનડીઓને શૂર ચઢે છે! જો છાપાઓમાં એવા સમાચારો ન પ્રગટ થતા હોય તો જે જગ્યા એ એ બનાવ બને તેજ જગ્યાએ જરાક તરાક હોહા થઈને દબાઇ જાય; પણ પ્રગટ થવાથી તો યુવાન ભોળાઓને વધુ ઉત્તેજના મળે છે! 'બંધન'મા રમેશના શિક્ષકે રમેશની બહેન સાથે લગ્ન કરી ઘર ઘાલ્યા પછી આજકાલ તેનું અનુકરણ કરીને ઘણાય શિક્ષકો શિષ્યાઓ સાથે લગ્નો કરી બેઠા છે! અને હવે તો ત્યાં સુધી વાત આવી છે કે લોકો એવા ડરથી શિક્ષકોથી ચોંકી ગયા છે જેથી બીક કરીને ટ્યુશનદીપ વગરના કદરૂપા અને ભેજાંવિનાં કપડાં પહેરનાર શિક્ષકોનેજ ટ્યુશન માટે પસંદ કરાય છે! યુરોપના લોકો બેટલા ગેરસંસ્કારોથી ચોંકે છે તેથી વધુ હિંદના વિદ્યાર્થીનીઓના વાલીઓ ગ્રેજ્યુએટ શિક્ષકો અને પ્રોફેસરોથી ચોંકે છે! બાપડા વાલીઓ પણ શું કરે! દૂધનો દાઝ્યો છાસ ફુંકી ફુંકીનેજ પીએને! બાકી આ ચિત્રમાં ઘેરો રંગ પુરવાનું કામ ગાનેજની સંદ શિક્ષણની કેળવણી, યુવક-યુવતિઓનાં એમેચ્યોર નાટકો, અને સમુદ્રનૃત્યોએ કર્યું છે એ પણ નિર્વિવાદ જ છે. અસ્તુ:

સ્વીકાર અને સમાલોચના

બી બોમ્બે મુસ્લિમ પાલ એસોસી-એશન, મુંબઈ=૧ લી મે ૧૯૪૦થી ૩૦મી એપ્રીલ ૧૯૪૧ સુધીનો વાર્ષિક રિપોર્ટ સેક્રેટરી તરફથી રિબ્યુ અર્થે મળ્યો. કાનજીભાઈ પટેલ જિલ્લાઓની આ સંસ્થા દિવસે દિવસે ઠીક પ્રગતિ સાધી રહી છે. ચાલુ વર્ષમાં એસોસી-એશન તરફથી ૧૯ સ્કોલરોને સ્કોલરશીપો આપાઇ છે. તે ઉપરાંત એસોસીએશનના ચાલુ પ્રમુખ શેઠ અલી હાજી મૂસા તરફથી ૪ સ્કોલરોને અને માજી પ્રમુખ તે મુંબઇના દુઃખના રાજા શેઠ હાજી ઉમરજી હાજી મૂસા તરફથી ૨૦ સ્કોલરોને સ્કોલરશીપો આપાઇ છે. આમ કેળવણીની દિશામાં આ સંસ્થા અને તેના સંચાલકો—સારી—લાગણી-ભરી—રસ ધરાવે છે. બુરહાનીમનો પુણ્ય પાંચ વિદ્યાર્થીઓએ લાભ લીધો જણાય છે. લાડચમાં બોર્ડિંગ માટે મકાન રાખવાની યોજના ઓછી સોથે અતિ-ઉપયોગી છે. મુંબઈ, કલિ કલકત્તા કે જ્યાં આ સંસ્થાના એકે સ્થાપકો હતા તેમની યાદગીરી કાયમ કરવા માટે "હજી કંઈ કરવું" સ્કોલરશીપો આપવાની યોજના કરી છે તે એક લાયક માણસની લાયક યાદગીરી કાયમ કરી એસોસીએશને પોતાનું નામ ઉજ્જવળ કર્યું છે. સેક્રેટરી અને પ્રમુખની કેળવણી પ્રત્યે અનુકરણીય દોડ અમે આ સંસ્થાની સંપૂર્ણ ઉન્નતિ ઇચ્છીએ છીએ. આ સંસ્થા આપણા ભાવિ જીવનને ઉપયોગી નિવડે એવી આશા અસ્થાને ન હોય.—સાધુ ત્રી

"કાતર્યુ ગેપ" નો દિવાળી અંક રીબ્યુ અર્થે મળ્યો. બે આના જેટલી નજીવી કિંમતમાં તો ખરેખર આટલા બધા પૃષ્ઠો આપી કાતર્યુ ગેપ દિવાળી કાઢે તેમાં નવાઈ નહીં. કાર્ટૂનોની સાથે રમુજી ટુચકાઓ આ અંકની વિશિષ્ટતાનો છે. હાસ્યરસના શોખીનોને તો આ અંક ખાસ વાંચવા જેવો છે.

"દાંડીઓ" નવલિકા અંક તંત્રી નટવરલાલ એમ. ભીમાણીએ આ વરસે પણ ઉત્સવ મુજબ દિવાળીના ટાંકણે નવલિકા અંક કાઢ્યો છે. ૧૫૦ પાનાનો અંક સાત વિનોદિત અને નાની નાની વાર્તાઓથી ભરપુર આ સુંદર અંક કાઢવા માટે મુબારકબાદી આપવાનું મન થઇ આવે છે. નવલિકાઓની પસંદગી પણ સારી છે.

"ઔલાદ" બાળ માસિક ૬ઠ્ઠું અંક: ધી મુસ્લિમ સાહિત્ય પ્રચારક સોસાયટી, રાજકોટના આશ્રયતળે પ્રગટ થતા આ માસિકનો ૬ઠ્ઠું અંક મળ્યો છે. છુટક કી. ૪ આના, વાર્ષિક લવાજમ હિંદ માટે રૂા. ૨) બર્મા રૂા. ૩) પરદેશ શી. ૫ કાચો, અને ગ્રેજીની બાળકો અને કિશોરો માટેની પસંદગી સારી છે. અન્ય કોમોના બાળમાસિકો પ્રમાણે મોટા ટાઇપોમાં તદ્દન નાની વયના બાળકો માટેની પસંદગીનું પોતાનું સોસાયટી અપનાવે તો હજી એ માસિક જમાનામાં વધુ પ્રિય થઇ પડે. મુસ્લિમોના તેમના આ ઓકના એક માસિકને તેમના બાળકો માટે જરૂર મંગાવે એટલી ભારપૂર્વક વિનંતિ છે.

"હિન્દુ" ભાવિ બંધારણ" લેખક 'માંડવીઆ', કોહીનૂર પ્રીન્ટીંગ પ્રેસ, ભાંટવા: આ નાનુ પુસ્તક કાઢી મુસ્લિમ હિંદની એક અણમોલ સેવા બજાવી રહ્યું છે. આ પુસ્તક India's problem of Her Future constitution' ના ઉર્દુ અનુવાદ "હિન્દુસ્તાનકા આઇન્દા દસ્તૂરે સિયાસી કયા હોના ચાહિએ"નું ગુજરાતી ભાષાન્તર છે. જનાબ 'માંડવીઆ' આ પુસ્તકથી કીર્તિનું એક પગથીયું આગળ ચઢે છે. વિષય પસંદગી અભિનંદનને પાત્ર કરે છે. દરેક મુસ્લિમે વાંચવા લાયક હોય આઠ આના કિંમત માત્ર ધ્યાનીર સસ્તી મળી શકાય.

"સલીમા યાને એકજ રાત": "ચંદનીએ ઇસ્લામ"ના તંત્રી સાહેબ તુરકોસા ચરીતની કલમથી લખાયેલ પુસ્તક રીબ્યુ માટે



મળ્યું છે, ઇસ્લામી શરીઅતથી સ્ત્રીઓનો શું દરજ્જો છે અને લગ્ન-શરઇ રૂએ શું છે, તે ઘણીજ સુંદર રીતે સમજાવવામાં આવ્યું છે. અગર ભાષા તરફ સહેજ વધારે ધ્યાન અપાયું હોત તો પ્રયાસ વધારેજ સફળ થત. બે રૂપીઆની કિંમને 'ચાંદનીએ ઇસ્લામ' કાર્યાલય ૧૧-કે ટર્નર રોડ, બાંદરાથી મળી શકશે. "ઇસ્માઇલ"

"સ્ત્રી શક્તિ" : નો દિવાળી અંક જ્ઞાન સાથે ગમ્મત આપતો ૭૨ પાનાનો દળદાર અંક છે. જેમાં કાવ્યો હાસ્ય રસિક લેખો અને ચિત્રોનો સમાવેશ થાય છે. બે એક વાર્તાઓ તો સચિત્ર પણ છે કાગળની મોંઘવારીમાં આવો અંક આપવા માટે ભાઇ ઇશ્વરલાલ વિમાવાળાને ધન્યવાદ!

'ઇકબાલ"! અમારા 'રંગુની' સહચરે હંમેશ મુજબ આ વર્ષે પણ ઇદ અંક પ્રગટ કર્યો છે. એમાં ગુજરાતી કાવ્યો ઉપરાંત ઐતિહાસિક લેખો પણ છે ઇકબાલ મહંમદી ફિલ્મૂરી સમજાવતા લેખો અને 'નૂર' સાહબનો લેખ 'ઇદ ઉજવણી' મનન કરવા લાયક છે. 'હરીઝ' બાદ ઘરોની બે ઉર્દૂ નઝમોનો પણ સમાવેશ થાય છે આમ ઉર્દૂ-ગુજરાતીનો ગંગા-જમનીની માફક મેળ કરવાનો 'મરહૂમ' સાહબે સફળ પ્રયાસ કર્યો છે. અંકની કિંમત આઠ આના છે

"ચાંદનીએ ઇસ્લામ" : અઠવાડિએ અઠવાડિએ મુસ્લિમ બાનુઓમાં ચાંદની વેરતાં આ અઠવાડિકનો આ બીજો 'ઇદ' અંક છે ઉર્દૂ તથા ગુજરાતી લેખોથી ભરપુર ૮૦ પૃષ્ઠોનો અંક છે. હજરત ઝયનબ બિન્તે અલી (રદી)નું જીવન ચરિત્ર, વાંચવા જેવું છે. અને અમારામાં આ 'ચાંદની'ની મોજ નિષ્કલંક મહત છે,


"અહા ગુજરાત" : આઠ વરસથી નિયમિત વસ્તાં ગુજરાતીઓના સોહસોનીં પ્રમાણી ચબરાકી રોકેલા અમદાવાદ 'સહચર' 'અહા ગુજરાત'નો દિવાલી અંક અમને રિવ્યુ અર્થે મળ્યો છે. એના અધિષ્ઠાસે સંપૂર્ણ લેખાત્મક લેખોથી ભાવમ ખડી આવે છે કે ગુજરાત બહારથી ગુજરાતી અને ગુજરાતની સેવા કેટલી સફળતા પૂર્વક કરી શકાય છે. તંત્રી ભી શુકલને અમે સુંદર ભવિષ્ય ભાખી, ચાર આનામાં આવા કિંમતી અંક આપવાટે અભિનંદન આપીયે છીયે.

"ચિત્રપટ" દિવાલી અંક : તંત્રી નગીનલાલ શાહ કિંમત ૨ આના, રાબેતા મુજબ આ વર્ષે પણ ચિત્રપટનો દિવાળી અંક આકર્ષક લેખોથી ભરપુર છે. પરંતુ લાઇનને લીધે ફોટાની ઉણપ દેખાઇ આવે છે. મિસ લીલા ચીટનીસ અને સૌરાબ-મોદી જેવોથી સીનેમા જગત ભાગ્યેજ અજાણ્યું હશે તેઓના લેખો ખાસ ધ્યાન ખેચે છે "આરેફ"

ચંદ્ર પર જતાં

છેક છેલ્લી ઘડીએ ચંદ્ર પર જવાં દુઃખદ સમાચાર સાંપડયા છે કે ધી બોમ્બે મુ. પટેલ એસોસીએશનના પેટ્રન અને હાલના પ્રમુખ શેઠ અલીભાઇ તથા માજી પ્રમુખો શેઠ હાજી ઉસ્માજી તથા શેઠ આદમભાઇ વગેરેના પિતા તે શેઠ હાજી મૂસા બક્ષ ભરૂચા સાહબ જન્નત નશીન થયા છે (બના) મરહૂમ જાત મહેનતથી ગરીબીમાંથી તવંગર થયા હોઇ મુંબઇના દુખના મહાન વહેપારી હતા. પોતાની પાછળ ચાર પુત્રો અને બહોળું કુટુંબ છોડી ગયા છે. ગરીબોના બેલી હમદર્દ હતા. ઘણા ગરીબોને મદદ કરી સારી સ્થિતિ પર લાવ્યા છે. ગરીબ મુસ્લિમ વિદ્યાર્થીઓને પણ સારી મદદ કરતા હતા લાયન સીવીલ હોસ્પીટલમા 'ઓપરેશન થીએટર' પણ એમની ઉદારતાથી નવેસરથી બંધાવ્યું છે. હોમને અનેક છુપી મદદો આપતા હતા એવા એક નામનાની દરકાર રાખ્યા વગર કામ કરનાર સખી વજુ ગૃહસ્થની ખોટ પટેલ બિરાદરોને જરૂર સાલશેજ. ખુદા મરહૂમને ગરીક રેહમત કરે અને એમના કુટુંબને સબ્રે જમીલ અતા કરે! આમીન.

અસ્માઉલ હુસ્ના



(ગતાંકથી ચાલુ)

"યા બાએસો" (અદદ ૫૭૩) "એ બાએ ગફલત અને કબ્રોથી ઉઠાવવાવાલા" (૧) જે કોઇ સાત વખત પઢી પોતા પર દમ કરી હાકિમની રૂબરૂ જાય તો હાકિમ મહેરબાન થશે. (૨) દરરોજ રાત્રે સુતી વખત સીના ઉપર હાથ રાખી એને ૧૦૦ વખત અથવા ઓછી વધુત કે પઢતાં પઢતાં સુઈ જાય તો ઇ. અ તેનું મુર્દહ દિલ ખુદાપાક જિંદ કરી દેશે, અને તેના દિલમાં નૂરની રોશની પૈદા કરી દેશે. (૩) એને કસરતથી પઢનાર ઉપર ખૌફે ઇલાહી ગાલિબ રહેશે કે જેથી દુન્યાના બધા બુરા કામો વગેરેથી બચેલો રહેશે. (૪) એને દરરોજ ૧૦૦ વખત પઢનાર દરેક બુરાઇઓથી બચેલો રહેશે. (૫) દરરોજ રાત્રે સુતી વખત સીના પર હાથ રાખી પઢનારનું દિલ ખુદાપાક ઇલ્મ અને હિકમતથી ભરપૂર કરી દેશે. (૬) દરરોજ એને ૧૦૦ વખત પઢનાર બધી બુરાઇઓથી બચી નેક કામો કરતો થઇ જશે.

"યા રાઉફો" (સંખ્યા ૩૧૬) "એ ઝાહેર અને બાતિનથી બાખબર" (૧) જેનો છોકરો નાફરમાન હોય અથવા છોકરી બદચલન હોય તો તેની પેશાની ઉપર સવારના વખતે હાથ મુકી ૨૧ વખત આસ્મન તરફ મોઢું રાખી પઢી દુઆ માગેથી ઇ. અ. નેક માલ થઇ જશે. (૨) જેનું દિલ ગુનાઓ તરફ વધારે જતુ હોય ને તે એને હમેશા કસરતથી પઢશે તો ઇ. અ. ગુનાથી બચી જઇ નેક કામો તરફ તેનું દિલ માઇલ થશે અને પરહેઝગારી હાસિલ થશે. (૩) એને હંમેશા કસરતથી પઢનારનું દિલ ખુદાપાક નૂરથી ભરપૂર કરશે અને દુન્યાવાલાઓના દિલમાં તેની દેહશત બેસી જશે. (૪) "શહેદલ્લાહો અન્નહુ લાઇલાહા ઇલ્લાહુ" એને કસરતથી પઢનાર દીન દુન્યાથી બેનિયાઝ થઇ જાય છે એટલે ખુદાપાક તેની દરેક હાજતો પૂરી કરે છે. (૫) એને કસરતથી પઢનારને જિન, ભૂત દેવ પરી વગેરે જરા પણ હેરાન કરી શકતા નથી. (૬) કોઇપણ નવી જગ્યાએ મુકામ કરવા પડેલાં એને ૧૧ વખત પઢી ચારે દિશાએ દમ કરી દેવાથી જિન ભૂત વગેરેના હુમલાથી ખુદાપાક બચાવી લેશે (૭) કોઇને જિન, ભૂત, દેવ, પરી, જાદુ વગેરેની અસર હોય તો એને કસરતથી પઢી પાણી ઉપર દમ કરી પીવાડવાથી અથવા બાલી દમ કરવાથી ઇ. અ બહુ જલદી છુટકારો થઇ જશે.

"યા હકકો" (અદદ ૧૦૮) "એ શહેનશાહી અને ખુદાવંદીને લાયક હકદાર" (૧) જો કોઇનો માલ અસ્બાબ વગેરે ચોરી થયો હોય તો એક કાગળના ચારે ખૂણે લખી વચ્ચે ચોરાયેલી ચીજનું નામ લખી અર્ધી રાત્રે હથેલી પર રાખી આસમાન તરફ મોઢું રાખી એના વાસ્તાથી દુઆ માગેથી ઇ.અ. ચોરાયેલી બધી ચીજો અથવા તેમાંથી અમુક માલ મલી જશે. (૨) બજારે કોઇ વસ્તુ ચોરાઇ જાય ત્યારે એને કસરતથી પઢી ચારે





દિશાએ દમ કરતા રહેવાથી ઇ. અ. બહુ જલ્દી તે ચીજ પાછી મલી જશે. (૩) જો કોઇ કેદી અધીં રાત્રે ઉઠી ખુલ્લુ માથુ રાખી આસમાન તરફ મોહું રાખી દરરોજ ૧૦૭ વખત પઢશે તો ઇ. અ. બહુ જલ્દી છુટકારો થઇ જશે અગર એવાને છોડવવા બીજા માણસે એવી રીતે કરવું અને ખુદાપાકથી દુઆ માંગવી કે કલ્યાણને કેદમાંથી જલ્દી છોડવ. (૪) એને કસરતથી હમેશા પઢનારને બંધા લોકો બહુ મહબ્બત કરશે અને તેની ઇજ્જત કરશે. (૫) એને હમેશા કસરતથી પઢનારની દરેક હાજતો ખુદાપાક પૂરી કરશે અને તેને કોઇનો પણ મોહતાજ કરશે નહીં (૬) એને હમેશા કસરતથી પઢનારનું દિલ હમેશા હક તરફ રહેશે અને જુઠી વાત અને ખોટી બાબતોથી દૂર રહેશે.

"યા વકીલો" (સંખ્યા ૬૬) "એ બંદાના કારસાઝ" (૧) અગર વીજળી, આગ, પાણી અથવા સખત હવાથી નુકસાન થવાનો ડર હોય તો એને કસરતથી પઢવાથી ઇ. અ. બેખૌફ થઈ જશે. (૨) કોઈ જગ્યાએ કોઇ પણ રીતનો ખૌફ લાગતો હોય તો એને કસરતથી પઢવાથી બેખૌફ થઇ જશે. (૩) દરરોજ અસરની વખતે સાત વખત પઢનાર ખુદાપાકની પનાહમાં રહેશે. (૪) જે કોઈ એને કસરતથી હમેશા પઢશે તેના દરેક કામો ખુદાપાક પૂરા કરશે અને તેને કોઇનો મોહતાજ કરશે નહી, ગૈબથી તેની દરેક મદદ કરશે. (૫) બુરા કામોથી બચવા માટે એને દરા વખત પઢી પાણી ઉપર દમ કરી પીવાથી તેમજ બદન ઉપર દમ કરવાથી ઇ અ. બુરા કામોથી બચી જશે. (૬) દરરોજ ૧૬૬ વખત પઢનાર ઝાલિમના જુલ્મથી બચેલો રહેશે અને કોઇથી ડરશે નહીં. (૭) દરેક હાજત પૂરી થવા એને કસરતથી પઢવું ઇ. અ. બહુ જલ્દી હાજત પૂરી થશે. (૮) એને કસરતથી હમેશા પઢનાર દુસ્મનોના હુમલા, શરારત, વગેરેથી બચેલો રહેશે. (૯) "હુસ્બોનલ્લાહો વનેઅમલ વકીલો" (એની સંખ્યા ૪૫૦ છે, અને એના ફાયદાઓનું વર્ણન લખવામાં આવે છે) જે કોઇ દરરોજ એને ૪૫૦ વખત પઢશે તેના દરેક દરેક કામ ખુદાપાક પોતે પૂરા કરશે; દુન્યાવાલાઓની દરેક શરારત, નુકસાની વગેરેથી તેને બચાવશે; દરેક વખત ખુદાપાક તેની મદદ કરશે; બધા દુશ્મનોના દિલમાં ડર બેસાડી દેશે એટલે બધા લોકો તેનાથી ડરશે, ખુદાપાક તેને અમીર બનાવી દેશે; (૨) જે કોઇ એને ૪૫૦ વખત પઢી "ફકલમ્ યેનેઅમતીમ મિનલ્લાહે : વફદલીલ્લમ યમસસહુમ સૂઉન"ને ૭ વખત અને એક વખત "વતમઉ વિદવાનલ્લાહે વલ્લાહો સૂ ફદલીન અઝીમ" પઢશે તો ખુદાપાકની મઝબૂત હિફાઝતમાં રહેશે અને તે તેની અમાનતમાં રહેશે કે જેને કોઇ કંઇ નુકસાન પહોંચાડી શકશે નહીં, તેનાં દરેક કામકાજમાં રહમતે ઇલાહી શામેલ રહેશે અને ખુદાપાકના હુકમથી કોઇ પણ મુઝી જાનવર તેને કંઇ પણ કરી શકશે નહીં, એને ઉપર મુજબ હમેશા પઢનાર પોતાની દરેક મુરાદ હાસિલ કરશે અને કયામતને દિવસ તે લોકો સાથે હશે કે જેમને ન તો કંઇ ખોફ કે કોઇ તરેહનો ગમ હશે (૩) જ્યારે કોઇ મુસ્કિલ દૂર થવા માટે પઢવું હોય ત્યારે પ્રથમ "હુસ્બોનલ્લાહો..." ને ૪૫૦ વખત પઢી તે પછી "યા અઝીઝો, યા કાફીયો, યા કવીયો, યા લતીફો"ને પણ ૪૫૦ વખત પઢવું એ મુજબ કામ પૂરા થાય ત્યાં સુધી પઢવું એનાથી બે ફાયદા થશે એક તો મુસ્કિલ આસાન થશે અને બીજું દુશ્મનો પર ફતેહ મેળવશે અને દુન્યામાં સુખેરૂ અને બાબરકત રહેશે. (૪) કોઇ પણ મુરાદ, ઉમ્મેદ પૂરી થવા પ્રથમ પૂરી

"બિસ્મિલ્લાહુ" એક વખત પછી "અલ્લ-ઝીના કાલા લહુમુન્નાસો ઇન્નન્નાસા કદ જમઉ લકુમ ફખ્શવહુમ ફઝાદહુમ ઇમાનંવ વ કાલૂ હસ્બોનલ્લાહો વનેઅમલ વકીલો ફન્કલબૂ બેનેઅમતીમ મિનલ્લાહુ વ ફદલિલ્લમ યમસસહુમ સુઉંવ વત્ત-બઉ રિદવાનલ્લાહે વલ્લાહો ઝુફદલીન અઝીમ' એક વખત પઢવું અને ૫૦ વખત "હસ્બોનલ્લાહો વનેઅમલ વકીલો" પઢવું પછી "વઇન્યોરીદૂ અૈંયખ્દઉકા ફઇન્ના હસ્બકલ્લાહો, હોવલ્લેઝી અય્યદકા બેનસ-રેહી વબિલ મુઅમેનીના વ અલ્ફ બયના કોલૂ બેહીમ લવ અન્ફકતા મા ફિલ અર્દે જમીઅમ મા અલ્લફતા બયના કોલૂબેહીમ વલા કિન્નલ્લાહા અલ્લફ બયનહુમ ઇન્નહૂ અઝીઝૂન હકીમ યા અય્યોહન્નબિયો હસ્બોકલ્લાહો વ મનિત્ત-બઅકા મિનલ મુઅમેનીન." ત્રણ વખત પઢવું ફરી પાછું ૧૦૦ વખત "હસ્બોનલ્લાહો વનેઅમલ વકીલો" પઢવું અને એ પછી મજકુર દુઆ ત્રણ-વખત પછી એવી રીતે દર એકસોમે વખતે મજકુર દુઆ ત્રણ વખત પછી ૪૫૦ વખત "હસ્બોનલ્લાહો વનેઅમલ વકીલો" પઢવું. એવી રીતે પદર વખત મજકુર દુઆ પઢવી ઇ. અ. બહુ જલ્દી મુરાદ પૂરી થશે. જલ્દી કામ પુરૂ કરવુ હોય તો દિવસમાં બે ત્રણ વખત એવી રીતે પઢવું અને જો બની શકે તો રાત્રે એ મુજબ પઢવુ સવાર રાત્રે પઢવાથી બહુ જલ્દી મુરાદ પૂરી થશે.

(અપૂર્ણ)





સવાલ–ટોપી વગર કે અરધી બાંહીવાલા કમીસ સાથે કુર્આન શરીફ પઢવામાં કંઇ નુકસાને છે કે? કિબ્લા તરફ મોઢું કરવું જરૂરી છે?

જવાબ–ખુલ્લે માથે કુર્આન શરીફની તિલાવત કરી શકે છે, પણ ટોપી પહેરી તિલાવત કરવી વધારે બેહતર અને અદબ છે અડધી બાહીવાલુ કમીસ પહેરી કુર્આન પઢવામા કંઇ વાંધો નથી. કિબ્લા રૂખ થઇ કુર્આન પાકની તિલાવત કરવી અફઝલ છે. બીજી તરફ પણ મ્હોંઢુ કરી પઢી શકે છે. કોઇ તરેહની મનાઇ નથી

સવાલ–વજુ કર્યું છે પણ બીજા કપડાં પહેરતી વખતે બદન ખુલ્લું (નાગુ થવાથી) વજુ તુટી જાય છે કે કેમ?

જવાબ–એથી વુઝુ તુટશે નહિ.

સવાલ–રમઝાનમા ઇફતારી બાદ અને રોઝો રાખવાના વખત પહેલા સોહબત કરી શકાય કે? સોહબતથી કે એહતેલામથી બદન નાપાક છે એવી હાલતમા સેહરી બાદ નીયત કરી રોઝા રાખી શકાય કે?

જવાબ–ઇફતારી પછી અને સુબ્હ સાદિક પોતાની બીબી સાથે સોહબત કરવી [illegible] છે. પણ રોઝાની હાલતમાં નાપાક

રહેવું મકરૂહ છે રોઝો થઇ જશે.

સવાલ–એક માણસ બીમાર છે, તેને એહતેલામ થયું. તે ગુસલ કરે તો વધારે બીમાર થવાનો ડર છે તો શું કરવુ?

જવાબ–ગુસલના બદલે તયમ્મુમ કરે.

સવાલ–કોઈ પણ કારણથી બદન નાપાક છે તો અડધું બદન ધોઈ નાખે તો પાક થઇ જવાશે? સાબુ લગાડવું જરૂરી છે?

જવાબ–અગર સોહબત કરવાથી કે એહતેલામ થવાના કારણથી ગુસલ વાજેબ હોય તો ફાયદાસર ગુસલ એટલે બધું બદન ધોવું જરૂરી છે. અને જો કોઈ નાપાકી બહારથી બદનના કોઇ ભાગને લાગી હોય તો તેટલીજ જગ્યા ધોવાથી પાક થઇ જશે. આખું બદન ધોવુ જરૂરી નથી.

સવાલ–સીપના બટન અને સીપની ચેન મરદે પહેરવી જાયઝ છે?

જવાબ–જાઇઝ છે. કંઇ વાંધો નથી

સવાલ–હમારી પાસે એક બકરો છે જેની ઉંમર આવની બકરી ઇદના એટલે તા. ૨૯–૧૧–૪૧ના દીવસે એક વરસમાં છ દિવસ ઓછા રહેશે તો સદરહુ બકરો બકરા કુર્બાનીને લાયક છે કે કેમ?

જવાબ–કુર્બાનીના બકરા માટે એક વર્ષ પુરું થઇ બીજું વર્ષ લાગે તો કુર્બાનીમાં

આવે જ્યારે ૭ (૬) દિવસ બાકી છે તો ચાલે નહિ. માહે ઝિલ્હજ્જની તા૦ ૧૨મી સુધી કુર્બાની કરવી દુરસ્ત છે માટે જો તા૦ ૧૧ મીના વર્ષ પુરું થઈ તા૦ ૧૨ મીના બીજું વર્ષ લાગે તો તા૦ ૧૨ મી ઝિલ્હજ્જના કુર્બાની કરવી દુરસ્ત થશે.

સવાલ–ઓરત પાસે બેસનારી અને કોઈ વખતે વિચારો આવવાથી કેટલીક વખત પેશાબની જગામાંથી પાણી જેવું ચીકણું નીકળે છે. એ શું છે? એ નાપાક છે? એ કપડાંને લાગવાથી કપડા નાપાક થાય છે? વજુ અને રોજાની હાલતમાં જો નીકળે તો કંઈ નુકસાન છે? એ નીકળવાથી નવાતું ફર્ઝ થાય છે?

જવાબ–એને "મજી" કહેવામાં આવે છે અને એ નાપાક છે; કપડાંને લાગવાથી કપડું નાપાક થાય છે માટે ધોવું જોઈએ. વજુની હાલતમાં નીકળવાથી વજુ તુટી જશે. રોજો જતો નથી. મજી નીકળવાથી ગુસલ કરવું જરૂરી થતું નથી.

સવાલ–પેશાબ કરે પણ ધોવું કે પાણી બાપરે નહિ ઘેર આવી એ જગાને ધોઈ નાખે તો બદન પાક રહેશે કે કેમ? ગરમ પાટલુનમાં પેશાબના ટીપા પડ્યા હોય પણ એ પાટલુનને ધોવાયો નહિ અને લાંબો વખત મહ્ય જાય તો એ પાટલુન પાક ગણાશે કે કેમ? ઉભા રહી પેશાબ કરવો ગુનહો છે? આજકાલ કેટલાક લોકો ઉભા રહી પાટલુનનો બટન ખોલી પેશાબ કરે છે.

જવાબ–પેશાબ કરી તુરત ધોયો કે બદકર્યા પછેર પાટલુન અથવા ધજ્જર પહેરી લીધા અને ટીપાં કપડાંને લાગ્યાં નો કપડું ધોવું જોઈએ પેશાબની જગ્યા પણ ધોવી જોઈએ. ગુસલ કરવાની જરૂરત નથી. પાટલુન ધોવી જોઈએ. ગરમ પાટલુન પણ ધોવી જોઈએ. ધોયા વગર પાક ગણાશે નહિ. ઉભા રહી પેશાબ ન કરવું જોઈએ. એ ફરંગીની તરીકાના વિરુદ્ધ અને નસારાઓની મુશાબેહત છે. ઘણી બેશરમીનું કામ છે. મુસલમાનોને એ કામ જાજે નહિ.

સવાલ–ગુસલ કરીયે તો પછી વુજુ કરવું જરૂરી છે?

જવાબ–ગુસલમાં વજુ કરવું સારું અને મુસ્તેહબ છે. છતા ગુસલમાં વજુ ન કરશે તો વજુ થઈ જશે.

સવાલ–એક માણસ ગુજરી ગયો છે તેણે નીચે મુજબ વારસ છોડ્યા છે તો દરેક વારસોમાં કેવી રીતે વહેચણી કરવી? ઓરત એક, સગી માં, ત્રણ છોકરીઓ, એક ભાઈ, બે (૨) બહેનો છે.

જવાબ–મહ્યતના માલમાંથી પ્રથમ કફન દફનનો ખર્ચ અને કરજ હોય તો તે અને વસીયત હોય તો તે માલના ત્રીજા ભાગ સુધીમાંથી અદા કર્યા પછી જે માલ બચે તેમાંથી ૨૮૮ ભાગ કરવા જેમાંથી મહ્યતની ઓરતને ભાગ ૩૬, માને ભાગે ૪૮, દરેક છોકરીને ભાગ ૬૪, ભાઈનો ભાગ ૬૪, દરેક બહેનને ભાગ ૩૨, મળીને એકસે ભાગ ૨૮૮ પુરા થશે. હવે જો ઓરતની મહેર બાકી હશે તો તેણીને વારસી વતરોક જે મહેર નિકાહ વખતે નક્કી કરી હોય તે આપવી પડશે. (ચાલુ)



સાહિત્ય પરિષદ ઉત્સવ માટે કવિ અબ્બરદારે સૂચનાઓ વહેતી મૂકી છે ચર્ચીલ રૂઝવેલ્ટની આટનાટિક કરારની આઠ કલમો દરિયાના પાણીમા વહેતી મૂકાઇ છે! તારે અબ્બરદારની આ સૂચનાઓ જમીન પર વહેતી મૂકાઇ છે! કોઇ કહેશે કે જમીન પર એ કીરીતે વહી શકશે? અરે! જે સાક્ષરો રેતીમા વહાણ ચલાવી શકે તે સાક્ષરો એક નહિ બે નહિ પણ આખુ સાક્ષરોનુ ટોળુ—સાહિત્ય પરિષદ હોઈ એવી છ સૂચનાઓના હોડકા જમીન પર કેમ ન ચલાવી શકે? મન હોય તો માળવે શુ બનકે હેમરફેસ્ટ જવાય! એટલે જો સાહિત્ય પરિષદ મન પર લે તો જરૂર એ સૂચનાઓને વધારી લઇ સફળ અમલ કરી શકે પણ મન પર લેવુ એજ મોટો સવાલ છે નેા હશે એ પાચ સૂચનાઓ વાચી તો જુઓ

(૧) નાના નાના ગામોમાં પણ સાહિત્ય સંમેલનો ભરવાં

પણ રેશનેથી એવા નાના ગામે જતા મોટરો નહિ પણ બળદોમા ધૂળ અને તાપથી સાક્ષરો કામ કર નહિ થાય એની ખાતરી શી? ખુરસીઓ કે ગાદી તકીયા થીએટરો અને આરીશાત મઢયો, ઝાંઝરની સડકો અને કુલોની ખુશ્બોથી ટેવાયના સાક્ષરો ગામડાના ઉકરડાઓ જોઇને અકળાય તો નહિ? જોકે એમના ઉકળાટને સમાવવા માટે તાજી છાસ તો ત્યાજ મળીજ શકશે પણ ગ્રામ્ય જીવનના ઉલ્લાસો જે પુસ્તકોમા વર્ણવ્યા છે તેતો હવે બિલકુલ પરમારી ગયા છે ગ્રામ્ય આબાદિયા પણ વરસાદના અભાવે બારેમાસ પાનખર અનુભવે છે અને ત્યા મેઢિનાઓના ટહુકારને બદલે કાગડાના ગોર સભળાય છે! અને સાથે સાથે કહી નાખવા દો કે આ વરસને બાદ જો એવુ પેલુ વરસ આવતુ હોય ગ્રામ્ય જનતા—બેકુતો દેવા ડુગર નીચે દટાઇ ગયા હોઇ ગામડાની ચેષી મજદૂર થએથી પરોણા ચાકરી પણ હવે અસ્ત થવા આવી છે! જ્યા લોકોને પેટ પાળવાની ફીકર હોય ત્યા નાગા ફરતા બાળકોના તન ઢાકવાની ચિંતા હોય ત્યા સાહિત્ય મર્મજ્ઞતા સુક્ષ્મ નિરીક્ષણ ગુઢગ્રાહ્ય ભાષણો અને કરવા દોડતી કવિતાઓને કોણ ગાભળશે? એવા જલસા તો શહેરમાજ સારા! બાકી કવિ અબ્બરદારના કથન પ્રમાણે સાહિત્યમા પરસ્પરની પ્રશંસા સાથે ઝઘડા પણ થવા જોઇએ એ વાતને તો બધા કવિઓ સક્ષરો અને વિવેચો વધાવી લેશે અને તેમાંય ખાસ 'ઝઘડા'એ તો સાહિત્યકારોનો જન્મસિદ્ધ હક્ક છે ને!

વળી પાછા ખબરદારજી કહે છે કે "એવા ઝઘડા એ તો સાહિત્યજીવનના જીવંતપણાની નિશાની છે" વાત ખરી છે સાહિત્ય રચી નથી રહ્યું પણ જીવંતું છે અને સાક્ષરોય મરણ પથરીએ પડ્યા નથી પણ જીવતા જાગતા અને હાલતા ચાલતા બોલતા છે તેની સાબિતિ રૂપેજ ઝઘડા કરતા રહ્યા છે અને રહેશે! અસ્તુ

(૨) **સરળ વ્યાખ્યાનોની યોજના કરો** એ એમની બીજી સૂચના છે પણ સરળ વ્યાખ્યાનો આપે કોને સાક્ષર કહેવું? અલબત્ત ટ્રેનોમાં ફરતા અધ્યાત્મીઓની અને પાંજરાપોળોની ધર્માદા પેટીઓના ગજરામારૂ કે હનામણ જેવા જેવી ચોપડીઓ વેચનારા, બામ અને બીજી ઉતારવાની દવાવાળા ચાલુ ડ્રામાઓ વગેરેના બાપણોની જે આમજનતા ઉપર ધારી અસર થઈ છે ગાગરીયા ભટ્ટો ગરાસ અને રાસો, રામલીલા ભાંડ-ભવૈયાઓના નર્યા તળપદી ભાષાના નાટકો વગેરેની ગામડામાં ભારે પ્રસંશા થાય છે એ જોવાને વિદ્યાર્થી પછીજ પ્રમુખ સાહેબે આ સૂચના મૂકી હોવી જોઈએ પણ—'સાદી—ભાષા—સાદી—કડી વાળા દલપતરામ જેવાને તો આજના કવિઓ કવિજ માનતા નથી પછી સાદા ભાષણોની આશા કોનાથી રાખવી? અને બાકી પુસ્તકો તો ગામડાની ભોટ જનતામાં ભણવા ખાતર એ સંસ્કાર પ્રેમી સાક્ષરોને સીડીના બેચાર પગથીયા નીચે ઉતરવાની જરૂર પણ શી છે? એમના ભાષણો માટે ગામડાની ગદી ગેરીઓ અને ઢોરો પુરવાના વાડાઓ કરતા શહેરના થીએટરોજ વધુ અનુકૂળ છે! અસ્તુ

(૩) **પરપ્રાંતવાસી, અને પરદેશવાસી ગુજરાતીઓનો સંપર્ક સાધો.** આ છે ત્રીજી સૂચના બહોળા સંસ્કાર એ ગુજરાતીઓની ઉજળી બાજુ ગણાય છે, બીજી બાજુમાં ગુજરાતીઓ ભલે પૈસા ચૂસતા હોય, પણ દાનધર્મમાં તો ગુજરાતીઓ જરા હોય ત્યાં પીન આવે છેજ! ગુજરાતીઓને સરકારી બનાવવા અને તેમની બીજી લોકોમાં આબરૂ વધારવા તેમને સાહિત્ય સંપર્કની જરૂર છે એમ કોઈ ધારતું હોય તો તે ખાંડ ખાય છે! ગુજરાતીઓ પેટ ભરીને પૈસા કમાય છે એટલુજ બસ છે! શું તમને એનું ભાન નથી કે પૈસા હોય ત્યાં સરસ્વતિતા એના ચરણ ચૂમતી આવી પહોંચે છે! સરકારિતા તો પૈસદારોની બરદિની લોંડી છે! બાતરી કરવી હોય તો કોઈ પણ મેળાવ! કે વરઘોડામાં જઈને જુઓ. સક્ષરો કરતા શેઠીયા પહેલી હરોળમાં ગોઠવાયા હશે! તો પછી પરદેશમાં ફક્ત પૈસા કમાવા હેતુથીજ જનાર ગુજરાતીઓ સાથે કડકા સાહિત્યકારોનો સંપર્ક સાધી ઘોડા સાથે ગધેડું બાંધે તોય છ, મહિને બૂકમા શિખે એવું કરવાની શી જરૂર છે? અને સાહિત્યકારોના દાદીયામાં એટલું જોર પણ કયા છે કે તે ફક્ત સંપર્ક સાધવા ખાતર પરદેશોમાં કે પરપ્રાંતોમાં ધૂમે? સાહિત્યકારોને લોકો શું પૈસા છાકરા વિનાના સાધુબાવાઓ માનતા હશે?

(૪) **અર્ધમાસિક પત્રિકા પ્રસિદ્ધ કરવી જોઈએ.** સાહિત્યના પ્રચાર અર્થે આની જરૂર જણાવાઈ છે પણ આ યંત્રના ઝડપી યુગમાં લોકો માસિકોને બે અઠવાડિકોનેય હાથ લગાડતા અચકાઈ જાય છે ત્યાં છ માસિક પત્રિકાને સાહિત્યના વાડાના થોડાક ઘેરાઓ સિવાય બીજો કોણ હાથ લગાડશે? શું એ

પત્રિકામાં લડાઈના નકશા, વિમાન અને બૉમ્બથી ધોના ખંડેરાની છબીઓ થયેલી છબારતોનાં ખંડીયેર અને વિજ્ઞાનથી મંડિત થયેલી ગોરી સંસ્કૃતિના તાંડવ નૃત્યના ફોટાઓ પ્રગટ થશે ? ના, તો પછી બેઉ ખલાસ ! જો એ અર્ધમાસિક પત્રિકાને જરા પણ સફળ બનાવવી હોય તો બેબા સાક્ષરો, માંદા કવિઓ, કે યુદ્ધ વિવેચકોને બદલે ઝીનેમાની સુંદરીઓના ફોટાથી શણગારવા પડશે અને એમ જો ન થાય તો પછી હું-બાવો—ને મંગલદાસ તો એની ઠાઠડી વગાડવાને માટે તૈયારજ છીએ તે ! અમી હું ની જગ્યાએ અડવાણી, બાબાની જગ્યાએ લાભશંકરો, અને મંગળદાસની જગ્યાએ શ્રીયુત શેખચલ્લીનુ નામ ગણવામાં કંઈ વાંધા જેવું નથી !

(૫) **વર્તમાનપત્રોનો સહકાર.** એ પાંચમાં મુદ્દાના છે. વર્તમાનપત્રોના સંપાદકો, એડીટરો, વિવેચકો, જાહેરખબર કેન્વાસરો, પ્રુફરિડરો, રિપોર્ટરો અને એજન્ટોને જો બોચીમાથી પકડી પકડીને સાહિત્ય પરિષદના મેમ્બર બનાવવામાં આવે તો પછી સહકાર આપ્યા વિના એમના બાપનો પણ કર્યો છુટકો થવાનો છે ? અલબત્ત એ માટે ગામા જેવા કોઈ કદાવર મંત્રીઓ સાહિત્ય પરિષદને સાંપડવા જોઈએ. સવાય માંદા અને બડબડ પાંચમ લાંબા ડગલા વાળા સાક્ષરોનું એ કામ નહિ ! અથવા તો કોઈ શેઠીયાઓ પાસેથી મોટી રકમના ચેકો લખાવી લઈ વર્તમાનપત્રોવાળાને તે ચેક આપી જાહેરખબરના ભાવે ભાવ સાહિત્ય પ્રચારનો પ્રસર કરાવવો જોઈએ ! જાણો છો, આજકાલ ગીત સાહિત્ય કરતાં જાહેરખબરની આવશ્યકતા પત્રકારોમાં વધી ગઈ છે અને જાહેરખબર કરતાંય કાગળોના ભાવોની કીંમત વધી ગઈ છે અને તે કીંમત ચૂકવવા માટે તો મોટા ચેકોનીજ જરૂર પડે ને ! યાદ રહે, કે ચેક મોટા હશે તે ચાલશે ખોટા હશે તે ચાલશે નહિ ! હવે તો જાણોજ છો ને કે સાહિત્યની જેમ કાંકીયા કુંજડાની દુકાને પણ છાપેલાં કાટલાંજ ચાલે છે, બગર છપાએલાં ઓરીજીનલ કાટલાં નહિજ !

(૬) **ગુજરાતી યુનિવરસિટિ સ્થાપવી જોઈએ.** અલબત્ત અત્યારે એનું શાંની કીંમત ફક્ત ચાર પૈસા છે. તેને ચોસઠ પૈસાની કીંમત અંકાવવી હોય તો ગુજરાતી યુનિવરસિટિની જરૂર ખરી. બાપણા વિદ્વાનો, લેખકો, અભ્યાસીઓ, કવિઓ, વિવેચકો ઇ. ઇ. ના કાર્યને જેવી યુનિવરસિટિ-સ્થાપાય તો જરૂર વેગ મળે, પણ તેને માટે શું પાછા સરસ્વતિના ભક્તો લક્ષ્મીના ભક્તોને પગે પડે તોજ એ કાર્ય બનેને? અને એક વિદ્વાન એક ધનવાનને નમે તેના કરતાં તો વગર યુનીવરસિટિએ ચાલે છે એમજ ગાડું ચાલવા દે તો શું ખોટું છે? અને ગુજરાતી યુનિવરસિટિ સ્થપાશે તોય પ્રિન્સિપાલો ને પ્રોફેસરો તો અંગ્રેજ ડિગ્રી ધારીઓજ આવવાના ને ? કોઈ ગુજરાતી પંડિતો, પંતુજીઓ, કથકારો, ભાટચારણો વગેરેને થોડાજ યુનિવરસિટિની ખુરસીઓમાં બેસાડવાના છે? માટે "વોહી રફ્તાર બેઢંગી જો પહેલે થી સો અબભી હૈ !" રાખવામાં શું વાંધો છે ? —ચણાજારો

ગઝલ

મરણ મારું એક વનિષ્ફર દિલા છે,
જીવન છે, તો હા, ચહેરામાં અર્પવો છે.
મને "નહતો ચકરણ" કહે છે, એ પોતે,
'હું પૂછું છું એ કોણ, જે સર્વદા છે.'
ઉઠો ઓ હૂસેની ઉમંગો હૃદયમાં,
યઝીદી અહિં છે, અહિં કરબલા છે.
કહી. દઉ એ એકાંતમા શું મળે છે ?
અરે દિલ છે મારું, કે ગારે દિરા છે.
નજરમાં કરે છે તે કુર્બાની સૂરત,
રટણ મારું દિન રાત સહસે અલા છે.
હયાતુ ન્નબીમાં હું માનું છું 'સાબિર'
કહેતાં એક વજહુલ્લા કાજે એમાં છે.
"સાબિર" (સેટલા)

૭ મી અહમદશાહ અબ્દાલી [૨૬]

લેખક 'મુઝતર' હાસોટી (બરોડા)

જે માનવીઓની એ ધારણા છે કે હમેશ બાદશાહી ચૌનાદજ રાજ્યાસને આવે છે તેઓ ગભીર ભૂતમા છે જગત ના ઇતિહાસ પૃષ્ઠોમા હજારો દૃષ્ટતો એવા મૌજુદ છે, કે જે વેપ કાઈ રાજે ગેરની ન હુ ડા રાજ મોહતાજ હતા, અને જેઓની હાલત દયા-પાત્ર હતી તેઓ પણ તાજે તખ્તના માલિક બની ગય અને તેઓના પ્રભાવ અને દદબાએ દુનિયાને દીગમુઢ બનાવી દીધી

મુજતહિદે આઝમ ગાઝી અહમદશાહ અબ્દાલી (રહ) જેમની સરફરાશોની દાસ્તાનો આજ લગી દુનિયાને આશ્ચર્યચકિત કરી દે છે, કાઇ શાહી ખાનદાનના સભ્ય ન હતા બલ્કે એ ઓના કુટુબના મેમ્બર હતા જેઓના ભાગ્યમા કાયમ આદીનાબાદીજ જાગીરોમા ભમવુ લખ્યું હતુ અને જેઓ ખુરાસનના એક જાગીરમા દુ ખમય જીવન વ્યતિત કરી રહ્યા હતા

હ ગાઝી અહમદશાહ અબ્દાલી (રહ) ૧૧૧૯ હીજરી સન તા વિ સ ૧૧૩૩ (૭ જુલાઇ ૧૭૧૬ ઈસ્વીમા મુલ્તાન હલાનના ઉમ્દા ગામે જનમ્યા હતા અહમદશાહ હજી બાળ જ હતા કે તેઓના બાલિ બુઝુર્ગની પહાન થઇ ગઇ અને માન મરતિબાની ગોદમા તેઓ તરબીયત પામ્યા

આ તેજ અહમદશાહ હતા કે જેમણે પણીપતના મેદાનમા ૮૨ લાખની શત્રીઓના જનેડર દેખાડયા, અને જેઓએ મરાઠાઓના અખુટ દળ અને અનૂટ બળને કચડી નાખ્યુ નાત જુથી અહમદશાહમા અસાધારણ હિમ્મત, નિડતા, મક્કમતા, અને બુદ્ધિના ચિન્હો જણાતા હતા અને તેઓ રોનહાર મા'લુમ પડતા હતા

જ્યારે એમની વય પાચ વર્ષની થઇ તો માતુશ્રીએ તેમને પઢાવવુ શરૂ કરાવ્યુ પ્રથમ કુર્આને શરીફ પઢાવ્યુ પછી મસાઇલની કિતાબો પઢાવી લશ્કરમાં એક ગદ્રેસામા દાખિલ કરાવી દીધા પરતુ જેમના ભાગ્યમા હકૂમતોએ દુનિયાનો એક મહાન મોજ્યો અને પ્રભાવશાળી સિપહ સાલર બનવુ નિર્માણ કરી દીધુ હતુ તહેત ગદ્રેસાની ચાર દીવાલો અને કિતાબોના પાના કેવી રીતે શુ દિલચસ્પી થઇ શકે છે? એટલે કિ સ ૧૧૩૮મા શિક્ષણનુ કામ બધ થયુ

કિ સ ૧૧૪૮મા અહમદશાહે દુરાની ફોજમા નોકરી સ્વીકારી અને પોતાની બુદ્ધિ અને શ્રમના કારણે ૭૭ અફસરોમા લોક પ્રિયતા પ્રાપ્ત કરી કિ સ ૧૧૫૪મા અહમ દશાહને ફોજના એક ઉચ્ચ હોદ્દો પ્રાપ્ત થયો અને હવે તેઓને પોતાના કમાલાતોને જાહેર કરવાની અમૂલ્ય તક સાપડી નાદિર શાહ અનેક અનિવાર્ય સગ્રામોમા તેઓને મોકલ્યા અને ખુદાની કૃપાથી તેઓ પ્રત્યેક જગ્યાએ સફળ થયા




અહમદશાહે પ્રથમથીજ એવા અખેડ કાર્યો કર્યા કે દૌજી-વર્તુળમાં તેઓની ધાક બેસી ગઇ અને સમસ્ત ઇરાનમાં તેઓની જંગી-સાયકા। અને બુદ્ધિ-કળાની ધૂમ મચી ગઇ.

અહમદશાહ અબ્દાલી (રેહ) દૃઢતા અને ઇરાદામા ખાસ અખેડ હતા સંપૂર્ણ સૈન્ય વિચાર પછી જે નિર્માણ કરી લેતા તેના ઉપર અંતિમ શ્વાસ સુધી અડગ રહેતા, અને પોતાના ઇરાદાઓને પરિપૂર્ણ કરવામા પ્રાણ સુદ્ધાની પરવા નહોતા કરતા. તેઓ શરીરે કઠાવર ન હતા પરંતુ કુદરતે તેઓના સિનામા જે હૃદય અર્પ્યું હતુ તે મક્કમતા અને શૂર વીરતાથી ભરપૂર હતુ


અહમદશાહ અબ્દાલી (રેહ) એક દૌજી અફસર હોવા છતાં અત્યંત ચરિત્રવાન, મધુ-ભાષી અને સહનશિલ હતા. પ્રત્યેક માણસથી નિઃસ્વાર્થપણે અને નિર્મળપ્રેમથી વાતચી। કરતા અને તેઓની નમ્રતા અને ચરિત્રથી પ્રત્યેક જણ લાગણીવશ થતુ

ઇતિહાસકાર એમને આખિમ લખે છેઃ "અહમદશાહ અબ્દાલી (રેહ।મા હિમ્મત અને વીરતા સંપૂર્ણ હતી, બુદ્ધિ, સમજ અને ગજ-કાબ્બારમાં પોતાનો જોટો નહોતો જાણતા. રણક્ષેત્રમાં હમેશ વીજયી રહેતા. અને ભયાનક મુસીબતોમા પણ હમેના ઇરાદાઓમાં કરક નહોતો આવતો. હમેની શૂરવીરતા અને જંગી કાબેલીયત અખેડ હતી. ક્ષમા અને ન્યાય



અહમદ એન્ડ કો.

જુના અને જાણીતા વેપારી.



દરેક જાતની પેટ્રોમેક્ષ બત્તીઓ, પ્રાઇમસ સ્ટવ, સોનીના ઝાળવાના ચુલાઓ, ઇલેકટ્રીક ફેન, વીજળીના લેમ્પ, અને ડેકોરેશન માટે ઇલેકટ્રીક તોરણો, પાણી ગરમ કરવા માટે વૉટર હીટર, ઇલેકટ્રીક અસ્તરી, નાઈટ લેમ્પ, બેટરીના બલ્બ, એવરેડી પાવર, ફ્લેશ લાઇટ ટોર્ચ વગેરે દીકાયત ભાવે મલશે તેમજ વીજળીનું દરેક પ્રકારનું ફીટીંગ કામ તૈયાર મળશે.

અમારા કારખાનામાં બનતી દરેક જાતની અને દરેક માઇઝની સ્ટીલ ટ્રંકો, સુટકેસ, બેગ વગેરે તૈયાર મળશે તેમજ ઑર્ડરથી બનાવી આપવામાં આવશે.

—: ગામડાના વેપારીઓને ખાસ સગવડ :—

ઑર્ડર આવેથી માલ ખાતરી પૂર્વક મોકલવામાં આવશે.

૬૦ કણપીઠ બજાર, લાલગેટ પાસે, સુરત.



વેગા તે કોઇ દરકાર નહોતા કરતા તેમની ઉદારતા અને સખાવતની એ સ્થિતિ તી કે તેમની પાસેથી કોઈ ભિક્ષુક મેદકમ નહોતો જતો તે અભિમાની ન હતા પરંતુ શરત શળી મનવીઓના મુખમાંથી દીનતા ભરેલા બહુજ કરતા તેમને પોતાના ઉપર ઘણોજ અખ્તેયાર હતો હુકમો તેમની ઝાત ભનાવનુ જરણ હતુ

અહમદશાહ અબ્દાલી ન ફકત હિન્દમા લોક-પ્રિય હતા, બલ્ક તેઓના સર ફરાજના મરાતામાના સમયે બગદાના ઘણા નામનરે તેઓને સન્માનની નજરે જોતા અને તેઓની દરકારનો સ્વીકાર કરતા

જે યુગમા તેઓ મરાઠાઓનુ બળ તોડતા હતા તે વેળા હિન્દ, બગદાદ અને અફગાનિસ્તાનના અકસર વિદ્વાનો અને મશાયેખો તેઓની સહાયતા અર્થે યાચના કરતા હતા

મરાઠાની તાકત છિન્નભિન્ન કર્યા પછી જ્યારે તેઓ સ્વતત પરાક્રમ તો હિન્દના બીજા-સમ્રાટ એક કસીદો પઢા કર્યો હતો ભાવાર્થ આ છે –

હે! મુજદિદે આઝમ! અમો તમારી ઝાત ઉપર ફખ્ર કરીએ છીએ ખુદાતઆલા છે તે માના જેવડી ગોદમા હરેક જાનદાર પેદા થયુ, અને બળી ભાગ્યશાળી છે ત પિતા જેવો તુ ફરઝન્દ છે કોણ! તમારા જેવા અન્ય પણ અરમાનો હોત

હે! પૂર્વના રોશન! અમો તમારી કારવાણી ઉપર ગર્વ કરીએ છીએ અને તમારી, ઉન્નતિ અને સહાયતાના અભિલાષી છીએ"

ગાઝી અહમદશાહ અબ્દાલી (રહ)ની મુખ્તલિતા દાસ્તાનોમા પાણીપતના રણસ ગ્રામને બહુ મહત્વતા પ્રાપ્ત થય છે એ મદદ પૂર્વે ઘટનાની વિગત આ છે કે ઇ સ ૧૭૬૦મા હિન્દુસ્તાનના પ્રત્યેક ખૂણામા મુસ્લિમનુ સામ્રાજ્ય હતુ પ્રત્યેક બાજુએ બગવતના ઝડકા ઉડી રહ્યા હતા મુગલ શહેનશાહ શાહ આલમ એક બાકૂટ બાજની નર્યક બાજ કરી રહ્યા હતા મરાઠાઓ અને રજપૂતો બાગી થઇ ચુ યા હતા મરેઠાઓએ હિન્દુ રાજ સ્થાપિત કરવા નિર્ણય કરી લીધો હતો એવી સ્થિતિમા હિન્દુસ્તાનના કેટલ મુસ્લમાનોએ મુગલદે આઝમ અબ્દાલી (રહ)ને એક પરિપત્ર પાઠવ્યા જેનો ભાવાર્થ આ છે –

માનનીય સુલતાન! અહમદશાહ અબ્દાલી (રહ)ને સલામ મરજૂન બાદ જણાવ થય કે આજ હિન્દના પ્રત્યેક ખૂણામા બગાવતનુ એક પ્રચડ તુફાન ઉઠયુ છે પ્રત્યેક બાજુએ અસતા ચાનુ બજાર ગરમ છે, અને આજે ઇસ્લામની નજરની કેકની પાંખી રહી નથી અમો આપને ઇસ્લામની ઇજ્જતનો વાસ્તો આપી વિનતીએ કરીએ કે તાત્કાળિક અમારી મજબૂતીપૂર્વક હિમાયત કરો. અજે હિન્દ શાહ આલમ સાવ અપગ જેવા છે મરાઠાઓએ જેમ મુસલમાનોને તબાહ કરવા ચકે છે હિન્દ સુલતાન હિન્દુઓની મે સૂરના સહાર તેનો મુકાબલો કરી રહ્યા છે, પરતુ તેની પાસે વધારે તાકાત નથી આપ અમારી મદદ કરો"

મજકૂર પત્રને વચી ગાઝી અહમદશાહ (રહ) ધરાજ જલાલ (પ્રયાગ)મા આવી ગયા તેઓએ પોતાના પુત્ર તૈમૂરશાહને કહ્યું —



"કસમ છે રબ્બે કબ્બાની! જ્યાં લગી શમ્શીર હાથમાં લઇ મરાઠાઓનું કાસળ નહીં કાઢું ત્યાં લગી કદી શાન્ત થઇ બેસીશ નહીં." ત્યાર પછી મુજાહિદે આઝમે ૧૦ હઝાર મુજાહિદોને તૈયાર થવાનો હુકમ દીધો, અને વીજળી-વેગે હિન્દુસ્તાન ઉપર આક્રમણ કર્યું.

બાલાજી બાજીરાવ જો કે પોતાના દશ લાખ સૈન્ય ઉપર ગર્વિષ્ઠ હતો. પરંતુ જ્યારે ગાઝી અહમદશાહ (રેહ)ના આગમનની જાણ થઈ તો એનું મોં ઊતરી ગયું. તેણે પોતાના મહાન સેનાપતિ સદાશિવરાવને ૪૫ હજારના લશ્કર સહિત દિલ્હી રવાના કર્યો. સદાશીવરાવે પ્રથમ દિલ્હી ને લૂટફાટ કરી પછી પાણીપત જઈને રવાના થયો. પાણીપતમાં ઇસ્લામી સૈન્ય મૌજૂદ હતું. ૧૪ જાન્યુઆરી ઇ. સ ૧૭૬૧માં લડાઈ શરૂ થઇ બંને તરફથી સફેદ તુટી પડી. અહમદશાહ અબ્દાલી (રેહ) ખુદ હાથમાં શમ્શીર લઈ મેદાનમાં આવ્યા. તેઓના મુજાહિદોના જોશની આ હાલત હતી કે જે બાજૂએ વધતા હતા, લાઇનોની લાઇનો સાફ થઈ જતી હતી

લગભગ એક કલાક પછી તેઓ પોતે લશ્કરની વચ્ચે ઘુસી ગયા, અને એવી નિડરતા પૂર્વક હલ્લો કર્યો કે મરાઠાઓના કદમો ઉખડી ગયા. આ જંગમાં લગભગ છ હઝાર મરાઠાઓ કતલ થયા અને મુજાહિદોમાંથી બારીસ જણા શહીદ થયા. સંધ્યાના કારણે લડાઈ મુલતવી રહી. બીજે દિવસે ફરી ખૂંખાર જંગ જામ્યું મુજાહિદોને ઇસ્લામે જૂજ્યા શેરની માફક ચઢાઇ કરી અને સાંજ લગી તો સાત હઝારને કતલ કરી નાખ્યા. એ યુધ્ધમાં મરાઠાઓના પ્રખ્યાત સરદારો માર્યા ગયા. અને લગભગ ત્રણ હઝાર માણસો ગિરફતાર થયા. સદાશીવરાવે બાજીરાવ પેશ્વાને અનેક પત્રો લખી કુમક માટે વિનવ્યુ. પરંતુ તેઓને દામ્યાણી ન મળી એટલે લગી કે અફઘાનોએ મરાઠા-સૈન્યનો વધુ ભાગ તબાહ કરી દીધો હતો મરાઠાઓ માટે એના સિવાય અન્ય કોઇ ઉપાય ન હતો કે તે છેવટનું જંગ કરે કાતો મરી જાય અથવા તો અફઘાનોના અચૂક હુમલાઓથી મુક્તિ મેળવે.

બીજે ૨૭ મી જાન્યુઆરી ઇ સ. ૧૭૬૧ ના દિને મરાઠા-સેનાએ ઝઅફરાની કપડાં પહેર્યા. આ એ બાબતનું ચિન્હ હતું કે યા તો સફળ થઇશું અથવા રણક્ષેત્રમાં પ્રાણ અર્પીશું એ લડાઇમા મરાઠાઓએ સરફરોશી સહિત હલ્લો કર્યો, પરંતુ અફઘાની તલવારના મુકાબલો કરી શકયા નહીં. આ ભીષણ યુદ્ધમા બાજીરાવ પેશ્વાનો પુત્ર વિશ્વાસરાવ માર્યો ગયો મલ્હારરાવ હોલકર જંગના મેદાનમાંથી શિરે ચણો મૂકી નાઠો, અને મહારાજા ગાયકવાડે પણ તાસભાગનો માર્ગ લીધો. એવી વસ્તુ સ્થિતિમા મરાઠાઓએ પાછી હઠવું શરૂ કર્યું. આ ભયની અફઘાનોને જ્યારે જાણ થઇ ત્યારે પ્રાણઘાતક હલ્લો કર્યો અને લગભગ ૪૦ હઝાર મરાઠાઓને કતલ કરી દીધા. બહાદુર અફઘાનોએ નાસતા મરાઠાઓની મથુરા લગી પૂઠ પકડી, અને ત્યાર પછી મરાઠાઓની શકિત સાવ ઘટી ગઇ. આ મહાન વિજય પછી અહમદશાહ અબ્દાલી (રેહ) કન્હદાર ચાલ્યા ગયા અને ત્યાંજ સખ્ત તાવમાં સપડાઇ જન્નત નશીન થયા (ઇ. સિ.)

હબ્બો મુદર હેઝ

(માસીક સાફ લાવવાની ગોળી)

સ્ત્રીઓના અટકાવ સાફ ના આવવાથી ઘણીજ બીમારીઓમાં સ્ત્રીઓ જેવી કે હીસ્ટીરીયા ગર્ભસ્થાનમાં દુખાવો થાય છે. પેટનું પેડુનું દુઃખ તેમજ શરીરનુ પુલવું, શરીરે જડા થવું, ચરબી થવી, આખા શરીરનું દુખવું, કમરનું દુખવું, લોહીનો ભરાઓ થવો, હીસ્ટીરીયા જેવી બીમારી થવી, ફાળીનું (ધાતુનુ જવું) માથું દુખ્યા કરવું, ચક્કર આવવા વીગેરે બદહજમી થવી, આ ગોળીઓ અટકાવ આવવાના ચાર છ દિવસ આગળ લેવાથી અટકાવ સાફ લાવવામા અકસીર સાબીત થઇ છે અને સ્ત્રીઓના દરેક ગુપ્ત દરદોને પુરેપુરો આરામ આપે છે

કીંમત : ૩૨ ગોળીની ડબ્બીનો એક રૂપીઓ

ઝુલ્ફે સનમ હેર ઓઇલ

આ તેલ માથામાં લગાડવાથી મગજને થંડક આપી વાળને વધારવામાં તેમજ સફેદ થતાં વાળને અટકાવવામાં તેમજ લાંબો વખત લગાડવાથી વાળને કાળા કરે છે. ઉંઘ ઘણીજ સારી લાવી ખરતા વાળને અટકાવે છે અને ઘણાજ લાંબા કરવામા અકસીર સાબીત થયું છે. કીમત બોટલના ૧૨ આના

ઇશરત પીલ્સ

ઇશરત પીલ્સ ગોળીઓ દિલ (હાર્ટ) મગજ, લીવર, સ્ટમજી (સ્ટમક) તેમજ તમામ શરીરની શકતીનો વધારો કરી, ભુખ લગાડી, લોહી વધારી શરીરને સુસ્ત બાલાક બનાવી ચહેરા પર રોનકનલાવી તેજસ્વી બનાવવામા અકસીર છે તેમજ ગમે તેવા કારણથી ધાતુ પાતળી થઇ અશક્તિ વધીને નામરદાઇ આવી ગઇ હોય તેને ધાતુ પુષ્ટ કરી જુવાનને નવજુવાન અને ઘરડાને જુવાન બનાવવામાં અકસીર સાબીત થઇ છે, ફકત એકજ શીશી વાપરી ખાત્રી કરો. અમારી યુનાની ફાર્મસીમાં આશરે ૪૭ વરસની અનુભવીક દવા છે. નાસીપાસ થઇ ગયેલા દર્દીઓને આરામ થયો છે. કીંમત ૪૦ ગોળીની શીશીનો રૂા ૧-૮-૦

ઇકસીરે પાયેરીઆ સુનુન મુકવીએ દનદાં

આ મંજન દાંતને લગાડવાથી દાતમા થતું પરૂ અને લોહીનું નીકળવું, મોઢાની ખરાબ વાસ, મેલને દુર કરીને દાંતના દુખાવાને તથા હાલવાને દુર કરવામાં અકસીર સાબીત થયું છે. કીમત શીશી એકનો રૂપીઓ ૧.

સુપુફ ઇકસીરલ હાઝીમ

આ ચુરણ ખાસ બદહજમી માટે અકસીર છે ગમે તેવો પેટનો દુખાવો કુલાવો હોય, હજમ થતું ન હોય, ભુખ ન લગતી હોય, ખાટી ઓડકાર આવતી હોય, કબજીયાત હોય, પવન ન છુટતો હોય, તેને ફાયદો કરી ભુખ લગાડી, હજમ કરી ઝાડો સાફ લાવવામાં અકસીર છે. કીમત બાટલીનો રૂપીઓ ૧)

દરેક બહારના ઓર્ડરો પુરતી સંભાળથી મોકલવામાં આવે છે. બહારગામ એજન્ટોની જરૂર છે, પત્ર વહેવાર નીચેના સરનામે કરો

વિગત માટે પ્રાઇસ લીસ્ટ મંગાવો. વી. પી. ઉપર ધ્યાન અપાય છે. દરેક બીમારીનો ઇલાજ પત્ર વહેવારથી કરવામાં આવે છે, જવાબ માટે ટીકીટ બીડવી.

મળવાનું ઠેકાણું:—

મેનેજર યુનાની ફાર્મસી (રજીસ્ટર)

ખાંડ બજાર—સુરત

આફ્રીકાના સોલ એજન્ટ:-

યુનીયન પ્રીન્ટીંગ વર્કસ

૬૧વિકટોરીયા સ્ટ્રીટ—ડરબન નાતાલ

તન, મન, અને ધનના ભોગથી પણ એને કાયમ રાખી. 'વિશ્વ ભારતી' આખી દુનિયામાં જાણીતી છે એટલુંજ નહિ પણ પૂર્વની સંસ્કૃતિના એક ધામ તરીકે લેખાય છે દર વરસે એમાંથી દેશદેશના સેંકડો વિદ્યાર્થીઓ શિક્ષણ લઇ બહાર નીકળે છે.

ત્રીજી વારના યુરોપના પ્રવાસમાં ટાગોર અમેરીકા ગયા. આ સમયે એમની કીર્તિ આખા જગતમાં એક ઉત્તમ કવિ તરીકે પ્રસરી ગઇ હતી એજ વરસે એમને એમની ઉત્તમ કવિતાઓના વિશ્વવિખ્યાત સંગ્રહ 'ગીતાંજલી' માટે નોબલ પ્રાઈઝ મળ્યું. લાર્ડ બાદ સરકાર તરફથી એમને 'સર'નો ઈલકાબ આપવામાં આવ્યો પરતુ ૧૯૧૯ના જલીયાનવાલા બાગની અંગ્રેજ સત્તાના અમાનુષી અત્યાચારના બનાવના વિરોધ તરીકે એમણે સરકારનો 'સર'નો ઇલકાબ સરકારનેજ પાછો કરી દીધો.

ટાગોરે દુનિયાના અનેક પ્રવાસો ખેડ્યા પરંતુ એમનો હંમેશનો વસવાટ 'શાંતિ નિકેતન' માંજ રહ્યો. જ્યાં સાહિત્ય સેવા એજ એમનું મુખ્ય કામ હતું. ૧૯૩૧માં એમણે ગ્રામ-ઉદ્ધારની પ્રવૃત્તિ 'શ્રીનિકેતન' મુકામે શરૂ કરી.

૧૯૪૧મા એટલે આજ વરસે ટાગોરની વરસગાંઠ આખા દેશમાં મોટા પાયા ઉપર ઉજવવામાં આવી. પરંતુ એમનું શરીર સ્વાસ્થ્ય કેટલાક સમયથી બગડી ગયું હતું. એમની સારવારમાં કાંઇ મણા રાખવામાં આવી નહિ. પણ મૌતના ઝાલિમ પંજાથી કોણ બચી શકે છે? ૭મી ઓગસ્ટ ૧૯૪૧ને દિને કવિ ટાગોરનું દુઃખદ અવસાન થયું. પરંતુ એ મરવા છતાં જીવે છે. એ આજે પળાતા શોક પરથી સાફ જણાઇ આવે છે.

ટાગોર કવિ હતા અને તે પણ માનવજાતના પ્રેમપૂજક કવિ હતા એટલેજ આજે સર્વ લોકો એમનો શોક એક સરખા ભક્તિભાવથી કરી રહ્યા છે

આજે ટાગોર આપણી વચ્ચે નથી પણ એના જીવનના કેટલાક અમર પ્રસંગોની યાદ આપણી પાસે છે. એની જાળવણી આપણા અમલ દ્વારા થાય એમાજ ટાગોરને ખરી શ્રદ્ધાંજલી આપી કહેવાય અને એમાજ માનવ જાતના કલ્યાણનું રહસ્ય રહેલું છે એથી પણ કહેવાની ભાગ્યેજ જરૂર છે.

.... દરેક જાતની ....
ટોપીઓ, હુંગીઓ, હોઝિયરી,
ગુજરાતી તર્જુમા સાથના
પંજસૂરહ અને સીપારાઓ
તાજ કું. લીં લાહોરના
પંજસૂરહ અને દુઆઓની
કિતાબો
* ગુજરાતી *
વાર્તાઓ અને અન્ય વિષયોનાં પુસ્તકો
:::: કિફાયત ભાવે મળશે ::::
કૃપા એકવાર પધારી ખાત્રી કરો
અમીરીઆ તુર્કીશ માર્ટ
ચોકબજાર (જુમ્મા મસ્જિદ પાસે)
સુરત.

આ લોકો એક પ્રકારના પાણીઆની ડોંગીઓમાં બેસીને આવે છે એમની પાસે નારિયેળ, કોરડી, કેળાં અને નાગિયેળનું પણી હોય છે. જે મુલકનું મધુર અર્ક છે એ વસ્તુઓને લોખંડના બદલાના વેચે છે ઇશારાઓ વડે સોદા દેવડ થાય છે એ લોકો તરવામા ઘણા નિષ્ણાત હોય છે કેટલાએ વેપારીઓ પાસેથી લોખાડ મુકતી લે છે અને એના બદલામાં કાંઇ પણ આપતા નથી અદિંથી આગળ વધીને કલાદણાર આવ્યા છે દેશ અને ફિનાશને બાર કરે છ ।ે) આ ઝાંઝીબાર (બ્લા ?) ના દેશ છે હિન્દુસ્તાનના સીધા હાથ ઉપર; આદિનો એક રાજા છે એમનો લિબાસ માત્ર એક લુગી છે નીચ ઉચ વર્ણના બધાય એજ પહેરે છે. અદિંથી મીઠું પાણી લેવાય છે. કોકમથી કલાદણાર સુધી એક માસનો માર્ગ છે પછી દસ દિવસ વહાણો ચાલીને તજમાં પહોંચે છે. અદિં પણ મીઠું પાણી મળે છે. પછી જહાજોએ લંગર ઉચકયા તે. દસ દિવસમા કદર સુધી પહોંચ્યા અહિ પણ જોને લેવું હોય તે મીઠું પાણી લઇ શકે છે. અદિં એક ઉંચો પર્વત છે. જેના ઉપર ચોર અને નાઠેલા ગુનાહગરો સંતાઇ રહે છે પછી વહાણો દસ દિવસ ચાલીને સિન્દ (સિંધ) પહોંચે છે અહિ મીઠું પાણી છે, અને અદિંજ 'ઉલસિન્ધી' થાય છે અદિં પણ એક રાજા છે. અદિંના લોકો બે લુંગીઓ પહેરે છે. (એક ઉપરથી બાંધે છે અને બીજી ઓઢે છે.) અદિથી

મુરાદ ટેલરીંગ ઈન્સ્ટીટયુટ

લંડનની કટીંગ કોલેજની પધ્ધતિ અનુસાર, સાયન્ટીફીક કટીંગ અને ટેલરીંગ કામ, શીખાડવા માટે મુરાદ ટેલરીંગ ઇન્સ્ટીટયુટ ચાલુ કર્યું છે. કટીંગ અને ટેલરીંગનો ચાર્જ મધ્યમ અને દરેક વર્ગનાને અનુકૂળ પડે તેવા રાખ્યા છે સીવણ કામ જાણનારને ફક્ત કટીંગ પણ શીખાડવામા આવશે. વધુ માહીતી માટે મળો, યા લખોઃ—

સાયન્ટીફીક ટેલર એન્ડ કટર.

Try our

Secret

Good Fit



મુરાદ ટેલરીંગ

વર્કસ.

ચુનારવાડા મસ્જીદ પાસે,

રાંદેર

સુલેમાન જી. મુરાદ

મુરાદ ટેલરીંગ ઇન્સ્ટીટયુટ એન્ડ ટેલરીંગ વર્કસ.

પ્રોપ્રાએટરઃ-સુલેમાન ગુલામ હુસેન મુરાદ.



'સન્દર ફેલાત' (સિંગાપૂર ?) પહોંચાય છે. એ સમુદ્રમાં એક ટાપુ છે. અને દસ દિવસનો પ્રવાસને અંતરે છે. અહિં મીઠું પાણી છે. અહિંથી વહાણો ચાલ્યા તો જન્જી (ચુન્જી) પહોંચ્યા. પછી ચીનના દરવાજા ઉપર આવી ગયા. અહિં ઘણા ડુંગરાઓ સમુદ્રમાંથી નિકળેલા છે. દરેક બે ડુંગરાઓની વચ્ચેથી વહાણો પસાર થાય છે. સન્દર ફેલાતથી એક મહીના-માં વહાણો ચીન પહોંચે છે. 'અબવાબુસ્સીન' (ચીનના દ્વાર)ના પહાડ વચ્ચે સાત દિવસ સુધી વહાણો ચાલે છે. એ પછી ચીનના અખાતમાં દાખલ થાય છે અને ચીન દેશના તે શહેરમાં લંગર નાખે છે, જેનું નામ ખાનફૂ (ખાનપો) છે." (પા. ૧૪-૨૧)

"ખાનફૂ વહાણોનું બંદરગાહ છે અને અરબોની સૌદાગીરીનું મથક છે. અહિં મકાનો લાકડાઓના બને છે. અહિં લાકડા એટલા માટે વધારે હોય છે કે વહાણો આવતા જતાં તુટે છે. અહિં વહાણો વધારે થોભી જાય છે. અને એક બિન અરબી દેશમાં સામાન વેચવાને લાચાર થાય છે. અહિં એક મુસલમાન કાઝી હોય છે, જે ચીનનાં શહેનશાહ તરફથી મુસલમાનોના મુકદમાઓના ફૈસલા કરે છે. ધરાકના વેપારીઓ એનો ફૈસલો માને છે." (પા. ૧૩-૧૪)

અમે ઉપરની લીટીઓમાં બસરા અને સપરાકથી હિન્દી મહાસાગરના ટાપુઓમાં થઇને ચીન દેશની સરહદ સુધીના માર્ગો બતાવ્યા છે. એ ટાપુઓમાં અરબોની જહાઝી અવરજવર સદીઓ સુધી એટલી રહી કે એમાંથી ઘણા ટાપુઓમાં એમની કાયમી વસતીઓ વસી ગઇ અને એમને લીધે અહિં ઇસ્લામનો ઘણો પ્રચાર થયો. માલદીપથી લઇને જાવા અને સુમાત્રા સુધી અને ત્યાંથી ફિલીપાઇન સુધી એમની અસર ફેલાઇ. એ ટાપુઓના વતનીઓના જંગલીપણા અને અજ્ઞાનતાની જે સ્થિતિ હતી તે ઉપર નોંધ મુકવા. એમની સભ્યતા, સંસ્કૃતિ અને ઉન્નતિમા અરબ વહાણવટીઓ અને દર્યાપ્ત અરબ વ્યાપારીઓનો મોટો હિસ્સો છે; એટલે સુધી કે થોડી સદીઓ પછી અહિં ઇસ્લામી રાજ્યો કાયમ થઇ ગયા. ખાસ રીતે હદ્રમૌતી અરબોના એ કેન્દ્ર બની ગયા અને આજે પણ હદ્રમીઓની આબાદી અહિં સારી છે.

હિન્દુસ્તાન આવવાને અરબો ઇરાની અખાતના ઇરાની કિનારાથી થઇને બસરાના આવતા હતા. પછી બલુચિસ્તાનના બંદર તૈઝમાં દાખલ થતા હતા પછી સિંધના બંદર દેબુલમાં, પછી ગુજરાત અને કાઠીયાવાડના બંદરો થાણા, ખંભાત, સોપારા, ચીમૂર, ભરૂચ, ભાડભૂત, ગંધાર, ઘોઘા અને પછી સુરતમાં, પછી મદ્રાસના ઇલાકામાં મલબાર, કોરોમંડલ, (મચ્છપટ્ટન) રાસકુમારી (કુમારી) કોલમ, (દ્વારસમુદ્રા) મેંગલોર, ચાલ્યાત, પંડારાની, ચંદ્રગિર, હનોવર, દહપટ્ટન અને કાલીકટ. ત્યારબાદ થઇને તે બંગાલના અખાતમાં દાખલ થતા હતા અહિં એમનું મથક સિલાહટ હતું, જેને તેઓ સિલાહત કહે છે. પછી ચટગામ જતા હતા. જેને તેઓ સાદ્દનમ કહેતા હતા. અહિંથી સિયામ થઇને તેઓ ચીનના સમુદ્રમાં દાખલ થતા હતા.

ગુજરાત અને સિંધ, આ બન્ને એમના મૂળ મથક હતા. જાણીને આશ્ચર્ય થશે કે મસઉદીના હિન્દ આગમન સમયે (હિ. સ.

૩૦૩) ગુજરાતના બંદર ચીમૂરમાં દશ હઝાર અરબ અને અરબ વંશના મિશ્ર લોકો આબાદ હતા. એવીજ રીતે બંબાતમાં પણ એમની આબાદી હતી. ભરૂચથી તેઓ નીલ અને લાખ લઇ જતા હતા. (યાકૂતની 'મુઅજ્જિમુલ બલ્દાન' જુઓ) મદ્રાસની ચટાઇ (મદ્દી)ઓ તેઓ મિસર લઇ જઇને વેચતા હતા. (જુઓ 'કિતાબુલ ઇત્તિબાર' અબ્દુલ લતીફ બગદાદી.)

આફ્રિકાના કિનારા

અરબોના વહાણવટાનો બીજો માર્ગ એ હતો કે અદનથી અરબી સમુદ્રના કિનારે કિનારે રાતા સમુદ્રમાં આવતા હતા રાતા સમુદ્રથી આફ્રિકાના હબશી કિનારા ઉપર ચાલ્યા જતા હતા હબશામા સફાલા (મોઝામ્બિક) અને ઝયલઅ જતા હતા. અહિં ઝયલઅ હબશાનું બંદર હતુ, ત્યાથી સવાર થઇને ઝિન્જ અને યમન આવતા હતા. (ઇરતખરીઃ પા. ૩૬)

આફ્રિકામા ફરીને જંગબાર અને આખા આફ્રિકન કિનારામા ચાલીને, દક્ષિણ આફ્રિકાની સોનાની ખાણવાળી બંદરગાહમા દાખલ થતા હતા. એમના આ દર્યાઇ પ્રવાસનો અંત 'કન્મલૂ' ટાપુમા આવતો હતો. જેને હવે માડાગાસ્કર કહેવામા આવે છે. આ માર્ગનું વર્ણન મસઊદીએ 'મુરંવજુઝ ઝહબ'માં કર્યું છે. આજ તે કિનારા છે, જે હવે નાટાલ અને ટ્રાન્સવાલના નામોએ ઓળખાય છે.

સયરાફ અને અમાનથી અહિં વહાણો રવાના થતા હતા. વહાણવટીઓ મોટે ભાગે અઝદ કબીલાના હતા. એ સયરાફ અને અમાનથી હબશા, ઝયલઅ, અયઝાબ, સવાકિન, ઝન્જબાર, (જંગબાર) અને બરબરા થઇને માડાગસ્કર જતા હતા. પછી પાછા ફરી આવતા હતા. હબશાના કિનારાથી અંબર અને બરબરાથી સોનું લાવતા હતા. માડાગાસ્કરમાં ચોથી સદી હિજરીના આરંભમાં અરબોની નવી વસાહત કાયમ હતી. આજ તે કિનારા છે, જેની પાસે પોર્ટુગીઝ વહાણવટીઓ અને વારસોડી ગામાની મુલાકાત દસમી સદી હિજરીમાં અરબ વહાણવટીઓ સાથે થઇ, અને એમનાથી તેમને હિન્દુસ્તાન જવાના માર્ગની માહિતી મળી.

અમ્માનના અરબોની બરબર અને દર્યાઇ સત્તા નવમી સદી હિજરીમાં આ કિનારાઓ ઉપર એટલી બધી વધી ગઇ હતી કે તે અમ્માનની સલ્તનતના ભાગો બની ગયા હતા જંગબાર લાંબા સમય સુધી અમ્માનના સુલતાનોના તાબામાં હતું. યૂરપીયનોએ એમની સત્તા તોડી.

ભૂમધ્ય સમુદ્ર

બની અબ્બાસની હકૂમત ભૂમધ્ય સમુદ્રમાં સિરિયાના કિનારાઓથી લઇને ઉત્તર આફ્રિકામાં બલ્બલ તારિક (જિબ્રાલ્ટર) સુધી હતી.

ઓલ ઇન્ડિયા રેડીઓનું
પખવાડિક
"આવાઝ ઉર્દૂ"
અથવા
"સારંગ" હિન્દી
વાંચો અને રેડીઓ સાંભળો
છુટક નકલ સાડા ત્રણ આના.
ધી રાંદેર સ્ટોર્સ કણપીઠ સુરત



રોમન હુમલાઓનો અટકાવ એમને હમેશાં રહેતો હતો. જેથી જ્યુ ઉમરાવ એ સિરિયાના કિનારા ઉપર સૂરમાં વહાણો બનાવવાનું જે કારખાનું કાયમ કર્યું હતું, તેને એમણે પણ કાયમ રાખ્યું, પણ મુતવક્કેલ બિલ્લાહએ વિ સ. ૨૪૭માં એને સૂરથી ફરી અક્કામ ફેરવ્યું અને તમામ કિનારાની વ્યવસ્થા નવે નામે કરી. (જલાઝરીઃ પા-૧૧૮) (અપૂર્ણ)

પરમો (ગોનોરીઆ) અને—

પેશાબનાં ભયંકર દર્દોનો સંપૂર્ણ ફત્તેહમંદ ઇલાજ

ડોક્ટર જસાણીની જગમશહુર અસલ દવા

ગોનો-કિલર

[રજીસ્ટર્ડ]

એકવડક આજેજ અજમાવો

ગમે તે કારણથી લાગુ થયેલ તુરતનો અથવા જુનામાં, જુનો પરમો, પ્રમેહ (પરમોઓ) સ્વપ્નામા તથા પેશાબમાં જતી ધાતુ, તથા રસી (પરૂ,) થતી સખ્ત બળતરા, ટીપું ટીપું તથા અટકીને થતો પેશાબ, મુત્રાશયમાં આવેલો સોજો તથા થયેલો જખમ તથા સ્ત્રીઓ અને પુરૂષોનાં પેશાબને લગતા તમામ દર્દોને જડમુળથી નાશ કરી બગડેલી ધાતુને સુધારી રવચ્છ અને ધટ્ટ કરે છે.

પચાસ ૫૦) ગોળીની બાટલીની કીંમત રૂા. ૩)
વી. પી. ખર્ચ આઠ આના જુદુ.



* ચેતવણી *

નકલીઓથી ચેતજો. ખરીદ કરતી વખતે દવાનું નામ ગોનોકીલર અને કુકડા છાપ સીલબંધ પેકેટ તપાસી લેજો.

એકલા બનાવનાર ડો. ડી. એન. જસાણી,
વીઠલભાઇ પટેલ રોડ, મુંબઇ નં. ૪
સ્ટોકીસ્ટ : શ્રી. એન. ધ્રુવદર્શ, કણપીઠ, સુરત.
આફ્રિકાના એજન્ટ:—યુનીયન પ્રીન્ટીંગ વર્કસ, ૯૩, વિક્ટોરીઆ સ્ટ્રીટ ડર્બાન.

"દામને યૂસુફ (અ.)"

અઝ : જનાબ "ગાલિબ" નિઝામી સાહેબ (બરોદા)

બિઝાં બાઈ દૂઈ હૈ હુસ્ન કે આબાદ ગુલ્શન પર;
ગુલામી કા ઝમાના ઔર ફિર યૂસુફકે દામન પર.

ઝુલેખા હાથ રખ લેતી હૈ અપને રૂએ રોશન પર;
હંમીકો મૌજ લેહરાતી હૈ જબ યૂસુફકે દામન પર.

ઉઠા સાકે નહીં બિરકો કૃરિશ્તે અપની ગરદન પર;
વહી બારે અમાનત રેહ ગયા યૂસુફકે દામને પર.

જહાં હો પાક દામાની વહી હૈ ચાક દામાની;
મેરે દિલને યે બિસરા લિખ દિયા યૂસુફકે દામનં પર.

યે વોહ દામન કે જિસ્સે પાકીએ કલ્બો નજર પૈદા;
નિગાહે બદ સબક લેતી રહી યૂસુફકે દામન પર.

અઝીઝે મિસ્ર કી મેહફિલ થી ઔર બાતેં ઈશારોમેં;
હઝારોં પુતલીયાં ફિરને લગીં યૂસુફકે દામન પર.

ન અબ વોહ ગેહરે તાબાં હૈ ન અબ વોહ ચાંદ તારે હૈં;
નમાઝે પઢનેવાલે પઢ ગએ યૂસુફકે દામન પર.

કભી ઝિંદાંકી પાબંદી, કભી શાહી કી આઝાદી;
ગરઝ સામાને ચૈશો ગમ રહે યૂસુફકે દામન પર.

વહાં દસ્તે જુનૂ થા ઔર યહાં દસ્તે ઝુલેખા થા;
તસદદુક દામને મજનૂ હુઆ યૂસુફકે દામન પર.

બસી હિસ્તેસે શાયદ કૈદીયોંને સહતનત પાઇ,
નઝર આની હૈ કૈાઇ કૈહકશાં યૂસુફકે દામન પર.

ખુદાકા શુક્ર હૈ યે ભી કે બસ તારીક ઝિંદાંમેં;
ઝુલેખા તેરા પરદા રેહ ગયા યૂસુફકે દામન પર.

હઝારોં ચાક દામાં હોં ચમનવાલે તો કયા હાસિલ;
કે દામન ચાક હોના ખત્મ હૈ યૂસુફકે દામન પર.

હુઈ આખિરકો મોહતાજે રફૂ અપની જગે "ગાલિબ"
કિતાબે જિસ કદર લિખ્ખી ગઈ યૂસુફકે દામન પર.

યુવા ઋતુ

લેખક : શાસ્ત્રી છગનલાલ ડી. ઉપાધ્યાય

"વિદ્યાની વિદ્યુત ખીલે પ્રતિભા તરણો તણી;
પ્રસંગ પ્રેરણા રેલે, લીલા તપ પ્રતાપની."
(કવિશ્રી લલિતજી)

યુવાઋતુ શારીરિક, માનસિક અને નૈતિક શક્તિઓનો સંચય કરવાનો સમય છે. એ સાનુકૂળ સમયનો સદુપયોગ કરી લેવો ઘટે છે. જીવનને ઉન્નત બનાવવા માટે પાણી પહેલાં પાળ ન બાંધી તો જળ વહી ગયે શોચના કરવી નકામી. ઇચ્છા શક્તિ કે સંકલ્પ બળ કેળવવા માટે યૌવન જોઇએ. યૌવન એટલે આદર્શ સાધવાનો સમય અને ક્ષેત્ર. જીવનની સુધારણા માટે યૌવન જેવો બીજો સમય નથી. ક્ષેત્ર નથી. યુવાવસ્થામાં મૂડીનો સંચય કરીને વૃદ્ધાવસ્થા સુખમાં ગાળી શકાય.

યુવક એટલે સમાજનો સભ્ય અને ભાવિ પિતા. યુવક એટલે આશાવાદ, ઉત્સાહ અને ઉલ્લાસની મૂર્તિ. કર્મવીર થવા માટે યૌવનના આદર્શ ઊંચા જોઇએ. અકર્મ-ણ્યતા-અને યૌવનનું અસ્તિત્વ જીવનમાં એક સાથે સંભવે તો તે નિર્માલ્યતાનાં સૂચનરૂપ છે. જીવનમાં જોમ હોય ત્યારે જીવન-ચારિત્ર -ક્ષેત્ર ન સધાય તો સધાશે કયારે? યૌવનને વિલાસ અને અકર્મણ્યતાથી વેડફી મારીને વિકાસને બદલે વિનાશને આવકાર આપવો રહ્યો. યૌવનકળી કરમાયા પછી-જીવનપુષ્પની પાંખડી ખરી પડવા પછી ફળની આશા રાખવી એટલે આકાશકુસુમ મેળવવાની ઇચ્છા કરવી.

યુવાઋતુ ભૂલ, મદ, મિથ્યાભિમાન અને બિન અનુભવનો પણ સમય છે. પ્રમાદ, બેદરકારી અને વધારે પડતા કાબૂથી યૌવનની સૌન્દર્યતા ઝાંખી ન થાય તેમજ યૌવનના વિકાસને બાધ ન નીવડે એટલા માટે યુવકોને વડીલની સલાહ, અનુકંપા અને પ્રોત્સાહનની જરૂર છે. નિન્દા, ઠપકા અને નિરૂત્સાહી કરે એવાં વચનોદ્વારા પ્રતિકૂળ ચેતન ન થતું હોય તો યુવાન હૃદયમા ચેતન છે, શક્તિ છે, મહત્વાકાંક્ષા છે અને "ઝાડ ચઢું પડ ચઢું" એવી કાર્ય કરવાની ધગશ હોય છે-તેનો સદુપયોગ થવાને અવકાશ મળે, વડીલો સાથેના સંબંધમાં યુવકને પ્રેમ, માન અને શ્રધ્ધા હોય છે-ન હોય તો હોવી જોઇએ; અને તે પણ બાહ્યાડંબર માટે નહીં. પ્રેમ વિહોણું માન સત્વરસ વિહોણાં ભોજન જેવું લુખું છે. જેવા સંસ્કાર તેવો યુવક-તેનાં જીવનની ઇમારત માંતાપિતાનાં લક્ષણ અને ગૃહસંસ્કારની આધાર શિલાપર ચણાય છે.

યૌવનમાં કાવ્ય અને ઘડપણમાં તત્વજ્ઞાન. વ્યાવહારિક બાબતમાં પણ એજ નિયમ બહુધા લાગુ પડે છે, યૌવનમાં મનુષ્ય બાહ્ય દુનિયાના રંગ ઢંગ ઉપરથી કલ્પના કરી જીવનના આદર્શ બાંધી કરે છે અને પ્રૌઢ થતાં તેનો અમલ કરે છે. યૌવનમાં થએલી ભૂલ આખી જીંદગી આલે છે, યૌવનમાં મેળવી લીધેલું ચારિત્ર્ય બળ જીવનસમગ્રને સુધી કરે છે.

જીવનની લંબાઈ વર્ષોથી મપાતી નથી પણ કાર્યથી અંકાય છે. યુવકોમાં શોધકબુદ્ધિ હોય છે; ન્યાય છણવાની આવડત ઓછી. યુવક કામ કરનાર હોય છે; સલાહ આપનાર નહીં, પણ તે નવી યોજના માટે અને નહીંકે પકડી રાખવા કાર્ય પરત્વે. તેજસ્વી પુરૂષમાં વયના પ્રમાણ અનાવશ્યક છે. બુદ્ધ, શંકરાચાર્ય

માટીનું ઢાંકણું વગેરેનો પુનરાવર્તનનો કાર્ય જોતા એક યુવક ધારે તો ગમે તેવું મહાન કાર્ય કરી શકે છે. અલબત્ત તેને માટે આવશ્યક શક્તિ અને ગુણ તેણે સંપાદન કરેલા હોવા જોઇએ. યુવકના સંઘબળથી કેવા અને કેટલા દેશોદ્ધારનાં કાર્ય થઇ શકે તે સહેજે સમજી શકાય એવું છે.

સોક્રેટીસ યુવકને દર્પણમાં જોવા કહે છે. દર્પણમાં તમારી પ્રતિકૃતિ જોઇને સૌંદર્યવાન હો તો સૌંદર્યને કૃપણરૂપ થઇ પડે એવું આચરણ રખે કરતા. બાહ્ય સૌંદર્યના જેવું આંતરસૌંદર્ય પણ ખીલી નીકળે એમ કરજો. જો બદસૂરત હો તો તેને સદ્‌ગુણથી શોભાવજો. સદ્‌ગુણ મનુષ્યનું ખરું સૌંદર્ય છે અને વાણી ભૂષણ છે. આત્મસંસ્કૃતિ, આત્મ-નિયમન, અને સંયમી જીવન ઉપર જીવન સાફલ્યનો આધાર છે. વિનય, વડીલની આજ્ઞાનું પાલન અને આમજનો માટે સ્નેહભાવ એ યુવકના ભૂષણ છે યુવક બધુઓ, કોઇની નિન્દા રખે કરતા, કારણ કે યુવકોએ પણ વૃધ્ધ થવાનું છે. બાહ્યાક હોય તેને બધા ચાહે એવો નિયમ નથી, સ્નેહાળ સ્વભાવ, ચારિત્ર્ય અને સદાશયને લીધે બધાં ચાહે છે; તેની સાથે ચાલાકી હોય તો સોના સાથે સુગંધના મેળ જેવું.

યુવાઋતુના સુવર્ણકાળમાં સદ્‌ગુણ ભરાય અને સત્યની પસંદગી દ્રઢાપણ પૂર્વક કરી લેવી ઘટે છે, કારણ કે તે મુખ્ય યૌવનકાળનું માન કે અપમાન, કીર્તિ કે અપકીર્તિ તરત વળી જાય છે. જ્યાં સુધી શરીર આરોગ્ય છે, શરીરમાં જોમ છે ત્યાં સુધીમાં જેટલાં સાર્થ કામ થાય એટલા કરી લેવા. દુન્યવી આનંદની તૃષ્ણા જાગમાં રખે સપડાઇ જતા. A youth of revels breeds on age of care.

ગૌતમબુદ્ધ કહે છે:—"એક બાળકના વિચાર એવા હોવા જોઇએ કે જેણે મ્હારૂં પોષણ કીધું તેમનુ હું કરીશ. મ્હારા ગૃહસ્થી તરીકેના ધર્મ બજાવી માબાપિકતનું રક્ષણ કરી તેમના ખરા વારસ થવાની લાયકાત સિધ્ધ કરીશ તેમનો વંશજ હોવાનું અભિમાન માત્ર વાણીમાંજ નહીં પણ વર્તન પ્રદેશમાં વિચરીને

મુસ્લિમ બિરાદરોને ખુશ ખબર:—

દરેક કેમોલી સફીન પધારનારા ગૃહસ્થોને પરદાની પુરતી સગવડ સચવાય તેવા રૂમ્સ સાથે ઇલેકટ્રીક લાઇટ, હવા ઉજાસ અને અપ-ટુ-ડેટ ફરનીચર તથા ફ્રેશ ખોરાકની સુંદર સગવડતા સાથેનું વિશ્વાસ પાત્ર સ્થળ:—

—: બિસ્મીલ્લાહ હોટલ :—

ટે૦ રેલ્વે સ્ટેશન સામે, સુરત.

માલેકઃ— જે. એચ. સુમાર કાસમાણી



દેવાધીશ. તેમનો દેહ વિલય થયા પછીપ તેમની સ્મૃતિ તાજી રાખવા પ્રયત્ન કરીશ."

સિધ્ધાંત વિદ્યાર્થીનું જીવન સૂકાની વિનાની નાવ જેવું છે. સિધ્ધાંત બાંધી તેનું પાલન કરવામાં જીવનનું મૂલ્ય છે–મનુષ્યત્વ છે અને આવાં યશસ્વી જીવનની એક પળ શુષ્ક જીવનના યુગ કરતાં સમાજને વધુ ઉપયોગી છે. સદાશયી મનુષ્ય બધાને જીતી શકે છે. વૃધ્ધોને–વડીલોને સ્નેહાળ શબ્દોથી વિનવો. સ્નેહાળ શબ્દોમાં પરીવર્તન છે, અને શુભેચ્છા એવી એક કુંચી છે કે કોઇપણ હૃદયને બારણે તાળું મારી શકે છે. પ્રગતિપન્થે પ્રયાણ કરવાનો આ જમાનો છે. યુવાઋતુ સફળ કરવાનો સુયોગ્ય સમય છે.

આજના યુવકોમાં જોઇએ તેવી શારીરિક સંપત્તિ નથી, માનસિક અને નૈતિક બળ નથી. હોય તો અપવાદરૂપ. જમાનો એવો છે, કારણ પાશ્ચાત્ય રહેણી કહેણીનું બનેલું અણઘટ્યું થતું અનુકરણ, આધુનિક કેળવણીની પ્રથા અને બાળલગ્નની બદી, સંસ્કૃતિના અભાવે અને સંસારની અર્થહીનતા ક્રિયાઓને લીધે આવી સ્થિતિ પગભર થતી જાય છે. ઉન્નતાવસ્થા પુનઃપ્રાપ્ત કરીને ઉત્કૃષ્ટ જીવન જીવવું હોય તો વ્યસનોને તિલાંજલી આપવી. બ્રહ્મચર્ય પાલનથી શરીર બળ કેળવવું, સાદું જીવન ગાળતાં શિખવું, વિદ્યાર્થી જીવનના નિયમોનું પાલન કરી કેળવણી લેવી અને મુક્ત ગતિમાં રહીને સત્સાહિત્યનું સેવન કરવું ઘટે છે. જાગ્યા ત્યાંથી સવાર ગણીને ચેતીને ચાલીએ તોયે સુધારણાને અવકાશ છે. યુવક ધારે તો અશક્યતાના વિચારને મગજમાં ઘુસવાજ ન દે. અનિષ્ટ તત્વોનું જ્ઞાન થયે તેને વિના વિલમ્બે ઉચાળા ભરાવેજ છૂટકો. માત્ર વાણી વિલાસ અને વિચારની માળા ફેરવ્યે કે ન વળે વાણી વિચાર અને વર્તનની એકરૂપતા જોઇએ.

આજનું જીવન પરાવલંબી થતું જાય છે. સ્વાવલંબન અને શુદ્ધ સ્નેહનો અભાવ છે. સ્વાશ્રય કૃતેદની કુંચી છે. ખોટા દમામને લીધે પાશ્ચાત્ય કેળવણી લેનારા યુવકો વડીલોની સેવા કરવાને બદલે તેમના તરફથી સેવાકાર્યની (સુધરેલી રીતે) ઇચ્છા રાખતા દેખાય છે. આવા અણઘટતાં વર્તનમાં દંભનો ફેર આવે છે. માતાપિતાની સેવા એ પ્રથમ ધર્મ છે. કર્તવ્ય પરાયણતાના અજ્ઞાનને લીધે સુચારિત્રી સુખરૂપ થવાને બદલે પુત્રો માબાપને દુઃખરૂપ થઇ પડે છે.

યુવાઋતુમાં કરવા જેવા કામ કરો. આદર્શ-દર્શી થઇ તમારા જીવનનાં ધ્યેયે પહોંચવા સફળ પ્રયત્ન કરો. દેશ દીપક નજ થઇ શકો તો કુલદીપક થવા યે યત્ન કરો, માનવ જીવનમાં કેમનું હિત ન સધાયું તો તે શા અર્થનું? કવિ કહે છેઃ

"યુવાઋતુ અફળ ગઇ ફરી ન આવે."

રાંદેરની મુલાકાત લેતાં
કયાં જમશો?

ધી પાગલ કોટેજ
રેસ્ટોરાં.

ઉમદા ફલોરા, રાંદેર.

જ્યાંની દરરોજની નવી નવી વાનગીનો ટેસ્ટ તમારા મોઢામાં યાદદાસ્ત રૂપે રહી જશે.

માલિકઃ- ઇ. એસ. મેકુજી

છું, ? હું પણ એક વેળા ચાંદની રાત અને શરયુની મીઠી મીઠી વાતો સિવાય બીજા કશામાં માનતો નહિ. મારી નજરમાં એ રમ્યા કરતી. મહને જીવન અને જગત વિષે વિચાર કરવા-નીએ પુરસત નોતી. મહને તો લાગ્યા કરતુ કે જ્યાં સુધી જગતમાં મારી શરયુ છે ત્યાં સુધી બધુંજ સુદર છે પણ એક વાર જ્યારે મેં મારી સુંદર અને શરમાળ શરયુને કહ્યું કે "તારા વિના મને નથી ચાલતું, હું તારા વિના જીવી શકીશ નહિ," ત્યારે એ બોલી "મધુ, આ સસારમાં આપણું જ્યા ઘણી વસ્તુઓ વિનાજ ચલાવી લઇએ છીએ ત્યાં એક શરયુ વિના તમને નથી ચાલતુ એ હું કેમ માની શકુ ? અને એમ હોય તોપણ શરયુ બિચારી શુ કરી શકે એમ છે ? શુ તુ નથી જાણતો કે સમાજમાં રહી-નેજ માનવી પોતનું કલ્યાણ કરી શકે છે ? વળી તારા જીવનની જવાબદારી મારા ઉપર શા માટે નાખે છે ? આજના જગતનો સૌથી મહાન સવાલ આજ નથી શું કે કોણે કોની અને કેટલી જવાબદારી લેવી જોઇએ ?" મધુ બોલ્યો "હા એ બધું હું એ જાણુ છું પણ પ્રેમના રાજ્ય નિરાળાં છે પ્રેમમાં જવાબ-દારી જેવુ કશુંજ નથી તું મારી થાય એટલે હુ બધું સંભાળી લઇશ " શરયુ બોલી ' તું હજી જગત અને જીવન વિષે અભ્યાસ કરે એમ મારી ઇચ્છા છે તું આવો પાગલ છે એમ મે, નોતુ ધાર્યું." મધુને લાગ્યું કે શરયુ તેને બનાવી રહી છે, ખોટો આવી રહી છે. શરયુ સમાજથી ડરે છે. પછી મે તેને કહ્યું "તું અને તારો સમાજ એકલાં રહેજો. હું એક એવા સમાજની રચના કરીશ જ્યાં મધુ પણ હશે અને શરયુ પણ તે સમાજમાં સુખી હશે, નહિ હશે કેવળ પોકાર્યાથી અટલુ બોલી હું ત્યાંથી ઉઠ્યો." "તારા નવા સમાજની તને હું અત્યારથી મુબારકબાદી આપુ છું" શેષ્યુ બોલી ગઇ

થોડા દિવસ પછી શરયુના લગન થયાં મધુને લાગ્યુ કે લાવ એક છેલ્લી મુલાકાત કરી આવુ. એ ગયો. શરયુએ એને તરત પૂછ્યું "કેમ મધુ તારા નવા સમાજના શા સમાચાર છે ?" "તને એની ચિંતા શા માટે રહે છે ? અમે અમારું કોડી લઇશું." મધુએ વાત બદલવાનો પ્રયત્ન કર્યો "મધુ હજીએ કહું છું, કે તારી ઘેલછા મૂકી દે અને મારી બાકી સમાજ પાસેથી એકાદ સર્ટીફીકેટ માંગી લે" શરયુ બોલી સ્ત્રી આગળ હાર કબૂલી મધુ બોલ્યો. "શરયુ હવે કોની સાથે રહેવા માટે એ બધું કરે ?" શરયુથી હસી જવાયુ. મધુ ત્યાંથી છેલ્લી સલામ કરી ઉઠ્યો.





હાર્યો જુવાન કવિતા લખવા લાગ્યો. એની કવિતામાં હાર-જીતના કરુણ ગાયો હતાં, જીવનની પેલે પાર રહેલ આત્માનો નાદ હતો, નવા સંસારની ઝંખના હતી, સમાજ સાથે વેર લેવાની વૃત્તિ હતી. શરયુ વિષેની એની તીખાસ હતી. આ બધું હોવા છતાં કોઈ જાણતું નોતું કે એ કવિ છે કોણ?

એક મેળાવડામાં શરયુ પોતાના પતિ સાથે હાજર હતી. એ જલસામાં અજાણ્યા કવિનું એક સુંદર ગીત એક નાની બાળકીએ અતિ મધુર કંઠથી ગાયું. ગીતનો ભાવાર્થ હતો:-

"હું મારા નવા સમાજની જગત દેખી શકે એવી રચના કરી શકયો નથી તેનો મને જરાપણ અફસોસ નથી. મ્હારો સમાજ મ્હારી કવિતામાં છુપાએલો રહે એમાં ઇચ્છું છું. જ્યારે હું અને શરયુ નહિ હશું ત્યારે એ સમાજ પેદા થશે." ગીત સાંભળ્યા પછી શરયુ ભડક થઇ ગઇ, અને પતિને કહેવા લાગી, "આવાજ એક પાગલ કવિ સાથે મને મિત્રતા હતી. એને પણ નવા સમાજની ઘેલછા લાગી હતી, પણ એણે સમાજથી હાર ખાધી. એ કયાંક છુપાઇ ગયો, હોઇ શકે છે કે આ ગીત મધુનુંજ હોય" "શરયુ હું એ કવિને ઓળખું છું. એ પેલો પાગલ મધુ. મેંજ એને કવિતા લખવા માટે કહ્યું હતું. એ જરા ઉતાવળીયો છે. નવા સમાજની રચના કાંઇ એક બે વરસમાં નહિ થાય. એ સમાજને વર્ષો લાગશે. કદાચ આપણે ત્રણે નહિ હોઇશું ત્યારે એ સમાજ સંસારમાં આવશે." પતિએ શરયુને જુના-કવિની ઓળખ આપી. શરયુ ઘેલી ઘેલી બની ગઇ. એણે કવિ ઉપર પત્ર લખ્યો:—

પ્રિય કવિશ્રી,

તમારા નવા સમાજનો પાયો નંખાયો છે, આખી ઇમારત ઉભી થતાં વર્ષો લાગશે. મ્હારી તમને મુબારક બાદ"

લી. આપની

શરયુ.

યુવા અને જરા

"યદા વિશ્વ યૌવન સાળું પહેરે
વૃક્ષો બધા નવ પલ્લવ પામે,
બગ હંસ સમ જ્યારે રાચે
ને પ્રતિ કુમારી રાણી દીસે;
તદા ઘૂમજે યુવા વિશ્વ સમસ્તે
શોભ યૌવનને નવ... શોભે,
યુવાન લોહી આત્મવિકાસ વાંચ્છે
જ્યમ શ્વાન પશુ ભાગ્યદિન એક ઇચ્છે
દૃઢત્વ જ્યારે પ્રતુલાસ વરશે
ને છોડ કુણા કુમળાઇ જશે,
ઉલ્લાસ મરતી શિથિલ ભાસે
ને વિશ્વ સારૂં રસહીન લાગે;
તદા ગૂઢે તું પ્રતિવાર પ્યારા
અશક્ત વૃધ્ધો મહિં સ્થાન લેજે.
વાંચ્છું વિભુ દે એ સ્નેહ મૂર્તિ
જે યૌવને તવ હૃદયેશ્વરી 'તી.*

"સાગર" જેતપુરી.

*Charle's Kingsly ના youth & age નો ભાવાનુવાદ

વેપારી  ડિરેક્ટરી

અરબી ગુજરાતી કુરઆને શરીફ.

કુરઆને શરીફ અરબી મોટા ખુબસુરત હરફે માં તેની પાછળ એજ આયતો ગુજરાતી મોટા ટાઇપમાં સહીહ વાંચવાના ચીન્હો સહિત તેની નીચે ગુજરાતી સરળ તરજુમે, મોટા એક હજાર પેજ પર પંદર સીપારાના બે ભાગ પાકી બાઇન્ડીંગ હદીયો રૂા. ૧૨) પો. ૩. ના પરદેશ રૂા. ૪) લખો-રાહેનજાત ઓફાસ, ભાવનગર.

હિન્દી બનાવટના હેરઑઇલો, નહાવાના સાબુઓ, દંત મંજન, ટાઇલેટ પાવડર, સ્ટેશનરી, વીગરે માટે

ધી સંદેર સ્ટોર્સ

કણપીઠ, સુરતમાં

એકવાર પધારો.

લખનોવાલા અસગરઅલી મોહમદઅલીના

અત્તરો

½ તોલાની શીશી એકના

ચાર આના અને આઠ આના.

ધી સંદેર સ્ટોર્સ : કણપીઠ, સુરત.

લયલાના પત્રો

૧૯૪૧ નું સનસનાટીભર્યું પુસ્તક

મૂલ્ય બે રૂપીઆ.

(વી પી પોસ્ટેજ જુદું)

ઇમામુદ્દીન સ. દરગાહવાલા

દરગાહ શરીફ, નવસારી

બઝમે ઇકબાલનું ૭મું પુસ્તક

ઝમ્હાબુલ રીલ

મુલ્ય દશ આના

પોસ્ટેજ બે આના વધુ

બઝમે ઇકબાલ, કઠોર.

તાજ કું., ફીરોઝ સન્સ, અંજુમને હિમાયતે ઈસ્લામ, લાહોર અને મત્બએ મુહમ્મદી, મુંબઇના

કુર્આન શરીફ અને હિમાએલ શરીફ

દરેક સાઇઝમાં

ધી સંદેર સ્ટોર્સ : કણપીઠ, સુરત.

આ બધાના માટેનો માસિક ચાર્જ ફક્ત એક રૂપીઓ. બાર માસ માટે રૂા. ૧૨) બાહેર બખર આપનારને ૭ આનાનો 'કારવા'નો અંક પણ મળે છે.


"Karavan" Agents:-

1) LIMBADA & Co.
22, Diagonal street,
JOHANNESBURG

2) UNION PRINTING WORKS
91, Victoria Street.
DURBAN.

પત્રવહેવાર વેળા "કારવાં"નો હવાલો જરૂર આપો.

ઇન્કિલાબ



નો



ઇતિહાસ

[એક ઇતિહાસિક સત્યનો પ્રકાશ]

લેખક:-અબ્દુલ જબ્બાર સી. અમીન

હિંદના વિપુલ સાધન-સાહિત્યો, એનાં અખુટ ભૂમિ-ભંડાર, એનાં અમાપ ધન-ભંડારો, એનું અપાર ખેતી-ધન, એની અસીમ દૌલત અને વૈભવથી એના પ્રતિ કોણ આકર્ષાયું નથી? સેંકડો નહિં, બલ્કે હજારો વર્ષથી એ દેશ પોતાના ઉપલાં આકર્ષણોના કારણે આખાય જગતને પોતાની પ્રતિ આકર્ષી રહ્યો છે. એ ભારત વર્ષ એટલું નસીબદાર છે! ને એજ નસીબદારીના પ્રતાપે હજારો વર્ષોથી એ ભૂમિ પરદેશીઓના હુમલા ઓની ભોગ બની રહી છે. એટલીજ એની કમનસીબી છે!

ને આજે પણ જગતના રાજનીતિજ્ઞ પુરૂષોને સૂર્ય જયમ પ્રકાશિત છે કે એ દેશ જેની સત્તા હેઠળ હશે તેજ પ્રજા જગતમાં દિગ્વિજય સહેલાઇથી ભોગવી શકે છે, ને અછત કોમનું ઝળકતું જીવન જીવી શકે છે

વાત પણ ખરી છે! છપ્પન કરોડ ઉપરાંત માનવોથી આબાદ, એક આખો સમો વિશાળ દેશ પોતાના અપાર જન-સંખ્યા બળ અપૂર્વ સાધન-બળ, અમાપ સાહિત્ય-બળ, એનાં અખુટ અનાજ ભંડારો, અને વિપુલ ધન-ભંડારોથી હિન્દ શું નથી કરી શકતું? અરે, ભારત વર્ષ તો એની માલેક-રાજકર્તા કોમની કામધેનુ છે!

ને આજે પણ એ એવુંજ છે જેવું એ કાલે હતું. ઇતિહાસના લગાર પૃષ્ઠો ઉથલાવી જુઓ! લગાર ધ્યાનપૂર્વક નિહાળી મનન કરી જુઓ! વાત એ સહેજે સમજાઇ જશે કે લગભગ દરેક સદીના પછી કે કદી કદી સદીયે હિન્દુસ્તાન જન્નત-સમાન ભૂમિથી આકર્ષાઈ એના ઉપર કોઇને કોઇ એવી પ્રજાએ હુમલો કર્યો છે કે જે પ્રજા મધ્ય એશીયા કે તેની આસપાસના પ્રદેશમાંથી ચઢી આવી છે. દરેક સો વર્ષ પછી ઇતિહાસે **એ સત્યનું પુનરાવર્તન** કર્યું છે. એજ પુનરાવર્તન પરિવર્તનો, હિંદુ-રાજ્ય-પલ્ટાઓ કે પરદેશી આક્રમણોથી રક્ષણ કરવા પાછળ હિન્દની ઘણીખરી દૌલત વેડફાઇ ગઇ છે કે હુમલા કરનારાઓ પરદેશ સમેટી લઇ ગયા છે.

હિન્દુસ્તાનની કંગાળ દશા, એની પડતી, એના હુન્નર-ઉદ્યોગોના પતનના ભેદ અને રહસ્ય એ આક્રમણો અને ઇન્કિલાબોમાંજ સમાયાં છે!

હવે હિન્દુસ્તાન ઉપર સદીઓથી જે હુમલાઓ થતા રહ્યા છે તે હુમલાઓના લગભગ ૬ સ. વર્ષ, એ હુમલા લાવનારોના નામ, તેમનાં રહેવાના સ્થળ સંબંધી નીચે એક કોઠો આપવામાં આવે છે તે ઉપરથી ઉપરોક્ત દર્શાવેલ સત્યનો સ્પષ્ટ સ્ફોટ થઇ જશે.



હિન્દ પર હુમલો કરનારનું નામ	ક્યાંથી આવ્યો	ક્યારે આવ્યો લગભગ ઈ. સ વર્ષ	ટિકા
દારા (ડગપસ)	ઈરાન	ઈ. સ પૂર્વ ૫૧૫	
સિકંદર	ગ્રીસ દેશ	,, ,, ,, ૩૨૭	
સેલ્યુકસ નિકેટર	બાકટ્રીયા	,, ,, ,, ૩૦૫	
મીનેન્ડર	,, (અફઘ)	,, ,, ,, ૧૫૦	
સીથીઅન કે શક	મધ્ય એશીયા	ઈ. સ. ૪૫	
યુરેચી કે કુશાન.	,, [તુરાન]	,, ,, ૧૨૦	
હુણ	મધ્ય એશીયા	,, ,, ૨૫૦	
,,	,,	,, ,, ૩૩૮	
,,	,,	,, ,, ૪૫૦	
મીહીર ગુપ્ત	,,	,, ,, ૫૨૮	
મુહમ્મદ બિન કાસિમ	બગદાદ	,, ,, ૭૧૨	
મહમૂદ ગઝનવી	ગિઝની	,, ,, ૧૦૦૧ થી ૧૦૨૪	એણે હિન્દ ઉપર સત્તર સવારીઓ કરી. છેલ્લી સવારી ૧૦૨૪માં સોમનાથ ઉપર કરી હતી.
મુહમ્મદ શાહબુદ્દીન ગૌરી	ગોર (અફગાનીસ્તાન)	,, ,, ૧૧૭૬	એણે છેલ્લો હુમલો ૧૧૯૩માં કર્યો.
ચંગીઝખાન મંગોલ	મધ્ય એશીયા	૧૨૨૬	
મોગલ-પ્રજા	,,	૧૨૯૫	
તૈમુર	,,	૧૩૯૮	
બાબર	,,	૧૫૨૬	
હુમાયું	ઈરાન	૧૫૫૬	
નાદિરશાહ	,,	૧૭૩૮	
અબ્દાલી-પ્રજા:- (૪૨૮ ઈંડીયા કું.)	ઈરાન	૧૭૫૬	પ્લાસીના યુધ્ધમાં કલાઈવે જીત મેળવી હિન્દમાં બ્રીટીશ સત્તા સ્થાપી.
અહમદશાહ અબ્દાલી	કાબુલ	૧૭૬૧	મરાઠા સત્તાનો ભંગ નાશ થયો.
દેશી સિપાહીઓનો બળવો		૧૮૫૭	બ્રિટિશ સરકારે હિન્દનો કબજો લીધો.



એ છે ભૂતકાળના હિન્દ ઉપર થયેલા હુમલા અને હિન્દમાં થયેલા ક્રાન્તિકલાબોનો ઇતિહાસ! હવે આધુનિક સમયમાં કોઇ આક્રમણનો ભય હિન્દના માથે ઝઝુમે છે કે કેમ તે તપાસીયે. સીસમી સદીના પ્રારંભ પહેલાંજ રશીયાના ઝારનો ભય હિન્દને લાગતો રહ્યો. ગત મહાન યુરોપીઅન વિગ્રહના વર્ષોની આખોએ જુલમગર ઝાર અને તેની સત્તાનો નાશ થતો જોયો; ત્યાર પછી બોલ્શેવીક રશીયા ઉત્પન્ન થયું. એનાં ડોળા પણ હિન્દ ઉપરજ હતા. એ રશીયા ઉપર હીટલરે ખૂંખાર આક્રમણ કર્યું. તે કાળ લગી એ રેડ-ભય હિંદ માથે ઝઝુમતોજ હતો. પણ એ ભય હવે નીકળી ગયો છે.

એ રાતો-ભય ઉપરાંત દૂર પૂર્વ તરફથી "પીળો-ભય" (જાપાન) હિન્દ તરફ દૂરથી ડોકીયાં કરતો દેખાય છે. આ બે ભય; લાલ અને પીળો, એમાંથી એક "રેડ"-ભય તો લાલ હતો ન હતો થઈ ગયો છે; પરંતુ એ ભયનું સ્થાન બીજા ભયે લીધું છે! ને એ ભય વધતો જાય છે! એ ભય તે નાઝી આક્રમણ!

નાઝી જર્મનીએ સોવીએટ રશીયા ઉપર ભારે આક્રમણ કર્યું છે. કદાચ એ નાઝી ધાડાં ટ્રાન્સ-કોકેશીયા સુધી ઇરાનની સરહદ નજીક આવી પહોંચ્યા તો કાનાક કે ઇરાનના માર્ગે તેઓ હિન્દ ઉપર આક્રમણ લાવી શકે છે. હિન્દના માથે હાલ આ બે ભય તો છે; પરન્તુ જ્યાં લગી બ્રિટિશ સરકારની સરહદ ઉપરની કાર્યક્ષેત્રમંડીઓ મજબુત, અને સંગીન છે; ને જ્યાં લગી બ્રીટીશ સરકારની પશ્ચિમમાં જીબ્રાલ્ટર અને સુએઝ અને પૂર્વમાં સિંગાપોરની અભેદ ચોકીઓ, હવે-મીકંદર સમી નાકાબંધીઓ સલામત અને સંગીન છે ત્યાં લગી હિન્દ ઉપર એકાએક હુમલા થવાનો સંભવ ઓછો છે. તાત્કાલિક કારણ હિન્દના સુખ, શાંતી અને ચૈન, દુઃખ, અશાંતિ અને બેચેનીમાં ફેરવાઈ જાય, અને હિન્દની સંસ્કૃતી, હિન્દનાં વિદ્યા-વિજ્ઞાન, હિન્દના હુનર-ઉદ્યોગો ફરી એક વાર એ નવિન હુમલાની ભેટ થઇ જાય તો એવા સમયે દરેક હિન્દીની શી ફરજ છે તે સમજી લેવાની જરૂર છે. પાણી પહેલાં પાળ બાંધવાની જેમ જરૂર છે તેમ એ હુમલાના ભયથી પ્રજાને સાવચેત કરી રક્ષિત કરવાની ફરજ લીડરો અને સરકારની છે.

દેશના અગ્રણીઓ, જીમ્મેદાર અમલદારો દેશના દ્વારે ડોકાતા જંગના રણશીંગડાંથી હિન્દીઓને સાવચેત કરી રહ્યા છે, પોતાની ફરજનું ભાન સમજી બીજાઓને તેમની ફરજનું ભાન કરાવી રહ્યા છે, ને દેશના રક્ષણાર્થે હિન્દુ અને મુસ્લિમ પ્રજાને એકત્ર થઈ પોતાથી બનતું કરી સ્વદેશ-રક્ષણાર્થે પોતાનો ફાળો અર્પવાની હાકલ કરી રહ્યા છે, છતાં હિન્દુ અને મુસ્લિમ પ્રજાની આંખો ઉઘડતી નથી. હિન્દુ-મુસ્લિમ હૃદયો જોડવા ન તો કોંગ્રેસ જેવી હિન્દની મહાન ગણાતી સંસ્થા પ્રયત્ન કરે છે, ન તો મુસ્લિમ લીગ કૈં મંથન કરે છે. પરંતુ ઉલટાં હિન્દુ-મુસ્લિમ એકસંપીમાં વધુ ને વધુ ફાટ અને અંતરાય પડે તેવી કારવાઈઓ જીમ્મેદાર વ્યક્તિઓ કે સંસ્થાઓ તરફથી થઇ રહી છે. એ બીના કૈં ઓછી અફસોસજનક છે?

ખુદા સૌને પોતપોતાની ખરી ફરજ પીછાણવાની સદ્બુદ્ધિ અર્પો. આમીન.

મૃત્યુ

['સાગર'— —જેતપુર]

(મારી ડાયરીનું એક પાનું)

૩૦ એપ્રીલ...

મેં તેને આજ પહેલીજવાર જોયું. સૌમ્ય, ભયાનક ને નિર્દય મૃત્યુને! તે પોતાના અપાર જુલ્મ અને ભયાનકતાના હથીયારોથી સજ્જ હતું.

પહેલીજવાર મેં તેને છેક મારી નજીક દેખ્યું. અરે, ખૂની મૌત! તેં જેને આજ મારાથી જુદી કરી દીધી તે મારી એક બ્હાલી સખી હતી....હમદર્દ બેન... એક સદ્‌ગુણી સુંદરી એક દુઃખીયારી બેવા, અને બે-ત્રાંક નિર્દોષ પતીમોતી એકલી આધાર!

છેલ્લા બે મહિના ભયંકર ખેંચતાણ થતી રહી. ઇન્સાની બળ અને મૃત્યુની વચ્ચે.

મૃત્યુને સફળતા મળી.

તે ધીરે ધીરે ચુપકીથી પોતાનું કામ કરતું રહ્યું. નિર્દય પણ મુંગા હાસ્ય સહ!

અમે દર્દીને દવા આપતા રહ્યા. શ્રેષ્ટ ડૉક્ટરોની મહેનત અને કોશિશોથી તૈયાર કરેલી દવાઓ!

આ દવાઓ તે હસ્તોથી દેવાતી હતી જે નિસ, તેનું જીવન દિર્ઘાયુ બને એવી પ્રાર્થના માટે ખુદાની સમક્ષ ફેલાતા.

તેના સંબંધીઓ અને દોસ્તોના દિલગીર અને પરેશાન ચહેરાઓ નિરંતર તેના પલંગને ઘેરી રહેતા.

તેઓ તેની દવા અને સેવાના કામોમાં લાગ્યા રહેતા, અને સતૈ સતૈ દુઆઓ માંગતા. સાચા હૃદયથી અને દર્દથી ભરપૂર દુઆઓ.

તેના જીવન માટે!

તેઓને સંતોષ થતો. તેમની પ્રાર્થનાઓ, તેમની દવાઓ અને સર્વથી વધીને તેમની તનતોડ સેવા કદી પણ વ્યર્થ નહિ જાય પણ જ્યારે દર્દની હાલત વધુ લથડતી ત્યારે તેઓ ગભરાઇ જતા. દુઆઓ ઔર જાઓ દર્દથી માગતા, ઘર દેતા, નવા ડૉક્ટરો બોલાવવામાં આવતા. નવી દવાઓ પીવરાવવામાં આવતી સેવા કરનારાઓ વધુ સાવચેત બની જતા.

મૃત્યુ ચુપચાપ વ્યર્થ ધીરે ધીરે પોતાનું કામ કરતું રહ્યું. કર્મવીર ઇન્સાનના વ્યર્થ પ્રયત્નો કાળના બળવાન ચક્રને જરા પણ પાછળ હટાવી ન શકયા. મૃત્યુના પંજામાં સપડાએલી મરીઝા મૃત્યુ શૈયાએ પોતાની સેવા કરનારાઓના કલ્પિત વિજય પર હસતી અને પોતે પણ તેઓની આશાઓમાં સાથે રહેતી.

ઉદાસ અને દુઃખપૂર્ણ આનંદ સહ!

મને તેણીનું હસવું હંમેશા શંકામાં નાખી દેતું. હૃદય પર ફટકો લાગતો. કોણ જાણે કેમ?

કદાચ અમારી પ્રાર્થનાઓ અને આશાઓ તેણીને આત્મિક શાન્તિ અર્પતી હશે. મૃત્યુ અને જિંદગીની ખેંચતાણ. તેને માટે વધુ કષ્ટમય થતી હશે.

ઝાલિમ, નિર્દય મૃત્યુએ પોતાનું કામ મૌનપણે ચાલુ રાખ્યું.

આજે સવારેજ હું તેને પંદર દિવસ પછી જોવા ગઇ હતી. તેની તબીઅત આ દિવસોમાં વધુ ખરાબ રહી. પણ અમે દવાઓ અને દુઆઓ પર શ્રધ્ધા રાખનાર-ઇન્સાનોની આશાઓ બાંધેલી હતી. તે અતિ કષ્ટ અને બેચેની ભોગવી રહી હતી.



તેણીએ મારી તરફ લાચાર અને સ્નેહભરી દૃષ્ટિએ જોયું. હું ધ્રુજ્યો. કલાકેક ત્યાં બેઠી: ભયંકર, પરેશાન, અમંગળ વિચારોથી ઘેરાએલી.

હું બેસી રહી. બિલકુલ ખામોશ! તેની ગરમ પેશાની અને ફિક્કા લાંબાને ધ્રુજતી, તે પણ કંઇ ન બોલી, મને શી ખબર કે તે હવે થોડા કલાકની મેહમાન છે!

ચાર વાગે ખબર પડી કે તેની હાલત અત્યંત નાજુક છે. તરતજ હું ત્યાં ગઇ. તેને જોયો. શ્વાસ રોકાઇ રોકાઇને કષ્ટથી આવતો. ખુલ્લી આંખો દીવાલની તરફ એવી રીતે લાગેલી હતી-જાણેકે કશું દેખાતું ન હોય. નિર્દય, ભયાનક મૃત્યુ, સામે ઉભું રહી હસી રહ્યું હતું. એક છેલ્લી હિચકી-દર્દનાક આહ સાથે મરીઝાનો અંત આવ્યો.

—અરે ખુદા, આવો અંત!

તે બનાવો અને તકલીફો, જે તેની સાથે હતાં, હંમેશા માટે તેની સાથે ફના થયાં.

તેનું મૃત દેહ તદ્દન લાગણી હિન અને ખામોશ હતું

આહ! દુનિયાની કોઇ સત્તા તેને હવે સજીવન કરી શકે એમ નથી. છેલ્લા બે મહિના તેને જરાય ચૈન નહોતું. આ વખતે તે પોતાને રોનારાઓની હૃદયદ્રાવક ચીસો અને રોવા પીટવાના દિલતોડ અવાજો છતાં, પુરેપુરી શાંતિ અને હંમેશની હાલ્યા ચાલ્યા વગર પડી હતી. પહેલાં એને કોઇ પડખે નહોતું પડતું, પણ હવે-સમજ પડતી નથી કેમ-આટલા આરામથી પડી રહી હતી.

"ન હવાએ દૂરથી દિલ કરમ,
ન ફિજાએ બાગ થી નં ફકાર
જિસે ઢુંઢતા થા મરીઝે ગમ,
વોહ સુકૂન ઝેરે મઝાર હૈ."

સાંજનું તિમિર ફેલાતું હતું તેના પલંગની આસપાસ અનંત, દુઃખપૂર્ણ ચહેરાઓ દિક્કા પડી ગયા હતા.

કોઇએ દીપક સળગાવ્યો. તે તેવીજ રીતે ખામોશ અને શાન્ત પડી હતી. એવું લાગતું હતું કે જાણે તે અમારાથી ઘણે દૂર ચાલી ગઇ હતી.

તેને નંવરાવી કફન પહેરાવ્યું. તેનો ચહેરો કફનથી ઔર સુફેદ અને નૂરાની લાગતો હતો. તેની ઉપર સુગંધીઓ છાંટવામાં આવી. સફેદ મોતીયો અને ગુલાબની એક હંડી ચાદર નાંખવામાં આવી. તેના કાળા અને લાંબા વાળ તેના ફિક્કા ચહેરા ઉપર પથરાએલા હતા.

અભ્યવસ્થિત પણે!

'ફૂલવાં'ના પ્રથમ વર્ષની ફાઇલ

અંક ૧ થી ૧૨ કપડાંનું પાકું પુઠું
કી. રૂા. ૫) ટ. ખ. સહિત

કોપીઓ સીલકમાં ઓછી હોવાથી
ઓર્ડીજ બંધાવવામાં આવી છે.
આજેજ ઓર્ડર મોકલી આપો.

બીજા વર્ષના છુટક અંકો પણ ઘણાં ઓછા સીલકમાં છે. પોતે ફાઇલ બંધાવનારા શોકીનોએ દરેક અંકના સાત આના હીસે નાણાં મોકલી ઘટતા અંકો મંગાવી લેવા ચુકવું નહીં.

વહશી સાહિત્ય કાર્યાલય,
કણપીઠ-સુરત.

ઝેબુન્નિસા

લેખકઃ-"મઝાક" સાહેબ (બી.એ)

ઝેબુન્નિસા દિલ્હીનો બાદશાહ ઔરંગઝેબની પુત્રી થાય છે આપનું બાળપણનું નામ જુબેદા બેગમ હતું પછીથી તે બદલીને ઝેબુન્નિસા રાખવામાં આવ્યું. ઔરંગઝેબની ચાર પુત્રીઓ ઝીનતુન્નિસા, ઝેબુન્નિસા, મેહરુન્નિસા અને બદરુન્નિસા હતી તેમાં ઝેબુન્નિસા સર્વમાં હોંશિયાર અને ચાલાક પુત્રી હતી. આપે સાત વર્ષની વયમાં કુર્આન શરીફ પુરું કર્યું હતું આઠ વર્ષની ઉમરમાં અરબીની પુરી તાલીમ લીધા બાદ હિસાબ કિતાબ, ફિલોસોફી વીગેરેની તાલીમ લીધી.

એક વખત આપની અરબી શિક્ષિકાએ પૂછ્યું કેઃ-"અય શાહઝાદી સાહેબા, મને ફિલોસોફી તો માફીની નથી માટે હું આપને અરજ કરું છું કે જમીનથી આકાશના તારાઓ કેટલે દૂર છે અને સર્વેમાં કોઇ દુનિયા વસે છે કે નહીં?"

ઝેબુન્નિસાએ જવાબ આપ્યો કેઃ "હું એતો બતાવી શકતી નથી કે જમીનથી આકાશના તારાઓ કેટલા દૂર છે પણ આપણને અરીપાં એક આગીયા (જુગનૂ) જેટલા માલુમ પડે છે પણ હાં તેમાં દરેકમા અમગ એક એક દુનિયા હશે. જ્યારે દુનિયા હશે તો આબાદી જરૂર હોવીજ જોઇએ, ખુદાની કુદરત નથી કોઇ ચીજ ખાલી નથી."

એક દિવસે આપે એક બેગમને હસતા હસતાં પુછ્યું કે "સૂરજ આસમાનમાં ફરે છે તે શું એકલોજ છે?

બેગમ-"બેટા એનો ખુલ્લુંજ છે કે પૂર્વમાં ઉગે છે અને પશ્ચિમમાં અસ્તમે છે"

આપે કહ્યું-" સૂરજનો આવો ફેરો આખી દુનિયામાં નથી. જો આપ દુનિયામાં સફર કરશો તો આપને માલુમ પડશે કે સૂરજની ફરવાની ગતી દરેક જગ્યાએ જુદી જુદી છે. ઘણી જગ્યાએ બપોર કલાકની રાત હોય છે, કોઇ જગ્યાએ બે કલાક, તો કોઇ જગ્યાએ એક કલાક અને કોઇ જગ્યાએ તો રાત પડતીજ નથી. કારણકે આજુબાજુ સૂરજ આથમે કે પંચ મીનીટ પછી તરતજ ઉગે" આ સર્વે વાતો ફિલોસોફીજ માલુમ પડે છે.

આપે કુર્આન શરીફનો ફારસીમાં તરજુમો ચાર પારાઓનો (સીપારા)નો કરી નાખ્યો હતો પણ આપના પિતાજી ઔરંગઝેબે આગળ લખવાને મનાઇ કરી જેથી આગળ લખવાનું માંડી વાળ્યું. આપ એક ઉત્તમ શાયેર હતાં આપની ફારસી ઘુમ્લાઓ ખરેખરો ઘણોજ શૌક હતો, અને લખી પણ છે; અને તથા સુધી શૌક વધ્યો કે અરબીમાં પણ નાયેરી કરી કવીતાઓ લખ્યા. આમનું ઉપનામ "મખ્ફી" હતુ.

આપ્યારતુ ઔરંગઝેબને શાયેરીથી બિલકુલ નફરત હતી ત્યારે પોતાનીજ પુત્રી શાયેરી કરતી હતી તે બાબ પિતાની જબ્બર ગુસ્સો હતો તે દીવાને હાફિઝ પણ શાહી મહેલોમાં રાખવામાં આવતું નહીતું



છતાં દીવાને હાફિઝ ઝેબુન્નિસા પોતાની પાસે છુપી રીતે રાખતી હતી. ઘણા બધા લોકોએ ઝેબુન્નિસાને બદનામ કરી છે કે આકિલખાનની જોડે છુપો વેહવાર રાખ્યો હતો અને બેયાશ છોકરી હતી. પણ એ બિલકુલ જુઠ્ઠુ તેહ્મત મૂકવામાં આવ્યું હતું જ્યારે એના બાપ ઇસ્લામી કાનૂનને જાણનાર, મનનાર, અને જે ધર્મ વિરૂદ્ધ કામ કરે તેને ધર્મથી યતી સજા કરનાર, બાદશાહની દિકરી અને તે દિકરી કે જે ઇસ્લામી ધર્મની પુરેપુરી જાણકાર, માનનાર અને બીજાઓને ઉપદેશ કરનાર તે આવું કરેજ નહીં. એ તો દેખીતુંજ છે કે એક પાકદામન શાહજાદી ઉપર ખોટુંજ તોહમત મુકવામાં આવેલું છે. જેણે પોતાની આખી જિંદગી પરદામાં ગાળી છે. કોઇ દિવસ પણ બેપરદા થઇ નથી. તે આવું અઘટીત કાર્ય કરેજ નહીં.

એક દિવસે રાત્રીએ રાજમહેલમાં સર્વે સુઇ ગયાં હતાં; ત્યારે ઝેબુન્નિસાની માતાએ બીજી બેગમોને ઝેબુન્નિસાના કમરામાં મોકલી કે જઇને શાહઝાદીને લગ્ન કરવાને માટે સમજાવો, અને રાજી થાય એમ કરો. આ અકલમંદ શાહઝાદી આવા કવખતે બેગમોને આવેલી જોઇને પોતે પુરેપુરી સમજી ગઇ હતી. સર્વે બેગમોએ શાહજાદી જોડે આમતેમની વાતો કરી. એક બેગમે વાતની છેડતી કરી કે "ખુદાએ માણસને કેમ પૈદા કર્યો છે."

શાહઝાદીએ તરતજ કહ્યું કે:-"બંદગી કરવાને માટે. કુર્આન શરીફ પણ એજ ફરમાવે છે."

બીજી બેગમ-"ખુદાની બંદગી કરવાની શી મતલબ છે.?"

ઝેબુન્નિસા-"શરીયતમાં જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે વરતે અને જે ચીજ હરામ કરી છે તેનાથી દૂર રહે."

ત્રીજી બેગમ-"ત્યારે તો શાહજાદી સાહેબા શરીયતમાં કહ્યું છે કે ઔરતે શાદી કરવીજ જોઇએ."

આ સાંભળતાંજ ઝેબુન્નિસા ચુપ થઈ ગઇ કારણ કે તે જાણતી હતીજ કે આ વાત ખાસ મારા માટેજ કરવામાં આવી છે. છતાં કરીથી આ સવાલ ઉઠાવવામાં આવ્યો જોથી નાછુલાજે ઝેબુન્નિસાએ કહ્યું-"બેશક શાદી કરવી જાએજ છે અને ઉમ્મત વધારવી એ પણ રસૂલે ખુદા (સ. અ. વ. સ.)નું ફરમાન છે અને મારે પણ શાદી કરવી જોઇએ એને હું યે જાણું છું. આ બધી વાત મારાજ માટે ઉપાડવામાં આવી છે. મને શાદી કરવામાં કોઇપણ જાતનો વાંધો નથી પણ અફસોસ છે કે મારા લાયક મને પતિ નથી મળતો. મેં દરેક શાહઝાદાઓ, અમીર ઉમરાવોના છોકરાઓની તારીફો સાંભળી છે છતાં જેવો હું પતિ શોધું છું તેવો મળતો નથી, અને જેટલા જોયા તે પોતાનીજ મતલબના જોયા. આવા મતલબ પરસ્તોથી મને ઘણીજ નફરત છે કારણકે જ્યારે શાદી કરીને તેની જોડે આખી જિંદગી ગાળવાની છે, તેના કરતાં તો કુંવારીજ રહેવું હું વધારે પસંદ કરું છું-હવે તો મને ખુદાની બંદગીમાં ઘણોજ રસ પડે છે. હવે હું એજ ઇચ્છું છું કે મારી આખી જિંદગી ખુદાની ઇબાદતમાં જાય તેથી હું આવી વાતોને પસંદ કરતીજ નથી."

એક દિવસે ઝેબુન્નિસા દીવાને હાફિઝ લઇને વાંચી રહી હતી કે અચાનક બાદશાહ

ઔરંગઝેબ તેના કમરામાં આવી ગયા જ્યારે જ્યારે બાદશાહ પોતાની પુત્રીને મળવા આવતા ત્યારે ત્યારે પહેલાં ખબર કર્યા પછી આવતા. પણ આજે અચાનક આવી જવાથી અને હાથમાં દીવાને હાફિઝ હોવાથી કે જેની બાદશાહી મહેલોમાં રાખવાની મનાઇ કરી હતી, તેથી શાહઝાદી એકદમ ગભરાઇ ગઇ અને ડરથી પીળી પડી ગઇ. આ જોતાં બાદશાહે કહ્યું–"પ્યારી પુત્રી હું અચાનક આવી ગયો તેથી તું ગભરાઇ ગઇ. મારી પાસે એટલો પણ સમય ન હતો કે હંમેશ મુજબ ખબર આપીને તને મળવા આવું, તેથી અચાનક હું આવી ગયો."

શાહઝાદી–"આલીજાહ, મને બીક લાગી કે બાદશાહ સલામત મારી પાસે દીવાને હાફિઝ જોઇને ગુસ્સે થશે. હું મારી દરેક પળ ખુદાની બંદગીમાં ગુજારું છું છતાં પણ જો કંઇ ગુનાહ થાય તો ખુદાવંદે કરીમે કુર્આનમાં ફરમાવ્યું છે કે હું મારા ગુનેહગાર બંદાઓને જરૂર માફી આપીશ અગર આવો વાયદો તે ન કરતે તો કોઇ પણ માનવ ગુનાહોની માફી પામતજ નહીં. આ વખતે હું દીવાને હાફિઝનો એક શેર વાંચી રહી હતી અને તેના અર્થમાંજ મશગુલ હતી તે આ શેર છે કે:–

"દોશ દીદમ કે મલાયક દરે મૈખાના જ઼દંદ:
ગુલે આદમ બસરશ્ત તન્દો બ પૈમાના જ઼દંદ"

ઔરંગઝેબ આલમગીર બાદશાહે આ શેર સાંભળીને પૂછ્યું કે; "પુત્રી આનો અર્થ શું સમજી"?

શાહઝાદી–"હાફિઝ સાહેબે આ શેરથી ઇનસાનની તરફ ઇસારો કર્યો છે કે જે પ્રમાણે 'પૈમાનો (શરાબ પીવાનો પ્યાલો) એવી ચીજ છે કે ફરતો રહે છે તેજ પ્રમાણે એક ઇનસાન માટીનો બનાવેલો પ્યાલો છે. કે જે પૈમાના જેવોજ છે. જેવી હાલત પૈમાનાની હોય અને તેવી હાલતમાં તેની સ્થિતિ થાય છે, તેવીજ ઇનસાનની થાય છે. આ જવાબ સાંભળતાં બાદશાહ ખુશ થયા અને દીવાને હાફિઝ મહેલોમા રાખવાનો હુકમ પણ આપી દીધો.

ઔરંગઝેબનું મરણ ઇ. ૧૧૧૩માં ૧૫ વર્ષની ઉમરે થયું. એનો મકબરો ઔરંગાબાદમાં છે આપની એક ગઝલમાંની બે ત્રણ શએર નીચે મુજબ છે.

"કારે મશૂકાં નમક બર ઝખ્મે દિલ્હાં રેખ્તન;
કારે અશિક ખૂને ખુદ બરપાએ જનાં રેખ્તન.
નેરત આસા પન્જએ ખુબે પીરી રૂયાં ઝદન,
ખૂને અત્ર દીદા મી બાયદ બરામાં રેખ્તન.
દીદએ ખુદ હર કુજા "મઝ્હરી" દીગર તાકે તવા;
નકદ ઉમરે બેશતા હરસુ પરીશાં રેખ્તન."

(ઉર્દૂ પરથી.)

બંધ માસિક "માંદગી"

ફક્ત ત્રણજ દિવસની અંદર 'શ્રી નોર' ગોળીઓથી ચાલુ થાય છે. માસિક અટકવાની કોઇપણ ફરિયાદ માટે રૂબરૂ મળો. દવા સાથે ગેરંટી પત્ર આપવામાં આવે છે. કીમત રૂા. ૫-૮-૦ પરદેશ ફી. ૧૦

–:ગર્ભ રહેતો અટકાવવા:–

"રાહત" દવા ફક્ત ત્રણજ દિવસ બાદ લેવાથી છંદગી ભરમાં કદી ગર્ભ રહેતો નથી. માસિક ચાલુ. કશુંજ નુકસાન નહિ. ડૉક્ટર વૈદોએ અજમાવેલી દવા સાથે ગેરંટી પત્ર મોકલવામાં આવે છે. કીમત રૂા. ૫-૮-૦ પરદેશ ફી. ૧૦

ડૉ. એસ. એચ. ખાન,
૪૨ ચર્ચગેટ સ્ટ્રીટ, મોનજીની સામે
કોટ, મુંબઇ. ફોન. ૨૧૩૪૩.

(સર્વ હક્ક લેખકને સ્વાધીન છે)

૨૧૬

માત્ર ભાગ્ય ઉપરજ આધાર રાખીને બેસી રહેનાર પોતાનાં કુટુંબીઓને, સમાજને અને સમસ્ત જંગતને ભાર રૂપ થઈ પડે છે માટે તમો તમારા પોતાનાં પગ ઉપર ઉભવાનાં પ્રયત્ન કરો. એનાનાં ઓશીયાળા થવામાં આબરૂની કિંમત રહેતી નથી

૨૧૭

પ્રયત્નશીલ મનુષ્ય નિરાશાને મકકમ નાખીને પણ પોતાનાં લક્ષ્ય સ્થાને પહોંચી વળી શકે છે.

૨૧૮

નગણ્ય માણસોજ સંકટો સામે શીર ઝુકાવી દે છે, સંકટોને તાબે થાય છે. પણ સાહસિક લોકો તો સંકટોનો અંત આણીનેજ જંપે છે.

૨૧૯

પ્રત્યેક મુકૂલનો બદલો સારાજ મેળવવાની આશા રાખવી એ મૂર્ખતા છે, કેટલાક સારા કામોનો બદલો નમળે નહિ, તમારી ભાવિપ્રજાને મળે એ સંભાવિત છે, અને તેથી સારાં કામો ન કરવાં એવો અર્થ થતો નથી. પ્રત્યેક બીજાનું નાનેનર કૃત્ય તો આપેજ છે, અને તેનાં માટે માત્ર ધીરજ અત્યંત જરૂરી છે.

૨૨૦

આપણી મુશ્કેલીઓ કંઈ કુદરત (પ્રકૃતિ) ન વધારે તો આપણી ખુશિ પણ ઘણી સંકે નહિ, માટે મુશ્કેલીઓનો આશીર્વાદ સમાન ગણો. મુશ્કેલીઓ આવે ત્યારે ધ્યાન આપશો નહિ, પણ બમણાં બળ વડે મુશ્કેલીઓનો માર્ગ બદલાવવાનો પ્રયત્ન કરજો

૨૨૧

જીવન વિશેષ મહત્વનું અને અધિક પ્રોત્સાહક ત્યારેજ બને છે, કે જ્યારે મનુષ્યને આંતરિક અને બાહ્ય વિઘ્નોમાં વધુ પ્રમાણમાં મેરી કરે.

૨૨૨

સંકટો અને હાનીઓ દ્વારા જે બોધપાઠ મળે છે, તે અન્ય કોઈપણ વસ્તુદ્વારા મળી શકતો નથી. સંકટો માણસને તાવી તાવીને કુંદન બનાવી દે છે.

૨૨૩

કુદરત જ્યારે આપણને શિક્ષણ આપવા માગે છે, ત્યારે સર્વ સાધનોથી ભરપુર એવી પાઠશાળામાં આપણને સ્થાન મળતું નથી, પણ સંકટની સર્વોત્તમ પાઠશાળામાં સાચું જ્ઞાન પ્રાપ્ત થાય તેટલા માટે કુદરત આપણને બોલાવે છે

૨૨૪

આપણાં જીવનમાં જે એક મહત્વની બાબત છે તે એ છે, કે એક લક્ષી બનું. સર્વ લક્ષી માણસો પ્રત્યેક વિષયમાં પછાત રહી જતા છે, એકજ સમયે એકથી વધારે કાર્યો સુંદરરીતે આટોપી શકાતા નથી. અસ્થીર મનવાળો માણસ પોતાના પ્રત્યેક કાર્યને અધુરૂંજ પડ્યું મૂકે છે. તે એક પણ કાર્યને સંપૂર્ણ કરી શકતોજ નથી. પ્રત્યેક માણસની ફરજ છે, કે તે પોતાનાં લક્ષને બાંધ જેવો તેવા

કોઈ એક ચોક્કસ કાર્ય કે પ્રવૃત્તિ હાથ ધરે, અને સફળતા માટે નિરંતર પ્રયત્ન કર્યા કરે

૨૨૫

મનુષ્ય જીવનમાં અસ્થિરતા લગભગ નિષ્ક્રિયતા જેટલીજ ભયંકર પૂરવાર થાય છે, એટલુંજ કદિ પણ કેટલાક સંજોગોમા અસ્થિરતા નિષ્ક્રિયતા કરતાયે અધિક હાની પહોંચાડે છે.

૨૨૬

જાણો છો? પ્રત્યેક વસ્તુનુ બારીકાઈથી અવલોકન કરનાર અને દ્રઢ નિશ્ચયી માણસ જરૂર અજરૂર પણ બુદ્ધિમાન બની જાય છે.

૨૨૭

જગતમાં જે ઇન્સાન કોઇ એક ચોક્કસ કાર્યને ચોકસાઇ અને ચીવટથી વળગી રહે છે, તેજ મોખરે પણ આવી શકે છે.

૨૨૮

જે શક્તિનો તમો સંપૂર્ણ ચિત્ત પરોવીને ઉપયોગ કરી શકતા ન હોવ, તે શક્તિને વિકાસ અર્થે વખત વેડફી દેશો નહિ કારણ ગમે તેટલા વિકાસ પછી પણ જો તમો તે શક્તિને પ્રયોગમા મૂકી શકશો નહિ, તો પાછળથી નિરૂપયોગી ગુમાવેલા સમય માટે તમોને પશ્ચાતાપ થશે. પરિણામે તમે નવેસર તમારી એકંદર શક્તિઓનાં વિકાસનું કાર્ય પણ માઠી વાળશો. જેનું પરિણામ એ આવશે કે તમોને તમારી કોઇ પણ શક્તિમાં વિશ્વાસ નહિ રહે, ને તમો હતાશ થઇ જશો.

૨૨૯

ઉદ્દેશ રહિત જીવનની અસંખ્ય ખામીઓને દૂર કરવા માટે પણ આપણે એક લક્ષી થવું જોઇએ.

૨૩૦

માત્ર શક્તિનું હોવુંજ સફળતા માટે પૂરતું નથી. પણ શક્તિને કોઇ એક સ્થીર દ્રઢ લક્ષ્ય પર કેંદ્રીત કરવાની અત્યંત આવશ્યકતા છે

૨૩૧

અનેક દિશાઓમાં માથું મારનાર માનવીનો આજનાં જગતને ખપ નથી. એકાદ દિશામાં પણ જાણવા જેવું જ્ઞાન અને પુરૂષાર્થ દાખવનાર મનુષ્ય આજના જગતને વધારે ઉપયોગી થઇ શકે છે.

૨૩૨

આળસુ લોકોને ગાંડા જેવા દેખાઇએ, એટલી એકાગ્રતાની આપણને જરૂર છે.

૨૩૩

આશાનું ઉલ્લંઘન કરનાર દરેક ઔલાદ વખતનાં વહેવા સાથે સ્વછંદી બને છે. એ પ્રત્યેક માબાપે ભૂલવું જોઇતું નથી.

૨૩૪

આજે નજરે પડતા અપરાધીઓને બાલ્યાવસ્થામાં તેમનાં મા-બાપોએ અયોગ્ય લાડ લડાવ્યા હતા, પરિણામે તેમનામાં દુર્ગુણોની ટેવ પડી હતી.

૨૩૫

આપણને સારા કે નરસા અન્ય લોકો બનાવતા નથી. વ્યક્તિગત જેને જેવા થવાની મરજી હોય, તેવો તે પોતાનાં પ્રયત્નો દ્વારા થઇ શકે છે.

૨૩૬

તમારી ગુલામીનો તમારા પ્રયત્નો વડેજ અંત આવશે, અન્યનાં આધારે ગુલામી ટાળી શકાતી નથી, સ્વતંત્ર થવાની ખેવના હોય, તો ખપી જવાની તમન્ના પ્રકટવી જોઇએ.



૨૩૭

પેટનો ખાડો પૂરવા મજુરીની સખ્ત જરૂરત છે, પક્ષીઓનાં માળામાં પણ ઇશ્વર પોતે આવીને કાંઇ મૂકી જતો નથી. પક્ષીને પણ પાંખો હલાવવી પડે છે તમે તો ઇન્સાન છો, અલ્લાહ પોતે આવી ને પ્રત્યક્ષ રીતે આપશે, એમ માનવાની મૂર્ખતા શા માટે સેવો છો? જેને ખોરાકની જરૂરત હોય તે પોતેજ તેને મેળવવાનાં પ્રયત્નો કરે એ કુદરતનો અટલ નીયમ છે. નાનામા નાના જીવ જંતુઓ પણ પોતાનો ખોરાક પ્રયત્નોદ્વારા પોતે મેળવે છે, જ્યારે તમે તો ઇન્સાન છો, શા માટે લમણે હાથ દઈ બેસી રહો છો, અને ભાગ્યને વગોવો છો?

૨૩૮

યાદ રાખજો કે નિર્વાહનાં સાધનો મેળવવામાં કરવી પડતી તનતોડ મહેનતદ્વારા, નિર્વાહનાં સાધનો ઉપરાંત ઉત્તમ કોટિનું જ્ઞાન પણ મળે છે.

૨૩૯

ઉદ્યોગ એ આરોગ્ય પ્રાપ્તિનું ઉત્તમ સાધન છે, આળસુ લોકોનું આયુષ્ય પણ ટુંકું હોય છે.

૨૪૦

પોતાનું કાર્ય બીજાને આધારે પડતું મૂકનાર હમેશાં પસ્તાય છે, એવા માણસનું એકેય કાર્ય ધારેલે વખતે પાર પડી શકતું નથી

૨૪૧

અન્યનો ટેકો મળી રહે, એવા માણસો સંકટનાં સમયમાં ટકી શકતા નથી. ટેકાની ભાવનાજ ભયંકર દગો દેનાર છે.

૨૪૨

અન્યનાં આધાર ખોળનાર માણસ મહત્વનું એવું એકાદ કાર્ય પણ કરવા ભાગ્યશાળી થતો નથી.

૨૪૩

બદીઓની કીર્તિ ઉપર આધાર રાખવો એ નરી મૂર્ખતા છે. સ્વકીર્તિનો આધાર પોતાનાં પરીશ્રમ ઉપર રહેલો છે.

૨૪૪

સ્વાવલંબન એ સફળતાનાં અન્ય એકંદર ગુણો કરતા સર્વોત્તમ સદ્ગુણ અને મહત્વનું સાધન કહી શકાય.

૨૪૫

પોતાની પ્રગતિ પોતેજ સાધવી, અને એ રીતે સ્વકીર્તિ પ્રાપ્ત કરવી, એવા નિશ્ચય કરતાં અધિક મહત્વનો ગુણ અન્ય એકેય નથી

૨૪૬

પ્રચંડ પ્રતિકુળતાઓનાં અવરોધ વચ્ચે પણ પોતાનો માર્ગ કરી લેવાની પ્રબળ ઇચ્છા આપણામાં હોવીજ જોઇએ. પ્રબળ ઇચ્છાશકિત દ્વારા થનાર હાની, લાભમાં પરિણમે છે. એ આપણે ભૂલવું જોઈએ નહિ.

૨૪૭

પારકા ટેકાને લાત મારીને, આત્મશ્રદ્ધા વડે આપણો માર્ગ કરી લેવો જોઇએ. જોઇતી વસ્તુ બીજા પાસેથી આંચકી મેળવી લેવાની ઇચ્છા રાખવી એનાં કરતાં અધિક નાદાની અન્ય એકેય નથી.

૨૪૮

આપણાં પ્રયત્નો નિષ્ફળ જવાના નથીજ. ઉદ્યોગી થવું, એ માત્ર શાબ્દિક પ્રાર્થનાઓ કરતાં અધિક લાભદાયક પૂરવાર થાય છે.

૨૪૯

પોતાની જાત ઉપર આધાર રાખનાર ઇન્સાનોએજ વધારે ઉન્નતિ કરેલી છે.

તા•૨•લા !

આભ મંડળમાં બધે વિકસી રહ્યા છે તારલા,
રૂપનાં અંબાર સમ દીપી રહ્યા છે તારલા.
ફૂલની કળિયો સમાં ખીલી રહ્યા છે તારલા,
વીજળીના દીપ સમ ઝળકી રહ્યા છે તારલા.
બાળકો આવી જુઓ અહીંઆ તમે ચોગાનમાં,
તારલા ખેલી રહ્યા છે સ્વર્ગનાં મેદાનમાં.

હીરલા કેવા સરસ ચમકી રહ્યા છે આભમાં,
કાળી કાળી રાતમા સરકી રહ્યા છે આભમાં.
આગિયા જાણે બધે ભટકી રહ્યા છે આભમા,
સ્વર્ગના દિપક સમા લટકી રહ્યા છે આભમા.
કુદરતે જાણે ભર્યો દરબાર જો આકાશમાં,
હીરા મોતીનો કર્યો શણગાર જો આકાશમા.

કેવા ઝમકારા કરી રહ્યા છે પાણીમાં જુઓ,
કેવા પલકારા કરી રહ્યા છે પાણીમાં જુઓ.
કેવા ચમકારા કરી રહ્યા છે પાણીમા જુઓ,
કેવા ઘર તારા કરી રહ્યા છે પાણીમાં જુઓ.
આભ જાણે હોજમાં એક પળ ભરી આવી વસ્યું,
જોતજોતામાં એ પૃથ્વી પર અહીં આવી વસ્યુ.

દિલમા કઈ કઈ થાય છે વીણી બનાવુ હાર હું,
એક અનોખો આખી દુનિયાથી સજાવું હાર હું.
ઝળહળિત હીરા સમો એવો દિપાવું હાર હું,
બાળકો નાચી ઉઠે જ્યા લઇને આવું હાર હું.
આંગળા જળમાં જતાં એ હાય! સરકી જાય છે,
માછલીઓ હાથ આવી જાણે લપસી જાય છે.

બાળકો જ્યાં જ્યાં નજર આવે ન એને છેડશો,
કોઈ તમને લાખ સમજાવે ન એને છેડશો.
કોઇ તમને લાખ લલચાવે ન એને છેડશો,
કેટલાએ તમને મન ભાવે ન એને છેડશો.
પાણી પાણી થઈ ગયા પાણી મહીં તારા જુઓ,
વાળ સરખા ભારથી ઝૂકી રહ્યા તારા જુઓ.

"હુબી" રાંદેરી

"મેહફિલમાંથી કંક"

ઉદ્ઘાવનારઃ—'શેહબાઝ'

[સ્થળસંકોચના રોહુએ એકાએક દર્શન દઈને આ લેખને બે માસ સુધી ગ્રહણમાં ઘેર્યો હતો.—તંત્રી]

[હિમ્મતથી, ચેલેંજ કરી કહું છું કે, આજે બેઠતા કાવ્ય સાહિત્યમાં મુસ્લિમ ગુજરાતનો ફાળો સંગીન છે. જણાવેલા દોષો ગુજરાતના સાક્ષરો અને જાણીતા કવિઓના બેલે બોલ વળગેલાં છે, એવા દોષારોપણથી મુસ્લિમ ગુજરાતની કિર્તી ઘટતી નથી, વધે છે. એવા દોષો અહિં પણ છે. અલબત્ત - અર્થ નથી એવી કેટલીક ખૂબીઓ-મુસ્લિમ ગુજરાતમાં છે. મુસ્લિમ ગુજરાતની કાવ્ય કડિકાઓ કયાંક : ક્યાં તો અક્ષયાસીઓની છાતીમાં જડાઈ ગઇ છે. 'શેહબાઝ']

ગયા બે વર્ષથી 'કારવાં'ની દર ત્રીજી મંઝિલે મેહફિલ જામે છે. ગયા વર્ષમાં જામેલી મેહફિલનું સરવૈયું મેહફિલનાં મીરે મુશાંની આજ્ઞાથી બેંચવામાં આવ્યું હતું. મુસ્લિમ ગુજરાતના કાવ્ય રસિકો અને રચિતો આગળ રજુ થયેલો એ રિપોર્ટ જેવો લેખ ઉદાહરણ તરીકે કહું તો ઑડીટ થયા બીનાનો સંસ્થાનાજ કારકૂનના હાથે લખાયલા રિપોર્ટ જેવો હતો. હું ગઇ વખતનાં સરવૈયાકાર બંધુ પર આ ગોળ ગોળ શબ્દોમાં ટીકા કરું છું એમ માની લેજો. ભલે એ લેખ મને તેમના ઈલ્માકામાં હોય તેવી કંઇકમાં કંઇક શિષ્ટ શિક્ષા કરે; નર્યા વખાણથીજ ગેલમાં આવી ગયેલાં, મેહફિલમાં ચમકતા કવિ ગિરાંદરો ગયા સરવૈયા પછી કંઇક વધુ બીહ્યા છે. મને કહેવા દ્યો કે ગયા સરવૈયાકાર બંધુની જેમ નરી વાહ વાહજ કરી હું મેહફિલનાં બંધુઓને અતિ ઉંચે ચઢાવવા જેવું કામ એક આંખ સંદર બંધ કરીને કરી શકીશ કે કેમ ?

થોડીક સલાહો અને સૂચનાઓ આપવાનું સરવૈયાકારનું કાર્ય નથી ? - જોકે તે કાયદાસરનો સૂચનાકાર નથી, સલાહકાર પણ નથી. ગયા અંકમાં ભાઇ સાબિરે તંત્રીશ્રી પર લખેલા કોઇ પત્રમાં જણાવેલું કે મુસ્લિમ ગુજરાતની ગઝલો હજી વિવેચનોના કડક આરિસામાં ઝળકી નથી. એ વાત પોઠ હાંકનાર ભાઇએ પોતામાં છાતી કરી છે. સાથેજ પોઠ હાંકતાર ભાઇએ આપણા કવિઓની પીઠ જાપાની ચીમનીઓ જેવી હોવાનું ઉદાહરણ પણ દીધું છે.

ભાઈ સાબિરની વાત ઠીક છે; પોઠ હાંકનાર ભાઇની વાત પણ વિસરી જવા જેવી નથી. સાર કડક નહિં તો સહેજ કડકાઇની જરૂર છે; તેમજ ભલે જાપાની ચિમનીઓ હોય પરંતુ એમાં કેટલી કહણાઇ અને કેટલી કામળતા છે તેનું સાધારણ અંદાઝપત્ર પણ થવું જોઇએ; કેમ બરાં ને ?

આ અને આવા સઘળા વિચારોને વેતરી હું એક નિર્ણય પર આવ્યો છું. ગયા સરવૈયા કારે અતિ ઉંચી મસનદો પર બેસાડેલાં બંધુઓની નશિરત નીચે શેહબાઝ રહજ સાજ ખુંચે તેવા તણખલાં મૂકું; જેથી કરી મેહફિલમાં બેઠક લેતાં પહેલા બેસનાર પોતાનું સ્થાન બરાબર તપાસવાની કાળજી રાખવતા રહે.

શેહબાઝની નજરમાં કોઇના પ્રત્યે પણ વિશ નથી. કદાચ પરવાઝે ચઢેલો શેહબાઝ ઉંચે ઉંચે ઉડતાં પારેવાં (કબુતરોને)ને પકડવા સાહિત્ય ગગનમાં પાંખો મારે તો, એ પકડા પકડીની રમતનો આનંદ લેજો.

આ વર્ષની અતિ વૃષ્ટિથી શેહબાઝનો માળો પણ પીંખાયો છે. એણે પોતાના માળામાં



સંધરેલાં તરણું પણ વેરણ છેરણ થઇ ગયાં છે ભાવાર્થ એકે, 'કારવાં'ના સઘળા અંકો મ્હારી આગળ નથી. આજ તારીખ ૨૬ ૭-૪૧ છે. તા. ૧-૮-૪૧ સુધી તો આ લેખ કારવાંનાં તંત્રીશ્રીને પહોંચી જાય તેવી તેઓશ્રીની આજ્ઞા છે. બિચારા શેહબાજને પોતાનું પણ કંઈ છે, અને પોતાને પણ કંઈ કામધંધો છે! 'કારવાં'ને એણે પોતાનુજ ગણ્યું છે. 'કારવાં'ના વાંચકો અને કવિઓ પણ શેહબાજને પોતાની 'કારવાં'નો ગણે અને એની જવાબદારી પ્રત્યે દયા ભાવ દાખવે તો શું ખોટું છે?

મેહફિલનાં કેટલાક બધુંઓ કાવ્ય અતિ લંબુ લખવાની મનોવૃત્તિ ધરાવે છે: "એમ વાચના ખૂટે નહિ તેટલી પંક્તિઓ જનતા જણાઇ આવે છે." એકના એક ભાવને બબ્બે ત્રણ ત્રણ મખત ભાવવાની ચેતવણીમા પડેલા કવિઓએ બબ્બે ત્રણ ત્રણ એકજ ભાવપ્રદર્શિત કડીઓ પ્રસિદ્ધ થતી જોવાની લાલચને કેમ રોકી શકતા નહિ હોય? ઉપરના પ્રશ્નનો શબ્દ પ્રયોગ એકને નહિ અનેકને સાલશે; પરંતુ એના ઉપર ઠંડા કલેજે વિચાર કરીએ, એક સરખા ભાવો પ્રદર્શિત કરતી બે ત્રણ પંક્તિઓની સમાલોચનામાં ઉતરી; કવિ પોતે તેમાંથી ઉત્તમ જણાય તે એકજ રહેવા દે તો કંઇ ખોટુ છે કે?

બીજી એક વાત ઠંડા કાળજે વિચારવાની છે. એક વખત નહિં, અનેક વખતે એકને એક કાફિયા પર રમત રમતો, કવિ કદાચ પોતાની કવિત્વ શક્તિનો પરચો દેખાડવાની અદંભાવનાનો શિકાર બન્યો હોય તો ના નહિ. પરંતુ એમ કરતાં કવિતા સાહિત્યમાં ઉંડો રસ લેનાર આગળ તે પાંગળો દેખાઈ, ભેવડાઇ કરતો હોય તેમ તરી આવ્યા સિવાય રહી શકે છે કે?

ઉપરની બન્ને વાતોને આજના કવિઓ ઉપરના મારા આક્ષેપ તરીકે લેખશો નહિ. આપવાં હોય તો આજના આ કહેવાતા દોષોનાં સમર્થન કરતા ઉદાહરણો ઉર્દૂ કાવ્ય ગિરાની ટોચે બિરાજતા કવિઓના કાવ્ય ગ્રંથો પરથી પણ આપી શકાય છે. પરંતુ આમ બચાવનામા રજુ કરી પોતાના દોષોને ઢાકવા પારકા દોષો રજુ કરવામાં નથી સજ્જનતા છે, નથી ન્યાયબુદ્ધિ કવિઓ ખુદ પોતાના પ્રસિદ્ધ થએલા કાવ્યોને વિશેષે કરી ઉપર 'જણાવેલી એક શિકાયતોની ખાત્રી કરે; હું કહેતો પણ એવી કંડિકાઓ આપવાની 'બદિતગત' છેક કરવાનું પાપ વહોરતો નથી કદાચ મારી વાત તૂત જણાય તો, ઉપન્તવેલા તૂત બદલ મારા ગળે સરસ્વતિની કહરૂપી પુત્રી (ગાળો) બાંધવાનો હક છે કવિઓ શેહબાજને પેટ ભરીને ગાળો દઇ શકે છે.

મનમાં અગર જણેરમા ગાળો દેવા જેટલા જે લોકો ઉસ્કેરાઇ જશે તે તો પોતાના ઉસ્કેરાટને જરા નહિં કરે એની મને પોતાને પણ ખાત્રી છે. પરંતુ જે કૃપાળુ બધંઓ પોતાની બુદ્ધિને પથ દર્શક તરીકે કામમા લાવશે તેઓ આ મારા કડવા શબ્દ પ્રયોગને પણ ગમ્યું લેખી ગળે ઉતારશે; એવી માન્યતા જરી કરવામા આખા મુસ્લિમ ગુજરાતને અન્યાય કરવા જેવું છે. જેને જે સુઝે તે કરે; પરંતુ હૈયામાં છ તે મોઢે આવ્યા સિવાય રહેતું નથી.

ગઝલોમાંથી રૂપ અને પ્રેમના બદલે ચલા અને ગલચલા આશિક માશૂકના વાયડા વેડા બન્ને કે દૂર થતા જાય છે, પરંતુ હજી એંસી ટકા જેટલું એનું જ આધિપત્ય આપણા કવિઓને 'સનમ પરસ્તિશ'નાં સોપાનો પર કયા સુધી સાક્ષાત દંડવત કરાવતું રહેશે? હજી આપણા કવિઓ સનમોનાજ શિકાર તરીકે, પોતાની



અજીબ જાન વર્ષોની એવડા, ફૂર, અને કહું તો કંઈ સૈકાની એ વૃધ્ધ સુંદરીને કાજે એનાં ચણોમાં, ઓળોટી ઓળોટી ગુમાવ્યા કરશે? મદભર નયનોવાળી, મનોહર ચાલવાળી, રાતા રાત ગાનવાળી, નખરાળી, ચેષ્ટાળી, દ્રષ્ટીથી શસ્ત્રપાત કરનારી, સ્મિતથી વિજળીઓ પાડનારી; એ વૃધ્ધ સુંદરી પર ગાલિબ, ઝોકતો મુગતી કાળ ફરી વળ્યા પછી તો હવે એનાં મુખમાં એકે દાંત પણ નથી! અને એકે તલ પણ બાકી રહ્યું નથી જ્યાં એની યુવાનીના ચિત્રો પર આખ ઠારી પેઢેલો કવિ, ખિયાલો કેટલો મશ્ગુલ છે કે, એને આજનું એનું ચવાઇ ગએલું રૂપ પણ દીસતું નથી. ભલે કવિ પોતાની નહિ તો સનમતીજ દયા ખાઇ એની પ્રીતમાં ઘટાડો કરે તો બોલું શું છે?

મેળ માપની કૂટ ઇંડીનું સુરેખ જ્ઞાન ભલે નથી સેવાતું; પરંતુ કયારેક તો કવિતામાં કેક લખી નાખી. લટકે લગાડે શાહિદિમે નામ કર સૂંગો'ની જેમ એવા શબ્દોરો ચીવે છે, કે જેનો અર્થ કાઢવા માટે કવિને ખુદનેજ પુછો તો તજ કાઢે, બાકી કોઇની મકદૂર નથી કે, કવિતાનો અર્થ બેસાડી શકે: નવા અને જાણકતા શાયરોની શબ્દોરોમાં કયાંક ઉપરોકત ખૂબી છે તો પુરાણા અને દ્રદ કવિઓની કવિતામા કયાંક શબ્દ પ્રયોગોની એવી ભરમાર આવે છે કે, એમના શબ્દો ચૂંટી કો નવોજ શબ્દકોષ તૈયાર કરવો પડે હવે જરા આપણી મગજીતાને પણ જુઓ, શબ્દ, ટુકડાની રમતના નામે; બેનહિની કાબ્યતો કવિ ટુકડાઓના બોયલ પ્રલાપોમા અર્થ વિનાનું બોકડું ગોહવી નાખે છે તો કયા કયાંક એકના એક શબ્દને એકજ શબ્દોરમાં બે ત્રણ વખત ઠોકી બેસાડી પોતાનો કક્કો ખરો કરાવવા મારતો હોય તેવો દેખાઈ આવે છે. જાને કે એ કક્કાના ઉદરમાં ભલે ગગ્નોજ રહેલો હોય!

ઉપરે જોવી સઘળી કડવી વાતો બંધ કરતાં પહેલાં એક વધુ કડવી વાત પણ કરી નાખવા દયો; ચઢીની આ સાથે દર્શાવેલી જોડણી બાળપોથી ભંણતું બાળક પણ કરી શકે છે ચઢી, 'ઢ'થી લખાય છે. છતા આપણાં પીઢ કવિઓની જોડણી પણ ચઢીનું 'ઢ' મૂકી-'ડ' ને દિર્ઘઈ વળગાડી ચડીનુ ચડી કરી નાખે છે! પહેલાંજ કહી દીધું છે, વ્યકિતગત કોઇની પણ ભૂલ કાઢી ટીકા ચર્ચા કરવા હું માગતો નથી. આપણી ગઝલોને તમો પોતે વિલોકો અને દર્શાવેલા દોષો તારવો. મેં જે દેખ્યા છે તેજ માત્ર દાકવાની હિમ્મત કરી છે.

આટલુ છતા હિમ્મતની, ચોટ્ટેજથી કહું છું કે; આજે બેડાતા કાવ્ય સાહિત્યમા મુસ્લિમ ગુજરાતનો ફાળો સંગીન છે. મે જણાવેલા દોષો ગુજરાતના સાક્ષરો, અને જાણીતા કવિઓના ગળે પણ વળગેલા, છે. ઉપરના દોષારોપણથી મુસ્લિમ ગુજરાતની કિર્તિ ઘટતી નથી, બધે છે. એવા દોષો અહિ પણ છે. અસ્તુ જાને નથી એવી ખૂબી મુસ્લિમ ગુજરાતમાં છે મુસ્લિમ ગુજરાતની કાવ્ય કંડિકાઓ એના કવિના નામ વિના ઓળખી બતાઉં છું.

પહેલાજ કહી ગયો છું કે 'કારવા'ના પુરના અંકો મારી પાસે નથી. નીચે દર્શાવેલી કંડીકાઓ જે અંકો, છે, તેમાથીજ તારવી છે. આવી સુંદર કંડીકાઓ પણ નથી જવા પામતો એવી મને, પણ ભીતી છે પરંતુ લાચાર છું. જે પાસે છે, તેનોજ ઉપયોગ કરી શકયો છું. એમાં પણ અતિ ઉતાવળ અરે છેક છેલ્લી ઘડીએ કશી પણ તૈયારી વિના આવી પડેલી જવાબદારીને ખાતર લઈ, નહિ રહી જવા જેવું પણ રહી ગયું હોય તો મને માફ

મનના કવિઓ ક્ષમા કરશે એવી આશા રાખું છું.

હું જે ન્યુ કરું છું તે મારી દ્રષ્ટિએ મુસ્લિમ ગુજરાતનાં ગૌરવ જેવું છે; તમો પણ તમારી સમતુલા જળવી નામનાના મોહને અને તમારી પોતાની કંડિકા રહી ગઇ હોય તો તેના ગમ 'ગુસ્સાને બાજુ પર હડસેલી તેને વિલોકશો એવી આશા રાખું છું.

અફસોસ એક વાતનો છે, મુસ્લિમ ગુજરાતનું થઇ રહેલું કાવ્યસર્જન એક તરફી અને એકપક્ષી ગુજરાતી પત્રકારી આલમે વ્યાપાર કરવાની સજ્જનતા હજી પૂરતા પ્રમાણમા દાખવી નથી. નહિ તો મને પોતાને પણ જેમના તરફ માન છે તેવા સુંદરમ્, ઉમાશંકર-ભાઇ, અને એવા બીજા ઘણાઓની જેમ ગુજરાતમા વ્યાપક કહી શકાય તેવા તારલાઓ મુસ્લિમ ગુજરાતના ગગને ઉગી ચૂકયા છે, જે ગુજરાતની સેવા કરવાનુ વદનાર માસિકો, અને સાપ્તાહિકોના તંત્રીઓ આ તરફ પણ ધ્યાન આપે તો મુસ્લિમ ગુજરાતનું અભ્યગ્રસ્થિત કવિ મંડળ ગુજરાતની સેવામા એમના કામનુ સાશ્વત થયા વિના રહી શકે તેમ નથી.

એક વાત કહી દઉં; ઉર્દૂ કાવ્ય કંડિકાઓ એના ગુજરાતી ભાવાર્થ સથે કયા કયાં પીરસાય છે. ગુજરાતી સાપ્તાહિકો અને માસિકોમાં લખનાર બધાંના ઉર્દૂ-મુસ્લિમ લેખકો જે ગુજરાતી પંક્તિઓની ચૂંટણી કરી અવારનવાર માસિકો, અને સાપ્તાહિકોમા આપતા રહે તો, ગુજરાતી કાવ્ય સેવા સાથે સાહિત્યકારોનાં સંપર્કનો હેતુ પણ સિધ્ધ થાય તેમ નથી લાગતુ?

વાત પર વાત યાદ આવતાં એક વાત વધુ કહેવાની વૃત્તિને પણ રોકી શકતો નથી. ગુજરાતમાં અવારનવાર મુશાયરાઓ થાય છે, તે કંઈ મફત તો થતા નથીને? એનો અર્થ તો ભોગવવો પડે છેજને? અને ઘણા ભાગે તો તે કવિઓના બીમાનો ભારજ ઠગવો કરે છે. એટલે એ બોજા સાથે થોડો વધુ બોજ ઉપાડવાની સદ્‌બુદ્ધિ દાખવવામા આવે તો, મુશાયરામા આવતાં કાવ્યો પહેલાંથી મંગાવી ચૂંટી, તારવી, નાનકડી પુસ્તિકા રૂપે મુશાયરાની તારીખ પહેલાંજ પ્રસિદ્ધ કરી દેવામાં આવે; એ પુસ્તીકાને રૂપ રંગ આપવાનું કામ કોઇ કુશળ હાથોમા આપી; મુશાયરા દીને મુશાયરાના સ્થળે એક નાનકડું બુક સ્ટોલ રાખી શકાય. મને ખાત્રી છે કે: ત્રણ ચાર અગર પાંચ આનાની કીંમતની પુસ્તિકાની ઘણી ખરી નકલો હાંજ પડી જાય. સવાલો અને સૂચનાઓની આટલી લાંબી હારમાળા, મુસ્લિમ ગુજરાતનાં ચરણે ધરી; મેહફિલમાં ફરી ગએલા રસ ભર્યાં પ્યાલાનુ સ્વાદિષ્ટ રસપાન કરાવું છું. નામ ભૂખ્યાઓને નામ ભૂખ્યા રહેવા દેવાની કઠોરતા અને કામ ચાહકોની મીઠી નજર થશે. કારણ પાને કંડિકા નામ વગરજ મૂકવાની આજે મે હિમ્મત કરી છે. ભાગ્ય સાથે પાનાને ટકરાવી જોઉં, શું મળે છે, જશ કે જોડા?

નીચેનું કાવ્યનુ માત્ર બે અક્ષરો જુન ૧૯૪૧નું અને જાન્યુઆરી ૧૯૪૧નું મારી પાસે હોવાથી એટલા પુરતુંજ હોઇને વધુ ખ્યાલ નહી જાય તો તે 'કારવાં'ના તંત્રીશ્રીની કૃપાછાયી ઘણું ઘણું કરી શકશે.

બગલમાં છરી અને મુખમેં રામ' એ ગુજરાતમાં પ્રચલિત કહેવત છે. એને કાવ્યનાં વાઘા પહેરાવતો કવિ કહે છે કે;

"બગલમાં આપ તો રાખો છરીને;
ઠતાં મુખથી ભલે લો રામ જપીને"

મુખથી રામ, રામ, કરનાર ઢોંગીઓને કેવી સરસ રીતે ચીમકી આપી છે?

નીચેના શએરમાં 'ચિંતાઓનું' સોહામણું કવિ દર્શન એમના નિશ્ચીંત વલણ પર અટ્ટહાસ્ય કરે છે. જુઓ કેટલું સ્વભાવિક એ અટ્ટહાસ્ય છે.



"વસો ચિતાઓ નિશ્ચિંતે હૃદયમાં;
એ તમ કાજે છે નિશ્ચિત ધામ જાણે!"

'ખુશી શું અને ગમ શું? અમે શું અને અમારી જિન્દગી શું? કવિ કેવી સરસ વાણી લાલિત્યમાં કહી જાય છે? જુઓ

"જીવનની શી ખુશી મરવાનો ગમ શો?
અમે શું ને અમારી જિન્દગી શુ?"

નિચેનો કટાક્ષ પણ કેટલું કળાએલું છે તે જુઓ;

'હતા શેખજી પણ એ જોઈ મઝામાં;
પ્રભા નાચી રહી'તી રવિની ભૂજમાં"

સમાજની અગ્રગણ્ય વ્યક્તિ (શેખજી) પણ એ જોઇને મઝામાં આવી ગઇ હતી, પ્રભા રવિની ભૂજમાં નાચતી હતી, કવિ દ્વિઅર્થી કવિતા કરી બહુજ સ્વભાવિક રીતે કટાક્ષ કરી શકયો છે. આજના આપણે પશ્ચીમની સંસ્કૃતિના ચાળે ચઢેલાઓનો આ ચિતાર છે. જો કે એના સાધારણ અર્થમાં તો કવિ થતી પ્રભાતનું વર્ણન કરે છે, અને કહે છે કે, થતી પ્રભાતને જોઇ શેખજી મઝામાં હતા

નીચેના શબ્દ પ્રયોગની લહેર પણ અનુભવો;

"થયા લટ્ટુ ડેમોક્રેસી પર મહાશય,
મઝા કેવી આવી વિદેશી સૂરામાં?"

ડેમોક્રેસી (બહુમતીનું શાસન)એ આપણે ત્યા આયાત થએલી વિદેશી સૂરા છે. મહાસભાએ એના ઉપર લટ્ટુ થઈ; પધાનપદ સ્વિકાર્યું; અને એણે એનીજ પ્રતિજ્ઞાની હાની કરી; લટ્ટુ થવુ વિદેશી સુરા પર અને મઝા લેવી એ સઘળા શબ્દો કેવી સરસ અને શિષ્ટ રીતે વણાયા છે!

નૈતિક બોધમા પણ મુશ્કિલમ ગુજરાતનો એની શાન અને આટને ધરે તેવો કાળો મળતો રહે છે જુઓ:—

'નીજનો નેજીને ખાઇ જાય છે;
આગ જેવી લાકડાને ખાય છે."

આગ લાકડાને ખાઇ જાય છે તેમ બદ્ગોઇઓ (બીજાનું બુરૂ બોલવું) કરેલા પુણ્યોને ખાઇ જાય છે. બદગોઇઓ કરનારનાં પુણ્યો ધોવાઇ જાય છે. આટલું નીતિ સૂત્ર કવિ કાવ્યમાં બાંધી ગયો છે. એના દિલની કોમળ ઉર્મિઓની ઉપરોકત ખુબરી પણ કેવી મનોહર છે?

ઉદય થતા કે અસ્ત થતા રવિના લાલ ગોળાને જોઇ કવિ પુછે છે?

'કહી દે, કોની ઉષ્મા માં કહી દે, કોની પૂર્ણત્વમાં.
રવિનુ આખડી રાતી કરી નિષ્ઠુર સળગે છે?"

રવિને પ્રશ્ન પુછનો કવિ કયે છે: કોના પ્રેમમા? કોના વિરહમાં તુ તારી આખ રાતી કરીને સળગે છે? રાતા રવિને સ્પર્શતો કવિની કલ્પનાએ પ્રશ્ન તો ઉચિત ઉપસ્થિત કર્યો છે. પરંતુ આંખ રાતી કરી સળગનાર રવિને નિષ્ઠુર કહેવામા કવિ ખાનજણી છે કે કેમ?

પીપલ પાન ખરંતા...વાળી કહેવત પણ જાણીતી છે. કવિ એવા ભાવને કેવી સરસ કવિતાથી અલંકારે છે?

"આજ આ હાલને ન જો સહચર;
દૌર છે, દૌર દારે ફાનીના"

ઓ સહચર! આજની મારી આ દશાને ન જો; આતો માત્ર નાશ પામનારા કાળ ચક્રના ચક્કર છે. પોતાની દુઃખદ સ્થિતિમા આશ્વાસનના શબ્દો, "દૌર છે, દૌર દારે ફાનીના," કેટલા બધા સુંદર અને હૃદય ભેદક છે! આખા શએરની સુંદરતા તો કવિએ 'દારે ફાની' કહી ઉત્પન્ન કરી છે કવિનો આ તૌર ખરેખર દાદનો મુસ્તહક છે નિસ્વાર્થ પ્રેમ, ઇસ્સાર (ભોગ) પ્રેરિત પ્રણય; ધર્મે હકીકતનો નીચે દર્શાવેલ કવિ સંદેશ પણ કેટલો પાક અને પવિત્ર છે?

"નથી પરવા મને બદોલ્લાલાહીની કે દુન્યાની;
મગર એકવાર મુજને તું સનમ તારો બનાવી લે"

મને અમોદ, પ્રમોદ, સુખચેન, કિર્તિ, ખ્યાતિ અને આખી દુનિયાની કૈંજ પરવા નથી; પરંતુ ઓ સનમ! તુ મને એક વાર તારો બનાવી લે, ખરેખર ઈશ્વરથી મહબ્બત કરનારને એ બધાની શી પરવા છે. કવિની ઉપરોક્ત ઝંખના અને બેપરવાઈ પ્રશંસાની ખંડણી માગી રહે છે.

જગત દંભી છે. અહિં તો કોઇનું કોઈ નથી; બધાને પોતપોતાની પડી છે કવિ કાવ્ય સરાણે ચઢાવી એને સજે છે.

"કોઈનુ કો, નથી દંભી જગતમાં;
બધાને પોત પોતાની પડી છે"

આને આ શબ્દો, ઘણાએ ગદ્યમા ઘણાના મોઢેથી સાભળ્યા હશે, જાણે સમાજના હૃદય ધબકારાઓને પદ્ય-વાચા દેતા હોય તેમ કવિએ સાવ સાદા અને સ્વભાવિક શબ્દોમાં ઉપરનો શબ્દેર કર્યા છે

કવિના વદને 'શેખ' શબ્દ કટાક્ષમાં વર્ષોથી આવતો રહ્યો છે મને લાગે છે સમાજમા દંભનો સડો પેઠો ત્યારથી કવિઓએ શેખની ખબર લેવા માંડી હશે.

"ચઢે છે રિક્ત હાથે નગનમા,
જનાબે શેખની શુ ખાંધડી છે?"

બેપગના માણસના હાથે શેખની પાધડી (સમાજના અગ્રગણ્ય વ્યક્તિની દંભી પ્રતિષ્ઠા) ગગનમાં ચઢે છે, અર્થાત ખુલ્લી થાય છે.

એક બીજા કવિની ચિંતના દુન્યા શા માટે લડે છે એના ભેદને ખૂલ્લો પાડતી નીચેની કવિતા આપે છે

'અભાવે ઘોડા શી દર્યાદિલીના,
યુગે યુગમાં અખિલ આલમ લડી છે"

માત્ર નજીવા કારણેજ યુગે યુગમાં આલમ-દુન્યા લડતી ઝગડતી આવી છે તે એટલુંજ કે મોટા મનના અભાવે શું લડાઈનું કારણ સંકુચિત મનોદશા નથી?

'આંધળાને લાકડીનો આસરો' એ પણ જાણીતી કહેવત છે. કવિએ એનું ઉદાહરણ લઈ પોતાની કલ્પનાને કાબ્ય ડોરે ચગાવી છે

"મિલનની આશા પર જીવી રહ્યો છું;
સહારો આંધળાને લાકડી છે."

અને જરા એક બીજા કવિની નીચેની કંડિકા તો જુઓ.

"ચઢી જા તુ વમળે વ્યોમ-ગંગા!
નયન-ગંગા અહિં વમળે ચડી છે."

કવિની નયન ગંગા વમળે ચઢી છે; ભાવાર્થ જે પશ્ચાતાપનાં આંસુઓનું પૂર ચઢે છે; માટે ઓ વ્યોમ ગંગા (વ્યોમ-ગંગા કહી કવિ પરમાત્માની ક્ષમાવૃત્તિ, રહેમત)ને સંબોધતાં જણાવે છે કે તુ પણ પુર વેગે વહેઃ કેટલી સરસ પકિત છે?

કોણ કહે છે કે, ગઝલ કંડિકાઓમાં મનનનું તત્વ નથી? ઉપરની કંડિકા પર ટીકા લખવા બેસો તો એમાં કેટલું લખી શકાય તેમ છે?

એજ કવિની એક બીજી કંડિકા પણ જુઓ; કવિને રમત રમવા માટે કંઈક જોઈએ છે; કવિ એનાથી નિરંતર રમતો હોવાનું જણાવે છે. રમત રમવા માટે જરૂરી વસ્તુ કેવી છે? આ કાવ્યમાં ઉંડે ઉંડે જે કારૂણ્ય રહેલું છે તેનું માપ પણ જરા કાઢી જોજો આ રહ્યા કવિના કાવ્યમય શબ્દો.

'રમુ છું હું નિરંતર કલ્પનાથી;
રમત રમવાને શી વસ્તુ જરૂરી છે?"

કોઈ બીજા કવીની નીચેની કંડિકા પણ એના ચિંતનના દુન્યા દીલની ઘેરી ઉદાસ અદાસ કરે છે.

"નિરાશા કાજ હું આ મૌ કરું છું;
બિચારી આસરે આવી પડી છે."

કવિ આ સૌ કોને છે, શા માટે? આશા માટે સૌ કંઈ કરનાર તો ઓછા નથી; પરંતુ નિરાશા માટે આ સૌ કરું છું એમ કહેનાર કદાચ આ કવિ પહેલાજ છે.

ખૂબ વિચારો; એમાંથી તમને કૈંક મળશે થોડુંક હુંજ શોધી આપું છું; કાર્ય કરવા પહેલાં કવિ ખૂબજ વિચાર કરતા હોવાનું

જણાવે છે કારણ એટની આશાના ઉભન પરજ ઉપકારી મનોવૃત્તિ કેરા મોડાવેગરના ક્લેશ જેવીજ હોય છે ને! માનવના આસરે તો આશા અને નિરાશા બેઉ છે એ બેઉનો વિચાર કરનો ક્લેશન્યે હવે કવિ શું બોલ્યુ કરે છે?

ફરીથી કહું? જુઓ, નિરાશા બિચારી મારા અસરે આવી પડી છે એટને આ આ (બાપા બિચારા) હુ નિરાશાના લીધે કરુ શુ

કાર્ય વિધનાર તો ઘણા છે પરંતુ કરી દેખાડનારનુજ દુન્યા અનુકરણ કરે છે એ પરન્તુ એક કવિ કાવ્યબદ્ધ કરી આપે છે

'તમો 'કથારી' આમિત બનો તો,
તમોને માનવા બધ્કત બધી છે"

અનુકપા, અગર સહાનુભૂતિ જ્યાં અનુભવ્યા વગર પારકા ઉપર અનુભવાતી નથી, કવિ છે કોક, નામ તો કોઇનુ પણ આપવાનો નથી, કહે છે કે,

'શુ રડશે આખ કોના પાપ મટે,
ન ખુના પાપ ઉપર જે રડી છે'

કેવી સરસ પકિત છે?

વળી કોક કવિએ આજની મુશ્કિલ દુર્દશા નુ કારણ ગોતી કાઢ્યું છે એને જડ્યુ કારણ એ કહી બતાવે છે

'જીવનમા થઇ ગયો મુશ્કિલમ તુ બૈયાશ
તને આ તાગી બૈયાશી નડી છે!'

એક બીજા કવિની આ હિમ્મત પણ જુઓ, એણે કલ્પેલુ વિદ્યુતનુ આવ્હાન કેમનુ બચ કરે છે? પોતાની ઝૂપડીમા એ વિદ્યુતને વિસામો લેવા બોલાવે છે એની ઇચ્છા પણ વિદ્યુતધારી થવાની છે જુઓ—

'વિસામો લે અરે વિદ્યુત તુ પણ,
બધુ નજરીક મારી ઝુપડી છે"

ક્રાન્તિનારી હૃદયની આ ભયજનક નમનાતો વિરોધ! વિજળીને વિસામો લેવા બોલાવતો કવિ એને ફોસલાવતા કરે છે, મારી ઝુપડી બહુ નજદીક છે

એક બીજો કવિ વહેતા જીવનનુ કાવ્ય દર્શાવે છે કયા? જીવનમા,

"નયનમા કાવ્ય છે વહેતા જીવનનુ,
ટપકતા અશ્રુઓ એની કડી છે"

વહેતા જીવનનુ (અહા કેવુ સરસ વહેતુ જીવન!) કાવ્ય નયનમા છે અને આ ટપકતા અશ્રુઓ તો એ કાવ્યની કડીઓ છે

અને એજ કવિ મરણની વ્યાખ્યા નીચે મુજબ કરે છે

"કર છે પાર દુખ દુન્યા મરીથી
મરણ તો મોક્ષ નારદી કહી છે"

મરણને મોક્ષ નારદી કહી વખાણતા કવિની ભાવનાના રંગો કેટલા ગગનગામી છે?

એક બીજા કવિ પોતાની આખના ઉદ્ભવનુ કારણ બતાવે છે. જુઓ,

'બિલેલા પુષ્પને ઉપવનમા નિર્ખી,
અમારી આખ ઝાકળ સમ રડી છે"

બિલેલા પુષ્પોને (સુદર મૂખડાઓને) જગત ઉપવનમા નિર્ખી કવિની આખ ઝાકળ સમ રડે છે એ આખમા શુ છે તે અને આજના જાણીતા ગુર્જર કવિઓની આખમા એવા બીલેલા પુષ્પો જોઇને શુ થાય છે એ એમનીજ કવિતામાથી ગોતી કાઢો અને પછી તમેજ નિર્ણય કરો આ કોક ઉગતા કવિના હૃદયની પવિત્રતા અને પેના માસિકોમા ઝગમગતા કવિતા દીનમા શુ છે એની બાબત શીખી તમને મળી જશે

આ કોક કવિની કટાક્ષ પૂર્ણ કડિકા ટાકી દઉ પડી બસ

'પુરાણી મા' પ્રણયે કુથલી રડી છે,
કવિતા ખુદ કવિની કાકડી છે"

આજના પુરાણી પ્રણય કુથલીઓ રડનાર કવિની કવિતા તો ખુદ કવિની કાકડી છે એમ આપણને કોક કવિ કહી જાય છે

માત્ર બે અંકોમાથી કુકામા ટાચવા જેવુ મળ્યુ તે ટાગી દીધુ એમા શુ છે અને શુ નથી, એનો નિર્ણય કારવાના વાચક વર્ગને કરવાનો છે જરા નહિ તો જોડા તો મળશેજને! બાકી મિત્રોએ દીધા એ જોડાઓથી પણ મને કઇ જ્ઞાન મળશે એમ માનું છું



"સુલતાન મુંબઈ પાછો ફરે ત્યાં લગી તું મને સમય નહિ આપે?"
"તારી ઇચ્છા હોય તો મારી ઉતાવળ નથી. પણ સુલતાનને લખજે ખરી."
મહેરૂ માટે આજનો દિવસ આનંદોત્સવનો હતો
અને રાત તેણે અનેક સ્વપ્નાં ઘડવામાં વિતાડી.

પ્રકરણ ૧૮ મું — બે સખી

મહેરૂનુ માનુ આવ્યુ તેનેયે પંદરેક દિવસો નીકળી ગયા.

રઝિયાને મળવા તેના ઘેર મહેરૂ ગઇ ત્યારે રઝિયા પિયાનો સાથે ગાવામાં ગુલતાન હતી. મહેરૂ ચુપચુપ સાંભળતી કોચ ઉપર બેસી ગઈ

"ન કિસીકી આંખકા નૂર હું;
ન કિસીકે દિલકા કરાર હું;
જો કિસીકે કામ ન આ સકે,
મૈ વો એક મુશ્તે ગુબાર હું.
મૈં નહીં હું નગમએ જાં ફિઝા,
મેરી સુનકે કોઇ કરેગા કયા?
મૈં બળે બિરેગાકી હું સદા,
કિસી દિલ જલે કી પુકાર હું.
મેરા રંગ—રૂપ બિગળ ગયા,
મેરા યાર મુજસે બિછળી ગયા;
યે ચમન બિંઝાંસે ઉજળ ગયા,
મૈં ઉસીકી ફસ્લે બહાર હું.
ન તો મૈં કિસીકા હબીબ હું,
ન તો મૈ કિસીકા રકીબ હું,
જો બિગળ ગયા વો નસીબ હું,
જો ઉજળ ગયા વો દયાર હું.
કોઇ ફૂલ મુજપે ચઢાયે કયૂં?
કોઈ મુજપે અશ્ક બહાએ કયૂં?
કોઇ આકે શમ્મ જલાએ કયૂં?
કે મૈં બેબસીકા મઝાર હું.

"હીઅર! હીઅર!

રઝીયાએ ચમકીને પાછળ જોયું તો મહેરૂ તેને તાળીઓના ગગડાટથી વધાવી રહી હતી.

"કેટલું સુન્દર ગાય છે!"

"પણ તું કયારે ટપકી પડી?" (અપૂર્ણ)

આવતી કાલના મુસ્લિમ વેપારીઓની કેળવણી

પલટાતા સમયને પહોંચી વળી વેપારની આબાદી શી રીતે ટકાવી રાખવી ? આ પ્રશ્નનો ઉત્તર "વેપારી શિક્ષણમાં" આપી શકે. મુસ્લિમ વેપારી કોમનાં બાળકોની સેવાર્થે પંચગનીની મુસ્લિમ હાઈસ્કૂલના કોર્સોમાં યોગ્ય ફેરફાર કરવામાં આવ્યો છે.

આ સ્કૂલમાં બાળપોથીથી મેટ્રીક સુધીનું શિક્ષણ અપાય છે. મજબુતી તાલીમ માટે એક બોર્ડની સાહેબ રાખવામાં આવ્યા છે. સ્કૂલની પોતાની એક મસ્જીદ છે.

હાલમાં ચાલુ શિક્ષણની સાથેજ વેપારી કેળવણી એટલે નામું-હિસાબ-વિમો-વેપારની રીતે અને ચોજના-બેન્કીંગ-વેચાણની વ્યવસ્થા વિગેરે વેપારને માટે ઉપયોગી એવા બધા વિષયો શીખવવાનો ખાસ બંદોબસ્ત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત વેપારી કેળવણી માટે ખાસ જુના વર્ગો અને ટૂંકા તેમજ લાંબા અને જુદા કોર્સો પણ રાખવામાં આવ્યા છે. નિયમ પ્રમાણે સ્કૂલમાં ગણવાનાં અમૂકજ વરસોને બદલે ઘણાજ ટૂંકા વખતમાં આ શિક્ષણ આપવાના દરેક પ્રયત્નો કરવામાં આવે છે. આમ છોકરાઓના ઘણાં વરસોનો બચાવ થાય છે. જે છોકરાઓ મેટ્રીકની પરીક્ષા આપવા નથી ઇચ્છતા તેમને વેપારમાં ઉપયોગી એવા અમુકજ વિષયો શીખવવામાં આવે છે.

છોકરાઓને મુંબઇ સરકારના ડીપ્લોમા ઇન કોમર્સ, ફેલોશીઅન ચેમ્બર ઓફ કોમર્સ અને લંડન ચેમ્બર ઓફ કોમર્સની પરીક્ષાઓ માટે તૈયાર કરવામાં આવે છે. સ્કૂલના શિક્ષકોમાં આર્ટસ, સાયન્સ, અને કોમર્સનાં ટ્રેઇન થએલા અનુભવી ગ્રેજ્યુએટો ઉપરાંત છેલ્લાંમાં ટ્રેઇન થએલા અને લાંબા લાંબા સમયના અનુભવીઓ પણ છે.

પૂનાથી ૧૫ માઈલને અંતરે સમુદ્ર સપાટીથી ૪૩૦૦ ફીટની ઉંચાઇએ આવેલા પંચગની નામના રમણિય અને પ્રખ્યાત હવા ખાવાના શિખર ઉપર આ સ્કૂલ આવેલી છે.

સ્કૂલમાં ખાવા તેમજ રહેવાની ઉત્તમ સગવડ છે. બાળકોની દરેક પ્રકારની જરૂરી સગવડો સંપૂર્ણપણે સાચવવામાં આવે છે. સ્કૂલની ૬૬૫ એકરની પોતાની જમીન છે જેમાં સ્કૂલની પોતાની ડેરી, પોતાની બેકરી, પોતાનું વોટર વર્કસ, ટેનીસ કોર્ટ, ક્રિકેટ, હોકી વિગેરે રમતો માટે વિશાળ મેદાનો આવેલાં છે. આવી ઉત્તમ સગવડોને લીધે આ સ્કૂલ દરેક બાળકને પોતાના ઘર જેવીજ લાગે છે. વરસના કોઇ પણ ભાગમાં અંદર આ છોકરાઓને દાખલ કરવામાં આવે છે. ૭ વરસ અને તેથી વધુ ઉંમરના છોકરાને દાખલ કરી શકાય છે, પરદેશથી અહીં વિદ્યાભ્યાસ કરવા આવતા સર્વે બાળકોની અમે સંપૂર્ણ જવાબદારી લઇએ છીએ. હાલ તરત અમારી સ્કૂલમાં આફ્રિકાના લગભગ બધાજ ભાગના છોકરાઓ અમારી સંપૂર્ણ જવાબદારી નીચે અભ્યાસ કરી રહ્યા છે. દરેક વર્ગને પોષાય એવા ફીના દરો રાખવામાં આવ્યા છે. આ ફીમાં આવાનો, જમવાનો અને બીજા બધા ખરચનો સમાવેશ થાય છે.

હિંદુસ્તાનના બધાજ તંદુરસ્તીબક્ષ પદાર્થ ઉપર આ તાલીમ આપવામાં આવે છે. આથી છોકરાઓની તંદુરસ્તી હંમેશાં ઘણીજ સારી રહે છે. સામાન્ય કેળવણીથી બાળકોની શક્તિ વધારવામાં આવે છે વેપારી કેળવણીથી બાળકોને તેમની ભવિષ્યના ધંધા માટે તૈયાર કરવામાં આવે છે. અને ધાર્મિક કેળવણીથી તેમનું ઉમદા ચારિત્ર ઘડી તેમને ઉત્સાહથી પોતાની કોમની સેવા માટે તૈયાર કરવામાં આવે છે. આમ અહીં ભણતા છોકરાઓને સર્વ પ્રકારનું શિક્ષણ અપાય છે. અને તેઓ સમાજ સેવાની ધગશ રાખી પોતાની કોમની સેવા કરે છે.

જેથી મુસ્લિમ સ્કૂલોની બીનવણીનો આધાર તેને જોઇતી કદે પોતાનીજ કોમ તરફથી ટેકો મળે; તેના ઉપર અવલંબે છે. પોતાનાં બાળકોની કેળવણી માટે દરેક પ્રકારે યોગ્ય શિક્ષણ આપતી, ઘણા જુનો સમયથી સ્થાપિત થએલી અને નામનાવાળી સ્કૂલની પસંદગી કરવી એ દરેક માબાપની ફરજ છે.

વધુ માહિતી માટે લખોઃ—

એમ. બી. હુસેન એમ. એ. બી. એચ.સી. (એડીનબરો)
બી. એસ.સી. (ઇન ઇકોનોમીક્સ)

હાયર ડીપ્લોમા ઇન એજ્યુકેશન (ટ્રિનિટી કોલેજ: કેમ્બ્રીજ)
પ્રિન્સિપાલ મુસ્લિમ બોર્ડિંગ સ્કૂલ, પંચગની. (જીલ્લા: પૂના)

ફૂતાવા

અમારા ફૂતાવા વિભાગના લેખક મૌલાના જનાબ અહમદ અલ્લાહ સાહબ હાલમાં કેમ હામ અર્થે બહારગામ ગયા હોવાથી આ પુ અંકમાં ફૂતાવા આપી શકયા નથી તે બદલ દિલગીરી. તંત્રી.

તંત્રી : "બદુશી" રાંદેરી. સહતંત્રી: "બેકાર"

માસ ડીસેમ્બર ૧૯૪૧

પુસ્તક. ૩ જું અંક ૪ થો.


અનુક્રમણિકા.

વિષય સૂચિ.				લેખકનું નામ			પૃષ્ઠ.
અસિત અને રૂપા	...	...	...	અણાસ	...	..	... ૨૧૯
ઈસ્લામી હિંદુત્વ (કુર્આન)		...	...	મૌ૦ અ. રહીમ સા૦	...	...	... ૨૨૦
,, ,, (હદીસ)		...	...	,, ,, ,, ,,	...	...	... ૨૨૧
અજાયબી દુનિયા	...	...	...	"બેકાર"	...	...	... ૨૨૨
અસિત દેસાઈ	.	...	...	"મજાક"	...	...	... ૨૨૫
અરમાઉસ દુરના	..	.	...	ગિરા-અબેરી		...	... ૨૨૭
ફૂલાઈ	...	...	..	...	"શીરીન"	...	... ૨૨૯
પેગ	...	.	...	...	રા. વસુન્તરો	...	... ૨૩૧
રસીલાર અને સમારે ચના...		...	...	સપટ	...	...	... ૨૩૪
બેરી બેદ ના ખુશને બાપ		.	...	મિન્હા	...	...	... ૨૩૫
મુસ્લિમ અરબી વદ ખુરદુ		...	..	સાહિદ બાગબી		...	... ૨૩૬
ટું. મિયા ને તરમારખા		...	...	દાન	...	...	... ૨૪૫
અન્યાયે ઝમઝમ	...	..	...	"સાકિર"	...	...	... ૨૪૬
"દિલની" (ગઝલ)	...	..	.	"પયગમ"	...	...	... ૨૪૪
મિહિના અન્ધારે		.	.	...	"અસિત"	...	... ૨૪૫
ધરની ગેબ	...	..	...	...	"નિસર"	...	... ૨૪૮
"ખુદ ખેવ" (ગઝલ)	...	..	...	...	"રહમત"	...	... ૨૫૪
કેદાસિ (અંતપુર મુદ્રણ)		..	..	અપાદ	...	...	... ૨૫૬
એ બાબો	...	..	...	...	રીબાય	...	... ૨૫૯
મોરબ	..	...	..	...	દરગદવાલા	...	... ૨૬૧
"દિલની અરમાન ફરે" (ગઝલ)		...	...	મુબસ્સિમ	...	...	... ૨૬૨
"ચમા ના" (બાલ)	.	..	...	"અસિત"	...	...	... ૨૬૪
"ખુશાલી" (બાલ)	...	...	...	"ચાંદ"	...	...	... ૨૬૫
સુલતાન (ચંપુ વાર્તા)	..	...	...	"તુફાન"	...	...	... ૨૬૬



વાર્ષિક લવાજમ-હિન્દ અને સીલોન રૂ. ૪. અમે રૂ. ૫. પનેલ્ટ રૂ. ૮

વિનંતી:-રેપર ઉપર મુદ્રક નંબર દર્શિત થયાથી તે તે પ્રકરીમા નોંધી લેવા અને પત્રવ્યવહારે ચેક તે લખવા વિનંતિ નથી.



સંદેરની સુશોભિત ઇદગાહ
ધી સદેર મેહમિડિયે ઇસ્લામ કુતુબખાના જેનો વહીવટ કરે છે.



ડૉ. એમ. એ હુસ્સામ અન્સારી.






મહંમ શેઠ બોટાવાલા મેડિકલ ડિસપેન્સરી, સંદેરના કુશળ તબીબ જેઓ છેલ્લા ૩ વર્ષથી સંદેરની જનતાની સેવા કરી હવે પંજાબ સીવીલ મેડિકલ સર્વીસમાં નિમણુંક થવાથી સંદેરને છેલ્લી સલામ, આ માસની આખરે કરી જનાર છે. ખુદાપાક એમને એથીય વધુ તરક્કી બક્ષો.



ધી રાંદેર મેહફિલે ઇસ્લામ કુતુબખાના હસ્તે ચાલતાં પચ્ચીસ ખાતાંઓ પૈકી આ મુસાફિરખાનું પણ છે. ભોયતલીયે આમ અને માળ ઉપર ખાસ મુસાફિરો અને ઇસ્લામ ધર્મની રક્ષામાં આવતા નવમુસ્લિમો માટે સગવડ છે. સુન્નતે રસૂલુલ્લાહ સલ્લ. અનુસાર ત્રણ દિનની મેહમાનદારીની ખાણાની વ્યવસ્થા પણ ખાના તરફથીજ થાય છે. પરધર્મ માંથી આવતા ભાઇઓ દીને ઇસ્લામથી માહિતગાર થવા માટે દીની સંસ્થાઓમાં કેળવણી લે તે સમય દરમ્યાન તેમના ખાવાનો ખર્ચ ઉપરાંત કપડાં લત્તાં, કિતાબો, ખત્તા વી.નો ખર્ચ દસ્તવતુલ ઇસ્લામ ખાતું ઉઠાવી લે છે. તે ખાતાનો આધાર કરવામાં દર વર્ષે ઇદુલ્ઝોહાના પ્રસંગે કુર્બાનીના મળતાં ચામડાંઓ ઉપરજ મોટે ભાગે હોય છે. આશા છે કે આ વર્ષે પણ રાંદેરની જનતા આ ખાતાને ભૂલશે નહીં જ.

પુસ્તક ત્રીજું | અંક ૪ થો



ડીસેમ્બર ૧૯૪૧

ગાલિબ અને ગાયક

"ઢૂંઢે હું ઉસ મુગન્ની, આતિશ નફ્સ હો જો,
જિસ્કી સદા હો, જલ્વએ ગુલ્ઝાર કા મુઝે"—ગાલિબ

(ગાનારા ઉપર મંડીતની અમર ભિન્ન-ભિન્ન રંગે થાય છે એ નિર્દાન ગણાય છે કે, દીપકના આલાપથી દીવા પ્રગટે છે.)

દીપક એક શોકપૂર્ણ આલાપ છે અને તેની અમર ભસ્મીભૂત-ખાખ-કબાની (કવિ ગાલિબ) ઉપર આ આલાપ, એવા ગાયકની પરિશોભના છે કે, જેનો આલાપ કવિના આત્માને દુઃખમાં પ્રગટી દે જગતની જંજાળમાંથી મુક્તિ મેળવવા માટે, કવિ એવા આલાપની આશા રાખે છે કે જેમાં તે પોતાનું દુઃખ ને ગમ ખંખેરી

કવિ ગજાવાનમાંથી મરી એ રીતે ઉગરવા ચાહે છે, આલાપ્રેમ કરવાનો એના આત્મામાં તન્મય બને અને તેમાંથી તે શાશ્વત મેળવતો હોય.

"ઢૂંઢે હું" આ શબ્દ ઉપર તે વિલાપ કરે છે કે, તે ગાયન, એના આલાપ-પ્રલાપમાંથી જગાનાઓ ભૂંસાતી હોય તે, મરણતોલથી મરી જતો.


પણ કવિ એવા આશિયા આત્માને જોરે હું ના ભાગે કુદરતના એ જ આલાપની જ્યોતિમાં તે મરવા માટે તૈયાર થયો છે.

"ગિ કવેમે પૂર હું મૈં, નગમે જૈસે બાદ,
ચોક જૈ હૈ, ફિર દેખીયે કયા હોતા હૈ"

કવિ મૂંઝાયો-બીને-બીને વિલય પામી ગયો છે, જ્યાં જ્યાં જોતી આપણે પડે છે ત્યાં એને અન્યત્ર દેખાય છે, અને તેથી તે જગતની આ મંજાળી જંજાળમાંથી મુક્તિ મેળવવા તલસી રહ્યો.

કવિ જેવા ગાયન વડે પગને-પગત કરે.

—અયાઝ



'રોવર્ડ પહેના ઈસ્ટ ની રેલ્વે ટ્રેનોને દોરાથી બધાને ખેંચતા ખેંચતા બીજા સ્ટેશને લઈ જવામા આવતી હતી દિલ્હીના રાજકારિ વાતાવરણની પણ અત્યાર એવીજ હાલત છે! વ્યક્તિગત સત્યાગ્રહને મડ માડ બચી ખેંચીને ચલવતો પડતા હતો એવામા ભારે થઇ ગયું અને ઈંગ્લિશ ધારાસભાના નવા સ્ટેટનું કે તમને અભિનયથી અકળીને થઇને લાટ સાહેબે રાજકારિ કેદીઓને મુક્ત કર્યા છે! જો કે મુક્ત થવાથી જવાહર આઝાદ અને બીજા એવા બીજા, ભોગ આગેવાનો ખુશી દર્શાવતા નથી જવાહર તો એમ કહે છે કે 'તે તો નીકળ્યો જેલમાંથી છુટીને મેરી જેલમા આવ્યો છું' કિલ્લો સરખામણી મોટી જેલ સાથે કરી છે એમ તો આખુ જગત જેલ જેવુ છે ને? ગાંધીજી પણ ગરજદારી કેદીઓ છુટવા બહાર થતા નથી! સરકારનુ દિલ સફ નથી એમ કહેવામા આવે છે અને કુસ્કાવટ ચાલુ નખવાની વાતો થાય છે ત્યારે બીજી બાજુ જોવાના મોકા ચાચવડાથી કટકોના અરમાન તથા લીડરો પાછલા બારણેથી ધારાસભામા પ્રવેશ કરી ગુન પ્રધાનપદના સિંહાસન પર બેસવાની ગુસપુસ કરી રહ્યા છે! બીજો પક્ષ બાજુ કરવટ લેશે, તે સમજવુંજ મુશ્કેલ છે અત્યારે તો એ રાજકારિ ટ્રેનો દોર થી ખેંચાવી પડે છે આ વખી વચ્ચે જનાબ ઝીણા સાહેબનો પાકિસ્તાનનો પડાવ તો હજુ રસ્તામા ઉભો જ છે, ઝીણા સાહેબના, અપીલેટમને એમની અત્યારે તો ઘણીજ પી ગયા હોય એમ દેખાય પણ જનાબ ઝીણાની પી પાછળનુ લીગનુ સંગઠન મજબૂત હોઈ કોંગ્રેસ અને સરકાર બનેને વિચારમા નખી દેતા નવાઇ નહિ! બાકી અમને તો 'ખોરડાની પેની પાનુજ ખરી લાગતી દેખાય છે કે

(૨૩)

ચલની ચકકી દેખકે કબુત દુખીના ઈ
ઈ પાટન કે બીચસે બચ ગઇ ન કોઈ

ખરીનો ભાવાર્થ એ છે કે જમીન અને આસમાન એ બે ચકીના પડો છે તેની વચ્ચે દરેક જ પીસાઈ જશે કોઈ બચવાનુ નથી, દુઃખનો અંત નીકળી જશે તમ કાઇટે છે અને ન્યુ નાન પડ વચ્ચે કોંગ્રેસ અને લીગ બાકી થી કોંગ્રેસ ભરેલા ભરાય પીસાઇ રહી છે! યુરોપ અમેરિકાના કોઇક પત્ર મોકલના પડપાટથી ડરીને ભલે રાજકારિ કેદીઓને છોડાય દેવાય તે જુદી વાત પણ ઉંચુ જતુ અને કોંગ્રેસનું રાજનુ નમતુ દેખાતુ હોય બાકી સત્તામ સરકાર કોઇ ખોટા જખને બેસશે એ તો અનુભવીઓ પણ કહી રહ્યા એમ થી પણ કે બહાર હાલના ઉશ્કેરાટના વર્ષ પર એને તો ચાલવાનુ જ હોય ને!

"ડગમગ ડોલે તોરી નૈયારે નાવ પુરાની !" જેવો ઘાટ હવે હક્ક પ્રધાન મંડળનો થયો છે. હક્કના હાથમાંથી બંગાલી પ્રધાન મંડળનું સુકાન છુટી ગયું છે. હવે એના હાથમાં એ જશે એ સમજાતું નથી. એક તરફ લીગપક્ષ છે, બીજી તરફ સંયુકત પ્રાગતિકપક્ષ છે. "જરકી તડમે' લડું ઉરકી તડમે' હમ !"ની જનિવાળાઓ હાલમાં ફાવી જાય એમ લાગે છે ! ભલા બિચારા મિયાં ફજલુલ હકના બીબીઓનું પ્રધાન મંડળને જમાવી શકયા પણ બંગાલનું પ્રધાન મંડળ ન સાચવી શકયા ! હાલ તો સર નાઝીમુદ્દીન અને હક્ક સાહેબ સામસામે મુશાયરા ગોઠવી દાદ લઈ રહ્યા છે. જેની ગઝલને વધુ દાદ મળશે તે ફાવી જશે. જો કોઈ રીતે વાંધો પડે એમ ન હોય તો બંગાળના ગવર્નર સાહેબને રેફરી બનાવી સર અને મિયાંની કુસ્તી જોવાની દેવી, પણ તેમાં બીજા સાહેબ વાંધો ન ઉઠાવે તોજ બને. કારણ કે મિયાંનું શરીર બાવળની જાંઘ જેવું દેખાય છે એવા પખને ફાવી જાય ! આ બંને 'ચિત્રાળ તાબે સીમ બણી ને કુનર તાબે ગામ બણી' જેવી સ્થિતિમાં મુકાણા હોઈ, બંગાલના ફાંતિકારી 'રવિ' નજરુલ ઇસ્લામની લખેલી ફિલ્મ 'સપેરા' જોવે જોઈ હશે એવા સપેરા સબ્યોજ ખૂબ ફાવવાના. સાલા મુદ્દાઓનું આવી હાડમારીમાં કામ નહિ.



અંતે હીટલરના કોટ પુરા થયા છે. આખા જગતને સળગાવી મૂકવાની એની તમન્ના બર આવી છે. લીબીયાનો મોરચો ગરમ થયા પછી હવે પાસિસ્ટોના માબાપોની દુઆ પણ કુળા છે અને એ. બી. સી. ડી. તો વિચાર કરતીજ રહી ગઇ ને ઠીંગુસી જાપાને ડફલી ઘુંટવો શરૂ કર્યો છે ! ધીમાં કામ સાહેબનાં, અને ઊતાવળા સો બદાવરાની,' કહેવતો ખરી પડશે. બાકી રહીને કોમેળીઆના જગાની જેમ એ. બી. સી. ડી.ના જગામાં જાપાન ફસાશે. બાકીવારે તા "ચટ મંગ બેટા મુલી પર ભગવાન તરા ભલા કરે !"ની તાજી ગુરુ હીટલરની ગીબામણ માનીને જાપાન આગળ પાછળ-

* મુબારકબાદી *

જાણીતી મશહુર લેખિકા બહેન કુલસુમ મુરૈયા એમ. એ. ની શાદી બાના આબાદી જનાબ અબ્દુલસત્તાર પારેખ એલ. એલ. બી. સાથે મંગળવાર તા. ૯-૧૨-૪૧ના દીને સાંજના ક૦ ૪ ના અંધેરી બાતે થઇ છે. નવયુગ્ન અને ડૉ૦ એમ. એ. મુરૈયા સાહેબ તથા બહેન કુલસુમના પિતા જનાબ અબ્દુલ કરીમ સાહેબ સોલીસિટરને તથા કુટુંબને દાદ મુબારકબાદી અર્પીએ છીએ.

તંત્રી

નો વિચાર કર્યા વિના મેદાનમાં તૂટી પડ્યું છે. જગતનો કોઇ ખૂણો હવે લડાઇ વગર બાકી રહ્યો નથી. જોકે જર્મન યાને પૃથ્વી ગોળ હોઇ તેને ખૂણાજ નથી; છતાં એ ગોળામાંય લડાઇના ગોળા ગબડ્યા વગર કોઇ જગ્યા હવે બાકી રહી નથી પણ એ લડાઇ જગતને હેરાન પરેશાન કરી રહી છે, તે કરતાં પણ વધુ દિલ્લી વડોપારીઓ પ્રાહકોને હેરાન પરેશાન

કરી રહ્યા છે. લડાઈ તો જ્યાં ચાલે છે ત્યાં ચાલે છે. પણ દરેક બીજના ભાવો વધ્યા-ઘટ્યામાં અહીંના વેપારીઓ પાછું વાળીને જોતા નથી અને તેમાંય દિવસમાં બનતા બનાવોથી અહીં ગણા ભાવ વધે એ શું બનાવી આપે છે? મુંબઈનાં 'ચોખાભેળા'ની દિશામાં આંખ ઠેરવીને ચાલી પણ; છતાં ચોખા તો સસ્તા નજ થયા! ઘઉં દિવસમાં બેત્રણ એટલા પાકે છે; છતાં ભાવ વધતાજ બનજ છે! ચાંદ-ખાંડ હવે દિવસમાંજ બને છે, સાબુય દિવસમાં બને છે, છતાં ભાવમાં પાછું વળીને જોવાતું નથી! હનુમાનના પૂછડાથી લંકા સળગી હતી પણ હીટલરના પૂછડાથી તો આખું જગત સળગ્યું છે!

○

અમેરિકાના 'સન્ડે ન્યુઝ'માં હજરત મોહંમદ (સલ્લ૦) સાથે હીટલરની સરખામણી કરવામાં આવી છે એ વિદેશી પત્રકારો આવી રીતે ઘણી વખત વધારી બેસે છે. કયાં ગરીબોને બચરાવવા ખાતર પોતાના પેટે પત્થર બાંધીને ફરનાર પયગમ્બર અને કયાં લોકોના હાથમાંથી રોટલો ઝુંટવી લેનાર હીટલર? કયાં વિધવાઓના સહાયક અને યતીમોના મદદગાર પયગંબર અને કયાં લાખો સ્ત્રીઓને અકાળે વિધવા અને કરોડો બાળકોને યતીમ બનાવનાર હીટલર? કયાં અરબસ્તાનવાસી જંગલી બદદુઓ કે જે પોતાની પુત્રીઓનો ધાન કરતાં, અને ઘોડાને પાણી પીવરાવવાના ઝઘડામાં આખાં કુટુંબોનાં કુટુંબો સૈકાઓ વરસ સુધી લડી મરતાં એવા જંગલી અરબોને સુધારી સંસ્કારી બનાવનાર નર, અને કયાં જગતને લોહીની નદીમાં સ્નાન કરાવનાર નર રાક્ષસ હીટલર! એક કુદરતે બીજો ચમત્કાર! એનો મુકાબલો કેવી રીતે થશે? અમેરિકાના ભીંડાખોર પત્રકારો મુસ્લિમોના ધાર્મિક પેગમ્બરોને પોતાના ચશ્માથી જોવાનું કયારે મૂકશે?

●


મુસલમાનો પોતાના દિલપર હાથ રાખીને પૂછી જુએ કે હરેક તેમના અંતરોમાં તે બનીસી કુર્બાનીની ભાવના બાકી રહી છે કે ફકત ગોસ્ત ખાવા ખાતરજ ઈદે અદહા મનાવે છે? ખુદાની ખાત સર્વસ્વ કુર્બાન કરવાની ભાવનાનો એક અંશ પણ હવે મુસલમાનોમાં બાકી રહ્યો છે? બીજા ધાર્મિક રિવાજોની જેમ કુર્બાની પણ એક રિવાજી રસમ થઇ પડી છે ખુદાની ખાતર, પોતાના માલિકના હુકમની તાબેદારીની ખાતર, પોતાનો લક્ષ્ય જિગર હજરત ઈસ્લાઇલ (અ૦)ની ભવ્ય અને જગતમાં અજોડ બનાવી બનીસી કુર્બાનીએ ઇસ્લામના વૃક્ષને તરોતાજા રાખ્યું છે, પણ આજે તો ફકત બોળીકુંજ બાકી રહ્યું છે, આત્મા નથી! ખુદાજ મુસલમાનોમાં તે કુર્બાનીની ઉચ્ચ ભાવના પેદા કરે અને દંભના પડદાને દૂર કરી મુસ્લિમોને સાચા મુસલમાન બનવાની હિમ્મત આપે! બાકી મર્હૂમ ઇકબાલના સવાલનો જવાબ આપવાની આજે કોઈ મુસલમાનના દિલમાં હીંમત છે? કે:

"ખુતો સૈયદની હો મીરઝાની હો અફઘાનની હો, કોઈ બતાઓ કે હકીકતમે મુસલમાનની હો?"

●

"ઘરઘંજ ગાયું વાળે" એ કહેવત હવે છેકજ જુની કરી છે. કારણકે આ વિમાન યુગમાં એનું અસ્તિત્વ રહેતું નથી. પંજાબના કેટલાક સ્પિરિટ્સ આગેવાનો જ્યારે કેનેડાનું

(અનુસંધાન હાઈટલર-પાનું ત્રીજું)



એમનું નામ અસદુલ્લાખાન છે. સલ્જુકી તુર્ક કહેવાતા હતા. દાદા બેદશાહ શાહઆલમના વખતમાં હિંદુસ્તાન આવ્યા હતા. પિતાનું નામ અબદુલ્લાહ બેગખાન બહાદુર હતું. દિલ્હીના છેલ્લા બાદશાહ બહાદુર શાહ "ઝફર"ના જમાનામાં એક મકાન શાહર ગણાતા હતા. શાયેરીમાં પડેલાં "અસદ" ઉપનામ હતું પછીથી "ગાલિબ" રાખ્યું. બહાદુરશાહ ઝફરના શાયેરીના ઉસ્તાદ "ઝૌક" છે કે જેઓ "દાગ" દેહલવીના પણ ઉસ્તાદ થાય છે. "ઝૌક"ના મરણ પછી ઝૌકર બાદશાહના ઉસ્તાદ થયા. 'ઝૌક' અને "ગાલિબ"ને બીલકુલ બનતું ન હતું.

જ્યારે દિલ્હી ૧૮૫૭માં અંગ્રેજોના કબજામાં ગયું, તો 'બ્રોડીસ' બહરે આલમ લૉર્ડ જ્યોર્જે કહ્યું હતું કે તુર્ક ફક્ત તલવારજ ચલાવી જાણે છે; પણ એ લોકોને તે વખતે ખબર ના હતી કે તુર્ક તલવાર પણ ચલાવી જાણે છે અને કલમ પણ. એમનો 'ખુસરૂ' અને "ગાલિબ" એક મોટા તુર્ક શાયર તેમજ તલવારબાજ થઇ ગયા છે. 'અમીર ખુસરૂ' તુર્ક સરદાર હતા, અને ગાલિબ તુર્ક સલ્જુકી છે. ગાલિબની પેદાયશ અકબરાબાદ (આગ્રા)માં ૮ રજબ હિ. ૧૨૧૨માં થઇ. નીચેની ફારસી નઝમથી પણ આપે એજ તારીખ બતાવી છે.

"ગાલિબ ચુ મરા નામ ઝ દફ્તર બ્તર્દંદ નવીસ,
હમ ખોરદે અદ્ દારમ વ હમ ઝૌકે, હુસૈન;
તારીખે વિલાદત મનં, અઝ આલમે કુદ્સ,
હમ "શોરિશે શૌક", આમદો હમ લઝ્ઝે "ગરીબ".

"શોરીશે શૌક" અને "ગરીબ" એ બન્નેથી હિ. ૧૨૧૨ ના અદદ નીકળે છે.

"ગાલિબ"ના ઉપનામથીજ પ્રસિદ્ધ થયા. સિરાજુદ્દીન બહાદુરશાહ 'ઝફર' એમને "નજમુદ્દૌલા વ દબીરૂલ મુલ્ક નિઝામે જંગ"નો ખિતાબ તા ૪ થી જુન ઇ. સ. ૧૮૫૦માં આપ્યો હતો. પિતા પહેલાં આસિફુદ્દૌલાની પાસે લખનૌમાં નોકર હતા. પછી હૈદરાબાદમાં નિઝામ અલીખાને ત્રણસો સવારોના ઉપરી બનાવ્યા. ત્યાંથી નોકરી છોડી આગ્રા આવ્યા. પછી અલવરના રાજાની નોકરીમાં રહ્યા. જ્યારે પિતા રાજપૂતની લડાઇમાં શહીદ થયા, ત્યારે ઉમર પંચ-વર્ષની હતી.

વંશપરંપરાનું પેન્શન દિલ્હીમાં મળતું હતું છતાં તેમાં પણ ગુજરાન થતું ન હતું. દેવું કરીને પણ ઠાઠ ઠાઠથી વર્ષોને વર્ષો ચલાવતા હતા. દિલ્હીનાં બાદશાહે કારકીર્દીથી સાહુજીની સિફારસથી તેમના ખાનદાનનો ઇતિહાસ લખવાને આપ્યો અને તેના મહેનતાણા બદલ "નિજમુદ્દૌલા વ દબીરૂલ મુલ્ક નિઝામે જંગ"નો ખિતાબ મળ્યો, અને સાથે સાથે રૂ. ૫૦) મહીનાના મુકરર થયા. અને જુન ૧૮૫૦ થી ૧૮૫૭ના બળવા સુધી મળતા રહ્યા. ઇમામ બક્ષસાહેબ એમને દરેક તારીખની માહીતી આપે અને તેઓ પોતાના જ્ઞાન મુજબ લખે. ઇ. ૧૮૫૪ સુધી તારીખોના ઇતિહાસનો પહેલો ભાગ પ્રથમ તૈમૂરથી લઇ હુમાયું બાદશાહના મરણ સુધી લખ્યો અને બીજા ભાગમાં જલાલુદ્દીન અકબર બાદશાહની

તાજપોશીથી લઈને બહાદુરશાહ બીજાનું લખાણ થયું. આ ભાગને પુરો પણ કરી શકયા નહીં, ત્યા તો ૧૮૫૭નો બળવો જાગ્યો અને એ ભાગ બાકીજ રહ્યો. બન્ને ભાગનું નામ "પરતવીરતાં" રાખ્યું હતું કે જેને "મહરે નીમરોઝ" પણ કહે છે.

બાદશાહે હુકમ કર્યો હતો કે દરેક વજીફદારને ૭ ૭ મહીને વજીફાના પૈસા આપવા તેમાં ગાલિબને પણ ૭ મહિને મળવાનો હુકમ થયો. સારે બાદશાહને લખ્યું કે:—

"મેરી તનખાહકો મુકરર હૈ — ઉસકે મિલનેકા હૈ અબ્બ હલ્લર
રસમહે મુરદેકી છે માહી એક — બાકિકા હૈ દેંસી વસ્તનપે મદાર
મુઝકો દેખો કે હું કૈસે હયાત — ઔર છે માહીહો સાલમેં દો બાર;
બસ કે લેતા હું હર મહીને કર્જ — ઔર રેહતી હૈ ચૂમેં તકરાર!
મેરી તનખાહમે તહમાઈકા — હો ગયા હૈ શરીકે સાહુકાર;
મેરી તનખાહ કીજે માહ બ માહ — તા નહો મુઝકો જિંદગી દુશ્વાર!"

આ નઝમ જ્યારે બાદશાહના રૂબરૂ પેશ કરવામાં આવી ત્યારે બાદશાહે વાંચ્યા પછી દર મહીને તનખાહ મળે તે પ્રમાણે હુકમ આપી દીધો. છેલ્લાં દસ વરસ સુધી રામપુરથી દર મહીને રૂપિયા ૧૦૦) નવાબ સાહેબ તરફથી મળતા રહ્યા નવાબ રામપુર શાયેરીમાં શિષ્ય થયા, અને ઉપનામ "નાઝિમ" રાખ્યું.

૧૮૫૭ના બળવા વખતથીજ એ મળતું પેન્શન બંધ થયું. પછી ઘણી તંગદસ્તી આવી ગઇ. એક વખત માંગનારાએ એમના ઉપર કોર્ટમાં દાવો કરી દીધો ત્યારે તે વખતના મુન્સફ મુફ્તી સદરૂદ્દીને પૂછયું કે "આ દાવો ખરો છે?" ત્યારે આપે કહ્યું કે:

"કર્જકી પીતે થે લેકિન સમજતે થે કે હાં,
રંગ લાયેગી હમારી ફાકા મસ્તી એક દિન!"

આ પંક્તિ સાંભળતાંજ દાવો ખરો સાબિત થયો અને તેના પૈસા મુન્સફે પોતાની પાસેથી માગનારાને ભરપાઇ કરી આપ્યા. શુરી રેપ હતી તોતે ફકત શરાબ પીવાની હતી. અંતે એટલે સુધી નોબત આવી કે આખું શરીર બગડી ગયું અને છેવટે આખા શરીરમાં ગરમીથી ફોલ્લા ફુટી નીકળ્યા. વધુમાં ૧૫ ફેબ્રુઆરી ૧૮૬૯ ઇસ્વી મુસલમાની માસ જિલ્કઅદ હિ. ૧૨૮૫માં થઇ. બિસ્તર પર પડયા પડયા મરતાં સુધી નીચેની પંક્તિ કહેતા હતા.

"દમે વાપસી બર સરે રાહ હૈ, અઝીઝો અબ અલ્લાહહા અલ્લાહ હૈ"

જનાજાની નમાઝ દિલ્હી દરવાજાની બહારની મસજીદમા પઢવામાં આવી અને ૬૦ મેહબૂબે ઇલાહી નિઝામુદ્દીન ઔલિયા રેહની દરગાહ શરીફના પાસે નવાબ ઇલાહી ૫ ક્ષણામના મઝાર પાસે દફનમાં કરવામાં આવ્યા.

શિષ્યોમા "હાલી" અને "મજરૂહ" સારામાં સારા અને ઉચ્ચ દરજ્જાના શાયેરો થઇ ગયા છે મજારની તખ્તીમાં લખ્યું છે કે:

"રશ્ક "અરફી" ઓ ફખ્ર "તાલિબ" મદ્દ, અસદુલ્લાખાન "ગાલિબ" મદ્દ"

એમના શિષ્ય "મજરૂહ" સાહેબે પણ એક તખ્તીમાં લખ્યું છે કે:


"કલ મૈ ઇસ અંદોહમે ઘા ખાતિરે મેહંરૂ, યા તુર્બતે ઉસ્તાદ પે બૈઠા હુઆ ગમનાક;
દેખા ને મુઝે દિલમે તારીખ કે "મજરૂહ" હાતિફને કહા "ગમ મનાની હૈ તુજે ખાક."

હાલમાં ગાલિબની નીચેની કિતાબો મૌજૂદ છે

"કુલ્લીયાતે નઝમ ફારસી," "કુલ્લીયાતે નસર ફારસી," "દીવાને ઉર્દૂ" "ઉર્દૂએ મુઅલ્લા," "ઉર્દૂ હિન્દી."

(ઉર્દૂ ઉપરથી)

(૫) જે કોઇને કાયમની ઈઝિઝત મેળવવા ઇરાદો હોય, અથવા દુન્યની સખ્તીઓ દૂર કરવા ઇરાદો હોય, અથવા ગમે તેવી સખતમાં સખત મુશ્કેલી આસાન કરવા ઇરાદો હોય, તો તેણે પ્રથમ સારી રીતે વજૂ કરી બે રકાત નફીલ પઢી પુરી "બિસ્મિલ્લાહ" ૪૫૦ વખત પછી "અઝીઝીના કાલા લહોમુન્નાસો ઇન્નન્નાસા કદ જમઉ લકુમ ફખ્શવહુમ ફઝાદહુમ ઈમાનંવ વકાલૂ હસ્બોનલ્લાહો વ નેઅમલ વકીલો" ૪૫૦ વખત અને દરૂદ શરીફ ૪૫૦ વખત અને "યા અઝીઝો, યા કાફીયો, યા કવીયો, યા લતીફો" ૪૫૦ વખત અને એને પઢતી વખત દરેક એકસોમી વખત ત્રણ ત્રણ વાર "યા અઝીઝો એઅઝઝેની, યા કાફીયો અકફેની, યા કવીયો કવ્વેની, યા લતીફો લુતોફણી ફી ઓમૂરી કુલ્લેહા વલ તોફણી ફીમા નઝલા" પઢી જે કામ માટે હોય તે પૂર્ણ થવા દુઆ માંગવી. ઈ. અ. બહુ જલ્દી કામ પૂરૂં થશે. ઉપર લખ્યા ઉપરાંત દીનો દુન્યાના દરેક દરેક કામ ઈ. અ. એનાથી બહુ જલ્દી પૂર્ણ થશે: (૧) અગર કોઇની ઇચ્છા એવી હોય કે દરતે ગૈબનો અમલ હાથ લાગી જાય છે તો તેને જોઇએ કે દરરોજ રાત્રે નહાઇ ધોઇ પાક સાફ કપડાં પહેરી બે રકાત નફીલ ખાતેસન સિલ્લલ પઢી દિવસના ૩ બેસી ૪૫૦૦ વખત "હસ્બોનલ્લાહો વ નેઅમલ વકીલો" પઢવું અને નીચે લખેલી દુઆને ૩૧૩ વખત પઢવી. એ મુજબ લગાતાર દરરોજ રાતે પઢતો રહે. ઇ. અ. મુકદ્દરમાં હશે તે દરરોજ સવારે તકીયા નીચેથી મળતું રહેશે. જેણે ખુદાપાકનો દરવાજો પકડયો તે કદી નાઉમ્મેદ અને અને મહરૂમ રહેતો નથી. "અલ્લાહુમ્મા યા કાફીયો કુંકફેની નવાએબદ દુન્યા વ મસાએબદ દહરે વ ઝુલ્લલ ફકરે. અલ્લાહુમ્મા યા ગનીયો અગ્નેના બેગેનાએકા અમ્મન સેવાકા વ બેજુદેકા વફદલેકા અંબદકેકા ફઇલકા કુલ્લા વ કોલોકલ હકકુલ મોબીન ઉદ કુની અસ્તજીબ લકુમ દઓનાકા કમા અમર્તના ફેસ્તજેબ મિન્ના કમા વઅદતના. અલ્લાહુમ્મા યા મુગનીયો અસ્અલોકા ગેનાઅદ દહરે એલલ અબદે. અલ્લાહુમ્મા યા કૂતાહો ઈકતહલી બાણા રહમતેકા વસ્એલ અલય્યા સિતરા એનાયતેકા વ સબ્બરલી આદેમા હાજેહિલ આયતે બે શયઇન અસ્તઈનો બેહી અલા મઆએશે અમ્રે દીની વ દુન્યાયા વ આખેરતી વ આકેબતે અમ્રી વ સબ્બેરહોલી કમા સબ્બરતરાંહા વલ ઇન્સા વલ જિન્નાં વલ વહશા તત્તયરા લે નબીય્યેકા સુલૈમાનબને દાઉદા અલયહિસ્સલામ વ બેહિય્યત અશરાફિય્યત આઝુનાઈ અસ્ગાબોરો આલે ગુજરાયા યા મન



અમરોહો બયનલ કાફે વન્નૂને ઈન્નમા અમ્રોહૂ ઈઝા અરદા શયઅન અંય્યકૂલા લહૂ કુન ફયકૂન ફસુબ્હાનલઝી બેયદેહી મલકૂતો કુલ્લે શયઈંવ વ ઈલૈયહે તુર્જઉન.' એને ૩૧૩ વખત પઢવું. આ અમલમાં મવક્કલ હાજર થવા સંભવ છે જેથી મુશ્કિલે કામિલના સાયા અને ઇનાયત વગર પઢવું નહીં. નહીં તો હૈરાન થવું પડશે. (૭) અગર તસ્ખીર માટે એને અમલ કરવા ઇરાદો હોય (એટલે કોઇ ઉપર મહબ્બત અને ઉલ્ફત હોય અને તેને મલવું હોય) તો એની નિય્યતથી ૪૫૦ વખત "હુરુફોનલ્લાહો વ નેઅમલ વકીલો" એને નીચે મુજબ તરકીબથી પઢવું:- અર્થાત્ શરૂ ઉડી સારી રીતે વજુ કરી ૭ રકાત નફીલ પઢે. દરેક રકાતમાં સૂરએ અહદની પછી ૪૫૦ વખત "હુરુફોનલ્લાહો વ નેઅમલ વકીલો" પઢવું. સલામ ફેરવી બેસી રહી ૯૫૦ વખત પઢવું પણ પઢતી વખત એવો તસવ્વુર કરે કે મતલૂબને આ આયત શરીફથી પોતાની તરફ ખેંચી રહ્યો છે. અને એ મુજબ ૯૫૦ વખત પછી સાત વખત "યાહિય્યૂનો હુમ કેહુય્યીલ્લાહે વકલઝીના આમનૂ અશદ્દો હુય્યન સિલ્લોહે. લવ અંફકતા માફીલ અર્દે જમીઅમ મા અલ્લફતા બયના કોલૂબેહિમ વલા કિન્નલ્લાહો અલ્લફા બયનહુમ ઈન્નહૂ અઝીઝુન હકીમ. વ અલ્કયતો અલયકા મોહબ્બતમ મિન્ની વલે તુસ્નઆ અલા અયની" પઢવું અને ફરી પાછું ૪૫૦ વખત "હુરુફોનલ્લાહો વ નેઅમલ વકીલો" પઢવું. એ મુજબ એક રાતમાં ત્રણ વખત પઢવું. ઈ. અ. બહુ જલ્દી કામ થઈ જશે માત્ર દિલાસા કામ મારિફત એનો અમલ કરવો. જેમકે કોઇ પર દિલ આવ્યું થયું હોય અને તેની સાથે નિકાહ કરવા ઇરાદો હોય તોજ એનો અમલ કરવો, નહીં તો કામ થવાને બદલે પોતે નુકસાન ઉઠાવશે (૮) "હુરુફીયઝીલ્લાહુ લાઇલાહા હોવા અલયહે તવક્કલતો વ હોવા રબ્બુલ અર્શિલ અઝીમ" દરરોજ રાત્રે સૂતી વખત એને ૧૯૦૦ વખત પઢનારને ઇ. અ. અમુક મુદ્દત પછી જે મુકદ્દમાં હશે તે સબારે તફીયા નીચેથી મળશે. અને દુશ્મનની બરબાદી વગેરે માટે દર જુમ્માએ. ૧૦૦૦ વખત એની નિય્યતથી પઢશે તો ઇ. અ. બહુ જલ્દી, દુશ્મનની બરબાદી થઇ થશે. પણ દર જુમ્માએ એને પઢવું જોઇએ.

"હુરુફો નલ્લાહો વ નેઅમલ વકીલો" (૧) એને દરરોજ ૪૧ વખત પઢનાર દુનયાથી બેનિયાઝ થઇ જાય છે. કદી કોઇનો મોહતાજ થતો નથી. તેની દરેક હાજત અને બધાં કામ બુરાયાક પૂરાં કરે છે. (૨) દીન, દુનયાના બધા જાએઝ કામ માટે દર જુમ્માએ દશ વાગે મસ્જદમાં જઇ સારી રીતે વજુ કરી પ્રથમ બે રકાત નફિલ પઢી એ પછી "સલાતુત્તસબીહ" પઢવી એ પછી "સલાતુત્તસબીહ" જેમ ચાર રકાત નફિલ જે કામ માટે હોય તે પૂર્ણ થવાની નિય્યતથી પઢવી એમાં "તસબીહ"ને બદલે તેટલી વખતો મુજબ "હુરુફો નલ્લાહો વ નેઅમલ વકીલો" પઢવું અને સલામ ફેરવી ૧૫૦ વખત પઢવું. એ પછી દુઆ માંગવી. ઇ. અ. બહુ જલ્દી કામ પૂર્ણ થશે. આ તમામ જો દરરોજ રાત્રે તહજ્જુદ વખતે

પઢવામાં આવે તો કામ બહુજ જલદી પૂર્ણ થશે. જો કોઇ ખાસ કામ ન હોય જ્યાં જો એને દરરોજ ખાસેસત લિલ્લાહ દરરોજ ગમે તે એક વખતે પણ પઢવામાં આવે તો તેના ફાયદા પઢનાર જોઇ શકશે. (૨) દીનો દુન્યાના ગમે તે બનેઉ કામ માટે રાત્રે ૩ વાગે ઉઠી વજુ કરી બે રકાત નફિ। પઢી તેનો સવાબ હુઝૂર સ. અ. વ. સ ને બક્ષી દઇ ૧૧ વખત દરૂદ શરીફ પઢી સૂરએ "મુઝઝમ્મિલ" પઢી શરૂ કરી. જ્યારે "રબ્બુલ મશરેકે વલમગરેબે લાઇલાહા ઇલ્લા હોવા ફત્તાખિઝહો વકીલા" પહોંચે તો એને ૩ વખત પઢવું અને ૧૫૦ વખત "હસ્બો નલ્લાહો વ નેઅમલ વકીલો" પઢવું અને જે કામ માટે હોય તેનું ધ્યાન ધરવું અને ખુદાપાકથી દુઆ માંગવી. એ પછી સૂરા આગળ પઢવી અને જ્યારે "વલ્લાહો યોકદ્દેરૂલ લયલો વન્નહારા" પર પહોંચે તો એને પણ ત્રણ વખત પછી ૧૦૦ વખત "હસ્બો નલ્લાહો વ ને અમલ વકીલો" ઉપર મુજબ પઢવું અને એ પછી સૂરા આગળ પઢવી અને જ્યારે "યસ્તગુના મિન કુલ્લિલ્લાહ" પર પહોંચે તો એને પણ ઉપર મુજબ ત્રણ વખત પછી ૧૦૦ વખત "હસ્બો નલ્લાહો વનેઅમલ વકીલો" પઢવું અને સૂરા આગળ પઢવી અને જ્યારે "વસ્તગ ફેરૂલ્લાહા ઇન્નલ્લાહા ગફુરૂર્રહીમ" પર પહોંચે તો એને પણ ઉપર મુજબ ત્રણ વખત પછી ૧૦૦ વખત "હસ્બો નલ્લાહો વનેઅમલ વકીલો" પઢવું અને જે કામ માટે હોય તેની ખુદાપાકથી દુઆ માંગી ૧૧ વખત દરૂદ શરીફ પઢવું ઇ. અ. બહુ જલદી-કામ પૂરૂં થશે.

મજકુર રીતે ખાસેસત લિલ્લાહ દરરોજ ગમે તે એક વખતે પણ પઢનાર કદી કોઇનો મોહતાજ થશે નહીં. ખુદાપાક ગૈબથી તેની મદદ કરશે, અને દુન્યાવાલા તેની ઇજ્જત કરશે.

અમુક સાહેબોના કહેવા મુજબ ઔલિયા અલ્લાહની તલ્વાર અને ઢાલ બંનેનું કામ "હસ્બોનલ્લાહો વ નેઅમલ વકીલો"એ બતાવ્યું છે. તેઓએ જેમ ખાસેસત લિલ્લાહ એનો વઝીફો અખ્તયાર કરેલો તેવીજ રીતે કરવાથી ઇ. અ બધા ફાયદા હાસિલ થશે.

"યા કવીયો" (અદદ ૧૧૬) "એ કુવ્વતવાલા" (૧) એને હમેશા કસરતથી પઢનારને ઇ અ. કુદરતી તાકત આવા થશે. ભલેને શરીરે ગમે તેવો નંખાઇ ગયેલો હોય. (૨) એને હમેશાં કસરતથી પઢનારના રોગ બધાઓ પર

રૂબાઇ

ઘડી તસ્વીર એક તસ્વીર કારે,
રૂધિરનાં છાંટણાં છાંટી બિચારે,

કળાને જિંદગાની જેણે અર્પી;
એ દર દર રોટી માટે બક્ષાં મારો


*

ન : દે મારા વિચારોને તું ણાંધી,
તૂટેલા તાર વિણાના દે સાંધી,

અગમના ગીત હું ગાવા ચહું છું;
ઉમંગોની ચઢી છે દિલમાં આંધી.

'શૌકીન' * જેતપુરી

ગલિગ રહેશે (૩) એને હમેશા કસરતથી પઢનાર ઇ અ ઉચા દરજ્જા મેળવશે (૪) એને હમેશા કસરતથી પઢનાર દુશ્મનો ઉપર ગાલિ૰ રહેશે અને દુશ્મનો તેને કઇ પણ નુકસન પોચાડી શકશે નહીં (૫) જેનો દુશ્મન બધી રીતે બહુ જોરાવર હોય અને કોઇપણ રીતે તેના ગુમેથી નજાત નજ મલતી હોય ત્યારે ખમીરી આટો (નાન બના વવા વગેરે માટે ખમીર મેળવી આટો બાધવામા આવે છે તે, જેમા તાડી જેવી વસ્તુ નાખેલી ન હોય) થોડો લઇ ચણા જેટલી અગર તેથી જરા નાની નાની ગોળીઓ બનાવવા જઇ દરેક ગોળી ઉપર ત્રણ ત્રણ વખત પઢી દમ કરી તે ગોળીઓ મરઘાઓને અથવા બતકોને ખવા-ડતો જાય એવી રીતે દરરોજ ૧૨૦૦ ગોળીઓ ખવાડવી ઇ અ દુશ્મન જો તેને હવાક કરવાની નિય્યત કરી હશે તો હવાક થઇ જશે અને તેના ગુમેા વગેરેથી નજાત મેળવવાની નિય્યત કરી હશે તો નજાત મળી જશે, પઢવા બેસતા નિય્યત કરી લેવી જો ખમીરી આટો નજ મળે તો સદા આગને પાણીમા મેળવી ગોળીઓ વાળવી (૬) દર જુમ્માએ સવારના ૭-૮ વાગ્યા સુમારે એને જો કસરતથી પઢવામા આવે તો નિસ્યાન' નામની બીમા-રી ઇ અ બહુ જલદી છુટકારો થઇ જશે આ બીલ્લી માણસ એ મુજબ પઢી પણી ઉપર દમ કરી પીવાડે





ઘણા લેખકો અને કવિઓના સુવર્ણ મહોત્સવો અને હિરક મહોત્સવો, અળાણપણે ઉજવવાના બાકી રહી જાય છે, અને પરિણામે એવા ઘણા સાક્ષર-રત્નો ચશાભર્યાં મરી જાય છે,! તેવા આત્માઓ અવગતિયા થઈ પોતાના વારસદાર સાહિત્યકારોને હેરાન ન કરે, અને જેને જેને કલમ પકડતાં આવડે તે દરેકનો રૂપેરી મહોત્સવ, સુવર્ણ મહોત્સવ, કે હીરક મહોત્સવ ઉજવાતા રહે જેથી આપણા સાહિત્યના બગીચામાં પણ શેરબજારની જેમ તેજી થતી રહે; એ હેતુથી દરેક લેખક અને કવિએ પોતાની વરસગાંઠ આવી કે જાહેર પેપરમાં પોતાનો ફોટો છપાવી નીચે કેટલામું વરસ બેઠું તે જણાવી દેવા ચૂકવું નહિ! આથી ગુજરાતને માથે 'બેકદર ગુજરાત' હોવાનું આળ છે તે પણ સહેલાઈથી દૂર કરી શકાશે! અલબત્ત પોતાના ખરચે ફોટો બ્લોક બનાવવા જેટલી શક્તિ ન હોય તેમણે પેપરવાળાને બ્લોક જેટલી જગ્યા ખાલી રખાવી નીચે તે લેખક કે કવિનું નામ અને ઉમર જણાવવાની ફરજ પાડવી. જેમ મોટા વેપારીઓ પોતાની દુકાન પર ધરમાદા ગલ્લો રાખે છે; તેમ એડીટરોએ એટલી ધરમાદા જગ્યા પેપરોમાં જુદી રાખીજ મૂકવી. કોઈ કંજુસ એડીટર એમ ન કરે તો સાહિત્ય પરિષદે ઠરાવ કરીને તેની ધૂળ ધોળેરી નાખવી! જાહેર પેપરોની ફરજ છે કે સાહિત્યકારો પાસેથી સેવા લે છે, તો આટલી સેવા આપી છુટે! પણ જ્યાંય કોઇ ગરીબડો લેખક કે કવિ ખૂણે બેઠરે બાકી રહી જા તો સાહિત્ય પરિષદે, જેમ સરકાર તરફથી બેસતા વરસને દિવસે માનચાંદની લ્હાણીનું લિસ્ટ પ્રગટ થાય છે, તેમ એક લિસ્ટ બેસતા વરસને દિવસે પ્રગટ કરી તેમાં નાનેથી મોટા દરેક કવિને લેખકનું નામ તથા તેની ઉમર જણાવવી! સાહિત્ય પરિષદની વાત આવી તો સાથે સાથે એ પણ જણાવી દઉં છું કે જો મૂળરાજ સોલંકીની ૧૦૦૦મી સંવત્સરી ઉજવાય તો પછી તેના પાછળ પાછળ તે કરતાં પણ ગુજરાતને વધુ શણગારનાર સિદ્ધરાજ જયસિંહની પણ ૯૦૦મી જયંતિ ઉજવવી જોઈએ. એમ ગુજરાત અને માળવાના ઓડ લોકોના પતી રા. અડવાળ કહે છે! કારણ કે જસમાઓડણને ઇતિહાસમાં અમર કરવાનું માન પણ સિદ્ધરાજને ફાળે જાય છે ને?

●

આપણે ત્યાં વાનર કે કુતરાંનાં લગ્નો પાછળ હજારોના ધૂમાડા થયાનું સાંભળ્યું છે; પણ રોમન કવિ વર્જીલે તો ૬૬ કરી

હતી." ચેતની પાછલી માખીની સ્મશાન યાત્રા પછી ૨૦ હજાર પાઉન્ડ એટલે લગભગ રા. થી ૩ લાખ રૂપિયા ખર્ચ કર્યો હતો. અને વળી ખૂબીની વાત તો એ બની કે તે માખીની કબરની આજુબાજુની બધી જમીન પણ કાયદેસર લડીને ઓગસ્ટ સીઝર પાસેથી તેણે મેળવી હતી!" કોણ કહે છે કે કવિઓ ધૂની કે ગાંડા હોય છે? દિલ્હીમાં ભલે કોઇ આ વાત ન માને! કારણ કે દિલ્હીના કવિઓ પાસેથી રા. ૩ લાખ રૂપિયા નીકળવા એ હથેળીમાંથી વળ ઊગી નીકળવા બરાબર છે! અલબત્ત તેમણે જીવનમાં રા. કે ૩ લાખ તો શું પણ રા. કે ૩ કરોડ શબ્દો તો જરૂર કાગળ પર ચિતર્યા હશેજ! અને પરાપૂર્વથી કવિઓનાં આવાં પરાક્રમો જોઇનેજ મહાન ગ્રીક ફિલસૂફ પ્લેટો કહી ગયો છે કે **આદર્શ પ્રજાસત્તાક રાજ્યમાં કવિ નામનું કોઇ પ્રાણી ન રહેવું જોઇએ.**" આનો જવાબ શું આપે છે કવિના માસિકના સંપાદકો? ભલે કોઇ કવિ આનો જવાબ ન આપે પણ કવિ પત્નિઓ તો કહેતીજ હશે કે "કવિ સાથે પરણવા કરતાં કુંવારા રહેવુંજ સારું." કારણ કે એ ભલા માનવીના દેહ તો ધરતી પર હોય છે, પણ મન તો ત્યારે માસ પવનના વટોળીયાની જેમ ગગનમાં ઊડતું હોય છે! જે સમાજમાં કવિ કરતાં ફેરીવાળાની વધુ લાગવગ ચલતી હોય; તે સમાજમાં કવિ બનવા કરતાં સિપાઈ બનવું શું ખોટું છે? અને હવે તો 'જ્યાં કલમ નથી પહોંચતી ત્યાં બંદુક પહોંચી જાય છે' એમ તો હીટલરે પણ સાબિત કરી આપ્યું છેને? વળી કલમથી મન ઘસાય છે; ત્યારે બંદુકથી શરીર કસાય છે!

"અમારી દુકાન છે. હું સાયકલ બનાવવાનો અને વેચવાનો ધંધો કરું છું." મદ્રાસમાં હતા ત્યારે આમ કવિ શ્રી. ખરદર રે પોતાની દુકાનમાં પધારેલા શ્રી ભરતરામને તેમના પ્રશ્નના જવાબમાં કહ્યું હતું.

"પણ આ ધંધાનો મેળ આપની કાવ્યશક્તિની સાથે કેવી રીતે મળે છે?" શ્રી. ભરતરામે પૂછ્યું.

"હું દુકાને હોઉં છું ત્યારે કવિતાને સંભારતો નથી ને દુકાન બંધ કરીને જાઉં છું, ત્યાર પછી દુકાનને સંભારતો નથી." કવિ ખરદરરે જવાબ આપ્યો. આપણા તળપદા કવિ રા. હડમત ઓઝા, કવિ ખરદરાર કરતાંય એક ડગલું આગળ વધી જાય છે. ચાકડા પર પીંડો મૂકયો હોય, ને ઘડો કે ગાગર ઉતારવાની હોય; ત્યારે પણ આંખો અને હાથ ઘડો-ગાગરનો ઘાટ ઉતારવામાં મશગુલ હોય છે, ને મન કવિતા રચતું હોય છે! કોડીયાં ઉતારતાં રા. હડમત ઓઝા ઘણીજ વેળા બંડ હરિગીત રચે છે. અને તેથીજ ઘણી વેળા એમનાં બનાવેલાં કોડીયાં બંડ હરિગીત જેવાં બાંકાં ચૂકાં રહી જાય છે! એમના બનાવેલા ઘડા કે ગાગરમાં જો કંઈ બંકાસ કે ગોબો રહી ગયો હોય તો જાણી લેવું કે શાર્દુલવિક્રીડીત છંદ કે સવૈયા એકત્રીસાની એ મહેનત છે! હાંલ્લાં ટીપતાં ટીપતાંએ કકકડ પૃથ્વી છંદ એ રચી જાણે છે, ને નેજાળો સીંચતાંએ ગઝલ ગોઠવી કાઢે છે! ખરો કવિ તેજ કે જેનું મગજ ઉંધતાં કે જાગતાં સૂતુંજ નંરહે! કારણકે રા. હડમતના લંગોટીયા બારૈયા ભાઇબંધ શ્રીયુત શેખચલ્લીનું મંતવ્ય છે કે "ઊંટના વગરના જોરમાં જેમ અનાયાસે ઘાસ ઊગી નીકળે છે;

તેમ સુના મગજમાંય કવિતાને બદલે ધાસ ઊગી નીકળવાનો પુરતો સંભવ છે.” અસ્તુ!

લેડકરો નહિ! 'સાસુજી'ની ચોરી થઇ છે. એમ પનોતા પંચજી ખબર આપે છે. અત્યાર સુધી તો કુમાર્કિકાઓ કે પુરુષી વહુઓની ચોરી કે અપહરણ થતાં સાંભળ્યાં છે; પણ ઘરડી સાસુઓની ચોરી થવાની વાત તો કયાંય સાંભળી નથી! અને જો ખરી રીતેજ આમ સાસુજીઓની ચોરી થાય તો વહુઓના આંનદનો તો પારજ ન રહેને? પણ ના, આતો સુવર્ણચંદ્રક મેળવનાર હાસ્યરસના લેખક રા. ધનસુખલાલની 'સાસુજી'ની ચોરી થઇ છે! 'સાસુજી' એટલે એમની વહુની મા નહિ; પણ એમની 'સાસુજી' નામની ચોપડી ચોરાઈ છે! અને તે પણ એક નહિ, બે નહિ ને સામટી ૩૬૪ની પેટી ચોરાઇ છે. સવાલ એ થાય છે કે ૩૬૪ ચોરાઇ; તો ૩૬૫ કેમ નહિ? વરસના ૩૬૫ દિવસને હિસાબે એ પેટીમાં પુરી ૩૬૫ નકલો રા. ધનસુખલાલે રાખી જોઇતી હતીને? ચોર જો ગણિત ભણેલો હોય તો તેણે ગમે તેમ કરીને ૩૬૫મી નકલ ચોરીને ૩૬૫નો આંકડો પુરો કરવો જોઇએ. કેમ રા. ધનસુખલાલે જાહેર ખબર છપાવીને ૧ વધુ કોપી લઇ જવાની તે ચોરને વિનતિ કરવી જોઇએ. અને વાનપ્રસ્થ થયા હોઈ સંન્યાસ માટે 'સાસુજી'ની ચોરી થઇ છે તો 'વહુજી' રૂપી નાખવી જોઇએ! જો કે આજકાલ કાગળના ભાવો કટપાગો કરતાં પણ ભોંયા છે, છતાં 'વહુજી' નામજ એવું આકર્ષક છે કે બીજા વર્ષ જેટલી ઉંમરના રસિક પ્રકાશકો તો તેને હેડ આપવા પડાપડી કરશે!

વિશ્વ માટે આવેલા અંકો માટે હવે સંપાદકોની દૃષ્ટિ ઓળા ઘળાર પણ સંગીત સાહિત્ય રજુ કરનારા પાતળા અંકો કરતાં હળવું રંગીન સાહિત્ય રજુ કરનારા; બહેક વાયડી ભાષામાં કહીએતો હલકું સાહિત્ય અને ભારે જાહેર ખબરો છાપી મારી અંકને વધુમાં વધુ જાડા બનાવ્યા હોય, એવા અંકો પર વધુ ઢળે છે! કારણ કે પરતીના ઉંચા ભાવો તેમને 'બળતા ઘરના ઢાંડા જે હાથ લાગ્યા તે ખરા!' એવું સમજવાની ફરજ પાડે છે!

"બીજાને અકલ આઇ અપ ઐસોકે હાથમેં;
કાંટોસે તોલતે હે જો પૂલોં કે હારકો!"

"ભોપોપોલો"ના ઉપનામ ધારી કોઇ ભાઇ લખે છે કે:

"હિંદી પત્રોના તંત્રીઓ લાઘવથીયી પીડાય છે. લંડનમાં જે ન કહેવાયું હોય તે અહીં પણ ન કહેવાય એમ માને છે. અહીંનાં પત્રો એકલાં સમાચાર પત્રો બની ગયાં છે. કોઇને ખાસ કંઇ વધુ કહેવાનું હોતું નથી. કોઇ પણ બે પત્રો વચ્ચે છાપકામ અને કાગળની જાત સિવાય બીજો ફરક ભાગ્યેજ તફાવત જણાય છે! અહીં ઘણાં ખરાં તંત્રીસ્થાનો પર સ્ત્રીઓ કદાચના લેખકોજ વિરાજેલા હોય છે."

હિંદમાં તો નાટક, સીનેમા, આગગાડી વગેરેને પણ સ્ત્રીજાત વર્ગના લેકોયીજ ઉત્તેજન મળે છેને? તો પછી પત્રકારિત્વને પણ સ્ત્રીજાત વર્ગના લેખકોથી કેમ વંચિત રખાય? બાકી છાપકામ અને કાગળની જાત સિવાય બીજો ફરક કેમ હિંદી પત્રોમાં ન દેખાય એ તો એકતાની સાચી નિશાની છે! બધાય જુદા જુદા સૂર કાઢે તેના કરતાં બધાય એકજ જાતનો સૂર કાઢે તે શું ખોટું છે! પછી લાલને લોહો એ બેમાસૂરને લોહાસૂરની ઉપમા આપે!



સ્વીકાર અને સમાલોચના

'વેણી' દીપોત્સવી અંક. સંપાદકઃ–'જની' અને 'ભદ્રી' કાચવાલા; મુંબઇના હળવા સાહિત્યના સાપ્તાહિકોમાં વેણીએ ખાસ નામ પ્રમાણે ગુથુ ધરાવતો ખાસ અંક પ્રગટ કર્યો છે. લેખો અને કાવ્યની પસંદગી ઉંચા પ્રકારની છે કાગળો છપાઈ અને ચિત્રોની ગોઠવણી પણ પાને પાને ધ્યાન ખેંચે એવી છે. ૧૨ આનાની કીંમતમાં આવો અંક મફતજ ગણાય. નવિનતાના ધ્યેયવાળા ભાઇ 'ભદ્રી' કાચવાળાએ કાગળની મોંઘવારીનો વિચાર કર્યા વગર આવો સ્વાગીન અને રંગીન અંક કાઢવામાં ખરેખર સાહસજ કર્યું છે.

અંજુમને ઈખ્વતુલ ઇસ્લામઃ–(સુરત) મજકૂર અંજુમનનો આઠમો વાર્ષિક રિપોર્ટ તેના સેક્રેટરીઓ તરફથી રિવ્યુ અર્થે મળ્યો છે રિપોર્ટની સાદાઇને કામના ભપકાએ આજી નાખી છે આજમ બાવામીયાં, મુસુફ ગોગા, મુસુફ ઈસ્માઇલ વૈદ જેવા સેવાભાવી યુવકો જ્યાં આવી સંસ્થામાં હોય ત્યાં સારાજ કામની આશા રાખી શકાય હકારા મરજીદનું બાંધકામ, તુર્કી રાહત ફંડ, પ્રૌઢ શિક્ષણ પ્રવૃત્તિ, તથા ચાલુ સમયની મુસલમાનોને નુકસાન કરતી હીલચાલોનો વિરોધ, અને મુસલમાનોને લાભદાયી થાય એવાં કાર્યોની હિમાયત કરતી આ સંસ્થા ખરે એક જીવંત સંસ્થા તરિકે સુરતનું નાક અને નોક જળવી રહી છે સંસ્થાને વધુ પ્રાણવાન બનાવવા અને પ્રકાશમાં લાવવા માટે યુવાન કાર્યકરોની કોશિશ અભિનંદનને પાત્ર છે.

'બિંદુ'–[માસિક] કી. રૂ. ૧૫. ૨૪૮–ઉપર અબ્દુરેહમાન સ્ટ્રીટ–મુંબઇ–૩. તંત્રી 'રશીક' અંક ૧ લો–પુ. ૧ લું. કાગળની મોંઘવારીમાં સાહસ ૬૮ છતા જોગ ગણાય. લેખો અને કાવ્યોની પસંદગી સારી છે પણ જોડણી તરફ વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. પહેલાજ અંકે એક કાવ્ય અમાઉ પ્રગટ થયેલું પુનઃ પ્રગટ થતું દેખા। છે. સાહિત્ય સેવાની ધગશ અને ઉલ્લાસ પાને પાને દેખાય છે.

ધી કેસંદ્રઃ–ધી સુરત ડિસ્ટ્રીકટ મુસ્લિમ સ્ટુડન્ટસ ફેડરેશન તરફથી ત્રણ ભાષામાં પ્રગટ થતા વાર્ષિકનો ઈદુલ ફિત્ર અંક તંત્રી યુસુફ એ. કે. ફેજુલ્લાહભાઇ તરફથી મળ્યો. ગુજરાતી વિભાગના તંત્રી યુસુફ ફેજુલ્લાહભાઇ 'બેખુદ' પોતે છે. અંગ્રેજી વિભાગના તંત્રી બી. એફ. ઓહુસ અને ઉર્દૂ વિભાગના તંત્રી એચ. એમ. નરમાવાલા છે. ત્રણે સેનાપતિઓએ પોતાની ટુકડીઓને સારી રીતે શણગારી છે એકંદરે ત્રણે લેખન વિભાગો સારા થયા છે. સાથે મુદ્રણ અને ગેટ–અપ પણ ઘણું ઉંચા પ્રકારનું હોઇ ચાર આનામાં આવો અંક આપવો એ સાહસજ ગણાય!

રાહે નજાતઃ–માહે ઝિલ્કાદ હી. ૧૩૬૦ નો અંક રિવ્યુ અર્થે મળ્યો ખાસ કરીને ટાઇટલોના ડિઝાઇની મુદ્રણ અને ગોઠવણી ખાસ ધ્યાન ખેચે છે. રાહે નજાતનું સાહિત્ય ધોરણ તથા મુદ્રણ ધોરણ સુધરતું જાય છે તેના પ્રત્યક્ષ પુરાવા રૂપ આ અંક ગણી શકાય. દિવસે દિવસે અમારૂં આ ભાઇચારા માસિક તરક્કી કરતું જાય છે એ અભિનંદનને પાત્ર છે. લેખોની પસંદગી ઉંચી છે.

ભેદી ભેદ ન ખુલને પાય !!!

લેખક :–ઇબ્રાહીમ હાજી મહમદ મીઠી

આજના જમાનામાં એક ભગ્નહૃદય ગ્રેજ્યુએટનાં જીવનની કરૂણારસિક કહાણી

મુંબઈ શહેરમાં મરીન ડ્રાઇવ સહેલાણીઓ માટે હરવા ફરવાનું સુંદર સ્થળ લેખાય છે આલીશાન ઇમારતોની કતાર "મોર્ડન" મુંબઇનો ભાસ કરાવે છે.

"આશિયાના"ના ઘડિયાળમાં સાડા ૭ થઇ ચૂકયા હતા. સહેલાણીઓની આવજા પણ વધી હતી. મારી હંમેશની જગ્યાએ બાજુમાં ઓફિસ બેગ રાખી હું પાળપર તાઝગીભરી હવા ખાતો એકલો બેઠો હતો. શાંતિ-નિરવ શાંતિની ઘડી તરીકે મેં એ સ્થળ પસંદ કર્યું હતું. હું અને પેસી અહિં બેસી અલકમલકની વાતો કરી આઠ વાગે ચર્ચગેટ સ્ટેશનનો રસ્તો પકડતા, પણ આજે તો પેસીનોય પત્તો ન હતો એકલો અટુલો હું હાલતા ચાલતા મટ્ટોના પુતળાંઓને ભાળી રહ્યો હતો.

"આપ કોઈનો ઇન્તેજાર કરી રહ્યા છો ?" મારી બાજુમાં બેઠેલા બાંધી દડીના બત્રીશેક વર્ષના જુવાને સદસા મને સવાલ પૂછયો. પ્રશ્ન કરનારની સામે મેં મારી ડોક ફેરવી. અપ-ટુ-ડેટ પોશાકમાં સજ્જ થયેલો એ જુવાન નવાબજાદ આખોએ કાળી રીમના જાડા કાચના ચશ્માંમાંથી મારી સામે પ્રત્યુત્તરની મૂગી યાચના કરવા લાગ્યો. આ કોઇ "નકલી નવાબજાદો" યા અપ-ટુ-ડેટ મવાલી તો નથી, તેનો પલકવારમાં મેં ખ્યાલ કરી લીધો. મને એ કોઇ દોલતમંદનો ગુસ્તાખી તબીઅતનો દીકરો લાગ્યો. એના ગોળ મોઢા ઉપર ગમગીનીની રેખાઓ તરવરી રહી હતી. મારી બેગમાં બોસેલો "વીઝીટીંગ કાર્ડ" તરફ તે ધ્યાન પૂર્વક જોવા લાગ્યો.

"હાં, મેરા એક દોસ્ત આનેવાલા હૈ" મેં ટૂકમાં પતાવ્યું અને મૌન તોડયું.

આવી "જીવતી બલાઓ"થી હું હંમેશાં કંટાળતો. એમનાથી પીછો છોડવવાજ મેં મરીન ડ્રાઈવ પર પંસદગી ઉતારી હતી. અહિં કોઇ ઓળખીતું આવે નહિ અને કોઇ અમારી સભીસાંજની એક કલાકની મજાહમાં ખલલ નાખે નહિ, એમ હું ઇચ્છતો. પરંતુ આજે હું એકલો હતો.

એ શખ્સને હું કવચિત કવચિત જોતો. સીગારેટનો ઠુંઠો હાથમાં રાખી શાયરની માફક એ ચાલતો. આ ધૂની માણસ સીગારેટના ગોટાઓ કાઢી ભેદી કોયડાનો ઉકેલ કરતો હોય તેમ પાળપર બેઠેલો જણાતો. અમે પારકી પંચાત કરતા નહિ. અમે અંજન આદમીઓની માફક આવતાં અને અંજનજ રહેવા ઇચ્છતા.

એણે મને સીગારેટ ઑફર કરી.

"શુકિયહ" કહી મેં સીગારેટનો અસ્વિકાર કર્યો. એણે પોતાના માટે "લાઇટર"થી સીગારેટ સળગાવી અને વિચારમગ્ન ચહેરે ધુમાડા કાઢવા લાગ્યો.

અલીગઢ યુનિવર્સિટીનો એ ગ્રેજ્યુએટ હતો. સુલ્તાન એનું નામ હતું. લખનૌમાં એના પિતાની હોઝિયરીની મોટી દુકાન હતી. એક એક વખતે એના પિતા ઘણા આસૂદા હતા, પણ જમાનાની ગર્દિશમાં ગિરફ્તાર થયા.



વેપારમાં એમને મોટી ખોટ આવી અને તેઓ લખનૌ છોડી મુંબઇ આવ્યા. શાન્તાક્રુઝમાં એક બંગલો લઈ તેઓ પોતાના મોટા કુટુંબ સાથે રહેવા લાગ્યા એમણે બેચાર વર્ષ બોલીવૂડમાં કાઢી નાખ્યાં.

લડાઇ ફાટી નીકળી અને એક આગેવાન વેપારીએ એમને પોતાને ત્યાં મેનેજર તરીકે રાખી લીધા. તેઓ બજારની, રૂખ જોઇ વેપારી આલમમાં પોતાના પાસા ફેંકવા લાગ્યા અને એમને ઠીક તડાકો પડયો.

સુલ્તાનને ફર્નિચરની દુકાનમાં નોકરીએ રાખ્યો, પણ આ ભાઇને લખનૌની હવા લાગેલી હોવાથી એનું દિલ અને દિમાગ આ નોકરીમાં ચોટયું નહિ. એણે તો એક મહિનામાં નોકરીને સલામ કરી. આ વગર પગારની નોકરી છોડ્યા પછી સુલ્તાનમિયાં ઉર્દૂ શાયરીમાંજ પોતાના દિવસો પસાર કરવા લાગ્યા અને સાંજને છેડે ઘુમવા નીકળી પડતા

એક દિવસ એક દોસ્તને લઈ તેઓ એક મેળાવડામા ગયા. અહિં ફરટે ધ્યરમાં અભ્યાસ કરતી મયમૂના સાથે એમનું ઓળખાણ કરાવવામાં આવ્યું. મયમૂનામાં મીઠાશ હતી, વાતચીતની કળા હતી, ઘરમાથી થાક અને નિરાશાને કાઢી નાખે એટલી ઉર્મિ પણ હતી એ ઉંચી અને શામળી હતી, પણ એનો નકશો સારો હતો.

સુલ્તાન એને જોતાં વેત પ્રેમમાં પડી ગયો. એના ઘરે આવજાવ કરવા લાગ્યો એટલુંજ, નહિ પણ પોતે એજ જમાતનો હોવાથી મયમૂનાને પોતે પરણી શકશે, એવા ઇશારા કિલ્લા પણ બાંધિલા.

આજની સોસાયટીમાં હરવું, ફરવું અને વાતચીત કરવી એટલે લગ્નની દરખાસ્ત પસાર થઇ જવાની આશા રાખી શકાય નહિ, પણ સુલ્તાનઅલી લખનવી, એમ માનતા કે, એમ અને એટલે શાદી માટે "રયોર ચાન્સ."

મયમૂનાને પોતાની બીબી બનાવવાના વિચારો એના મગજમાં પ્રલયનાં મોજાંની માફક ફરી વળ્યા હતા. એ તુફાની હાલતમાં એણે મયમૂનાને બે ચાર વખત પૂછી જોયું તો તેણે સફ જવાબી દીધું કે, "મારે તમારી સાથે શાદી કરવી નથી"

રમઝાનનો મહિનો હતો. સુલ્તાનની સવારી મયમૂનાના મકાને રાતના સાડા નવ વાગે પહોંચી. મયમૂનાના બાપ અસગરઅલી સાથે એણે વાતોના વહાણો ફાડી નાખ્યાં. હજારો અને લાખોની વાતો ચલાવી. અલીબાબાની ગુફામાંથી જડી આવ્યા હોય તેવા હીરા ઝવેરાતોની પણ વાતો કરી. એણે ફક્ત એટલું જ કહેવાનું બાકી રાખ્યું કે, "અમારી પાસે કોહીનૂર પણ છે!"

મયમૂના ચબરાક હતી. એવા તો કેટલાય ઉમેદવારો એની આગળ આવી ગયા હતા, પણ એ તો બધાને ચોખ્ખી ચટ ના પાડતી. અસગરઅલી તો એવા સોદાને સાફ સુણાવી દેતા કે, "મારી દીકરી મયમૂના જેને પસંદ કરશે તેનેજ તે પરણશે શરત માત્ર એટલી કે તે સારા ચારિત્રનો હોવો જોઇએ–સંસ્કારી મુસલમાન હોવો જોઇએ. અને આબરૂથી ગુજરાન કરવા જેટલું કમાતો હોય."

સુલ્તાને ડોસાને રીઝામાં ઉતારવાનો અજબ અખતરો અજમાવ્યો હતો. ડોસા ઉપર ઉંધનો મજબુત ગલેફો ચઢયો ત્યાં સુધી એણે વાતો કરવા માંડી : પોતાની મીઠી મધ જેવી જબાને એ બુઢ્ઢાના મન ઉપર સચોટ અસર

કરી જશે, એમ એ માનતો હતો. છેવટે, ડોસાજી ઉંધાઈ ગયા અને સુલ્તાનઅલી પણ ખુરસીમાં બેઠાબેઠા સુઈ ગયા. સેહરી વાળાએ બૂમો મારી. આખું ઘર જગી ઊઠ્યું અને સુલ્તાનઅલીને જોઈ બધા તજ્જુબ થયા. પણ 'જેણે મૂકી લાજ તેનું નાનુ સરખું રાજ' તેમ સુલ્તાન હંડે કલેજે સેહરી કરી પ્રભાતે ઘરે પાછો ફર્યો. આજે તો નક્કી કરીનેજ જવાશ એવો એણે મજબૂત મનસૂબો કર્યો હતો, પણ એની જરા ઉપડી નહિ. જમાનાના રંગો જોઈ ચૂકેલા અસગરઅલી આ પરવારતા પરોણાનો હેતુ પામી ગયેલા. 'ગરજીને અકકલ નહિ અને નકટાને નાક નહિ.' એ પણ તેઓ જાણતા. સુલ્તાનનાં પનાકમોની વાત પણ એમણે જાણી લીધેલી. તેઓ પોતાની "દીકરીને મોટા જથ્થા"માં આપી દુ:ખી કરવા ઇચ્છતા ન હતા.

સુલ્તાન લખનૌની જાણીતી ગાનારી નઝલી બેગમ પછવાડે ખુવાર થઈ ચૂકયો હતો એ ગાનતાનનો જબરો શોખીન હોવાથી આખી આખી રાતો કંચનીઓના મકાને પડી રહેતો. મુંબઈ આવ્યા પછી એ બ્રજ મુંઝાવા લાગ્યો હતો, પરંતુ મુંબઈની મેનેજીયત કન્યાઓની આઝાદી જોઈ એણે એમ ગણ્યું કે પોતાની લખનવી અદા અને અલીગઢની બી. એ. ની ડીગ્રીથી તે કોઇ પણ દોલતમંદની દીકરીને પરણી પાછો આબાદ થઈ શકશે.

બીજા દિવસે રોઝા કટારી વખતે મયમૂનાનાં ઘરે જતાં મયમૂનાએ મીઠું હસીને ઉર્દૂમાં કહ્યું કે, 'કયું સુલ્તાનભાઈ, નઝલી બેગમ સાહબાકા આપકો કોઇ ખત વુરર આયા હોગા! આપ આજ બહોત ગમગુસાર દીખ રહે હો!"

"ભાઈ" તરીકેનું મયમૂનાનું સંબોધન અને નઝલીની વાત સાંભળી સુલ્તાનના છક્કા છૂટી ગયા.

મયમૂનાને પોતાની બનાવવાના એનાં તમામ સ્વપ્નાં કડડભૂસ થઈ ગયાં. બબ્બે વર્ષની મહેનત બરબાદ થઈ ગઈ. મયમૂનાનું મકાન છોડ્યું, પણ મયમૂનાનો ખ્યાલ તો ચોંટીજ રહ્યો.

"આશિયાના"ના ઘડિયાળમાં આઠ વાગી ગયા હતા, બ્રેક આઉટને લીધે એની પણ ખબર પડી નહિ. પેસીનો હજી સુધી પણ પત્તો ન હતો. મેં જવાની રજા માગી ત્યારે ગોલ્ડ ફ્લેકના ડબ્બામાં થોડીકજ સીગારેટો બાકી રહી હતી.

સુલ્તાને ઊઠતાં કહ્યું, "એ તમારા લેખો બહુજ રસથી વાંચે છે. એ બહુજ સારૂં ગુજરાતી જાણે છે, મયમૂના માટેજ મેં ગુજરાતી ઝબાન ઝડપથી શિખી લીધી. આપકી તસ્વીર આપકે મઝામીન કે સાથ દેખા થા. આપકા નામ ભી સુના થા. આજ આપકો દેખકે મુજે બહોત હી મુસર્રત હાસિલ હુઇ. મગર મેરા ભેદ કૈસા ખુલ ગયા વોહ મુઝે માલૂમ નહિ પડા!"

અને એ સીગારેટનો ધૂમાડો કાઢતો શાયરની ચાલે સી. સી. આઈ. તરફ રવાના થયો.

લોકો કહે છે કે, એ "દેવદાસ"ની માફક દારૂના કીડાઓ ખાલી કર્યે જાય છે અને રાતની સાડા બારની છેલ્લી ટ્રેનમાં સંતાકુકડ જાય છે, શરાબના નશામાં એ ગાય છે.

"ભેદી ભેદ ન ખુલને પાય"

કોઇ એને ચકમ સમજે છે, કોઇ એને શરાબી લેખે છે તો કોઇ એને "ભેદી" પુરૂષ માને છે. *

* સત્ય ઘટનાને આધારે.



ઉમાકરસ્તાન
ઝાર રાંદેરી.

ઝાર પીલ્સ— આ ગોળીઓ ઘણા લાંબા અનુભવ પછી જાહેરમાં મુકી છે. કોઇ પણ કારણે ગુમાવેલી શારીરિક, માનસિક, દરેક શક્તિઓને પાછી મેળવવામાં તેમાં ખાસ કરી મરદાઇ માટે છેવટનો ઉપાય કહીએ તો લગારે અતિશયોક્તિ નથી. અતિ સ્ત્રી સમાગમ, કુટેવ, કે ગમે એ કારણે ગુમાવેલું પુરૂષત્વ (મર્દાઇ) પાછું મેળવવામાં અમારા લાંબા અનુભવમાં આજ સુધી એનાથી ઇકસીર ઉપાય એકે આવ્યો નથી. બેજ દિવસમાં નિર્બળ, પાચનશક્તિ, રૂકાવટમાં પણ પોતાનો ગુણ બતાવવો શરૂ કરે છે. અને શરીરમાંથી સુસ્તી, ઢીલાપણું, કમર, માથા, સાંધા અને રગોના દુઃખાવાઓને દૂર કરે છે. એમા કસ્તુરી, અંબર અને સોનાની ભસ્મ જેવી કીમતી વસ્તુઓ હોવા છતાં માત્ર પબ્લિકના લાભાર્થે ૩૨ ગોળીઓની કીમત રૂા. ૬-૦-૦ પોસ્ટ ખર્ચ જુદો.

ઝાર તિલા— આ તિલામાં સર્વથી વધુ ખૂબી તો એ છે કે એના ઉપયોગથી કોઇપણ રોતની જલન કે ફોલ્લીઓ થતી નથી. તેમ એને લગાડી પાન કે પાટો બાંધવાનીયે અગત્ય નથી મસળતાંજ ચામડીમાં ઘુસી જાય છે. રોગોની નબળાઇને દૂર કરવામાં આ તિલો ખરેખર ચમત્કારી છે, હજારો રૂપીઆ ખર્ચે જે લાભ ન મળે તે લાભ માત્ર અઢી રૂપીઆમા મેળવી શકાય છે. કીમત ૨-૮-૦ (અઢી) પોસ્ટ ખર્ચ જુદો.

આનંદ રસ— આ વિચિત્ર તિલો મર્દાઇ અને ઇમ્સાક (વીર્ય સ્તંભન) માટે ખાસ છે. ગરીબોને ખાસ લક્ષમાં રાખીને આ કરકરો તિલો જાહેરમાં મુકયો છે. એના ઉપયોગથી ખાસ જગ્યામાં સખ્તી અને ઇમ્સાકમાં બેવડો વધારો થાય છે, કીમત ડબ્બીનો રૂા. ૧) પોસ્ટ ખર્ચ જુદો.

મુકવ્વી વ મુમ્સિક— કસ્તુરી, અંબર, સોનાની ભસ્મ જેવી કીમતી વસ્તુઓ વડે તૈયાર કરવામાં આવેલી આ દવા ઇમ્સાક અને મર્દાઇ માટે અજોડ છે. નિર્બળ, (ધાતુસ્ત્રાવ) ઇતિલામ, (સ્વપ્નદોષ) તેમજ વીર્ય વિકારની દરેક કુર્યાદો આ દવા માત્ર બેજ દિવસમાં દૂર કરે છે. શોખીનો માટે આ દવા ખાસ છે. એક તોલો દવા બાર દિવસ ચાલે છે કીમત તોલા એકનો રૂપીઓ એક, પોસ્ટ ખર્ચ જુદો.

દવાએ મુઝાક— આ પીવાની દવા છે. ગમે એવા નવા કે જુના પરમિયાને મટાડે છે. હજારો માણસો સારા થયા પછી આ દવા પબ્લીક સનમુખ ધરી છે. એક શીશી સાત દિવસ ચાલે છે. સાધારણ બીમાર માત્ર એકજ શીશીમાં સારો થઇ શકે છે. ગમે એવા જુના પરમિયાને માત્ર બે શીશી કારી છે. ઇન્જકશનો વડે પોતાનું લોહિય પાયમાલ ન કરતા એક વાર આ દવા લેવા અમારી ભલામણ છે કીમત શીશીનો રૂપીઓ દોઢ, પોસ્ટ ખર્ચ જુદો. (રૂબરૂમાં બનિયાનો રાતીવા ઇલાજ કરીશું)

હિન્દ બહારથી મંગાવનારાઓએ સ્પેશીયલ પોસ્ટલ ઓર્ડર Manager, The Rander Unani Pharmacy : ના નામે મોકલવો. ફાર્મસીમાં મળતી દરેક દવાઓનું સૂચિપત્ર મુફ્ત મોકલવામાં આવશે. લખો અથવા મળો :-

મેનેજર **ધી રાંદેર યૂનાની ફાર્મસી**

રાંદેર, Rander, Dist. Surat.

આફ્રીકાના એજંટ:-Union Printing Works 91, Victoria Street, Durban(Natal)

અરબી વહાણવટું

અનુવાદક:

સાલેહ બકીલી સાહબ

(ગતાંકથી ચાલુ)

બુશારી મુકદ્દસીએ લખ્યું છે, "અદકાના રક્ષણની પહેલા તેવી વ્યવસ્થા ન હતી, જેવી-સૂની હતી, પરંતુ જ્યારે ઇબ્ને તબલૂત (અહમદ બિન તુલૂન?) અહિં આવ્યો, તે પહેલાં મૂરતા દર્યાઈ રક્ષણની વ્યવસ્થા જોઈ-ચૂકયો હતો, એટલે એણે ઇચ્છયું કે અહિંનું બંદરગાહ પણ એવું જ સુરક્ષિત થાય, પણ કોઈ કારીગર પાણીની અંદર ચણતર કામ કરવાને રાજી ન થયો; છેવટે એના એટલે બુશારીના દાદા અબુબક્ર બન્નાર (મેઅમાર)નું નામ લેવામાં આવ્યું તેને બયતુલ મુકદ્દસ (જેરૂસલમ)થી બોલાવવામાં આવ્યો. એણે અત્યંત ચતુરાઈ પૂર્વક લાકડાંઓ ઉપર પાષ-ની શીલાઓ નાખી નાખીને અને તેને બાંધી બાંધીને પાણીમાં બંદરગાહની ઈમારતનું ચણતર કર્યું અને વચમાં એક દ્વાર રાખ્યો. લાંબી લાંબી સાંકળો નાખવામાં આવી, જ્યારે રાતના અહિં વહાણો આવતા, ત્યારે સાંકળ ખેંચીને આવવાની ખબર આપતા. (અહસનુત તકાસીમ' બુશારી)

ઇબ્ને તૂલૂન, મુતવક્કિલના ઉત્તરાધિકારી મુઅતિઝના શાસન સમયમાં મિસરનો ગવર્નર મુકર્રર થયો. ઈ. સ. ૨૫૪થી ૨૭૦ સુધી એની સત્તા રહી એટલે આ કામ એનાજ વખતમાં થયું હશે.

બની કૃતિમા

ભૂમધ્ય સમુદ્રમાં પહેલાં તો રૂમીઓ (યુનાનીઓ) અને અરબો વચ્ચે મુકાબલો થતો રહ્યો. પરંતુ જેમ જેમ અરબોના દર્યાઈ વિજયો આગળ વધતા ગયા, રૂમીઓ પાછળ હઠતા ગયા. ઈ. સ. ૨૯૬માં ઉત્તર આફ્રિકામા ઉબૈદી ફાતમીઓની જબરદાન હુકૂમત કાયમ થઇ જે સિસિલી, મિસર અને સિરિયા ઉપર ધીમે ધીમે સત્તાધારી થઇ ગઈ. આ હુકૂમતના કાયમ રહેવા માટે, જેના ઘણા ભાગો દર્યાઈ સંબંધોથી જોડાયેલા હતા, દર્યાઈ પ્રગતિ જરૂરી હતી. એણે ટયુનિસના વહાણો બનાવવાના પ્રાચીન કારખાનાની ખૂબ પ્રગતિ કરી ટયુ-નિસના દર્યાઈ કારખાનામાં જંગી (લડાયક) જહાજો રાતદિવસ તૈયાર રહેતા હતા. ઈ સ. ૩૦૩માં ભૂમધ્ય સમુદ્રના કિનારા ઉપર એક કુંવરને બોદીને, એમાં એટલી મોટી ગોદી બનાવવામાં આવી કે જેમાં ચાલીસ જંગી જહાજો સુરક્ષિત ઉભા રહી શકે. એ

જંગી જહાજોનું નામ 'શયની' હતું. 'શયની' તે જંગી જહાજને કહેતા હતા, જે એટલા મોટા બનતા હતા કે એક એક જહાજ એકસો તેંતાલીસ હબેમ(ઓ)થી ચલાવવામાં આવતા હતા. એમને બંદ કરવાને માટે દ્વાર અને તાળાં લાગેલા હતા રાશનને માટે 'અનાજનો ભંડાર અલગ હતો. મીઠાં પાણીનો જુદો બંદોબસ્ત હતો. ('હબ્બે અસીર', હુબ્દિસ હિ. સ. ૩૦૩)

સિસિલી

સિસિલીમાં સૌથી મોટું વેપારી અને જંગી બંદર મરીના હતું. જ્યાં આ તરફથી પૂર્વના વ્યાપારીઓ અને તે તરફથી પશ્ચિમના સૌદાગરો આવીને આપસમાં લેવડદેવડ કરતા હતા. અહિંજ સિસિલીના અરબ રાજ્યના જંગી (લડાયક) જહાજનું કારખાનું (દારૂસ સિનાઅ) હતું.[1] એવીજ રીતે સિસિલીની રાજધાની પલર્મોમા,—જે કિનારા ઉપર આવેલી હતી વિશાળ બંદરગાહ અને વડાણો બનાવવાનું કારખાનું હતું.[2] એને માટે લોખંડ અને લાકડાં એનીજ બાજુ અને જંગલમાંથી લાવવામાં આવતા હતા. હજારો મજદૂર દરેજ જહાજો બનાવવાના કામમાં લાગતા હતા.[3]

સ્પેઇનના બંદરો

અરબી ઇન્દલુસ (સ્પેઇન)ની બંદરગાહ જ્યાંથી પૂર્વની અવર જવર જારી હતી-બે હતી. એક મરિચ્યહ અને બીજી બજાનના. આ બન્ને સ્પેઇનમાં સૂર્યના દ્વાર કહેવાતા હતા. મરિચ્યહ વિષે યાકૂત મુઅજ્જિમુલ બુલ્દાનમાં લખે છેઃ—

મરિચ્યહ, એ બયગહના જિલ્લામાં સ્પેઇનનું મોટું બંદર છે. અહિંથીજ સૌદાગરો વહાણોમાં બેસી છે અને અહિંજ વ્યાપારી વહાણો આવીને લંગર નાખે છે. અહિં વહાણો અને હોડીઓની જોડી જ મૌજૂદ છે. સમુદ્રનું પાણી શહેરની દીવારમાં આવીને અથડાય છે. અહિં હવા અને દરયા (રેશમ)ના કપડાં ઘણા સારાં બને છે. પહેલાં આ ઉદ્યોગ કરતુબા (કારડોવા)માં હતો, પરંતુ હવે મરિચ્યહના ઉદ્યોગે એને હાર આપી છે. ફિરંગીઓએ ખુશ્કી અને તરીથી એના ઉપર હિ. સ

બંધ માસિક "આંદગી"

ફક્ત ત્રણજ દિવસની અંદર 'શ્રી નાથ' ગોળીઓથી ચાલુ થાય છે. માસિક અડચણની કાયમિ ફરિયાદ માટે ફક્ત મળો. દવા સાથે ગેરંટી પત્ર આપવામાં આવે છે. કીંમત રૂા ૫-૮-૦ પરદેશ રૂા. ૧૦

—:ગર્ભ રહેતો અટકાવવા:—

"રાહત", દવા ફક્ત ત્રણજ દિવસ ખાઇ લેવાથી જીંદગી ભરમાં કદી ગર્ભ રહેતો નથી. માસિક ચાલુ. કશુંજ નુકસાન નહિ. ડૉકટર વૈદોએ આજમાવેલી દવા સાથે ગેરંટી પત્ર મોકલવામાં આવે છે. કીંમત રૂા. ૫-૮-૦ પરદેશ રૂા. ૧૦

ડૉ: એસ. એચ. ખાન,
૪૨ ચર્ચગેટ સ્ટ્રીટ, મોનજીની સામે
ફોર્ટ, મુંબઇ, ફોન. ૨૧૩૪૩.

૧ 'તરહતુલ મુશ્તાક': ઇડ્રીસી પા. ૨૬ અને 'સિફતુલ ઇતાલિયા'

૨ 'હબ્બે હુબ્રહ' પા. ૭૨

૩ 'હબ્બે અસીર' હિ. સ. ૩૫૮

૫૪૨માં હુમલો કરીને એનો લઈ લીધું હતું. પરંતુ ઈ. સ. ૫૫૨માં ફરી મુસલમાનોએ એના ઉપર કબજો કરી લીધો. ઇસ્લામી જંગી જહાજોની વ્યવસ્થા આદિજ થઈ અને આદિયીજ તે ક્રિશ્ચીઓ સાથેના યુદ્ધ માટે નિકળતા. મદિયદ્ અલ્ખ, સ્પેઈનનું એક બીજું બંદર હતું, જ્યાંથી વહાણમાં બેસીને બર્બર આવતા હતા. (મુઅજ્જિમ.)

ઉત્તર આફ્રિકા અને મોરોક્કોના સૌથી પ્રખ્યાત બંદરનું નામ 'બજાયા' હતું. એ આફ્રિકા (અલ્જીરીઆ અને ટ્યુનિસ) અને મગરિબ (મોરોક્કો)ની વચ્ચે ભૂમધ્ય સમુદ્રના આફ્રિકન કિનારા ઉપર આવેલું હતું. એ પહેલાં માત્ર સાધારણ બંદર હતું. ઈ. સ. ૪૫૭માં નાસિર બિન અલ્નાસે એને ઐશ્વર્ય દર્યાઈ રથળે આવેલું સમજીને આબાદ કર્યું, અને છેવટે એ એક અગત્યનું મહાન બંદર બની ગયું. જ્યાંથી દરેક તરફ વહાણો જતા અને મુસાફરો આવતા હતા. (મુઅજ્જિમ)

મોરોક્કોનું એક બીજું મશહૂર બંદર 'સબ્તહ' હતું. જે સ્પેઈનની સામે આફ્રિકાના કિનારા ઉપર આવેલું હતું. પકડને લખ્યું છે કે એ દુનિયાનું સૌથી ઉત્તમ બંદર છે.

આફ્રિકાનું સૌથી પ્રખ્યાત બંદર જેને ઈ. સ ૩૦૦–૩૦૫માં કાર્તિમી હુકૂમતનો રથાપકે બનાવ્યું હતું, 'મેહદિયદ' હતું. એને માટે કિનારા ઉપર જે ગોદી બનાવવામાં આવી હતી, તે એક સખ્ત અને લંબી ટીકાને કાપીને બનાવવામાં આવી હતી અને તે એટલી મજબૂત હતી કે ત્રીસ વહાણો એકી વખતે રહી શકતા હતા. બંદરગાહની બન્ને બાજુ મજબૂત મજબૂત સાંકળો પડી રહેતી હતી. જ્યારે કોઈ વહાણને અંદર લાવવામાં આવતું ત્યારે સાંકળો ખોલી દેતા હતા. ફરી પહેલાની જેમ નાખી દેતા હતા. (મુઅજ્જિમ)

અબૂ ઉબૈદ બકરી (મૃત્યુ: ઈ. સ. ૪૭૭) એ 'મસાલિક અને મુમાલિક'માં આફ્રિકાના નીચે મુજબના બંદરોના નામો ઠેકઠેક લીધા છે. અને કેટલાકના હાલાત લખ્યા છે. મરસી અલ-ઇન્દલુસૈન, મરસી તૈતી, મરસી અશ્ર-નિયહ, અલ-ખર્રાતીન, મરસીઅલ ખુર્ઝ, મરસી અદ્દાર, મરસી અદ્દનાઝ, મરસી અલ જઝાત, મરસી અલ-મદ્દૂન, મરસી અલ-સાદિગ, મરસી રૂમ, મરસી ઝયતુનહ, મરસી સબીલહ, મરસી શજરહ, મરસી અમારહ, મરસી અલ ફન્તિસહ, મરસી મારકયના, મરસી મુગૈલહ, મરસી મલકયહ, મરસી મૈનઅ, મરસી મૂસા, મરસી જબલ હદ્દરાન, (અલ જઝાયર, ૧૯૧૧)

ભૂમધ્ય સમુદ્રમાં મુસલમાનોની અવર જવરનું એક મોટું કારણ હજ પણ હતું. દર સાલ હજારો હાજી સ્પેઈન અને મોરોક્કોથી ઇસ્કંદરિયહ, આવતા હતા. સ્પેઈનનો પ્રખ્યાત પ્રવાસી ઇબ્ને જુબૈર, જે ઈ. સ. ૫૭૮ માં સ્પેઈનથી ઇસ્કંદરિયહ (એલેકઝાન્ડ્રીયા) સુધી દરીયાના એક જહાજમાં આવ્યો હતો, તે સ્પેઈનથી ઇસ્કંદરિયહ સુધી પોતાની દર્યાઈ મંઝિલો (પડાવો) આવી રીતે ગણાવે છે. તે ૨૮ શવ્વાલ ઈ. સ. ૫૭૮ ના રોજ સૂર્યાસ્તથી વહાણમાં બેઠો અને બાલિસા ટાપુ, મ્યુરિકા ટાપુ, મનોર્કા ટાપુ, સાર્ડિનિયા ટાપુ, સિસિલી ટાપુ, અને કેટ ટાપુમાં થઈને ૨૯ ઝિલ્કઅદ ના રોજ ઇસ્કંદરિયહ પહોંચી ગયો એટલે આ પ્રવાસ સ્પેઈનથી લઈ ઇસ્કંદરિયહ સુધી ૨૯



દિવસમાં પુરો થયો.' (પ્રસ્તાવના,' રહલા ઇબ્ને જુબૈર' પા. ૩૫-૩૮)

બરકામાં તુલમિયદ એક બંદર હતું, જ્યાં કરી કરી વહાણો ઉભા રહેતા હતા. (મઝકુર.)

'અબ્બી શરીફ,' કૈરવાનમાં જુમ્મા મસ્જિદના નાકા પર હતું. બંજરત ઉમર રદી-ના ખાનદાનના લોકો અને બીજા અરબ ખાનદાનો, બંદરે અજમીઓની પણ વસાહતો હતી. એની બાજુમાં એક બંદરગાહ અકલીમીયદ હતું. જ્યાંથી સિસિલી જવાને માટે વહાણોમાં બેસતા હતા. ('કિતાબુલ બલ્દાન'.)

મિસરના બંદરો

મિસરના તીરસ સાગરમાં ત્રીજી સદીના અંતમાં મોટા મોટા વહાણો ચાલતા હતા. એવીજ રીતે શહેર રશીદ નામે એક મોટી રોનકદાર આબાદી એ ઝમાનામાં હતી. એનું એક બંદરગાહ હતું જેમાંથી થઈને નાઇલ નદીનું પાણી સમુદ્રમાં પડતું હતું અને સમુદ્રમાંથી વહાણો એમાં દાખલ થઈને નાઇલમાં ચાલ્યા આવતા હતા ('કિતાબુલ બલ્દાન')

શહેર-'ફૌસ,' મગાબીક' બાદશાહોના વખતમાં મિસર સલ્તનું મોટું બંદર શહેર હતું. દક્ષિણ દેશોમાંથી વહાણોમાં જે વ્યાપારીઓ ચોરસો આવતા તે અહિંજ ચોભતા હતા. અદનના વ્યાપારીઓ અહિંજ રહેતા હતા. ઘણાજ વેપારને કારણે અહિં પુષ્કળ દૌલત હતી. (મુઅજિમુલ બલ્દાન')

કરમાની પાસે કિસ્તિયદ નામે એક પુરાતન વસ્તી હતા સમુદ્રના કિનારા પર છે. ત્યાં એક બંદરગાહ હતું. ('અલ-અનીસુલ મુકીદ' પા-૬૯)

'દમયાત'માં,-જે એક તરફ નાઇલ નદી અને બીજી તરફ ભૂમધ્ય સમુદ્રથી પાસે છે-મોટું બંદર હતું: અહિં પુષ્કળ વહાણો આવતા હતા. અહિં બે મુર્જ બનાવેલા હતા. એમની વચ્ચે લોખંડની મોટી સાંકળો પડેલી રહેતી હતી કે જેના કિનારા પર કોઇ પણ વહાણ સરકારી પરવાનગી વગર સંગર નાખી શકે નહિં ('અલ અનીસુલ મુકીદ' પા. ૧૦૦-૧૦૧)

મુસ્લિમ બિરાદરોને ખુશ ખબર:—

દરેક કેમીની સદીત પધારનારા મુલકોને પરદાની પુરતી સગવડ સમવાય તેવા રૂમ્સ સાથે બ્રેકફાસ્ટ સાથે, દવા ઉમ્દા અને અપ-ટુ-ડેટ ફરનીચર તથા કેરા ખોરાકની સુંદર સગવડતા સાથેનું વિશ્વાસ પાત્ર સ્થળ:-

—: બિસમીલ્લાહ હોટલ :—

૬૦ રેલ્વે સ્ટેશન સામે, સુરત.

માલેકઃ- જે. એચ. સુમાર કાસમાણી

ભૂમધ્ય સમુદ્રનું નૌકા સૈન્ય

ભૂમધ્ય સમુદ્રના અખી વહાણવટા અને ખાસ કરીને એમના જંગી બેડા (નૌકા સૈન્ય)ની હાલત સૌથી ઉત્તમ પ્રકારે પિછને ઓળખે છે તે લખે છે —

"જ્યારે અરબોની સલ્તનત કાયમ થઇ ગઇ અને એમને સત્તા મળી, ત્યારે દરેક પ્રકારના કારીગરો પોતપોતાના હુનર લઇને એમની સેવામાં હાજર થયા એમણે ખનાસીઓ અને વહાણવટીઓને નોકર રાખી લીધા એમની દર્યાઇ માહિતી અને અનુભવ પ્રગતિ કરી ગયા એમતામાં દર્યાઇ નિષ્ણાતો ઉત્પન્ન થયા. દર્યાઇ જિહાદનો એમને શૌક થયો વેપારી અને વ્યાપક વહાણો બનાવડાવ્યા જંગી જહાજોને સૈનિકો અને યુદ્ધ સામગ્રીઓથી સુસજ્જીત કર્યા સૈન્યોને સમુદ્રોની પીઠ ઉપર સવાર કર્યા અને એમને ભૂમધ્ય સમુદ્રની સામેના ફિરંગી કિનારા ઉપર લડવાને મોકલ્યા એને માટે તે રસ્તોને પસંદ કર્યા, જે સમુદ્રને કિનારે હતા જેવા કે સિરિયા, (શામ) —આફ્રિકા, મોરોક્કો અને સ્પેઇન,— અલીકા અબ્દુલ મલિકે પોતાના આફ્રિકાના ગવર્નર હસ્સાન બિન નુઅમાનને હુકમ આપ્યો કે ટયુનેસમા દર્યાઇ શસ્ત્ર સામગ્રી બનાવવાને માટે 'દારુસ સિનાઅ' (કારખાનું) કાયમ કરે આંદલુસીઅ સિક્લી ઉપર ઇબ્રાહીમ બિન અગલબના સમયમા હુમલો થયો અને તે જીતાયું અને કવસરા ઉપર હલ્લો કર્યો ... એ પછી આફ્રિકા અને સ્પેઇનના જંગી બેડા (નૌકા સૈન્ય), ઉત્તરે દીન અને ઉમરીઓની સલ્તનતોમા, એક પછી એક સામે કિનારા ઉપર હુમલા કરતા રહેતા હતા અબ્દુર્રહમાન બિન નાસિરના ઝમાનામા સ્પેઇનના નૌકા સૈન્યમાં લગભગ બધા જહાજો હતા અને એની લગભગજ આફ્રિકાના જહાજોની સંખ્યા હતી સ્પેઇનના અમીરુલ બહર (એડમિરલ)નુ નામ પિછને રમાહુસ હતુ. આ જહાજોના મુખ્ય મથકો બલ્બહલ અને મરિયહના બંદરો હતા. દરેક બંદરગાહના તમામ જહાજોનો એક વડો અફસર થતો હતો તેની ફરજ, તમામ વહાણો, ખલાસીઓ અને નૌકા સૈનિકોની દેખરેખ રાખવાનુ હતુ. દરેક વહાણમા રઇસ (કેપ્ટન) રહેતો હતો તે હવાથી તેની ચાલ, દિશા વડે તેને ચલાવતા અને તે ા લંગર નાખવાના (કામની) દેખરેખ રાખતો હતો. જ્યારે કોઇ યુદ્ધ પ્રસંગ આવી પડતો ત્યારે હેરવેશ બંદરોમા મુસ્તૈદ મુજબ વહાણોને એક જગ્યાએ અને તમામ સરસામાનથી સજ્જ કરીને, કોઇ એક અમીરના તાબામા રવાના કરવામા આવતા હતાં.

મુસલમાનો પોતાના ઉન્નતિના યુગમા આ ભૂમધ્ય સમુદ્રમા દરેક તરફ સત્તા ફેલાવતા હતા. એમની સરખામણીમા ઇસાઇઓના નૌકા સૈન્યોની કંઈ ગણતરી ન હતી મુસલમાનોએ દરેક જગ્યાએ દર્યાઇ વિજયો પ્રાપ્ત કર્યા અને એ સમુદ્રના અનેક ટાપુ ઓના બાદશાહ બની ગયા જેમકે સાર્ડીનિયા, મનોરકા, માલિસા, સાર્ડીનિયા, સકલિયહ, (સિસિલી) કવસરા, માલ્ટા, કેટ, સાઇપ્રસ અને બીજા ઘણી અને ફિરંગી દેશો

(અપૂર્ણ)

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતી સાહિત્યમાં આધુનિક યુગ

ગુજરાતી સાહિત્યમાં આધુનિક યુગ ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં શરૂ થયો. નર્મદ, દલપતરામ, નવલરામ પંડ્યા જેવા સાહિત્યકારોએ ગદ્ય અને પદ્યમાં નવા પ્રયોગો કર્યા. નર્મદે ‘નર્મગદ્ય’ અને ‘નર્મકવિતા’ દ્વારા સાહિત્યને લોકભોગ્ય બનાવ્યું.

૨૦મી સદીમાં ગાંધીયુગ, અનુગાંધીયુગ અને આધુનિક યુગ એમ ત્રણ તબક્કા પડે છે. ગાંધીયુગમાં સાહિત્ય સ્વાતંત્ર્ય ચળવળ સાથે જોડાયું. અનુગાંધીયુગમાં વ્યક્તિ-કેન્દ્રિત સાહિત્ય વિકસ્યું.

આધુનિક યુગમાં ઉમાશંકર જોશી, સુરેશ જોશી, રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત જેવા કવિઓએ નવી કવિતાનો પ્રારંભ કર્યો. વાર્તામાં ચુનીલાલ મડિયા, ધૂમકેતુ, પન્નાલાલ પટેલ જેવા સર્જકોએ ગ્રામજીવનનું ચિત્રણ કર્યું.

નવલકથામાં ઝવેરચંદ મેઘાણી, ગુણવંત શાહ, રઘુવીર ચૌધરી જેવા લેખકોએ ઐતિહાસિક અને સામાજિક નવલકથાઓ આપી. નાટકમાં ચંદ્રવદન મહેતા, ઉમાકાંત મહેતા જેવા નાટ્યકારોએ રંગભૂમિને સમૃદ્ધ કરી.

આજનું ગુજરાતી સાહિત્ય વૈશ્વિક પ્રવાહો સાથે તાલ મિલાવીને આગળ વધી રહ્યું છે. અનુવાદ, વિવેચન અને સંશોધનમાં પણ નોંધપાત્ર કામ થયું છે.

હું, મિયાં ને તિરમારખાં

લેખક : શાન્ત

ચાર માળનું ઉંચું મકાન ને માથે ખુલ્લી અગાશી. તેમાં "કબૂતર ખાઝી" માટે ઉંચી છત્રી હતી. તિરમારખાંની એ Hobby આનંદનો પ્રિય વિષય હતો. ધોળાં સુરેદ કાબરચીત્રા, કાળાં એવાં બેરાં કબૂતરો હતાં. સવારે ઉઠતાંજ એ વ્યવસાય હાથ ધરતો; કબૂતરો ઉંચે આકાશમાં પરિભ્રમણ કરી પાછાં છત્રી પર આવી બેસતા. એક હાથે તુર્કી કેપ ટેકવી બીજા હાથનું નેજવું કરી તિરમારખાં ઉંચે જોતા, —ત્યારે તેમનું હૈયું આનંદથી નાચી ઉઠતું.

ગામના ગંજ બેસાં મુસ્લિમ બોકરાંઓ કબૂતરો કોચ અનેરા શોખથી રમાડતા. જીંદગીનો સારો રસ એમાંજ હસ્તગત. દુનિયામાં એમની હસ્તીનું સાર્થક થતું તેટલાથીજ સમજતાં.

કબૂતરોની કાબેલીયત વર્ણવતાં, તિરમારખાંની છાતી ગજ ગજ ફુલાતી. લડાઇના છુપા સંદેશવાહક, શરેઆતની ટપાલ-ખાંજરની ગરજ સારતા તથા કેક લયલા-મજનૂની પ્રેમ ગોષ્ઠિનું અંતર ઓછું કરનાર કબૂતરની નરમાદાની જોડલી.....વાહવાહ! આ તારીફની છેલ્લી પંક્તિથી તિરમારખાં આનંદ અનુભવતા હતા!!!

* * *

શહેરમાં "નાટક-કંપનીએ ધાર્મિક ખેલ કર્યો. તેની ઉપજ સામાજીક પ્રવૃત્તિઓના ઉત્તેજન અર્થે અપાએલી. "ગૃહ ઉદ્યોગ મંદિર"માં ગરીબ વિધવાઓને મજુરી મળતી. દળવું, ભરડવું; ખાંડવું, તેલ કાઢવું વિગેરે બધાં મહેનતનું નિયમન કરી, આર્થિકતાનું સાધન સરળ બનાવ્યું હતું.

મુસ્લિમો મુગલાઇની પત્તીના માતમથી પરવાર્યા ન હોવાથી, ફરીયાદો વધુ પ્રમાણમાં કરતાં. અમારા લીડરે ચેમ્બરેટ બેઠાર પાડ્યું કે ગૃહઉદ્યોગ દ્વારા મુસ્લિમ મર્દ અને ઔરતોને રોજી અપાવવામાં આવશે. મર્દો બીડી વાંળી શકે તેવી આસ જોગવાઇ હતી! ચેમ્બરેટની તારીખ ચાર માસ અગાઉની હતી. કોઇએ અરજી વગેરે કર્યાનું પણ બહાર નહોતું આવ્યું. શરીફ મુસ્લિમ બેવા ઔરતો જેવી હયા-પરસ્ત હતી કે ઘેર બેસાં ભુખાં આપવા બનશે તો પણ ન સ્વીકારે; ત્યારે લીડરોની કમ અકલી, કમઝર્ફી તરફ તીરસ્કાર છુટે. દુકાળી રાહત કમીટીના મુસ્લિમ કાર્યકરે અનાજના અવેજમાં કેટલાય અનર્થો આદરેલા એવા બાતમી ખૂણે પુકાર થયા હતા છતાં ગરીબ બીચારા મુસ્લિમ સમાજની નીરક્ષર ઘરની સ્ત્રીઓ મુંગા મોંએ સહી લેતી!!!

મિયાં સાહેબ અધિવેસરની અમારી મીટીંગ બોલાવી. આ પ્રશ્ન હાથ ધરવા તાકીદ કરી. મિયાં સાહેબ હાથ ઘસ્તુ કરતાં (Move) નીચેની બાબત પર ખાસ ભાર મૂકેલ: આપણી સંસ્થા કાકા બાબુસ છે, છતાં ગરીબોનું આપણને પીઠબળ છે. મરકો-પસંદ લીડરો મુસ્લિમોનો સંપર્ક, ગોટરમાં બેસાડવાજ સાધતા. સામાજીક જલસામાં, હારતોરા ને સન્માનપત્રોની પરંપરા સિવાય મુસ્લિમોની ઉન્નતિ કે માંગણી બાબત એક હર્ફ પણ ન'તો ઉચ્ચારાતો.

તિરમારખાંએ ટોપી સરખી કરતાં, પ્રવચન શરૂ કર્યું; "બિરાદરાને ઇસ્લામ ઔર મેરે




મુખ્લિસ દોસ્તો; આજકાલ દુનિયા ભરમેં ઇન્કિલાબ જારી હય. માલદાર મુફ્લિસ હય મોટીનોંકી મહબ્બતસે; અપને ગરીબ ગની હૈય,. ગુરબત કે ગાઝી પનસે; કમર કસો, હાં દો મંડોંકી મજલિસકો, કાયમ કરો ઇખલાસ આપસમેં ઔર તરક્કી કરો તનકી તાકત પર! ઇસ્લામ ગરીબોંકા મઝહબ હય; અલ્લાહ હમારા હામી હય, સુબ્હાન અલ્લાહ!!!"

* * *


ચાંદની રાતમાં ચાપટ બેઠા હતા ત્યાં હોટેલ-બૉય ત્રણ સીંગલ ચાય લાવ્યો. નિરખી રખાંગે એ મુસ્લિમ-બોયને બીડી પાઇ બે વાત પૂછી તો માસિક પગાર રૂ. ૨, અને નોકરી અઢાર કલાકથી ઓછી નહિ! કુપણી વય, માબાપની જરૂરિયાત, રોટીની મોહતાજ! અને કેળવણીની અછત. આ મુસ્લિમ સમાજની ઉણપ અંગે એ આપક અત્યારથી ગોપાતો હતો.

અમોએ ગામમાં ગરત લગાવી તો કેટલી બીના જાણવા મળી: "કલાઇના વાસણ" એક ટુરીકુરી હાથગાડી, કલઇનો સામાન. કાંદી લાલ ટોપીવાળા, અર્ધબૂબ્યા, અર્ધનંગા એવા બે મુસ્લિમ છોકરા; ઉપર મુજબ રાડ



અહમદ એન્ડ કો.

જુના અને જાણીતા વેપારી.



દરેક જાતની ચેટ્રોમેક્ષ બત્તીઓ, પ્રાઇમસ સ્ટવ, સોનીના ઓળવાના ચુલાઓ, ઇલેકટ્રીક ફેન, વીજળીના લેમ્પ, અને ડેકોરેશન માટે ઇલેકટ્રીક તોરણો, પાણી ગરમ કરવા માટે વૉટર હીટર, ઇલેકટ્રીક અસ્તરી, નાઇટ લેમ્પ, બેટરીના બદણ, એવરેડી પાવર, ફ્લેશ લાઇટ ટોર્ચ વગેરે કિફાયત ભાવે મલશે તેમજ વીજળીનું દરેક પ્રકારનું વાયરીંગ કામ તૈયાર મળશે.

અમારા કારખાનામાં બનતી દરેક જાતની અને દરેક માઇઝની સ્ટીલ ટ્રંકો, સુટકેસ, બેગ વગેરે તૈયાર મળશે તેમજ ઑર્ડરથી બનાવી આપવામાં આવશે.

—: ગામડાના વેપારીઓને ખાસ સગવડ :—

ઑર્ડર આવેથી માલ બાતરી પૂર્વક મોકલવામાં આવશે.

ઠે૦ કણુપીઠ બજાર, લાલગેટ પાસે, સુરત.

પાડી (Hawker) ગલીએ ગલી રખડતા. બ્રેડની સવારે ધરની ગંદી બોલી- બારી- ટાઢમાં થરથરતા લથડતા પગે રઝળતા.

શરફના ગોલાની ફેરી કરતા મુસ્લિમ ફેરીયા, મચ્છાના ટોકરા રોકી વેચતા ફેરીયા, બે આનાની કોથળીર મરચાંની હાંક મરતા તદ્દન નાના મુસ્લિમ બાળકો, કોમની અધોગ તિના આદર્શ નમુના પેશ કરતા!

મિયાં સાંબ વિચાર તંદ્રામાંથી જાગૃત થતાં બોલી ઉઠ્યા કે: "બોહ દિન હુઆસે કે હમારે બચ્ચે મકતબમેં જાય; મામાપ કો, (Adult Education) "પ્રૌઢ શિક્ષણ મિલે; માલદર, સખાવત ઔર હમદર્દીસે પેશ આયેં! કૂલ ટૅસે બીલ્ડને બચ્ચોકો મુસ્લ્મ તે હુએ રોકેં ઔર શિક્ષમ-પરવરી કા પેશા (Industries) ફિર જિંદા કરે! ખુદાપાકકા કયા રાજ હોગા! ખુદાકી જંને"!!!

• • •


તિરમારખાંએ મેળાવડો. પોષ, કાયદાના સ્નાતકો L. L. B. ને સત્કારવા પ્રયત્ન કર્યો હતો. કોઇ ગરીબ, કોઇ માલદારના બેવા બે ચાર મુસ્લિમો લો-ગ્રેજ્યુએટ થયા હતા. નોકરી બાબત ધક્કા ખાવા છતાં મુલાકાત (Interview) થવી ન હતી. સાધન સંપન્ન સ્નાતકો મુંબઇ પ્રેક્ટીસ માટે ગયા. કોઇએ બાકીનો ધરબચ્યુ ધંધો અપનાવ્યો. લૉ (Law) બેકાર થઇ પડ્યો ઉત્તેજનના અભાવે, મુસ્લિમ લીડરોની ડરપોક નેતાગીરી, કે પોતાના પાણીના અભાવે, તરકકી નસીબ ન થઇ. ખુદા ખૈર કરે મુસલમાનોકે હલ પર!!!

• • •

હજરત (સ. અ. વ.)ના ઝમાનાથી મસ્જિદો, તન્ઝીમ અને તેહઝીબનું મર્કઝ તથા જિંદગી ને હરકતનો ઝબકે અર્પનાર રહ્યો છે. તિરમારખાં આજે જુમ્મા બાદ મિયાં સાંબ સાથે કાંઇક ગરમ ચર્ચામાં ઉતરી પડ્યા. મિયાંસાંબ જુમ્માના ખુત્બા વખતે જોરા-આવે ત્યારે વચમાં અટકી મુસ્લિમોને ધુત્કારીને સંબોધતા. "શા'નત હય તુમ પર મેરે ન રખતે હો તુમ; બેકાર હય તુમારે રોજે અગર ઝકાત ખૈરાત તુમ નહિ દેતે; કુત્તેસે બદતર હો તુમ, અગર સૂદ બરાબર નહિ કરતે તુમ; સીધે બચ્ચો, કયું ઝોકે ખાતે હો; કયા તુમ ખુત્બા સુનતે હો?"

અલ્લાહ અલ્લાહ! બિચારા બનેલ નમાઝીઓ બાજ આવી ગયા હતા. બધે મસ્જિદનો 'જુમ્મો' છોડી બીજી નાની મસ્જિદોને આબાદ કરતા હતા. હમણાંજ અમારા મિયાં સાંબની નિમણુંક થઇ હતી. તેમના અગાઉ મૌલવી હતા તે કાંઇક "બોદા" મગજના હતા. પણ બહુ ખામોશ તબીઅતના હતા બિચારા એમને બાનગી સબબસર રૂખસ્ત આપી ત્યારે બહુ દિલ-આઝાર થયા હતા, મિયાંસાંબ એમ સમજતા કે રૂઆબ આમજ બેસે; નરીકત, ઉમ્મત હાસિલ એમજ કરવાય. "બહુ નરમાશથી ઇસ્લામની ખૂબીઓ સમજાવવા કે બનેલોને આકર્ષવા અને ખુત્બામાં નવિનતા લાવવા દિમનો ઉપયોગ કરવા બાબત તિરમારખાંએ તાકીદ કરી" ને મિયાં સાંબે કબૂલ કર્યું કે "હમારી તબીઅત-ફિતરત કુચ્છ એસી હી બની હૈ; મુસ્તકે મહીદિ મિલે; હમકો દરકાર નહિ. પોદીસી દાઢી, પુરાની પધતી; પુરાના ખુત્બા ઔર તેજ બીબી જબાન"!!! અલ્લાહઅલ્લાહ!

• • •



તિરમારખાં ટૂર Tour ઉપર જવા નીકળ્યા હતા. બહુ હરિયાળો મુલક હતો; નદીઓ ઊંડી, ડુંગરાળ પ્રદેશ હતો. પાકી સડક અને મોટર રૂટ (Route) હતો. ગામ ગામડાં આબાદ હતા પણ મકાન કાચાં ઓડેલાં અને ખતરાંથી આચ્છાદિત હતાં. લોકોનું ધ્યેય માત્ર પૈસા કમાવવા એજ હતું. જીંદગીની શાહન કે ખૂબી જાણે સમજતાંજ ન હોય ને?

મુસ્લિમો કયાંક કયાંક વસતા હતાં. તેમની પાસે જમીન હતી, પણ જાહેરા જેવા રહેતા. મુસ્લિમ સમજીતી હતા તે બદઆદતોમાં ફસેલા હતા, મૌલવી મુલ્લાં હતા તો અંધકારના ઇલમવાળા અને રૂઢિ રિવાજની ધરડને (રબ્બર) બાળી કરી શકે એવી તેમની તાકીદ ન હતી. મસ્જિદ કોઈક રથળે હતી તો ગામને છેવાડે, દૂર ધર્મશાળા કે સ્મશાનથી પર હતી જુમ્માની નમાઝ મસ્જિદની ઘડીપલ અથવા કલાક કારટ હોવાથી વહેલી ઉઠેલી કે એવા નમાઝીઓ હતા. તળાવનો કાઠો પાણીથી હીબોરા દેતો હતો. નમાઝીઓ વજૂ ત્યાંજ કરતા. મસ્જિદ બિસમાર હતી. સહેનમા બાકી હતા. એક ઝાડ ઉપર પર ઝબુરી કહ્યું હતું તે મસ્જિદની છતને લેખમાફે તેમ હતું.

ગામડામાં એક જુની મસ્જિદ હતી તે હકીમને રહેવા દૂર છેડે જમીન આપી હતી. કાર્યકર સુફેદ દાઢીવાળા પણ સિયાહ દિલવાળા શખ્સ હતા! હુક્કાના ગુડગુડાટ જેવા ખટપટી વમળો તેમના પેટમાં પણ હતા! ગામ લોકોએ મૂળો કરેલો તે સઘળી રકમ હજમ કરી ગયા અને કહેતા ફરતા હતા કે ગામ લોકોમાં સંપ ને વિશ્વાસ નથી. ન ઈદ ન રોઝા; ન નમાઝ ન શબે બરાત; ઘરના મકાન પણિયારે ત્યાં ગીરવી હતા! નાગપૂડ "બાજની" ભરડો લઈ ચૂકી હતી. મુસ્લિમ નામથી સંબોધતા પણ સંકોચ થાય એવી રસતી હતી ત્યાં!!!

તિરમારખાં, તબ્લીગકારોને પુકારી પુકારી કહેતા જુઓ આ ગામડાં; મુસ્લિમ આબાદી! ઈલ્મ અને દીનની અધોગતિ! હિંદની ૯૫ ટકા વસતી ગામડામાં વસે છે. મુસ્લિમો જહાલતમાં કેટલા સબડે છે?

મુસલાહના અવસરો કયાંય કયાંય દ્રષ્ટિએ પડે છે અફસોસ કરતાં...ઓશીયાળાં! ઔલિયાની દરગાહો છે પણ દૂર ગુમનામ... આમોશ;! મુસ્લિમ-પબ્લીક વસે છે પણ બે-દીન બેકાર-નિષ્ક્રિય, નિશ્ચિંત; કાર્યકરો છે પણ કર્તવ્યહીન!!!

—o—

'કારવાં'ના પ્રથમ વર્ષની ફાઈલ

અંક ૧ થી ૧૨ કપડાંનું પાકું પુઠું
ટપાલ ખર્ચ સહિત રૂા. ૫) ૮. આ. સહિત

કોપીઓ સીલકમાં ઓછી હોવાથી થોડીકજ બંધાવવામાં આવી છે. આજેજ ઓર્ડર મોકલી આપો.

બીજા વર્ષના છુટક અંકો પણ ઘણા ઓછા સીલકમાં છે. પોતે ફાઈલ બંધાવનારા શોકીનોએ દરેક અંકના સાત આના લેખે નાણાં મોકલી ઘરતા અંકો મંગાવી લેવા ચૂકવું નહીં.

વહરી સાહિત્ય કાર્યાલય,
કણપીઠ-સુરત.

ઝમઝમે ઝમઝમ

લેખકઃ
'સાબિર' સાહુબ

ખુદાના ભરોસે પરની બહાર

પવિત્ર મક્કાની પાસે આજ પણ ઝમઝમનું અવિરત ઝરણું છે. દુનિયા ભરમાંથી હજ કરવા માટે જતા મુસલમાનો હઝરત ઇસ્માઇલ અ૦ને માટે કુદરતે બક્ષેલી આ નેઅમત પ્રસાદ તરીકે સાથે લેતા આવે છે. મુસ્લીમ દુનિયામાં ઝમ-ઝમનું સ્થાન ઉચું છે. આબે ઝમઝમ (પાણી) સાથે હઝરત ઇબ્રાહીમ અને હઝરત ઇસ્માઇલ અ૦નો ઇતિહાસ સંકળાયેલો છે. ઝમઝમ એ કુદરતી નિશાનીની એક ન ભૂલાય તેવી યાદ છે. આ તવારીખી પ્રસંગમાં માનવ પ્રકૃતિની સ્પષ્ટ છાયા છે નેં વાસ્તવિકતા ભારોભાર ભરી છે.

હઝરત ઇબ્રાહીમ અ૦નું જીવન કુરબાની-ઓથી ભરપૂર છે. આતિશે નમરૂદ, સાએરા અને હાજરા સાથેનો પ્રસંગ અને એ સૌના મુગટમણી સમા હઝરત ઇસ્માઇલને ખુદાની રાહમાં કુરબાન કરવાનો પ્રસંગ હઝરત ઇબ્રા-હીમ અ૦ની અગ્નિ કસોટીઓ પર પ્રકાશ પાડે છે.

સાએરાને બચ્ચા પણ ન હતો કે, નવું વર્ષની પાકટ વયે એ પુત્રવતિ થશે. પોતાની અપુત્ર દશામાં તેમણે હઝરત ઇબ્રાહીમને બીજું લગ્ન કરવાની રજા દીધી. મનુષ્ય પોતાની પ્રકૃતિ આગળ લાચાર છે.

સાએરાએ પતિને રજા તો દીધી પરંતુ વચન લઇ લીધું કે, હા૦ ઇબ્રાહીમની નવી પત્નિ અને એનો વંશ સાએરાને આજ્ઞાકિત રહેશે. હ૦ ઇબ્રાહીમે લગ્ન કરતાં પહેલાં સાએરાને દીધેલા વચનની યાદ હાજરાને આપી જણાવ્યું કે, જો તમને આ શરત મંજૂર હોય તોજ આપણા લગ્ન થઇ શકે છે. હાજરાએ ઉપરોક્ત શરત મંજૂર કરી ઇબ્રાહીમ અ૦ સાથે લગ્ન કર્યાં. હાજરાના ઉદરે હઝરત ઇબ્રાહીમને ત્યાં પુત્રનો જન્મ થયો.

હાજરા, હઝરત ઇબ્રાહીમ અને ખુદ સાએરા પણ આ ખૂબસૂરત પુત્ર ઉપર ફિદા ફિદા રહેતાં હતાં. પરંતુ આ સ્નેહ, આ એકય કાયમ રહી શકયાં નહિ હજુ હાજરાનો પુત્ર લગભગ એક સવા વર્ષનોજ થયો હતો કે, સાએરાએ પણ નેવું વર્ષની પાકટ વયે એક પુત્રનો જન્મ દીધો. હાજરાના પુત્રનું નામ ઇસ્માઇલ અને સાએરાના પુત્રનું નામ ઇસ્હાક પાડવામાં આવ્યું. ઘરની અને પોતાની ખોટ પુરાઇ જતાં સાએરાની પ્રકૃતિએ પલટો લીધો. ઇસ્હાકના જન્મ પછી સાએરા તદ્દન પલટાઇ ગયા. હઝરત ઇબ્રાહીમ અ૦નાં ગૃહમાં કલેશના મંડાણ થયાં. આજ્ઞાકિંત હાજરા સાએરાની આજ્ઞા બરાબર પાળતાં હતાં. પરંતુ કોયાયે સાએરાને સંતોષ થયો નહિ. એક દિન એમણે પોતાને દીધેલ વચન યાદ દેવડાવી ઇબ્રાહીમ અ૦ આગળ એના પાલન માટે દબાણ કર્યું. સાએરાએ છેક છેલ્લા પોંટને બેસી ઇબ્રાહીમ અ૦ને જણાવી દીધું કે, હાજરા અને ઇસ્માઇલ અમારા ઘરમાં ન રહે, એ તમારાથી અને મારાથી બેટાને દૂર ચાલ્યાં જાય કે એમનું મોં પણ આપણે દેખી શકીએ નહિ એટલુંજ નહિ પરંતુ એમની ખબર પણ સાંભળી શકાય નહિ.

સાએરાના ઉપરોક્ત દમાણુ પછી હઝરત ઈબ્રાહીમ અવણીય વિમાસણમાં પડ્યા, એમને કોમળાંગી હાજરા અને નાનકડા ખૂબસૂરત પુત્ર ઇસ્માઈલને આમ ઘર બહાર કાઢતાં અતિ દુઃખ થતું હતું; પણ બીજી તરફ સાએરાને પોતાના અલ્લાહને નામે દીધેલ વચન યાદ આવતું હતું ચતુર હાજરા પોતાના પ્રિય પતિનું દુઃખ જોઈ શકયાં નહિં, એમણે એક દિન સાએરાની ઉપરોક્ત માંગણી અને દર હકે પતિ પાસેથી જાણી લીધાં. એમણે સજ્જડ નેત્રે જણાવ્યું, "આપણે અલ્લાહને હાજર લેખી કબુલ કર્યું છે. હું અને મારી ઔલાદ મારી મોટી બહેન સાએરાની આજ્ઞા પાળીશું. આપ નિશ્ચિંત રહો." હાજરાના કથનથી ઈબ્રાહીમ અને જહજહ લાગી આવ્યું. એમણે એક વખતે સાએરાને સમજાવી જોવાનો વિચાર કર્યો હતો ઇબ્રાહીમ જાણતા હતા, સાએરાની આ માંગણી વિચિત્ર છે, પરંતુ સાએરા કહેતા હતાં "તમોએ અને હાજરાએ કબુલ કર્યા મુજબ હાજરા અને ઇસ્માઈલ હું કહું તેમ કરવા માટે બંધાએલા છે. હું ઇચ્છું તો એમને રહેવા દઉં અગર કાઢી મૂકું. એ મને

મુરાદ ટેલરીંગ ઈન્સ્ટીટ્યુટ

લંડનની કટીંગ પ્રોફેશ્નની પધ્ધતિ અનુસાર, સાયન્ટીફીક કટીંગ અને ટેલરીંગ કામ, શીખાડવા માટે મુરાદ-ટેલરીંગ ઈન્સ્ટીટ્યુટ ચલુ કર્યું છે. કટીંગ અને ટેલરીંગનો ચાર્જ મધ્યમ અને દરેક વર્ગનાને અનુકૂળ પડે તેવા રાખ્યા છે શીખવું કામ જાણનારને ફક્ત કટીંગ પણ શીખાડવા માં આવશે વધુ માહીતી માટે મળો, યા લખો:—

સાયન્ટીફીક ટેલર એન્ડ કટર.



Try our Secret Good Fit

મુરાદ ટેલરીંગ વર્કસ.

ચુનારવાડા મસ્જીદ પાસે, સાંદર

સુલેમાન જી. મુરાદ

મુરાદ ટેલરીંગ ઈન્સ્ટીટ્યુટ એન્ડ ટેલરીંગ વર્કસ.
પ્રોપ્રાએટરઃ-સુલેમાન ગુલામ હુસેન મુરાદ.

દૃઢ છે." હ૦ ઇબ્રાહીમ સાએરાને આટલી સમ્મત ન આપ્યા અને દયા તેમજ ઉપકાર કરવા માટે સમજણ આપતા પરંતુ સાએરાના દિલ ઉપર એ વાત અસર કરી શકતી ન હતી એ તો પોતાની હઠ ઉપર દૃઢ હતાં. જેમ જેમ દિવસો જતા હતા: તેમ તેમ સાએરા વધારે ગુસ્સે થઇ વધારે દબાણ કરી રહ્યા હતા. પતિ ઉપર આવેલ આ ધર્મસંકટ જોઇ ધૈર્ય અને શાન્તવનની પ્રતિમૂર્તિ સમી પતિ પરાયણ હાજરાને બહુજ દુઃખ થયું. એમણે સજળ નેત્રે એરો ઉપર કરણ વિનંતિ આણી પોતાના પતિને જણાવ્યું, 'આપ સહેજ પણ દુઃખી ન થાવ, ખુદાને નામે દીધેલું વચન પાળો, હું અને ઇસ્માઇલ ચાલ્યા જઇશું, ખુદા અમારું રક્ષણ કરશે. આપ અને મારી મોટી બહેન સમાન સાએરા સુખી રહો. મને એ સિવાય બીજી કોઇ ઇચ્છા નથી. હું મહેનત મજૂરી કરી મારૂં અને મારા પુત્રનો ઉદર નિર્વાહ ચલાવી લઇશ. હ૦ ઇબ્રાહીમે પગ હાજરાની વાત ઉપર દુભાતા દિલે અનુમતિ દર્શાવી. હાજરા પતિનું ઘર પતિ અને શોકના સુખ માટે છોડવા તૈયાર થઇ ગયાં. હ૦ ઇબ્રાહીમ કે જે કાળના આવા અનેક પ્રહારો હસતા મુખે સહી લેવામાં પોતાની કસોટી લેખવાને ટેવાઇ ગયા હતા, એમણે સજળ નેત્રે પોતાને આ કસોટીમાંથી પણ પાર કરવાની અલ્લાહને પ્રાર્થના કરી. પોતાની પ્રિય પતિ અને લાડકા પુત્ર ઇસ્માઇલને અલ્લાહને સોંપી દીધા. એ અલ્લાહ કે જે પ્રાણી માત્રનું જીવન અને ખાદ્ય પદાર્થ પર સંપૂર્ણ સત્તાધારી છે. હાજરા કીનઆનથી ચાલી નીકળ્યાં. સાએરાએ જે થોડો સામાન એમને સાથે લઇ જવા દીધો તેમાં પાણીની એક મસક પણ હતી. અલ્લાહની વિશાળ ધરતી ઉપર કોમળાંગી હાજરા પુત્ર ઇસ્માઇલ સાથે પતિનાં ઘરથી દૂર દૂર નીકળી જવા માટે ચાલી રહ્યાં હતાં: સદાય ગંભીર આકાશ ગંભીર હતું. માનવ પ્રકૃતિના આવા અનેક તમાશા એના કાળા-જુના દિલે જોયા અને જાણ્યા હતા. એની અમાપ ગંભીરતા નીચે શું શું નથી થઇ ગયું? શું શું નથી બનતું? અલબત્ત દાખલાઓમાં હાજરાનો આશય, હ૦ ઇબ્રાહીમનું દિલ, અને અલ્લાહની ઇચ્છા શિરોમાન્ય ગણી એમાં એની રેહમત હાસિલ કરવાની ધગશ એજ આ દાખલામાં એક મહાન આદર્શ હતો. ગંભીર આકાશ કહી શકે છે કે એણે આવો દાખલો જોયો છે? હાજરા અને હ૦ ઇબ્રાહીમના બાળક સિવાય કોઇ માટે કુદરતે ઝમઝમ દીધું છે?

પાણીની શોધમાં ઝમઝમનો મેળાપ

હાજરા પુત્ર ઇસ્માઇલને લઇ દૂર દૂર નીકળી ગઇ; દિવસો વીતી ગયાં, રાત્રિઓ પીતી ગયાં: હવે કીનઆનથી નીકળેલ હાજરા અરબના રણમાં આવી પહોંચ્યાં. કયાં જવું એ નક્કી ન હતું: માર્ગની ખબર ન હતી. મંઝિલ નિયુકત ન હતી. સૂર્યોદય થતો અને હાજરા અને ઇસ્માઇલ પથે પડતા, અરબનાં રણના અણુએ અણુ પ્રખર તાપે ધગધગી ઉઠતા ધગધગતા રણમાં હાજરા નાના બાળક સાથે ચાલતા, રાત પડતી અને એમનો પથ પુરો થતો, આંધી આવતી અને એમની આંખો અરબની રેતીથી પુરાઈ જતી. એમને એટલે દૂર નિકળી જવું હતું કે જ્યાંની એમની ખબર પણ સાએરા સુધી પહોંચી શકે નહિ. એ કયું રણ હતું.?, એ કઇ જમીન હતી?



એ જમીન હતી બેતુલશાહ માટે અજાણ્યા પ્રદેશની ભૂમિ; એનું મળવું આસાન હતું?

આગળ મા અને પાછળ બાળક એક ભરી બપોરે ચાલી રહ્યાં હતાં. બાળકને તૃષા લાગતાં પોતાની મા પાસે પાણી માંગ્યું. હાજરાએ પોતાના ખાંધે ભેરવેલી મશક પ્રતિ નજર કરી, મશક ખાલી હતી. માએ બાળકને થોડોક દિલાસો દઈ આગળ ચાલવા સૂચના કરી હાજરાએ નજર ફેરવી જોયું દૂર દૂર એક ગીરીમાળા દેખાતી હતી માએ બાળકને ઉંચકી એ ગીરીમાળા દેખાડી કહ્યું 'મ્હારા બાળક ચાલો, અલ્લાહ કરશે તો ત્યાં પાણી મળશે. અહિં આટલામાં તો કયાંય દેખાતું નથી." પાણી મળવાની આશાએ ઇરમાઇલ અને હાજરા ઉતાવળે ચાલવા લાગ્યા. બાળકની તૃષા વધી રહી હતી હવે એ તદ્દન થરથરી ગયું હતું. અરબના રણની ધૂપ જેમણે વેઠી છે તેજ જાણી શકે છે. હાજરા અને ઇરમાઇલની આ મુસાફરી ગીરીમાળા સુધી પહોંચતા તો ઇરમાઇલ વ્યાકુળ થઇ ગયા. એમના પગ લથડવા લાગ્યા. તે ચકરાઇને એક પત્થર ઉપર પડઝાઇ પડ્યા, માનુ દિલ તડપી ઉઠ્યુ, અર્ધ બેભાન બાળકે મા આગળ પાણીની માગણી કરી, "મા, પાણી!"

હાજરાએ ચારે તરફ નજર દોડાવી, આકાશ સામુ જોયું, પાણી ન હતુ. હા, સામે એજ ગીરીમાળા દેખાતી હતી, કદાચ "ત્યાં" માના દિલે કહ્યું,

પોતાનું ઓઢણું ઉતારી હાજરાએ ઇરમાઇલ ઉપર ઓઢાડ્યું; અને પોતે ઉઘાડા માથે બાળક માટે પાણી શોધવા ગીરીમાળા તરફ દોડ્યાં. હાંપતા, હાપતાં હાજરા એક પર્વત ઉપર ચઢી ગયા; એમના ઉપર ઉભા રહી એમણે જોયું; પરંતુ કયાંય એ પાણી હોવાની નિશાની દેખાઇ નહિ. હાજરા ત્યાંથી ઉતાવળે ઉતાવળે ઉતરી બીજી નાની પહાડી ઉપર ચઢ્યાં, આ પહાડી વચ્ચે થોડુંક છેટું હતુ. અહિં પણ કયાંય પાણીની નિશાની દેખાઇ નહિ. હાજરા પોતાના બાળકની સ્થિતિ સંભારી સંભારી ચિંતાતુર થઇ રહ્યા હતાં. ચિન્તાતુર હાજરા વ્યાકુળતાપૂર્વક આમતેમ પાણી માટે દોડી રહ્યાં હતાં. આશાઓના મૃગજળ હાજરાને એક પહાડી પરથી બીજી પહાડી પર લઇ જતા હતા. હાજરાએ પોતાની વ્યાકુળતામાં સફા અને મરવા, (પહાડીઓના નામ) વચ્ચે સાત ફેરા લગાવી પરંતુ કયાંય પાણી નજર ન પડ્યું. હાજરા ગમગીન લેવાયેલ થઇ ગઇ એમને બાળક યાદ આવ્યું. હવે છેલ્લી બાળકની સૂરત મા દિલ ભરીને જોઇ લે એ આશાએ પાણી મેળવવામાં નિરાશ થએલ હાજરા બાળક તરફ દોડ્યાં. હાજરાએ ઇરમાઇલ પાસે આવતાં જોયું. મરવા પડેલું બાળક પગ ઘસી રહ્યું છે. માનું દિલ ઉપડી આવ્યું, એ બાળક પાસે પહોંચી એમણે જોયું, બાળકની એડીઓ આગળજ પાણીનું ઝરણું છે. જાણે હાજરાનું અને નાના બાળકનું દુ:ખ જોઇ પત્થરનું દિલ પણ પીગળી રહ્યું હતું. હાજરાએ આકાશ પ્રતિ નજર કરી; એમની આંખોમાંથી આભાર દર્શનના અવિરત આંસુઓ પડવા લાગ્યા. હાજરાનું દિલ જાણે ખુદાની કૃપા ઉપર મોતીઓ લુટાવી રહ્યું હતું. એમણે પોતાના બાળકને ઝરણાંનું પાણી પીવડાવ્યું. બાળકે આંખો ઉઘાડી દીધી માએ બાળકને છાતીએ ચાંપી અલ્લાહતેઆ શુક્ર અદા કીધો. એમ હજરત ઇરમાઇલના પગ ધર્ષણ આગળ કુદરતે દીધેલું આબ તે આબે ઝમઝમ છે. આબે ઝમઝમના પાનથી જીવન મેળવનાર મહાન ઝબીહ ઇરમાઇલ અ. ના ચરણ ધર્ષણ આગળથી જડેલું એ જળપાન આપણને કાંઈ સમજ આપે છે કે?

આવતી કાલના મુસ્લિમ વેપારીઓની કેળવણી

પલટાતા સમયને પહોંચી વળી વેપારની આબાદાની શી રીતે ટકાવી રાખવી ? આ પ્રશ્નનો ઉત્તર "વેપારી શિક્ષણજ" આપી શકે. મુસ્લિમ વેપારી કોમનાં બાળકોની સેવાર્થે પંચમહાલની મુસ્લિમ હાઈસ્કૂલના કોર્સોમાં યોગ્ય ફેરફાર કરવામાં આવ્યો છે.

આ સ્કૂલમાં બાળપોથીથી મેટ્રીક સુધીનું શિક્ષણ અપાય છે. મઝહબી તાલીમ માટે એક મૌલવી સાહેબ રાખવામા આવ્યા છે. સ્કૂલની પોતાની એક મસ્જીદ છે.

હાલમાં ચાલુ શિક્ષણની સાથેજ વેપારી કેળવણી એટલે નામું-હિસાબ-વિગેરે-વેપારની રીતે અને યોજના-બેન્કીંગ-વેચાણની વ્યવસ્થા વિગેરે વેપારને માટે ઉપયોગી એવા બધા વિષયો શીખવવાનો ખાસ બંદોબસ્ત કરવામા આવ્યો છે. આ ઉપરાંત વેપારી કેળવણી માટે ખાસ જુદા વર્ગો અને ટૂંકા તેમજ લાંબા અને જુદા કોર્સો પણ રાખવામાં આવ્યા છે.. નિયમ પ્રમાણે સ્કૂલમાં બાળવાનાં અમુકજ વરસોને બદલે ઘણાજ ટૂંકા વખતમાં આ શિક્ષણ આપવાના દરેક પ્રયત્નો કરવામાં આવે છે આમ છોકરાઓના ઘણા વરસોનો બચાવ થાય છે. જે છોકરાઓ મેટ્રીકની પરીક્ષા આપવા નથી ઇચ્છતા તેમને વેપારના ઉપયોગી એવા અમુકજ વિષયો શીખવવામાં આવે છે.

છોકરાઓને મુંબઇ સરકારના ડીપ્લોમા-ઇન-કોમર્સ,)ઇન્ડીઅન ચેમ્બર ઓફ કોમર્સ અને લંડન ચેમ્બર ઓફ કોમર્સની પરીક્ષાઓ માટે તૈયાર કરવામાં આવે છે. સ્કૂલના શિક્ષકોમાં આર્ટસ, સાયન્સ, અને કોમર્સમા ટ્રેઇન થએલા અનુભવી ગ્રેજ્યુએટો ઉપરાંત ઇંગ્લાંડમા ટ્રેઇન થએલા અને લાંબા લાબા સમયના અનુભવીઓ પણ છે.

પૂનાથી ૬૫ માઈલને અંતરે સમુદ્ર સપાટીથી ૪૩૦૦ ફીટની ઉંચાઇએ આવેલા પંચગની નામના રમણિય અને પ્રખ્યાત હવા ખાવાના શિખર ઉપર આ સ્કૂલ આવેલી છે.


સ્કૂલમાં ખાવા તેમજ રહેવાની ઉત્તમ સગવડ છે. બાળકોની દરેક પ્રકારની જરૂરી સગવડો સંપૂર્ણપણે સાચવવામા આવે છે સ્કૂલની ૧૬૫ એકરની પોતાની જમીન છે જેમાં સ્કૂલની પોતાની ડેરી, પોતાની બેકરી, પોતાનું વોટર વર્કસ, ટેનીસ કોર્ટ, ક્રિકેટ, હોકી વિગેરે રમતો માટે વિશાળ મેદાનો આવેલા છે આવી ઉત્તમ સગવડોને લીધે આ સ્કૂલ દરેક બાળકને પોતાના ઘર જેવીજ લાગે છે વરસના કોઇ પણ ભાગમા આવેલા છોકરાઓને દાખલ કરવામાં આવે છે. ૭ વરસ અને તેથી વધુ ઉંમરના છોકરાને દાખલ કરી શકાય છે, પરદેશથી અહીં વિદ્યાભ્યાસ કરવા આવતા સર્વે બાળકોની અમે સંપૂર્ણ જવાબદારી લઇએ છીએ. હાલ તરત અમારી સ્કૂલમાં આફ્રિકાના લગભગ બધાજ ભાગના છોકરાઓ અમારી સંપૂર્ણ જવાબદારી હેઠળ અભ્યાસ કરી રહ્યા છે. દરેક વર્ગને પોષાય એવા ફીના દરો રાખવામાં આવ્યા છે. આ ફીમાં ખાવાનો, ભણવાનો અને બીજા ઘણા ખરચનો સમાવેશ થાય છે.

હિંદુસ્તાનના ઘણાંજ તંદુરસ્તીપ્રદ્ધ પહાડ ઉપર આ તાલીમ આપવામાં આવે છે. આથી છોકરાઓની તંદુરસ્તી હમેશાં ઘણીજ સારી રહે છે. સામાન્ય કેળવણીથી બાળકોની શક્તિ વધારવામાં આવે છે. વેપારી કેળવણીથી બાળકોને તેમની કોમના ધંધા માટે તૈયાર કરવામાં આવે છે અને ધાર્મિક કેળવણીથી તેમનું ઉમદા ચારિત્ર ઘડી તેમને ઉત્સાહથી પોતાની કોમની સેવા માટે તૈયાર કરવામાં આવે છે. આમ અહીં ભણતા છોકરાઓને સર્વ પ્રકારનું શિક્ષણ અપાય છે. અને તેઓ સમાજ સેવાની ધગશ રાખી પોતાની કોમની સેવા કરે છે.

બધી મુસ્લિમ સ્કૂલોની ખીલવણીનો આધાર તેને જેટલી હદે પોતાનીજ કોમ તરફથી ટેકો મળે; તેના ઉપર અવલંબે છે. પોતાનાં બાળકોની કેળવણી માટે દરેક પ્રકારે યોગ્ય શિક્ષણ આપતી, ઘણા જુના સમયથી સ્થાપિત થએલી અને નામનાવાળી સ્કૂલની પસંદગી કરવી એ દરેક માબાપની ફરજ છે.

વધુ માહિતી માટે લખોઃ—

એમ. બી. હુસેન એમ. એ. બી. એસ.,સી. (ઓક્સીનઅરો)
બી. એસ.,સી. (ઇન ઇકોનોમીક્સ)
હાયર ડીપ્લોમા ઇન એજ્યુકેશન (ટ્રિનિટી કોલેજઃ ડબ્લીન)



મુશ્કિલોને સહેલ સમજું છું;
જિન્દગીને હું ખેલ સમજું છું;
હું બધાયો છું પ્રેમ બંધનથી;
જેલને પણ મહેલ સમજું છું.

દિલની

જ્યોત ઝાંખી ન ઝાકળી દિલની;
તેજમાં સૃષ્ટિ ના ભળી દિલની.

અશ્રુ કંઈ વર્ષી વાદળી દિલની,
આશ કિન્તુ ન કોઈ ફળી દિલની.

એક તરફ આપ પાંજ સિવાઈ;
એક તરફ સૃષ્ટિ ખળભળી દિલની.

દિલને દુન્યાથી કંઈ સંબંધ નથી;
રીત જગથી છે વેગળી દિલની.

દેહની વ્યાધિ સઘળી ટાળી પણ;
વ્યાધિ ટાળી ન કંઈ ટળી દિલની.

પુષ્પ એ ના બની ખિલીને કદી;
ઊમ્રભર હાય મુજ કળી દિલની.

અશ્રુદ્વારા વહી ગઈ અંતે;
ના શમી ઊર્મિ ઊછળી દિલની.

આહ એ આહની ન પૂછ અસર;
છે તડપતી એ વીજળી દિલની.

અશ્રુ લુછ્યાં ન કોઈએ "ઘાયલ";
ઊર્મિઓ ધૂળમાં ભળી દિલની.

સિદ્ધિ.....ના.....સન્માર્ગ

રજુ કરનાર : "ગાફિલ"

(સર્વ હક્ક લેખકને સ્વાધીન છે)

૨૫૦

જગતમાં જન્મીને નિરોગી નોકરીત, શક્ત સ્વાયુઓ અને સાધારણ મગજની કાયા મેળવ્યા છતાં લગભગ દરેક જને, અન્યની સહાય મેળવવાની આશાએ બેસી રહેવું, એથી વધારે ભયંકર પાપ બીજું કયું હોઇ શકે ? અને એથી ભયાનક દુઃખ પણ બીજું કયું હોઇ શકે ? આજનાં તરૂણોમાંના ઘણાખરાઓની દશા લગભગ એવીજ છે. યુવકો માટે એ કરતાં વધારે શરમાવનારૂં અન્ય એકેય દ્રષ્ય નથી.

૨૫૧

પ્રત્યેક માણસે અવકાશનાં સમયમાં પદ્ધતિસરનો અભ્યાસ કરવો, એ અત્યંત લાભદાયક છે; અને જગત જાગૃત થાય એ પહેલાં આપણે કામે વળગી જવું જોઇએ.

૨૫૨

સંયોગો કોઇને પણ અનુકુળ તો હોતાજ નથી. કોઇને પણ તૈયાર સફળતા તો મળતીજ નથી. સંગ્રામ કરીને સહુ કોઇએ પોતાનો માર્ગ ચોકખો કરી લેવો ઘટે

૨૫૩

બસ હવે બહુ થયું. આગળ વધી શકાશે નહિ અર્થાત "રૂક જાઓ"નું ફરમાન સુણાવે એવા પ્રતિબંધો હજુ માનવ જગત ઉપર મૂકાયા નથી, પ્રગતિ ચાહક, ઉદ્યોગ પ્રેમી અને મહત્વકાંક્ષા ધરાવનાર માનવીને પોતાની અણઘટતી આગેકુચ કરવાનો અધિકાર છે.

૨૫૪

કોઇ એક ચોક્કસ અસાધારણ પ્રસંગે આપણે કેવા પૂરવાર થઇશું, તે આપણાં આજના વર્તન-યંત્રદ્વારા માપી શકાય છે. આજે આપણે જેવા છીએ તેવાજ અસાધારણ પ્રસંગે પૂરવાર થઇશું, એ ચોક્કસ છે.

૨૫૫

ઉત્તમોત્તમ તૈયારી કર્યા પહેલાં કાર્યનો આરંભ કરવો એ વિશેષતઃ હાનીકરતા નીવડે છે. માટે પ્રત્યેક કાર્યનાં આરંભ પૂર્વેજ પૂર્ણ તૈયારી કરી લેજો.

૨૫૬

બરાબ પ્રકારની એકંદર ઝડપોમાં "અધિરાઈ" અધિક બરાબ છે. પ્રત્યેક કાર્યમાં મર્યાદીત ઝડપ ઉપરાંત ધીરજની અત્યંત જરૂર છે.

૨૫૭

જગત શાંતિના સર્વ સાર્વજનિક કાર્યોમાં, પ્રમાણિકપણે અને કુશળતાપૂર્વક કામમાં આવે, તેજ શિક્ષણને સાચા શિક્ષણની ઉપમા આપી શકાય.

૨૫૮

વગર વિચારે બોલવાની, અને ઉપર ચોટીયું કામ કરવાની ઝડપવાળા વિશેષતઃ પોતાની જાતને નુકસાનજ કરે છે.

૨૫૯

જગતની નિંદા કે સ્તુતિનો લેશમાત્ર પણ વિચાર કર્યા વિના ખંત અને ધીરજથી આગળ ધપ્યે જાય, એવાં માણસોની આપણને ઘણી જરૂર છે.

૨૬૦

ચારિત્રની કસોટી આપવાનું યંત્ર સહન-



શક્તિ છે અન્ય એકંદર બાબતોનાં કાર્યો કરતાંયે સહનશક્તિનાં મૂલ્ય અધિક અંકાય છે. પોતાની જાતપરનો કાબૂ ગુમાવી દેવાથી થતી હાની ભયંકર છે.

૨૬૧

સમસ્ત જગતનાં કાર્યોને કરતાં તમારી સ્થિતિ અધિક ક્ષોભજનક હોય, છતાં તમારે તમારા જીવનનાં મૂલ્ય મૂલ્યવતાં શીખવું જ જોઈએ. તમારે વિલંબ કે ઉતાવળ કર્યા વિના સતત ઉદ્યોગી રહેવું જોઈએ.

૨૬૨

મુગ્ધ, મૂઢ અને ટોળી દલિતોનાં વિચારોમાં તલ્લિન રહેતા, નાટક, સિનેમા અને રેસ જિંગેનું સતત ચિંતન કરતા આજના યુવાનોનું ભવિષ્ય જોનારનું અંતર વલોવી નાખે તેવું હશે. આજના યુવાનોની એ નિરૂપયોગી ઝિંદગી, પાસેના ભવિષ્યમા તેમને કપારી વછૂટે તેવાં ભયંકર કૃત્યો કરતાં અટકાવી શકશે નહિ. યુવકો ચેતે, અને એમના વડીલો વિશેષ ચેતે, એ અત્યંત જરૂરી અને આવકાર દાયક છે.

૨૬૩

આપણી સફળતા કે નિષ્ફળતાનો સઘળો આધાર આપણા પોતાનાં ધૈર્ય ઉપર રહેલો છે.

૨૬૪

બેદરકારી દાખવવાથી કશીયે હાનિ થવા ન પામે એવું રક્ષણ માત્ર એકજ છે, અને તે મૃત્યુ શૈયા.

૨૬૫

સફળતાના મૂલ્ય સાધનો ત્રણ છે. કાર્ય, ખંત અને ધૈર્ય. એમાંએ અગત્યનું તત્વ માત્ર ખંત છે. પરિણામની પરવાહ કર્યા વિના પરિશ્રમ કરનારનેજ સાચ્ચતા પ્રાપ્ત થઈ શકે છે.

૨૬૬

નસીબનું પાંદડું છેક છેલ્લી ઘડીએજ ખસે છે, જ્યારે તમે ચારે દિશાઓથી સંકટોમાં આવી પડો, જ્યારે પ્રત્યેક વસ્તુ તમારી વિરૂદ્ધ જતી જોવામાં આવે, ત્યારે, બરાબર તેજ ઘડીએ તમારાં પ્રયત્નો ચાલુ રહેવાં જોઈએ. અને તમારી સ્થીતિમાં ચોક્કસ પલટો આવી રહેશે.

૨૬૭

કયારેય પણ નિરાશ થશો નહિ, અને નિરાશામાં યે સતત કાર્ય કર્યે જશો, તોજ તમારી નિરાશા, આશામાં ફેરવાઈ જશે. એ નિશ્ચય પૂર્વક માની લેજો.

૨૬૮

મનુષ્યત્વની પ્રાપ્તિ એજ મહત્તાનું લક્ષણ છે, બે પગ વાળા પ્રાણીમાં જો ઇન્સાનીયતનો અભાવ હોય તો તે પશુ સમાનજ છે.

૨૬૯

સુખ, સ્વતંત્રતા અને પ્રમાણિકતાની જોડતા જેમ "કરકસર" છે. તેમ આનંદ અને આરોગ્યની સગી બહેન મિતાહાર છે. થોડી જરૂરીયાતો હોવી અને તેને જાતેજ પોંચી વળવું એના જેવું સોહામણું સુખરૂપ કાર્ય અન્ય એકેય નથી.

૨૭૦

તરાયી મેળવેલું ધન ખર્યાંય જતાં પણ વાર લાગતી નથી. પણ પરસેવો રેડીને પ્રાપ્ત કરેલો પાઈ પૈસો ઉત્તરોત્તર વધતોજ જાય છે. કારણ કે મહામહેનતે મેળવેલું દ્રવ્ય કરકસર શીખવે છે, અકારણ નહાની નહાની રકમ પણ ઉડાવી દેતાં અટકાવે છે.



૨૭૧

દેવાદાર થવું એ અન્ય એકંદર બંધનો કરતાં નિરાળું અને અતૂટ બંધન છે, કરજમાં ડુબવું અતિ સહેલું છે પણ મૂકત થવું મહાભારત કાર્ય છે, અને એટલા માટે જુગ્યા સુઈ જવું ઘણું બહેતર છે, પણ દેવાદાર થઇ ને સવારે ઉઠવું, એ ઘાતક છે.

૨૭૨

ડહાપણ પૂર્વક ચાલનાર ઇન્સાન કોઈ પણ દેશમાં ઓછામાં ઓછી આવક છતાં પેટ પૂરતો રોટલો મેળવીજ લ્યે છે, જ્યારે ઉડાઉ માણસને એકાદ રાજ્યની આવક પણ ઓછી દીસે છે.

૨૭૩

ભોંયમાં દાટવા કે સેવકોનું દળ ઉભુ કરવા માટે - નહિ, પણ પોતાની સલામતી અને સ્વમાન ટકાવી રાખવા માટે કરકસર અત્યંત જરૂરી છે. ઉપયોગી ન હોય છતાં સસ્તી હોય તેવી વસ્તુ ખરીદવી એ પણ આપણને ઉડાઉપણાં તરફ ઘસડી જાય છે, ઘણાંયે લોકો એવા છે, કે જેમની પાયમાલી બીન-જરૂરી નહાની નહાની વસ્તુઓ ખરીદવાની કુટેવથીજ થયેલી જોવામાં આવે છે. જેમ કરજ નઠારી વસ્તુ છે, તેમ ગીરવી મૂકવાની રીત પણ અતિ નઠારી છે. ગીરવી મૂકનાર પણ ગીર મૂકેલીની વસ્તુ ભાગ્યેજ છોડાવી શકે છે.

૨૭૪

કરકસરની બે મર્યાદા હોવી જોઇએ, અતિ કરકસરની કંજુસાઈમાં ગણનાં થાય છે, પોતાના અને પોતાનાં કુટુમ્બીજનોનાં જીવન કે અત્યંત આવશ્યક એવી સગવડોનાં ભોગે કરકસર કરવી એ પાપ છે

૨૭૫

કોઇ પણ પ્રમાણિક માણસ કરકસર વિના પૈસાદાર થઇ શકતોજ નથી. કરકસરમાં થોડાં પૈસાને ઝાઝાં બનાવવાની ગુપ્ત શક્તિ રહેલી છે. લાખો રૂપીયા કમાવામાં જેટલો શ્રમ કરવો પડે છે, તેથીયે અધિક શ્રમ પ્રથમ કમાવેલા એકાદ પૈસામાં પડે છે. એ ભૂલશો નહિ.

૨૭૬

દેવાદારને સદા અપમાન સહન કરવાનાં હોય છે, કેટલીક વાર લેણદાર દેવાદાર પાસેથી મનુષ્યને ન છાજે એવા નીચ કુકર્મો પણ કરાવવા તત્પર થાય છે.

૨૭૭

માની લીધેલી આવશ્યકતાએ અનેકને પાયમાલ કર્યા છે. ખરેખરી આવશ્યકતાએ કોઇને બરબાદ કર્યા નથી. નિરૂપયોગી વસ્તુઓ ખરીદનાર, પ્રસંગ આવ્યે અત્યંત જરૂરી વસ્તુઓ પણ ખરીદી શકતો નથી.

૨૭૮

દરેક કાર્યનાં માટે એમ કહેવાયું છે, કે મુલ્તવી રાખવાનાં મોઠાં ફળ. પણ એક કાર્ય એવું છે કે જેને મુલ્તવી રાખતાં સુખ પ્રાપ્ત થાય છે. તે કાર્ય એ છે કે ખરચ કરવાની ઇચ્છાને મુલ્તવી રાખતાં શીખવું.

૨૭૯

અખૂટ ખજાના કરતાં સશક્ત શરીરની વિશેષ આવશ્યકતા છે. સશક્ત શરીર, સારી પાચનશક્તિ શુદ્ધ અંતઃકરણ અને નિરોગી અવયવો ધરાવનાર ઇન્સાન મ્હોટામાં મ્હોટા શ્રીમંત ગણાય.

૨૮૦

જેને અંત નથી, એવી વસ્તુ આવશ્યકતા છે. આવશ્યકતા એ ઉત્તરોત્તર વૃધ્ધિ પામતો

મહાન રાક્ષસ છે. ગમે તેટલી સંપત્તિનેયે એ રાક્ષસ ઓહીંઆં કરી જવા સમર્થ છે. માટે તમારી આવશ્યકતાઓને શકય તેટલા પ્રમાણમાં ઓછી કરવાનાં પ્રયત્ન કરો

૨૮૧

જીવનમાં સહુથી પ્રથમ જે કાર્ય કરવાનું છે. તે એ છે, જે ભાગ્ય વિષે અંશમાત્ર પણ અફસોસ કરવો નહિ.

પરમો (ગોનોરીઆ) અને—


પેશાબનાં ભયંકર દર્દોનો

સંપૂર્ણ ફત્તેહમંદ ઇલાજ

ડાકટર જસાણીની જગમશહુર અસલ દવા

ગોનો-કિલર

[રજીસ્ટર્ડ]



બેધડક આજેજ અજમાવો

ગમે તે કારણથી લાગુ થયેલ તુરતનો અથવા જુનામાં, જુનો પરમો, પ્રમેહ (પરમીઓ) સ્વપ્નામા તથા પેશાબમાં જતી ધાતુ, તથા રસી (પરૂ) થતી મુખ્ત બળતરા, ટીપું ટીપું તથા અટકીને થતો પેશાબ, મુત્રાશયમા આવેલો સોજો તથા થયેલો જખમ તથા સ્ત્રીઓ અને પુરષોના પેશાબને લગતા તમામ દર્દોને જડમુળથી નાશ કરી બગડેલી ધાતુને સુધારી સ્વચ્છ અને ધટ્ટ કરે છે

પચાસ પડીકી) ગોળીની બાટલીની કીંમત રૂા. ૩)
વી. પી ખર્ચ આઠ આના જુદું.

*** ચેતવણી ***

નકલીઆઓથી ચેતજો. ખરીદ કરતી વખતે દવાનું નામ ગોનોકીલર અને ફકડા છાપ સીલબંધ પેકેટ તપાસી લેજો

એકલા બનાવનાર **ડો. ડી. એન. જસાણી,**

વીઠ્ઠલભાઈ પટેલ રોડ, મુંબઈ નં. ૪

સ્ટોકીસ્ટ : સી. એન. બ્રધર્સ, કણપીઠ, સુરત.

આદિકાના એજન્ટ—યુનીયન પ્રીન્ટીંગ વર્કસ, લંડ, વિકટોરીઆ સ્ટ્રીટ લંડન.

• ઘરની શોધ •

(લેખક:-નિસાર સાહેબ)

"અમારી ચાલમાં એક ઓરડી ખાલી છે. તમે જુઓ અને પસંદ કરો. ભાડું પણ આપવા ગજવાને પોષાય તેટલું જ છે. માસિક ૭ રૂપીઆજ, તો ચાલોને હું તમારી સાથેજ આવું" કહેતાંની સાથે તેણે બાજુની સાઇકલ રિપેરીંગની દુકાનવાળાને બૂમ મારી કહ્યું:- "રહેમુ ઓ રહેમુ જરા આપણી દુકાનનો ખ્યાલ રાખજે. હું જરા આ ભાઇને....."

"ધોંધો નહિ" સામેથી સાઇકલવાળાએ ખાત્રી આપી અને અમે બેઉ ચાલી નીકળ્યા.

મહારો આ સલાહકારક મિત્ર એક વેપારી હતો. નાનો વેપારી, નાની સરખી એની દુકાનમાં આટા દાળથી લઇને બચ્ચાનાં ઝભલાં સુધીનો પચરંગી સામાન હતો. ચાલમાં નવું સરખું એનું ઘર હતું. એકજ માળનું. ગુસલખાનું; રસોડું, દિવાનખાનું, બાજર જે કહો તે બધુંજ એમાં. જરાક જેટલી પરસળ હતી જેમાં બકરીઓ ને ભરખાં ઉપરાંત ખાલી બોખાં તથા બલી કબાટોનો પણ નિવાસ હતો. એની બાજુમાં એના ધરનાજ માપનું બીજું ઘર હતું. તેનો દરવાજો બોલતાં તે બોલ્યો "જોઇ લ્યો આ ઘર, છે પસંદ?".

'આટલી કારાગૃહ જેવી ઓરડીનું ૭ રૂપીઆ કિરાયું?" વેપારીએ લુખ્ખું હસતાં જવાબ વાળ્યો કે "તો બીજું શું?" અમે પગ ભરીએજ છીએને? લાઇટ પાણીનું મેળવતાં મહીને દસ થઇને ઉભા રહે છે. મહામુશ્કેલીએ મહીને ત્રીસ રૂપીઆ કમાઉં છું તેમાંથી દસ ભાડાના, પાંચેક ડૉકટર હકીમના અને બાકીના વધે તેમાં ગાડું ગબડાવવાનું. 'તેણે આખોય વ્યવહાર ટૂંકમાં સમજાવી દીધો.

વેપારીની પ્રૌઢા પચરંગ બૈરી વાંસડા પર ધોએલાં કપડાં ફેલાવવા નીકળી. એક છોકરું એનો કુરતો તાણી આંધેડનું હતું. બીજું ગોદમાં બેસી બાંધેથી બણબણતું પતાસું ચાટી રહ્યું હતું ને ત્રીજું દુનિયામાં આવવાની વાર જોઇ રહ્યું હતું.

વેપારીએ દમથી ખાંસીને હાંફતાં મહને પૂછ્યું, "તો આ ઘર આપને પસંદ ના પડ્યું?"

"જડ્યા છે તો ઠીક. પણ અંધારું બહું કહેવાય" મેં ઉત્તર વાળ્યો

વેપારીની ખાંસીએ બધુ ઉપાડ કર્યો. અને તે અટકી અટકીને બોલવા લાગ્યો, "અંધારું હાં અં-ધા-રું! ૭ રૂપીઆના ભાડામાં એવું-જરતો. અંધારું નહિ તો ઝગઝગાટ રોશની આટલામાં તો કયાંયે નહિ મળે."



તે એક ગલી હતી. સાઠેદાર સ્ટ્રીટ. ત્રણ માળનાં મકાન, બેઉ બાજુનાં બારણાંવાળાં મકાનો ઇપાળા હતાં. અને મકાનોવાળાં પણ સુધડ હતાં. કેકડેકાણે હાસ્ય, કિલકિલાટ અને કલ્લોલ. રેડીઓ, ગ્રામોફોન અને પિયાનાના મધુર અવાજે વાતાવરણમાં જીવ ભરી દેતાં હતા. એમાં એક ઘર જોયું. મોટું ઘર લાલ સીમેન્ટની ફરસબંધીવાળુ, સારા પડોશીઓવાળુ, ભાડું હતું પંદર રૂપીઆ. સલાહ મળી કે માલિક બાજુની ગલીમા રહે છે, તેમને મળીને ચોખવટ કરી લ્યો.

બાજુની ગલીમાં છેલ્લે ખુણે મકાન માલિક રહેતા હતા. સ્વીચ દબાવતા હાસ્ય વેરતા બહાર આવ્યા સલામ કરવા પહેલાંજ **'વઅલયકુમ સલામ'** સાથે હુકમ મળ્યો કે, "આપ જરા આ (આંગળીથી બતાવતાં) રૂમમાં બિરાજો. હમણાંજ હું હાજર થાઉં છું. બસ એક બે મિનિટમાંજ." હાથની ઘડી તરફ જોઈ "મારે પણ ઓફિસે જવાનું છે." કહેતાં તેઓ ચાલ્યા ગયા.

એ બીજા રૂમમાં સાંકડા જુની ઢબના સોફા પર મકાનની માલિકણ આડી પડેલી હતી મહને જોઇને જરા એ પગાથામાં ઉભું આવ્યો "માફ કરજો મહને જરા સંજોગવશાદી છે એટલે વિવેક ન બતાવી શકું તો" સૂનો મૂતાંજ કાશ્મીરી શાલને વધુ દબાવતા તે બોલી. જવાબમાં "વાંધો નહિ મહને પણ સુકામ જેવુ છે" કહી હું હસ્યો. જવાબમાં તે પણ હસી પડી. અમે બેઉ હસી રહ્યાં હતાં કે સાહેબ પધાર્યા. એમનું મોં હવે પહેલાં જેવું હાસ્ય વેરતું ન હતું.

તે આપે મકાન જોઇ લીધું! સાહેબના અવાજમાં કુમળી કરગરાશ હતી.

"જોયું અને પસંદ પડ્યું" મહારો જવાબ.

"ભાડું દર મહીને અગાઉથી ચૂકવવું પડશે"

'એ તો વહેવાર વાત છે. આપ્યા પછી કંઇ આપવું છે?" આવું હસવા જેવું બોલવું સાંભળીને પણ તે હસ્યા નહિ. ઉલટું ગંભીર થતાં તેમણે આગળ ચલાવ્યું કે-"તમે, મિસ્ટર પરણેલા છો કે? અવિનયની ક્ષમા; મારો કહેવાનો મુદ્દો એ છે કે આપ છડા એકલાતો નહિજ હોવ. આપની સાથે બૈરી પણ હશેજ અને બાળબચ્ચાં પણ હશેજ. જુઓને અહીંઆ સાહુકારીઆ વરતી છે." આ ટોડાક શબ્દોમા તેમણે આજના જીવનની પૂર્ણ દારતાન કહી સંભળાવી.

બૈરી ઓહ બૈરી!

આ દેશમાં બૈરી વિનાના મરદની નતો મુક્તિ થઇ શકે છે, ન ભાડે ઘર મળી શકે છે. ગમે તેવી પણ અર્ધાંગી જોઇએજ. એક મરે તો બીજી કરો. બીજી જાય તો ત્રીજી, પણ સંસારના ગાડાની ધુંસરીની બીજી બાજુ ખાલી ન પડવા દો. **સોક્રેટીસ** મૂર્ખ એમજ બકતો ગયો. કે "સારી બૈરી મળે તો સુખી થવા અને નઠારી મળે તો કવિ થવા સારૂ પરણવાની જરૂર છે" પણ એને ભાન નહોતું કે ભાડે ઘર મેળવવા સારૂ પણ બૈરી પરણવાની જરૂર છે.

મેં જવાબમાં ડોકું ધુણાવ્યું "ના."

સાહેબે અફસોસ અને દિલસોજી સાથે માથું ધુણાવતાં કહેવા માડ્યું કે "નારાજ્ન યશો. આ વહુ દીકરીઓવાળો મહોલ્લો છે."

આ સાંભળી સાહેબની વહુએ મોં ફેરવી

લીધું. હું રૂમમાંથી બહાર નીકળ્યો. દરવાજા આગળ એક જવાન છોકરી બગલમાં ચોપડાં દબાવી ઉભી હતી. મહને જોઇને એના મોં પર લાલી દોડી આવી. મહને સંભળાવતી હોય તેમ તે રૂઆબમાં મોટેથી હાંક મારવા લાગી "ધનીઆ, એય ધનીઆ! જલદી આવ. કોલેજ જવનું મેડું થાય છે." "આવ્યો બહેન" કહેતો નોકર હસતે મહોરે દાદરથી ઉતરી રહ્યો હતો. જવાન જોમ જેવો, અઢારેક વરસની વયનો, સુડોળ અવયવોવાળો ઉમંગી યુવાન.

° ° °

અહિં નવાં મકાનો બંધાઇ રહ્યાં હતાં. ઘણું બરા બાકી હતાં. રેતીના ઢગ પડેલા હતા અને તેની ઉપર સામસામે રેતી ઉંચવી બાળકો મસ્તી કરી રહ્યાં હતાં. નાની નાની છોકરીઓ માંથું ધુણાવતી ઢીંચણીયાં ખેંચતી રેતીપર રમતી હતી. કોઇ કોઇ રેતીમાં ગુંબાંટો બાંધ રહી હતી., "ચના જોર ગરમ" ગાતો કોયો બાળકો તરફ સુચક નજર ફેંકતો જઇ રહ્યો હતો. એ રેતીના ઢગલાથી થોડે દૂર એક મકાન પર બોર્ડ ટાંગેલું હતું:

"આ મકાન ભાડે આપવાનું છે."

દરવાજો ઉઘાડો હતો, નાની બારીજ તો. નીચા નમીને પેસતો ખુલ્લું આંગણું હતું. એ આંગણામાં એક બાજુ પાણીના નળ તળે બેસીને એક બાઇ બાંધે બાંધી રહી હતી. ચોખાની ગુણ જેવી બાંધી, બાંધે શીતળાના બાધવાણી રૂપાળી(!) મહારો કરોએ સંકોચ કે વિલંબ કર્યા વિના દિલની વાતે પૂછવાની હોય તેમ પૂછવા લાગી. "ઘર જોવા આવ્યા હશો?"

મેં મનમાં ને મનમાં કહ્યું, "ના આપનું સુંદર વદન નિહાળવા!"

"આપ જરા અંદર ઉભા રહો. હું આમ આવી પહોંચું છું."

સફેદ સાડી પહેરીને તે આવી. જોને જોતાં મારી કવિતખીઅત બોલી ઉઠી કેઃ—

"શ્વેત સાડીની સુંદરી બહુ રમ્ય શોભા આપતી"

"આ સજાનો રૂમ, આ બેડક, આ રસોડું, પાણીયારું" આ વળી એક વધારાનો રૂમ". તે મકાનને બતાવવા લાગી, "રસોડું જરા સારું નથી પણ કાલ સુધીમાં તો આમ (ચપટી વગાડીને) બીલકુલ ચાંદની જેવું સમજજો. ભાડું તો ભૈયા વીસ રૂપીઆ થશે. અને તે પણ અગાઉથી આપવાના. હોં! પહેલેથી ચોખવટ કરેલી સારી અને હું સારા ભાડુતોનેજ ઘર આપીએ છીએ બીજે માળે એક આનસાહેબ રહે છે એમના ઘરવાળા અને "દીકરીઓ," એમની તો વાતજ નોખી.

લખનોવાળા

અસગરઅલીના અત્તરો

ની તોલાની શીશીઓમાં

અને

તાજ કું. લી૦ લાહોરનો

મશહૂર

સુરમા મુકંચીએ બસર

પેકેટ બે આનાં

શીશીના આઠ આનાં

ધી. રાંદેર સ્ટોર્સ : કુણપીઠ, સુરત.



ને હાં. ત્રીજે માળે એક પ્રોફેસર સાહેબ અને એમનાં બાળબચ્ચાં."

મ્હારાથી ન રહેવાયું.

"અને ચોથે માળે?"

આનો સવાલ સાંભળી તે જરા ખમચાઈ. છતાં તે મારાથી જય તેવી નહતી. તરત ગોકળીને કહેવા લાગી.

"ચોથે માળે ધાબું છે હવા ખાવા સારૂં ઉનાળામાં સૂવા પણ ચાલે"

"હું!" મેં રસોડાની બાજુને હોકર લગાવતાં કહ્યું

"એ જરા સારૂ નથી પણ કાલ સુધીમાં તો આમ..." (ચપટી વગાડીને)

ફરીથી કંઈ રહી ગએલું યાદ આવતું હોય તેમ તે બોલી. "આપ પરણેલા તો છો ને?"

"ના" પરંતુ મારી સાથે મારી માસી, માસીની દીકરી અને એ તો પણ દીકરીઓ છે."

"ઓહ તો તો સારૂ. પરૂ બહુ અગાઉથી હોં બૈ"

"જુઓને એ તો આપણો વિશ્વાસ બેસે ત્યાં લગી. પછી તો વાંધો નૈ! ભઇ, આં કેટલાય મુઆ મને રડાવી ગયા છે એટલે આમ કરવું પડેસે. શું કરીએ યાર તેવા થઇએ તો ગાંમ વચ્ચે....."

"હાં બહેન હમણાં ગયે મહીને જ તમારા આડ કૂંવારીયા, આપ્યા સિવાય પૈસો મહલાંજી પસાર..." આ બોલનારી યુવતી એકાએક ક્યાંથી કૂદી નીકળી હતી. ડીલડોળ ઠીક હતાં. પરંતુ મેદું કંઈક ઉતરેલું, ઉદાસ ગમગીન આંખો મોટી છતાં ઉંડી ઉતરેલી, ઘોડો પરે રિમત છતાં નિસ્તેજ ચીકકુ ફસ. જાણે રંગ ઉડી ગએલી છબી. એ આખીય છબી જાણે મુકલાપમાં કહી રહી હતી કે "મ્હને શું લાભ? તેઓ તો આખો દિ' ઓફિસમાં અડી રહે છે અને હું હોડો પર સુરખી લગાવી બેસણો ઉટકું છું. સાંજે થાકયા હાર્યા ઘેર આવે છે અને બટકું ખાધું ન ખાધું ત્યાં કાગળીઓ ચીતરવા લાગી જાય છે. મારી હોનની રંગત જુએ છેજ કોણ? હાય! આ જિંદગી એના કરતાં તો મરવું ભલું. નરી વેઠ છે મારે ભવમાં."

"આ બહેન અમારી પાડોશણ છે. એમના એ પાવલા ઉસમાં કલાર્ક છે" પેલી જાડી બાઇએ નવી આવનાર ઔરતની ઓળખ આપતાં કહ્યું.

મેં કહ્યું–"ઓ. બહુ સારી વાત છે."

કલાર્કની બૈરીએ સાંભળીને ખુશ થતાં મને પૂછ્યું. "આપ આ મકાન ભાડે રાખવાના છો? આપ..."

ઓલ ઇન્ડિયા રેડીઓનું
પખવાડિક
"આવાઝ ઉર્દૂ"
અથવા
"સારંગ" હિન્દી
વાંચો અને રેડીઓ સાંભળો
છુટક નકલ સાડા ત્રણ આના
ધી રાંદેર સ્ટોર્સ કણપીઠ સુરત.

"જી. વિચારી તો રહ્યો છું. મ્હારી સાથે મ્હારી માસી હશે, માસીની દીકરી અને એની દીકરીઓ..."

"તો પછી વાંધા જેવું જ શું છે? અમે સૌ હળીમળીને રે'શું. આ તો ઘણી સારી શુકનવાળી જગ્યા છે. એ. તમારે જરાએ ફિકર નૈ" પેલી યુવતીએ કહ્યે જતી હતી.

હું ધીમે ધીમે બહાર જવા સારૂ બારણા તરફ સરકવા લાગ્યો. પેલી જવાન બૈરીની આંખોના અક્ષરો બોલતા હતા કે "કેટલું સારૂં થાય કે તમે આ ઘર રાખી લ્યો. મ્હારે તમારી સાથે સ્નેહગાઢ નથી બાંધવો. હું એને પસંદ પણ નથી કરતી. પરંતુ એમજ જરા તખીઅતથી તો રહેત. દિલ તો બહેલી જાત. તેઓ ઉગેથી આર્યમે સુધી ઓફિસમા અડ્યા રહે છે. તમે કદી કદી બાળીઆમાંથી મ્હને એ ખો લેત અને મ્હારા હોઠની લાલી ઔર ખીલી ઉઠતઃ કેવુ સારૂં થાય. હાય આ વાંસી ફૂલ જેવું ચીમળાએલુ જીવન!"

"હું કાલે જવાબ આપીશ," મેં કહ્યું.

"આવજો" બંને સ્ત્રીઓએ જવાબમાં કહ્યું.

° ° °

ચોગાનમાં એક સીસમ જેવો મજુર લાકડાં ફાડી રહ્યો હતો. મને જતો જોઇને બંધ રાખી બોલ્યો.

"સલામ સા'બ"

"સલામ. કયાં રહેવું? મારવાડી છે?"

"ના સા'બ કાઠીઆવાડી છું. મ્હારૂં નામ કાળીઓ"

"કાળીઆ ઓ કાળા."

"જી સા'બ!"

"બૈરૂં છે?"

કાળીએ મંદ હસીને જવાબ વાળ્યો "જી સા'બ" બૈરીનું નામ સાંભળતાં દરેક હિંદીનું માથું અભિમાનથી ઉંચું થાય છે તે પોતે ગુલામ છે તો શું થયું?

ઓછામાં ઓછું એનું પણ કોઇ ગુલામ છે ને? બૈરી, ગુલામ બૈરીનો આકા કાલુ કેમ ન ધ્રુતરામ? એના ફાવડા જેવા દાંત બહાર નીકળી રહ્યા હતા.

"છોકરાં પણ હશે જ તો"

"સા'બ એકજ છે, નાનો આવડો શો." (હાથથી બતાવીને) કાલુ બોલ્યો.

રાંદેરની મુલાકાત લેતાં
કયાં જમશો?

ધી પાગલ કોટેજ
રેસ્ટોરાં.

ઉમડ ફલીયા, રાંદેર.

જ્યાંની દરરોજની નવી નવી વાનગીનો ટેસ્ટ તમારા મોઢામાં યાદદાશ્ત રૂપે રહી જશે.

માલિકઃ ઈ. એસ. મેકુજી

"એમને પણ સાથે લાવેલો છું?"

કાઠિયાવાડીનું હાસ્ય જાણે કોઈએ છુંદી નાખ્યું હોય, તેમ ધામેથી રોકું ધ્રૂજાવી કહેવા લાગ્યો, "સા'બ કંઈ કામ અપાવો. હું લાકડાં ફાડી શકું છું?"

"એક માણસનું શું મળે છે?"

"એક આનો"

એકજ આનો? ફક્ત આનો એકજ. અડધા દિવસની સખ્ત મહેનતની કમાણી! મારું દિમાગ ઉકળી જતું હતું.

"સાહેબ, લોકો તો એક આનામાં પણ હવે ના પાડે છે."

"કાલુ તું ઘેર પાછો કયારે જઇશ?"

લક્કડ ફોડો જમીન પર બેસી ગયો અને ચલમ પીવા લાગ્યો, ચલમના ધુમાડાના આકારોમા તે પોતાનું ઘર જોઇ રહ્યો હતો.

હું આગળ વધ્યો. બિચારો કાલુ!

• ○ •

પાણીના જળદની માફક ફરીને હું ઘર ભાડે રાખ્યા વગરજ પાછો ફર્યો. ને ઊંટલગાં ઘુરવ્યો. ભુંજાએલી પિયાજની વાસ આવી રહી હતી. એક ટેબલ પર જઇ હોટલના નોકરને પૂછ્યું, "કયા ખાના તૈયાર હય?" હાયરોટીથી શરૂ કરીને એક લાંબુ લીસ્ટ તે બોલી ગયો. બાજુના ટેબલ પર પાંચેક જોવા ચાર જવાનો બેઠા વાદ કરતા હતા. "ક્રાન્તિ-લાવ્યા થવો જોઇએ ક્રાન્તિ. સમુદાયિક ક્રાન્તિઃ જુનું સૌ તૂટી ફૂટીને ભસ્મ થાય અને નવું જગત નવી રચનાથી વસાવાય."

મેં મનગમતો ઓર્ડર આપી દીધો આ બાજુથી એક હજામ શાહ સહજ પધાર્યા. ટોપી અને અચકન પર જઈ અરબીમાં ભલું ભલું ચિંતગમણ પડેરેલા. દોઢખમ, જન્નત, કહાણી કિસ્સા, ધૂળને સાબની પીંજણ ચલાવવા લાગ્યા. પેલા કોલેજીયનમાંથી છોકરી જેવા લટકા કરતો એક કહી રહ્યો હતો કે "ખૂન-વાણીના ટુકડા કરીને જ જંપીશું. એના ચણરકા...." એવામાં મહાગ મિત્ર ગ્યાસુદીન મળ્યા. પૂછવા લાગ્યા કેમ રાખી લીધું ઘર?

"ના" મારે માટે તો આ મદરેસાની ઓરડી જ બસ છે"

(પૂર્ણ)

જુદાં ધ્યેય

૧

મધુરાં ચંદ્ર! તારાં હાસ્ય જાગે,
તિમિરનાં આવરણ આ ભૂમિ ત્યાગે,
ધરા-સૌંદર્ય એ નવલું નિહાળી,
દીવાન તારલા નભથી
ભૂમિને ભેટવા ભાગે.

૨

નિશા સર્વત્ર કાલિમા પ્રસારે,
વિયોગે તેજના ભૂ અશ્રૂ સારે,
ભૂમિની વેદનાની વાત કે'વા,
વ્યથિત કો' તારલી નભથી
પધારે તેજને આરે.

'કિસ્મત'

લાયન ટોનીક પીલ્સ [રજીસ્ટર્ડ]

અખંડ શક્તી માટે આ ગોળીઓ છેલ્લામાં છેલ્લી શોધ પ્રમાણે બનાવેલી છે, જેના સેવનથી ખાત્રી થશે. આ ગોળીઓ સુસ્તી, નામરદી, કમજોરી, ગમે તે કારણથી શરીર નબળું પડી ગયું હોય અને ઘણી દવાઓ વાપરી નિરાશ થએલાઓને આ ગોળીઓ વાપરવાથી સંતોષ થશે. વાપરનારાઓ તરફથી સંતોષ જાહેર થયો છે તેજ એના ઉત્તમ ગુણની સાબીતી છે. વાપરી ખાત્રી કરો. ૪૦ ગોળીની શીશીની કીંમત રૂપીઆ ચાર. ૨૦ ગોળીના રૂા. ૨

જુવાની કાયમ રાખવા માટે ખાસ નીચેની પ્રખ્યાત અનુભવિક દવાઓ વાપરો.

હબ્બે જરયાન બરગદવાલી

આ ગોળીઓ હમારા દવાખાનામાં ૪૫ વરસના અજમાવેલા કુદરતી નુસ્ખા ઉપરથી જડી બુટ્ટીથી બને છે અને હજારો દર્દીઓને આરામ આપેલો છે. સ્વપ્નમાં ધાતુ જવી અને ધાતુનું પાતળું થવું તેમજ બ્યાલ વખતે, સ્ત્રી સમાગમ વખતે, ધાતુનું જલ્દી નીકળી જવું અને તેથી શરીરમાં નબળાઇ થઇ ચહેરો ફીકો પડે છે અને બે-રોનક થઇ જાય છે અને થોડી મહેનતે થાકી જવું અને જરયાનનો દર્દ થાય છે તે બધાને ફાયદો પુરેપુરો કરી ધાતુને પુષ્ટિ કરી શક્તિ આપે છે.

કીંમત—એક શીશી ૩૨ ગોળીઓના રૂા. ૨-૦-૦ અર્ધી શીશીના રૂા. ૧.

તીલાએ ખાસ

નાનપણ અને જુવાનીની કુટેવોથી ખરાબ ચલણ તથા તેમજ વધારે મેળાપ તથા હાથ રસ (માસ્ટર બેશન)થી ગુપ્ત ભાગમાં વાંકપણું, પાતળાપણું, વાંકપણ તથા ટુંકાપણું થઈ ગયું હોય અથવા એકદમ નામરદાઇ આવી ગઇ હોય તેને માટે અકસીર અનુભવીક ગેરંટી સાથે હજારો દર્દીઓને અજમાવી જાહેર કરીએ છીએ દરેક મોસમમાં અને દરેક ગીજામાં લગાડી શકાય છે. ૪૦ વરસ પછીની ઉમરવાલાને અકસીર ફાયદો આપે છે. તરત જ મરદાઇ લાવીને મરદાઇ શક્તિ આપવામાં અકસીર છે, નસોને મજબુત કરી તેમજ સખતાઇ અને પાવર લાવે છે. નવજવાનો બક્ષે છે. કોઇ પણ જાતનું નુકસાન કરતું નથી.

વાપરવાની રીત સાથે મળશે કીંમત શીશીના રૂ. ૧૦)

—: હબ્બે મુમસીક :—

નાઈટ પીલ્સ

જીંદગીની મજા લેવી હોય તો આ ગોળીઓ વાપરો. જેના લેવાથી બેજ કલાકમાં ધાતુનું રોકાણ અને એવી શક્તિ આપે છે કે જેથી તમો પોતેજ અજમાવશો અને વીર્યસ્થંભન કરે છે જેથી જીંદગીની અનહદ મોજ મળે છે. આ ગોળીઓ શરીરમાં નવું ચેતન રેડે છે. આ ગોળીઓના સેવનથી કોઇપણ જાતનું નુકસાન થતું નથી. **બાર ગોળીની શીશીના રૂા. ૩)**


અર્ધી શીશીના રૂા. ૧॥ સ્પેશીયલ કસ્તુરીવાળી ગોળીનો રૂા. ૧) પાંચ ગોળીની શીશીના રૂા. ૫) પોસ્ટેજ જુદું, વી. પી. પર પુરતું ધ્યાન અપાય છે.

હિન્દ બહારના ઓર્ડરો પુરતી સંભાળથી મોકલવામાં આવે છે. બહારના એજન્ટોની જરૂર છે, પત્ર વહેવાર નીચેના સરનામે કરો.

વિગત માટે પ્રાઇસ લીસ્ટ મંગાવો. વી. પી. ઉપર ધ્યાન અપાય છે. દરેક બીમારીનો ઇલાજ પત્ર વહેવારથી કરવામાં આવે છે, જવાબ માટે ટીકીટ બીડવી.

મળવાનું ઠેકાણું:-**યુનાની ફાર્મસી** (રજીસ્ટર્ડ)
,, ખાંડ બજાર-સુરત.
મુંબઇના રીટેલર્સ **અમરસી ખીમજીની કું.**
મીન્સેસ સ્ટ્રીટ તથા બ્રાન્ચ
ઝકરીયા મસ્જીદ મુંબઇ.

અમદાવાદના એજન્ટ:-**એમ. એન. નાગલબાંડા**
ત્રણ દરવાજા-અમદાવાદ.
આફ્રીકાના એજન્ટ:—
યુનીયન પ્રીન્ટીંગ વર્કસ
૬૧, વિક્ટોરીયા સ્ટ્રીટ-ડરબન નાતાલ.



મેહફિલ



● સંપાદક ●

તા ૨૨–૧૧–૪૧ને સોમવારની રળિયામણી રાત્રે જેતપુરમા **ધી મેમન યુથ લીગ** તરફથી એક ભવ્ય ગુજરાતી મુશાયરો ધી અલ્લુમન ઈસ્લામના વિશાળ મકાનમા જનાબ સુલતાન આદમજી પ્રેા મુસ્લિમ યુનેટીન ના પ્રમુખપદે યોજવા મા આવ્યેા હતેા જેમા શહેરના પ્રતિષ્ઠિત ગૃહસ્થેા તથા બહાર ગામથી આવેલા મેહમાનેા ત્થા કવિઓ ખાસ હ્યન ખેચતા હતા કાઠિયાવાડનેા આ પ્રથમજ મુશાયરેા હતેા જેથી આતા અને સાથીઓમા અથાગ ઉત્સાહ હતેા મુશાઈરા મટે બે પંક્તિઓ મુકર્રર કરવામા આવી હતી બન્ને પંક્તિઓ ઉપર ભરવના યુક્ત ગઝલેાનુ સર્જન થયુ હતુ જેમાથી કેટલીક કાવ્યપ્રેમી વાચકેા સમક્ષ પેશ કરીએ છીએ

પ્રથમ પંક્તિ – વસુ છુ વિશ્વમા પણ વિશ્વની મુજને ખબર કયા છે?

૧

સિતમથી કેાઇ પર ખ્યા છે
સિતમ કેાઇથી પર કયા છે

છતા પણ ધીર વિસરે
લગીરે દિલ જિગર કયા છે?

પ્રણય પ્રકાશથી તેા
પ્રસરે છે રૂપનુ ગૌરવ

તમારૂ રૂપ જગમા નામવર
મારા વગર કયા છે?

ક્ષણિક જીવન કરૂ હું કાગ,
સયેાગેાને વશ શાને
વસુ છુ વિશ્વમા પણ
વિશ્વની મુજને ખબર કયા છે?

મને કટકનુ ભાવિ ભાખવુ છે,
ગુલ સમાગમથી,
પરતુ અહ? ગુનશન પર,
હરે મારી નજર કયા છે?

'કલીમ] [ધેારાજી

૨

મઝા કયા છે? ખુશી કયા છે?
એ દિલ કયા છે? જિગર કયા છે?
જીવનમા જીવવા જેવુ
જીવન તારા વગર ખ્યા છે?
હવે એકજ છે!! મુજને
એવુ ભાગેા હેાય કે પિંજર
હતા બેચાર ' પર ' એ પણ
હવે બેચાર "પર" કયા છે?

સમજ પણ એજ છે મુજમાં,
નજર પણ એજ છે કિન્તુ;
સમજ લાંબી સમજ ક્યાં છે?
નજર લાંબી નજર ક્યાં છે?
'ઘાયલ'] [પાન્તેદ

૩

સણ્યાં દુર્ગો મહત્તાના,
ભરી દિલમાં તમન્નાઓ,
ઉડું છું કલ્પનામાં,
કલ્પનાની પણ લહર ક્યાં છે?
જીવનમાં કર્મને સેવા,
ખરી છે દિવ્યતા "દિલખુશ;"
ભરી છે દિવ્યતા પણ દિવ્યની
ખુદને ખબર ક્યાં છે?
"દિલખુશ"] [જેતપુર

૪

હજી આતુર છે દિલડું,
હજારો ઝખ્મ સેહવાને;
થયાં જે તુજ થકી એમાં
તો એકે કારગર ક્યાં છે?
ભલેને દર્દ દેવા કાજ,
તડપાવે મને કિન્તુ;
નજરથી દૂર વસનારા,
તુ મુજ અંતરથી પર ક્યાં છે?
મઝા સૈયાદ લેવા દે તું,
બુલબુલને ચમન કેરી;
અણી ઉપર છે પુષ્પો ખીલવાને,
પાનખર ક્યાં છે?
'બિસ્મિલ'] [ધોરાજી.

૫

બલીલી પ્રેમ, બલીનું દિલ,
ઉમેર સગ પીર નર ક્યાં છે?
ખરું કહું છું કે આજે,
વિશ્વમાં એવા બસર ક્યાં છે?
નથી ઉત્સાહ, ઉમંગ આશા,
નથી કંઈ લાગણી દિલમાં;
દિસે છે તો યુવાનો પણ,
યુવાનીની અસર ક્યાં છે?
હજી તે તૂર છે,
તે તૂર ઉપર નૂર છે વ્યાપક;
છતાં મૂસા સમું હો દિવ્ય દિલ,
નિર્મળ નજર ક્યાં છે?
નિરાશા દૂર ભાગે તુજથી
કાયરતા ડરે નિશદિન;
લગાવે આગ પાણીમાં,
જીવનમાં એ અસર ક્યાં છે?
"મઝલૂમ"] [જેતપુર

૬

સિતમનો તારા એ સૈયાદ,
લેશે ખુદ ખુદા બદલો;
કરી દઉં ખાક તુજને આહમાં
એવી અસર ક્યાં છે!
જશે આ તારલા તૂટી,
ને રહેશે ચંદ્ર આકાશે;
હજી મુજ ઉર બાગાની,
કંઈ એને ખબર ક્યાં છે?
બને જે માર્ગદર્શક જીવ તું,
એવું જીવન જગમાં;
ખિઝર પણ શીખતો આવે,
કહે મારો ખિઝર ક્યાં છે?
"શૌકીન"] [જેતપુર

૭

રહે છું મોમ દિલ થકને,
મહબ્બતમા સદા તારી;
છતાં પાષાણ દિલમાં તારા,
કંઈ એની અસર ક્યાં છે!
નજરનાં કંઈક તીરોથી,
હૃદયને વિંધવાં દીધું;
છતાં એ બેવફા પર,
મુજ વફાઓની અસર ક્યાં છે?
"ગુમદમ"] [જેતપુર

બીજી પંક્તિઃ–"પુષ્પની ઉદ્યાનમાં કીમત નથી."

૧

સત્ય કોઈ કેમ આ કરેતું નથી?
લીડરોની કૌમમાં ધજ્જત નથી!
'હાજીહા' મોટાની કરવી હરઘડી,
યુવકો એ વાતમાં સંમત નથી.
બાગબાં! હું શું કહું 'દિલખુશ' નથી;
પુષ્પ વિણ ઉદ્યાનની કીમત નથી.

"દિલખુશ"] [જેતપુર

૨

કર મહીં કાતિલના ખંજર છતાં;
શું કરે ઘા! ચાહતી હિંમત નથી?
હાલ બીમારીનો જાણીને કહ્યું;
મુજને 'બિસ્મિલ' થી કંઈ નિરબત નથી!

"બિસ્મિલ"] [ધોરાજી

૩

આપ ગર ચાહો તો છું હું લાખનો;
આપ ગર માનો તો કંઈ કીંમત નથી.
શબ્દે શબ્દે કેમ હો ચમકા રહ્યાં,
પ્રેમ ભેદો છે કંઈ દહશત નથી.
એક નજર નાંખી અને ચાલી ગયાં;
ત્યારથી દિલમા કોઈ હસરત નથી.

"મઝલૂમ"] [જેતપુર

૪

દિલમાં દાગોની કંઈ સજાવટ નથી.
પુષ્પની ઉદ્યાનમાં કીંમત નથી.
છે સદા મમ દૃષ્ટિમાં તે ઉચ્ચતર;
જેના દિલમા મારી કૈં ધજ્જત નથી.
શું કરે એ તોલ ગારા બોલનો;
જેને નિજના બોલની કીમત નથી;
આવ્રુ એમાં ભલે મુર્દા પડી,
કિન્તુ મારૂં દિલ છે દિલ તુર્બત નથી.

"શૌકીન"] [જેતપુર

૫

દિલના ટુકડા કંઈ અધુરી આશ છે;
મૂર્ખ! કંઈ એ ખાકની તુર્બત નથી?
કોઇની વરમાળમાં એ શોભશે;
પુષ્પની ઉદ્યાનમાં કીંમત નથી.

"સાગર"] [જેતપુર

૬

કિર્તીને ધન સંપતિ હોવા છતાં
છે નિરાશા એજ કે હિંમત નથી.

"મુ-શી"] [જેતપુર

૭

તુ બધે બધ કાલ પૂજાતો હતો;
આજ તારી શાને કંઇ દુર્દશા નથી?
શર્મ આવે છે યુવક કે'તાં તને;
દિલ નથી કંઈ ભાવના ઉન્નત નથી!

"વલીમોહમદ"] [જેતપુર

૮

નિત નવા ઝગડા નવી છે આફતો;
એક દિવસની આ કંઇ દુર્દશા નથી?
સત્ય છે કે રંગ ને ખુશ્બૂ વિના;
પુષ્પની ઉદ્યાનમાં કીંમત નથી.

"અલીમોહમદ"] [જેતપુર

૯

જીવશે કેવી રીતે એ જિંદગી;
જિંદગીની જેહને કીંમત નથી.
છે ખુદા મારો મને શાની ફીકર!
કોઇના "હમદમ" મને દહશત નથી.

"હમદમ"] [જેતપુર

૧૦

દર્દ ભલાઇ કોઇને જઇ શું કહું?
દર્દની દુનિયામા જ્યાં કીંમત નથી!
કથ્ય મારી એક દિન શોભાવશે;
પુષ્પની ઉદ્યાનમા કીંમત નથી!

"અૈયાશ"] [જેતપુર

૧૧

ધન નથી પણ ભાળકો તો બાર છે;
કોણ કે' છે ઘરમાં મુજ બરકત નથી?
સિદ્ધ સાથે બીડવાની કલ્પના!
જેને પાદર પહોંચવા હિંમત નથી!

"અબ્બૂ"] [જેતપુર

બે બાળકો

અનુવાદક : હાશિમ મુહમ્મદ ટીમોલ

બન્ને બાળકો એક જ ટાઇમે જન્મ્યાં, પરંતુ એકને આરામથી પારણામાં પોઢવાનું મળ્યું ત્યારે બીજાને ફાટેલાં ચીંથરાંઓમાં આળોટવાનું !

એકના મધુર હાલરડાં ગવાતાં ત્યારે બીજાને "મુઆ મરને હૂવે" સાથે ટાપલીઓ પડતી આમ છતાં બેઉ બાળકો પગ માંડતાં શીખ્યાં ધનિક માબાપોના લાડલા બાળકની સાથે રમવાને માટે-રમાડવાને માટે-એક સદ્ચરની જરૂર પડી એ માન પેલા ગરીબ બાળકને મળ્યું. ગરીબ માબાપો ફૂલ્યાં ન સમાયાં. એમણે માન્યું કે, "ઠીક છે. એ બદાને બે ત્રણ રૂપીઆ હાથમાં આવશે. ચાને એ બે ત્રણ રૂપીઆ ઘણા કામો કાઢશે"

જ્યારે બચ્ચુભાઇ દૂધમાં બિસ્કિટ બોળી બોળીને ગલોફામાં ભરતા ત્યારે તે એમની માબો ઉકાડતો, બચ્ચુભાઇને ઘોડેસ્વારીનું ગાન થતું તો એ ફીકલો એમનો ઘોડો બનતો. જ્યારે તે ગરીબ બચ્ચુભાઇને પીઠ પર બેસાડી કૂદાવતો તો બચ્ચુભાઇ આનંદથી બિલ્લીલાટ મચાવતા. અને બૂમો પાડી પાડી કહેતા કે, "ગા...લી. મા...લો. ઘો. ..લો. ઘો ...લો."

મા કહેતી "હાં બેટા ખાસ અરબી ઘોડો છે."

અને કદી તે ગરીબ બિચારો લોથ થઇને પડી જતો તો એના પર લાતો, લપ્પડો અને બચ્ચુભાઇની રૂમાલની બનાવેલી ચાબૂક પડતી.

"હરામીએ મ્હારા લાલને ફેંકી દીધો."

"સુવ્વર, ફૂલ જેવા બાળકને પણ ઉંચકી નથી શકતો."

"કામચોર, ખાવાનું તો બે દાઢીઆળા જેટલું ઠીંચે છે !"

કદી કદી આ કમૂર બદલ તેને સાંધણો પણ ખેંચવી પડતી.

આ તમામ ઘરપરની સેવાઓ ઉપરાંત બચ્ચુભાઇ જ્યારે નિશાળે જતા ત્યારે તે એમનું દફતર લઇ પાછળ પાછળ ચાલતો. બડીઆમાંથી મરેલી માબો કાઢી આપતો. સ્લેટ કોયલાથી સાફ કરી આપતો. બચ્ચુભાઈ ચંપલ કાઢી દોટ મૂકતા તો હાથમાં ચંપલ પકડી તે પણ સાથે સાથે દોડતો.

માસ્તર સાહેબ ભણાવતા ને પેલો ગરીબ ધ્યાનથી સાંભળતો. ઘણાએ પાઠો દિમાગમાં ઠોકાઇ ગયા હતા. "બિલાડી," "તીણા" બણાવીથી તો તે મોઢે બોલી જતો.

પાંચ તરી પંદર, મુંબઇ. હિંદુસ્તાનનું મોટું બંદર છે. મોટી નદી નર્મદા. એક દિવસે બચ્ચુભાઇના કાન અમળાઈ રહ્યા હતા; છતાં તેઓ ન બતાવી શક્યા કે, ગુજરાતનો ભૂગોળ પડ્યા કર્યો? ફીકલાને સાંભળેલું યાદ આવ્યું. ઘણુંએ રોકી રાખ્યું છતાં તેનાથી બોલાઇ જવાયું કે, "આમ્બ" માસ્તરે એના તરફ ખાઇ જવાની નજરે જોયું અને સાથે બચ્ચુભાઇને શરમાવ્યો કે, "ગધેડા ! જો અભણને પણ યાદ છે, છતાં તું તો ગબ્બોજ રહ્યો." બચ્ચુભાઇએ પોતાનો ગુસ્સો બધોય ફીકલા પર ઠાલવ્યો, ઘેર જઇ માને ચાડી ખાધી અને ફીકલાને ધરપા બંધાવ્યા



અને ભૂખો રખાવ્યો.

રાત્રે તે ભૂખ્યોજ સૂતો. અડધી રાત્રે ભૂખથી આંખ ઉઘડી ગઇ. રસોડામાં મૂકેલું ખાવાનું તેને સાંભર્યું. તે દબાએલા પગે રસોડા તરફ વળ્યો. હજી દરવાજો ખોલતોજ હતો કે, બબરચીની આંખ ખૂલી ગઇ, જોરે તેને તેજ વખતે બે ચોઢી કાઢી.

"લે, નાલાયક ચોરી કરવા લાગ્યો. સવાર થવા દે, તારી વલે કરાવું છું." શેઠાણીના ભયે તે રાત્રે ઉંઘી શકયો નહિં અને સવાર થતા તો તે કંઇક સરકી ગયો.

સૂરજ ઉગતાંજ એની શોધ શરૂ થઇઃ "કયાં ગયો? કેમ ગયો? જુઓ જુઓ કંઇ ઘેર તો નથી પહોંચ્યો? વાસણો માંજવાના પડયા છે. બચ્ચુભાઇને નિશાળે જવું છે ને પીટયો કયાં ગેમ થયો?"

ગરીબ માબાપો આ બનાવને પણ આસમાની સુલતાની લેખી નસીબને ગાળો ભાંડતાં રડી કરી ચૂપ રહ્યાં!

બેએક દિવસ પછી કીકલાની મા ગયા મહીનાનો પગાર લેવા શેઠાણી પાસે પહોંચી.

"કયા મોઢે પગાર લેવા દોડી આવ્યાં બ્હારી બાઇ! મોટા હીરાની વીંટી લઇ છુપાયો છે એને કંઇ નથી કહેવાતું?"

દુઃખીયારી મા કાંપી ઉઠી. "હીરાની વીંટી!"

તે ચપળ હતો પરંતુ એના ભણતર કે પોષણ માટે સમાજે કે, રાજયે કોઇ બદોબસ્ત ન કર્યો. કોઇ વ્યવસ્થિત માર્ગ એના માટે ન હતો. જોઇએ હતે તે પોતે પોતાનો માટે કેવો માર્ગ શોધી કાઢે છે. ધસતા પૂરને માટે જો કોઇ રસ્તો ન મળે તો, તે પાળો અને બંધનો તોડીને વહી નીકળે છે.

એના માબાપ આંખો ચોળીને રહી ગયા. સમાજને પોતાના ખાસ નિયંત્ર કરેલા જીવનમાંથી એમની હમદર્દી બતાવવાની પુરસત ન હતી. બચ્ચુભાઇના ઘરવાળાં થોડીક ચીખ-પુકાર પછી પોત પોતાના કામે વળગી ગયાં. બચ્ચુભાઇએ એમ. એ. નો સમુદ્ર ઓળંગી નાખ્યો. આઇ. સી. એસ. માં બે વારં ફેઇલ થયા પછી ત્રીજી વાર પાસ થઈજ ગયા. વિલાયત ગયા. ખૂબસૂરત શહેરો જોયાં અને ખૂબસૂરત શહેરવાળી પણ જોઇ. નાચરંગની મેહફિલોમાં ભળ્યા. ખૂબ કમાયા, ખૂબ ખાધુપીધું, નાચ્યા કૂદ્યા અને સત્તાધિશ કોમમાં રહીને સત્તાધિશ બની પાછા ફર્યા.

એમની રહામે રોજ ફર્યાદીના રૂપમાં હાજર થનારાઓમાં કેટલાક ગુન્હેગાર જાતિના લોકો પણ હતા, તો કેટલાક લેણદારો અને વ્યાજખોરોના ભોગથી પીસાઇ ગએલા માળખાં પણ હતા. જમીનદારોની જોહુકમીમાં ભીંસાતા ખેડુતો પણ હતા, અને કસુરવાર સિપાઇઓ પણ હતા. તે ગુન્હેગાર જાતિના સ્વભાવની, દેણદારો અને ખેડૂતોની લાચારીની, રાજદ્વારી આરોપીઓના રાષ્ટ્ર જુસ્સાની પરવા કર્યા સિવાય ન્યાયુ પડની કલમના આધારે છ મહીના વરસ, બે વરસ, અને ત્રણ ત્રણ વરસની કે એનાથી પણ વધુની સજાનો ચુકાદો આપતો રહેતો. મહાભાગ્યશાળી હોય તેજ આ કાનૂની સાણસામાંથી બચી નીકળતો.

પંચમહાલ જિલ્લામાં એમની બદલી થયાને થોડાક દિવસો જ થયા હતા કે, આ ધુ ગુજરાત ચોરી લુંટમાર અને ધાડના બનાવે થી ત્રાસી ઉઠયું. ધધુી દોડધામ પછી ડાકૂનો આગેવાન પકડાયો. આરોપીને અદાલતમાં હાજર કરવામાં આવ્યો. મેજિસ્ટ્રેટની રહામે ડાકૂઓનો સરદાર દાભલેો કઠેરામાં ઉભો હતો.

આ બન્ને બાળકો સાથેજ જન્મ્યા હતા.

એક થયો મેજીસ્ટ્રેટ. એક બન્યો મહાન ડાકૂ

મોસ્કો

અનુવાદકઃ-ઈમામુદ્દીન દરગાહવાલા

રશિયાનું ગઇ કાલનું પાટનગર મોસ્કો, પ્રાંતમાં મોસ્કવા નદીના બન્ને કિનારા પર વસેલું છે. ૧૯૩૫ માં તેની વસ્તી ૪૫,૭૦,૦૦૦ ની હતી. આ શહેરને રાજકુમાર યોરટોવ જ્યોર્જ ડોલગર્ડકીએ ઈ. સ. ૧૧૫૬માં વસાવ્યુ હતું. તે વેળા તેની બધીજ ઇમારતો લાકડાની હતી, અને એ તે ગિરિમાળા ઉપર વસેલું હતું, જ્યાં આજે ક્રેમલીન આવાદ છે.

નગરની વર્તમાન સીમા ઉપર તે વખતે એક મોટું જંગલ હતું એ જંગલને સાફ કરી શહેર વસાવવામાં આવ્યું હતું. મોસ્કોની સૌથી પ્રાચીન ઇમારત તેનું એક દેવળ છે; જે શહેરની મધ્યમાં આવેલું છે, અને એ પ્રાચીન-યુગની એક યાદગાર છે. આ શહેર, પ્રારંભિક કાચા માર્ગો દ્વારા-કીવ-અને-નોવા-ગ્રાડ સાથે અને નદીના માર્ગે વોલ્ગાની સાથે સંકળાયેલું છે. તાતારી આક્રમણોના કારણે એનો વેપાર છેક મધ્ય-એશિયા પર્યંત પ્રસરી જવા પામ્યો અને ઓગણીસમી સદીના ઉત્તરાર્ધના અંતમાં યૂક્રેનમાં લોહ-માર્ગોની સુલભતા અને ઔદ્યોગિક-પ્રગતિએ એ વિસ્તારોને મોસ્કોની બેડે મેળવી દીધાં. આમ આધુનિક-યુગનુ મોસ્કો, હુન્નર, વેપાર અને સંસ્કૃતિના મહાન કેન્દ્ર - સમાન ગણાય છે. રશિયાના એકંદર વેપારનો સાતમો ભાગ આ શહેરમાં થઇને જ પસાર થાય છે, અને અહીંથી અગિયાર લોહ-માર્ગો રશિયાનો ભિન્ન-ભિન્ન ભાગો જાતે જાય છે. આ રીતે રશિયાનું ગઇ કાલનું પાટનગર, રશિયન-સામ્રાજ્યનો દરેક અગત્યના સ્થળો બેડે સંકળાએલું છે.

મોસ્કોમાં વિશેષતઃ કાપડની મીલો, ધાતુઓનું કામ અને ખાદ્ય-પદાર્થો વિગેરેની તૈયારી થાય છે. મોસ્કોમાં ૭૯૪ કારખાના અને ૧૬૪૦૭ વેપારી પેઢીઓ આવેલી છે, અને ૧૯૨૪થી વિજળીની વિપુલતાના કારણે અસંખ્ય સરળતાઓ ઉપલબ્ધ થઇ જવા પામી છે. આધુનિક ઔદ્યોગોમાં કાચ-કામ અને ખેતીવાડીને લગતા સામાન, ક્રોમ (ચામડું) ધડિયાળોના કાચ અને ઓટોમોબાઇલ્સ વિગેરે શામેલ છે. ટ્રામ અને બસનો પણ ઘણોજ ઉત્તમ પ્રબંધ છે, અને કેટલીક રેલ્વે પણ વિજળિક-બળ દ્વારા ચાલે છે.

એની વસ્તીમાં ૧૯૧૭ની ક્રાન્તિ પછી અસાધારણ વધારો થયો છે. ૧૯૨૩માં સેંકડે કેવળ આઠ ટકા વસ્તી પાસે એક અથવા એકથી વધારે ઓરડા હતા. સેંકડે ચોપન ટકા વસ્તી એવી હતી, જેના એક ઓરડામાં બે શખ્સો રહેતા હતા. સેંકડે એકત્રીસ ટકા વસ્તી એવી હતી, કે એક ઓરડામાં પાંચ શખ્સો રહેતા હતા; અને સેંકડે ચાર ટકા વસ્તી એવી હતી, કે જેમાંના આઠ શખ્સો એકજ ઓરડામાં વસવાને માટે લાચાર હતા. એવી ગીચ વસ્તી હોવા છતાં સ્વાસ્થ્ય-રક્ષક સુપ્રબંધોના કારણે મોસ્કોનું મરણ પ્રમાણ બહુજ ઓછું છે. નગરમાં દરેક પ્રકારની ઇમારતો અસ્તિત્વમાં છે, અને કેટલીક તો



એવી છે કે તેમાં નખ-શિખ પૂર્વની શાન દૃષ્ટિએ પડે છે. મોસ્કોની એક ઇમારત ઉપર "ધર્મ મનુષ્યના ગરીબ અશ્રીમંતો હુકમ રાખે છે" એવા શબ્દો અંકિત છે.

ક્રેમલીન, શહેરની મધ્યમાં એક શાહી-કિલ્લાનું સ્થાન ધરાવે છે. તેની બુલન્દ દીવાલોમાં તોપો ગોઠવવાની જગા મોજૂદ છે, અને તેના પાંચ દરવાજા છે. તેના મિનારા ઉપર એક મોટો ઘંટ લટકાવવામાં આવેલો છે, જે ખાસ પ્રસંગે વાગે છે. દરેક દરવાજા ઉપર એક પુલ આવેલો છે, જેને હટાવી લેવામાં આવે તો ક્રેમલીન એક અભેદ્ય કિલ્લાના રૂપમાં ફેરવાઇ જાય છે. એની દીવાલોએ હજારો ક્રાન્તિઓ જોઇ છે, અને તે અસંખ્ય વાર ફરીથી રચવામાં આવેલી છે. પિટરના રાજત્વકાળમાં મોસ્કોના બદલે સેન્ટ પિટર્સબર્ગ (લેનિનગ્રેડ)ને રશિયાની રાજધાની બનાવવામાં આવી, ત્યારે ક્રેમલીન અને તેના અંદરની મધ્યકાળની બાદશાહીઓ વેરાન થઇ ગઇ હતી. આજે એક કમાન્ડરની આજ્ઞા વગર ક્રેમલીનમાં દાખલ થવાનું અશક્ય છે એમાં સરકારના કર્મચારીઓના મકાનો આવેલાં છે, અને સોવિયેટ-યુનિયનના પ્રજાકીય પ્રતિનિધિઓની સભાઓ ક્રેમલીનની સરકારી ઇમારતમાંજ મળે છે. એ ઇમારતની સભાપર્જ તે પાંચ પોલ્શેવીકોની કબરો આવેલી છે, જેમણે ૧૯૧૭ ના ઇન્કિલાબમાં પોતાના પ્રાણોની આહુતિઓ આપી હતી. કથેડ્રલની સામેજ લેનિનનો મકબરો છે. ક્રેમલીનની પૂર્વ દિશામાં ઝોબી ઇતિહાસિક ઇમારતો ઉભેલી છે, અને ભિન્ન ભિન્ન દેશોની સ્થાપત્ય-કળાને રજૂ કરે છે. તેમાંથી ક્રેમલીનમાં રશિયાના શાહી ખાનદાનના સભ્યોની કબરો મોજૂદ છે.

પ્રાચીન-કાળમાં ક્રેમલિન રશિયન-સામ્રાજ્યના અમીરોના વસવાટનું સ્થાન હતું. તેની પૂર્વ બાજુએ કિટાઇગોરોદ આવેલું છે. એ વેપારીઓનું રહેઠાણ છે. એની ફરતે એક દીવાલ આવેલી છે, જે ૧૫ મી સ. ૧૫૬૪ માં બનાવવામાં આવી હતી, મોસ્કોમાં ક્રેમલીન પછી એનેજ 'ઇતિહાસિક' સ્થાન પ્રાપ્ત છે. 'કિટાઇ' ચાઇનીસ ભાષાનો શબ્દ છે, જેનો અર્થ કિલ્લો થાય છે અને માલમ પડે છે કે એ તાતાર મુગલો ચાઇનાર છે. ૧૯૧૭ની ક્રાન્તિ પછી ઘેટલીક સરકારી-કચેરીઓ એમાં આવી હતી. એના ચાર પંચમાંશ ભાગમાં સરકારી-કચેરીઓ મોજૂદ છે, અને બાકીના ભાગમાં સામાન્ય જનતા વસે છે. એ ઇમારતની પાસેજ એક બીજી ઇતિહાસિક ઇમારત

કોઇને અરૂઝના જ્ઞાન વિના ગઝલો લખવી અસંભવિત છે. ગુજરાતી ભાષામાં અરબી-ફારસી-ઉર્દૂ અરૂઝનું જ્ઞાન

"ઝાર" કૃત શાઇરી ભા. ૧—૨

સરળ રીતે કરાવે છે.

કીંમત ૮ આના ૮. ૫. સેવા આનો

જાણીતા સાક્ષરોએ કીમતી અભિપ્રાયો આપ્યા છે.

શ્રી રાંદેર સ્ટોર્સ, કણપીઠ સુરત.

રેડ સ્કવેરના નામથી વિખ્યાત છે. જે પણ અસંખ્ય ક્રાન્તિઓ જોઇ ચૂકેલી છે

મોસ્કોમાં અસંખ્ય સંગ્રહસ્થાનો છે, તે પૈકી સ્ટેટ-ટ્રેટી-કોવ બહુજ મશહૂર છે. ૧૯૧૮ની સાલમાં એને નવેસરથી વ્યવસ્થિત કરવામાં આવ્યું હતું એટલું જ નહીં મોસ્કોમાં લલિત-કલાના અદ્ધર થિયેટરો પણ આવેલાં છે. શિક્ષણીય સંસ્થાઓમાં મોસ્કો વિશ્વ-વિદ્યાલય, પૂર્વીય વિદ્યાઓની એકેડેમી, લલિત-કલાની એકેડેમી, ઔદ્યોગિક મહા-વિદ્યાલય, અને એ સિવાય બીજી પણ કેટલીક તાલીમી પ્રયોગશાળાઓ મોજૂદ છે.

આ નગર બારમી સદીમાં અસ્તિત્વમાં આવ્યું અને ૧૨૩૭ તેમજ ૧૨૯૭ની સાલોમાં તાતારી હુમલાઓએ એનો નાશ કર્યો. ૧૩૦૦ની સાલમાં ફ્રેમલીનની ફરતે માટી અને લાકડાની એક ભીંત બનાવવામાં આવી. પંદરમી સદીમાં આ શહેરને શાસકીય દરજ્જો પ્રાપ્ત થઇ જવા પામ્યો હતો અને તેની જોડે આજુબાજુના અનેક પ્રાન્તો જોડાઇ ગયા હતા.

"દિલથી અસ્તગફાર કર"

ઉલટો ચહેણુ રસ્તો કરી, ખુદને નહિ લાચાર કર,
દીપુ બની નિજ દેહની, નિજ દેહ પર ના વાર કર,
ક્ષેમ સંપાદન નથી થાતું, દુરાચારે કદી,
ના બે ઘડીના સુખ કાજે, તું દુઃખી સંસાર કર.
નિદાન આવે એજ, શારીરિક થાશે વેદના,
તું અગર નાદાન થઈ, સ્પર્શનો અંગાર કર.
ભાવ કર આદેશ પૈદા, તું નિરંતર દિલ મહીં,
હાની કરે સંસ્કારને, તે જંતુનો સંહાર કર.
જીંદગી ને જીંદગી સમ, જીવવા ઉત્પન્ન થયો,
તો કાં પછી તું અન્યથા, પંથે જઇ વિહાર કર.
છે અગર કીંચિત ચિન્તા, સ્વંય સુધરવા કાજ તો,
છો ને, વિઘ્નો લાખ આવે, લેશ નવ દરકાર કર,
થા સંયમ "મુજરિમ" મર્યાદા, નથી તુજ પાપની,
આજ તહારા પાપની તું દિલથી અસ્તગફાર કર.

એ. જી. "મુજરિમ" (મિનજાન, બર્મા)

સેંટસે લગી કેદ નોંધાયેલ અને એરકોર્વના જેવાણ સાથેજ ફ્રાંઝાન અને અસ્તરાખાનને પણ ફતેહ કરી લેવામાં આવ્યા હતાં ૧૫૪૭માં એક જંગી આગે આ શહેરનાં વિશેષતઃ ભાગને બાળીને ભસ્મીભૂત કરી નાંખ્યું હતું, અને ૧૫૭૧ની સાલમાં એક તાતારી હુમલાખોરે મોસ્કો ઉપર હુમલો કરી ક્રેમલીનની કારેમોરેના તમામ નગરને બાળી નાખ્યું હતું. ઇતિહાસ સાક્ષી પૂરે છે કે આ નગરની વીસ લાખની વસ્તીમાંથી માત્ર ત્રીસ હજાર શખ્સોજ જીવતા બચ્યા હતા. ૧૫૯૧માં ક્રિમીયાને તાતારીઓએ એના ઉપર પૂનઃ આક્રમણ કરી આગ લગાડી દીધી હતી આ પ્રકારના અગણિત ધિક્કારોના અંતે પિટરે ૧૭૦૩ની સાલમા મોસ્કોને બદલે લેલિનગ્રેડને રશિયાની રાજધાની બનાવી હતી.

૧૮૧૨માં નેપોલિયનના આક્રમણે કયામત બરપા કરી દીધી, રશિયન સૈન્યે મોસ્કો ખાલી કરી દીધું અને તા ૧૪મી સપ્ટેમ્બર ૧૮૧૨ના દિને ફ્રેન્ચ લશ્કરે ક્રિમીયા ઉપર કબ્જો કરી લીધો. એ રાતે નગરવાસીઓની નિષ્કાળજીના કારણે મોસ્કોને આગ લાગી, અને તેના બજારો-દુકાનો બળીને ખાક થઇ ગયાં, બાકીના શહેરોને બન્ને ફ્રેન્ચોએ મળી લૂંટી લીધું. શહેરને બાળી મૂકવાના બનાવથી કિસાનો ફ્રેન્ચોની વિરુદ્ધ બંડ કરવાને માટે તૈયાર થઇ ગયાં, બાકી-બે બાકીની અછત, વેદાન નગરમાં શિયાળાની ઋતુની જરૂરિયાત અને ફ્રેંચોના તેમજ કિસાનોના કદમે કદમના હુમલાઓએ નેપોલિયનને લાચાર બનાવી દીધો અને તે ૧૯મી ઓક્ટોબર ૧૮૧૨ના રોજ મોસ્કો છોડી જવાને વિવશ બની ગયો. થોડાક વર્ષોની આ અસ્તવ્યસ્તતાના અંતે મોસ્કો ફરી વાર ઉભું થયું.

એના પશ્ચાત પણ મોસ્કોએ-પૂનઃ ક્રેટલીય ક્રાન્તિઓના અખતરા કર્યા. અંતિમ ક્રાન્તિ બોલ્શેવિક ક્રાન્તિ ૧૯૧૭થી ૧૯૨૦ સુધી રહ્યો. એ દરમ્યાન મોસ્કોની વીસ લાખની વસ્તી, ત્રણ વર્ષના ગાળામાં ઘટીને ફક્ત આઠ લાખ ઉપર આવી જવા પામી હતી. અંતે ધીમે ધીમે પરિસ્થિતિ સુધરતી ગઇ. ૧૯૨૩માં વિજળીની વ્યવસ્થા થઈ, ધીમે ધીમે કારખાના અને મીલો ઉભી થઇ અને વસ્તીમાં પણ ઉત્તરોત્તર વધારો થતો ગયો. વર્તમાન સામ્યવાદી-સરકારના સમયમાં મોસ્કોએ અદ્ભુત ઉન્નતિ કરી છે પરંતુ પરિસ્થિતિ દર્શાવે છે, કે આ પ્રગતિનો યુગ પણ હવે ખતમ થઇ ચૂક્યો છે.

સાદિક બુક ડેપો

રાંદેરના

ગુજરાતી તર્જુમાવાળા કુર્આન શરીફના પારાઓ, આઠસૂરા સંગ્રહ અને બીજા પુસ્તકો માટે પધારો.

ધી રાંદેર સ્ટોર્સ, કણપીઠ સૂરત

'ચલા જા'

હૈ લચ્ચનંત અરાસર તેરી ફિર્કદ્વન્દી,
તુ આપસકે ઝગડે મિટાતા ચલા જા.
જરૂરત નહીં ગર મુસલ્માં તો દુનિયા;
મશકકતકી રંગત દિખાતા ચલા જા.
નહીં કરે મુસ્લિમ ગાઇડા પેશહ;
બસે કુછ તો ગૈરત દિલોંમાં ચલા જા.

"ગાફિલ"

ખુ • દા • ને

૧

કદી સદ્‌ભાગ્યો જોયો છે કહીં તો પ્રાદર્ભાવ છે
તમારા વિશ્વના જોયાથી મારી આપ થાળી છે
નથી જોયા હવે હિસાબ હું તો તુજને વિનવું છું
જન્મા ઉધાર બાકી છે દયા પણ તારી બાકી છે.

૨

બધો વહેવાર મેં કીધો બધુ ઉધાર રાખીને
મને શ્રદ્ધા હતી તુજમા દિને ખુબ પ્યાર રાખીને
કરી તુ દુઃખથી મારો તમાશો ગાને નિખે છે।
મનાગી લે, હવે બસ કર જરા વિચાર રાખીને

૩

તે જન્માવ્યા, અમે જન્મ્યા બધા એમા કરી કોણે?
તુ દાતા છે અમે ગુરુમા મઝા એમા કરી કોણે?
નથી હક પૂજવાનો પણ રજા લઈ એટલુ પૂછુ।
જીવનમા ઝેર રેડીને સજા એમા કરી કોણે?

૪

નથી અન્ય રહી મુજમા બધી ગુમાઈ મેરો છું,
શરમથી બ્હાર શુ નીકળુ હવે શરમાઈ મેરો છું
બધો શુ વાક મારો છે? નથી બાકી બસર તુજને?
નહિ કઈ આરો દોમાથી હવે અકળાઈ મેરો છું.

૫

કરે હક, તોય છે બાળક અને એને ખિજાવે છે
છતા બાપાપને બ્હાના ને માગે તે અપાવે છે
જગતનો તાત તુ થઈને કરી શુ આમ તુ કરતો।
દયાસિધુ—દયાસાગર તુ રડતાને ખમાવે છે

૬

ભૂરી જા, થઈ ગયુ એ તો નવો અધ્યાય તુ કરને।
હુ નાનો છુ તુ મોટો છે દયા એટલાય તુ કરને।
કરી સૌ વાત 'શાહુ' મોળી તે તાગ નાના મોટેથી
રડે, પસ્તાય છે દિલમા હવે ઉતાર તુ કરને।

"શાહુ" [ચીખલી]



ફૂલદાન



યુપાન હૈયાં ઉકેલતી મુસ્લિમ સંસારની સામાજિક નવલકથા

લેખક:  "તુરાબ"

(ગતાંકથી ચાલુ)

"હું તો કયારની આવી ગીત સાંભળતી બેઠી છું."

"મને ખબર નહિ પડી ને?"

"તું તો ગાવામાં ગુલતાન હતી ને તું આટલું સુંદર ગાતી હતી કે મારું મનયે ગુપચુપ સાભળવાને લોભાઇ ગયું. તું આટલું સુંદર ને કરુણ ગાતી હતી કે જાણે શોકના વાદળ ચારેકોર છવાઇ ગયા હોય અને જાણે હમણાંજ મૂસળધાર વર્ષા પડવાના હોય. પણ તું રડી પડી નહિ એટલે વાદળ વર્ષાયે નહિ."

"તું મારાં સંગીતની મઝાક કરે છે?"

"હું તો તારાં સંગીતની તારીફ કરું છું"

"સાચું?"

"તારા કસમ!"

"હું મરી જાઉ તો તને શું?"

"મરે તારી બલા!"

"તો ખરેખર, તને મારું સંગીત ગમ્યું?

"તારા કસમ.....નહિ, મારા ગળાના કસમ."

ને બન્ને સખી ખડખડાટ હસી પડી

"રુબ્બી, તું આટલું સરસ ગાય છે એટલે તને વર યે કવિ મળવાનો." મહેરુએ ગીની મઝાક કરી

રઝિયાએ કવિતામાંજ જવાબ આપ્યો,

"ન કિસીકી આંખકા નૂર હું,
ન કિસીકે દિલકા કરાર હું,
જો કિસીકે કામ ન આ સકે,
મૈં વોહ એક મુશ્તે ગુબાર હું."

"કોઇની આંખ ને દિલ હજી સુધી તેં ચોર્યાં નથી એ હું માનનારી નથી, કોણ જાણે કોનાં નૂર અને કરાર જતા રહ્યા છે! તને રાધનાં ઓસવાતું નથી એટલે કોઇને કામ તું નહિ આવી શકે એ તારું માનવું ખોટું છે, આગે ચુંદવાનું જ શીખી લે તો "મુરતે ગુલાર" માથી તું એક ખાસી રેટની ટીપી નાખે" મહેરૂએ મઝાક ચાલુ રાખી

"પણ મારી જેમી ભોળાંની છટકેલ છોકરીને લેશે કોણ?" રઝિયાએ મોટી ચિંતા બતાવી.

"તેની તારે ફિકર કરવી નહિ તું એક વાર જામ બિઠાવ અને પછી જો કે માર્કની સપડાય છે કે નહિ"

"મહેરૂએ પાયરેસી આ જાલમાથી છટકવાને રઝિયાને ફરી કવિતાનો આસરો લેવો પડયો.

"મેં નહીં હું નગમોં જા ફિઝા,
મેરી સુનકે કોઇ કરેગા કયા?
મે બળે બિરોગકી હું સદા,
કિસી દિલ જલેકી પુકાર હું."

"આ ઠીક છે. કોઇનો વિયોગમા વિરહથી પીડાય છે એ સારી નિશાની છે, પણ કહે તો ખરી કે કોના દિલને આવી આગ લગાડી છે કે જેમાથી તારા નામની પુકારના ભડકા નીકળે છે!"

રઝિયાને શુરાતન ચડયું.

"મેરા રંગ રૂપ બિગળ ગયા,
મેરા યાર મુજસે બિછળ ગયા;
જો ચમન બિઝાંગે ઉજળ ગયા,
મેં ઉસીકી ફુરસે બહુારે હું"

"ચ! ચ! તેમાં એની કાળી ઠીકરી જેવી દેખાય એનાજ માટે આ લાલી ને પાવડરના લપેડાં મોઢા પર ચોડયા લાગે છે! વિરહેલાને વાગતાં નથી આવડતું? પાનખર બનીને જે બાગને ઉજ્જડ કરી મૂકયો છે તેને કરી વસંત થઇ ફૂલતો ફાલતો કરતા નથી આવડતુ?"

જવાબ આપ્યા વગર રઝિયાએ ગીત બંધતું પુનરાવર્તન કર્યું.

"ન તો મેં કિસીકા હબીબ હું,
ન તો મે કિસીકા રકીબ હું,
જો બિગળ ગાયા વોહુ નસીબ હું,
જો ઉજળ ગયા વો દયાર હું"

"બગડેલા નસીબને બનાવી લે તો યુગના યુગ પલટાઈ જશે પણ કોઇના દિલની રાણી બનીને રહે તો જ!"



"હજુ કેટલી વાર છે?" સમજમાં વાત નહિ આવતાં સુલતાને પ્રશ્ન કર્યો.

નર્સે મુસ્કરાઇને જવાબ આપ્યો,

"આપને પુત્ર થવાને!"

"ઓહ! Thank you."

ને નર્સ અંદર ચાલી ગઈ.

બેસી બેસીને સુલતાન કંટાળી ગયો ત્યારે તેને તેની માનો કાગળ યાદ આવ્યો અને તે કબાડીને ફરી ફરી વાંચવા લાગ્યો. કાગળ વાંચીને સુલતાન કોઇ વિચારમાં પડ્યો હતો. ત્યારે તેના કાને કોઇ બહુજ નાના બાળકનો રડવાનો અવાજ આવ્યો અને અવાજ આવતો હતો તે તરફ તેણે પોતાના કાન સરસરાવ્યા ત્યારે ઝરીનાની ઓરડી તરફથી અવાજ આવતો તેને જણાયો. વસ્તુસ્થિતિ પામી જઇને સુલતાન મૂછમાં હસ્યો.

સુલતાનનો હાથ ગજવામાં ગયો અને તે કાગળને મૂકી સિગરેટ સળગાવી સુલતાન આંટા મારવા લાગ્યો.

દરવાજો ઉઘાડી નર્સ બહાર નીકળી કે તેવોજ સુલતાન તે તરફ વળ્યો. નર્સે હાથ વતી બોલવાને ઇશારો કરીને કહ્યું.

"Now a few minutes. It's a boy."

"Thank you," શુભ સમાચાર આપવા માટે બીજા શબ્દોની બક્ષીસ કબાવ્યા કરતાં સુલતાને જવાબ વાળ્યો.

નર્સ પાછી અંદર ગઇ અને ફરી બહાર આવી તે દરમ્યાન અર્ધાએક કલાકનો સમય નીકળી ગયો, પણ નર્સ બહાર આવી ત્યારે સાથે નાનકડું પોટલું લેતી આવી અને તે સુલતાનના હાથમાં મૂકાને કહ્યું.

"Your son,"

અને જરા મસ્તાની સ્વભાવની હોવાથી નર્સે મીઠી મશ્કરી કરતાં ઉમેર્યું.

"and a connecting link!"

પરન્તુ પુત્રની ખુશાલી કરતાં સુલતાનને પત્નિની ચિન્તા વધારે હતી. એટલે ઝરીનાની તબીયત વિષે પૂછતાં સુલતાને કહ્યું.

"How is Zarina?" અને પછી કાંઇ અચકાઇને ખુલાસો કરતાં "I mean, how is my wife?"

"She is Fine." અને પછી સુલતાનના મનોભાવ કળી નહિ શકતાં નર્સે પ્રશ્ન કર્યો.

"Aren't you proud of your son? He is a healthy bundle of eight pounds"

"Sure, Sure." સુલતાને પણ તેટલોજ મુઝાઇને જવાબ આપ્યો.

નર્સ બાળક પાછું લઇ ગઇ. બીજા અર્ધાએક કલાકે સુલતાનને ઝરીનાના ઓરડામાં દાખલ કરવામા આવ્યો.

સુલતાને બાટલા પાસે જઇને ઝરીનાનો હાથ પકડ્યો.

અને ઝરીના ધીમું હસી.

[અપૂર્ણ]



(પાના ૨૨૪ નું ચાલુ)

ફરમાન માથે ચઢાવી લડાઈથી અળગા રહ્યા છે; ત્યારે તેમના છોકરાઓ લશ્કરમાં અમલદાર તરિકે જોડાયા છે. દાખલા તરીકે લાલા દુનિચંદના ચિરંજીવી, અને એવા તો બીજા અનેક પણ જાલમાંજ કેદમાંથી છુટેલા રાષ્ટ્રપતિ અબુલ કલામ આઝાદના દત્તકપુત્ર પણ પિતાને જેલમાં રહેલા ભાળીને વિમાન સર્વીસમાં જોડાઇ યુધ્ધમાં ભાગ લેવા ગયા છે. ગાંધીજીએ રજીસ્ટર કરાવેલો અંતરનો અવાજ હવે યુવાનોના દિલમાં પેસી ગયો હોઇ યુવાનો પોતાના વડિલોને જરાય ગણકારતા નથી ને મનમાં આવે તે પ્રમાણે વર્તે છે, અને તેમાય ખાસ લગ્નની બાબતમા તો જુવાનો કરતાંય જુવાનડીઓ વધુ આઝાદ થતી જાય છે! બાપે ગોઠવેલા લગ્નોને ફોક કરી પોતાને પસંદ પડતા વર સાથે સિનેમાના લગ્નની જેમ ઝટવારમાં પરણી જાય છે! ભલે ઘરડાંઓ એને 'વેતર વહ્યું' ગણતા હોય પણ ઘરડા ગાડાં વાળે એ કહેવતતો હવે બોદીજ કરી છે અને "જુવાનોજ મોટર હાંકે કે વિમાન વાળે" એ કહેવત ખરી થતી જાય છે!

●

કોઇ મોટા અમલદાર મરી જાય છે; ત્યારે નિશાળોમાં દિલગીરી દર્શાવવા ખાતર રજા પાડવામા આવે છે, તોય નિશાળીઆઓ તો ખુશાલીજ ઉજવતા દેખાય છે! તેમજ ગામમાં કોઇ મોટા અમલદારની પધરામણી થાય; ત્યારે ખુશાલીની રજા પડે છે, તેને પણ નિશાળીયાઓ ખુશાલીમાંજ ઉજવે છે. તેમ શેર બજારમાંય કોઇ મોટો લીડર જેલમાં જાય તો શેર બજાર બંધ રહે છે અને કોઇ મોટો લીડર જેલમાથી છુટે તોય શેરબજાર બંધ રહે છે! તો નિશાળીયાઓની જેમ શેર દલાલો પણ એ બંને પ્રસંગોએ ગમગીની ઉજવી બજાર બંધ કરે છે કે ખુશાલી ઉજવી બંધ કરે છે એજ સમજાતું નથી? બાકી બીજી ઘણી રીતે શેર દલાલો ને નિશાળીયાઓ મળતા આવે છે! છોકરાં એકી જાઉં, બેકી જાઉં, લાગ પડે તો નાસી જાઉં! એવાં કંઈ કંઈ બહાનાં કાઢી નિશાળમાથી છટકી જાય છે, તેમ શેર-સટોડીયાઓ પણ કંઈ કંઇ બહાના વહેતાં મૂકી શેર બજારને ઉંધું કે નીચુ કરી નાખે છે! જેમ નિશાળીયાઓના હૃદયનો ભેદ પંતુજીઓ પામી શકતા નથી, જેમ બૈરાના હૃદયનો ભેદ ભગવાન પણ પામી શકતા નથી; તેમ સટોડીયાના હૃદયનો ભેદ પણ કોઇ પામી શકતું નથી!

●

સાહિત્યનું બીજું બજાર ભલે નરમ પડયું હોય પણ મુશાયરાનુ બજાર પુનઃ તેજી પર આવતું જાય છે મુંબઇના સ્થાનિક મુશાયરાએ મુંબઇ પુરતું તેજીનુ વાતાવરણ જમાવ્યા પછી જેતપુરના લગભગ સ્થાનિક મુશાયરાએ કાઠિયાવાડમા પણ સાહિત્ય ઝલક દેખાડી છે. કાઠિઆવાડની મરૂ ભૂમિમા સાહિત્યનું જળસીંચન થતું આવ્યું છે. સંભળાય છે કે હવે ભાવનગર પણ તેજી પર આવવાનુ હોઇ 'ચમકાર' કયાંઇ મુશાયરા માટે મુંબઇ ગુજરાત તરફ જરા 'ચમકાર' કરી ગયા છે ભાવનગરની ધાનસભાથી નિરાશ થયેલાઓને રિઝવવામાં એક મુશાયરાની 'મેટફિલ' સફળ નિવડે તો ના નહિ પણ ખરા ખૂબી તો ત્યારેજ ગણે કે ગુજરાત; મુંબઇ ને કાઠિઆવાડના મારતેમિયા મુસ્લિમ ગઝલકારોની સાથે સાથે હિંદુ કવિઓનો પણ સહકાર સાધવામાં આવે! ભલે રાજકારિ ક્ષેત્રમા એ દુઓ જુદી જુદી દિશામાં દોડે, પણ સાહિત્ય જેવા નિર્મળક્ષેત્રમાં તો એ બધાય ઘોડાને રેસમાં ઉતારવા જોઇએ!

●

ચાર ચિરંજીવી પ્રકાશનો



કોન્ગ્રેસ નામની કવમવાદી જમા'તને એના નગ્ન સ્વરૂપમાં નાગી કરતું અને 'સ્વદેશી નાઝીવાદ' સ્થાપે ખુલ્લું 'તેલમતનામું' પુરવાર કરતું પહેલું અગ્નિ-પુસ્તક. એમાં મુલ્કના મુક્તિજંગમાં મુસલમાનોએ આપેલી કીમતવાન કુરબાનીઓનો અને દેશદ્રોહોએ કરેલી કારમી ખૂટલાઈઓનો કહીં પ્રથમ ઇતિહાસ સંધરવામાં આવ્યો છે.

અખબારોમાં અવલોકાય એ પહેલાંજ એની પહેલી આવૃત્તિ ખતમ થઇ ગઇ એજ બતાવે છે કે દેશમાં અને પરદેશમાં એણે ગજબનાક દિલચસ્પી પયદા કરી છે.

કીમત એક રૂપિયો [પોસ્ટેજ પાંચ આના]



મુસ્લિમ-લીગની સ્થાપનાથી માંડીને એની ૧૯૪૦ની તે મશહૂર લાહોરી બેઠક (જેમાં પાકિસ્તાનનો ઠરાવ મન્જૂર કરવામાં આવ્યો હતો) લગીના લીગ-જીવનનો સળંગ, આંકડા અને બાનમીઓથી ઓતપ્રોત ઇતિહાસ. એમાં ન માત્ર લીગની સ્થાપના પહેલાંની મસ્લિમ-હિન્દી સિયાસતના આછા પેરા ન્ગો, લીગની સ્થાપનાનું કારણ અને પ્રેરણા, લીગ-બેઠકોના સ્વાગતી અને સદારતી ભાષણો, ઠરાવો અને અગલ્લી કાર્યવાહીઓનો સંપૂર્ણ રિપોર્ટ આપવામાં આવ્યો છે. બલ્કે ૩૫ વર્ષના આ લીગી ચળવળના ગાળા દરમિયાન મુસ્લિમ-હિન્દ સામે આવી ઉભેલા કવમી અને સિયાસી સવાલોની બારીકીપૂર્વક છણાવટ પણ કરવામાં આવી છે.

કીમત બે રૂપિયા [પોસ્ટેજ આઠ આના]



આ કિતાબમા હિન્દના વિભાગીકરણની યોજનાનું કુરઆનની રવશનીમાં અવલોકન અને વિવેચન કરવામા આવ્યું છે. હિન્દની રાજકીય પરિસ્થિતિ કેવી છે અને એના બે ભાગ પાડવાની જરૂરત શા સારૂ છે એની એમાં મઝહબી અને સિયાસી નઝરે સુરેખ સમજૂતી આપવામા આવી છે. પાકિસ્તાન શું, કેમ અને શા માટેની એમાં સંપૂર્ણ સમજણ છે.

કીમત છ આના [પોસ્ટેજ છ પૈસા]



ઝિન્નાહ સાહિબે એડિટ કરેલી આ કિતાબમાં લીગના લાહોરી ઠરાવ પર જુદા જુદા હિન્દુ, મુસ્લિમ, અંગ્રેજ લેખકોના સંશોધન અને મનનપૂર્વક લખાએલ લેખો સંધરવામા આવ્યા છે. 'રાષ્ટ્રવાદ એ હિન્દુ-મુસ્લિમ સવાલનો ઉકેલ નથી; પાકિસ્તાનજ એક માત્ર વ્યવહારૂ ઉકેલ છે' એમ દરેક લેખકે દલીલ સિકકે સાબિત કરી બતાવ્યું છે. એની પ્રસ્તાવના ખુદ કાયદે આઝમે લખી છે.

કીમત આઠ આના [પોસ્ટેજ બે આના]

[કેટલાક લુભદ્દ ભાઇઓ અને બન્ધુઓએ માલી મદદ આપેલી હોવાથી આ ચારે કિતાબો પાનદ કીમતેજ આપવામાં આવે છે.]


ધી કોહિનૂર પ્રિન્ટિંગ પ્રેસ : ઇકબાલ રોડ : ભાંટવાં

Printed by: Maganlal Mangaldas Patel, at The 'Gangotri' Printing Press. *Kanpath, Khand Bazar,* Surat.

Published by: Azum Ahmed Esmail 'Vahshi' for Vahshi Sahitya Karyalaya

૩૩૪

કરબલાનો મકબરો.



જાન્યુઆરી ૧૯૪૨

દીપક પતંગ

જગતમાં અંધકાર વ્યાપ્યો હતો; જ્ઞેહાજ્ઞતનો, અભાનવતાનો.

સત્યનો દીપક પ્રકટાવી એક માનવે તે અંધકારને દૂર કરી પ્રકાશ પાથર્યો.

પ્રાણ પાથરીને, રક્ત સીંચીને, આત્મ નીચોવીને, તે દીપકનું રક્ષણ દીપક પેટાવનારે કર્યું.

જ્ઞાનવતાનો વિનાશ અને માનવતાનો વિકાસ તે દીપકે બતાવ્યો.

જગતને તે દીપકના અલૌકિક અજવાળામાં વિશ્વબંધુત્વનાં દર્શન થયાં. એ દીપકના પ્રકાશે જગતની કાયા પ્રગટ કરી.

વટેાગીયા અને ઝંઝવાને એ દીપકને બુઝવવાની કોશિશ કરી.

દીપક પેટાવનાર મહા માનવને પુષ્પ સાથે પતંગીયાં ઉછેરવાનો પણ શોખ હતો. નિર્જ ઉદ્યાનમાંનાં લીલા અને લાલ રંગનાં એ પતંગીયાં તેને બહુ પ્રિય હતાં. પ્રાણુની જેમ તેને હૃદય સરસાં ચાંપીને ઉછેરતો. એ પતંગીયાં તેનો પ્રાણ હતાં.

દીપક, વધુને વધુ પ્રકાશ વેરતો, અને કદરનાં અંતર અજવાળતો હતો; જેથી તાગમાગો ઝંખવાવા લાગ્યા.

એ દીપકના અનંત પ્રકાશને બુઝવવાના કાળના કારમા પ્રયત્નો પણ જેવા તેવા નહતા.

અને દીપક પેટાવનાર મહાન માનવ આ જગતને ત્યાગી ગયો; છતાં દીપકનો વધુને વધુ પ્રકાશ વેરતો જ રહ્યો.

વળી પુનઃ આકાશ ઘેરું બન્યું, આંધી આવી દીપક બુઝું, બુઝું થઈ રહ્યો. પેલા એ પતંગીયાએ દીપકની આડે પોતાની પાંખો ધરી બળી મૂવાં પણ આંધીથી દીપકને બુઝાવા ન દીધો!

પ્રાણનું બલિદાન આપી દીપકનું રક્ષણ કર્યું

આજે પણ એ ઈસ્લામનો દીપક પ્રજ્વળી રહ્યો છે. અને એ દીપકને પ્રકટાવનાર બાનીએ ઇસ્લામ આં હઝરત (સ.)ના પ્યારાં પતંગીયાં હઝરત ઇમામ હસન (રદી.) અને હઝરત ઇમામ હુસૈન (રદી.)ની બદૌલત આજ મસ્તકે મુસ્લિમો કહી રહ્યા છે કે :

"ઇસ્લામ ઝિન્દા હોતા હૈ હર કરબલાકે બાદ!"

"બેકાર"



ઈસ્લામી શિક્ષણ

અલ્લાહ તઆલાનું ફરમાન (કુર્આન)
મૌલાના અબ્દુર્રહીમ સાદિક સાહબ

(૧૭૦) શું લોકો એમ સમજે છે કે એટલું કહીને છુટી જઈશું કે અમે ઈમાન લાવ્યા અને તેમની અજમાયશ નહિ થાય ? (કુર્આન)

* * *

(૧૭૧) જે લોકો બુરા કામો કરી રહ્યા છે તેઓ શું એમ સમજે છે કે તેઓ અમારા કાબૂથી છટકી જશે ? તેઓ બુરી વાત તજવીજ કરે છે. (કુર્આન)

* * *

(૧૭૨) અમે મનુષ્યને પોતાના માબાપ સાથે ભલાઇથી વર્તવાનો હુકમ કર્યો છે, અને (તેની સાથે આ પણ કહી દીધું છે કે) જો તે બંને તારા ઉપર આ વાત વિષે પ્રયત્ન કરે કે તું એવી વસ્તુને મારો શરીક ઠેરવે જેની તને ખબર નથી તો તેમનું કહેવું માનીશ નહિ; મારાજ તરફ તમારે પાછા ફરવાનું છે. ફરી જે કંઈ તમે કરતા હતા તે હું તમને બતાવી આપીશ. (કુર્આન)

* * *


(૧૭૩) જે કોઈ અલ્લાહની મુલાકાતની આશા (માન્યતા) રાખે છે તો ખુદાપાકનો વાયદો આવી રહ્યો છે, અને તે સર્વ કંઇ સાંભળનાર, જાણનાર છે. (કુર્આન)

* * *

(૧૭૪) જે કોઇ મહેનત ઉઠાવે છે તો તે પોતાનાજ (ફાયદા) માટે ઉઠાવે છે (નહિ તો) ખુદાપાકને આખા જગતની કંઈ પરવા નથી. (કુર્આન)

* * *

(૧૭૫) કાફિરો મુસલમાનોને કહે છે કે તમે અમારી રાહ પર ચાલો અને અમે (કયામતમાં) તમારા ગુનાહોનો બોજો ઉપાડી લઇશું; પણ તેમના ગુનાહોમાંથી કંઇ પણ તેઓ ઉપાડનાર નથી; બેશક તેઓ જુઠાજ છે. (કુર્આન)



ઈસ્લામી શિક્ષણ

રસૂલુલ્લાહ સલ્લ૦નું ફરમાન (હદીસ)
મૌલાના અબ્દુર્રહીમ સાદિક સાહેબ

(૧૭૦) રસૂલુલ્લાહ સલ્લ૦એ ફરમાવ્યું કે બંદો કોઈ એવી વાત બોલે છે જેને લઇ તે દોઝખમાં પૂર્વ, પશ્ચિમના અંતર કરતાં પણ વધુ દૂરથી પડે છે. (મુસ્લિમ)


(૧૭૧) રસૂલુલ્લાહ સલ્લ૦એ ફરમાવ્યું કે કાફિર જ્યારે સારૂં કામ કરે છે તો તેને લીધે દુન્યામાં તેની રોજી વધારી થાય છે પણ ઈમાનદારની નેકીઓને ખુદાપાક તેની આખેરત માટે જમા રાખે છે. અને તેની બંદગી ઉપર તેને દુન્યામાં પણ રોજી આપે છે. (મુસ્લિમ)

(૧૭૨) રસૂલુલ્લાહ સલ્લ૦એ ફરમાવ્યું કે મ્હારી ઉમ્મતના દિલમાં જે ખ્યાલ ગુજરે છે તેની જ્યાં સુધી વાત નહિ કરે અથવા તે પર અમલ નહિ કરે ત્યાં સુધી અલ્લાહે તેની માફી કરી છે. (સહીહૈન)

(૧૭૩) રસૂલુલ્લાહ સલ્લ૦એ ફરમાવ્યું કે જ્યારે અલ્લાહએ શરાબને હરામ કરી છે તો જે કોઇને આ શરાબને હરામ કરનારી આયત પહોંચે અને તેની પાસે એમાંની કોઈ ચીજ હોય તો તેને પીએ નહિ અને વેચે નહિ. (મુસ્લિમ)

(૧૭૪) રસૂલુલ્લાહ સલ્લ૦એ ફરમાવ્યું કે અલ્લાહે મ્હારે માટે પૃથ્વીને સંકોચી જેથી મ્હેં તે પૃથ્વીનું પૂર્વ, પશ્ચિમ જોયું તો જ્યાં લગી મ્હારી નજર પહોંચી ત્યાં લગી મ્હારી ઉમ્મતની સલ્તનત પહોંચશે. (મુસ્લિમ)

(૧૭૫) રસૂલુલ્લાહ સલ્લ૦એ ફરમાવ્યું કે અલ્લાહ ગાળ આપવાને તથા ગાળનો જવાબ વધારો કરી આપવાને પસંદ કરતો નથી. (મુસ્લિમ)



આવાજકી દુનિયા કે દોસ્તો! એતો તમે જાણતાજ હશો કે કાગળની નાવથી સાગર ન તરાય! પરંતુ તલવાર કરતાંય અખબારનો પ્રભાવ વિશેષ પડે છે એ આ જમાનામાં સાબીત થયું હોઈ કાગળની નાવથીજ ભવ-સાગર તરાય છે એ માન્યા વગર છુટકો નથી. અને હવે તો એ વાત પણ સિધ્ધ થઇ છે કે કાગળનો સાગરમાંજ સંસારની નાવ ચાલે છે! કાગળ ન હોય તો સંસાર અટકી પડે! કાગળની રોજને રોજ વધતી જતી જરૂરીયાતે આ બંને વાતોને ગાઇ વગાડીને સાચી સાબીત કરી બતાવી છે. જેને ખાતરી ન થતી હોય તે કોઇ પણ પેપરની ઓફીસમાં જઇને ખાતરી કરી આવે. પહેલાં હીરાના વહેપારીઓને જે માન હતું તે માન હવે કાગળના વહેપારીઓ પ્રાપ્ત કરી શકયા છે. આ લડાઇના જમાનામાં બૉમ્બ કે ટેંક બનાવનારા કારખાનાં જેટલાંજ કાગળના કારખાનાં ઉપયોગી સાબિત થયાં છે. કાગળના એક એક પૃષ્ઠની કીમત લગભગ તાંબાના તેટલીજ સાઇઝના પતરા જેવી થવા જાય છે એવા યુગમાં પેપરોની કીમત વધી જાય એ વાસ્તવિકજ ગણાય. બધાંય પેપરોની કીંમત વધી ગઇ છે પણ 'કારવાં' તો માસિક રહ્યું. માસિકની કીંમત ૪ થી વધારી ૫ પર લઇ જતાં ગ્રાહકોને આકરૂંજ લાગે; જેથી અમે બીજી દ્રષ્ટિએ વિચાર કરી એક રૂપિયો લવાજમ વધારવાને બદલે એક ફારમ ઘટાડ્યું છે. અને આશા રાખીએ છીએ કે અમારા કદરદાન વાંચકો તેને નભાવી લેશે. દુનિયાની મહાન આફતોના મુકાબલામાં અમારી નાની મુશ્કેલીઓનું શું વર્ણન કરીએ? 'કારવાં' હવે તો હિંદની બહાર ભાગ્યેજ જઇ શકશે. કારણ કે જગતનું કોઇ પણ સ્થળ ભાગ્યેજ લડાઇના ભપ્પરમાં હોમાયા વગર રહ્યું હોય? બરમાંમાં પણ આગની ઝાળ લાગી છે; જેથી બરમા બાજુ પણ 'કારવાં' થોડીક મુદ્દત ન જઇ શકે એ જાણવા જોગ છે.

"યા રબ મે કિધર જાઉં ઇધર જાઉ ઉધર બંદ,
કાબેકા ભી દર બંદ કલીસાકા ભી દર બંદ!"

જ્યે કે લડાઇ હજુ હિંદના દરવાજામાં પેઠી નથી છતાં લડાઇનો ગભરાટ તો પેઠો છેજ

વહંશી સાહિત્ય કાર્યાલય

(પ્રકાશક:-"કારવાં" માસિક)

કૃષ્ણપીઠમાંથી ખાલી કરી

તા. ૧-૨-૧૯૪૨ થી

ટાવર રોડ, મોહન ટૉકીઝ પાસે, જશે.

"કારવાં"ના ગ્રાહકોને નવું સરનામું નોંધી લેવા વિનંતી છે.

અને તે એવો બૂરી રીતે ચૂંથો છે કે લોકોના હોશહવાસ ઠેકાણે નથી ને ભાગાભાગી કરી રહ્યા છે. કલકત્તાથી તો લોકો આંખો મીંચીને ભાગી રહ્યા છે. પણ એ જોખમ બગલમાં મારીને નાસતાસાએ જરાક થોભીને વિચાર કરે કે ભાગીને જશે કયાં? પણ જેમને ગળથૂથીમાંથીજ અહિંસાના વિચારો ઘોળીને પવાયા હોય અને જે જગતમાં 'ભાજીખાઉ!'ના નામે પ્રસિદ્ધ થયા હોય એવા ઈડીયનો ભાગે નહિ તો કરે પણ શું? ઓછામાં ઓછું સરકારે એવું કોઈ રક્ષાધન ગોઠવી કાઢી ભાગવાનો ઇરાદો રાખનારને તેનું ઇજ્જતકરાર દેવું જોઈએ કે જેથી તે ભાગી છુટવાની મનોદશાને ખંખેરી નાખે. અને ખરૂં પુછાવો તો વરસાદમાં ઓઢવાની છત્રી સિવાય બીજું કશુંજ હથિયાર સરકારે લોકો પાસે રહેવા દીધું નથી. પછી કઈ હીંમત પર તેઓ ટકી રહે? હથિયાર વગરના હિંદીઓની હાલત નિઃસહાય અબળા જેવી છે! પછી ભલે તેને લૂટારાઓ લૂટી જાય કે જોરજુલમથી વેરી બનાવી રાખે! કૅંગ્રેસ કાલાવાલા કરે છે કે હિંદને 'તલાક' આપો પણ ધણી તો હાએ કહેતો નથી ને નાએ કહેતો નથી! પણ બીજો સામે બારણેજ એનો હાથ પકડીને ઘરમાં ઘાલી દે એવી શંકા હોય ત્યાં તલાક પણ શી રીતે આપે? તો પછી આ કૉંગ્રેસના દુબળા કાકીઓ શા માટે ધમપછાડ કરતા હશે? વળી બીજા બાજુ બીજા સાહેબ હિંદના ધણીને ધમકાવતાં કહે છે કે ખબરદાર! એ કૉંગ્રેસના દુબળા કાકીઓની ધમાલથી ડઘાઈ જઈને હિંદને તલાક આપી તો જોવા જેવું થશે! કૉંગ્રેસ હિંદની મોટી પુત્રી છે તો લીગ નાની પુત્રી છે પણ તેથી એને પૂછ્યા વગર પરણાવી દેશો તો વિવાદની વરસી થઈ જશે! હિંદના લીડરો અંદરોઅંદર શાબ્દીક સાટમારી કરી રહ્યા છે; ત્યારે ચર્ચીલસાહેબનું તો પેટનું પાણીએ હાલતું નથી! તેઓ 'તો વૉશીંગ્ટનમાં બેઠાં બેઠાં' રૂઝવેલ્ટ-ચાચાના ઘરમાં પાઉરોટીને માખણ ખાઈ ડકાર મારતાં ચિરૂટના ધૂમાડામાં જેવા શબ્દો 'ટહેના મૂકે છે કે "ધીસ બાતમેં કુછ દમ નહિ!" અમણું અમે તે અમારૂં કોડીએ કે હિંદ તરફ દ્રષ્ટિપાત કરીએ! મારી હિંદી ચોરીયાઓને એ સલાહ છે કે "પત્ર તલે રેલો તો પારકા વાત પડતી મેલો." "તેલ જુવો તેલની ધાર જુવો" પછી "બોલે તેનાં બોર વેચાય."ની કહેવતને અનુસરો. વિલાયતી છાપાંઓ ગમે તેમ કહે, હિંદી લીડરો ગમે તેમ બોલે; પણ અમારે તો એ "બળતા ઘરના ઘંડા કૃષ્ણાર્પણ" કરતાં પહેલાં કંઈ વિચારવું જોઈએને! ઠીક છે ગાંધીજી પોતાની બકરી સહિત કૉંગ્રેસથી અલગ

લખનોવાળા

અસગરઅલીના અત્તરો

કે તેલાની શીશીઓમાં

અને

તાજ કું. લી૦ લાહોરનો

મશહુર

સુરમા મુકનીએ બસર

પોકેટના બે આના

શીશીના આઠ આના

ધી સ્ટાર સ્ટોર્સ : કણપીઠ, સુરત.

થયા છે. અલગ શાના થયા છે? અલગ ઠોરાનો પાઃ ભરતી રહ્યા છે; પણ તેથી કંઈ ગાંધીજીનું જાદુ કૉંગ્રેસ પર નહિ ચાલે એ કેમ મનાય? હા! અહિંસાની પોટલીને બારડોલીની કારોબારીએ ઉંચી મૂકી છે પણ એને ઉંચી ન મૂકી હતી ત્યારેય ગુજરાતી સામ્રાજ્યની વણથંભર કયાં ચાલતી અટકી ગઇ હતી? ઠીક છે! ગુજરાતેતા તડેારની રમતમાં વિચાર કરી જોઇશું! અત્યારે તો ભૂમધ્ય, આટલાટિક, અને તે કરતાંય પસિફિકના મોરચાઓ વધુ ગરમ થઇ રહ્યા છે તે તરફજ આપણું ધ્યાન ખેચાયું છે. હિંદી મહાસાગરમાં જો આગ ફેલાશે ત્યારે હિંદની વાત સંભારીશું! બાકી અત્યારે તો જવાહરને કે બીજાઓને બારી એજ સલાહ છે કેઃ—

"ઉંટોનાએ દરસ હે દેશના તે કયા?
આજે આજે દેખીએ હોતા હે કયા?"



ગમે તેમ પણ બારડોલીની કારોબારીએ દેશમાં જવાબદારી તો આખીજ દીધી -અને તે માટે હિંદી સરકારનોજ આભાર માનવો રહ્યોને? તેણે દેશના આગેવાનોને છોડ્યા પણ ન હોત, ને તે બારડોલીમાં ભેગા પણ થયા ન હોત, રેલ્વે, તાર, અને ટપાલને પણ એ બારડોલીના દસ દિવસના મેળામાં ઠીક તડાકો પડયો! અમને તો શક જાય છે કે રેલ્વે, તાર, ને ટપાલખાતાને ઉત્તેજન આપવાજ સરકાર આવી રીતે થોડા થોડા સમયને અંતરે આંદોલના પ્રયાસો કર્યા કરે છે પણ તે બાબતને આપણા લીડરો કયારે સમજતા થશે? મેટરીયનો તો બચ્ચે બચ્ચીપીપી માટેજ જન્મ્યા છે પણ દેશને માથે લઇને ફરનાર આ લીડરોએ પણ બારડોલીમાં ઠીક પોંક પાડીઓ ઉડાવ્યા!

"દેશકે ગમમે દિનર ખાને હે અવામ કે સાથ;
રંજ લીડર કો બહોત હે મગર આરામ કે સાથ!"

બારડોલીની કારોબારીમાં પુના ઓદર અને સંપૂર્ણ સ્વરાજના નામે ખૂબ દંડી પસોવાયું પણ તેમાં કોઇ માણસ નીકળ્યું કે નહિ તે તો લીડરો પણ જાણતા નહિ તો બીચારી જનતા શું જાણે? પણ જે કરાર થયો છે તે ઉપરથી અનુમાન છે કે રચનાત્મક, સત્યમૂર્તિજી, કે ખૂબા-ભાઇજી જેવા એ કરારની બાકીની ખોખીઓ ભરી ભરીને ગામેગામ ન વેચવા નીકળે તો નવાઇ નહિ! અને અજાયબ નહિ કે જો બ્રિટીશ સરકાર જરાક પોતા પાસ રાખીને બેસે તો એ બારડોલીનું પસોવાયું 'અમૃત મંથન' કરી પેલી દેવીઓમાં ભરાઓ! જરા અમૃત પણ બની જાય! ને ધારાસભાની ખુરશીઓની પૂજા થઇ પાછા ગાંધીજીઓ ધારાસભામાં મહાલતા થઇ જાય! અમને તો સમજાતું નથી કે અબાઉદ્દીનનું બનેલું કાનસ કૉંગ્રેસને જોવામાંથી જડી ગયું છે કે શું?



સમય ઢોલના મસમસ જેવો બારીક થતો જાય છે અને ઠેરઠેર હિંદ પર આપત્તિની

'સુલતાન' (ચાલુ ગર્જનાનો) ગ્રાહક આ અંકે અનિવાર્ય સંજોગોને લીધે આપી શકાયો નથી તે માટે દિલગીર છીએ.

તંત્રી



સુલતાનીઓ આવતીજ બતા છે. છાપાંઓ પણ હિંદીઓને-ઉદ્યોગકુશળ તો ઠીક પણ કંજુસી કરવાની વાતો સંભળાવી રહ્યાં છે? વાણીયા તો જાણે પેદાશથી કંજુસ હોઈ કંજુસી કરવાને અપનાવે, પણ માના પેટમાંથી ઉદાર જન્મેલા આપણા 'ગિયાં ભાઇઓનું શું? "અલ્લાહ દેવમા ને બંદા ખાવમા!" ની શ્રદ્ધા પર નભનારા એ ફકીરી જીવડાઓનું શું થશે? પુલાવ, બીરયાની ઉડાવનારાઓથી ચટની રોટી પર શુકગુજારી શી રીતે થશે? મિયાંભાઇ લાવે બૂબાથી મરે પણ જીવતા જીવત કદી મારવાડી તો નહિજ બને! અને આપણા લીડરો પણ એ બાબતમાં કશીય સલાહ આપતા નથીને? પણ આર્થિક બાજુને આપણા લીડરો સાથે શું લાગે વળગે છે? બસ ફરી ફરીને એકી જરી પુરાણી શાએરનેજ આપણે તો યાદગી રહેવાના કે:

"નેકોકા પાન ખાકે હમ સુર્ખરૂ ફિરેંગે;
ગિરની પડા હુઆ હૈ ઘર બાનતાં હમારા"

●

ગોમ. એમ. પીપરડીવાલા હાઇસ્કૂલ રાંદેરની ઓલ્ડ બોયઝ એસોસીએશનનું ૧૪ મું વાર્ષિક અધિવેશન મી આરેફ આઝમ ઇરમાઇલ બી. એ. (ઓનર્સ)ના પ્રમુખપદને ઉજવાયું હતું રમૂજનું વાર્ષિક ગેધરીંગ બાળકોના ઉત્સાહને લીધે સફળ થયું હતું અને પ્રેક્ષકોનો ઉત્સાહ વધુમાં વધુ હતો. પણ ઓલ્ડ બોયઝોની સંખ્યા ઘણી થોડી હોઇ સંસ્થાનો આત્મા ઝાંખો થતો દેખાયો જે સંસ્થાનાં બગીચાને પોતાના હાથોએજ ઉછેર્યો તેને પાણીને અભાવે સુકતો દેખતાં તેનાજ માળીઓની બેપરવાઇ દિલગીરી ઉપજાવે એવી ગણાય! જે વૃક્ષનાં મિષ્ટ ફળો આરોગી પોતે ઉચ્ચ પદવીને પ્રાપ્ત કરી શકયા, તે વૃક્ષનાં ફળ પોતાના ગરીબ વિદ્યાર્થી બંધુઓ આરોગે એથી રૂડું બીજું શું હોઇ શકે? ખુદ સભ્યોનીજ લાપરવાહીને લીધે સંસ્થા અડધા પાંચમ થઈ રહી છે. જોકે સંસ્થાના સંચાલકોએ દૂર ભાગતા સભ્યોને બેચીમાંથી પકડી પકડીને પાછા સંસ્થાના કાર્યમાં રસ લેતા કરવા માંડયા છે પણ તેથી શું? સંચાલકો કયાં સુધી દાંતીયા તોડે! સીડી પરથી ઉપલી અટારીએ ચઢવા તેજ સીડીને લાત મારીને પાડી નાખવા જેવી આતો બેદરકારી ગણાય! તેઓને ટુંકારો અને...એવી કડવી કિંવદંતિતો એ ભણીગણીને સુધરી ગએલા બિરાદરોને બેટ ન અપાય પણ "આકાશમાંથી પડયા બસ અટક્યા!" તો કહીજ શકાયને? ઓલ્ડ બોયઝ યાને ઘરડા છોકરાઓ આટલી કાને ચીમકારીજ પાંસરા થાય તો બસ છે નહિતર હું કંઇ ખુદાઈ ફોજદાર નથી કે તેમને પંસરા કરી શકું! છતાંયઃ

"આ કાને સાંભળીને કાઢયું પેલા કાનમાં!
ઓકારેનું ફરમાન આ ઓળ્યું તમારા ધ્યાનમાં!"


---

* અહીં ફરમાનનો અર્થ હુકમ નહિ પણ અપીલ કે વિનંતિ સમજવાની બેદરકારી સભ્યો દાખવે!

●

ધી રાંદેર સ્ટોર્સ

કાપડીઓ, માંથી આલી કરી તા. ૧-૨-૧૯૪૨થી ટાવર રોડ ગોલ્ડન ટૉકીઝ પાસે, જશે.



સવાલ–આ મસઅલા વિષે ઉલમાએ દીન શું ફરમાવે છે? (૧) જ્યારે હમારા મુસલમાન ભાઇઓ પર ઝાલિમ કાફિર પ્રબળ સિતમ ગુજારતી હોય ત્યારે ઝાલિમોના હુમલાઓનું સત્યાનાશ વાળવાને, તથા તેમના ઉપર ખુદા-પાકના ગઝબનો ગોળો તથા કેહરનો કાપ્યો ઉતારવાને તથા તેમના નાશને બરબાદ કરવાને, જે વખતની ફરજ નમાઝોની અંદર કિરાઅત જોરથી પઢવામાં આવે છે તેવી ફરજ નમાઝોની આખિરી રકાતમાં રૂકૂ બાદ ઉભા થઇ (કૌમહ)માં દુઆએ કુનૂત પઢવી જોઇએ યા નહીં? (૨) અને જો પઢે તો ઇમામ તથા ઇમામની સાથે નમાઝ પઢનારા લોકો હાથ છુટા રાખે યા બાંધેલા રાખે? (૩) અને જો ઇમામ દુઆએ કુનૂત પઢે તો કેટલી મુદત સુધી પઢે? એક મહીના સુધી, યા જ્યાં સુધી મુસીબતનો અંત ન આવે ત્યાં સુધી!

આ સવાલોના જવાબ સહીહ હદીસોથી જે સાબિત હોય તે બયાન કરો, ખુદાપાક તમને અજ્જરે અઝીમ ઇનાયત ફરમાવે આમીન.

જવાબ–જાણો કે ઉપર પુછવામાં આવેલા કાફિરો તથા ઝાલિમો ઉપર ખુદાપાકનો ગુસ્સો થાય તથા તેમની બરબાદી કરવા માટે અને મુસલમાનોની મદદ તથા ફતેહમંદી મેળવવા માટે દુઆ કરવી તેને દુઆએ કુનૂત કહે છે. (૨) જે નમાઝોની અંદર કિરાઅત જોરથી પઢવામાં આવે છે તેવી નમાઝોની ફરઝની છેલ્લી રકાતમાં રૂકુઅ પછી ઉભા થઈ (કૌમહ) માં હાથ બાંધીને હનફી મઝહબ મુજબ દુઆએ કુનૂત જોરથી પઢે; જેવી રીતે અલ્લામા મુફતી મૌલ્વી મોહમ્મદ કિફાયતુલ્લાહ સાહેબ પોતાના રિસાલામાં જાહેર રીતે બયાન કરી ચુકયા છે (૩) આ દુઆએ કુનૂત પઢવાને માટે એક મહીનાની અથવા તેથી વધારે ઓછી મુદતની ખાસ કૈદ નથી. બલ્કે જ્યાં સુધી મુસલમાનો સંકટ તથા મુસીબતના વાદળોથી ઘેરાયલા રહે ત્યાં સુધી પઢયા કરે, બંધ રાખે નહીં.

અબૂ દાઉદની છઠ્ઠી પહેલી, પૃષ્ઠ ૨૦૫ ઉપર એક હદીસ શરીફની રિવાયત અબૂ હુરૈરા (રદી૦)થી છે કે, આં હઝરત સલ્લ૦એ એક મહીના સુધી ઇશાની નમાઝમાં કુનૂત પઢી છે. એક મહીના પછી જ્યારે આપે કુનૂત પઢવી બંધ રાખી ત્યારે અબૂ હુરૈરા (રદી૦)એ હઝરત (સલ્લ૦)ને પૂછયું કે આપે દુઆએ કુનૂત પઢવી કેમ બંધ રાખી? આપે ફરમાવ્યું કે તમે જાણતા નથી કે તેઓ આવી ગયા એટલે વલીદ, સલમા, વિગેરે મક્કામાંથી કાફિરોથી છુટા થઇ-મદીનામાં આવી ગયા, તેથી દુઆએ કુનૂત

બંધ રાખી, અને આજ હદીસના હાશિયા પર પુરેપુરા ખુલાસા સાથે જણાવ્યું છે; કે દુઆ સફાળા (રદીઅ)ના છુટકારા માટે હતી; જ્યારે કાફિરોના હાથથી તેમનો છુટકારો થઇ ગયો અને તેઓ ગઝ્વા શરીફમાં આવી ગયા, ત્યારે હવે દુઆઓએ કુનૂત પઢવાની જરૂર નથી, કારણ કે ફક્ત તેમના છુટકારા માટેજ પઢવામાં આવતી હતી.

આથી સાબિત થયું કે જ્યાં સુધી આપણા મુસલમાન ભાઇઓ પર કંઇ મુસીબત હોય ત્યાં સુધી સંભાળપૂર્વક સારી રીતે ત્રણ વખતની નમાઝ જેમાં કિરાઅત જોરથી પઢવામાં આવે છે તેની નમાઝમાં સાથે લખેલી દુઆએ કુનૂત હરહંમેશ પઢવી જરૂરી રાખે આ હદીસથી એક મહીનાની કૈદ સાબિત થાય છે.

આવી રીતે બુખારીની શરહમાં (પુરેપુરો બુખારો) નામે 'કસતલ્લાની'ની જીલ્દ પાંચમી; પૃષ્ઠ ૫૧ ની બુખારી શરીફની હદીસમાં દુઆએ કુનૂત ૪૦ ચાળીસ દિવસ સુધી પઢવાનું બયાન પણ છે. તો આથી સાફ સમજાય છે કે દુઆએ કુનૂત પઢવા માટે ખાસ એક મહીનાની કૈદ લગાડવી ભૂલ ભરેલી વાત છે. માટે જ્યાં સુધી મુસલમાનો મુસીબત તથા કિલ્લામાં ફંસાએલા હોય, ત્યા સુધી તેમની મદદ તથા જીતવાની દુઆ હરહંમેશને માટે જરૂરી રાખવી.

તે કુનૂતે નાઝેલહુ આ છેઃ-અલ્લાહુમ્મહદેની ફી મન હદૈત વ આફેની ફી મન આફૈત વ તવલ્લની ફી મન તવલ્લૈત વ બારિકલી ફીમા અતૈત વકેની શર્રમા કઝૈત ઇન્નક તકઝી વ લા યુકઝા અલૈક વ-ઇન્નહુ લા-યઝિલ્લો મન વાલૈત વલા યઅઝ્ઝો મન આદૈત તબારકત રબ્બના વતઆલૈત નસતગ ફેરોક વ નતુબો ઇલૈક વ સલ્લલ્લાહો અલન્નબીયીલ ઉમ્મી.

અલ્લાહુમ્મગ ફિર લના વ લિલ મોમીનીના વલ મોમેનાત વલ મુસ્લેમીના વલ મુસ્લેમાત વ અલિફ બૈના ફોલુબેહીમ વ અસલેહ ઝાત બૈનેહીમ વનસોર હુમ અલા અદૂવેક વ અદૂવેહીમ, અલ્લાહુમ્મલ અનિલ કફરતલ્લઝીના યસુદ્દુના અન સબીલેક વયોકઝ્ઝેબુન, રોસોલક વ યોકાતેલૂના ઓંયેયાઅક, અલ્લાહુમ્મા ખાલિફ બૈના કલુબેહીમ વ ઝલ્લઝિલ અકદામહુમ વ અનઝિલ બેહિમ બઅ-સ-કલ્લઝી ના તરદ્દોહ અનિલ કૌગિલ મુજરેમીન.

દુઆએ કુનૂતનો અર્થઃ-અય અલ્લાહ! હિદાયતનો જે રસ્તો તેઓએ મેળવ્યો તે મને બતાવ; અને તેઓની અંદર સલામતી અર્પણ કર જેઓને તે સલામતી આપી; અને તેઓમા મને દોસ્ત રાખ જેઓને તેં દોસ્તો માન્યા; તથા મને તેમાં બરકત દે જે ચીજ મને તેં આપી છે; મને બચાવી લે તે બુરાઇથી જેને માટે તેં હુકમ ફરમાવ્યો છે. બેશક તું હુકમ ફરમાવે છે, પણ તારી ઉપર હુકમ કરવામાં આવતો નથી. જેને તું દોસ્ત રાખે છે તે બેઇઝઝત થતો નથી, અને જેને તું દુશ્મન ગણે છે તેને કદી ઇઝઝત મળતી નથી.

ઓ અમારા રબ! તું બરકતોથી ભરપૂર છે, અને તારો દરજ્જો સર્વોત્તમ તથા સર્વોપરિ છે. અમે તારી પાસે બક્ષીશ ચાહીએ છીએ અને તારી આગળ ઇજ્જુઅ બજાવીએ છીએ.

અલ્લાહની રહમત નબીયે કરીમ પર થાઓ. અય અલ્લાહ! મોમીનો તથા ઈમાનવાળા મર્દોને તથા ઈમાનવાળી ઔરતોને તથા સર્વે તાબેદાર મર્દો તથા ઔરતોને બક્ષી દે તથા તેમના દિલોમાં મહબ્બત પૈદા કર અને તેઓમાં આપસપરસ માંહોમાંહે સુલેહ કરી દે અને

તેઓને તારા તથા તેમના દુશ્મનો વિરૂદ્ધ મદદ કર!


અય અલ્લાહ! લયઅનત ઉતાર કાફિરો પર, જેઓ તારા માર્ગથી રોકે છે અને તારા પૈગમ્બરોને જુઠ્ઠા સમજે છે, તથા તારા દોસ્તો સાથે લડે છે.

અય અલ્લાહ! તેઓની જમાઅતમાં ભંગાણ પાડ, અને તેઓના કદમોને ડગમગાવી દે, અને તેઓ પર મુસીબત ઉતાર, જેઓ ગુનેહગારોની કોમથી બદલાઇ જતા નથી.

લી૰ કાઝી રહમતુલ્લાહ
મુહતમિમ મદ્રસહ અશરફીયહ, રાદેર.

મૌલાના કાઝી રહમતુલ્લાહ સાહબ રાંદેરીએ ઉપરોક્ત જવાબ જે વિગતવાર મતભેદ કિતાબોથી લખ્યો છે તે ખરો અને સહીહ છે. બેશક, જ્યારે મુસલમાનો મુસીબત અને આફતમાં સપડાય તે વેળા જેહરી નમાઝોમાં રૂકુઅ બાદ દુઆએ કુનૂત ઇમામ પઢે, અને બધા મુક્તદીઓ ધીમે ધીમે આમીન કહે બસ એવા મૌકા પર પાંચ વખતની નમાઝોમાં પણ દુઆએ કુનૂત પઢવી હદીસ શરીફથી સાબિત છે. અને ઇમામ જ્યારે દુઆએ કુનૂત પઢે તે વેળા બંને હાથ બાંધે કે લટકાવી રાખે અથવા દુઆના જેમ હાથ ઉઠાવે એ ત્રણે રીતો સાબિત છે, પણ હનફી મઝહબના કાયદા પ્રમાણે હાથ બાંધવા બેહતર છે. જે કારણસર દુઆએ કુનૂત પઢવામાં આવે તે કારણ દૂર ન થાય ત્યાં સુધી મસ્જિદોના ઇમામોએ દુઆએ કુનૂત પઢવી ચાલુ રાખવી જોઇએ. એવું મુજબ હદીસોથી સિદ્ધ થાય છે, જેમકે જવાબમાં વર્ણવવામાં આવ્યું છે. (અબુદ્દ મઆદ ભાગ ૧, પાનું ૭૦)

લી૰ અબુમહમદ અશરફ રાંદેરી





આજની ચોક હાંકવા ચાણખી ઉઘાડું છું તે પહેલાં સર સૈયદ અહમદની એક વાત તરફ મારું ધ્યાન ખેંચાય છે. સર સૈયદ પાસે એક બંગાળી મુસલમાન ગયો અને ફરિયાદ કરવા લાગ્યો કેઃ "હું બંગાળી માણસ છું. આપ મને કોઈ એવો નુસ્ખો બતાવશો કે જેથી મારી તંગદસ્તી મટી જાય?" ત્યારે સર સૈયદ સામે તેને પૂછ્યું કેઃ "તમારી હાલત કેવી છે તે તો તમે જણાવ્યું પણ તમારી ઇલ્મી લિયાકત કેટલી છે તે તો જણાવો?" તો પેલાએ કહ્યું કે, "જનાબ હું અરબી, ફારસી વગેરે જાણું છું અને ઉર્દૂ પર તો સંપૂર્ણ કાબુ ધરાવું છું." સૈયદ અહમદે તેને કહ્યું: "જુઓ, હારે સાહેબ તમે એક કામ કરો. એક અખબાર સદર ચાલુ કરો અને તેમાં આમ મને ગાળો ભાંડ્યા કરો. આજકાલ મને ગાળો દઈ દઈને ઘણા મુસ્લિમ પત્રકારો કમાણી કરી રહ્યા છે, તેમ તમને પણ લાભ થશે." તો પેલો આશ્ચર્યથી બોલ્યોઃ "પણ જનાબ આપની બુઝુર્ગી...આપની દાઢીની..." તેને અટકાવીને સરે કહ્યું: "એ કશાની ચિંતા ન કરો ભાઈ મારા, મને ગાળો આપવાથી મારું તો કંઈ બગડવાનું નથી. જે પ્રજાજન કે જોઈઝરની મને માગી છે તે તો જગજાહેર છે; પછી જો મને ગાળો ભાંડવાથી મારા એક મુસ્લિમ બંધુનું ચોટીયું નીકળતું હોય, તેના ગુજરાનનું સાધન હું બની શકતો હોઉં, તો ભાગ જેવો બીજો કોઈ ભાગ્યશાળી નથી."

તે મુસ્લિમે પછી પેપર કાઢ્યું અને સર સૈયદને ગાળો ભાંડીને માલામાલ થયો કે નહિ તે તો જાણવામાં આવ્યું નથી; પણ આ કીમતી નુસ્ખો ઘણા પત્રકારોને હાથ લાગી ગયો હોઈ ગાળો ભાંડીને પેટ ભરી રહ્યા છે! મને અમારા મિત્ર ભાઈ બેકારની એક પંક્તિ અત્રે યાદ આવી જાય છે તે ટાંકું છું કેઃ

"ધન્ય છે જન પોતાની બીજાના સુખને માટે,
સબક સ્વબોલનો શીખો 'તને બેકાર' ચટણી."

❁

જુની ચોટીના એક કુરતમાં ખાખી રહી ગયેલા સાક્ષર શ્રી. મોહનલાલ પાર્વતીશંકર દવેએ સાહિત્યમાં વાસ્તવાદ પર એક દુંકું પણ મુદ્દાસરનું પ્રવચન આપ્યું હતું. તેમાં ગઇ ચોટીની અને ચાલુ ચોટીની કવિતાઓની કેટલીક વાસ્તવીક સમાલોચના કરી છે. જેમાંથી થોડાક ઉપયોગી ફકરા અત્રે ટાંકું છું.

"આજે પણ નરસિંહના પ્રભાતીયાં, મીરાંના ભજનો, પ્રેમાનંદનાં કાવ્યો, શામળના



છપાઓ કે દયારામની ગરબીઓ ગુજરાતીઓ હોંસે હોંસે ગાય છે. એ કાવ્યસાહિત્ય હજી પણ અમર છે અને રહેશે. જ્યારે ઉમાશંકર અને સુન્દરમ્‌થી માંડી અનેક અર્વાચીન કવિઓનાં કાવ્યતત્વથી ભરપુર અને ભાવભીનાં કાવ્યો સમજવામાં અને કંઠસ્થ થવામાં ઘણી મુશ્કેલી નડે છે. અને પૃથ્વી છંદમાં લખાતા કાવ્યોમાંથી તો રસાનંદ લેતાં પણ મુશ્કેલી નડે છે." કારણમાં દવે સહેજ જણાવે છે કે પ્રાચીન કાવ્યોમાં ગેયત્વ પ્રધાન લક્ષણ હતું, જેને લીધે કાવ્યો ગાઈ શકાતાં ને કંઠસ્થ થઇ જતાં.

વાત ખરી છે. આજનાં કાવ્યો ગાવા માટે નહિ પણ મોટા ભાગે માસિકોમાં છપાઈ ફક્ત વાચવા માટેજ થોડાય છે. પછી કોઇ તેમાં રસ લે કે ન લે! સમજે કે ન સમજે! જેમ અઘરૂં અને અસ્પષ્ટ તે સારૂં કાવ્ય સમજવું એમ ઘણાની માન્યતા બંધાઇ ગઇ છે.

"સાવરણી કે ગોટલા જેવી વસ્તુ પર સંવેદનશીલ બની કવિ ભલે કાવ્ય સરજે, પણ કવિય એક ભાવનાશીલ પ્રાણી છે એના કાવ્યોમાં આદર્શ અને ઉંચી ભાવના નહિ હોય તો વાસ્તવિકતાને નામે રચાયલાં એ કાવ્યો ચિરંજીવ નહિજ બને."

ચિરંજીવ બને કે ન બને પણ આજના કવિઓને મન કોયલ કરતાં કાગડાની કીમત વધુ છે! હંસ-હંસીની જોડલી પર કવિતા રચવાને બદલે ખોડકો ને ખોલકી પર કવિતા રચવા વધુ લલચાશે! ચંદ્રા, ચકોરી, કુમુદીની, કમલીની, ઉષા, વસંત, સંધ્યા, ઉદ્યાન, વાટિકા, નલધનુ, તારિકા, નુપુર, ઇત્યાદિ પર કવિતા લખવાના દિવસો વહી ગયા છે. હવે તો ઉકરડો, ભુંડણ, બિલાડો, ખચ્ચર, અંધારી રાત્રી, ચોર, લૂટારા, પૂજારણ, ભિખારણ, વરોળાયો, પાનખર, જ્વાળામૂખિ, ધરતીકંપ, મોટર, સાયકલ, એકસીડંટ, ચંપલ, ધાધરો, સાડી, બૉબ્બેર, લીપસ્ટીક ઇત્યાદિ વિષયો પર કવિઓની વાસ્તવદર્શી ફાઉન્ટનપેનો ચાલી રહી છે! ઠીક છે, કવિઓ આભ પરથી ધરતી ઉપર તો ઉતર્યા છે! ભોંય ભેગા થયા નથી એટલું આપણા સાહિત્યનું સૌભાગ્ય મણાય!

●

'ન્યોર્ટ' કહે છે કે: "આજના સાહિત્ય ક્ષેત્રમાં સંગ કરીયાઓની જેવી બહુલતા છે તેવી બહુલતા સારા શિલ્પીઓની નથી." જે જમાનામાં ધડાધડ બૉમ્બમારાથી સ્યાલકોટના સુંદરમાં સુંદર નમુનાઓ પણ વગર વિચારે જમીનદોસ્ત કરવામાં આવતા હોય તે જમાનામાં શિલ્પીઓના નાજુક કોતરકામ કરતાં કડિયાઓનું સીધું સાદું ચણતરજ સારૂં ગણાય કે તે દીવાલો પડીને કોટડાં ખાડી રહી જાય તોય ઝઝો પસ્તાવો ન થાય.

વળી વા. મો. શાહ કહી ગયા છે કે: "જે વાંચવાથી માણસના જ્ઞાનભંડોળમાં, શુદ્ધ આનંદમાં, કે જીવનને ઉચ્ચતર બનાવવામાં સારી અસર ન થાય તેવાં પુસ્તકો ગમે તેવા સુંદર ભાષામાં લખાયા હોય તો પણ પ્રજાને તે વાંચવા પાછળ સમયનો ભોગ આપવાની સલાહ આપી શકાય નહિ" એ તો ખરૂં પણ પુસ્તક જે પુરૂં વાચ્યા વિના રહી રીતે જણાય કે એમાં જ્ઞાનભંડોળ છે કે નહિ! શુદ્ધ આનંદ આપશે કે નહિ? અને જીવનને ઉચ્ચ બનાવશે કે નહિ!

ગુજરાતીનો સૈનિક કહે છે કે: "જાહેર પ્રજાએ સારાં પુસ્તકો પર કમીશન લેવાનું બંધ

કરવું જોઇએ." પણ પછી પ્રેક્ષકોનો તો નહીંવત પુરસ્કાર ઉપર પણ કમીશન આપવું બંધ કરી તેને સામું ઠેરવી દેશે તો?"


પાછા વા. ભો શાહ કહી ગયા છે કે: દરેક પ્રમાણિક પત્રકાર ઓછું તો અવશ્ય કરી શકે કે જે વિષયનો પોતાને અભ્યાસ ન હોય તે વિષયના ગ્રંથ પર અભિપ્રેત લખવાનો ધમંડ તો કરે નહિ." ત્યારે તે પત્રકાર શાનો? જે સર્વગુણ સંપન્ન હોય તેજ આ મુકામમાં પત્રકાર બની શકે છે! આજનો પત્રકાર તત્વજ્ઞાનનાં પુસ્તક ઉપર પણ વિદ્વત્તા પ્રગટ કરી શકે છે અને જ્યોતીષ વિદ્યાને ઉપર પણ! સ્યાપત્યકળા કે ઇજનેરી-પુસ્તક ઉપર પણ અભિપ્રાય આપી શકે છે અને આંકરકટક ચોપડી કે રેસ જજરની આગાહીના રિપોર્ટ ઉપર પણ અભિપ્રાય આપી શકે છે! કવિતાની ચોપડી હોય કે નવા ગ્રહની શોધ હોય ગમે તે ઉપર તે લેખક લખી શકે છે! શું સમજ્યા બેડા છે લોકો આજના પત્રકારોના? તેઓ પોતાના છાપાની ઓછીસતા બાદશાહ છે બાદશાહ!

●

"હું પણ શાયરિ છું. મારા પેટથી તો શાયરિ તરિકે પાકયો નથી; પણ જોરજુલમથી થઇ ગયો છું. એક વાર લોકોમાં હું બહુ સારો માણસ મનાતો; મારી ઉચ્ચ ભાવનાઓ, મારી ઉંચી હમદર્દી, મારો દેશ પ્રેમ, મારી નિર્દોષ સાહિત્ય સેવા, એ બધું કવિતાઓ મારુંને વાંચી કે સાભળીને વાચકો કે શ્રોતાઓ છક્ક થઇ જતા; દેશમાં મારા જેવા બીજા અનેક શાયરિ હતા. ઘણા મારાથી સારા હતા, બોડાક નબળા પણ હતા. સારાઓનું અનુકરણ કરવા, ને નબળાઓનો હાથ પકડી તેમને ઉંચે લાવવા મારું મન લલચાતું. પણ કોણ જાણે મોટી સભાઓમાં લોકોએ તાળીઓ પાડી પાડીને મને બહેકાવી દીધો. મને એક પ્રકારનો નશો ચઢયો. મારામાં શાનવૃત્તિ જન્મી.

બીજા કોઇની સારી કવિતા સાંભળતાં મને પેટમાં ચૂંક ચોરવા લાગતી. સારાઓને હું ધિક્કારવા અને નબળાઓને હસી કાઢવા લાગ્યો. અને જોતજોતામાં મારું મગજ એવરેસ્ટના શિખર ઉપર ચઢી ગયું. મેં પર ભાષામાથી સારી સારી કવિતાઓની ચોરી કરીને સ્વભાષાને શણગારી, પણ બીજાઓ ચોરીનાં હાલાં સીકે ચઢાવે; તેને પત્થર મારીને ફોડવાનોજ હું પ્રયત્ન કરતો. વસ્ત્ર હરણમાં મારી હથોટી અજબ હતી. ગમે તેની કવિતાને મારી મચડીને ઘડીવારમાં હું મારી બનાવી દેતો. ઉર્દુનાં કંઇ ઇત્તર-કુરતાં મેં ઉતારીને સાડી ઘાઘરામાં પહેરાવી દીધાં! હિંદીની કંઇક સાડીઓ મેં ઉતારી લઇને ગુજરાતણોને પહેરાવી દીધી છે. ઓ બધું છતાંય ગુર્જરગિરા મને ધિક્કાર આપતી રહી કે તેં મારા માટે નહિ પણ તારી નામના માટે એ બધું કર્યું છે! મારું હૃદય પણ મને એમજ ઠપકો આપતું કે તું આવી રીતે સાહિત્યનો ચોર બને તેના કરતાં વાસ્તવિક ચોર બની લોકોમાં પકડે તો તારી આર્થિક દાનત પલટે અને તારી કડકાઇ પણ દૂર થાય! વળી એવામાં એક મોકાનાનો ભોગ થયો. અત્યાર સુધી હું જોતો હતો કે "જહન્નમ બાલિમોથી" સળગશે" પણ તેમના કહેવા ઉપરથી જાણ્યું કે "જહન્નમ શાયરોથી સળગશે." બસ તે દિવસથી કવિતા કરવી પડતી મૂકી તરબુચની ફેરી કરવાનો ધરિદો કર્યો છે.

—એક શાયરનો દિલી એકરાર.



ડૉ૦ મસિમ મુબશહીમ મોતાલા

વરાડી છે સુરતના આ યુવાને ચાર વર્ષની એલ સી પી એસ ની પરીક્ષા પાસ કરી ડિપ્લોમા મેળવ્યો છે તેઓ હવેની એમ એમ પી ના એક ઑડ બૉય પણ છે

સાભાર સ્વિકાર

પાકિસ્તાન (માસિક)–વર્ષ ૧ લું અંક ૧ લો તંત્રી ગુલામઅલી ગુલામહુસેન મીઠી ૬-૬૦૧ ડોગરી સ્ટ્રીટ મુબઇ ન ૯ પાકીસ્તાનના ચાહકોએ અપનાવવા જોગ છે ખાણોની નવિનતા પ્રાપ્ત કરે છે

કેલેન્ડરો દરના ગકટર એન એ કાજી ટાવર રોડ ઉમલાણા પાડી સુરત તરફથી ના નિઝામ સરકારની તસ્વીરવાળુ ખુબ સુરત સને ૧૯૪૨નુ મળ્યુ છે તે આભાર સાથે સ્વીકારીએ છીએ

(૨) વર્ષા કારવા છપાય છે તે ગણેત્રી પ્રિન્ટિંગ પ્રેસ ખાડીયાર સુરત તરફથી સને ૧૯૪૨ નું ત્રિરંગી તીથી સાથનુ બાર માસના બાર પાનાનુ સુંદર અને સફાઇદાર છપાઇનું કેલેન્ડર મળ્યુ છે તેનો આભાર સહિત સ્વીકાર કરીએ છીએ

(૩) 'દેશબંધુ' પ્રેસ કેળાપીઠ સુરત તરફથી સને ૧૯૪૨ નુ, ત્રિરંગી અને ઇસ્લામી તારીખો સાથનુ બાર મહિના બાર પાનાનુ સુંદર કેલેન્ડર મળ્યુ છે તે આભાર સહિત સ્વીકારીએ છીએ

અસ્માઉલ હુસ્ના

સંપાદક

ચિકાઈ-સાબેરી

"યા મતીનો" (સંખ્યા ૫૦૦) (૧) એને દરરોજ ૫૦૦ વખત પઢનારની દરેક હાજત ખુદાપાક પૂરી કરે છે. (૨) એને હમેશા કસરતથી પઢનાર કોઇનો, મોહતાજ થતો નથી (૩) એને હમેશા કસરતથી પઢનારની ઇજ્જતમા વધારો થાય છે. (૪) એને હમેશા કસરતથી પઢનાર દરેક આફત, બલા અને મુશ્કિલથી બચેલો રહેશે (૫) દરેક મુશ્કિલ આસાન થવા એને કસરતથી પઢવાથી ઇ અ બહુ જલ્દી મુશ્કિલ આસાન થઇ જશે (૬) કોઇ બચ્ચાનુ દુધ છોડાવી દીધું હોય અથવા દુધ કમતી થવાથી બચ્ચુ સબ્ર ન કરી શકતુ હોય ત્યારે એને ૫૦૦ વખત પઢી પાણી ઉપર અથવા દુધ ઉપર દમ કરી બચ્ચાને તેમજ તેની માને પીવડાવુ અને કઇક છાતી ઉપર લગાડવુ ઈ અ બચ્ચુ સબ્ર કરશે અને માના દુધમા વધારો થશે એવી રીતે ૧૧ દીવસ કરવુ (૭) અગર દુન્યવી માન, કોઇ કામ પૂર્ણ થવા, મુશ્કિલ આસાન થવા અથવા કોઇ ઓપ્યેા મેળવવા ઇચ્છતો હોય તો ઇતવાર (રવીવાર)ના પહેલી સાઅતમા જે કામ માટે હોય તેની નિય્યતથી ૩૬૦ વખત પઢવુ એવી રીતે દર ઇતવારે અથવા દરરોજ બની શકે તો દરરોજ પઢવુ ઇ. અ બહુ જલ્દી કામ થઇ જશે

"યા વલીય્યો" (અદ્દ ૪૬) 'એ મદદગાર અને મોમિનોને દોસ્ત રાખનાર" (૧) એને હમેશા કસરતથી પઢનાર ઇ અ લોકોના દિલની વાતો જાણી શકશે અને કલામ વલી પણ થઈ જશે આખેસ નિય્યતથી હમેશા પઢવુ જોઈએ (૨) જેની લોડી અગર ઓરત તેનાથી ખુશી ન હોય તો જ્યારે ખિલ્વતમા જવા ઇચ્છતો હોય ત્યારે એને કસરતથી પઢી દમ કરવાથી ઇ અ તેનાથી ખુશી થશે (૩) એને હમેશા કસરતથી પઢનાર દીન દુન્યાના મતલબ હાસિલ કરશે (૪) એને કસરતથી હમેશા પઢનારની સૌ કોઇ ઇજ્જત કરશે. (૫) જેની લોડી અગર ઓરત બદકાર હોય અને તે કામ ન છોડતી હોય તો ખિલ્વતમા જતા પહેલા વજુ કરી ૧૧-૧૧ વખત પ્રથમ અને છેલ્લે દરદ શરીફ પઢી વચ્ચે એને કસરતથી પઢી દમ કરી ખિલ્વત કરવાથી ઇ અ બદકૈની છોડી દઇ નેક પરહેજગાર થઇ જશે. (૬) કોઈ પણ મુશ્કિલ આસાન થવા જુમ્માની રાત્રે એને કસરતથી પઢવું ઇ અ આસાન થઇ જશે દર જુમ્માની રાત્રે પઢવુ અને દરરોજ રાત્રે પઢવુ વધારે બેહતર છે મુશ્કિલ આસાન થાય ત્યા સુધી પઢવુ (૭) આ

ધી રાંદેર સ્ટોર્સ

કણુપીઠ, માંથી આગી કરી તા. ૧-૨-૧૯૪૨થી ટાવર રોડ, મોહન ટૉકીઝ પાસે, જશે.

મુબારક નામની બેહદ તાસીરો છે. અમુક સાહેબોના લખવા મુજબ ખુદાતાલાના મુકર્રબ ફરિસ્તા એ નામની પણ તરજીહ પડે છે.

"યા હમીદો" (સંખ્યા ૬૨). "એ દરેક રીતે તારીફને લાયક" (૧) એને હમેશાં કસરતથી પઢનારના બધા કામો લોકો પસંદ કરશે. (૨) એને હમેશાં કસરતથી પઢનાર નેક ભાલ ચક્ષણ અખત્યાર કરશે. (૩) એને હમેશાં કસરતથી પઢનાર કોહેશા બકવાસ અને બદ જબાનીથી ઇ. અ. બચેલો રહેશે (૪) જેને કોહેશાં બકવાસ અને બદ જબાનીની ટેવ પડી ગઈ હોય અને તેનાથી છુટકારો મેળવવા ઇચ્છતો હોય તો દરરોજ ૯૦ વખત એને પહેલી કોઇ એક વાસણ પાણી પીવા તરફ કરી તેમાં દમ કરી તે વાસણમાં જરૂરત વખતે પાણી પીવા કરશે તો ઈ. અ. એવી ટેવ છુટી જશે. અથવા એને હમેશાં કસરતથી પઢતો રહે અને જ્યારે પણ પાણી પીએ ત્યારે તે પાણી ઉપર દમ કરી પીએ એવી રીતે પણ ઈ. એ બૂરી ટેવથી નજાત મેળવશે. (૫) એને હમેશાં કસરતથી પઢનારનું દિલ નૂરે ઇલાહીથી મામૂર થઇ જશે. (૬) "યા હમીદુલ્લે કુઆસે ઝાતના અલા જમીએ ખલ્કેહી બેલુત્ફેહી યા હમીદો" કોયડા ઉપર બીજાએ જોયું હોય તો દરરોજ ૩૬૦ વખત પોતે પઢી બીજા માણસ પઢી તેના બદન ઉપર દમ કરે ઇ. અ. બહુ જલદી સારો થઇ જશે.

"યા મોહસી" (અદદ ૧૪૮). "એ દરેક ચીજને ઘેરી લેનારો" (૧) એને દરરોજ આખી રાત્રે ૧૦૦૦ વખત પઢનાર કબર અને કયામતનો અજાબથી ઇ. અ. નજાત મેળવશે. (૨) એને દરરોજ ૧૦૦ વખત પઢનાર ખુનપાકની પનાહ અને હિફાજતમાં રહેશે (૩) એને હમેશાં કસરતથી પઢનાર દરેક આફત, બલા, મુસીબતે વગેરેથી બચેલો રહેશે. (૪) એને હમેશાં કસરતથી પઢનાર ગુનાહોથી બચેલો રહેશે (૫) જેનું દિલ ગુનાહો તરફ માઇલ રહેતું હોય તો એને હમેશાં કસરતથી પઢવાથી ઇ. અ દિલ નેક થઇ જશે અને બૂરા કામો કરવાથી નફરત કરશે. (૬) એને હમેશાં કસરતથી પઢનારની બાહ્યશક્તિમાં બહુ વધારો થશે. (૭) જેને ઇલાજ કરવામાં સુસ્તી આવ્યા કરતી હોય તો રાત્રે સુતી વખતે સીના પર હાથ મૂકી એને પઢતાં પઢતાં સુઇ જવું ઇ. અ ઇલાજ તરફ દિલ માઇલ થશે અને સુસ્તી વગેરે દૂર થઇ જશે. (૮) દરરોજ ખાતી વખત ૨૦ લુકમા ઉપર દમ કરી ખાવાથી ઇ. અ. અકલ તેજી ઉપર મસગુલ થશે.

"યા મુબ્દીઓ" (સંખ્યા ૫૬) "એ પેદા કરવાવાળા" (૧) જેની ઓરતને હમલ રહેતો હોવે પણ અધુરો પડી જતો હોય અથવા મુદ્દત કરતાં વધુ અહીને જન્મ થતું હોય અથવા બચ્ચું પેદા થતી વખતે બહુ તકલીફ થતી હોય તો તેનો ધણી સગર્ભા વખતે એને ૯૦ વખત પહેલી ઓલાદની આંગળી ઓરતના પેટ ઉપર ચારે તરફ ફેરવી દમ કરે એવી રીતે ૨૧ દીવસ કરે ઇ. અ. બધી શિકાયતો દૂર થઇ જશે (૨) એને હમેશાં કસરતથી પઢનાર જે કંઈ જબાનથી કહેશે તે ઇ. અ. થશે અને જે કંઈ દુઆ માંગશે તે પણ કબુલ થશે (૩) એને કસરતથી પઢનાર ગુનાહોથી બચેલો રહેશે અને નેક કામો કરશે. (૪) બૂરી આદતો અને બૂરા કામોમાં ગિરફતાર થએલા એને કસરતથી પઢશે તો ઇ. અ. બહુ જલદી છુટકારો થઇ જશે.

(અપૂર્ણ)

આંસુથી એકતા!!!

અનુવાદક : 'તાલિબ' બાંટવા

[નીચે રજૂ થતી નવલિકા ડૉક્ટર આંબ્રમ 'કરચરી'ની તેજસ્વી અને કસાએલી કલમે લખાએલી છે. હિન્દુ-મુસ્લિમ અથડામણો સબબે આ નવલિકામા એમણે જે વિચારો દર્શાવ્યા છે, તે એટલા બધા સુન્દર અને મનનીય છે કે જો હિન્દુ-મુસલમાનો બન્ને એના પર વિચાર કરે તો દેશના બહુ ગુંચવાએલા હિન્દુ-મુસ્લિમ સંવાદ આંસાનીથી ઉકેલી શકાય એમ છે ઉમ્મીદ છે કે "કારવા"ના વાચકો આ નવલિકાને રસપૂર્વક વાચશે અને એની રોશનીમા હિન્દુ-મુસલમાનો વચ્ચેના વર્તમાન કટિયાના મૂળને સમજવાની તેમજ તેને દૂર કરવાની કોશિશ કરશે.] 'તાલિબ'

શેખ મુનીર અને પંડિત દયાશંકરની મિત્રાચારી કેવળ તેમના ગામ કુછનામાજ નહિ, બલ્કે આસપાસના ગામોમા પણ મશહૂર હતી. શેખજીના પગમા કાટો લાગતો તો, પંડિતજીના દિલમા આઘાત થતો અને પંડિતજીને કંઈ તકલીફ થતી તો શેખજી બ્યાકુળ થઇ જતા. કોઇપણ કામ આપસમા સલાહ મશ્વેરત કર્યા સિવાય તેઓ કરતા નહિ. પંડિતજીને ત્યાં જ્યારે સત્યનારાયણની કથા થતી, તો શેખ મુનીર સર્વે કામની વ્યવસ્થા કરતા, અને જ્યારે શેખ મુનીરને ત્યા મીલાદ-શરીફ થતી તો પંડિતજી પ્રબંધ કરતા. ઘરો પણ બન્નેના પડખે-પડખે હતાં. સ્લામે એક લીંબડાનું ઝાડ હતું એની નીચેના ઓટલા પર બન્ને જણ બેસી વાતો કરતા રાત્રે ગામના બીજા બે ચાર બેકૂતો ત્યાં આવી જતા અને ગામ ગપાટા મારતા પ્રભાત થતાં ગામના અખાડામા પહોંચી જતા. બન્ને અખાડાના રસી ધણી હતા. જુવાનીમાં કોટરી કોટરી કુસ્તીઓ જીતી હતી. પરન્તુ હવે વૃધ્ધાવસ્થા હતી. શિષ્યોને કુસ્તી સકાવતા અને દાવપેચ શીખવતા કદી દિલમા આવી જતું તો થોડી ઘણી કસરત પણ કરી લેતા. ત્યારે કથાય કુસ્તી જંગ જામતો તો શિષ્યોને સદ્ય અવશ્ય પહોંચી જતા એમના ચરણોને પ્રતાપે કુછનાના પહેલવાનો જે કુસ્તી જંગમા જતા, વિજયી થઇને પાછા ફરતા.

શેખજી અને પંડિતજીની ગણત્રી ગામના ખોટા કિસાનોમા થતી હતી, બન્ને પાસે બાપીકી ખેતીવાડી એટલી હતી કે, જીવન આનદથી વ્યતીત થઇ શકે. જુદા-જુદા ધર્મોના અનુયાયીઓ હોવા છતાય તેમનામાં કોઇ જાતનો ભાતફોર ન હતો. તેઓ પ્રેમના પુજારી હતા. એમના અંતઃકરણોમાંથી ભાતૃભાવ-શેખ અને બ્રાહ્મણોનો ભેદભાવ ભૂંસી નાખ્યો હતો. પ્રત્યક્ષમાં તેઓ બે હતા પરન્તુ પરોક્ષમા એકજ હતા એને અદ્વૈતમાન કહો યા વિધિનું વિધાન કે બન્નેને કેવળ એક એકજ પુત્ર હતો. શેખ જમન અને જટાશંકર પણ પોતાના માતાપિતાની જેમ આપસમાં સંગોટિયા મિત્રો હતા.

બન્ને જણ સાથે ઉઠતા, બેસતા, નાચતા, કુદતા. શેખ જમનના સ્વજનમાં પંડિત દયાશંકર



અને જટાશંકરના વિવાહમાં શેખ મુનીર મોવડી બન્યા હતા. સારાંશ કે પંડિતજી અને શેખજી જ્યાં સુધી જીવંત રહ્યા ત્યાં સુધી બે દેહ એકજીવ રહ્યા. સંજોગવશાત બન્નેનું અવસાન પણ એકજ મહિનામાં થયું. પહેલાં પંડિતજી સ્વર્ગવાસી થયા અને પછી શેખજી પરલોકના પ્રવાસી બન્યા.

૦ ૦ ૦

૨

શેખ મુનીર અને પંડિત દયાશંકરના મરણ પછી એક વર્ષ સુધી બન્ને કુટુંબોના સંબંધો પહેલાંની જેમ રહ્યા; પરન્તુ જ્યારે પંડિત દયાશંકરની વરસી થઇ અને પહેલાંના નિયમ વિરૂદ્ધ જટાશંકરે શેખ જમનની કંઈ સલાહ ન લીધી ત્યારે, શેખ જમનને બહુ માઠું લાગ્યું. વરસીમાં જે સત્યનારાયણની કથા થઈ એમાં પણ જટાશંકર શહેરમાંથી કોઇ નવા પંડિત-પ્રચારકને તેડી લાવ્યા પંડિતજી પોતે પોતાને જોશીલા અને રાષ્ટ્રભક્ત માનતા હતા. કથા થઇ ગયા પછી વાતચીત દરમ્યાન પંડિતજીએ સંગઠ્ઠન પર ખાસ પ્રકારે જોર આપ્યું અને જાણે અજાણે મુસલમાનો વિરૂદ્ધ પણ કંઇ કહી નાંખ્યું. શેખ જમન કથામાં હાજર હતો. એના માટે એ નવી વસ્તુ હતી. બાલ્યપણથી એના સંબંધો હિન્દુઓ સાથે અને ખાસ કરીને જટાશંકર સાથે મિત્રતાભર્યા હતા. જો પંડિતજીએ સંગઠ્ઠન સિવાય મુસલમાનો વિરૂદ્ધ કંઇ કહ્યું ન હોત તો તેને કહેવાપણું ન હતું.

જમને ભણેલો ગણેલો ન હતો; અણઘડ ગામડિયો હતો. એ સમજ્યો કે એ બધુંયે જટાશંકરના અણસારે થયું છે. હંમેશાનો નિયમ એ હતો કે જ્યારે સત્યનારાયણની કથા પૂરી થઇ જતી તો શેખ જમન પ્રસાદી લઇ પોતાના ઘેર જતો હતો; પરન્તુ આ વખતે કથા પૂરી થતાં શેખ જમન પ્રસાદી લીધા વિના મોઢું બગાડી ઘેર પાછો ફર્યો. એને પાછો જતાં જોઈને જટાશંકરની માએ કહ્યું:

"બેટા! એવી ઉતાવળ શું છે? હમણાં બેસો, પ્રસાદી લઇને જજો."

"માસી, મ્હારે આજે ઘેર બહુંજ જરૂરી કામ છે. પ્રસાદી હું લઇ ચુક્યો છું."

એમ કહી શેખ જમન ચાલ્યો ગયો. જો જટાશંકર એને રોકત તો સંભવિત છે કે તે રોકાઇ જાત. પરન્તુ એ તકજ ન મળી, કેમકે જટાશંકર કોઈ કામમાં રોકાયેલો હતો. તેણે શેખ જમનને જતો ન જોયો.

૦ ૦ ૦

૩

અષાઢનો મહિનો હતો. પહેલો વરસાદ થઇ ચુક્યો હતો. વાવણી થઇ ગઇ હતી. સંધ્યાનો સમય હતો. શેખ જમન પોતાના ખભે હળ નાખી બળદોને હાંકતો પોતાના ખેતરેથી પાછો ફરી રહ્યો હતો. રસ્તામાં તેની મુલાકાત ચાંદ નામના એના એક દોસ્તથી થઇ.

ચાંદે કહ્યું "કહો શેખજી, કાલે તો તમોએ હિન્દુઓ પાસેથી મુસલમાનોને ખૂબ ગાળો ખવડાવી!"

"હું અને મુસલમાનોને ગાળો ખવડાવું! જુઠ, તદ્દન જુઠ. હા, કાલે જટાશંકરને ત્યાં કથા હતી ત્યાં હું ગયો જરૂર હતો. ત્યાં જે વાતચીત થઇ એમાં મારો શો અપરાધ!"

"આખા ગામના મુસલમાનો એનો દોષ તારા ઉપર નાખે છે. એનું કારણ એ છે કે

તારી રહ્યમે મુસલમાનોને ગળો ભાંડવામાં આવી અને તું ચુપચાપ સાંભળતો રહ્યો. ખુદાની કસમ જો હું ત્યાં હાજર હોત તો ખૂનની નદીઓ વહેવડાવી દેત; પરંતુ હું એવી જગ્યાએ જઉં શા માટે! હિન્દુઓની કથા અને તેમની મિત્રાચારી તનેજ મુબારક. હજી શું થયું છે! જોજે, જટાશંકર તારૂં દેવાળું ન કઢાવી દે તો, મ્હને કહેજે."

શેખ જમન જટાશંકરથી નારાઝ હતો. પરન્તુ હજુ સુધી ચોટવી સમજ ધરાવતો હતો. તેને ચાંદની એ વાતમાં ઉશ્કેરણીની ગંધ આવી. ગુસ્સે થઇ બોલ્યોઃ—

"હું પોતે જટાશંકરથી સમજી લઇશ. બીજાઓને રહ્યના મામલામાં દખલ દેવાની જરૂરત નથી"

ચાંદે જોયું કે શિકાર હાથથી જાય છે. કહેવા લાગ્યોઃ

"ના ભાઇ! જટાશંકરજ તારો સર્વસ્વ છેઃ હું તો પરાયોજ રહ્યો. મ્હારી ભૂલ થઇ. હવે હું કઇ નહિ કહું."

બન્ને વાતો કરતા કરતા ગામની નઝદીક પહોચ્યા રસ્તામાં મુલ્લાં કમાલ ભેટી ગયા. મુલ્લાજીએ પૂછ્યું :—

મુરાદ ટેલરીંગ ઈન્સ્ટીટ્યુટ

લંડનની કટીંગ કોલેજની પધ્ધતિ અનુસાર, સાયન્ટીફીક કટીંગ અને ટેલરીંગ કામ, શીખાડવા માટે મુરાદ ટેલરીંગ ઇન્સ્ટીટ્યુટ ચાલુ કર્યું છે. કટીંગ અને ટેલરીંગનો ચાર્જ મધ્યમ અને દરેક વર્ગનાને અનુકૂળ પડે તેવા રાખ્યા છે શીવણ કામ જાણનારને ફક્ત કટીંગ પણ શીખાડવામાં આવશે વધુ માહીતી માટે મળો, યા લખોઃ—

સાયન્ટીફીક ટેલર એન્ડ કટર.

Try our Secret Good Fit



મુરાદ ટેલરીંગ વર્કસ.

ચુનારવાડ મરજીદ પાસે, રાંદેર.

સુલેમાન જી. મુરાદ

મુરાદ ટેલરીંગ ઇન્સ્ટીટ્યુટ એન્ડ ટેલરીંગ વર્કસ.

પ્રોપ્રાએટરઃ-સુલેમાન ગુલામ હુસેન મુરાદ.



"કહો યારો શું વાતો થઈ રહી હતી?" ચાંદને સંભારો મળી ગયો, કહેવા લાગ્યો

"કાલે જટાશંકરને ત્યાં મુસલમાનોને ખૂબ ગાળો ભાંડવામાં આવી. શેખજી ત્યાં હાજર હતા; પરંતુ ચુપચાપ બેસી રહ્યા. એ વિષે મેં એમને કહ્યું તો ઉલટા મ્હારા પર નારાજ થવા લાગ્યા."

મુલ્લાંજી બોલ્યા:—

"એમાં નારાજ થવાની શું વાત હતી? જમનને જટાશંકરે કોણ જાણે શું ઘોળીને પીવડાવી દીધું છે કે તે એની ગુલામીમાંજ લાગ્યો રહે છે. જો કે તે જટાશંકરથી કોઇ પ્રકારે ઉતરતો નથી. કેમ, ચાંદ હું ખરું કહું છું ના?"

શેખ જમનના ઉત્તરથી ચાંદ કંઈ નિરાશ થઇ ગયો હતો, પરંતુ મુલ્લાંજીએ સાથ દેવાથી એ ઉત્સાહિત બની બોલ્યો:

"અરે, એમના રહામે જટાશંકર કંઇ વિસાતમા નથી એ એ હરેક વાતમાં તેમનાથી વધીને છે, પણ એમની સમજવે કોણ? જ્યારે ગોમને કોઇ મુસલમાન કર્યાનું જાહેર થતો નથી તો એમને ત્યાં જવાની શું જરૂરત હતી? મેં તો એટલી હદે સાંભળ્યુ છે કે જો મુસલમાન હિન્દુઓની કથા સાંભળે તે કાફિર થઇ જાય છે. કેમ, મુલ્લાજી આ ખરું છે ના?"

મુલ્લાંજીની દોઢ ગામની મસ્જિદ સુધી હતી. ઉર્દૂની પોથી કિતાબ પણ પૂરી કરી ન હતી કે મુલ્લાંજી એની બેઠા હતા. કુર્આન શરીફની બે ચાર આયતો પોપટની જેમ બોલી લીધી અને પોતાને એક ઝબરદસ્ત આલિમ સમજવા લાગ્યા હતા.

પોતાના હલવા-માંડ્યો કામ હતું. ચાંદે તેમની કનેથી કંઈ મળ્યો તો દિલમાં ખુશ થઇને કહેવા લાગ્યા:

"હા, હદીસોની મ્હોટી-મ્હોટી કિતાબોમાં એટલે સુધી લખ્યું છે કે કાફિરોથી મેળ-મિલાપ રાખનાર પણ કાફિર થઈ જાય છે"

શેખજીનું દિલ કંપી ઊઠ્યું:

"ઓહ! મ્હને પહેલાંથી એની ખબર ન હતી. મ્હેં ધોકો ખાધો." એમણે સખેદ આશ્ચર્યે મુલ્લાંજીને પૂછ્યું:

"કેમ મુલ્લાંજી, જે મુસલમાનો પાંચ વખતની નમાઝ પઢે છે, રોઝા રાખે છે, તેઓ પણ શું હિન્દુઓ સાથે હળવા-ભળવાને કારણે કાફિર થઈ જાય છે?"

મુલ્લાંજીએ મોઢું બનાવીને કહ્યું:—

"શરઈ (ધાર્મિક) મામલા ઓમાં દલીલ અને હુજ્જતની જરૂરત નથી. જે કંઈ હદીસોમાં લખ્યું છે તે મ્હેં બતાવી દીધું. હવે તમે જાણો અને તમારું કામ"

હવે સર્વે જણાં શેખ જમનના દરવાજે પહોંચ્યા હતા શેખજીએ ઘોડા પરથી ઉતારી જમીન ઉપર રાખ્યું. ચાંદ અને મુલ્લાંજી માટે ખાટલો ઢાળ્યો ચાંદે શેખ જમન પ્રત્યે હમદર્દી બતાવતાં મુલ્લાંજીને પૂછ્યું:

"બિચારા શેખજીને શું ખબર કે કથા સાંભળવાથી મુસલમાન કાફિર થઇ જાય છે! ખેર, જે થવાનું હતું તે થઇ ગયું. હવે કોઇ એવી તરકીબ બતાવો કે જેથી શેખજી ફરી પાછા મુસલમાન થઇ જાય"

મુલ્લાંજીએ દાઢીમાં હાથ પસવારતાં કહ્યું:

"હા, તોબાનો દરવાજો બંધ નથી કેમ, જમન, તું તારાપિતાની સરણી કયારે કરીશ?"

"મુદ્દું નર્કમાં જાય કે સ્વર્ગમાં, એમને

"આજથી આઠ દહાડા પછી કરીશ."

"વરસીમાં મીલાદ શરીફ ધામધૂમથી કરવી જોઈએ. વચ્ચે મારે શહેરમાંથી કોઈ મૌલવીને બોલાવવો, એમ તો હું ઘણું વચ્ચે કરી શકું છું; પરન્તુ ભાઈઓ આગળનો મામલો છે, એમાં હું દરમ્યાનગીરી કરવા ચાહતો નથી. શહેરમાંથી જે મૌલવી તેડવામાં આવે તે, પણ પોતાના વચ્ચમાં હિન્દુઓના ખૂબ ઉધડા લે. એવી રીતે તમે જટાશંકરથી વેર-બદલો લઈ શકશો. પંદર વીશ રૂપીઆનો ખર્ચ છે, પરંતુ તમારા માટે એ નજીવી વાત છે."

—શેખ જમને કહ્યું:—

"રૂપીઆની કંઈ ચિંતા નથી, પરંતુ હું તો શહેરનો કોઈ મૌલવી સાહેબને ઓળખતો નથી."

મુલ્લાંજી બોલ્યા :

"એ માટે તમે બેફિક્ર રહો. બધો બંદોબસ્ત કરી લઈશ."

શેખ જમન મનમાં ફૂલાઈ ગયો. મુલ્લાંજીએ તેને વિચારવાનો અવકાશજ ન આપ્યો.

જ્યારે શેખ જમનને ત્યાં મીલાદ શરીફનો જલસો થયો તો શહેરમાંથી મુલ્લાંજી કોઈ 'મહાન મૌલાના'ને તેડી લાવ્યા. તેમણે પોતાનો વચ્ચમાં 'કૂતરો' ઓર્યો કે હિન્દુઓ સાથે હળવું-ભળવું અથવા તેઓની સાથે કોઈ પ્રકારનો સંબંધ રાખવો કુફ્ર છે. વચ્ચ કહીને મહોટા મૌલાના તો વાપસ ચાલ્યા ગયા. પરંતુ જે આગ પંડિતજીના પ્રચારથી અંદર અંદર ધૂંધવાઈ રહી હતી, તે હવે મૌલાનાના વચ્ચથી એના પ્રચંડ સ્વરૂપમાં ભભૂકી ઉઠી અને ગામની શાન્તિ જોખમમાં આવી પડી.

૪

પ્રાતઃકાળનો સમય હતો. પંડિત જટાશંકર પોતાના ઓટલા પર બેઠા બેઠા લાલા બીહારીલાલ પટવારી અને છોટેલાલ બનીયાથી વાતો કરી રહ્યો હતો. થોડે દૂર શંકરો ચમાર જમીન ઉપર બેઠો બેઠો રમ્બી વણી રહ્યો હતો. શેખ જમન પોતાને ઘેરથી નીકળ્યો, એને જોઈને જટાશંકરે કહ્યું:

"કેમ શેખજી, હિન્દુઓને ગાળો આપીને હવે તો તમારૂ કલેજું ઠંડું થઈ ગયું?"

શેખ જમને ભ્રકુટી ચઢાવીને ઉત્તર આપ્યો:

"જે જેવું કરશે તેવું ભોગવશે. તે દિવસ ભૂલી ગયા જ્યારે તમોએ મુસલમાનોને ગાળો આપી હતી? ખરૂં છે, મીઠું મીઠું હજમ અને કડવું કડવું થુ"

"પરન્તુ એનું પરિણામ સારૂં આવશે નહિ."

"જોયું જશે" એમ કહેતો શેખ જમન આગળ વધ્યો. ઓટલા ઉપર બેઠો બેઠો છોટેલાલ બનીયાએ કહ્યું: "શેખજી તો બહુ બગડી બેઠા છે."

પટવારી. "રાણી રૂઠશે તો પોતાનો સોહાગ લેશે."

છોટેલાલ: "શેખજીનો કોઈ માથો ચડવાથી મુકાબલો થશે તો આંખો ઉઘડીને ચાર થઈ જશે."

શંકરે જ્યારે જોયું કે તે બધાથી પાછળ પડી ગયો છે, તે બોલ્યો: "ચાર વીઘા જમીન પર બોરડો ખમરાય છે, જમીનદાર હોત તો તો અમોને કાયાજ ખાવા ન મળત."

હવે જટાશંકરનો વારો હતો, કહેવા લાગ્યો:

"પરન્તુ એટલે કોણે પરવા છે? ગામમાં ગણ્યાગણ્યા તો મુસલમાનો છે. અમે ચાહીએ

તો મારી-મારીને ભગાડી દઇએ. એ હ્યો, ભગવાનદાસ મહારાજ પણ આવી ગયા તેમની સલાહ પણ લઇ હ્યો."

ભગવાનદાસ મહારાજ ગામના પુરોહિત હતા. જ્યારે એમને પુરી હકીકત સાંભળી તો કહ્યું: "એ મલેચ્છોનો વિશ્વાસ કદી ન કરવો જોઇએ. બધાઓએ તેમનો બહિષ્કાર કરવો જોઇએ. ઇશ્વર કરેને બધાય મુસલમાનો ગામ છોડી ભાગી જાય."


શકરો ચમાર ઉઠણી પડ્યોઃ 'હા મહારાજ તમે ચેગ્ય વાત કહી. ધન્ય છે તમારી બુદ્ધિને. બનીપજી તમારી શું સલાહ છે?"

છોટેલાલ બનીયાએ જવાબ આપ્યોઃ "પરન્તુ આપણને નુકસાન થશે."

પટવારીએ કહ્યું: "નહિ, નહિ, તમે એની ફિકર ન કરો."

છેવટે મહારાજ ભગવાનદાસની વાત બધાઓએ માન્ય કરી અને એજ દીવસથી ગામના હિન્દુઓએ મુસલમાનોનો બહિષ્કાર શરૂ કરી દીધો.

જ્યાં કદી હિન્દુ-મુસલમાનો આપસ-આપસમાં ભાઇચારાના સંબંધો ધરાવતા હતા, ત્યાં હવે ફાટ-ફૂટ ઘર ઘાલ્યું શેખ અને બાલાજીની



અહમદ એન્ડ કો.

જુના અને જાણીતા વેપારી.



દરેક જાતની પેટ્રોમેક્ષ બત્તીઓ, ક્રાઇમસ સ્ટવ, સોનીના ઝાણવાના ચુલાઓ, ઇલેકટ્રીક ફેન, વીજળીના લેમ્પ, અને ડેકોરેશન માટે ઇલેકટ્રીક તોરણો, પાણી ગરમ કરવા માટે વૉટર હીટર, ઇલેકટ્રીક અસ્તરી, નાઇટ લેમ્પ, બેટરીના બટણ, એવરેડી પાવર, ફ્લેશ લાઇટ ટોર્ચ વગેરે કિફાયત ભાવે મલશે તેમજ વીજળીનું દરેક પ્રકારનું ફીટીંગ કામ તૈયાર મળશે.

અમારા કારખાનામાં બનતી દરેક જાતની અને દરેક માઇઝની સ્ટીલ ટ્રંકો, સુટકેસ, બેગ વગેરે તૈયાર મળશે તેમજ ઑર્ડરથી બનાવી આપવામાં આવશે.

—: ગામડાના વેપારીઓને ખાસ સગવડ :—

ઑર્ડર આવેથી માલ ખાતરી પૂર્વક મોકલવામાં આવશે.

૬૦ કણપીઠ બજાર, લાલગેટ પાસે, સુરત.

લાકડી કંટાળીને સુલેહ-શાન્તિની દેવી ગામ-માંથી વિદાય થઇ ગઇ.

૫

એક દહાડો શેખ જમનની મુરઘી પંડિત જટાશંકરના ઘરમાં ચાલી ગઇ જટાશંકરે પત્થર માર્યો. જમને જોયું. અત્યાર પહેલાં પત્થર તો શું જો જટાશંકર મુરઘીને જનથી પણ મારી નાખત તો શેખજીને લેશ માત્ર રંજ ન થાત; પરંતુ હવે તો આપસમાં વેર-ભાવ હતો જમને વિચાર્યું કે જટાશંકરે ઈરાદાપૂર્વક મારી મુરઘીને પત્થર માર્યો છે.

જમન ઉશ્કેરાઇ જઇને બોલ્યોઃ

"તેં મારી મુરઘીને પત્થર કેમ માર્યો?"

"મારું નુકસાન કરશે તો અવશ્ય મારીશ."

"આવ્યો છે કહીંનો તીસમારખાં. હવે માર તો જોઉં?"

"ઓહ, એમ છે! તો હવે તારી મુરઘીને મોકલી જોજે."

"આ હાડ પર તો મારી મુરઘી જરૂર જશે. હું પણ જોઇ લઇશ કે કોણ માઇનો પુત મારી મુરઘીને મારે છે?"

"શેખજી! બસ આગળ ન વધો, ઝબાન સંભાળીને વાત કરોઃ નહિ તો એનું પરિણામ સારું નહિ આવે. તારી મુરઘીએ મારું નુક-સાન કરે અને જો હું કંઇ કહું તો શરમિન્દા થવને બદલે ઉલ્ટા મને આંખો દેખાડે છે?"

"તારે કંઇ કહેવું હતું તો મને કહેવું હતું. મુરઘીને પત્થર મારનાર તું કોણ? હું તારાથી ડરનાર નથી. તું એક સંભળાવીશ તો હું દશ સંભળાવીશ. તું મને શું સમજ્યો છે?"

"કંઇ પણ નથી સમજ્યો. મહારથી વધુ બોલીશ તો પાણી ઉતારી નાખીશ"

"ઓહ! ઉંદરડીએ દારૂ પી લીધો! તારી શું મગજ છે કે મહારથી આંખો મીલાવી શકે?"

"ઠીક છે, આવી જાઓ કોની વાત જોવી હતી? લાવી લઇને આવી જાઓ. આજેજ તારો અને મારો ફૈસલો થઈ જાય"

એમ કહી શેખ જમન ઘેરથી લાકડી લેવા દોડ્યો. માએ ગભરાઇને પૂછ્યું: "શું મામલો છે?" પરંતુ ગુસ્સામા જમને કંઇ જવાબ ન આપ્યો. તે બાજુ જટાશંકર પણ લાકડી લઇ ઘેરથી બહાર નીકળ્યો તો એની માએ પુછપરછ કરી; પરંતુ તે પણ ઉત્તર આપ્યા વિના જલ્દીથી બહાર આવી ગયો.

એ સમયે ગામના બીજા હિન્દુ-મુસલ-માનો ભેગા થઈ ગયા મુસલમાનોએ શેખજીનો સાથ આપ્યો અને કહ્યું:

'શેખજી, ગભરાશો નહિ, અમો બધા તમારી પડખે છીએ. જો તમે આજે દબાઈ જશો તો સમજી લ્યો કે ગામમાં રહેવું મુશ્કિલ થઇ પડશે."

બીજી બાજુ હિન્દુઓએ જટાશંકરને ઉશ્કેર્યોઃ

"ખબરદાર, મુસલમાનોથી ડરવું નહિ. ખૂબ જમ્યા રહો." બન્ને બાજુના ગમારો મરવા-મારવા તૈયાર થઇ ગયા હવે આ જટાશંકર અને શેખ જમનનો ઝઘડો ન હતોઃ પરંતુ શેખ અને બ્રાહ્મણનો ઝઘડો હતો. ગામમાં ઝમીનદારોનો ગુલ્મ સદી ચકાચ છે, મારેમસ્ત વમુલ કરનારા કારકુનોની માર ફીટકાર અને સિપાઈ-સપરાની ગાળો

જરદારત કેરી શકાય છે ગામના ગરાસીયે ઓ અને પ્રાન્તના અમલદારોની વેરમા કોઈ પીગો લઇ શકતો નથી, પરન્તુ આતો શેખ અને બ્રાહ્મણનો સવાલ પેદા થઈ ગયો છે તો સુબ્બા હિન્દુ મુસલમાન બેઉતો પોતાના પ્રાણનો ભોગ આપવા તૈયાર થઇ ગયા

પરન્તુ આ લડાઇમા ન તો કર્ણાવતી પતિ શામિલ હતા ન મીનાક્ષ શર્મીષ્ઠાબા મોસાળના આ ઘરાઓ ઘાસમા ચિપકારી નાખી દૂરથી તમાસો જોનારાઓમા રહ્યા તેઓ ન હતા

બન્ને પક્ષો પ્રતિકામના જોશમા દીવાના બની રહ્યા હતા પરિણામની કોઇને પરવા ન હતી

દિ દુઓએ 'જય જય' અને મુસલમાનોએ 'અલ્લાહુ અકબર' ના પોકારો કર્યા

બન્ને બાજુના સરદારો શેખ જમન અને પડિત જટાશકર બધાથી પહેલા લાગી સભાગીન આગળ આવ્યા

સભા હતો કે બન્ને બાજુ વાડીઓ ઉઠ્યો કે એકાએક જટાશકર અને જમનની માત ઓ દેખી હતી એ અને બન્ને જણાઓની વચ્ચે ઉભી રહી ગઇ

જોશ પર આવેલો આ દરિયા થભી ગયો ઉપાડેલી લાકડીઓ તાંચી નહી શકે

મહારાજાને પોતાના દિકરા જટાશકરને ઉદેશીને કહ્યું

"તુ મ્હારા જીવતા-જીવ જમન પર લાકી ચલાવી શકીશ નહિ ત્યારે મારુ હોય તો પહેલા તારી મા ઉપર લાકી ચલાવ હુ જમનને તારાથી ઓઠો સમજતી નથી તે પણ મારો દીકરો છે, જો તુ આજે મારવા ચાલ્યો છે એને તુ પિતાજી પોતાના પ્રાણથી વધારે સમજતા હતા તમો બને ભઇની લડાઇને લીધે આજે તેમના આ માને કેટલુ દુખ થતુ હશે 'લાવ' તે મેય ગિલાપના દિવસો ક્યાં ગયા ? તારી તો અક્કલ મારી ગઇ છે તુ બીજાના ભમત્વથી કોઇ ગયો છે મુસલમાનો વફાદારીથી આ રાજમા રહેતા આવ્યા છે તેઓ હમેશા આપણી સાથે સદભાવથી વર્યા છે તમની સાથે લડવુ ઠીક નથી આપસ આપસની લડાઇ આખુ ગામ બરબાદ થઈ જશે જેમને તુ દોસ્ત સમજે છે, તેઓ વખત આવતા તારે બદલે આવવાના નથી

અહીં જટાશકરને જટાયુ કરતે સમજાવી રહી હતી અને તે બાજુ શેખ જમનની મા પોતાના પુત્રને કરેલા આપી રહી હતી

'હુ જટાશકરને હરગિજ ઉભી અવા પણ આવવા નહિ દઉં તે મા બિચારાનો દુકડો છે મરે શુ છે ? હુ તો કયને કાજે જેવી છુ મોત આજે ન આવ્યુ તો આવતી કાલે જરૂર આવશે મારવુ હોય તો મને મારી નાખ મારા ખૂનથી તારે ગુસ્સો ઠંડો થઇ જશે એમ મુખી મારે જટાશકરનો જીવ લેવા દોડયો છે ! તો ! તો ! જો તેવા તમો બન્ને લાયકોની લડાઇની તમારો જોવા ચાહે છે તેમની ઇચ્છા મારી જિંદગીમા પુરી નહિ થઇ શકે બસ સુબ્બા મહારાજન અને હુ જીવીએ છીએ તો સુબ્બા આ ધરમા ગોટ ફુટવા નહિ પામે'

એમ કહીને તે મહારાજન તરફ દોડી બન્ને ગળે વળગી રડવા લાગી ઘણીજ દર્દ-

નાફ અને ગમરગાવક ટેકરા રહેતા બંનેનો ધાને નિર્મળ થઈ ગયા
મહબ્બતભરી સમજણ અને પવિત્ર આશુ જટાશંકર અને શેખ જમન આગળ
ગોગે દીના અને વેરના મેલને ધોઈ નાખ્યો વધ્યા અને બન્ને ગળે વળગી પડયા
હિન્દુઓ અને મુસલમાનોના દિલો સ્વચ્છ (સંપૂર્ણ)

પરમો (ગોનોરીઆ) અને—


પેશાબનાં ભયંકર દર્દોનો

સંપૂર્ણ ફત્તેહમંદ ઇલાજ

ડોકટર જસાણીની
જગમશહુર અસલ દવા

ગોનો-કિલર

[રજીસ્ટર્ડ]



બેધડક આજેજ અજમાવો

ગમે તે કારણથી લાગુ થયેલ તુરતનો અથવા જુનામા, જુનો પરમો, પ્રમેહ (પરમીઓ) સ્વપ્નામા તથા પેશાબમા જતી ધાતુ, તથા રસી (પરુ, રતી સુધ્ધ બળતરા, ટીપું ટીપું તથા અટકીને થતો પેશાબ, સ્ત્રીઓના ધાધર તથા ધોધીઓ અને પુરૂષોના પેશાબને લગતા તમામ દર્દોને જડમુળથી નાશ કરી બગડેલી ધાતુને શુધ્ધ કરી સ્વચ્છ અને ઘટ્ટ કરે છે

પચાસ પડીકાની બાટલીની કીંમત રૂા. ૩)
વી પી ખર્ચ આઠ આના જુદું.

ચેતવણી

નકલીઓ થોથી ચેતજો. ખરીદનારે દવાનું નામ ગોનોકીલર અને ફોટા છાપ લીલા બોક્ષ તપાસી લેવું

બનાવનાર **ડો. ડી. એન. જસાણી,**

વીઠલભાઈ પટેલ રોડ, મુંબઈ નં. ૪

સ્ટોકીસ્ટ : શ્રી. એન. ધ્રુવજી, કાપડીયા, સુરત.

આફ્રિકાના એજન્ટ—યુનીયન પ્રીન્ટીંગ વર્કસ, ૯૧, વિક્ટોરીઆ સ્ટ્રીટ નૈરોબી.

મુસ્લિમ અરબી વહાણવટું

અનુવાદક:

સાલેહ બકીલી સાહેબ

(ગતાંકથી ચાલુ)

અબ્બાસકાસિમ શીઅઈ અને એના પુત્રો, મેહદિયહની પોતાના નૌકાસૈન્યો લઇને નિકળતા હતા અને જીનીવાના કિનારાના શૈહેરો ઉપર હુમલો કરતા હતા અને સફળ થઇને પાછા ફરતા હતા. મુન્નહિદ આમરી,—જે કાલિયહનો રઇસ અને ગલૂક તવાઇફમાંથી એક હતો; એણે હિ સ ૪૦૫માં પોતાના બેડા વડે સાર્ડિનિયાને જીતી લીધું. જેને ઇસાઇઓએ હવે પાછું લઇ લીધું છે. મુસલમાનો એ ઝમાનામાં આ સમુદ્ર ઉપર વર્ચસ્વ ધરાવતા હતા અને એમના વહાણો આવતા જતા રહેતા હતા. ઇસ્લામી લશ્કરો આ સમુદ્રમાં વહાણોમાં બેસીને સિસિલીથી યૂરપના ઉત્તર ભાગમાં જતા હતા અને ફિરંગી બાદશાહોના રાજ્યો ઉપર હુમલા કરતા હતા, જેવું કે સિસિલીના શાહી વંશ બની હુસૈનના સમયમાં થયું. એ ઝમાનામાં તમામ ઇસાઇ કૌમો પોતાના નૌકા સૈન્યને સમુદ્રની ઉત્તર અને પૂર્વ જાનુએ ફિરંગીસ્તાન અને સિસ્ત્રિસ્તાનના કિનારાઓ પર લઇ ગઇ ઇસ્લામી નૌકા સૈન્યો તેમના ઉપર એવી રીતે તુટી પડતા હતા, જેવી રીતે સિંહ પોતાના શિકાર ઉપર તુટી પડે છે. આખો સમુદ્ર મુસલમાનોના વહાણોથી ભરપૂર હતો અને મુસ્લેહ તથા જંગને માટે માર્ગમાં એમની અવર જવર થતી રહેતી હતી ઇસોદઓનો એક તખ્તો પણ આ સમુદ્રમાં ન હતો. ઉબયદીનની જ્યારે પડતી અને નબળાઇ આવી તો ઇસાઇઓ છેડછાડ કરવા લાગ્યા અને મિસર તથા સિસિલીના કિનારાઓ ઉપર હુમલો કરી લીધો અને ઇસ્લામી નૌકા સૈન્યો મૌકૂફ થઇ ગયા."

પરંતુ સુલતાન સલાહુદ્દીને જ્યારે ઉબયદીનનો ખાતિમો કર્યો અને ઇસાઇઓને મિસર અને શામથી દૂર કર્યા, ત્યારે એણે જહાઝો પ્રત્યે પણ ધ્યાન આપ્યું. શામી કિનારાઓમાં ચોકી અને દુશ્મન વહાણોનો સામનો એણે જેવી રીતે કર્યો છે, તેનું વર્ણન અમાદ કાતિબે 'અલફતહુલ કુદ્સી'માં કર્યું છે. એક સ્થળે તે તે લખે છે :—

"મુસ્ર દરિયહના અધિકારીઓને લેખવામાં આવ્યું કે જો વહાણોમાં બાવાની વસ્તુઓ મોકલવામાં આવે, અને એના ઉપર બહાદુર તીર અંદાઝો મુકરર કરવામાં આવે. જ્યારે તે શામના કિનારા પાસે નઝરે પડયા, ત્યારે ઇસાઇ જહાઝોએ તેમને દરેક તરફથી ઘેરી લેવા ધ્યેય રાખ્યું, પરંતુ ઇસ્લામી જહાઝો અત્યંત વીરતા પૂર્વક લડતાં કિનારા સુધી પહોંચી

ગયાં" (પા-૨૮૪) ખેર, એ પછી ઇબ્ને બદ્દૂન લખે છે :—

"ઉમયદીનની પડતી પછી તે તરફના ઇસ્લામી બલાદોની સ્થિતિ પણ બગડી ગઈ, માત્ર આફ્રિકા અને મરાકશ (મોરોક્કો)માં વહાણોનો બંદોબસ્ત પહેલા જેવો કાયમ રહ્યો. તેમના બંદરે કોઇ નુકસાન પહોંચ્યું નહિં. આ-મતોના સમય સુધી અરબી બેડાના કાબેદ, દાદસ દુપના રઈસો બની બયમૂત હતા. એમનાથીજ મવહિદીનની સલ્તનતના સરદારો અબ્દુલ મોમિને લીધુ અને ઇન્દલુસી અને આફ્રિકન કિનારા પર એમના નૌકા સૈન્યોની સંખ્યા સોની થઇ ગઈ છઠ્ઠી સદી હિજરીમાં જ્યારે મવહિદીનની સલ્તનત પૂર્ણ ઉન્નતિ ઉપર હતી અને સ્પેઇન તથા મોરોક્કો બન્નેના ઉપર એમનો કબ્જો હતો, ત્યારે એમણે પોતાના જંગી બલાડો ની અનહદ પ્રગતિ કરી જેનુ દ્રષ્ટાંત નથી એમના નૌકા સૈન્યોનો વડો અમમદાર અહમદ સકની (સિસિલીના બાદશાહ) હતો."

આગળની, જે ચોથી સદી હિજરીના મધ્યમા હતો અને ભૂમધ્ય સમુદ્રમાં સ્પેઇન અને સિસિલી સુધી જઇ આવ્યો હતો, લખે છે કે:-

'તમામ સમુદ્રોમાં આ સમુદ્ર (ભૂમધ્ય)થી વિશેષ કોઇ સુંદર નથી એની બન્ને તરફ પાસે પાસે બસ્તીઓ છે, અને એમા મુસલમાનો અને રોમનોના વહાણો આવે જાય છે. બન્ને એક તરફથી બીજી તરફ જાય છે અને મોટે ભાગે એમાં મુસલમાનો અને રોમનોના સૈન્યો વચ્ચે અથડામણ થઇ જતા છે. બન્ને પક્ષના સો સો માણસે એનથી પણ વિશેષ જંગી બલાડો બેમાં થઇ જાય છે અને સમુદ્રમા એમની લડાઇ ચાલ્યા કરે છે." (પા-૭૧)

ટુંકમાં, ભૂમધ્ય સમુદ્રના બન્ને કિનારાઓમાં અરબોની બોલબાલા હતી. તે આફ્રિકન કિનારામાં એક તરફ સ્પેઇન અને તન્જા સુધી પહોંચીને પશ્ચિમ અને દક્ષિણ આફ્રિકા સુધી ચાલ્યા જતા હતા. અને બીજી તરફ તે સિસિલી, ઇટલી અને ફ્રાન્સ સુધી પહોંચતા હતા. શું કોઈ આજે આ માનશે કે જેવી રીતે સ્પેઇનના દર્યાઇ દ્વાર જીબ્રા ટરનું મૂળનામ 'જબલે તારિક' છે, એજ રીતે ફ્રાન્સના પ્રખ્યાત બંદર મરસીલીયાનું અસલી નામ 'મરસી મુસા' છે. આ નામ ઇદ્રીસીની ભૂગોળમા મળે છે.

આ દુક વર્ણન પછી, જેના સવિસ્તર વર્ણનનો આ ોકો નથી. ગોનસાદકોપિડિયા ઓફ ઇસ્લામના એક વિદ્વાન લેખક માર્ટીન હાર્ટમેન (Martin Hartmann)ની આ શોધખોળ)થી, જેને તેમણે પોતાના લેખ 'ચીન"મા જાહેર કરી છે; કોઇ ન્યૂયર્કિય ઇતિહાસકાર સહમત થઇ શકે છે.?

"ઇસ્લામ, સામાન્ય રીતે દર્યાથી બીતો રહ્યો છે. દર્યા પર ક્રાફિરોની સત્તાથી તે શરૂઆતથીજ લાગણીવશ થયો અને તેમની સત્તાના સામના માટે તેણે કોઇ પણ પ્રયત્નો કર્યા નહિં. જ્યારે અમે મુસલમાનોને દર્યાઇ હુમલા કરતા જોઇએ છીએ, ત્યારે એવું જણાય છે કે તે મોટે ભાગે પરાજીત થતા રહ્યા છે જેમનો ઉપર જેટલા હુમલા તેમણે કર્યા તે બધાજ નિષ્ફળ ગયા."

જે મુસલમાન કોમોમાથી તુર્કોના દર્યાઇ મુલ્કો પણ અગારા આ લેખનો વિષય હોત તો મઝકુર લેખક (માર્ટીન સાહબ)ની શોધ ખોળની દલીલ ઔર પણ પૂરી રીતે જાહેર થઇ જાત! [સંપૂર્ણ]

પ્રભુને—! (૧)

બાગમા તાગ પ્રભુ આ નિર્ધનો હુર્જન છે?
ઘર ગરીબોના બધા તુજ રાજ્યમા વેગન છે
શુ અમારી વેદનાને તુ કળી શકતો નથી?
તો પછી મળવાનુ અમને, આ મળી શકતો નથી?
ધાની નીચી નૌજમાં નહ ભુલ્યા ઈન્સાન છે
ના પ્રભુ તુ પણ બની મોટો હવ ધનવાન છે?
તેન પાછીનો કરિયે મેળ મળવાનો નથી
કોપિણ ધનવાન આગા ઘુર ગળવાનો નથી
શુ ગરીબો દુનિયે એમા જ ન્યારી શાન છે?
છે બજે તુ તને ગરીબો એનું તુજને ભાન છે?
શિર ધનવાનોના તુજ ચરણોમા નમવાના નથી
એક પ! તુજ શબ્દ આ ધનવાન ખમવાના નથી
આ પ્રભુ અમને તજી ધનવાનો પાસે જાય છે?
શુ ગરીબોની ગરીબી તુજને આવા ધાય છે?

પ્રભુનો—! (૨)

કોણ મુજથી રોષમા આવી કર ફરિયાદ છે?
કોના ઘર? કોણે કર્યા? મુજ રાજ્યમાં બરબાદ છે?
ખૂબ જાણુ છુ કે ધનવાનોને ધન પર નાજ છે,
પણ તમે ભૂલી જતા મુજ લાકી મે-આવાજ છે
છે ગરીબી મુજને વ્હાલી હુ ગરીબી વ્હાલુ છુ,
જ્યા ગરીબો મુજને પોકારે છે ત્યા જાલું છુ,
શુ કહ્યુ તમને તજી ધનવાનો પાસે જાલું છુ?
અરે! હરપળે હુ તો ગરીબોનીજ વ્હારે ધાલું છુ
જે ગરીબોને હજી મુજમાં અટલ વિશ્વાસ છે,
તે ગરીબોનીજ નાથો માથ મારો વાસ છે
નાને મૂરખ તુ બન્યો મારી સમસ્ત નાદાન છે?
વેદના જે છે તમારી તેનુ મુજને ભાન છે
આ કરો ચિંતા તમો હુ છુ ગરીબોનો "રહીમ",
હુ ગરીબીને વ્હાલું એજ મારી શાન છે

"રહીમ"

[ગુજરાતી]

"જુઠ, ઝિંદાબાદ"

અનુવાદકઃ-એફ. મુહંમદી (રંગુન)

એક રાત્રે મેં આ વિચિત્ર ઇરાદો કર્યો કે, કાલ સવારથી જુઠું બોલીશ નહીં. હંમેશા તદ્દન સચ્ચુ જ બોલીશ.

હું હજુ નાસ્તોજ કરી રહ્યો હતો કે મારા મોટાભાઇ, જે મારા પર ઘણો પ્રેમ રાખતા હતા, તેઓ હંમેશની આદત પ્રમાણે 'રિમત' કરતા આવ્યા અને મારા ખભા પર હાથ મૂકી કહેવા લાગ્યા

ભાઇ-રાતના કેટલા વાગ્યે પાછા ફર્યા?"

હું-રાતના બે વાગ્યે

ભાઇ-બે વાગ્યે? ઘણું મોડું કર્યું. ક્યાં હતા?

હું-દોસ્તોની સાથે હતો.

ભાઇ-શું કરતા હતા?

હું-શરાબ પી રહ્યો હતો.

ભાઇ-[ગુસ્સાથી] શરાબ? શું તમે પણ શરાબ પીઓ છો?

હું-હા. ઘણી શરાબ પીઉ છું.

ભાઇ-[મુઠ્ઠી ઉગામતાં] ઠીક! ઠીક! પિતાજીને આવવા દો.

હું-આવવા દો. પરંતુ સાચું બોલવાનો હું નિશ્ચય કરી ચૂકયો છું!

• • •

મોટાભાઇ બડબડાટ કરતા ચાલ્યા ગયા. હું પણ બ્હારે જવા માટે તૈયાર થયો. પરંતુ શું જોઉ છું, કે બ્હેન નવા કપડાં પહેરી દોડતી આવે છે.

બ્હેન-ભાઇજાન! આજે હું કેવી દેખાઉ છું?

હું-રોજની જેવીજ.

બ્હેન-[આશ્ચર્ય પામતાં] શું? આ કપડાંમાં હું વધુ સુંદર નથી લાગતી?

હું-જરા પણ નહીં!

બ્હેન-[શરમિંદા થઇ] તો પહેલાનાજ કપડાં સારા હતા, જેના તમે વખાણ કર્યાં હતાં.

હું-મેં જુઠી તારીફ કરી હતી

બ્હેન-[ગુસ્સાથી] તો શું હું દરેક બાબતમાં કદરૂપી છું?

હું-હા!!

આ સાંભળતાંજ તેણે રડવાનું શરૂ કરી દીધું. પણ મેં કાંઇ પરવાહ કરી નહીં અને બ્હાર નીકળી પડયો.

• • •

થોડેજ દૂર ગયો હતો કે એક પુરાના દોસ્તનો અવાજ સંભળાયો.

તે-અલ્લો! તમે છો? હું તમનેજ મળવા આવી રહ્યો હતો."

હું-[કમને] શા માટે?

દોસ્ત-ઘણા દિવસથી તમને જોયા નહોતા, તબીઅતના સમાચાર જાણવા હતા

હું-હવે તો મને જોઈ લીધો?

દોસ્ત-[શરમિંદો થઇ] હા હું એ જોઇ ઘણો ખુશ થયો કે તમારી તબીઅત તદ્દન સારી છે.

હું-[વધુ બગડેલા મને] હજી કાંઇ કહેવું છે? હું નકામી વાતો પસંદ કરતો નથી.

દોસ્ત-[આશ્ચર્ય પામીને] કાંઇ કહેવું?... હા. જરા ખીસામાં જોઇ જુઓ. તમારા ખીસામાં કાંઇ છે?

હું-હા! ઘણી ચીજો છે. રૂમાલ, નોટબુક, સીગારેટ, કેસ...

દોસ્ત–હું રૂપિયા વિષે પૂછી રહ્યો છું. કેટલી રકમ છે?

હું–એંસી રૂપિયા.

દોસ્ત–[ખંધાઈથી હસીને] દસ રૂપીઆ ઉધાર આપો. પગાર મળવાથી આપી દઈશ.

હું–[કંઈક કડક સ્વરે] તમે ઘણી વાર એવી રીતે દગો દઈ ચૂકયા છો. હું એક પૈસો પણ આપીશ નહીં.

આટલું કહી તેને ઘણાજ ગુસ્સામાં છોડી હું આગળ વધ્યો.

હવે હું એક ટ્રામમાં સવાર થયો. પરંતુ વચ્ચમાં એક બેદી સાહેબાનો પગ કચડાઈ ગયો. માફ માગવા પ્રમાણે મૂક તેની હતી. તેની ફર્ક હતી કે પગને પ્રથમથીજ સીધી રીતે રાખીને બેસો બે' બારી માંગી નહીં. બેદીએ રોષભરી નજર નાંખી કહ્યું:

બેદી–તમારે બારી માંગવી જોઇએ?

હું–બાંધ મારો નથી, તમારો છે!

બેદી–તમારે સ્ત્રીઓને માન આપવું જોઇએ?

હું–બદતમીઝ સ્ત્રીઓની ખેરખબર હું કરી શકતો નથી!

આ સાંભળતાંજ બધા મુસાફરો મારા પર ગાળો નો વરસાદ વરસાવવા લાગ્યા.

ટ્રામથી ઉતરી હું એક હોટલમાં દાખલ થયો. એક છાપાના તંત્રી સાહેબ પણ ત્યાંજ બેસતા ખાવું લઇ રહ્યા હતા. મારાથી મુલાકાત કરી ઘણાજ સન્માનથી મને પોતાની પાસે બેસાડયો, અને કહેવા લાગ્યા;

તંત્રી–આજના પત્રમાં મારો લેખ વાંચ્યો?

હું–હા વાંચી, ચકાસ્યો છું.

તંત્રી–કેવો લેખ છે?

હું–તદ્દન નકામો!

તંત્રી–[આશ્ચર્યથી, લાલ રોષી તથા ગુસ્સામાં બબડતો બોલતાં] મૂર્ખ! તું કાંઇ સમજી પણ શકે છે?

હું–[નારાજીથી] બની શકે છે કે હું મૂર્ખ હોઉં; પણ તમારો લેખ મને તદ્દન ઢંગધડા વિનાનો લાગ્યો એ તો નિઃશંકજ છે!

તંત્રી–[દાંત પીસી] બેઅદબ! વિવેક અને માણસાઇ પણ કાંઇ ચીજ છે! મારા પોતાના ગ્રેડ પર એવું કહે છે?

કદાચ તકરાર વધી પડે અને મારા હાથ પર એકાદ પ્લેટ તૂટી પડે, એનો ખ્યાલ મને આવ્યો. ચુપકીદીથી હું ઘર તરફ પાછો ફર્યો; પરંતુ ઘણો ઉદાસ.

હજી તો હું પોતાના ઓરડામાંજ બેઠો હતો કે બારણું ખખડાવવાનો અવાજ આવ્યો, અને તરતજ એક પુરુષનો મુલાકાતી ખુશીમાં ડોલતો દાખલ થયો. આજના બનાવોએ મને ઓટલા ગુસ્સામાં આણી મૂક્યો હતો કે હંમેશ પ્રમાણે હું બતાવટી આવકારી પણ કરી શકયો નહીં.

મુલાકાતી–[ગિન્નતાં] મારા આવવાથી કાંઇ તકલીફ તો નથી થઇને?

હું–જરૂર થઈ છે!

મુલાકાતી–[ઝોંચ પામતો] કમનસીબે મારી હાજરી તમને નુકસાનકારક લાગે છે?

હું–જરૂર! કમણા પણ અને ભવિષ્યમાંય કાયમી કર્તા રહેશે!

મુલાકાતી–[ગુસ્સે થઇને] તો હું ચાલ્યો જાઉં?

હું–બેશક!

આથી દરરોજ વાતો સંભળાવતો તે ચાલ્યો ગયો.

આ બનાવ પછી ઘરમાં રહેવું મુશ્કેલ થઇ પડયું. હું પાછો બહાર નીકળ્યો અને એક રેસ્ટોરાંમાં જઇ પહોંચ્યો. સદ્‌ભાગ્યે ત્યાં કોઇ બનાવ બન્યો નહીં. રાત ઘણી વહી જવાથી હું પાછો ફર્યો અને ચુપકીદીથી મારા ઓરડામાં પહોંચ્યો. જલ્દીથી બારણું બંધ કરી કપડાં બદલવા લાગ્યો. અસલમાં મને પિતાજીની બીક હતી. હું માંગતો હતો કે તેમનો સામનો થતા પહેલાંજ ઓઢીને સુઈ જાઉં. આ વિચાર કરીજ રહ્યો હતો કે દરવાજો ઉઘડયો. હું જોઉં છું તો મારા પિતાજી ગુસ્સામાં રાતા પીળા થઇ રહ્યા હતા. મને તેમણે કેટલી ગાળો કેવી કેવી વાતો સંભળાવી હશે એનો ભાર મનેજ જાણે છે!! અને મને પણ ખાતરી થઇ ગઇ કે મને "જૂઠો બોલ્યો હોત તો એવું કશુંય સંભળાવું ન પડત!" મનમાં ગાંઠવાળી કે "જમાનો જુનોજ છે! જુઠું બોલનારને જરાય તકલીફ નડતી નથી!" [સંપૂર્ણ]

રહું છું!

દઈ દોષ કિસ્મતને મારી રહું છું!
કહી ભૂલ મારી સ્વિકારી રહું છું!
હતું કાલ શું ને થયું આજ આ શું?
કરી યાદ દુઃખને વધારી રહું છું!
હસે છે જ્યાં મુજ દિલ રહી દાગ સંગે!!
નિહાળી હું બન્નેની યારી રહું છું!
લોઇ રડતો મુજને રડે છે આ આંખો,
મનાવી હું આંખોને ઠારી રહું છું!
હસે છે ના કોઈ હસે એક દુન્યા,
રડે છે બધા એમ ધારી રહું છું!
વિચારો વિચારે છે રડવું કે હસવું?
વિચારો ઉપર હું વિચારી રહું છું!
અમર નામ રહાડું રહે જગમાં તેથી,
રહું છું હું "ઉન્મત" પુકારી રહું છું!

"ઉન્મત" (રાણાવાવ)



પ્રોપ્રાઇટર
"ઝાર" રાંદેરી.

ઝાર પીલ્સ—

આ ગોળીઓ ઘણા લાંબા અનુભવ પછી જાહેરમા મુકી છે કોઇ પણ કારણે ગુમાવેલી શારીરિક, માનસિક, દરેક શક્તિઓને પાછી મેળવવામા તેમા ખાસ કરી મરદાઇ માટે છેવટનો ઉપાય કહીએ તો લગારે અતિ-શયોક્તિ નથી અતિ સ્ત્રી સમાગમ, કુટેવ, કે ગમે એ કારણે ગુમાવેલુ પુરૂષત્વ (મર્દાઇ) પાછું મેળવવામાં અમારા લાંબા અનુભવમા આજ સુધી એનાથી દમદાર ઉપાય એકે આવ્યો નથી. બેજ દિવસમા જિર્યાન, પાચનશક્તિ, ફેફાસટમા પણ પોતાનો ગુણ બતાવવો શરૂ કરે છે. અને શરીરમાંથી સુસ્તી, ઢીલાપણું, કમર, માથા, સાંધા અને રગોના દુ:ખાવાઓને દૂર કરે છે. એમા કસ્તુરી, અબ્બર અને સોનાની ભસ્મ જેવી કીમતી વસ્તુઓ હોવા છતા માત્ર પબ્લિકના લાભાર્થે ૩૨ ગોળીઓની કીમત રૂા ૬-૦-૦ પોસ્ટ ખર્ચ જુદો.

ઝાર તિલા—

આ તિલામા સર્વથી વધુ ખુબી તો એ છે કે એના ઉપયોગથી કોઇપણ રીતની જલન કે ફોલ્લીઓ થતી નથી તેમ એને લગાડી પાન કે પાટો બાંધવાનીયે અગત્ય નથી મસળતાંજ ચામડીમા ઘુસી જાય છે. રગોની નબળાઇને દૂર કરવામાં આ તિલો બરોબર ચમત્કારી છે, હજારો રૂપીઆ ખર્ચે જે લાભ ન મળે તે લાભ માત્ર અઢી રૂપીઆમા મેળવી શકાય છે. કીમત ૨-૮-૦ (અઢી) પોસ્ટ ખર્ચ જુદો

આનંદ રસ—

આ વિચિત્ર તિલો મર્દાઇ અને ઇમ્સાક (વીર્ય સ્તંભન) માટે ખાસ છે ગરીબોને ખાસ લક્ષમા રાખીને આ કીમતી તિલો બહાર મુકયો છે. એના ઉપયોગથી ખાસ જલ્યામા સખ્તી અને ઇમ્સાકમાં બેવડો વધારો થાય છે. કીમત ડબ્બીનો રૂા ૧) પોસ્ટ ખર્ચ જુદો

મુકવ્વી વ મુમ્સિક—

કસ્તુરી, અબ્બર, સોનાની ભસ્મ જેવી કીમતી વસ્તુઓ વડે તૈયાર કરવામા આવેલી આ દવા ઇમ્સાક અને મર્દાઇ માટે અજોડ છે જિર્યાન, (ધાતુસ્ત્રાવ) ધ્વજભંગ, (સ્વપ્નદોષ) તેમજ વીર્ય વિકારની દરેક કર્યાદો આ દવા માત્ર બેજ દિવસમા દૂર કરે છે. શોખીનો માટે આ દવા ખાસ છે. એક તોલો દવા બાર દિવસ ચાલે છે કીમત તોલા એકનો રૂપીઓ એક, પોસ્ટ ખર્ચ જુદો.

દવાએ સુઝાક—

આ પીવાની દવા છે ગમે એવા નવા કે જૂના પરમિયાને મટાડે છે. હજારો માણસો સારા થયા પછી આ દવા પબ્લીક સનમુખ ધરી છે. એક શીશી સાત દિવસ ચાલે છે. સાધારણ બીમાર માત્ર એકજ શીશીમા સારો થઇ શકે છે. ગમે એવા જુના પરમિયાને માત્ર બે શીશી કાફી છે. ઇન્જકશનો વડે પોતાનું ભવિષ્ય બાયમાલ ન કરતાં એક વાર આ દવા સેવા અમારી ભલામણ છે કીમત શીશીનો રૂપીઓ દોઢ, પોસ્ટ ખર્ચ જુદો. (રૂબરૂમા પરમિયાનો શર્તીયા ઇલાજ કરીશું)

હિન્દ બહારથી મંગાવનારાઓએ બ્રીટીશ પોસ્ટલ ઓર્ડર Manager, The Rander Unani Pharmacy : ના નામે મોકલવો. ફાર્મસીમા મળતી દરેક દવાઓનું સૂચિપત્ર મુફ્ત મોકલવામા આવશે. લખો અથવા મળો :

મેનેજર **ધી રાંદેર યૂનાની ફાર્મસી**

રાંદેર, Rander, Dist. Surat.

આકીસના એજંટ -Union Printing Works 91, Victoria Street, Durban (Natal)

સમાજ તહારા વાંકે.....

લેખક : વલીભાઇ માસ્તર "વલી"

મ્હારી ડાયરીનું આ પ્રથમ પાનું, ૧૯૬૯ની એક સનસનાટીભરી રાતનો બનાવ છે. કોઈ એક અગત્યના કાગળને હું બરાબરથી મુંબઇ જઈ રહ્યો હતો. પાણી પીજીને બરફ થઇ જાય એવી એ શિયાળાની ઠંડી રાત હતી. ઠંડીએ કાબુ લીધો હતો. પ્રત્યેક વસ્તુ પર પોતાનો પ્રભાવ જમાવી રહી હતી. ટ્રેનની વિજળીક ગતિ અને આસપાસ ખાઈ ખાઇને મુસાફરોના માથા પર વાગતી ઠંડી થપાટો.

મ્હારા હાથ પગ શીંગડા થઇ ગયા હતા. ઠંડીના આક્રમણે ઝબાન થોથવાઇ જતી ટુંટીઉ વળાઈ બિસ્તરામાંથી ખેંચી કાઢેલી શાલ ઠંડીને ખાળવા દેહને લપેટી બીડીના સરવાકા ખેંચી રહ્યો હતો. બીડીની ક્ષણીક ગરમી કંઇક આશ્વાસન આપતી અને હું જરા ટટ્ટાર થતો.

ભયનક ચિત્કાર કરતી રાત વહેતી હતી. સાથે ટ્રેન પણ મ્હારા ડબ્બામાંના મુસફરો કોઇનો અર્ધ ઢંકાયો દેહ, તો વળી કોઇ પહેરેલાંજ કપડાં ભેર, તો કોઇ વળી નાક લૂંછવાનો રૂમાલ કાને બીડી, આમ એક યા અનેક; કોઇ લાંબી કોઈ ટૂંકી. મંજિલ કાપનારા માનવ સમુદાયનો શાંભુમેળો, જાણે નિર્જીવ કે જડ વસ્તુની માફક પોતપોતાના સ્થાન પર ગોઠવાઇ રહ્યો હતો.

વચ્ચે વચ્ચે કયારેક બીડીઓની ચિનગારી ચમકીને બૂઝાઇ જતી. એકાએક ટ્રેન અટકી મેં એક બારીની ફાટક ઉંચી કરી. ધુમ્મસના ગોટા જેવી ઠંડીના મૂખમાં માથું માથું. લોક-સમુદાયની આછી અવર જવરમાં જાણે શકયો વસ્તાડા...

ત્યાં તો એકાએક મ્હારા ડબ્બા તરફ ઓવર કોટમાં લપેટાઇને ધસી આવતી એક યુવતીને જોઇ. શિકારીના ડરથી ભાગતી પાછું જોતી હરણીની માફક મ્હારા ડબ્બા સમી આવી પહોંચી. અને ધીમેથી ડબ્બાની બારી ઉઘાડી... હાથમાં એક વજનદાર આશરે બે ફૂટ લાંબી અને એક ફૂટ પહોળી ઉંચી એવી એક ટ્રંક હળવેથી ઉપર ચઢાવી પોતે ચઢી ગઇ. ટ્રંકને બેઠકની નીચે ગોઠવી ઉંડો શ્વાસ ખેંચી બેસી ગઇ.

સભ્યના ખાતર હું જરા સ્વસ્થ થયો બીજા એક વરસની દરકાર પણ કીધા મુખ્ય તરફ મ્હારી નજર ચોંટી. જોઇ કે કૂપરાણી તો હતીજ. પરંતુ આયમતા-સૂર્યના પીળા અજવાળા જેવી મ્હને તો લાગી.

હું ખામોશ હતો. નજર કયારેક વળાંક ખાઈ લેતી. તેણીના વર્તન પરથી કાંઇક ગભરાયલી દેખાતી. ફીક્કો પણ રંગીન હોઠ વાચા માટે તલસતા હોય એમ મ્હને લાગ્યું અને ત્યાં તો મ્હને ઉદેશીને "થેન્કીજ સભ્યત ટાઢ છે નહિ વારૂં?" કહી ટપકા પડી ભાંગા કાંઇક વિવેકભરી મ્હને લાગી. અને બોલવાનો અંદાજ પણ કાંઇક બેચાણકારક. ન છૂટકે મ્હારે સૂર પૂરવો પડ્યો "હા."

ફરી તેણીની મીઠાશભરી વાણી વહેતી. "તો આપ મુંબઇ જઇ રહ્યા છો?"

મ્હેં ફકત ડોકુંજ ધ્રુણાવી જવાબ વાળી દીધો.....

"હું પણ મુંબઇ જતેં હું એ સારૂં થયું કે તમે મળ્યા. આપણો સમાગ ઠીક રહેશે. મ્હારા પતિ ત્યાં સેક્રેટરીએટ ઑફિસમાં કલાર્ક છે. તેમનો પત્ર આવ્યો કે મ્હારી તબીઅત ઠીક નથી. કાંઇક તકલીફ રહે છે, જલ્દી ચાલ્યાં આવો. કાલે અહીં મારા બનેવીને ત્યાં



એક રાત રોકાઇ આજે મુંબઇ જઇ રહી છું".

તેણી તો એક પછી એક વાતો કરતીજ રહી. અને શિષ્ટાચાર ખાતર હું સાભળતોજ રહ્યો. આખર મુંગઇના તારક દીવાઓએ દર્શન દીધા. મ્હારી પાસે બિસ્તરા સિવાય સામાનમા કાઇજ હતું નહિ એટલે મે જાતેજ બીસ્તરો ઉતારી ચાલવા માડયું. પરંતુ પેલી યુવતિએ કમ્પાર્ટમાથી ઉતરતાજ બૂમ મારી. "પ્લીઝ વેઇટ ફૉર મી" આપણે સાથેજ જાશીએ"

"ઘણુંજ સારૂં!" કહી મ્હેં ટ્રંક ઉતારવામાં મદદ કરી. સામાન ઉઠાવનાર કુલીઓ દોડાદોડ કરી રહ્યા હતા હમારી પાછળ પણ બે કુલીઓ ઝગડતા પડયા હતા પરંતુ તેણીએ પોતાની ટ્રંક આપવાની ધસીને ના કહી

ટીકીટ આપી હમો વેરાન્ડામાંથી પસાર થઇ ગયાં, ત્યાં એને કંઇ યાદ આવ્યું હોય તેમ... અટકી "હું, જુએને આપ જરા મ્હારા માટે થોડીક તકલીફ ન લો?" મ્હેં કહ્યું: "કહી નાખોને?" ફીકકા મુખડા પર બનાવટી હાસ્યની આછી પાતળી રેખાઓના ભાવ પ્રદર્શિત કરતાં બોલી,

"આપ જરા પદર મિનીટ થોભો. આ મ્હારી ટ્રંક હું અહીં મુકું છું એને સંભાળી જરા ઉભા રહો હું હમણુંજ વળતા પગે આવું છું. અહીં રેલ્વે કવૉર્ટરમાં મ્હારી માસીની એક દીકરી સ્ટેશન માસ્તરના ઘરમા છે. જરા જરૂરી સંદેશો છે હમણુંજ પહોચાડી આવું છું. કયાક વળી પાછો શોરબકોરમાથી આવવાનો પ્રસગ સાંપડે કે ન સાંપડે.."

મ્હેં માથું ધૂણાવી કહ્યું: "બધી ખુશીથી આપ જરા રોકો છો, અને તણી રેલ્વે કમ્પાઉંડની ઓરડીઓ તરફ ત્વરિત ગતિએ ચાલ પડી.

પંદર મિનીટ, વીસ, પચ્ચીસ, એક કલાક... ટાવર બેલ એક પછી એક ડંકા મારતોજ રહ્યો. લગભગ બે કલાક વીતી ગયા ટાઢમાં ગુંચળું વળાઇને બાંકડા પર બેસી હું થાકયો પરંતુ તેણી ન આવી. મ્હારો ધાટ ચોખીના કુતરા જેવો થયો.

છેવટ સાંથી પસાર થતા કુલીને બૂમ મારી ઉભો રાખ્યો. ગાંઠના બે પૈસા ચાલના આપવાના કરી રેલ્વે કમ્પાઉંડની ઓરડીઓ તરફ (સંગાથીની શોધમા) નીકળી પડયો શોધ કરતાં ન તો કોઈ ઓરડીનું દ્વાર ખુલ્લુ જોયું; ન આદો કોબાહલ. પીલા મૂએ બાંકડા તરફ પાછો ફર્યો. ઘણોજ વિચાર કર્યો; કલ્પના એક પછી એક ઢંકાઇ જતી પણ સમજ ન પડી. આખરે છેવટનો નિર્ણય કરી ટ્રંક કુલી પાસે ઉઠાવાવી પોલીસ ચોકી તરફ રવાના થયો તમામ હકીકતથી પોલીસને વાકેફ કર્યો ટ્રંક પોલીસે કબજે લીધી અને નિશાનીઓ ટાંકી મ્હને વિદાય કર્યો પોલીસ દાદાની ચાદી પૂછપરછમાં બીરસાના આઠ આનાનો ચટકો કરી છુટકારાનો દમ મેળવ્યો ..

ત્રીજા દિવસે હું મ્હારા એક મિત્રની દુકાને બેઠો હતો. રોડ પરથી પસાર થતા ફેરીયાએ બૂમ નાખી "નયા સંસાર!" "મુંબઇ પોલીસના હાથમાં આવેલી એક બેદ ભરી ટ્રંક" જોગાયી તરતના જન્મેલા બાળકની મળી આવેલી લાશ...વાંચો કિંમત બે પૈસા. હું ચમકયો તરતજ મેં એક કોપી ખરીદી ઉપર મુજબના કકરાના છેવટમા હતું લાશ સાથે મળી આવેલા કવરમાં ફકત એટલુંજ હતું...સમાજ તલાક વાંકે? મ્હારી આખે અધારા આવી ગયા. મ્હારા મિત્રે પકડી ન રાખ્યો હોત...તો હું જરૂર ગબડી જાત...!

સિદ્ધિ.....ના.....સન્માર્ગ

રજુ કરનાર : "ગાફિલ"

(સર્વ હક્ક લેખકને સ્વાધીન છે)

૨૮૨

તમારે શ્રીમંત થવું હોય તો થજો, પણ વિધવાઓને રડાવી કે યતીમોનો માલ પચાવીને ધનવાન થવાની નીચ મનોવૃત્તિ કેળવશો નહિ. અન્યની અમાનત પચાવીને પૈસાદાર થવા કરતાં પ્રમાણિક મજુરી દ્વારા મેળવેલું અલ્પ ધન તમારું ગૌરવ વધારશે. તમોને વધારે સુખી બનાવશે.

૨૮૩

પ્રત્યેક સારા કાર્ય માટે "આજ" કરતા "હમણા"ની ભાવના વધારે કેળવજો "પછી" અને "આવતી કાલે" કહેનારાઓ અન્ય એકંદર લોકો કરતાં પછાત પૂરવાર થયા છે. તકનો તત્કાળ લઇ શકાય તેટલો લ્હાવો લઇ લેવો, એજ જીવન સિધ્ધિની એક માત્ર ચાવી છે.

૨૮૪

જરાક વિલંબ પણ કેટલીક વખતે અનેક આફતો વચ્ચે આપણને મૂકી દયે છે. માટે "જરાકજ મોડું થયું" એવો પ્રસંગ આવવા દેશોજ નહિ.

૨૮૫

વર્ષોની મહેનત ઉપર પળવારમા પાણી ફેરવી દેનાર ત્રણ વસ્તુઓ છે. વિવેક અને નિશ્ચયનો અભાવ તથા ક્રોધ. એ આપણે હંમેશા યાદ રાખવું જોઇએ.

૨૮૬

ગમે તે કાર્ય હોય, પણ જ્યાં સુધી આપણે તેને સારી રીતે સંપૂર્ણ કરીશું નહિ, ત્યાં સુધી તે આપણને અલ્પ લાભ પણ આપી શકશે નહિ, એવી વખતે પુષ્કળ કાર્ય કરનારની કાર્ય પદ્ધતિમાં ચોક્કસ પ્રકારની ખામીઓ રહી જવાનો વિશેષ સંભવ હોય છે.

૨૮૭

પળ માત્ર પણ ગયેલી પાછી આવતી નથી, તો દિવસો ગુમાવનારને શી ઉપમા આપી શકાય ?

૨૮૮

લાંબા વખત સુધી પસ્તાવું પડે એવી ત્રણ વસ્તુઓ છે, ચોક્કસ સંજોગોમા અલ્પ મદદ આપવા માટે કેટલી અવિચારી આનાકાની, સામાવાળાનો હેતુ સમજી લીધા પહેલાં બેપરવાઇભર્યો આપેલો જવાબ, અને રથળ કે સંજોગનો ખ્યાલ કર્યા વગર ફેંકેલી માત્ર એકજ ક્રોધ પૂર્ણ દ્રષ્ટિ.

૨૮૯

ક્રોધ ચઢે ત્યારે એક શબ્દ પણ બોલશો નહિ. કારણ કે જ્યારે તમે આવેશમાં હશો, ત્યારે વધારે પડતું અને અયોગ્ય બોલી નાખશો. પાછળથી પશ્ચાતાપ થાય એવું કોઇ પણ તમે કરી જશો. માટે ક્રોધ ચઢે ત્યારે શાંત સ્વસ્થ અને ગંભીર બની પડેલાં એક શબ્દ પણ ઉચ્ચારશો નહિ, આમ કરવાથી તમે તમારું પોતાનું, અને સામાવાળાનું અયોગ્ય નુકસાન થતુ અટકાવી શકશો.

૨૯૦

આપણને જ્યારે કોઇએ કંટાળો આપ્યો હોય ત્યારે મૌનજ સેવવું વધારે ઉચિત છે.

ક્રોધ અને કંટાળા વખતે જો આટલી વાતનું યે સ્મરણ રહે, તો માનવ જગતનાં અર્ધ સંતાપો ઓછા થઈ જાય.

૨૬૧

આરોગ્યનો નાશ એકજ ખરાબ વર્તનથી થઈ જાય છે. એ યુવકો ન ભૂલે તો સારૂં.

૨૬૨

જેને કશુંજ કાર્ય કરવાની ઇચ્છા ન હોય, તેવાઓએ તકાળ નષ્ટ થઈ જવું જોઇએ, કારણ કે નિરૂદ્યમી માણસોની આ દુનિયા ઉપર જરૂર નથી.

૨૬૩

આખું દ્રવ્ય ન મેળવી શકાય, તો તૂટ્યા નહિ, પણ મનુષ્યત્વ તો વધારેમાં વધારે પ્રાપ્ત કરવાના પ્રયત્નો આપણે કરવાજ જોઇએ. કારણ કે પૈસા અને ડીગ્રીઓ કે ખિતાબ કરતાં ઇન્સાનીયત વધારે જરૂરી છે.

૨૬૪

સંકટો, રૂકાવટો કે મેહનત કરવી પડે તેના ધંધાને ધિક્કારશો નહિ. જે ધંધાને જેહમતનાં અંગે સહુ કોઇ લક્ષ દે છે, તેજ ધંધામાં પરિશ્રમ કરનાર પૈસો મેળવે છે. માટે ધંધાની પસંદગીમાં દેખાદેખી કરશો નહિ. અમુક ધંધામાં અન્ય લોકોએ પુષ્કળ પૈસા મેળવ્યા હોય, તેટલા માટેજ તે ધંધાની પસંદગી કરવી એ વાહીયાત પ્રથા છે. ધંધાની પસંદગી પોતાની પૂંજી અને પોતાની લાયકાતને અનુસરી થવી જોઇએ અન્યનાં મત ઉપર ચાલનાર પ્રત્યેક ધંધાદારી કાંતો પરવશ હોય છે, ને કાંતો દેવાળું કાઢે છે.

૨૬૫

ઓછી મેહનતે શીખી શકાય, એવા ધંધાની બેવકુફોનાં યુવકો પૈસાથી, શરીરથી કે ચારિત્ર્યથી જોતજોતામાંજ પાયમાલ થઈ ગયાનાં અનેક દૃષ્ટાંતો રહેજે મળી આવે છે.

૨૬૬

અતિ વિચાર કરનાર, મહત્વ વિનાની બાબતોમાં ગુંચવાઈ જનાર, અને સર્વની વાતો ઉપર ધ્યાન આપનાર માણસની પોતાની નિર્ણય શક્તિ ગુમ થઇ જાય છે, તે નિશ્ચયપૂર્વક કોઈ પણ કામ કરી શકતો નથી, ચોકકસ ભોગો આપવાની તત્પરતા સાથે પ્રત્યેક મનુષ્યે તત્કાળ નિશ્ચય ઉપર આવી જવાની ટેવ કેળવવી જોઇએ. કોઇ પણ, મહાભારત કાર્યનું પરિણામ તો માત્ર છેલ્લી એકાદ બે પળો વચ્ચેજ સમાયેલું હોય છે, માત્ર દૃઢ નિશ્ચયથી થવાની અત્યંત આવશ્યકતા છે.

૨૬૭

પ્રત્યેક કાર્યમાં મુશ્કેલીઓ તો ઓછા વત્તા

રાંદેરની મુલાકાત લેતાં
કયાં જમશો?
ધી પાગલ કૉટેજ
રેસ્ટોરાં.
ઉમરૂ ફલીયા, રાંદેર.
જ્યાંની દરરોજની નવી નવી
વાનગીનો ટેસ્ટ તમારા મોઢામાં
યાદદાશ્ત રૂપે રહી જશે.
માલિક:- ઇ. એસ. મેકુજી

પ્રમાણમાં હોયજ છે. પરંતુ પ્રચંડ મુશ્કેલીઓ આવી પડે ત્યારે પણ આપણામાં અનિશ્ચિતતા આવવી ન જોઇએ. અસ્થીર થનાર માણસ પોતાની મહેનત અણીના પ્રસંગે બરબાદ કરી નાખે છે. વિજયની છેક છેલ્લી ઘડીએ ત્યકુન થનાર માણસની મેહનત ઉપર પળ માત્રમાં પાણી ફરી વળે છે.

૨૯૮

નિશ્ચય વિનાં સિદ્ધિ નથી, અને નિશ્ચય વિનાં ચિત્તની એકાગ્રતા પણ અશક્ય છે, અને જ્યાં ચિત્તની એકાગ્રતા ન હોય, ત્યાં વિજયને સ્થાનજ કયાંથી હોઈ શકે? કાર્યને એકાગ્રચિત્તે ન કરનાર, કાર્યને મુલતવી રાખનાર, અને કાર્ય ઉપર ચોક્કસ ધ્યાન ન આપનાર પ્રત્યેક માણસના ભાગ્યમાં નિષ્ફળતા લખાયેલી છે નિશ્ચય વિનાનાં પ્રમાદી અને કાળજી રહિત ઇન્સાનો વિજયને વરી શકતાજ નથી.

૨૯૯

મુલતવી ન રાખવું, અને તત્કાળ કરવું એ આજનાં યુરોપના જીવન મંત્ર હોવા જોઇએ.

૩૦૦

અન્યનાં દોષો પ્રત્યે નજર કર્યા વિના, પોતાના દુર્ગુણો દૂર કરવાનાં સતત પ્રયત્ન કરવાં, એ મનુષ્ય માત્રનો ધર્મ છે. અન્યની ત્રુટીઓ શોધનારમાં ખુંપદ. કિંવા ખુદ પસંદી નો દુર્ગુણ વિકસે છે.

૩૦૧

બેકારી, અર્થાત ધંધાની ગેરહાજરી ને વિશ્રામની પળો ન કહી શકાય. પ્રમાદ બેકારી આણે છે, ને પ્રમાદ જ જીવતાં ઇન્સાનની કબ્ર સમાન છે. પ્રમાદી મનુષ્ય જીવતા છતાં મૃત્યુ પામેલા બરાબર છે.

૩૦૨

ગુમ થયેલી અન્ય બેદરકારીમાં માત્ર સમય કે તકજ છે, કે જેને પાછી મેળવવા માટે ઇન્સાન અશક્ત છે. ગુમ થયેલું દ્રવ્ય ઉદ્યોગોદ્વારા પુનઃ પ્રાપ્ત કરી શકાય, નષ્ટ થયેલી શારીરિક શક્તિ વ્યાયામ અને મિતાહારથી પાછી મેળવી શકાય, ભૂલાઇ ગએલું જ્ઞાન અભ્યાસથી ફરી તાજું કરી શકાય પણ બેદરકારીથી વેડફી નાખેલો માત્ર એકાદ કલાક પણ કોણે પાછો મેળવ્યો છે, કે આપણે મેળવી શકાએ.

૩૦૩

મનુષ્યને વિનાશને પંથે દોરવી જનાર માત્ર પ્રમાદજ છે. પ્રમાદથી ઇન્સાન ત્વરિત

ધંધ માસિક "માંદગી"

ફકત ત્રણજ દિવસની અંદર 'શ્રી નોટ' ગોળીઓથી ચાલુ થાય છે. માસિક અડચણની કોઇપણ ફરિયાદ માટે રૂબરૂ મળો. દવા સાથે ગેરંટી પત્ર આપવામાં આવે છે. કીંમત રૂ. ૫-૮-૦ પરદેશ રૂ. ૧૦

—:ગર્ભ રહેતો અટકાવવા:—

"રાહત" દવા ફકત ત્રણજ દિવસ ખાઇ લેવાથી જીંદગી ભરમાં કદી ગર્ભ રહેતો નથી. માસિક ચક્રમાં કોઇજાતનું નુકસાન નહિ. ડૉક્ટર વૈદોએ અજમાવેલી દવા સાથે ગેરંટી પત્ર એકલવામાં આવે છે. કીંમત રૂ. ૫-૮-૦ પરદેશ રૂ. ૧૦

ડૉ. એસ. એચ. ખાન,
૪૨ ચર્ચગેટ સ્ટ્રીટ, મોનજીની સામે
કોટ, મુંબઇ, ફોન. ૨૧૩૪૩.



બનાવી જાય છે બોજારૂપ જાય છે, નષ્ટ પામે છે જ્યારે ઉદ્યોગ ઇન્સાનનો પ્રાણરક્ષક છે ઉદ્યોગથી ઇન્સાન સશક્ત અને દીર્ઘાયુષ્ય થઈ શકે છે પ્રમાદી માણસનું મગજ એ શેતાનનું શિક્ષણ સ્થાન બની રહે છે જગતની જોખમો વિશેષ કિ ઘણી લોકોનેજ આપણે જોઇએ છીએ જેને સ્વેચ્છાએ કંગાલ થવું હોય તેજ અળસને અપનાવી શકે કારણ કે ઉદ્યોગી પુરુષ કંગાલ થયોજ નથી, થતા પામ્યોજ નથી

૩૦૪

ઘણાક માણસોમાં એવી ટેવ હોય છે. બે કલાક બે દીવસ પછી એ, સામટું પુંકળ કાર્ય કરી લેવું, એમ તેઓ કહે છે ને માને પણ છે, પણ બરી રીતે આવાં લોકો કયારેક પોતાના કાર્યોને તેના યથાર્થ દરજ્જામાં આરોપી શકતા નથી તેમનો પ્રમાદ તેમની પળોને ચોરી લ્યે છે થોડીક પળો થાની જવા માટે તેમને લલચાવે છે, અને પછી તો માત્ર એકજ પળની લાલચ આપી તેમની તક ચુમારી લ્યે છે માટે ઇન્સાને પોતાની એકેક પળમાંથી નીચોવી નીચોવીને, (એમ પૂરો નીચોવીએ છીએ તેમ) તત્વ કાઢી લેવા જોઇએ

૩૦૫

સર્વોત્તમ પ્રકારના સદ્‌ગુરુઓ અતિશય લાલચ પાલન દ્વારા નિર્માણ પામતા નથી, પણ સાચા અને સત્તાધીશ સદ્‌ગુરુઓને જન્મ આપનાર માં-બાપો છે ઘડીકના ચંચળ લાલચ-પાલને અનેક પુત્રો। જેવના સાચા પાઠ પૂરી દીલના કે સમ્પાર્થી મનુષ્ય રત્ન ગુરુઓ બીને છે લાલચ-પાલન ઇન્સાનિયતનો અંત આણે છે મુસ્લિમ સમાજમાં આનાદની અર્થોત્ય ઇજાઓ પૂરી પાડવાની અરબી પ્રથા વર્ષોથી ચાલી આવે છે ને તેનો હજુ સત્વર અંત આવે એ દરેક ઇચ્છા રાખે છે

૩૦૬

પુસ્તકોની પસંદગી એ એક અગત્યનો પ્રશ્ન છે આપણે માત્ર તેવાજ પુસ્તકોની પસંદગી કરવી જોઇએ, કે જેના વાચનથી આપણું નિયારો ઉન્નત થાય શક્તિઓનો અને તકોનો સર્વોત્તમ રીતે લાભ લેવાની પ્રેરણા આપનાર પુસ્તકોનેજ આપણે જોઇએ જીવનની જરૂરીયાતોમાં સાર વાચનનો પણ સમાવેશ થઈ જાય છે એ યાદ રાખવું ઘટે છે.

૩૦૭

આપણી પાસે જે હોય એની અનેક વસ્તુઓમાં આપણી અજ્ઞાતાના અંગે આપણને સુખની ઝાંખી થાય છે પણ એ માન્યતા સદંતર જૂઠ ભરેલી છે. કારણ કે કટલીક વખતે જોવું થાય છે, કે વસ્તુની પ્રાપ્તિ પછી આપણે જીવનના ઉલ્લાસનો અંત આવી રહે છે માટે આવી ઘેનછથી આપણે સર્વદા અળગા રહેવું જોઇએ

૩૦૮

પૂરેપૂરા થાવા વિના સાચું જ્ઞાન મળી શકતું નથી તેમજ એકજ વખતે અનેક કામ ઉપર લક્ષ આપનાર માણસ સાચા સુખનો ભોગી થઈ શકતો નથી [અપૂર્ણ]

ગઈ કાલ માગે છે!

લે! આલિક તુજ દે આનીને,
એક કંગાલ માગે છે!
ન એ ઘર-બાર માગે છે,
ન એ ધન-માલ માગે છે!
ન ઇશરત-ઐશ માગે છે,
ન એ આરામ માગે છે!
એ એની "આજ" ના બદલે
ફક્ત 'ગઈ કાલ' માગે છે!

"ઉન્મત"

ગુજરાતી અને મરાઠી પુસ્તકોની ટીકા

ટીકા—ટીકા એટલે પુસ્તકમાં રહેલા ગુણદોષ બતાવવા તે. ટીકા કરવી એટલે પુસ્તકમાં રહેલા ગુણદોષ બતાવવા. ટીકા કરનાર ટીકાકાર કહેવાય છે. ટીકા કરવી એ ટીકાકારનું કામ છે. ટીકા કરવી એ સહેલું કામ નથી. ટીકા કરવી એ ટીકાકારની ફરજ છે. ટીકા કરવી એ ટીકાકારનો ધર્મ છે. ટીકા કરવી એ ટીકાકારનું કર્તવ્ય છે. ટીકા કરવી એ ટીકાકારની જવાબદારી છે. ટીકા કરવી એ ટીકાકારની જવાબદારી છે. ટીકા કરવી એ ટીકાકારની જવાબદારી

હઝરત સલમાન ફારસી (ર૦ અ૦)

(-સર્વ હક્ક સ્વાધીન-)

લેખકઃ-ઈમામુદ્દીન સદરૂદ્દીન દરગાહવાલા નવસારી

આ તહકીકી-નિબંધ ત્રણેક વર્ષના પરિશ્રમનું ફળ છે છતાં કહેવા દો કે તે હજી અપૂર્ણ છે. આ નિબંધની સમાપ્તિ પછી પણ હઝરત સલમાન ફારસી (ર. અ.)ના જીવન વિશેની માહિતીઓ મને મળતીજ રહી છે, જો આ નિબંધ પુસ્તક સ્વરૂપમાં છપાવવાનું ભવિષ્યમાં શક્ય બન્યું તો આમેજ કરી લેવામાં આવશે. ઈમામુદ્દીન દરગાહવાલા.

હઝરત સલમાન ફારસી (ર. અ.)નું ખાનદાન

હઝરત સલમાન ફારસી (ર૦ અ૦)ના ખાનદાનની હકીકત ઘણીજ અંધારામાં છે, અને તે ઘરાનના કયા પરગણામાં પરતું હતું એના વિશે પણ ભારે મતભેદ છે. એમના પિતા મજૂસી અર્થાત ઝરથોસ્તી હતા, એમાં તો કોઇ શંકા નથી પરંતુ તેઓ ધર્મગુરૂ હતા, જમીનદાર હતા કે વેપારી હતા એનો કોઇ નક્કર પુરાવો હજી જડયો નથી. હઝરત સલમાન ફારસી (ર૦ અ૦) ધર્મગુરૂ વંશમાં જન્મ્યા હોય કે ન હોય; પરંતુ તેઓ એક ધર્મશ્રદ્ધાળુ કુટુમ્બમાં જન્મ્યા હતા એ વિષે જરાયે શંકાને અવકાશ નથી. હઝરત સલમાન ફારસી (ર૦ અ૦)એ હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (ર૦ અ૦)ને જણાવ્યું હતું, કે "અમારૂં ખાનદાન આતિશ પરસ્ત હતું. હું મારી આ બંદગીના સમયમાં આતિશ પરસ્તીમાં તન્મય રહેતો હતો, અને ચોવિશે કલાક આતિશ રોશન રહે એ મારી કામગીરી હતી." (૧) એઓ ધર્મગુરૂના નબીરા હોય કે ન હોય છતાં એ વાતમાં શંકાને સ્થાન નથી, કે તેમના મકાનમાં જો આતિશ કદહ ન હશે તો તેઓ જે મહોલ્લા કે ગામમાં રહેતા હતા, ત્યાં એક મોટું આતિશકદહ જરૂર હતું. એ આતિશકદહની વ્યવસ્થા એમના પિતાના હસ્તક હતી એટલે એમના પિતાએ પાછળથી એ કામ હઝરત સલમાન ફારસી (ર૦ અ૦)ને સુપુર્દ કર્યું હોય તો તેમાં નવાઇ નથી.(૨) કેટલાક લેખકો, હઝરત સલમાન ફારસી (ર૦ અ૦)ના પિતા ઇસ્ફહાનના એક નામાંકિત વેપારી અને પ્રતિષ્ઠિત શહેરી હોવાનું જણાવે છે.(૩) એટલે જો તેઓ ધર્મગુરૂ વંશમાં જન્મ્યા હોય તોય તેમના માટે એ વાત ગર્વનું કારણ છે, અને જો તેઓ એક વેપારીના પુત્ર હોય તો પણ એ વાત ગૌરવને પાત્ર છે.

હઝરત સલમાન ફારસી (ર. અ.) ના પિતાના નામ સંબંધમાં પણ ઘણી મતફેરીઓ જોવામાં આવે છે, તેવીજ રીતે એમના પોતાના મૂળ નામ સંબંધમાં પણ ભારે ગુંચવાડો મૌજુદ છે. કોઇ લેખક એમનું નામ માયા અને એમના પિતાનું નામ બુઝખશાન બતાવે

---

(૧) "સલમાન ફારસી ઔર ઉન્કા ઈસ્લામ" પૃષ્ટ ૩

(૨) "તારિખુલ ઔલિયા" ભાગ ૧લો પૃષ્ટ ૨૨૦-૨૨૧ અને "કરિશ્મએ મહદત" પૃષ્ટ ૫-૬

(૩) "નિઝામ" (ગુજરાતી માસિક) પુસ્તક ૩જું, અંક ૭મો, રિજ્જબ હિ. સ. ૧૩૫૬ અને "સલમાને ફારસી ઔર ઉન્કા ઇસ્લામ" પૃષ્ટ ૩

છે અને આ મુજબ [illegible] છે. પાયા [illegible] મુઝફ્ફરશાહ [illegible] મુરસલાન [illegible] બદમુહાન [illegible] ફિરોઝ બિનુ સઇદક અલ્લે સઇદક અલ્લ મલકની ઔલાદમાથી હોવાનુ લખે છે (૪) એક બીજો લખક એમના પિતાનુ નામ ફરીદુન સોદરાજ જણાવે છે (૫) એક ગ્રથકાર એમની વશ વળી ત્રણેની વશાવળીથી જુદી જ [illegible] આ મુજબ બતાવે છે મારુફ બિન ખુજખ શાહ બિન મુસલમાનશાહ બિન બદમુહમ્મદ બિન ફિરોઝ બિન સઇદ અને સરદ હજરત મુસા (અ સ) પૈગમ્બરના વશજ હોવાનુ કહે છે (૬) જે ગા। મને માત્ર છાપ-ભૂત લાગે છે પ્રખ્યાત અખબારી મોનાના નિયમ ફતહપુરી [illegible] સૈયદ મુહમ્મદ નામ મુજબ અથવા [illegible] જણાવે છે, અને ઈરફાનના નજદીક આવેલા ઇયાનુ નામના ગામડાના [illegible] હોવાનુ લખે છે (૭), એક બીજા લેખક એમનુ પુરા નામ હસનુર દીનયાર હતુ એમ જણાવે છે (૮) શેઠ પ્રાણજીવન બજેરજી, દેસાઇ જેવા વિદ્વાન હજરત સલમાન ફારસી (૨ અ)ને પરસી બોલે દસ્તુર દીનયારના નામે ઓળખે છે, અને તેમના ભાઈનુ નામ મુહદી [illegible] બિન, શુખ્સાન હોવાનુ જણાવે છે (૯) પરતુ હજરત સલમાન ફારસી (૨ અ)નો કોઇ ભૂલે કતો એવુ બીજા ઐતિહાસોથી જણાતુ નથી. વળી તેઓજ ઇસ્લામી ઇતિહાસકારો પૈકી મીરખુવન્દ "રૂજતુસસફા" તા હવાલા આપી લખે છે કે હજરત સુલમાન ફારસી હય નામના ગામના વતની હતા, અને એક તવગર ખેડૂતના નબીરા હતા એમના પિતા આદિશને કિબ્લા માનનારા હતા (૧૦) એક બીજા ગ્રથકારના લખના મુજબ તેઓ ઇયાનમ વતની હતા (૧૧).

[illegible] મારા મતે હજરત સલમાન ફારસી (૨ અ) ઇસ્ફહાન (ઇસ્ફાન) નામના આવેલા ઇસ્ફાન નામના ગામમા છેરથોરતી ધર્મ ત્યાગીતા [illegible] પૈકી [illegible] ખેડૂતના ઘરમા જન્મ્યા હતા અને પોતાના પિતા [illegible] એક [illegible] એક હાકેમના ખાટલા હતા. [illegible] કયારેક મા જન્મ્યા હતા એ વિશે ચોકકસ ઐતિહાસિક સકારો ચુપ છે. પણ એક ગ્રથકાર એવો [illegible] ઇસ્લામના ઇસ્ફહાનમા જન્મ્યા હોવાનો જણાવે છે (૧૨)

(૪) [illegible]

(૫) નિઝામ મસિક રજાબ હિ સ ૧૩૧૬

(૬) [illegible] ઈમામ શી સૈયદના સલમાન [illegible] પૃષ્ઠ ૪

(૭) "નિગાર" (ઉર્દૂ મસિક) [illegible] અકે ૨ નો ફેબ્રુવરી ૧૯૩૬

(૮) સો મેન્હર્સ [illegible] [illegible]

(૯) તારીખે શાહાને ઇરાન ભાગ ૨ જો પાનુ ૨૯ મો પૃષ્ઠ ૨૨૮

(૧૦) એજન્ટ

(૧૧) અકીલ, ખિતાબહ [illegible] તારીખુરસહાબહ

(૧૨) નિઝામ મસિક રજાબ હિ સ ૧૩૫૬

[૨]

હઝરત સલમાન ફારસી (૨. અ.)નો પ્રવાસ

હઝરત સલમાન ફારસી (૨ અ)ના પિતો મોટા ઝમીનદાર હતા, અને વાડી વગીફાના માલિક હતા પોતાના એકના એક દિકરાને એઓ ખેતીની દેખરેખ કે વાડીના મમકાજ માટે મોકલતા ન હતા પરતુ એમણે એક રીવાજ બનાવવાનું શરૂ કર્યું, અને તે અંગેના કામકાજમા એક દિવસે એટલો રોકાયેલા હતા, કે ન છૂટકે એ દિવસે એમને હઝરત સલમાન ફારસી (૨ અ)ને વાડીએ મોકલવા પડયા જતી વેળા પિતાએ સખ્ત તાકીદ આપી, કે વાડીનુ કામકાજ પતાવી, બહુજ જલદી વેરે આવજો

હઝરત સલમાન ફારસી (૨ અ) વાડીએ જવાને નીકળ્યા તો રસ્તામા તેમણે એક મોટુ દેવળ જોયુ જે ખ્રિસ્તીઓનુ હતુ એ વખતે દેવળમા પ્રાર્થના થઇ રહી હતી, અને ઘટના ચાલુ હતી હઝરત સલમાન ફારસી (૨ અ)નું લક્ષ એ તરફ ખેચાયુ, અને એઓ મજકૂર દેવળમા ગયા અને છેક સાજ સુધી ત્યા રહી, ખ્રિસ્તી લોકોની પ્રાર્થના-વિધિ વગેરે અવલોકતા રહ્યા મોડી સાજે એઓ પોતના ઘેરે આવ્યા પિતાએ પૂછયુ, દિકરાએ બધી હકીકત કહી પિતા ઘણા ગુસ્સે ભરાયા અને હઝરત સલમાન ફારસી (૨ અ)ના પગોમા બેડીઓ નખી દીધી (૧૩)

હઝરત સલમાન ફારસી (૨૦ અ૦)ના પિતાની જાગીર સિરિયા ખાતે પણ હતી એમણે એક દિવસે પોતાના પુત્રને કહ્યું, કે 'આપણી કેટલીક મિલકત સિરિયામા પણ છે પણ હુ અહીની રોકાણોના કારણે ત્યા જઇ શકતો નથી તો તમે બે ચાર વખત ત્યા જાવ તો પૈસા વસુલ કરી લાવી શકો છો"(૧૪)

આ કારણે એમને સિરિયા જવાની ફરજ પડી હોય, ખ્રિસ્તી પાદરીની પ્રેરણાથી એમને ત્યાથી નાસી છૂટવાનો પ્રસગ મળ્યો હોય કે પછી સત્ય ધર્મની જીજ્ઞાસાએ એમને પોતાનુ વતન છોડવાને વિવશ કર્યા હોય, ગમે તેમ હોય હઝરત સલમાન ફારસી (૨૦ અ૦) સગીર વયના હતા, તે દરમિયાનજ ખ્રિસ્તી ધર્મથી પ્રભાવિત થઇ પોતાના ઘરથી નીકળી ગયા (૧૫)

એઓ મુરશોલ પહોચ્યા અને પછી ત્યાથી એક વણજાર જોડે ઉમારકબ્બ (સિરિયા) ખાતે ગયા ત્યા લીમુસ નામનો એક સિધ્ધ ખ્રિસ્તી પાદરી રહેતો હતો હઝરત સલમાન ફારસી (૨૦ અ૦) એ પાદરીની સેવામા રહ્યા અને ખ્રિસ્તી ધર્મનુ શિક્ષણ મેળવવા લાગ્યા એ પાદરી થોડા વખત પછી મરણ પામ્યો એની જગ્યાએ ઉમારકબ્બની ઉમ્મત જનતાએ મોકલ્યા

(૧૩) 'સલમાન ફારસી ઔર ઉન કા ઈસ્લામ" પૃષ્ઠ ૩થી ૮ અને "ખિયાબુલ ઉમાન ફી સીરતે સૈયદના સલમાન' પૃષ્ઠ ૫ ૬, ૭

(૧૪) 'નિગાર" માસિક રસાલા હિ સ ૧૩૫૬

(૧૫) "નિગાર' માસિક, ફેબ્રુવારી ઈ સ. ૧૩૩૮

નામના એક પાદરીને નિયુક્ત કર્યો પણ તે પણ થોડાજ દિવસોમાં ગુજરી ગયો, અને એ જગ્યાએ હઝરત સલમાન ફારસી (ર૰ અ૰)ને નીમવાની ખ્રિસ્તી જનતાએ ઇચ્છા વ્યકત કરી પરંતુ એમણે ઇન્કાર કર્યો, અને એમણે યોહન્નાની વસીયત મુજબ ધર્મનું વિશેષ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે મોસલ જવાનું દુરસ્ત ધાર્યું.(૧૬)

દોઢ મહિનાના પ્રવાસ પછી એઓ મોસલ પહોંચ્યા, અને ત્યાંના વડા ખ્રિસ્તી પાદરીની કદમબોસી કરી હઝરત સલમાન ફારસી (ર૰ અ૰)એ વિનંતિ કરી કે "મને યોહન્નાએ મોકલ્યો છે અને મૃત્યુ-વેળા મને કહ્યું હતું કે તમારી સેવામાં રહેવાથી હું મારા ધ્યેયે પહોંચીશ" પાદરીએ તેમને પોતાના મઠમાં રહેવાનું કહ્યું અને એઓ ધાર્મિક શિક્ષણ મેળવવામા તન્મય થઇ ગયા.(૧૭)

હઝરત સલમાન ફારસી (ર અ.) એ ખ્રિસ્તીઓના ધર્મપુસ્તક "ઇન્જિલ"નો અને યહૂદીઓના ધર્મ-ગ્રંથ "તૌરેત"નો તુલનાત્મક અભ્યાસ શરૂ કરી દીધો હતો. મોસલના ખ્રિસ્તી પાદરીની સેવામાં રહેવાથી હઝરત સલમાન ફારસી (ર. અ.)ને કશો ફાયદો થયો નહીં અને એમને એમના અભ્યાસમાં આ ધર્મગુરૂથી મુદ્દલ મદદ મળી શકી નહીં પણ અજબ જેવી વાત છે કે આ પાદરી પણ થોડા વખત પછી મરણ પામ્યો અને મરતી વેળા એમને, ઉમુરીયાના પાદરી પાસે જવાનું કહ્યું પણ હઝરત સલમાન ફારસી (ર. અ) થોડી મુદ્દત સુધી મોસલમા થોભ્યા, અને ધર્મના કોઈ સિધ્ધ પુરૂષની તપાસ ચલાવતા રહ્યા. અંતે માનુરીયા પંથના વડા જોડે એમની મુલાકાત થઇ, જેનુ નામ સરઝના હતું. એ મોટો પરહેઝગાર અને ઇબાદતગુઝાર ધર્મગુરૂ હતો. એના મઠમાં હઝરત સલમાન ફારસી (ર૰ અ૰) રહેવા લાગ્યા અને રાત-દિવસ પ્રાર્થના અને ભક્તિ કરવામાં લીન બની ગયા (૧૮)

એ ધર્મગુરૂ હઝરત સલમાન ફારસી (ર૰ અ૰)ની ભક્તિ અને રહેણી-કરણી જોઈ ઘણો ખુશ થઇ ગયો અને પોતાના અનુયાયીઓમાં એમને વધુ ચાહવા લાગ્યો પરંતુ તે પણ થોડાજ વખત પશ્ચાત એવા રોગમાં સપડાયો કે જીવવાની આશા નષ્ટ થઈ ગઇ. હઝરત સલમાન ફારસી (ર૰ અ૰)એ તેને પોતાના વિશે પૂછ્યું તો તેણે ઉત્તર આપ્યો કે ઉમુરીયામાં એક બુઝુર્ગ છે, જે ફિતરસ (પીટર્સ)ને નામે વિખ્યાત છે, તેની સેવામાં જાઓ. સરઝનાના અવસાન પછી હઝરત સલમાન ફારસી (ર૰ અ૰) ઉમુરીયા આવ્યા, જે રૂમ (કોન્સ્ટેન્ટીનોપલ) ના નજદીક આવેલું છે. એ પાદરીની સેવામાં રહેવાથી હઝરત સલમાન ફારસી (ર૰ અ૰) ઉપર ઘણા મર્મ પ્રકટ થયા, અને અનેક ભેદની વાતો જાણવાને એઓ શક્તિમાન બન્યા પરંતુ કમનસીબે તે પણ મોતની હાથોમાં ચાલ્યો ગયો. તેણે હઝરત સલમાન ફારસી (ર૰ અ૰) ને કહ્યું કે

(૧૬) "કરિશ્મએ વહદત" પૃષ્ટ ૧૪, ૧૫, ૧૬

(૧૭) એજન પૃષ્ટ ૧૬-૧૭ અને "રિયાઝુલ ઈમાન ફી સીરત સૈયદના સલમાન" પૃષ્ટ ૭

(૧૮) "કરિશ્મએ વહદત" પૃષ્ટ ૧૮ અને "નિઝામ" માસિક, રજબ હિ. સ. ૧૩૫૬

પવિત્ર, તમે સચ્ચી શોધમા બહુજ મક્કમ છો અને તેથી તમે જરૂર સફળ થશો. હું તમને આત્માની (તુર્કી) ના એક ધરૂ૨ માર્ગ દુર્વેશ બુખારીસની સેવામા જવાની હિદાયત કરૂ છુ " એના મરણ પછી હઝરત સનમાન ફારસી (૨૦ અ૦) અનાતોલીયા જવાને રવાના થયા (૧૯)

અનાતોલીયાના આ સિધ્ધ પુરૂષની સેવામા હઝરત સનમાન ફારસી (૨૦ અ૦) થોડા વખત રહ્યા પણ તે ૫ણ થોડા દિવસો પછી આ ક્ષણભંગુર દુન્યાને તજી ગયા મરતી વેળા હઝરત સનમાન ફારસી (૨૦ અ૦)ને તેમણે કહ્યુ કે તમે બસરા બાજુ જજો ત્યા બહીરા નામના એક સિદ્ધ અને સત પુરૂષ છે, જે બધા સન્તો અને સતોમા અગ્રગણ્ય છે હઝરત સનમાન ફારસી (૨૦ અ૦) સત્ય આત્મા અને આ સત-પુરૂષની સેવામા રહી, આત્મિક ઉન્નતિ સાધવાના પ્રયત્ન કરી થઇ ગયા હઝરત સનમાન ફારસી (૨૦ અ૦)એ આ સમય દરમિયાન અનેક સિદ્ધ પુરૂષોની જીભે એક નવા પૈગમ્બરના આગમનની અગમવણી સાભળી હતી અને ત્યાની પુસ્તકોમા પણ એના દર્શન કર્યા હતા ખ્રિસ્તી અને યહૂદી ધર્મગુરૂઓના મોઢામા પણ એ જ એ ધર્મનુ જ્ઞાન વધારે હતુ અને આત્મો તિના માર્ગમા પણ એઓ આગળ વધ્યા હતા, પરતુ એના મહેનતા જે અત્યારે અને દુત્યારે થતા એમણે જોયા તેથી એઓ અજ્ઞાન પામ્યા એઓ વારંવાર દૂર દૂરના જગલો કે પર્વતોમા ચાલ્યા જતા અને દિવસો સુધી એકાન્તમા પ્રભુ ચિન્તનમા મગ્ન રહેતા હતા (૨૦)

બસરાના સત પુરૂષ બહીરાના દ્વારા પણ હઝરત સનમાન ફારસી (૨૦ અ૦)ને જાણવાને મળ્યુ કે અન્બસ્તાનમા એક પૈગમ્બર પેદા થનાર છે અને તે બહુજ નજદીકના ભવિષ્યમા પેદા થશે આ ખુશ ખબર સાભળી હઝરત સનમાન ફારસી (૨૦ અ૦)એ બહીરાના આશિર્વાદ મેળવ્યા અને અમ્બસ્તાન જવાની આજ્ઞા માગી બહીરાએ ખુશીથી રજા આપી અને એઓ અમ્બસ્તાન તરફ જવાને વિદાય થઇ ગયા (૨૧)

તા ૧૧ મી ફેબ્રુઆરી ઇ સ ૬૨૨ ના રોજ (૨૨) એઓ રસૂલુલ્લાહ (સ૦ અ૦ વ૦)ની શોધમા, બસરાથી વાદીએ કુરા તરફ રવાના થઇ ગયા એઓ જે વણજાર જોડે જતા હતા તે મક્કા તરફ જતી હતી એમના આ કોમિસાએઓએ એમની જોડે હસી કરી, અને ઘોડા આપી ગુલામ હેસીયતે હઝરત સનમાન ફારસી (૨૦ અ૦)ને એક યહૂદીને વેચી નાખ્યા એ યહૂદી એમને મદીના લઇ આવ્યો (૨૩)

---

(૧૯) એજન પૃષ્ઠ ૧૰

(૨૦) તારીખુન અંબિયા" ભાગ ૧ લો પૃષ્ઠ ૨૨૦–૨૨૧

(૨૧) 'ઝરિમએ વહ્યત' પૃષ્ઠ ૪૪

(૨૨) 'નિઝામ' માસિક રબ્બાની હિ સ ૧૩૫૬

(૨૩) નિગાર' માસિક ફેબ્રુઆરી ૧૯૩૮

[3]

ઇસ્લામ-સ્વીકાર

અરબસ્તાનની ભૂમિ અત્યાચાર અને અનાચારથી ખદબદી ઉઠી હતી ન્યાય લોપ થઇ ગયો હતો અને ઠેર ઠેર મૂર્તિપૂજા થતી હતી. દરેક કબીલાનો દેવ જુદો હતો અર્થાત ખુદા જુદો હતો દયા અને સહિષ્ણુતાનું નામ-નિશાન બાકી રહ્યું ન હતું. મામુની મામુની વાતોમાં લોકો ઝઘડી પડતા હતા, અને કત્લ અને ખૂંરેઝીનું બજાર ગર્મ થઇ જતું હતું.

જ્યારે કોઇ પણ દેશમાં આવું વાતાવરણ સર્જાય છે, અને લોકો અનીતિ તરફ ઢળી જાય છે ત્યારે મહાન પરવરદિગાર એ દેશના લોકોની સુધારણા અર્થે પોતાના તરફથી એક પૈગમ્બર મોકલે છે. અરબસ્તાનના મક્કા નગરમાં પણ એક પ્રતિષ્ઠિત ખાનદાનમાં એવા પૈગમ્બર જન્મ્યા હતા, જેઓ હઝરત મુહમ્મદ (સ૦ અ૦ વ૦)ના નામથી આજે આખા જગતમાં મશહૂર છે એમણે અરબસ્તાનમાં સત્ય ધર્મનો ઝંડો ફરકાવ્યો અને લોકોને અનેક દેવ-દેવીઓની પૂજા કરવાને બદલે કેવળ એકજ ખુદાની ભક્તિ કરવાને બોધ્યા, અને પોતે ખુદાના આખરી રસૂલ (પૈગમ્બર) છે એવું જાહેર કર્યું. પ્રથમ તો એમનીજ કોમના લોકોએ એમનો વિરોધ કર્યો, અને એમને સતાવવામા કશી કસર રાખી નહી. એ વિરોધ અને જુલ્મ વધતો ગયો એટલે લગી, કે એઓને અંતે મક્કાથી હિજરત કરી, મદીના અને ચાલ્યા જવું પડ્યું (ઇ૦ સ૦ ૬૨૨) (૨૪)

હિજરત પછી પૈગમ્બરે ઇસ્લામ હઝરત મુહમ્મદ (સ૦અ૦વ૦) મદીનામાં રહેવા લાગ્યા, ત્યારે હઝરત સલમાન ફારસી (ર૦ અ૦) એઓ નામદારની સેવામાં વારંવાર હાજર થતા હતા. એઓ નામદારના પવિત્ર ઉપદેશોનું લક્ષપૂર્વક શ્રવણ કરતા હતા. હઝરત સલમાન ફારસી (ર૦ અ૦)એ પોતાના આગલા ખ્રિસ્તી અને યહૂદી ધર્મગુરૂઓ દ્વારા પૈગમ્બરની કેટલીક એધાણીઓ જાણી હતી હઝરત મુહમ્મદ (સ૦ અ૦ વ)ની સેવામાં વારંવાર ઉપસ્થિત થવાનું કારણ પણ એજ હતું, કે તેઓ એ નિશાનીઓ જુએ એ ધર્મગુરૂઓએ એઓને કેટલીક ખાસ સૂચનાઓ પણ કરી હતી

એક દિવસે હઝરત સલમાન ફારસી (ર૦ અ૦) પૈગમ્બર સાહેબની સેવામાં હાજર થયા અને કોઇ વસ્તુ પેશ કરી કહ્યું, કે "સદકો છે." પૈગમ્બર સાહેબે ફરમાવ્યું . "હું સદકાની વસ્તુને ખાતો નથી. સદકા મારા ઉપર હરામ છે" પછી એઓ બીજે દિવસે આવ્યા અને કંઇ લાવ્યા અને કહ્યું કે "આ હદીયો (ભેટ) છે" આં હઝરત (સ૦ અ૦ વ) એ એ ભેટનો ખુશીથી સ્વીકાર કરી લીધો (૨૫)

એવી રીતે હઝરત સલમાન ફારસી (ર૦ અ૦) મહાન પૈગમ્બર સાહેબની ખિદમતમાં આવતા જતા રહેતા હતા. એક દિવસે એમણે, હઝરત મુહમ્મદ (સ૦ અ૦ વ૦)ની પીઠ-મુબારક

(૨૪) "અલફારૂક" (ગુજરાતી ભાષાન્તર) પૃષ્ઠ ૧૦-૧૧ અને 'રહમતુલ લિલ આલેમીન' પૃષ્ઠ ૨૮૭,

(૨૫) "તફરીહુલ અઝકિયા" ભાગ રજો, પૃષ્ઠ ૨૦૪-૨૦૫



ઉપર "મોહરે નબુવ્વત" જોઇ, અને તુરતજ કલમો પઢી મુસલમાન થઇ ગયા (૨૬) કેમકે અરબસ્તાનની ભૂમિમાં પેદા થનાર છેલ્લા પૈગમ્બરની પીઠ ઉપર આ પ્રકારની નિશાની હશે એવું હઝરત સલમાન ફારસી (ર૦ અ૦)એ ખ્રિસ્તી અને યહૂદી મઝહબના મોટા મોટા ધર્મોપદેશકોની જીભે સાંભળ્યું હતું. આ બનાવ જમાદીઉલ અવ્વલ હિ. સ. ૧ (ઇ. સ ૬૨૨) માં બન્યો હતો (૨૭)

હઝરત સલમાન ફારસી (ર૦ અ૦) હજી લગી પેદા યહૂદીની ગુલામીમાંજ સબડતા હતા. તેની વાડીમાં આખો દિવસ તાપ-તડકામાં મજદૂરી કરતા હતા, અને બગીચામાંના વૃક્ષોને પાણી સીંચતા હતા દિવસના અંતે આ કામકાજથી પરવારી આં હઝરત (સ૦ અ૦ વ૦)ની પવિત્ર સેવામાં હાજર થતા હતા. એકવાર હઝરત મુહમ્મદ (સ૦ અ૦ વ૦) એ સલમાન ફારસી (ર૦ અ૦) ને કહ્યું કે "તમારી આઝાદીની ચિન્તા કરો." હઝરત સલમાન ફારસી (ર૦ અ૦) પોતાના યહૂદી માલિકની પાસે ગયા, અને કંઈ લઈને પોતાને સ્વતંત્ર કરવા વિનંતિ કરી. યહૂદીએ કહ્યું "હું તમને બે શર્તે આઝાદ કરવાને ખુશી છું : મને ચાલીસ ઉકાયા સોનું (લગભગ ૧૦૧ તોલા) આપો, અને ત્રણસો ખજૂરના ઝાડ મારા બગીચામાં રોપી આપો. આ ઝાડ પ્રાપ્તાંજ હું તમને ગુલામીમાંથી મુક્ત કરી દઇશ" હઝરત સલમાન ફારસી (ર૦અ૦) એ આં હઝરત (સ૦અ૦વ૦)ને આ બીનાથી વાકેફ કર્યા મહાન પૈગમ્બર સાહેબે યહૂદીની બે બન્ને શર્તો મંજુર રાખી, અને પોતાના મુબારક હાથે ખજુરના ઝાડ રોપ્યાં. બીજા સહાબાએ કિરામ (ર૦ અ૦)એ પણ એ કામમાં હુઝૂર (સ૦ અ૦ અ૦)ને મદદ કરી સલમાન ફારસી (ર૦ અ૦) પણ એમાં શામિલ હતા ખુદાની કુદરતે એ બધા વૃક્ષો પહેલેજ વર્ષે ફળી ગયા. યહૂદીની બીજી શર્ત સોનું લેવાની હતી આ હઝરત (સ૦ અ૦ વ૦)એ યુધ્ધની લૂંટમાં આવેલું સોનું, સલમાન ફારસી (ર૦ અ૦)ને ઇનાયત કર્યું, જે તેમણે યહૂદીને આપતાં, તેણે એમને ગુલામીમાંથી મુક્ત કરી દીધા (૨૮)

[૪]

ખંદકનું યુદ્ધ

હવે હઝરત સલમાન ફારસી (ર૦ અ૦) રાત-દિવસ હુઝૂર (સ૦ અ૦ વ૦)ની ખિદમતમાં રહેવા લાગ્યા સત્ય ધર્મની તેમને પ્રાપ્તી થઇ ચૂકી હતી, અને એઓ આત્મિક-ઉન્નતિ સધવાના કાર્યમા મસ્ત હતા. બીજી તરફ મક્કાના વિધર્મી અરબોની મુસલમાનો પ્રત્યેની શત્રુતામાં કશી કમી ન થઈ, અને તેઓની સતામણીઓ હદ ઉપરાંતની વધી જવા પામી. હિજરી

(૨૬) તફ્રીહુલ અઝકિયા અને "કામુસુલ મશાહીર" ભાગ ૧લો, પૃષ્ઠ ૩૦૧

(૨૭) "તફ્રીહુલ અઝકિયા" ભાગ ૨જો, પૃષ્ઠ ૨૦૪-૨૦૫

(૨૮) "રિયાઝુલ ઈમાન ફી સીરત સૈયદના સલમાન" પૃષ્ઠ ૧૦-૧૧ અને "તફ્રીહુલ અઝકિયા" ભાગ ૨ જો, પૃષ્ઠ ૨૦૪-૨૦૫

સન ૨ (ઈ. સ. ૬૨૩)માં બદરની, હિજરી સન ૩ (ઇ. સ. ૬૨૪)માં ઓહદની અને હિજરી સન ૫ (ઇ. સ ૬૨૬)ના શવ્વાલ માસમાં ખંદકની લડાઇ થઇ, જેમાં મક્કાના વિધર્મી અરબો અને યહૂદીઓ પણ શામિલ હતા. એ બધાની એકંદર સંખ્યા દશ હજાર માણસોની હતી કેટલાક ઇતિહાસકારો ચોવીશ હજારની સંખ્યા બતાવે છે. આ જંગી સૈન્યે મદીના ઉપર ચઢાઇ કરી અબ્બ સુફયાન આ સૈન્યનો સિપેહસાલાર હતો. આખા અરબસ્તાનમાં આ ચઢાઇની ચર્ચા હતી, અને વિધર્મી અરબ જનતા કહેતી હતી, કે હવે મદીનાનું નામ-નિશાન રહેનાર નથી અને હઝરત મુહમ્મદ (સ૦ અ૦ વ૦)ની જોડે એક પણ મુસલમાન જીવતો રહેવો મુશ્કિલ છે (૨૯)

આ મોટી ચઢાઇની વાત હઝરત (સ૦ અ૦ વ૦)ને ખબર થતાં. તેમણે પોતાના તમામ સહાથીઓ, સાથીદારો અને સહકારીઓને મંત્રણા કરવાને એકત્ર કર્યા. પુષ્કળ અને લાંબી વિચારણાના અંતે તેઓ એવા દરાવ ઉપર આવ્યા, કે મદીના શહેરની બહાર નીકળીને શત્રુ સેનાનો મુકાબલો કરવો વાસ્તવિક નથી.(૩૦) સહાથીઓમાં એ વેળા હઝરત સલમાન ફારસી (૨૦ અ૦) પણ હાજર હતા. તેઓ ઉભા થયા અને રસૂલે અકરમ (સ૦ અ૦ વ૦)ને સમ્બોધીને અરજ કરી, કે "યા નબી અલ્લાહ! આવા પ્રસંગે અમારા દેશમાં શત્રુઓથી બચવા માટે શહેરની ફરતે ખાઇ ખોદવામાં આવે છે." આ તજવીજને સૌએ સર્વાનુમતે વધાવી લીધી અને મદીના નગરની જોડેજ 'સલઅ' નામનો એક પર્વત છે, તેના આગળ ખાઇ (ખંદક) ખોદવાનું નક્કી થયું ત્રણ હજાર મુસલમાનો આ ખાઈ ખોદવા લાગ્યા વીસ દિવસે એ ખાઇ તૈયાર થઇ. આ હઝરત (સ૦ અ૦ વ૦) પોતે આ ખાઇ ખોદવાના કામમાં સક્રિય હિસ્સો લીધો, અને તેમની જોડે બીજા તમામ સહાથીઓ પણ શામિલ હતા. ખુદ સલમાન ફારસી (૨૦ અ૦) પણ ખાઇ ખોદવાના કાર્યમા મસ્ત હતા, અને પોતે રોજ ચોરસ પાંચ ગજ ખંદક ખોદવાનું કામ કરતા હતા.(૩૧)

આનાથી પૂર્વે અરબસ્તાનમાં યુદ્ધ વેળા ખાઇ ખોદવાની પ્રથા ન હતી. શત્રુઓને આનો કોઈ ઉપાય સૂઝયો નહીં નિરૂપાયે ઘેરો ઘાલી ચારેકોર સૈનિકોને ફેલાવી દીધા, અને નગરમાં આધ-પોનાકા વિગેરે ચીજો જતી અટકાવી દીધી. એક મહીના લગી આ ઘેરો રહ્યો અને મુસલમાનોને ભારે સંકટોમાં દિવસો વ્યતિત કરવા પડ્યા.(૩૨) અંતે ધમસાણનું યુદ્ધ થયું અને આક્રમણકારીઓને સખ્ત પરાજય વેઠવો પડ્યો. આ યુદ્ધમાં ખાઇ ખોદવામા આવી હતી તેથી ઇસ્લામી ઇતિહાસ આને "ખંદક" કહેવાનો આવે છે, અને એજ કારણસર ઇસ્લામી તવારીખોમાં આ યુદ્ધને ખંદકના યુદ્ધ તરીકે ઓળખવામાં આવ્યું છે.

(અપૂર્ણ)

---

(૨૯) "અલ ફારૂક" પૃષ્ઠ ૨૦, અને "સીરતે નબવી" (ગુજરાતી ભાષાન્તર) પૃષ્ઠ ૧૪૯

(૩૦) "સીરતે નબવી" પૃષ્ઠ ૧૪૯

(૩૧) "તફરીહુલ અઝકિયા" ભાગ ૨ જો, પૃષ્ઠ ૨૦૪, અને "તારીખુલ ઔલીયા" ભાગ ૧, પૃષ્ઠ ૨૨૧

(૩૨) "અલફારૂક" પૃષ્ઠ ૨૦ અને "સીરતે નબવી" પૃષ્ઠ ૧૪૯

હું, મિયાં ને તિરમારખાં

લેખક : "શાન્ત"

મુગલાઈ જમાનાનું એ પુરાણું શહેર ઘણી જગ્યાએ ધમાઈ ગએલું એટલે એક બ્રિટિશ્રેરનો દમ ઉંચા ટેકરા જેવો હતો ત્યાંથી બધાય મોહલ્લાના રસ્તા જતા તેથી મુસ્લિમ લત્તાનું કેન્દ્ર એ ટેકરો હતો ગરમીમા હવા ખાવી, ટોળ ટપ્પાની મજલિસ જામતી, નીચે ઉતરતો હતી, પાન બીડી ની દુકાને દીવાસળીની કડકાઈ અંગે સળગતી કાથી-સીધીનો લાંબો ટુકડો-ટાંગેલી રહેતી અને સૌ બીડી પેટાવતા ચાપના ખાનાનો રબુકાર અને નવા આગતુકો 'અભી પીયા, ઇમાનસે" કહી મેજબાનોને વધુ ઉત્તેજન કરતા જુવાની ઓના કપડા રંગની બાજાએન હતા પીઠ ઉપર 'હયના યા" હતા, કાંઈક શાદી જેવું હતું

મારે કામે બેસણે ત્યાં જવાનું બન્યું હતું, રાત્રે નાચગાનનો જલસો હતો. હાયકા બેસી ગુજરાતમા શાદી પ્રસંગે નાયકાનો નાચ તદ્દન જરૂરી નેખાતો હતો એ વિચાર ચાલુ છે સગપસ-શગરત-બાદ મેડી રાત્રે મુજરો શરૂ થયો ત્યારે હું પત્તી હતી "ગાનારી"ની ખૂબસૂરતી ઓસરતા પૂર જેવી હતી, ગળુ, નાકો અને ગવિકાને પૂરો સાથ દેતા ન હતા છતાંય તેણીના પ્રશંસકોય હતા; "વાહ્વીશ" કહી "કહદાર" "નોટ" દેતા તે સારંગીના પેટમા ગર્ક થઇ જતી

તિરમારખાને સવારની બહુની ટ્રેન પકડવી હતી નાસ્તા માટે 'અડ્ડા"મા સગવડ કીધી હતી માણસો પોતાનાં બાળકો સાથે તડુંની રોટી અને "પાયા"મા આનદથી ખાઇ લેતા આજની ધમાલ ભરી જિંદગી, ગૃહકંકાસની પ્રત્યેક પળોને દૂર ફેંકતી જેમ વનોટી નાખી, દરેક જરૂરીયાતને સ્વાધ બનાવી દે છે જેમ ગૃહ, ઉદ્યોગગૃહ, પાઠશાળા, હોસ્પિટલ, મંદિર, ચંપી સીનેમા વિગેરે ગૃહકંકાસને પક્ષપાતની જેમ બેહદ મારી દે છે (PARALYSE)

ટ્રેનમા મુસ્લિમ જૈન બાળકો જેવા હતા મેં ગદા ને કુરતા પહેરેલા હતા સુધી મેલા જણાતાં હતાં લુગડા રેશમી હતા ધરેણાય હતાં ભારે ઘમ અને સુવડના ન જણાય! બાળકો તાવમા કણસતા સુતા પડ્યા હતા એક સાધારણ સ્ટેશન આવ્યું ત્યા તો બધાય ઉતાવળા સહિત નીચે ઉતરી પડ્યા ગાડી ઉપડવાની થઇ ત્યારે કોઈ પૂછ્યું કે "યે મેડસાણા જંકશન હૈ યા?" બાજા, માડમાડ ગાડીમા બડકાયા

ઉંઝા ટ્રેન પહોંચી ત્યારે રાત અંધારી હતી તિરમારખા એક ભાડુતી મોટરમા બેસી તેમાજ એક બુરખાવાળી બાનુ પણ પાછળની સીટમા બેસી, બે ત્રણ 'ફકડેખા" મોટરની પગથીને હુડ "Hood" ઉપર ચઢી ઉભા રહ્યા, તે બદરોબદર 'ઓળખીના" હોય એમ લાગ્યું-'મે તો એમદાબદ મેં ઓર દીન રેહતીથી," "ફિર મે કોન્સી ચમતી હુઈ?" "બાતનચી" દેખી, "મુસ્લિમ કા બાન" દેખા "બુનબુને બંગલા" જેમા . ' વાકઇ તુમતો બડે શૌકીન હો! કયા બાપકી પસદગી! ગજબ કે ખેરદાર પીકચર હુઈ! મકાન તો અચ્છા "ઉનારા" મે કીસને સે લે રખા હુઈને? "જી, જી, આપ દેખકે યકીનન ખુશ હોગી" પાછળની સીટમા મોટરની બીજળીથી ઝળતી ઝીણી બત્તી

હતી, તેના પ્રકાશમાં શું બાબાથી કથિત રૂપેરી શ્યામલ ગોલ હાથ દેખાતું તેમ જોકઓક સુવર્ણ બૂમડી હતી [illegible] એનું સૌભાગ્ય, [illegible] એલ્લ રહેતા તૈયાર નું હતું !

સો મકબનો લંબો, ઢુકડો રે વે, પાટાને, કુગર ની મુલકની અંદર લઈ જતો, હતો ગાય ઝાડી, હરિયાળી નદી નાળાના પાણીથી રસ્તો આનંદપ્રિય જણાતો, ગજબધાનીનું શહેર [illegible] બીજું કુગરાથી સુરક્ષિત હતું ગિરણામાં ગરગ, હુક મગ એવી જોવા હતી કુગરો ની વિધવિધ ટોચ પર બ્રય પીરની ધજા કે મુસ્લિમ પયગંબર બ્યાન બેયના જે કુગરો ની મધ્યમાં [illegible] મરેલ હતો આ વાસમાં જોવા માટે ઈદ હતી સુંદર સગવ ભર્યા બંગલો હતો કુગ ની તળેટી તેમજ મધાળા ! વિશાળ પટમાં નગીચા હતા ફૂલો ફળો, કુદરતી દ્રશ્યે સર્વ કાંઈ હતું તિરમારખ કુદરતી સૌંદર્યના, પ્રશંસક હતા બધુક ઝુકા પડાડી, પાણીના ઝરણ વિગેરે તેમની નારીઓ પામત ઉંચી ટેચ પર ધસાતા ધસાતા એક સાથી સાથે નદીના સ્થી આખા કુગરની શોભ એક નજરથી જોઈ શકાતી સુંદરતા અનાદિ !

પુરાતત્વ વસ્તુસંગ્રહ મકાન જોઈ તિરમારખ એ કહ્યું તો, જવાબ મળ્યો કે 'જુના સમયનો મકબરો હતો' વહનકો આવમાં બસ ને રેલવેમાં, સાભના, હુજરા, મસ્જિદ સાહિત કરવા બગીચા હતા થોડે દૂર નવ ગજની પીરની દરગાહ હતી ગુલાબના થોડા ફૂલ ચુંટી સાથે બધુ એક લાબી નાખી સહિત ગુલદસ્તો બનાવી કળી તિરમારખાએ કોટના બટન-Hole માં નાખી રસ્તાની [illegible] આખી યાત્રા ખુબ ખુબ મોજ હતી !

ઉતારો સગવડ ! અંગ્રેજ રાજ હતો પણ નથી, રસોઈ ત્રિગતમાંથ રસ હતા એ દિવસ ! સર્વે, મોભાના તાના દરજ્જાના નોકરો હતા, ત્યારે એક, મુસ્લિમ નોકર રહેજ, થયો (Dull), હતો સાહેબ રહે બરો, આમા ! મિયા, નો મિયાં ! રહ્યા ! ભાઈ એમને તો અંગ્રેજની નોકરીનો રોબ તો, પણ છતો ! સણીયા ની કેવી કડી ? જે પૈસા કમાઈ શકે, કાંઈ સમર્થ કોમથી એવા હુકમો ધર્યા થઈ શકે ?

રાજ્યમાં મોટે મેળાવડો (Function) યોજાયો હતો તેમા અધિકારીઓ ભાયાતો શરેરીજ્જ ! વિગેરેને આમંત્રણ હતું બહાર

'કારવાં'ના પ્રથમ વર્ષની ફાઈલ

અંક ૧ થી ૧૨ કપડાંને પાકું પુંઠું
જી રૂ ૫)ની ખિ સહિત

કોપી તો સીલકમાં ઓછી હોવાથી
થોડીકજ બંધાવવામાં આવી છે
આજેજ ઓર્ડર મોકલી આપો !

બીજા વર્ષના છુટક અંકો પણ ઘણા ઓછા સીલકમાં છે પોતે ફાઈલ બંધાવનારા રોકડીનોએ દરેક અંકના સાત આંના લેખે નાંણા મોકલી ઘરતા અંકો મંગાવી લેવા ચૂકશો નહીં.

વઢવાણ સાહિત્ય કાર્યાલય,
કણબીઠ-સુરત.

ગમના માનવતા મેળવાને ના દરજ્જા મુજબ આપે 2 ને પર- ઇથી ઉપરાંતના દરજ્જા। ઓદીમરો મેળવાતા એક રેલવેપર "બાપુ" સાથે મુખ્ય કેળવણી અધિકારી હતા।

ઓળખાણ પૂછતાં, અધિકારી સહેજમે પોતાનો હોદ્દો દર્શાવ્યો-"Director of Public Instruction"-ડાયરેક્ટર ઓફ પબ્લીક ઇન્સ્ટ્રક્શન બાપુના ઓટાસા નસીબે કહે કે 'વેરી ગ્લાડ' "સરસજ, મેં તારીમ આનેમ બા। હું" "હું અમે સમજી ગુજ બોલે પરંતુ તે બોલે પણ ...ના લાગ"

તિમ્માપ્પા નાના ગામમા જન્મીમા હતા તેનો એક પ્રસંગ યાદ આવી ગયો. અક્ષરજ્ઞાન મુખ્ય ગામ એટલે મદ્રાસ, બાતાના અમલદારો સહજે બોલા મળતા રેલ્વે સ્ટેશને કોણ કોણ પધાર્યું, કોણ નવો અધિકારી ઉતર્યો તે। ગાયરી ખબરી એક દિવસે ગામના કલાસમાંથી સરદ ખુરમા સાહજ થયેલા કોઈ, મુદ્દસર ઉતરે કોઈ બાતાનો દરો અથવો હોવાથી ગામમા તેજ આવી ગઈ પણ પગારાની ચકાસણી તપાસીમાંથી 'Educational Inspector" કેળવણી બાતાનો ઇન્સ્પેક્ટર, એમ જાણ્યુ ત્યારે બેદી બનેલા અતિશય "ડીઝ્ડ" અને દાનેએ ટીમ મરી "Non-Disturbing Element"-ખલેલ ન કરનાર તેવી હસ્તી (ગુજ વ્યક્તિ!)

અત્યેની મુંબઈ નગરીમા નિવાસનો સીનેમા શો (Show) અજમા ચૂકી ધાવિ છે "બ્લેક આઉટ"ના લીધે અંધાર પીકોક્ષ જોવા સિડકો, ડુંગરી, ચોટલો એ પ્રકાશ,

સીનેમા। અંધારામાં અને પ્રવેશદ્વારે ભીડ અંધારને આપે પણ નવાં નવાં પીખરો જાદુઇ બેચમણીથી પકડીને આંખે કે સજના છુપાયા। 'શો'માં જવુ હોય તો દેઢ કલાક અગાઉથી 'સાઈન' લગાવી ટીકીટ માટે લાઈન બધ ઉભવુ પડે લાઈન તૂટે તો ચોવીસના ધક્કા એકતરફા, સરસ જણાઈ જેની સાથે સ્ત્રીઓ હોય તેમને સીધી ટીકીટો મળી શકે.

આપણે તો ફક્ત ગીગધારી કરવા અર્થે આવેલા ગ્રેટને "સ્ત્રી" ઓળખાણવાળી એને તે જોવા સીનેમા જોવા આવે એવો કબાંયોજ હોય? "શો" શરૂ થવાનો ટાઈમથી- હોજર અમોએ ટીકીટ મળી ત્યા "First Class" પીટ કલાસ્ય ગાનતો "પર્ણ-રજ્જ પારો બીજોત્પાદીય ઉભો હતો એક ઘાટીવાળા। આપા મારા દોસ્ત સાથેની અંગ્રેજી વાતને અંદરથી લઈ વાતે વળગ્યા! મે કહ્યું 'જી, આમ બી

ઓલ ઇન્ડિયા રેડીઓનું
પખવાડિક
"આવાઝ ઉદ્દૂ"
અથવા
"સારંગ" હિન્દી
વાંચો અને રેડીઓ સાંભળો
છુટક નકલ-સાડા ત્રણ આના.
ધી રાંદેર સ્ટોર્સ કુંભારીઆ સુરત

ચહ ઉમ્મેદ અન્ના શૌક રખને હો !" પછી તો એમણે ફિલ્મ જગતની ઘણી માહિતી આપી મને આનંદ આપ્યો !

• ° •

શિયાળાના ટુંકા દિવસમાં "સેન્ટ્રલ" થી "કાઠીયાવાડ એક્ષપ્રેસ" બહુજ સવારે પકડવી એટલે બંદા તો ઉતાવળમાં ફીકરીક બહેનો પહોંચી ગયા. ટીકીટ લઈ કુલીને અંદર ચાલવા કહ્યું તો કહે. "સાહબ, જાવા નહિ દે" મેં દરવાજાના ટીકીટ ચેકરને કહી ટ્રેન તરફ ચાલવા માંડ્યું તો તેણે ટકોર કરી "The Train is not ready." ગાડી તૈયાર પણ નથી. તોપણ આપણે તો ડબ્બો ઉંચાડી બેઠક લીધી.

પખત થતાં એક પેસેંજર મારી સામેની સીટ પર ગોઠવાયો. "હાં શેઠ," "જી શેઠ". એવા તેના જવાબથી તે નોકર હોવાનું જણાયું. કમીસ ફારેલું, સેંથો પાઘડાંવાળો, દાઢી વધેલી. એક બ્રેસ્લેટ, બેગ, એક આંખ અતિશય લાલઘુમ-એવા એવા દીદાર હતા, પોતે મુસ્લિમ હોવાથી મેં ચાયનો નિષેક કર્યો બેકાર નિર્ધન, નોધારો, તન્હા-એ સફર દરમ્યાન કાંઈક એવોજ વિવશ રહ્યો. નિરસ જીવનથી કંટાળેલો વાતચીત કથચિતજ કરતો. માત્ર બારથી એ સવારે તેણે કર્યા:-"હું શેઠ! અમદાવાદથી મુંબઈ માટે ઉપડતી ગાડી ચુકશે? મારી દુકાન, ગેરહાજરીમાં નોકર ઉઘાડીને ખાલી તો નહિ કરી જવા હોવાને કે કંઈ શેઠ, બદું કરે છે તે માણસ કહે છે તે સાચું હશે? મારા દુશ્મનોનો મને ડર છે!"

આટલી વાતો લાંબી સફર દરમ્યાન છુટક છુટક કરેલી. ખુદાપાક રહેમ કરે મુસલમાનોના હાલ પર!

મિયાં સાહેબ રંગૂન બાદ લાંબી સફરમાં નીકળ્યા હતા. રાજપુતાનાના એક સમૃદ્ધ સ્ટેટમાં ફરતા ફરતા પહોંચ્યા મુસ્લિમોની હાલત એવી હતી કે બહેર પરમેા પર પાણી અડવાની જોગ ટોટી-નાળચેથી રેડીને પાવામાં આવતું હતું પણ ચકલેની લાયબ્રેરી ઘણી સમૃદ્ધ હતી. કુર્આન. શરીફ બે ચાર ભાષાના તરજુમા સહિત હતું મિયાં સા'બ એક ઉર્દૂ અખબાર વાંચી રહ્યા હતા દૂર એક ભાવિક હિંદુ યુવક કુર્આન શરીફનો "હીંદી" તરજુમો જોઈ રહ્યો હતો કાંઈક ન સમજી શકવાથી મિયાં સા'બને મુસલમાન હોવાથી, અમુક આયતનો ખુલાસો પૂછ્યો, તે મિયાં સા'બ સમજાવવા લાગ્યા.

સા' તો લાયબ્રેરીયન જે પઢ્યો આર્ય સમાજીસ્ટ હતો તે ઘેડતો આવી કહેવા લાગ્યો "ઇસમેં કયા રખ્ખા હૈ?" હિંદુ યુવક તો ડધાઇ ગયો. પણ મિયાં સાહેબની હાજર જવાબીથી રંગ રહી ગયો:-

"તો કયા પત્થરોં કે ટુકડો મેં રખ્ખા હુઆ?

મરહબા!!!

ઇલ્મે અરૂઝના જ્ઞાન વિના ગઝલો લખવી અસંભવિત છે. ગુજરાતી ભાષામાં અરબી-ફારસી-ઉર્દૂ અરૂઝનું જ્ઞાન "ઝરીફ" કૃત **શાયરી ભા. ૧—૨** સરળ રીતે કરાવે છે.

કીંમત ૮ આના ટ. પે. સવા આનો

જાણીતા સાક્ષરોએ કીમતી અભિપ્રાયો આપ્યા છે.

ધી રાંદેર સ્ટોર્સ, કણપીઠ સુરત.

"મર્દોના જીવન છે."

હશે જો "શાન-શબ્બીરી" તો બસ મર્દોના જીવન છે.
"યઝીદોનું" ખરેખર ઝેરના પયમાના જીવન છે.
કેના-ફિલ્લાહ થઇ જાવું, ફિદા થઇ દીન-દીપક પર;
નથી મૃત્યુ પરંતુ એજ અમ, પરવાના! જીવન છે!!
થઈને રોશની એ રાહ-દર્શક આ કલી-યુગમા,
"હુસૈન ઇબ્ને અલ્લી"નું આજ પણ મરતાના જીવન છે.
શહાદત-જામ પીનારા! ન પી જલ, "દશ્તે-કર્બલ"માં;
કસમ અલ્લાહની તારૂં અજબ મર્દોના જીવન છે!
થયાં એ તારલાં ને ચંદ્રમા સૌ અસ્ત દુનિયાથી;
બની રોશન નિત્ય ચમકે જ, મુસ્લિમાના જીવન છે.
અરેખર! ઉચ્ચતર સૌ સિંધુના દુરે—યતીમોથી-
અનુપમ વિશ્વમાં તારૂં જ બેનરોઝાનાના જીવન છે.
કરી કુરબાન તન, મન, ધન, ફકીરી દિલથી લેનારા!!
ફકીરોના અદામાં દિવ્ય તુજ શાહોના જીવન છે!!
સિતમગર કર ઝુકાવી ના શકયાં મુજ શાહની ગર્દન;
ઝુકાવ્યો જાણનારા ખુદ ઝુકયાં: મરતાના જીવન છે!!
મદિરા પ્રીત પ્રેમીને કરે છે મસ્ત આજે પણ,
અલૌકિક શાહ તારૂં પ્રેમનાં પયમાના જીવન છે!!
જનોની મેદનીમાં હોય ને દિલ વ્યોમ ઉપર હો-
"તરન્નુમ" તો ચહે બસ એક એ જિન્દાના જીવન છે.

"તરન્નુમ"-ધોરાજવી.

મિયાંભાઈની જાનમાં

[એક પ્રસંગ વર્ણન]

[લેખક:-નિસાર]

"લાખ્ખા કાળથી એક વસ્તુ ચાલી આવે છે એટલે તેને ટકાવી રાખવી!" અમીરઅલી એ વાતથી વિરુદ્ધ હતા. અને તેથીજ પાંચેક સગા; બેચાર પડોશીઓ અને દસ બાર મળતીયા મહેબ્બતવાળા મળીને કુલ્લે વીસ માણેસોની બરાત (જાન) લઈને આવ્યા હતા. હાથપગનાં આગળાં જેટલાં આસામીઓ ભાડાની એકજ મોટર ભરાય એટલા આદમી. તેમાંય અડધાં તો બાળોડા. ત્રણ થાળમાં આખીય બરાત ખાઈ રહે, ન મળે વાજાં કે ન મળે દુંબ!

પરંતુ આબરૂને રૂપીઆથી તોળનારા અને હોવા કરતાં દેખાવામાં માનનાર રસુલખાં જેવા સંબંધી (વેવાઈ)ને આ બધું પોતાની મસ્કરી જેવું લાગ્યુ. અને આસામની મસ્કરી એટલે? યુદ્ધની ચેલેન્જ. તેમનું શેરશાહી ખૂન આ સાદાઈને સહી ન શકયું. તેઓ પોતાની અસલ "દગાદ રાવજ"વાળી જાત પર ગયા "કિધર હય વેહ મારવાડી? કિધર હય વેહ ટેબૂસ" કહેતાકને વરના બાપની માસે પહોંચી ગયા.

એ તો સારૂ થયું કે રસુલખાને જેટલું કરાજવું હતું એટલું કરાંજવા દીધું અને અમીરઅલી બરફના પુતળાની પેઠે ચુપજ બેસી રહ્યા નહિંતર વાત ઔર બધી-બગડ, અને મરઘાંઓ વદતાં માંજરો પીંખાય છે તેમ એ બંનેની દાઢીઓ પીંખાઈ જાત અને ફજેતી થાત.

લોકો રસુલખાંને ઘણાએ પકડી રાખતા પણ વિફરેલા વાઘની પેઠે તેઓ તડુકયેજ જતા અને કેમ ન તડુકે? એમની એકની એક બેટી મયમૂનાની શાદી હોય અને સમધી બસો નહિ, સો નહિ ને માત્ર ગણતરીના વીસ જનૈયા લઈને માંડવે આવી ધમકે? કશીય ધુમધામે વિનોજ? એ શું કહેવાય? ગામ-લોકો શું ધારશે? કદી આવું બન્યું હતું? પહેલાંથી ખબર પડત તો આવા ચીપારીયાને ત્યાં બેટીજ ન આપત! ભાડૂતી મોટરમાં ચડી બેઠો તે દોડયા દીકરો પરણાવવા? કમબખ્તોના કપડાંના પણ ઠેકાણાં નથી. જનમાં લોકો આવાં કપડાં પહેરીને આવતા હશે? અને જનમાં પણ ન મળે કોઇ બાનદાન'દુર કે ન મળે કોઈ જાગીરદાર. બાનદાનીનું પણ ભાન નથી આ લોકોને? આવા મુજીથી કયાં પાનાં પડયાં?

એક જનૈયાએ જરા તાવ આપ્યો. પરંતુ રસુલખાંએ જ્યાં "લાવ બંદુક"નો સપાટો કર્યો તો એ બિચારાના હોશજ ગુમ થઈ ગયા. બંદુક અને તે પણ બે નાળી: જંગલી ઝોડ જેવો કંઈ કોઠો દે તો? બિચારો તે કંપી ઉઠયો.

વહેશી સાહિત્ય કાર્યાલય

(પ્રકાશક:-"કારવાં" માસિક)

કણપીઠમાંથી ખાલી કરી

તા. ૧-૨-૧૯૪૨ થી

ટાવર રોડ, મોહન ટૉકીઝ પાસે, જશે.

"કારવાં"ના ગ્રાહકોને નવું સરનામું

નોંધી લેવા વિનંતી છે



સાચેજ રસુલખાંની સૌ ગોઠવણ પર પાણી ફરી ગયું હતું. શાદી કંઈ રોજ રોજ થોડી થાય છે અને આતો એકસોની બેટીનું ટાણું હતું. મુસ્તક તૈયારીઓ થઈ હતી. એક બાજુ આંતિશબાઝીનો દંગલો ખડકાયો હતો, બીજી બાજુ દેગો સાથે ભડીઆરાની લાઈન ઉભી હતી. ગામના ભડીઆરા સારું રંધવાનું જાણતા ન હોવાથી ગુલામશરીફ ભડીઆરાને ખાસ બંભાનથી બોલાવવામાં આવ્યો હતો. એ ભડીઆરો નબાબ બાદરઅલીખાન મહેમનો ખાસ માનીતો હતો. એક દેગમાં સાત જાતનું ભેગું રાંધી જાણનો. મંડપમાં એક બાજુ મોચણીના ડાકોર તથા અસલમલીના જમીનદાર બેઠા હતા અને એમની સામે અજીમ ગવૈયો કવ્વાલી લલકારી રહ્યો હતો. બીજી બાજુ વડોદરાવાળી મહેબૂબજાન પોતાના સાવ લટકર સથે બેસીને પાન ચાવતી હતી. ચોતરફ ફાગળાની રંગીન પતાકાઓ ફરકી રહી હતી. દરવાજા પર 'હાર્દિક પધાર્યા' ખુશ આમદીદ અને 'Wel come' એવા સાથે ચીતરેલું હતું.

રસુલખાં રીસમાંને રીસમાં આંબો તનતોડ રહ્યો હતા મોંમાંથી થુંક ઉડતું અને બંબી આવી જતી તો પણ 'આક થુ' કરી પાછા 'રેડી' થઈ જતા. "પાજા કાઢો એ બકરીને; તગેડી દો એ બીબડઓને, "આજે મારી સાત પેઢીની ઘસીને કપાઈ ગઇ. તેઓ હજીએ શાંત પડવાનું નામ નહોતા લેતા. 'હવે હવે જાના રહેા" બહુ બોલવાથી બહુ રૂડું દેખાશે? ચલ હવે! જરા આદમી તો પરખો" એમ કહી કહી સોકો રસુલખાંને ઘસડી ઘરમાં લઇ જતો હતો ત્યાં તો સામેથી અમીરઅલી આવતા દેખાયા. "તેરી... તો...નીકલ...ધિસે" કહેતા પુંકારો મારી બાંયો ચઢાવવા લાગ્યા. પણ લોકોએ તેમને ઘેરી લીધેલા હોવાથી જીભનું નેતર હાથથી દાબવા શકયા નહિ.

ઝહીર વરરાજા થઇને આવ્યો હતો. પણ શુકન જોઇને નીકળેલો ન હતો. શાદીના મંડપને યુદ્ધના મોરચામાં પલટાયેલો જોઈ તે પાણીપાણી થઇ રહ્યો હતો. બિચારાનું દિલ હવે આ શાદી ન થાય એમ ઈચ્છતું હતું. પલર ફાઇ ગઇ, આના કરતાં તો કોઈ ગરીબનું ઘર શોધ્યું હોત તો સારું થાત, બિચારો વધુ તો એમ શરમાઇ રહ્યો હતો કે એની સાથે આવેલા મિત્રો, લેખકો, માસ્તરો અને કોલેજનો હતા. એ માનનીય મિત્રોની થએલી દુર્ગતિ જોઈ એ ઓર અકળાઇ રહ્યો હતો. તેઓ મનમાં શું સમજશે? એમની સામે શું મોઢું બતાવીશ?

આખરે ખુદાખુદા કરીને વરરાજાને મંડપમાં બેસાડવામાં આવ્યો. જનૈયાઓ પણ બેઠા. મંડપની બાજુની કિનાતમાંથી ઝાંખીને ઔરતો ઝહીરને પરખી રહી હતી "ના, બા રાજાના કુંવર જેવો" "અલિ તારા બટકાભાઇ કરતાં સારો." "બ. બા. હવે. અકીકમિયાંની

સાદિક બુક ડેપો

રાંદેરના

ગુજરાતી તજુંમાવાળા કુર્આન શરીફના પારાઓ, આકર્ષક સંગ્રહ અને બીજા પુસ્તકો માટે પધારો.

શ્રી રાંદેર સ્ટોર્સ, કિલ્લાપીઠ સૂરત

આંખો તો ચુંધલી છે અને કમરદીન લાંબો-તાડ. ત્યારે અમારાં સકીનાબીબી સુરણની ગાંઠ જેવાં ગઠ્ઠું." "રાંડ તું ગઠ્ઠું હોઈશ" કાનમાં તકરી.....

અમીરઅલી થોડી વારતો તકીઆને અઢેલી બેઠો. પરંતુ એકાએક એમનાથી ડુસકું ભરાઈ ગયાં આંખાએ મંડપમાં બેઠોથી ઉભા થઈ. બેવાઈએ આંસુ ખેરવ્યાં. અકીમ ગવૈયો નજીકજ બેઠો હતો તે આવો મોકો ચૂકે ? જલદી ચોતાનો રેશમી રૂમાલ (જેણે આખી સોકડો શાદી જોઈ હતી) કાઢી આંસુ લુંછવા દોડ્યો. બીજાઓ પણ બળગી પડ્યા "આજ સૈયદ સાહબ છુટ્ટ છેટા ન કીજીએ આપકો પીરાનપીરકો કસમ." એક તરફથી અવાજ આવ્યો. "અરે સાહબ વિવાહ વાજંતમાં તો ઝગડા થાયજ. એમાં એવું શું કામ આણવું ?" કોઈ વળી પોતે જોએલી બધીય શાદીઓમાં ઝગડા થયા હતા એમ સાબિત કરી રહ્યો હતો. બધાએ બહુ વીનવ્યું ત્યારે અમીરઅલી માંડમાંડ બોલ્યા " અમારૂં શું રાખ્યું એમણે ? એકાંતમાં બે ઘુટ કાઢીને માર્યા હોત તો ધોધો ન હતો પણ આવી ઢેડ કરેતી તો ન થાત "

પછી જ્યારે શરબત પીવાવું શરૂ થયું તો અમીરઅલીએ પીવાની ઘુમીને ના પાડી પરંતુ એક એક ગલાસને દસ દસ માણસોએ પકડી તેમના મોંમા દવાની પેઠે રેડવા માંડ્યું તો એ બિચારાનું કંઈ ન ચાલ્યું. લાચારીએ પીવુંજ પડ્યું. દરેક ઘુંટડે તેઓ "બસ.બસ" કહેતા અને લોકો એમની સાથે ધસારો કરતા કે "ના. જરાક પધુ. કસમ છે આપને."

નિકાહ પઢાવવાની શરૂઆત થતી હતી ત્યાં તો રસૂલખાંનો રણકાર સંભળાયો. "પચ્ચીસ હજારથી ઓછી મહેર નહિ. શાદી કરવી હોય તો કરે, નહિ તો માર્ગે પડે. આ રહ્યો રસ્તો. એ રસૂલખાં બાંસાબની બેટી છે, કોઈ તાઇ પીંજરાની નથી."

સારાંશ કે છેવટે નિકાહ પણ પઢાવાઇ ચુક્યા. વિધાતાએ ઝકીર-મયમૂનાનું જોડું લખેલું ન હોત તો આ શાદી થતી મુશ્કેલ હતી.

બે દિવસ જરાત રહી પણ બંને બેવાઇ મળીને બેઠા નહિ રસૂલખાં જ્યારેય બહાર નીકળતા તો મોં ચઢાવીને નીકળતા. અમીર-અલીથી આંખ મળવા દેતા નહિ; અને મળવા દેતા તો કરડી ખાતા. બધીય વાતોમાં તેમને અમીરઅલીનીજ કસૂર દેખાતી. તેઓ કહેતા "દુલ્હનનો કપડા લાવેલો છે તે પણ હલકા અને સાધારણ છે. નિકાહ વખતે બારેક, વહેંચી તે પણ જુની અને ખોરી તોજ, પરંતુ વહેંચવામાં પણ એની ચિકણી વિદ્યા ઢાંકી ન રહી લેવા આપવામાં પણ રૂપીઆને ગણી ગણીને વાપરતો. જાણેકે પણ બખીલાઇથી લાવ્યો હતો. અરે! કમબખ્ત, આવવાનું તો તારે ત્યાં હતું. મારે થોડું લઇને ઘરમાં મૂકવું હતું. પણ મારવાડીનો છોરૂ ચાલે ત્યારેને?"

(પછી)

ધી રાંદેર સ્ટોર્સ

કણપીઠ; માંથી ખાસી કરી તા. ૧-૨-૧૯૪૨થી ટાવર રોડ, મોહન ટોકીઝ પાસે, જશે.

કૈલાસપર્વતની ભવ્ય પરિક્રમા (પ્રવાસ-મણકા)

(ભાગ્યેશ-મહાભાગ્ય)

ઉપર પ્રમાણે પરિક્રમા પૂરી કરીને પ્રવાસીઓ ડેરાપુક પાછા ફરે છે. ત્યાંથી ગાડીમાં બેસીને તેઓ ૧૨ કિલોમીટર દૂર આવેલા તારચેન ગામે પહોંચે છે. ત્યાં તેમનો પ્રવાસ પૂરો થાય છે.

કોરવાં [માસિક] Registered No. B. 4327. જાન્યુઆરી ૧૯૪૨

તંત્રી : "વહશી" સંદેરી. સહતંત્રી : "બેકાર"

માસ જાન્યુઆરી ૧૯૪૨

પુસ્તક. ૩ જું અંક ૫ મો.

અનુક્રમણિકા.

વિષય સૂચિ.	લેખકનું નામ	પૃષ્ઠ.
દીપક પતંગ	... "બેકાર"	... ૨૮૧
ઈસ્લામી શિક્ષણ (કુર્આન) ...	... મૌ૦ અ. રહીમ સા૦ ...	... ૨૮૨
" " (હદીસ) ...	... " " " " ...	... ૨૮૩
આવાઝની દુનિયા	... "બેકાર"	... ૨૮૪
ફતાવા	... મૌ૦ અ. અશરફ ...	... ૨૮૮
ચોઠ	... રા. વણગરો ...	... ૨૯૧
સાભાર-સ્વીકાર	... સંપાદક	... ૨૯૪
અરમાઉલ હુરના	... રિકાઇ-સાબેરી ...	... ૨૯૫
આંસુથી ભેકતા	... "તાલિબ"	... ૨૯૭
મુસ્લિમ અરબી વહાણવટું ...	... સાલેહ બકાલી ...	... ૩૦૬
પ્રભુને — પ્રભુનો (કાવ્ય)	... "રફીક"	... ૩૦૯
જુઠ ઝિંદાબાદ	... એફ. મુહંમદી ...	... ૩૧૦
"રહું છું." (ગઝલ) ...	... "ઉન્મત"	... ૩૧૨
સમાજ હારા વાંકે	... "વલી"	... ૩૧૪
સિદ્ધિના સન્માર્ગ	... "ગાફિલ"	... ૩૧૬
'ગધ કાલ માંગે છે' (માત્ય) ...	... "ઉન્મત્ત"	... ૩૧૯
હ૦ સલમાન ફારસી (રદી૦) ...	... દરગાહવાલા	... ૩૨૧
હું, મિયાં ને તિરમારખાં ...	... શાન્ત	... ૩૨૯
"મર્દાના જીવન છે" (ગઝલ) ...	... "તરન્નુમ"	... ૩૩૩
મિયાંભાઇની જાતમાં	... "નિસાર"	... ૩૩૪

વાર્ષિક લવાજમ:-હિન્દ અને સીલોન રૂા. ૪, બર્મા રૂા. ૫, પરદેશ શી. ૮

વિનંતી:-રેપર ઉપર ગ્રાહક નંબર હંમેશા લખાય છે. તે ડાયરીમાં નોંધી રાખો અને પત્રવ્યવહાર વેળા તે લખવા ચૂકશો નહીં.

Printed by: Maganlal Mangaldas Patel, at The 'Gangotri' Printing Press. *Kanpith, Khand Bazar,* Surat.


Published by: Azum Ahmed Esmail 'Vahshi' for Vahshi Sahitya Karyalaya *Kanpith* Surat.

૭૩૨૪

ਚਿੱਤਰ ੧੭ ਮਾਰਕੋਨੀ ਦੀ ਪਹਿਲੀ ਵਾਇਰਲੈੱਸ ਸੰਚਾਰ ਪ੍ਰਣਾਲੀ ਦਾ ਚਿੱਤਰ
ਇਸ ਚਿੱਤਰ ਵਿਚ ਮਾਰਕੋਨੀ ਦੁਆਰਾ ਪ੍ਰਯੋਗ ਕੀਤੇ ਗਏ ਐਂਟੀਨਾ ਦੀ ਉਚਾਈ ਦਰਸਾਈ ਗਈ ਹੈ।
ਇਹ ਐਂਟੀਨਾ ਲਗਭਗ ੫੦ ਫੁੱਟ ਉੱਚਾ ਸੀ ਅਤੇ ਇਸ ਦੇ ਸਿਰੇ ਤੇ ਤਾਰਾਂ ਦਾ ਜਾਲ ਬੰਨ੍ਹਿਆ ਹੋਇਆ ਸੀ।
ਇਸ ਐਂਟੀਨਾ ਦੀ ਉਚਾਈ ਕਾਰਨ ਇਸ ਦੀ ਪਹੁੰਚ ਦੂਰ ਤੱਕ ਸੀ।

પુસ્તક ત્રીજું અંક ૬ ઠ્ઠો







ફેબ્રુઆરી ૧૯૪૨

જા ૦ ગ્ર ૦ તિ—ના ૦ ૬

રચનાર : : "ઈંજ્રત" [પોરબંદર.]



(૧)

ચેતન નથી જીવનમાં,
કોઈ કામ સરે કયાંથી ?
તારી નથી તુજને કોઈ,–
ઈમદાદ કરે કયાંથી ?
હારી ગયો હિમ્મત જ્યાં,
તકદીર ફરે કયાંથી ?
તુજ નાવ છે જો ભયમાં,
તે નાવ તરે કયાંથી ?
ગાળસને ફગાવી દે !
તુજને તું જગાવી દે !



(૨)

તદબીર કરે તું તો,
તકદીર ફરી જશે;
એક તું નહિં તુજ કોટી,
યારો એ તરી જશે
સાગો જો હશે સેવક,
આપવર એ મરી જશે,
મરતાં એ અમરતાને,
નિર્મ : ક વરી જશે.
તયાર થઇ જા તું !
બેદાર થઇ જા તું !

(૩)


જો અન્યની હિમ્મતને,
જો અન્યની તાકતને.
જો અન્યની તકદીરો,
જો અન્યની શોહરતને.
જો ગ્રન્થોમાં પરસ્પર
ભીડી એ મહબ્બતને,
જો તારી તું હરકતને
જો તારી તું હાલતને
તું કાયા પલટ તારી,
લે કામ તું સંભારી.



(૪)

તું રજ સહુ ત્યાગી,
તુ સાફ કર અંતરને.
દુઃખીયોના દર્દથી તુ,–
અંતરને તારા ભરને.
તુજ પુર્વજોની શક્તિ,
તું યાદ હવે કરને.
ઓ પ્રેરણાને પી, પી,
સદકે તું કર નિગારને
'ઈંજ્રત' રહી છે એમાં !
શોહરત રહી છે એમાં !





ઈસ્લામી શિક્ષણ

અલ્લાહ તઆલાનું ફરમાન (કુર્આન)
મૌલાના અબ્દુર્રહીમ સાદિક સાહબ

(૧૭૬) જે વસ્તુ તમને આપવામાં આવી છે તે જગત જીવનનો ફાયદો તથા તેની શોભા છે, પણ જે (સવાબ) ખુદાપાકની પાસે છે તે બહેતર અને વધુ ટકી રહેનાર છે, તો શું તમે સમજતા નથી? (કુર્આન)

* * * *

(૧૭૭) જે લોકો ઇમાન લાવ્યા અને ભલાં કામો કરતા રહ્યા તો અમે તેમના પાપોને તેમનાથી દૂર કરી દઈશું, અને તેઓને તેમના અમલોનો ઘણો ઘણો સરસ બદલો આપીશું (કુર્આન)

* * * *


(૧૭૮) અને અલબત્ત તેઓ પોતાના બોજ ઉઠાવશે તથા પોતાના બોજઓ સાથે બીજા કેટલાક (પાપના) બોજ (ઊઠાવશે) અને અલબત્ત કિયામતના દિવસે તેમને તે વાતોની પૂછ થશે જે જુઠી રીતે ઘડતા હતા. (કુર્આન)

* * * *

(૧૭૯) જ્યારે અમે લોકોને અમારી કૃપાની મઝા ચખાડીએ છીએ ત્યારે તેઓ ફુલ્યા સમાતા નથી; પણ જો તેઓના ઉપર કોઈ આફત તે કરણીના સબબે આવી પડે જેને તેઓના હાથ પ્રથમ કરી ચુકયા છે તો તરતજ તેઓ નિરાશ થઈ જાય છે. (કુર્આન)

* * * *

(૧૮૦) ધરતીમાં અને સમુદ્રમાં લોકોના હાથોની કરણીના સબબે ફસાદ ફેલાઈ ગયો છે તો તેમની કરણીની કંઇક મઝા તેમને ચખાડવી જોઇએ કે જેથી તેઓ (વધુ ફસાદ કરવાથી) બાઝ આવે. (કુર્આન)



(૧૭૬) રસૂલુલ્લાહ સલ. એ ફરમાવ્યું કે જેને આ વાત ગમતી હોય કે તેની રોઝી બહોળી થાય અને તેની ઉમર વધી જાય તો તેને જોઇએ કે તે સગાઓની બરદાશ્ત રાખતો રહે. (એટલે તેઓને આપતો રહે) (મુસ્લિમ)

× × × ×

(૧૭૭) રસૂલુલ્લાહ સલ. એ ફરમાવ્યું કે "રહમ"નો શબ્દ "રહેમાન"થી નીકળ્યો છે, ફરી અલ્લાહએ (રહમને) કહ્યું કે જે કોઈ તારી સાથે મેલાપ રાખશે, તેનાથી હું મેલાપ રાખીશ, અને જે તને તોડશે તેને હું તોડીશ. (સહીહૈન)

× × × +

(૧૭૮) રસૂલુલ્લાહ સલ. એ ફરમાવ્યું કે બચીત અલ્લાહ પોતાની દયાનો હાથ રાત્રે ફેલાવે છે કે દિવસનો ગુનેહ કરનાર તૌબહ કરે. અને દિવસના પોતાની કૃપાનો હાથ ફેલાવે છે કે રાતનો ગુનેહ કરનાર તૌબાહ કરે; તે એટલા સુધી કે સૂર્ય પશ્ચિમથી નીકળે. (મુસ્લિમ)

× × × ×

(૧૭૯) રસૂલુલ્લાહ સલ. એ ફરમાવ્યું કે અલ્લાહ ઝાલિમોને ઢીલ આપતો રહે છે. ફરી જ્યારે તેને પકડે છે તો છોડતો નથી. ફરી કુર્આનની આયત પઢી (અર્થાત) "એવીજ રીતે તારા પરવરદિગારની પકડ છે જ્યારે તેણે ઝુલમગાર વસ્તીઓના લોકોને પકડયા. બેશક તેની પકડ સખત દર્દનાક છે." (સહીહૈન)

× × × ×

(૧૮૦) રસૂલુલ્લાહ સલ. એ ફરમાવ્યું કે કિયામતની આગળ કેટલાક દિવસ એવા થશે કે જેમાં જહાલત ઉતરશે (એટલે ફેલાશે) અને ઇલ્મ ઉપડી જશે અને કતલ બહુ ચાલશે. (સહીહૈન)



આપણા ઈંડીયનોની કલ્પના શક્તિ સહુ કરતાં વધુ હોડે છે. વિજ્ઞાપનનાં છાપાં કે વિજ્ઞાપનના કોઇ બહેણા જરા હિંદ સંબંધી કંઇ બોલે કે હિંદીઓ સ્વયંવેંતમાં સ્વરાજ આવી જશે એવું સમજી લે છે! જોકે અનેકવાર પાર્લામેન્ટે સ્વયંવાણીની રમત આદરી છે; છતાં આપણા લીડરો સ્વભાવેજ ભોલા છે. જુવો રાઉન્ડ ટેબલમા ગાંધીજી કચ્છ બીડીને ટેમ્સ-કિનારે ગયા અને માલવીયાજી ગંગાજળની પીપ ભરીને લંડનની બજારમાં મહાલવા લાગ્યા. ત્યારે લોકોએ જાણેલું કે તેઓ સ્વરાજ લઇને જ આવશે; પણ સ્વરાજના લખાણને બદલે કોરો કાગળ વ્હાઈટ પેપર લઇને આવ્યા! સર સ્ટેફર્ડ ક્રીપ્સ સેમંચની ઝુંપડીમાં આવીને પત્તાઠો વાળીને ભાત-દાળ આરોગવા બેઠા ત્યારે આપણા વેવલા લીડરોએ ધારેલું કે એ મહાશય લંડન જઇને પહેલાજ મેલમાં સ્વરાજનું પારસલ મોકલી દેશે. લોર્ડ લોથીયન હિંદના મહેમાન થયા ત્યારે પણ સ્વરાજ આપવાની વાટાઘાટ કરવાજ એ આવ્યા હોય એમ ઘણા માની લેતા. અને અરવીનના આંગણે ગાંધીજીએ ટહેલ નાખી હતી ત્યારે પણ એક મુઠી નિમકના બદલામા સ્વરાજ સ્વયંવેંતમાં આવી ગયેલું ઘણાને દેખાતું હતું. વળી કોંગ્રેસે પ્રાંતિક હોદ્દા સ્વીકાર્યા ત્યારે તો સ્વરાજ મળીજ ગયું છે એમ ઘણા સમજી ગયા હતા. પણ લડાઇની કસોટી આવી અને એ સૌ ટચનું સુવર્ણ મિનરવા ગોલ્ડ સાબીત થયુ! કેટલાકે એમેરીઓ, ચર્ચીલો, અને ડેનનશાયરના ડ્યુકોએ ધોળા ઘોડે બાપોકાર બનેડર કર્યું કે તમારા બેરમાં પુરતા વેલા છે તેને ઉખેડીને પછી આવો! સ્વરાજ કોને જોઇએ છે? લેનાર કોણ છે? કોઇ માગે તો આપીએને! ઑગસ્ટની ઑફરનું બીજું નામજ સ્વરાજ છે! તમે હિંદી મહાસાગરનાં માછલાં છો! તમને અટલાંટિક કનાર સાથે શું લેવા દેવા? છતાં બધાને સર ગીરેન્દ્રશંકર જેવા ધરખમ બેરૂના કહેવાથી હિંદનું નામ પણ એ દસ્તાવના દફ્તરમાં શામેલ કર્યું છે!

●

એક મેલની સાહેબને બે બીબીઓ હતી એક ઘરડી અને એક જુવાન. મોટી સાહેબ જુવાન દેખાય એટલા માટે જુવાન બીબીએ માથામાંથી ધોળા નિમાળા તોડવા માંડ્યા. તો ઘરડી બીબીએ મોટી સાહેબની ભુખરી ટકાવી રાખવા માટે કાળા વાળ તોડવા માંડ્યા! એ બંને બીબીઓની હરિફાઈમાં મોટી સાહેબનું મસ્તક પારાવાર વેદના સહિત સફાચટ થઇ ગયું! તેમણે ઘણુંએ સમજાવ્યું પણ બંનેમાથી એકે બીબીએ માન્યું નહિ, જેથી પરિણામે મોટી સાહેબનું મસ્તક ગંજા પડેલા જેવું થઇ ગયું! બસ આજે ભારત કોંગ્રેસના પણ લીગ અને કોંગ્રેસ એવીજ રીતે બાપ પીંખી રહી છે! અને એમેરી ઢોલ પીટીને એ

ઘરના કબ્જાને જગજાહેર કરી.

"ઈતની હીસી તો ખાનથી અફસાના કર દીયા"

જેવું કરી રહ્યાં છે! કયાં વિલાયતી મદારીઓ ને કયાં દેશી માંકડાં?

❁

એક અમારા ફિલસુફ મિત્ર છે, તેમને દરેક વસ્તુ વહેપારી દ્રષ્ટિએજ જોવાની ટેવ પડી ગઈ છે. ચાલુ લડાઇને પણ તેઓ વહેપારી નજરે નિહાળી સમાલોચના કરે છે કે લડાઇ ગવર્નમેન્ટ સપ્લાઇ ખાતાના કોન્ટ્રાક્ટરોને, ઉધાર માલ લેવાની પ્રેકટીસવાળા ગ્રાહકોને, તથા ચોર ડાકુઓને ખાસ લાભદાયી થશે, ત્યારે વિમા કંપનીઓ, પરદેશી કંપનીઓના દેશી શેરહોલ્ડરો, અફવા સાભળીને પરદેશથી કે પર શહેરથી દૂમ દબાવીને પોતાના ગામ ભણી દોટ મેલનારા આસામીઓ તથા નવા પેપરોના ગ્રાહકોને ચાલુ લડાઇ ખાસ નુકસાન કર્તા થશે. બાકી "કઇ શાખો નિરાશામા અમર આશા છુપાઇ છે."તી જેમ દુનિયાનો લડાઇના કારણે જે ભંગાર થશે તે ભંગારમાંથી નવિન જગતનું સર્જન થશે અને તેમાંય ખાસ વાંઢાઓ વધુ ફવી જશે. લડી લડીને અનેક માદીકરાઓ માદીમાં ભળી જશે; જેથી લાગ્નોની સંખ્યામાં સ્ત્રીઓ વિષમ થશે અને પછી તો લોકો પરાણે ઇસ્લામી કાનૂનને અપનાવશે. યાને કે એક એક પુરૂષ સાથે ચાર-ચાર સ્ત્રીને વળગાડવામાં આવશે, અને એક પત્નિવ્રતનો ધરાસભામા હરાવ લાવનારાઓનાં હથિયારો હેઠાં પડશે! અત્યારે સમાજમા વાંઢાઓનું અસ્પૃષ્ય જેવું સ્થાન છે તે મટી જઇ વાંઢાઓ વંદનીય મનાશે! અસ્તુ :

❁

સરહદના તાયફાવાળાઓની એક વાત જાણીતી છે. "એક ઉસ્તાદે પોતાના ચેલાઓને સમજાવ્યું કે જગતમાં શહીદોનો દરજ્જો સૌથી શ્રેષ્ઠ છે." સરહદી જુવાનોના કુળદીપ ભેજામાં કોઇપણ વાત સમાતાં વાર લાગતી નથી(!) તેમના મગજને પેલા જા. ખ. વાળાઓની જેમ બીજા ઠેકવાની જરૂર પડતી નથી (!) થોડીકવાર વિચાર કરીને એક ઊઠયો અને છરો કાઢીને ઉસ્તાદ પર ચઢી બેઠો! ઉસ્તાદે કહ્યું : "આ શું કરે છે" તો ચેલાએ કહ્યું : "આપ અમારા ઉસ્તાદ હોઇ આપનેજ શહીદનો મરતબો આપવો એ મારી શાગિર્દ તરિકે ખાસ ફરજ છે." અલબત્ત આવાજ હાલ મોરકોના મોરચે હીટલરના થઇ રહ્યા છે! જર્મનો જે સાણસા વ્યુહના ઉસ્તાદ હતા, તેમની પાસેથી તા'લીમ લઇને હવે રશિયનો ખુદ નાઝીઓનેજ સણસા વ્યુહમાં ફસાવી રહ્યા છે! આતો, "શિકાર કરનેકા આયે શિકાર હોકે ચલે" જેવું થયુ!"

❁

ભલે બારમા કરાર પર સહી કરી સર ગીરજાશંકરે હિંદનું નાક કાપ્યું હોય, ભલે સીમોન કરાર પર સહી કરી હિંદને માથે બોજો લાવ્યો હોય; પણ વોશીંગ્ટનમાં થએલા એ. બી. સી. ડી. ના ૨૬ રાજ્યોના કરારમાં હિંદની સહી કરીને તો એ સર સાહેબે હિંદની શાખ વધારીજ છે. અને પેલી કહેવતને પણ ખરીજ કરી બતાવી છે કે : "સર સલામત તો પચડીયાં બહોત!" દસાડાનુ નામ દફતરમા ન હોવાથી દસાડાના રાજની રોયે ભરાયા હતા તેમ હવે હિંદે રોયે ભરાવાની જરૂર નથી કારણકે આ દસાડાનું નામ પણ તે દફતરમાં

આવીજ ગયું છે ને ? હવે તો આપણા લીડરોએ પેલી કવિતાજ આલાપવી બાકી રહીને કે : **"એ ઉપકાર ગણી આજપૈનો હરખ હવે તું હિંદુસ્તાન!"** પણ કેટલાક નિશાળના પંતુજીઓ તો કહે છે કે એ ૨૬ રાજ્યોમાં કેટલાક રાજ્યો તો એવાં છે કે જેનું નામ પણ ભૂગોળમાં નથી ! તો તેમાં શું થયું ? નવી આવૃત્તિમાં એ સુધારો કરી લેવાશે હાં...આં, પણ પાછા પેલા પંડિત જવાહરજી કેમ ઘોડે ચઢયા છે ? વાલચંદને મૈસુરમા મોટરનું કારખાનું કાઢતાં અપશુકન નડયા હશે અને બોલી અમેરિકન પેઢીને સીધમાં મોટરના ભાગો તૈયાર કરવાની પરવાનગી આપની વેળા હિંદી સરકારની આગળ કાણી બિલાડી આડી નહિ ઉતરી હોય ! બાકી વાલચંદ કે સર. મીરઝાં ધરમાણસે દહી ખાઇને મોટરના કારખાનાનો પાયો નાખ્યો હોત તો જરૂર એમનું કારખાનું ધરતીપર ઉપસ્થિત થઇ શકત ! બાકી એક તો મોસાળ અને વળી મા પીરસનારી હોય ત્યાં શી વાતની કમીના રહે ? મોરકોની હવામાથી શ્વાસ લેનાર પંડિતજી, ગોળધાણાનું મહત્વ શાના સમજે ? વળી સનલાઈટ સાબુ અને કપડવંજના ગોળાની કીમતમાં પણ ફેર હોયને ? ચામડીનો રંગ બદલવાનાં કારખાનાં જગતમાં નહિ નીકળે ત્યા સુધી તો એમનું એમજ હાલતું રહેવાનું !

●

જગતના માનવોની કતારોની કતારોનો જળ જમીન, અને હવા મારફતે આજે વિનાશ થઇ રહ્યો છે; ત્યારે પૈસાના કોશેટામાં પોતાની જાતને સલામત અને સમૃદ્ધ માનતા માનવ જંતુઓ નિરાંતે બેઠા બેઠા, જનતા પાસેથી વધુમાં વધુ નાણાં પડાવવાં તેની વેતરણ કરી રહ્યા છે. એવા આપણા વહેપારીઓને પત્રકારો **'ઉજળીયાત લુચ્ચાઓ'** ની ઉપમા આપી રહ્યા છે અને તે યોગ્યજ છે. કારણકે એવું ઘણીવાર જોવામાં આવ્યું છે કે આગ લાગે ત્યારે કેટલાક તો માનવતાથી પ્રેરાઇ આગ હોલવવા જાય છે, અને કેટલાક 'બળતા ઘરના ઘાંડા જે હાથ લાગ્યા તે ખરા' એમ સમજી ચોરવા જાય છે આગને બારણે મૈયત થઇ હોય જેથી લોકો રડારોડમાં પડયા હોય તે ગફલતનો લાભ લઇને પાછલે બારણેથી ચોરી કરનાર માનવો પણ સાંભળવામાં આવ્યા છે. ! મોત સોંઘું અને પૈસા મોંઘા થઇ ગયા છે તેનુંજ આ પરિણામ છે. બાકી માનવતાની પારાશીશી તો દાનવતાના ખડક સાથે અફળાઇને કયારનીય તૂટી ગઇ છે, અને તેમાંનો પારો પણ ઢોળાઇ ગયો છે.!


●

"ઊંટ જ્યારે ઢેકા કરે છે ત્યારે માણસો કાદા કરે છે" એ સુજ્ઞ જુની કહેવતને કલકત્તાથી ઉઠાંગરી કરી જનાર એક લખપતી અને તેના નોકરે સાચી કરી દેખાડી છે. કથા ભાગ એવો છે કે:

"કલકત્તાના એક એક મહાજન આવતી ધારે વખ પાઇ દિલ્લી નરેશ દોટ મૂકવાની ફિકરમાં પડયા. બાથામાં દલીચડાંનું એક આખું માટલું ભરીને તૈયાર કરાવ્યું, અને માટલું માથે મૂકીને સંભાળ પૂર્વક લઇ જવાની નોકરને સૂચના આપી હતી. કારણ કે પ્રત્યેક દલીચડામાં એક એક ગીની છુપાવેલી હતી. માટલું પોલિસ અને રેલ્વે અધિકારીની નજરથી તો બચી

ગયું, પણ ખુદ નોકરની નજરે એ માટલાને લાગી જેથી નોકરજ મદારીનો જંબુરો કરંડીયામાંથી અદૃષ્ય થાય તેમ કલકત્તાના સ્ટેશને ટ્રેનમાં બેઠા પછી અદૃષ્ય થયો. શેઠે શાંતિથી દિલ્હીના સ્ટેશને નોકરની ખબર કાઢી તો નોકરજ નદારદ! શેઠ બોચી ખંજવાળતાજ રહી ગયા! પોલિસને પણ એ ખબર શી રીતે આપે? અંતે તેરીભી ચૂપ ને મેરીભી ચૂપ જેવું થયું!" આથી શેઠની બુદ્ધિ કરતાં નોકરની બુધ્ધિ અભિનંદનને પાત્ર ઠરે છે; પણ મૂડીવાદ અને મજુરવાદની ખેંચતાણના આ જમાનામાં શેઠે નોકર ઉપર વિશ્વાસ મૂકવાને બદલે પોતાનાજ મસ્તકે માટલું ઉંચકી લીધું હોત તો શું બાંધો હતો? ભલે રોમાંચકારી જેવો દેખાવ થાત પણ 'ચોરની મા કોડીમાં મોહું ઘાલીને રૂવે' એવું તો ન થાતને દાણચોરીના ઉમેદવારો આથી કંઈ ધડો લેશે એ આશાએજ આ ખરી હકીકત અહીં દર્શાવવાની તકલીફ ઉઠાવી છે.





સવાલ-એક માણસ મરી ગયો, તેની એક ઓરત છે, એક છોકરી છે. અને એક નવાસી છે. અને એક બેન છે. તો હવે મરહુમના મરણ પછી માલની વહેંચણી કેવી રીતે કરવી?

જવાબ-મરહુમના ઉપર કફન દફનનો થએલો ખર્ચ તથા કર્જ હોય તો તેમને વસીયત કરી હોય તો ત્રીજા ભાગ માલમાંથી અદા કર્યા પછી જે માલ બાકી રહે તેના આઠ ભાગ કરવા તેમાંથી એક ભાગ ઓરતને અને ચાર ભાગ છોકરીને અને ત્રણ ભાગ મરહુમની બહેનને મળશે નવાસીને કંઈ મળશે નહિં જો નવાસી માટે મરહુમે વસીયત કરી હોય તો માલનાં ત્રીજા ભાગ મુંબીમાંથી આપવામાં આવશે નહિંતર સારિસ થતી નથી. મતલબ કે રૂપિયા ૧) માંથી બેબાના ઓરતને આઠ આના છોકરીને છ આના બહેનને મળશે અગર જો ઓરતની મહેર બાકી હશે તો તેણીને સારસા વતરોક મુકરર થએલી મહેર અપવામાં આવશે (સિરાજ)

સવાલ- એક માણસ ગરીબ અને કરજદાર છે તેણે એક જગ્યાની મરજીદ ચંદાના પૈસાથી બની રહેલી હતી તે મસ્જીદનાં કામમાં મજકુર ગરીબ માણસે ઘણી ઇમાનદારી સાથે મહેનત અને કોશિશ કરી છે. એ મહેનત બદલ તે માણસ કંઈ પગાર કે મદદ માગતો નથી પણ મસ્જીદના કારભારીઓ તેની ગરીબાઇ અને કરજદારીનો ખ્યાલ કરી મજકુર પૈસામાંથી પગાર તરીકે તેને આપે અને તે પોતાના કરજ વિગેરેમાં અદા કરે તો આપી શકાય કે નહિં?

જવાબ-પુછેથી સુરતમાં મજકુર માણસ જ્યારે ઘણો ગરીબ અને હાજતમંદ છે. તો પગાર તરીકે લઇ શકે છે તેમજ મસ્જીદના કારભારીઓ પગાર તરીકે તેને આપી શકે છે. જેમકે બીજા નોકરો તેમજ મજુરો વિગેરેને આપવામા આવે છે. એમાં કંઈ બાધો નથી.

સવાલ-ઘણી જગ્યાએ અમારા તરફ ગામડાઓમાં કબ્રસ્તાનમાં જમીન મુસલમાનોના કબજામાં હોય છે. હવે ગામોમાં દસ્તુર એમ છે કે ગામનો કોઇ કબ્રસ્તાનનો ઘાસ વગેરે વેચી કાયદો ઉઠાવે છે તે બદલ કંઈક મસ્જીદનું પાણી ભરે છે કાંઇ આપે છે. ગામમાં મેત મૈય્યતનું કામ કરે છે અને અસલથી કબ્રસ્તાનની જમીન સરકારે મસ્જીદ અથવા કોઇ આતને આપેલી નથી. માત્ર દફનાવવા માટે આમ તોર પર જમીન આપેલી છે. કોઇ આતાનો તે મસ્જીદનો વહીવટ તે જમીન ઉપર ચાલી શકતો નથી. એવી હાલતમાં મસ્જીદનો મુતવલ્લી તે કબ્રસ્તાનની જમીનને મસ્જીદમાં કબ્રસ્તાનની

વાસની ઉપજ મેળવવા ખાતર મસ્જીદના કબ્જામાં મુતવલ્લી લઇ શકે છે અને ફકીરને પતો ફાયદો બંધ કરી શકે છે. આ પણ ખ્યાલમાં રહે કે મસ્જીદનો હિસાબ વાર્ષિક સરકારમાં આપતી વેળા ક્રશ્ચસ્તાનની ઉપજ મસ્જીદમાં લીધી છે એમ મુતવલ્લી જણાવી શકતો નથી. કારણ કે સરકારે મસ્જીદમાં વહીવટ સોંપેલો નથી.

જવાબ–જ્યારે ક્રશ્ચસ્તાનની જમીન મસ્જીદના તાબામાં આપેલી...નથી તો મસ્જીદ તેની ઉપજ લઇ શકતી નથી. મસ્જીદ એક અલગ વકફ છે, અને ક્રશ્ચસ્તાન એક અલગ વકફ છે જ્યારે સરકારે દરેક ગામમાં ક્રશ્ચસ્તાનની ઉપજ ફકીર માટે ઠેરવેલી છે. તો એવી સુરતમાં ફકીરનો હક મસ્જીદનો મુતવલ્લી બાતલ કરી શકતો નથી. જો ફકીર રાજી ખુશીથી ક્રશ્ચસ્તાનની ઉપજ મસ્જીદને લેવા દીએ તો તેના બદલામાં મુતવલ્લી ફકીરને મસ્જીદની સેવ બદલ મસ્જીદમાં કંઇ પગાર નક્કી કરી આપે.

સવાલ–એક માણસે ફર્જ નમાઝ ઉભાઉભા શરૂ કરી ફરી કંઇ તરલીફ થઈ જવાથી બેસીને નમાઝ પુરી કરી તો નમાઝ થઇ ગઇ કે નહિં.

જવાબ–નમાઝની હાલતમાં કંઈ બીમારી કે તકલીફ પેદા થઇ જવાના કારણે બેસીને નમાઝ પડી તો તેની નમાઝ થઇ ગઇ. કંઇ પણ વાંધો નથી.

સવાલ:–મારી અમ્માના રૂપિઆ તેના પિતા (એટલે મારા નાના) પાસે અનામત પડેલ છે. અને મારી અમ્મા અંદાજ ૧૯૨૪ અથવા ૧૯૨૬માં ગુજરી ગએલ છે. અને મારો નાનો ૧૯૩૩માં ગુજરી ગએલ છે. તે રૂપિઆ હાલમાં મારો મામો મને આપવા માંગે છે. પણ તે કહે છે કે હું સરાએ મોહંમદી મુજબ તમોને વહેંચી આપું. તેથી તેમાં હું છું. મારી એક બહેન છે. અને મારો બાપ છે. અમો ત્રણ જણાને તે રૂપિઆ કેવી રીતે વેંચી આપે તે બારામાં સરાએ મોહંમદી મુજબ ખુલાસાવાર જવાબ વળતી ટપાલે આપવા મહેરબાની કરશો. તથા મારા નાના કેવી રીતે વહેંચવા તે પણ લખી જણાવશો.

જવાબ:–તમારી માના જે અનામત રૂપિઆ તમારા નાના પાસે હતા. અને તમારી મા તમારા નાનાથી પહેલાં ગુજરી ગએલાં જેથી તમારા નાના પણ વારેસ થશે. ભાગ ૭૨ કરશો. તેમાંથી તમારા બાપને ભાગ ૧૮ અને તમારા નાનાને ભાગ ૧૨ છોકરાને એટલે તમને ભાગ ૨૮ અને છોકરીને એટલે તમારી બેનને ભાગ ૧૪ મલશે. બાદ તમારા નાના તમારી મા ના પછી ગુજરી ગયા છે. એટલે તમારી માં તમારા નાનામાંથી વારેસ થશે નહીં. હવે જો તમારી માંની મહેર તમારા બાપ ઉપર બાકી હોય તો તેના પણ ઉપર મુજબ ચાર વારેસ થશે.

સવાલ–એક માણસને એવી બીમારી થઇ ગઇ છે કે મોટે બસ્તનજે જાય છે ત્યારે તેની આમણ નીકળી આવે છે તો રોઝાની હાલતમાં કંઇ વાંધો આવે કે કેમ?

જવાબ–એ બીમારીવાલા માણસને જોઇએકે રોઝાની હાલતમાં બરતી-જન વેળા હાથ પાણી લઇ ઉભા થાવ પહેલાં આમણને કપડાથી બુશ પુંછી સાફ કરી લેતો રોઝામાં વાંધો આવશે નહિ. અને જો પુંછ્યા વિના ભીને (તર) આમણ અંદર ચાલી જશે તો રોઝો તૂટી જશે.

(તહતાની મરાકિલ ફલાહ પાનું ૪૪૩)



"ભાષાન્તરની કળા ઘણીજ દુઃસાધ્ય છે. કોઈ લખાણના એક ફકરાને બીજી ભાષામાં ઉતારવો એ એક શીશીમાંથી અત્તરને બીજી શીશીમાં રેડવા જેવું કાર્ય છે; કારણ કે તેમ કરવા જતાં થોડી ઘણી સુગંધ અવશ્ય જતી રહે છે" આમ વિજ્ઞુશાસ્ત્રી શિરપોન્કર કહે છે. તે છતો ખરેજ, પણ અત્તરની શીશીમાંથી અત્તર કાઢવાને બદલે બાસ્કેટના શીશામાંથી બાસ્કેટ કાઢવાનું હોય ત્યાં સુગંધને બદલે દુર્ગંધજ વેડફાતી હોઈ ઝાઝું ગુમાવવાનું હોતું નથી. ફકત એકમાંથી બીજામાં ઠાલવવાની સહેલી રીતની હથોટી દિવસે દિવસે વધુ બેસતી જતી હોઈ લેખકો 'થોડા નફે બહોળો વકરો' કરવાની ધૂનમાં પોતે અત્તર ઢોળી રહ્યો છે કે બાસ્કેટ તે પણ ઝાઝું જોવા રહેતા નથી! આપણા ભાષાન્તરકારો આજકાલ તો બસ ભૂંડ પ્રકૃતિથી એકને એક ચીલે ચાલી રહ્યા છે? આકું અવળું જોવાની એમને ભાગ્યેજ ફુરસદ મળે !

વોલ્ટર કહે છે કે: " ભાષાન્તરો કોઇપણ ગ્રંથમાં રહેલા પોતાની ભૂલોમાં વધારો કરે છે એટલુંજ નહિ પણ તેના સૌંદર્યને પણ બગાડે છે." જ્યાં એકલો જનતાના મગજ પર વાંચનનો ભાર લાદી પૈસા કમાવાનીજ વૃત્તિ મુખ્ય ભાગ ભજવતી હોય; ત્યાં ભૂલો વધે કે ઘટે તે જોવાનું નથી! ઉંટા વહેપારીઓ તો વહેમાં કાંકરાનું પ્રમાણ વિશેષ હોય તેમાંજ રાજી રહે કારણ કે કાંકરા પણ તોલમાં પડતા ભાવે જાય છે! સરકાર તરફથી ગમે તેટલો પ્રતિબંધ મકાયા છતાં જેમ આંક ફરકના જુગારની પ્રવૃત્તિ વધતીજ જાય છે; તેમ વિદેશો તરફથી ગમે તેટલી ઘેંચ પરોણ કરવામાં આવે છતાં ભાષાન્તરોમાં દીવે રાખવાની પ્રવૃત્તિ તો ચાલુજ રહેવાની; પછી ભલે ને કોઈ અનુવાદોના નામનાં ભાજીયાં કૂટે!

●

કાઠિઆવાડમાં મુશાયરા પ્રવૃત્તિ ધામધુમથી આગળ ધપી રહી છે સાહિત્ય સેવાનું એ ખેતર જેમ વધુ ખેડાય અને ગઝલનો પાક વધુ ઉતરે તેમ સારૂં છે. પણ કમોસમે પાક ન લણાય એ જોવાનું રહ્યું! રાજકોટ એક વેળા મુશાયરાનું ધામ બન્યું હતું; પણ - શાયરોની અંદરોઅંદરની ધુરકા ધુરકીએ મુસ્લિમ ગુજરાત સાહિત્ય મંડળ સુધ ગયું, તેમ ન થાય એવી ખુદા પાસે દુઆ માંગવી બહેતર છે કોકોનો લોભ અને દાદુનું વધતું ઓછું પ્રમાણ તથા 'અપના' 'અપના,' વાલાની પીઠ થાબડવાની સૂજન જાતી પધ્ધતિ શાયરોની

વાડીમાં વધારાનું કામ કરે છે! એ તરફ લાલ-જાતી દેખાડી કાઠિઆવાડની મુશાયરાની મેદ્દિ-લોને અમે ખરા અંતઃકરણથી વધાવી લઈએ છીએ અને તેમાંય ખાસ જેતપુરના જોશિલા શાઇરોનો ઉત્સાહ વખાણવને પાત્ર છે. ગઝલને સદ્‌ભાગ્યે જેતપુરમાંથી સારા શાઇરો સાંપડતા જાય છે. જેતપુરના સ્થાનિક મુશાય-રાઓ ઠીક ઠીક લોકપ્રિય થતા જાય છે અને જેતપુરની લોકપ્રિયતાએજ ભાવનગરી કવિ-ઓના કાન ટટ્ટાર કર્યા લાગે છે! અમે અંતરથી ઇચ્છીએ છીએ કે કાઠિઆવાડી મુસ્લિમ કવિ શિરાદરોની મારફતે ગઝલ ખૂબ ખેડાય, ગઝલ-રંગ ખૂબ રેલાય, પણ લખનૌ અને દિલ્લીની જેમ જેતપુર અને ધોરાજીની ગઝલ નહેરો જુદીજુદી ન વહેતાં જોગીજ વહી રહી છે, તેમની તેમ જોગીજ વહેતી રહે, આજે કાઠિ-આવાડની ઉત્તરડ ભૂમમાં સાહિત્યનું જળસિં-ચન કરી મુસ્લિમ ગુજરાતની સાહિત્ય હરિયાળીને વધુને વધુ લીલી રાખે, અને એ વાડી સોરઠની વાડીના ગીડા મોરલાઓનો ટહુકાર ગુજરાત અને બૃહદ ગુજરાતને પણ ગજવે અને રસાદ કરે!



"વિવેચનમાં સૂક્ષ્મબુદ્ધિ અને ઊંચા પ્રકારના શીલની આવશ્યકતા છે." એમ વિશ્વનાથ ભટ્ટ કહે છે. પણ મોજાંઓ બુધિના ઘણા વિવેચકો તો એમજ સમજી બેઠા છે કે કલમને અસ્તરો સમજી વગર પલાળ્યે મૂછવાળી નાનિનું નામજ ખરી વિવેચન કલા છે! આમ કલાનું હાર્દ ન સમજનારાઓ ઘણી વેળા કલાને બલા બનાવીને છોડે છે. ચેખોવ કહે છે: લેખક થવામાં ત્રણ પ્રકારની મુશ્કેલીઓ નડે છે. (૧) પ્રસિદ્ધ કરવા યોગ્ય કંઈ લખી શકવું (૨) તે વસ્તુને પ્રગટ કરનારી પ્રમાણિક વ્યક્તિઓનો ભેટો થવો (૩) પોતાનાં લખાણો માટે અક્કલમંદ વાંચકોની પ્રાપ્તિ થવી." પણ અમે તો કહીએ છીએ કે લેખક તેજ ગણાય કે તે જે લખે તે પ્રસિદ્ધ થવાને યોગ્ય હોયજ. જેમ સરકારી ટંકશાળમાંથી પડતા બધાજ સિક્કા ખરા ગણાય તેમ! (૨) અને આ કાગળની મોંઘવારીના જમાનામાં તો જે દોદીયાં ખરચે તેજ પ્રમાણિક પ્રકાશક ગણાયને? (૩) પોતાના લખાણ માટે અક્કલમંદ કરતાં તાસે-વંત વાંચકોની પ્રાપ્તિ થવી એજ વધુ ઉચિત છે; કારણકે આજ કાલ તો લાયબ્રેરીમાં જઈને મરતીયું છાપું વાંચી આવનારજ અક્કલમંદ ગણાય છે! લક્ષ્મીને સરસ્વતીની પેલી જુની પુરાણી ટગ ઓફ વોર સાહિત્યમાં પણ ડગલેને પગલે નડવાનીજ! લેખકો બીચારા લાચાર છે કે જ્યાં સુધી પોસ્ટ ઓફિસો મનીઓર્ડરમાં નાણાંને બદલે અક્કલનો સ્વિકાર ન કરે; ત્યાં સુધી આવુંજ અંધેર ચાલવાનું!

"ઝરથ્રી તલાકમેં કેટલી દોડી કે તીન હૈ"



આફ્રિકાના ગ્રાહકો 'કારવા'નુ લવાજમ
m/s. Limbada & Company
22, Diagonal Street
P. O. Box 7636
Johannesburg
(T. V. L., S. A.)
માં ભરી શકે છે.
મેનેજર, 'કારવા'

'ફસ્ટ્રેટ અદમ' એટલે કે સાહિત્યનો મહેલ. સાહિત્યકારોને તે વળી મહેલ, હોય! એ વિમાસણમાં હું પડ્યો હતો કે અમારા એક સાહીત્યકાર મિત્ર આગ્રા જઈ 'સીમાબ' આદમના 'ફસ્ટ્રેટ અદમ'ની મુલાકાત લઇ આવ્યા હતા; તેમને પૂછતાં જણાયું કે "આપણા ગુજરાતમાં ચોપિસોને રહેવાની ઓરડી જેટલો એ 'ફસ્ટ્રેટ અદમ' છે. આપણા શાયરો, શાયરીની દુનિયામાં વિચરતા હોય ત્યારે તો ગગનમાં ઉડે એ વાસ્તવિક છે, પણ ધરતીપર ચાલતા હોય ત્યારે ઝુ પગમાં રહીને હવેલીઓના ખ્યાલ શા માટે રાખતા હશે? અલબત્ત આદમ ઉંચો રાખવાજ સાહિત્ય કુટિરને ફસ્ટ્રેટ અદમ કહેવડાવતા હશે!

"માનસીના લાભાર્થે સુરતની કોલેજમાં જે રસદર્શનનો કાર્યક્રમ યોજ્યો હતો; તેમાં પધારેલા શ્રી મેઘાણીએ માનસીનાથ શ્રી. વિજયરાયને 'નવવધુ' જેવા શરમાળ જણાવ્યા હતા." શ્રી મેઘાણીજી ભૂલી જાય છે કે એ શરમાળ નવવધુએ તો સાહિત્યની બની બેઠેલી કંઈ સાસુઓને કલમના ગોદાઓથી પાંસરી કરી નાખી હતી!

●

"ગુજરાત સાહિત્ય સભા તરફથી ૧૯૪૧નો રણછોડરામ સુવર્ણચંદ્રક શ્રી. જ્યોતિંદ્ર દવે ને મળ્યો છે." કરુણતાનું ઘેરું વાતાવરણ જગત પર છવાતું જાય છે તેવા કટોકટીના પ્રસંગે ગઇ સાલ ધનસુખલાલને અરજા હાસ્યકાર તરિકે ચંદ્રક આપ્યો અને ચાલુ સાલમાં જ્યોતિંદ્રને આપી, ગુજરાત સાહિત્ય સભાએ હાસ્ય સાહિત્યની યોગ્ય કદર કરી છે. અને તે બદલ અમારા તળપદા હાસ્યકારો રા. આવાજી. મી. રોખચલ્લી, રા. હડમતઓઝા, રા. બેકાર વગેરે શાનવૃત્તિથી ઘુરકવાને બદલે અંતઃકરણ પૂર્વકની દિલી મુબારકબાદી અર્પવાનો ઠરાવ પણ કરે છે, અને સાથે સાથે જણાવવાની રજા લે છે કે "ચલી બેઆનીએ જ્યોતિંદ્ર દવેને જેટલી હેરાનગતી પહોંચાડી હતી તેની તકલીફ આ ચાંદ વટાવવા જતાં નહિજ પડે. કારણ કે સોનાના ભાવો ઉંચા છેને?" હા આ, પણ એ અકકલના ઇજારદારોને એટલીય ખબર નહિ હોય કે એ ચાંદ તો છતીયે સટકાવવા માટે અપાયો છે તો રઝાક બેંડવાળા રઝાક શેઠ કે હાર્બેકર ગ્રાંડ સરકારના કોઇ રીંગ માસ્તરની

વહશી સાહિત્ય કાર્યાલય

(પ્રકાશકઃ-"કારવાં" માસિક)

કણુપીઠમાંથી આજ્ઞી કરી

તા. ૧-૨-૧૯૪૨ થી

ટાવરરોડ, મોહન ટૉકીઝ પાસે ગયા છે.

"કારવાં"ના ગ્રાહકોને નવું સરનામું

નોંધી લેવા વિનંતી છે.

'કારવાં'ના પ્રથમ વર્ષની ફાઈલ

અંક ૧ થી ૧૨ કપડાંનું પાકું પુઠું

કી. રૂા. ૫) ટ. ખ. સહિત

કોપીઓ સીલકમાં ઓછી હોવાથી

થોડીજ બંધાવવામાં આવી છે.

આજેજ ઓર્ડર મોકલી આપો.

અદાથી જ્યોતિંદ્ર દવે એ ચાંદને લટકાવીનેજ હવેથી જાહેર સમારંભમાં જવાની હીંમત દર્શાવશે! કથામાં પડેલાવેલો હાર ભટ્ટજી ડોકમાંથી કાઢતાજ નથી, અને કથા પુરી થયા પછી ઘેર સુધી ભટ્ટાણીને બતાવવા લઇ જતા છે તેમની હીમત ઉપરથી જ્યોતિંદ્ર દવેને ચાંદ લટકાવી રાખવાની પ્રેરણા મળશે. છેવટમાં એટલુંજ કે ચાંદ લટકાવી રાખવાથી મારવેલ ગેરીંગની જેમ એમનો પણ રોબ પડશે.

સ્વિકાર અને સમાલોચના

'મિલ્લતે ઇબ્રાહીમ ટ્રેડિંગ કુંપની'ના નિયમો તથા બંધારણોની બુક મિલ્લતના જનરલ સેક્રેટરી-મુન્શી ગોદંમદ હસન તરફથી મળી. ગરીબ કોમી બંધુઓને ઓછા નફે માલ આપી, સવાયા દોઢાની બલાયી બચાવવાના ઉદ્દેશથી રચવામાં આવેલી આ કુંપનીની દુકાન જે હેતુથી ઉઘાડવામાં આવી છે તે હેતુને વળગી રહેવામાં આવે તો જરૂર કોમને પુરો લાભ મળે. અમે અંજુમનની આ નેક ખિદમતને ખરા અંતઃકરણથી વધાવી લઇએ છીએ. આશા રાખવામાં આવે છે કે અંજુમનના સંચાલકો ધારાધોરણોનો અમલ કરવામાં જરા પણ બેપરવાઇ નહિ કરે તો મિલ્લતની આ વાડી રોજ બરોજ વધુને વધુ ફળ ફૂલવંતી થઇ કોમના ગુલિસ્તાનને વસંતના દર્શન કરાવી શકે. ઈન્શાઅલ્લાહ.

O

ધી મેમણ એજ્યુકેશનલ અને વેલફેર સોસાયટીનો ૮મા વર્ષનો રિપોર્ટ ને હિસાબ અભિપ્રાય અર્થે મળ્યો છે. મેમણ કોમની આ જીવતી સંસ્થાનો રિપોર્ટ ઉઘાડતાંજ બોલી ઉઠે છે કે વેલફેર સોસાયટી મુસ્લિમોની બીજી સંસ્થાઓની જેમ નામની નહિ પણ કામની સંસ્થા છે. સંસ્થા તરફથી ચાલતાં અનિવાર્ય અને ઉપયોગી ખાતાં તથા તેનું સંચાલન યોગ્ય અને સેવાભાવી વ્યક્તિઓના હાથમાં મૂકાયું હોઇ મેમણ કોમને અભિમાન ધરવા યોગ્ય નમુનેદાર સંસ્થા સાબિત થઇ છે પણ બીજાઓની જેમ અહીં પણ વાયદે વાત કરનાર સભ્યોનો તોટો નથી! એ સોનાની થાળમાં લોઢાની મેખ સમાન કહેવાય!

O

ખત્રી મેહફિલે ઇસ્લામ જામનગરનો ૧૯૪૧નો હિસાબ અને રિપોર્ટ અભિપ્રાય અર્થે મળ્યો. એક વહેપારી કોમની નાનકડી પણ વ્યવસ્થિત સંસ્થા કેવી હોય તેના નમુના રૂપ આ અંજુમન છે. દીની અને દુન્યવી તરક્કી સાધી રહી છે.

સુલતાન

ચાલુ વાર્તાના લેખક જનાબ 'તુરાબ' આદમ છેલ્લા બે માસ થયા કોઇ જવાબદારીના કામમાં રોકાયેલા હોઇ ચાલુ વાર્તા અમને મળી નથી. વાંચકો એ દીલ દર ગુજારશે.

તંત્રી

જાપાનના જુવાનો

[અનુવાદક : હાશિમ ટીમોલ સાહબ.]

પ્રમાણીકપણું, સહિષ્ણુતા, કુરબાની, કર્તવ્ય ભાન એ એવા જંદરો છે, જેનાથી વિભુષિત થઇને જવાનો જાપાનમાં પોતાના કૌમ, અને વતનના, નામ દીપાવી શકે છે

પ્રમાણીકપણાને લઇને તેઓ પોતાનું જીવન કશીય જાકપટ સિવાયનું સ્વચ્છ નીર જેવું બનાવે છે. વિચારમાં રીધા અને સરળ, વચનમાં સાચા અને પાકા, અમલમાં સાહસિક અને નીડર, નિર્ણયો છેવટના અને સાથે સાથે કર્તવ્યભાન હોવાથી તેઓ નિજના અને પરના હકો પિછાણે છે. એક સફમાં ઉભા થતાં અને મરતાં લગી ઉભા રહેના એમને આવડે છે. સહિષ્ણુતાને લઇને તેઓ આપસના ઝઘડાઓમા સમય ગુમાવતા નથી વર્ચાઓની ચુંગાલમા ફસાયા વિનાજ ધ્યેય ના ધોરી માર્ગ તરફ કૂચ કરે છે. અને એ માર્ગમાં નડના કંટકોને બાજુપર ફેંકી દે છે. તેમને વિરોધીઓને નિભાવતા અને સાથે લઇને ચાલતાં આવડે છે. કુરબાનીની ભાવનાને લઇ તેઓ જર્બાદ થઇ દેશને આબાદ બનાવે છે. જીવનનો ખરો અર્થ તેઓ જાણે છે. ઓટલે સમય, શાંતિ, ધન, મહત્વકાંક્ષા અને કર્મોનું બલીદાન આપના અચકાના નથી. કુરબાન થતાં ન તો એમનું અંતર બડબડે છે, ન તો મચકોચાય છે. તેઓ ન રોદ્યાં રડે છે, ન જીવ ચોરે છે. જે કૌમમાં આવા સપુતો જન્મે છે તે કૌમથી પહાડો થરથરે છે. ઓટલા માટે કે, તેઓ તેનો ખજાનો લુંટી ન લે. મોતીઓથી પોતાની ગોદ ખાલી થવાના ભયે સાગર એમનાથી ધ્રુજે છે. તારા તોડી લેવાની બ્હીકે આકાશ એમનાથી કંપે છે. આવીજ નવી દુનિયાના ક્રાંતિકાર યુવાનો આજે જાપાનની કુખે જન્મ્યા છે. આવો એમની ચર્ચા કરીને આપણે નવજીવનનો પાઠ ભણીએ.

આપણે જોઇએ કે, પૃથ્વીના કોઇ પણ ખૂણે જાપાનની ધરતીનો સવાલ ઉપસ્થિત થાય છે તો, જાપાનીઓ ઘાયલના પખીની પેઠે તડપવા લાગે છે. પુત્રો માતા-પિતાની અને માતા-પિતા પુત્રોની મહબ્બત બાજુએ મુકે છે. પુરૂષો સ્ત્રીનો અને સ્ત્રીઓ પુરૂષોનો પ્રેમ છોડી દે છે. બધી ચિંતા, બધો પ્રેમ, વતન અને કૌમ પ્રેમમાં લીન થઇ જાય છે એક પ્રેમ, એક ધેલછા હોય છે કે, જે સમસ્ત આબાદી ને આવરી લે છે. ચિંતકો પ્રોગ્રામ-કાર્યક્રમ રજુ કરે છે પેપરો લાગણીઓને ઝણઝણાવે છે. માલદારો દ્રવ્ય રજુ કરે છે વેપારીઓ અને ઉદ્યોગપતિઓ મદદ માટે સાધન સામગ્રી રજુ કરે છે. યુવાનો રેડવા લોહી અને ખપાવવા ગરદનો પૂરી પાડે છે. ધાગી છાતીવાળા સિપાહીઓ શસ્ત્રો સજીને કટિબદ્ધ થઇ જાય છે વર્ષો નહિ, મહીનાઓ નહિં. દિવસોમાં બલકે કલાકોમા, સમસ્ત કૌમ આફતથી ટકરામા માટે ઉભી થઇ જાય છે. યુધ્ધ મણ આરંભાય છે તો, સ્ત્રીઓ શહીદોના ગીત લલકારે છે. ચુનો લોહીથી ઝંડાઓ ચીતરે છે. અને એ રક્ત રંગી ઝંડાઓ દોસ્ત મિત્રોને ભેટ અપાય છે. હમણાંજ એક કથા બહાર આવી છે કે, એક જાપાનીસ જવાને વસીયત કરી હતી કે, મર્યા પછી મારૂં શબ યુનીવર્સીટીના હોસ્પીટલ રૂમને વેચાતું આપવુ અને જે કાંઇ ઉપજે તે યુદ્ધ-

રાજામાં આપવું. જેથી મર્યા પછી પણ મહાન અવયવો શત્રુઓના કાળજાં ઠારવાં માટે ગોળીઓના કામમાં આવે.

એક પ્રાથમિક શાળાના બાળકોએ જાહેર કર્યું કે, એક કસાઈ જલ્લાદનું મૃત્યુ તેઓ પુરું પાડશે. અને એ જાહેર કર્યા પછી એ નાના નાના બાળકોએ, રદ્દી ચીંથરાંઓ, ખાલી બોટલો ને જુના પેપરો એકઠા કરવા અને વેચવા માંડ્યાં. બીજા મહીનાઓમાંજ લાખો રૂપીઆ જમા થઈ ગયા અને તેનાથી એક લડાઇ જહાજ ખરીદાયું.

એક ક્રાંતિકારી યુવાને વડાવઝીરના ખૂનની ચળવળમાં ભાગ લીધો. અને જ્યારે હાઇકોર્ટમાં એનો કેસ રજુ થયો. તો જાપાનીસ જવાનોની લીગ તરફથી હાઇકોર્ટને એક અરજ કરવામાં આવી જેના પર ત્રણસો સભ્યોએ પોતાના રૂધીરથી સહી કરી હતી. એવીજ અરજો કાવના બાતાના પ્રધાનને પણ કરવામાં આવી. પરિણામ એ આવ્યું કે, જજે એ આરોપીને આસાન કૈદ આપી છોડી દીધો.

ત્યાંના સિપાહીઓ યમદૂતથી કમ નથી હોતા. જાપાનમા ઘણી ખરી હોસ્પીટલોમાં નર્સો બી તરીકે સેવા આપે છે તેઓમાં પણ પ્રમાણમાં સિપાહીઓજ સારા છે એજ સ્થિતિ સિક્ષકોની છે. જાપની યુનીવર્સીટીના પ્રખ્યાત પ્રોફેસર ડો. કામે માત્સુએ સોગે મુનાની પ્રાથમિક શાળામાં ચોથા વર્ષ સુધી અભ્યાસ કર્યો હતો. એ સ્કુલના મકાન માટે રૂપીઆની મુશ્કેલ પડી. એ વાતની પ્રોફેસરને જાણ થતાં તેમણે પોતાનું નામ જાહેર કર્યા વિના શાળાના મંત્રી પર દસ હજાર યેન મોકલી આપ્યા. પછી જ્યારે સ્કુલમાં રજા પડી તો, એજ પ્રોફેસર ત્યાં જઇ પહોંચ્યા. અને મજદૂરો સાથે મળીને કામ કરવા લાગ્યા. થોડાક દહાડા તો આ મજદૂર કોણ છે એની કોઇને ખબર ન પડી. અંતે એક દિવસ પ્રોફેસરનો ભેદ ઉઘાડો થઇ ગયો. અને આ જોઇને તમામ આશ્ચર્યમાં ડુબી ગયા.

જાપાનીઓ જવાબદારીના પુતળાં હોય છે. દુઃખી અને નિષ્ફળ જિંદગીથી મૌત બેહતર એવી એમની માન્યતા છે. જો કોઇ જાપાની કાર્યકર, યા સિપાહી, પોતાની ફર્જમાં ચૂકે યા નિષ્ફળ નિવડે તો, તે પોતેજ પોતાનો અંત આણે છે.

૧૮૮૩ માં યુરોપવાસીઓને કોબેમા વેપાર કરવાની રજા મળી. તે કામમા જાપાનીઓ પરદેશીઓને અપવિત્ર લેખતા હતા. અને તેથી જે વડા વઝીરે મંજૂરી આપી હતી તેનાથી ઘણા લોકો વિમુખ થઇ ગયા સાં લગી કે, રાજમહેલ આગળ વડા વઝીરનું ખૂન થયું કોબેમાં યુરોપીયનો પર બદલો લેવામાં આવ્યો, કેટલાક યુરોપીયનો સંતાઈ ગયા કેટલાક નાસી છુટ્યા. જેટલા હાથમાં આવ્યા તેઓ માર્યા ગયા. આ સમાચારો યુરોપમાં પહોંચતાં તમામ યુરોપીયન પ્રજા ખળભળી ઉઠી અંતે એ નિર્ણય થયો કે, ચોવીસ જાપાની યુવાનોને ફાંસીને માચડે લટકાવવા. જાપાનીસો કત્લ થવા સજાને ક્રિશ્ચનની મૌત લેખે છે એટલે આરોપીઓએ અર્જ કરી કે કસૂર મુજબ અમને આત્મદહનની મંજૂરી આપવામાં આવે. આ વિનતીનો સ્વીકાર થયો. તારીખ નક્કી થઇ. સમય જાહેર કરવામાં આવ્યો. કોબેના એક વિશાળ મંદિરમાં અમદાવાદ કુસ્તીઓ

ગોઠવાઇ હજારે જાપાનીઓ, અને પરદેશીઓ. અમીરો અને ગરીબો, એ વતન વીરોની કુરબાનીનું દ્રશ્ય જોવા બેગા મળ્યા. આરોપી જવાનો સિપાહીઓના પેહરા હેઠળ આવ્યા. અને મર્દાનગીની સાથે મૌતની કુર્સીઓ પર ગોઠવાયા. ધાર્મિક ક્રિયાઓ થયા પછી મૃત્યુ ગીતો લલકારાયાં. ત્યાર પછી નવજવાનોને સુચના થઈ કે, તેઓ મૌતથી રમવું શરૂ કરે એક ખૂબસૂરત સજાવી દેવી જવાન કુર્સી પરથી ઉઠયો અને મૈદાનમા આવી ઉભો. એના જમણા હાથમાં ખંજર હતું એનો ગાઢ સ્નેહી મિત્ર એની નજદીકમાં ઉભો હતો. એટલા માટે કે, મરનાર જમીન પર ચત્તોપાટ ન પડે જાપાનીઓ મરીને ચત્તાપાટ પડનારને તિરસ્કાર પાત્ર સમજે છે. આખાય મંદિર પર તે વેળા રંજ અને શોક છવાયો હતો. માત્ર દિવારોમાંજ નહિ, વાતાવરણમાં પણ નિરવતા પ્રસરી હતી સભાજનોના શ્વાસો ઉપર ખેંચાયા હતા. માત્ર કોળા ખુલ્લા હતા જાણે કે આત્મા ભય અને નવાઇથી બારીઓમા ડોકિયા કરી રહ્યો હતો. નવજવાનનો હાથ ચાલ્યો. ખંજરનો જોરદાર વાર તેણે પેટપર કર્યો, અને પછી ખંજરને નીર્દયતાથી બહાર ખેચી કાઢયું. અને ફરી ફુરતાથી બીજો ઘા કરી પેટને જમણી ડાબી ચીરી નાખ્યું. પાસે ઉભેલો મિત્ર આગળ વધ્યો અને તેણે વતનના વીરને બંને હાથોના ટેકાથી જમીનપર સુવાડી દીધો. લોહી વહેવા લાગ્યું, લાશ તડપવા લાગી, છતાં નવજવાનની જીભ બંધ હતી. માત્ર આંખો સહુને જોઇ રહી હતી. હવે બીજો જુવાન ઉઘ્યો અને મરનારના ચરણો આગળ જઈ ઉભો. એણે પણ પોતાના અગાઉના મિત્રનું અનુકરણ કર્યું. સોળ નવજવાનો એક પછી એક લોહીમાં સ્નાન કરતા ને ધુળપર તડપતા દુન્યાથી વિદાય થયા. આ દ્રશ્ય પર જમીન કંપી ઉઠી, આકાશ દિગ મૂઢ હતું. પરંતુ ઇન્સાનના દિલો ખામોશી સાથે ધડકી રહ્યાં હતાં. નેત્રો ઉઘાં કરી લેકોએ જોયું તો, વાદીઓ પોતાની જગ્યાએ ઉભા છે. એમાંથી એક આગેવાને રાજ્યાધિકારીને અર્જ કરી કહ્યું કે, "અમારો બદલો વળી ગયો. હવે બીજા જવાનોને અમે માફ કરીએ છીએ તેજ વેળા મૌતની કુર્સી પર બેઠેલા જુવાનો પણ ઉભા થયા અને કહેવા લાગ્યા, "શત્રુઓની બદશેલી જિંદગી અમારે ન જોઇએ. અમે અમારા બાદશાહના હુકમ પર જીવ આપીશું અને રંજ એટલોજ છે કે, બાદશાહે આ અપવિત્ર લોકોને અહિં આવવાની રજા આપી નહિતર એમાંથી એક પણ અમારી પવિત્ર જમીન પર પગ મૂકી શકયો ન હોત કોઇપણ જાપનીસ જવાન એ સહી શકતો નથી કે, બાદશાહ તરફથી એને મૌત મળે અને તે જીવવાની લાલસા રાખે "

આ સાંભળી વાતાવરણમાં શાંતિ છવાઇ, મૌતની કુર્સીઓ એક પછી એક ખાલી થવા લાગી. બધાય નવજવાનો કુર્બાન થઇ ગયા.

ઉન્નત કૌમો આવાજ સદગુણી અને વીર જવાનોથી જીવન મેળવે છે. મુસલમાનો પણ જ્યારે ઉન્નત હતા તો, તેઓ પણ ખુદા અને રસુલ (સ અ. વ) માટે આવીજ રીતે કુર્બાન થતા હતા.

—o—

ઈમાનની વ્યાખ્યાઓ અને તેના આગ્રહભરી માંગણી

મૂળલેખક : મૌલાના સઈદ અહમદ સાહબ અકબરાબાદી એમ. એ. એડીટર 'બુરહાન'

● અનુવાદક : જનાબ ઈસાભાઈ ઈબ્રાહીમ સાહબ (કાવી) ●

કોઈ પણ મનુષ્ય જ્યારે કોઈ પાર્ટી, જમાઅત, યા સંસ્થાનો સભ્ય બને, તો તેણે સૌથી પ્રથમ આ વાત જાણવી જોઈએ કે એ જમાઅતના હેતુઓ અને કાર્ય-સિદ્ધાંતો શું છે? પછી જ્યારે તે એ જમાઅતમાં ઝંપલાવે છે, તો જાણે દિલથી આ પ્રકારનું વચન આપે છે કે પોતે એ સંસ્થાના હેતુઓ અને સિદ્ધાંતો સાથે સંપૂર્ણ પણે સંમત છે. અને એ બંને વસ્તુઓ તેને એટલી બધી પ્રીય છે કે તેના રક્ષણાર્થે તે મોટામાં મોટો આત્મભોગ આપવા માટે પણ ઉત્સુક છે.

તો હવે આપણામાંથી પ્રત્યેક મનુષ્યે સર્વથી પ્રથમ આ વાત પર વિચાર કરવો જોઈએ કે તે મુસલમાન શા માટે છે? શું તે એટલા માટે મુસલમાન છે કે એક મુસ્લિમ ઘરમાં પૈદા થયો છે, અને તેને વસ્તીગણત્રીના ખાનામાં, મુસલમાન લખવામાં આવે છે.? જો મુસલમાન હોવાનું કારણ માત્ર એટલુંજ હોય તો ખુલ્લી વાત છે કે, એવા લોકોને ઇસ્લામ સાથે કંઈ સંબંધ નથી, અને ઇસ્લામને એવાઓની કંઈ પરવા પણ નથી.! પણ જો મુસલમાન હોવાનું કારણ આ હોય કે તે જગતના સઘળા ધર્મો પૈકી માત્ર ઇસ્લામનેજ સાચો ધર્મ સમજે છે, અને તેને વિશ્વાસ છે કે એ ધર્મનો સ્વીકાર કર્યા સિવાય તેને 'દીન' અને 'આખિરત'ની ભલાઈઓ પ્રાપ્ત થઇ શકતી નથી. તો બેશક તે માણસ ખરા અર્થમાં મુસલમાન છે, અને એ આધારે તેની પ્રથમ ફરજ આ છે કે તે ઇસ્લામના હેતુઓ અને તેના કાર્ય સિધ્ધાંતોથી પુરેપુરો પરિચિત થાય, તેને સત્ય જાણે, અને તેજ હેતુઓ તથા સિદ્ધાંતોના ઉધ્ધાર અને અસ્તિત્વને માટે પ્રવૃત્ત અને પ્રયત્નશીલ રહેવાને પોતાનો જીવન આશય બનાવે.


ભ્રમ અને અજ્ઞાનતાના આધારે કાર્ય સિધ્ધાંતો તથા પેટા નિયમોના વ્યાપક અને સંશોધનયુક્ત અભ્યાસની દ્રષ્ટિએ મુસલમાનોમાં પારસ્પરિક ભેદ હોઇ શકે છે. બલ્કે સત્ય આ છે કે એવો પ્રભેદ અને તફાવત અનીવાર્ય છે. પરંતુ જ્યાં સુધી હેતુઓ અને સિદ્ધાંતોના સરસરી જ્ઞાનનો સંબંધ છે તે દરેક મુસલમાનને સંપાદિત હોવું જોઇએ. જેવી રીતે કોંગ્રેસ પાર્ટીનો પ્રત્યેક સભ્ય, બ્રિટીશ સૈન્યનો દરેક સૈનિક, અને નાઝી જમાઅતનો એક એક જર્મન, ચાહે તો તે વિદ્વાન હોય ચાહે અજ્ઞાત, શિક્ષિત હોય ચાહે અજ્ઞાત, પણ આ વાતથી વાકિફ હોય છે કે તે શા માટે પોતાની પાર્ટીનો સભ્ય છે.! અને એ હકીકતના ભાન સાથે પોતાના હૃદયમાં આ પ્રબળ નિર્ણય અને ધગશ પણ ધરાવે છે કે તે પોતાની પાર્ટીના હેતુઓ માટે પોતાની પ્રિયમાં પ્રિય વસ્તુનો ભોગપણ આપી દીએ! બિલકુલ એજ પ્રમાણે આલિમ અને જાહિલના પ્રભેદ વિના પ્રત્યેક મુસ્લિમે આ જાણવું જોઇએ કે તે પોતાને મુસલમાન કહીને જે જમાઅત (ઉમ્મત)ના એક સભ્ય તરીકે ઝાહિર કરી રહ્યો છે તેના

હેતુઓ શું છે? પછી તે હેતુઓની સિદ્ધી માટે કાર્ય-ક્ષેત્રમાં ઉતરવાની ઉર્મી અને ધગશ પણ પોતાનાં હૃદયમાંથી હોવી મુસલમાનને માટે અનીવાર્ય છે. વિચાર કરો ઇમાનની હકીકત [વ્યાખ્યા, વાસ્તવિકતા] શું છે? જુબાન અને હૃદયથી ઇસ્લામના ઇકરાર અને સ્વીકાર, સાથે અવયવોનો અમલ, તો પછી શું કોઇ મુસલમાન ખરાં અર્થમાં મુસલમાન થઇ શકે છે જ્યારે કે હૃદયથી ઇસ્લામના હેતુઓની સત્યતાનો સ્વીકાર અને અમલ વડે તે સ્વીકારની સાબિતિ ન આપે?

ઇસ્લામનો હેતુ શું છે? વિશ્વભરના વિખવાદ ભરપુર મતભેદો છતાં એ પ્રશ્નના પ્રત્યુત્તરમાં બે મત હોઇ શકતાજ નથી કે ઇસ્લામનો હેતુ ખુદાના કાનૂનને જગતમા જારી કરવો, અને તેની ખુદાઇનો સ્વીકાર કરાવવો છે! હવે એ માર્ગમા જેટલા અંતરાયો પેદા થાય છે ઇસ્લામ તે બધાનો જ શત્રુ છે. અને તે હુકમ કરે છે કે તેમનો કોઇપણ રીતે વિનાશ કરવામાં આવે "શિર્ક," ભૂમિપરનો વિખવાદ, દુરાચાર, અત્યાચાર, દમન, દ્રોહ અને અલ્લાહનો નિયમો રહામે બળવો, એ બધી એવી વસ્તુઓ છે કે જેનો મુલોચ્છેદ કરી આખીએ માનવ સમાજને એક શાન્ત સોસાયટી અને એક સદાચારી જમાઅત બનાવી દેવી ઇસ્લામનો હેતુ છે એ જમાઅતનો એકજ ધ્યેય આ હોવો જોઇએ કે તે જ્યાં પણ ખુદાઇ કાનૂન સામે દ્રોહ થતો જુએ તેનો પ્રતિરોધ અને સક્રીય પ્રતિકાર અગર બળથી કરી શકે તો બેજાજ નહિતર કોઈ બીજું શુભ પ્રયત્નથી દુર રહે! એ જમાઅતના દરેક સભ્યના હૃદયમાં એવા પ્રત્યેક દ્રોહીને કે જે મનુષ્યોને અલ્લાહ સાથે દ્રોહ કરવાનો માર્ગ બતલાવે, પરાજય આપવાની નિરંતર તળપ અને અખંડ બેચેની હોવી જોઇએ. કુર્આન શરીફે મુસ્લિમોના જીવન આશયનું સ્પષ્ટિકરણ આ અમર શબ્દોમાં કર્યું છે. "કુન્તુમ ખૈરઉમ્મતિન ઉખ્રીજત લિન્નાસિ તઅમુરૂન બિલમઅરૂફિ વતન્હૌન અનિલ મુન્કર. "[ય ને જે ઉમ્મતો મોકલવામાં આવી છે તમે તે પૈકી સર્વોત્તમ ઉમ્મત છો તમે સારાં કામોનો હુકમ કરો છો અને બુરાં કૃત્યોથી મના કરો છો.]

બંધુઓ એમ નથી કહેવામા આવ્યું, કે તમે પોતે દુષ્કર્મોથી દૂર રહો છો, અને સારા કામો કરો છો! પરંતુ મુસ્લિમો સર્વોત્તમ ઉમ્મત અને સર્વશ્રેષ્ઠ સોસાયટી હોવાના આધારભૂત આ વાત દર્શાવી છે કે તેઓ પોતે તો સદાચારી રહી દુષ્કર્મોથી દૂર રહેશેજ, પણ એનાથી વધારે આકે તેઓ બીજા લોકોને પણ સદવર્તનનો હુકમ આપશે અને દુષ્કર્મોથી રોકશે! પછી આ વાત પર પુરતો વિચાર કરો કે માત્ર શુભ હેતુ અને વાણી વિલાસની પધ્ધતિએ કોઇ વાત કહી દેવી પુરતી નથી. બલકે ઇસ્લામ પોતાના ઉપાસકોના હૃદયમા એવો મહાન અને પ્રબળ પ્રભાવ જોવા ઇચ્છે છે કે જેના વડે તેઓ સદાચારનો હુકમ અને દુરાચારનો પ્રતિકાર કરી શકે! એ ઉપરથી આ વસ્તુ સ્પષ્ટ થાય છે કે જો મુસલમાનોમાં એ શક્તી અસ્તિત્વ ધરાવતી હોય; તો તેમણે સંજોગોનુસાર એનો ઉપયોગ કરવો જોઇએ અને જો દુરભાગ્યે તેઓમા એ શક્તિ નથી તો તેમણે એ શક્તિ સંપાદન કરવા માટે પ્રાર્થનાઓ અને પ્રયત્નો કરવા જોઇએ. અને આ યાદ રાખવું કે ઇસ્લામ કોઈ એક વિશિષ્ટ

કોમ યા કોઇ ખાસ દેશનો નહિ બલ્કે તે આખી માનવ સમાજનો સાચો હમદર્દ અને હિતેચ્છુ છે તે પ્રત્યેક પિશાચ ને પરાજ્ય આપીને પીડિતોનો હક અપાવવો અને દરેક દમનચારી તથા—અત્યાચારી કોમ અથવા વ્યક્તિની અક્કડ ગરદનોને સદયની રહામે ઝુકાવી દેવી પોતાની પ્રાથમિક ફરજ સમજે છે ! એમા પૈાર્વાત્ય કે પાશ્ચાત્ય, કાળા કે ગોરાનો પ્રોઇ ફર્ક નથી તે ખોટા ધર્મો અને ખુદાના સચ્ચા દોહીઓનું માથું છુંદીને ખુદાની ભૂમિને વિષવાદ તથા વૈમનસ્ય, અને દુરાચાર તથા પાશવતાથી પાક અને સાફ કરવા ઈચ્છે છે ! આ છે ઇસ્લામનો મૂખ્ય હેતુ જેને સપાદન કરવાની સતત તળપ દરેક દરેક મુસલમાનના હૃદયમાં હોવી જોઇએ અને તેણે પોતાનો ઇસ્લામ જાહિર કરતાની સાથેજ આ નિર્ણય કરી લેવો જોઇએ કે તે આજથી એવી જમાઅતમા દાખલ થઈ રહ્યો છે જે જીવન-પયારી પર સતોષ અને શાન્તિનું કોઇ પાસુ સાં સુધી મુકી ચકશેજ નહિ, જ્યાં સુધી અલ્લાહનો નિયમ અને તેણે બતાવેલુ જીવન-તત્ર જગતના બધા નિયમો અને વ્યવસ્થાઓ પર વિજયી નિવડે નહિ ! ખૂબ યાદ રાખજો કે નમાજ, રોઝા, અને ઝકાત, તથા હજ અદા કરીને આરામથી જીવન વ્યતિત કરવુ, અને અલ્લાહનો બોલ બાલ કરવાની ભાવનાથી પ્રમત્ત તથા અપરિચિત રહેવુ ઇસ્લામના ભાવાર્થને કેવળ ખોટો સમજવું છે ! (ખુરશાન)



અહમદ એન્ડ કો.

જુના અને જાણીતા વેપારી.



દરેક જાતની પેટ્રોમેક્ષ બત્તીઓ, પ્રાઈમસ સ્ટવ, ગેાનીના ઝાળવાના ચુલાઓ, ઇલેકટ્રીક ફેન, વીજળીના લેમ્પ, અને ડેકોરેશન માટે ઇલેકટ્રીક તોરણો, પાણી ગરમ કરવા માટે વૉટર હીટર, ઇલેકટ્રીક અસ્તરી, નાઈટ લેમ્પ, બેટરીના બટમ, એવરેડી પાવર, ફ્લેશ લાઇટ ટોર્ચ વગેરે કિફાયત ભાવે મલશે તેમજ વીજળીનું દરેક પ્રકારનું ફીટીંગ કામ તૈયાર મળશે.

અમારા કારખાનામાં બનતી દરેક જાતની અને દરેક સાઇઝની સ્ટીલ ટ્રંકો, સુટકેસ, બેગ વગેરે તૈયાર મળશે તેમજ ઑર્ડરથી બનાવી આપવામાં આવશે.

—: ગામડાના વેપારીઓને ખાસ સગવડ :—

ઑર્ડર આવેથી માલ ખાતરી પૂર્વક મોકલવામાં આવશે.

ઠે૦ કણપીઠ બજાર, લાલગેટ પાસે, સુરત.

પેની પોસ્ટ

સંપાદક
ઇસ્માઈલ અહમદ
ઓરા.

ઇ૰ સ૰ ૧૮૩૮માં કવિ કોલરીજ ઇંગ્લાંડના ઉત્તર ભાગમાં ફરતો હતો ફરતાં ફરતાં એક ગરીબ લાગતા નાનકડા મકાન આગળ ટપાલીને ઉભેલો જોયો. એક યુવતી કાગળ લેવા માટે બહાર આવી, તેણે કાગળ હાથમાં લઈ જોયા પછી ટપાલીને પાછો આપી દીધો. ટપાલી જવાની તૈયારી કરતો હતો, એટલામાં કવિએ ટપાલીને અટકાવ્યો અને ટીકીટનો દર ભરી કાગળ લઇ લીધો અને પેલી યુવતીને આપ્યો. તે દરમ્યાન ટપાલી ત્યાંથી સરી ગયો ત્યારે બાળાએ કવિને કહ્યું કે તેમણે ટપાલીને નકામાં પૈસા આપ્યા; કારણ કે તે કાગળ કોઇ પણ જાતનું લખાણ નહોતું કવિને સમજ ન પડવાથી તેણે છોકરીને વસ્તુસ્થિતિ પૂછી. ત્યારે યુવતીએ કહ્યું તેનો એક ભાઇ લંડનમાં રહે છે. તે જતી વખતે કહી ગયો હતો કે તે વારંવાર લાંબો કાગળ મોકલતો રહેશે—અને તેમાં કોઇ પણ જાતનું લખાણ હશે નહિ ટપાલી આ કાગળ લઇને આવે તો તેણે જોઇ લેવું કે પણ લખાયલો હોય તો ટીકીટનો દર ભરવો નહિ અને કાગળ પાછો આપી દેવો, અને એમ સમજવું કે તેનો ભાઇ સુખરૂપ છે. આ વેતરણ કરવાનું કારણ એજ હતું તે વખતમાં ટીકીટના દર ભારી હતા. અને જેમ અક્ષર વધે તેમ દર પણ વધતા. સાધારણ રીતે જેથી એક શીલીંગથી ઓછા દરથી કાગળ કહેવાયાજ નામાં આવતા નહોતા. વધારામાં આ કાગળ મોકલનાર પાસેથી નહિ પણ પત્ર લેનાર પાસેથી વસુલ લેવામાં આવતી.

વસ્તુસ્થિતિની જાણ થતાં કવિનું કોમળ હૃદય દયાથી ઉભરાઇ ગયું અને તેણે તાત્કાલિક રોવલેન્ડ નામના પોસ્ટના ઉચ્ચ કોટિના અમલદારને આ વસ્તુની ખબર કરી અને ગરીબોને થતો અન્યાય દૂર કરવા વિનંતિ કરી. રોવલેન્ડે વિચાર કરી પત્ર વ્યવહારની નીતિમાં ફેરફાર કરવા માટે સરકારને વિનંતી કરી. તેમાં તેણે જણાવ્યું કે ગ્રેટબ્રિટન અને આયર્લાંડ વચ્ચેના પત્ર વ્યવહારનો દર ઘટાડીને એક પેની કરવામાં આવે ટપાલનો દર મોકલનાર પાસેથી ટીકીટના સ્વરૂપમાં વસુલ લેવામાં આવે એમ કરતાં ટપાલીની મુશ્કેલીઓ દૂર થશે પત્ર વ્યવહારની સસ્તી સગવડ થવાથી પત્રોની સંખ્યામાં અનેક ઘણો વધારો થશે અને ગરીબ વર્ગને રાહત થશે.

રૂઢિ રક્ષક સંકુચિત માનસે રોવલેન્ડની આ સૂચનાની ખૂબ ઠેકડીઓ ઉડાવી પરંતુ ઇંગ્લાંડનો લોક મત આ સુધારા માટે અતિ ઉત્સુક હોવાથી સરકારે ઇ૰ સ૰ ૧૮૩૯માં આ સુધારો અપનાવ્યો અને ૧૪૩૦માં અમલમાં મૂકયો. તે પહેલાં કોઇ પણ દેશમાં એટલા સસ્તા ટપાલના દર નહોતા, ટૂંક સમયમા સમસ્ત પ્રગતિવાદી દેશોના રાજ્યોએ એ પ્રથા અપનાવી એક નાનકડા બનાવે પત્ર વ્યવહાર જેવા અતિ ઉપયોગી વ્યવહારમાં મહાન પલટો લાવી દીધો.

મુસાફરો અમે બધાં

: ગુણવંતી

જિંદગી તણા પથે મુસાફરો અમે બધાં,
કાજવા લઈ મહા ધીરે ધીરે ધપી રહ્યાં,
દૂર દૂરની અગમ્ય મંઝિલે પહોંચવા.
રાહની કદુ મુસીબતોની સાથ ઝૂઝવા,
લિજ્જતે ભરી બિરાદરી–સુરા તણા અમે
મેં'ફિલો રચી સહર્ષ જામ પી રહ્યાં અને
સાથમા દિલો રહ્યાં જગાવી નિત્ય બંદગી
ખુદાની, સારણાં બની વિરાટ કારવાન જે
જિંદગી—પથે મનુજની સહાય દોરતો.

વિહંગ ને પશુ બધાં જીવે સહેતુ તો પછી
સમાજને, સ્વદેશને, કુટુમ્બને, સ્વજાતને
વ્યર્થ એવી જિંદગી તણા અતીવ ભારને
ઉપાડી આમડી રહે મનુજ કાં ધરા–તને?

ધ્યેય છે અમારી આ મહા મુસાફરી તણું :
ભવ્ય સ્મારકો ન કયાંય સ્થાપવાં સુકીર્તિનાં,
રાહમાં મૂકી જવી ન યાદ કોઈ વિશિષ્ટ વા.
સિદ્ધિની વટાવવી અદૃષ્ટ મંઝિલો અને
ઉન્નતિ તણા પથો અદીઠ ઢૂંઢવા સદા.
જિંદગી–શમા જગે જલાવી બાળવા પતંગ,
આસુરી. ગુણો. રૂપે. વસેલ. જે ઠરે. ઠરે.,
ને દિલે દિલે વહાવી દેવી દિવ્ય રોશની.

પૃથ્વી

યતાં સફર પૂર્ણ આ રચવી કયાક આરામગાહ
(મઝાર નવે ભવ્ય) જે પ્રથિકને પ્રબોધી રહે,
"નથી જીવન ઉદ્દેશણું, નહિ જગે સદા રાચવું,
રહે સરજી તું રહે જીવન–અંત પ્રાયશ્ચિતે."

'કિસ્મત'

એ અજ્ઞાન હતી !!!

એ આયુધ હતી, તો શોકર કયાં ચિત્રિત હતો?

સ્ત્રી એટલે સવારથી સાંજ મુંબી હજાર બેહજાર કામ વેણુ સંભળનાર પ્રાણી! સ્ત્રી, એટલે સવારથી સાંજ મુંબી સતત મજદૂરી કરનાર એક ધરની ચાકરડી, એ માન્યતા હતી એની,-

પરાપૂર્વની પ્રણાલીકાઓ હજીએ અનેક ઘરોમાં જીવંત છે એ ગુલામહુસૈનના ઘરથી પ્રત્યક્ષ થતું હતું.

ગુલામહુસૈનને એની પત્નિ અમીના જોતી ગમતી તે કરતો કે તે આયુધ અને અજાણ છે, જિંદને જોવાની શક્તિ ગુલામહુસૈને ધનના ગર્વમાં ગુમાવી દીધી હતી.

અમીના રોટીઓના માર અને કડવાં વેણના બાણથી સાવ નંખાઇ ગઈ હતી આરસની પુતળી સમી અમીનાનો વાંક હતો, તો તે એટલોજ હતો કે તે અજ્ઞાન હતી! પતિ રોજ મેણા દેતો કે તું અજ્ઞાન છે! અમીનાની હિમ્મત જોતી ચાલતી કહો કે જ્ઞાન જોતી, ઉપડતી કે તે કહી દે કે "પત્ર લખવાતું આપને પણ કયાં જ્ઞાન છે?" એ અજ્ઞાન હતી, એનો સ્વભાવ હતો, એ રોટીઓના મારનાં, કડવાં ઝેર જેવા વેણોના બાણનો કોણ સંભળે એ ગરીબની ચિકારો? કોણ કહે ગુલામહુસૈનને કે "તું છે તેવીજ તે છે!"

અમીના માર સહી આખરે પથારી વશ થઇ. રહી રહી એને ક્ષય રોગ લાગુ પડયો ને કોઇએ તેની તેવી સંભાળ લીધી ન તો કોઇએ એને ઓસડ પાયાં. આખરે તે પરલોક ગમન કરી ગઈ! જતાં જતાં તેણે ચાર દીવાલને એક સંદેશ કહ્યો કે "સમાજના સૂત્રધારોને કહેજો કે શા વાંક હું મરી! તું અજ્ઞાન રહી તેમાં વાંક કોનો!"

હજીએ ગુલામહુસૈનના ઘરની દીવાલોમાં ઘોર અંધારી રાત્રે અમીનાના એ આવાજના પડઘા પડે છે કે "એ વાંક કોનો? હું મરી કોના વાંકે!!!"

"ઇજ્જત" (ચિત્રપટ)

રાંદેરની મુલાકાત લેતાં
કયાં જમશો?

ધી પાગલ કૉટેજ રેસ્ટોરાં.

ઉમરા ફલીયા, રાંદેર.

જ્યાંની દરરોજની નવી નવી વાનગીનો ટેસ્ટ તમારા મોંદામાં યાદદાશ્ત રૂપે રહી જશે.

માલિક:-ઈ. એસ. મેકુજી

શેખચલ્લીની આત્મકથા!!!

['કારવાં'ના મહા કવિ શ્રી. 'શેખચલ્લી' સ.થે આ પાત્રને કંઈ સંબંધ નથી.]

[શેખચલ્લીનાજ મહોંડે સાંભળી, લખી રજુ કરનારઃ-'અમીન']

અમે જાતે, અને પોતે શેખચલ્લી અમારા ઘરથી બોલી રહ્યા છીએ. અમે કૌમના શેખ નહિ, પણ શુદ્ધ ચહલ્લી કુળના નબીરા છીએ. આજે અમારી ઉંમર આશરે ૧૦૦-૧૫ વર્ષની છે, કારણકે અમે ૧૮૫૭ના મે માસમાં જન્મ્યા હતા. અમારૂં કદ જરા નાનું, પેટ મોટું, દાંડીયા પાતળા, રંગ કાળો, આંખો નાની પણ શરીર લગાર જાડું છે. મૂછો દુંદી પણ દાઢી લાંબી છે. અમે નીચે પહેરવા પહેર્યા વગર અંગરખું પહેરીએ છીએ. અમારો પાયજામો પગની પાનીઓથી ઉંચો રહે છે. જોડા અમે, બાય સ્વદેશી પેટન્ટના પહેરીએ છીએ. અમને કોઇ છોરૂં કછોરૂં નથી. ત્રણ ત્રણ લગ્ન માંડયા છતાં સંતાન પ્રાપ્તિ થઇ નથી, તેથી હવે ચોથી વારનાં લગ્ન કરવાની પ્રબળ ઇચ્છા છે. અમે મોગંદ પૂર્વક કહીએ છીએ કે માત્ર ઔલાદનાજ ઇરાદે એ ચોથી શાદી કરીશું ને એ ચોથી શાદી કરવાની રજા સર્વાનુમતે અમારી ત્રણે બીબીઓએ આપી છે. ને તેમાંયે અમારાં સૌથી પહેલાં બીબી તો રાત્રો દિવસ અમને ભારે દબાણ અને આગ્રહ કરી કહી રહ્યાં છે કે હવે તમે ચોથી શાદી સત્વેળા કરી લો કે જેથી તમારો વંશ કાયમ રહે.

હા, એક વાત સાંભળી લો. અમારી ત્રણે બીબીઓએ એ વાત આગ્રહપૂર્વક ધ્યાનમાં લેવા કહ્યું છે કે અમારે નવી રોશનીની ફેશનેબલ સ્ત્રી સાથે લગ્ન ન કરવાં, કારણ કે નવી રોશનીની ફેશનેબલ પત્નિથી સંતાન પ્રાપ્તિનો સંભવ ઓછો રહે છે; ને કદાચ ઔલાદ થઇ યે થઇ તો ફેશનેબલ પત્નિ પોતાના ફેશનના શણગારમાં પડી બાળકની દરકાર રાખતીજ નથી.

આજે અમે અમારી આત્મકથા સંભળાવીએ તે પહેલાં "કારવા"ના વાચકોને જરા લગ્નથી આંખો બંધ કરી વિનવીએ છીએ કે તેઓ પણ અમારાં ચોથા લગ્ન માટે કૈં સારી વગ શોધી કહાડે તેઓ જો સારી કન્યા અમારે માટે શોધી કહાડશે તો અમારા ઉપર તેમણે ભારે ઉપકાર કરેલો ગણાશે. અમારી ત્રણે બીબીઓ તમારો ઘણોજ આભાર માનશે, વાત એમ છે કે જો અમે અપુત્ર મરણ પામ્યા તો જેમ આજે ૩૯ કરોડ ઉપરાંતનું હિન્દ આઝાદીથી મહરૂમ રહ્યું છે, તેમ અખિલ હિંદ ચલ્લીવંશથી મહરૂમ થઇ જશે! આજે આખુંય હિન્દ જાણે છે કે અમારાજ દમ કદમથી સારાય હિન્દીઓના શોકાતૂર હૃદયો રીઝી રહ્યાં છે, જો આ યુધ્ધ-ભૂમિ ઉપર હમે ન હોઇએ, તો હિન્દીઓ ત્રણ પૈસાના કાર્ડ અને પાંચ પૈસાના પરણીડીયાના ગમમાં અને વળી ઇન્ક્મટેક્સ, હાઉસટેક્સ વિગેરે ભમણાં થઈ જવના શોકમાં કુશળા થઇ જતા! "વળી પાકીસ્તાન"નો ભય હિંદુઓને અને "ઇસ્લામ ખતરે મેં હય" નો ભય મુસલમાનોને હાડપોંજર બનાવી દેત.

અમે ગમગીન હિન્દુસ્તાનનાં દિલ રીઝવવા એટલાજ જરૂરી છીએ કે જેટલા જરૂરી અંગ્રેજો માટે એરોપ્લેન, જર્મનો માટે જેટલો જરૂરી પ્રોપેગેન્ડા, અને પત્રકારો માટે રૉયટરના સમાચારો, તથા ગાનારી ગાયિકા માટે સારંગીની જરૂર છે! સારાંશ કે જો અમે અપુત્ર મરી



ગયા તો આખોય દેશ ખુશ-મિજાજી અને જિંદાદિલીથી મહોરમ ચાલ જોશે, હાસ્યસુનું ચંદ્ર જશે તેથી હિન્દના પ્રત્યેક નાનો મોટા હિન્દુ મુસ્લિમ અને લશ્કરી ખાતાના સપ્લાઇ ડિપાર્ટમેન્ટ અમારી ચોથી શાદી માટે - સર્વે ઇજારદારોથી ટેન્ડર મંગાવવા જરૂરી છો અમારી આપક પુરતી છે જેનો પૂરાવો એ છે કે જ્યારે અમે લગ્ન માટે ઈંડાનો ઇજારો લેવા ઇરાદો કર્યો અને સપ્લાઈ ખાતાએ અમારા બૅંક રિફરન્સ માંગ્યું તો અમારી બૅંકે લખ્યું હતું કે શેખચલ્લીની ઓલ્લી ૨૬મ અમારે ત્યાં જમા છે; કે એ રકમનું ૭ હજાર ૭ સો રૂપીયા, ૭૭ આના, ૭ પાઇ માસિક વ્યાજ આવે છે કે જે રકમ સપ્લાઇ ખાતાના મીનીસ્ટરના પગાર કરતાં ઓછી નથી !

અમારી તંદુરસ્તી બહુજ સારી છે. એનું કારણ એ છે કે અમે ન તો વર્નાં. ફાઇનલની પરીક્ષા ન તો મેટ્રિકની પરીક્ષા પસાર કરી છે. ન તો અમે બી એ. છીએ કે ન તો અમે એમે એ છીએ ને અમે એમાંથી એકે પરીક્ષા પાસ કરી હોત તો અમારી હૈયામા કે શક કે સંદેહ કરવાનો સભવ રહેત. ને પાસ કરી અમારી આંખો તો ઘણીજ સારી છે એનું કારણ પણ એજ છે કે અમે કોઇ પણ પરીક્ષા પાસ કરી નથી. આપ સોકોએ હઝરત "અકબર" ઈલાહબાદીનો એ શેઅર સાંભળ્યો હશે કે :—

"હઈ બળના બળા હય દોષપડો;
પાની પીના હય પક્ષિપડા,
પેટ ચલતા હય આંખ આડ હય;
દીગ તન્દુરસ્તી કુદાઈ હય."

અમે ન તો સીગારેટ ફૂંકીએ છીએ, ન અમે તાડી પીએ છીએ કે શરાબ પીએ છીએ, ને તંબાકુ ખાઇએ - છીએ કે અફીણ ખાઇએ છીએ. હા, સવારમાં ૧ તોલાની મીનીની ભરમ સાથે ૦॥ શેર મલાઇ, એક ડઝન ઈંડા સાથે ૫ શેર દૂધ ૦॥ શેર ઘી, ૦॥ શેર બદામેનો હરીરો, વગેરે ખાઇએ પીએ છીએ. અને રોજ સવારમાં ૧૨ માઇલ દોડીએ છીએ અમે રેલ, મોટર, કે સાઇકલ પર કદી બેસતા નથી; માત્ર ૯ વાગેથી સવારના ૭ વાગ્યા સુધી એકે ધારી ધસધસાટ ઉંઘ લઈ જાગૃત થઇએ છીએ.

અમારી તંદુરસ્તીનો બીજો પુરાવો એ છે કે અમે ન તો "લીડર" છીએ કે ન "એડીટર" છીએ, કે જેઓ હંમેશા માંદા ખડમાંદા રહ્યા કરે છે નેં અમે તો કદી હકીમ, ડોક્ટર, કે વૈદની સૂરત પણ જોઇ નથી. અમારૂં શિક્ષણ ભારે ઉચ્ચ છે. અમે ચશ્માની મદદ વગર ગુજરાતી, હીન્દી, ઉર્દૂ ફરફર વાંચી જઇએ છીએ અમારો સ્વભાવ ઘણોજ આનંદી છે. એનો સાક્ષાત સાક્ષી અમારી ત્રણ બીબીઓ છે તા. ૬ ફેબ્રુઆરી ૧૯૪૧ની પ્રભાતે ઘણી ઠંડી હતી. અમારી ત્રીજી બીબી સાહબાએ કહ્યું "આજે ઠંડી ઘણી છે ઘરમાંજ ગરમ પાણીથી હાથ મ્હોં ધોઇ નાખો." અમે કહ્યું કે ડોસા ઉગરાં ગરમ પાણીથી મ્હોં ધુવે ! અમે તો ખુદાના ફઝલથી યુવાન છીએ હમણાંજ બહાર જઈ સડક પરના નળ ઉપર જઈ મ્હોં ધોઈ આવીશું" "બહાર જઈ મુંહ ધોશે તો દુશમન મુદ્દઈઓ ન્યુમોનીયા હોવાનોકા કર હે" અમારા બીબી સાહબા ન. ૨ બોલ્યાં.



"તુમ નાહક મેના ફર રેહે હો, ઇન્હોંને કભી કીસીકી બાત માની ભી હય જો તુમ્હારી માનીગે ઈન્કી આદત તો બચ્ચોંકા સી હંય તુમ દીન કહોગી તો યેહ રાત કહીંગે, તુમ રાત કહોગી તો યેહ દીન કહીંગે!" અમારાં બડી બીબીસાહબા નં. ૧ વચ્ચે બોલી ઉઠ્યા.

બબી બીબીની વાત સાંભળી અમે હસી પડ્યા; અને કહ્યું "હીક કહેતી હય, હમને ભી ઇરાદા કર લીયા ઉસકા પુરા કરકે રહીંગે, કયા તુમને હમકો ગાંધી બાધી સમજ લીયા કે જો બોહ કામ શરૂ કરતા હય ઉસકા બીચમેંસે અધુરા છોડકર દુસરા પકડતા હય?"

એમ બોલી અમે બહાર પડ્યા તો એટલો ધુમસ હતો કે એક તસુના અંતરે શું છે તે પણ દેખાતું ન હતું. સામેજ એક માણુસ અમારી સથે અથડાઇ પડતા રહેજ બચી ગયો! એક ઉંધા હાથની થપ્પડ ચોડી દેવાનું મન થયું; પણ તેઓ "અસ્સલામુ અલયકુમ, શેખચલ્લી સાહબ" બોલી ઉઠ્યા.

અમે ઉત્તરમાં કહ્યું "વઅલયકુમુસ્સલામ, આપ કૌન હંય કે જો હમકો અપસે વકતમેં સલામ કરતે હંય. કે હમને અભી મુહ હાથની નહીં ધોયા!" પેલા માણુસે કહ્યું "મારૂં નામ અબ્દુસસલામ છે હું મુબલીસરામાં રહુ છું. આપના શુભ વખાણ મે "બડી મજીદ"ના ઓટલા ઉપર સાંભળ્યાં હતાં, ને હમણાં જોયા એટલે સલામ કરી."

અમે વાતો કરતા કરતા નળ ઉપર પહોંચી ગયા તો અબ્દુસસલામ કહેવા લાગ્યો કે "તમારા ઘરમાં એક છોડી ત્રણું ત્રણ બીબીઓ છે; છતાં તમે આવી કડકડતી ઠંડીમાં નળ ઉપર મ્હોં ધુઓ છો! શું તેમણે ઘરમાં ગરમ પાણી ન મૂકયું?" અમને એ શબ્દો સુણી ગુસ્સો આવી ગયો, જો કે અમને ગુસ્સો કદી આવતો નથી. મેં કહ્યું "અમે પુરાના જમાનાનું રૂપિઆનું દશેર ઘી ખાનારા માણસ છીએ અમને શરદી બરદી કૈં કરી શકતી નથી!"

નળ ઉપર પહોંચ્યા તો કલ્લુ હજામ મળી ગયો. અમે દૂરથી જોઇ તેને પૂછ્યું "અરે કલ્લુ મિયાં! અમારી બીજી શાદી માટે કન્યાની શોધ કરવાનું કહ્યું હતું તેનું શું કર્યું? કેમ હજુ લગી કઇ જવાબ લઇ આવ્યા નહીં?" કલ્લુ બોલ્યો "હા હાં, સાહબ, તેતો મેં તેજ દિવસે ગોતી કહાડી છે. આપણા શહેરની ઉત્તરે જે મોટી ધર્મશાળા છે ના, ને તેની પછવાડે એક ચાલી છે ના, તે ચાલીના રૂમ નં. ૪માં એક કન્યા છે તેનાં ત્રણ લગ્ન થઈ ચૂકયાં છે, ને તેને દરેક શાદીથી એકેક સંતતિ પણ થઇ ચુકી છે. એનાં ત્રણે પતી મરી ગયા છે. હવે તેણી બીજા પતિની શોધમાં છે, વળી તમને ઔલાદ માટે બીજી શાદી કરો છો; તેથી એ કન્યા તમારા માટે બરોબર બંધબેસતી છે." જ્યારે અમે કલ્લુમીયાંના મ્હોંડે એ કન્યાની વાત સાંભળી તો અમે તો સ્તબ્ધજ થઇ ગયા, કારણ કે "એક પછી એક ત્રણ પતિને એક ઠકાર લીધા વગર ખાઈ જનાર સ્ત્રી તો ઘણીજ બોડપગી હોવી જોઇએ. એ તે સ્ત્રી નહીં પણ જીવતી જાગતી ડાકણ હોવી જોઇએ! બીજી સાથે તે શાદી કેવી?".

કલ્લુ હજામ બોલ્યો કે "જનાબ! મેં તો એ વિચારે આપ સાથે એનો સંબંધ

જોડવા ધારેલો કે : આપને ઔલાદની તમન્ના છે, અને એ સ્ત્રીને ત્રણે પતિઓને ત્યાં ઔલાદ થઇ છે." અમે જરા ગુસ્સાથી કહ્યું કે "મગર ભાઇ, તુ તો પાગલ હો ગયા હૈ? હમ અયસી ઔરત કે સાથ કયસે શાદી કર સકતે હૈ? છડને એક ખસમ કિયા ઔર ઉસકા ભાગઇ, દુસરા કિયા ઔર ઉસકો નિગલ ગઇ, તીસરા કિયા તો ઉસકો ભી ડકાર ગઇ!"

અમે નળ ઉપર એવી વાતો કરતા હતા કે ત્યાંથી નથ્થુ નાનભાઇ માથે પાઉં રોટી બિસ્કુટનો ટોપલો લઇ આવી પહોંચ્યો તે અમને જોઇ ત્યાં થોભી ગયો; ને અમારી વાતો સાંભળી બોલ્યો "શેખજી! બધી વાત જવા દો, મેં તમારા માટે કમારનીયે કન્યા ગોતી કહાડી છે જુઓ, મૌલવી લિયાકત અલીખાનની પુત્રી કુવારી છે. ૧૮ વર્ષની ઉંમર છે. મૌલવી સાહબને કોઇ પુત્ર નથી, ફક્ત એજ એક પુત્રી છે તેથી એમણે એને વાચઝ કરેલા પણ શીખવ્યું છે."

અમે નથ્થુ નાનભાઇને ભલોરે આ શુભ-સમાચાર સંભળી બોલ્યા ખુશી થયા કે નથ્થુની પીઠ કોઇ કોઇને તેને ખૂબ શાબાશી આપી. સીધા આવ્યા અમે અમારી ત્રણે બીબીઓ કને ઘેર. બીબીઓને નથ્થુ વાળી વાત કહી તો બળીબીબી બોલ્યા

"હાં મેંનેભી ઇસ લળકી કા વાચઝ સુના હય. એક આંખસે કાની હય સુરત ભી કાલી હય, મગર નાક નકશા ખાસા હય. આવાઝ કોયલ કીસી હય વાચઝમેં ગઝબેં ખૂબ પગતી હય સુનને વાલોં કો ભી હંસાતી હય. કભી રૂલાતી હય, ઔર અપને વાલિદ કે મરનેસે કે લિયે જબ ચંદા માંગતી હય તો ઔરતેં ઘરના દેતી હય કે ઘરકી ગોદ ભર જતી હય!"

વચલી બીબી બોલ્યાં "મેંનેભી ઇસ લળકીકા વાચઝ સુના હય. સુરત કાલી હય, દુવા કરે! એક આંખ ખરાબ હય, તો કયા હર હય! બાત હર તરહે અચ્છી હય. મગર હરકે બાપ મૌલવી સાહબ શાયદ હમારે ઘે ખટકા ખ્યાલ કરકે રિશતા મન્જુર ન કરે, ઔર ભરી સેજ પર તો કોઈ ભી બેટી દેનેકો રાજી ન હોગા!"

અમે અમારી બીબીઓનો વાર્તાલાપ સાંભળી જરા માથું ખંજવાળ્યું કારણ કે મહાન ગુંચવણ ભરેલા કાર્યો વખતે જયમ ચર્ચીલ, રૂઝવેલ્ટ, મુસોલીની, સ્ટેલીન અને હિટલર માથું ખંજવાળી વિચાર કરે છે તેમ અમે પણ એવા અટપટા કાર્યો વેળા જરા માથું ખંજવાળી વિચારીએ છીએ કે કુર્તજ વાતનો ઉકેલ થઇ જાય છે! ને થયું પણ તેમજ. અમે સકાળા બજારમાં પહોંચ્યા, ને કાગળીઓની દુકાને દુકાન લાલ રંગનો ચમકદાર કાગળ શોધવા લાગ્યા; કારણ કે લગ્ન સંબંધનો કાગળ તો જરી પુરાના રિવાજ મુજબ લાલ રંગનોજ લેવોજ જોઇએ! પણ જ્યા ગયા ત્યાંથી એજ ઉત્તર મળ્યો કે હવે તો લાલ કાગળ ઉપર કોઇનો લગ્નનો જરી પુરાણો રિવાજ નીકળી ગયો છે તેથી અમે એવા કાગળ નથી રાખતા. વળી લગ્નના લીધે રંગીન કાગળો મળવા પણ મુશ્કેલ થઇ પડ્યા છે. અંતે મહા મુશ્કેલીએ ઉસ્માનભાઇને ત્યાંથી એ કાગળ મળી આવ્યો તે લઇ અમે ઘેર આવ્યા ને કાગળ નીચે

મુજબ ઉર્દૂમાં લખી નાખ્યો.

"તારીફ઼ ઉસ ખુદાકી જિસને દુનિયાકી હર ચીઝ કે જોડે બનાયે. અગરચે હમકો સૈખ્યવાલી કુદરત બતા હય, મગર હમ ન શૈખ હૈં ન સૈયદ, ન મુગલ હય ન પઠાન, બલ્કે પયગમ્બર આદે હૈં, કયું કે હમારા નસબ આસ હઝરત આદમ (અ) તક પહોંચતા હય! ઔર વોહ ઇસ દુનિયામેં પહોંચે પયગમ્બર થે ઔર ઇતને બડે પયગમ્બર થે કે ખુદને સબ ફરિશતોંસે ઇનકો સિજદા કરાયા ઔર શયતન સિજદેસે ઇન્કાર કિયા તો ઉસકો કિયામત તક કે લિએ મલઉન ઔર મરદૂદ કર દિયા!"

"હમ સહમે બતવહાદ હૈં, સાતસો રૂપે મહીના કિરાયેકા આતા હય, ઔર બૅંકમેં પૂરતા રૂપયા જમા હય કે છે હજાર, છે સો, છયાસઠ રૂપે, છે આને, છે પાઈ હર મહીને નફે કે મિલતે હૈં! ઇનકો ગુરૂ નહીં કહા જા સકતા. કયું કે હમ ગુરૂ કો હરામ સમઝતે હૈં ઔર ગુરૂ ઔર નફેમેં બડા ફર્ક હય!

"હમારી તીન બીબીયાં મૌજુદ હૈં, મગર ઔલાદ એકભી નહીં, ઔર ઔલાદકી હમકો ઇસ લીએ સખ્ત જરૂરત હય કે હમારે માલ મતાઅકી વારેસ હો, ઔર હમારા પૈસા સારામી મેં સરકારી ખઝનેમેં ન ચલા જાય! ઔ સરકારી ખઝના ઇસ પયસેસે કોઈ જનાના રફાહ ન બનાયે. જહાં બગૈર શરીફોંકી ઇજ્જતીકા સર કે બાલ કટવા દેતી હૈં, ઔર મુંહપે પર સફેદા ઔર લાલી મલને લગતી હૈં! લિહાજા નિહાયત અદબ સે અરઝ કરતા અર્જે ખિદમત હય કે જનાબ હમકો અપની ગુલામીમેં કુબૂલ ફરમાયેં

"હમને નક્શુ જાનબાઇ, ઔર હમારી બીબી ઔર મંઝલી બીબીસે આપકા દુખતર ખુલ્દ અખ્તર કે બ્યોહારસે ઔસાફ઼ સુને હૈં, કે બોલ બાચ્ચોંકી કોયલ હૈં, ઔર ઉનકી આવાઝ ભી બ્યોહાત સુરીલી હય. રહી કાલી સૂરત તો હમ ભી કાલે હૈં ઔર યહ ચશ્મી (કાણાંપણું) પર ભી હમકો કુછ ઐતરાઝ નહીં હય. કયું કે જો સબકો એક આંખ દેખે બોલ હમકોભી, તીન હમારી તીનો બીબીયોં, યાની અપની સૌકનોં કો ભી યક આંખસે દેખેગી. અબ ફકત એક મરહલા બાકી હય, કે હમારી ઉમ્ર સોલા કમ સો બરસકી બ્યાન કી બતલી હય. મગર હમ આપકો ભી યકીન દિલાતે હૈં, બરબસે કે હમ પહોંચે એતબાલ કર ચુકે હૈં, કે હમમેં ઝુઠાપે કી કોઇ બાત નહીં હય! ઔર અગર હોભી તો ખુદકા મર્દ જવાન બીબી કી ખાતિર મુદારાત કરતી જિયાદા કરતા હય કે હરવકત આંખોકા તારા બનાયે રખતા હય! પસ ઇસ નયે જમાને કો હમ ખત્મ કરતે હૈં. ઔર આખિરમેં લિખતે હૈં કે ગર કુબૂલ ઉફતદ ઝહે ઇઝ્ઝો શરફ"

પછી આ કાગળ અમે. અમારા નોકર મિયાં ફત્તુને બોલાવી આપી દીધો ને સાથે કહ્યું કે ગણેશનના ટેકરાવાળા મૌલવી લિયાકત અલીખાનને આપી આવો.

બંને અમે કાગળના રોજે પ્રશ્નના ઉત્તરની વાટ જોતા બેઠા. એક દિવસ પસાર થયો, જવાબ નહીં, બે દિવસ વિત્યા ઉત્તર નહીં. અમને તરેહતરેહના શક, વહેમ આવવા લાગ્યા. ખુદાખુદા કરતાં ત્રીજે દિવસે અંતે મૌલવી સાહબનો હુકમ ઉત્તર લઇને આવ્યો. ધડકતા

હૃદયે અને ધ્રુજતા હસ્તે અમે પરબીડીયું હાથમાં લીધું. અમારું અંતર ફૂદકા અને ભૂરકા મારી રહ્યું હતું કહી એ વિચાર અમને શોકાતુર કરતો કે ના પાડી દીધી હશે? કહી એવા વિચારના વમળથી દિલ ઉછળતું મારતું હતું કે વાત કબુલ રાખી હશે? અમે પરબીડીયું હડબડ પાસેથી જલ્દી જલ્દી લઇ લીધું. પ્રથમ અમે તેને બેચાર ચુંબન આપ્યાં, પછી ધડકતા હૃદય ઉપર ચાંપી રાખ્યું. ફરી અમે ત્રણે બીબીઓને બોલાવી તેમના સમક્ષ પરબીડીયું ફોડી વાંચવા માડ્યું તેમા લખ્યું હતું કે:-

'તુરચરમ રાહતેજાન લખ્તે જિગર શેખચલ્લી સલામત રહો. તુમ્હારા ખત કઈ દિન હુએ આયા થા, મૈ ને અપની સાહબેખાના કો સુનાયા થા. ઉન્હોને બહોત ગૌર સે સારા ખત સુના, ઔર એક દફેઅ સુનનેકે બાદ ફિર દોબારા પઢવા કર સુના, ઔર કહા બેટામેરીકા મુઆમિલા હય, ઝગ સોચ લેને દો. તીન દિનકે બાદ જવાબ દેના સો આજ ઉન્હોંને મુઝસે કહા, કે હાં લીખના મૈંને હાં સુનતેહી તુમકોયેહ ખત લીખ દિયા હય, લેકિન હમારી જબાનતકે રિવાજ કે મુવાફિક તુમકો એક બકરા નામાહ ઇસ મજમૂનકા લિખના હોગા કે "મેહર સવાલાખ રૂપેકા બાધુંગા ઔર ઝેબ-ખર્ચકે લીએ ચાલીસ રૂપે મહીના બીબીકો દિયા કરુંગા. ઔર બીબીકો ઇરકે રિશતેદારો કે હાં આને જાને દુંગા રોકુંગા નહીં ઔર બીબીકો કોઇ બાબતકે લિએ સુનાએગા તો જાને દુંગા, રોકુંગા નહીં. તુમ અપની બણી બીબીસે સવાલ કર લેના. ઔર મુઝે જવાબ લીખના યેહ બકરા ઇદકા મહીના હય. ઇસમેં કોઇ તારીખ ફેર બદલ હો તો અચ્છા હય. ઇસકે બાદ મુદર્રમ આ જાયગા, ઔર મુદર્રમકે બાદ તેરકા મહીના હોગા, ઇસમેં ભી શાદી નહીં હુવા કરતી. ફિર બારા બફાતકા મહીના હોગા, ઇસમેં ભી શાદી ન હો સકેગી, ઔર બાત કઇ મહીને ફિર બન જાયેગી. તુમ મેરે ખતકા જવાબ લીખો તો યેભી લીખ દેના કે તુમ્હારી બીબીયાં તારીખ કૈસાને કબ તક આઇગી. ઔર યેહ ભી સવાલ કર લેના કે બરી ઝારા મનકી આયગી ઔર પાંચ ઝેવર જરુર, બરી કે ચઢાવે લાને હોંગે. હાં. ઔર દો ભારી ઔર તીન હલકે મોલાકર કુલ પાંચ કપડે કે જોડે લાના હોંગે યે તુમ બનને હો કે યેહ ચીજે અપને ઘરમેં રખની નહીં હય, સબકા તુમ્હારે ઘરમેં સે આયગી. મગર મેરા ઔર સબકીકા અરમાન પૂરા હો જાયગા બસ અબ દુઆ પર યેહ ખત ખત્મ કરતા હું"

રાકીમ લિયાકત અલીખાન-કાનજીભાઇ:—

મહોલ્લા ગયેવાન ટેકરા-સુરત.

જયારે અમે આ પત્ર અમારી બીબીઓને સંભળાવી રહ્યા તો મોટી બીબી બોલી પડ્યાં કે 'કોઇ વાર્ત રિવાજ વિરુદ્ધ નથી. તમે પણ જવાબ લખી મોકલો કે સર્વે કે મંજુર છે."

"અમે કહ્યું કે "પણ સવાલખની મેહર તો ભારે પડે તેમ છે, અમારે ત્યાં તો શરેહ મહંમદી મેહર બંધાય છે. તમારી ત્રણેની મહેર પણ શરેહ મહંમદી કે જેને લોકો બીબીની મહેર પણ કહે છે તે સાડા સત્તાવીસ, સાડા સતાવીશ રૂપીયાની બાંધી હતી" વચલી બીબી બોલી ઉઠ્યાં કે "મેહર કોણ દે છે ને કોણ લે છે, એ તો વાતોજ વાતો છે." અમે કહ્યું

"ના, એમ કદી થઇ શકતું નથી. જો અમે એવો વિચાર કરી લીધો કે મેહર આપવાની નથી તો નિકાહ દુરસ્ત થશે નહિં."

અંતે મૌલવીસાહેબને સાડાસત્તાવીશની મેહર લખતાં કબૂલ રાખી અને તા. ૩૦ માસ-જીલ્હેજ્જાનો દિવસ લગ્ન માટે નક્કી થયો સામની તૈયારીઓ થવા લાગી. અમે સીધા ઝવેરી બજાર પહોંચ્યા અને પાંચને બદલે ૧૧ સોનાની નક્કર બજુબંધ ખરીદી લાવ્યા અને ગનીભાઇ એન્ડ કું.માંથી રેશમી થાનના થાન ઉઠાવી લાવ્યા.

હવે જ્યારે અમે લગ્ન માટે આમંત્રણ પત્રિકાઓની ઇબારત ઘડવા બેઠા, ત્યારે અમારા નોકર મિયાં કરજીના હાથમાં એક પત્ર સાથ ટપકી પડ્યા. અમારા કુદરતી અને કાનૂની પિતા થઇ ગયા કે પછી આ પત્ર આપણા શુભ ભવિષ્ય કેવો દેશે? એ પત્ર "જમીઅતે મુસ્લિમ નવ-જવાનાન સુરત"ના સેક્રેટરી મી. સૈયદ નૂર "પરવાઝ" સાહેબનો હતો.

"પરવાઝ" સાહેબે એમાં બાકયું હતું કે તમારી વચ્ચે સોમાં સોળ કમ છે, ને ભવિષ્યમાં તમારી ઉંમર-સાથી બનનાર કન્યાની ઉમર ૧૮ વર્ષની છે, તેથી અમે અમારી જમીઅતમાં પસાર કરેલા કાનુન મુજબ, કે જેની આ સાથે એક નકલ બોડવામાં આવે છે, તમે એ ચુવાન કન્યા સાથે લગ્ન કરી શકતા નથી એવા કન્યાનાં લગ્ન કરવાનો ઇરાદો તમે તદન છોડી દેજો, નહીં તો અમે અમારા સઘળા બળ સહિત તમારી સામે ઘટતાં પગલાં લેશું."

અમને મી. "પરવાઝ" અને તેમની જમીઅત ઉપર એટલો ક્રોધ ચઢયો કે અમારા ગુસ્સાનો પારો ૧૫૦ ડીગ્રીએ ચઢી ગયો. પણ આવા કટોકટીના સમયે અમારી પેઢી જરી પુરાની મોંયું બંજવાળવાની ટેવ મુજબ અમારાથી બંજવાળી જવાયું. તો તુર્ત અમને એ મુંઝનો ઉકેલ જડી આવ્યો. અમે મીયાં "પરવાઝ"ની જમીઅતે ઘડેલા કાનૂનની એકેક નકલ શહેરના સર્વે રોજીંદા અને અઠવાડિક અખબારોમાં પ્રગટ કરવા મોકલી દીધી કે જેથી તે સર્વે હિન્દુ-મુસ્લિમ પુરુષો કે જેમની ૫૫ ૫૦ વર્ષથી આગળ ધપી ગઇ હોય, તેઓ આ ઉછાંજળા નવજવાનોના એ ગેરવ્યાજબી અને ખોટી દખલગીરી કરતાં પગલાંનો વિરોધ કરવા અમારે સાથ આપે, કે અમે સૌ અમારાં ભેગાં પાકટ બળથી એ નવજુવાનોના કાચા કાનૂનોના પૂરજે પૂરજા ઉડાવી દઇએ. બસ હવે અમે બોલવું બંધ કરીએ છીએ. વસલામ સ્ટી. અમો છીએ,

તમારા જબરદસ્ત શેખચલ્લી ગોદેરાવાળા*

*ખ્વાજા હસન નિઝામીના એક લેખ ઉપરથી સૂચિત.

—•—

ઇસ્લામ અરબીના જ્ઞાન વિના ગઝલો—લખવી અસંભવિત છે. ગુજરાતી ભાષામાં અરબી—ફારસી—ઉર્દૂ અરૂઝનું જ્ઞાન

"આર" સુંદરી કૃત **શાઇરી ભા. ૧—૨**

સરળ રીતે કરાવે છે.

કીંમત ૮ આના ટપાલ ખર્ચ સવા આનો

જાણીતા સાક્ષરોએ કીમતી અભિપ્રાયો આપ્યા છે.

ધી સાંઢેર સ્ટોર્સ, ટાવરરોડ, સુરત.

કૃષ્ણ ૧૦ મો, ૧૯૭૯ ... ૧૯૭૯ ... ૧૯૭૯ ...

પ્રિય ... ,

... ...



ઝાકરચાર
ઝાર રાંદેરી.

ઝાર પીલ્સ— આ ગોળીઓ ઘણા લાંબા અનુભવ પછી જનરમાં મુકી છે. કોઇ પણ કારણે ગુમાવેલી શારીરિક, માનસિક, દરેક શક્તિઓને પાછી મેળવવામાં તેમાં ખાસ કરી, મરદાઇ માટે છેવટનો ઉપાય કહીએ તો લગારે અતિ શ્યોક્તિ નથી અતિ સ્ત્રી સમાગમ, કુટેવ, કે ગમે એ કારણે ગુમાવેલું પુરૂષત્વ (મર્દાઇ) પાછું મેળવવામાં અમારા લાંબા અનુભવમાં આજ સુધી એનાથી ઇકસીર ઉપાય જોકે આવ્યો નથી. બેજ દિવસમાં જિર્યાન, પાચનશક્તિ, રૂકાવટમાં પણ પોતાનો ગુણ બતાવવો શરૂ કરે છે. અને શરીરમાંથી સુસ્તી, ઢીલાપણું, કમર, માથા, સાંધા અને રગોના દુઃખાવાઓને દૂર કરે છે. એમાં કસ્તુરી, અંબર અને સોનાની ભસ્મ જેવી કીમતી વસ્તુઓ લીધી છતાં માત્ર પબ્લિકના લાભાર્થે ડર ગોળીઓની કીમત રૂા. ૧-૦-૦ પોસ્ટ ખર્ચ જુદો.

ઝાર તિલા— આ તિલામાં સર્વથી વધુ ખૂબી તો એ છે કે એના ઉપયોગથી કોઇપણ રીતની જલન કે ફોલ્લીઓ થતી નથી તેમ એને લગાડી પાને કે પાટો બાંધવાનીયે અગત્ય નથી મસળતાંજ ચામડીમાં ઘુસી જાય છે. રોગોની નબળાઇને દૂર કરવામાં આ તિલો બરોબર ચમત્કારી છે, હજારો રૂપીઆ ખર્ચે જે લાભ ન મળે તે લાભ માત્ર અઢી રૂપીઆમાં મેળવી શકાય છે. કીમત ૨-૮-૦ (અઢી) પોસ્ટ ખર્ચ જુદો.

આનંદ રસ— આ વિચિત્ર તિલો મર્દાઇ અને ઇમ્સાક (વીર્ય સ્તંભન) માટે ખાસ છે. ગરીબોને ખાસ લક્ષમાં રાખીને આ કીમતી તિલો જનરમાં મુકયો છે એના ઉપયોગથી ખાસ જગ્યામાં સખ્તી અને ઇમ્સાકમા બેવડો વધારો થાય છે. કીમત બબ્બીનો રૂા. ૬) પોસ્ટ ખર્ચ જુદો.

સુકુવ્વી વ મુસ્સિક— કસ્તુરી, અંબર, સોનાની ભસ્મ જેવી કીમતી વસ્તુઓ વડે તૈયાર કરવામાં આવેલી આ દવા ઇમ્સાક, અને મર્દાઇ માટે અજોડ છે જિર્યાન, (ધાતુસ્રાવ) ઇસ્તિલામ, (સ્વપ્નદોષ) તેમજ વીર્ય વિકારની દરેક કુર્યાદો આ દવા માત્ર બેજ દિવસમાં દૂર કરે છે. શોખીનો માટે આ દવા ખાસ છે. એક તોલો દવા બાર દિવસ ચાલે છે કીમત તોલા એકનો રૂપીઓ એક, પોસ્ટ ખર્ચ જુદો.

દવાએ સુઝાક— આ પીવાની દવા છે ગમે એવા નવા કે જૂના પરમિયાને મટાડે છે હજારો માણસો સારા થયા પછી આ દવા પબ્લીક સન્મુખ ધરી છે. એક શીશી સાત દિવસ ચાલે છે. સાધારણ બીમાર માત્ર એકજ શીશીમાં સાજો થઈ શકે છે. ગમે એવા જુના પરમિયાને માત્ર બે શીશી કાફી છે. ઇન્જકશનો થકી પોતાનું ભવિષ્ય બાયમાલ ન કરતા એક વાર આ દવા લેવા અમારી ભલામણ છે કીમત શીશીનો રૂપીઓ દોઢ, પોસ્ટ ખર્ચ જુદો (રૂબરૂમા પરમિયાનો તદ્દન ઇલાજ કરીશું)

બિન્દ ઇલાજથી મંગાવનારાઓએ ખોટીશ પોસ્ટલ ઓર્ડર Manager, The Rander Unani Pharmacy ના નામે મોકલવો. કાંમગીમાં મળતી દરેક દવાઓનું સુચિપત્ર મુફત મોકલવામાં આવશે લખો અથવા મળો

મેનેજર **ધી રાંદેર યૂનાની ફાર્મસી**

રાંદેર, Rander, Dist. Surat.

[illegible] Victoria Street Durban(Natal)

કુદરતથી ઈબરત

* રજુ કરનાર–"મુરિલમ" *

તમે ઘણાએ એજ્યુકેટેડ યુવકો જોએો ફેશનના બંદા અને પશ્ચિમના અનુકરણના આશિક છે, તેઓથી સાંભળ્યું હશે કે "મઝહબનો દૌર પુરો થયો, અત્યારે તો વિદ્યા, જ્ઞાન અને રોશનીનો સમય છે. મઝહબ તથા અલ્લાહનો ખિયાલ, તેની યાદ કે તેથી ડરવા, ડરાવવાની વાતો માત્ર અજ્ઞાનતા અને અંધકારમય કાળની યાદગારો છે. વિદ્યા જ્ઞાનનો પ્રકાશ જેમ જેમ ફેલાતો જાય છે, તેમ તેમ જગત એવા આચાર વિચારોથી વિમુક્ત થતું જાય છે. જુઓ યુરોપ, જે વિદ્યા, કળાનું કેંદ્ર છે, તે ખુદાને તદ્દન છોડી બેઠું. હવે ત્યાં ધર્મ, મઝહબની કંઈજ ગણના ન રહી. કોઇ ફિલસુફનું એ નકામી વસ્તુ લેશ માત્ર પણ લક્ષ ન રહ્યું પરિણામે દુનીયા રોશનીએ આખા યુરોપને મઝહબથી આઝાદ કરી દરેક દિશામાં આગળ વધારી દીધા. તેથી હવે ત્યાં ખુદા અને મઝહબની મહત્તા મટી ગઇ."

જો એજ્યુકેટેડ ફેશનેબલ યુવકો સાથે આપનો કંઈ સંબંધ રહ્યો હોય અને ઉપરથી તેઓના સ્વતંત્રતા ભર્યા ખરા વિચારો સાંભળવાનો મોકો મળ્યો હોય, તો આપે આવી વાતો જરૂર સાંભળીજ હશે. અને કદાચ મોકો ન મળવાથી સાંભળી ન હોય તો એટલું તો જાણતાજ હશો કે એવા લોકોને મઝહબી આચરણોની પાબંદી જેલખાનાની બેડીઓ કરતાં એ વધુ ભારે લાગે છે.

બીજી બાજુ જો આપ પેપરો જોતા હો, અને આજના યુદ્ધ સમાચાર કાળજીપૂર્વક વાંચતા હો, તો નીચે દર્શાવેલી બાબતો પણ અવશ્ય આપની જાણમાં આવીજ હશે.

(૧) જ્યારે જર્મનીએ રશીઆ પર ચઢાઈ કરી, ત્યારે જર્મનીના ડિરેક્ટર હર હિટલરે જગતની હમદર્દી પ્રાપ્ત કરવા ખાતર પોતાના એક લેક્ચરમાં કહ્યું હતું. "રશીઆ ધર્મનો શત્રુ અને ખુદાનો નકાર કરનાર નાસ્તિક છે માટે ધર્મનાં અનુયાયીઓ અને ખુદાના પૂજકોએ આ ખુદાના દુશ્મન વિરૂદ્ધ લડાઇમાં અમારી મદદ કરવી જોઇએ."

(૨) અમેરિકાના પ્રેસીડન્ટે મિસ્ટર રૂઝવેલ્ટે જ્યારે ફેંસલો કર્યો કે આ યુદ્ધમાં જર્મન વિરૂદ્ધ રશીઆની સહાય કરવી જોઇએ. (પણ તે જાણતા હતા કે રશીઆએ ધર્મ સાથે જે દુશ્મની આદરી છે, તેની કંઇક પણ અટકાયત કર્યા વિનાં તેની મદદ કરવામાં આવશે તો અમેરિકાની પબ્લિક તેને સાંખી શકશે નહિ) તો તેમણે કોશિષ કરી કે રશીઆ "ધાર્મિક આઝાદી"ના સિદ્ધાંતને માન્ય રાખી તેની જાહેરાત કરી દે, તેથી તેમણે પોતાના ખાસ એલચી મિસ્ટર હૂપ્કિનને સૂચના આપી હતી કે "જ્યાંસુધી તે મોસ્કોમાં રહે, ધર્મની સંપૂર્ણ આઝાદીના સવાલ પર રશીઅન લોકોને ઘરોથી વાતચીત કરતા રહે."

(૩) મિસ્ટર લોઝોવસ્કીએ તા. ૫ ઓકટોબરે રશીઆમાં **મઝહબી આઝાદી** માટે ખુશીથી જાહેરાત કરી અથવા તો અમેરિકાની ખાતર જાહેર કરવું પડયું કે "સોવિયેટ યુનીયનમાં દરેક માણસ ધર્મની બાબતમાં પોતાની ઇચ્છાને આધિન છે. રશીઆમાં રોમન કેથોલિક ઇસાઇઓ તથા જુના તેમજ નવા ઓર્થોડોકસ ઇસ્ટરન પંથી, નજલીકલ અને બિપ્ટીસ્ટ પંથી ઇસાઇઓ પણ છે, યહૂદીઓ પણ છે, બૌદ્ધ ધર્મવાળા પણ છે. ધર્મ ઓફ

પ્રાઇવેટ વસ્તુ છે, જેની સાથે સરકારનો કંઇ સબંધ નથી નાગરિકોને હક છે કે તેઓ ચાહે, તે ધર્મથી પોતાનો સબંધ રાખે "

(જેને જેની સાથે મૈત્રી રાખી મદદ લેવાની જરૂર હતી તે બધાના ધર્મોનું નામ લીધું જાપાન પણ રશીઆ વિરૂદ્ધ લડાઇમા ન ઉતરે તે ખાતર બૌધ ધર્મનું પણ નામ લેવાયું પરંતુ મુસ્લિમોથી આશા કે ભય કંઇજ નહિ હોવાથી "ઇસ્લામ"નુ નામ લિસ્ટમા ઉમેરાયું નહિ કદાચ કંઈ લાવચ કે ભય હોત તો રશીઆમા મુસ્લિમો નહિ હોવા છતા 'ઇસ્લામનુ' નામ પણ અવશ્ય આવી જાત)

(૪) પાછના દિવસોમા મિસ્ટર રૂઝવેલ્ટ જર્મની અને જિવનર વિરૂદ્ધ જે એક મહાન ધધિયારા વાપર્યુ હતુ. તે તેમનુ એમ જણાવા કરતુ હતુ કે " જર્મનીના કેટલાક ખાસ કાગળો એને નકશાઓ તેમના હાથ લાગ્યા છે, તેનાથી જણાયુ છે કે જિવનર સરકારજ ધર્મોનો નાશ કરવા અને એકદર ચર્ચો તથા સધુઓના મોઢાને તોડી નાખવા ચાહે છે"

(૫) રૂઝવેલ્ટના આ બયાન પછી બીજાજ દિવસો બાદ (તા ૩ ઓકટોબરના) લડનથી પણ એમ જાહેર કરવામા આવ્યુ કે " ભરોસાપાત્ર રીતે લડનમા ખબરો મળી છે કે હિટલર બ્રીટાઇ ધર્મનો નાશ કરવા ચાહે છે. મિશનરીઓ અને મઠોને બરબાદ કરવા તેમજ સની લી જગ્યાએ રાસ્તિક ચાલુ કરવા ઇચ્છે છે તદુપરાત એવી પણ દહેશત રાખે છે કે બાઇબલની જગ્યાએ તેનુ પોતાનુ પુસ્તક ચાલુ કરવામા આવે."

(૬) જિવનર તા ૧૧ નવેમ્બરના રોજ નાઝીઝમની વરસગાંઠના મોકાપર યુધ્ધ સબંધી જે ભાષણ પૂર્ણ કે લેકચર આપ્યુ તેમાં તેઓના આ આક્ષેપનો રદીયો કરતા કહ્યુ, " આ તો બાળકો જેવી નાદાની અને બેહુદાપણું છે."

વળી એજ બાબતમા તેણે કહ્યુ, "જર્મનીમા મઠોને વાર્ષિક ૯૦ લાખ મદદ તરીકે આપવામા આવે છે, ઉલટુ અમેરિકામા ચર્ચને ગવર્નમેન્ટ તરફથી એક કોડી પણ મદદ આપવામા આવતી નથી. જર્મનીમા કોઈ પણ પાદ્રીને કોઇ માન્યતાના જ કારણે કદી શિક્ષા કરવામા આવી નથી, પરંતુ અમેરિકામા બીજા પંથના પાદ્રીઓને કેદ કરવામા આવ્યા અને ધરપકડ કરવામા આવે છે "

(૭) વળી સાંભળો, રૂટરના મોસ્કોમા રહેતા પ્રતિનિધીએ ખબર આપી છે કે "ખુદાનો નકાર કરનાર તેના વિરૂધ્ધ લડાઈ જાહેર કરનાર રશીઆએ પણ આ યુધ્ધની આફતથી ગભરાઇને હવે ખુદા અને ધર્મની આગળ શીશ નમાવી દીધુ છે તેથી કરી એક દિવસ મારફેતના ચર્ચમાં બાર હજાર પ્રેયરો એકઠા થયા અને તેઓએ ખુદાની આગળ રડી રડીને ઘણી આજીજી અને કાકલુદી પૂર્વક દુઆઓ માગી કે રસ પોતાની આઝાદી, આઝાદી, અને વતન ખાતર અત્યારે જે યુધ્ધ લડે છે, તેમા તેને સફળતા આપ "

જોયુ ધર્મ અને ખુદામા હાલ પણ કેટલી તાકત છે કે હિટલર ધર્મના પોકારો સહિત રશીઆ પર હુમલો કરે છે, અમેરિકાનો પ્રેસીડન્ટ રશીઆને સદાય આપવા માટે એની આવશ્યકતા સમજે છે, કે રશીઆ તરફથી ધર્મિક આઝાદીની જાહેરાત કરવામા આવે

અને હિટલર વિરૂધ્ધ સૌથી મહાન બાબત એજ બતાવે છે કે તે ધર્મ અને ધર્મસ્થળોને બરબાદ કરવા ઇચ્છે છે. તેના જવાબમાં હિટલર એને નાદાની અને બેહુદાપણું બતાવે છે. અને સાબિતીમાં જર્મન સરકાર તરફથી ચર્ચને મળતી મદદનો આંકડો રજુ કરે છે. રશીઆને પણ એ સિવાય છૂટકોજ ન થયો કે કે ધર્મની સંપૂર્ણ આઝાદીની જાહેરાત કરે, જુદી જુદી ધાર્મિક સોસાયટીઓ, મંજકળી રથળોને માને સે વળી અંતે મોસ્કોના ચર્ચમાં બાર હજાર પ્રેયરો એકઠા થઇને દુઆઓ માગે.

સંભવિત છે કે ખુદા તથા ધર્મદ્રોહ ઓછો થયા અને ધર્મના અનુયાયીઓની બાયતાઓથીજ સોવીએટ સરકારનો બચાવ થઇ અંત આવવામાં વિલંબ થયો હોય. પરિણામ તો ખુદાનેજ ખબર.

વિચારો! ખૂબ વિચારો! શું ખુદાથી આઝાદ થવું અને તેની કુદરતના બેનથી બચી જવું માનવીના કબજા અને અધિકારમાં છે? સારાંશ કે ખુદા અને તેની આજ્ઞાઓના આધિન રહેવામાંજ બેહતરી છે.

વિપત્તિ એકધારી છે ને હું છું

દિલે તુજ યાદ પ્યારી છે ને હું છું;
નિરંતર બેકરારી છે ને હું છું.
ફરે પાછી થઇને બે અસર કાં?
અસરમય આહ મારી છે ને હું છું.
ગઈ આસાએશો મુજને તજીને;
હવે વ્યથા બિચારી છે ને હું છું.
મને સંતોષ જખ્મોથી છે કાતિલ;
નિશાની દિલમાં તારી છે ને હું છું.
વિયોગી પાસ છે એકજ બનાવો;
રતન નેત્રોથી જારી છે ને હું છું.
મને નિત પાપ ઘેરીને રહે છે;
બલા ચોપાસ ભારી છે ને હું છું.
પ્રણય પંથો ને વિચરૂં કેમ "બિસ્મિલ";
વિપત્તિ એક ધારી છે ને હું છું.

"બિસ્મિલ" (ઘોરાજવી)

થશે મારા હાથેજ સર્જન ફરીથી !

બતાવીશ ક્યારે તું લોચન ફરીથી,
કરી દીન, દુનિયામા નિર્ધન ફરીથી

ફકીરી અમીરીથી બેહતર છે મારી,
ન માંગુ સિકંદર — સિંહાસન ફરીથી

બનુ વિશ્વ-વ્યાપક ફક્ત એક પળમાં,
અતા કર "અલી" કેરુ તન મન ફરીથી

ખબર છે મને તારા નિર્જન જગતનુ,
થશે મારા હાથેજ સર્જન ફરીથી

કયામત જનોને દિસે છે અહીં પણ,
કદી મમ બનુએ દિલની ધડકન ફરીથી

હકીકત તણી જ્યોત પ્રગટાવી અંતે-
કરી ભસ્મ નાખીશ વન વન ફરીથી.

પતન દીસે મારી, તરફી પતન તો
બન્ને વિશ્વના ઉંચા લોચન ફરીથી

રુધિર-અશ્રુઓને કરી દે રતન તો,
એ મધ-રાતનુ મારુ રુદન ફરીથી

ભજનમા અદા પણ અનેરી આવડ હો,
ખુલે સ્વર્ગ-દ્વારો એ કિર્તન ફરીથી.

નમન એ ગુનાહીના મેવક ખુતોનુ,
કરે દશ-ધરને છે નિર્જન ફરીથી

અમૂના રતન એ ભજે નવ "તરન્નુમ",
ગુમાવેય જીવનના બે દિન ફરીથી

"તરન્નુમ"—ધોરાજી

સિદ્ધિના સન્માર્ગ

રજુ કરનાર : "ગાફિલ"

(સર્વ હક્ક લેખકને સ્વાધીન છે)

૩૦૯

અસભ્યતાનાં પાપે અનેકોનાં જીવતર ઝેર કરી નાખ્યાં છે, માટે ગમે તેવા સંજોગોમાં પણ અસભ્ય થશો નહિ. સભ્યતાનાં સદ્‌ગુણ વડે તમો જ્યાં હશો ત્યાં સંન્યાસધર્મ લાભો મેળવી શકશો.

૩૧૦

શરમાળ પુરુષ, મર્યાદિત શરમે સંકોચેલી સ્ત્રી કરતાં પણ પાછળ રહી જાય છે. ખોટી શરમ ઇન્સાનને આગળ વધવા દેતી નથી. પોતાનામા દુર્ગુણ કે અજ્ઞાન ન હોય, તેવા પુરૂષને બેધડક આગેકૂચ કરવાનો અધિકાર છે.

૩૧૧

બીજા બે માણસો વચ્ચે વાતચીત ચાલતી હોય, ત્યારે ત્રીજા મણસે અર્થાત આપણે મૌન સેવવું જોઇએ. સોસાયટીમાં પોતાની વિદ્વતાને સતાડી રાખવી, એ વારંવાર પોતાની વિદ્વતાનાં વખાણ કર્યા કરતાં અનેક ગણું ઉત્તમ અને આવકારદાયક છે. કારણ કે હોય તે કરતા વધારે વિદ્વતાનો ડોળ કરનાર, પ્રસંગોપાત પોકળ ખુલ્લું પડી જતાં શરમાય છે. શરમાવું પડે, એ કરતાં પોતાને અજ્ઞાન જાહેર કરવો એ વધુ શ્રેષ્ટ છે.

૩૧૨

મતભેદની ચોખવટ સભ્યતા પૂર્વક કરવી. તકરાર વખે એ કરતાં રડેજ નરમાશ દેખાડવાથી કે દરગુજર કરવાથી તકરારનો અંત આવી જતો હોય, તો તેમ કરવામાં નહાનમ પેખવી નહિ. એ ડહાપણનો એક પુરાવો છે.

૩૧૩

પોતાના વિષે એક શબ્દ પણ બોલવો નહિ. કારણ કે જાગૃત જગત પ્રત્યેક મનુષ્યની ચાલચલગત-ઉપર સતત ચોકી પહેરો કરે છે. કોઇ માણસ પોતાને સદાચારી કહે, તેથી દુન્યા તેને સારો કહેશે નહિ, ચારિત્ર્ય દ્વારા દરેક વ્યક્તિ સારી કે નઠારી પૂરવાર થાય છે. માટે તમારી ખામીઓ ઢાંકવાનાં વ્યર્થ પ્રયત્નો કરશો નહિ. શકય તેટલી રીતે તમારી તમારી અપૂર્ણતાને સંપૂર્ણતામાં ફેરવી નાખવાના પ્રયત્નો કરવા જોઇએ.

૩૧૪

કોઇ પણ વ્યકિતની પરીક્ષા તેની જાતિ, ધર્મો કીમી કે હોદા ઉપરથી કરવી, એ નરી નાદાની છે, ઇન્સાનીયતની દ્રષ્ટિએ તેની પરીક્ષા થાય, એ માનવ જગત માટે વધુ લાભદાયક ગણાય.

૩૧૫

પોતાની કે અન્યની બાનગીવાતો બને તેટલી છાની રાખજો, તો તેથી સંતાપો ઓછા થઇ જશે.

૩૧૬

ખરીદેલી વસ્તુઓના નાણું ચુકતાં સુધી રોકડાંજ ચૂકવી દેવાની આદત કેળવજો. ઉધાર લીધેલી વસ્તુઓનાં બીલ ચૂકવવામાં બનતાં સુધી નોકરોની ધાલમેલ થવા દેશો નહિ. મુસ્લિમ બીરાદરોમાં બીલ માંગવાની આદત બહુજ ઓછી છે, પરિણામે દુકાનદારો કેટલીક વખતે છેતરી, અને અપ્રમાણિક હોય તો

ઉદ્દિષ્ટપૂર્વક એકજ બીજનાં નાનાં ચોરખત વસુલ કરે છે. આવી ઉદારકારીએ અનેક મુરિદ-મોના બીસાં ઉપર કાપ મૂકયો છે. મુરિદમો હવે સ્વતંત્ર ચેતે, અને પોતાની નબળી દેખતી બેદરકારીઓનો પણ તત્કાળ અંત આણવાના પ્રયત્ન કરે.

૩૧૭

તમારા મિત્રમંડળ ઉપરથીજ તમારી મહત્તાનું માપ થાય છે. એને કદી પણ વિસરી જશો નહિ.

૩૧૮

ગંભીર ચિંતવાહ, સભ્યવર્તન અને સદ્-વિચારો એ ગૃહસ્થાઈના મુખ્ય લક્ષણો કહી શકાય

૩૧૯

સ્વતંત્ર થવું, પણ અતિ મળતાવડા થવું નહિ. બોલવું, પણ સંભાળ પૂર્વક ઓછું બોલવું. સભ્યતા દાખવવી, પણ આડંબર કરવો નહિ મન મેળવવું પણ પ્રપંચ કે અયોગ્ય યુક્તિ વડે નહિ અનુકરણ કરવું પણ તમામ કરતા જે વધમા, વિદ્વતામા, અનુભવમાં અને ચારિત્રબળમાં ચડીયાતા હોય, તેમનું વિચારપૂર્વક અનુકરણ કરવું આટલી વાતો અમલમાં મૂકવા તેજ આપણી મહામતી છે.

૩૨૦

આત્મવિશ્વાસ અને પુરૂષતન સાથે જો નમ્રતાનો સુમેળ સાધી શકાય, તો આપણી યોગ્યતા અતિ દીપી નીકળે.

૩૨૧

પોતાની અપૂર્ણતાઓને ઢાંકવા માટે દેખાદેખ લોકો જીન જરૂરી વસ્તુઓની વાંધાઓમાં વીંટ-ળાય છે પણ એ માન્યતાજ ભ્રમરી છે, વસ્તુ વડે કોઇ પણ માણસ પોતાની ખોડ કે ખામી ઢાંકી શકતો નથી. દરેક માણસ કોઇને કોઇ એક સંજોગમાં પોતાનાં મૂળ સ્વરૂપે જગત આગળ રજુ થયેજ રહે છે.

૩૨૨

પોતાની ચતુરાઈનો ઉપયોગ અન્યને ધિક્કા-રવામા નહિ, પણ પ્રસન્ન કરવામા થવો જોઇએ.

૩૨૩

મિત્ર ને શત્રુ બનાવનાર માત્ર એકજ વસ્તુ છે, ને તે મશ્કરી. મશ્કરી કેટલીક વાર જીવન જરની ગાઢ મૈત્રીને દુશ્મનીમાં ફેરવી નાખે છે. નિર્દોષ ગમ્મત અને મશ્કરીમા આકાશ પાતાળ જેટલું અંતર છે, નિર્દોષ ગમ્મત મશ્કરીમાં ભારે થાય છે, જ્યારે મશ્કરી, ચિંતાતુર માનવીને વધારે ચીડવવાની હદ સુધી જતી હોવાથીજ પરિણામ માઠું આવવાનો વધારે સંભવ રહે છે. માટે આનંદી થઈને, પણ મશ્કરીથી અળગા રહેજો

ઓલ ઇન્ડિયા રેડીઓનું
પખવાડિક
"આવાઝ ઉર્દૂ"
અથવા
"સારંગ" હિન્દી
વાંચો અને રેડીઓ સાંભળો
છુટક નકલ આઠ આના.
ધી સાંદેર સ્ટોર્સ ટાવરરોડ, સુરત

૩૨૪

જાણવા માટે પોતાનું અજ્ઞાન જાહેર કરવું, એ અત્યંત જરૂરી છે. માહીતગાર હોવાની તોપ ફોડવા કરતાં અજાણપણું બતાવવું, એ જગતનાં વ્યહવારિક જ્ઞાનનો એક અગત્યનો હિસ્સો છે.

૩૨૫

પ્રત્યેક પ્રકારની માંદિતિ મેળવવાનું ઉત્તમ સાધન અજાણતા છે. પોતાને અજ્ઞાન તરીકે જાહેર કરનાર અને સ્વીકારનાર ઘણું શીખી શકે છે.

૩૨૬

તમારા નવા ઓળખીતાઓ ભલે ગમે તેટલા સારા હોય, છતાં જુના ઓળખીતાઓનો સહંતર અનાદર કરશો નહિ

૩૨૭

યુવાનોએ પોતાના સિદ્ધાંતો નહિ, પણ સ્વભાવ સરળતા પૂર્વક બદલવાની ટેવ પાડવી જોઇએ. સ્થળ અને સંજોગોને અનુસરી રાખી પહેરતા કે ઉતારતાં જેટલી વાર લાગે છે, તેટલીજ ટેવ કેળવવી જોઇએ.

૩૨૮

પુત્ર તરફનો આપણો ધર્મ એ છે, કે દિનપ્રતિદિન પ્રયત્નોદ્વારા પોતાની પિતાની કીર્તિમાં અધિકાધિક ઉમેરો કરતા રહેવું. પિતાએ પ્રાપ્ત કરેલી કીર્તિ કે સંપત્તિ ઉપર આધાર રાખનાર પ્રત્યેક પુત્ર સર્વનાશને નોતરે છે.

૩૨૯

આપણી મહેચ્છા અન્ય એકદર મનુષ્યો કરતાં ચઢીયાતા થવાની હોવી જોઇએ, અલ્લાહ એ આપણને કોઇ એક ચોક્કસ કાર્ય માટે અવનિ ઉપર ઉતાર્યો છે, એમ માની, એકાદ અભૂતપૂર્વ કાર્ય કરવાની તમન્ના સેવવી જોઇએ.

૩૩૦

પોતાના સંતાનોમાં જે સ્વયં સર્વોત્તમ થવા ઇચ્છતો હોય, તેવા છોકરાને માબાપો વધારે ચાહે છે, ચાહવું જ જોઇએ. માટે વડીલોની ચાહના મેળવવા, સર્વોત્તમ થવા સર્વ શક્તિઓનો સામટો સદુપયોગ કરવા તત્પર થાઓ.

૩૩૧

જીવનનું ધ્યેય પ્રત્યેક પળે ઉંચે ચઢવાનું હોવું જોઇએ. દીનપ્રતિદીન નીચે ઉતરતા જવું, એ આપણા માટે લાંછન રૂપ છે. દરકલકિ, દરઅઠવાડીયે, દરમહીને અને દરવર્ષે આપણામાં ચોક્કસ સુધારો થવો જોઇએ.

૩૩૨

અન્યની બરોબરી કરવાની કિંમત નથી, પણ બીજાઓ કરતાં વિશેષ ઉત્તમ થવાના કોડ જન્મવાં જોઇએ. આપણી જીંદગીનો ધ્યેય માત્ર સંપૂર્ણતાજ હોવી જોઇએ.

૩૩૩

ભરજુવાનીમાં મરણ પામવું એ બેહજ્જત ન કહી શકાય, પણ કીર્તિ મેળવ્યા વિના મરી જવું, એ ભારે શરમ ભરેલું ગણાય. કીર્તિ વિનાનાં સો વર્ષનાંથી કશીજ કિંમત નથી.

૩૩૪

પોતાનો કરતાં પોતાનાથી ઓછી આવડત વાળાં માનવીઓ સાથે પોતાને સરખામણીમાં મૂકી સંતોષ માનવા કરતાં, અન્ય આગળ વધેલાંઓ કરતાં આપણે કેટલા પાછળ છીએ, એની તુલના કરવી એ વધારે ઉત્તમ અને લાભદાયી છે.

૩૩૫

ભણેલા છતા વ્યવહારિક જ્ઞાનની દ્રષ્ટિએ "૦" જેવા દેખાતા યુવકોએ, સ્વપરિશ્રમે સિદ્ધિ મેળવેલા માણસોનાં જીવનચરિત્રોની વાતો ઉપર લક્ષ આપવું જોઇએ. ઉન્નત જીવન ગાળવા ઇચ્છતા યુવકો માટે આવા ચરિત્રોથી આગળ વધેલા લોકોની વાતો, અત્યંત ઉપયોગી, માર્ગદર્શક અને પ્રોત્સાહન આપનાર નીવડે છે.

૩૩૬

દરિદ્રતાનો વારસો જેને મળે, તેવા યુવકોએ વિનોપનઃ પાણીદાર જીવન જીવવા ભાગ્યશાળી થાય છે દરિદ્રતાની શાળામા શિક્ષણ લેવાનું સદ્‌ભાગ્ય જેને સાંપડ્યું નહિ હોય, તેવા માણસો પોતાનું નામ ભાગ્યેજ અમર મહાજનોમાં નોધાવી શકે છે.

૩૩૭

સર્વ સદ્‌ગુણોનો નાશ, વારસામાં મળેલી સંપત્તિ કરી જાણે છે પ્રયત્નો વિના પ્રાપ્ત થયેલી સમૃદ્ધિ એક જાતના વિષ જેવી ઝેરી છે.

૩૩૮

આપણાં બાળકોને વારસામાં મિલકત કે પૂંજી આપીએ, એ કરતાં સારી કેળવણી અને સશક્ત શરીર આપી શકીએ, એ વધારે આવકાર દાયક છે કારણ કે કેળવણી નહિ હોય, તો ગમે તેટલા મહાન વારસાનો પણ દુરૂપયોગ થઇ જાય આવશે. પણ મુશ્કિલીઓ અને સદૃઢ શરીર હશે, તો બાળકો સ્વમાન સાથજીવન માર્ગ સફળ કરી શકશે.

૩૩૯

ગુણગાનની દ્રષ્ટાએ કરવામાં આવતો દાનથી સમસ્ત સમાજનું સંસ્થાનાય ચાલે છે, આવા અમૂલ્ય દાનની પ્રથા એ ઇલાજ પર્યંત એક પણ વ્યક્તિ કે સમાજનો ઉધ્ધાર કર્યો હોય, એવું એકેય દ્રષ્ટાંત જોવ્યું જડે તેમ નથી.

૩૪૦

દાન આપનારે દાન લેનાર ઉપર કેવી અસર થાય છે, એ પ્રથમ જોવાનુ છે. જો તમારું દાન અન્યને માંગણો કે નિરધાર બનાવી નાખે તેવું હોય તો તેવા દાનથી તમારે અલિપ્ત રહેવું જોઇએ. અન્યની સીધી કે આડકતરી રીતે અધોગતિ થવા સંભવ હોય, એવું દાન કોઇએ પણ કયારેય ન કરવું જોઇએ ઉલ્ટેજ નાર્થે આપાયેલા દાનનેજ સાચી ખેરાત કહી શકાય. મુસ્લિમો ખેરાતનો હેતુ અને મહત્વ સિધ્ધ થાય, એમ ઇચ્છું છું. [અપૂર્ણ]

બંધ માસિક "માંદગી"

ફકત ત્રણજ દિવસની અંદર 'થ્રી નોટ' ગોળીઓથી ચાલુ થાય છે. માસિક આવવાની કોઇપણ ફરિયાદ માટે રૂબરૂ મળો. દવા સાથે ગેરંટી પત્ર આપવામાં આવે છે. કીંમત રૂ. ૫-૮-૦ પરદેશ શી. ૧૦

—:ગર્ભ રહેતો અટકાવવા:—

"રાહત" દવા ફકત ત્રણજ દિવસ ખાઇ લેવાથી જીંદગી ભરમાં કદી ગર્ભ રહેતો નથી. માસિક ચક્રમાં કશુંજ નુકસાન નહિ. ડૉકટર વૈદોએ અજમાવેલી દવા સાથે ગેરંટી પત્ર મોકલવામા આવે છે. કીંમત રૂા ૫-૮-૦ પરદેશ શી. ૧૦

ડૉ. એમ. એચ. ખાન,

૪૨ સ્વિંગેટ સ્ટ્રીટ, મોનજીની સામે કોટ, મુબઇ, ફોન. ૨૧૩૪૩.

આવતી કાલના મુસ્લિમ વેપારીઓની કેળવણી

પલટાતા સમયને પહોંચી વળી વેપારની આબાદાની શી રીતે ટકાવી રાખવી ? આ પ્રશ્નનો ઉત્તર "વેપારી શિક્ષણ"માં આપી રહે. મુસ્લિમ વેપારી કોમનાં બાળકોની સેવાર્થે પંચગનીની મુસ્લિમ હાઇસ્કૂલના કોર્સોમાં યોગ્ય ફેરફાર કરવામાં આવ્યો છે.

આ સ્કૂલમાં બાળપોથીથી મેટ્રીક સુધીનું શિક્ષણ અપાય છે. ભઝહબી તાલીમ માટે એક મૌલવી સાહેબ રાખવામાં આવ્યા છે. સ્કૂલની પોતાની એક મસ્જીદ છે.

હાલમાં ચાલુ શિક્ષણની સાથેજ વેપારી કેળવણી, એટલે નામું-હિસાબ-વિમો-વેપારની રીતે અને યોજના-બેન્કીંગ-વેચાણની વ્યવસ્થા વિગેરે વેપારને માટે ઉપયોગી એવા બધા વિષયો શીખવવાનો ખાસ બંદોબસ્ત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત વેપારી કેળવણી માટે ખાસ જુદા વર્ગો અને ટૂંકા તેમજ લાંબા અને જુદા કોર્સો પણ રાખવામાં આવ્યા છે. નિયમ પ્રમાણે સ્કૂલમાં ગાળવાના અમુકજ વરસોને બદલે ઘણાજ ટૂંકા વખતમાં આ શિક્ષણ આપવાના દરેક પ્રયત્નો કરવામાં આવે છે. આમ છોકરાઓના ઘણાં વરસોનો બચાવ થાય છે. જે છોકરાઓ મેટ્રીકની પરીક્ષા આપવા નથી ઇચ્છતા તેમને વેપારમાં ઉપયોગી એવા અમુકજ વિષયો શીખવવામાં આવે છે.

છોકરાઓને મુંબઇ સરકારના ડીપ્લોમા-ઇન-કોમર્સ, ઇન્ડીઅન ચેમ્બર ઓફ કોમર્સ અને લંડન ચેમ્બર ઓફ કોમર્સની પરીક્ષાઓ માટે તૈયાર કરવામાં આવે છે. સ્કૂલના શિક્ષકોમાં આર્ટ્સ, સાયન્સ, અને કોમર્સમાં ટ્રેઇન થએલા અનુભવી ગ્રેજ્યુએટો ઉપરાંત ઇંગ્લાંડમા ટ્રેઇન થએલા અને લાંબા સમયના અનુભવીઓ પણ છે.

પૂનાથી ૬૫ માઈલને અંતરે સમુદ્ર સપાટીથી ૪૩૦૦ ફીટની ઉંચાઇએ આવેલા પંચગની નામના રમણિય અને પ્રખ્યાત હવા ખાવાના શિખર ઉપર આ સ્કૂલ આવેલી છે.

સ્કૂલમાં ખાવા તેમજ રહેવાની ઉત્તમ સગવડ છે. બાળકોની દરેક પ્રકારની જરૂરી સગવડો સંપૂર્ણપણે સાચવવામા આવે છે. સ્કૂલની ૧૬૫ એકરની પોતાની જમીન છે જેમાં સ્કૂલની પોતાની ડેરી, પોતાની બેકરી, પોતાનું વૉટર વર્કસ, ટેનીસ કોર્ટ, ક્રિકેટ, હોકી વિગેરે રમતો માટે વિશાળ મેદાનો આવેલા છે. આવી ઉત્તમ સગવડોને લીધે આ સ્કૂલ દરેક બાળકને પોતાના ઘર જેવીજ લાગે છે વરસના કોઇ પણ ભાગમાં અહીંઆ છોકરાઓને દાખલ કરવામાં આવે છે. છ વરસ અને તેથી વધુ ઉમરના છોકરાને દાખલ કરી શકાય છે, પરદેશથી અહીં વિદ્યાભ્યાસ કરવા આવતા સર્વે બાળકોની અમે સંપૂર્ણ જવાબદારી લઇએ છીએ. હાલ તરત અમારી સ્કૂલમાં આફ્રિકાના લગભગ બધાજ ભાગના છોકરાઓ અમારી સંપૂર્ણ જવાબદારી હેઠળ અભ્યાસ કરી રહ્યા છે દરેક વર્ગને પોષાય એવા ફીના દરો રાખવામાં આવ્યા છે. આ ફીમાં ખાવાનો, ભણવાનો અને બીજા ઘણા ખરચનો સમાવેશ થઇ છે.

હિંદુસ્તાનના ઘણાંજ તંદુરસ્તીબક્ષ પહાડ ઉપર આ તાલીમ આપવામાં આવે છે. આથી છોકરાઓની તંદુરસ્તી હંમેશાં ઘણીજ સારી રહે છે. સામાન્ય કેળવણીથી બાળકોની શક્તિ વધારવામા આવે છે વેપારી કેળવણીથી બાળકોને તેમની કોમના ધંધા માટે તૈયાર કરવામાં આવે છે અને ધાર્મિક કેળવણીથી તેમનું ઉમદા ચારિત્ર ઘડી તેમને ઉત્સાહથી પોતાની કોમની સેવા માટે તૈયાર કરવામાં આવે છે. આમ અહીં ભણતા છોકરાઓને સર્વ પ્રકારનું શિક્ષણ અપાય છે. અને તેઓ સમાજ સેવાની ધગશ રાખી પોતાની કોમની સેવા કરે છે.

બધી મુસ્લિમ સ્કૂલોની બીલવણીનો આધાર તેને જેટલી હદે પોતાનીજ કોમ તરફથી ટેકો મળે; તેના ઉપર અવલંબે છે. પોતાનાં બાળકોની કેળવણી માટે દરેક પ્રકારે યોગ્ય શિક્ષણ આપતી, ઘણા જુના સમયથી સ્થાપિત થએલી અને નામનાવાળી સ્કૂલની પસંદગી કરવી એ દરેક માબાપની ફરજ છે.

વધુ માહિતી માટે લખોઃ—

એમ. બી. હુસેન એમ. એ. બી. એસ.સી. (ઓકીનગરો).
બી. એસ.સી. (ઇન છોનોમીકસ
હાયર ડીપ્લોમા ઇન એજ્યુકેશન (ટ્રિનિટી કોલેજઃ ડબ્લીન)
પ્રિન્સિપલઃ મુસ્લિમ હાઇસ્કૂલ, પંચગની. (વાયાઃ પૂના)

હઝરત સલમાન ફારસી (૨૦ અ૦)

(સર્વ હક્ક સ્વાધીન)

લેખક—ઈમામુદ્દીન સદરૂદ્દીન દરગાહવાલા

પ્રાચીન યુગની યુદ્ધ સામગ્રીઓમાં, કિલ્લાઓ તોડી પાડવા માટે મિનજનિક (ગોફણ) એક અસરકારક યંત્ર ગણાતું હતું. એને જંગી ગોફણ કહેવા જોઈએ, જે મોટા માંચડાઓ ઉપર રહેતી હતી. મિનજનિકનો ઉપયોગ ઇસ્લામમાં શરૂઆતથીજ થવા લાગ્યો હતો. જો કે (સામાન્ય) રીતે મિનજનિકનો કેવી રીતે ઉપયોગ કરવો એ અરબો પુરતી રીતે જાણતા ન હતા પરંતુ હઝરત સલમાન ફારસી (૨૦ અ૦) આ વિષયથી સારી રીતે પરિચિત હતા. તાયફ (અરબસ્તાન)ની લડાઈમાં જ્યારે કિલ્લાને ઘેરો નાખવામાં આવ્યો ત્યારે મુસલમાનોએ મિનજનિક પણ ગોઠવી હતી અને તેનો ઉપયોગ જાતે જ કરીને કર્યો હતો. "સીહતે હલબીયા"માં લખ્યું છે કે:—

"મિનજનિક ગોઠવવામાં આવી અને પત્થરો ફેંકવામાં આવ્યા, જેનું સંખ્યાબંધ લોકોએ સમર્થન કર્યું છે અને ઇસ્લામમાં એ પહેલી મિનજનિક છે, જે સલમાન ફારસીની સલાહથી વાપરવામાં આવી" (૩૩)

આમ હઝરત સલમાન ફારસી (૨૦ અ૦) મુસલમાનોને બહુ મદદગાર સાબિત થયા હતા અને યુધ્ધ અંગેની એમની સેવાઓ બારે કામની થઈ પડતી હતી એમાં કશો શક નથી. હિજરી સન ૧૪ (ઈ. સ. ૬૩૫)માં યુરોપનો બનાવ બન્યો. ઈરાનીઓ જોડેની સંધી કરવાની મંત્રણાઓ પડી ભાંગી અને કાદિસિયાનું ભયંકર યુદ્ધ થયું. આ યુધ્ધના પરિણામે ઈરાનનું મહાન સામ્રાજ્ય છિન્નભિન્ન થઇ ગયું. એ આખી બનાવની લંબાણ વિગતો અલ્લામા શિબ્લી નુઅમાનીએ પોતાના મશહૂર પુસ્તક "અલફારૂક"માં રજૂ કરેલી છે. એ પ્રસંગે બીજા બધીજ હઝરત ઉમર ફારૂક (૨૦ અ૦) એ ઈરાની ઈરાક ખાતે જે ઇસ્લામી સેના મોકલી હતી, તેમાં હઝરત સલમાન ફારસી (૨૦ અ૦) પણ હતા, અને એમના હસ્તક લશ્કરની ખાદ્યખોરાકી અને રીબુ-સમાન વિગેરેની વ્યવસ્થાનું કામ હતું એમ પ્રખ્યાત ઇતિહાસકાસકાર અબૂ જઅફર મુહમ્મદ બ્બને જરીર અલ તબરી જણાવે છે. (૩૪)

મંદાયનના ગવર્નર

અરબી ઇતિહાસોથી જ્ઞાત થાય છે, કે હઝરત સલમાન ફારસી (૨૦ અ૦) રાજકાજમાં પણ દક્ષ હતા, અને મુલ્કી અમલદાર તરીકે પણ એમણે કુશળતાપૂર્વક ફરજો બજાવી હતી.

(૩૩) "ફાર્બસ ત્રૈમાસિક" વર્ષ ૧ અંક ૨, જુલાઇ,—સપ્ટેમ્બર ૧૯૩૬ જુઓ જનાબ મૌલવી અબ્દુલકરીમ નટવા સાહેબનો લેખ "હિન્દુસ્તાનમાં તોપ" (૩૪) અલફારૂક, પૃષ્ઠ ૫૭

બીજા ખલીફા હઝરત ઉમર ફારૂક (૨૦ અ૦)ના સમયમાં, એઓની કુફા નગરના કાઝી તરીકે પણ નીમણૂંક કરવામાં આવી હતી, "કૃતહુલ કદીર" ઉપરથી જણાય છે, કે હઝરત ઉમર ફારૂક (૨૦ અ૦)એ આખા દેશના દરેક જીલ્લાઓમાં કોયદાઓ અદાલતોની સ્થાપના કરી હતી, અને ખલકમએ કઝા (અર્થાત ન્યાય-ખાતા)ના સિદ્ધાન્તો અને કાયદા-કાનૂનો ઘડી, સંતોષકારક વેતનોથી કાઝીઓ (ન્યાયાધીશો) નિયુક્ત કર્યા હતા હઝરત સલમાન ફારસી (૨૦ અ૦) પણ એવા જ ન્યાયાધીશો પૈકીના એક હતા અને તેમનું માસિક વેતન પંચસો દિરહમ હતું. (૩૫)

મુલ્કી અને ફૌજી કાબેલિયત અને હદીસ, ફિકહ અને શરઈ બાબતોમાં પારંગત અને બુધ્ધિ-કૌશલ્યની દૃષ્ટિએ પણ ઉત્તમોત્તમ એવા પુરૂષોમાં તે તેમના હઝરત સલમાન ફારસી (૨૦ અ૦)ની ગણના થતી હતી, અને એજ બહુમૂલ્ય લાયકાત અને ઉચ્ચ ગુણોના કારણે એઓને પાછળથી મદાયનના અમીન (અર્થાત કમિશ્નરનો) જવાબદારી ભર્યો ઓધ્ધો આપવામાં આવ્યો હતો. એમની એ સેવાના વેતન તરીકે બયતુલમાલમાંથી દર માસે ચાર હઝાર દિરહમ આપવામાં આવતા હતા. (૩૬) એમણે એમના એ ઓધ્ધાની ફરજો કુશળતાપૂર્વક બજાવી હતી.

[૬]

વ્યક્તિત્વ

હઝરત સલમાન ફારસી (૨૦ અ૦)નું વ્યક્તિત્વ અનેક કારણે અન્ય સહાબાઓ કિરામની સ્પર્ધામાં અતોકું પડી, આગળ તરી આવે છે, એઓ પોતાના નેક કૃત્યો અને પ્રશંસનીય ગુણોના સબબે જનતામાં બહુ જ લોકપ્રિય થઈ ગયા હતા, અને દરેક શખ્સ એમના ઉપર દિલોજાનથી ફિદા હતો. એમને કેટલીક એવી વિશેષતાઓ, પ્રશંસાઓ, દરજ્જાઓ અને પદવીઓ હાસિલ હતી, કે જેનાથી ઘણા અસહાબો વંચિત રહ્યા હતા.

આકાએ નામદાર રસૂલુલ્લાહ (સ૦ અ૦ વ૦)એ ફરમાવ્યું છે, કે જન્નત (સ્વર્ગ) ત્રણ શખ્સોની મુશ્તાક (ઇચ્છક) છેઃ-(૧) અલી (અ૦ સ૦), (૨) અમ્માર (૨૦ અ૦) અને (૩) સલમાન (૨૦ અ૦) (જુઓ તિરમીઝી અને હાકમ). (૩૭)

ખંદકના યુધ્ધ પ્રસંગે અન્સાર અને મુહાજેરીનની હુજ્જત દૂર કરવા માટે આ હઝરત (સ૦ અ૦ વ૦)એ ફરમાવ્યું હતું, કે "સલમાન એહલેબૈતમાંથી છે." આ વચનના કારણે હઝરત સલમાન ફારસી (૨૦ અ૦)નું વ્યક્તિત્વ બધા સહાબીઓના હૃદય ઉપર અદ્‌ભૂત રીતે કોતરાઈ ગયું હતું. (૩૮)

---

(૩૫) "ખુલ્કાએ રાશેદીન" પૃષ્ઠ ૬૯

(૩૬) "કામુસુલ મશાહીર" ભાગ ૧લો, પૃષ્ઠ ૩૦૧, "મુઝાહેરએહકક" ભાગ ૪થો. અને "ઉરવએ સહાબા" ભાગ ૧લોઃ આમા પાંચ હઝાર દીનાર વેતન હોવાનું લખ્યું છે

(૩૭) "સફીનતુલ બેયરાત શી ઝિક્રે મનાકિબુસ્સાદાત" પૃષ્ઠ ૬૦

(૩૮) "કામુસુલ મશાહીર" ભાગ ૧લો, પૃષ્ઠ ૩૦૧

અનસ બિન માલિક (૨૦ અ૦)થી રિવાયત છે કે "ફરમાવ્યું રસૂલલ્લાહે (સ૦ અ૦ વ૦) કે ખુદાના માર્ગમાં આગળ વધનારા પુરુષો ચાર છે: (૧) અરબસ્તાનમાં હું પોતે, (૨) રૂમમાં સુહૈબ (૨૦ અ૦), (૩) ફારસ (ઇરાન)માં સલમાને (૨૦ અ૦) અને (૪) હબ્શ (એબિસિનીયા)માં બિલાલ (૨૦ અ૦)." (૩૯)

બરીદા (૨૦ અ૦)થી રિવાયત છે, કે ફરમાવ્યું રસૂલલ્લાહે (સ૦ અ૦ વ૦) કે "મને ચાર માણસોથી મહબ્બત રાખવાનો હુકમ આપવામા આવ્યો છે, અને એવી પણ ખબર આપવામાં આવી છે કે ખુદા પણ તેમનાથી મહબ્બત રાખે છે." લોકોએ વિનંતિ કરી કે "યા રસૂલલ્લાહ! તે ચારે કયા માણસો છે?" પયગમ્બર (સ૦ અ૦ વ૦) એ ફરમાવ્યું છે કે "તેમાંથી એક અલી (અ૦ સ૦) છે," (ત્રણ વખત અલી છે, અલી છે એમ ફરમાવ્યું પછી કહ્યું "(૨) અબૂઝર (૨૦ અ૦)." (૩) મુકદાદ ૨૦ અ૦) અને (૪) સલમાન ફારસી (૨૦ અ૦) (જુઓ નિગ્મીઝી)' (૪૦)

હઝરત આયશા સિદ્દિકા (૨૦ અ૦) ઇર્શાદ ફરમાવે છે કે "સલમાન ફારસી (૨૦ અ૦) ને રસૂલે ખુદા (સ૦ અ૦ વ૦)થી એવી નજદીકી હાસિલ હતી, કે અમો લોકો ઉપર કદાચ તેઓ ફાલિજ આવી જશે, એવી શંકા થતી હતી." (૪૧)

એક દિવસે ઇમામ બાકિર (૨૦ અ૦)ની હજરમાં લોકોએ હઝરત સલમાન (૨૦ અ૦)ને 'ફારસી' (ઇરાની) કહ્યા. આ સાંભળી ઇમામ બાકિર (૨૦ અ૦)એ તુરત ફરમાવ્યું કે "સલમાન (૨૦ અ૦) મુહમ્મદી છે અને સલમાન (૨૦ અ૦) અમો એહલેબૈતમાંથી છે." વાત વાતમાં એક શખ્સે જનાબ ઇમામ જઅફરે સાદિક (૨૦ અ૦)થી કહ્યું કે આપ લોકોથી હઝરત સલમાન ફારસી (૨૦ અ૦)નું વર્ણન ઘણું સાંભળ્યું છું ઇમામ જઅફરે સાદિક (૨૦ અ૦) એ કહ્યું કે "એ શખ્સ! સલમાન ફારસી કહેવામા સલમાન મુહમ્મદી કહ્યા કર. તું જાણતો નથી, કે સલમાન (૨૦ અ૦)ને અમો લોકો શા કારણે આટલા બધા જની મિત્ર રાખીએ છીએ. સાંભળ સલમાનમાં ત્રણ ટેવો હતી: (૧) પોતાની ઇચ્છાને અમીરૂલ મુઅમિનીનની ઇચ્છા પર કદિ વિજોના આપતા ન હતા. (૨) ફકીરોને મિત્ર રાખતા હતો એટલું જ નહી ફકીરોને માલદારો ઉપર વિજોના આપતા હતા અને (૩) વિદ્યા અને વિદ્વાનને દોસ્ત

(૩૯) 'તારીખુલ ઔલિયા" ભાગ ૧લો, પૃષ્ઠ ૨૨૦

(૪૦) 'અસીનતુલ ઝૈરાત ફી ઝિકે મનાકિબુસ્સાદાત" પૃષ્ઠ ૮૫

(૪૧) "કરિરમન્ને વહદત પૃષ્ઠ ૮૩

રાખતા હતા સનમાન ખાવી કર્યું કે ખુદાના એક સર્વોત્તમ બંદા હતા, હક્ક (સત્ય)ની તરફેણ હતા, સનમાન એક સાચા મુસ્લિમ (ધર્મિષ્ઠ) અને મુસ્લિમ હતા" (૪૨)

અબ્દુલ્લાહ કયામુદ્દીને સૈયદના હઝરત અલી (અ૦ સ૦)થી પૂછ્યું કે 'સનમાન ફારસી (૨૦ અ૦)ના સબંધમાં શહેનશાહે દોજહ (સ૦ અ૦ વ૦)નો શું ખિતાબ છે?' હઝરત અલી (અ૦ સ૦) એ ફરમાવ્યું, કે "શું સરસ? સનમાન અમો એહલેબૈતમાંથી છે એવો માણસ કયાંથી મેળવી શકો છો, જે લુકમાન હકીમની મિસાલ હોય અને જેને અવ્વલ અને આખિરની વિદ્યા પ્રાપ્ત હોય" (૪૩)

'હઝરતે ઇમામ બાકિર (૨૦ અ૦)થી મનકૂલ છે, કે બનાબિર અન્સારી (૨૦ અ૦)એ રિવાયત કરી છે, કે 'મેં આકાએ નામદાર હઝરત રસૂલ ખુદા (સ૦ અ૦ વ૦)ને હઝરત સનમાન (૨૦ અ૦)ના સબંધમાં પ્રશ્ન કર્યો તો આ હઝરતે (સ૦ અ૦ વ૦) ઇર્શાદ ફરમાવ્યું, કે "સનમાન ઇલ્મ (વિદ્યા)નો દરિયા છે કોઇ એના ઇલ્મની સીમાને પહોંચી શકતો નથી આદિ અને અંતની વિદ્યાઓ સનમાનથી સંકળાયેલી છે ખુદા તે શખ્સને દુશ્મન રાખે છે, જે સનમાનથી દુશ્મનથી રાખે છે, અને ખુદા તેને મિત્ર રાખે છે, જે સનમાનને મિત્ર રાખે છે" (૪૪)

શિયાઓની દૃષ્ટિએ હઝરત સનમાન ફારસી (૨૦ અ૦)નું વ્યક્તિત્વ મહાન છે અને તેથીજ શિયા રિવાયતોમાં એક એવી પણ રિવાયત છે, કે હઝરત ફાતેમહ ઝોહરા (અ૦ સ૦)એ પોતાના જનાઝા પર નમાઝ પઢવાની જે લોકોને આજ્ઞા આપી હતી તેઓમાં હઝરત સનમાન ફારસી (૨૦ અ૦) પણ હતા (૪૫)

ઇમામ જઅફરે સાદિક એ ઇર્શાદ ફરમાવ્યું કે ઇમાનના દશ દરજ્જા છે હઝરત સનમાન દશમા દરજ્જામાં છે અબૂઝર નવમા દરજ્જામાં છે અને મીકદાદ આઠમા દરજ્જામાં છે એટલે કે એ બધા ઉપર હઝરત સનમાનને વિશેષતા પ્રાપ્ત છે" (૪૬)

[૭]

આચાર વિચાર અને રહેણી કરણી

હઝરત સનમાન ફારસી (૨૦ અ૦)ની બુઝુર્ગી અને વ્યક્તિત્વ આપ જોઇ ચૂક્યા અને એમની ગૌરવતા અને પ્રતિષ્ઠાનો તાગ કાઢી લીધો હવે એમની ખાકસારી, દુવેંશી અને ઇશ્વર-

(૪૨) 'કરિશ્મએ વહદત' પૃષ્ઠ ૮૪
(૪૩) એજન પૃષ્ઠ ૮૫-૮૬
(૪૪) એજન પૃષ્ઠ ૮૬
(૪૫) 'રિયાજુલ ઇમાન ફી સીરતે સૈયદના સલમાન' પૃષ્ઠ ૨૦
(૪૬) 'કરિશ્મએ વહદત" પૃષ્ઠ ૮૭

પ્રિયતાની પણ દાખલા બનશે. ચારિત્ર્ય-દર્શનનો સિદ્ધાન્ત એ છે, કે જે વ્યક્તિત્વનું ચારિત્ર રચ્યું થયું હોય તેમાં તેની વાણી ઉપરથી, તેના આચાર-વિચાર ઉપરથી અને તેની રહેણી-કરણી ઉપરથી તેનું મૂલ્ય, તેનો પ્રભાવ, તેનો દરજ્જો અને સૌથી વધુ તેનું બહુમૂલ્ય, ચારિત્ર્ય આંકી શકાય છે. હઝરત સલમાન ફારસી (રઃ અઃ) એક કામિલ દુર્વેશ હતા, એટલું જ નહીં એક પ્રભાવશાળી પરંતુ સાદી પ્રકૃતિની નમ્ર વ્યક્તિ હતા એ નીચેની વિગતોથી ફલિત થઈ શકશે.

હઝરત સલમાન ફારસી (રઃ અ) મદાયનના આમિલ (કમિશ્નર) હતા. ચાર હજાર દિરહમનું વેતન મેળવતા હતા પરંતુ એમનું જીવન-ધોરણ બહુ જ સાદું હતું: કોઈ એમને ઓળખી પણ શકતો ન હતો, કે એ શખ્સીયત, મયદાન (Ctesiphon) ની હાકિમ છે. એક વાર કોઈ માણસે ઘાસ ખરીદી અને હઝરત સલમાન ફારસી (રઃ અઃ)ને બેગારી તરીકે પકડી લઈ ગયો. એટલું જ નહીં તેણે માથા પર ઘાસની ગાંસડી પણ લાદી દીધી એઓએ તે ઊંચકી લીધી અને ચાલ્યા તો બજારમાં લોકોએ કહ્યું કે "એઓ અમીર છે, સાહેબે રસૂલ છે." પેલા માણસે કહ્યું: "ક્ષમા કરજો, મેં આપને ઓળખ્યા નહીં. બોજો મૂકી દો." હઝરત સલમાને ફારસી (રઃ અઃ) એ જવાબ આપ્યો "ના, હવે તો તમારા ઘેર પહોંચાડીને ઉતારીશ." (૪૭)

એવીજ રીતે એક શખ્સ સિરિયાથી ખજૂરની ગાંસડી લઈને આવી રહ્યો હતો. એમણે એ વેળા પોતાનાં શરીર ઉપર એક નાની ફીકી ભાતવાળી ચાદર વિંટાળેલી હતી અને પેલા શખ્સને ખબર ન હતી, કે એઓજ મદાયનના હાકિમ છે. એ કારણે પેલા શખ્સે હઝરત સલમાન ફારસી (રઃ અઃ)ને સાદ દીધો અને બોલાવી કહ્યું કે "આ ભાર ઉપાડી લો અને મારી પાછળ પાછળ આવો. આપે કશીય આનાકાની વિના એ ભારે ગાંસડી પોતાના માથા પર ઉપાડી લીધી, અને તેની પાછળ ચાલવા લાગ્યા. માર્ગમાં લોકોએ આપને આ સ્થિતિમાં જોયા તો પેલા શખ્સને કહ્યું "તું જાણતો નથી ? આ તો અહીંના આમિલ છે." તેણે ભયભિત બની જવાબમાં કહ્યું "મને કશી ખબર ?" પછી ઘણી અદબપૂર્વક માફી માગી. હઝરત સલમાન ફારસી (રઃ અઃ)એ કહ્યું "હવે તો એને જ્યાં સુધી તમારા મુકામ સુધી પહોંચાડી ન દઉં ત્યાં સુધી માથા પરથી હરગિઝ નહીં ઉતારું." (૪૮)

એઓ હંમેશા સાદી જીંદગી ગુજારતા, સાદો ખોરાક ખાતા અને સામાન્ય જેવાં કપડાં પહેરતા હતા એટલું જ નહીં, એઓ ભારે રહમ-દિલ, મુલાયમ-પસંદ, સંતોષી અને હાલિમ-દિલ, પણ હતા. એમને દર માસે ચાર હજાર દિરહમનો પગાર મળતો હતો. એ રકમ એમને મળતાં જ એઓ ખૈરાત (દાન) કરી દેતા હતા, અને પોતે ચટાઈ વણીને પોતાની આજીવિકા

૪૭ "ઉસ્વએ સહાબા" ભાગ ૧લો
૪૮ "કરિશ્મએ વહદત" પૃષ્ઠ ૬૨

પેદા કરતા હતા (૪૯) એક વાર એક શખ્સ હઝરત સલમાન ફારસી (ર૦ અ૦)ને ત્યાં આવ્યો તો જોયું કે આપ બેસીને આટો ગુંદી રહ્યા છે. તેણે કહ્યું કે "ગુલામ કયાં છે?" બોલ્યા "મેં તેને એક કામપર મોકલ્યો છે એ કારણે મેં પસંદ નથી કર્યું કે તેનાથી બબ્બે કામ લઉં."(૫૦)

આપ જ્યારે ગુલામીમાં હતા ત્યારે કોઈની આગળ સવાલનો હાથ લંબાવતા ન હતા અને ઝકાત તથા ખૈરાતના માલથી હંમેશા આઘા રહેતા હતા. એટલું જ, નહીં, દુન્યવી મામુલીથી મામુલી વસ્તુને પણ પોતાના માટે વધારેપડતુ સમજતા હતા. (૫૧)

હઝરત સલમાન ફારસી (ર૦ અ૦) સારામાં સારું વેતન મળતું હોવાના કારણે પોતાના રહેવા માટે સુન્દર મકાન બનાવી શકતા હતા; પરંતુ એટલા દુર્વેશાના ખસલત, સરળ-તબીઅત અને સંતોષી પ્રકૃતિના હતા કે મદાયનની ગવર્નરી (ગવર્નરી) દરમિયાન પણ પોતે મકાન બનાવ્યું ન હતું, બલ્કે ભિતો અને વૃક્ષોના ઓછાયામા સુઇ રહી, આમિરની ફરજો બજાવતા હતા. એક વાર એક શખ્સે મકાન બનાવવા માટે આપને આગ્રહ કર્યો તો પ્રથમ તો એવો ખુશી ન થયા અને ખુશી થયા તો એવું સંકીર્ણ અને નીચું મકાન બનાવવાની શરત કરી, કે જ્યારે ઉભા થાય તો તેની છત એમના માથાને અડે અને પગો લંબાવે તો તેની આંગણીઓ ભિતોને લાગે (૫૨) અને એજ પ્રકારની એક કુટિર તૈયાર કરવામાં આવી, જેમા આપ આરામ ફરમાવતા હતા

ઘર-વખરીમાં ફકત એક ચોટો અને ગોક પ્યાલો હતો પરંતુ તેને પણ ગોઓ ભક્તિ અને પરહેજગારીથી બિનજરૂર સમજતા હતા. પ્રાનરત્ય અવસ્થામાં જ્યારે આ ચીજોને જોતા હતા તો રડવા લાગતા હતા અને કહેતા હતા કે "રસૂલુલ્લાહે (સ૦ અ૦ વ૦) અમે બધાને વસીયત ફરમાવી હતી કે દુન્યાથી ફકત તેટલું જ લેજો, જેટલું એક પ્રવાસી પોતાની વાટ-ખર્ચીના માટે લે છે છતા અમારી પાસે આ વસ્તુઓ છે." (૫૩)

આપની પાસે કેવળ એકજ ચાદર હતી, જેનો અર્ધો ભાગ પાથરતા હતા અને અર્ધો ભાગ ઓઢતા હતા એ તો હતી આપની દુર્વેશીની શાન અને ખાકસારી. અને જાહોશીની

---

૪૯ "ઉરૂવએ સેહાબા" ભાગ ૧લો

૫૦ એજન

૫૧ "કરિશ્મએ વહદત" પૃષ્ઠ ૯૭-૯૮

૫૨ "ઉરૂવએ સહાબા" ભાગ ૧ લો

૫૩ એજન



એ સ્થિતિ હતી, કે મોટા અમલદાર હોવા છતા હાંકણ સુદ્ધા પોતે વીણી લાવતા હતા અને પોતાનુ કામ બહુધા પોતેજ કરી લેતા હતા (૫૪)

વર્ષભર ચાને ઓટલુ અનાજ એકજ વાર ખરીદી લેવાનો એમણે નિયમ રાખ્યો હતો એનુ કારણ એટલુજ હતુ કે ખુદાના માર્ગમા પોતાનુ વેતન ખર્ચ કરતા કોઇ પ્રકારનો અચકાટ ન અનુભવાય કેટલાક લોકોએ આ સબંધમા આપને પ્રશ્ન કર્યો કે 'આપ એટલા બધા સંતોષી હોવા છતા આમ કયા કારણે વર્ષભરનુ અનાજ ખરીદી ભરી લો છો ?' સંભવિત છે કે આજે અગર મને મરી જાવ તો આખા સાલનું અનાજ વ્યર્થ જશે ' શંકાશિલોને હઝરત સલમાન ફારસી (ર૦ અ૦) એ ઉત્તર આપ્યો કે "જેવી રીતે મરવાનું ગુમાન કરી શકાય છે તેવીજ રીતે જીવવાનું પણ ગુમાન કેમ કરી શકે છે" (૫૫)

હઝરત રસૂને મકબૂલ (સ૦ અ૦ વ૦) પ્રત્યે એમને ભારે અકીદત (શ્રધ્ધા) હતી, અને તેઓ સાચા પ્રેમી હતા૦ એઓ જ્યારે રસૂલ નાદ (સ૦ અ૦ વ૦)ના દીદાર કરતા ત્યારેજ સંતોષ પામતા હતા અને રસૂલ (સ૦ અ૦ વ૦)ને પ્રથમ હઝરત સૈલમાન ફારસી (ર૦ અ૦) પ્રત્યે અનહદ મહબ્બત હતી એવીજ રીતે બીજા સહાબી માફક હઝરત અલી (અ૦ સ૦) પણ હઝરત સલમાન ફારસી (ર૦ અ૦) માટે, મહબ્બત ધરાવતા હતા રસૂલે મકબૂલ (સ૦ અ૦ વ૦)ની વફાત પછી સલમાન ફારસી (ર૦ અ૦) હઝરત અલી (અ૦ સ૦)ની સેવામા રહેતા હતા જ્યારે જુઓ ત્યારે હઝરત સૈલમાન ફારસી (ર૦ અ૦) સૈયદના હઝરત અલી (અ૦ સ૦)ના બારપર મોજૂદ દેખાતા હતા (૫૬) એનુ કારણ એ હતુ કે હઝરત અલી (અ૦ સ૦) વિદ્યાના દ્વાર હતા, અને આત્મ-સિદ્ધિ ઓ આત્મોન્નતિનો ગુપ્ત મર્મ જાણવા-શીખવા માટે હઝરત અલી (અ૦ સ૦)થી વિશેષ સિદ્ધ પુરૂષ તે વેળા કોઇ ન હતી

હઝરત સલમાન ફારસી (ર૦ અ૦)ને દુનિયાની જરૂરીયાતોની મુદ્લ દિલચસ્પી ન હતી આપના કીમતી સમયનો મોટો ભાગ પ્રાર્થના ઝિક્ર અને અઝકાર માટે નક્કી હતો એ કારણે મુલ્કી અને બાહ્યિક કામોને એઓ વેગળા પતાવી દેતા હતા અને નવરા પડે બાકીનો સમય દીની કામોમા વ્યતિત કરતા હતા. એઓ ઝાહેદ્ત દુર્વેશ કિંવા સૂફી હતા પરંતુ રબ્બાનિયત (સાધુ-સંતો જેવી લાગણી દુર્ભાવના)ના સંપૂર્ણ વિરોધી હતા (૫૭) અને પરિપૂત જિંદગી ગાળતા હતા.

૫૪ 'ઝિક્રમય વહેત' પૃષ્ઠ ૬૧

૫૫ 'ઝિક્રમય વહેત' પૃષ્ઠ ૮૯-૯૦

૫૬ 'નારમુસ્તીન' પૃષ્ઠ ૩૨-૩૩

૫૭ 'ઝિક્રમય વહેત" પૃષ્ઠ ૬

હમેશા કસરતથી પઢનાર દુશ્મનો પર ગાલિબ રહેશે (૪) દરેક હાજત પૂર્ણ થવા એને દરરોજ ૫૫૮ વખત પઢવું. ઈ. અ. બહુ જલ્દી હાજત પૂરી થશે.

"યા હુય્યો" (સંખ્યા ૧૮) "એ હમેશા ઝિંદહ અને કાયમ રહેવાવાળા" (૧) બીમાર માણસ એને કસરતથી બચવા દરરોજ ૧૦૦૦ વખત પઢતો રહેશે તો ઇ. અ. બહુ જલ્દી સારો થઇ જશે (૨) બીજા કોઇ બીમાર ઉપર એને ૧૦૦૦ વખત બચવા કસરતથી પઢી દમ કરશે ઇ. અ. તે જલ્દી સારો થઈ તેની ઉમરમાં વધારો થશે અને તેની રહાની તાકાતમાં પણ વધારો થશે. (૩) ગમે તેવી સખત હાજત પૂરી થવા પઢનારે પોતાના નામના અદદ કાઢી અગર બીજા માટે હોય તો પોતાના અને જેને માટે હોય તેના નામના અદદ કાઢી એ બંનેના જેટલા અદદ થાય તેટલી વખત 'યાહુય્યો યાકય્યૂમો, યા અહ્યાહો, યા રહ્મનો યા રહીમો." નક્કી કરેલી જગ્યાએ અને વખતે હાજત પૂરી થાય ત્યાં સુધી પઢવું. પહેલાં અને પછી રહ્યા પછી ૧૧-૧૧ વખત દરૂદ શરીફ જરૂર પઢવુ અને પઢતી વખતે જે હાજત હોય તેનો તસવ્વુર રાખવો. (૪) દુન્યવી કોઇ હાજત પૂરી થવા અગર મુશ્કિલ આસાન થવા બુધ, ગુરૂ, શુક્રવારે રોઝા રાખી (જો નહીં રાખી શકે તો વગર રોઝાએ) એ ત્રણે દિવસમાં **યા હુય્યો યા કય્યુમો, યા અહ્યાહો, યા રહ્મનો, યા રહીમો, બેહક્કે ઇય્યાક નાઅબોદો વ ઇય્યાક નસ્તઈન** " કમતીમાં કમતી ૧૦૦૦ વખત પઢવું. જેમ વધારે પઢવામાં આવશે તેમ ઇ. અ. જલ્દી કામ પૂરૂં થશે. પઢવા પહેલાં અને પછી ૧૧-૧૧ વખત દરૂદ શરીફ પઢવું જોઇએ. જો એ ત્રણ દિવસમાં કામ ન થાય તો એજ રીતે બીજે અઠવાડિએ પાછું પઢવું એ મુજબ ત્રણ ચાર અઠવાડિયા કરવું એ અરસામાં જો કામ ન થાય તો તેનો ખિયાલ છોડી દેવો. ખુદાપાક બીજી કોઇ રીતે એનો બદલો જરૂર આપશે. (૫) એને એટલે "યા હુય્યો"ને હંમેશા કસરતથી પઢનારની યાદશક્તિમાં બેહદ વધારો થશે. (૬) કોઇ વાત ભૂલી ગયા હોય ને યાદ ન આવતી હોય તો એને ૧૧ વખત પઢવાથી - ઇ. અ. યાદ આવી જશે. (૭) એને હંમેશા કસરતથી પઢનારની બધા ઈજ્જત કરશે. (૮) એને હંમેશા કસરતથી પઢનારને ઇ. અ. બહુ ખાવા પીવા અને સુવાની હાજત રહેશે નહીં ખુદાપાકના ખાસ ફરિશ્તાઓ એનો તરબીહ પઢે છે જેથી તેઓને એની બરકતથી ખાવા પીવા અને સુવાની હાજત રહેતી નથી.

"યા કય્યૂમો" (અદદ ૧૫૬) "એ કાયમ રહેવાવાળા. એ કાયમ રાખવાવાળા" (૧) જેને રાત્રે ઉંઘ ન આવતી હોય તે સુતી વખતે એને પઢતાં રહેવાથી ઇ અ. બહુ જલ્દી ઉંઘ આવી જશે. (૨)સહરના વખતે એને હંમેશા મોટા અવાઝથી પઢનારને બધા દોસ્ત રાખશે અને તેની ઇજ્જત કરશે. (૩) એને હંમેશા કસરતથી પઢનારની દરેકેદરેક દિલી મુરાદ ખુદાપાક પૂરી કરશે અને તેને કોઇનો પણ મોહતાજ કરશે નહીં (૪) "યા હુય્યો યાકય્યૂમો યા લાઇલાહા ઇલ્લાઅંતા ઇન્ની અસ્અલોકા અતોહુયે યા કય્યૂમી બેતુરે માઅરેફતેકા અમ્મદન" દરરોજ ૪૧ વખત એને પછી સીના ઉપર દમ કરવાથી

મુર્દા દિલ જિંદા થઇ જશે અને નૂરે ઇલાહીથી ભરપૂર થઇ જશે (૫) "યા હુયો યા કયુમો" બનતાં સુધી ઓ બનેને એકી સાથે હમેશા પઢવું અફઝલ છે અને બુઝુર્ગોને દીનનો પણ એજ તરીકો છે એને ઘણા બુઝુર્ગો ઇસ્મે આઝમ કહી ગયા છે

(૬) એને હમેશા ૧૭૪ વખત પઢનાર મજકુર "યા હુયો અને કયૂમો"ના બએત બધા ફાયદાઓ ઉપર ૧ અનેક ફાયદાઓ મેળવશે (૭) દીન દુન્યાના દરેક દરેક જાયઝકામ માટે કામ પૂરૂ થાય ત્યાં સુધી દરોજ ઇશાની નમાઝ પછી બે રકાત નફીલ પઢી તેનો સવાબ હુઝૂર સ અ વ. સ અને હઝરત યૂનુસ અ. સ ને બખ્શી દઇ ૧૧ વખત દરૂદ શરીફ પઢી "યા હુયો યા કયૂમો બેહકકે લાઇલ્લા હા ઇલ્લા અંતા સુબ્હાનકા ઇન્ની કુન્તો મિનઝઝાલેમીન" ૭૦ વખત પઢવું અને મિનઝઝાલેમીન" પઢતી વખત જે કામ માટે હોય તેનો તસવ્વુર રાખવો અને પછી રહ્યા પછી ૧૧ વખત પાછું દરૂદ શરીફ પઢવું ૪ અ. બહુ જલ્દી કામ થઇ જશે. કામ પૂરૂં થએ તાકત મુજબ ગરીબોને ખવડાવવું (૮) કોઇ કામ કરવું કે ન કરવું, અથવા કોઇ બાબત બજબુરી હોય એટલે દસ્તેખારા કરવો હોય તો નંબર ૭માં લખ્યા મુજબ કરવું ૪. અ પઢતાં પઢતાં તે બાબત ઇશારો થઇ જશે અથવા ખ્વાબમાં માલમ પડી જશે. (૯) "અલિફ્ લામ મીમ અલ્લાહુ લાઇલાહા ઇલ્લા હોવલ હય્યુલ કયૂમ" એને કમસેકમ પઢનારની દરેક હાજત અને ઉમ્મેદ બુઝપાક પૂરી કરે છે એમાં પણ છઠ્ઠમે આઝંમ છે એમ ઘણા બુઝુર્ગો કહી ગયા છે અને જેમાં ઇસ્મે આઝમ હોય તે પઢનાર કોઇનો મોહતાજ થતો નથી એ જગજાહેર વાત છે. જેને કે ખુલાપાકના બધાજ નામો ઇસ્મે આઝમ છે. જ્યાં બાસિયત જોતાં અમુક અમુકમા તાસીર વધુ ઓછી હોય છે.

(૯) "બિસ્મિલ્લાહ હિરંહમા નિરંહીમ, અલ્લાહો લાઇલાહા ઇલ્લા હોવલ હય્યુલ કયૂમ યાકયૂમ, બેહકકે લાઇલાહા ઇલ્લા અંતા સુબ્હાનકા ઇન્ની કુન્તો મિનઝઝાલેમી, વ બેહકકે કાફ હા યા એન સુવાદ વ બેહકકે હામ્મીમ એન સીન કાફ વ બેહકકે હુરૂફે મોકત્તેઆત વ બેહકકે હોવલ્લાહુલ અહદુસ્સમદુલ્લઝી લમ યલિદ વ લમ યૂલદ લમ યકુંલ્લાહુ કોફોવન અહદ" શરીઅત મુજબ દરેક દરેક હલાલ કામ પૂર્ણ થયા, ગમે તેવી મુશ્કિલ આસાન થયા અકસીર સિદ્ધ છે. પઢવાની રીત નંબર ૭ મુજબ નફીલ વગેર પઢી દુઆ શરૂ કરવી અને "યા હુયો યા કયૂમ"ને ત્રણ વખત પઢવું અને જે કામ માટે હોય તેની ખુલાપાકથી માગણી કરી બકરીની દુઆ પૂરી પઢી ઓ મુજબ પઢનારના નામના અદદ મુજબ પઢવું ૪ અ ધારેલું કામ બહુ જલ્દી પૂરૂં થશે. કામ પુરૂં થાય ત્યા સુધી જો તાકત હોય તો દરરોજ એક બે ગરીબોને ખવડાવું. અને છેવટે પણ બને તેટલા ગરીબોને ખવડાવું જો તાકત ન હોય તો ખવડાવવાની બાસ જરૂર નથી. [૧૧] સબબમાં સબબ મુશ્કિલ આસાન થયા, દીન દુન્યની હાજત પુરી થવા માટે બુધ, ગુરૂ અને શુક્રવાર એમ ત્રણ દીવસ રોઝા

રાખે અને જુમ્આને દહાડે નહાઇ ધોઇ પાક સાફ કપડાં પહેરી મસ્જિદે જાય અને જતાં જતાં તાકત મુજબ કંઈ સદકો પણ આપે અને નમાઝથી પરવારી બે રકાત નફીલ પઢી તેનો સવાબ હુજૂર વ૰ સ૰ ને બખ્શીદે ૧૧ વખત દરૂદ શરીફ પઢી ત્રણ વખતઃ—

"અલ્લાહુમ્મા ઇન્ની અસ્અલોકા બેઇઝ્ઝતેકા બિસ્મિલ્લાહ હિર્રહમા નિર્રહીમિલ્લઝી લાઇલાહા ઇલ્લાહોવલ હય્યુલ કય્યૂમ, લાતાખોઝોહૂ સેનતૂંવ વલાનૌમલ્લઝી મલાઅત અઝમતોહુસ્સમાવાતે વલ અર્દિલ્લઝી અંતા લહૂલ વોલ્યૂહો વ ખશઅતિલ્લ હુલ અસ્વાતો વ વજલનિલ કોલૂબો મિન ખશ્યતેહી અંતોસલ્લી અલા મોહમ્મદીન સલ્લલ્લાહો અલયહે વ સલ્લિમ વ અંતાઅતીની હાજતી વહેયા કઝા વકઝા ફકઝાહૂ યસ્તજાબો લહૂ ઇન્શાઅલ્લાહો તઆલા વ કાલા કાના યકૂલો લાતાઅલમૂ સોફ્હાઅકુમ લાયદઝી અલા માઇન સુમ્મા ઔ કતીઅતે રહમીન."

આ દુઆ પઢી અને દુઆમાં જ્યાં 'હાજતી' છે તે પઢી જે કામ માટે હોય તે ખુદાપાકથી માંગવું અને દુઆ પૂરી પઢી લઈ ૧૧ વખત પાછું દરૂદ શરીફ પઢી લેવું ઇ. અ ધારેલું કામ બહુ જલ્દી પૂરું થશે. આ દુઆ મજકુર રીતે કામ પૂરું થાય ત્યાં સુધી ઉપરની રીત મુજબ ચાલુ રાખવી. આ દુઆ એટલી અકસીર સમાન છે કે ઘણા બુઝુર્ગો કહી ગયા છે કે જેને કોઇ બનેલ, કમસમજ અને કાફિરોને શીખવવી નહીં આ ઉપરથી દુઆની તાસીરની ખાત્રી થઇ શકે છે : ખુદાપાક નેક કામ માટે અમલ કરવા તૌફીક અતા કરે. (૧૨) અલ્લાહુમ્મા ઇન્ની અસ્અલોકા બેઅન્ના લકલ હમ્દો લાઇલાહા ઇલ્લા અંતલ હન્નાનુલ મન્નાનો બદી ઉસ્સમાવાતે વલ અર્દે યા ઝુલ્જલાલે વલ ઇકરામે યા હય્યો યા કય્યૂમો, ઇકદે હાજતી બેકુકે લાઇલાહા ઇલ્લલ્લાહ મોહમ્મદુર્રસૂલિલ્લાહ સ૰ નંબર ૧૨માં બતાવ્યા મુજબ એનો પણ અમલ કરવાથી ઇ. અ દિલી મુરાદ પૂરી થશે મજકુર બંને દુઆઓ અગર એમાંથી એક જો પંજગાના નમાઝ પછી એક એક વખત પઢી લેવામાં આવે તો ઇ. અ. પઢનાર કદી કોઇનો મોહતાજ થશે નહીં અને ખુદાપાક બેમર્યા દરેક રીતે તેની મદદ કરશે.

લખનોવાળા

અસગરઅલીના અત્તરો

રૂ તોલાની શીશીઓમા

અને

તાજ કું. લી૰ લાહોરનો

મરહર

સુરમા મુકવ્વીએ બસર

પેકટના બે આના

શીશીના આઠ આના

ધી રાંદેર સ્ટોર્સ ટાવરરોડ, સુરત.

સાકુ

રૂપતરકાર ઓદ્દ મોહમદી

એક રણીઆમણા બેટ પર "સાકુએ" જીવન વ્યતિત કર્યું આ કદર્યો સહ્યા તેણીની રૂહ આજે પણ ત્યાના તરંગો પર વાસ કરે છે તેણીનુ હૃદય હજુ સુધી ત્યાના ખડકોમા પડ્યુ ધડકી રહ્યુ છે લીલીછમ ગિરિકંદરાઓના તેણીનો રડ્યોખડ્યો સોજ ચાખતો ફરતો માનવ પડે છે

[૨]

'મતવીન' પ્રેમ અને ફરિયાદ તણો બેટ છે સમુદ્રમા તે એવી રિતે ફેલાયલો છે, કે જાણે પ્રેમને પથે ન્યોચ્છાવર થએની કોઇ કુમારિકા તાજુ શબ પડ્યું હોય!

શાંત ભૂમિ! તહારા પહાડો, કોઇ કોમળ બદનની છાતી તણો ઉભાર છે તહારી શશિનેય શરમાવે, એવી કોઇ ચમકતી પેશની પરના મરજીભર નયનો સમ છે અને તારા શ્વાસ કોઇ આતુરયા જવાનીમૂખીમા થઇને બહાર નીકળે છે

[૩]

જ્યારે બેટપર ઘોર અંધકાર છવાઈ રહ્યો, બધાનક શાંતિ પસરી રહી, ત્યારે મરોલના અંદર કરુણ સંગીત સુને ગુજી રહ્યા જાણે સિતાર, કોઇ નિરાશ હૃદય કોઇ વિરહ વેદના તણુ ગાનમા તલ્લીન કેમ ન હોય? પછી વિરહ વેદનાને કારણે અંતરમાથી ઉઠતો એક મધુર સાદ સુણાયો

[૪]

'હે તે (મનુષ્ય) કોનાથી મેળ કીધી, તુ જેવડો જીવને થયો?' "હે તે, (મનુષ્ય) કે જેનાપર દૂર-નિકટ દરેક હાનતમા મારો પ્રેમ અટલ રહ્યો, શી રિતે પાલકાનો બાદુ તુજપર ચાલી શકયો?"

"હે તે (મનુષ્ય) જોને હું મારૂં તન, ને મારી રૂહ ભેટ કરી ચૂકી હતી, શી રીતે મધુરજની ભૂલી શકયો?"

[૫]

"બાળપણથી મે તને પીછાણ્યો, *કાહે-કાફ'ની કોર પરીનો બહાનો હોય, એમ લાગતુ હતુ—

"જાગેમા હુ તારી સથે હોલ્યા-રમ્યા કરતી'તી અનેકવાર હુ તને છતી ચૂકી છુ, અનેકવાર તુ મહારાથી છટ્યો'તો"

[૬]

"ઢલીય રાત્રિઓ આપણે આનદમા, આખ્યોમાજ વિતાવી દીધી છે કારણ કે વસ્તની મોજ આપણી નિદ્રા ઉડાવી લઇ ગઇ હતી—તને યાદ છે કે જ્યારે આપણો પ્રેમ યૌવન પર હતો વસત પર હતો તહારો પ્રેમ, મુજ કાજ જીવન રહાર હતી, અને આજે તહારી જુદાઇ મહારા માટે જીવન-સધ્યા સમાન છે!"

[૭]

સૂર બધ થયો ફરિયાદ અને રૂદનનો શોર અટકી ગયો રૂદન કરતો સ્વર જેવી રિતે શરૂ થયો હતો, જાણે મૃત્યુ સિતાર પર ભિન્ન રાગ પડે છે. સૂર, રૂદનનો ભાસ અર્પતો હતો, અને હવે રૂદન પર સૂરનો ઘોકો થતો હતો

[૮]

ઉદાસ મરોલથી એક મનુષ્ય નીકળ્યો, અને

*એક પહાડનુ નામ છે કહેવે છે કે એ વાળી રગનો છે, અને એનેજ લીધે આકાશ વાળી દેખાય છે

અંધકારમાં ચિંતાગ્રસ્ત ફરવા લાગ્યો. તે દરેક તરુની આસપાસ એવી રીતે ફરતો, જાણે કે ઋતુ વિનાના ફળ માટે ઝંખતો હોય! તે ઘુકડો પડ્યો. ભૂમિને ચુમીને પાછો ઉભો થઇ ગયો. બંને હસ્તો આભ ભણી ઉઠાવ્યા, અને તેના મ્હોંમાંથી એક દર્દનાક. ચીસ નીકળી ગઇ, જેણે નિદ્રાવશ પંખીઓને ચારેકોરથી ઉડાવી મૂકયાં

[૯]

અરે! આતો સ્ત્રી છે! કેશ પીખરાયલાં, અને શ્વેત ચાદરમાં ઢંકાએલી છે. ઉતરેલ મોઢું, જાણે મુદ્દતની બીમાર હોય. આવ્યો, જાણે મરુ-ભૂમિમાં બે અગ્નિ-તણખા—

અરે! આતો સાધુ છે, જેને પ્રેમે બીમાર કરી મૂકી છે.

[૧૦]

સાધુ આગળ વધી. તે દરેક જગ્યાએ, કે જ્યાં પ્રિયતમની કોઇ નિશાની હોય, પડેચતી. દરેક જગ્યા, પડી પડીને ચુમતી, અને ગળું ફાડીને રડતી તેણીની પ્રત્યેક ચીસથી પક્ષીઓ પોતાનો માળો છોડી ઉડવા લાગતાં.

[૧૧]

ઘોર અંધારી રાત્રિ છે ઘુવડ બોલી રહ્યું છે. સાધુ આગળ વધી રહી છે.

મુરાદ ટેલરીંગ ઈન્સ્ટીટ્યુટ

લંડનની કટીંગ કોલેજની પધ્ધતિ અનુસાર, સાયન્ટીફીક કટીંગ અને ટેલરીંગ શીખાડવા માટે મુરાદ ટેલરીંગ ઇન્સ્ટીટ્યુટ ચાલુ કર્યું છે. કટીંગ અને ટેલરીંગનો ચાર્જ મધ્યમ અને દરેક વર્ગનાને અનુકુળ પડે તેવા રાખ્યા છે શીખણ કામ જાણનારને ફ્રી કટીંગ પણ શીખાડવામાં આવશે. વધુ માહીતી માટે મળો, યા લખોઃ—

સાયન્ટીફીક ટેલર એન્ડ કટર.

Try our Secret Good Fit



મુરાદ ટેલરીંગ વર્કસ.

ચુનારવાડા મરજીદ પાસે, શોદર.

સુલેમાન જી. મુરાદ

મુરાદ ટેલરીંગ ઇન્સ્ટીટ્યુટ એન્ડ ટેલરીંગ વર્કસ.

પ્રોપ્રાએટરઃ-સુલેમાન ગુલામ હુસેન મુરાદ.

[૧૩]

સાધુ ઉંડા તળાવ પર પહેચી તિરે એક નાનડી નાવડી બાંધી હતી આ નાવડી, સાધુની પાક મુહબ્બતના અનેક દ્રષ્યો નિહાળી ચૂકી છે—

[૧૩]

"પ્યારી કિસ્તી!" દર્દને લીધે સાધુ જોરથી ઘુમ પાડી ઉઠી "ચંદ્રના જોરીજ રૂપાળી રાતનડીઓ તું નિરખી ચૂકી છે, અને મ્હારો મધુરો પાક પ્રેમ પણ તને બરાબર યા છે તા। દરેક ખૂણામા મારા અનેક રહસ્યો છુપાયેના છે તારો પ્રત્યેક ભાગ, મ્હારી દિવાનીનો સાક્ષી છે!"

[૧૪]

સાધુ નાવડી પર પહોચી ગઇ રસરીઓ કાપી નાખી અને જોરથી પુકારી ઊઠી, "ચાલ! મ્હારી વફાદાર નાવડી જ્યા તું માગે ત્યા ચલ!" નાવ એટલા ઝડપથી ચાલી, કે જાણે રૂની પેઠ તણિ શિકારીથી ખીને નાસી હોય! ક્ષણારમા તેતળાવની મધ્યમા પહોચી ગઇ ચારેકથી અધકારે તેને ઘેરી હતી

[૧૫]

વાયુ, નિરાતે સુઇ રહ્યો હતો સાધુએ પોતાની ચીસોથી તેને જગાડી મૂક્યો પછી તેણી દીવાની જેમ ઉભી થઇ ગિરેબાન ફાડી નાખ્યુ, અને તેનુ કોમળ તન, હાથીદાતની પ્રતિમાની જેમ પ્રકાશિત થઇ ગયુ

[૧૬]

'હે રાત્રિ! હે જન! હે વાયુ! તમે બધા સાક્ષી રહ્જો આ જુવો! હું પ્રેમ પર ન્યોછાવર થઉ છું"

આમ કહી સાધુએ હસ્તો ઉચ્ચા, અને એટલા જોરથી ચીસ પાડી કે સુનેન કુદરત પણ ચોકી ઉઠી

[૧૭]

સધુ જળમા કૂદી પડી મોજાઓએ તેણીને હાથોહાથ લઇ લીધી પાણીએ તેણીના પ્રેમની આગ બુઝાવી દીધી પરતુ તેણીના હૃદયનો અગ્નિ હજુ સુધી પ્રજ્વળી રહ્યો છે કદી બુઝનાર નથી

[૧૮]

મૃત્યુની એક ઘડી પહેલા તેણીએ જોયુ, કે પોતાનો પ્રિયતમ પરતાપને પાછો ફર્યો છે રડવા લાગી પ્રિયતમને બ્રાન બતાવી કહેવા લાગી "હારા! મે આપઘાત કર્યો ન હોત!"

પરતુ આતો મૃત્યુનુ સ્વપ્ન હતુ!

[૧૯]

વાયુ કરી સુધ ગયો મોજા પણ શાત થઈ ગયા, પરતુ પખીઓનો શોર વધી પડયો કારણ કે તેમણે સાધુનુ જીવન અને મૃત્યુ, બન્ને નિરખ્યા હતા

[૨૦]

સૂર્ય મહારાજ ધણાજ હામાથી પૃથ્વી પર પધાર્યા તેમને નિહાળી આકાશ ખીની પિયુ રગબેરગી વસ્ત્રો પરિધાન કર્યા પૂર્વમા અગ્નિ પ્રગટી રહ્યો જાણે સુનાજ વિખરાઇ રહ્યા કેમ ન હોય! પશ્ચિમે વાદળી રગો ઓઢી લીધા દક્ષિણે લીનો તાજ પહેરી પ્રભાતના મહારાજને પ્રણામ કર્યા

[૨૧]

દરેક જગ્યાએ નવુ જીવન જોરા મારવા લાગ્યુ મેટના બધા તરૂઓ જાગી ઉઠ્યા પુષ્પોએ પણ ચક્ષુઓ ઉઘાડયા પરતુ સાધુનો પનગ ખાલી પડ્યો છે મહેલ, તેના શોકમા રૂદન કરી રહ્યો છે

[૨૨]

સાધુની સખીઓ પણ જાગી દરેક જગ્યાએ શોધ કરી, પરતુ સાધુનો કયાય પતો નહોતો દરેક હૃદય પુકારી ઉઠ્યુ કે શુ બનાવ બન્યો છે?

[૨૩]

તળાવપર જઇ સખીઓએ જોયુ કે સાધુ ગઇ રાત્રિના શાત મોજાઓ પર ઝુને છે કેમ, તેણીને પોતાના ખોળામા લઇને સુતા હતા

સુસ્મિત મટેરો હતો, અને અધરો પર રહેજ અબોલ હાસ્ય ફરકી રહ્યું હતું.

[૨૪]

સખીઓએ અશ્રુઓ અને હીચકાઓથી તળાવના જગતપર લખી આપ્યું!

"સપુ પ્રેમ હરતોથી શહીદ થઇ છે સર્વોત્તમ મૃત્યુ તેજ છે, જે પ્રેમની વેદી પર થયું."

(સંપૂર્ણ)

પરમા (ગોનોરીઆ) અને—


પેશાબનાં ભયંકર દર્દોનો

સંપૂર્ણ ફત્તેહમંદ ઇલાજ

ડાક્ટર જસાણીની
જગમશહુર અસલ દવા

ગોનો-કિલર

[રજીસ્ટર્ડ]



બેધડક આજેજ અજમાવો

ગમે તે કારણથી લાગુ થયેલ તુરતનો અથવા જુનામાં, જુનો પરમો, પ્રમેહ (પરમેહ્યો) સ્વપ્નામાં તથા પેશાબમાં જતી ધાતુ, તથા રસી (પરૂ, કતી રક્ત બળતરા, ટીપું ટીપું તથા અટકીને થતો પેશાબ, મુત્રાશયમા આવેલો સોજો તથા થયેલો જખમ તથા સ્ત્રીઓ અને પુરૂષોના પેશાબને લગતાં તમામ દર્દોને જડમુળથી નાશ કરી બગડેલી ધાતુને સુધારી સ્વચ્છ અને ધટ્ટ કરે છે

પચાસ ૫૦) ગોળીની બાટલીની કીંમત રૂા. ૩)
વી પી. ખર્ચ આઠ આના જુદું.

*** ચેતવણી ***

નકલીઓથી ચેતજો. ખરીદ કરતી વખતે દવાનું નામ ગોનોકીલર અને કુકડા છાપ સીલબંધ પેકેટ તપાસી લેજો

એકલા બનાવનાર— ડો. ડી. એન. જસાણી,
વીઠ્ઠલભાઇ પટેલ રોડ, મુંબઇ નં. ૪
એજન્ટ : સી. એન. ધર્મ, કણપીઠ, સુરત.
આફ્રિકાના એજન્ટ:—યુનીયન ટ્રેડીંગ વર્કસ, ૯૨, વિક્ટોરીઆ સ્ટ્રીટ નૈરોબી.

વહેતો વર્તમાન

[સંપાદક : 'કારવાં']

"તરકડીએ ઉર્દૂના સેક્રેટરી ડૉ અબ્દુલહક્ક સાહબે ઉર્દૂના રક્ષણ માટે પોતાની કમાણીમાથી બચાવેલી રકમ રૂ. ૫૦ હજાર, અંજુમને તરકકીએ ઉર્દૂને અર્પણ કર્યા છે."

બાકી બાકી મોઢેથી ઉર્દૂની લુખ્ખી હમદર્દી કરનારાઓ આથી કંઈ ધડો લેશે કે? આવા થોડાકજ લેખધારીઓ ઉર્દૂને મળી જાય તો જરૂર તેનો ઉદ્ધાર થઈ જાય!

• • •

"ડીવલેરાએ અમેરિકામાં અમેરિકન લશ્કર ઉતારવા સામે વિરોધ જાહેર કર્યો છે."

પણ એ વિરોધ બહેરા કાનો પર શખની મરજ સાબ્તો. કારણ કે પોતાનું પાછલું બારણું પણ બ્રિટને તો બાગવાનો પ્રયત્ન કરવો જોઇએને?

• • •

'You Cannot be too Careful" એ નામની નવલકથા મી. એચ. જી. વેલ્સે તાજેતરમાંજ બહાર પાડી છે."

મી તેર વરસની ઉમરે પણ એ ભવ્ય કોસાની કલમ વીસ વરસના જુવાનની જેમ સટાસટ ચાલે છે; મારે સાંના સાક્ષરો તો એટલી ઉંમરે હાથમા કલમ પણ પકડી શકતા નથી!

• • •

"ઘાટોદના સ્ટેશને તા. ૨ જીએ પસાર થતી સ્પેશીયલ ટ્રેઇનમાના લશ્કરી સૈનિકોએ સ્ટેશનની અંદરની તથા બહારની દુકાનો લુટી લીધી."

તે ખાવાપીવાની દુકાનો લુંટી તેમાં શું થઇ ગયું? "ખાનાર પીનારને ખુદા દેનાર" એ કહેવત એ સૈનિકો જાણતા હોવા જોઇએ. અને તેથીજ આમ કર્યું હશે.

• • •

"સુરતની જનતાની સંગીત, નૃત્ય, અને કલાશક્તિ વિકસીત કરવાના આશયથી સુરતમાં 'રૂપકમંડળ'ની સ્થાપના કરવામાં આવે છે."

ઠીક છે સુરતી લાલાઓ બીજા બધા કામમા તો આગળ પડતા હતાજ પણ નૃત્ય કામમા પાછળ હતા તે હવે આગળ આવશે!

• • •

"ધ્રાગધરાના એક મુસ્લિમ પસાયતાના ઉપર મંદીરના રૂ. ૬૦૦ ની ચોરીનો શક જતાં તેના ઘરની ઝડતી લીધી, પણ ઝડતીમાં કંઈ ન નીકળ્યું છતાં એ અપમાનથી ઉશ્કેરાઇને તેણે બંદુકથી આપઘાત કર્યો તથા તેની સ્ત્રી પણ તેની પાછળ મરી ગઇ!"

ઇજ્જત ખાતર આપઘાન કરવાની તકલાદી મનોદશા એક મુસલમાનને મેવની ન ઘટે!

• • •

"તા. ૨૨મીએ ભરૂચ મુકામે સમસ્ત ગુજરાતના શિક્ષકોની પરીક્ષા આમોદના કોકાર સાહેબના પ્રમુખપણા નીચે ભરાશે."

અને તેમાં રાજ્યના મુજબના દીવાદીવા હશેવા કીધાં મોઢાંઓ તરફથી રજુ થશે એ આશા અસ્થાને નથી!

• • •

કારવાં [માસિક] Registered No. B. 4327. ફેબ્રુઆરી ૧૯૪૨
તંત્રી: "વહશી" સંદેરી. સહતંત્રી: "બેકસ."

માસ ફેબ્રુઆરી ૧૯૪૨

પુસ્તક ૩ જું અંક ૧૦

અનુક્રમણિકા.

વિષય સૂચિ.	લેખકનું નામ	
જાગૃતિ નાદ (કાવ્ય)	... "ઇજઝત"	... ૨૨
ઈસ્લામી શિક્ષણ (કુર્આન) ...	... મૌ૦ અ. રહીમ સા૦ ...	... ૨૩૮
,, ,, (હદીસ) ...	... ,, ,, ,, ,, ...	... ૨૩૮
આવાજકી દુનિયા	... "બેકાર"	... ૨૪૦
કતાવા	... મૌ૦ અ. અશરફ સા૦ ...	... ૨૪૧
પોઠ	... ૨. વણજારો ...	... ૨૪૬
સ્વીકાર-સમાલોચના	... સંપાદક	... ૨૪૬
જાપાનના જવાનો	... હા. ટીમોલ	... ૨૪૭
ઇમાનની વ્યાખ્યાઓ	... ઇસાભાઇ	... ૨૪૩
પેની પોષ્ટ	... ઇ, અ. બોરા	... ૨૪૬
મુસાફરો અમે બધાં (કાવ્ય) ...	... "કિસ્મત"	... ૨૪૭
એ અજ્ઞાન હતી	... "ઇજઝત"	... ૨૪૮
શેખચલ્લીની આત્મકથા	... "અમીન"	... ૨૫૬
કુદરતથી ઇબરત	... "મુસ્લિમ"	... ૨૬૨
"વિપત્તિ એકધારી છે ને હું છું" (ગઝલ)	... "બિસ્મિલ"	... ૨૬૩
"યશે મારા હાથેજ સર્જન કરીથી (ગઝલ)	... "તરન્નુમ"	... ૨૬૪
સિદ્ધિના સન્માર્ગ	... "ગાફિલ"	... ૨૬૫
હ૦ સલમાન ફારસી (રદી૦) ...	... દરગાહવાલા	... ૨૬૬
"અજમાવવાનો"-"પ્રગટાવવાનો"	... "સાગર",-"મઝલમ" ...	... ૨૭૧
અરમાઉસ હુરના	... રિફાઇ-સાબેરી ...	... ૨૭૨
સાધુ	... "એક મોહંમદી ...	... ૨૭૬
વહેતો વર્તમાન	... સંપાદક	ટાઇટલ ૩જી


વાર્ષિક લવાજમ-હિન્દ અને સીલોન રૂા. ૪, બર્મા રૂા. ૫, પરદેશ રૂા. ૬

"કારવાં" દર અંગ્રેજી મહીનાની તારીખ પંદરમીએ પ્રગટ થઇને તેજ દીવસે પોસ્ટ કરવામાં આવે છે. રેપર ઉપર ગ્રાહક નંબર હંમેશા લખવામાં આવે છે પત્રવ્યવહાર વેળા તે લખવા ચૂકશો નહીં. અંક નહીં મળવાની ફરિયાદ હિંદના ગ્રાહકોએ તા. ૨૫મી સુધીમાં કરવી.


Printed by: Maganlal Mangaldas Patel, at The 'Gangotri' Printing ... *Kanpith, Khand Bazar,* Surat.

Published by: Azum Ahmed Esmail 'Vahshi' for Vahshi Sahitya Kary *Kanpith* Surat.

9386



હિંદના સ્વર્ગ સમાન ગણાતા કાશ્મિરની 'હઝરતબાલ'ની મશહૂર અને મનહર મસ્જિદ



દક્ષિણના આદિલશાહી સુલ્તાનોમાં નામચીન બિજાપુરના શાહ ઇબ્રાહીમનો રોજો કે જે રોજાની અંદરનું જાણીતું કામ અપૂર્વ અને અજોડ મનાય છે.

પુસ્તક ત્રીજું અંક ૭ મો



ચાંદની



માર્ચ ૧૯૪૨

પ્રકૃતિ–રહસ્ય !

સુરમ્ય પ્રભાતના મનોહર કાળમાં વૃક્ષોની કંપતી શાખાઓ પર બીરાજી ચું ચું કરતી ચકલીયોના સ્વરમાં સ્વર મેળવી ગાવામાં કેટલો આનંદ છે !

કપાસના રૂપલ પુંભડા જેવા વાદળોનો ઝરમર પરદો હટાવી સૂર્યની જેમ પોતાના કિરણ–કરો દ્વારા સદ્યઃસ્નાતા પૃથ્વીના બીનાં કપોળને ચૂમી લેવામાં કેટલી મઝાહ છે...!

એક મુલ્મુલની પેઠે કોઇ કરૂણ ગાયન ગાતાં ગાતાં વાયુની લહેરીઓમાં ઉંચે નીચે ઉડવું–સરિતાની જેમ લીલી–લીલી ઘાસની પાસે જઇ નાચતાં કૂદતાં વહેવું–વૃક્ષોની જેમ પોતાની મસ્તીમાં મસ્ત થઈ ડોલવું–હવાના હિલોરોની સાથે આહો ભરવી–અને એક ગિરિ–નિઝરની પેઠે અશ્રુ વહાવવા–કેટલું સુખદાયક છે...?

એક પુષ્પની જેમ અનિલ લહેરીયો વચ્ચે ડોલી–ઝૂમી નીજ વૃન્ત પરથી ચુપચાપ ભૂમી પર ખરી પડવું–અનંત આકાશમાં અગણ તારલાની જેમ ટમટમવું–અને ચંદ્રમાની જેમ હાસ્યમગ્ન રહેવું–કેટલું આનંદ–દાયક છે.

એક નૌકાની જેમ મોજા–જળ વચ્ચે નાચવું ભોળા અબોધ બાળની જેમ માટીડાના ભાળ–ભાળીયાથી રમવું–અથવા અશ્રુઓની જેમ કોઇ વ્યથિતની આંખ્યોથી નીકળી એના પ્રિયતમના ચરણો પર ઢળી પડવું–કેટલું મધુર છે...!

* * *

ક્યારે...?

આ કંપાવી દેનાર નીચ આવેગોની પળો–

હું એમના પર ક્યારે વિજય પ્રાપ્ત કરીશ– ક્યારે, મારા ઈશ્વર !

હું એનાથી અહરનીશ હારતોજ રહ્યો છું !

તારો પ્રકાશ દૂરથી ચમકે છે, પરંતુ એના સંદેશને સાંભળી નથી શકતો; હું પ્રલોભનોથી દૂર ભાગી જાઉં છું–પરંતુ તે મારો પીછો કરે છે, અડગ દઢ પગલાંથી.


હું જાણું છું કે હું દુર્દશા તરફ ધસડાઉં છું પરંતુ પોતાને રોકી નથી શકતો.

હું આ દુર્ગંધમયી વાયુમાં શાન્તીના શ્વાસ માટે વલખાં મારું છું–અને–આ દુર્દશામાં સુખનો અનુભવ કરવા નિર્થક પ્રયત્ન.

હે વિશ્વનાથ !

ક્ષય થાશે ક્યારે તે સોનેરી દિવસો–ને–રૂપલી તારલાં ભરી રાતો...?

શેખઝાદા નૂરમહમદ



હિંદનું સ્વરાજ હવે બારણું ઠોકતું આવી રહ્યું છે. કારણકે જાપાની ચોરો હિંદનાં બારણાં અખડાવી રહ્યા છે, તે પહેલાં ચોકીયાત ઇપે સ્વરાજની આવશ્યકતા ઉભી થઇ છે. વિજ્ઞાપનનાં બધાંય છાપાં આ બાબતનો સ્વિકાર કરતા થયાં છે. જે છાપાં હિંદનું નામ આવતાં નાકનું ટીચકું ચઢાવતાં હતાં તે બધાય છાપાં હવે હિંદનું નામ છાપરે, ના છાપે ચઢાવવામાં માન સમજે છે આ ચમત્કાર કંઇ હિંદી લીડરોની કુશળતાનો નથી પણ જાપાની તૂટી પડનારી વિજળીનો એ ચમત્કાર છે! પાર્લામેન્ટમાં હવે ડઝનબધી નહિ પણ સેંકડાબંધી મેમ્બરો હિંદને સ્વરાજ આપવાની હિમાયત કરી રહ્યા છે, એ બધી જબાનાની ખૂબી નહિ તો બીજું શું છે? સંજોગોએ ગાંધીવાદના ભૂતને શીશામાં ઉતાર્યું છે, અને વળી ક્રીપ્સ જેવા હિંદીઓના વકીલ આમસભાના મુખ્ય આસને બિરાજ્યા છે, પછી હિંદના બોલામાં સ્વરાજનું પાણી કાં ન છૂટે?

અમે તો સ્વરાજને હાયવેતમાં યાને કે બોગાક કલાકો કે દિવસમાં સાંપડવાની આશા રાખતા હતા; પણ ક્રીપ્સ અને એમેરીના સંદેશાએ કહ્યું છે કે હવે ફક્ત બોગા દિવસ ધીરજ ધરો. સ્વરાજના તાળાને ખોલવાની કૂંચી એમેરી યા ચર્ચીલથી કયાંક ગુમ થઇ છે; જેથી પ્રધાનમંડળના કુંદારો નવી ચાવી બનાવી રહ્યા છે, એ ચાવી તૈયાર થઈ રહે એટલાજ દિવસ હિંદે રાહ જોવાની છે! આપો ત્યારે સેંકડો વરસથી રાહ જોતા હતા, તો એક બે અઠવાડિઓ નહિ જોવાય? અલબત્ત આથી લોકો તો ધીરજ ધરશેજ; પણ લીડરોને ધીરજ રહે એ સંભવિત નથી. કારણકે સ્વરાજના હોદ્દા એ પણ એ અજબ મધમાળ છેને? "આગે આગે દેખીયે હોતા હૈ કયા!"

●

ચાંગકાઇ શેક તો જતાં જતાં બંદુક ફોડી ગયા કે હિંદને સ્વરાજ આપી દો પણ અહિં તો અજબ ઉંધતપાથલ થઇ રહી છે! જનાબ ઝીણા કહે છે કે 'ચાંગ'ને હિંદનો અભ્યાસ નથી પછી આમ કયખતે "સ્વરાજનું હાંલ્લું શિંકે ચઢાવવાની જરૂર શી હતી?" અલબત્ત એ હાંલ્લુ અમારી મરજી મુજબ રંધાઇને તૈયાર થશે તો ઠીક, નહિતર અમે તોડી નાખીશું! પાકિસ્તાન સિવાય બીજું કશું યે અમને પાલવે તેમ નથી. જો અમારી મરજી વિરૂદ્ધનું કર્યું પણ આપશો તો અમે જોવા જેવું કરી મૂકીશું! તો તેમની સામે ચેલેંજ ફેંકતાં પીર સાવરકર હિંદુ-મહાસભાના અખાડામાં દંડ પીળતાં જાહેર કરે છે કે "બળવો કરવાની ધમકી કોને આપો છો? અમે તો એવા હજારો બળવા જોઇ ચૂકેલાં છીએ! 'એથી ધમકીઓથી ડરી બનય બીજાં!" આ કોંગી પહેલવાનો આવા



કટોકટીના સમયે કંઈ આડું ન વેતરે તો સારું! નહિતર બહારની આફત તો આવતી આવશે; તે પહેલાં ઘરનું ધમસાણ મહા ભૂંડું નિવડશે. ખુદા એ વખત દિવસને ન દેખાડે!

●

દેશમાં ઠેર ઠેર ધાડેનું જોર વધ્યું છે; ત્યારે મુંબઇમાં સોડજરોના ચેનચળાનું જોર વધ્યું છે. રાજેના મુત્સદ્દી તે તખ્ત સત્તાવાળાઓ આખઆપ કાન કરી રહ્યા છે મુંબઇનો સ્ત્રી વર્ગ એ બાબતમાં ખૂબ ઉઘાડો રહ્યો છે, અને છાપાં પણ કળાકળાટ કરે છે; પણ ભલા જે ભલા મોતને મુઠ્ઠીમાં લઇને ફરે છે એવા સોડજરોને નીતિ-નિયમનાં બંધન શે પાવરે? એ બિચારા કંઈ મહાના સાધુ તો નથી! પસ-મજાના પૂર જેવા સ્વછંદ વાતાવરણમા ઉછરેલા એ મહાનુભાવોનો હૃદય પલ્ટો નીતિ-ધર્મ કે દિવ્યસૂરોભરી વાચોઝોથી થાય એ આકાશકુસુમ સમાન છે! ત્યારે હવે શું કરવું? સરકારના કાનો પર ફરિયાદની કાગારોળ કરવી બીજું શું? અને એ સિવાય બીજું કરી પણ શું શકીએ?

"કરી કયા સકતા યા બુદા ખાસ લેને કે સિવા!"

●

ગામડાની નાટક કંપનીમાં એકાદ કુશળ એકટર હોય તે રાજા પણ બને, દરજીયો પણ બને, અને કોમિક પાઠ પણ ભજવે તેમ બિચારા વેવલ સાહેબને અનેક રીતમા રજુ થવું પડયું છે. લીલીયામાં પુરેપુરો ખેલ ભજવ્યો ન ભજવ્યો કે દિવસના સેનાપતિ બનાવીને મોકલ્યા. ઇરાનનો ટેબ્લો હજુ એમણે પુરો ભજવ્યો ન ભજવ્યો કે દિવસ સેનાપતિ પદ પરથી પાસિફિકના મોરચે દડસેલી દીધા, ત્યાનો સીન હજુ ભજવાતોજ અધુરો રહેવા દઇને પાછા દિવસમા તે એમને ગોઠવ્યા છે. વાવેલ એક કુશળ સેનાપતિ છે એને માટે બે મત નથી, થિયેટની નાટક કંપનીના એ કુશળ નટ છે એને માટે પણ બે મત નથી, પણ બિચારો એક માણસ અનેક પાઠ ભજવે એ પરિસ્થિતિ અસહ્ય છે! જેમ ઓછા માણસોએ સંપૂર્ણ નાટક ભજવી શકાતો નથી તેમ ઓછા સાધને વિજય સાપડતો નથી. બિચારા વાવેલ સાહેબ કંઈ હાનુસવાળા 'અલાદીન' તો નથી કે બટુથી વિજય ઉભો કરી દે! રીંગ માસ્તર કુશળ હોય પણ સરકસમાં બનવરોનોજ દુકાળ હોય ત્યા એની કુશળતા શું કામ લાગે? બિચારાનુ ગયા પછીય, સાધનો પૂર્વ તરફ વહેતાં થયા છે કે નહિ તે તો ભગવાન જાણે કે રટર જાણે!

●

"બનવે જો કો નહિ બયો નાવે મદીર માંય,
બય યથી બનવે ઘણી પરીયા પથીયા બાદ."

એક પુરાણી ઉક્તિ છે બનવે બનય તે પાછો આવતોજ નથી, એ ઉક્તિને સાચી ઠેરવવા તો જાપાન બનવે ગયુ નથી! એમ રાજેરના બીજા ભાગમા છે કે અને જો કદાચ પાછા આવે તો અનેક પંદીઓ મુખી ચારે ઓદલું કમાઇ લાવે! ઇ. સ પહેલાની આ કહેવત આજે સાચી ઠરી કે નહિ? એ તો બણાઈ ગયું છે. બનવેથી જાપાન ઝવલું પાકું આવ્યું છે પણ બીકતી ધરાનો અમલ થયો હોઇ બુળના અંગારા સિવાય બીજું કશુંય

એને હાથ આવ્યું નથી ! આજની સંસ્કૃતિના પરિણામે આગના અંગારા કે ઠરી ગએલા કોલસાજ બાકી રહેવાના ! એશિયા અને યુરોપની પુનઃ વ્યવસ્થાના કોડમાં આખું જગત કબરતાન થઇ જાય તો નવાય નહિ !


●

જગતમાં એકજ આશાના કિરણરૂપ રશિયાના ઘાતરડાએ ઠીક ઠીક પ્રમાણમાં નાઝી-ઓનું ધાસ વાઢવા માંડયું છે ! ચાલુ શિઆળો હીટલરને ખૂબ ખૂબ ભારે પડયો છે. અને તેથી પણ વધુ મુસોલીની હીટલરને ભારે પડયો છે. ગયાજ અઠવાડિએ લીબીયાના મોરચા પર એક ફકત ૫૦ બ્રિટીશ સૈનિકોની ટુકડીએ ૫૦૦૦ ઇટાલિયનોને ઘણા માઇલ સુધી ભગા-ડયા હતા ! ભલા રસોઇયા રણસંગ્રામ ખેડવા જાય તો એવુંજ પરિણામ આવેને ? રોમેલ પણ એવાઓની સરદારી લેતાં શરમાતો હશે ? પણ બિચારો શું કરે ? આખરે ઇટાલીના બટાકા વગર શું ખાય ! "રેતીમાં વહાણ ચલાવે !" એ વાતને લોકો માનતા ન હતા પણ હવે તો "રેતી પર કિલ્લા બંધાય છે" એ વાત લોકો માનતા થયા છે. કોઇ ન માને તો તેના મગજમા ખોટા ઠોકીને રટરનો બટવિયાનો પ્રતિનિધિ બનાવી રહ્યો છે ! લોકો કહે છે કે "બરમાના હિજરતીઓ જેટલી ઝડ-પથી હિંદમાં આવે છે; એટલી ઝડપથી બરમાના યુધ્ધ સમાચારો હિંદમાં આવતા નથી !" બરમાથી હિંદ જુદું પડયા પછી બરમાના સમાચારો આવે કે ન આવે તે સાથે હિંદને શું લાગે વળગે છે ? ધીમા ધીમા પણ આવે છે ખરાને ? રંગુનથી લંડન જાય અને લંડનથી દિલ્લી આવે અને પછી દિલ્લીથી તે સમાચારો આપણા દેશને અપાય ! એતો કાયદેસર જેમ થતું હોય તેમ થાય ! અનેક ગળણીએ ગાળેલું પાણી પીવાથી જેમ શારીરિક તંદુરસ્તી જળવાય છે તેમ અનેક ગળણીએ ગળાયલા સમાચારો સાંભળવાથી પણ માનસિક તંદુરસ્તી જળવાય છે ! આતે કંઇ મુગ્લાઇ થોડી છે; કે ઊંટ પર બેસાડીને ઢંઢોરો પીટાવી દે ! અને મુગ્લાઇની વાત થઇ તો બીજી એક વાત યાદ આવી જાય છે. કહેવાય છે કે "સીંગાપોર પર જાપાની વિમાનો હલ્લો કરતાં હતાં ત્યારે ગાનતાનના જલ્સા સીંગાપોરમાં ઉડી રહ્યા હતા." જાપાની આ વાત જો 'નાળીયું' હોય, ત્યારે તો કંઇ કહેવાનું, પણ જો સાચું હોય તો લખનૌવાળા "વાજિદઅલીશાહ !" અને દિલ્લીવાલા "મહંમદ શાહ રંગીલા"ની રૂહોને કબરમાં પણ સંતોષ થયો હશે કે આટલે વરસે પણ તેમનું અનુકરણ કરનારા જગતમા પાકયા છે !" અસ્તુ :

●

બરમાના ગ્રાહકોને !

બરમાના તંગ વાતાવરણને લીધે જાન્યુ-આરીના અંકથી અમે બરમાના ગ્રાહકોના અંકો તેમને ન મોકલ્યાં અહીં જુદાજ રાખી મૂકયા છે. હવે તો બરમાના ઘણા ગૃહસ્થો દેશમાં આવી ગયા છે, તો જે ભાઈ 'કુરબાં'ના ગ્રાહક હોય તેમણે પોતાનું દેશનું સરનામું અમને મોકલી આપવું અને પોતાના અંકો મંગાવી લેવા. —મેનેજર



સવાલ-મારો બાપ થોડા દિવસ પહેલાં ગુજરી ગએલ છે તેની મીલકતમાં એસ્ટેટ રહેવા પુન્તી, સોનુ અંદાજ ૪૫ તોલા, અને અંદાજ પાંચસો રૂપિયા છે. મારા બાપની પહેલી ઔરતનો એક છોકરો છે કે જેની શાદી મારા બાપે કરી આપી હતી અને તેને ચોવીસેક તોલા સોનુ તથા શાદીનો ખરચ આપ્યો હતો બીજી ઔરતનો એક છોકરો છે, અને ત્રીજી ઔરતનો એક છોકરો અને છોકરી. છોકરીની શાદી પણ મારા બાપે કરી દીધી હતી, તથા તેનો પણ ખરચ આપ્યો હતો. છોકરી ગુજરી ગએલ છે. પણ તેનો એક છોકરો છે. અને ચોથી ઔરત જે હયાત છે તેના ચાર છોકરા અને બે છોકરીઓ છે. હમો કુલ સાત ભાઇ, ત્રણ બહેન અને એક મા છીએ તો ઉપરની મીલકતમાં અમો કેવી રીતે ભાગો પડીએ તે તથા મારી હયાત માતાનું ભરણપોષણ પણ કેવી રીતે અને કોના ઉપર હક છે, તે પણ ખુલાસાવાર લખી મોકલવા મહેરબાની કરશો. બસ એજ.

જવાબઃ-પુછેલી મુજબમાં પ્રથમ તમારા મરહુમ બાપાજીના કફન દફનનો ખર્ચ અને કર્જ હોય તો તે અને વસીયત હોય તો તે ત્રીજા ભાગ મુજબમાંથી, એ સર્વે બાદ કર્યા બાદ કુલ માલના એટલે એસ્ટેટની કીંમત રોકડ નાણું, સોનું, ચાંદી, ઝવેર વીગેરે જે કાંઇ હોય તે બધાને બરેબરી કીંમત કરી એક સો છત્રીસ (૧૩૬) ભાગ કરવા. એમાંથી ભાગ ૧૭ તમારી માને અને તમો દરેક ભાઇને ભાગ ૧૪ (એટલે સાત ભાઇના ભાગ ૯૮.) અને દરેક બહેનને ભાગ ૭. (એટલે ત્રણ બહેનને કુલ ભાગ ૨૧) મળશે. બાદ તમારા બાવાજીએ પોતાની હયાતીમાં તમારા જે ભાગ બહેનોને પરણાવ્યા છે. તેનો ખરચો તેઓના વારસામાંથી કાપવામા આવશે નહી પણ જો શાદી વખતે તમારા બાવાએ ઝેવર બનાવી આપ્યું હોય, અને તે ઝેવર તમારી બહેનને કે તમારા ભાઇને અથવા બહેનની ઔરતને બક્ષિશ ન કરી આપ્યું હોય બલકે માત્ર પહેરવા માટે આપ્યું હોય તો તે ઝેવર પણ તમારા બાવાનો માલ ગણાશે. અને જો બક્ષિશ તરીકે આપી દીધું હોય તો એથી તે સોકો સ્વતંત્ર માલિક થઇ ગયા હવે એમાં કોઇનો વારસો લાગુ પડશે નહી અને જો તમારી હાલની હયાત વડિલાની મહેર બાકી હોય તો નિકાહ વખતે જે મહેર કેરવવામા આવી હોય તે તેણીને વારસા વગેરેક આપવી જોઇએ. બહકાદ વધુ જવાબ છે. એજ રીતે હિંદ અને ઇગલંડની કોર્ટોમાં લખ્યું છે.



સવાલ–નાપાકી દૂર કરવા–ગુસલ કરતી વખતે અથવા–નાપાક કપડાં ધોતી વખતે સાબૂ વાપરવું જરૂરી છે? ફક્ત પાણીથી પાક થશે કે કેમ?

જવાબ–ગુસલ કરતી વેળા માત્ર પાણીથી નાપાકી દૂર થઈ જાય તો સાબૂ જરૂરી નથી, તેમજ કપડા પરથી પણ નજીસત પાણીથી દૂર થઈ જાય તો સાબૂ વાપરવાની કંઈ ખાસ જરૂરત નથી.

સવાલ–એહતેલામ વારંવાર થતો હોય તો રાત્રે સુતી વખતે એક ખાસ રાખેલી લુંગી પહેરીને સુએ તો શું એ નાપાક લુંગી પહેરીને સુવું મુનાસિબ છે? અને મોઢે ખુદાનું કલામ પઢવું, નાપાક લુંગી પહેરેલી હાલતમાં સુવું જાયઝ છે?

જવાબ–એહતેલામ થવાની બીમારી લાગુ પડી હોય તો સુતી વેળા માટે ખાસ એક લુંગી રાખે, નહિતર નાપાક કપડું પહેરી સુવું મકરૂહ છે એહતેલામ થયું હોય એવી હાલતમાં કુર્આન શરીફની આયત પઢવી ન જોઇએ એ મના છે. તસ્બીહ, તહલીલ, તકબીર અથવા કસેમદ શરીફ પઢી શકે છે તેમજ નાપાક કપડા પહેરી કુર્આન શરીફની તિલાવત કરવી અદબ અને એહતેયાતની રૂએ મુનાસિબ નથી.

સવાલ–મઝી વારંવાર નીકળતી હોય તો એક ખાસ લુંગી પહેરી રાખે તો મુનાસિબ છે કે તરત તે લુંગી તેટલી જગ્યા ધોવાથી કપડું પાક થઇ જશે?

જવાબ–અગર મઝી વારંવાર નીકળતી હોય તો એક ખાસ કપડું પહેરી રાખે અને તેટલીજ નાપાક જગ્યા સાફ રીતે ધોવાથી પાક થઇ જશે. આખું કપડું ધોવાની જરૂરત નથી.

સવાલ–એહતેલામ થવાથી પહેરેલા બધા કપડાં નાપાક થશે કે ફક્ત જેને નાપાકી લાગી હોય તેજ નાપાક ગણાશે?

જવાબ–નાપાકી કપડાંના જેટલા ભાગને લાગી હોય તેટલો ભાગ ધોવું જરૂરી છે. બધા કપડાં ધોવા જરૂરી નથી.

સવાલ–એક પેશઇમામ છે અને તે કાયમને માટે સવારની નમાઝની મસ્જિદમાં પેશઇમામત કરી શકતો નથી તો શું તેના પેશઇમામ પાછળ બીજા વખતની નમાઝ પઢવી જાયઝ છે કે કેમ? અને એક પણ વખતની નમાઝ કઝા થાય તો તેની પાછળ બીજા વખતોની નમાઝ પઢી શકાય કે કેમ?

જવાબ–મજબૂરે ઇમામની પાછળ નમાઝ તો થઇ જશે. પણ ઇમામને પોતે વિચાર તથા કોશિશ કરવી જોઇએ. તેમજ લોકો ઇમામને સમજાવે કે પૂરેપૂરી હાજરીનો ખ્યાલ રાખે અને નમાઝ કઝા થવા ન પામે.

સવાલ–એક મુસલમાન માણસ છે અને તે કોઇ કામની અંદર કુદરતને ગલીચ અડકાનો થી બોલે છે તો તેના માટે શરીયતી હુકમ શું છે?

જવાબ–તકદીરે ઇલાહી પર ટીકા કરવા અને ખરું બોલવાથી કુફ્રનો ભારે અંદેશો છે માટે કદીપણ એવા શબ્દો મોઢાથી બોલવા ન જોઇએ. એ બારામાં ઘણો ડર અને એહતેયાત રાખે. અને તકદીર પર રઝામંદ રહે.



હ્યો, અત્યાર સુધી તો ચર્ચાતું હતું કે 'પ્રેમાનંદ' નામે કોઈ કવિજ ગુજરાતમાં થયો નથી. હવે અમદાવાદ સાહિત્ય સભામાં પ્રો. નવલરામ ત્રિવેદીએ પોતાના ભાષણમાં એથીય આગળ વધીને જણાવ્યું છે કે: "પ્રેમાનંદ તો નકલો પણ જેના નામે અનેક આખ્યાનો પ્રગટ થયાં તે છે એ પ્રેમાનંદ સુત 'વલ્લભ' પણ નહતો, જો વલ્લભને જન્મ આપનાર કોઇ માતા હોય તો તે સ્વ કેશવ હ ધ્રુવ, અને સ્વ. ઈચ્છારામ ન. ભટ્ટ; અને જો કોઇ પિતા હોય તો તે સ્વ. નાથાશંકર શાસ્ત્રી, અને સ્વ હરગોવિંદ કાંટાવાળા જ હોય, એમ જણાય છે." હ્યો, કહો? ગુજરાતીને સમૃદ્ધ કરવા ખાતર પાઘડી ન પડવા દેવાની પ્રતિજ્ઞા લેનાર આપણા ત્રણ મણુનો 'પ્રેમાનંદ' અને તેનો સાડાત્રણ મણનો દીકરો કવિ 'વલ્લભ' પણ ગુજરાતમાંથી આઉટ થયો! આપણા શોધકોએ પણ યુરોપના શોધકોની જેમ, હીકડીક ગીધ જેવી તીણી આંખો પ્રાપ્ત કરી છે! ત્યાં પણ કહેવાય છે કે 'શેકસ્પીયર' નામે કોઇ પણ કવિ ઇગ્લાંડની ધરતીમાં પાકયોજ નથી! હોય! હશે! પણ હવે કવિઓએ અને સાક્ષરોએ પોત પોતાનાં બાવલાં બનાવી લેવાં, કાં તો પથ્થર પર કે તાંબાના પતરા પર જીવતાં જીવત લેખો કોતરાવીને, પછીજ મરી જવું; નહિતર આવી રીતે તમારું 'કાંસું, પીત્તળ કપરું' થવાનું! મુસ્લિમ-ગુજરાતી શાઇરોએ પણ સાહિત્ય ક્ષેત્રમાંથી ભૂંસાઇ ન જવું હોય; તો એકાદ મુશાયરો ગિરનારની તળેટીમાં ગોઠવી, અશોકના શિલા લેખની બાજુમાંજ એકાદ મુશાયરાની વંશાવળી કોતરવી પડે; નહિતર પાછળના નવરા નખણોદીયા શોધકો એમનાં નામ અને કામને પણ વાળીઝૂડીને સાફ કરી નાખશે!



'ટીચર' માટે 'અધ્યાપક' શબ્દ વપરાય છે, તો પ્રેફેસર માટે 'પ્રાધ્યાપક' શબ્દ વાપરવાની શી, વિજયરાય વૈદ્યે શોધ કરી છે. આ ઉપરથી પ્રેશાઇને ન્યુ ઇરા હાઇસ્કૂલ ગોધરાના ભોગીન્દ્ર હ્લાનાલાલ ભટ્ટે શોધ કરી છે કે: "લેખકને માટે 'રચિયતા' વપરાય છે, તો લેક્ચરરને માટે 'વચિયતા' (વચ, વચ, યાને કે બક, બક કરનાર!) 'લપયિતા' (યાને લપ, લપ કરનાર!) 'ભાષિયતા' (યાને ભસ, ભસ કરનાર!) 'કથયિતા' (કથ, કથ યાને બોલ, બોલ અથવા ટક, ટક કરનાર!) એ ચાર પૈકી ગમે તે શબ્દ યોજી શકાય." શરત એટલી કે એ શબ્દો કોઇ વિજયરાય જેવા જુનાજોગીની જબાની કે કલમથી વહેતા થયા જોઇએ. આ

રમણે વાંચકોને યાદ રહે કે; કૌંસમાં મૂકેલા શબ્દ અમારા પોતાના નથી પણ અમારા વિવેચક મિત્ર રા. અડવાણીના ગોઠવેલા છે!

❂

ચાલુ જમાનાના મહાન ઇન્કિલાબી શાયર 'જોશ' મલીહાબાદીને સમસ્ત હિંદના ઉર્દૂ ભાષા જાણનારાઓ એક 'મહાન ઇન્કિલાબી શાયર' તરિકેજ ઓળખે છે; ત્યારે 'નિગારે' એક ચર્ચા ઉઠાવી છે કે: 'જોશ' ઇન્કિલાબી શાયર નથી. જોશના હૃદયમાં ઇન્કિલાબી ભાવના નથી; પણ દેખાવમાં ઇન્કિલાબ પ્રગટ કરે છે. ખુદ, ખૂનમાં નહાવાની વાતો કરે છે; પણ દૂરથી ખૂનને બદલે રંગની પીચકારી મારી હોળી રમે છે! મતલબ કે ઇન્કિલાબ સાથે જોશ ખેલી રહ્યા છે. 'જોશ'ની પ્રકૃતિ, જોશની તબીઅત અને જોશનુ ધ્યેય જોતાં, તેની શાયરી આત્માને અપીલ કરી શકતી નથી, પણ આંખ કે કાનને ગમી જાય એવો આર્ટ બતાવે છે!" ઉર્દૂ 'નિગાર' માસિક જ્યારે કંઈપણ ફેંકે છે; ત્યારે અક્કેક અને અનેકનું નવિન પ્રકારનુ જ ફેંકે છે! કોઈ પણ મોટાને છોતરવામાં એ માને છે. જોકે 'નિયાઝ'ની કલમને શક્તિ તો સંપડી છેજ; પણ મોટાઓની પૂળ ખેંચીને એ ખૂબ ખ્યાતિ પામ્યું છે! ઘણી વેળા એની કલમ અસ્તરાનું રૂપ ધારણ કરે છે. 'નિયાઝ' સાહેબના મંતવ્ય પ્રમાણે તો "જેલમાં જઇ આવે તેજ મહાન ઇન્કિલાબી શાયર કહેવાય" અર્થાત "જેલમાં' જનાર દરેક શાયર હોવો જોઇએ!" 'જોશ' વર્તમાન હિંદના પ્રથમ પંક્તિના ઇન્કિલાબી શાયર છેજ. એમાં શક લાવનાર કાંતો ઘુવડ પ્રકૃતિનો માનવી હોય કાંતો શાયરીની સાથે એને બીયાબાનું હોય!

❂

યુનિવર્સિટિ તરફથી દર સાલ યોગ્યતા હોકર વસનજી માધવજી વ્યાખ્યાન માળાનાં ભાષણો કરવા હિંદુ, પારસી વગેરે કોમોના સક્ષરોને ચાન્સ મળ્યો; પણ કોઇ મુસ્લિમ સાક્ષરને એનો ચાન્સ મળ્યો નથી. 'એનું કારણ શું?' તેની તપાસ કરવા, દાજી જમશેદ, શ્રીયુત. શેખચલ્લી, રા હડમત ઓઝા, શ્રીમાન અડવાણી અને પંડિત ખુબ્બુ મિયાંનું એક તપાસ પંચ નીમાયું છે. એ પંચ અંતે એવા નિર્ણય પર આવ્યું છે કે કાંતો મુસ્લિમ સાક્ષરોને યુનિવરસિટિના મહાદેવ સાથે મિયાંનો જોગ ન બેસે એમ સમજી અલગ રાખ્યા હોય; કાંતો મુસ્લિમોમાં કોઇ સ્વિકૃત સાક્ષરજ ન હોય! પણ પહેલો નિર્ણય શંકાને સ્થાન આપે એવો જણાય છે. કારણકે સાહિત્યમાં પાડી પાડાના ભેદ ભલે હોય, પણ વાડી-વાડાના ભેદ તો નજ હોય. અસ્તુ:

તો હવે બીજા નિર્ણય પ્રમાણે મુસ્લિમોમાં જો કોઈ સાક્ષરજ ન હોય એમ બીજાઓ જાણતા હોય તો? તે પોતાનું સાક્ષરત્વ સાબિત કરવા મુસલમાનોએ એકાદ સક્ષરી-દંગલ જમાવી શંકારાણીને છક્કે કરી નાખવા રહ્યા! જો કે હું તો જાણું છું કે આંગળીના એક વેઢાપર ગણી શકાય એટલા સાક્ષરો તો મુસલમાનોમાં છેજ પણ બધાને ગણી એકનું નામ આપતાં બીજાના નાકનું ટીચકું ઉંચું થઈ જવાનો સંભવ હોઇ નામ આપતોજ નથી!

●

"જાણીતા હાસ્ય લેખક શ્રી. ગગનવિહારી મહેતાનો 'Perversities" નામનો અંગ્રેજી હાસ્યરસિક લેખોનો સંગ્રહ પ્રસિદ્ધ થયો છે." હાસ્યનો પ્રથમ અંગ્રેજી ગ્રંથ એક ગુજરાતીના હાથે લખવા બદલ ૧૯૪૨ નો રણજીતરામ ચંદ્રક એમને ફાળે જાય તો નવાઈ નહિ ! ૪૦ અને ૪૧ માં હાસ્ય લેખકો એ ચંદ્રક ઝડપી ગયા તો ૪૨ માં પણ એક હાસ્ય લેખક ઝડપી જાય એ જાનવા જેવુ છે. બાકી સીંગાપોરના પતન, અને ડોવરની સામુદ્રધુનીમાથી ત્રણ જર્મન જહાજો પતંગની પેઠે ઉડી ગયા પછી ચર્ચીલ મહાશયે પાર્લામેન્ટમાં જે હાસ્યરસ વહેવરાવવા માંડ્યો છે; તે જોતાં તો આ વેલાનું નોબેલ પ્રાઈઝ કુશળ હાસ્ય વકતા તરિકે ચર્ચીલને ફાળેજ જશે !

❂

'૭૦ મી વરસગાંઠે પણ એચ. જી વેલ્સની કલમને થાક લાગ્યો નથી. હજુ તો ટંકશાળમાંથી શિક્કા બહાર પડે; તેમ એમનાં પુસ્તકો બહાર પડતાંજ જાય છે ?" એનું બીજું કારણ છે કે યુરોપ અમેરિકાની કલમોને થાક લાગતો નથી. એમની કલમોને કાયાકલ્પ કરાવવાની જરૂર પડતી નથી. ત્યાંતો એક એક પુસ્તક લાખોની કમાણી કરાવી દે છે; ત્યારે અહીં તો પુસ્તકમાં વપરાતા કાગળ અને છપાઈ જેટલું પણ લેખકની કલમનું મૂલ્ય ઉપજતું નથી ! અહીંના લેખકો વિષેનું એક બીજું મંતવ્ય અત્રે રજુ કરું છું. "કડિયો મહીનાના ત્રીસેત્રીસ દિવસ કામ કરી શકે છે; પણ લેખક, લેખન કરી શકતો નથી. કારણકે કડિયો તો એકલા હાથથીજ કામ કરે છે; ત્યારે લેખકને તો મગજ અને હાથથી કામ કરવાનું હોય છે." 'સાહિત્યપ્રિય'નું આ મંતવ્ય ખરૂં છે; પણ આપણા લોકો સામાન્ય રીતે લેખકની કલમ કરતાં કડિયાના હેવાને વધુ મજબૂત માની રહ્યા છે ત્યાં સુધી બીજો ઇલાજ શો !

❂

"લંડનની એક અખબારી ઓફિસના ચાર ચાર માણસો ભરી જતાં, તેમના વસીયતનામામા નીચે પ્રમાણેની મૂડી પોતપોતાની પાછળ છોડી ગયા હતા. તે છાપાના અધિપતિરાજ ૧ પાઉન્ડ, તે છાપાના એજન્ટ ૧૦ પાઉન્ડ, તેજ છાપાનો પ્રકાશક ૧૦૦ પાઉન્ડ, અને તેજ ઑફિસનો પરતીનાળો ૧૦૦૦ પાઉન્ડ મૂકી ગયો હતો !" હવે આ ઉપરથી વાંચકો તોલ કરશે કે અધિપતિરાજ ! પછી તે અહીંના હો કે ત્યાંના હો, કેટલું કમાઈ શકે છે ? તંત્રીપણું એતો 'લકડેકા લડું' સમાન છે !

"ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી તાજેતરમાં પ્રસિદ્ધ થએલાં બધાં પુસ્તકો પરિષદના સભ્યોને અર્ધા મૂલ્યે અપાશે." ચારેા બરતીના બધતા જતા ભાવને જોતાં સાહિત્ય પરિષદના સભ્યોને માટે આ પણ સંતોષનો વિષય ગણાય ખરો !

❂



"હાં...આં ! પણ પેલા ભાવનગરના મુશાયરાનું શું થયું ?" રા. બડવાળીએ આવતાંવેંત પ્રશ્ન કર્યો.

"ભલા માણસ, આ બ્લેકઆઉટના જમાનામાં, યુદ્ધની નોબતો ગડગડી રહી છે, એવા ભારીક સમયમાં, આપણે કંઈ સીંગાપુરના માનવી થોડા છીએ કે આસમાનમાંથી બમ્બ લટકતો હોય ને જમીન પર જલસા જમાવીએ !"

'તો ભલે, મુશાયરાની મીજબાની નીચેની રૂબાઈથીજ ઉડાવીએ. હાં...આં, પણ જરા ખેલ દિલીથી સાંભળજો !"

શું ભાવસિંહ તણું ભાવભીનું ભાવનગર,
ગયો તે ભાવને બાંધી રહ્યું છે સાવનગર,
સાધુ ચરિત તે પગણીજી ગયા ભાવ ગયો,
હવે તો ભાવને સ્થાને થયું છે તાવનગર।

— 'વણઝારો'

●

લેટેસ્ટ ડીઝાઈનનાં

• સુટીંગ્સ–શરટીંગ્સ

• લેડીઝ ડ્રેસ ફેબરીકસ

• ફેન્સી કાપડ

એકજ ભાવ અને ઓછા દરથી

ખરીદવાનું જાણીતુ મથક

'ગીવ એન્ડ ટેક' સ્ટોર્સ

ચોક–બજાર : સુરત.

વિ•શ્વ•ક્રાં•તિ !

"મુઝતર" સાહુબ હાંસોટી

આ તો સર્વમાન્ય બિના છે કે રસૂને અરબી (સ૰)ના આગમન પૂર્વે જગતમા ઘણીજ ગુમરાહી અને અધકાર વ્યાપ્યો હતો તેમજ દુન્યાનો કોઈ પણ ખૂણો કે ભાગ એવો નહતો કે ત્યા બાવિસ અદનાહની ઇબાદત અને પૂજા થતી ન હોય કયાય પત્થર-પૂજા હતી તો કયાક અગ્નિ-પૂજા, કયાક ચદ્ર-સૂર્ય ને પૂજ્ય રહમજી પૂજતા, અને કયાક નાસ્તિકતાનુ જોર હતુ તે અરબસ્તાનનો વિભાગ જે આજ મુકદ્દસ અને પુનિત રહમજવામા આવે છે, જે હુઝૂર (સ) ની પધરામણી અગાઉ અનેક કુમાન્યતા અને દુર્ગુણો તથા બુતપરસ્તીનું ધામ હતુ અને ત્યાના નિવાસીઓ ફકત નામનાજ માનવી રહી ગયા હતા મશહૂર ઇતિહાસકાર અબ્બ ઝિયદ બલ્ખી (મરણ હી સ ૨૦૧) પોતાની કૃતિ 'કિતાબુલબાદિ'મા લખે છે કે "ઇ સ છઠ્ઠી સદીમા આખી દુન્યા ગુમરાહી અને અધારામા હતી. પૂર્વ અને પશ્ચિમમા બાતિલ પરસ્તીની આધી ચાલી રહી હતી અને ઇન્સાની દુરાચરણથી ખુશ્કી અને તરી પનાહ માગી રહી હતી ખાસ કરી અરબસ્તાનની અબ્તરી અને એતેકાદી હાલત ઘણીજ તિરસ્કારમય અને અફસોસકારક હતી અરબવાસીઓ મૂર્તિ પૂજાની લઅનતમા ફસેલા હતા અને દુન્યામા જેટલા દુષ્કર્મો અને અનીતિઓ થાય ઊભા થઈ શકે તે સઘળા તેઓમા મોજૂદ હતી ચિના, રાતાનીરી લૂટ-માર જુગર નિર્લજ્જતા અજ્ઞાનતા, ગુમરાહી, સગદિલી નિર્દયતા, ઇત્યાદિ સૌ બાબતો તે સમયે અરબવાસીઓની અન્તેઽ વિશેષતા ગણાતી હતી

એવા નાજુક સમયમા તાજદારે દો આલમ (સ૰) ઉપસ્થિત થયા અને આપે (સ૰) દુન્યામા મહાન પરિવર્તન કિવા 'વિશ્વક્રાન્તિ' પેદા કરી દીધી આપની મુકદ્દસ તાલીમથી તે લોકો-જે જમાનાથી, જાહિલ, બેવકૂફ, મૂર્ખ, અણઘડાવાયેલા, અત્યાચારી, સંગદિલ અને નિર્દય હતા, તે ઉચ્ચ કોટીના ખુદાપરસ્ત રોશન ખયાલ, કેળવાયલા, રહમદિલ, પરહેજગાર અને આદર્શ બિરાદર બની ગયા

ઘણાજ વિશ્વાસપાત્ર ઇતિહાસ અને સહીહ હદીસોના આધારે થોડીક ઘટનાઓનો ઉલ્લેખ અત્રે કરવામા આવે છે જેનાથી આ હકીકત દીવા જેમ સ્પષ્ટ થઇ જશે કે રસૂને અરબી (સ૰) ની મુકદ્દસ પરવાહી-કોશિશ કેટલે અશે શાનદાર અને પરિણામકારક સાબિત થઇ તેમજ આપે (સ૰) કેવી રીતે અપરાધીઓ, અત્યાચારીઓ અને લુટારૂઓને હકપરસ્ત, તકવાવાળા અને મઅરેફતવાળા બનાવી દીધા ?

"ઇઝાલતુનખિફા"મા છે કે નબ્બી નિસાલ બાદ ફારૂકે-યુગમા ઇમામુલ મુત્તકીન સૈયદના હ અબી (ક૰) એ સ્વપ્નામા જોયુ કે રસૂલુલ્લાહ (અ૰) મિસ્રજદે નબવીમા તશરીફ લાવ્યા છે, અને સહાબા પવિત્ર સેવામા હાજિર છે. એવામા એક બેદોની હાજિર થયો તેણે તાજા ખજૂર હુઝૂર (સ૰)ની સેવામા પેશ કરી આપે (સ૰) તે બેદોનીના હકમા દુઆયે ખેર ફરમાવી અને તે ખજૂરને બેડવી દીધી. હુઝૂરે (સ૰) એક ખજૂરની ચેરી હ અબી (ક૰)ને પણ આપી, હ અબી (ક૰)એ જ્યારે તે ખાધી તો તે ઘણીજ લઝીઝ લાગી

એટલે હ૦ અલી (ક૦)એ કહ્યું "યા રસુલુલ્લાહ (સ૦) મ્હને એક બીજી ખજૂરની પેલી આપો" હુઝૂરે (સ૦) ફરમાવ્યું કે "હવે હું તમને આપી શકતો નથી, બીજા હાજર જનોને વહેંચીશ." આ સુણી હ. અલી (ક૦) ખામોશ થઇ ગયા. હ. અલી (ક૦) બયાન કરે છે કે હું સુબ્હે સાદિક વેળા ફરી આ સ્વપ્નું જોઇ રહ્યો છું કે જ્યારે મુઅઝઝનની અવાઝ મ્હારા કર્ણોમાં પડી. હું તુર્તજ જાગૃત થઇ ગયો અને વઝૂ કરી નમાઝ માટે મસ્જિદે નબવીમાં હાઝિર થયો. પરંતુ ખુદાની કસમ મ્હને જાગૃતવસ્થામાં પણ ખજૂરની લિઝઝત મેહસૂસ થઇ રહી હતી. જ્યારે સઘળા નમાઝે ફજ્રથી ફારિગ થયા તો જે જગ્યાએ હુઝૂર (સ૦) બેસતા હતા તેજ જગ્યાએ હ. ઉમર (રદી૦) બેઠા છે અને થોડીક મિનિટ પછી એક એ'રાબી હાઝિર થયો અને તેણે તાઝી ખજૂરો હ. ઉમર (રદી૦)ની સેવામા પેશ કરી. હ૦ ફારૂકે (રદી૦) તે ખજૂરો હાજર જનોમા વહેંચી દીધી, અને એક ખજૂર મ્હને પણ આપી. જ્યારે મ્હેં તે ખાધી તો કેવળ તેવીજ લિઝઝત હતી જેવી કે સ્વપ્નમાં જોઈ હતી. ફરી મ્હે હ૦ ઉમર (રદી૦)ને કહ્યું કે "મ્હને એક બીજી ખજૂર આપો." ફારૂકે આઝમ (રદી૦)એ ફરમાવ્યું કે "અય! અલી જો રાત્રે રસૂલુલ્લાહ (સ૦)એ તમને એક ખજૂરથી વધુ આપી હોત તો મ્હને પણ ઉઝર ન હતો. એટલે કે હુઝૂર (સ૦)એ આપને એકથી વધારે નથી આપી, જેથી હું પણ આપી શકતો નથી." આ જવાબ સુણી હ. અલી (ક૦) આશ્ચર્ય ચકિત થઇ ગયા અને વિચારવા લાગ્યા કે મ્હેં હજી લગી કોઇને પણ મ્હારા સ્વપ્નની હકીકત કહી નથી અને હ. ઉમર (રદી૦)ને કેવી રીતે જાણ થઇ? હ. અલી (ક૦)ને ખામોશ દેખી ફારૂકે આઝમે (રદી૦) ફરમાવ્યું "હું! અલી અ શ્ચર્ય ચકિત થવાની જગ્યા નથી. અલ્લાહ પોતાના બન્દાઓ ઉપર ઘણા બેહદ ઝાહિર કરી દે છે અને આ સદકો છે, રસૂલે કરીમ (સ૦) નો નહિતર, વાસ્તવમાં હું તો ઘણોજ કૂર કાફિર (ઇન્કારી), ઘણોજ ઝાલિમ, પાષાણ હૃદયી, નિર્દય અને ફાસિક હતો એટલુજ નહી બલ્કે એક વેળા આપ (સ૦)ને કત્લ કરવા અર્થે પોતાના ઘરથી નિકળ્યો હતો—અલ્લાહો અકબર!"

સહી બુખારીમાં હ૦ અબૂ તલ્હા (રદી૦)થી રિવાયત છે કે એક વેળા યમનથી કેટલાક લોકો હુઝૂરે અકદસ (સ૦)ની સેવામાં હાઝિર થયા. જ્યારે સાંજ પડી તો હુઝૂરે (સ૦) મ્હારા (રદી૦)ને ઉદ્દેશી ફરમાવ્યું કે "તમારામાંથી કોણ છે જે અલ્લાહના રસૂલના મહેમાનોને પોતાનો મહેમાન બનાવે અને તેમના આવા પીવાનો બંદોબસ્ત કરે?"

હ૦ અબૂતલ્હા (રદી૦) ફરમાવે છે કે મ્હેં તરતજ કહ્યું કે "યા રસુલુલ્લાહ! (સ૦)! હું આ મહાન સઆદત પ્રાપ્ત કરવા ચાહું છું" હુઝૂરે (સ૦) મ્હારી એ વિનતિને માન્ય રાખી. હું ચમની મહેમાનોને સાથે લઇ રવાનો થયો. મેં મ્હારી બીબી ઉમ્મે સલીમને કહ્યું કે "હું રસુલુલ્લાહ (સ૦)ના મહેમાનોને મ્હારી સાથે લાવ્યો છું. હવે તમે બતાવો કે ઘરમાં આવું કેટલું મૌજૂદ છે." ઉમ્મે સલીમે કહ્યું. "યા! અબૂ તલ્હા! ઘરમાં ફક્ત હું, તમે અને બચ્ચાંઓ ખાઇ શકે તેટલુંજ છે પરંતુ મુનાસિબ એ છે કે અમે બધા કરતાંથી સુઇ

રહીએ. અને રસૂલુલ્લાહ (સ૦) ના મહેમાનોને ખવરાવીએ.' હ૦ અબૂતલ્હા (સ૦) એ કહ્યું "મને પણ એ નજદીક યોગ્ય લાગે છે." એટલે ઉમ્મે સલીમે ખજાંચીઓને ભૂખ્યાં સુવાડી દીધાં. અને ભોજન કાઢી મેહમાનોની આગળ મૂકયું. જ્યારે મહેમાનોએ ખાવું શરૂ કર્યું ત્યારે અબૂ તલ્હા (૨૦)ને પણ કહ્યું કે, "આપ પણ ખાઓ." ઉમ્મે સલીમે તૂર્તજ ચિરાગ ધીમો કરી દીધો, અને હવે અબૂ તલ્હા પણ ખાવામાં શામિલ થઇ ગયા. હાથ ખાવામાં રાખી મ્હોં લગી લઇ જતાં-અને મ્હોં હલાવતા. પરંતુ અલ્લાહ શાહિદ છે કે તેમણે એક લુકમો પણ લીધો નહીં. અને બેઉ બીબાં બીજા ભૂખ્યા સુઇ રહ્યાં. જ્યારે સવારે અબૂ તલ્હા (૨૦) મહેમાનો સહિત મસ્જિદે નબવીમાં ગયા, અને નમાઝથી ફારિગ થઇ હુઝૂર (સ૦)ની ખિદમતમાં હાઝિર થયા તો રહમત આલમે (સ૦) ફરમાવ્યુ "હે! અબૂ તલ્હા તમે પોતાના ઇસાર કિયા આત્મભોગથી અલ્લાહ અને તેના રસૂલ (સ૦)ને રઝી કરી લીધા." અબૂ તલ્હા (૨૦) એ કહ્યું. "યા રસૂલુલ્લાહ! (સ૦) આ આપનો સદકો છે, નહિતર અમે તો એવાં સંગદિલ અને નિર્દય હતા કે ઇસાર અને હમદર્દી તો દૂર કિનાર, માનવીઓનો સંહાર કરવો અને કત્લ કરી દેવા એ એક સાધારણ વાત રહમજતા હતા."

જંગે યરમુકની ઘટના છે કે એ રણસંગ્રામમાં ઘણા મુસલમાનો ઝખ્મી થયા હતા. રેતીના રણમા 'અલઅતશ' 'અલઅતશ'ના આવાઝો બુલંદ થઇ રહ્યા હતા. એ મૌકા પર અબૂ હુઝૈફા (૨૦) એ એક મસ્કમાં પાણી ભર્યું, અને ઝખ્મીઓને પાણી પીવડાવવા માટે મૈદાનમાં ગયા. તેઓ ફરમાવે છે કે 'નઝદીકમાંજ એક ઝખ્મી મુબ્તલિઃ 'હાય! પાણી!' 'હાય! પાણી' પોકારી રહ્યો હતો. હું દોડીને તેઓની કને ગયો અને પ્યાલામાં પાણી ભરી તેઓને પીવડાવા માંડયું. એટલામાં એક બીજા ઝખ્મી મુબ્તલિઃની આવાઝ આવી કે 'હાય! પાણી' આ દર્દનાક આવાઝ સુણી પહેલા ઝખ્મીએ ધીમેથી કહ્યું કે "હું પાણી કદી પીવાનો નથી. જાઓ પ્રથમ મ્હારા ભાઇને પીવાડો." હ૦ અબૂ હુઝૈફા દોડીને બીજા ઝખ્મી પાસે ગયા અને પાણી પીવાને આપ્યું. એવામાં એક ત્રીજા માણસની પોકાર સંભળાઇ કે 'હાય! પાણી' આ આવાઝ સુણી બીજા ઝખ્મીએ કહ્યું કે હું પાણી પીવાનો નથી. પ્રથમ મ્હારા ભઇને પાણી પીવડાવો. અબૂ હુઝૈફા (૨૦) દોડીને ત્રીજા ઝખ્મી પાસે ગયા, પરંતુ તેમના પ્હોંચવા અગાઉ તેનો વિસાલ થઈ ગયો હતો. દોડીને બીજાની કને આવ્યા તો તેઓ પણ અવસાન પામી ચૂકયા હતા. અહીંથી દોડીને પહેલા ઝખ્મીની પાસે આવ્યા તો તે પણ જન્નતનશીન થઇ ચૂકયા હતા. આ મૌકા પર હ૦ અબૂ હુઝૈફા (૨૦) એ કહ્યું કે "અલ્લાહો અકબર! શી અસર છે રસૂને કરીમ (સ૦ વ૦) ની મુકદ્દસ તઅલીમની-કે જે લોકો ઘણાજ નિર્દય, ઘણાજ પાષાણ હૃદયી હતા, તે એવા રહમદિલ અને હમદર્દ બની ગયા કે જિન્દગીના અંતિમ શ્વાસ લગી એક બીજાની હમદર્દી અને સહાયતાનો ખ્યાલ રાખતા હતા.

મઝકૂર પ્રકારની અનેકા અનેક ઘટનાઓથી મુસ્લિમ-ઇતિહાસ ભરપૂર છે. જેહના માટે સમય અને ફુરસતની ઝરૂરત છે. હકતઆલા વર્તમાન યુગના મુસલમાનોને તાજદારે મદીનહ (સ૦)ની પવિત્ર સીરત અને સહાબાયે કિરામ (રદી૦)ના આદર્શ નમૂના ઉપર અમલ કરવાની તૌફીક અતા ફરમાવે આમીન.

વહેતો વર્તમાન

[સંપાદક : 'કરસ્પૉ']

વૉશીંગ્ટન : ૩૭ અબજનું પ્રચંડ લશ્કરી બીલ બને સભામાં પસાર થયું છે" દુનિયા રચ્યાપાર્ચ ત્યારથી અત્યાર સુધીમાં આટલું મોટું બજેટ કયાંય રજુ થયું જોવામાં આવ્યું નથી!

° ° °

"હિંદના ચાલુ વરસના બજેટમાં ૪૭ કરોડની ખોટ જાહેર થઇ છે; જેથી ૧૨ કરોડના કરવેરા વધ્યા છે" એમાં શું કરવેરા ભરી ભરીને તાલ પડી ગયા પછી તે તાલપર નવા બાલ ઉગશે કે નહિ તેની ચિંતા થી?

° ° °

"પરબીડીયાં પર હવે પાંચને બદલે ૭ પૈસાના સ્ટાંપ લાગશે." પ્રેમપત્રોની વિપુલતા અને પ્રેમ ચળવળોની પ્રગતિ જોતાં હિંદના બજેટની ઘણી ખુશીથી ખોટ તો એકલાં ભણેલાં પ્રેમીઓજ પુરી દેશે!

° ° °

"નોર્વેની શાળાઓમાં ૯૦૦૦ શિક્ષકોએ નાઝી સિદ્ધાંતો શીખવવાની ના પાડી છે." એ શિક્ષકો ખરા અર્થમાં પંડુજી ન હોય!

° ° °

"પારિસમા એક જર્મન પર હુમલો કરવાના બદલામાં ૨૦ ફ્રેંચોને ઠાર મારવામાં આવશે," (૩૮૨) સગી અને સાવકીના દીકરા વચ્ચે તો ફરક હોયજને?

° ° °

"તુમાખીને કારણે મલાયાને સીંગાપુર ગુમાવ્યાં, હવે હિંદને સંતોષો." એમ લંડનના 'લીડર' પત્રમાં કમાન્ડર ગોલીવર લોકર લખે છે." (પ્રતાપ) આ બધાય એકી સાથે શિખામણ આપવા કયાંથી ફુરી નીકળ્યાં?

° ° °

"મુબઇ અને અમદાવાદમાં માધ્યમિક અને પ્રાથમિક શિક્ષકોને એ. આર. પી ની તાલીમ અપાશે." મેં વેકેશનની ગરમીમાં ટાઇમ પ્રસાર થતો નથી એવી ફરિયાદ હવે કોઇને કરવાની નહિ રહે.



પુરૂષોના કપડાં સાયન્ટીફીક રીતે વેતરતાં અને સીવણ શીખવા માટે રૂબરૂ મળો યા લખો.

મુરાદ ટેલરીંગ વર્કસ એન્ડ ઇન્સ્ટીટ્યૂટ

MURAD TAILORING WORKS.

Try our Secret Good Fit for Scientific Cut up-to-date Fitting & Modern Style.

મો. એસ. જી. મુરાદ.

ચુનારવાડા મરજીદ પાસે, નડિયાદ.

ઈમાનની હકીકત અને તેની માગણી

અનુવાદક : : "મુસ્લિમ"

જગતમાં અનેક સોસાયટીઓ અને પાર્ટીઓ છે, તે પૈકી જ્યારે કોઇ વ્યક્તિ કોઇપણ પાર્ટીમાં શામિલ થવાં તેના મેમ્બર થવા ચાહે, તો તેને સૌથી પહેલાં આ બાબતથી માહિત થવું જોઇએ કે એ પાર્ટીના હેતુઓ અને કાર્યક્રમના સિદ્ધાંતો કયા કયા છે? એટલું જાણ્યા પછી જો તે આ પાર્ટીમાં શામિલ થાય છે, તો જાણે તે પોતાના દિલ સાથે એવો કરાર કરે છે કે તે આ પાર્ટીના હેતુઓ અને કાર્યક્રમથી પુરેપુરો સહમત છે. અને તેને આ બન્ને બાબતો એટલી બધી વહાલી છે કે તેના રક્ષણ અર્થે તે મહાન કુરબાની આપવા તત્પર છે.

એજ પ્રમાણે તમારામાંથી પ્રત્યેક માણસને સૌથી પહેલાં આ બાબત પર ખૂબ વિચાર કરવો જોઇએ કે તે પોતે શા માટે મુસલમાન છે? શું તે એટલા માટે મુસ્લિમ સોસાયટીમાં શામિલ છે કે તેણે એક મુસ્લિમ કુળમાં જન્મ લીધો છે અને એ કારણસર વસ્તી મણત્રીમાં તેને મુસલમાન લખવામાં આવે છે? જો મુસ્લિમ હોવાનું કારણ માત્ર એટલુંજ હોય, તો સ્પષ્ટ છે કે એવા લોકોને નતો ઇસ્લામ સાથે કંઇ સંબંધ છે, અને નતો ઇસ્લામને તેઓથી કંઇ મતલબ! અને જો મુસલમાન હોવાનું કારણ આ છે કે તે જગતના સઘળા ધર્મો પૈકી માત્ર એકલો-ઇસ્લામ જેજ સત્ય સમજે છે અને આ વાતનું યકીન રાખે છે કે ઇસ્લામને સ્વીકાર્યા વિના તેને દુન્યા તેમજ આખેરતની ભલાઇ અને નેક બખ્તી પ્રાપ્ત થઇ શકતી નથી, તો નિઃસદેહ એવો માણસ ખરા અર્થમાં મુસલમાન અને મુસ્લિમ સોસાયટીનો સાચો મેમ્બર છે. તો એ ઉપરથી તેની પ્રાથમિક ફર્જ એ છે કે તે ઇસ્લામના હેતુઓ અને તેના કાર્યક્રમની રીતો, રૂઢિઓથી સંપૂર્ણ રીતે વાકિફ હોય, તેને સત્ય સમજે અને એજ હેતુઓ અને સિદ્ધાંતોની પુર્ણાહુતિ માટે તન, મન, ધનથી સંપૂર્ણ કોશિશ કરવાનેજ પોતાની આજીવિકાનો મુખ્ય હેતુ સમજે. ઇસ્લામની વિશાળતા અને અલૂપતાના આધારે અમલના સિદ્ધાંતો અને તેના વિવિધ પ્રકારોની વિગતવાર અને ચોક્કસ માહિતીની દૃષ્ટિએ મુસલમાનોમાં દરજ્જાનો તફાવત થઇ શકે છે, પરંતુ સત્ય એજ છે કે એ તફાવત જરૂરી છે. પરંતુ જ્યાં સુધી હેતુઓ અને સિધ્ધાંતોના સામાન્ય ઇસ્લામનો સંબંધ છે, તે તો પ્રત્યેક મુસ્લિમને હોવાજ જોઇએ. જેવી રીતે ફાસિસ્ટ પાર્ટીના એક એક મેમ્બર, બ્રિટીશ લશ્કરનો દરેક સિપાઇ, અને નાઝીઝમનો દરેક જર્મન ભલે તે વિદ્વાન હોય કે અજ્ઞાન, ભણેલો હોય કે અભણ, સૌજ આ વાતને જાણે છે કે તે પોતાની પાર્ટીનો શા માટે મેમ્બર છે અને તેમાં શા માટે જોડાયો છે? તેમજ આ હકીકત જાણ્યા ઉપરાંત પોતાના દિલમાં એવી ઉર્મી અને નિશ્ચય પણ ધરાવે છે કે તે પોતાની પાર્ટીના હેતુઓની સફળતા અને કાર્યક્રમની પૂર્ણાહુતિ માટે પોતાની વહાલામાં વહાલી વસ્તુ પ્રાણ સુધ્ધાં અર્પણ કરી દેશે વારૂ એવીજ રીતે આલિમ કે જાહિલના ભેદ વિના પ્રત્યેક મુસ્લિમને જાણવું જોઇએ કે તે પોતાને

મુસલમાન કહી જે સોસાયટી (ઉમ્મત)નો એક સભ્ય ઠેરવી રહ્યો છે, તેનો હેતુ શું છે? અને તે હેતુની ખાતર તૈયારી, કામ કરવાની હોંશ અને ધગશ પણ દિલમાં હોવી મુસ્લિમ હોવા માટે ખાસ જરૂરી છે. તો વિચાર કરો કે કામિલ ઇમાનની હકીકત શું છે? ત્રણ બાબતો છે. દિલથી તસદીક કરવી, મુખ વડે ઇકરાર કરવો અને ખુદાઇ આજ્ઞાઓ અનુસાર કામ કરવું. તો ફરી શું કોઇ મુસલમાન અગર દિલથી ઇસ્લામના હેતુઓને સાચા જાણી, તેને સત્ય જાણવું પોતાના કાર્યો વડે સાબિત અને જાહેર કરતો નથી તે શું ખરેખર કામિલ મુસલમાન થઇ શકે છે?

ઇસ્લામનો હેતુ શું છે? આખા જગતના સઘળા મતલેદો છતાં આ પ્રશ્નના ઉત્તરમાં બે મત થઇ શકતાજ નથી કે ઇસ્લામનો હેતુ ખુદાઇ કાનૂનોને જગતમાં જારી કરવાનો, અને તેની ખુદાઇ મનાવવાનો છે. તો હવે એ માર્ગમા જેટલી અડચણો પેદા થાય અને જે કોઇ અતરાય રૂપ થાય, તે સૌનો ઇસ્લામ શત્રુ હોઇ એવો હુકમ આપે છે કે તે સૌને બની શકે તે રીતે દૂર કરી દેવામાં આવે. શિર્ક, જગતમા લડાઇ ઝગડા, ગુનાહો અને પાપો કરવાની કોશિશ, કોઇના ઉપર જોર જુલ્મ, બંડખોરી, ખુદાઈ કાનૂનથી સરકશી અને તેની વિરૂધ્ધતા, એ સૌ બાબતોને જડમૂળથી નાબૂદ કરી મનુષ્ય જાતીના સઘળાજ લોકોની એક શાંતિમય સોસાયટી અને એક સદાચારી, સુલક્ષણી જમાઅત બનાવવી ઇસ્લામનો એક મૂખ્ય હેતુ છે. તેથી આ જમાઅતનું એક દ્રષ્ટિ બિંદુ હોવું જોઇએ કે તે જે રથળે પણ ખુદાઇ કાનૂનની વિરૂધ્ધતા જુએ, તેને જો બળથી રોકી શકે તો સત્તા, બળ વડે રોકે; નહિ તો અન્ય કોઇ કળ, યુક્તિથી રોકી દે. બોધ આપી અટકાવવા કોશિશ કરે. એટલું પણ ન કરી શકે તો તેનાથી નારાજ રહે અને તેથી કંટાળો જાહેર કરતા રહી પોતાના અંદર તેને રોકવાની શક્તિ પેદા કરવાની કોશિશમાં મચ્યા રહે. તેથી આ જમાઅતના દરેક સભ્યના દિલમાં વર્ણિત તથા દરેક એવી બાબતોને નાબૂદ કરવાની કાયમી ધુન અને અટળ બેચેની રહેવી જોઇએ, જે ખુદા અને તેના કાનૂનનો દ્રોહ કરવાના માર્ગ બતાવે. ખુદાપાકે કુર્આન મજીદમાં મુસ્લિમોના જીવન હેતુને સ્પષ્ટ કરતાં ખુલ્લા શબ્દોમાં ફરમાવ્યું છે, આયતના અર્થ:- "જેટલી ઉમ્મતો મોજૂદ થામાં આવી, તે સૌથી તમે બેહતર ઉમ્મત છો, તમે શુભ કાર્યો(સદાચારો)નો હુકમ આપો છો અને દુષ્ટ કામો (દુરાચારો)થી રોકો છો."

જુઓ, અત્રે એમ ફરમાવ્યું નથી કે તમે પોતે દુરાચારોથી દૂર રહો છો અને સારાં કામ કરો છો. બલકે મુસલમાનોની બેહતર ઉમ્મત (સારામાં સારી સોસાયટી) હોવાનો પાયો આ વાત પર રાખ્યો છે કે પોતે તો અવશ્ય સારાં કામ કરશે અને દુરાચારોથી અળગા રહેશે વળી એથી આગળ વધી અન્યને પણ સદાચારોનો હુકમ આપશે અને બુરાં કામોથી રોકશે. પછી આ વાતનો પણ વિચાર કરો કે માત્ર બોધ અને ઉપદેશ તરીકે કોઇ વાતનું કહી દેવું બસ નથી. બલકે ઇસ્લામ પોતાના અનુયાયીઓના હાથમાં એવી મહાન સત્તા અને સંપૂર્ણ બળ જોવા માંગે છે, જેના વડે તેઓ સદાચારોને હુકમ અને દુરાચારો માટે મનાઈ હુકમ આપી શકે. તેથીજ આયતમાં હુકમ આપવા અને

શકિત હોય તો તેમણે પ્રત્યેક મોકાસર તેનો વાજબી ઉપયોગ કરવો જોઇએ. અને જે કુમનસીબીથી તેઓમાં એવું બળ ન હોય, તો તેને પ્રાપ્ત કરવા દિનરાત કોશિશો કરવી જોઇએ અને અંગત લાભો કે કામોમાં લાગી રહી તે તરફથી જરા પણ દુર્લક્ષ ન થતાં હેતુ પાર પડતા સુધી બેચેન રહેવું જોઇએ.


આ વાત યાદ રહેવી જોઇએ કે ઇસ્લામ કે ઇ અમુક કૌમ અથવા ખાસ અમુક દેશનો નથી. બલ્કે તે સઘળી માનવતાનો સાચો હમદર્દ અને ગમ ખાનાર છે તે દરેક અલ્લાચરીનું માથું કચડી મજબૂતનો હક અપાવવાને પ્રત્યેક ઝુલ્મ વર્તાવતી કૌમ કે વ્યક્તિની મરદને સલના સ્લામે ઝુકાવી દેવાને પોતાની પ્રાથમિક ફર્જ સમજે છે. ઇસ્લામમાં એશિયાઇ કે યુરોપીયન અને કાળા, ગોરાંનો કંઇજ ભેદભાવ નથી. ઇસ્લામ ખુદાથી દ્રોહ કરનાર સઘળા જનોનું માથું કચડી જગતભરને ફિતના, ફસાદ અને તથા બુગઇ અને હિંસકતાથી પવિત્ર કરી દેવા ચાહે છે.

આ છે ઇસ્લામનો પ્રાથમિક હેતુ જેને પ્રાપ્ત કરવાની અટળ તડપ અને બેચેની દરેક મુસ્લિમના દિલમાં હોવી જોઇએ અને પોતાના ઇસ્લામની બ્તહેરાત કરવાના પહેલા દિવસથી તેણે ચોકકસ ધારી લેવું જોઇએ કે તે આજથી એવી જમાઅતમાં શામિલ થઇ રહ્યો છે, જે આ છબન પધારી પર ત્યાં સુધી ચેન અને શાંતિથી પગું મુકનાર નથી, જ્યાં સુધી કે અલ્લાહનો કાનૂન અને તેનો બતાવેલો જીંદગીનો કાર્યક્રમ દુન્યાના સઘળા કાનૂનો પર કાયદેમંદ ન થાય. સારી રીતે યાદ રાખો કે માત્ર મુસ્લિમ ઘરમાં પેદા થવા અને મુસલમાન ગણાવા ઉપર બસ કરી બેસવા એથી બે ચાર કદમાં આગળ વધી નમાઝ, રોઝહ, ઝકાત, હજ્જ અદા કરી ચેનથી જીવન ગાળવું અને અલ્લાહનો બોલ બાલા કરવાના જુસ્સાથી ગફિલ અને બેખબર રહેવું ઇસ્લામની હકીકતને ગલત સમજવા સમાન છે. એની મતલબ એ નથી કે નમાઝ રોઝહ વગેરે અદા કરવાની જરૂર નથી બલ્કે મતલબ એ છે કે જે પ્રમાણે એક ઇમારત તૈયાર કરવા માટે જેટલી વસ્તુઓ ખાસ જરૂરી છે, તેમાંથી એક વસ્તુ પણ ન હોય તો તે ઇમારત પુરી થઇ શકતી નથી. તેજ પ્રમાણે ઇસ્લામરૂપિ ઇમારતમાં નમાઝ, રોઝહ વગેરે અરકાનની માફક અલ્લાહનો બોલ બાલા કરવાનો જુસ્સો પણ એક જરૂરી વસ્તુ છે. તો એના સિવાય ઇમારત પુરી થશે નહિ. તેજ પ્રમાણે એકલા એ જુસસ્થી પણ નમાઝ, વગેરે અરકાનો વિના કામ ચાલી શકતું નથી માટે એ સૌ અરકાનો અદા કરવા સાથેજ એ જુસ્સો કામ લાગશે. કારણ કે એ જુસ્સો કંઇ પોતાના અંગત લાભ ખાતર નથી બલ્કે ખુદાની ખાતરજ છે. તો માણસ એ અરકાનો અદા કર્યા વિના નાફરમાન બની એ જુસ્સાનો ઉપયોગ કરતાં ભૂલથાપ ખાશે અને ઈમાન તેને અવળે માર્ગે લોરી જશે.

એથી જણાયું કે ઇસ્લામનો મુખ્ય હેતુ પુરો કરવાની આકાંક્ષા અને નરી ઉંસ તથા જુસ્સાથી હેતુ પાર પાડી શકાતો નથી. બલ્કે એના માટે અથાગ કોશિશો કરવા અને તકલીફો વેઠવાની જરૂર પડશે; તેમજ એ પવિત્ર હેતુની પ્રાપ્તી માટે તેજ માર્ગો અને રીતોથી કોશિશો અને દોડ ધૂપ કરવી વાજબી ગણાશે, જેમનો એ હેતુથી સબંધ હોય અને મનઝિલે મકસુદ સુધી પહોંચાડી શકતા હોય. બીજા માર્ગો અને તરીકાઓ પર જેટલી કોશિશ

કરવામાં આવશે અને ઉતાવળે ચાલવામાં આવશે, તેટલીજ ઉતુ પ્રાપ્ત થવામાં વધુ લાગશે અને તેના અસલી માર્ગથી વધુ દૂર જઈ પડેાચાંશે.

તેા જે કેાઈ આ હેતુ પર ઇમાન રાખી એને અન્ય સઘળી વસ્તુઓથી વધુ પ્રેાય સમજતેા હેાય, તેના માટે જરૂરી છે કે જેવી રીતે તે દુન્યામાં જીવન ગાળવા અને પેાતાની ઔલાદની પરવરિશ કરવા યથાશક્તિ દરેક પ્રકારની પેાગ્ય કેાશિશ કરવા તૈયાર રહે છે, તેવીજ રીતે બલકે તેથી પણ વધુ આ હેતુની સાધના માટે દરેક શકય કેાશિશ કરવા માટે પેાતાને તત્પર કરે. પછી એ કાર્યના માર્ગ અને તરીકાને દીર્ઘદ્રષ્ટિ પૂર્વક વિચારે, સમજે અને ખુદા પર ભરેાસેા રાખી તેના ઉપર ચાલવા ચલાવવા લાગી જાય. ખુદાપાક સૌને તૌફીક આપે. અમીન



અહમદ એન્ડ કો.

જુના અને જાણીતા વેપારી.



દરેક જાતની પેટ્રોમેક્ષ બત્તીઓ, પ્રાઈમસ સ્ટવ, સોનીના ઝાળવાના ચુલાઓ, ઈલેકટ્રીક ફેન, વીજળીના લેમ્પ, અને ડેકેારેશન માટે ઈલેકટ્રીક તેારણેા, પાણી ગરમ કરવા માટે વૉટર હીટર, ઈલેકટ્રીક અસ્તરી, નાઈટ લેમ્પ, બેટરીના ગલ્બ, એવરેડી પાવર, ફ્લેશ લાઈટ ટૉર્ચ વગેરે કિફાયત ભાવે મલશે તેમજ વીજળીનું દરેક પ્રકારનું ફીટીંગ કામ તૈયાર મળશે.

અમારા કારખાનામાં બનતી દરેક જાતની અને દરેક સાઇઝની સ્ટીલ ટ્રંકેા, સુટકેસ, બેગ વગેરે તૈયાર મળશે તેમજ ઑર્ડરથી બનાવી આપવામાં આવશે.

—: ગામડાના વેપારીઓને ખાસ સગવડ :—

ઑર્ડર આવેથી માલ બાતરી પૂર્વક મેાકલવામાં આવશે.

ઠે૦ કણપીઠ બજાર, લાલગેટ પાસે, સુરત.

ઝંખના

લેખક : 'ઇજન' ઘોરાજની સાહબ

સહકારી : 'જ્યોત' (મદ્રાસ)

◆

આદર્શોના હિમાચ્છાદિત સ્વપ્નોને જીવનમાં જડી લેવાના પ્રયત્નો કરતો અનીસ એના સમાજની નજરે એક સાધારણ મનુષ્ય હતો. સાક્ષાત જોનારાઓની દૃષ્ટિએ એ એક ધુની માનવ હતો, અને સાહિત્ય રસિકોની આંખે એ ભવિષ્યનો એક આશાસ્પદ લેખક હતો.

'પોતે કોણ છે? શું છે? અને શું કરે છે? એનું જ્ઞાન અનીસને નહોતું, ઉપચારોના પ્રમાદમાં વહી એ કંઈ લખી જતો. કદી કંઈ બડબડી જતો, અને એના મિત્રો કને, એના સમાજજનો કને લાગણી પ્રધાન થઈ કયારે કયારે ઉગ્ર ચર્ચામાં ઉતરી પડતો, કયારેક સમાજના અનીષ્ટો જોઈ ઉકળી ઊઠતો, અને કદી કદી સમાજની અવદશા જોઈ રડી પડતો.

એની નીકટની માનવતાની દૃષ્ટિએ આ વસ્તુ અનીસના જીવનની ઘેલછા હતી, એનું ગાંડપણ હતું. અને એટલાજ કારણસર એક જુદા માનવ તરિકે એની ગણના થતી. એ બદલની કંઈ પરવા તેને નહોતી, એને તો એની સમાજના અનીષ્ટોનાં મૂળ ઉખેડવાની તાલાવેલી હતી, જુનવાણી સમાજ રચનાને જરાપી દઈ નૂતન સમાજનું ઘડતર કરવાની તમન્ના હતી. જગતમાં જુની જઈ કંઈ કરી જવાની એવના હતી, પછી ભલે એ ઘેલછાના નામે હોય કે પાગલપણાના નામે! અને આજ આદર્શો પાછળ પાગલ બનેલા અનીસને એવી પળભર કંઈજ ભાન નહોતું.

એકજ વસ્તુમાં વસી રહેલી શક્તિ ધીમે ધીમે વિકાસ સાધે છે, એવીજ રીતે રહેતાં અનીસની લેખન શક્તિ વિકાસ પામતી રહી. સર્જિત સૃષ્ટિમાં એના સામાજીક લેખોએ એક સમસ્યા ઉભી કરી. નૂતન સમાજ રચતા માટે એણે સમાજ સમક્ષ નવી નવી વિચાર શ્રેણીઓ ઉપસ્થિત કરી, લખાણોમાં નવી શૈલી ઉપજાવી અને જે વિલક્ષણતાથી નવા લેખકોનું વ્યકિતત્વ સાહિત્ય ક્ષેત્રમાં થઇ શકયું છે એવીજ રીતે અનીસે સાહિત્ય જગતમાં પોતાનું સ્થાન સ્થાપિત કર્યું.

"સ્ત્રી શું છે?" એ પ્રશ્નની છણાવટે અનીસને ખૂબ પ્રસિદ્ધી આપી. સ્ત્રી વિષયક લેખો-લેખો પુરતાજ મર્યાદીત ન રહ્યા, પરંતુ એ સ્ત્રી જીવનના પ્રશ્નો બધે વ્યાપક થયા, સમાજ જનોની જીભે એ પ્રશ્નો રમતા થયા, આગેવાનોના અન્તરદ્વારોએ એ પ્રશ્નો ખૂબ ચર્ચાસ્પદ બનાવી મૂકયાં, નિરક્ષર એવા ટોળાએ સમાજ જનો ઉશ્કેરાઇ જઇ અનીસને ગાળો પ્રદાન કરવા લાગ્યા.

પ્રસિદ્ધીની સીડીનું, પહેલું પગથીયું અનીસ ચઢી રહ્યો હોય એવી આજે એને પહેલીજ વાર પ્રતિતિ થઇ. એ આવેશમાં આજે એ પાગલ બન્યો, ઘણા દિવસો બાદ હસી પડયો, જાનું જાનું ખૂબ હરખ્યો, પ્રસિધ્ધીનું પહેલું હાસ્ય મંજુલ હતું, અપૂર્વ મીઠી ભાવનાથી ભરેલું એ હાસ્ય મધુર હતું.

સિધ્ધીને ખાતર પ્રયત્નશીલ રહેતા આત્માનું આથી વધારે ભાવમય, સુભગ સુંદર અને આદર્શોને ધન્ય કરતું બીજું કયું હાસ્ય હોઇ શકે?(૧૧)



"સમાજમાં સ્ત્રીનું સ્થાન કયું છે? સ્ત્રી કે ઘરરાણી?"–ઘરની ગુલામ! "તૃપ્તીનું મંત્ર, માનવ સમાજનું રમકડું. સ્ત્રી વગેરે શિર્ષકનાં લખાણો અનીસના હૃદયમાં ઉજ્જવળ ઉત્સાહ, ઉમંગ અને પ્રેરણા પ્રગટાવીને રહ્યાં, સ્ત્રી જીવનના પ્રશ્નો એના મુખ્ય પ્રશ્નો બન્યાં અનીસને ઘડીભર એમ લાગ્યું કે સ્ત્રી ઉદ્ધાર માટેજ એના જીવનનું સર્જન કદાચ કેમ ન હોય?"

અને પછી તો સ્ત્રી જાતીના એકએક પ્રશ્ન માટે એણે નવાંનવાં આંદોલન ગતિમાન કર્યાં. જગતની સામે સ્ત્રીસ્વભાનની પુકાર કરી, સમાજની સામે સ્ત્રી સમાજને એક ઈન્સાન ગણી લેવાની ઘોષણા કરી.

સ્ત્રીઓના બંધનો કુશળી દેવાની પ્રવૃત્તિઓ આદરી. સ્ત્રી આઝાદી માટે સમાજ સામે ગર્જના કરી "સ્ત્રી...સ્ત્રી નથી, એક માનવ છે, અને એ એક માનવ તરીકેના તમામ હકકો એનેયે મળવા જોઇએ." એ ફિલસૂફી એ નથી બોલી, સમાજની સામે પહેલીજ વાર રજુ કરી.

"અનીસ ગાંડો થયો છે! અનીસનું ચસકી ગયું છે. સમાજ જનોની ઉપેક્ષા પ્રબળ બનતી રહી

'અરે સ્ત્રી સ્વભાનની વાતો કરનાર અનીસ પોતાના ઘરમાં તો જરા જુવે?"

"એના ઘરમાં શું છે?" સમાજ જનોએ પ્રશ્ન કર્યો.

"એની પત્નિ બીજુ શું!"

"પત્નિ.....એટલે શું?"

"અરે એનો પહેલા ઉધ્ધાર કરે, નારી પૂજનનો એ હિમાયતી પહેલા પત્નિ પૂજા કરે પછીજ જગતને સુધારવા બહાર પડે!"

સુધારક વર્ગનાં છિદ્રોને જોવાને ટેવાયલા સમાજે, અનીસના અંગત જીવનમાંથી ડોકયું કર્યું અને કુથલીનાં ચોટલાંઓ ઘુંટવા લાગ્યા.

"શું પત્નિ છે...અભણ છે, નિઃસંતાન છે, પરણ્યાને પાંચ પાંચ વરસ થયાં હજુ બોળાના ખુંદનારની એ ન્યુનતા છે, બાઇ!"

"પણ એથી શું?"

"અરે શું! શું? એનું જીવન કેટલું? પાછળ શું? જીવનનો અર્થજ એ છે...એજ ઇશ્વરની કૃપા છે બીજું ખાઇપીને તો કુતરાં પણ જીવે છે!"

સમાજજનોનો ધ્વનિ "અનીસ"ના કાને અથડાયો. એણે વિચાર્યું અને એના અંતરાત્માએ કબૂલ કર્યું કે એની પત્નિ નિરક્ષર છે, અજ્ઞાન છે, અભણ છે, ધાર્મિક સંસ્કારોના પ્રભુત્વે એને શિક્ષણની રાહ દાખવી નથી, કોઇએ દાખવી તો એણે એને પાપ માન્યું. અને એ અજ્ઞાન રહી.

પરંતુ એમાં અનીસનો શો દોષ? સમાજ અનીસને આટલા કારણે શા માટે નીંદે છે! અનીસ એ વિમાસણમાં મુંઝવાઇ ગયો, સમાજને સંતોષવા એણે પ્રથમ પત્નિને શિક્ષણ આપવું જરૂરી જણાયું; પરંતુ એની સુક્ષ્મ દૃષ્ટિએ એમાં એની હાર જોઇ.

હાર હોય કે જીત; પણ એના વિચારોમાં એ મક્કમ થયો, અને તેજ દિવસથી એને શિક્ષણ આપવું શરૂ કર્યું

ત્યાં સમાજના સ્ત્રી સમાજે "અનીસ"ની માતા સમક્ષ ફરીયાદ કરી.

"માતાજી! આ શું? ક્યાં તમારો સુદૃઢ સુંદર અને હુશિયાર અનીસ ને ક્યાં આ તમારી છોપર પગી, અર્ધદગ્ધ વહુ! બિચારો તમારો અનીસ એને ભણાવવા માથું ફોડે છે, પણ એ અભણની અભણ કંઈ શીખે છેજ ક્યાં? અને વળી...વાં..."

"વંઝણી"

ઘરની દીવાલો ઘડીભર કંપી ગઇ હશે, સ્ત્રી જાતી પોતાની જાતીનીજ શત્રુ બની, સમાજની કેટલીએ બ્હેનોના જીવનમાં દીવા-સળી મૂકતી હશે!

"અનીસની માતાને એ દિવસથી એની વહુનો પ્રશ્ન દુષ્કર થઇ પડ્યો, એણે પાંચ વરસોથી ઘણીએ માનતો માની હતી, ઘણુંએ દાન કર્યું હતું. પરંતુ આજ સુધી એની આશા અધુરીજ હતી, સંતાનમાંજ જીવનની સાર્થકતા જોની એની આંખો હવે થાકી હતી...એટલે આજે એણે અનીસને હૃદય વેદના કહેવાનું નક્કી કર્યું.

"વીરા, હવે તો હું થાકી છું, આ રાંડ નનો કંઈ ભરોસો છે નનો કૂળને દીપાવે એમ છે...હવે...હું તો...!"

"બસ કરો, માતાજી બસ કરો. એ નિર્દોષને શા માટે ગાળો દો છો.!

"જે વસ્તુ માનવના હાથની નથી, મ્હારા હાથની નથી, એ ઇશ્વરના હાથની વાત છે. એમાં કોઇ શું કરે?"

"પણ હવે તો હું જીવનના આરે ઉભી છું, મ્હારી મુરાદ હજુ અધુરીજ છે, શું મ્હારી ઉમ્મેદ, મ્હારી આશાઓ અધુરીજ રહેશે?"

"અરે! માતાજી આ શું? આમ રડો છો શા માટે? ખુદા ઉપર ભરોસો રાખો બધું સારૂં થશે!"

એ દિવસથી આદર્શો સાધવાના મોહમાં ઊંડતો અનીસ કંઈ વિચાર કરતો થયો. એક તરફ સ્ત્રીસ્વમાનનો પ્રશ્ન હતો. બ્યારે બીજી તરફ માતૃ મમત્વની પરમ પણ સ્નેહ ભરી ઉર્મિ હતી, નિરાકરણ અશક્ય હતું! પ્રશ્ન-પ્રશ્ન જ્હોતો, એક કોયડો હતો. એ મુંઝાવા લાગ્યો, એની પ્રેરણા શક્તિ કુંઠાઇ ગઈ. એ વિવશ બન્યો.

મહત્વકાંક્ષાઓના ઘેનથી ગાઢો ઘેન એની ફરજોનું ભાન હતું; પરંતુ એ અંતે તો એક સ્વપ્ન દ્રષ્ટાજ હતો! આદર્શોના ગાંડપણમાં એ તન્મય હતો, એની ધુન વિલક્ષણ હતી પ્રેમની વાસ્તવિકતા એણે પીછાણી હતી; પરંતુ હૃદયની લાગણી પ્રદાનતા એની મક્કમતાને કયારેક સ્થાન ભ્રષ્ટ કરવામાં વિજયી થતી હતી. એજ કારણે અનીસનો અનેરા આનંદથી થનગનતો પહેલાંનો ઉત્સાહ આજે એટલો પ્રબળ રહ્યો જ્હોતો, એની ધુન ધુન હતી. પણ કંઇક મંદ, એની ચીસ ઝપે કુદતી વાચા વાચા હતી, પણ મૌન.

"જોતા જે દિવસ થયાં મ્હારૂં શરીર કંતાઇ રહ્યું છે. હું નિષ્ક્રીય બની રહી છું, મ્હારા જીવનનો આનંદ સમી રહ્યો છે! શું મ્હારો અંતીમ કાળ મ્હારી તમન્નાઓ કમકડી નાખશે? મ્હારી જીવન અભિલાષા શું અભીલાષાજ રહેશે?"

"નહી મા, એવું ના બોલ. ખુદા તારી ઇચ્છા જરૂર પૂર્ણ કરશે, ધૈર્ય ધર, ખુદા પર શ્રધ્ધા રાખ!"

"અનીસ, હવે હીમત નથી, એકજ

આશાએ પાંચ પાંચ વરસ સુધી ધૈર્ય ધર્યું, શ્રધ્ધા રાખી, હીંમતથી દિવસો પસાર કર્યા પણ ..આજે..."

"રડ મા, મા, તું રડ મા. તારૂં એક એક આસું મ્હને જલાવી દે છે! મ્હારી ભાવનાઓને આજ સળગાવી દે છે, ખુદા ખાતર માતા હવે તું રડ મા, હવે તું રડીશ તો મ્હનેએ રડવું પડશે! મા,..."

બુદ્ધિ ગમ્ય પ્રશ્નોને વિચારતો અનીસ માતૃપ્રેમ પાસે નિરાધાર બન્યો, અને એને જીવનમાં આજે પહેલીજ વાર એના જીવન આદર્શો ઉપર તિરસ્કાર વછુટ્યો

"હું આદર્શો પાછળ ઘેલો બન્યો, મ્હારો આદર્શો મ્હારી વ્હાલી તમન્નાઓ હજુ અર્ધ વિકસીત બની છે, પૂર્ણ વિકસીત થઇ જગત ઉપવનમાં પરાગ પ્રસરાવવા તૈયાર બને એ પહેલાં તો મ્હારા આદર્શોનો કાતિલ કાળ, મ્હારી ઉમ્મેદોનો રાક્ષસ, મ્હારી તમ્મનાઓનો ખૂની...કાળ, મ્હારી સમક્ષ એના ઉપકાર સ્વરૂપે ખડો થયો છે, ઓ, કાતિલ કાળા ઓ, મ્હારા જીવનમાં આગ રેડનારા નિષ્ઠુર કાળ કહે, મેં આખર તહારૂં શું બગાડ્યું છે? કયા અપરાધની આખર મ્હને તું આ શિક્ષા કરી રહ્યો છે!"

"માતા જે રડે છે, જે મ્હારા જીવનનું સર્વસ્વ છે, જેણે મ્હને જીવન આપ્યું, મ્હારા જીવનમાં જેણે આદર્શો રેડ્યા! ગરીબ હોવાના પાપે ગામની મજદુરીઓ કરી, શારીરિક શ્રમનાં કષ્ટો મ્હારી ખાતર સહન કર્યાં, જગતનો તીરસ્કાર મ્હારા માટે ઝીલી લીધો, સમાજના ઉપાલંભો મ્હારા માટે સહન કર્યા. જેના જીવનની જ્યોત માત્ર હુંજ રહ્યો, જેણે દુખ્યુ જીવનમાં જઈ મને ઉત્તમ સંસ્કારો, ઉંચ્ચ વિદ્યા, અને ઉત્તમ જ્ઞાનનું પોષણ દીધું. આજે એજ માતા તહારી પાસે રડે છે, તહારી પાસે કંઇ યાચે છે, એની જીવન ઝંખના હવે ધેલી બની છે. હું શું કરૂં! હે, આદર્શવાદી હૃદય! કહે, હું શું કરૂં! કઇ દિશાએ જાઉં! કહે કહે, ઓ, રૂંધાયલા આદર્શવાદીના ઓ, ડંખતા હૃદય! કંઇ કહે, કોઈ માર્ગ દાખવ! અરે કંઇ તો પ્રત્યુત્તર આપ!"

"હું પ્રતિદિન મુંઝાઉ છું, લાચાર બનતો જાઉ છું, જગતને નવી રચનાઓ બતાવનાર, આજે પોતે પોતાની રાહ શોધવામાં નિષ્ફળ... સાવ નિષ્ફળ બની રહ્યો છે, મ્હારી ધુનનો ઘાત પ્રત્યાઘાત બની મ્હને બાળી રહ્યો છે."

સ્વગત બબડી રહેનો અનીસ હતાશ થઇ, રડતી આંખે સુઇ રહ્યો.

"બેટા, હવે હું વધુ ટાઇમ તારી વચ્ચે રહી શકું એમ નથી, મ્હારી તબીયત હવે દવાઓથી સુધરે એમ નથી, મને તુંજ બચાવી શકે એમ છે, મ્હારૂં જીવન અને મૃત્યુ તારા હાથે છે..."

"હું શું કરૂં...માતા!" અજાણપણે અનીસે પૂછી લીધું.

"બીજી...!"

"નહિ માતા એ હું નહિ કરી શકું, જગત મને તિરસ્કારશે, દુન્યાની દ્રષ્ટિએ હું ઠગી હલકટ વૃત્તિનો એક અધમ માનવ ગણાઇશ."

"પણ મ્હારી ઝંખના! હું ઝુરી ઝુરી-મરીશ બેટા!"

માતાની મનોદશા બગડતી ગઈ, માનસિક દર્દનું દબાણ વધતું ગયું એ જાણે પાગલ બની, દીવાની જેમ જાણે અજાણપણે બકવાસ કરતી રહી...અને એ બધું મકકમ નિશ્ચયે અનીસ જોતો રહ્યો.

"બેટા, આખર હું મ્હારો ન થયો, પૈર હું તુંહારૂં કંઈ બુરૂં કરતી નથી, ખુદા તુંહને સુખી રાખે"

અનીસ ચોંકયો, ઘડીભર ડગી રહ્યો, માતાનું મમત્વ નજર સામે ખડું થયું.

બીજા દિવસે શહેર ભરમાં સનસનાટી પ્રસરી ગઈ, ગામ ચોકોના મોટે એકજ પ્રશ્ન હતો, એજ ચર્ચા હતી.

"અનીસ અધમ બન્યો, આખર તલાક આપી.....!!"

સ્ત્રીસ્વમાનની બડીબડી વાતો કરનાર આખર સ્ત્રી જાતનો શત્રુ બન્યો.

"ધીક્કાર હજો, એવા સ્ત્રી જાતીના ઉધ્ધારકો પર.....!" ...ગામજનોએ બેફામ પણે ગાલી પ્રદાન અર્પ્યું.

અનીસની માતા ખુશ થઈ. પુત્રના બીજા વિવાહ કરવાના આધેડ ઉમરે કોડ જાગ્યા. એના હૃદયમાં નવું ચેતન પ્રગટયું.

બુદ્ધિ શૂન્ય સમાજે કૈ વિચાર ન કર્યો. તલાકની તલ્વારે કતલ થએલ બાળાનો જનાબ કોઇએ ન માગ્યો!

અને સમાજે પુનઃ એક નવી પ્રફુલ્લ કળી અનીસને અર્પી....

અનીસની માતાનો હવે અંતીમ કાળ નહોતો, હવે તો એ યૌવનમાં હતી, એના યૌવનનો ઉત્સાહ અનન્ય હતો.

વરસો પસાર થયાં પાંચ-છ-સાત પણ હજી એ ઝંખના-ઝંખનાજ રહી! રે, ઝંખના!

(સંપૂર્ણ)

વહશી સાહિત્ય કાર્યાલય

(પ્રકાશકઃ-"કારવાં" માસિક)

કણપીઠમાંથી ખાલી કરી

ટાવરરોડ, મોહન ટૉકીઝ પાસે ગયા છે.

"કારવાં"ના ગ્રાહકોને નવું સરનામું નોંધી લેવા વિનંતી છે.

'કારવાં'ના પ્રથમ અને બીજા વર્ષની ફાઈલ

અંક ૧ થી ૧૨, કપડાંનું પાકું પુઠું. કી. રૂા. ૫) ટ. ખ. સહિત

કોપીઓ સીલકમાં ઓછી હોવાથી થોડીકજ બંધાવવામાં આવી છે.

આજેજ ઓર્ડર મોકલી આપો.

બે સ્વદેશાભિમાની હૃદયો!!!

અનુવાદક : "મજ્ઝક" સાહબ (ઇબોઇ)

અમેરીકાની ફલાઈંગ નિશાળમાં દૂર દૂરથી તાલીમ માટે હવાઇ જહાજ ચલાવવાનું તેમજ તેના અંગેનું સર્વે જ્ઞાનનું કામ શીખવા અનેક માણસો આવતા. તેમાં આપણા ચીનનો "ચાંગ" પણ આવેલો હતો એ નાનકીંગનો રહેવાસી છે. ચીનની સરકારે તેને રૂપૈયા ખર્ચે તાલીમ માટે અમેરિકા મોકલ્યો હતો અને તે વખતે જપાની લોકો પણ આવતા હતા. આ તે વખતની વાત છે કે જ્યારે ચીન, અને જપાન વચ્ચે લડાઇ થઇ ન હતી. એજ નિશાળમા જપાનની એક નવ-જવાન છોકરી પણ એજ તાલીમ માટે આવેલી હતી. કે જેણીનું નામ "પી" હતું ચાંગ ઘણોજ ખૂબસુરત અને હષ્ટ પુષ્ટ દેખાતો જવાન હતો. તેમજ પી પણ ઘણીજ ખૂબ-સુરત અને દેખાવડી છોકરી હતી. જ્યારથી ચાંગે રકુલમાં પી. ને જોઇ; ત્યારથી તેનું ભણવામાં ચિત લાગતું નહીં, અને નિશાળમા તેણીનેજ જોતા કરતો. અચાનક એક વખતે નિશાળમાંજ બન્નેની આંખો મળી ગઇ અને શરમથી નીચી પણ નમી ગઇ નિગાહોનું જાદુ પણ ગજબ છે. બન્તેમાં મૈત્રી બંધાવા લાગી. દૂર દૂરથી આખો આખોમાંજ વાતો થવા લાગી!

એક દીવસે ચાંગ ફરવાને બગીચામાં ગયો હતો, અને એક બેન્ચ ઉપર બેઠો થોડી વાર થઇ હશે કે અચાનક પાછળથી કોઇએ આવી નાજુક હાથ તેના ખભા ઉપર મૂકી કહ્યું-"ચાંગ!" "પી" કહી બંને ખામોશ રહ્યાં. "ચાંગ!" "પી" ફરી કહેતાં આંખો મળી ચાંગે કહ્યું "પી હું તને ....."

"ચાંગ, હું પણ તમોને ચાહું છું."

આ પવિત્ર પ્રેમને બે વર્ષ વિતી ગયાં બન્નેએ વિમાન ચલાવવાની તેમજ વિમાની લડાયક તાલીમ લીધી બન્ને હવાઇ વિમાનની પરીક્ષા આપવા ગયા. એક વિમાન લઇ ઉડ્યાં અને ઘણાં ઉચે ઉડ્યાં. તેમાં અચાનક એક વિમાનનું મશીન બગડ્યું અને નીચે પડ્યું. ઝખ્મીને દવાખાને પહોંચાડવામાં આવ્યો. ઝખ્મી ૧૫ દાહન દિવસે દિવસે બગડવા લાગી ડૉક-ટરોએ અભીપ્રાય આપ્યો કે જો કોઇના લોહીનું ઇન્જકશન આપવામાં આવે તો કદાચ દર્દી બચી જાય. ચાંગ તે વખતે ત્યાં હાજર હતો. ચાંગે કહ્યું હું તૈયાર છું. લોહી તપાસવામાં આવ્યું પાસ થયું, અપાયું, અને પી બચી ગઇ.

ઘણા દિવસ બાદ બન્નેએ વિમાની પરીક્ષા પાસ કરી પોતપોતાને દેશ જવા લાગ્યાં જહાજમાં તૈયાર થઈ બેઠાં, માનપત્ર અપાયાં. વિદાય થઇ અને બન્ને પોતપોતાને દેશ પણ પહોંચી ગયાં.

ઇ. ૧૯૩૪નું વર્ષ હતું કે ચીન અને જપાનની વચ્ચે ચકમક ઝરી. જપાને નાનકીંગ ઉપર ચઢાઇ પણ કરી દીધી તે વખત એજ ચાંગ ચીનનો સરમુખત્યાર હતો; કે જેને ચાંગ કાઈ શેક કહેવામાં આવે છે. એણેજ ઉંઘતા ચીનને જાગૃત કર્યું. વિમાની યુધ્ધ થવા લાગ્યું. ચાંગ પોતાનું લડાયક વિમાન લઈ ઉડ્યો, અને ઘણા વિમાનોનો નાશ પણ કર્યો અને ઘણાને નીચે ઉતરવાની ફરજ પડ પાડી અને ઘણા જપાની કેદ પણ થયા.

એક દિવસે ચાંગ કાઈ શેક કેદીઓને જોતો જોતો અચાનક એક કેદીના હાથમાં પહેરેલી અંગુઠી ઉપર પડી કે જેના ઉપર ચાંગ લખેલું હતું તરતજ તેણે પોતાના હાથની અંગુઠી ઉપર જોયું તો પી લખેલું હતું. એક બીજાની આંખો મળી પણ જુદીજ રીતે. પ્રેમભરી નીગાહોને બદલે ગુસ્સા ભરી; નિગાહોથી મૂખ ફેરવી લીધાં પ્રેમ પર સ્વદેશાભિમાને વિજય મેળવ્યો

સિદ્ધિ.....ના.....સન્માર્ગ

રજુ કરનાર : "ગાફિલ"

(સર્વ હક્ક લેખકને સ્વાધીન છે)

૩૪૧

સાહસિક યુવકો કે જેમનામાં મહત્વકાંક્ષા અર્થે પ્રયાસો કરવાની પ્રકટ ઈચ્છા ઉકાળા મારી રહેલી હોય, આત્મ સુધારણાના પંથે પડેલા સમાજનાં સર્વોત્તમ ગરીબો, અને ઉન્નત અવસ્થાએ પહોંચવા ઝઝુમી રહેલા પ્રત્યેક ઇન્સાનને પ્રોત્સાહન આપવામાં આપણા દાન (ખેરાત)નો ઉપયોગ થવો જોઇએ. રીતસરનો ધંધો લઇ બેઠેલા જોવા તદ્દન તંદુરસ્ત ભિક્ષુકોને મુરિદમોએ એક સાથ ઘસેલી પાઇ પણ આપવી જોઇએ નહિ

૩૪૨

એકજ શબ્દ કે એકજ દ્રષ્ટિ કેટલીક વખતે સમસ્ત સમાજનો હૃદય પલટો કરી નાખે છે, તમો પણ એવી દ્રષ્ટિ કેળવવાનાં પ્રયત્નો કાં કરતા નથી? તમો પણ સમસ્ત સમાજને જાગૃત કરી નાખે એવો એકાદ સાદ કાં સૂણાવતા નથી? આ બધાંય કાર્યો યુવકોનાં છે. યુવકોની જવાબદારીઓ અસંખ્ય છે. સુતેલા સમાજને જાગૃતિનાં જુવાળની ઝાંખી કરાવવી, એ યુવકોપરજ થઈ રહે; માટે વ્યક્તિગત પ્રત્યેક યુવકે પોતાની જવાબદારી વિચારી લેવી ઘટે છે.

૩૪૩

ચાલાક છોકરો હુશીયાર માણસોની નજરે ચઢીને તેમનામાં પોતાના માટે સારો અભિપ્રાય બંધારી પોતાનો અભ્યુદય અવશ્ય કરી શકે.

૩૪૪

વિદ્વતાનો ડોળ કર્યા વિના, પોતાનાં વિચારો પોતાની ભાષામાંજ દર્શાવી દેવા, એ વિચારો દર્શાવવાની સુંદર અને સરળ રીત છે. વકૃત્વ શક્તિ દાખવવાનાં મિથ્યા પ્રયત્નો કરવાં નહિ. બોલવું હોય તે સંકોચ વગર નિશ્ચિંતપણે બોલી નાંખવું જોઇએ.

૩૪૫

સભામાં હોય, એવા માણસોએ અધિકારીનું ધ્યાન ખેંચાય, એવી રીતે અંતથી કામ કરવું જોઇએ.

૩૪૬

જે વસ્તુ પ્રત્યે નાની વયમાં અત્યંત આકર્ષાતા હોઇએ, તેજ વસ્તુ સમજણ પ્રાપ્ત થયા પછી આવી મળવાથી, આપણો મોહ ઉતરી જાય છે.

૩૪૭

ગમે તેવા વિકટ સંજોગોને પણ પોતાની પ્રગતિનાં કાર્યની આડે આવવા દેવા જોઇએ નહિ. દંભથી સંપૂર્ણ મુક્ત રહી પોતાની પ્રવૃત્તિને આગળ ધપાવવાનાં સતત પ્રયત્નો કરવાં જોઇએ.

૩૪૮

તમારો પ્રત્યેક શબ્દ સાદો દુકો ને આડંબર રહિત હોવો જોઇએ. શબ્દો દ્વારા સભ્ય દેખાવાનાં પ્રયત્નો કરવા કરતાં, પોતાને



પ્રત્યક્ષ સહાય પૂરવાર કરી આપવાનું વધારે ઉચિત છે.

૩૪૯

જો તમે કોઈ વસ્તુના ઉત્પાદક કે કારખાનું ધરાવતા હોવ, તો તમારે ઉત્તમોત્તમ પ્રકારનો માલ જનતા આગળ રજુ કરવો જોઇએ, એટલું જ નહિ, રજુ કરેલા સર્વોત્તમ માલની કવૉલીટી ટકાવી રાખવાનું પણ નિશ્ચય કરી લેજો. પસાર થયેલા અનેક માલોના ખનાવનાર્ સાબો, પ્રજાનો વિશ્વાસ ખોયા પછી, દીનપ્રતિદીન ઉતરતી કવૉલીટીનો માલ રજુ કરતા આવે છે, તેવું તમારે કરવું જોઇએ નહિ. જનતાનો એક વખત વિશ્વાસ ગુમાવ્યા પછી, કયારેય ગુમાવશો નહિ, ઉત્પાદકોમાંના સંખ્યાબંધ લોકોએ જાહેર જનતાના વિશ્વાસનો દુરૂપયોગ કરવાની કેટલા કાઢયાં છે, એ તમારે નિરંતર લક્ષમાં રાખવું જોઇએ.

૩૫૦

તમારા માનીતા ગ્રાહકોની શકય તેટલી સગવડ સાચવશો અને થોડું ઘણું સહન કરવું પડે, તો સહન કરીને પણ તમારે ગ્રાહકોને ખુશ રાખવામાં પાછી પાની કરવી જોઇએ નહિ.

૩૫૧

વસ્તુના ઉત્પાદકે પોતાની હીસાબની પધ્ધતિ, સુરણ અને તરત સમજાય તેવી રાખવી જોઇએ, કારણ કે કારખાનાને ફાયદામંદ બનાવવાનું એ એક મુખ્ય સાધન છે કયા માલ અને કયા નાણું માટે કયું ખાતું કેટલે અંશે જવાબદાર છે, તે સહેજે પકડી પાડી શકાય તેવી રીતની ખાનાવાર અને વિભાગવાર નામાની પધ્ધતિનું હોવું અત્યંત આવશ્યક છે.

૩૫૨

પ્રમાણિકપણે નોકરી કરવાથી પૈસાદાર થવાતું નથી, અને પૈસાદાર થવા માટે અપ્રમાણિકતાનો આશ્રય લેવામાં પાપ નથી, એ માન્યતા સદંતર ભ્રમ ભરેલી અને ખોટી તથા નકામી છે.

૩૫૩

વ્યાપારમાં સદ્ભાને રથાન ન હોય, તેમ વ્યાપાર સલામતી ભરેલો ગણાય. સદ્ભાની દ્રષ્ટિએ એકાદ શેરની લે-વેચ કરનાર પણ પંચનનો પાળેલા સાથે, જબ્બર સટોડીયો બનીને, અને પાયમાલ થયા વગર રહેતો નથી,

૩૫૪

જો તમારે શેર ખરીદવાનાજ હોય, તો બ્રોકરોથી ખરીદજો પણ તમારા પાસે તમારી માલીકીનાં ન હોય તેવા શેરો વેચવાનું સાહસ કરશો નહિ શેરો અવશ્ય મળી રહેશે, એમ માનીને, શેરો મેળવ્યા પહેલાંજ કેટલાક લોકો વેચે છે. એ પધ્ધતિ સદંતર ખરાબ ગણાય.

૩૫૫

માની લીધેલી અનેક કાલ્પનિક આપત્તિઓ દ્વારા આપણી શાંતિનો ભંગ થવા દેવો, એ મોટી નાદાની છે, ભયનો પ્રસંગ આવ્યા પહેલાંજ ભયભિત થવું, એ મૂર્ખતાનું લક્ષણ કહેવાય. માની લીધેલા ભય કરતાં, ભયનું પ્રમાણ ઓછુંજ હોય છે. મારે દરેક પ્રાણીએ ભય આવ્યા પહેલાં ઉદ્વિગ્ન થવું જોઇએ નહિ.

૩૫૬

સંખ્યાબંધ માણસોનો સંપૂર્ણ વિશ્વાસ કરવા કરતા, અસંખ્ય માણસોથી સાવચેત

૩૧૫

મિત્ર કે સગાંની જમીનગીરી આપનારે બે વાતનો પ્રથમ વિચાર કરી લેવો જોઇએ, એક તો એ લખતની દૃષ્ટિએ પોતાનાં માથે આવી પડનાર જવાબદારીઓ, ગમે તેવા સંજોગોમાં અંશમાત્ર પણ આનાકાની કર્યા વિના પૂરેપૂરી અદા કરી શકાશે કે નહિ! તેનો પ્રથમ અને પૂર્ણ વિચાર કરી લેવો જોઇએ. બીજી વાત એ છે, કે મિત્ર કે સગાની લાગણીને વશ થઇ, લીધેલી જમાનતની કુલ્લે રકમ ચુકાવાની કે માંડી વાળવાની જો તમારામાં શક્તિ કે તેવડ હોય, તોજ તમારે કોઇના પણ જમીન થવું જોઇએ. મુશ્કેલીઓમાં બીજાને કામ આવવું બુરૂં નથી, પણ પ્રથમ વિચાર કરી લેવો અત્યંત જરૂરી છે સાનમાં સારો અને વધારે સલામતી ભરેલો માર્ગ તો એજ છે, કે જમાનત લેવા કરતાં, તરતજ ભરપાઇ કરીને મિત્ર કે સગાને મૂક્તિ અપાવવી. કારણ કે આવની કાને સંભવિત છે, કે આપણું વિચારોજ ફરી જાય. અને એ પણ સંભવિત છે, કે આપણી રથીતિજ પલટાઇ જાય.

૩૧૬

પ્રત્યેક દેવાદાર ધંધાદારીએ જ્યાં સુધી પોતાનાં માથે દેવું હોય, ત્યાં સુધી પોતાની મૂડીને લેણદારોની પવિત્ર અમાનત સમજીને તેનું રક્ષણ કરવું જોઇએ. કરજમાંથી મૂકત થયા પહેલાં મુનેજત માર્ગે પૈસા વેડફી નાખવા એ નૈતિક ગુન્હો છે.

૩૧૭

જો તમે ભાગીદાર હોય, તો તમારા દરેકે દરેક ભાગીદારે સાદાઇમાં સંતોષ માનવો જોઇએ. કંપનીની કેપીટલમાંથી ઉપાડ કરી આલીશાન ઇમારતો ઉભી કરવાની મનોદશા સેવવી નહિ, તેમજ કોઇપણ ભાગીદારે પોતાનાં ચલુ ધંધા સિવાયનાં બીજા કોઇપણ ધંધામાં નાણાં રોકવાં જોઇએ નહિ. અને પ્રત્યેક ભાગીદારે કોઇપણ સંજોગોમાં સટ્ટાને માર્ગે જવું જોઇએ નહિ.

૩૧૮

અસાધારણ ઉત્સાહ અને ખંત ધરાવતા માણસોને ભાગીદાર તરીકે પસંદ કરવો જોઇએ. સતત મહેનત કરનારા માણસોને સ્ટાફમાં ગોઠવવા જોઇએ સારાંશ એ કે કોઇ પણ ભાગીદાર કે નોકર વર્તન, વિચાર, શક્તિ કે પૈસાનો ચોર ન હોવો જોઇએ.

રાંદેરની મુલાકાત લેતાં
ક્યાં જમશો?

ધી બાગલ કૉટેજ
રેસ્ટોરાં.

ઉમર ફલીયા, રાંદેર.

જ્યાંની દરરોજની નવી નવી વાનગીનો ટેસ્ટ તમારા મોઢામાં યાદદાસ્ત રૂપે રહી જશે.

માલિક:-ઇ. એસ. મેકુજી



રહેવું, એ વધારે ઉત્તમ છે, માણસની સલામતી સમજ્યા વિના સર્વ સોસાઇટીઓમાં ભળી જવા કરતાં, એકાંતમાં સારા પુસ્તકો સાથે મૈત્રી સંધવામાં વધારે સલામતી રહેલી છે.

૩૫૭

પ્રત્યેક તકરાર પ્રસંગે ઉશ્કેરાટથી અળગા રહેવુ જોઇએ સામાવાળો માણસ ધગે તો પણ આપણે શાન્ત અને ધૈર્યશીલ થવા મથવું જોઇએ. પરસ્પર બન્ને પક્ષકારનું ઉશ્કેરાઈ જવું અત્યંત હાનિકરતા છે.

૩૫૮

પ્રપંચની શાખ પ્રત્યેક ધંધા કે ક્ષેત્રમાં ઘાતક નીવડે છે પ્રમાણિકપણું એજ સાફલ્યતાની મૂખ્ય ચાવી છે

૩૫૯

નિરંતર આબરૂ સહ ટકી રહેવા માટે પ્રત્યેક ધધાધારી એ સત્યને વળગી રહેવાની અત્યંત આવશ્યકતા છે, અસત્યવાદી વ્યાપારી વહેલામાં વહેલો ઉથલી પડે છે.

૩૬૦

જે નાણાં વખતસર તમે ભરપાઇ કરી શકવા અશકત હોય, તેવા કોઈ પણ દસ્તાવેજ ઉપર તમારે સહી કરવી જોઇએ નહિ. કારણ કે મુદત પીની જાય, અને તમે નાણાં ન ભરી શકો, એ આબરૂ ખોવા બરાબર છે.

૩૬૧

શકય તેટલી અન્યને મદદ આપો, પણ કોઇની કોઇ પણ સંજોગોમાં જમાનત આપો નહિ. અન્ય દેવાદારની જવાબદારી લેનારાઓની દશા ભારે કપરી બને છે. એ યાદ રાખવું ઘટે છે.

૩૬૨

પ્રત્યેક ધંધામાં પ્રથમ ઉત્તિર્ણ થયા પછીજ ધંધામાં ઝંપલાવવું ઘટે. જાણ્યા વિના સમય, સાધન અને શકિતને વેડફી નાખનારાઓ, કોઇ પણ ધંધામાં કૃતેહમંદ થતા નથી, એ નોધી રાખજો.

૩૬૩

ખૂબ વિચાર પૂર્વક ધંધાની પસંદગી કરીને, પછી જીવનના છેલ્લા શ્વાસ સુધી વળગી રહેવું, એ અત્યંત લાભદાયક છે. વાંદરો જેમ કુદકે ને ભૂસકે એક ડાળ ઉપરથી બીજી ડાળ ઉપર જાય છે, તેમ ધધાધારીએ નજીવા કારણોસર પોતાની લાઇન બદલવી નહિ. ધંધામાં ધીરજ એક એવી વસ્તુ છે. કે જે અંતથી કામ કરનારને કામ્યાબ બનાવે છે.

૩૬૪

તમારી કેપીટલની વ્યવસ્થા તમારે પોતેજ કરવી એમાં તમારી વિશેષ સલામતી છે. બીજા માણસો જોહેરમાં ગમે તેટલા ભાટોસા દેખાતા હોય, તે છતાં તમારે તમારી મડીની જાતેજ વ્યવસ્થા કરવી જોઇએ. કારણ કે મહામહેનતે કમાયેલા પૈસામાં પટાડો આવતા જેટલી વેદના તમે અનુભવશો તેટલી આવતી પૂંજી મેળવનાર પારકા ગયરેકટરો નહિ અનુભવે, એ નીર્વિવાદ સત્ય છે.

અમીરોની દુનિયામાં

એક શાહી મહેલમાં કેસરની વિધવા માતા બાંદી હતી. એ હિંદુ ઘરની હતી, અને શાહી મહેલમાં રહેવા છતાં હિંદુ રહી હતી બેગમના હાથમાં કેસરને સોંપીને હમેશને માટે તેણે દુનિયામાંથી વિદાય લીધી. આવી રીતે કેસરનું જીવન વિલાસ, પ્રેમ અને ઉમંગની એ દુનિયામાં શરૂ થયું, જ્યાંની લતાઓમાં જ નહિ, પત્થરોમાં પણ મરતી હતી. જ્યારે તે સમજણી થઇ ત્યારે તેની ચારે બાજુએ અપૂર્વ રંગ જામ્યો હતો. બેગમનો પ્રેમ તેના રૂપની પ્રત્યેક કળી ખીલવવા લાગ્યા. આરામ અને બેપરવાઇની જીંદગીએ બે વરસ પછી આવનાર યુવાનીને વહેલી બોલાવી લીધી. પછી તે ચૌદ વરસની કેસર સોળ વરસની દેખાવા લાગી. નામ પ્રમાણેજ તેનો રંગ હતો. તેનાં વિશાળ નશીલાં નયનો–વિના કારણ વક્ર થઇ જતાં તેના મંદમંદ સ્મિત કરતા પાતળા હોઠમાં પોતા તરફ ખેંચવાની અપૂર્વ શક્તિ હતી.

બદનો તંદુરસ્ત હોઇ શાહમહેલમાં જ્યાં જુઓ, ત્યાં આનંદનો સાગર ઉછળી રહ્યો હતો. ઉંચી જાતના શરાબના નિશામાં મસ્ત, નવયૌવનના ઉમંગોમાં મસ્ત બનેલા શાહઝાદા શીરાઝની દ્રષ્ટિ કેસર પર પડી અને કેસરે પણ ખુશબોથી તર નવાં રેશમી કપડાં પહેરેલા શાહઝાદાની મદભરી આંખો જોઇ. એક–બીજાને જોવાનો આ કંઇ પ્રથમ અવસર નહોતો. પણ...પણ-શરાબની મસ્તીએ, બદની ખુશાલીએ, સૌન્દર્યની લહેરોએ, બાગની બાગોશીએ અને સંધ્યાના સમીરે મળી ઉભયને બેખુદ બનાવી દીધાં. આજે પ્રથમ વખત તેમને યૌવન અને તેની સાથે આવનાર પ્રેમનો સંદેશ મળ્યો. તે સાથે જ હૃદયમાં એક નવીન લહેર ઉત્પન્ન થઇ. શાહઝાદાએ ચારે તરફ જોયું. કયાંય કોઇ ન હતું. શાહઝાદો ત્યાંથી પસાર થતી કેસર સન્મુખ આવી ખડો થયો, કેસરના પગ આગળ વધતાં અટકી ગયા

"ઇદ મુબારક," શીરાઝે મંદ હાસ્ય સાથે કહ્યું. કેસરના હોઠ પર પણ હાસ્ય દોડી ગયું, પણ તે પોતાને ભૂલી ગઇ. તે શાહઝાદાને મુબારકબાદી આપવા ચાહતી હતી-શુક્રિયા અદા કરવા ચાહતી હતી, પણ તેના મુખમાંથી અવાજ ન નીકળ્યો, શાહઝાદો એકી દ્રષ્ટે લજ્જાની લાલીમાંથી રંગાયલા તેના કપોલોને, નીચાં ઢળેલાં તેનાં નયનોને, અને પવનના સ્પર્શથી ઉડતી તેની કેશ લટાને જોઇજ રહ્યો. પોતે એક બાંદી હોઇ શાહઝાદાને મુબારકબાદી ન આપી પોતે શાહઝાદાનો રોષ વહોરી લીધો છે, એ વાત તે ભૂલી ગઇ અને શાહઝાદો પણ ભૂલી ગયો, કે તે એક શાહઝાદો છે. કેસરની સન્મુખ આવી રીતે ઉભા રહેવું એ શાહઝાદીઓનું અપમાન કરવા બરાબર છે. ખરેખર પ્રેમની દુનિયામાં ઉંચ–નીચ, નાના–મોટા માટે જગ્યા નથી. પણ શાહઝાદો નાદાન ન હતો, તે સઘળું સમજતો હતો. તે કેસર પર એક હાસ્ય ભરી નિગાહ નાંખી ચાલ્યો ગયો. પુનઃ કેસર ભાનમાં આવતાં તેના હૃદયમાં પ્રશ્ન ઉઠ્યો, "જો સાહેબે આલમ નારાજ થશે તો?" કેમકે ક્ષણ ભર પહેલાં આજે તેણે પોતાનું દિલ શાહઝાદાના કદમોમાં ઢાળી દીધું હતું. આજ સુધી તેને કોઇની પરવા ન હતી. બેગમ તેને એટલી ચાહતી હતી, કે તેને ખુદ બાદશાહનો પણ ડર ન હતો. પણ હવે? શાહઝાદાની

નામદારમાં પણ હવે તેને જીવન-મરણનો સવાલ દેખાવા લાગ્યો. એક સ્થળે બેસી તે વિચારવા લાગી 'એ બાદશાહના દીનો દુનિયાના માલિકના બેટા છે અને હું ? હું એક સાધારણ બાંદીની પુત્રી હુંદગીભર બેગમની ખિદમત કરનારી મારો અને તેમનો સંબંધ કયો?' તેની આંખોમાં આંસુ આવી ગયાં.

કેસર ત્યાં બેસી રહી. બાદીએ આવીને તેને કહ્યું, 'કેસર, તને બેગમ આલિયા યાદ કરે છે" તે ચમકી અને આંસુ લોહી ચાલતી થઈ.

[૨]

આગાશી પર ચંદ્રની શીતળ ચંદ્રિકા છવાઈ હતી દાયી-બંતના પલંગ પર રેશમી બીછનું બિછાવ્યું હતું. ચારે તરફ ગુલાબની સુગંધ મઘમઘી રહી હતી. જમીન પર ફૂલોની ચાદરીઓ બિછાવેલી હોઈ તે પર રોશની બત્તીની એક મુંડી ઊભી હતી. આજે શાહજાદા મીરાજની રોશનાઈ-રાત હતી. આ એક એવી ઘડી હતી, કે જ્યારે મનુષ્ય એક નવા જીવનમાં પ્રવેશ કરે છે પણ શાહજાદાની કુંવારી જાકમાં ઘણી ચૂકી હતી બાદશાહનો સાથી મોટો શાહજાદો તખ્તનો વારસ હોવાથી તેને શાદી કરવી પડી હતી. પણ..

શાહજાદી પાસે બેઠી હતી કેસર, જાણે ગુલાબની કરમાયલી કળી. તેના એક હાથમાં ફૂલોનો પંખો હતો, અને આંખો શરમથી નીચી ઢળી હતી. ચુપચાપ બેઠેલી ચબરાક શાહજાદી નરગિસ બધી બાબતોથી કંટાળી ગઈ, કોણ જાણે તેનું હજુ કેટલી ઇન્તેજારી કરવાની છે-તેના હૃદયમાં પ્યાર છે, ઉમંગ અને ઉલ્લાસ છે, તેમ બીજું પણ કોણ જાણે શું શું છે; પણ કશું કંઈ દેખાતું નથી।

મેંદી રંગેલા હાથે પાસાનો છેડો સંભાળતાં તેણે કેસર તરફ જોઈને કહ્યું: "તું તો બિલકુલ બાબોશ બેઠી છે કેસર! કંઈ વાત-ચીત તો કર!"

કેસર હસતા ચહેરા પર રડતા દિલે કહ્યું: "હું શું વાત કરી શકું હજુર!"

"કેમ તને બેહદ્દાં નથી આવતું?" નરગિસ મુરકરાઈ.

"બેહદ્દાં કેમ ન આવે...!"

"કારણ હું બેગમ અને તું બાંદી"

કેસરે મરાક નીચું નમાવ્યું.

"પણ કેસર! હું જાણું છું, કે આ મહેલમાં તારી કેટલી કદર છે. અને હા, તારે તો બંદશાહજાદી થવું હતું. એવું જાણ્યું છે, કે ખુદાની ભૂલ થઈ ગઈ. નહિ તો તારું ઘડતર કોઈથી કમ નથી. કેમ હું કંઈ જાદું બોલું છું?"

કેસરે હાથ જોડી કહ્યું: "આપ જાદું કહો છો એમ તો હું કહી શકું? પણ આ દુનિયામાં દુઃખ-સૌંદર્ય એકલું જ નહિ, દૌલત અને તકદીર પણ જોવામાં આવે છે."

"એનો દુનિયાની ખુબાઈ છે, હું સચ્ચું કહું છું, કે તારા સાહેબે આલમની જગ્યાએ જો હું હોઉં, તો તને છોડી .." કેસર કંપી ઊઠી તેના હાથ રોકાઈ ગયા ને તેની આંખો નરગિસના મુખ પર જઈ ઠરી. કોઈ તજ્જ્ઞાહોર હોત, તો સત્વર ચોર પકડી લેત પણ બેગમ શાહજાદી કંઈ ન સમજી, તે બોલવા લાગી. "મારી વાત સાંભળીને તને આશ્ચર્ય થાય છે, કેસર ?"

"હા, શાહજાદી! ખુદાને બંદા એવી વાત મુખમાંથી ન કાઢો. કદાચ કોઈ સાંભળી જાય તો.....બાંદીની ગુસ્તાખી માફ હો-પણ એ

સઘળું કહેવું ઠીક નથી."

શાહઝાદી મુસ્કરાતી રહી. કૈસરને અત્યંત પરેશાન થતી જોઈ વાત બદલવાના ઇરાદાથી તેણે કહ્યું: "વારૂ કૈસર' તું કહે જોઇએ, અત્યારે તે કયાં હશે?"

કૈસર જબરદસ્તીથી હસી "એ વાત હું કેવી રીતે કહી શકું?"

"વારૂ, કહે જોઇએ, તેઓ મારા પર પ્રેમ રાખશે?" નીચે જોઇ કંઈક શરમ સાથે નરગિસે પૂછ્યું.

"કેમ નહિ?"

"મને વિશ્વાસ નથી, કૈસર! અમીરોની દુનિયામાં એક ચીજ બહુ જ ઓછી હોય છે, અને તે સાચી મહબ્બત. ખરેખર ખુદા એવું કરે છે, કે એકને એક ચીજ આપે છે, અને બીજાને બીજી. બાદશાહના લડકાઓને ભલા, એકજ બેગમથી સંતોષ રહી શકે છે? એમને તો રોજ નવી નવી ચીડીયા ફસાવવા જોઇએ. તું તો કંઈ બોલતી જ નથી!"

નરગિસ અત્યંત ઉદાસ થઇ ગઇ. તેની સઘળી ખુશાલી, સમસ્ત ઉત્સાહ ક્ષણભરમાં કોણ જાણે કયાં અદશ્ય થઇ ગયો. એ ભોળી શાહઝાદી પ્રત્યે કૈસરને દયા ઉપજી તેના કોમળ હૃદયમાં સ્નેહનો સાગર ઉછળી આવ્યો, પંખો બંધ કરી તેણે કહ્યું: "આપ નાહક દિલગીર થાઓ છો, મારી માન્યતા પ્રમાણે- અમારા શાહઝાદા સાહેબ એવા નથી, અને, વળી આપનામાં કમી શાની છે?" પુનઃ થોડો વખત કોઇએ એક શ્વાસ લઇ તેણે કહ્યું:-"મહબ્બત તો સર્વ સ્થળે છે. ઇન્સાન કોઇ-કોઇની સાથે જરૂર હૃદયથી પ્રેમ કરે છે. ચાહે તે બાદશાહ હો યા ગુલામ."

[૩]

પાછલી વાતને ત્રણ વરસ વીતી ગયાં. આજે શિરાઝ બાદશાહ, તાજેતખ્તનો માલિક છે, અને નરગીસ છે, મલ્કે-એ-આલમ. પણ કૈસર તે હજુ કૈસર જ છે, નરગિસ હરમની માલિક હોઇ ચાહે તે કરવા સમર્થ છે. અત્યાર સુધી દુનિયાની નજરમાં એકલી જ નહિ, બાદશાહના પુરા દિલની-સમસ્ત આદર-પ્રેમની માલિક છે, કેમકે હરમમાં કોઇ બીજી બેગમ નથી. મરદો બાદશાહના ચારિત્રની પ્રશંસા કરતા, અને ઓરતો બેગમના તકદીરની. પણ સ્વયં બેગમને બાદશાહ પર એટલો વિશ્વાસ નહતો. તે ખુશ નહોતી. બાદશાહ શિકાર માટે જતા તે સપ્તાહ પછી પાછા ફરતા. ઘણો સમય કામમાં જ ગાળતા, જાણે કે બાદશાહને સલ્તનતની અસંત ફિકર નહોય' હજારો કામ હોય, પણ શું બેગમ એકલી સલ્તનતથી અલગ રહી શકે? તે જ્યારે કદી તેમની પાસે હોય છે, ત્યારે બાદશાહ તેનો આદર કરે છે, તેની જરા સરખી ખ્વાહિશ પૂર્ણ કરવા માટે સર્વ કંઇ કરવા તૈયાર રહે છે. તે બીમાર પડતાં રાત ભર જાગતા રહે છે, છાંય મલ્કા બીજું કંઈક ચાહે છે, તેની ઉમ્મર નાની હોઇ, તેની ઇચ્છાઓ જુદી તરેહની છે તે જાણે છે કે દુનિયામાં આદર એ સર્વ કંઇ નથી. દોલત અને બાદશાહત તેની નિગાહમાં બહુ જ નાચીજ છે. તે પ્રેમ ચાહે છે. આજ સુધી એક દિવસ પણ બાદશાહે તેની સાથે પ્રેમાલાપ નથી કર્યો. બીજાઓની માફક કદી પોતાના હાથે



તેણે શ્રંગાર નથી કર્યો, અને તે એટલે સુધી કે બાદશાહે તેને એવું નથી પૂછ્યું કે કયા પોશાકમાં તે પોતાને અધિક રૂપવતી લાગે છે. એક દિવસ એક ક્ષણ પણ ખરેખર બાદશાહે તેની સાથે પ્રેમ નથી કર્યો. અને નરગિસ બાદશાહની લાડકી બેગમ હતી, પણ સાથોસાથ નારી હતી. એ મહબ્બત ચાહતી હતી. એ ચાહતી હતી, કોઇ તેને જુએ, તેનાં નામને-નખરાંની બરદાસ્ત કરે, પણ એ સુખ તેને ન મળ્યું. જે બાબત તે પોતે સમજતી ન હતી, તે બીજાને શી રીતે સમજાવી શકે? હાં, તે કદી-કદી કેસરને પોતાના દુઃખનો થોડો સરખો આભાસ જણાવતી, પણ સર્વ કંઈ કોઇ કોઇને કહી ને પોતાનું દિલ પણ હલકું કરી શકતી નહોતી.

[૪]

જગતપરથી હંડીએ વિદાય લીધી હતી, અને ગરમીનું સામ્રાજ્ય જગત પર છવાયું હતું. હવામાં, ચાંદનીમાં એક નિરાળી મોહકતા હતી બાગના એક ચબુતરા પર બેગમ બેઠી હતી. ચારે બાજુ વેલના કયારા હતા, વેલની સફેદ કળીઓ ધીરે ધીરે વિકસિત થઇ રહી હતી ચારે બાજુ સુગંધી ખુશનુમા હવા ફેલાઇ રહી હતી. બેગમ સુરત બેઠી હતી તેની પાસે કેસર પણ બેઠી હતી. થોડીવાર આજુબાજુ જોઇ પુનઃ ઉંચે નજર કરી બેગમ બોલી "રાત બહુ વીતી છે, કેસર!"

"જી"

એક આળસ મરડી તેણે કહ્યું, "કેસર! તું બતાવી શકે છે, કે તેઓ મને ચહાય છે કે નહિ?"

"ચાહે છે, કેમ નહિ હજુર? આપ એમ શા માટે બોલો છો?"

"ખરેખર ચાહતા હશે, પણ એમને પ્રેમ કરતાં નથી આવડતું-તેઓ જાણતા નથી કે ઔરતનું દિલ અરીસા જેવું હોય છે, અને જરા સરખી ચોટ લાગતાં તૂટી જાય છે. કેસર હું તને શું કહું? આજે મેં તેમને અત્યંત વિનંતી સાથે જરા જલ્દી તશરીફ લાવવાનું કહ્યું, ત્યારે તે બોલ્યા કે કોશિશ કરીશ"

"પણ હજુર! તેમના ઉપર આખા મુલકનો બોજો છે."

"તું પણ કેવી વાત કરે છે? મારા અબ્બા પણ બાદશાહ છે, અને તેમને એક નહિ પણ ચાર બેગમો છે, છતાંય તેઓ કોઇનું દિલ દુઃખવતા નથી. મને તો આમાં. જરૂર કંઇક ભેદ માલમ પડે છે."

"હોઈ શકે" કેસરનો સ્વર બદલાયો હતો. બેગમે તેજ નજરે જોયું. તે ચમકી ઉઠી. કેસરે આપમેળે માથું મસ્તક ઝુકાવી લીધું. આજે કોણ જાણે શાથી બેગમના દિલમાં શક પેદા થયો હતો. પરંતુ એ બન્ને તો કદી મળતાં નથી કેસર હંમેશાં મારી પાસે જ રહે છે, અને તેઓ જ્યારે મારી પાસે હોય છે, ત્યારે કેસર મારાથી અલગ હોય છે. પરંતુ એ શા માટે તેમની છાયાથી, તેમના આગમ-નથી બચતી રહે છે? વળી તે હંમેશાં ગમગીન જણાય છે હા જરૂર કાંઇ રહસ્ય હોવું જોઇએ. કાલે જ હું અમ્મા જાનને કહીશ,' હવે

કેસર આ મહેલમાં નહિ રહી શકે. ઉફ્! બન્ને નાનપણથી સાથે રહ્યાં છે, અને અમ્માજાન પણ તેના લગ્નની ફિકર રાખતાં નથી! હું જરૂર આ બાબત તેમને જાહેર કરીશ અને હું પણ કેવી બેવકૂફ રહી છું કે કેસરને, એક બાંદીને મારા હૃદયની વાતો કહું છું. એ કેસર પણ એક ખૂબસૂરત બલાજ છે! કશું ન હોય તો પણ હવે બાદશાહ પાસે એને રાખવી ઉચિત નથી.

બીજી તરફ કેસર વિચારતી હતીઃ "મારાજ લીધે એ બંને દુઃખી છે. હું સળગી રહી છું, અને તેમને પણ સળગાવી રહી છું ભગવાન મારા પર દયા કયારે કરશે? નિર્દોષ બેગમ સ્વપ્નમાં પણ નહિ વિચારતી હોય, કે હું જ તેમના દુઃખનું કારણ છું? મારા આ જીવનનો અંત લાવવો જ ઉચિત છે. પરંતુ એમ નહીં કહી શકાય કે તેઓ મારી સાથે પ્રેમ કરે છે. જો તેઓ ધારે તો મારી અનિચ્છા છતાંય મને અપનાવી શકે તેમ છે. હું કોણ છું? ફક્ત એક બાંદી. પણ તેમણે તો કદી ચેષ્ટા સરખી કરી નથી. જ્યાં તેમની આંખો સર્વ કંઈ કહી શકે છે..."

તે વખતે બેગમે કહ્યું-"કેસર! કહે તો ખરી, કે અમારી માફક તું પણ ગમગીન શા માટે રહે છે?" બેગમે પોતાની જાત સંભાળી લીધી હતી. હૃદય સ્થળ સુધી પહોંચનારી દ્રષ્ટિએ કેસરને જોતાં તેણે ઉપરોક્ત પ્રશ્ન કર્યો.

કેસર કંઈક સમજી. બેગમ સાથે આંખો મિલાવવાનું સાહસ તે ન કરી શકી ને બોલીઃ "હરદમ આપનો ચહેરો ઉલ્લાસ જોતાં આપની સલામે કોણ હસી શકે? વળી કેટલાક દિવસથી મારું મન કોઇ ચીજમાં નથી લાગતું."

"હું તને કહું? ખરેખર તું કોઇ સાથે હમબ્બત રાખે છે, અગર તો તારું દિલ હવે કોઈની બનવાનું ચાહે છે. કેમ ખરું ને?"

કેસરે મુખ પર રહેજ સ્મિત આણ્યું.

"વાહ, કાલે હું અમ્માજાનને કહીશ. અને તું આટલી મોટી થઇ-વાહ, એમને કંઇ ફિકર જ નથી."

કેસરને એક રસ્તો મળ્યો, પણ તેના હૃદયમાં ચોટ લાગી. સહેજ શરમાઇને તે બોલીઃ "નહિ, નહિ. હજુર! આપ બેગમ આલિયાને નાહક તકલીફ ન આપશો."

"વાહ, એ વાત હવે જવા દે, એક ગીત સંભળાવ."

કેસરની આંગળીઓ વીણાના તારોને ઝંકૃત કરવા લાગી. તેના કોમળ કંઠની દર્દભરી સ્વર લહરિએ વાયુ-મંડળને કંપિત કરી દીધું. બેગમ પોતાની શુદ્ધિ બેઠી બેઠી. કેસર વિસ્મૃત બની ગાવા લાગી તેના પીળા રંગની રેશમી ઓઢણી ખસીને સ્કંધ પ્રદેશ પર ઉતરી ગઇ. એ સમયે બાદશાહે સાથે આવેલી બાંદિયોને ખામોશ રહેવાનો આદેશ આપતાં પ્રવેશ કર્યો. તેઓ ત્યાંજ ઉભા રહ્યા. તેમની આંખો કેસર સામે સ્થિર થઇ ગઇ, અચાનક કેસરની નજર તે તરફ ગઇ. તેના હાથમાંની વીણા છૂટી ગઇ. બેગમે પણ તે તરફ જોયું. ઉભયની આંખો જોઇને તે સમજી ગઇ કે પોતાનો હક જુદો નથી.

[૫]

ચાર દિવસ પછી.

પૂર્ણ પક્ષની દશમનો ચંદ્ર ઉપર આવી ગયો હતો. રાત્રિ લગભગ વીતવા આવી હતી. એ વખતે ધોડી ધોડી ઠંડી પડતી હતી. છતાં કેસર એકલી બાગમાં એક પત્થર પર બેસી કંઈક વિચારી રહી હતી તેવામાં સ્વપ્નામાં એક શ્યામ છાયા જોતાં તે ચમકી જોયું તો પોતાની સ્વપ્નામાં બાદશાહ હોવો દુનિયાના માલિક બધા હતા, તે કંપવા લાગી. ત્યાંથી ઉઠીને ઉભી થઈ.

"કેસર!" બાદશાહ બોલ્યા.

"જહાંપનાહ!"

"અત્યારે તું અહિં શું કરે છે?"

"કંઈ નહિ, જહાંપનાહ મને નિદ્રા નથી આવતી?"

"શા માટે નિદ્રા નથી આવતી?" બાદશાહની આંખોમાં વ્યંગ જણાયો–"સાંભળ્યું છે કે હવે તારી શાદી જલ્દી થવાની છે, અને ખરેખર તે ખુશાલીમા–કેમ?"

કેસર ચુપ રહી

"બોલને કેસર તું તારી શાદીથી ખુશ છે ને?"

કેસર શું કહે? 'હા!' પણ 'હા' કહેતાં સર્વ કિસ્સો ખતમ થઈ જાય છે અને ના કહેવાથી ખરેખર કંઈ લાભ થાય–કોની હિંમત છે કે બાદશાહની વિરૂદ્ધ જબાન બોલે?

કેસર ચુપ રહી.

"કેસર? તારી આ ખામોશીનો મતલબ શી સમજવી?"

"કંઈ નહિ જહાંપનાહ!"

"પણ તારે જવાબ આપવો જોઇએ, બોલ, તને તારો શૌહર પસંદ છે?"

"હા"

"સાચું કહેજે કેસર! તું જાણતી હોઇશ, કે આ મહેલની બેગમથી તે બાંદી સુધીની જવાબદારી મારા પર છે. મારે એ તમામની તકલીફ અને આરામનો ખ્યાલ રાખવાનો છે."

"હા જહાંપનાહ!"

"સાંભળ કેસર! તું મારી વાતો ટાળી રહી છે. હું વિચારું, છું, કે હું કદાચ જો શિરાઝ રહ્યો હોત, તો સારું હતું, અગર તારા શૌહરની બાદશાહ મામૂલી સિપહસાલાર હોત તો ઠીક. ખરેખર. તને પાછલા દિવસોની યાદ નહિ હોય."

"ભૂલવાની આદત મારામાં નથી." કેસરના મુખમાંથી ઉચ્ચાર થયો

"તો પછી તું મારી પાસેથી દૂર શા માટે જાય છે?"

"ગુસ્તાખી માફ કરો, સરકાર! હું આપની મતલબ નથી સમજી શકી." કેસરે હોશિયારીથી પોતાની જાત સંભાળી લીધી.

"એટલી બોળી ના બનીશ કેસર! તું

બધું જ સમજે છે."

"હું કશું નથી સમજતી જહાંપનાહ! મને માફી આપો—" કેસરના અવાજમાં દૃઢતા આવી, પરંતુ સમસ્ત શરીર કંપી ઊઠ્યું. ફક્ત એક શબ્દ પર જીવનની વિરસંચિત અભિલાષા પૂર્ણ થઇ શકે છે. પોતે બેગમ બની શકે છે...પણ. શું પોતે જેની પૂજા કરે છે, તેને પોતાના ગૌરવથી નીચે પાડી દે? શું બેગમની મહબ્બત અને વિશ્વાસનો આવો બદલો—'નહિ!' તેના દિલે સાક્ષી ન આપી. બાદશાહ તરફ જોઇ તેણે કહ્યું—"મને મારો શૌદર ખૂબ પસંદ છે, જહાંપનાહ! અને હું ઘણી જ ખુશ છું,—આપને મારો આટલો ખ્યાલ છે. એ માટે..."

"ચૂપ રહે કેસર! વધારે બોલવાની જરૂર નથી"

બાદશાહે કહ્યું "તું જાણે છે, કે હું તને કેવી સમજતો હતો જો હું ચાહું તો તને આ હરમની બહાર ન જવા દઉં. હું જબરદસ્તી તને મારી બેગમ બનાવી શકું તેમ છું."

કેસરના મુખ પર લાલીમા છવાઈ ગઇ—એ તો તેની અભિલાષાઓનું સ્વર્ગ હતું. પણ તે ચૂપ રહી બાદશાહ બોલતા જ રહ્યા. "પરંતુ હું એટલું પણ જાણું છું, કે જેની સાથે મહબ્બત કરવામાં આવે તેની ખુશી માટે પોતાની ખુશીની પરવા ન રાખવી જોઇએ જેમાં તું ખુશ હોય તેમાં જ ખુશ રહે—ખુદા તને તેથી પણ વધારે ખુશીના દિવસ દેખાડે, પરંતુ સિરાઝને—બહાગી બાદશાહને ભૂલી ન જતી—અને એટલું પણ યાદ રાખજે, કે બાદશાહ પણ મહબ્બત કરવાનું જાણે છે."

કેસરની આંખમાં આંસુ આવી ગયા. તે આંસુ રોકવાની ચેષ્ટા કરી રહી હતી, પરંતુ આંસુનાં બિંદુઓ સર્વ ભેદ ખોલવાને તૈયાર હતાં. બાદશાહનાં સજલ નેત્રોએ કેસરનાં આંસુ ન દેખ્યાં. રૂમાલ વડે આંસુ લુછતાં તે ચાલ્યા ગયા કેસર પત્થરની પ્રતિમા માફક ઉભી રહી. જે સ્થળે બાદશાહ ઉભા હતા. ત્યાં જઇ તે રૂદન કરવા લાગી.

[પ્રબન્ધબંધુ]

—o—

બંધ માસિક "માંદગી"

ફક્ત ત્રણજ દિવસની અંદર 'ધ્રી નોટ' ગોળીઓથી ચાલુ થાય છે. માસિક અડચણની કોઇપણ ફરિયાદ માટે રૂપરૂ મળો. દવા સાથે ગેરંટી પત્ર આપવામાં આવે છે. કીમત રૂા ૫-૮-૦ પરદેશ શી. ૧૦

—ગર્ભ રહેતો અટકાવવા:—

"રાહત" દવા ફક્ત ત્રણજ દિવસ ખાઇ લેવાથી જીંદગી ભરમાં કદી ગર્ભ રહેતો નથી માસિક ચાલુ. કશુંજ નુકસાન નહિ. ડૉક્ટર વૈદ્યોએ અજમાવેલી દવા સાથે ગેરંટી પત્ર મોકલવામાં આવે છે. કીમત રૂા. ૫-૮-૦ પરદેશ શી. ૧૦

ડૉ. એસ. એચ. ખાન,

૪૨ ચર્ચગેટ સ્ટ્રીટ, મોનજીની સામે

ફોર્ટ, મુંબઇ, ફોન. ૨૧૩૪૩.

હઝરત સલમાન ફારસી (ર૦ અ૦)

(સર્વ હક્ક સ્વાધીન)

લેખક:-ઈમામુદ્દીન. સદરૂદ્દીન દરગાહવાલા.

એવું જણાય છે, કે હઝરત સલમાન ફારસી (ર૦ અ૦) અરબી ભાષાથી બધુ પ્રમાણમાં વાકિફ ન હોવાના કારણે શરૂ શરૂમાં બંદગી અને દીની ક્રિયાઓ ફારસી ભાષામાં કરતા હતા. (૫૮) પરંતુ પાછળથી એ પ્રથાનો એમણે સદંતર ત્યાગ કરી દીધો હતો અને અરબી ભાષામાં એટલી પારંગતતા મેળવી લીધી હતી, કે સૌ કોઇ એઓ અરબ હોય એમજ સમજતા હતા.

કેટલીક કિતાબોમાં એવું પણ લખવામાં આવ્યું છે; કે હઝરત મુહમ્મદ મુસ્તુફા (સ૦ અ૦ વ) ઉપર જિબરીલ (અ૦ સ૦) વહી (ઇશ્વર-પ્રેરણા) લઇ આવતા હતા, ત્યારે તેઓ સલમાન ફારસી કે દહયા કલ્બીની શિકલમા આવતા હતા. (૫૯)

સૈયદના હઝરત અલી (અ૦ સ૦)એ સલમાન ફારસી (ર૦ અ૦)ને એક પત્ર લખ્યો હતો, તેમા એવી નસીહત ફરમાવી હતી, કે "દુનિયા સર્પના સમાન છે. બહારમાં એ સર્પને હાથ અડાડો તો તે નરમ અને ચીકણો માલમ પડે છે પરંતુ એ સર્પનું ઝેર માણસને મારી નાખે છે તો એ સલમાન! જે વસ્તુ તમને આ દુનિયામાં સારી અને ભલી માલમ પડે તો તેના તરફથી મુખ ફેરવી લો કેમકે તે તમારી જોડે દિર્ઘકાળ નહીં રહે અને તમને એ વાતની જાણ તો છેજ કે એને એક દિવસે મૂકી જવી પડશે. એ માટે આ દુનિયાની ચિન્તાઓ અને ગમોને દૂર કરી, તમારા મુખને એ દુનિયાના તરફથી ફેરવી લો અને ઐ સલમાન! તમને ખબર છે, કે આ દુનિયાની ખુશી જેટલી વધારે હોય છે તેટલોજ ભય પણ વધારે હોય છે કેમકે દુનિયામાં જ્યારે કોઇને આનંદ સપાદન થાય છે તો તેના પછી તેને તેવોજ આઘાત પણ પહોંચે છે. વસ્સલામ."(૬૦)

[૮]

વફાત

એમની વફાત મદાયન ખાતે થઇ હતી. કેટલાક ઇતિહાસકારો એઓ હિજરી સન ૩૩ (ઇ. સ. ૬૫૩)મા વફાત પામ્યાનું જણાવે છે. (૬૧) કેટલાકો હઝરત ઉસ્માન (ર. અ.)ની ખિલાફતના અંતિમ યુગમાં હિજરી સન ૩૫ (ઇ. સ. ૬૫૫)માં (૬૨) અને કેટલાકો હિજરી સન ૩૬ (ઇ. સ. ૬૫૬)મા થયાનું જણાવે છે. (૬૩)

---

(૫૮) "નુઝમ મુબીન" પૃષ્ઠ ૩૩

(૫૯) એજન

(૬૦) "મિરતાતુલ આરેફિન" પૃષ્ઠ ૨૧૧

(૬૧) "મુઝાહેરએ હક્ક" ભાગ ૪ થો. પૃષ્ઠ ૬૪૭ અને "કામુસુલ મશાહિર," ભાગ ૧ લો, પૃષ્ઠ ૩૦૧ ૭૮૨

(૬૨) "તકરીબુલ અઝકિયા" ભાગ ૨ જો પૃષ્ઠ ૨૦૧, "અઝીઝલ ખિતાબહ બતારીખુરસહાબહ" પૃષ્ઠ અને "કરિશ્મએ વહદત" પૃષ્ઠ ૬૩

(૬૩) "નિગાર" ફેબ્રુવારી ૧૯૩૯



મદાયન ખાતે આપ મૃત્યુ-રોગમાં સપડાયા, લગભગ દસ-બાર દિવસ પથારી વશ રહ્યા, અને પછી આ ફાની દુનિયા ત્યજી ગયા. એ દરમિયાન એક દિવસ હઝરત સઅદ ઇબ્ને વક્કાસ (ર. અ.) આપને જોવાને આવ્યા તો તેમને જોઇને હઝરત સલમાન ફારસી (ર. અ) રડવા લાગ્યા. સઅદ ઇબ્ને વક્કાસે (ર. અ) આપને નહીં ગભરાવા અરજ કરી. હઝરત સલમાન ફારસી (ર. અ.) એ ફરમાવ્યું "સોગંદ છે ખુદાના, મૌતની બાદૂળતાઓ અને દુન્યવી લાલચોથી હરગિઝ રડતો નથી બલ્કે એ માટે રડું છું કે રસૂલે પાક (સ. અ. વ.) વસીયત ફરમાવી હતી, કે તમારી જોડે તમારૂં ભાથું એટલું જ હોવું જોઇએ, જેટલું એક મુસાફર પોતાની જોડે રાખે છે પરંતુ હું જોઉં છું, કે આજે મારી આસપાસ આ બધી સામગ્રી મૌજૂદ છે, જે મારી આંખોમાં સર્પની માફક ખુંચી રહી છે." જો કે હઝરત સલમાન ફારસી (ર. અ.) જે સામગ્રીને આટલી બધી અગત્યતા આપતા હતા તે તો કેવળ એક પ્યાલો અને એક લોટો હતો. (૬૪) અને બીજી રિવાયતમાં છે, કે પ્યાલા અને લોટા સિવાય એક તલવાર પણ હતી. (૬૫)

કેટલીક શીયા રિવાયતોમાં છે, કે એમને કફન દફન આપવાની ક્રિયામાં સૈયદના હઝરત અલી (અ. સ) પણ શરીક હતા. જો એ રિવાયતોને આધારભૂત ગણવામાં આવે તો હઝરત સલમાન ફારસી (ર. અ.)ની વફાત હિજરી ૩૬ (ઇ. સ. ૬૫૬)માં થઇ હોવી જોઇએ, જ્યારે ખિલાફતની મસનદ ઉપર સૈયદના હઝરત અલી (અ. સ.) મૌજૂદ હતા. એઓ વફાત વેળા પોતાની પાછળ ત્રણ બેટીઓ મૂકતા ગયા હતા, જેમાંની એક ઉમ્મેકુલ્સુમ રહેતી હતી અને બીજી બે ઉમ્મે કુલ્સુમમાં હતી. (જુઓ "અઝીઝુલ ખિસાલ બતારીખુસ્સહાબ")

વફાત વેળા એમની વય, કેટલાક ગ્રંથકારો અઢીસો વર્ષની અને કેટલાકો સાડી ત્રણસો વર્ષની હોવાનું જણાવે છે પરંતુ એમાં સચ્ચાઇ બહુ ઓછી માનવી જોઇએ. અલબત્ત, ઇતિહાસોનાં હઝરત સલમાન ફારસી (ર. અ.)નું જે વર્ણન મળે છે, તેનાથી જણાઇ આવે છે, કે એઓ બાર સંયમી, પરહેઝગાર, જાહેદ અને ઇબાદતગુજાર બુઝુર્ગ હતા. એમણે યુવાનીમાં લાંબો દેશાટન કરવાનો પરિશ્રમ વેઠયો હતો અને પર્વતોમાં જઇને ધ્યાનસ્થ થતા હતા. એમનું શરીર પણ મજબુત બાંધાનું, પરંતુ દીંગણું હતું. બંદકના યુદ્ધમાં સવારથી સાંજ લગીમાં પાંચ ગજ ચોરસ ખાઇ ખોદતા હતા. આ એકંદર હકીકત લક્ષમાં લેતાં, એ હકીકત ફલિત કરવાનું સુગમ બને છે, કે હઝરત સલમાન ફારસી ર. અ.)ની ઉંમરની (આંતિમક) તાકત અમાપ હોવી જોઇએ, અને એ કારણે એઓની વય વફાત વેળા સવાસોથી દોઢસો વર્ષ કે તેથી પણ વધારે હોય તો તે કોઇ આશ્ચર્યની વાત નથી.

(૬૪) "કરિશ્મએ વહદત" પૃષ્ઠ ૮૮

(૬૫) એજન પૃ. ૬૩



[૯]

એમના સદ્‌વચનો

હઝરત સલમાન ફારસી (ર. અ)ને કોઇએ પૂછ્યું "આપ નવા કપડાં કેમ પહેરતા નથી?" આપે કહ્યું. "હાલ હું ગુલામ છું, જે દિવસે આઝાદ થઈશ, તે દિવસે નવાં કપડાં પહેરીશ." હઝરત સલમાન ફારસી (ર. અ.)ને પૂછવામાં આવ્યું કે "એવી કઇ વસ્તી છે, કે જેની રૂપમાં તેની કંઇ કામ ન આવે?" જવાબમાં કહ્યું: "તે બડાઈ અને અહંકાર છે." હઝરત સલમાન (ર. અ)ને એક શખ્સે ગાળ આપી તો આપે તેને કહ્યું કે "જે કર્મોને પલ્લામાં મારા કર્મો ઓછાં થયાં તો તું જે કહે છે, તેનાથી પણ હું બદતર છું, અને જે પલ્લો (સુકૃત્યોનો) ભારી થયો તો આ ગંજાપી મને કંઇ દુઃખ કે નુકસાન નથી." (૬૬)

હઝરત સૈયદના ઇમામ જઅફરે સાદિક (ર. અ)થી રિવાયત છે, કે સલમાન ફારસી છ ચીજો ઉપર આશ્ચર્ય કરતા હતા. એ છમાથી ત્રણ ચીજો એમને હસાવતી હતી અને ત્રણ ચીજો રડાવતી હતી. તેઓ કહેતા હતા કે આ ત્રણ ચીજો તેમને રડાવતી હતીઃ-(૧) રમૂજે પાક (સ અ. વ) અને અસ્હાબ (ર. અ)-ની જુદાઇ, (૨) મૃત્યુની બીક અને મૃત્યુ પછીના બનાવો અને (૩) કયામતના દિને ખુદાવંદ જબ્બાર અને કહ્હાર આગળ કર્મોનો જવાબ આપવા માટે ઉભા થવું. જે ત્રણ ચીજો તેમને હસાવતી હતી તે આ છેઃ (૧) તે શખ્સ, જે દુનિયાને તલબ કરે છે, પરંતુ મૃત્યુ તેની તાકમાં હોય છે, (૨) તે શખ્સ, જે પરલોકના એહવાલથી ગાફિલ છે પણ ફરિશ્તાઓ તેનાથી ગાફિલ નથી એટલું જ નહીં, તેના પ્રત્યેક કૃત્ય અને હિલચાલ ઉપર તેમની દૃષ્ટિ છે અને (૩) તે શખ્સ, જે ઘણું હસે છે અને એ નથી જાણતો કે ખુદા તેનાથી રાજી છે કે નહીં? (૬૭)

એક વાર સૈન્યના અમીર બનીને હઝરત સલમાન ફારસી (ર. અ) કયાંક ગયા. લશ્કરમાં જે નવયુવાન સૈનિકો હતા, તેમણે આપને જોઈ હસી ઉડાવી એક શખ્સે એ પ્રત્યે હઝરત સલમાન ફારસી (ર. અ)નું લક્ષ ખેચ્યું તો આપે કહ્યું "ભાઇ! દરગુજર કરો. તેઓ અને બીજો ફૌજનો કયામતમાં થશે." (૬૮)

એકવાર એમના ઉપર મશહૂર સહાબી અબૂદરદા (ર. અ.)-જેઓ એમના નિકટના મિત્ર હતા-એ એક પત્ર લખ્યો કે ' ખુદાએ તમારાથી જુદા થયા પછી મને માલ અને ઔલાદ બન્ને આપ્યા છે અને હું સિરિયાની પવિત્ર ભૂમિમાં સ્થાયી થયો છું." આ પત્રનો ઉત્તર આપતાં હઝરત સલમાન ફારસી (ર. અ) એ અબૂદરદાને એક બહુજ પ્યારી નસીહત

(૬૬) " મોરતાનુલ આરેફીન" પૃષ્ઠ ૫૩૧, ૫૨૧ અને ૪૮૨

(૬૭-૬૮) " કરિશ્મએ વહદત" પૃષ્ઠ ૯૭

લખ્યું: "ઇષ્ટ ગૌરવતા માત્ર અને સંતતિમાં નથી, પરંતુ સહમ-દિલી ક્ષમા અને સુજનતામાં છે, તેમજ ગૌરવતા અને ખૂબીઓતો વિદ્યાથી લાભ મેળવવામાં સમાયેલા છે." (૬૯)

એકવાર આપ એકાંત-વાસમાં ધ્યાન-મગ્ન હતા અન્ય સહાબાઓ વિશ્રામ પણ મસ્જિદમાં હતા અને બુલન્દ સાદે કુર્આન શરીફ પઢતા હતા. આપે તેમને કહ્યું "તમારામાંથી દરેક શખ્સ બુલની જોડે બીજાને વાતો કરી કહ્યો છે. એટલા મોટેથી કુર્આન-શરીફનું પઠન ન કરો, કે એકથી બીજાને તકલીફ પહોંચે." (૭૦)

હઝરત સલમાન ફારસી (૨૦ અ૦) એકવાર અબૂદરદા (૨૦ અ૦)ને મળવા ગયા ત્યાં તેમણે જોયું કે તેમના પત્નિએ કેવળ મામૂલી અને મેલાં વસ્ત્રો પહેર્યાં છે. હઝરત સલમાન ફારસી (૨. અ.) એ તેનું કારણ પૂછ્યું તો તેમણે જવાબ આપ્યો કે "તમારા ભાઇને સંસારી જીવનની વાસના નથી." ભોજન પીરસાયું તો અબૂદરદા (૨. અ) બોલ્યા કે "હું ઉપવાસી છું." સલમાન ફારસી (૨. અ) બોલ્યા કે "હું તમારા વગર નહીં જમું." અંતે તેમણે ઉપવાસ છોડ્યો રાત્રે અબૂદરદા (૨ અ) નમાઝ માટે ઉઠ્યા થયા. સલમાન ફારસી (૨ અ) એ કહ્યું 'હમણાં સૂઇ રહો." પાછલી રાત્રે સલમાન ફારસી (૨. અ.) એ તેમને જગાડ્યા અને કહ્યું કે 'હવે નમાઝ પઢો." પછી તેમને તહજ્જુદની નમાઝ અદા કરી. પછી સલમાન ફારસી (૨. અ.) એ તેમણે કહ્યું કે

"હે અબૂદરદા! તમારા માલિકનો પણ તમારા ઉપર હક્ક છે. તમારી સ્ત્રીનો પણ તમારા ઉપર હક્ક છે. તમારા જીવનો પણ તમારા ઉપર હક્ક છે. એ સઘળાઓના હક્ક અદા કરો." હઝરત મૂસાએ ગકબૂલ (સ. અ. વ) ને આ બોધની જાણ થઇ તો તેઓ નામદારે ફરમાવ્યું 'સલમાને સત્ય કહ્યું" (૭૧)

હઝરત સલમાન ફારસી (૨ અ.) ખાવાનું ખાતા હતા; ત્યારે કહેતા હતા કે "ખુદાનો શુક્ર છે, જે અમારો જમીન થયો અને અમારી રોજીમાં વિસ્તરતા આપી" (૭૨)

એકવાર હઝરત સલમાન ફારસી (૨. અ) પોતાના દાસ ઉપર ગુસ્સે થયા અને કહ્યું, કે "જો (પરલોકની) શિક્ષાનો ભય ન હોત તો હું તને સજા કરત." (૭૩)


અબૂદરદા (૨. અ.) ને એકવાર હઝરત સલમાન ફારસી (૨. અ.) એ લખ્યું હતું કે "વિદ્યા એક ઝાડ છે, જેના પર લોકો આવે છે, અને તેમાંથી નીકો કાઢે છે, અને બુદ્ધ તેનાથી અનેકને ફાયદો પહોંચાડે છે, પરંતુ જો કોઈ વિદ્યા બાબેશ હોય તો તે આત્મા વગરનું શરીર છે. જો કોઈ વિદ્યા લુંસાવી ન શકાય તો તે દટાયેલા ખજાના જેવી છે.

(૬૯) "અબૂદરદ ખિતાબહુ બ તારીખુરસહાબહુ" પૃષ્ઠ

(૭૦) "ઉરવચ્ચે સહાબા" ભાગ ૧ લો

(૭૧) "સાદિક" (મુમ્બઇની માસિક) માં છપાયેલો મૌલાના સુલેમાન નદવીનો લેખ: "ઇસ્લામ ધર્મનો પ્રાર્થના ધ્યેય" રબિઉલ અવ્વલ હિ. સ. ૧૩૫૧

(૭૨-૭૩) "ઉરવચ્ચે સહાબા" ભાગ ૧ લો



વિદ્વાનની મિસાલ તે શમ્સ છે. જેવી છે, જે અંધારા-માર્ગમાં દિપક દેખાડે છે, જેથી જનતા તેના પ્રકાશ મેળવી શકે અને તેને આશિર્વાદ આપે" (૭૪)

હઝરત ઇમરાન બિન હસીન (૨. અ) અઝાબે-ઇલાહી થી ફરમાવતા હતા, કે "કાશ! હું માટીની રજકણ હોત અને વાયુ મને ઉડાડી લઇ જત, અને મો અલ્લાહે પેદા કર્યો ન હોત" આના પર આ આયાત નાઝિલ થઈ કે "નર્ક તે બધાની એકત્ર થવાની જગ્યા છે." હઝરત સલમાન ફારસી (૨. અ.) એ આ આયાત સાંભળીને એક સંદેશનાપૂર્ણ ચિત્કાર કર્યો, માથા પર હાથ મૂકીને નાસી ગયા, અને સતત ત્રણ દિવસ સુધી અફસોસ રહ્યા. (૭૫)

[૧૦]

મઝાર

હઝરત સલમાન ફારસી (૨ અ) નો મઝાર ઇરાકમાં મદાયન ખાતે આવેલો છે જ્યાં અને કરબલાની યાત્રાએ જતા હજારો યાત્રાળુઓ મદાયનની યાત્રાએ પણ જાય છે, અને હઝરત સલમાન ફારસી (૨ અ) ના મઝારની ઝિયારત કરવાને પણ ચૂકતા નથી.

હઝરત સલમાન ફારસી (૨. અ.) ની કબ્ર ઉપર એક ભવ્ય રોઝો બનેલો છે, અને તે બહુજ વિશાળ જગ્યા રોકે છે એ મઝાર સલમાને પાકના મઝારના નામે મશહૂર છે સુન્ની મતાવલંબીઓથી વધારે શીયાઓમા એમની ઇઝઝત કરવામાં આવે છે, અને શીયા મતાવલંબીઓની કેટલીક ઉદ્દામ જમાઅતો તો હઝરત અલી (અ. સ) ના પછી હઝરત સલમાન ફારસી (૨ અ) ને ઇમામ ગણે છે. (૭૬)

તૈમૂર ભારે ધર્મશ્રધ્ધાળુ રાજવી હતો. મૂરીઓ, કુરેશો, મશાયખો અને એહલેબૈતના માટે એના દિલમાં નિરંતર પ્રેમ ઉભરાતો હતો એણે હઝરત સલમાન ફારસી (૨. અ) ના મઝારના ખર્ચ અંગે મદાયન પ્રાન્તના કેટલાય મહાલો બક્ષ કર્યા હતા (૭૭)

હઝરત સલમાન ફારસી (૨. અ) જન્નતનશીન થયા ત્યારે પોતાની પાછળ ઔલાદમાં ત્રણ બેટીઓ મૂકતા ગયાની હકીકતનો આ પહેલાં ઉલ્લેખ થઈ ચૂક્યો છે. એમની બાકી એમની ઔલાદમાં પણ મોટા મોટા સૂરીઓ, ઔલિયાઓ અને કુરેશો થયા હોવાનું જણાય છે. તેઓમાંના કેટલાક હિન્દુસ્તાનમા પણ આવેલા લાગે છે, એમ ગુજરાતના પ્રખ્યાત ધર્મવિદ્વાન "મિરાતે અહમદી" ના બાહમા (સપ્લીમેન્ટ) થી ફલિત થાય છે. શૈખ અલી મુત્તકી મોટા સંત થઈ ગયા છે, જેમનો મઝાર અમદાવાદ નજદીક પ્રાચીન અસાવલમાં શાહ હિકન (૭૬)

(૭૪) "ઉસ્વએ સહાબા" ભાગ ૧ લો
(૭૫) એજન
(૭૬) "નિગાર" ફેબ્રુવારી ૧૯૩૮
(૭૭) "તુઝકે તૈમૂરી" (ઉર્દૂ ભાષાન્તર) પૃષ્ઠ ૧૭૭

ના રોઝાની સામે આવેલો છે, અને શેખ અલી મુત્તકીની વફાત હિજરી ૧૦૪૦ (ઇ. સ. ૧૬૩૩) માં થઇ હતી. એઓ હઝરત સલમાન ફારસી (ર. અ.) ના વંશમાં હતા. (૭૮)

આધાર-ગ્રંથોની સૂચી

ઉર્દૂ

(૧) અઝીઝુલ મિતાબહ બનારી-ખુરસદાબાદ
(૨) ઉસ્વએ સહાબા હિસ્સા અવ્વલ : દારૂલ મુસન્નેફીન આઝમગઢ
(૩) કરિમએ વહદત યાને હયાતે સલમાન ફારસી : મૌ મુહમ્મદ લતીફુલ્લાહ અનસારી
(૪) કામગુલ મશાહીર જિલ્દ અવ્વલ : નિઝામી પ્રેસ-બદાયૂં
(૫) ખુલાસએ રાશેદીન : દારૂલ મુસન્નેફીન આઝમગઢ ૧૯૨૭
(૬) તહરીકુલ મઝકિયા ફીએહવાલુલ અંબિયા જિલ્દ દુવ્વમ : નવલકિશોર પ્રેસ લખનવ
(૭) તારીખે ઔલિયાએ ગુજરાત (ઉર્દૂ અનુવાદ) : મૌલ્વી અબ્દુલકદર નદવી સાહબ
(૮) તારીખુલ ઔલિયા જિલ્દ અવ્વલ : સૈયદ ઇમામુદ્દીન અહમદ ગુલશનાબાદી
(૯) તઝકે તૈમૂરી (ઉર્દૂ-અનુવાદ)
(૧૦) "નિગાર" (માસિક) ફેબ્રુઆરી ૧૯૩૯ લખનવ
(૧૧) ગોસ્તાનુલ આરેફીન : મૌ. મફ્તી આબિદહુસેન સાહબ ડાભેલી
(૧૨) મુઝાહિરએ હક જિલ્દ ચહારૂમ (બાબ ફઝાયલ કુરૈશ વઝિફતુલ ફખાઇલ)
(૧૩) રહમતુલલિલ આલેમીન : મૌ. મફ્તી આબિદહુસેન સાહબ ડાભેલી
(૧૪) સફીનતુલઅસ્રાર ફી ઝિક્રે મનાકીબુલ્સહાબ : મૌ. મરગૂબ અહમદ લાજપુરી
(૧૫) સલમાન ફારસી ઔર ઉનકા ઇસ્લામ: મૌ. મુહમ્મદ એ'જાઝઅલી બિજનોર

ગુજરાતી

(૧૬) અલફારૂક (ગુજરાતી અનુવાદ)
(૧૭) તારીખે સાહને ફરાન બાબ બીજો: પાલનજી અરદેશર દેસાઇ
(૧૮) "નિઝામ" (માસિક) અમદાવાદ રબ્બસ્ની હિ. સ. ૧૩૫૬
(૧૯) નૂરમ મુબીનઃ અલીમુહમ્મદ બનમુહમ્મદ ચુનારા
(૨૦) ફાર્બસ સભા "ત્રૈમાસિક"ગુજરાત વર્ષ ૧ અંક ૨ જુલાઇ-સપ્ટેમ્બર ૧૯૩૬
(૨૧) સિરાજુલ ઇમાન ફીસીરતે સલમાન (અરબી લિપિમાં): મુલ્લા અબ્દર બંગાલી
(૨૨) 'સાદિક' (માસિક) રાદેર રજિસ્ટ્રેશન અવ્વલ હિ.-સ. ૧૩૫૧
(૨૩) સીરતે નબવી (ગુજરાતી અનુવાદ) બદાંદારશાહ બિદારી
(૨૪) સોરાબજી મંચેરજી દેસાઇએ ત્રીજી સત્યાંથ પરિષદમાં આપેલું ભાષણ

(૭૮) "તારીખે ઔલિયાએ ગુજરાત" (ઉર્દૂ) પૃષ્ઠ ૧૦૧



ઉપાકરતાર
"આર" રાંદેરી.

આર પીલ્સ—

આ ગોળીઓ ઘણા લાંબા અનુભવ પછી બજારમાં મુકી છે. કોઇ પણ કારણે ગુમાવેલી શારીરિક, માનસિક, દરેક શક્તિઓને પાછી મેળવવામાં તેમાં ખાસ કરી મરદાઇ માટે કેવટનો ઉપયોગ કરીએ તો લગાર અતિશયોક્તિ નથી અતિ સ્ત્રી સમાગમ, કુટેવ, કે ગમે એ કારણે ગુમાવેલું પુરૂષત્વ (મર્દાઇ) પાછું મેળવવામાં અમાપ લાંબા અનુભવમાં આજ સુધી એનાથી દરકસીર ઉપાય એકે આપ્યો નથી બેજ દિવસમાં જિર્યાન, પાચનશક્તિ, કબજીયાતમાં પણ પોત નો ગુણ બતાવવો શરૂ કરે છે. અને શરીરમાંથી સુસ્તી, ઢીલાપણું, કમર, માથા, સાંધા અને રગોના દુઃખાવાઓને દૂર કરે છે. એમાં કસ્તુરી, અંબર અને સોનાની ભસ્મ જેવી કીમતી વસ્તુઓ હોવા છતાં માત્ર પબ્લિસના લાભાર્થે ૩૨ ગોળીઓની કીમત રૂા. ૬-૦-૦ પોસ્ટ ખર્ચ જુદો.

આર તિલા—

આ તિલામાં સર્વથી વધુ ખૂબી તો એ છે કે એના ઉપયોગથી કોઇપણ રીતની જલન કે ફોલીઓ થતી નથી. તેમ એને લગાડી પાન કે પોટો બાંધવાનીયે અગત્ય નથી મસળતાંજ ચામડીમાં ઘુસી જાય છે. રગોની નબળાઇને દૂર કરવામાં આ તિલો ખરેખર ચમત્કારી છે, હજારો રૂપીઆ ખર્ચે જે લાભ ન મળે તે લાભ માત્ર અઢી રૂપીઆમાં મેળવી શકાય છે. કીમત ૨-૮-૦ (અઢી) પોસ્ટ ખર્ચ જુદો.

આનંદ રસ—

આ વિચિત્ર તિલો મર્દાઇ અને ધમ્સાક (વીર્ય સ્તંભન) માટે ખાસ છે. ગરીબોને ખાસ લક્ષમાં રાખીને આ કરીરી તિલો જાહેરમાં મુકયો છે. એના ઉપયોગથી ખાસ જગ્યામાં સખ્તી અને ધમ્સાકમાં બેવડો વધારો થાય છે. કીમત ડબ્બીનો રૂા. ૧) પોસ્ટ ખર્ચ જુદો.

મુકવ્વી વ મુમ્સિક—

કસ્તુરી, અંબર, સોનાની ભસ્મ જેવી કીમતી વસ્તુઓ વડે તૈયાર કરવામાં આવેલી આ દવા ધમ્સાક અને મર્દાઇ માટે અજોડ છે. જિર્યાન, (ધાતુસ્રાવ) ઇસ્તિસ્કામ, (સ્વપ્નદોષ) તેમજ વીર્ય વિકારની દરેક ફર્યાદો આ દવા માત્ર બેજ દિવસમાં દૂર કરે છે. શોખીનો માટે આ દવા ખાસ છે. એક તોલો દવા બાર દિવસ ચાલે છે કીમત તોલા એકનો રૂપીઓ એક, પોસ્ટ ખર્ચ જુદો.

દવાએ સુઝાક—

આ પીવાની દવા છે. ગમે એવા નવા કે જુના પરમિયાને મટાડે છે. હજારો માણસો સારા થયા પછી આ દવા પબ્લીક સનમુખ ધરી છે. એક શીશી સાત દિવસ ચાલે છે. સાધારણ બીમાર માત્ર એકજ શીશીમાં સારો થઇ શકે છે. ગમે એવા જુના પરમિયાને માત્ર બે શીશી કાફી છે. ઇન્જકશનો વડે પોતાનું ભવિષ્ય બાયમાલ ન કરતા એક વાર આ દવા લેવા અમારી ભલામણ છે કીમત શીશીનો રૂપીઓ દોઢ, પોસ્ટ ખર્ચ જુદે. (રૂબરૂમાં પરમિયાનો શર્તીયા ઇલાજ કરીશું)

હિન્દ બહારથી મંગાવનારાઓએ ખીટીશ પોસ્ટલ ઓર્ડર Manager, The Rander Unani Pharmacy : ના નામે મોકલવો. ફાર્મસીમાં મળતી દરેક દવાઓનું સૂચિપત્ર મુફત મોકલવામાં આવશે. લખો અથવા મળો :

મેનજર **ધી રાંદેર યૂનાની ફાર્મસી**

રાંદેર, Rander, Dist. Surat.

આફ્રીકાના એજંટ:-Union Printing Works 91, Victoria Street, Durban(Natal)

ખૂની પત્ર

અનુવાદક : હાફિઝ "ઉદ્‌ધત" સાહુખ અરબોવન.

બીજી સવારે મને એક જરૂરી કામ અર્થે શૂરી જવું હતું. શૂરી એક નાની સરખી જગ્યા છે અને ત્યાંના સ્ટેશને ટ્રેન થોભતી ન હોવાથી હું ત્યાં હમેશાં કારમાંજ જતી આવતી રહું છું.

મારો પુરાણો ડ્રાઇવર કરીમ ત્રણ દિવસની રજા લઇ પોતાના ઘેર ગયો હતો. તેને ખબર હતી કે કાલે સવારે મને શૂરી જવું છે, અને તે આ વાયદો કરીને ઘરે ગયો હતો કે મને શૂરી પહોંચાડવા માટે તે સમયસર પાછો ફરશે.....

રાતના ખાણા પછી ઝુનાશની મદદથી કેટલાક જરૂરી કાગળો મારી સફર બેગમાં મૂકતાં મે ઝુનાશને કહ્યું.

'ઝુનાથ ! કરીમ હજી સુધી નથી આવ્યો અને બીજી સવારે મારે રવાના થવું છે."

"આખી રાત પડી છે બાઈ ફ્રી બેફિકર રહો, તે આવી જશે. કરીમ વાયદાનો ઘણો પાકો છે" ઝુનાશે બેગ બંધ કરતાં ઉત્તર આપ્યો.

"વાયદાનો પાકો તો છે" મેં કહ્યું "પરંતુ શી ખબર કદાચ કોઇ કારણસર તે નહિં આવી શકે માટે સંભાળ ખાતર તું ઝુલ્ફરીને ફોન કરી દે કે એક દિવસ માટે પોતાના ડ્રાઇવરને મોકલી આપે."

"સારૂં, પરંતુ મારો તો ખ્યાલ છે કે કરીમ પોતાના વાયદાનો એટલો બધો પાબંદ છે કે ગમે તેમ હોય તે સમયસર જરૂર આવી જશે."

"તું ટેલીફોન તો કરી દે."

સાડા અગ્યાર વાગે મેં બિજળીક પ્રકાશ બંધ કર્યો, અને પોતાના બિછના પર સુતી સુતી બીજા દિવસના જરૂરી કામોનું લિસ્ટ દિલમાંજ તૈયાર કરવા લાગી.

ડીસેમ્બરની સિતમ - અંગેજ રાત હતી, શરદીનું ઘણું જોર હતું, વાંસ અને સનોબરના વૃક્ષો ઉપર ઠંડી હવાના સુસવાટા ચાલી રહ્યા હતા. હું એક શોખ નારંગી રંગની મુજ્જી મહીં લપેટાઇ બિલાડીની જેમ કુંડાઇને પડી હતી. અંગીઠીમાં બળતા સનૂબરના લાકડાના ભડકા ઓરડાની અંધારી દિવાલો ઉપર જેવી રીતે ધ્રૂજતા હતા જેવી રીતે કોઇ પુરાણા અને સુનસાન રસ્તા ઉપર ભૂતો ને ચૂડેલો ધીમા પગલે ચાલી રહ્યાં હોય !

એટલામાં ઘડિઆળે બાર વગાડ્યા અને મેં મારી આંખ્યો નિંદ્રા માટે બંધ કરી લીધી.

હજી થોડીકજ વાર થઇ હતી કે એકાએક દરવાજાના ખખડાટે મને ચોંકાવી દીધી.

"કોણ છે ?"

"હું છું ડ્રાઇવર કરીમ."

મેં કંઇક આશ્ચર્ય પામી પૂછ્યું ! "કરીમ ! તું આવી પહોંચ્યો !"

"સવારે આપણે શૂરી જવું હતું ને !"

મેં મૂતાં મૂતાંજ ઉત્તર આપ્યો કે "તેં નાહક આપદા વેઠી, મેં સવાર માટે બાઇ ઝુલ્ફરીના ડ્રાઇવરને બોલાવી લીધો છે. વિચાર હતો કે પાછા ફરતાં શૂરીથી તને પણ સાથે લેતી આવીશ. તારૂં ઘર પણ તેટલામાં કયે છેને ?"

"હા."

"સારી વાત છે, જરા ખ્યાલે રાખજે. બીજી સવારે નમાજ પછી તરતજ ઉપડી જવાનું છે."

૨

શરદીની ઉદાસ અને અંધારી સવારમાં

મેં નમાઝ પઢી ઝુનારો ગરમ ગરમ કૉફી પીવડાવી, ફરી હું શાલમાં લપેટાઇ બહાર નીકળી તો કાર તૈયાર જ હતી અંદિઆ બગી કે કરીમ સ્ટીયરીંગ ઉપર હાથ મૂકી ઉપડવા માટે તૈયાર બેઠો હતો. હું બેસતાંજ કાર ચાલુ થઇ ગઇ.

ઠંડી અને સુકી હવા બદનમાં સોંયો ભોંકી રહી હતી. મેં કારના કાચ ચઢાવી લીધા અને કુકડું વળાઇ એક ખૂણામાં દબાઇને બેસી ગઇ અને જ્યારે બેઠા બેઠાં થાકી ત્યારે બેગ ખોલી "ચેરીલોટી"ની વાર્તા "સહેરા" લઇને વાંચવા લાગી અને પશ્ચિમ આફ્રિકાના ફ્રેન્ચ સસ્થાના બેદ ભર્યા અને જંગલી દેખાવો મારી સ્મરણની આંખો આગળ ફરવા લાગ્યા.

હું ઘણી વાર લગી વાંચતી રહી. ફરી નજર ઉઠાવીને જોયું; તો ઘણો વખત વીતી ગયો હતો. શરદીના બિનઆકર્ષક અને ફીકકા આકાશ ઉપર દર્દી જેવો દેખાતો સૂર્ય ઉતરેલા ચહેરે ચળકવાના પ્રયત્ન કરી રહ્યો હતો. અને ધોળા તડકો ઝાકળને ચીરી ઝાડી મેદાનમાં ઉતરી રહ્યો હતો.

મેં પુસ્તક બંધ કર્યું, આમ તેમ અરસિકતાએ જોયું, બગાસું આવ્યું અને કહ્યું "કરીમ! તું પહેલાં આજ રસ્તે ગયો હતોને? જે રસ્તો નજીક હોય ત્યાંથી જ કાર હંકારજે, મારે એક વાગે પહોંચવુ છે. ઘણું જરૂરી કામ છે."

"બાઈ હું તમને બાર વાગ્યેજ ત્યાં પહોંચાડી દઇશ."

"એ તો ઘણી સારી વાત છે, એનો અર્થ એમ થાય કે હું એક કલાક આરામ પણ લઇ શકીશ, પરંતુ કારને એટલી બધી ઉતાવળે ન ચલાવ કે કયાંઇ અથડાઈ પડે! એક કલાક મોડા પહોંચવું એના કરતાં લાખ દરજ્જા સારૂં છે કે હમો કોઇ ભેખડ અથવા કોઈ ઝાડ સાથે અથડાઇ પડી કદી પણ પહોંચી ન શકીએ!"

એટલું કહી મેં ફરી પુસ્તક ખોલ્યું અને વાંચનમા પરોવાઈ ગઈ. એકાએક હું મારી સીટ ઉપરથી ઉછળી પડી અને પુસ્તક મારા હાથ માંહીથી છુટી નીચે મારા પગ તળીએ જઇ પડયું મેં ક્રોધથી કરીમ તરફ જોતાં કહ્યું, "આ શું કરે છે? જોતો નથી કાર સાહ માઇલે જઇ રહી છે?"

'જોઇ રહ્યો છું બાઇ! પરંતુ બાર વાગ્યે શૂરી પહોંચવું જરૂરી છે ને!"

"કંઇ જરૂરી નથી!" મેં ગુસ્સાને સદન કરતાં કહ્યું.

મને પળેપળે કારની ગતીમાં પ્રબળતા માલૂમ પડવા લાગી. મેં જોયું કે તે કાર સો-તેર માઈલની ગતીએ હંકારી રહ્યો છે. બહારના દેખાવો એક ભયાનક અવસ્થામાં ઉડી રહ્યા હતા. સડકના કાંકરા ઉડીઉડીને કાચમાં વાગી રહ્યા હતા. અને કારના પાછલા કાચમાંથી ધૂળ-કચરાના વંટોળ નજરે પડતા હતા.

"કારને થોભાવ!" મેં ક્રોધાવેશમાં કહ્યું"

"કાર નહિં થોભશે બાઇ કહી, બાર વાગ્યે શૂરી પહોંચવું જરૂરી છે!"

"જરૂરી છે! શા માટે?"

"એટલા માટે કે બાર વાગ્યા ફરી.....

"બાર વાગ્યા ફરી શું થશે?" મેં આશ્ચર્ય પામતાં પૂછ્યું "તમો નહિ પહોંચી શકશો!"

"કેમ?"

"જનાઝો પહોંચી જશે!"



"જનાઝો !" મેં એકદમ કંપીને પૂછ્યું "કોનો જનાઝો ?"

મારા પ્રશ્નનો ઉત્તર આપ્યા વગર તેણે કારની ગતીમાં વધારો કર્યો અને હવે કાર છોડી એકદમ બેલગામ ઝનૂનમા ઉડી રહી હતી. મારા હોશકોશ ઉડી ગયા. મેં એક ભૂમ પાડીને કહ્યું.

"થોભાવે છે કે નહિં ?"

"નહિં !"

મારા બદનમાં લોહી જામી ગયું હતું, હાથ પગ ઠંડા પડી ગયા હતા. મને ખાત્રી થઇ ગઇ હતી કે આ માણસ એક ભયાનક પ્રકારનો ઝનૂની છે અથવા કોઇ આત્મઘાતિ રોગમાં સંડોવાયલો છે; તે મારી પાસે છ વરસથી કામ કરતા હતો, મારી બધી કારોનો તેજ સંભાળનારો હતો. ઘણોજ ખતીલો અને ફરમાનબરદાર હતો. આવો નાફરમાન અને ગુસ્તાખ કદી નહતો !

હું કંપી ગઇ. જનાઝાનો શબ્દ મારા કાનમા ગુંજવા લાગ્યો. પાછળ ધૂળનુ તોફાન, આગળ કાંકરીઓનો વરસાદ, દરવાજાના કાચ તૂટી જવાનો દરેક પળે ભય, મારૂ દિલ ધડક ધડક થઇ રહ્યું હતું ! હું ખુદા પાસે દુઆ માગી રહી હતી કે વહેલામાં વહેલો કોઇ અકસ્માત થાય તો સારૂં કે આ ભયાનક મુસાફરી પૂર્ણ થાય !

મેં બ્રીજનાં બ્રીજતાં ફરીમ ઉપર નજર નાખી અને પોતાને આંચકાઓથી બચાવવા માટે કારમાં લટકેલ પુમ્મદાર રેશમી દોરડીઓને બન્ને હાથમાં પકડી લીધી અને ભયભિત સાદે ચીસ પાડી.

"ફરીમ ! તું બીમાર તો નથીને ?"

"હવે સારો છું."

"એટલે બિમાર હતો ?"

"હા."

"તો ફરી શા માટે આવ્યો ? તને આરામ લેવાની જરૂર હતી."

"આપને શૂરી પહોંચાડવાનું હતુંને ?"

ભયના કારણે મારો કંઠ રૂંધાઇ રહ્યો હતો. હવે હું કાંઇ બોલી પણ શકતી ન હતી તે એક એક પળ કારની ગતીમાં વધારો કરી રહ્યો હતો. કાંટો ઉપર ચઢી રહ્યો હતો !! સીત્તેરથી ઉપર.....એંસી ! એંસીથી ઉપર... નેવુ !! અને નેવુથી.....સો !!! એક ભયાનક ચીંચાણાઓ ચીસો પાડતો અને બરાડતો મને મૃત્યુ તરફ લઇ જઇ રહ્યો હતો.

મેં ફરી એકવાર ચીસ પાડી.

"પાગલ ! આ શું કરી રહ્યો છે ? ઓહ ! ઓહ !! ખુદા ખાતર કારને ચંભાવી દે ! ન્હે ફરીમ ! મારી સાથે તું પણ મરીશ ?...ક્યાં જઇ રહ્યો છે ?.....ક્યાં ?.....ઓ શૂરી આવી લાગ્યું...હવે તો રોક ? જુઓ આ શૂરીનું કબ્રસ્તાન આ રહ્યું સામે...આવી ગયું..."

"હા આવી ગયું"".....

મેં ભાન ભૂલી થઇ એક જોર જોર ચીસ પાડી–બન્ને હાથો વડે પોતાનો ચહેરો છુપાવી લીધો. કાર પોતાના ગાંડપણમાં એક માટીના ટેકરા ઉપર ચઢી ગઇ હતી અને ફરી—? અને ફરી એક જોરદાર ધમાકા સહિત જાણે મૃત્યુના બાહામાં જઇ પડી. જેમ ગર્જના કરતા આકાશો મધ્યેથી સમુદ્રમાં વીજળી પડે છે તેમ !

૩

જ્યારે આંખ ખુલી, ત્યારે સૂર્ય કબરસ્તાન ઉપર પોતાના બેપરવા કિરણો ફેંકી રહ્યો હતો. હું તૂટેલી કારના છાયામાં એક લાશ જેવી પડી હતી એટલામાં કબરસ્તાનનો દરવાજો ઉઘડ્યો અને લોકોના ટોળાનો અવાજ આવવા લાગ્યો. મેં નજર ફરી તો દેખાયું કે લોકો એક જનાઝો લઇ અંદર દાખલ થઇ રહ્યા છે.

પુછવાથી માલુમ પડ્યું કે ગઇ રાત્રે બાર વાગ્યાના સુમારે ડાયેરાથી મરણ નિપજ્યું અને હમણાં બાર વાગે તેના સગાને દફનવીધા માટે કબરસ્તાનમાં લઇ આવ્યા છે !

સંબંધ દૂર થઇ જશે. (૫) એને હંમેશા કસરતથી પઢનારની દરેક હાજત ખુદાપાક પૂરી કરશે અને તેને કોઇનો મોહતાજ કરશે નહીં.

"યા સમદો" (સંખ્યા ૧૩૪) "એ બેપરવાહ" (૧) એને હમેશા સફરના વખતે અથવા અધી રાત પછી સીજદામાં જઇ ૧૨૫ વખત પઢશે તો ઇ. અ. દરેક આગાહીથી જાણીતો થશે અને કોઇ ઝાલિમના હાથમાં સપડાશે નહિ. (૨) એને હંમેશા કસરતથી પઢનાર ઇ.અ. કદી ભૂખ્યો રહેશે નહીં (૩) જો એને વઝુ ની હાલતમા એટલે વઝું સાથે હંમેશા કસરતથી પઢવામાં આવે તો ઇ અ દુન્યાથી બેપર્વાહ થઇ જશે (૪) એને દરરોજ ૧૦૦૦ વખત પઢનાર હમેશા દુશ્મનો ઉપર ગાલિબ રહેશે. (૫) એને હમેશા કસરતથી પઢનારની દરેક હાજત ખુદાપાક પૂરી કરશે અને કોઇનો મોહતાજ કરશે નહીં. (૬) ભૂખની હાલતમાં અથવા સાદી હાલતમા જ્યાં સુધી એનો ઝીકર કરવામાં આવશે ત્યાં સુધી ઇ અ ભૂખની અસર જણાશે નહીં (૮) "અલ્લાહુ રસમદો" એને હમેશા કસરતથી પઢનાર ઇ અ. કદી પણ કોઇનો મોહતાજ થશે નહીં તેની દરેક દુઆ ખુદાપાક કબુલ કરશે અને દરતે ગેબથી તેની મદદ કરતો રહેશે. એ સિવાય એના અનેક ફાયદાઓ હાસિલ કરશે. (૯)

"યા કાદેરો" (અદદ ૩૦૫) એ દરેક ચીજ પર કુદરત રાખનારાવાલા" (૧) અગર વઝુ કરતી વખતે દરેક આઝાને ધોતી વખત "અલ્કાદેરો" પઢતા જઇ દમ કરે; તો ઇ. અ. ઝાલિમના હાથમાં કદી સપડાશે નહીં અને કોઇ પણ દુશ્મન તેની ઉપર ફતેહ મેળવશે નહીં. (૨) જ્યારે કોઇ મુશ્કિલ આવી પડે ત્યારે જો દરરોજ ૪૧ વખત પઢવામાં આવશે તો ઇ. અ. બહુ જલ્દી મુશ્કિલ આસાન થઇ જશે. (૩) બેરહમ નફીલ પછી એને ૧૦૦ વખત હમેશા પઢવામાં આવે તો ઇ. અ. બહની તેમજ રૂહાની તાકત મળશે. (૪) એને હમેશા કસરતથી પઢનાર ઇ. અ. દરેક મખલુક ઉપર ગાલિબ રહેશે (૫) એને હમેશા કસરતથી પઢનાર ઇ. અ કોઇ મુશ્કિલમાં ગિરફતાર થશે નહીં : અને આસમાની સુલ્તાનીથી બચેલો રહેશે.

"યા મુકતદેરો" (સંખ્યા ૭૪૪) " એ કુદરત જાહેર કરવાલા" (૧) એને હમેશા હુસ્યારી સાથે કસરતથી પઢવામાં આવે તો દિલની ગફલત દૂર થઇ જશે. (૨) એને દરરોજ ૨૦ વખત પઢનાર રહમતે ઇલાહીમાં રહેશે. (૩) એને હમેશા કસરતથી પઢનારની ખુદાપાક હિફાઝત કરશે અો દરેક આફત બલાથી તેને બચાવી લેશે (૪) એને હમેશા કસરતથી પઢનાર દુશ્મનો ઉપર ગાલિબ રહેશે અને દુન્યાવાલા તેની ઇજઝત કરશે, અને દરેક મખલુકાત ઉપર ગાલિબ રહેશે. (૫) સવારે ઉઠતાંના સાથે એને હમેશા કસરતથી પઢનારના દરેક કામમાં ખુદાપાકની મદદ શામિલ રહેશે અને ઇ અ તેના દરેક કામ કંઇ પણ અડચણ વિના પૂરાં થશે. (૬) સવારે ઉઠતાંની સાથે "અલ્મુકતદેરો"ને હમેશા ૨૦ વખત પઢનાર ઇ. અ. આખો દિવસ ખુદાપાકની રહમતમાં રહેશે અને તેના દરેક કામમાં ખુદાપાકની રહમત શામિલ રહેશે.

'યા મુકદ્દેમો" (અદદ ૧૮૪) (૧) જંગ એટલે લડાઇના વખતે એને કસરતથી પઢનાર ઇ. અ. ઘાયલ થશે નહીં તેમજ તેને કંઇ રંજ કે તકલીફ પહોંચશે નહીં. (૨) એને



કસરતથી પઢનારનો નફસ તાબ્યતે ઇલાહીમાં ફર્માબ્દાર થશે. (૩) એને ૯ વખત પછી શીરની પર દમ કરી જેને ખવાડશે તે ઇ. અ. તેનાથી મોહબ્બત કરશે અને તેનો તાબેદાર થશે (૪) એને હમેશા કસરતથી પઢનાર દુશ્મનો ઉપર ગાલિબ રહેશે. (૫) એને હમેશા કસરતથી પઢનારની બધા ઇજ્જત કરશે અને મકબુલે ખલાયક થશે. (૬) જે માણસ પોતાના રહેવાના મકાનમાં ઇતમિનાનથી રહી શકતો ન હોય એટલે કોઇ રીતનો ખૌફ કે ડર લાગતો હોય તો એને કસરતથી પઢવાથી (ઇ. અ.) ખૌફ ડર વગેરે નાબૂદ થઇ જશે અને જો મકાનમાં જીન્નાત વગેરે હશે તો તે પણ કદી તેને કંઈ પણ હેરાન કરી શકશે નહીં.

"યા મોઅબ્બેરો" (સંખ્યા ૮૪૬) (૧) એને હમેશા કોઈપણ નમાઝ પછી ૧૦૦ વખત પઢનારનું દિલ મોહબ્બતે ઇલાહી વગર આરામ પકડશે નહીં એટલે ખુદાપાકની મોહબ્બત તેના દિલમાં પેદા થશે (૨) એને હમેશા ૧૦૦ વખત પઢનારના બધાં કામ સાથ ખેરના પૂરાં થશે. એટલે ખુદા પાક તેને દરેક રીતે મદદ કરશે (૩) એને દરરોજ ૪૧ વખત પઢનારનો નફસ તાબે થશે. (૪) એને હમેશા કસરતથી પઢનાર દુશ્મનો ઉપર ગાલિબ રહેશે. (૫) એને ૪૮ દિવસ સુધી દરરોજ ૩૦૦૦ વખત પઢે તો જે કંઈ ખુદા પાકથી માંગશે તે ઇ. અ. મળશે. દીન દુન્યાના કોઇ હલાલ કામ માટે જરૂર અને વખત નક્કી કરી ઉપર મુજબ પઢવાથી ઇ. અ. તે કામ થઇ જશે. (૬) "યા મુકદ્દેમો યા મોઅખ્ખેરો" કોઇ પણ મુશ્કિલ આસાન થવા દરરોજ એને ૨૧ વખત પઢશે તો ઇ. અ મુશ્કિલ આસાન થઇ જશે. (૭) એને હમેશા ૧૦૦ વખત પઢનારના દિલમાં ઝીકે હક સિવાય બીજી કોઇ ચીજ રહેશે નહીં અને આકેબત સાથ ખેરના થશે. (૮) એને હમેશા કસરતથી પઢવાથી ઈ. અ. બૂરાં કામોથી તૌબા નસીબ થઇ નેક કામો કરતો થઇ જશે.

"યા અવ્વલો" (અદદ ૩૭) "એ સર્વેથી પહેલો" (૧) અગર કોઇને ઓલાદ ન હોય તો દરરોજ ૪૦ વખત ૪૧ દિવસ પઢવાથી ઇ. અ. ઓલાદ મળશે. (૨) કોઇનો છોકરો નાશી ગયો હોય તો જુમ્માની રાત્રે ઇશાની નમાઝ પછી ૧૦૦૦ વખત પઢેથી ઈ. અ. પાછો આવશે. એવી રીતે ૪૦ જુમ્માની રાતોમાં પઢવું એટલે દર અઠવાડિઆમાં માત્ર જુમ્માની રાત્રે પઢવું (૩) ઉપર નંબર ૨ માં લખ્યા મુજબ દર જુમ્માની રાત્રે ૪૦ રાત પઢનારની ગમે તે હાજત હશે તે ખુદા પાક પૂરી કરશે (૪) ઉપર નંબરમાં લખ્યા મુજબ પઢનાર ઇ. અ. ગરીબ હશે તો તવંગર થશે. (૫) એને દરરોજ ૧૧ વખત પઢનાર ઉપર બલકત મહેરબાની કરશે. (૬) એને દરરોજ ૧૦૦ વખત પઢનારની ઓરત તેની સાથે મોહબ્બત કરશે (૭) અગર પરદેશમાં હોય અને વતન પાછા ફરવાનું સાધન ન હોય તો દર જુમ્માએ ૧૦૦૦ વખત પઢનાર ઇ. અ. બહુ જલ્દી વતન આવી જશે.



અન્ય ચિન્તુ શો ફરક છે શાહ કે દુર્વેશમાં ?
ભેદ પામે કોણ તેના એ અજબ સ્વભાવનો,
છે દયાળુ તે જરામાં, ક્રૂર છે તે લેશમાં !
મૂર્ખ ! અમૃત કાં તું માને ઝુલ્ફમાં મા'શૂકના,
ઝેર કાળા નાગ કેરું છે એ કાળા કેશમાં !
કોણ આ કળયુગમાં ઉપદેશ આપે કોઇને,
"કયાં અસર બાકી રહી છે કોઇના ઉપદેશમાં ?"
કેટલી આશ્ચર્ય મય 'ઉલ્કૃત' છે મારી જિંદગી,
આદ પરદેશી ગણાઉ છું રહીને દેશમાં !
બરબોધન] —'ઉલ્કૃત'

-[૮]-

એક શરાબી મર્મ ખોલે મસ્તીના આવેશમાં;
પ્રાણાહુતી આપ માનવ, પ્રેમના પરદેશમાં.
લાગ દિલ પર, આદ લબ પર, ખૂન નયનોથી વહે;
રંગ શું મુજ પ્રેમ ભરશે આખરી પ્રવેશમાં.
એજ આંધી, એજ તૂફાં એજ કાળી રાત છે,
કોઇ દી' તો મુજને લઇ જશે અનેરા દેશમાં.
મારી હાલત જોઇને મુજ આત્મા મુજને કહે;
"તું હતો જે, તે નથી આજે તું તારા વેશમાં!"
લાખ સમજાવું ન સમજે યાદ દિલ ના વીસરે;
કયાં અસર બાકી રહી છે, કોઇના ઉપદેશમાં ?
દિલ નથી, શાન્તિ નથી, મૃત્યુ નથી, જીવન નથી;
શું રહ્યું તુજ પાસ 'જ્યોતિ' આખરી સંદેશમાં !
પેટલાદ] —'જ્યોતિ'

-[૯]-

દિલ હરી ચાલ્યા બતાવીને અદા લવલેશમાં;
આજમુજ સ્વતંત્ર આલમને કર્યું આદેશમાં.
ચાર નયનો થઇ જતાં ઉરની નિરાશાઓ ગઇ;
મારા જીવનને મળ્યું જીવન નવું નિર્દેશમાં.
અલ્પ દોષોથી વધુ દોષોમાં દોષિત જય છે.
આપની ભાળી અનાયાસે કૃપા આવેશમાં.
કયાં અમલ કોઇ કરે છે કોઇના ઉપદેશ પર;
કયાં અસર બાકી રહી છે કોઇના ઉપદેશમાં ?
રિન્દ સાથે રિન્દ થઇને પણ રહો છો સંતજી;
ને ખપો છો કર મહીં માળા ધરી દરવેશમાં !
આયનો સન્મુખ ધરી પોતેજ પોતાને કર્યું,
તુજને જોઇ કોણ નત આવે છે દર્પાવેશમાં !
દિલને ડસવાને અમરતી આદ ઝંખે છે સદા,
કેમ કાળી નાગણો પોષી રહ્યા છો કેશમાં !
દાદ 'બિસ્મિલ'ને કદાચિત હા મરણ અંતે મળે;
જીવતાં કવિયો તણી કયાં કદ ભારત દેશમાં !
ધોરાજી] —'બિસ્મિલ'

-[૧૦]-

કાચ ને કાગળ હતા, એ પણ ગયા પરદેશમાં;
રહી ગયાં છે ટીકરાં બાકી હવે સ્વદેશમાં !
એજ કારણ છે કે મ્હારી આંખડી બેચૈન છે;
લાવ લાગી છે અમે આ દેશ ને પરદેશમાં.
આપના વચનો પરે સર્વસ્વ હું ડૂબી ગયો,
સંભળું છું આજ આશું આપના સંદેશમાં !
શ્વાસ લઉં છું તો હૃદય ગમગીન છે વળખાય છે;
ડાળ પર બેઠું છે દિલની કોણ દૂખા વેશમાં ?
ગર્જના છે હોઠ પર તણુખા ઝરે છે નૈનથી;
રાતડી શ્રાવણતણી જોડી છે કાળા કેશમાં.
જિંદગીના ગાઢ કાળા વેનવર્ણા ના થને !
પણ અસર બાકી રહી કયાં કોઇના ઉપદેશમાં !
જો 'વલી' ઉઠી છે જે પશ્ચિમથી કાળી ઘટા,
વર્ષવા આવી રહી છે આજ તારા દેશમાં.
કરમાડ] —'વલી'

-[૧૧]-

કેા' રમત શાને રમે મુજ સાથ છૂપા વેશમાં?
હું સફળ થાવા મથું છું આજ નિજ ઉદ્દેશમાં.
ક્ષેાભ પણ આજે ભલે તૂટી પડે મુજ શિર પરે,
કંઇ નથી પરવા મને વિશ્વાસ છે વિશ્વેશમાં.
આફતો પર આફતો આવી અને ચાલી ગઈ,
તેાય એક આબાદ દુન્યા છે પડી દિલ-દેશમાં.
કંઇ અસર હેાતે તેા દિલમાં ઘર કરી જાતે મગર,
કયાં અસર બાકી રહી છે કેાઇના ઉપદેશમાં?
છે ઝબાં પર નામ તારું ને હૃદયમાં યાદ છે,
એટલું કહેજો હવા એને જઈ સંદેશમાં.
શેખને પંડિત તણી વાતો પરે હું જાઉં કા!
છે બનાવટ પર બનાવટ એઉના આદેશમાં.
કેાઇ શિતળ છાંયડી મુજને અહિં મળતી નથી,
ચાલ દિલ લઇ જા હવે કેાઇ અનેાખા દેશમાં.
દર્દ તુજ થંભી ગયું 'અશરાફ' એ સારું થયું,
બેદ નહિં તેા ઈસ્કનેા ખૂલી જતે આ વેશમાં!
વહાલુ]
-'અશરાફ'

-[૧૨]-

ના મને ચિન્તા જરી છે, ને વળી ગમ લેશમા;
સ્વર્ગનેા હું છું, નિવાસી આવ્યેા છું, પરદેશમાં!
મૃત્યુને ભમતું નિહાળે છે, બધેબધ તે છતાં;
શું તને શંકા રહે છે, મૌતના સંદેશમાં?
પારકા નીકટ દિસે છે, નિજ જનેા આજે છે દૂર;
ભિન્નતા જણે નથી કે 'બેશને દુર્વેશમાં'!
શું હતી બનેાજલાલી, તે સમયને યાદ કર?
કાળ ઘેરે સાક્ષી બ્રહ્મરનાં અવશેષમાં!
છેાડ વાયજ બેાધ તારેા કામકર કંઇ કામકર,
કયાં અસર બાકી રહી છે, આપના ઉપદેશમાં?
ના કરેા વિશ્વાસ 'મુઝતર' કેાઇનેા આ જગમહીં,
છે ઘણા શૈતાન અહીંયા, માનવીના વેશમાં!
હાંસેાટ]
-'મુઝતર'

-[૧૩]-

કયાં અસર બાકી રહી છે કેાઇના ઉપદેશમાં?
થઇ રહ્યા બગંલાતણા દેખાવ મેળા વેશમાં!
જ્યાં જુઓ ત્યાં આજ દાવાનળ બધે સળગી રહ્યો;
કયાં રહી સલામતી છે દેશ કે પરદેશમાં!
ના મરણને ના જીવન છે કેાઇના પણ હાથમાં,
એ અજબ શકતી ભરેલી છે ફકત પરમેશમાં.
ઇસ્ક તેા બદનામ છે ને હુસ્નને રુસવા કર્યું;
તેં કરી ફરિયાદ શીદને આવીને આવેશમાં?
કૈસ પણ મજનું થયેા 'તેા કેાઇ નવ કેદશી જરા
કે મહબ્બત થઈ દિવાની પ્રેમના આવેશમાં
સેંકડેા ઘાયલ થયા ને લાખ બિસ્મિલ થઈ ગયા;
શકિતઓ કંઇ કંઇ ભરી છે આંખની એ મેશમાં!
આ 'મઝાકે' રીન્દને તેા લાગી છે તેનીજ ધૂન,
બસ મગ્ન નિરખે ફકત તે ઇશ્વરી આદેશમાં.
ડભેાઇ]
-'મઝાક'

-[૧૪]-

પ્રેમની ઊંડી અસર સાચી હશે; સંદેશમાં,
પાસું તેા પડી જરી સંસારનું લવલેશમાં.

હુંતો મારા દિલની વાતો સાંભળી આગળ વધીશ;
લાખ વાતો ત્યાં ભલે મુજને કહે આવેશમાં?
ટીમ પર આંસુ પડવું છું ન તેને વ્યર્થ ગણું;
મર્મ છે લાખો છુપાયાં મુજ રૂદનના વેષમાં!
વિશ્વમાં ઉપદેશથી મારા પરિવર્તન થશે;
ના ભલે બાકી અસર હો કોઇના ઉપદેશમાં?
આખું જગ શોભી ઉઠે જે અવનવા સંદેશથી;
પેદા કર તું હે ખુદા! એવી અસર સંદેશમાં.
રસ ભરી તું પ્રેમની વાતોને ત્યાગી દે કવિ,
કંઈક આંદોલન જગાવી જા તું તારા દેશમાં!
જે હવે બાકી રહ્યું 'આઝાદ' તેને સાચવો;
છે ઘણું ખોયું અમે તો દ્વેષમાંને કલેષમાં!
બગસરા] -'કુતુબ' આઝાદ

-[૧૫]-

"દોડ ઓ બડવીર! આવી આગ નારા દેશમાં,
વિશ્વ જાગ્યું, તું ઉઠી જા" મેં કહ્યું આવેશમાં,
રવપ્ન જાતાં સાંભળી ત્યાં શ્વાનની જય ઘોષણા,
હર્ષ પામ્યો કે અસર બાકી છે મમ ઉપદેશમાં.
.....?] -'દૂરબીન'

-[૧૬]-

ભૂલ આદમથી થઇ જો હોત ના આવેશમાં,
આદમી મુશ્કિલથી મળતે આદમીના વેશમાં!
એટલા સુંદર દિસો છો આપ સાદા વેશમાં
હું મને ચુમી લઉં છું હર્ષના આવેશમાં.
પળપળે પલટાતી દુન્યા માહીં તે પલટાય છે;
બળ નથી હોતું જરાપણ જેમના ઉદ્દેશમાં.
રોકકળપી કે દલીલોથી કદી મૂકિત મળી?
કોઇ કાજે, કોઇ રીતે, કોઇને પો દેશમાં?
સ્વ પ્રસંશા વિના બીજું શું આપ કે'વાના હતા?
કેમ કંટાળું નહિ હું આપના ઉપદેશમાં?
કોઇ બોલાવે મનેને જાઉંના એ કૈં મને?
હ્યો ફરી મળશું નિશદર આપણે તે દેશમાં!
પેટલાદ] 'નિસાર'

-[૧૭]-

હિંદીઓની છે અચળ શ્રદ્ધ પુરી વિશ્વેશમાં;
આઝાદીનો સૂર્ય પુનઃ ઉગશે અમ દેશમાં!
દેશમાં આશિક વસે મા'શુક વશે પરદેશમાં;
વિધાતાએ હાલ તો નાખી દીધા છે વેશમાં!
ઓઝો ઓઝી આયડે ને ગર્ધવીના તાણે કાન;
એવી હાલત હિંદની થઇ લીડરોના કલેશમાં!
થઇ ગયા છે ગાત્ર ઢીલાં ભારતીનાં જોઇ હ્યો;
ભાગ્ય યોગે લીગ ને કોંગ્રેસની મુંબેશમાં!
બોધ દેવા વિશ્વને 'અડવાજી' કાં તત્પર થયા?
કયાં અસર બાકી રહી છે કોઇના ઉપદેશમાં?
વગર ગામના] 'અડવાજી'





-[૧૮]-

આજ ચાલો જઇશું પેલા 'પ્રેમના અવશેષ'માં,
શુદ્ધ દિલનાં શબ્દ દિન્તુ ના સુણાયા લેશમાં.
મિસ્ટરે મિસિસ તણું દિવેલ-ડાચું જોઇને
કહ્યું: શું સૌંદર્ય ઝળકે છે તમારા કેશમાં!
આપ પત્ની ભક્તિ કેવી દાખવો છો શું કહું,
એ ભલે સમજે ન નિશ્ચય આપના ઉદ્દેશમાં.
શબ્દ-તલ્વારો મિસિસની છલ ઝીંકે તોય શું,
દદના મુખ પર દિસે છે કેવી! કોમળ વેશમાં.
મૂરીઝા કહે અદા! શો આપ છે એ 'ટાઇ'નો,
'ડાં રહો ફાંસો લગાવી' છો બંકે આ દેશમા.
પેહલવાની કાયા જોઇ કોઇ શું ખામી કથે?
નાર જે બાકી હતો એ પણ શિખ્યા છે કેશમાં.
હું કહું 'બેદમ' એ દર્પણ ઉપર ચોંટાય છે,
તું ન વદજે: જોઇ લ્યો સૌંદર્ય પેલી મેશમાં.

ભાવનગર] 'બેદમ'

-[૧૯]-

દેશની દોલત બધી ખેંચાઇ ગઇ પરદેશમા
વેદના ને દર્દ બાકી રહી ગયા આ દેશમાં.
સંપની વાતો હવે કુસંપની વાતો બની,
કયાં અસર બાકી રહી છે કોઇના ઉપદેશમાં?
આરઝૂ હરદમ ઉઠે છે, એમ તો મુજ અંતરે,
ચૈનથી લેટી રહું જ્યારથી એના કેશમાં.
પ્રેમ કેરા પંથમાં આરામની આશા નથી,
બેકરારી દિલ વિષે, વીતે જીવન વિક્લેપમાં.
કોકરોચી દેહને નિષ્પ્રાણ દેખીને કહ્યું-
આહ મેં આ શું કર્યું આવી જઇ આવેશમાં?
ગઝલ રંગ મેહફિલ મહીં રેલી હૃદય બહેલાવવા,
ના પધારો ઓ બિરાદર! કોઇ રિપુના વેશમાં.
જિંદગી 'ચમકાર' કોની વિષમાંહે જોઇએ,
લે ધડો લોડો અને દે દાખલો આ દેશમાં.

ભાવનગર] 'ચમકાર'

-[૨૦]-

ઘેલછાએ શી હતી એ પ્રેમના આવેશમાં.
મજનૂ ખુદ લૈલા બન્યો ને લૈલા મજનું વેશમાં,
કોણ જાણે શું લખ્યું'તુ પ્રેમના આદેશમાં,
ખુદબખુદ આવી ગયાં મુજ બેપના સંદેશમા.
દિલ ગયું દિલ સાથ બારો દિલની સહુ વાતો ગઇ,
બ્યાર થઇ બેઠો મુસાફિર દેશથી પરદેશમાં.
આપ બનતાં તો અરે! દુન્યા હણાઇ દિલ તણી,
પ્રાનઃ ને સંધ્યા નથી પહેલાં સમી મુજ દેશમાં.
પ્રાણ દીધો પણ 'હુબીબ' ડગ્યો વફાદારીથી ના,
થઈ ગયો કુરબાન અંતે પ્રેમતા આદેશમાં.

સુરત] 'મરતહુબીબ' સારોદી

-[૨૧]-

આંધી આફતની ચઢી છે હર તરફ આ દેશમાં,
જોઇએ શું શું વમે છે આ પછી અવશેષમાં.
દંભના પૂતળા બધાં છે સાધુતાના વેશમાં,
કયાં અસર બાકી રહી છે કોઇના ઉપદેશમાં.
'ઔર દે સાકી!' વદે છે શોખ જોઇને ઘટા,
રિન્દ માંડી મીટ નિરખે શ્વેત દાઢી-કેશમાં.
ઝણઝણ્યા મૂંગા પડેલા દિલરૂબા તાર સૌ,
કોણ જાણે શું છે જાદુ આપના સંદેશમાં.
રૂપવાળા છો તમે કોમળમાં કોમળ છો છતાં,
કાળથીયે ક્રૂર તમને જોઉ છું આવેશમા!
દીન દુઃખિયાનો જીવન આધાર થઈ જીવું મરું,
ના વિતે યૌવન અમૂલું, ઓ ખુદા! મુજ એશમાં.
એક જિંદુ નેક રસ્તે જિંદગી 'સાગર' વહે
મૃત્યુ વરજો સત્ય ખાતર સત્યની ઝુંબેશમાં.

જેતપુર] 'સાગર'

કારવાં [માસિક] Registered No. B. 4327.

તંત્રી : "વહશી" બંદરી. સહતંત્રી : "બેકાર"

માસ માર્ચ ૧૯૪૨

પુસ્તક. ૩ જું : અંક ૭મો

અનુક્રમણિકા.

વિષય સૂચ.	લેખકનું નામ	પૃષ્ઠ.
પ્રકૃતિ-રહસ્ય	... શેખઝાદા નૂર અહમદ ...	... ૩૬૩
ઈસ્લામી શિક્ષણ (કુર્આન) ...	... મૌ૰ અ. રહીમ સા૰ ...	... ૩૬૪
" " (હદીસ) ...	... " " " " ...	... ૩૬૫
આવાઝકી દુનિયા	... "બેકાર"	... ૩૬૬
કતાવા	... મૌ૰ અ. અશરફ સા૰ ...	... ૩૬૯
પોઠ	... રા. વણજારો ...	... ૪૦૧
વિશ્વક્રાન્તિ	... "મુઝતર" ...	... ૪૦૫
વહેતો વર્તમાન	... સંપાદક	... ૪૦૮
ઇમાનની હકીકત અને તેની માગણી	... મુસ્લિમ ...	... ૪૧૬
ઝંખના	... "ઇજન" ...	... ૪૧૩
એ સ્વદેશાભિમાની હૃદયો ...	... "મઝાક" ...	... ૪૧૮
સિદ્ધિના સન્માર્ગ	... "ગાફિલ"	... ૪૧૯
અમીરોની દુનિયામાં	... 'પ્રજ્ઞાબંધુ'માંથી ...	... ૪૨૩
હ૰ સલમાન ફારસી (રદી૰) ...	... દરગાહવાલા	... ૪૩૦
ડ્રાઇવર	... "ઉલ્કૃત" ...	... ૪૩૭
અરમાઉસ હુરના	... રિફાઇ-સાબેરી ...	... ૪૪૧
મેહફિલ	... સંપાદક ...	... ૪૪૪


વાર્ષિક લવાજમ:-હિન્દ અને સીલોન રૂા. ૪, બર્મા રૂા. ૫, પરદેશ શી. ૮

"કારવાં" દર અંગ્રેજી મહીનાની તારીખ પંદરમીએ પ્રગટ થઇને તેજ દીવસે પોષ્ટ કરવામાં આવે છે. રેપર ઉપર ગ્રાહક નંબર હંમેશા લખવામાં આવે છે. પત્રવ્યવહાર વેળા તે લખવા ચૂકશો નહીં. અંક નહીં મળવાની ફરિયાદ દિંદના ગ્રાહકોએ તા. ૨૫મી સુધીમાં કરવી.


Printed by: Maganlal Mangaldas Patel, at The 'Gangotri' Printing Press. *Kanpith, Khand Bazar,* Surat.

Published by: Azum Ahmed Esmail 'Vahshi' for Vahshi Sahitya Karyalaya *Tower Road,* Surat.

૭૩૭૬



જગતની સૌથી પ્રાચીન પુરાણી અરબી યુનિવરસિટિ
જામએ અઝહર, કેરો (મીસર)






એપ્રીલ ૧૯૪૨

કોઈ હુમ ગમઝદાં પર યેહ કરમ ફરમા નહીં સકતા

મર્દમદ સૈલફ્રમે જો હુનર આ નહીં સકતી,
જોહ ખતમે નુબુવ્વતકી નિશાની આ નહીં સકતા
જોહ આલમમે તા અર્શે મુઅલ્લામ જા નહીં સકતા,
કોઈ આયમા જૈસ આયમે મતાસિલ પા નહીં સકતા
જો તારીકાયે કુફ્રો ઝલાલત મે જાલિમ મે,
કભી યૂ પરતવે તૌહીદકા દૈના નહીં સકતા
મગર'શા' મશઅલે હુબ્બે લિયા જિસ તર્હ આલમને,
સિયાહ જીશામે જોહ યૂ કભી ચમકા નહીં સકતા
સિખાયા હક પરસ્તીમા સબક બાતિલ પરસ્તીમે,
કોઈ હુમ ગમઝદો પર યેહ કરમ ફરમા નહીં સકતા.
જિસ્મ પર સગ થાના માનિદે જૈનો મમ હાસ્ર,
જો હરફ ખુદામે હુમ કદમ ગમ ખા નહીં સકતા
મુહમ્મદ જે મિસા હસ ઉમ્મતે મજૂરો આમી,
લકબ જૈસન ઉમમમા કોઈ યૂં થપ્પા નહીં સકતા
લિયા નામકુન કમર ઝમાગે આનુસ્તે ગલાદતમે
જલામે નાઇ જૈસા મુઅજિઝા દિખા નહીં સકતા
'ફલીમ' જો નઝ યેહ અદનાયે લિસ મેરે હુજરતકે,
જો મુખ્લીકના ઉસા બની પરા નહીં સકતા

"ફલીમ" વાકિફી



ઈસ્લામી શિક્ષણ

ખુદા તઆલાનું ફરમાન (કુર્આન)

મદીનાના અબ્દુર્રહીમ સાદિક સાહુબ

(૧૮૫) જે લોકોએ ખુદાપાકની આયતોનો તથા તેની સ્હામે જવાનો નકાર કર્યો તેઓ (કિયામતમાં) મારી રહમતથી નિરાશ થશે. અને તેમને દુઃખદાયક અઝાબ થશે. (કુર્આન)

* * * *

(૧૮૬) અમે લુકમાનને શાણપણ આપ્યું કે ખુદાનો શુક્ર કર, અને જે માણસ શુક્ર કરે છે તો તે પોતાનાજ ભલા માટે શુક્ર કરે છે. અને જે કોઇ નાશુક્રી કરે છે તો ખુદાપાક બેપરવા સ્તુત્ય છે. (કુર્આન)

* * * *

(૧૮૭) કુટુંબીઓને તથા મોહતાજ અને મુસાફિરોને તેમનો હક આપો આ તે લોકો માટે બેહતર છે જેઓ ખુદાપાકની ખુશનુદી ચાહે છે. અને એવાજ લોકો મોક્ષ પામનાર છે. (કુર્આન)

* * * *

(૧૮૮) (તેની યાદ કરો જે) પ્રાણવાળાને નિર્જીવથી કાઢે છે અને નિર્જીવને પ્રાણવાળામાંથી કાઢે છે અને જમીનને તેના મરી (સુકાઇ) જવા પછી જીવતી કરે છે. અને એવીજ રીતે તમે (બીજીવાર જમીનમાંથી) કાઢવામાં આવશો. (કુર્આન)

* * * *

(૧૮૯) (હે નબી!) તું કહી દે કે દેશમાં હરો ફરો પછી જુઓ કે (તમારા) આગલાઓનું પરિણામ કેવું આવ્યું? તેઓમાં ઘણા ખરા શિર્ક કરનારજ હતા. (કુર્આન)



(૧૮૫) રસૂલુલ્લાહ સલ. એ ફરમાવ્યુ કે મારા ઉપર જુઠ બાંધવું તે અન્ય કોઈ ઉપર જુઠ બાંધવા બરાબર નથી. જે કોઈ મારા ઉપર જાણી જોઇને જુઠ બાંધે તો તેને જોઇએ કે પોતાનું ઠેકાણું જહન્નમમાં બનાવે. (સહીહૈન)

× × × ×

(૧૮૬) રસૂલુલ્લાહ સલ.એ ફરમાવ્યું કે અલ્લાહની નઝદીક કિયામતના દિવસે સૌમાં બૂરો તે માણસ છે કે જેની બદઝુબાની અને ગાળોના ડરથી લોકો તેનાથી મળવું છોડી દે. (સહીહૈન)

× × × ×

(૧૮૭) રસૂલુલ્લાહ સલ. એ ફરમાવ્યું કે બચીત અલ્લાહની સો રહમતો છે તેમાંની એક રહમતના લીધે સર્વ મખલૂક માહોમાંહે એક બીજાની સાથે મહબ્બત કરે છે. અને નવ્વાણુ રહમતો બુદ્ધાની કિયામતને માટે છે. (મુસ્લિમ)

× × × ×

(૧૮૮) રસૂલુલ્લાહ સલ. એ ફરમાવ્યું કે કિયામતની નિશાનીઓમાંથી છે કે ઇલ્મ ઉઠી જશે (એટલે આલિમો મરી જશે) અને જહાલત પ્રગટ થશે તથા વ્યભિચાર ફેલાશે અને શરાબ પીવાશે તથા પુરૂષો બની જશે અને સ્ત્રીઓ રહી જશે તે એટલા સુધી કે પચાસ સ્ત્રીઓ માટે એક બબર લેનાર રહેશે. (સહીહૈન)

× × × ×

(૧૮૯) રસૂલુલ્લાહ સલ. એ ફરમાવ્યું કે બચીત આ અગ્નિ તો તમારી દુશ્મનજ છે. માટે જ્યારે તમો સૂવાનો ઇરાદો કરો ત્યારે તમારી પાસેથી તેને ઠંડી કરો. (સહીહૈન)



...ા એક એક ચકથી અમે
...ને છીએ જો કે 'ઝાર'ની
ન હતી, પણ સામાન્ય
ો કરનારાઓએ વ્યક્તિ-
ં. તેની સાથે પણ અમારે
ાગતું નથી. 'ઝારે' ખરેજ
પાડવા એ કહ્યું હોય
ને ઉકળનારા તેમના પર ઉકળ્યા હોય
તો તેનો જવાબ 'ઝાર' સાહેબને આપવો
હોય તો આપે એ સાથે અમારે કંઈ
લેવાદેવા નથી, અને 'ઝાર' સાહેબની
વકીલાત માટે પણ અહીં પ્રયત્નો કરતો
નથી. પણ 'પાડના વાંકે પખાલીને
ડામ, જેવી નીતિ અખત્યાર કરી 'વેણી'
વાળા ભાઈ ખદ્દી કાચવાળા અને તેમની
ટોળકીએ 'કારવાં' ઉપર અણઘડતા
હુમલા કરવા માંડ્યા છે તે સામે આ
કલમ ઉઠાવવી પડે છે 'કાદડીના ચોરને
ફાંસીની સજા' જેવી આ વાત છે વિરોધ
તો 'ધરમાઇલી આફતાબે'એ કર્યો હતો
પણ તે વિરોધની નમ્રભાષામાં નરી
આનંદની હતી: ત્યારે અહીં તો હજારે
ને પગલે ધર્યા દૃષ્ટિગોચર થાય છે. અમે
બે ત્રણ માસથી એટલા માટે રૂ. હતા
કે જોઈ રીતે નજીક વિખવાદમાં ઊતર-

'કારવા'ના વાંચકો સમક્ષ રજુ કરતાં
પહેલા માફી માંગી લઉં છું કે 'કારવાં'
જેવા હરેલ અને શિષ્ટ માસિકમાં આ
સાહિત્યની સામગ્રી કેવી? 'કારવા'નાં
કીમતી કોલમો અને કાગળની મોંઘવારી
મારી નજર બહાર નથી, પણ 'કારવાં'ની
કીર્તિ પર ધૂળ ઉરાડવાના બાલિશ
પ્રયત્નો કેટલાક નાદાન મિત્રો બે ત્રણ
માસથી કરી રહ્યા છે; તેમની ધૂળ બંધે-
સ્વા માટે ચોરના બળદોને હાંકવાની
પરોણી એ લેખક મિત્રો પર અજમાવી
રહ્યો છું.

●

'ઝાર' સાહેબે રેડીયો પ્રવચનમાં
ગુજરાતી ગઝલકારો પર અમુક ટીકા
કરી જેથી કેટલાક કવિ મિત્રોને ઉશ્કેરી
પડ્યા અને કેટલાકને પ્રચાર પ્રોપેગંડા
કરીને ઉશ્કેરવામાં આવ્યા. ખેર! આ

અંકના પર અમારાં વિમાનો ઉડ્યન કરી આવ્યાં છે. બૉમ્બ-મા રા માટે આવતો અંક જુવો.



સાંહિત્યના અલીબાબા અને ચાળીસ ચોરની મંડળી માટે આવતો અંક ખુત્રો.

મુસ્લિમ ગુજરાત સાહિત્ય મંડળના શાયરોમાં કલમી યુદ્ધથી ફાટફૂટ પડી હતી તેમ પછી મુસ્લિમ-ગુજરાતના શાયરોમાં કલમી યુદ્ધથી ફાટફૂટ ન પડે. એટલા માટેજ કલમ થંભાવી હતી. 'કારવાં'ના તંત્રીએ ચૂપ વહેવામાં પોતાની ખાનદાની બતાવી છે. પણ હવે જ્યારે 'કારવાં'ની વિરૂદ્ધ પુરા બળથી કલમ ચલાવવામાં આવે છે, અને કાઠિઆવાડના દૌરામાં 'મજલિસ'નો પ્રચાર કરવાના ઉત્સાહમાં, ભાઈ 'બદ્રી' જાણી જોઈને 'કારવાં' વિરૂદ્ધ ઝેરી પ્રચાર કરે છે. ને તંત્રી તો ઠીક પણ સહતંત્રીની વિરૂદ્ધ પણ વરાળ કાઢે છે એવા સમાચાર અમને ભાવનગર, જેતપુર વગેરે સ્થળેથી મળે છે. અને કાઠિઆવાડના મિત્રો તરફથી અમારી વિરૂદ્ધની અનેક વાતો ભાઇ 'બદ્રી'ના મોઢેથી નીકળેલી તે અમને પત્રો દ્વારા તથા સંદેશાદ્વારા મળે છે; પછી ચુપ રહેવું તે કાયરતા કહેવાય.

●

શ્વાન માણસને બચકું ભરે તેની સામે માણસથી શ્વાનને બચકું તો ન ભરાય પણ લાત મારીને તેનુ ડાચું તો જરૂર ફેરવી શકાય! અમારા મિત્રો અને વાંચકોના કેટલાય પત્રો અમને કલમ ઉઠાવવાની ફરજ પાડે છે. જે ફૂટફાટથી અમે ભડકતા હતા તે હવે પડવાની છેજ 'મજલિસ' કાઢવા પહેલાં 'કારવાં'ની મેહફિલમાથી અમુક કવિઓને કોઈ પણ ભોગે ખેરવીને પોતાની પાંખમાં લેવા એવા કૌભાંડના વિચારમાં ભાઇ 'બદ્રી' હતો કે 'ઝર'ના પ્રવચનનું બહાનું મળ્યું અને તેથીજ 'મજલિસ'ને મુસ્લિમ વાંચકોમાં જમાવવા ખાતર 'કારવાં'ની મેહફિલને તોડવાનો પ્રોપેગંડા કલમથી ને જીભથી કરવા માંડ્યો છે. શરૂઆત, મુ. ગુ સાહિત્ય મંડળે ઉછેરેલા અને 'કારવાં'એ પોષેલા કવિખદુઓ તો જાણેજ છે કે 'કારવાં'ની નીતિ કેવી સુલેહ પસંદ છે? 'કારવાં'ની મેહફિલ માટે અમુક કવિઓને આમંત્રણો અપાય છે' તેમ છેલ્લી મેહફિલ માટે પણ અપાયાં હતાં. કેટલાક ધડાનાં કાટલાં જેવા કવિઓ જેવાકે 'બદ્રી,' 'મરીઝ,' 'આસિમ,' 'કૃષ્ણ' વગેરેને આમંત્રણ અપાયું ન હતું હું ધડાનાં કાટલાં જાણી જોઇને લખું છું. કારણ કે એમને ધડાનાં કાટલાં તરિકે હું ક મુદ્દતમાં સાબિત કરીશ. જો કે 'કૃષ્ણ' માટે તો અમને માન છેજ: પણ એય 'બદ્રી'ની ગ્રહેશમાં બેસી ગયા હોઇ ગધેડાં સાથે ઘોડું બાંધે તો તે પણ છ માસે ભૂંકવા શીખે જેવું થયું છે!

'ખેણી'માં આરંતુકની આંખે દેખાય છે કે કવિઓ પાસેથી ગઝલોની ભીખ માંગાય છે. આમંત્રણ ન મળવા બદલ બદ્રી મંડળીને દુઃખે પેટ ને ફૂટે છાતી જેવુ કરવું પડ્યું છે. અમે તો રાબેતા મુજબ આમંત્રણ પાઠવ્યાં હતાં, ભીખ માગી ન હતી; પણ કાઠિઆવાડમાં ગામે ગામ ફરી ભટાઇ કરીને ભાઇ 'બદ્રી' એ તો 'મજલિસ' માટે એક એક રૂપિયાની ભીખ માગી હતી! એનું નામ

ભીખ કહેવાય ! કવિઓને પાણી ચઢાવવા ભલે ધમપછાડ કરો, પણ જે લખવાના તે તો લખશેજ જુના કવિઓ હવે 'કારવા'મા લખતા નથી અને નવા દમ વગરના છે એમ એનું કહેવુ છે. 'કારવા' નવાઓને ઉત્તેજતું આવ્યું છે. જુનાઓની કદર કરતું આવ્યું છે; પણ મુશામદ તો પૂછડી પટપટાવનારાઓને મુબારક !

●

રાદેરના કવિઓએ અને 'કારવાં'ના તંત્રીએ મુસ્લિમ સાહિત્યના ઉત્તેજન માટે કેટલા ભોગો આપ્યા છે એ ગ્રાહકો પાસેથી ભોગ લેનાર (લવાજમો હજમ કરનાર)ને કયાથી સમજાય ? ભલા રાદેર સ્ટોર્સમાથી ઉધાર લુગીઓ લઇ જઇ હજુ સુધી તેના પૈસા ન આપનાર પ્રમાણિક ગૃહસ્થને માટે વધુ તો શું કહીએ ? જે કહેવા જેવુ હશે તે આવતા અંકનાં પૃષ્ઠો કહી દેશે.

●

'કારવાં'ના ઊંટો જોઇને 'વેણી'ની ભેંસ ભડકી જાય એ સ્વભાવિક છે ! લગભગ નાસ્તિકતાને આરે પહોંચેલા એ ભાઇને એક ઇસ્લામી માસિક ખૂંચે એ દેખીતીજ વાત છે. અને 'વેણી' જેવા ફરફરીયામાં 'કારવાં' જેવા સાંગોપાંગ ઇસ્લામી ભાઇચારાથી ભરેલા માસિકનો ઉલ્લેખ કરતાં એમને સુગ ચઢે એ પણ દેખીતીજ વાત છેને ! ગટરનાં દેડકાં આગળ ઝમઝમનો સ્વાદ શી રીતે ખમી શકે ? અમને પડયંત્રો રચતા આવડતું નથી. સીધો ઘા કરવામાંજ અમે માનીએ છીએ. 'વેણી'ના ભાઇ 'બદ્રી'ને ખુલ્લીજ ચેલેંજ ફેંકીએ છીએ કે કલમી યુધ્ધ માટે મેદાનમાં પડો ! 'કારવાં'ની લાંબી ખામોશીના બદલો વાળી આપીશું ત્યારેજ ચૂપ બેસીશું. વિચારજો કે અહી તો ભરચ્ચી ભાયડા માથે કામ પડયું છે. 'શયદા' જેવા કોઇ ભોળાભાળા કવિ જેવો હું નથી કે જ્યારે ચાહો ત્યારે ખિસ્સામાં ઘાલોને જ્યારે ચાહો ત્યારે, ફેંકી દો. અમને આ ટાણે ભાઇ 'શયદા' માટેજ અફસોસ થાય છે કે જે મંડળીએ ત્રણ ત્રણ વાર પીઠ પાછળ ઘા કર્યા તેનીજ સોડમાં લપાતા જાય છે ? ગઝલ સમ્રાટ ખરેખર ભોળા રાજા છે ! માફીનામાનો કાગળ મુશાયરાની મધ્યાળમાં કઢાવી મંગાવીને કવિ અમીચંદ 'બેધડી મોજ'ની હાલહવાલી કરવા પ્યારઅલી જેવા કવિ મેનેજરને આડકતરી રીતે પદભ્રષ્ટ કરાવી 'બેધડી મોજ'ના વૃક્ષના મૂળમાં હીંગ ઘાલી રહ્યો છે ? તેનુંય એમને ભાન નથી કે શું ? જેને 'મારે આસ્તીન' સમજતા હતા તે હેતના કટકા કયારના થયા ? 'ચોરો પાસુન સાવધ રહો'ની ચેતવણી ટ્રેનમાં ભાઇ 'શયદા' એ કોઇ દિવસ વાંચી છે કે નહિ ?

સુંઠના કાંકરે ગાંધી બની બેઠેલા સાહિત્યના શાહુકારોને જ્યાં હોય ત્યાંથી પકડી ને ઝાલુ કરવાનો વખત હવે આવી લાગ્યો છે.

●

ઘડીએ ઘડીએ ગુલાંટ ખાનાર ભાઇ 'બદ્રી' જેવા 'મજલિસ'ના મદારીનું ડાકલું ફેંકયા વગર જંપવાના નથી. અને 'વેણી'નો આગંતુક પૂછે છે તો જણાવીએ છીએ કે 'શયદા,' 'નસીમ', 'અસીર', 'સગીર', 'ઇજન', 'કોકિલ', 'સાબિર', 'નાશાદ', 'તિસાર', 'કલીમ',



'ઘાયલ', 'મઝલૂમ', 'વલી', 'સોરતી,' 'મુસાપ્પના', 'ગાર', 'કના', 'ફખ્ર', 'અશરાફ', 'કિસ્મત', 'ચમકાર', બિસ્મિલ', 'ઉન્મત્ત', 'ફક', 'ગુલ', 'સાગર', 'શોકીન', 'આસિમ', 'બદ્રી', 'મરીઝ', એ બધાયની મૌલિક ગઝલોને "કારવાં" પોત પોતાના સ્થાને સારી માને છે. પણ ખુદા સલામત રાખે આપણી ઉર્દૂ શાયરીને કે 'ઘાયલ', 'દિલગર', 'અખ્તર શીરાની', 'એહસાન', 'આરઝૂ', 'જોશ', 'હરીઝ', 'સીમાબ', વગેરે વગેરેના વિચારોને ગુજરાતી વાઘા પહેરાવનારા-

ચોર લેખકોને પકડીને રજુ કરવાનુ જાહેર આમંત્રણ છે.

ઓને અમે માનતા નથી અને તે કોણ છે ? એ સાહિત્ય જગત હવે જાણી શકશે ઉર્દૂના તાપણે તાપનાર ગુજરાતી ગઝલના ફેકેદારોને પણ પકડીને આસનેથ ફેકી દેવામાં આવશે. જરાક ધીરજ ધરો અને જુવો. દેર આયદ દુરસ્ત આય.

હાલ તો 'જોશ'ની નીચેની શેઅર ભાઇ 'બદ્રી'ને અર્પણ કરીને વિરમું છું વધુ આવતે અંકે.

"બિગણી હુઇ અકલસે હિમાકત બેહતર
બેકિફી મહબ્બતસે અદાવત બેહતર."

'વણજારો

લેટેસ્ટ ડીઝાઈનનાં

• સુટીંગ્સ–શરટીંગ્સ

• લેડીઝ ડ્રેસ ફેબરીકસ

• ફ્રેન્સી કાપડ

એકજ ભાવ અને ઓછા દરથી

ખરીદવાનું જાણીતુ મથક

'ગીવ એન્ડ ટેક' સ્ટોર્સ

ચોક–બજાર : સુરત.

એક રટંટબાજ કવિ!!!

રટંટબાજ એકટરોનાં નામો તો તમે ઘણાં સાંભળ્યાં હશે, રૉય જેવા કોઇ રટંટબાજ લીડર કે અમૃતલાલ શેઠ જેવા કોઇ રટંટબાજ પત્રકારના નામો તમે સાંભળ્યાં હશે; પણ કોઇ રટંટબાજ કવિનું નામ તમે ભાગ્યે જ સાંભળ્યું હશે? મહાકવિ પ્રેમાનંદની જન્મભૂમિમાંથી જ એ રટંટબાજ કવિ રત્ન પાકયું છે. કાયની કેમનાં ચોકઠાં બેસાડતાં બેસાડતાં એ કવિતાનાં ચોકઠા બેસાડવું થઇ ગયું છે. જાણે કોઈ ઉધરાણીવાળો મહેતાજી બગલમા નામાનો ચોપડો લઇને ફરતો હોય તેમ એ કવિ પોતાની કવિતાઓનો મોટો પોથો લઇને ઘેરઘેર વંચાવતો ફરે છે. જ્યારે જ્યારે મુશાયરો હોય; ત્યારે પોતાની પાર્ટીના બે ત્રણ કવિઓને એ આગળથી જ 'દાદ' દેવાનું કહી રાખે છે. કઠોરતની મા ભલે માગ્યા વિના ન પીરસતી હોય પણ હડધાયા શાઇરોતો માગીને 'દાદ' પીરસાવી શકે છે.

* * *

અમદાવાદ પ્રેમાભાઇ હૉલમાં ગઝલ સમ્રાટ 'શયદા'ને પ્રમુખસ્થાને મુશાયરો જામ્યો હતો. સાક્ષરો કવિઓ અને કાવ્ય રસિકોની કેવા અજબ મેહફિલ જામી હતી. એક દૌર પુરો થયો, બીજો દૌર શરૂ થયો; બીજો દૌર પૂરો થયોને ત્રીજો ગૈર તર્હનો દૌર ચાલ્યો એ કવિએ મઝદૂરના જીવન પર એક કવિતા રચી હતી. અમુક ગેઅર આવતાં અમદાવાદના એક વકીલ પોતાની ખુરસી ઉપરથી ગેઅરના જોશમાં એકદમ ઉઠીને પડયા અને કવિને દાદ આપવા બાસો આઠ દસ પૂટનો હનુમાન કુદકો મારીને કવિને ભેટી પડયા. અમારી પાસે બેઠેલા - જાણીતા સાક્ષર રવિશંકર રાવળ બોલી પડયા "આ શું થાય છે?" મેં ખુલાસો કર્યો "કવિની કવિતાથી પ્રસન્ન થઇને પેલા ભાઇ એમને ઉમળકાથી વધાવી લેવા ભેટી રહ્યા છે," પાછળથી તપાસ કરતાં જણાયું કે એ કવિ અને પેલા વકીલ બંને લંગોટીયા ભાઇબંધ છે. કવિએ પહેલેથીજ પોતાં મિત્રને કહી રાખ્યું હતું કે "મારી કવિતાણી સીટી આવે ત્યારે તમે દાદ દેવા ઉછળી પડજો." અને ધાર્યા પ્રમાણેજ ટ્રેજડી થયો આવાં આવાં રટંટ કરીને એવા કવિઓ પ્રકાશમાં આવવાના ધમપછાડા કરે છે એ બિચારા પ્રેક્ષકોને કયાંથી ખબર હોય!

અમુકને દાદ આપવી અને અમુકને ન આપવી એ આવા રટંટબાજ કવિઓ પહેલેથીજ નક્કી કરી રાખે છે અરે! ખૂબીની વાત તો એ છે કે જેમના ભાડાથી એ બિચારો મુંબઈથી અમદાવાદ સુધી ગયા હતા, તેમનું ભાડુ વસુલ કરવા પુરતીય લબુકાઇ બનાવવી હતી એ રટંટબાજ કવિ પત્રકારિત્વની લાઈનમાં પડયો તો ત્યાંય માલિકોને વારંવાર પટોડી ઓઢવાની ફરજ પાડી! લગભગ અર્ધ ડઝન પત્રો કાઢીને સુવાડી દીધાં. પ્રયત્નો સવાજમ વજમ થવાની ચોક મૂકનાંજ રહ્યાં. એક પત્રકારે પાછો એમનો હાથ ઝાલ્યો તો ત્યાં એ 'મારે આસ્તીન' સાબિત થયા. ત્યાંથી પાણીચું મળ્યું. કલમી રોવાનું કોઇ કોમ પોતા માટે બાકી રહ્યું નહિ એમ લાગ્યું ત્યારે એ ભાઇ રબરના ટાયર વેચવા નીકળ્યા, તેમાંય ફાવ્યા ન ફાવ્યો. અને પાછા એક સજ્જન પત્રકારે એમને સંપાદક તરિકે પોતાની સાથે રાખ્યા, પણ ત્યાંય એ કમીની કલમે પોતાની કૌટિલ્ય નીતિને છોડી નહિ.

'માંડવિયા'ની ચોરી પકડનાર એ ભાઇ પણ ચોર છે: એવું તો હમણાં હમણાંજ બનયું. 'ઇકબાલ'ની બાંગે જિબ્રીલની પહેલીજ ગઝલની છેલ્લી પંકિત :

"તૂને યે કયા ગઝબ કિયા મુજકો ભી ફકીર કર દિયા;
મેં તો તેરા તો એક રાઝ થા કાશ કાયનાત મે"

[બાંગે જિબ્રીલ પૃ ૬]

તે તફડાવીને નીચે પ્રમાણે ગુજરાતીમાં રજુ કરે છે કે :

'દિલ માહે ભગ્ન તેં કેવું હાય તે શો ગઝબ કર્યો?
હું પથ કોડિયું હતો તારા જીવન વિકાસમાં!"

[બે ઘડી મોજ દિપોત્સવી અંક તા. ૨૭-૧૦-૪૦]

વળી આગળ જતાં 'બાંગે જિબ્રીલ'ના ૧૪મા પૃષ્ઠ પરની રૂબાઇ:

'તેરી દુનયામે મય મહકમો મજબૂર;
મેરી દુનયામ તેરી પાદશાહી!"

ઉપરથી તફડાવીને એ સ્ટંટ કવિ રજુ કરે છે કે:-

"આ જગ મારો નિવાસ છે તારૂ નિવાસ મુજ હૃદય;
હું તારા વાસમાં દુઃખી તું સુખી મારા વાસમાં"

વાંચનાર જરા ઝીણી નજરે ઉપલી ગેઝલની બીજી કડી જોશે તો ઢાકણા મલમલ જેવી બારીક ચોરી જણાશે. એ સ્ટંટ કવિ અને એમની મંડળી જે ચોથા આસમાને ચઢી છે તેને પગ પકડીને નીચે પાડવાની તૈયારી થઇ રહી છે. ચોરીના હલ્લા શીંકે ચડતાં નથી એ કહેવતનું ગુજરાતને પુનઃ સ્મરણ થશે. હાલ તો નામનો ઉલ્લેખ કર્યા વગર આટલુંજ બસ છે બધુમાં આવતા અંકે નામદામ સાથે અનેક મૂર્તિઓનું ખંડન કરવામાં આવશે.

તેજીને ટકોરો અને ગર્વીલાને.....!

લી• એક બરૂચી ભાયડો

ધી બર્મા ઈન્ડીયન એસોસીએશન, સુરત.

બર્મામાં લાભ ધરાવતા હિન્દીઓના પ્રતિનીધીઓની એક સભા રાદેર મુકામે તા ૧-૪-૪૨ના રોજ મળી હતી જેમાં હિન્દીઓના બર્મા ખાતેના લાભો સાચવવા માટે એક એસોસીએશનની સ્થાપના કરવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

ધી બર્મા ઇન્ડીયન એસોસીએશન, સુરતની સ્થાપના થયા પછી સને ૧૯૪૨-૪૩ના વર્ષ માટે ઓફીસબેરરોની ચૂંટણી થઇ હતી

જી. સી. એ. સરમા, જેમણે ઉદ્દેશ બર્મા ઇન્ડીયા ડેલીગેશનની દિલ્હીની મુલાકાતની દોરવણી કરી હતી, તેમણે ડેલીગેશનના પ્રતિનિધીત્વના સમજુતી આપી અને તેને ફલેદાયક જણાવ્યું હતું અને તેની કડીના અનુસંધાનથી એસોસીએશનના ભવિષ્યના કામકાજ માટેની સફળતા જણાવી હતી.

એસોસીએશનના મુખ્ય હેતુઓ:-

(૧) બર્મામાંથી જે હિન્દીઓને ખાલી કરવું પડયું છે તેમને સંપૂર્ણ શકય મદદ આપવી.

(૨) હિન્દી ગવર્નમેન્ટ સમક્ષ દાવાઓ (કલેઇમસેશન) માટે મિલકતોની તારાજી જે બીકતી ધરાની નિતીથી, કે લૂટમારથી કે યુદ્ધાગીરીથી જે કાંઇ થયું હોય તે રજુ કરવા.

(૩) હિન્દી સરકારની મારફત બર્મા ગવર્નમેન્ટ અથવા લશ્કરી ખાતાને જે માલ પૂરો પાડવામાં આવ્યા હોય તેની લહેણી રકમ વસૂલ કરવા માટે યોગ્ય અધિકારીઓ સમક્ષ એસોસીએશનના હેતુઓની બજાવણી માટે પ્રતિનિધીઓ મોકલવાની સત્તા આપવામાં આવી છે.

વાર્ષિક લવાજમ રૂા. ૧૨ અગાઉથી લઇ નામો નોંધવામાં આવે છે.

બર્મા ખાતેના બધા હિન્દી વિતધારીઓ સભ્ય બની શકે છે.

એસોસીએશનની સ્થાપના (ઓફીસ) નં ૭૦, ભાગાતળાવ રોડ, ધી ગુજરાત મેઘજી ઉપોગીટ કું. લી.ની સામે, સુરતમાં કરવામાં આવી છે. સેક્રેટરીના નામે પત્ર વ્યવહાર કરવા વિનંતી છે.

આ બે માં

માતાકો પ્રણામ

'આરઝૂ' લખનવી

અય મા, અય મા, તુજકો સલામ
ભારત માતાકો પ્રણામ
તું તો કયસી પ્યારી મા હય
સબ માઓંસે અચ્છી મા હય
લાડ ઉઠાનેવાલી મા હય
અપની મા હય, અપની મા હય
માતાકો પ્રણામ
અય મા, અય મા, તુજકો સલામ

તેરી માંગમેં ગંગા જલ હય
ભરા પુરા તેરા આંચલ હય
હરિયાલી હય, ફૂલ હય, ફલ હય
તેરી ગોદી સુખ મંડલ હય
માતાકો પ્રણામ
અય મા, અય મા, તુજકો સલામ

તેરી છાતી ધર્મ સમન્દર
જિસકી મૌજે મસ્જિદ મંદર
દોનોંકી હય ગુંજ બરાબર
અલ્લાહ, અલ્લાહ, ઇશ્વર ઇશ્વર !
માતાકો પ્રણામ
અય મા, અય મા, તુજકો સલામ

તેરે દૂધકી સબમેં તાકત
ઉત્કટ, ઝુઝૂત, હિમતજુરઅત
તેરી દુઆએં કતહો નુસરત
તેરે પાંવકે નીચે જન્નત
માતાકો પ્રણામ
અય મા, અય મા, તુજકો સલામ

સબસે ઉંચે પર્બતવાલી
સબસે બઢકર શૌકતવાલી
સબસે ભારી દૌલતવાલી
ઝુઝૂતવાલી, અજમતવાલી
માતાકો પ્રણામ
અય મા, અય મા, તુજકો સલામ

હિન્દુ-મુસલીમ ગોરે-કાલે
પ્રેમ કી ધારા કે મતવાલે
સબ હય તેરી ગોદકે પાલે
સબ હય બાત પે મરને વાલે
માતાકો પ્રણામ
અય મા, અય મા, તુજકો સલામ !

તુજસે આશિર્વાદ જો પાયેં
આરઝૂ અયસેબી તન જાયેં
બીજલી બનકર આફત ઢાયેં
દૂર હો દીશ્તો સારી બલાયેં
માતાકો પ્રણામ
અય મા, અય મા, તુજકો સલામ !

(જનાબ તંત્રી સાહેબ 'કારવાં', આ સાથેનાં બે કાવ્યો જે પૈકીનું એક ઉત્તર હિંદના જાણીતા શાયર 'આરઝૂ' લખનવી કે જે હિંદુસ્તાનના પ્રથમ પંક્તિના વર્તમાન શાયર ગણાય છે તેમનું 'બેધડી મોજ' તા. ૧-૬-૪૧ના અંકમાં પ્રગટ થએલું તે 'કારવાં'ના વાંચકોની જાણ માટે રવાના કરું છું. સાથે બીજું કાવ્ય ગુજરાતના જાણીતા કવિ 'આસિમ' રાંદેરીનું છે, જે 'બેધડી મોજ'ના સંવત ૧૯૯૫ની સાલના દિપોત્સવી અંકમાં પ્રગટ થએલું છે. વિષય કુતુહળ પ્રિય હોઇ 'કારવા'ના વાંચકો

ચોર કોણ?

સમક્ષ એક કોયડા રૂપે પ્રગટ થવા અર્થે રવાના કરું છું. આ બે કવિઓ પૈકી શાહુકાર કોણ અને ચોર કોણ તે વાંચકોએજ કલ્પી લેવું. એક વાત યાદ રહે કે 'આરઝૂ' લખનવી તો ગુજરાતીનો કક્કોય જાણતા નથી. ત્યારે 'આસ્લિમ' સંદેરી ઉર્દૂનાં ઝંજર ફૂરતાં ઉતારી, તેને ગુજરાતીનો સાડી ધાબરો પહેરાવવામાં ખૂબ પરિંગત છે. એની ખાતરી 'કારવાં'ના આગામિ અંકોમાં આપને કરાવી આપીશ. હાલ તો આટલુંજ પ્રગટ કરો એટલે બસ છે.

લી. આપનો.
—'વલી')

માતૃ—પૂજન

'આસ્લિમ' સંદેરી

ભારત માતા, પ્યારી માતા
સૌ માતામાં સારી માતા
પ્યારી દેવ દુલારી માતા
જઇએ તુજ પર વારી માતા
ગોદ છે તારી સુખનું ધામ
ભારત માતાને પ્રણામ.

તારે સંગે ગંગા જળ છે
તારા જંગલમાં મંગળ છે
હરિયાળી છે, પુલ છે, ફળ છે
ગોદ તારી સુખ મંડળ છે
સૌ રીતે છે જ્યાં આરામ
ભારત માતાને પ્રણામ.

હિન્દુ મુસ્લિમ ગોરા કાળા
તારા પ્રેમ તણા મતવાલા
તારા ઘરના બેઉ અજવાળા
તારી ખાતર મરવાવાળા
પીને પ્રેમ મદિરા જ્યમ
ભારત માતાને પ્રણામ.

સૌથી ઊંચા પર્વતવાળી
નદીઓ તારી અમૃતવાળી
સૌથી ભારે દૌલતવાળી
દૌલતવાળી ઝંજરવાળી
કીર્તિ તારી ગામે ગામ
ભારત માતાને પ્રણામ.

તારા દૂધની સૌમાં તાકાત
ન્યારી તાકાત, ન્યારી ટિંમત
તારો દરજ્જો કેવો ઉન્નત
તારા પગની નીચે જન્નત
તુજને દેખે કોની હામ
ભારત માતાને પ્રણામ.

તારું દિલ છે ધર્મ સમન્દર
જેની મોજે મસ્જિદ મંદર
બન્નેના આલાપ બરાબર
અલ્લાહ! અલ્લાહ! ઇશ્વર! ઇશ્વર!
ઘર છે તારું ભક્તિ ધામ
ભારત માતાને પ્રણામ.

તારા આશિર્વાદ થશે જો
પુત્રો તુજ આઝાદ થશે જો
ઘર પાછું આબાદ થશે જો
લૂંટારા બરબાદ થશે જો
સાર થશે "આસ્લિમ" અરામ
ભારત માતાને પ્રણામ.



આખીએ દુનિયાકે દોસ્તો! મોસાળાની છાપ લઇને કોઇ મામો જ્હેનને ઘેર આવે તે રૂપે સરહાનિક સ્વરાજની છાપ લઇને સર ક્રિપ્સ હિંદમાં પધાર્યા છે. છાપમાં શું છે? તે જણાયું ન જણાયું ને ભાણેજો રિસાણાં. રિસામણાં મનામણાના સેંકડો નાટકો દિલ્હીના તખ્તા પર ભજવાઇ ગયાં. રોંય જેવા કોઇ રડ્યાખડ્યા નેતા સિવાય અનેકની સાથે સર ક્રિપ્સે હસ્તધુનન કરીને હસી હસીને ફસાવ્યા. આખા દેશમાંથી વિરોધનો સૂર ઉઠ્યો. એ મોસાળાની છાપને બદલે મદારીનો કરંડીયો હોઇ તેમાંથી ભયંકર સાપ નીકળવાનો હોય એમ દેશના આગેવાનો અને છાપાં ભડકી ગયા. યુરોપ અમેરિકાના છાપાંઓએ તો હિંદને સલાહ પણ આપી દીધી કે "ગયો વખત પાછો નહિ આવે જો સમાધાનની આ તક હિંદ જતી કરશે રખડી જશે." ક્રિપ્સે તો હસતું જ મોઢું રાખ્યું. જેટલા મોઢા તેટલી વાત થવા લાગી. ક્રિપ્સની યોજના હમણાં કડડડ ભૂસ થશે એમ કોકને લાગતું હતું પણ ઝભ્ભા પર સાકર લઇને આવેલા ક્રિપ્સતો હસાવતા ને હસાવતાજ રહ્યા. લીગને કોંગ્રેસ જેવી બંને વજનદાર સંસ્થાઓ ક્રિપ્સની યોજનાને ઉડાવવા તૈયાર થઇ! છેક છેલ્લો ઘડીએ રૂજવેલ્ટના દૂતે આવીને દરમિયાનગીરી કરીને હિંદને સમજવની લેવાની ઘડી આવી. આ લપ્પાણ છપ્પાઇને પ્રગટ થતાં સુધીમાં તો ક્રિપ્સની દરખાસ્ત હિંદને ગળે ઓળવાઇ પણ ગઇ હશે. અને આપણા કેટલાય મગનલાલો બંદુક મૂકીને સ્વરક્ષણ માટે પરેડ કરતા થઇ ગયા હશે શ્રાવણ માસની વાદળીની જેમ ચઢતી ને વિખેરાતી અનેક વાદળી આવીને ચાલી જશે અને મુંજેના ધારી રાખેલા દસ લાખ ગેરીલા કમર કસીને તૈયાર થઇ ગયા હશે! ને કે હિંદે વાયદાનો સોદો કર્યો છે "વિશ્વાસે મારે વાણીયો" એ કહેવત હવે કોઇને યાદ કરવાની જરૂર નથી. કારણ કે ક્રિપ્સ વાણીયો નથી ને હિંદીઓને ઓપ્રીલ ફુલ બનાવવા આવ્યા નથી!

O

ચાલો હિંદ પુરતી તો પાર્લામેન્ટમાં કાગારોળ બંધ પડી હશે અને રૂશિયાની જેમ હિંદમાં


જાણીતા સાક્ષર શ્રી અંબાલાલા બુચાખીરામ જાની અને જાણીતા કેળવણીકાર શ્રી આનંદશંકર ધ્રુવના અવસાનથી ગુજરાતે જુની પેઢીના બે જાણીતા સાક્ષરોને ગુમાવ્યા છે. ગુજરાતીની મુખી અને એકધારી સેવા કરવામાં બંનેએ પાછી પાની કરી ન હતી આ સાક્ષરોના અવસાનથી ગુજરાતને ભારે ખોટ ગઇ છે અને સાથે સથે એમ પણ કહેવા દયો કે બાપડી યુગ અસ્ત થયો છે. બાપડી યુગના છેલ્લા અવશેષ રૂપ એ વિદ્વાનો હતા

પણ કારવા બદલ ક્રિપ્સને શાલ–પામરી ઓઢાડવાની તૈયરી થતી હશે. પણ હિંદનું સમાધાન થયાથી રાજાને હીટલરના પેટમાં તેલ રેડાશે તનું કેમ ? હવે એ વાંદરાઓ બમણા વેગથી ધમપછાડ કરે તો નવાય નહિ ? ઉનાળો બેસી ગયો છે એ હીટલર એનું બહુ ગવાએલું ગ્રીષ્મ યુદ્ધ કેવુંક ચલાવે છે ? બાકી ઠંડે પેટ રટેલીને તો શિયાળામાં ખૂબ દાતરડું ચલાવ્યું ! જેમ છેલ્લા ત્રણ માસમાં રટેલીને આગળ ધસવામાં કમાલ કરી તે મિત્ર લશ્કરોએ પેસિફિકના મોરચા પર એટલે મલાયા, સીંગાપુર, જા। વ્રહ્મદેશ વગેરે રથળે પીછેહઠ કરવામાં કમાલ કરી અને એ પીછેહઠો ઉપરથી પ્રેરણા મેળવીને તો આપણા ઇડીયનો અહીંથી નહીં ને તહીંથી અહીં ભાગી રહ્યા છે ! ભાગા ભાગી સિવાય આપણે બીજું કરી પણ શું શકીએ ?



"હિલકા લે લેના જલાના ખેલ હે માંશુકડા
આંખસે મારા લખે નાકુકસે જિંદા કર દિયા."

માંશુકની જેમ એક આંખના ઇશારાથી મારી નાખે અને પાછો તરત જીવતા પણ કરી દે એવી કરામત ફટરે જાહેર કરી છે જિયારા બોઝમાણુને એકજ જણમાં મરેલા જાહેર કર્યા અને બીજજ ક્ષણે જીવતા જાહેર કર્યા ફાનુસવાળા અલાઉદ્દીન કરતાં ફટર કંઈ ઓછો ચમત્કારી નથી ! આવી રીતે તો લડાઇ દરમિયાન કેટલાયને મરેલા, અને પછી જીવતાં જાહેર કર્યા છે ! બીજો મારવો એ પણ ચાલુ જમાનામાં એક કળા મનાય છે. પણ આપણે તો હવે પેલી ડોસીઓ આપે છે તેવા આશિર્વાદજ આપવો રહ્યો ને કે " બોઝને ભગવાન સૌ વર્ષના કરે અને ફટરને ઘેર સાત દીકરા દે ! કારણ કે બોઝ તો હજુ પરણેલા નથી ને જેથી આશિર્વાદનો બાકીનો અર્ધો ભાગ ફટરને લાગુ પાડવો પડયો છે. અરજુ.



"કહત સમય બલવાન હય નહિ પુરૂષ બલવાન;
કાબે અર્જુન લૂટીયો વહી ધનુષ વહી બાન !"

એક વખતે જેના નિવેદનથી ભલભલા મદારથીઓ કાંપી ઉઠતા; તે રોય સાહેબનો હવે કોઇ ભાવ પૂછતું નથી. પેલા ચાર

બર્માના ગ્રાહકોને

જાન્યુઆરી ૧૯૪૨થી "કારવાં"ના અંકો બર્માના સરનામે રવાના કરવામાં આવ્યા નથી. કેટલાયે ગ્રાહકો દેશમાં આવી સરનામા બદલાવી ગયા છે. બાકીનાઓને તાકીદે સરનામા બદલી કરાવવા વિનંતિ છે. ગ્રાહક નંબર જરૂર લખવા ચૂકશો નહિ મેનેજર "કારવાં"

—:ફાઈલ નહીં રાખનારાઓને:—

'કારવાં" નવેમ્બર ૧૯૪૧ અંક જેમની પાસે સારી હાલતમાં હોય તેમને અમને મોકલાવી આપવા વિનંતી છે. અંક દીઠ જતાં પાંચ આનાની ટીકીટો સત્વર રવાના કરવામાં આવશે

મેનેજર, "કારવાં"



આવ્યા ને ચાલ્યા ગયા, હવે ક્રિપ્સ પણ આવીને ચાલ્યા જવાની તૈયારીમાં છે. પણ રોયને મળવા બોલાવ્યા વગરજ હિંદને આપવાનું આપી બેઠા છે! જાણે દેવ શ્રી. રોયે તો ચર્ચીલ ઉપર પણ તાર કર્યો હતો કે કૉંગ્રેસવાળા સાથે સમાધાન કરશો નહિ સત્તા મળતાજ તે ફ્રેંચ પ્રધાન પેતાંની પેઠે શત્રુ સાથે સુલેહ કરી નાખશે." 'જનમમાં કોઇ જણે નહિ ને હુ વરની પુછ' બનનારા આવા ગુલાટજાજ લીડરો હવે આથી કંઇ ધડો લેશે કે?

●

મ. ન. દ્વિવેદી કહી ગયા છે. કે: સામયિક પત્રનો ધંધો વાસ્તવિક રીતે વૈદ્યના કરતાં, એક ઉપદેશકના કરતાં, એક રાજકીય પુરૂષ કરતા, પણ વધારે જોખમ ભરેલો અને જવાબદારીવાળો છે." એમ દ્વિવેદી ભલે કહી ગયા હોય પણ હાલ તો સામાન્ય રીતે એવા પત્રકારો ઘણા જોવામાં આવે છે કે તે એક ઊંટવૈદને પણ ટપી જાય, વગર લેવાદેવા દોઢ ઉપદેશક બની જાય (કારણ કે જેને દોઢ-ડાહપણનો મેનીયા હોય તેજ લગભગ એ ધંધામાં પડતા દેખાય છે.) અને રાજકીય બાબતમાં તો પૂછવુંજ શું? ખડખડ પાંચમ ટબલ પર બેઠેલો આપણો એક કુછ બિસાતમાં નહિ એવો પત્રકાર ફ્રેંચવેદને પણ શિખામણ આપી શકે છે, ચર્ચીલને પણ બે વાતો સંભળાવી શકે છે, અરે! હીટલર જેવા તીખા આદમીને પણ ચીમકી આપી શકે છે! પછી ભલે તે લોકો આપણી દેશી ભાષા જાણતા હોય કે ન હોય! અને જવાબદારીને તે પોતાના ડાબા ખિસ્સામાંજ ઘાલીને ફરે છે!

●

'પતીલ' સાહબે ઉર્દૂમાં ગઝલો તો થોડીકજ લખી છે પણ તે થોડીક ગઝલોમાંય નવાનવા ઉર્દૂ શબ્દો એમણે એટલા બધા ઉપરિયન કરી દીધા છે તે ઉર્દૂગિરાની કમ્મર એ ભારથી લગભગ બેવડ વળી ગઇ છે! આમાર્મિ ઉર્દૂ પરિષદે એમનો આભાર માન્યેજ છુટકો છે. એમની "જમાનેસે નયે, જમાને બન મેહે હુંય" વાળી છેલ્લી ગઝલ 'આરામ'માં વાંચ્યા પછી અમને ખાતરી થઇ છે કે જેમ પરશુરામે ફરસી વતી પૃથ્વીને નક્ષત્રી કરી હતી તેમ 'પતીલ' સાહબ કલમ વડે ગુજરાતને નશાઇરી કરવા માગે છે કે શું? ગઝલોને આવી રીતે ગધેડે ચઢાવવા કરતાં એ ભાઇ કલમને બાજુએ પટકી કબીર વડ નીચે તપ કરવાજ બેસી જાય તો શું બોટું છે?

●

જા૦ જિન્નાહ સ્થાપિત

'વતન' સાપ્તાહિક


અને

'હુમદર્દ' સાપ્તાહિક

તંત્રી : સૈયદ મુહમ્મદ

ધી સાંઢેર સ્ટોર, ટાવર રોડ-સુરત,

માંથી મેળવો.



સવાલ–એક મુસલમાન મરદના નિકાહ થાય અને તેના માટે જે બીબી તરફથી પહેરની રકમ બાંધવામાં આવે તે રકમ માટે કેટલાક પઢેલાઓનું એવું કહેવું છે કે તે મહેર તે વખતે (નિકાહખાની વખતે) અદા કરવી. જો તે વખતે ન અદા કરવામા આવે તો તેની સાથે સોહબત જાઈજ નથી તો તેના માટે શું હુકમ છે?

જવાબ–અગર ઔરત રાજી હોય તો મેહેર ઉધાર પણ રાખી શકાય છે. રોકડ મહેર પર નિકાહ થયા સોહબત મૌકૂફ નથી મતલબ કે મહેર ઉધાર રાખી પાછળથી પણ મર્દ અદા કરી શકે છે.

સવાલ–આવા વખતોને સંજોગોમાં જીવ ગભરાય છે હોસેદિલ થાય છે વારતે કંઇ પઢવાનું બતલાવશો?

જવાબ–પ્રથમ ગુન્હાઓથી બચો, નમાઝની પાબંદી કરો, લોકોના હક બાકી હોય તો જલદી અદા કરો અસ્તગફેરૂલ્લાહ, હસ્બુનલ્લાહ પઢયા કરો અને દરૂદ શરીફ પઢી દિલ ઉપર દમ કર્યા કરો.

સવાલ:– એક માણસ પાસે ચાંદીનો રૂપીઆ અને ગીની એવી છે કે જેના ઉપર કુરેમેા અથવા કાંઇ અરબી ઇબારત કે નામેા છપાએલાં છે. એવા સીકકા ને તોડી ઝેવરના કામમાં લેવામા આવે તો દુરસ્ત છે? કાંઇ બેઅદબી તો નથી?

જવાબ:– કલેમા વીગેરે ઇબારત વાલા રૂપિઆ કે ગીનીને તોડી પીગળાવી ઝેવર બનાવવુ કે કાંઇ પણ કામમા લેવું જાયઝ છે. એમાં કાંઇ બેઅદબી નથી.

સવાલ:– એક માણસે નિકાહ કરતી વેળા દિલમા એવી નિય્યત કરી કે એક મહીના પછી ઔરતને તલાક આપી દઇશ. તો હવે એક મહીના બાદ ઔરત નિકાહમા રહેશે કે તલાક થઇ જશે.

જવાબ:– જે માણસે નિકાહ વખતે એવી નીય્યત કરી છે તેના નિકાહ થઈ ગયા. નિકાહમાં કાંઇ બાંધો નથી. એક માસ બાદ જોઇએ તલાક આપે અથવા ન આપે તેની ખુશી ઉપર મોકૂફ છે. જ્યા સુધી મરદ તલાક નહી આપશે ત્યાં સુધી ઔરત નિકાહમા કાયમ રહેશે.

સવાલ:– જનવરની હોજણી ગોશ્તના માટક ખાવી જાએઝ છે કે નહી?

જવાબ:– હલાલ જનવરની હોજણી પાક સાફ કરી પકાવી ખાવી બીલકુલ દુરસ્ત છે. એમાં કાંઇ પણ કરાહત નથી.

સવાલ:– દુઆમાં મોઢા સામે હાથ ઉઠાવવામાં આવે છે અને દુઆ ખતમ થતાં હાથો

મોઢા ઉપર ફેરવવામાં આવે છે. એ જરૂરી છે?

જવાબ :- દુઆ ખતમ થયા પછી હાથ મોઢા ઉપર ફેરવવા જોએઝ છે હદીસ શરીફથી સાબીત છે; કે બરકત હાંસીલ કરવા માટે હાથ મોઢા ઉપર ફેરવવામાં આવે છે.

સવાલ- તંબાકુ ખાવાનો તેમજ પીવાનો હુકમવારી આવે છે એનો વેપાર કરવામાં આવે તો કાંઇ વાંધો છે?

જવાબ-તંબાકુ ખાવાનો હોય કે પીવાનો હોય. એનો વેપાર કરવો જોએઝ છે મગર બહેતર નથી. (કતાવા રશીદયાહ)

સવાલ :-અહદનામું નુરનામું હકત દોલ. દુઆએ ગંજુલઅરશ પઢવુ કેમ છે? એને પઢવાનો ઘણો સવાબ જણાવે છે.

જવાબ :- મજકુર દુઆઓ હદીસ શરીફથી તો સાબેત નથી મગર એનું પઢવુ જોએઝ છે ઘણો સવાલ લખે છે એ ખોટું છે. જે દુઆઓ કુર્આન શરીફ અને હદીસ શરીફથી સાબેત છે; તેના પઢવામાં ઘણો સવાલ અને બરકત છે. એના સિવય બીજી દુઆઓ જે જોકોની બનાવેલી હોય, તેમાં આ ખુબી નથી.

સવાલ :- ઝોહોર બાદ, મગરેબ બાદ સુન્નતો પછી બે રકાત નફીલ પઢવામાં આવે છે એ જરૂરી છે.?

જવાબ :- ઝોહોર અને મગરેબ બાદ માત્ર બે રકાત સુન્નતો મોઅકદાહ છે. અને એ પઢવી જરૂરી છે. એ વતરોક જે પઢશે; તે નફીલ માં દાખેલ છે. નફીલ પઢવુ જરૂરી નથી. જોઇએ તો પઢે, અને જોઇએ તો ન પઢે.

સવાલ :- એક માણસ પાસે રોકડા રૂપિઆની જગ્યાએ નોટ છે, નોટો ઉપર જકાત આવે છે કે કેમ?

જવાબ :- નોટ પણ રોકડા રૂપિઆની માફેક છે. વરસ દિવસ વીત્યા પછી નોટની પણ જકાત કાઢવી જરૂરી છે જે લોકો એમ સમજે છે. કે નોટ ઉપર જકાત નથી. તેઓના આ ખ્યાલ ખોટો છે.

સવાલ – ચાંદ બીબાં અમીર બીબાં ગુજરી ગયા તેની એક ઓરત નૂરબીબી ધણીની હયાતીમાં ગુજરી ગએલી ફરી બીજી ઓરત કુલસુમ સાથે નિકાહ કર્યા તે હયાત છે. તથા મર્હુમની વારેદા બતીજાબીબી, છોકરો ગુલામબીબાં, અને ત્રણ છોકરીયો. તથા મર્હુમના બે ભાઇઓ છે. ઉપર મુજબના વારેસોને ચાંદબીબાંની મીલકતમાંથી કેટલો હક લાગે છે?

જવાબ-પ્રથમ ચાંદ બીબાંના કફન દફનનો ખર્ચ અને કર્જ હોય તો તે અને વસીયત હોય તો તે ત્રીજા ભાગ મુબીમાંથી અદા કર્યા પછી જે કાંઈ બચે તેના એકસો વીસ (૧૨૦) ભાગ કરવા. જેમાંથી આઠસો ભાગ એટલે ભાગ ૧૫, મર્હુમની ઓરત કુલસુમ બીબીને અને છકોભાગ એટલે ભાગ ૨૦, મર્હુમની મા બતીજાબીબીને અને મર્હુમના છોકરા ગુલામબીબાને ભાગ ૩૪, અને દરેક છોકરી ને ભાગ ૧૭, મળશે અને ઓરતની મહેર નિકાહ વખતે જે નક્કી થઇ હોય તે અગર આપવાની બાકી હશે તો તે તેણીને વારસા વતરોક આપવી જરૂરી છે. ચાદબીબાંના બંને ભાઇઓને કાંઈ મળશે નહીં તેમજ જે ઓરત ચાંદબીબાંની હયાતીમાં ગુજરી ગઇ છે. તેને પણ કાંઈ મળશે નહીં. એ બાઇની ચાંદબીબાંથી અગર ઔલાદ હશે તો તેઓ વારેસદાર થશે. અમોએ સવાલમાં દર્શાવેલી વિગત મુજબ જવાબ લખ્યો છે.

ચીનમાં ઇસ્લામ

મૂળલેખક : મોહમ્મદ ઇબ્રાહીમ શાહકયુઓચે' ઉર્ફે શાહયુચે'
અનુવાદક : "મુન્શી" બી. એ. [સાંદેર]

ચીનમાં ઇસ્લામ સર્વેળાનો પ્રસરી ગયો હતો અને તે એટલો જલદી ફેલાયો હતો કે કેટલાંક અગત્યના મુસ્લિમ દેશો તો હજુ અજાણ્યા હતા. પુરાણી તવારીખથી આપણે જાણી શકયા છીએ કે ચીનમાં ઇ. સ. ૬૨૮માં ઇસ્લામનો ઉદય થયો. આ ઇતિહાસના કર્તા એક ચીની મુસ્લિમ વુ-વુ-યા-લાય નામના હતા. આ બીના સય્યદ વકાસના સ્થંભ પર જે લખાણું છે તેમાથીએ જડી આવે છે.

એમ છતાં ચીનમાં ઇસ્લામની પહેલ માટે જુદા જુદા પુસ્તકોમાં જુદા જુદા અભિપ્રાયો છે ચીની ઇતિહાસ કર્તા ચુ તાંગ-શુ અને સાઇ-યુંગ-યુઆન-કુવે બંને એક મત છે કે, "તા-શીહ (અરબસ્તાન)ના રાજાએ તાંગ-યુંગ-મીના બીજા વર્ષમાં સફીરોને ઇનામો સાથે ચીની દરબારમાં મોકલ્યા હતા અને તે લોકોએ જાહેર કર્યું હતું કે તા-શીહનું આખાન મુસલમાન થઇ ગયું છે અને તેને રાજ કરવાને આજે ચોત્રીસ વર્ષ પણ પુરાં થયાં છે." ઇ. સ. પ્રમાણે આ બનાવ ૬૫૧માં થયો હતો.

તૂ-ર્હાંગ જે બાર વર્ષ અરબસ્તાન રહી આવ્યો હતો તે કેન્ટોન બંદરે ઉતરતી વખતે પોતાના સફરનામામાં જણાવે છે કે "તા-શીહ હાલ તે જગ્યાને કહેવામાં આવે છે, જે પહેલાં ઇરાનના તાબામાં હતી. ત્યાં માણસોને મોટાં નાક હોય છે અને તેઓ કાળી દાઢી રાખે છે. તેઓ ચાંદીની છરી ચળકતા બખતરમાં રાખે છે. તેઓ ન તો શરાબ પીએ છે ને સાદથી વાંકડે છે. સ્ત્રીઓ બહાર નીકળે સારે સફેદ પરદો રાખે છે. ત્યાં મોટા મોટા સભા મૂહો છે જ્યાં દર સાત દિવસે સાંનો બાદશાહ એક દબદબા ભરી ગાદી પર બેસી પોતાની પ્રજાને નીચલા શબ્દોમાં ઉદ્બોધે છે.

"માણસને માણસાઇ આવ્યથી ઘણીજ કઠીન છે અને આકાશી મસઅલાઓ કંઇ સહેલ નથી. ચોરી, દગાબાજી, હસદ, લુચ્ચાઇ, પોતાના સ્વાર્થ ખાતર બીજાનું નુકસાન, ગરીબોને છેતરવું અને નબળા પર ચઢી બેસવું એ બધું ધર્મના વિરૂધ્ધ છે. જે માણસ આ માર્ગે જશે તે મોટો ગુનેહગાર છે. જેઓ ધર્મની ખાતર દુશ્મનના હાથે મર્યા હશે, તેઓ સુખી રહેશે અને તેથી તાશીહ (અરબ)ના લોકો દિલોજાન લડવૈયા હોય છે. તેઓ આકાશી શકિતને દિવસમાં પાંચવાર નમે છે."

ચે-યુઆં જેઓ એક જાણીતા ઇતિહાસ કર્તા અને પુરાતન કાળની બાબતોમાં પ્રવીણ પુરૂષ છે તેઓની છેલ્લી શોધખોળે સાબિત કરી આપ્યું છે કે ઇસ્લામી સૂર્યનાં કિરણ તાંગ-યુંગ-ચીહના બીજા વર્ષમાં એટલે ઇ. સ ૬૫૧માં પથરાયાં. તેઓ લખે છે.

"તાંગ આનદાન (ચીન) અને તાશીહ (અરબ)નો સંબંધ તાંગ-યુઆંન-ચીહના બીજા વર્ષમાં જોડાયો અને તે તાંગ-જે-યુના ચઉદમાં વર્ષ સુધી ચાલુ રહ્યો. એટલે ઇ. સ. ૬૫૧થી ઇ. સ ૭૬૮ સુધી આ સંબંધ ચાલુ રહ્યો.

બંનેના રાજ્ય કુતોની આપસ ઘણા પુરતો, ઇતિહાસો, અને નામાઓમાંથી મળી આવે છે અને બીજા ઘણાય વિષયો ઇસ્લામ ઉપર તેમાંથી જડી આવે છે."એ વિષયોમાં એક અગત્યનો બનાવ લખવો ઠીક લેખાશે ઇ. સ. ૧૨૭૧મા ઇટલીનો મશહુર પ્રવાસી માર્કો પોલો ચીનમાં આવ્યો. જ્યારે ચોવીસ વર્ષ પછી પોતાના દેશ તે પાછો ફર્યો ત્યારે તેને યુ-આન ખાનદાનના એક બાદશાહની શાહઝાદીને ઇરાન લઇ જવા સોંપવામાં આવી કારણ કે ઇરાનના તે વખતના શાહઝાદા સાથે તેના લગ્ન લેવાયાં હતાં. આ પરથી માલૂમ પડે છે કે ચીન અને અરબના સંબંધ ઘણા અને ઘાડા હતા.

હવે આપણે ચીનમાં ઇસ્લામના પહેલા ઉપદેશક માટે કંઇ જાણવું જોઇએ તેઓ સૈયદ વકાસ હતા. એમાં કોઇનો મતફેર પણ નથી. તેઓ સારી રીતે જાણે છે કે સૈયદ અબૂ વકાસ હમારા નબી (સ. અ. વ) ના મામા હતા અને જંગે ઓહુદમાં શામેલ થયા હતા.

જ્યારે તેઓ કેન્ટોન શહેરમાં તેમના ઘણા અનુયાયીઓ સાથે આવ્યા કે તરતજ ત્યાની સલ્તનતે એક મસ્જિદ બંધાવવા હુકમ કર્યો. એટલુંજ નહિ પણ બીજા બધા ઇલાકાઓમાં પણ મસ્જિદો બંધાવી કે તેમનું પ્રચાર કામ સહેલું થઇ પડે સૈયદ વકાસ લાંબું અને સુખી જીવન ગાળી ત્યાંજ ગુજર્યા અને તેમની કબર પાસે એક બીજી ઘણીજ સુંદર મસ્જિદ બાંધવામાં આવી છે, જે શહેરની બહાર છે. તેમનો એક કિર્તિસ્થંભ ઉભો કરવામાં આવ્યો હતો જે હજુય પેલી મસ્જિદ અને તેમની કબર સાથે કોઇપણ તફાવત વગર મૌજૂદ છે. ચીનમાં ઇસ્લામના આ રમારકચિન્હ એકલાંજ રહી ગયાં છે અને ચીની મુસલમાનોને જોઇએ કે તેઓને હવે ઘણી સાવચેતીથી સાચવે.

ચીનમાં ઇસ્લામના ઉદય પછી ઘણા ચીનાઓ મુસલમાન થયા. ત્યાં ઇસ્લામ ફેલાવા માટે કોઇપણ મુસીબત આડે આવી નહિ કારણ કે પડોસાંના ચીના દરેક ધર્મ જાણવા પુરતો ભાવ રાખતા.

ચીનમાં મુસલમાનોની વસ્તી

પૂર્વમાં ચીન ઘણોજ મોટો પ્રદેશ છે. તેની વસ્તી લગભગ ચાલીસ કરોડની હતી. એમાં લગભગ પાંચ કરોડ મુસલમાન હતા. કેટલાકનું કહેવું છે કે છ કરોડ હતા અને કેટલાક કહે છે કે મુસલમાનોની વસ્તી ચીનમાં પડોસાં સાત કરોડની હતી વળી કેટલાક પાંચ કરોડથીએ ઓછી બતાવે છે એટલે પંચ કરોડની વસ્તી રાખવી અહીં વ્યાજબી લેખાશે.

હાલના હોમ મીનીસ્ટરના રિપોર્ટ પરથી માલૂમ પડશે કે ચીનની વસ્તી વધીને સુડતાળીશ કરોડ ચાર લાખ થઇ છે. આ વસ્તી ગણત્રી રીપબ્લીક ચીનના વીશમાં વર્ષમાં થઇ હતી (૧૯૩૩) અને તેથી મુસલમાનોની વસ્તી પણ વધી હોય એમાં નવાઇ નથી. પણ એટલું તો ખરૂંજ કે પાંચકરોડ એ કંઇ નાની સુની સંખ્યા નથી? આપણે એ વિષયને હાલ પડતો મુકીશું દરેક પ્રાંત અને

જબ્બલામારી વસ્તીઓની યાદી છેલ્લી આપી છે.

ચીનમાં ઇસ્લામની આટલી મોટી વસ્તી કેમ થવા પામી એ એક અણ ઉકેલ્યો સવાલ છે. છતાં એના ઉપર કંઈક પ્રકાશ પાડી શકાય અરબ સૌદાગરોએ મધ્ય એશિયામાં પોતાની ચઢાઇઓ ઇ. સ. ૭૧૩-૭૫૧માં કરી હતી અને તેમણે ઘણા ઇસ્લામી મીશનો ઉત્તર ચીનમાં ઇસ્લામનો ફેલાવો કરવા મોકલ્યાં હતાં. એ મીશનો મોટે ભાગે કામયાબ થયાં હતાં.

ચીની તાંગ-તવારીખમાં અબ્બાસી ખલીફાઓના ઘણા સફીરોની નોંધ છે. એ ખલીફાઓ અબૂલ અબ્બાસ, અબુજાફર (જેઓએ બગદાદને બાંધ્યું હતું) અને હારૂન અલ રશીદ હતા. ચીની ઇતિહાસમાં તેઓ હે-ઈ તાશીહ (કાળા ઝભ્ભાવાળા અરબ)થી ઓળખાય છે.

ઇ. સ ૭૫૫માં આન-લૂ-સાંનની દોરવણીથી એક બળવો ફાટી નીકળ્યો. આ માણસ શહેનશાહ તાંગ સુઆન-સુંગનો ઘણો માનીતો થઇ પડ્યો હતો અને લશ્કરનો મુખી પણ હતો. છેવટે તેણે પોતાને સ્વતંત્ર જાહેર કરી પોતાના પુરૂ બાદશાહ પર લડાઇ જાહેર કરી. શહેનશાહ પોતાના પુત્ર તાંગ-સુ-સુંગને ગાદી સોંપી પાટનગરથી પલાયન થઇ ગયો, છોકરાએ ગાદી પર આવતાંજ અરબોને મદદ કરવા આગ્રહ કર્યો.

ખલીફા ઇબ્ને જાફરે આગ્રહને સ્વીકારી તરતજ સી-અનપુ અને હો-નાનપુ જીતવા માટે ઇ. સ. ૭૫૭માં લશ્કર મોકલ્યું એ અરબ લશ્કરે પછી ચીનમાંજ વસવાટ કર્યો હતો. આજના ચીની મુસલમાનોમાં તેઓનુંજ ખૂન છે. જ્યારે તાંગ સલ્તનતના સત્તાધાર દસ્તાવેજોથી આ વાતને ટેકો મળે છે, ત્યારે કમભાગ્યે આપણે એ ચોક્કસ જણી શકયા નથી; કે ખલીફાએ કેટલું લશ્કર મોકલ્યું હતું? પણ ફેન્ટોનની મસ્જિદમાં એક કોતરાયલા લખાણ પરથી માલૂમ પડે છે કે એક લાખથી ઓછું ન હતું, અને તેઓમાંના વડાઓને સી-અનપુમાં ઘર કરવા આમંત્રણ પણ આપવામાં આવ્યું હતું.

યુઆન સલ્તનતના ઘણા વર્ષો પહેલાં નાના-ચાઓની હુકુમત નાના નાના રાજ્યોમાં વહેંચાઇ ગઇ હતી. એ બધા રજવાડાઓને કુબલા-ખાને મ્હાત કીધા અને યૂનાનનું નામ આપી ચીનમાં જોડી દીધું. કુબલા ખાને આ પ્રદેશનું રાજતંત્ર તેના એક વઝીરના હાથમાં સોંપ્યું જેમનું નામ સાઇ-તીન-ચીહ (સમ્યક અજલ) હતું. તેઓ બુખારાના વતની હતા અને હમારા નબી (સ. અ. વ.)ના ખાનદાનની ૨૬મી પેઢીથી હતા તેઓ ચંગીઝખાનને પણ તાબે રહ્યા. જેણે તેમને પહેલાં આબકારી ખાતાના વઝીર બનાવ્યા હતા, અને પછી યુનાનના ગવર્નર તરીકે જાહેર કર્યા. એમની બાહોશ રાજ્ય વ્યવસ્થાથી યૂનાન ઘણા લાંબા વખત સુધી શાંતિમાં રહ્યું. મુસલમાનો અને કાફિરો એકે મતે તેમને માન અર્પતા. તેમણે યુનાનમાં ઘણી મસ્જિદો બનાવી અને ઇસ્લામની ઉન્નતિ કરી. કનફુસીઅસને માનવા વાળાઓ માટે પણ તેમણે એક દેવળ બંધાવી આપ્યું જેથી તેઓ પણ ખુશ રહે.

એ ઉપરાંત ઘણા ઇરાની મુસલમાનોએ પણ વખતો વખત ચીનમાં સફર કીધી. જસરામાં જ્યારે બળવો ફાટી નીકળ્યો ત્યારે ઇબ્ને વહાબ

પણ ખૂબીની વાત એ છે કે ઉપર જણાવેલા ત્રણે ધર્મોમાં કેટલાક મુદ્દાઓ સરખા જડી આવે છે અને મૂળજ ઘણા એકેશ્વરી અનેક દેવવાદી જોવામાં આવે છે. અને ઘણા બહુ દેવોને માનવાવાળા ડારવીનને વાંચી નાસ્તિક પણ થયા જોવામાં આવે છે.

ખ્રિસ્તી ધર્મ ચીનમાં બહુજ સવેળા પ્રચારવામા આવ્યો. પણ જોઇએ તેટલી ફતેહ મળી નહિ. લગભગ ત્રણસો વર્ષ પહેલાં એક બીજો ખ્રિસ્તી ચીનમાં આવ્યો. એનું નામ મેથેન્સ રેસી હતું. તેણે પોતાના સાયન્સ જ્ઞાનના બળે ચીનમાં ખ્રિસ્તી ધર્મ ફેલાવવા બાથ ભીડી તેણે પહેલા ભૂમિતિને ચીની ભાષામા ઉતારી અને પછી બીજી વિદ્યાઓ પણ ચીની ભાષામાં આણી.

આથી તે કેટલાક ભણેલા ચીનાઓને પોતાની તરફ દોરી શકયો અને અમુક મુદ્દત પછી તો ખ્રિસ્તી ધર્મનો પ્રચાર જોરશોર ચાલુ થયો. રકૂલો, દેવળો, દવાખાનાઓ, મીશન ખાતા તરફથી બંધાવવામાં આવ્યાં અને જોકે ચળવળે ઘણુજ આગળ પડતું કામ કર્યું છતાં એકે ચીની મુસ્લિમ ખ્રિસ્તી થયો નહિ.

ખરૂં તો એ છે કે ચીની મુસ્લિમોએ બીજા ધર્મો ઉપર હુમલા કરવા કદી પસંદ કર્યા નથી તેવીજ રીતે બીજા ધર્મોએ તેમની ઉપર કોઉ ઇલ્જામ મૂકયા નહિ આમ ચીની ઇતિહાસમાં મુસ્લિમો અને ગૈર-મુસ્લિમોમાં કોઈ પણ તરેહનો ડંટો થયાનો પુરાવો મળતો નથી. અલબત્ત ઐકયતાનું મૂળ કારણ તો એમાંજ છે કે લાઓ-ઝ અને કન્ફુશીઅસ બન્ને ધર્મોના ઘણા ખરા મુદ્દાઓ ઇસ્લામને મળતા છે.

ઇસ્લામનો ચીનમાં ઉદય થયાને આજે એક હજારથીએ વધારે વર્ષ થયાં છે. આમાં તાંગ, સુંગ, યુઆન અને મીંગ એ ચારે મોટા ખાનદાનોનો સમાવેશ થાય છે આ લાંબા વખતમાં માંહોમાંહે એકે ઝગડો થવા પામ્યો નથી. અને તેથી ત્યાં ઇસ્લામને વધવાનો ઘણોજ સારો અવસર મળ્યો.

આમ મીંગ ખાનદાનના રાજ્ય સુધી ચાલ્યું. તે પછી એકાએક મન્ચુરીઆના સરમુખત્યારોએ મુસ્લિમોનું આવું સંગઠન જોઈ સખ્તાઇથી વર્તવા માંડ્યું. અને એ ખાનદાનના એકસો વર્ષમાં તો પાંચ જબરી લડાઇઓ મુસ્લિમ ચીનાઓને લડવી પડી. આ લડાઇઓ નીચલા નામે ઓળખાય છે.

૧ લાન-ચો લડાઇ. એ લડાઇમાં મુસ્લિમ સરદાર સુમ-કીહ-સાન હતા.

૨ કીહ ફેન-પુની લડાઇ મા-મીંગ-શીન ની સરદારી હેઠળ મુસલમાનો લડયા.

૩ સીકીઆગની લડાઈ ચાંગ-કેહ એરહ આ લડાઇમાં સેનાપતી હતા.

૪ જંગે યૂનાન. તુ-ચેન-સીયુની સરદારી હેઠળ લડાઇ.

૫ યાકૂબે શેનસીની લડાઇ લડી.

ચીંગ સરકાર સત્તાના મદમાં એટલી બધી સરમુખ્તયાર બની હતી કે દરેક મન્ચુરીયનને જિંદગી સુધી રકમ મળતી, અને મોજીલા માણસોને તો આમની સાથે જગાએ મળવા દેતા નહિ; પછી ભલે તે મુસ્લિમ હોય કે બિન મુસ્લિમ.

[અપૂર્ણ]

કેરીનું અથાણું

● લેખક : એફ. મોહમ્મદી. ●
(મોટા વરાછા)

"કેમ ભાઇ સામે પાર જશો કે?"

જાણે સાંભળ્યું જ ન હોય, તેમ તેણે પોતાની વાંસળી ચાલુ રાખી. મારા પ્રશ્નની તેને કશી પરવાહ નહોતી.

"શું તમે સામે પાર જવા માંગો છો?" મેં ફરીથી પુછ્યું.

પરંતુ તે નિરૂત્તરજ રહ્યો. મને એ માણસ વિચિત્ર ભાસ્યો. લગભગ અર્ધા કલાકથી એ નદી તટપર આવીને વાંસળી વગાડી રહ્યો હતો. એની પાસે જમીનપર એક વાસણ મુકેલું હતું, જેની અંદરમાં એક રોટલો તથા કેરીનું અથાણું ભરેલું હતું, એમ તે વાસણ ઉપર ઢાંકેલા ઝીણા વસ્ત્રમાંથી સાફ દીસતું'તું. સામે પાર કોઇના માટે ભાથું લઇ જતો હશે. એમ મે પ્રથમ ધારેલું. પરંતુ બે-ત્રણ નાવડીઓ આવીને ચાલી ગઇ, છતાં તેણે નજર સરખી નાંખી નહીં કદાચ વાંસળીમાં મગ્ન થઇ એ પોતાનું કર્તવ્ય ભૂલી ગયો હશે, એમ ધારી મેં તેને પોતાના કાર્ય-ભણી દોરવા પ્રયત્ન કર્યો. પરંતુ તેણે સેવેલ મૌનથી મેં અનુમાન કર્યું, કે એ કદાચ બ્હેરો હશે, એટલે મેં જોરથી પુછ્યું,

"તમે સામે પાર નથી જવાના શું?"

ગાઢ નિદ્રામાંથી જાગ્રત થયો હોય, તેમ ચોંકીને તેણે મારા મુખ ભણી દ્રષ્ટિ કરી. શ્વેત વસ્ત્રોમાં દીપતો ચાળીસેકનો એ પુરૂષ હતો. એની આંખ્યોમાં અનેરી ચમક હતી. મારા મુખ ભણી એ જોવા લાગ્યો. પરંતુ બોલવાનું જાણે પણ ન લીધું હોય તેમ એ કશું બોલ્યો નહીં.

"કેમ ભાઇ, એની સાથે દોસ્તી કરવી છે કે શું?" પાછળથી સ્વર સુણાયો.

મેં પાછળ ફરીને જોયું તો મારો નાનો ભાઇ સુરેશ હસતો ઉભો હતો. તેણે ફરીથી ઉચ્ચાર્યું, "મને તો લાગે છે, કે તમારી આ કહેવાતી 'જીજ્ઞાસા' તમને પાગલ બનાવી મુકશે."

"કેમ ભાઇ આ માણસ કોણ છે?" બીજી વાતોમાં નહીં ઉતરતાં મેં મારા ભાઇને પ્રશ્ન કર્યો.

"વાહરે તમારી જીજ્ઞાસા!" તે ખડખડાટ હસી પડ્યો "ચાલો ઘેર ચાલો. અહીંજ રાત ગુજારવી છે શું?"

આ વિચિત્ર માણસનો ઇતિહાસ જાણવા મને તાલાવેલી લાગેલી હોવાથી મેં સુરેશ સાથે ઘર પ્રતિ પ્રયાણ કર્યું. ચાલતાં ચાલતાં મેં તે માણસ તરફ એક દ્રષ્ટિ કરી, પરંતુ એને તો જાણે કશી પડીજ ન હોય, તેમ ફરીથી તે પોતાની વાંસળીમાં લીન થઈ ગયો'તો.

૦ ૦ ૦

આજે સોળ વર્ષે બી. એ નો અભ્યાસ પૂર્ણ કરી હું મારા ગામ ભેળો થયો હતો. ગામના મનોરમ્ય દ્રશ્યો નિહાળી, તથા અહીંના માયાળુ જનો સાથે મળીને હું ઘણોજ ખુશ થયો. રોજ સંધ્યાએ હું લીલાછમ ખેતરોમાં લહેર કરવા નીકળી પડતો. પરંતુ આજે મારા ભાઇને ઘરમાં કામ હોવાથી હું નદી તરફ નીકળી પડ્યો હતો. સરીતા તીરે જળ ભરવા આવતી સુંદરીઓ, તરૂઓ ઉપર પંખીઓનો



થતો કલરવ, ત્યાં ચરતા ઢોરોના ગળાની ઘંટડીનો રણકાર, મોટી મોટી ડાંગો ઉપાડીને દોડતા ગોવાળીઆના છોકરાઓના ગાન, કપડાં ધોવા માટે પત્થર મેળવવા ધોબીઓની લડાઈનો થતો શોર, દૂર દૂરના ખેતરોમાંથી પંખીઓ ઉડાવતા કે ફોસ ફેરવતા બેકુતોની બૂમો અને સાથે ચીચુડ ચીચુડ કરતો ફોસમાંથી આવતો ગાડો હાવકો સ્વર, પ્રભાકરની પશ્ચિમાગમનની તૈયારી ઢાંકવાથી ઇંદે પૂરેલ ભપકાદાર રંગબેરંગી સાથીઓ, અને એ રંગોમાં દીપતી નાવડીઓમાં જગ્યા મેળવવા માટે પથિકોની પડાપડી, વગેરે નિહાળીને ગ્રામ્યજીવનની રસીકતા તણા મધુર સાગરમાં હું તણાવા લાગ્યો. અને મારાથી થોડે દૂર એક માણસ આવીને બેસી ગયો નહોત, તો કોણજાણે કેટલી વાર સુધી હું એજ સુંદર ને મધુર સાગરમા તણાતો રહ્યો હોત. એ માણસની વિચિત્ર રીતભાતથી મને એના વિષે જાણવાની તાલાવેલી લાગી, તેથી હું મારા ભાઇ સાથે ઘરભેળો થયો.

"હ્યો ભાભી, હવે એમને પેલા કેશવનો ઇતિહાસ જાણવો છે."

ઘરમાં પ્રવેશતાંજ સુરેશે પડકો કર્યો "અને તેની સાથે દોસ્તી પણ કરવા માગે છે, હોા!" તેણે ઉમેર્યું.

"એમ?" તે તથા કાન્તા ખડખડાટ હસી પડ્યાં. એ હાસ્યનું રહસ્ય હું જાણી શકયો નહીં, પરંતુ તે માણસનું નામ કેશવ છે. એટલું તો હું સમજી શકયો

"તમારી ઉત્કંઠાએ તો ભારે કરી." મહામહેનતે હાસ્ય રોકતી કાન્તા બોલી, "અરે એવા ગાંડા માણસની પાછળ કયાં ફરો છો! એ તો રોજ ભાયું લઇ નદી કિનારે જાય છે, તે ત્યાં બેસી રહે છે."

મને કાન્તાના આ શબ્દોપર વિશ્વાસ આવ્યો નહીં. મેં ગામના ઘણા માણસોને પુછી જોયું પણ કોઇએ એના વિષે 'ગાંડો', 'પાગલ', કે 'દીવાનો' સિવાય વિશેષ ઉચ્ચાર્યું નહીં.

હવે હું રોજ સરીના તટ પર જઇ તેની પાસે બેસતો કોઈ વાર તે વાંસળી વગાડતો, તથા કોઇ વાર કરૂણ ગાન ગાતો. કદી કદાચ તે મારાથી વાતો પણ કરતો પરંતુ જ્યારે તેના જીવનનો પ્રશ્ન આવતો ત્યારે તે મૌન રહેતો.

• • • •

વર્ષા ઋતુ હતી. રોજના નિયમ પ્રમાણે આજે પણ હું તેની પાસે જઇ બેસી ગયો. કરૂણ સાદે એણે ગાવા માંડ્યું,

"જગતનાં જન તો પ્રીત વિદોણુ,
તેઓમાં નહી પ્રીત-જગતાં..."

વાદળાં ચઢી આવ્યાં 'તા. પવન સુસવાટા કરતો વહે જતો 'તો, અને એ તૂફાની પવનમાં ગાયકનો સુર જઇને મળી જતો જાણે જગતજનોનાં દ્વેષે અથડાઇને એ તૂફાન મચાવવા માંગતો કેમ ન હોય. એ ગાયે જતો 'તો.

"કહે શું કોઇ પ્રીતની નગરી;
કહી છે જગમાં વસતી દીડી?
મુજને પુછો શું શુ ગુજરી!
આ જીવીડા વહી છે રડતાં,-
છતાં ન જોઈ પ્રીત-જગતનાં જન..."

ગાન અટકયું, ના, રૂદન અટકયું! એનાં ચક્ષુઓમાં બે અશ્રુબિંદુ ચમકયાં. વાદળાં ગર્જી ઉઠ્યાં, અને મુસળધાર વરસાદ શરૂ થયો. જાણે

વાદળાં પણ એનું ગાન સુણી રૂદન કરતાં કેમ ન હોય?

વરસાદને લીધે અમે પાસે આવેલા એક વડની તળે જઈ બેઠા. "આજે પણ તમારી કથની નહીં કહો?" કોણ જાણે કેટલામી વાર ફરીથી મેં તેને પ્રશ્ન કર્યો.

"શું કહું?" એ બોલ્યો. એના સ્વરમાં દર્દ હતું. "તમે એ સુણીને શું કરશો?" એના આ શબ્દોથી મારા અંતરમાં આશાએ ઘર કર્યું. 'આજે એ જરૂર કહેશે મેં વિચાર્યું.'

"હું તમારા જીવન વિષે જાણવા માંગુ છું" મેં કહ્યું.

"તમે એટલું તો જાણતાજ હશો," તેણે કહેવું શરૂ કર્યું. "કે હું આ ગામના મગન શેઠનો અભાગી પુત્ર કેશવ છું. પહેલાં હું અમારા પેલા બગલામાં (દૂર એક બંગલા તરફ આંગળી બતાવી) રહેતો હતો. ભણીને તુરતમાંજ ગામ આવ્યો' તો અને સાથે લક્ષ્મીની પણ ઠીક કૃપા હતી, એટલે પડ્યા પડ્યા પુસ્તકો વાંચવા સિવાય મને કાંઈ કામ નહોતું."

આટલું કહી તેણે આસ્ત ભણી દ્રષ્ટિ કરી. પછી તે બોલ્યો, "હા. તે દિ'એ પણ વરસાદ વરસતો હતો, જ્યારે મેં તેણીને પ્રથમ વાર નીરખી"

તેણે બીડી કાઢીને સળગાવી. પછી તેણે ફરીથી કહેવું શરૂ કર્યું.

"એક દિવસ હું આરામ ચેરમાં બેઠોબેઠો પુસ્તક વાંચી રહ્યો હતો, કે બાળોનો કોઈની સાથે ઝઘડવાનો સદ સૂણ્યો. બારીમાં જઈને જોઉં છું તો તે સોળેક વર્ષની કોઈ સુંદરીને બંગલા ભણી ખેંચી રહ્યો હતો.

"જોઉં," મને જોતાંજ તે બોલી ઉઠ્યો. "આ લુચ્ચી રોજ આપણી વાડીમાંથી બોર ચોરી જાય છે. આજે મણે દિવસે હાથ આવી છે,"

તે યુવતી હજુ સુધી પોતાનો હસ્ત છોડાવવા નિષ્ફળ મેહનત કરી રહી હતી. યુવાનીને તિરે તેણીએ કુંકુમ પગલાં માંડ્યાં હતાં. રંગ શ્યામવર્ણો હતો, છતાં ઘેરા લાલ સાડલામાં તેણી ઘણીજ આકર્ષક દીસતી હતી. તેણીનાં ચક્ષુઓમાં અનેરું આકર્ષણ ભર્યું હતું. ખેંચતાણતે અંગે તેણી થાકી ગએલી હોય એમ નીચું નિરખી તેણી હાંફતી ઉભી હતી.

"નરસીહ, એને છોડી દે." મેં બોળીને કહ્યું.

નરસીંહ હજુ હાથ છોડવા જાય, ત્યાં તેણી પોતેજ જોરથી હાથ છોડાવી 'લંપુસ' કહેતી નાઠી. તેણીને દોડતી જોઈ મને શિકારીના હસ્તમાંથી નાસી છુટેલ કોઈ હરિણીની કલ્પના થઈ આવી.

"ઉભી રહેતો....." કહી નરસીંહ જાણે તેને પકડવા દોડતો હોય, તેમ થોડે દૂર સુધી દોડ્યો, અને પછી તે ખડખડાટ હસી પડ્યો.

"નરસીંહ, તું એને ઓળખે છે?"

નરસીંહ એને ઓળખે છે એ જાણતો હોવા છતા તેણીની વધુ વિગત મેળવવાની આશાએ મેં પુછ્યું.

"કેમ નહીં? સા'બ! એતો આપણી પડોશમાં જવા પટેલ રે' છે ને, તેમની પોરી મોતી બે'ન છે. છે; તો હોશીઆર પણ તોફાની ઘણી હોં! એના બાપ તો ઘરડા થયા,

એટલે એનું બધું કામ એ તે એની મા કમાલી લે' છે. લાગ મળતાં કોઈની વાડીમાંથી લીંબુ, બંબુ, કેરી વગેરે લઈ નાસી જવાય ચુકતી નથી તો! આખું ગામ એને ઓળખે છે. પણ તમે તો સાંજ, શેરથી આવ્યા, ત્યારના વાંચ્યાજ કરો તો એને ક્યાંથી ઓળખો?"

સ્વભાવ પ્રમાણે નરસીંહે તેણીનો કુંક ઇતિહાસ જાણ્યો. "મોતી! કેવું સુંદર નામ!" ખરેખર એ એક અમૂલ્ય મોતીજ હતું એનું મુખડું હંમેશાં મારી આંખો આગળ રમ્યાજ કરતું. તે પછી બે ત્રણ વાર એને મળવા મેં પ્રયત્ન કર્યા, પરંતુ તેણીના માતા સાથે હોવાને લીધે તે વ્યર્થ ગયા.

તે દિવસથી હું ઉદાસ રહેવા લાગ્યો બીજા બધા કરતા મારા ગરીબ માળી નરસીંહને મારી સૌથી વધારે ચિંતા હતી. તે હંમેશા મારી ઉદાસીનતાનું કારણ પુછ્યા કરતો, પરંતુ હું તેને ઉધડા ઉત્તરો આપી દાણી દેતો. એ સુંદર મોતીને વિસરી જવા મેં ઘણા પ્રયત્નો કર્યા, પરંતુ મારા હૃદય પટપર કોતરાયેલ એની છબી ભુંસી શકાઈ નહીં. છેવટે મારાથી રહેવાયું નહીં. એક દિવસે મેં નરસીંહ આગળ મારું હૃદય ખોલ્યું.

"સાંભ, એ કોઇ કોઇવાર સાંજે એના કાકાને સામે પાર મળવા જાય છે," શાંતિથી અર્પતાં તે ભલા માળીએ મને માર્ગસૂચન કર્યું.

આટલું કહી કેશવ ચોપ્યો. વરસાદ હવે અટક્યો હતો. ચારેકોર અંધકાર વ્યાપી રહ્યો હતો. સુસવાટા કરતા પવનને લીધે નૃત્ય કરતાં વૃક્ષપર્ણોનો પણ સ્વર સંગીતમય લાગતો'તો.

"અને હું નદી તિરનું અમારું પ્રથમ મિલન તે શે ભૂલી શકું!" સજળ નયને તે બોલ્યો "એ પછી કેટલીય વાર અમે મળ્યાં. એકદિવસે હું તેણી માટે મિઠાઇ લઈ આવ્યો તેણી પ્રથમથીજ ઉભી મ્હારી વાટ જોઇ રહી હતી." હું બોલ્યો.

"મોતી, તારા માટે આજે હું કંઇક લાવ્યો છું."

"એવું 'કંઇક' તો હું પણ તમારા માટે લઇ આવી છું." પોતાની સાડીના છેડામાં એક નાનું સરખું પોટલું બતાવતી તે બોલી. પછી તેણે વાત વિસ્તારી, "બોલો, તમે મારે માટે શું લાવ્યા છો?"

"પ્રથમ તુંજ કહે તું શું લાવી છે?"

"ના પહેલાં તમેજ કહો!"

'હું?' ગર્વથી હું બોલ્યો। "મેં તારા માટે શહેરથી મિઠાઈ મંગાવી છે."

"બસ?" તેણીએ હસતાં ઉમેર્યું, "હવે કહો હું તમારા માટે શું લાવી છું?"

'ચોક બોક હશે, વળી શું?'

'ના.'

'ત્યારે તો રોજ મમરા હશે!'

'ના, ના.'

'ત્યારે તુંજ કહે. શું છે?'

'કહું? એ તમારી મિઠાઇને શું કરીએ? હું તો તમારા માટે કેરીનું અથા...'

'કેરીનું અથાણું!' આશ્ચર્યથી હું બોલી ઉઠ્યો.

'કેમ? નથી ભાવતું તમને? તમે શહેરીબાબુ...'

'ના.ના મોતી! ભાવતું કેમ નથી?'

અને સાથે બેસીને અમે તે અથાણું ખાધું. ખરેખર! શહેરની મિઠાઇ કરતાં તેમાં અનેરી મોજ હતી.

કોણ જાણે કેમ, પણ તેણીને ફરીનું અથાણું ઘણુંજ ભાવતું હતુ. એટલે તે દિવસે ઘેર આવીને મેં પણ નરસીંહ પાસે ફરીનું અથાણું તૈયાર કરાવ્યું. આમ અમે સરિતાને કિનારે આવીને આનંદ માણતા."

કેશવે હોલવાઇ ગએલ બીડી ફરીથી સળગાવી. સર્વત્ર હવે તદ્દન અંધારૂં થઇ ગયું હતું થોડાં થોડાં વાદળાં વિખરાયાં હતા. દૂર ઉભેથી કોઇ નવયૌવનાની કાળી સાડલીમાં જેવા ઝૂલો ઝાંખા ભાસે, તેમ દૂરદૂર ગગનમાં કેટલાક તારલા ઝાંખા ભાસતા 'તા. કેશવે વાત આગળ વધારી.

"તે અશુભ દિવસ હું કદી ભૂલવાનો નથી. મોતી સામે પાર તેણીના કાકાને ત્યાં ગઈ હતી. વરસાદ ચોટલો બંધો વરસતો હતો, કે જાણે આકાશ હમણાંજ તુટી પડશે એમ લાગતું. વિફરેલાં નદીનાં જળ મોજાંઓ જે સામે આવે તેને ઉદરમાં પધરાવી હંમેશને માટે શાંત કરી દેતાં. ગામજનો કહેતાં કે પાપ વધી પડવાને લીધે માતા રીસાઇ ગયાં છે. અને.....અને જ્યારે લોકોએ વાત કેવાતી, કે વિકાળ તથા ભૂખ્યાં જળમોજાંઓ મારી મોતીને પણ...પણ કોણ કહે છે કે એ વાત ખરી છે? શું મારી મોતી નહીં આવે?"

અશ્રુભીની આંખોએ કેશવ ફરીથી બોલ્યો.

"શું મારી મોતી પાછી નહીં આવે? બોલો, હું તેના માટે ફરીનું અથાણું પણ લાવ્યો છું. લોકો કહે છે, કે તેણી જ્યારે પાછી ફરતી 'તી, ત્યારે રાક્ષસી મોજાંઓએ નાવડીને પલટાવી તેણીને પોતાની બાથમાં ભીડી લીધી. પણ ભાંઇ! શું તમે એ માનો છો? શું એ નહીંજ આવશે?"

તે ચુપ થઇ ગગન નિરખવા લાગ્યો. વાદળ ગર્જ્યું. વીજળી ચમકી. વાદળાં રૂપી તેનાં અંધકારમય હૃદયમાં આશારૂપી વીજે ચમકાર કર્યો કેમ ન હોય, તેમ તે જોરથી બુમ પાડી ઉઠ્યો, "એ જરૂર આવશે, એ જરૂર આવશે."

ગાઢ અંધકારમાં પાસેની ભેખડોમાંથી કોઇ તેની મશ્કરી કરી રહ્યું હતું:-

"એ જરૂર આવશે, એ જરૂર આવશે."

(સંપૂર્ણ)

=*=

લખનોવાળા

અસગરઅલીના અત્તરો

કે તોલાની શીશીઓમાં

અને

તાજ કું. લી૦ લાહોરનો

મરહર

સુરમા મુક૦વીએ બસર

પેકેટના બે આના

શીશીના આઠ આના

ધી રાંદેર સ્ટોર્સ ટાવરરોડ, સુરત.



ઉમદા સ્વાસ્થ્ય
"ઝાર" રાંદેરી.

ઝાર પીલ્સ—આ ગોળીઓ ઘણા લાંબા અનુભવ પછી જાહેરમાં મુકી છે કોઇ પણ કારણે ગુમાવેલી શારીરિક, માનસિક, દરેક શક્તિઓને પાછી મેળવવામાં તેમાં ખાસ કરી મરદાઇ માટે છેવટનો ઉપાય કહીએ તો લગારે અતિશયોક્તિ નથી અતિ સ્ત્રી સમાગમ, કુટેવ, કે ગમે એ કારણે ગુમાવેલું પુરૂષત્વ (મર્દાઇ) પાછું મેળવવામાં અમારા લંબા અનુભવમાં આજ સુધી એનાથી ૬કસીર ઉપાય એક આવ્યો નથી. બેજ દિવસમાં નિર્બળતા, પાચનશક્તિ, કબજીયાતમાં પણ પોતાનો ગુણ બતાવવો શરૂ કરે છે. અને શરીરમાંથી સુસ્તી, ઢીલાપણું, કમર, માથા, સાંધા અને રગોના દુઃખાવાઓને દૂર કરે છે. એમાં કસ્તુરી, અંબર અને સોનાની ભસ્મ જેવી કીમતી વસ્તુઓ હોવા છતા માત્ર પબ્લિકના લાભાર્થે ૩૨ ગોળીઓની કીમત રૂા. ૧–૦–૦ પોસ્ટ ખર્ચ જુદો.

ઝાર તિલા—આ તિલામાં સર્વથી વધુ ખૂબી તો એ છે કે એના ઉપયોગથી કોઇપણ રીતની જલન કે ફોલ્લીઓ થતી નથી તેમ એને લગાડી પાન કે પાટો બાંધવાનીયે અગત્ય નથી. મસળતાંજ ચામડીમાં ઘુસી જાય છે. રગોની નબળાઇને દૂર કરવામાં આ તિલો ખરેખર ચમત્કારી છે, હજારો રૂપીઆ ખર્ચે જે લાભ ન મળે તે લાભ માત્ર અઢી રૂપીઆમાં મેળવી શકાય છે. કીમત ૨–૮–૦ (અઢી) પોસ્ટ ખર્ચ જુદો.

આનંદ રસ—આ વિચિત્ર તિલો મર્દાઇ અને ધમ્સાક (વીર્ય સ્તંભન) માટે ખાસ છે. ગરીબોને ખાસ લક્ષમાં રાખીને આ કુદરતી તિલો જાહેરમાં મુકયો છે. એના ઉપયોગથી ખાસ જગ્યામાં સખ્તી અને ધમ્સાકમાં બેવડો વધારો થાય છે. કીમત ડબ્બીનો રૂા. ૧) પોસ્ટ ખર્ચ જુદો.

મુકવ્વી વ મુમ્સિક—કસ્તુરી, અંબર, સોનાની ભસ્મ જેવી કીમતી વસ્તુઓ વડે તૈયાર કરવામાં આવેલી આ દવા ધમ્સાક અને મર્દાઇ માટે અજોડ છે. નિર્બળતા, (ધાતુસ્ત્રાવ) કાલતિલામ, (સ્વપ્નદોષ) તેમજ વીર્ય વિકારની દરેક ફર્યાદો આ દવા માત્ર બેજ દિવસમાં દૂર કરે છે. શોખીનો માટે આ દવા ખાસ છે. એક તોલો દવા બાર દિવસ ચાલે છે કીમત તોલા એકનો રૂપીઓ એક, પોસ્ટ ખર્ચ જુદો.

દવાએ સુઝાક—આ પીવાની દવા છે. ગમે એવા નવા કે જૂના પરમિયાને મટાડે છે. હજારો માણસો સારા થયા પછી આ દવા પબ્લીક સનમુખ ધરી છે. એક શીશી સાત દિવસ ચાલે છે. સાધારણ બીમાર માત્ર એકજ શીશીમાં સારો થઇ શકે છે. ગમે એવા જુના પરમિયાને માત્ર બે શીશી કાફી છે. ધન્વંતરીનો વડે પોતાનું ભવિષ્ય બગડવા ન કરતાં એક વાર આ દવા લેવા અમારો ભલામણ છે કીમત શીશીનો રૂપીઓ દોઢ, પોસ્ટ ખર્ચ જુદે. (રૂબરૂમાં પરમિયાનો શર્તીયા ઇલાજ કરીશું)

હિન્દ બહારથી મંગાવનારાઓએ ખીટીશ પોસ્ટલ ઓર્ડર Manager, The Rander Unani Pharmacy : ના નામે મોકલવો. ફાર્મસીમાં મળતી દરેક દવાઓનું સૂચિપત્ર મુફ્ત મોકલવામાં આવશે. લખો અથવા મળો :

મેનેજર **ધી રાંદેર યૂનાની ફાર્મસી**

રાંદેર, Rander, Dist. Surat.

આફ્રીકાના એજંટ:-Union Printing Works 91, Victoria Street, Durban (Natal)

સિદ્ધિ.....ના.....સ ન્મા ર્ગ

રજુ કરનાર : "ગાફિલ"

(સર્વ હક્ક લેખકને સ્વાધીન છે)

૩૬૫

કોઇપણ કંપની કે કારખાનામાં સમાન અધિકારવાળા બે માણસો ન હોવા જોઇએ. કારણ કે સમાન અધિકાર ધરાવતા બે માણસોનો મતભેદ જો ગંભીર સ્વરૂપ લે, તો ધંધાને અસ્તાધારણ ફટકો પડે છે.

૩૬૬

આપી શકાય તેટલો ભોગ આપીને પણ દરેક માણસે મુસાફરી કરવી જોઇએ. હજારો પુસ્તકો વાંચવાથી જેટલી માહિતી મળતી નથી, તેટલો અનુભવ થોડીક મુસાફરીમાં મળી રહે છે. વાંચવા ને સાંભળવા કરતાં પ્રત્યક્ષ નિહાળી લેવાથી અનુપમ અપૂર્વ લાભો પ્રાપ્ત થાય છે.

૩૬૭

કોઇની કદીએ આશા રાખ્યા વિના, કર્તવ્ય-પાલન કરવાથી પરિણામ સુંદર આવીજ રહે છે. ફરજને ફરજ સમજી બદલાની આશા વગર ફરજ અદા કરી ફરજ મુક્ત થવું એ મનુષ્ય-માત્રનો ધર્મ છે.

૩૬૮

છત હોય તો પૈસા આપી દેશો, પણ અન્ય ધંધાદારીને કોઇ પણ સંજોગોમાં તમારૂ નામ આપશો નહિ. નામ આપવું, એ નામ ગુમાવવા બરોબર છે.

૩૬૯

પ્રત્યેક ધંધાદારીનું કર્તવ્ય છે, કે જાતે કરી શકાય તેટલો ધંધો કરવો. અન્ય એકાદ કંપનીનાં શેરહોલ્ડર થવામાં, કયારેક પણ નુકસાની આપવી પડે છે.

૩૭૦

તમારે સ્વાદ ખાતર બે પ્રતિપક્ષિઓ વચ્ચે સમાધાન કરવાની ફરજ પડે, તો બન્નેને ખાણા ઉપર નોતરજો અને બન્નેને પડખે પડખજ બેસાડજો. આમ કરવાથી બન્નેને સભ્યતા પૂર્વક વર્તવાની ઘણે અંશે ફરજ પડશે, અને તમારૂં કાર્ય સરળતા પૂર્વક પાર પાડી શકશો.

૩૭૧

કહેવાતા મોટા માણસો શ્રીમંતો કે જાગીરદારોમાં જો આકકલ અને ચારિત્ર્યનો તમોને અભાવ જણાય, તો તેવા માણસો સાથે દોસ્તી રાખવાનો ડોળ કરશો નહિ. તેમજ તેમને વગોવશો પણ નહિ. તેમની મૈત્રી પણ અનર્થકારી છે, તેમની નિંદામાં પણ હાની રહેલી છે.

૩૭૨

પોતાની દ્રષ્ટિએ પોતાને જોવા કરતા, અન્યની દ્રષ્ટિએ પોતાને જોવાની આદત કેળવવાથી, આપણી અનેક ત્રુટીઓ ઓછી થઇ જાય છે.

૩૭૩

અન્યનાં દોષો સ્નેહ દ્વારા પી શકાય છે.



સ્નેહ ન હોય તો પરસ્પર ધિક્કાર વધે, અને ધિક્કાર વધે એ માનવ સમાજ માટે હિતકર નથી.

૩૭૪

આપણું સાધારણ પ્રકારનાં વૈભવ અને વિલાસમાંથી પણ, સાચી સંસ્કૃતિ હોય, તો કેટલાય જણ પોષી શકાય તેમ છે. વિલાસ ત્યજી દઈએ તો, અનેકને ઉગારી શકવાનું કાર્ય સરળ બની રહે.

૩૭૫

ફરજ પાડીને જોડવામાં આવેલા સ્નેહ સંબંધમાં એકાદ ગાંઠ રહી જવાનો સંભવ છે. કારણ કે પ્રેમ ફરજ પાડવાથી થઈ શકે નહિ. એમાં કાયમતા રહી જવા પામે. પ્રેમ સ્વયંભૂ છે.

૩૭૬

પ્રેમ એક અનોખી વસ્તુ છે, તેને શબ્દ દેહ આપી શકાય નહિ, પ્રેમને શબ્દ જ નથી, કે જે વંચાય કે સંભળાય. પ્રેમ તો પોતાની મેળે જન્મે, પ્રકટે અને પ્રેરણા આપે. સારાંશ કે પ્રેમ કરવાની કોશિશને ફરજ પાડવાનાં એક ક્ષણ પ્રમાણે મિથ્યા જાય છે.

૩૭૭

સંયમી પુરુષની ભદ્રતા સ્ત્રીની દૃષ્ટિએ અનેરી છે, સ્ત્રી આપણું અન્ય એકંદર પુરુષોની કોઈનીયે કિંમત આંકતી નથી. પણ જો આપણે ઋતેન્દ્રિય હોઈએ, એવું એના જાણવામાં આવે. તો સ્ત્રી આપણી ભક્ત બની જાય છે.

૩૭૮

ઘણા ખરા શહેરી ડાકટરો જંગલનાં હુંફાડાઓ જેવા લાગણી વિનાનાં પ્રાણીઓ હોય છે, સંખ્યાબંધ મનુષ્યોને પોતાનાં પ્રયોગનાં ભોગ બનાવ્યા પછી પ્રખ્યાત થયેલા એ ડાકટરોમાં જ્યારે નિર્ધન પ્રત્યેનો બેદરકારી જોવામાં આવે છે, ત્યારે કલ્પનાયે થંભી જાય એટલું દુઃખ આપણને થાય છે. પ્રેકટીસ શરૂ કરતી વખતે ખ્યાતી મેળવવા ખાતર અનેક ડાકટરો સાક્ષાત દયામૂર્તિ જેવા દેખાય છે, પણ પ્રખ્યાત થયા પછી તેમને પૈસા ન હોય, એવા પેશન્ટોની બહુ ઓછી દરકાર રહે છે. પરીણામે દર્દીને નહિ, પણ દર્દીનાં ખીસ્સાં ઉપરજ ડોકટરની મીટ મંડાય છે. સેવાની દૃષ્ટિએ ડોકટરો હજી છે, તો બીજા બધાય માણસો કરતાં અધિક સેવા આપી શકે, અને જેમનામાં એ સદ્‌ગુણ રહેલો છે, તે બધામાં વધુ સેવા આપી પણ રહ્યા છે.

૩૭૯

કેટલાક ધર્માચાર્યો એવા છે, કે જે ધર્માદારીઓને પોતાનાં સ્વર્ગની ખાતર અન્યનું ખુશી ખર્ચીને લૂંટવાનો હક્ક આપે છે. દાણલા તેરીકે ચશ્માનો વ્યાપારી હંમેશાં લોકોની આંખોનું નૂર હણાઈ જવાનાજ વિચારોમાં તલ્લિન રહે, એ સ્વભાવિક છે. મરનારે કફન-સોનાનાં ઉપરના કપડાં લેનાર પણ માણસો વધારે મરે એવું ઇચ્છે એ દેખીતું જ છે.

૩૮૦

રોગી માટે ચિંતા કરવી, એ બેવકૂફી ન ઓળખ્યા બરાબર છે. વગર બોલાવ્યા કરોળી-

આને છવાડવા માટે પાંખવાળી માખીઓને કુદરત કરોળીયાની જાળમાં મોકલે છે. આપણે તો ઇન્સાન છીએ. પ્રયત્નો દ્વારા શું નથી કરી શકતા?

૩૮૧

યોગ્ય યુગલને ઈર્ષ્યાથી જોવું, એ ભયંકર પાપ છે, સ્વર્ગ ને નર્કનાં રૂપમાં ફેરવી નાખવા જેવું નીચ કૃત્ય છે. જે પ્રદેશમાં ઇન્સાનો પ્રેમની ઇર્ષ્યા કરે છે, તે પ્રદેશમાં નર્કની ગંધ પ્રકટ થાય છે. અને યૌવનમાં રસને બદલે વિકાર જન્મે છે, આવો પ્રદેશ પ્રેમની સૃષ્ટિ ને બદલે માત્ર વિલાસની દુનિયા બની રહે છે. આવા પ્રદેશમાં વખતનાં વહેણ સાથે પ્રેમનો, સાચા પ્રેમનો અંત આવી જાય છે. કૃત્રીમતા વધે છે, અને પછી તો સોકો પ્રેમ, એ બીજી વસ્તુની જેમ પૈસા વડે ખરીદવાનાં મિથ્યા પ્રયત્નો કરે છે. અને પછી તો તો ધીમે ધીમે પ્રેમની મહત્તા પણ અલોપ થઈ જાય છે. સોકો પ્રેમનાં બદલે વૈભવ, વિલાસ અને વમનો ઉપયોગ કરે છે. પ્રેમની આવર કોઇ પરણવું પણ નથી. માત્ર દેહ ભૂખની તૃપ્તિ આવશ્યક લગ્નની પ્રથા કાયમ રહે છે.

૩૮૨

જ્યાં બુદ્ધિ હોય ત્યાં પૈસો હોય તોજ પૈસાનો સદુપયોગ થવા પામે નહિતર પૈસો ઇન્સાનની પાશવી વૃત્તિને પંપાળે ઉત્તેજે છે. જેજ રીતે જ્યાં સદ્‌ગુણ નિર્ધન હોય, અને સાચી સમજનો પણ જ્યાં તોટો ન હોય, તો તેવા માણસો પૈસા માટે અનેક ખોટાં કૃત્યો કરવાને લલચાય છે, આપણે જો પણ સંજોગોમા હોઇએ, તે સંજોગોમાં પોતાની જાત ઉપરનો કાબુ ન ગુમાવીએ, એજ ઇચ્છવા યોગ્ય છે.

૩૮૩

પ્રત્યેક જ્વાની જોહરી તકરાર પછી શક્તિનો અંત આવી જવા સંભવ હોય, ત્યારે મૈત્રીની વાતચીત થવાની શરુઆત થાય છે. લડી લીધા પછી જ્યારે થાક ચઢે ત્યારે ઠંડાપણની વાતો કરવી એ જગત જુની પ્રથા છે. પણ લડવું જ નહિ એવો નિશ્ચય થાય તો કેટલું સારું?

૩૮૪

સ્ત્રી પાસે બે શસ્ત્રો અજબ છે. એક છળ્યાં અને બીજો અશ્રુ એની છળ્યાંએ સમસ્ત માનવ જગતને અંધકારમાં મૂકી દીધાનાં દૃષ્ટાંતો ઇતિહાસમાં અનેક જોવામાં આવે છે. જ્યારે મક્કમતાની દ્રષ્ટિએ મહાન લેખાતા માનવીઓને પણ આંસુદ્વારા સ્ત્રીએ ઓગળાવી નાખવાનાં દાખલા પણ સંખ્યાબંધ જડી આવે છે. પુરુષોએ સ્ત્રીનાં આ બન્ને અસ્ત્રોનો ભોગ થતાં અટકવું જોઇએ

૩૮૫

સ્ત્રીનું સૌંદર્ય અને શૌર્ય પુરુષને આંજી નાંખે છે. પુરુષનું યુદ્ધ કૌશલ્ય પણ સ્ત્રી સમક્ષ કેટલાક સંજોગોમાં ઓસરી જાય છે.

૩૮૬

જોગ્ય કે પ્રસંગોની પારમાલીનાં મળ



આંતર વિગ્રહમાં ભમાયેલાં છે આંતર વિગ્રહ દ્વારા નબળી સત્તાઓ એકાદ સડેલા ફળની જેમ ખરી પડે છે. જ્યારે પ્રજાઓ આંતર-વિગ્રહનાં અંગે પોતાનાં સર્વ નાશને નોતરે છે અને ટકાવે છે, તથા પોષે છે.

૩૮૭

પ્રત્યેક પવિત્ર વસ્તુને આપણી મલીન મનોદશાજ અપવિત્ર બનાવી નાખે છે વાસ્તવિક રીતે કુદરતે પેદા કરેલી એકેકંદર વસ્તુઓ પોતાનાં મૂળ સ્વરૂપમાં પવિત્રજ હોય છે. મનુષ્યની ભાવનાજ પાછળથી તેને અપવિત્ર બનાવી દે છે.

૩૮૮

સ્ત્રીને જોતાં વેંતજ સયમ ગુમાવી દયે તે મનુષ્ય, મનુષ્ય નહિ, પણ પશુ સમાન છે. ગમે તેવા સંજોગોમાં પણ સંયમ ન ગુમાવે, તેજ સાચો ઇન્સાન ગણાય.

૩૮૯

જે પ્રેમમાં પવિત્રતા કે સચ્ચાઇ નથી હોતી, તે પ્રેમ માણસને ભવિષ્ય વાણી કહી નાખવાની ફરજ પાડે છે. અને પરિણામ વિપરીતઆવ્યા વગર રહેતું નથી.

: ચાર રૂબાઈઓ :

૧ બોધકને બોધ :

શું છે થાય બે ઘુંટથી બોધક પીજ;
ભૂલી વહજુરિલ-ખમ-રે-ત-ઇનકુન-ત-ફના,
યસ્મિન-હુ-વ-ફીશાનને ફમણખ્ત સમજ;
જો ચક્ષુઓ ફાડીને જરા શ્યામ ઘટા.

૨ સિતમગરનાં સિતમ :

નિર્દોષ હૃદય એકને અગણિત સિતમ;
કંઇ મૌન રહી વેઠે છે હમણું-હરદમ.
મળશેજ પ્રલયકાળે પ્રતિફળ એનું
અઝઝાલિમુ—લાયુરહમુ—મંહલા યુરહમ.

૩ પ્રસંગની પ્રતિક્ષા :

અજ્ઞાત શું સમજે તું વ્યાયાઓ દિલની;
છે દર્દભરી પ્રેમ—કથાઓ દિલની.
પ્રસંગને પેખીને હું ઇન્શાઅલ્લાહ!
દિલ-મુકત કરી દઇશ દુઆઓ દિલની.

૪ ઝગડાની જડ :

નિત મુખ મર્દી છે સંતના · મુમ્હાનલ્લાહ;
આપે છે બેદબલિલ્લાહે-જમીઆની સલાહ.
પણ ઝમીઓ સુરાલયમાં કરાવી બેઠા;
લાહવ--લ--વલા—કુવ્વ-ત--બિલ્લા—બિલ્લાહ.

"કલીમ વાકિફી"

જીવનનાં વહેણ

પાંચ કલમે લખાયેલી એક વાર્તા

[૧] 'નિશાત' [૨] 'ચમકાર'
[૩] 'ઝેફામ' [૪] 'પ્રપોત'
[૫] 'કિસ્મત'

(૧) 'નિશાત'

"એ નિર્મળ જળ મારો સ્વીકાર કરશે? આહ! લોકમાતા સરિતાની ભીડી ગોદમાં લપાવાની કેવી મઝા! જળ સમાધિ? શું હું ડરી ગઉં? હા, હા સલીમા! એ વિના આ આ જીવનનો છુટકારો નથી. પણ.....પણ શું? જીવનમાં તારું કોણ છે? તારી પાછળ કોણ રોનાર છે? માતા! એ તો બીચારી મરવા પડી છે. પછી કોણ છે? તારા માટે તો મરવું એજ ઉત્તમ છે. માતાના કફન દફન માટે તો રાતી પાઇ પણ નથી તુંજ એકલી એની વારસ છે અને એ તારેજ કરવું પડશે. બસ, એકજ ઉપાય—જળ સમાધિ. એજ તારો છુટકારો કરશે." સલીમા પોતાના દેહ વિનાશનો વિચાર કરતી કરતી શહેર-બસીને વહી રહેલી નદી પાસે આવી પહોંચી.

વિધવા માતા સિવાય સલીમાના જીવનનો એકેય આધાર ન હતો. નજદીકનું કે દૂરનું તેને કોઈ સગું ન હતું. તેના પિતા નૂરમહમદ પોતાની પાછળ સંપત્તિ સિવાયની સંતતિમાં એક સલીમા અને તેની સંભાળ રાખવા તેની બી આમેનાને મૂકી આ જીવનને છેલ્લી સલામ કરી ગયા હતા. પોતાના ધણીના મૃત્યુ પછી આમેનાએ સલીમાનો બધો ભાર પોતાના માથે ઉપાડી લીધો. આમેના ગામનાં દળણાં દળી અને પાણી ભરી પોતાનો નિર્વાહ કરતી. સલીમાને તેણે સાધારણ અક્ષરજ્ઞાન અપાવી તેના હાથમાં ઘરનું બધું કામ સોપી દીધું.

સલીમા પણ આશાઓમાં રાચતી કુમારિકા હતી. એને પણ ઘરરખુ ગૃહીણી બનવાનાં કોડ હતા. પણ.....પણ? વિધવાની પુત્રીને કોણ અપનાવે? નિર્ધનનો હાથ કોણ મહણ કરે? શું ઇસ્લામમાં પણ વર્ગભેદ છે? રંક અને રાયના ભેદ ઇસ્લામમાં!

"શું મારો સ્વીકાર કોઇ નહિ કરે? શું હું ગૃહરાણી બનવાને યોગ્ય નથી? હું સૌંદર્યવાન યુવતિ નથી? એમ નથી તો શા કારણે મારી સામે યુવાનો તૃષાતુર દૃષ્ટિ ફેંકે છે? શું એક નિર્ધન સ્ત્રીને પરણવું એ સમાજમાં પાપ છે? એને આશ્રય આપવો એ પણ ગુનો છે? તો પૃથ્વી મારી જેવી અસંખ્ય અભાગીઓનો ભર શા માટે ઉપાડી રહી છે? શા માટે એની હુંફાળી ગોદમાં સમાવી દેતી નથી?" આવા અનેક વિચારો તેના મગજમાં ખૂંચતા અને એ ઉશ્કેરાઈ જતી. એને આત્મહત્યા કરવાનું મન થઈ આવતું, પણ એ વિધવા માતાના દુઃખમાં વધારો કરવા ન હોતી ઇચ્છતી.

આજ ત્રણ દિવસ થયાં સલીમાની માતા બીમાર હતી. સલીમાને કંઈ આવા પણ

મળ્યું ન હતું. તેની ભૂખ પણ મરી ગઈ હતી. એ હરપળે એની માતાના વિચારો કરતી. દવા લાવવા તે પાસે પાઇએ ન હતી. ઘણુ યે ડૉકટરના દરવાજા એણે ખખડાવી જોયા, પણ દયા તો યુગના પ્રવાહમાં કયાંયે ધસડાઈ ગઇ હતી તેણે કૌમના કહેવાતા સખી ગૃહસ્થો પાસે પણ ભીખ માંગી જોઇ, પણ બધેજ નિરાશા. હજુ સલીમાને આશા હતી. છેવને તે તેની માના કાકા-પોતાના નાના પાસે જઇ આવી, પણ સકનો ભાવ કોણ પૂછે ? નાનાએ તો જાણે તેની સાથે કાંઇપણ સંબંધજ નથી એવો ભાવ દેખાડયો. સલીમા હવે થાકી હવે એને કંઇજ આશા ન રહી હવે એના પગ લથડયા. એને કોઇજ રસ્તો સૂઝયો ન હતો.

"બસ એકજ ઉપાય, એજ સરસ છે. હસનાબાદની નદીજ મારો સ્વીકાર કરશે એજ મને અપનાવશે. માતા તો જરૂરજ હવે એની ચિંતા કરવાની નથી. પણ એની લાશનું શું ? એ તો નાત ફોડી લેશે " સલીમાના મને આત્મહત્યાનો નિર્ણય કરી નાંખ્યો અને એનાં પગલાં ઝપાટાબંધ નદી તરફ વળ્યાં.

સંધ્યા સમયનાં સુવર્ણ કિરણો નદીનાં નિર્મળ જળને રંગીન અને મનોહર બનાવી રહ્યાં હતાં. પક્ષિઓ પોતાના વિશ્રામ-સ્થાન પર પાછાં ફરતાં હતાં. સૂર્ય જગતને છેલ્લા સલામ કરી રહ્યો હતો. ચોમેર શાંત વાતાવરણ હતું, એવા સમયે જગતની નિષ્ઠુરતાથી ત્રાસી ગયેલી યુવતીએ હસનાબાદની નદીના ગોદમાં ઝપલાવ્યું.

●

(૨) 'ચમકાર'

જીવનમાં કયારેક એવી પળ આપણી સમક્ષ આવીને ઉભી રહે છે, ત્યારે દિલ બેચેન બને છે, મતિ મુંઝાય છે, દિશા સૂઝતી નથી. આવુંજ કંઇ આસિમના જીવનમાં બન્યું હતું આસિમ હસનાબાદના એક શ્રીમંત માબાપનો એકનો એક પુત્ર હતો લાડકોડમા ઉછરેલો આસિમ બચપન જતાં છૂટ જવાનનો અને સ્વતંત્ર વિચારનો બન્યો હતો હાલમાંજ એણે ડૉકટરી પરીક્ષા પસાર કરી પોતાના વતનમા પાછા ફરીને એક ખાનગી ડીસ્પેન્સરી ખોલી હતી. જો કે કમાવાની એને જરૂર હતીજ નહિ, પણ આદર્શ અને સેવા કરવાના ઉદ્દેશથીજ તેણે આ ધધો સ્વીકાર્યો હતો જે મૂંઝવણ એને હમણાં સતાવી રહી હતી તે એ હતી; કે એના પિતા એજ ગામના સારા એવા ગૃહસ્થની એકની એક કન્યા સાથે એને પરણાવવા ઇચ્છતા હતા. એ કન્યા માટે ગામમાં લોક અટકળો વિધવિધ પ્રકારની હતી. છતાં પિતાનો આગ્રહ કેવળ એને ભણનારી બબૂટ દૌલત અને જાહોજલાલી મેજ માત્ર હતો, એમ આસિમને તપાસ કરતાં જાણવા મળેલું. વળી વધારામાં કન્યાની ઉમર પણ આસિમ કરતાં પાંચ સાત વર્ષ વધારે હતી એમ પણ કહેવાતું. આસિમની ઉમર અત્યારે પચીસ વર્ષની હતી આમ લગભગ કન્યાકાળ વટાવી ચૂકેલી અને પોતાથી મોટી એવી કન્યા સાથે આસિમ જેવા કેળવાયેલા અને સુંદરેલા યુવાનને શાદી કરવામાં વાંધો હોય એ દેખીતુંજ છે. અલબત્ત આસિમને પિતા પ્રત્યે માન હતું, એમનો હુકમ શિરોમાન્ય



ગણતો, પણ આવા સંજોગોમાં એ કઈ રીતે એમની આતા માને, ત્યારે કે પ્રેમ એનું બાજાર ગર્મ છે!

આસિમના સગપણ સંબંધી કન્યાના પિતા સાથે લગભગ વચનથી બંધાઇ ચૂકેલા આસિમના પિતાની સ્થિતિ આસિમના વાંધાના કારણે ત્રિશંકુ જેવી બની હતી. એક તરફ વડાલસોયા પુત્રનું મમત્વ હતું, ત્યારે બીજી બાજુ કરિયાવરનો મોહ હતો. મોહ અને મમત્વ વચ્ચે યુદ્ધ થયું. અંતે મોહનો વિજય થયો. આમ મોહવશ બનેલા આસિમના પિતાનું હૃદય ઘાતક બનવા તત્પર થયું. માલદાર માબાપની એકની એક કન્યા સાથે આ સંબંધ અગર બંધાઇ ચૂક્યો તો પોતાનો પુત્ર અઢળક દૌલતનો વારસ બને એમ એમણે માન્યું. જેથી એ સગપણ સ્વીકારવું જ જોઇએ એવી આસિમને સૂચના કરી. અગર આ સૂચનામાં એ સમત નહિ થાય તો પરિણામ સારું નહિ આવે, એવી ધમકી મુખે આપી આવી પડેલ આ આફતમાંથી બચવાને માટે બેત્રણ દિવસની એણે પિતા પાસે મહોલત માગી, જે સહર્ષ આપવામાં આવી.

આ મુદત મળ્યા પછીથી આસિમ દરરોજ ચિંતામગ્ન રહેવા લાગ્યો. કામમાં કશું ધ્યાન પડતું નહિ નવી નવી ખૂલેલ ડિસ્પેન્સરીમાં ઘરાકી જરૂરજાજ હતી એટલે જેમતેમ દર્દીઓને પતાવી એ સારોય વખત ચિંતન અને મનનમાં ગાળતો અને બપોરે ઘરે જોજન કરવા ન જતાં હોટલમાંજ જમી લેતો. સાંજે ડિસ્પેન્સરી બંધ કરી દરરોજ નહી તો કરવા જતો આસિમના આવે પણ આ દિવસોમાં થઇ શકે એટલી બધીયે તજવીજ આસિમને મનાવવા માટે કરી હતી. સૌ મિત્રોને બોલાવી આ સંબંધી ઘટતું કરવાને કહ્યું હતું. રાત્રે વાળુ વખતે એની માતા પણ કોઇને કોઇ બહાને આ વાત છેડતી, છતાં આસિમના તરફથી કંઈ જવાબ ન મળતાં ચૂપ રહેતી. માતૃ-હૃદય ક્લેશ મારતું અને કશું અઘટિત બની રહ્યું છે એમ એને લાગતું, પણ આસિમનું મૌન વલણ અને હમણાંની બાપ-બેટાની ચાલ-ચલણ જોતાં દિલમાં બળી મરતી, છતાં કાંઇ બોલી શકતી નહિ. મુદત અધાધાની છેલ્લી મુલાકાત પછી ભાગ્યેજ પિતા પુત્રે ભેગા બેસીને વાત કરી હશે કે સાથે જમ્યા હશે આ રીતભાત કંઇ અનિષ્ટ બનાવની આગાહીરૂપ હતી એમ આસિમની મા માનતી.

આસિમને સમજાવવામાં નિષ્ફળ નિવડેલા મિત્રોએ દિન બદિન મળવું હળવું ઓછું કરી નાંખ્યું. રહ્યો એક કાસિમ, જે દરપળે આસિમ સાથે રહીને એના પિતાની બકરી વહોરી રહ્યો હતો, કેમકે બીજા મિત્રોની જેમ કાસિમને પણ એના પિતાએ આ વિષે કહેવું પણ કાસિમે તો સ્પષ્ટપણે સંભળાવેલું કે પોતે કદી પણ આસિમને અસલ સલાહ નહિં આપે. આમ હોવાથી એના પિતા રોષે ભરાય એ તદ્દન સ્વાભાવિક હતું. આ વાતની જાણ થતાં બીજા મિત્રોએ આસિમના પિતાની આંખે ન ચડવા માટે એને છેલ્લા નમસ્કાર કર્યા.

પડેલાં તો કદીયે કાસિમ, આસિમ સાથે સાંજે ફરવા જતો નહિ, પણ છેલ્લી ઘટના બન્યા પછી અને આસિમનું હમણાં ઉદાસ રહેતું મુખ જોઇને કેટલાક દિવસોથી દરરોજ



એની સાથે નદીએ મોટરમાં ફરવા જતો. ચર્ચાઓ કરીને ખુશ રાખવાનો પ્રયત્ન કરતો. આજે પણ બન્ને મિત્રો મોટરમાં બેસીને ગામ બહાર આવેલી નદીના તટે ફરવા આવ્યા હતા.

કાસિમના કુટુંબમાં માત્ર માતા અને તેની સ્ત્રી મહેરૂ એટલાં હતાં. એટલે કાસિમ તદ્દન સ્વતંત્ર હતો. ગરીબાવસ્થામાં ઊછરેલો કાસિમ આગળ અભ્યાસ ન કરી શકયો એટલે એક ગુજરાતી દૈનિકમાં કોલમ-લખનાર તરીકે કામ કરતો હતો, એટલે સમાજથી એ નિશ્ચિંત હતો.

બન્ને દોસ્તો મોટરને દૂર રાખી નદીની સૂકી રેતીમાં બેઠા બેઠા આજની રાજકીય સ્થિતિ પર ચર્ચા ચલાવતા હતા. વાત પરથી વાત નીકળતાં આસિમે આજદિન સુધી છુપાવેલી પોતાના સગપણની અથ-ઇતિ સુધીની સર્વ વાત જણાવી પોતે શું કરવું ? એની સલાહ માગી કાસિમ કંઇ જવાબ આપે એ પહેલાં નજીકની ભેખડ પરથી નદીમાં કંઇ પડવાનો 'ધડાકો' અવાજ સંભળાયો. બેઉ જણ એકદમ ત્વરિત ગતિએ તે દિશામાં દોડ્યા. જઇને જોયું તો એક માનવ-દેહ જાણે અજાણે બચવાને ફાંફાં મારી રહ્યો હતો.



(૩) 'બેફામ'

તુર્ત જ આસિમ કોટ કાઢીને નદીમાં કૂદી પડ્યો. કૉલેજમાં લીધેલું તરવાનું શિક્ષણ આ વખતે તેને કામમાં આવ્યું. ડૂબતા દેહને કાસિમની સહાય વડે નદી બહાર કાઢ્યો અને બેરોશ હાલતમાં મોટરમાં નાંખી તાત્કાળિક સારવાર માટે પોતાની ડિસ્પેન્સરી તરફ મોટરને હંકારી. તેમણે બચાવેલ માનવ-શરીર સલીમાનું હતું. તુર્તના ઉપચારના કારણે સલીમા શુદ્ધિમાં આવી અને પરાયા મકાનમાં અજાણ્યા તરફો વચ્ચે પોતાને જોઇને પહેલાં તો ચમકી. પછી બનાવની યાદ આવતાં તે બોલી 'હું કયાં છું ? મને કોણે બચાવી ?' ને રડવા લાગી. રડી રડીને તેણે હૃદય-બોજ હલકો કર્યો કંઇક સ્વસ્થ થતાં આસિમે કહ્યું, "તમે સુરક્ષિત સ્થળે છો, અમે નદી કિનારે તમારો પગલીમાં પડવાનો અવાજ સંભળ્યો અને તમને બચાવ્યાં"

કાસિમે અને આસિમે સલીમાનું દુઃખ જાણવા ઇચ્છા દર્શાવી, એટલે સલીમાએ સર્વ વિગત જણાવી.

"તમે મને બચાવી પણ હું તો પાપ-ભૂમીમાં, આ નિર્દય સમાજમા, લાગણી શૂન્ય જગતમાં, અનુભવના ઝેરી ઘુંટડા પીને કંટાળી છું. ખૂબજ વિચારના અંતે આપઘાત બેહતર છે, એમ માનીનેજ આત્મ-હત્યાનો એ ગોઝારો રાહ લીધો હતો" આટલું બોલી સલીમાએ એક ઊંડો નિશ્વાસ નાખ્યો.

શું આવી નિર્દોષ અને સમાજથી ત્રાસિત બાળાઓના જલતા છગરમાંથી નીકળતી આહોના અંગારા સારાયે સમાજને ભસ્મીભૂત કરવા સમર્થ નથી ? સલીમાને બહુજ શરદી લાગી હતી એનામાં અશક્તિ પણ ઘણી આવી ગઇ હતી, એટલે આસિમ તેને પોતાને ઘેર લાવ્યો અને માતાની સ્નાયથી સારવાર કરવા લાગ્યો. વસ્તુસ્થિતિ જાણ્યા પછી તેની માતાએ સલીમાની ઉપચારમાં ઊમટથી મદદ કરી, છતાં તેને



પોતાના શૌદરની બીક હતી. તેણે આસિમને પણ તેના સ્વભાવનો ખ્યાલ કરાવ્યો. આ વાત તે જાણતો હતો, છતાં સલીમાના પ્રસંગ પછી તે તદ્દન બેપરવા બન્યો અને આવતી કાલની ચિંતા તજીને ઉપચારમાં મન રોકયું. સલીમા સંપૂર્ણ સાવધ થતાં આસિમની મા પાસે રડી પડી તેની માએ કહ્યું, "સલીમા, બેટા રડ નહિ. તારી મા મૃત્યુ-શય્યા પર હોવાને તેં આ શું કર્યું ? એ કેવી મૂર્ખતા કહેવાય, બેટા ! તેણે તને પાળવા પોષવામાં કમી ન રાખી. રાતને દિવસ ગણી અને પોતાના સુખેદુઃખે નચિંત બનીને તારા સુખનીજ ઇચ્છા રાખી. એવી માતાને તું છોડી જાય એ સારું જણાય ? તેની જિંદગીની અંતિમ ક્ષણોમાં તો તારે એની શય્યા પાસે બેસી રહેવું જોઇએ." સલીમાથી રડી દેવાયું. રાત્રિના બાર પછી તેની તબીઅત વળી લથડી. ફરી આસિમે ઉપચારો કર્યા અને કાંઇક શાંતિથી સલીમાને નિદ્રામાં પોઢેલી જોઇને રાહત અનુભવી. કહી નહિ ને આજે આસિમને સલીમાની સારવાર કરતાં સંતોષ થયો હતો. ચારેક વાગે તેની માતાએ તેને સમજાવવાથી પોતાના શયનખંડમાં જઇને તેણે રાત્રિસ્થાન લીધું.

સવારે તેના પિતાને આ વાતની ખબર પડતાં પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું "શું આટલા માટેજ મેં કહ્યું હતું કે લગ્ન કરવાને ના કહેતો હતો. બે શરમ, એક બિમારણને ઘરમાં પાલતાં તને જરાપણ લાજ ન આવી ?"

"અબ્બા, એમાં શરમવા જેવું કશું નથી. મેં એક નિઃસહાય અબળાને મદદ કરી તેમાં શરમ શેની ? તે ઇન્સાન છે અને તેને પણ હૃદય છે." એમ કહી આસિમે સત્ય હકીકત જણાવી, પણ તેના પિતા એકના બે ન થયા. તેને લાચાર બનવું પડયું. બાજુના કમરામાં સલીમા આ બધું અસ્પષ્ટ સાંભળી રહી હતી. એટલે તેને બહુ ઓછું આવ્યું. જેવો આસિમ આવ્યો કે તરતજ પોતાને તેની માના પાસે લઇ જવા કહ્યું. આસિમ મોટરમાં તેણે બનાવેલ મકાને તેને લઇ ગયો. રસ્તામાં સલીમાએ કહ્યું, "તમારે મારે લીધે ઘણું વેઠવું પડયું છે. તમે શા માટે મારી ખાતર સહન કરો છો ?"

"સલીમા !" કહી ઘડીક આસિમ અટકયો અને આગળ બોલ્યો, "એક માનવ બીજાના દુઃખમાં કામમાં ન આવે તો આ જીવન શા કામનું ?" એમ કહી એણે સલીમા સામે જોયું. સલીમાએ નીચી નજર કરી બેઉ આત્માએ એક થવા ચાહ્યું. દિલથી એક બીજા ઓળખાયાં. ચાર ચક્ષુઓ એક બીજામાં સમાવા સંમત થયાં, પણ બંને વચ્ચે સોનાનો પરદો હતો.

ઘેર પહોંચતાં, આમેના બિછાના પર શૂન્યમનસ્ક એવી સ્થિતિમાં હતી. તે સલીમાનું નામ લઇ રહી હતી. અચાનક સલીમા દોડીને બિછાના પાસે ગઇ અને 'ઓ મા !' કહી રડી પડી. આમેનાએ સદાય મીંચાવા પ્રયત્ન કરતાં પોપચાં ઉઘાડયાં અને નિસ્તેજ આંખોએ સલીમાને જોઇ કહ્યું, 'બેટા !' એણે ઉભા થવાનો પ્રયત્ન કર્યો, પણ ઉઠી શકાયું નહિ, એટલે સલીમાએ એને પાછી સુવડાવી દીધી આસિમે તેના શરીરને તપાસ્યું અને સલીમાને આવશ્યક સૂચના આપી પોતે દવા લાવે છે, એમ જણાવી ડિસ્પેન્સરીમાં આવ્યો.



બે દિવસની સખત બિમારી પછીની ગઇ રાતથી આમેનાની સ્થિતિ વધુ ખરાબ બની હતી, કેમકે દરરોજ સલીમા પાસેજ રહેતી પણ ગઈ રાતે તે કયાંક ગઇ હતી.અને તપાસ કરતાં પાડોશીઓએ નિરાશાજનક સમાચાર આપ્યા હતા, એટલે તે તદ્દન ભ્રમિત દશામાં મુકાઇ હતી. આમ છતાં સલીમાને જોઇ તેની આખમાં દર્દાશ્રુ આવ્યાં, અને બોલી, 'શું મને છેલ્લી ઘડીએ તું છોડી જાત, બેટા ?'

'મા! મને માફ કર. મને .અધકારમાં કયાંય રસ્તો ન સૂઝતાં આપઘાતનો માર્ગ લીધો. તારા વાત્સલ્યને પિછાની ન શકી.' સલીમાએ રડતાં રડતાં કહ્યું.

થોડીવારે આસિમ કાસિમ સાથે આવ્યો. એણે આમેનાને દવા પાઇ, પણ કાંઈ અસર ન જણાઇ. ઘણીવાર પછી તેની આખો ઝળકી, ચહેરો ચમકયો; પણ એતો બુઝાતા દીપકનો છેલ્લો ચમકારે હતો, અંતની નિશાની હતી. આમેના આ ફાની દુનિયા તજી ગઇ. સલીમાએ રો કકળ મચાવી. બાજુની સ્ત્રીઓએ આવીને સલીમાને દિલાસો આપ્યો. આસિમે અને કાસિમે પડોશના પુરુષોની સહાયથી આમેનાની છેલ્લી ક્રિયા પતાવી.

કોઇપણ લાગણી શૂન્ય માનવ આ દ્રશ્ય જોઇને દ્રવિત બને, પણ ગરીબો પ્રત્યે સહાનુભૂતિની નજરે જોવાની સમાજને કયાં પડી છે? નિઃસહાય સલીમા અઠવાડીઆંઓ પછી આસિમ નીરહાયથી કાસિમને ગૃહે આવીને રહી. સલીમા અને આસિમ હવે પ્રેમીઓ બની ગયાં હતાં.

આસિમ સલીમાને પોતાને ત્યાંજ રાખવા માંગતો હતો, પણ સલીમાએ ગત પ્રસંગને લઇને કાસિમને ત્યાંજ રહેવા આગ્રહ કર્યો હતો. આસિમ અવારનવાર સલીમા પાસે આવતો અને ઘણી ઘણી વાતો કરતો. જ્યારથી આસિમની કોશિશથી સલીમા કાસિમને ત્યાં આવીને રહી, ત્યારથી આ ત્રિપુટી માટે તરેહ તરેહની અફવાઓ ઊડતી. પણ કાસિમ નીડર હતો એટલે તેણે કશી પરવા ન કરી, પણ આસિમને એના પિતાએ સલીમાને કદી ન મળવાની આજ્ઞા કરી, અને જે કન્યા સાથે સગપણ ન કરવાનું નક્કી કર્યું હતું, ત્યાં શરબત પણ પી લીધું.

સલીમાને હંમેશા કાસિમની પત્ની મહેર દિલાસો દેતી અને આનદમાં રાખતી. એમના વિષેની અફવાઓ સલીમાના કાને પણ આવી હતી, કિંતુ શું કરે? બિચારી સમસ્યામાં ઘેરી રહેતી. આસિમે પિતાની જોહુકમીનો સામનો કરવાનો નિર્ણય કરી લીધો અને હસનાબાદમાંથી કાયમી વિદાય લેવાને તત્પર બન્યો. જતાં જતાં ત્રણ પત્રો તે લખતો ગયો. એક તેના પિતા પર, બીજો કાસિમ પર અને ત્રીજો સલીમા પર.

પિતાના પત્રમાં પોતે ધનારી શાદી પોતાની પસંદગી મુજબની ન થતી હોવાથી અને તેઓ દૌલતમાં અધ બન્યા હોવાથી પોતે જાય છે, એમ લખ્યું, અને બાકર કોઇ સલીમા જેવી ગરીબને સરખી વયની બાળા સાથે સગપણ કરત તો રોકાત એમ જણાવ્યું. સલીમાને પોતાના વર્તન બદલ માફ કરવા વિનંતી કરી અને કાસિમને સલીમાની સંભાળ રાખવા લખ્યું હતું

[અપૂર્ણ]

●

કર્તવ્ય

અનુવાદક : : "ફીમોલ"

તારી પ્રાર્થના અને પૂજા, તપ અને જપને લાગી છે. મંદિરના અંધકારપૂર્ણ ખૂણામાં દ્વાર બંધ કરી તું કોની પ્રાર્થના કરી રહ્યો છે?

જો તારો ખુદા તારા તીમીરના ભર્યા દિલની કોટડીમાં નથી. આંખો ઉઘાડીને જો કર્તવ્ય-ક્ષેત્રમાં હોંસાતોંસી અને ભીડ છે.

તારો ખુદા ત્યાં બિરાજમાન છે જ્યાં બેદુત સખ્ત જમીનને તડકાના બાણી નાખતા તાપમાં ખોદી રહ્યો છે. સડક બનાવનારા પત્થરો તોડી રહ્યા છે. તેમના શરીરોને સૂર્યના જલદ કિરણો ગુળની જેમ કોરે છે. તેમનો ધુળમાં રગદોળાએલો છર્ણુંશીર્ણ પોશાક શરીર સાથે વળગી ગયો છે. વીજળી દેતી ઠંડી હોય કે, ધોધમાર વરસાદ, ચળવળાટી મુકતી ગરમી હોય કે, મેઘભર્યું આકાશ, ખુદા હમેશા એમની સાથે રહે છે.

તારી મૂર્ખિ અને રેશમનું—હાં સાધુત્વનો સ્વાંગ ઉતારી નાખ અને ધુળવાળી ધરતી પર આવ.

સૂર્યની જ્વાળાઓથી સલામત રહેવા માટે પશુ અને પક્ષીઓ પણ છાયાને શોધતાં રહે છે. પરંતુ તને સદાચારની પ્રાપ્તીનો શોક છે તો આત્મીક કુર્બાની, સ્વાર્થ ત્યાગ અને અથાગ પ્રયાસોના પ્રતાપે પ્રાપ્ત કર—સ્વાર્થ ત્યાગ અને કાયા નીચોડ પ્રયાસો વડે ગુપ્ત ભર્મોનું મોટામાં મોટું દ્વાર ઉઘડી જાય છે. આઝાદી ! હાં ! એ આઝાદી ક્યાં મળશે ? જીવનમાં સ્વાધીનતા ક્યાં ?

બેપરવા માલિક ! ! તેણે પોતે પોતાને માથે સર્જનનું ગંભીર કાર્ય ઉઠાવ્યું છે. એ સમજ અમારી બુદ્ધિ અને તર્કથી ઘણુંજ દૂર છે. સર્જક પોતાના સર્જન સાથે સદા સર્વદા સંકળાએલો છે. છતાં તું જ્ઞાન અને ધ્યાનમાં તલ્લીન છે ?

તારી માળા અને મંતરને છોડી દે અને આવ તારા આત્માને ખુદાની શોધમાં ખરા માર્ગે લઇ જવા ઇચ્છતો હોય તો આ એકાંતવાસ છોડી દે. રંગ અને ગંધની ભરેલી દુનીયામાં માનવતા જીવન મરણના જંગમાં ફસાયલી છે એથી અલગ થઇને તું કર્તવ્ય-ક્ષેત્રમાં કુદી પડ અને તારા શોભાળાં રેશમી વસ્ત્રોને ધુળ અને ધક્કા લાગી જાય તેની પરવા ન કર.

—ટાગોરના એક ગીત ઉપરથી

પવિત્ર થઇ ગયો કાબામાંથી એકએક બુતને તોડી નાખી દેવામાં આવ્યુ અને જુની ઇબાદતગાહ પાછી એકજ ખુદાને પૂજવાનું સ્થાન બન્યું.

"સબ્ર અને આદત"

દુશ્મનોએ મુહમ્મદ (સ૰) સાહેબને ઘણાજ વધારે પડતા સતાવ્યા અને જુદી જુદી રીતે બરાબ કરવાની કોશિશો કરી. છતાં આપે કોઇને પણ બુરૂં કહ્યું નથી કોઇને વધારે પડતું પણ બોલ્યા નથી. અને તેનો બદલો લેવાની પણ ઇચ્છા કરી નથી. અને સર્વેને મેં માફ કર્યું છે એમ જાહેર કર્યું હતું હમેશાં હસી ખુશીમા વાતો કરતા. મહબ્બતથી પેશ આવતા ગુસ્સો કરતા નહીં. નાનો હોય કે મોટો અમીર હોય કે ગરીબ, પુરૂષ હોય કે સ્ત્રી, સર્વેને બરાબર ગણતા. અને મળતા હતા કે જે એમની ખાસ આદતમાં શામેલ છે.

"સર્વેને માટે નમુનો"

હજરતો મુહમ્મદ સાહેબનું જીવન ચરીત્ર દરેકને માટે નમૂનો છે. અને તેમને ઉપદેશથી દરેક ધર્મ અને દરેક કોમના માણસો ફાયદો ઉઠાવી શકે છે. આપે "બરાબરી અને ભાઇચારા"ની તાલીમ આપી દુન્યા પર એક ઘણોજ મોટો એહસાન કર્યો છે ઇસ્લામમાં બીથી વધારે તરીફ અને ખૂબીની એજ વાત છે. કે જે બરાબરી અને ભાઇચારો છે. એક મુસલમાન બીજા મુસલમાનને પોતાની બરાબર અને પોતાનો ભાઇ સમજે છે. પછી ભલે ને તે ગમે તેવી હાલતમાં હોય. કાળા ધોળાનો ભેદભાવ નથી. તેમ જાતનો પણ ભેદભાવ નથી. અમીર, ગરીબ, કાળો ધોળો, એશીયાનો કે આફ્રીકાનો ઇસ્લામમાં કોઇ જાતનો ભેદભાવ નથી. મેં દક્ષિણ આફ્રીકામાં મારી સગી આંખે જોયું છે કે. એક હબ્શી મુસલમાન એક અરબી મુસલમાનની સાથે એકજ થાળીમા સાથે બેસી ખાણુ ખાઇ રહ્યા છે. આ "બરાબરી અને ભાઇચારા"નો દાખલો બીજા કોઇ પણ ધર્મમાં શોધવાથી પણ મળતો નથી. ઇસાઇ ધર્મનો દાવો છે કે તે બરાબરી અને ભાઇચારાને ઘણાજ મોટા પાયા પર ગણે છે. છતા મેં મારી આંખે જોયું છે કે આફ્રીકામાં કાળા અને ગોરા ઇસાઇઓના ગીરજાઓ જુદા છે. કાળાઓને ગોરાઓના ગીરજામાં દાખલ થવાની મનાઇ છે એથી પણ વધારે એ છે કે ગોરા લોકો કાળા ઇસાઇઓને પોતાની બરાબર બેસાડી ખવાડતાં પણ નથી. આ છે ઇસાઇ ધર્મની. "બરાબરી અને ભાઇચારો!"

"ઇસ્લામ દક્ષિણ આફ્રીકામાં"

મહમ્મદ (સ૰) સાહેબે બીજા ધર્મવાળાઓ જોડે સારી રીતે વર્તવાની તાલીમ પણ આપી છે. આપે જાતે એક વખતે એક ઇસાઇને કે જે આપની. ખિદમતમાં આવ્યો હતો તેને મસ્જિદમાં રહેવા માટે તેમજ તેના મઝહબ પ્રમાણે મઝહબી કામ કરવાની પરવાનગી આપી હતી પણ મને સારી રીતે યાદ છે કે પાદરી એન્ડર યુઝની જોડે મહાત્મા ગાંધી હતા ત્યારે ગાંધી એકલાને એના માટે રોકવામાં આવ્યા કે તે એશીયા વાસી હતા તેમજ ઇસાઇ ધર્મના હતા. જેથી દક્ષિણ આફ્રીકામાં દાખલ કર્યા નહીં. આફ્રીકાના નવા મુસલમાન જોડે જાના જુના મુસલમાનોની



બિરાદરી તેમજ ભાઇચારો જોઈ આફ્રીકાના ઇસાઇ મીશીનરીયોવાળા તો અચંબ્યોજ પામ્યા કરણકે ગોરા ઇસાઇઓ કાળા ઇસાઇઓ જોડે બરાબરી તેમજ ભાઇચારાનો વરતાવ રાખતા નથી. જેથી ઇસાઈ મીશીનરી વાળાઓએ વિચાર્યું કે આપણાથી આફ્રીકામાં ઇસાઇ ધર્મનો ફેલાવો નહિં થઇ શકે.

"ઇસ્લામની તલ્વાર"

"ઇસ્લામ તલ્વારથી ફેલાયો છે." એ કહેવું બિલકુલ જુઠ છે. ઇસ્લામની ખાસીયત તોએછે કે સાચી તાલીમ તો તલ્વાર ઉઠાવવાની વિરૂદ્ધ છે. તેમાં ત્રણ દાખલા છે કે જે વખતે ઇસ્લામ તલ્વાર ઉઠાવવાની પરવાનગી આપે છે.

૧. પોતાના જીવની હિફાઝત માટે,
૨. મસ્જીદ તેમજ ઇબાદત ખાનાઓની હિફાઝત માટે,
૩ જ્યારે મુસલમાનો ઉપર એક ખુદાનુ નામ ન લેવાને વાસ્તે બીજાઓ રોકે જુલ્મ કરે અને ઘર વિનાના કરે ત્યારે,

આથી સાબીત થાય છે કે ઇસ્લામની તાલીમ, વગર કારણે તલ્વાર ઉઠાવવાની વિરૂદ્ધ છે. અને વાપરવાને વાસ્તે ઘણો ખ્યાલ રાખે છે.

ભાઇઓ મુહમ્મદ (સ૦) સાહેબની હિંમતવરી અને બિરાદરી, ભાઈચારા એ દુન્યામાં મુસલમાનો જેવી બહાદુર અને એક ખુદાને માનનાર કૌમ પેદા કરી. જેની હુકૂમત વધારે વખત થયો નહીં કે આખી દુન્યાપર ફેલાઇ ગઇ હતી. આખી દુન્યામાં જેના નામનો ડંકો વાગી રહ્યો હતો. અને કોઇ બીજી કૌમ તેની બરાબરી કરી શકતી નહતી. એજ મુસલમાન આજ એવી રીતે બેનાખરાબ, બેસ્તાહાલ, અને પરેશાન, મોહતાજ નઝર કેમ આવે છે! એમની ગરદનોમાં બીજાઓની ગુલામીનો તૌક કેમ પડ્યો છે! એનો સબબ એજ છે કે મુહંમદ (સ૦) સાહબની તાલીમ અને સંદેશથી મુસલમાનો ઘણાજ માઇલો દૂર પાછળ હટી ગયા છે. મુહંમદ (સ૦) સાહેબના નામ લેવા જો ચાહે તો પોતાની ગુમાવેલી આબરૂ પછી બીજીવાર લાવી શકે છે. અગર જો મુસલમાનો ખરી રીતે મુહંમદ (સ૦) સાહેબના માનનારા અને ચાહનારા હોય તો તે હિમ્મત બિરાદરી અને ભાઇચારાને પાછો પોતાનો બનાવી લે.

દોસ્તો બીજા ધર્મવાળા લોકોને પણ અપીલ કરૂં છું કે તેઓ પણ મુહંમદ (સ૦) સાહેબને પોતાનો નમૂનો બનાવી અને તેમના ઉમદા સંદેશ પર અમલ કરી ફાયદો ઉઠાવે.

ઓલ ઇન્ડિયા રેડીઓનું
પખવાડિક
"આવાઝ ઉર્દૂ"
અથવા
"સારંગ" હિન્દી
વાંચો અને રેડીઓ સાંભળો
છુટક નકલ સાડા ત્રણ આના.
ધી રાંદેર સ્ટોર્સ ટાવરરોડ, સુરત.

'જોશ'ની કાવ્ય શ્રેણી !

રજુ કરનાર : જનાબ 'સાબિર' સાહુબ [વડવા]

['જોશ' નું કવિત્વ ભૂતકાળની દિર્ઘ સમાલોચના, વર્તમાનનું વિસ્તૃત વિવરણ : અને ભવિષ્યનો સુખદ સંદેશ છે, તેમની કવિતા વાંચતા હૃદયમાં તાઝગી અને હિમ્મતમાં વધારો થાય છે આત્મામાં કર્તવ્ય સંદેશની અભિલાષાઓ તડપી ઉઠે છે. દિલની ઉડાણમાંથી એક સંગિત ઉત્પન્ન થાય છે, જેના સૂરોમાં ભવિષ્યના સોહામણા સ્વપ્નાઓ અને દ્રશ્યો આલેખાયલાં દેખાય છે. અને એમ લાગે છે કે જાણે આશાની સૌંદર્યવતિ દૈવી જિવનના સિતાર ઉપર પ્રેમ અને આઝાદીનાં ગીતો ગણગણી રહી છે.

—મસઉદ અલી "ઝોકી"]

નૂતન કાવ્ય શ્રેણીની સમાલોચનામાં ક્રમાક્રમમાં ઓ. ઇ. રેડીયો પર લખનૌથી જનાબ મસઉદઅલી "ઝોકી"એ જનાબ 'જોશ' મલીહાબાદીના કાવ્યોની કરેલી સમાલોચના ગુજરાતી કાવ્ય સાહિત્ય પ્રિય જનતા આગળ રજુ કરૂ છુ. ગુજરાતના કવિ વર્ગને એમાંથી કંઈક જાણવાનું મળશેજ એટલે ધારણા વધારે પડતીતો નથીજ. 'જોશ'ની ભાવનાઓ અંતરના જે ઉભરાથી વ્યક્ત થાય છે. તે ઉભરો કયારેક રજત પસંદ વ્યક્તિઓ માટે અસહ્ય થઈ પડે છે એમા જરા પણ શક નથી. 'સાબિર'

ગત મહા યુધ્ધની ભયંકર ખાના ખરાબી પછી, વિસ્મય થએલા જગતે જરા થંભીને શાન્તીનો શ્વાસ લીધો ત્યારે, હિંદુસ્તાનના પણ કેટલાક નવ ઉડેર સાહિત્યકારો અને કર્તવ્ય શાણીઓએ જીવનના આદર્શોને નૂતન દ્રષ્ટિથી વિલોકવા માંડયા, તે સમય સુધી અમારૂં ઉર્દૂ કાવ્ય સાહિત્ય, વાસ્તવિક જગતની દૂરદૂર માત્ર વિચારો પર રચાયલા કાલ્પનિક જગતના સોનેરી સંસારમા પડયું લહેરતું હતું. અમારા સાહિત્યમાં જિવનની સૂચવણી એક જુદી વસ્તુ છે પરંતુ જિવનનો વાસ્તવિક ચિતાર પણ ઘણા ભાગે દુર્લભજ હતાં. જે વ્યવહાર વ્યવસ્થાના થાંભલાઓ ઉપર સમાજ રચનાની ઇમારતો ઉભી છે તેની જિર્ણતા અને ખરાબ થએલું અસ્તિત્વ સમાજીક જિવનની ઇમારત માટે ઉધાઇ ભય રૂપ થઇ પડયું હતું. છતાં અમારા સાહિત્યકારો અને કવિઓ આ દુઃખદ પરિસ્થિતિ પરત્વે આંખો બંધ કરી માટે પોતાના વિચારોનાજ કલ્પિત સ્વર્ગમાં વિહાર કરી રહ્યા હતા.

'હાલી' ઉર્દૂ કાવ્ય ગિરાના પહેલા કવિ હતા, જેમણે કવિત્વના પુરાણા મંત્રોને માનવ જિવનની વિટંબણાઓથી દુઃખદ થઈ તોડયા. અને સાહિત્યને માનવ જીવનને સ્પર્શતું કરવાના યત્નો કર્યા. પરંતુ પોતાની સઘળી સહૃદય કારકીર્દિના અંતે તેઓ માત્ર એટલુંજ કરી શકયા કે, તેમણે સમાજની પોલીસી સાથે એક પ્રકારની કામ ચલાઉ સંધી કરી લીધી. સ્પષ્ટ છે કે, તે સંધી તે કામના સંજોગોમાં ગમે તેટલી મહત્વશાળી હોય છતાં આજે અમારાં દુઃખોનું. ઓસડ બની શકે તેમ નથી. ત્યારબાદ સમાજિક જીવનનાં આ વિછીન્ન કામમાં જેમણે કાળની નાડી 'ઉપર પોતાના હાથ રાખી જીવનની માંદગી પારખવાના યત્નો કર્યા તે ઉર્દૂના બે મહાન ભાવનાશાળી કવિઓ અલ્લામા 'ઇકબાલ' અને જનાબ

'જ્યેશ' મલીહાબાદી છે. આ બંન્ને વેદનાશાળી કવિઓ આધુનિક સમાજ રચનાથી કંટાળેલા હોઈ બન્ને પ્રચલિત વિચારો અને વ્યવસ્થાને સમાજ માટે ભય ભરેલાં વર્ણવે છે. છતાં, 'જ્યેશ' અને 'ઇકબાલ'ની ચિકીત્સા પણ ભીન્ન છે, અને ધ્યેય પણ ભીન્ન ભીન્ન છે. બંનેમાં મળતાપણું ફકત એટલુંજ છે કે, બન્ને ખાસ વિશયના પૂર્વક એને સ્પર્શે છે. અને માને છે કે, સમય જે કઇ અમને આપે છે તેથી કોમ અને દેશની જરૂરતો અને અમારા જિવનની વાસ્તવિક જરૂરતો ઘણીજ વધારે છે. બંન્ને માનવમાં રહેલી અસિમ શકિતઓને માનનારા છે.

બન્નેનું કવિત્વ એક એવા સોનેરી કાળનું ભવિષ્ય ભાખન છે જે કામ અમારી અત્યારની નિરાશાઓ અને અફળતાઓનો સંપૂર્ણપણે બદલો વાળી આપશે પરંતુ એ બન્નેના વિચરણોમાં ફેર એ છે કે, 'જ્યેશ'ના કવિત્વનાં મૂળ બનાવો અને જિવનની કટુ ઘટનાઓમાં વિસ્તરેલા છે તે એ બનાવો અને ઘટનાઓ કે, જેમનાથી રાતદીન અમારૂં જિવન સંબંધિત છે જ્યારે અહલામા 'ઇકબાલ'ના કવિત્વનાં મૂળ, આદર્શ જિવનના અતિ ઉન્નત સિદ્ધાંતો પર પથરાએલાં છે, તે સિદ્ધાંતોને કવિ ઇકબાલ દિલ્મૂરી ચિન્તન પછી કહેણના પૂર્વક પોતાના કવિત્વનું ધ્યેય બનાવી બેઠેલા દેખાય છે. ભાવાર્થ એ જે, અહલામા ઇકબાલ પ્રથમ દિલ્મૂફ છે, પછી કવિ છે. 'જ્યેશ' પહેલાં પણ કવિ છે અને પછી પણ કવિજ છે. તેઓ 'ઇકબાલ'ની જેમ ગહન ચોજનાના દિલ્મૂફ તરીકે અમને કયાંય પણ દેખા દેતા નથી. તે છતાં પણ, તેમના કવિત્વમાં વિચારો, ભાવના, અને ચિંતનની મધામૂલી હૃદયકર્ષક સંગીનના મળે છે તે, તેમને એક ઉચ્ચ કોટીના વિચારવંત અને ચિંતક સાબિત કરી આપે છે

'જ્યેશ'ના કવિત્વમાં આપણને દિલ અને દિમાગનો વિસ્મય જનક મેળ જડી આવે છે. એજ સુંદર મેળના કારણે 'જ્યેશ'નું કવિત્વ સઘળી બરાબીઓથી બચી શકયું, જે કોઇપણ કવિની કવિતામા ભાવના કે, ચિંતન બન્નેમાંથી કોઇ એકનું વધતું ઓછું થવાથી થઇ જાય છે. દિલ અને દિમાગના સુંદર મેળના કારણેજ 'જ્યેશ'ની કવિતા એક સુદ્રઢ, સંગીન, જિવતી જાગતી, સાફ અને ચોકકસ કવિતા બની રહી છે.

'જ્યેશ'ની કવિતા એવા પ્રયક્ષીત કાળની જન્મદાત્રી છે જેમાં, જિવન એક એવા રથજે દેખાય છે કે, જ્યાંથી બે માર્ગો ફંટાતા હોય. એટલા માટેજ અમને તેમની કવિતામા તે સઘળા સુદર્શનો મળે છે. જે પહેલાથીજ કાળ પ્રવાહના તરવૈયાઓને જિવનની દોરવણી અને કેળવણી માટે યોગ્ય લેખી શકાય.

'જ્યેશ'ની કવિતા રાત દિનનાં મથનોની વિટમ્બણા, ગુપ્તતાઓના ભાલ પરદાઓને ભેદીને અંદર ડોકયું કરવાની સ્વયંમાં ન લઇ શકાય તેવી ઇચ્છા, સંજ્ઞેગો અને ભાવોનું તલ શોધીને સત્યતાને સમજવાની એક અસિમ અભિલાષા, જિવને ઓળખવા અને પીછાણવાની એક પહેલી તડપ. સ્પષ્ટ અનુક્રમણિકા, વેગ વિભેર દશાની બ્યાકુળતા ઇત્યાદી સઘળા સુબોધ ચિત્રો અને ભંગો પર 'જ્યેશ'ની કવિતા ઘડાઇ છે. 'જ્યેશ'ની કવિતાના

ગણવારીઓ કહી શકે છે. મેથ્યુ આર્નોલ્ડના તે કથનને કે, 'સાહિત્યને જિવન સાથે સંબંધિત થવું જોઇએ,' બહુજ સંગીનતા સાથે સિદ્ધ કરી આપે છે.

'જોશ'ની કવિતાનું મૂળભૂત તેમનું ક્રાંતિકારી માનસ છે 'જોશ' સમાજના તે સઘળા દેવતાઓને તોડી, ફોડી, મચકોડી ફેંકી દેવા માગે છે જેમની આગળ માન્યતા અરણ્ય રૂદન કરતી દેખાઇ આવે છે. 'જોશ' ઉઘાડા શબ્દોમાં ભારપૂર્વક સાબિત કરી આપે છે કે, અમને અમારી ધ્યેય પ્રાપ્તિ માટે સૌથી પ્રથમ તે સઘળા વિવેક,પ્રદ, ધાર્મિક, ઔદ્યોગિક અને સમાજિક નિયમનો તોડવા પડશે જેમના તાણા વાણા ઉપર અમારા જિવનની વર્તમાન વ્યવસ્થા ગળવાઇ રહી છે. બીજા શબ્દોમાં 'જોશ'ની કવિતા વર્તમાન કાળના આત્માનો હુંકાર છે. જેમા અમને અમારા વર્તમાન કાળના સઘળા કર્મ ક્ષેત્રોની રાગણી સંભળાય છે

'જોશ'નું સૌથી વધુ વ્યક્તિત્વ કે જેણે તેમની કવિતામા જિવનનો વાસ્તવિક આત્મા ફૂંકયો છે તે, તેમનુ કવિ તરિકેનું સરારીપણું છે એમનો જિવન વ્યવસાય મોટા અક્ષરોમાં તેમના લલાટ પર લખાએલો રહે છે. એટલા સુધી કે, અતી સાધારણ બનાવોના વર્ણનમા પણ સદાએ તેમનું દિલ તેમની જીભ ઉપર રહે છે સત્યતા, અને સહૃદયતા તેમની કવિતામાં સૌથી વધારે પ્રકાશતા સદ્‌ગુણો છે.

'જોશ'ની ઉન્નત ભાવના-શૈલીના પ્રહારો કે જે તેમના સઘળા બોધક કાવ્યોનો આત્મા છે તે 'જોશ'ની સહૃદયતા અને કુમાશભરી અતિ વેગીલી લાગણીઓની પસટાએલી શીકલ છે. શબ્દોનાં પ્રહારો અને કટુતા તે ભયંકર વ્યાધી અને તિવ્ર વેદનાઓનું ભાન કરાવે છે કે જે કવિને આત્મા અનુભવી રહ્યો છે. દેશ અને કૌમની લાગણી હીણી મનોદશા પર 'જોશ'નું રૂધીર ઉકળી ઉઠે છે. મનુષ્યની, મનુષ્ય પ્રત્યેની, ક્રૂર વર્તણુક, સ્વાર્થ લોલુપતા, અને કુંદીત દ્રષ્ટિના વિચારો કરતાં કયાંક કયાંક મનુષ્યની મનોદશા ઉપરના દુઃખ અને ગુસ્સાથી જોશ ઉપર એક પ્રકારની દીવાનગી છવાઇ જાય છે એવા ટાણે જોશના છૂટેલા ટોણાઓ કોતિવ નસ્તરની જેમ સમાજની રગોમા ખૂંચી જાય છે. એ રીતે જોશ ઉર્દૂમાં તિવ્ર ટોણા કરનારા મહાન કવિ છે. 'અકબર' અલ્લામાદી પણ ઉપરોકત કળામા પૂર્વકાળના નિપૂણ કવિ હતા, પરંતુ અકબરની ભાવના-શૈલી મધ્યમ પ્રકારની ગણાય તેઓ વર્તમાન અને ભવિષ્ય બંન્નેના વહેણો તરફથી આંખો બંધ કરી લઇ ભૂતકાળમાં ધસડી જવા ઇચ્છતા હતા, એથી વિરૂદ્ધ જોશના ટોણા ભૂતકાળની ઉન્નતિની અગત્યતાને નજર બહાર કર્યા સિવાય એક તરફ સમાજના નબળા વર્ગોઓ ઉપર સખ્ત ઘા લગાવે છે, અને બીજી બાજુ સમજણ પૂર્વક ભવિષ્યની શકયતાઓનું દ્રષ્ય મૂર્તિમંત કરે છે.

'જોશ'ની કવિતામાં આશા નિરાશાનું તત્વ એક પછી એક દેખાય છે. તેમની કવિતાનું તત્વ કાઢતાં આપણે એ પરિણામ ઉપર આવી શકાએ છીએ કે, જુદા જુદા કાળમાં જિવન પ્રસંગો ઉપર ધ્યાન દેતાં તેનો સંબંધ વ્યવહારૂ જરૂરીઆતો અને જુદા જુદા રસૂળ પ્રસંગો સાથે છે. 'જોશ'નું દ્રષ્ટિ બિન્દુ ઘણા ભાગે સ્પષ્ટ પ્રકાશિત, અને આશાવાદી છે: પરંતુ તે

ભેદો કે જેનો સંબંધ માત્ર નિરાશાવાદીજ નહિં પરંતુ ભારે શંકિત છે.

આત્મા અને શરીર, જિવન અને મૃત્યુ શુભ અને અશુભ, ઇત્યાદી સઘળી ગુચવણો સંબંધે 'ખૈયામ'ને માનવ બુદ્ધિમાં સંપૂર્ણ અશંકિતની માન્યતા છે. પરંતુ, મઝાની વાત તો એ છે કે, ઉપરોક્ત અશંકિતની જવાબદારીને પણ તે પોતાની ખાસ અને નિજ શૈલીમાં ઇશ્વરની ઇચ્છાઓને માથેજ થાપે છે અને માનવને એક ટાણે લાચાર, દર્શાવીને તે સઘળી ઓછપો, ઝંઝાવાતો, અને નબળાઇઓને, ઉતપત્તિક, વંશોપાર્જિત અને કૌટુમ્બિક લેખે છે : અને એ રીતે માનવીના માથે આવતા દરેક તોફાનથી તેઓ તેને બચાવી લઇ જાય છે. અર્થાત્ જ્યારે 'ખૈયામ' કવિની દ્રષ્ટે બચાવનામું પેશ કરતાં વદે છે;

" તકદીરકે દાવરેમે આનાદી પળા;
સર પાએ મસીયત પે ઝુકાનાદી પળા.
વાકિફ થી હાલે ગુલસે કલીયાં લેકિન !
પૂછી ને કિસ્મત તો મુરઝુકાનાદી પળા."

ભાવાર્થ જે; કિસ્મતના વર્તુળમાં આવ્યેજ છૂટકો થયો, અને એ રીતે ઇશ્વરી ઇચ્છાઓના ચરણોમાં મસ્તક ઝુકાવવુંજ પડ્યું. ઉધાનની કળીઓ પુષ્પોનાં વૃત્તાંતથી પરિચિત હતીજ પરંતુ જ્યારે પ્રભાનાં કિરણો ફૂટયાં ત્યારે પ્રફૂલ્લી પ્રફુલ્લીને પુષ્પ બનવુંજ પડ્યું.

ઉપર મુજબ જીવનની ફિલસૂફી ખેંચતાં તેમના કહેવાનો ઉદ્દેશ એ છે કે માનવના પોતાના હાથમાં ન તો પોતાનું રૂદન છે, ન તો પોતાનું હાસ્ય. અમારું દુઃખ પણ પારકાના હાથની વસ્તુ છે અને અમારું સુખ પણ પરાયા હાથમાં છે. 'ખૈયામ'ની માન્યતા છે કે, અમારી પોતાની ઇચ્છા પણ અમારા હાથની વસ્તુ નથી. ઇચ્છાનું ઝરણું અમારી વાસ્તવિક જરૂરીયાતોમાંથી ફૂટે છે. અને તે અમારા કાબુથી બહાર છે, એટલા માટે અમો અમારી ઇચ્છાઓને વધારાથી વધારે આવશ્યકતાઓનું એક પલટાએલું સ્વરૂપ કહી શકીએ છીએ.

માનવ જિવન, ઉપર વર્ણવેલા દામ અને બળજબરી નીચે ચોવાની એ માન્યતાઓનાં પ્રકાશમાં જ્યારે માનવની નબળાઇઓ સાથે અમે 'ખૈયામ'ના ટોણા, કટાક્ષ શબ્દો અને ગુસ્સાનો અભ્યાસ કરીએ છીએ ત્યારે અમને 'ખૈયામ'ના ચિંતન અને ભાવનાઓમાં એક પ્રકારનો વિરોધાભાસ થાય છે. અમો વિચારીએ છીએ કે, પ્રસ્તુતઃ માનવ છેક લાચાર છે અને તેનાં સઘળાં કર્મો અને કર્તવ્યોની લગામ એક કે' અશકત ઇચ્છાના હાથમાં છે, ત્યારે કવિને આટલી કટાક્ષોક્તિઓ પૂર્વક માનવોને ટોણા મારવાનો શો હક છે? એ પ્રશ્ન ઉપસ્થીત થાય છે અને સ્પષ્ટ થાય છે કે, આદિ તો ગુસ્સે થવાના બદલે દયાભાવ તેમજ માનવની નબળાઇઓ તરફ સહાનુભૂતિજ દાખવવી જોઇએ. 'ખૈયામ'ને પણ એમ ક્યારેક ક્યારે માનવ ઉપર તરસ આવે છે. પરંતુ દયા ભાવની એવી જુજ પળોજ 'ખૈયામ'ને સ્પર્શી છે. 'ખૈયામ'નો વધારે સમય તો માનવની મશ્કરીઓ કરવા અને તેને ગર્જના પૂર્વક પડકારી હૃદયની વરાળ કાઢવામાં જાય છે. ઉપરના મનન પછી કહી શકીએ છીએ કે, અતિ સહૃદયતાના કારણે 'ખૈયામ'નાં કટાક્ષો પણ તેમની કવિતાનું અદ્વિતિય સૌંદર્ય છે ત્યાં સુધીજ

પૂંચે તેવી બોડ પણ છે.

ઈશ્વર અને ધર્મ સંબંધે 'કીટ્સ'નું દૃષ્ટિબિંદુ નૂતન નથી તેમ, અનોખું પણ નથી. 'કીટ્સના' પહેલા પણ ઘણા જ્ઞાનીના શક કરવાવાળા આવીજ વાતો કહી ગયા છે અલબત્ત કીટ્સની જેવી કે સૌથી વધુ ઉન્નત છે. કીટ્સ પોતાની ધાર્મિક માન્યતાઓના કારણે જે જગ્યાએ ઉભા છે તે તદ્દન નકારનુ (નાસ્તિકતાનુ) સ્થળ તો નથીજ. 'કીટ્સ'ને ઈશ્વરના અસ્તિત્વનુ સંપૂર્ણ જ્ઞાન છે, પરંતુ તેમનુ ચિંતન-વૃક્ષ વિતર્ક અને શંકાઓના ચમત્કારમા અટવાએલું છે જેથી તેઓ અતિ લાંબા કાળના ચિંતન પછી પણ આજ સુધી કોઈના ઉપર પહોંચી શક્યા નથી કે તે મહાન શક્તિ કે જેનું નામ ઈશ્વર છે તેના કયા ગુણોથી ઓળખી પારખી શકાય 'કીટ્સ'નુ સ્થાન બરી રીતે શોધખોળની જગ્યામા છે, અને તેમના અંતરની આ વિદગ્ધાત્મ-ચિંતા અને ભાવનાના ઉમળકાના તડકે છાયો બુદ્ધ અને લાગણીનું યુદ્ધ છે. જીવનના દુઃખદ પ્રસંગો અને માનવ જીવનની અનર્થકારી ખેંચતાણનું તેઓ ઝીણવટી દૂરદર્શકતાથી અવલોકન કરે છે ત્યારે તેમના દિમાગમા શંકાઓની રેખા અંકાઈ જાય છે. પરંતુ જ્યારે તેઓ સૃષ્ટિ પર મૂર્તિમંત થતા સૌંદર્ય દ્રવ્યોની ભાવનાઓના પ્રકાશમાં દર્શન કરે છે ત્યારે તેમના અંતમા ઉંડા યકીન (આસ્થા) ની વર્ષા ઝરમરે છે. અને એજ આસ્થામાં કીટ્સ ઉમળકાઇને બોલી ઉઠે છે;

"હું તમ અંતને અંદેશે તત્ત્વોમા સ્વપ્નને દૂરકે લીજે;
ઈશ્વર સ્વપ્ન ન હોતે તો બુદ્ધ કાંપી શી."

અર્થાત-અમારા જેવી દૃષ્ટિ ધરાવનારાઓને પરમ સત્ય (ઈશ્વર)ની સાબીતી માટે બે ઘડી સંદેહ વાદળો ન આવ્યા હોત તોપણ પ્રભાતના સૌંદર્યનાં દ્રવ્યો પુરતાં હતાં.

'કીટ્સ'નો પ્રેમ શારીરિક સૌંદર્ય ઉપરનો છે તેની કલ્પનાત્મ ગાત્ર મૂર્તિમંત ભાવનાથી નદિ પરંતુ સ્ત્રીમાં રહેલું વાસ્તવિકોના રૂપરંગોના થાય છે. એજ કારણથી પ્રેમનો રંગ જાજરમાન, ઘેરો, અમર્યાદિત અને સંગીત છે. 'કીટ્સ'ની કવિતામા શારીરિક અને સાત્વિક રૂપ પૂર્ણનું હૃદયાકર્ષક જ્ઞાન મળે છે. સૌંદર્ય પ્રત્યને 'કીટ્સ'ની આનંદ ઘેરી કલ્પનાઓએ રોમાંચ અને રોમળ કાવ્યની અસિમ ઉન્નતિ સુધી પહોંચાડી દીધી છે. દરેક પ્રતિની કવિતામાં 'કીટ્સ'નું સ્થાન "અનીસ" અને "નઝીર" અક્બરાબાદીની કાવ્ય કળા જરા ઉંચું કવિતામાં સૌથી મહાન અને ઉન્નત છે. બાહ્ય કુદરતે નૈસર્ગિક દ્રવ્યોનું સૌંદર્ય વર્ણવવામાં 'કીટ્સ'ની કળાના સૌંદર્ય ભાવી પાનારને બેશક અન્ય કવિ કરતાં પણ શકતો નથી નૈસર્ગનાં દ્રવ્યો મૂર્તિમંત કરતી 'કીટ્સ'ની કવિતાઓ 'અનીસ'ની જેમ નૈસર્ગની નરી કલ્પનાઓજ નથી તેમજ 'નઝીર' અક્બરાબાદીની જેમ નજરથી જોઈ ચૂંથી તો શુષ્કપણ કયાંયએ અભ્યાસ પણ નથીજ. પ્રકૃતિ દ્રવ્યોનુ અવલોકન પોતાની સગી આંખોથી મોજે માણ્યુ છે. અને એજ કારણ છે કે, તેમની નૈસર્ગિક દ્રવ્યો પ્રત્યેની કવિતા કવિના અન્ય ઘડતર જ્યાં પણ પોતાની સાદગી અને સત્યતામાં મગ્ન રહે વિકસી રહે છે.

'કીટ્સ' હિંદુસ્તાની પ્રખ્યાત અંગ્રેજ (દિલીપકુમાર) અને માનવતાના જગ વિખ્યાત બંધુત્વના


સ્વપ્નાંઓ સેવે છે. પરંતુ તેઓને વિશ્વાસ છે કે, વર્તમાન સમાજ વ્યવસ્થામાં ધરમૂળનો ફેર એટલે એને પાયાઓમાંથી પલટાવ્યા વિના ઉપરોક્ત સ્વપ્નાં માત્ર સ્વપ્નાંજ રહેવાનાં, તેઓ ધર્મની જેમ માને છે કે. સમાજની જિર્ણ ઇમારતને સમારી તેને પડતાં બચાવી રાખવાના યત્નો એક મહાન ઐતિહાસિક ભૂલ ગણાશે. તેઓ માને છે કે આ ઇમારતને એક તરફથી સાવ નષ્ટજ કરી નાખવી ઘટે છે. એટલુંજ નહિ, માત્ર ઇમારતનેજ સાફ કરી નાખવાથીજ કામ ચાલી શકે તેમ નથી; પરંતુ તે દેવતાઓને પણ બોદી, ઉખેડી ફેંકી દેવા જોઇએ કે જેમના કારણે વર્તમાન સામાજિક ઇમારતનું અસ્તિત્વ ટકી રહ્યું છે. ઉપરોક્ત વિચારોમાં રાચતા 'જ્યોત' નૂતન વિચાર શ્રેણી લઇ આવતા યુવાનનો હુંકાર ઘેરાં નાદે છેડે છે.

"હક કે અબ સદીએ અમલકી રાહમે આંતાં હુ મેં,
બહક બાકિફ હે કે જબ આતા હું બા, જાતા હું મેં,
અય કદામત ! યે ખુશી હે સામને રાહે ફરાર;
બાજ, ચોક આયા નઇ તેહઝીબકા પરવરદિગાર."

કયારેક 'જ્યોત' મમતાળુ વડીલની જેમ નવ ભાવના અને આશાઓ લઇ કર્મક્ષેત્રમાં પડતા યુવકની પીઠ થાબડતાં નીચેનાં શબ્દો છોડે છે.

"અબે ચોક દિન કે તુ ઝિન્દાંમે જબ આંસુ બહાતાથા,
ઝમરત હે કફસ પર અબ તુજે બિજલી બિરાનેકા.
અબે ચોક દિન કે મર્દુમીએ દિરમન પે તુ રોતાથા;
ઝમરત હે તુજે અબ આફતોં પર મુસ્કુરાને કી.
તડપ, પગહમ તડપ: ઇતના તડપ, કિ તપાં બન જા;
ખુદારા અય ઝમીને જે-હકીકત-આસમાં બન જા."

ઉદેશ જે 'જ્યોત'નું કવિત્વ ભૂતકાળની દિર્ઘ સમાલોચના, વર્તમાનનું વિસ્તૃત વિવરણ, અને ભવિષ્યનો સુખદ સંદેશ છે. તેમની કવિતા વાંચતાં હૃદયમાં તાજગી અને હિમ્મતમાં વધારો થાય છે. આત્મામાં કર્તવ્ય સંદેશની અભિલાષાઓ તડપી ઉઠે છે. દિલની ઉદાસીમાંથી એક સંગિત ઉભું થાય છે, જેના સૂરોમાં વિશ્વનાં સોહામણા સ્વપ્નાઓ અને કલ્પો આલેખાયલા દેખાય છે, અને એમ લાગે છે કે જાણે આશાની સૌંદર્યપતિ દેવી જિવનના સિતાર ઉપર પ્રેમ અને આઝાદીના ગીતો ગણગણી રહી છે.



પુરૂષોના કપડાં સાયન્ટીફીક રીતે વેતરતાં અને સીવણ શીખવા માટે રૂબરૂ મળો યા લખો.

મુરાદ ટેલરીંગ વર્કસ
એન્ડ ઇન્સ્ટીટ્યુટ

MURAD TAILORING WORKS.
Try our Secret Good Fit for Scientific Cut up-to-date Fitting & Modern Style.
પ્રો. એસ. જી. મુરાદ.
ચુનારવાડ મરહુમ પારસી, સદર.

ઇબ્ને અબી અસૈબઅહ

[સાતમી સદી હિજરીના એક મહાન તબીબ]

રજુ કરનાર : સાલેહ અકીલી સાહબ

અલ્લામહ અબ્દુલ અબ્બાસ અહમદ, ઉર્ફે ઇબ્ને અબી અસૈબઅહ : સાતમી સદી હિજરીના આ નામવર આલિમ, ઇસ્લામી દુન્યામાં ખાસ પ્રખ્યાતી ધરાવતા હતા.

એમની પ્રખ્યાતીનો બધો ભેદ વૈદક (તિબ્બ) વિદ્યાની પ્રગતિ અને શોધખોળોમાં છુપાયેલો છે. ઇબ્ને અબી અસૈબા તિબ્બી દુન્યાના એક મહાન શોધક છે. યૂરપે પોતાની દિમાગી પ્રગતિના આરંભિક ઝમાનામાં ઇબ્ને અબી અસૈબાતીજ વૈદક વાટિકાના પુષ્પો વિણ્યા છે,

ઇબ્ને અબી અસૈબાના પિતા કાસિમ બિન ખલીફા બિન યૂનસ, પોતાના સમયના એક નામવર તબીબ હતા. બૈતુલ મુકદ્દસ (જેરૂસલેમ)ના વિજેતા ગાઝી સુલ્તાન સલાહુદ્દીન આઝમ ઉપરાંત સુલ્તાન મલિકુલ આદિલ અને સુલ્તાન મલિકુલ મુઅઝઝમના દરબારોમાં શાહી તબીબની પદવી પ્રાપ્ત કરી, તેમજ દમિશ્કમાં સુલ્તાન નૂરૂદ્દીન ઝંગી એપૂણીના મહાન દવાખાના અને મેડીકલ કોલેજના ઇનચાર્જ પણ કાસિમ બિન ખલીફાજ હતા.

કાસિમ બિન ખલીફા આંખોના ઇલાજમાં ખાસ નિપૂણ હતા. આ કળામાં પ્રખ્યાતી એટલી બધી હતી કે યૂરપ સુધીથી મ્હોટા અમીરો પોતાની આંખોનો ઇલાજ કરાવવાને માટે દમિશ્કમાં એમની પાસે આવતા હતા. ઇબ્ને અબી અસૈબાની જન્મ તારીખ અને પ્રારંભિક શિક્ષણ વિષેની કાંઇ માહિતી ઇતિહાસમાંથી મળતી નથી. ઇબ્ને અબી અસૈબા માત્ર ઇસ્લામી દુન્યાનાજ નહિ બલ્કે જગતના એક અતિ પ્રખ્યાત તબીબ ખાનદાનના ફરઝંદ હતા. એમના પિતાનું વર્ણન ઉપર આવી ગયું એમના કાકા રશીદુદ્દીન અલી પણ પોતાના સમયના મહાન તબીબ હતા. અનેક ઐયૂબી સુલ્તાનોના ખાસ તબીબ રહી ચુકયા હતા ઇબ્ને અબી અસૈબાના દાદા ખલીફા બિન યૂનસે પણ દુન્યામાં એક નિષ્ણાત તબીબ તરીકેની પ્રખ્યાતી પ્રાપ્ત કરી હતી.

આ કારણોને લઇ ઇબ્ને અબી અસૈબાની વૈદક વિદ્યામાં નિપૂણતા કાંઇ વિશેષ મહીન નહતી. આ નેઅમત કેટલીએ પેઢીથી એમના ઘરમાંજ મોજૂદ હતી. પરંતુ તે ઝમનો મુસલ્માનોના ઇલ્મી શૌક શોધનો હતો. મુસલ્માનોના ઇલ્મી શૌકની તૃષા, સરિતા અને સરોવરથી છીપતી ન હતી. બલ્કે તે સમયના મુસલ્માનો તો એવા હતા કે પોતાની તૃષાને સંતોષવાને માટે તેમને ઇલ્મી સમુદ્રો પણ ટીંપા જેવા દેખાતા હતા.

ઇબ્ને અબી અસૈબાએ પ્રથમ પોતાના પિતા અને કાકા પાસે વૈદક વિદ્યા પ્રાપ્ત કરી અને એ પછી વિશેષ સંશોધન માટે ઘરમાંથી બહાર નિકળી પડ્યા.

સાતમી સદી હિજરીના મધ્યમાં યઅકૂબ બિન સકલાબ નામે એક મશહૂર ઇસાઇ તબીબ હતો. તે ઝમાનામાં હકીમ બતલીનૂસની તિબ્બી શોધખોળના વિષયમાં તે એક સનદ રૂપે સમજવામાં આવતો હતો હકીમ બતલી-

નૂસાી કૃતિઓ સમજવા માટે લેટીન ભાષાની ખાસ જરૂરત હતી. ઇબ્ને અબી અસૈબાએ ખૂબ મેહનત કરીને થોડા મહીનામાંજ આ કદીન ભાષા શીખી લીધી. હકીમ યઅકૂબ બિન સકલાબના શિષ્યોમાં શામિલ થઇને હકીમ જાલીનૂસ અને બુકરાતના પુસ્તકોનો અભ્યાસ કર્યો.

ઇબ્ને અબી અસૈબાની શૌક તૃપા અહિંયા પણ તૃપ્ત થઇ નહિં. થોડા વખત પછી એ મિસર ગયા અને તિબ્બી દુન્યાના એક પ્રખ્યાત વિદ્વાન મુવફ્ફકુદ્દીન બિન અલીની સેવામાં હાઝિર થઇને જાલીનૂસની બાકી રહેલી કૃતિઓનો અભ્યાસ કર્યો અને એમનીજ દેખ-રેખ હેઠળ પ્રથમ વાર ઇલાજ કરવો શરૂ કર્યો.

મિસરમાં કેટલીક મુદ્દત સુધી રહ્યા પછી ઇબ્ને અબી અસૈબાના જાણવામાં આવ્યું કે દમિશ્કમાં હકીમ રઝીયુદ્દીન રહી, એક નામવર ને નિષ્ણાત તબીબ છે અને એમોજ આ સમયમાં હઝરત ઝકરિયા રાઝીની તિબ્બી કૃતિઓના વિશ્વાસ પાત્ર આલિમ છે. ઇલ્મના તરસ્યા ઇબ્ને અબી અસૈબા તુરત મિસરથી દમિશ્ક જવાને રવાના થયા અને રઝીયુદ્દીન રહીની સેવામાં હાઝિર થઇને ઇમામ ઝકરિયા રાઝીની તિબ્બના અમલી ભાગનો અભ્યાસ કર્યો

હકીમ જાલીનૂસ, બુકરાત અને ઝકરિયા રાઝીના તિબ્બી પુસ્તકોની સંપૂર્ણતા પછી ઇબ્ને અબી અસૈબાને શૈખુરઇસ બૂઅલી સીનાની તિબ્બી કૃતિઓનો અભ્યાસ કરવાનો શૌક થયો, અને ફરી એ ફાજિલ ઉસ્તાદની શોધમાં પ્રવાસ કરવા માંડ્યા. સુભાગ્યે કાબી ઉલકઝઝાત રઝીઉદ્દીન ઝહાનીની સેવામાં પહોંચી ગયા અહિં એમણે હકીમ બૂઅલી સીનાની તમામ કૃતિઓનો અભ્યાસ કર્યો.

ઇબ્ને અબી અસૈબા, ઇલ્મે તિબ્બ (વૈદક વિદ્યા)માં કામિલ થઇ ગયા. એમની તબીબ તરીકેની પ્રખ્યાતી દરેકામી દુન્યાથી બહાર નીકળીને દૂર દૂર સુધી પહોંચી ગઇ. મોટા મોટા તિબ્બનાં આલિમો એમની આગળ શિષ્ય બનીને બેસતા હતા. ઇલ્મે તિબ્બની સંપૂર્ણતા પછી એમની ઇલ્મી તૃપા ફરી એક વાર વધી અને ફિલોસોફી તથા શરઇ ઇલ્મો સંપાદન કરવાનો શૌક થઇ આવ્યો. અજબ બરકતવાળો ઝમાનો હતો. દરેકામી જગતમાં આલિમોની કાંઈ પણ કમી ન હતી માત્ર વિદ્યા ચાહકના દિલમાં સાચી શોધ જોઇએ. ઇબ્ને અબી અસૈબાને શૌક પ્યાસ છીપા-વવા માટે અલ્લામહ સૈફુદ્દીન, અલ્લામહ શમશુદ્દીન ખ્વારઝમી, અને અલ્લામહ ઇબ્ને સહલાન જેવી મહાન હસ્તીઓ મળી. એમની આગળ એ શિષ્ય બનીને બેઠા અને ફિલોસોફી તથા મઝહબી ઇલ્મોમાં નિપુણતા મેળવી.

વિદ્યા સંપાદન કર્યા પછી અલ્લામહ ઇબ્ને અબી અસૈબાનું પુરૂં લક્ષ ઇલ્મે તિબ્બના અમલી તજરૂબા (અનુભવો) અને ઇલાજ-ચિકિત્સા કરવામાંજ કેંદ્રીત થઇ ગયું. એમના કેટલાએક આશ્ચર્ય ચકિત કરનારા કિસ્સાઓ ઇતિહાસ પુસ્તકોમાં હમણા પણ વાર્તા જેવા લાગે છે.

ઇબ્ને અબી અસૈબાનું સૌથી વિશેષ શાનદાર અને અમર કામ, "તબકાતુલ અતિબ્બા" નામે કૃતિ છે, આ પુસ્તકે આખા જગતમાં અમર પ્રખ્યાતી પ્રાપ્ત કરી છે. આજે પણ જગતમાં આ એક વિશ્વાસપાત્ર અને સંપૂર્ણ

એને ૫૦૦ વખત પઢી દુઆ માંગશે તો ઇ. અ. શાંતિ થઇ જશે; ને દરેક માણુસ ૫૦૦ વખત પઢે તો વધુ બેહતર છે. દુશ્મન અને હાકિમની ઝબાનબંધી માટે દરરોજ સવારની નમાઝ પછી તેવી નીયતથી પઢવાથી ઇ અ. ઝબાન બંધ થશે અને તેઓની સામે જવું થાય તો ત્રણ વખત પઢી તેઓ ઉપર એવી રીતે દમ કરે કે તેઓ જાણી શકે નહીં તો ઇ. અ. હાકિમ પણ નરમ દિલ થઇ જશે. (૧૪) "યા મઝ્ઝા તોસલ્લેત અલૈના ઇન્નકા અન્ત-તત્વાબુર્રહીમ યા અલ્લાહો યા રહમાનો યા રહીમો વહ્હમના ફઇન્નકા બેરૂર્રહુમીન બે હકકે રબ્બે વસીલતે લાઇલાહા ઇલ્લલ્લાહો મોહમ્મદુર્રસૂલલલ્લાહ સલ્લલ્લાહો અલૈહે વસલ્લેમ બેશર્રેફેહી વકર્રમેહી." શરીઅત મુજબ દરેક હલાલ કામ માટે દરેક ફર્ઝ નમાઝ પછી આગળ પાછળ ત્રણ ત્રણ વખત દરૂદ શરીફ પઢી દરેક વખત પૂરી "બિસ્મિલ્લાહ" સાથે મજકુર દુઆ સાત વખત પઢવી ઇ અ. કામ બહુ જલ્દી થઇ જશે કામ પુરૂ થાય ત્યાં સુધી પઢવુ (૧૫) "યા મઝ્ઝા તોસલ્લેત અલૈના વહ્હમના ઇન્નકા અન્તતત્વાબુર્રહીમ યા રહમાનો યા રહીમો વહ્હમના અલ્લાહુમ્મા યા હાદેઝો યા હફીઝો મિન જમીઇલ બલાઇલ આરેજે મિનલ અદૈ વસ્સમાએ બેહકકે રબ્બે વસીલતે લાઇલાહા ઇલ્લલ્લાહો મોહમ્મદુર્રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલૈહે વસલ્લેમ બેશર્રેફેહી વકર્રમેહી." સવારની ફર્ઝ નમાઝ પછી આગળ પાછળ ૩-૩ વખત દરૂદ શરીફ પઢી પૂરી "બિસ્મિલ્લાહ" સાથે એને ત્રણ વખત પઢનારની ખુદાપાક હિફાઝત કરશે અને દરેક આફત બલા મુસીબત વગેરેમાંથી છોડવી દઇ એવી બલાઓથી બચાવશે, અને દરેક રીતે તેની મદદ કરી તેના દિલની મુરાદ બર લાવશે.

"યા સુન્એમો" (સંખ્યા ૨૦૦) "ઐ નેઅમત દેવાવાલા" (૧) એને હમેશા કસરતથી પઢનાર ઇ. અ કદી પણ કોઇનો મોહતાજ થશે નહીં. (૨) એને હમેશા કસરતથી પઢનાર ઇ. અ ગની થઇ જશે અથવા તેનું દિલ સબ્ર અને કિનાઅત પકડશે (૩) દરરોજ ૨૦૦ વખત પઢનાર અનેરા ફાયદા મેળવશે.

વહરી સાહિત્ય કાર્યાલય

(પ્રકાશક:-"કારવાં" માસિક)

કણુપીઠમાંથી ખાલી કરી

ટાવરરોડ, મોહન ટૉકીઝ પાસે ગયા છે.

"કારવાં"ના ગ્રાહકોને નવું સરનામું

નોધી લેવા વિનંતી છે.

'કારવાં'ના પ્રથમ અને બીજા વર્ષની ફાઇલ

અંક ૧ થી ૧૨, કપડાંનું પાકું પુઠું. કી. રૂા. ૫) ૮. બ. સહિત

કોપીઓ સીલકમાં ઓછી હોવાથી થોડીકજ બંધાવવામાં આવી છે.

આજેજ ઓર્ડર મોકલી આપો.

બહેતો વર્તમાન

[સંપાદક : 'કારવાં']

"હિંદમાં કાયમના છબીઘરો ૬૬૦૦ છે." મસ્જીદો અને મંદિરો કરતાં સીનેમા થીએટરોની સંખ્યા હજુ ઓછી છે ત્યાં સુધી આપણે ગભરાવાનું કંઈ કારણ નથી!

° ° °

"હિંદમાં આજ સુધી ૧૫૧૫ બોલતી ફિલ્મો તૈયાર થઈ છે." પણ એ ફિલ્મોએ હિંદના ઘરેઘરમાં કેટલા યુવક-યુવતિઓને નટ-નટીઓ જેવાં જીવન જીવતાં કરી દીધાં છે તેનો કોઇ આંકડો પ્રગટ કરી શકે?

° ° °

સરકારી યાદી જણાવે છે કે "છેલ્લા મુંબઇ ઇલાકાના ભયંકર વાવાઝોડાથી થાણા જીલ્લાનાં ઘણાં ઝાડો પડી ગયાં હતાં, એ પડી ગએલા ઝાડોના વેચાણમાંથી મુંબઇ સરકારને ૨૧ લાખ ૧૭ હજાર રૂપિયા મળ્યા હતા." વેરભાવે પરમેશ્વર મળ્યા તે આનું જ નામ!

° ° °

"અમેરિકાના એક ભૂસ્તરશાસ્ત્રી પ્રો. એડવર્ડ ઓ. ટ્રોકસેયે 'પેટ્રોફોન' નામે યંત્ર શોધ્યું છે જે પત્થરનુ છે." અમેરિકામાં આવી રીતે પત્થરમાંથી સંગીત શોધાય છે; ત્યારે આપણે ત્યાં સંગીતને જ પત્થર જેવું ભારે બનાવી દેવાય છે! ખાતરી કરવી હોય તો કોઇ જુના પુરાણા ઉસ્તાદની તાન પોતાના કાન પર ઝીલી જુવે!

° ° °

"કન્સાસમાં વિચીટાખાતે જહોન હેન્કોક નામક રાહદારીને એક મોટરની ટક્કર લાગતાં તે સામી દિશામાં જનારી એક બીજી મોટર પાસે જઇ પડ્યો. એ સામી મોટરે એને ત્રીજી મોટર સામે ફેંકયો અને એક ચોથી મોટરથી એને વાગ્યું; છતાં રાહદારી તે બચી ગયો" એ માણસોને પેલા મોટર હાંકનારાઓએ પુટબોલ ધારી લીધો હશે કે શું?

"લીગની ખુલ્લી બેઠકમાં થએલું તલ્વારનું વેચાણ" હવે એ ઉપરથી પ્રેરણા પામીને વીર સાવરકર આવતી હિંદુ મહાસભાની બેઠકમાં 'તીરકામઠાનું લીલામ કરે તો નવાય નહિ!

° ° °

"રેવા રાજ્યમાં બજેટજ રજુ થતું નથી." રાજા પોતાની મહેલની ભીંતો પરજ નામું લખતા હશે પછી કાગળ પર બજેટ રજુ કરવાની શી જરૂર છે?

° ° °

"દિલ્હીમાં અનાજ કોન્ફરન્સ ભરાઈ હતી પણ તેના સરઘસમાં અગાઉની જાહેરાત પ્રમાણે લોકો પેટ પર પત્થરો બાંધીને ફર્યા હતા કે નહિ તે જણાયું નથી! અને પેટ પર પત્થરો બાંધ્યા હોત તોય જેના સામે એ દેખાવો કર્યા હશે તેનાં દિલ પીગળવાનો ઓછો સંભવ છે; કારણ કે તે પણ પત્થરનાજ હોને!

° ° °

"કરાચના એક બેડુત કુટુંબ પર એક વિકરાળ ચિત્તાએ હુમલો કર્યો હતો. જે બહાદુર કોળીઓએ તે ચિત્તાનો સામનો કરી પેલા બેડુત કુટુંબને બચાવ્યુ તો ગામના પેલા કોળીઓ પૈકી એકને ૧૨ ને બીજાને ૬ રૂપિયા દંડ કર્યો"

કરાચ રિઆસતમાં માણસ કરતાં જનવરોની કીંમત વધારે હોવી જોઇએ. પણ તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી યુરોપ-અમેરિકાની કેટલીક ગોરી લલનાઓ તો પતિઓ કરતાય પાળેલા શ્વાનની કીંમત વધુ આંકે છે ત્યારે આ તો ચિત્તા છે!

° ° °

કોરવાં [માસિક] Registered No. B. 4327

તંત્રી : "વહશી" રંગરી. સહતંત્રી : "ઓકાર"

માસ એપ્રીલ ૧૯૪૨

પુસ્તક. ૩ જું અંક ૮મો

અનુક્રમણિકા.

વિષય સૂચિ.	લેખકનું નામ	પૃષ્ઠ.
નાતે નબી સલ૦	... "કલીમ" ...	... ૪૪૬
ઇસ્લામી શિક્ષણ (કુર્આન) ...	... મૌ૦ અ. રહીમ સા૦ ...	... ૪૫૦
" " (હદીસ) ...	... " " " " ...	... ૪૫૧
પોઢ	... રા. વણઝારો ...	... ૪૫૨
એક રટંટબાજ કવિ	... એક ભરૂચી ભાયડો ...	... ૪૫૬
"ધી બર્મા ઇન્ડીયન એસો૦, સુરત.	... .	... ૪૫૭
આ બે માં ચોર કોણ?	... "વલી" ...	... ૪૫૮
આવાઝની દુનિયા	... "ઓકાર" ...	... ૪૬૦
ફતાવા	... મૌ૦અ. અશરફ ...	... ૪૬૩
ચીનમાં ઇસ્લામ.	... "બક્ષી" બી. એ ...	... ૪૬૫
અથાનું	... એફ. મોદ્દમંદી. ...	... ૪૭૬
સિદ્ધિના સન્માર્ગ	... "ગાફિલ" ...	... ૪૭૭
ચાર ઇબાદતો	... "કલીમ" ...	... ૪૮૦
જીવનનાં વહેણ (પાંચ કલમે લખાયલી વાર્તા)	"નિશાન"–"ચમકાર"–"ઓકામ" ...	... ૪૮૧
કર્તવ્ય	... "ટીમોલ" ...	... ૪૮૭
પાંચ ઇબાદતો	... 'બિસ્મિલ્લ" ...	... ૪૮૮
"જિંદગીનો એક સાચો નમૂનો ...	... "મઝાક", ...	... ૪૮૬
'જોશ'ની કાવ્યશ્રેણી	... "સાબિર" ...	... ૪૯૨
દુઃખને અથી અસૈબદ	... સાહેદ બકાલી ...	... ૪૯૮
અરમાઉલ હુરના	... રિફાઇ–સાબેરી ...	... ૫૦૧
વહેતો વર્તમાન	... સંપાદક	ટાઇટલ ૩જું

વાર્ષિક લવાજમઃ–હિન્દ અને સીલોન રૂા. ૪, બર્મા રૂા. ૫, પરદેશ રૂા. ૮

"કોરવાં" દર અંગ્રેજી મહીનાની તારીખ પંદરમીએ પ્રગટ થઇને તેજ રીવસે પોષ્ટ કરવામાં આવે છે. રેપર ઉપર ગ્રાહક નંબર હંમેશા લખવામાં આવે છે. પત્રવ્યવહાર વેળા તે લખવા ચૂકશો નહીં. અંક નહીં મળવાની ફરિયાદ દિનના ગ્રાહકોએ તા. ૨૫મી સુધીમાં કરવી.

Printed by: Maganlal Mangaldas Patel, at The 'Gangotri' Printing Press. *Kanpith, Khand Bazar,* Surat.

Published by: Azum Ahmed Esmail 'Vahshi' for Vahshi Sahitya Karyalaya

Bibliothèque Nationale

૨૬. મુંબઈ, વિક્ટોરિયા ઍન્ડ આલ્બર્ટ મ્યુઝિયમ

પુસ્તક ત્રીજું અંક ૬ ઠ્ઠો



ચિત્રપટ



૧૯૪૨ મે

આ૦ હ્૦ વા૦ ન

સાઇબીરિયાની ઉંડી ખાણોમાં તમે તમારા ગર્વપૂર્ણ ધૈર્યને ટકાવેલું રાખજો.

એ વિષમ પરિશ્રમ વ્યર્થ ન જશે; તમારા ક્રાન્તિકારી વિચારોને નમ્ર ન થવા દો.

ઘોર નિસ્તબ્ધ ભૂગર્ભ–અંધકારમાં અભાગીઓની ભગિની આશા તમારા હૃદયના આહ્લાદિત સાહસને સંદેશ પાઠવે છે.

નિર્ધારેલો દિવસ અવશ્ય આવશે.

અંધકારપૂર્ણ દ્વારોમાંથી પ્રેમ અને મૈત્રી તમારા પર ઉતરી રહી છે.

તમારી કોયડાની ચોમેર પણ મ્હારું સ્વતંત્ર સંગીત રેલાઈ રહ્યું છે.

એક શબ્દ પર લટકતી વજનદાર ઝંજીરો તૂટી પડશે, દીવાલો ઢળી પડશે.

અને સ્વતંત્રતાના ધવલ પ્રકાશમાં તમારું સ્વાગત કરશે; અને તમારા ભાઇ તમને તમારી વીરતાના ચિન્હ–સ્વરૂપ તમારી તલવારો પાછી સોંપશે.

* રશિયા
૧૮મી શતાબ્દી

એલેકઝાંડર એસ. પુશ્કીન
[રશિયાનો સર્વોત્તમ મહાકવિ]



(૧૯૦) તે (કિયામત)ના દિવસે ઝાલિમ લોકોને તેમનું ઉઝર કંઈ કામ નહિ લાગે અને ન તેઓથી તવસ્સહ કરવાની માગણી થશે. (કુર્આન)

• • • •

(૧૯૧) આ હિકમતોથી ભરપૂર કિતાબની આયતો છે. જે નેકી કરનારાઓ માટે હિદાયત અને રહમત છે. જેઓ કે નમાઝની પાબંદી કરે છે અને ઝકાત આપે છે અને આખેરત પર તેમને પુરું યકીન છે. (કુર્આન)

• • • •

(૧૯૨) હે લોકો! પોતાના પરવરદિગારથી ડરો તેમ તે દિવસથી ડરો કે જેમાં કોઈ બાપ પોતાના પુત્રના બદલે કામ નહિ લાગે અને ન કોઇ પુત્ર પોતાના બાપની જગ્યાએ કામ આવશે, બેશક ખુદાપાકનો વાયદો સત્ય છે; તો દુન્યાની જીંદગી તમને ધોકામાં નાખે નહિ. (કુર્આન)

• • • •

(૧૯૩) અને જે કંઈ વ્યાજ પર આપો છો કે લોકોના માલમાં જઈ વધ્યા કરે તો તે ખુદાને ત્યાં વધતું નથી, અને જે કંઇ ખુદાપાકની ખુશનુદી ચાહીને પાક દિલથી આપે છે તો એવા લોકોજ (ખુદાની પાસે) વધારતા રહેશે. (કુર્આન)

• • • •

(૧૯૪) (હે મુહમ્મદ!) જે કિતાબ તારા તરફ ઉતરી તેને પઢતો રહે અને નમાઝને કાયમ રાખ, બેશક નમાઝ નિર્લજતા તથા બુરાઇથી રોકે છે, અને ખુદાની યાદ સહુથી મહાન છે અને જે કંઈ તમો કરો છો તેને ખુદાપાક જાણે છે. (કુર્આન)



ઈસ્લામી શિક્ષણ

રસૂલુલ્લાહ સલ્લ્લ્લાહુ અલયહિ વસલ્લમનું ફરમાન (હદીસ)

મૌલાના અબ્દુર્રહીમ સાદિક સાહબ

(૧૯૦) રસૂલુલ્લાહ સલ્લ૦ એ ફરમાવ્યું કે "મને હુકમ મળ્યો નથી કે લોકોના દિલોને વીંધુ અને ન એવો હુકમ થયો કે તેઓના પેટને ચીરું" એટલે મને જાહેરનો હુકમ છે, દિલ અને પેટની વાત દરયાફ્ત કરવી મારું કામ નથી. (સહીહૈન)

× × × ×

(૧૯૧) રસૂલુલ્લાહ સલ્લ૦ એ ફરમાવ્યુ કે અચીત વાત આ છે કે જ્યારે તમારામાંનો કોઈ મરણ પામે છે તો તેના અમલ બંધ પડે છે. અને અચીત ઈમાનદારનું જીવન તો નેકીનેજ વધારે છે. (મુસ્લિમ)

× × × ×

(૧૯૨) રસૂલુલ્લાહ સલ્લ૦ એ ફરમાવ્યું કે અચિત આજ વાતે તો તમારાગાંથી આગલાઓને નાશ કર્યા છે કે જ્યારે તેઓમાંનો આબરૂદાર માણસ ચોરી કરતો તો તેઓ તેને છોડી દેતા અને જો કોઈ ગરીબ માણસ ચોરી કરતો તો તેને ચોરીની શિક્ષા કરતા. ખુદાની કસમ જો ફાતેમા મુહમ્મદ સલ્લ૦ની છોકરી ચોરી કરે તો હું તેનો હાથ કાપીશ. (સહીહૈન)

× × × ×

(૧૯૩) રસૂલુલ્લાહ સલ્લ૦ એ ફરમાવ્યુ કે અચીત શરાબ દવા નથી પણ તે તો બતે બીમારી છે. (મુસ્લિમ)

× × × ×

(૧૯૪) રસૂલુલ્લાહ સલ્લ૦ એ ફરમાવ્યું કે "ઈમામ તો એટલાજ માટે નિમાયુ થયો છે કે તેની તાબેદારી કરવામાં આવે. માટે તમારે તેનાથી વિરૂદ્ધ કરવું નહિ." એટલે જે ઈમામ કરે તે મુકતદી પણ કરે. (સહીહૈન)

આવ્યા છે એટલે એ બનાવટી લેબલ પાળકને બહુ મુઝવણ ઉભી થઇ છે. હાયરે ગઝબ!

"કુદરત ખુદાની દેખીને નૂરી કહ્યા કમર
દોયાર બેત જબકે લખે બ.મ રેદ થયા"

ભાઇ 'વલી'એ આ ને આશા આપી છે કે તેઓ 'આસિમ'ની બીજી ચોરીઓ પણ જાહેર કરશે હમને તો પુરતી ખાતરી છે કે એ પુરાણા આસિમ (ગુનેગાર) નવા 'વલી' સામે ઉભા રહી શકવાના નથી. કારણ કે એમનો બધોય રંગ જાપાનીસ હલકી બનાવટનો છે અને તે તડકો ગયા વિના રહેવાનો નથી. આમ છતાં એ ચોરે હજી પોતાની શીગ્નેરી છોડી નથી. હાલ હમણાંજ એક નવું ગીત તેણે તફડાવ્યું છે. ભાઇ 'વલી'ની લીસ્ટમા તે આવવાનું હોવાથી અમે માત્ર યાદ દેવાડી ચૂપ રહીએ છીએ.

o

જિન્નાહ કેપ ફગાવી દઇને બદરી કેપ ચઢાવી ફરતા થયા અમારા મિત્ર માતરીને હાંલ તુરત તો "ગયા વરસનો મુંબઇનો રેડીઓ મુશાયરો" યાદ દેવાડીએ છીએ. અમને આશા છે કે એમની બાકીની શાન ઠેકાણે આવી જશે. આમ છતા 'ધણના કાટલાં'માં તેમનું પણ નામ છે. તેઓ અમને તે સાબિત કરવાને વધુ મજબૂર કરવાના કારણો ન આપે એટલુંજ બસ છે

o

"મહેનત બધું અને બસીહમાં હું" એ કહેવત હવે બદલાવી ધરે છે. એક તો આ મોંઘવારીમાં કોઇ મહેનત બતાવવા તૈયાર નથી, અને કદાચ બતાવનાર કોઇ મળી પણ આવે તો મસ્જિદનો બાંગી મસ્જિદમાં મૂવા મારે બેસવા દેવા તૈયાર નથી. તે તો બોચી પકડીને બહાર ધકેલી કાઢે છે. "મહેનતનું બાઇસે માગમાં મૂવું" એમ કહેવતને ફેરવી કાઢીએ તો પણ ઘેક મુંઝવણ તો ઉભીજ રહેશે કેમકે આ જમાનામાં માગમાં મૂવું એ હરકીયેલ નથી. ચોવીસ કલાની અટેંડ, મોટર કે ઘોડાગાડીની અટેંડ. કંઇ નહિ તો છેવટ પોર્ટ બહારની અટેંડમાં આવીજ જવાય ત્યારે એ કહેવત એક રીતે આમ બદલી નાખીએ તો? "ચોરીને લખવું અને પેપરમાં ચઢવું" શું કહો? પ્રુફ નથી મળતો? પ્રાસ ભલેને ન મળે પણ કેટલાક ચોર લેખકોને આશ્વાસન તો મળશે.

o

મહારા એક મિત્રે 'કવિતા' માસિકના બે અંકો (ફેબ્રુ. તથા માર્ચ) મને જોવા માટે મોકલી આપ્યા છે એ અંકો જોવા પછી મને એમ લાગ્યું કે તે ન જોવા હોત તો પણ ચાલત. (જો કે નહોતા જોયા ત્યારે જોવાની ઘણીજ તાલાવેલી હતી) આમ કેમ થયું હશે તે તો મારાથી સમજાતું નથી પરંતુ એક વાત તો જરૂર સમાનય છે કે કવિતાના સંપાદકો કવિતાની વ્યાખ્યામાં 'ગઝલ' ને ગણતા નહિજ હોય. નહિતર શા માટે તે સેવાઇ નહિ હોય! કું

માં જનાર કવિ- ઓની આ- વતા આંકે ઝાંતી સેવામાં

'લેવાઈ નહિ દેય' એ શબ્દો પર બહુ ભાર મૂકું છું. કેમકે મોકલવામાં નદિ આવી હોય એવું હું માની શકતો નથી. હવે એ સંપાદક મિત્રોને હું પૂછવાની રજા લઉં છું કે તેઓ 'ગઝલ'ને કવિતામાં કયા લગી નહિ સ્વીકારે? 'ગઝલ' એ કવિતા નથી એમ માનવાનાં એમની પાસે કોઈ સબળ કારણો હોય તો તેઓ રજુ કરે! જો તેઓ એમ ન કરી શકતા હોય, અને ગઝલને લેવા પણ માંગતા ન હોય તો અમારે એમને કશું કહેવાનું નથી. માત્ર એટલુંજ કહીશું કે "હાથીદાતની જય."

પણ આટલેથીજ પુરું નથી થતું કેટલાક સારા ગણાતા કવિઓ એમાં ઉર્દૂ શબ્દોને વિકૃત બનાવી રજુ કરે છે. મૂળ લખનારા એની જોડણીથી યા અર્થથી અજ્ઞાત છે માં સંપાદકો અજ્ઞાત છે એ તો અમે કહી શકતા નથી પરંતુ એક ઉદાહરણ આપી એ વાત એમને સમજાવવાની કોશિશ કરીએ છીએ

"શું રે તે ગણ્યાં છે બધાં ઝિન્દાંને મુવેલ,
વીસ. ઝિન્દાંને મુવેલ?"

'સુંદરજી બેટાઈ'ની 'કવિતા'ના જાન્યુ. ફેબ્રુ અંકના પા. ૯૬મા લખાએલી કવિતાની આ લીટી છે. એમા 'ઝિન્દાં' શબ્દની જોડણી બીલકુલ ગલત છે, એ શબ્દ ગુજરાતી નથી. પરંતુ ફારસી છે એટલું તો એ મિત્રો કબૂલશેજ. એ કબૂલાત પછી અમારે એટલુંજ કહેવાનું કે ઝિન્દા અને ઝિન્દાં એ બન્ને શબ્દોના અર્થ જુદા થાય છે. ઝિન્દા (બરાં પૂર્વે તો ઝિન્દહ)નો અર્થ થાય છે જીવતા, અને ઝિન્દાંનો અર્થ થાય છે કેદખાનું કવિનો હેતુ 'જીવતા' કહેવાનો છે અને તેથી તે શબ્દ 'ઝિન્દાહ યા ઝિન્દા' લખવો જોઇતો હતો. ઝિન્દાં નહિજ. હું આશા રાખું છું કે આવી ખોટી જોડણીઓ સુધારવાની તેઓ કોશિશ કરશે.

આ વ શે.


લાડથરસના જાણીતા લેખક

"ભેકાર" કૃત પુસ્તકો

૧. જુની આંખે નવા તમાશા કીં. રૂા. ૧। ૨. કલમ આબુક કીં. રૂા. ૧।
૩. અકકલના ઇજારદાર કીં. રૂા. ૧।। ૪. હું રાજા હોઉં તો! કીં. રૂા. ૨
૫. રમતા રામ કીં. રૂા. ૨ ૬. સનમની ખોળમાં કીં. રૂા. ૨।

૮. ૫. જુદું

ધી સાંદેર સ્ટોર્સ : ટાવર રોડ, : સૂરત.



"સો કે હુએ સાહ, ઉસમેંસે આધે ગયે નાહ! બાકી રહે તીસ, ઉસમેં કયા કરતે હૈં રીસ? દસ દેઇંગે, દસ દિલાઇંગે, ઔર દસમેં દેણાહી કયા હે!" એક લેણદારને એક મિયાં સાહેબે કેવી રીતે ૧૦૦ નો હિસાબ ચૂકવી આપ્યો, તે વાચકોએ જાણ્યું? બસ એવોજ હિસાબ ક્રીપ્સ સાહેબ હિંદ માટે કરવા આવ્યા હતા! એમની ગીડી સાકર ઝરતી જીભ માટે બે મત હતાજ નહિ ને છે પણ નહિ! એમની હિંદ પ્રત્યેની ભલી લાગણી માટે બે મત હતા નહિ ને છેજ નહિ! એમના સમાજવાદી સિદ્ધાંતો માટે બે મત ન હતા પણ હવે તો એ માટે દોઢ મત થઈ ગયો છે! કારણ કે ક્રિપ્સ સાહેબ સત્તાની ખુરસી પર ચઢતાં એમનો સમાજવાદના બે મતમાંથી અર્ધો મત સામ્રાજ્યવાદે ગમી ગયો છે. મતલબ કે હવે એમનો સમાજવાદ બે પગો નહિ પણ દોઢ પગો થઇ ગયો છે! સમાજવાદના એ કલાકારની પોંછી, ચર્ચીલ જેવા સામ્રાજ્યવાદના રંગારાની ઝાંઝ આગળ ઝાંખી પડી છે! લોકો જાણતા હતા કે મોસ્કોમાં મહાન વિજય પ્રાપ્ત કરીને આવેલા ક્રિપ્સ જેવા સાચાબોલા સમાજવાદી આગળ ચર્ચીલના સામ્રાજ્યવાદને નમતું મૂકવું પડશે! પણ ના. હિંદની એમની નિષ્ફળ દ્રષ્ટિએ એમને ચર્ચીલ સામે વજનમાં હલકા થતા જોયા! ચર્ચીલનું પલ્લું નમી ગયું, ક્રિપ્સનું ઉંચું થયું! ચર્ચીલ મહાશય મેદામાં ચિરૂટ સહિત ગેલમાં આવીને ૧૦ ડાઉનીંગ સ્ટ્રીટમાં એમેરીને બાથમાં ધલી ડેન્સ કરતા ગાતા હશે કેઃ

"પરવાનેકા હાલ ઈસ મેહફિલમેં યા,
કાબિલે રશ્ક અય એહલે નજર;
એક રાતકીમેં પયદા ભી હુવા,
આશિક ભી હુવા ઔર મર ભી ગયા!"

સર ક્રિપ્સે વહેંચવા ધારેલા પ્રસાદ કોંગ્રેસ કે લીગ કોઇએ સ્વિકાર્યો નહિ! ક્રિપ્સ હસતા મેઢે ચલ્યા ગયા ને લંડનના પત્રકારો સમક્ષ પરાજયમાંય વિજયનાં દર્શન કરાવવા લાગ્યા પણ અંતે પાર્લામેન્ટ સમક્ષ શ્રદ્ધાનુ માટલું ફોડી નાખતાં બોલ્યા કે સમાધાન ન થયું તેમાં હિંદીઓની કસુર છે, બ્રિટીશ સરકારની જરા પણ કસુર નથી! કામ ચલાઉ સમાધાન તરિકે પણ તેઓ એકદા થવા માગતા નથી! એવા હિંદીઓનાં કિસ્મત! બાકી વીર સાવરકર કે અરવીંદ ઘોષ જેવા તો કાલની મરઘી કરતાં આજના ઇંડાને વધુ મહત્વ આપે છે! 'વિશ્વાસે વહાણ ચાલે' પણ જ્યાં એક બીજા પર વિશ્વાસજ ન હોય ત્યાં વહાણ કેવી રીતે ચલાવવું! ટુંકાણમાં મતલબ એ કે લીબ-ક્રોંગ્રેસને લાગ્યું કે એ સમાધાનમાં "બાવા મરેંગે જબ બેલ મરેંગે" જેવી યોજના છે તેથીજ છેક કિનારે આવતાં સમાધાનનું ડોલતું વહાણ ઉધું વળ્યું ને નાવિકો સહિસલામત કિનારે પહોંચી

ગયા! કરાંચીથી ઉડતાં ઉડતાં ક્રિપ્સ ખરા જગ-રથી કહેતા ગયા કે હુંય શું કરું? 'તેરા તેલ ગયા ને મેરા ખેલ ગયા!"

o

હીટલર-રૂટનલીન જેવા મોટા સરમુખત્યાર તરીકે પ્રસિદ્ધ થયા છે, ચર્ચીલ-રૂઝવેલ્ટ જેવા મહાન પ્રધાન કે પ્રમુખ તરિકે પ્રસિદ્ધ થયા છે; પણ લાવલ મુદ્દાન દલાલ તરીકે પ્રસિધ્ધ થયા છે. રહ્યાસહ્યા ફ્રાન્સનું નાતરૂં હીટલર સાથે કરાવી આવવા એ પુનઃ મેદાનમાં આવ્યો છે. સત્તા પર આ તાં એ પોકાર કરે છે કે: 'જ્યારે જ્યારે ફ્રાન્સ, મારી માતૃભૂમિ ભયમાં આવી પડે છે; ત્યારે ત્યારે હું સત્તા પર આવું છું!' એણે સત્તા પર આવતાંજ ગોરપદુ આરંભી દીધું છે પોતાની સિધ્ધાંતોની તિલાંજલી આપીને હીટલર જેવા ધીંગાણુંની સાથે પુનર્લગ્ન થાને નાતરૂં કરવાની દીધું છે! હીટલરની દમદાટી આગળ ડાહ્યાડમાઇ ગયો ને પોતાના પોતીકાયે ભાર ન ઝીલ્યો જેવી લાવલ, દેશની દલાલી કરવામાં ફાવી ગયો.

લ તની પરેનમણીમાં થોડીક લતાઇની આગ-ખોટ પણ ભેટ ધરી જેથી અત્યારે તો હીટલર પોતાના નિત્રોના કાનમાં મલકાઇ મલકાઇને કહી રહ્યો લાગે કે,

'સારી દુન્યા એક તરફ્ ને બેરકા ભાઇ એક તરફ્!"

અને લાવલ પણ મનમાં પુલકાતો હશે કે "નખણાના બનેવી બનવા કરતાં જબરાના સાળા બનવામાં શું ખોટું છે!"

o

આમ જગત જે દિવસની રાહ જોઇ રહ્યું હતું તે દિવસ હવે નજીક આવી રહ્યો છે. બ્રિટનના ફાઇટરો તથા અમેરિકાના ઉડતા કિલ્લા પણ ઠીક ઠીક પાણી બતાવતા થયા છે. બ્રિટનમાં ઉતરી રહેલું અમેરિકાનું લશ્કર, ટેડિયો વગેરે પરનો બૉમ્બમારો, ઓસ્ટ્રેલીયાનુ વધતુ જતું વિમાની બળ અને બરમા સિયામના મોરચાઓ ઉપર ટાકું પડતું જાપાન એ મિત્રરાજ્યોના ભારી થતા જતા પડઘાની નિશાની રૂપ છે પણ જ્યાં સુધી આક્રમણ ન થાય ત્યાં સુધી તાકતની કીમત શે અંકાય? જાડી હીટલરે પણ બલ્ગેરીયાના બોચીયાં જેવાં

ચાંદુડીયાં

"વેણીકાર" પોતાની આંખો હોવા છતાં પારકી આંખે જુએ છે. એમના લખવામાં પણ પારકા લેખીની કામ કરતી હશે નહિતર એ ભાઇ અપનાવાલા હોવા છતાં પિતાની ઝિયારત ને શ્રાધ્ધ લખત નહિ.

o o o

"વાસો આચર"ની નાત કઇ હશે? એવું એક મિત્ર પૂછાવે છે. જવાબમાં જણાવવાનું કે, ચોર.

o o o

"વેણી"માં સંજાણા વિરૂધ્ધ લખતી કલમ "ભજ્વિસ"માં સંજાણનું ભાષણ ચોરીને વિવેચક બનવા જાય છે.

o o o

મુંબઇમાં એક નવું તખલ્લુસ જન્મ્યું છે. એનુ નામ છે "સયલાભ". જન્મતાંની સાથે ગઝલ સંપાદનનું કાર્ય તે લેતું આવ્યું છે. સયલાભ એટલે પ્રવાહ અમને લાગે છે કે એ પ્રવાહમાં જે ગઝલકાર તણાશે તે સીધો અરબી સમુદ્રમા જશે.

ઓરીસ અને ફ્રેન્સ ા લાવલને ઓટીમાં ઘાલીને પોતાનું પલ્લું ભારે કરવાની તજવીજ તો કરી છેજ ! લગભગ બધે બાજુ તૈયાર છે હવે બ્રિટન બીજો મોરચો ઉભો કરે એટલીજ વાર છે. બાકી સ્ટેલીનતો ઑષ્મ આક્રમણને વધાવવા કમર કસીને તૈયાર ઉભો છેજ. આ બાજુ હિંદના કરવાળા ઓ ઉપર પણ લડાઈની નોબતો ગગડી રહી છે. બસ હવે તો જગત લડાઈથી એટલું ત્રાસી ગયું છે કે પાઘડીનો વળ જલ્દી છેડે આવે તેની રાહ જોવઇ રહી છે। હીટલર અને ટોજો જેવા રાહ અને હેતુએ ગ્રહણ લગાડયું છે તેમાંથી છુટવાને જગત ફાંફાં મારી રહ્યું છે। હવે તો ખુદા કરે તે ખરૂં !

O

ગુજરાતમાં ધાડોની સંખ્યા વધતી ચાલી છે 'સબ સબકી સમાલિયો મેં મેરા ફોડતા હું" જેવી પોલિસ ખાતાની તો હાલત છે તો ધાડોના અટકાવ માટે શું કરવુ ? ગામેગામને શહેરે શહેર રક્ષણ દળો તૈયાર થઈ રહ્યાં છે. અમદાવાદમાં અંબાલાલ સારાભાઇ કે કસ્તુરભાઇ શેઠ જેવા પણ રાતે પહેરા ભરે છે, રાદેરમાં શેઠો બેગવળા બધાઓ જેવા ઢંગ પકડીને પહેરેા ભરે છે; એ ઉપરથી પ્રેરણા પામીને ઘણા યુવકો રક્ષણ દળોમાં સદકાર કરતા થયા છે અને થશે. એમ કર્યા વગર છુટકો પણ નજ હતાને ? પણ ખુદા કરે ને એ જુસ્સો કેટલો સુધી કાયમ રહે ! કઇ બાર માસની ઉઘલી મંડાતાં એ રક્ષણ સેનાઓ ઘર ભેળી ન થાય તો સારૂ ! બાકી ગુજરાતીઓને માટે "આ રંભે શરા"નું કલંક છે તે હવે મટાડવેજ છુટકો છે. છેવટે હવે તો એજ દુઆ માગી રહી કે: સંરક્ષકોની હાંગ અને ધાડપાડુઓની હાંગના સદકારથી ગુજરાતમાં શાંતિ રહ્યા પામે !

O

હિંદના ઔદ્યોગિક વિકાસ માટે અને હિંદ વહેપારમાં પ્રગતિ સાધી શકે એ પરોપકારી હેતુથી પ્રેરાઇને ડેલરોનાં પોટલાં લઇને એક મિશન અમેરિકથી ચાલી આવ્યાનો હિંદમાં આવી લાગ્યું છે; એટલે હવે ઉદ્યોગ હુનર અને વહેપારમાં હિંદનો ઉદ્ધાર થશે એ નિઃશંક હોઈ અહીંના વહેપારીઓએ શંકા-કુશંકા કર્યા વગર પગપર પગ ચઢાવીને

ચાંદુડીયાં

'વેણી'ની મેહફિલમાં પંક્તિ છે 'બધાના દિલની કથા છે અમારી મજલિસમાં' એમાં કથા શબ્દ વિષે મ્હારે ઘણું ઘણું કહેવાનું છે એક તો એ કે એ કાફિયા તરીકે એટલુ ચવાઇ ગયું છે, કે કોઇ ગઝલકાર હવે એને વાગોળવાનું પસંદ કરશે નહિ. બીજુ એ "કથા" છે. એવુ વાચન કોઇ પુરાણીની યાદ અપાવે છે. ત્રીજું એ પંડિત બોજનાર કોઇ એક વ્યક્તિ નથી એની સાખીતી આપે છે નહિતર "મજલિસ"માં બધાના દિલની કથા હોયજ નહિ. ચોથું એક કુંડામંડળ હવે દિલની કથાઓ સભળાવવા આતુર થઇ રહ્યું છે. પણ વાચકો એનાથી કંટાળ્યા છે. પાંચમું તેઓએ મજલિસમા પોતાનીજ રામકહાણી સંભળાવવાના છે પણ કોઇ ત્યાં આવશે નહિ એવી ધારતીને લીધે બધાની કથાનો ખુરચો ચટકી લીધો છે.



ગાડી નકામે પડી રહેવામાંજ સાર છે! આવી ચિંતા કરી તબીઅત બગાડવાની જરૂર નથી. જેવા રીતે હિંદની ઔદ્યોગિક પ્રગતિ માટે અમેરિકન મીશન આવ્યું છે, તેવી રીતે હિંદના રક્ષણ માટે આવી બલવીને હજારો માઇલથી અમેરિકન સૈન્ય પણ હિંદમાં આવી લાગ્યું છે માટે દેશના રક્ષણની ચિંતામાં દુબળા કાઝી બનીને ફરનાર લીડરોએ હવે દેશની ચિંતામાં દુબળા થવાને બદલે પોત પોતાના ઘરની જ ચિંતામાં પડવું! રૂઝવેલ્ટ હિંદમાં પોતાનો દૂત મોકલવાથી હિંદીઓની અર્ધી ચિંતા દૂર કરી દીધી છે, માટે હવે તો હિંદી રાજદ્વારિઓએ સજ્જ સરકાર ભગવાનની પ્રાર્થનાજ કરવી રહી, બીજું કશુય કરવાની હવે જરૂર નથી અને લોકોએ હવે પોતાની ભાગણવૃત્તિ અને લાંચ છોડી દઇને પોત પોતાના કામે લાગી જવું જોઈએ અને રૂઝવેલ્ટ જેવા બે ભેરૂ હિંદની પીઠ પાછળ છે ત્યાં સુધી કોઇને કશી ચિંતા રાખવાની જરૂર નથી! ગાંધીજીએ પણ હરિજનમાં બરાબર છપાવ્યું જોઇએ:

"એ ઉપકાર માની રૂઝવેલ્ટનો
દરબ કરે તું હિંદુસ્તાન."

૦

ઇતિહાસ, ઇતિહાસ, શું કર્યા કરો છો? સર શિરોઝખાન નૂને લાહોરમાંજ હિંદના ઇતિહાસનું એક પાનું અંગ્રેજમાં આલેખ્યું છે. તે વાંચ્યા પછી દરેકને ખાતરી થશે જશે કે એમનાજ હાથે હિંદનો ઇતિહાસ નવેસરથી લખાય; તો પછી બીજાને ફરીયાદ કરવાનો મોકો ન રહે! એમણે તે ઇતિહાસના એક પાનામાં લખ્યું છે કે:-


'ઇ સ ૧૭૫૭માં ફ્રેંચ સરદાર દૂપ્લેને પ્લાસીના યુદ્ધમાં કલાઇવે હરાવ્યો તેથી હિંદમાં સર્વોપરિ વહેપાર કરનારી સત્તા બની." આ ઉપરથી આપણને વાંચન મળાનો પેલો પાઠ રહેજે યાદ આવી જાય છે કે: "એક પદરી લોકોને બોધ કરતો હતો, તેને વચ્ચેથી અટકાવીને એક શ્રોતાએ પૂછ્યું કે:-" "આપણને કોણે પેદા કર્યા?" તો પેલા પાદરીએ તે પૂછનાર બુઢ્ઢાની આંગળી પકડીને ઉભેલા છોકરાને દેખાડીને કહ્યું કે: "આ બાળક પણ તેના પેદા કરનારને ઓળખે છે ને તું ઓળખતો નથી?" તો પેલા બુઢ્ઢાએ કહ્યું કે:-' એ તો સાત વરસથી આવેલો છે તે એના પેદા કરનારને ઓળખે, પણ હું તો સાઠ વરસથી આવેલો છું તો મને અસલની વાત શી રીતે યાદ રહે?" તેજ રીતે સર શિરોઝખાન નૂનને નાનપણમાં નિશાળમાં શીખેલો ઇતિહાસ આજકાલ આવડી મોટી ઉંમરે શી રીતે યાદ રહે? ભલે પ્લાસીમાં કલાઇવે સિરાજને હરાવ્યો હોય એમ નિશાળીઆ બોલ્યા કરે! સર સહેજ કંઈ જાણે? હવે જદુનાથ સરકાર અને રાજ્યારે જેવાને તો આપણે બુલીજ જવા જોઇએ. સર શિરોઝખાન આગળ બીજા ઇતિહાસકારો ઝાંખા પડે છે.

૦

સાદિક બુક ડેપો
રાંદેરના

ગુજરાતી તાજુંમાવાળા કુર્આન શરીફના પારાઓ, આઇસૂરા મંઝિલ અને બીજાં પુસ્તકો માટે પધારો.

ધી રાંદેર સ્ટોર્સ, ટાવરરોડ, સૂરત



સવાલ–એક માણસ ગુજરી ગયો છે. તેનો એક છોકરો હતો તે તેની હયાતીમાંજ ગુજરી ગયો હતો હવે તેનો એક પોતરો અને વહૂ એટલે છોકરાની ઔરત છે તથા પાંચ ભત્રીજા અને ચાર ભત્રીજીયો છે તો વારેસ કોણ કોણ છે અને વારસા વહેંચણી કેવી રીતે કરવી? તે જણાવશો.

જવાબ–મર્હૂમના કફન દફનનો ખર્ચ અને કર્ઝ હોય તો તે અને વસીયત હોય તો તે માલના ત્રીજા ભાગ સુધીમાંથી અદા કર્યા બાદ જે કંઇ બચે તે બધો માલ મર્હૂમના પોતરાને મળશે. છોકરાની ઔરત (વહૂ) અને ભત્રીજાઓ તથા ભત્રીજીયોને કંઇ મળશે નહિં. (સિરાજ)

સવાલ એક શખ્સે ગુજરતી વેળા એવી વસીયત કરી કે મારી મીલકત જે છે તે મારી એક છોકરી છે તેનેજ મળે અને મરનારનો એક ભાઇ છે તો તેને મળે કે નહિ? મિલ્કત છોકરી અને જમાઇના કબ્જામાં છે.

જવાબ–વારેસ માટે વસીયત ચાલે નહિં માટે મર્હૂમનો કફન દફનનો ખર્ચ અને કર્ઝ હોય તો તે અને ગેર વારેસ માટે વસીયત હોય તો તે ત્રીજા ભાગ માલ મુબીમાંથી અદા કર્યા બાદ જે માલ બચે તેનો અર્ધો ભાગ છોકરીને અને બાકીનો અર્ધો ભાગ ભાઇને મળશે. એટલે રૂા ૧,માંથી આઠ આના છોકરીને અને આઠ આના ભાઇને મળશે. છોકરીના કબ્જામાં માલ છે તો તેણી એ અર્ધો ભાગ પોતાના કાકાને આપવો જોઇએ કારણ કે શરીઅતની દ્રષ્ટે કાકો વારેસ છે અને તેણીના બાપે જે વસીયત કરી છે તે બાતેલ છે. પણ જો મરનારે પોતાની હયાતી દરમ્યાન પોતાની મિલ્કત છોકરીને બખશીશ કરી આપી તેણીના નામે ચઢાવી તેણીના કબ્જામાં આપી દીધી હોય અને તેણીને સ્વતંત્ર માલિક બનાવી આપી હોય તો એ સુરતમાં તે મિલ્કતની માલિક તેણી છે. મરનારના ભાઇનો હક્ક લાગુ પડશે નહિ.

સવાલ–કેટલાક સલામમાં એમ બોલે છે કે અસ્સલામો અલયકુમ અને કેટલાકો કહે છે સલામાલેકુમ અને કેટલાક લોકો સલામુન અલૈકુમ કહે છે તો ખરું કેમ કહેવું જોઇએ?

જવાબ–સલામના શબ્દો આ મુજબ કહે "અસ્સલામો અલયકુમ."



સવાલ-એક જણને સકરાત થઇ રહી હતી તેની પાસે એક મુસલમાન જઇ પહોંચ્યો જે નાપાકીની હાલતમાં હતો તો મરનારની હાલત જોઇને તે માણસ ગુસલ કર્યા વગર મરનારની પાસે કલેમો પઢાવવા લાગ્યો તો પઢાવી શકે કે કેમ?

જવાબ-જનાબતની હાલતમાં કલેમહ શરીફ પઢી શકે છે એમાં કંઇ વાંધો નથી.

સવાલ-માંકડ મારવા માટે તેના દરમાં ગ્યાસતેલ નાખવામાં આવે છે. જેની ગંધથી મરી જાય છે તો ગ્યાસતેલ નાખી શકાય?

જવાબ-ગ્યાસતેલ નાંખી માંકડ મારવા જાએઝ છે બાળવાની મનાઇ છે.

સવાલ-અનાજ જેમકે ઘઉં, બાજરો, જુવાર વગેરે ચીજો જમીનમાં ખાડાઓ ખોદીને ભરવામાં આવે છે. એથી અનાજની કંઇ બેઅદબી તો થતી નથી? અથવા જમીનના ઉપર વાસણમાં રાખે?

જવાબ-જમીનમાં ખાડા ખોદી અનાજ રાખવું જાએઝ છે એમાં બેઅદબી નથી, તેમજ વાસણોમાં અનાજ ભરીને રાખવું દુરસ્ત છે.

લેટેસ્ટ ડીઝાઈનનાં

° સુટીંગ્સ–શરટીંગ્સ

° લેડીઝ ડ્રેસ ફેબરીકસ

° ફેન્સી કાપડ

એકજ ભાવ અને ઓછા દરથી

ખરીદવાનું જાણીતુ સ્થળ

'ગીવ એન્ડ ટેક' સ્ટોર્સ

ચોક–બઝાર : સુરત.

"આંધળી છોકરી"ના

" અઉલાત શૌર સુનતે યે લાચીકી દુઅ કા "

એક અંધી લળકીકી દુઆ

અઝ : "ગુલામ રસૂલ નાઝકી" કશ્મીર.

તુને તારોંકા જિયા બખ્શી હય, સૂરજ કા જમાલ,
બારિશે અન્વારસે દુન્યાકી ખેતી હય નિહાલ,
નૂર પાશીમેં કમર હય આપહી અપની મિસાલ,
મુઝકા ઇન ચીઝોંકી કુછ ખ્વાહિશ નહિ મૈં મુલ્જલાલ.
યેહ તમન્ના હય કે અપની માકી સૂરત દેખલૂં ૧

લોગ કહતે હંય કે રંગોકી કઇ અકસામ હય,
સુર્ખ હંય, કાલે હય, પીલે ઔર નીલા ફામ હય,
ઔર ઇન રંગોસે વાબિસ્તા બહુતસે કામ હય,
મુઝકો કયા? યેહ આંખવાલોં કે લિયે ઇન્આમ હય.
યેહ તમન્ના હય કે અપની માકી સૂરત દેખલૂં ૨

સુનતી આઈ હૂં કે ખિલતે હંય ચમનમેં લાલાઝર,
રૂએ ગુલપર રંગ બરસાતી હય સાવનકી બહાર,
તાઝગી સી રૂહમેં હય ભરતા કલીંઓકા નિખાર,
ભય નહિ કહેતી કે યેહ સબ દેખલૂં પરવરદિગાર.
યેહ તમન્ના હય કે અપની માકી સૂરત દેખલૂં ૩

મેરી આંખોંમે બસારત કી હવસ અસ્લા નહીં,
બે-બસર હુ ભય મગર ઈસકી મુઝહે પરવા નહીં.
તુને સમઝા હય મંય આજિઝ હુ મગર ચાયસા નહીં,
મુઝકો હરગિઝ આરઝૂએ દીદએ બીના નહીં,
યેહ તમન્ના હય કે અપની માકી સૂરત દેખલૂં ૪

"કલીમ" માસિક ઉર્દૂ, દિલ્હી.
એપ્રીલ ૧૯૩૭ અંક પૃષ્ઠ ૩૩૯

બિરાદર 'આસીમ'ની આ ચોરી ગયા અંકમાં રજુ કરેલી ચોરી નં. ૧ કરતાં વધુ દાદને પાત્ર છે. કારણ કે દાદ અને નામ; ના એ લડખાયા કવિ (?) એ પોતાની તેને પોતાની કહી કહી મુંબઈથી દ્વારકા સુધી શહેર શહેર અને બને તો ઘેર ઘેર (અરે!) વ્યક્તિએ વ્યક્તિએ એકવાર નહિ પણ સંભળાવાય તેટલીવાર ગઈ સંભળાવી છે.

એમની "પ્રણામ"ની જેમ, એમની આ 'દુઆ' પણ હરાયો માલ છે. બીજા શબ્દોમાં કહીએ તો ન તેઓ પૂજક છે ન યાચક. તેઓ તો માત્ર ચોરજ છે. 'આંધળી છોકરી'નું અપહરણ કરતાં એ ભાઇએ વિચાર્યું હશે. કે આંધળી કયાં

ઉઠાવગીર 'આસિમ' ભૈયા!

જો નિકલા તો ઉઘાસા ઝાડુ સા નિકલા.

●

એક ઈચ્છા

રચનાર : કવિ આસિમ રાંદેરી

તેં ચમક તારાને અપી ચાંદને દીધો પ્રકાશ,
સુર્યને પણ તેજ દેવામાં ન તેં રાખી કચાશ!
કોણ છે સૃષ્ટિ મહીં તુજ નૂર વૃષ્ટિથી નિરાશ?
ઓ પ્રભો! મુજને છતાં એની નથી ઇર્ષા કે આશ.
એક ઇચ્છા છે કે મારી "મા"નું મુખડું જોઈ લઉં. ૧

લોક કે' છે કે ઘણાં રંગોથી છે દુન્યા ભરી,
લાલ, પીળો, વાદળી, લીલો, ગુલાબી, કેસરી;
આખવાળા કાજ એ ને'મત ભલે હો અવતરી,
મુજને એ જોવા પ્રભુ ઇચ્છા નથી મનમાં જરી.
એક ઇચ્છા છે કે મારી "મા"નું મુખડું જોઈ લઉં. ૨

સાંભળું છું બાગમાં ફૂલો ખિલે છે બેશુમાર,
ઘુએ છે ઝાકળના સિંદુ કળીઓ મુખ પ્રત્યેક સવાર.
કે' છે સખીઓ બાગમાં લૂટે છે આવણની બહાર,
હું નથી કહેતી એ સૌ નિખું ઓ મુજ પરવરદિગાર.
એક ઇચ્છા છે કે મારી "મા"નું મુખડું જોઈ લઉં. ૩

મારી આંખોને લગારે નૂરની પરવા નથી,
આંધળાપણનું જરાએ દિલમાં દુઃખ ભારા નથી.
જોવાવાળી આંખની ઇર્ષા નથી, ઇચ્છા નથી,
તુજને પણ જોવાની ઇચ્છા ઓ પ્રભો હા, હા, નથી,
એક ઇચ્છા છે કે મારી "મા"નું મુખડું જોઈ લઉં. ૪

જુએ છે? આંધળીને કોણ જુએ છે? પરંતુ એ ભાઇએ વિચારવું ઘટે કે જગત આંધળું નથી અને એ આંધળી છોકરી પણ કંઈ સડક પર ફેંકાયલી નથી. એનાય માબાપ છે

'કારવાં'ના વાંચકો અને આ ચર્ચામાં રસ લેતા ભાઇઓ મનન પૂર્વક આ લખાણ વાંચે અને તોલ કરે; હું એમને વિશ્વાસપૂર્વક કહું છું કે રાંદેરના આ રંગીલા કવિ (?) કવિ નથી. પરંતુ કલ્પનચોર છે અને એ બીના આવતા અંકો જોતા રહેવાથી આપો આપ સાબિત થઈ જશે.

"વલી" (કરમાડ)

અમારા ગામમાં એક મુસલમાન જમાનાનો નમુનો હમેશા નજરે ચઢતો. લાંબુ કૃષ શરીર, સુરમાવાળી આંખો, ગોળ ઝરીની પાઘડી, ઢોલણુદ, બાંડીસ, લેટ બાંધેલી તલવાર, જમૈ ા, પગમા તોડા, અંગરખુ અને એવો બહુરૂપી હાડ હતો કદી એનો અસબાબ વધી પડતો તો પોટકુ બાંધી માથે મુકી ચાલતો. મસ્જિદમાં હોય તો હાથના પગના મોજાં વગેરેનો મોટો ઢગ જામતો. ઉધરસ ખાતો; બોંગડાતો ચાલતો કદિ વહેલી સવારે, "ટોસ બટર ની"ની ફેરી કરવા નીકળતો ત્યારે સદા વેશમા જણાતો પણ કાંઇ કમાતો નહિ. મને કુતુહુલ થતુ. આખરે એક જણુકારે કહ્યું કે "એ બહુરૂપીની માન્યતા છે કે એક દિ' દિલ્હીની ગાદી પર તખ્તનશીન કરવા માટે જુના માણુસની પસંદગી થવાની છે, તો ગદી તેને મળે એ માટે મુસલાઇ વેશમાં હંમેશા ફરે છે।"

° ° °

જુમ્મા બસલામ થતાં દાણીયા વેંચાતાં. જુમ્મા મસ્જિદની એ ઉદાસતાનો લાભ લેવા બાળકો કમ્પાઉંડમાં ઉભરાઇ જતાં. નમાજ વખતે કીકાવારી કરતાં, ત્યારે બાંગી સાહબ "ખુત્બા" વખતે પણ ત્રાડ નાખતા અને છોકરાંઓ ઔર દેકારો કરતા નાની ગોરડીમાંથી દાણીયા ચબાની બે ભરેલી બદલી બદાર નીકળે તે દરમ્યાન તો ધક્કા-મુક્કી પુરી ચાલતી. અમારા શરેરના બતીસ સાંબ બંગીનો રોલ ભજવતા એમના ચાર્જમાં આ બાંટણી હતી. મદદગારો પગથીયાં ઉપર ઉભા રહેતા તેઓ બીછવાર સરકી આવનારને ફેંકારતા. ચણા વેંચનારનો એક હાથ બાલ્દી તરફ તો બીજો હાથ ઉંચો થનારને માથે "ઠપ" દઇને પડતો!.....

ઇદ નમઝનો ખુત્બો પઢાવવો, એમના વંશપરંપરાનો ભોગવટો-હક્ક હતો. સાડાદશ થાય, તડકો તપે, નમાઝીઓ અકળાય પણ નિશાન ડંકા અને ભકુતી વિકોરીયામાંથી સલામો ઝીલતા શહેર બતીસ પરોચે. બાદ તેમનો ફેલો કરવા માણુસો ફરતાં. નાના બળકો કીકાવારી કરતા અને "ફિરાઅત"ને ટેકા આપતાં. ઘણા માણુસો શહેરની મસ્જિદો આબાદ કરતા અને ઇદનું અકર્ષણ પણ તેમને ન હતુ

મિયા સાહેબે એક બીજા મૌલવી સાહેબને કહ્યું "આપ બુઝુર્ગ હય; આપ બળે હોબાઇએ" સાં તો હકીકતનાં ચમકતી આંખો અને દીર્ઘ ચહેથી હજર થઈ ગયા!

° ° °

આજ દાઢી કરતી વખતે મિંયા સા'બ મારાથી ઉખડી પડ્યા. "કયા લાચનતી મામલા હય?" દાઢી પણ લણેલા ખેતરના ભડકા જેવી બરછટ ઉગતી કે જર્મનીના અસ્તરા પણ હાથ ઘોઇ નાખતા. બ્લેડનું શું ગજું કે એ ખેતરમાં સાફ આદરી શકે?

અમારા બેસવાના ચોકમાં કાંઇ ને કાંઇ વિવિધતાઓ હતી પેટ્રોલનો પમ્પ, મીઠાઇની દુકાનો, જરી પુરાણો માલ, અને હજામોની લાઇન; દેશી અસ્તરા ને પાણીથી પલાળેલું માથું "સરડ સરડ" અવાજ કરતું કાંઇક ગામડીયાના "ઠર્રા" બની જતા. જ્યારે અમારે તો સલુનમાં જવું જોઇએ શેંપુ, બાવરા, ક્રીમ ઉછાળતો સાબુ, "ચુ ચું" કરતી કાતર અને ચાઉતર બાલ ને બાજરા!

અમારા એક દોસ્ત દાઢી દશ દહાડે કરતા કે મૂડમાં કરી, કરાવતા ત્યારે મહમ્મદનો ચંદ્ર છુટ્ટો થાય તેમ તેમનું મુખ દીપી ઉઠતું!

° ° °

શહેરની દરેક અંજુમન ટ્રસ્ટ ને કમિટીના અમો મેંબર હોઇએ એમાં શું શક ? તિરમારખાં ચુંટણીમાં ઉભવાના હતા. લત્તાવાર પ્રોપેગેન્ડા ઑફિસો ખુલી હતી. સાયકલીસ્ટ-દળ, બાઇ-સેના અને બુદ્ધાઓ હંગેશ "નાર-એ-તકબીર" લગાવતા ગામ ગજવતા હતા. ભાડુતી જોશમાં તિરમારખાંને તેર હજારનું આધણ થયું હતું.

ગામના આંધળા પાંગળા ફકીરો સુધાંને પગ્ડી પકડી અમોએ વોટ દેવરાવ્યા હતા એક જણ એવો ચાર વખત વોટ ન દે ત્યાં સુધી મરદ નહિ. !

તિરમારખાં મૂંછે વળ દેતા બેલોટ-હાઉસમા હતા ત્યાં કોઇ પરગામના માણસે પુછયું "ભલા; આ શહેરની વસ્તી કેટલી ? કેટલા મુસ્લિમ ઉમેદવારો ? અને કેટલી બેઠકો મળવાની છે ?" તિરમારખાંએ માથુ ખંજવાળ્યું !

* * *

હું એક ઉર્દૂ પ્રેસમાં બેઠો હતો ત્યા અચાનક બે ગૃહસ્થો આવ્યા એક હતા "હાજી શેરખાનીને ટોપી ટકોરો" એટલે મૌલવી. બીજા હતા કોટ પેન્ટ ને નૂર વિહોણા ચહેરાવાળા એટલે અર્ધદગ્ધ એજ્યુકેટેડ. રંગ બેરંગી કાગળોનું બંડલ હતું તેની રસીદ-બુકો છપાવવાની હતી "કમિટી ઓફ ઓરેબીક યુનિવર્સીટી" કી આટલી...મેંબર...નામ... વસુલ પાઇ રકમ... મુખ્ય નામ અંગ્રેજીમાં હતું; બીજી પેટા વિગતો ઉર્દૂમાં હતી. તિરમારખાં ને મિયા સાહેબને પણ આ સેવા-ભંડળ માટે જીજ્ઞાસા થઇ એટલે અમો પણ તે ચકડોળે ચડે એમના 'દોલત-ખાને" યાને ઓફિસ કહો કે બેઠક કહો હુજરો કહો...ગયા. શહેરની ગલી કુંચીયો વટાવતાં, વાતોથી અમોને ઉન્નત ભાવનાઓ પ્રેરતાં અમો આખરે પહોંચ્યા. મકાન માથે બોર્ડ હતું ...મૌલવી...બાપુ... તાવીજ ગંડા, જંત્રી મંત્રો, નજુમ રમલ, ઝેડ ઝપટ ઘિગેરે ઘિગેરે.

ચાય મળી. તેમની પાનદાનીમાંથી પાન ખાધાં. બે જોડી અન્યોન્યને એક બીજાની તારીફ કરવા લાગી. "યેહ સાહબ, સાહેબે માલ હય, બાપદાદાકા વારસા હય. કલકત્તા યુનીવરસીટીકે "કુરઆ" હય ! કૌમી ખિદમત ઉનકા પેશા હય " "ઔર અબ યેહ બાપુ સાહેબે કમાલ હય ચાર આનદાનોસે વાસ્તા હય. દુનિયાસે પરહેઝ હય. જંજાલ નહિ હય દેખો વોહ દરગાહકા કમીટી ઉનહોને મુકરર કી હય. પારસી હિંદુ સબ મેંબર હંય. વાહ વાહ કયા તારીફ કરું. પોશીદા વલી હંય વલી !"

મૌલવી સાહેબે કુર્આન હદીસ, હઝરત (સ. અ. વ.)ની શાનમાં ઘણું ઘણું કહ્યું છેવટે એમની કારકીર્દીથી પરિચય થયો. એક સીનેમા કંપની કાઢવી; મેંબરોજ માત્ર પાઇ લગાવે, એ ફિલ્મ સમાજમા ક્રાન્તિ લાવે એવી હોય. એ મજલસ નાણાં આવે તેમાંથી અરણી સરસ્વા કાયમ કરવી અને "આપ ભાઇ જેસે તાલીમ યાફતા સબ મીલે; કૌમકી ખિદમત કરે ઔર દુનિયામેં નામ કમાલે...!

અમારી ત્રિપુટી એક બીજાની સામું મોં ફાડી જોવા લાગી ત્યાં તિરમારખાંની નજર સામે ગોખલામાં ચોંટી. ત્યાં લીલું લુગડું ટાંગ્યું

હતું. ધૂપ દીપ લોબાન. કુર્આન વિગેરે હતું. એક હજમ આવ્યો; બાપુના કદમોમાં પડ્યો; હાથ ચુંબ્યા; લીલા લુગડાને બોસો દીધો. "દેખો એસે કાંઇ મામલાત મયને દફે કર દીયે હૈં. કોર્ટ કે ઝગડે, જજ્બાત ઔર પલીત કે સાયે...સબ કરતાં હું...દેખો સામને બુતકા મંદર હય. બુત પત્થરકા હય; પત્થર ખુદાને બનાયા તો પત્થરકા પૂજનેવાલે ખુદાકા પૂજતે હૈં...ખાલી કયા શૈર મુહમેં ચમતા હય?"

ઝબાન "ઉર્દુન કવીન"ની જડપે ચાલતી હતી. રહેજ ધીમી પડી એટલે રસ્તો માપ્યો હજી વિચારોનો આપ્યો મટયો નથી ખુદા ખૈર કરે; બંદા હ્યૈર કરે!

—o—

"અટારીમાં"

મુસીબત પર મુસીબત છે, અહિ આલમ-અટારીમાં,
ઉન્હાં બે ચાર આંસુઓ મળે છે હાડમારીમાં.

તડપ ઉઠી રહી એવી છે મારી દિલ-સિતારીમાં,
કે ઝબકી, ઝબકીને જાગી ઉઠું છું હું પથારીમાં.

નવી રંગત બધે થાશે નવાં ગુલ ઔર કે ખીલશે,
જગત પલટાઈ જાશે, આ જગતની ફેરફારીમાં.

ભલે મુજને ભૂલી જાઓ, છતાં તમને નહિ ભૂલું,
તમે જીતી ગયા, હારી ગયો હું દોસ્તારીમાં.

ફળે કે ના ફળે તોએ ન કર ગમ આરઝૂ કોઈ,
જીવન વીતી રહ્યાં એમજ છે સૌના બેકરારીમાં.

ભરોસા પર ન રહે સૈયાદ તારી હોશિયારી ના,
ગયા લુટાય કંઇ લાખો ફલકની હોશિયારીમાં.

કહેશો કોઇ ના જિવન જગતમાં મારા જિવનને,
પરાધિન બુલબુલોની સમ જીવું છું જગ-કચારીમાં.

નિરાલા ઢગ છે, "અશરાફ" દુન્યાના જરા ચુપ રહે,
ન તારી કોઇ સાંભળશે જગતની ફીકીયારીમાં.

"અશરાફ" (વહાનુ)

સિદ્ધિ.....ના.....સ ન્મા ર્ગ

રજુ કરનાર : "ગાફિલ"

(સર્વ હક્ક લેખકને સ્વાધીન છે)

૩૯૦

જે સમાજમાં આગણે જન્મ લીધો હોય, તે સમાજ અન્ય એકંદર સમાજો કરતા સર્વ દ્રષ્ટિએ પછાત હોય તો પણ આપણે તેને ત્યાજ્ય ગણવો જોઇએ નહિ કારણ કે કોઇપણ સાહિત્યકાર, પોતાનાં સમાજને અકૂત ગણી ઉત્તમ સર્જન આપી શકતો નથી.

૩૯૧

મુસ્લિમોમાં રોટી વ્યવહાર તો આમ છે, પણ કેટલાક સમાજો પ્રાચિત રૂઢિને વળગી રહેવા માટે હજુપણ ઉચ્ચ નીચનો ભેદભાવ પોષી રહ્યા છે. ઇસ્લામ સ્વીકાર પછી ઇસ્લામનાં સમાનતા સમા અતિ ઉચ્ચ અને આદર્શ ધોરણનો સ્વીકાર ન કરવો, એ પણ એક ન માફ થઇ શકે એવો ગુન્હો છે. પ્રજાઓના સંકુચિત વાડાઓ દ્વારા કટકે કટકા કરી નાખવાની આ નાશકારક બદીનો જેટલો વહેલો અંત લાવી શકાય, તેટલો વધારે લાભ છે. વિશાળ દ્રષ્ટિમાં માનનાર, અને ભેદભાવનો સદંતર અંત આણનાર ઇસ્લામના અનુયાયીઓએ નહાની નહાની શક્તિઓમાં વહેંચાઇ, પોતાની શક્તિઓ વેડફી નાખવી એ નરી નાદાની છે. મુસ્લિમો સવેળા જાગૃત થાય અને સવેળા એકત્ર થાય, એ અત્યંત જરૂરી છે.

૩૯૨

મીઠાશનાં પ્રકાર અસંખ્ય છે, પણ જ્યાં ચહેરા હોય, ને છાનું દર્દ હોય તેની મીઠાશ અનોખી છે. છાનાં દર્દની મીઠાશની તોલે આવી શકે એવી, અન્ય એકેય મીઠાશ નથી.

૩૯૩

તક મેળવવાનો સ્વભાવ લગભગ દરેક ઇન્સાનનો હોય છે. અને તકનાં પ્રકાર પણ ચિત્ર-વિચિત્ર હોયછે. ઉન્નતિ અર્થે તક મેળવવા તત્પર થયેલા દરેક ઇન્સાન પ્રત્યે આપણને માન ઉપજે છે.

કેટલાકો સહજ ન જીતી શકાય, એવી સ્ત્રીને શાંતિથી તક મેળવી જીતવાનાં પ્રયત્નો કરે છે. જીવન સહચરીને જીતવા માટે શાંતિથી તક મેળવવી ઉત્તમ છે, પણ પર સ્ત્રીને જીતવાનાં થતા મલિન પ્રયાસો શરમ જનક છે.

૩૯૪

વર્ષો એળે ગુમાવ્યાં હોય, એવા માનવીનાં જીવનની છેલ્લી થોડીક પળોમાં, હજારો વર્ષનું ગાંભીર્ય આવી રહે છે પણ એ સાવ નકામું છે, એ કરતાં જીવનની પ્રત્યેક પળનો સદુપયોગ કરવાની ટેવ કેળવવી, વિશેષ લાભદાયક છે.

૩૯૫

અભણ લોકોમાં લાગણી જાહેર કરવા માટેની શક્તિનો અભાવ હોય છે, કારણ કે તેમની પાસે ભણેલાઓનાં જેટલો શબ્દભંડાર હોતો નથી. છતાં અભણ શબ્દ વિના લાગણી દર્શાવી શકે છે. જ્યારે ભણેલાઓ પાસે ન ખૂટે એટલા શબ્દો હોય છે, પણ લાગણી વ્યકત કરવા તેઓ અશકત પૂરવાર થાય છે. કેટલીક વખત તો ભણેલાઓ બોલે છે ઘણું, પણ લાગણી વિનાનું તેમનું બોલવું હોય છે.

૩૯૬

મહામહેનતે હિમ્મત ટકાવી રાખી હોય, તેવા સંજોગોમાં આપણને જો બીજા લોકો હિમ્મત દેવા આવે, ત્યારે અચાનક રડી જવાય છે. ધીરજનો અંત આવી જતો આપણને લાગે છે.

૩૯૭

અતિ શુદ્ધ બોલવા કે લખવાના પ્રયત્નો કરનાર કેટલાક મહાપંડિતો પ્રસંગોપાત્ત અતિ અશુદ્ધ બોલવા કે લખવાની ભૂલ કરી પોતાની વિદ્વતા ઉપર પાણી ફેરવી નાખે છે, એ કરતાં તો સાદું બોલવું ને ઢળતી ભાષામાં લખવું એ વધારે ઉત્તમ છે.

૩૯૮

સત્ય એ શું છે? એ બધાય જાણે છે, પણ સ્વમાં કડવાશ રહેલી હોવાથી, કોઇ કોઇને મોઢું લગાડવાની હિમ્મત કરી શકતો નથી. જેમ તેમ ચલાવી લેવાના ડહાપણમા સહુને રસ પડે છે. પરિણામે દીન-પ્રતિદીન અસત્ય વધારે ચોપાય છે

૩૯૯

મૂર્ખતા પણ અનેક પ્રકારની છે, એમાની અમુક મૂર્ખતાઓ ભયંકર પરિણામ લાવનારી નીવડે છે. દાખલા તરીકે કોઇના ઉપર અતિ શ્રધ્ધા રાખવી, કેટલીક વખત આપણો સર્વનાશ કરી નાખે છે એજ રીતે અતિતર્ક પણ આપણી નિર્ણય શક્તિનો અંત લાવી નાખે છે. બધુજ સંભવિત અને બધુંજ અસંભવિતની મનોદશા પણ પારાવાર દુઃખ પહોંચાડનારી છે. માટે તમારે જો સુખી થવું હોય તો, આવી આવી બેચકુરીઓથી આલિપ્ત રહેજો.

૪૦૦

પૈસા અને પ્રેમને કશોજ સંબંધ નથી. પૈસો કીર્તિ અપાવે, ગુણવાન (બોટા) ગવડાવે, ખુશામતિયા મિત્રોનું મંડળ જમાવી શકે એવું એવું બધુંયે કરી શકે, પણ પૈસા વડે કોઇનું હાર્દ પિછાણી શકાય નહિ. પ્રેમ એ એક અનોખી અને પવિત્ર વસ્તુ છે, જીવનનાં મર્મમાં પ્રવેસ્યા વિના પ્રેમ નજર મળી શકે.

૪૦૧

આપણી ઉદારતાનો જન્મ વિશેષતઃ લાગણી કરતાં લોકલજ્જામાંથી વિશેષ થાય છે, મોટાઇનો મેહ પણ આપણી ઉદારતાને અભારી છે. કેવળ શુદ્ધ લાગણીમાંથી જન્મેલી ઉદારતાનેજ સાચી ઉદારતા કહી શકાય.

૪૦૨

પ્રસંગ વિના સદ્‌ગુણના ઉપાસક તો સર્વ કોઇથી થવાય, પ્રસંગ આવ્યે પાપ મુકત રહે તેજ સાચો સદ્‌ગુણી ગણાય. અને જાણ્યે કે અજાણ્યે પાપ થયા પછી હૃદય પલટો કરે અને ફરીવા એવાજ પાપ જીવનના છેલ્લા શ્વાસ સુધી ન કરે, તેજ સાચો ઇન્સાન કહી શકાય.

૪૦૩

પોતાનાં દુઃખે રડવું એ તો સાવ સરળ છે, પણ અન્યના દુઃખે અશ્રુ વહાવવાં એ આસન નથી. સાચી લાગણી વિના અન્યનાં દુઃખે દુઃખી થઇ શકાતું નથી. વિશ્વ ધર્મ ઇસ્લામ એટલા માટેજ સાચી લાગણી કેળવવાનો સદુપદેશ આપે છે. કૃત્રિમના રહિત સર્વ નેકીઓની કિંમત છે. જે નેકી શુદ્ધ લાગણી વિહોણી હોય, તે વટારમાં જાય, છે, અર્થાત તેની નેકીની કિંમત કોડીનીયે નથી.



૪૦૪

અન્યની ઉજ્જ્વળ કીર્તિમાં આપણે અત્યંત પારંગત છીએ પણ પોતાનાં કલંક ધોઈ નાખવાનું આપણને કયારેય સુઝતું નથી, એ ભયંકર મુંઝવણ છે. બીજાનાં પાપોની નોંધ લેવા કરતાં પોતે કલંકિત ન થવું, એ વધારે ઉત્તમ છે.

૪૦૫

સ્વપત્નિને છેક હૃદયમાં સ્થાન આપી શકાએ પણ આપણાં નિત્યનાં કાર્યક્રમમાં તો તેને પણ સ્થાન ન આપી શકાય. પત્નિ પાછળ ટાઇમ ટેબલની દરકાર ન રાખનાર બહુ પછાત રહી જાય છે.

૪૦૬

લાગણી ઉત્તમોત્તમ વસ્તુ છે, છતાં એક માણસ માટે, અત્યંત નકામી અને નઠારી વસ્તુ છે, કાયદાને અમલમાં મુકનાર ન્યાયાધિશ માટે લાગણી ઝેર જેવી વસ્તુ છે. ન્યાયાધિશ જો લાગણીવશ થાય, તો તેની પાસેથી જનતાએ ન્યાયની આશા સદંતર છોડી દેવી જોઇએ, માટે જો તમે ન્યાયાધિશ હોવ, તો ન્યાય ઉપર લક્ષ આપશો. લાગણીને વશ થશો નહિ.

૪૦૭

છાના પાપ કરનારને જગત જુવે કે ન જુવે, પણ જેણે પાપ કર્યું હોય છે, તેનો અંતરાત્મા તેને સતત ડંખ્યા કરે છે. આત્માનાં અવાજ વિરૂદ્ધ જનારને શાંતિ મળતી નથી. અને આત્મા કોઇને અવળે માર્ગે જવાની પ્રેરણા આપતોજ નથી. તે તો પ્રત્યેક પ્રસંગે અવળે રસ્તે જનારને રૂકજાઓનીજ હાંકલ કરે છે, એ નીર્વિવાદ સત્ય છે.

૪૦૮

ક્રાન્તિની જગતને જરૂરીયાત છે, જગતની નહાની મોટી ક્રાન્તિઓ વિશેષતઃ જરૂરીયાતો માંથીજ જન્મ પામતી હોય છે. એમ ઇતિહાસ કહે છે.

૪૦૯

જ્યારે પ્રમાણિક અસંતોષ પ્રત્યક્ષ દેખાઇ આવે, ત્યારે અનુયાયીઓને આગળ વધતા અટકાવવા, એ તેમનું અધઃપતન કર્યા બરાબર છે.

૪૧૦

શ્રમ કરવામાં કોઇ પણ પ્રકારમાં માણસને શરમ આવવી જોઇએ નહિં. પ્રમાણિક મજુરી કરીને પેટનો ખાડો પૂરનાર માણસ અન્યની અમાનત પચાવી જનાર કરતાં સર્વોત્તમ ગણાવો જોઇએ.

૪૧૧

જગતનાં સંખ્યાબંધ પાપો ગરીબી અને ભૂખમરાને આભારી હોય છે, આપણે બધાય જો જાતે મજુરી કરનારાઓ થઇ જઇએ, તો સંખ્યાબંધ પાપોનો સત્વર અને સદંતર અંત આવી રહે.

૪૧૨

પ્રત્યક્ષ વિરોધ દાખવનારાઓ કરતાં, ખાનગીમાં આપણું વિરૂદ્ધ વિષવમન કરનારાઓ વધારે ભયંકર છે. ખુલ્લી રીતે આપણું માઠે કાવતરાં રચનાર કરતાં, ખુલ્લી રીતે પડકારનાર વધારે સારા છે.

૪૧૩

યાદ રાખજો તમારી નિષ્ક્રિયતા તમારા વિનાશને નોતરે છે. અને અને આત્મ વિશ્વાસનો લોપ મૃત્યુને આમંત્રણ આપે છે.

મુજબ જગત હોય તેવી ઇચ્છા રાખે છે અને દુઃખી થાય છે. આસિમના પિતાએ એવી કલ્પના કરી કે હું કહું તેમજ મારો પુત્ર જીવે. પરિણામે તેને પુત્ર વિયોગનું દુઃખ સહન કરવાનો વખત આવ્યો સમાજમાં બદનામી થઈ અને લોકોની ચર્ચા અને નિંદાનો ભોગ બન્યા.'

કાસિમના આવવાથી વાતચીત અધૂરી મૂકી મહેરૂ રસોડામાં ચાલી ગઇ. કાસિમે સલીમાને આસિમના ગૃહત્યાગના ખબર કહ્યા. સલીમાએ પણ પોતા પરનો આસિમનો પત્ર એને દેખાડ્યો.

આસિમના પિતાએ આસિમનો પત્ર વાંચ્યો અને એકદમ ગુસ્સે થઇ આસિમની માતાને બોલાવી કહ્યું, 'નાલાયક! પૈસાનું પાણી કરી તારા છોકરાને ભણાવ્યો તે આમ માબાપની ઉપર હકુમત ચલાવવા! પોતાના મનનું ધાર્યું કરવું એતો જાણે આજની કેળવણીનું મુખ્ય ધ્યેય લાગે છે!" દ્રઢિયૂરત માબાપો એમજ માનતાં હોય છે કે દીકરાને જન્મ આપ્યો એટલે એક ગુલામ ખરીદ્યો.

"બાળક છે હજુ. તેને દુનિયાના વહેવારની કશી ગતાગમ નથી. ઠોકર ખાશે એટલે તેને પોતાના અવિચારી પગલા માટે પશ્ચાતાપ થશે." માતાનું હૃદય ઘણું વલોવાતું હતુ, પણ પતિને શાંત કરવા યંત્રવત બોલી.

તે દિવસ ઉદાસીનતામાં પસાર થયો પતિ અને પત્ની વચ્ચે પુત્ર માટે કેટલીયે વાતો થઈ.

હસનાબાદથી નીકળી આસિમ રાંધો મુંબઈ આવ્યો, અને પોતાના એક સહાધ્યાયીના ગૃહે હાજર થયો. સલીમાને ભૂલવાનો તેણે પ્રયત્ન કર્યો અને તેને તેમાં કંઇક અંશે સફળતા પણ મળી. તેણે મુંબઇમાં એક દવાખાનાનું ખોલવાનો વિચાર કર્યો, પણ નાણાં કયા હતા! આખરે એક સાર્વજનિક દવાખાનામાં ટૂંકા પગારથી જોડાઇ ગયો.

કોઇ કોઇવાર આસિમને ઘરનું સ્મરણ થઇ આવતુ માતાની મમતા, કાસિમના મિત્રતા, એ બધું સુપ્ત થયેલાં સ્વપ્નાની જેમ તેની દ્રષ્ટિ સામે ખડું થતું. આવે પ્રસંગે તેનો આખોયે દિવસ અતિશય બેચેનીમા જતો

એક દિવસ એક કંગાળ બાળકી તેની પાસે આવી અને તેને કહ્યું. "ડૉક્ટર સાહેબ! મારી માતા બીમાર છે. તેને જલદીથી દવા નહિ મળે તો હું યતીમ થઇ જઇશ મારે મારી માતા સિવાય કોઇ પણ આશરો નથી. મહેરબાની કરી મારા ઘેર આવીને મારી માતા માટે દવા આપો. હું ઘણા ડાકતરો પાસે ગઇ હતી પણ કોઇ નથી આવતું. ખુદાને ખાતર મારી માની તબીઅત તપાસવા મારી સાથે ચાલો, અમે આપના હુકમાં દુઆ ગુજારીશું."

આસિમનું હૃદય બાળકીની કાકલુદીથી દ્રવી ગયું અને તે તેની માતાની તબીઅત જોવા ગયો.

બાળકીનું ઘર, તેની બીમાર માતા એ બધું જોઇને આસિમને સલીમાનું ઘર યાદ આવી ગયું. પોતે કેવી રીતે તેના ગૃહે ગયો, સલીમાની માતાને બચાવવાની નિષ્ફળ કોશિશ. એ વૃદ્ધાનું મૃત્યુ. એક પછી એક દ્રશ્યો તેની નજર સમક્ષથી પસાર થવા લાગ્યાં. શુભ્ર મતિથી દવા લખીને તે ઘરની બહાર આવ્યો.



ટેકસીવાળાને રજા આપી પગે ચાલીને ઘર તરફ ઉપડયો

રસ્તામા તેને સલીમાના વિચારો આવ્યા કર્યા શા માટે પોતે સલીમાનો ત્યાગ કર્યો? સલીમાનો શો દોષ હતો? દોષ તો માત્ર પિતાનો હતો. તેમનો ત્યાગ કરવો જોઈતો હતો. હસતા-બાદમા રહીનજર હું સારી પ્રેકટીસ કરી શકત. નહિ-નહિ, બિલકુલ નહિ. મેં યોગ્યજ કર્યું છે. જેણે મને સોહીનું પાણી કરીને ઉચ્ચ અભ્યાસ કરાવ્યો તેનીજ છાતી પર હું તેમનાથી જુદો રહી તેમની મરછા વિરૂદ્ધ લગ્ન કરું? કેટલું નિર્લજ્જ! સલીમાને અદ્દા તેડાવી...''

આવી શૂન્ય મનસ્ક સ્થિતિમા આસિમ મુંબઇના વિશાળ માર્ગ પર ચાલ્યો જતો હતો. પાછળથી ઝપટાબધ આવતી મોટરના ડ્રાઈવરે ઉપરા ઉપરી હોર્ન વગાડવા માંડયા, પણ વિચારમાં અતિ મગ્ન એવો આસિમ એ સાંભળી શકે એમ કયાં હતુ? ડ્રાઈવરે આસિમના દેહ સમીપ ધસી ગયેલી કાર અટકાવવા સખ્ત પ્રયત્ન કર્યો, પણ એને એ પ્રયત્નમાં ઝાઝી સફળતા મળી નહિ.

o

[૫] ''કિસ્મત''

કાસિમને આજે કાર્યાલયમાં આવતાં મોડુ થઇ ગયું હતુ. એને ઘણાં સમાચારો એકત્રિત કરવાનુ કાર્ય સોંપવામાં આવ્યું હતું. મુંબઇના પ્રતિનિધિએ મોકલાવેલા સમાચાર પાંગળા એક પુરાન મુસ્લિમ ડૉકટરને નડેલા અકસ્માતના બનાવે એને ઘડીક ચંચળ કીધો.

'આસિમ તો નહિ હોય?' એનાં મનમાં કોણ જાણે કયાંથી પ્રશ્ન જાગ્યો. પણ એ વધારે વિચાર કરે એ પહેલાંજ ફોરમેનની ઘુમ સંભળાઇ, 'કાસિમભાઈ! કેટલી વાર છે?'

'બસ, તૈયારજ છે.' કહી એણે ઝપાટાબંધ ગામેગામથી આવેલા પત્રોમાંથી મહત્વના સમાચારોની તારવણી કરવા માંડી

કાસિમ બપોરે ઘરે આવ્યો ત્યારે પણ એના મગજમાં પેલા મોટર અકસ્માતના વિચારો આથડી રહ્યા હતા. કોણ જાણે કેમ એનું હૃદય પોકારતું હતુ કે એ અકસ્માતનો ભોગ બનનાર મુસ્લિમ ડોકટર આસિમજ હોવો જોઇએ. એને એકવાર તો એમ પણ થયું કે લાવ આ વાત સલીમાને કહું, પણ પછી એને થયુ કે એવી અચોકકસ વાત કરી બીચારી સલીમાના હૃદયમા શા માટે ફાસ્કો પડાવવો?

મધ્યરાત્રિ થઇ ગઇ હતી. સર્વત્ર શૂન્યતા પ્રસરી હતી કોણ જાણે કેમ આજે કાસિમને ઊંઘ આવતી નહોતી! એણે જોયું કે મહેર તો ઘસઘસાટ ઊંઘતી હતી. આખરે એ કંટાળીને અગાશીમાં આવીને બેઠો. ઘોર અંધારી રાત્રિ હતી. એને લાગ્યું કે ટમટમતા તારલાઓ અને પોતા સિવાય કોઇ જાગતું નથી. એ ઘણીવાર સુધી ગાઢ વિચારમા એમને એમ બેસી રહ્યો.

અચાનક એક ભયંકર હાસ્યધ્વનિએ એને વિચાર સાગરના તળીયેથી સભાનતાની સપાટીએ લાવી મૂકયો બહાદુર કાસિમનુ હૃદય પણ ઘડીક તો એ અજાણ્યા અવાજથી કંપી ઉઠયું. એ સમજી ન શકયો કે એ અવાજ કયાંથી આવ્યો. ફરીવાર એ હાસ્યધ્વનિ સંભળાયો અને કાસિમને ખાતરી થઇ કે એ

"ગાંડા, એમાં રોવા શું બેઠો ! વિધાતાના લેખ કયારેય મિથ્યા થયા છે ?" આસિમે એને દિલાસાની ગંભીરતાથી કહ્યું:

ઘણીવારે કાસિમ શાંત થયો.

"સલીમા કયાં ગઇ ?" આસિમે કાસિમ સાથે સલીમાને ન જોતાં પ્રશ્ન કર્યો.

"તારી ભાભીની તબીઅત ખરાબ છે, એટલે સલીમાને ઘેરેજ રાખી છે." સલીમાની દીવાનગીની વાત આસિમને કહેવું ન કરવાનો નિર્ણય કાસિમે મુંબઇમા પગ મૂકતાં પહેલાંજ કરી નાખ્યો હતો.

"ઘેરે ખબર મોકલાવ્યા ?" કાસિમે વાત બદલવા પ્રશ્ન કર્યો

"બરાર શી છે ?" આસિમે લાપરવાહીથી જવાબ આપ્યો.

"આસિમ ! અમ્માના દિલનો તો વિચાર કર" કાસિમ જાણતો હતો કે આસિમને એની માના પર ખૂબ પ્યાર હતો.

આસિમ! અમ્માનું નામ સાંભળી ખરેખર વિચારમાં પડી ગયો હોય એમ લાગ્યું.

"કાસિમ, આવા સમાચાર સાંભળી એના હૃદયને કેવો આઘાત લાગશે, એની તને કયા ખબર નથી ?"

"પણ ઘેરે ખબર તો મોકલાવવાજ પડે આજ નહિ તો કાલે, પણ એમને આ વાતની ખબર તો પડવાનીજ છે તો પછી શા માટે આજેજ એમને આ સમાચાર ન આપવા ?" કાસિમે સુંદર દલીલ કરી

"હું તો હમણાંજ જઇને તારથી ખબર આપી આવું છું." કાસિમે આસિમને ચૂપ રહેલો જોઇ પોતાનો નિર્ણય જાહેર કર્યો.

"તને યોગ્ય લાગે તેમ કરજે." આસિમે નમતું આપી દીધું.

• • •

સવારનો ખુશ્નુમા પવન ઇસ્પીતાલના બગીચામાં ઘુમી વળી પ્રત્યેક દર્દીને એની તબીઅતના સમાચાર પૂછી રહ્યો હતો.

કાસિમ, આસિમ સાથે કયારનોય વાતે વળગ્યો હતો.

"તું કેટલા દિવસની રજા લાવ્યો છે ?" આસિમે પૂછ્યું.

"એક અઠવાડિયાની." કાસિમે જવાબ આપ્યો

"હું ધારું છું કે તારે વધારે રજા મંગાવવી પડશે."

"અહીંથી રજા મળ્યા પછી તો મીયો હસનાબાદજ આવીશને ?" કાસિમે પ્રશ્ન કર્યો.

આસિમે એનો જવાબ ન આપ્યો.

"ગઇ રાત્રે આપણો તાર તારા ઘરે..." કાસિમ વાકય પૂરું કર્યા વિનાજ બોરડાના પ્રવેશદ્વાર તરફ દોડયો.

કાસિમના આ વર્તનથી આશ્ચર્યમાં ઔર વધારો થયો. એને થોડીવાર તો ખબર ન પડી કે પોતે સ્વપ્નમાં છે કે જાગૃત અવસ્થામાં ! એની એ મૂઝવણનો ઉકેલ આવે એ પહેલાં તો એના માબાપ એની પાસે આવી પહોંચ્યા. માતા પોતાના પ્યારા બેટાને માથે હાથ ફેરવતી, એના તૂટેલા પગ તરફ જોતી રડવા લાગી. પૂર્વ પિતા પણ યુવાન પુત્રની મારી ધ્રુજી રડવા લાગ્યો. આસિમને પણ આખમાંથી અશ્રુ પ્રવાહ વહાવ્યા વિના બીજો શો જવાબ આપવો એ સૂઝયું નહિ



આ ત્રિપુટીની જ્યારે આ સ્થિતિ હતી, ત્યારે કાસિમના હૃદયમાં આનંદ ઉભરાતો હતો. વિખુટાં હૃદયોનું આજે રનેહમીનું મિલન થતું હતું માટે.

° ° °

શ્વાસભેર દોડી આવતી ગાડી અમદાવાદના સ્ટેશને ઉભી રહી. એક ડબામાંથી એક યુવાન, એક વૃધ્ધ અને એક વૃધ્ધા એ ત્રણ ઉતારુઓ પ્લેટફોર્મ ઉપર ઉતર્યા

યુવાન ઉતારૂએ ગાડીમાંથી લાકડાની ઘેડી બગલમાં ભરાવી નીચે ઉતરવામાં મદદ કરી.

આસિમની તબીઅત સારી થતાં કાસિમે સલીમાના પાગલપણાની વાત કરી એટલે હસનાબાદ જતાં રસ્તામાં સલીમાને લેવા અમદાવાદ ઉતરવું એમ બધાયે નિર્ણય કર્યો.

ભાડુતી મોટરમાં બધાય પાગલખાનામાં આવ્યા.

પાગલખાનાનો એક ડૉકટર તો આસિમનો સહાધ્યાયી નીકળ્યો. એણે આસિમને નડેલા અકસ્માત બદલ ખૂબ ખેદ પ્રદર્શિત કર્યો અને બધાને સલીમા પાસે લઇ ગયો.

"સલીમા! આસિમ આવ્યો" ડૉકટરે કહ્યું.

જવાબમાં દીવાની સલીમાએ એનું ભયંકર હાસ્ય કર્યું.

"ડૉકટર! એને કેટલા સમયમાં • આરામ થશે?" સલીમાની આ સ્થિતિ જોઈ વ્યથિત બનેલા આસિમે પૂછયું.

"હું મારૂં છું કે એકાદ વરસથી વધારે વખત નહિ લાગે અને જો એ તમારી પાસેજ રહે તો કદાચ વહેલી પણ ડાહી થઇ જાય, કારણ કે એ આખોય દિવસ તમારાજ નામની ખૂબ બબડયા કરે છે. મારી તો તમને સલાહ છે કે જો કાંઈ વાંધો ન હોય તો એને તમારી સાથેજ રાખો.

° ° °

શીતળ ચાંદનીમાં ધરતી સ્નાન કરી રહી હતી. દૂર દૂર હસનાબાદની નદીનાં નિર્મળાં નીર ચંદ્રિકાને રીઝવવા મધુરાં ગીત ગાતાં હતાં.

એવા સમયે આસિમ પોતાના મકાનની અગાશીમાં આવી બેઠો હતો. અમદાવાદથી આવ્યાને આજે બે મહિના થઇ ગયા હતા. ડૉકટરની સલાહ માન્ય રાખી સલીમાને પણ હસનાબાદમાં લાવવામાં આવી હતી. ચાંદનીમાં ખીલી ઊઠેલું કુદરતનું અલૌકિક સૌંદર્ય કોણ જાણે કેમ અત્યારે આસિમના હૃદયને જરા પણ આકર્ષવા સમર્થ નહોતું નીવડતું. એના ચહેરા પર વિષાદની છાયા હતી, એના મગજમા જબરી ગડમથલ ચાલી રહી હતી

"સલીમાની સ્થિતિમાં ધીમે ધીમે સુધારો થતો જાય છે મને નડેલા અકસ્માત વિશે જાણ્યા પહેલાંજ એ દીવાની થઇ ગઇ હતી. એ તંદુરસ્ત ડાહી થઇ જાય ત્યારે મને-લાકડાની ઘોડી વગર ચાલી શકવાને અશક્તિમાન એવા એક લંગડાને પોતાના પતિ તરીકે સ્વીકારશે ખરી!" આસિમના મનમાં એક નવી શંકાનો જન્મ થયો અને એ વાદળામા છુપાવા પ્રયત્ન કરતા ચંદ્ર તરફ એકટી નજરે જોઈ રહ્યો.

પણ એ શંકા એને હતાશ બનાવે એ પહેલાંજ અગાશી નીચેની ઓરડીમાં પુરાયેલી દીવાની સલીમાનો અવાજ આવ્યો, "આસિમ મારો છે, આસિમ મારો છે!"

એ સાંભળી આસિમના વદન પર ચંદની શી રોનકની ઝળહળ રહી.

[મુસ્લિમ સાહિત્ય મંડળ (ભાવનગર)ના હસ્ત-લિખિત "સારવાં"માંથી]

ચીનમાં ઇસ્લામ

મૂળ લેખક : મોહંમદ ઇબ્રાહીમ શાહકયુઓચેં ઉર્ફે શાહયુચેં

અનુવાદક : "અબ્દશી" બી. એ [શંદે ૨]

(ગતાંકથી ચલુ)

તેઓએ જનતાની સાથે બેદરકારીની પોલીસી જાળવી હતી, કારણકે તેઓને ગુલામ ધારી અભણ રાખ્યા હતા અને ધારતા પણ એમજ કે જનતા અમને નમી અમારી ફકત ચાકરીજ કરે, પાર્લામેન્ટ જેવું કશું ન હતુ ટુકાણમાં ચીંગ સરકાર કાયદાને કોરે મુકી પોતાની મરજી મુજબજ કામ કરતી.

હવે હું મારા યૂનાનમાં બનેલા ઇસ્લામના એક કરૂણ કિસ્સો કહીશ. બરી બીના એ હતી કે કેટલા યૂનાની મુસલમાનોએ શોધ-ખોળ કરી શીહ-યાન-ચાંગની ખાણોમાંથી રૂપું અને લોહું ખોદી કાઢયું, તરતજ થોડા માલ-દાર બિનમુસ્લિમ પણ ખાણના કામમા જોડાયા. આ ખાણોમાં કામ કરનારા લગભગ બે હજાર હતા આખરે મુસ્લિમ અને બિનમુસ્લિમ મજુરો વચ્ચે ટ્રાઇ બનાવ પર છેડતી થઈ અને જંગ બેસાયો. મુસલમાનો જો કે લઘુમતિમાં હતા છતા સરસા રહ્યા અને શરૂઆતમાં એમજ ભાસ થયો કે મુસલમાનો જીતી જશે પણ છેવટમાં એક મોટા ટોળાંએ તેમના પર હુમલો કર્યો અને તેમને પાસેના જ ગઢોમા તાસવાની ફરજ પડી આ લડાઇમાં ઘણા બરા માર્યા ગયા અને જેટલા કેદ થયા તેમને શહીદ કર-વામાં આવ્યા.

જો કે આ કરૂણ અને દુઃખદાયક બિનાથી બન્ને પક્ષોને કામ લાગવું હજી શકય હતું છતાં ચીંગ સરકારે તેની આકમણીય પહતી છોડી નહિ વળી હુઆંગ-ચુંગે (જે તે વખતનો ત્યાંનો ગવર્નર હતો) બિન મુસ્લિમોને વધારે ઉશ્કેરી, આમ મુસલમાનોની કતલ માટે તક સાધી. ૧૬ મી મે ૧૮૫૬ નો દિવસ નક્કી કરી બધા વડાઓ ઉપર છુપા હુકમ મોકલી આપ્યા. નક્કી કરેલા દિવસે સરકારે બિન મુસ્લિમ જનતા સાથે મુસલમાનોની આમ કતલ શરૂ કરી. યૂનાનની રાજધાની યૂન નપુમાંજ સાતસો મુસ્લિમ કુટુંબને તેજ દિવસે નેસ્તો નાબૂદ કરી ફકત થોડાક બચી નાઠા. (મા-મીંગ-ચીઆ એ થોડાક નાસી જનારાઓમાંથી છે જેની હાલ ૬૫ વર્ષની વય છે. એ યૂનાનમાં ઇસ્લામીક એસોસીએશનનો આગેવા પ્રમુખ હતો) ઘણા મુસલમાનોને જીવતાઓમાં કતલ કરવામા આવ્યા. બરે આ કતલ ઘણીજ ધાતકી હતી.

ટુંક મુદત પછી મામલો પલટાયો જુદા જુદા જીલ્લાઓમાં મુસલમાનો મરણીયા થઇ સામનો કરવા ખડા થયા. બિન-મુસ્લિમો જોકે સંખ્યામાં ઘણુજ વધારે હતા આ વાત સંજોગવસાજ બંધી ગયા કે તેમના દુશ્મનો જુરસા-મા આવી શું કરી નાખશે. આખા પ્રાંત પર લડાઇ ઝંઝુમી રહી. એક ઇતિહાસકર્તા કે જે વખતે તે ત્યાં હાજર હતો, લખે છે કે દશ લાખથીએ વધુ મણુસો માર્યા ગયા અને ધંધો રોજગાર સદંતર નાબૂદ થયો અને આખા પ્રાંતમાં જ્યાં જુઓ ત્યાં લડાઇની ગરમા ગરમી હતી.

મા-યુ લુંગ જેને મા-શીન પણ કહેતા હતા તેણે લશ્કરી તાલીમ લીધી હતી અને

બહુજ ચંચળ હતો તે યૂનાન પ્રાંતના દક્ષિણ અને પૂર્વ વિભાગનો મુસ્લિમ વડો બન્યો કારણ કે તેને બીજા નાના અમલદારોને આંહિં તહિં મદદ કરવા જવું પડતુ તેણે કયાંગ પોતાનું મથક બનાવ્યું. કયાંગ-થી રાજધાનીની દક્ષિણે અને લીન-આન-પુની ઉત્તરે ત્રીસ માઇલ પર આવેલું છે. એ લશ્કરી દ્રષ્ટિએ ઘણુંજ અગત્યનું મથક છે. પશ્ચિમમાં સુલેમાન તૂ—ચેન—સીપુ કે જે ભણેલો બાહોશ અને મોભાદાર મુસ્લિમ હતો તેણે તાલીપુ સર કર્યું ત્યાં તેને ઘણા સથીઓ મળ્યા, જેઓ સરમુખત્યાર સરકાર સામે બંડ જગાડવા ઓકે પગે તૈયાર હતા. સુલેમાને પણ મા-યુ-લુંગની પેઠે ઘણા મુસ્લિમ અમલદારોને જીલ્લાઓમાંથી છોડાવ્યા. આ તક મુસ્લિમ એકતાની દાદ આપ્યા વિના રહેવાતું નથી જેણે એક પળવારમાં એકઠા થઈ ભારે સંગઠન તૈયાર કરી.

પશ્ચિમમાં સુલેમાને પ્રાંતનો મોટો ભાગ કાપદેસર કાપદાની આંટમા આવ્યો અને તાલીપુને અગત્યની રાજધાની બનાવી. વેપાર ફરી ચાલુ કર્યો અને ફરી પાછા તાલીપુ અને બર્મા વચ્ચે વણજારો શરૂ થઇ. સુલમાને આ તક યુઆન-શુઆન (જનરલ)નું માન ગૃહણ કીધું.

લડાઇ ઘણા વર્ષો ચાલી પણ કોઇ બાજુએ નિર્ણય આવ્યો નહિ. છેવટે મા-યુ-લુંગની લશ્કરી મદતા વધી, અને તેણે યુનાનપુની દક્ષિણે પચ્ચીસ માઇલ પર કેચેન-યાંગ પર સીધો હલ્લો કીધો. યુનાનપુ જરૂર જીતાઇ જતે પણ સરમુખત્યાર સરકારે પોતાની નીતિ એકદમ બદલી નાખી અને મા-યુ-લુંગની સાથે સુલેહની મંત્રણા ચલાવી. સરકારે મા-યુ-લુંગને બેઠવી લીધો અને તેને બીગેડીઅર જનરલની પદ્વી આપી.

આમ મા-યુ-લુંગને એહસાનના દબાણમાં સુલેમાન સામે લડવાની ફરજ પાડી. સુલેમાને તેને સખ્તજ હાર આપી અને પછી સુલેમાને પોતે યુનાનપુ પર હલ્લો કર્યો. આમાં તેનું લશ્કર કપાયું નહિ અને યુનાનપુને અમુક મુદત ઘેરી તેણે લશ્કર તાલીપુ પાછુ બોલાવી લીધું.

હજી તો સુલેમાન તૂ-ચેન-સીપુનુ લશ્કર દૂર ગયુ ન હતું કે સરકારે બીજા પ્રાંતોમાંથી શાહી લશ્કર બોલાવી તાલીપુ જીતવા મોકલ્યું લડાઇઓની પરંપરા છતા સરકારી લશ્કર તેને સર કરી શક્યું નહિ પણ એટલું નક્કી થયું કે હરલામની આંટ ઓછી થતી ગઇ, અને તેનુ મુખ્ય કારણ મા-યુ-લુંગનુ તાબે થઇ જવું હતું.

ઇ. સ ૧૮૭૨માં સુલેમાનને જણાયું કે તેના વિરૂદ્ધ ચળવળ ઉઠી રહી છે તો તેણે તેના પુત્ર હસનને બર્માના રસ્તે દમ્બીની રાજધાની કોનરટેન્ટીનોપલ મદદ માટે મોકલ્યો. જ્યારે હસન દમ્બીની મદદ લઇ બર્મા અને યૂનાનની સરહદ પર પહોંચ્યો કે તરતજ તેના કાન પર તેના પિતાની હારના સમાચાર સંભળાયા તેને માટે લડવું હવે ફોકટ હતું અને બર્મામાં આસરો લીધા વિના છુટકો ન હતો.

એજ વર્ષમાં સુલેમાન પોતાનું આખું લશ્કર તાલીપુની આસપાસ રાખી સામનો કરવા રાહ જોતો હતો. તેના બાહોશ સિપેહસાલાર યાંગ-યુ-કોને તેણે શીઆ-કવાનના બચાવ અર્થે મોકલ્યો હતો. પણ તેને છુપી રીતે મા-

યુ લુંગની પેઠે સરકારે છટી લીધો હતો એટલુંજ નહિ પણ યાંગ-ચુ-ઝોએ સુલેમાનને હથીયાર તજી દેવા પણ અંમક કર્યો. આમ સુલેમાનને હાર ખચીત દેખાઈ ગઇ તાએ થઇ જઇ પોતાનો અસંખ્ય માણસોને બરબાદ કરવા કરતાં તેણે પોતાની ત્રણ સ્ત્રીઓ અને પાંચ પુત્રીઓને ઝેર આપી મારી નાખી અને પછી પોતે પણ ઝેર ખાઇ આઝાદ થયો. તેના છેલ્લા શબ્દો આ હતા. "મારે કાંઇ કહેવાનુ નથી, મારા માણસોને બચાવજો"

આ પછી તેનુ મસ્તક ઉરાડી દેશમાં આવ્યું અને તેને ત્રણ દિવસ સુધી ખુલ્લુ રાખવામાં આવ્યું. સરકારી લશ્કર મુસલમાનોની કતલ માટે કામે લગાડવામાં આવ્યાં, અને બાળકો તેમજ સ્ત્રીઓને પણ નિર્દય રીતે જાણે રમત રમતા હોય એમ હાર કીધા. ત્રણ દિવસમાં અઠી લાખ મુસલમાનો શહીદ થયા અને યાંગ-ચુ-ઝો કે જેણે છુપી રીતે સરકાર સાથે સંધી કરી હતી તેને પણ હાર કરવામાં આવ્યો તે પાપીને એવોજ બદલો મળવો જોઇતો હતો

સત્તાના મદમાં ગવર્નરે ચોવીસ છાબલામાં દસ હજાર કાનો ભરી અને સત્તર અફસરોના માથા મૂકી ચીનની રાજધાનીમાં જીતની ખુશાલીમાં મોકલ્યાં. સુલેમાનનાં શિરને મધમાં રાખી એજ કારણે પેકીંગ મોકલવામાં આવ્યું. તેમજ અસંખ્ય મુસ્લિમ બાળાઓ અને બચ્ચાઓને બજાર ભરી ગુલામ તરીકે વેચી નાખ્યા.

આ લડાઇ ઇ. ૧૮૫૫માં શરૂ થઇ અને સુલેમાને અદાર વર્ષ સુધી તાશ્કીદને જીતી રાખ્યું. ઘણીજ દિલગીરી સાથે લખવું પડે છે મારા દાદા-દાદી આ લડાઇમાં માર્યા ગયા પણ સુભાગ્યે મારા માતા-પિતા એ દુઃખદાયક બનાવમાંથી છટકી ગયાં ખરેખર આ છેલ્લા દિવસો તો ભયાનક, ધ્રુજાવનારા અને નર્ક સમાન હતા. એ પછી સુલેહ થઇ છતાં નાકેલાઓ પર ઘણોજ જુલમ થતો. હે મુસલમાન ભાઇઓ તે દયાળુથી દુઆ કરશો કે આપણા એ મુસ્લિમ શહીદોને બીજી દુનીયામાં અમન મળે.

સદભાગ્યે એ સરમુખત્યારી સરકારને દેશભક્તોએ ઉખેડી નાખી અને ૧૯૧૧માં ચીન રીપબ્લીક બન્યું મુસલમાનો ગુલામીથી છુટી આઝાદ થયા. અને દેશની લગામમાં સારો હિસ્સો લીધો. આનું મુખ્ય કારણ ડોકટર સાન-યાટ-સેનનો મશહુર મુદ્દો હતો.

દુનીયાની ચાલ જોઇ ડોકટર સાન કે જેણે ચીનને રીપબ્લીક બનાવવામાં મુખ્ય ભાગ ભજવ્યો હતો તેણે લોકો માટે ત્રણ મુદ્દાઓ પેદા કીધા (૧) નેશનાલીઝમ (૨) ડેમોક્રેસી (૩) રેલ્વે

પહેલા મુદ્દાથી તેણે ચીનના દરેક જુદા જુદા રાજ્યોને એકઠા કર્યા અને તેથી ચીનીઓનું એક આખું સગપન પેદા થયું. એની સાથેજ ચીનાઓને બીજાઓની સાથે ભળવાની બીનકુદરતી છુટ આપી કે જેઓ એક બીજાને સમાન ગણતા. ચીનમાં પાંચ જનો છે. (૧) હંસ (૨) મચુરી (૩) મંગોલી (૪) મુસ્લિમો (ચીન અને ચીની તુર્કસ્તાનમાં) અને (૫) તીબેટી લોકો. એ બધાને સરખો હક અને સરખી આઝાદી છે.

બીજો મુદ્દો જેમ જણાવે છે કે ડેમોક્રસી એ એક એવો મુદ્દો છે જેથી રાજની લગામ લોકના હાથમાં રહે. છતાં એ રાજનું સર્વેસરી પણાના બે ભાગ છે. એક તો સરકારી હક

અને બીજો ડેમોક્રેટીક હક. ડેમેક્રેટીક હક હજી ચાર ભાગમાં વહેંચાયલો છે. એનો કોઠો નીચે પ્રમાણે છે.

Political Power of the People.
Suffrage, Recall, Initiate, Referen'um.
Administrative Power of the People.
Legislative Judiciary, Executive, Examination, Censorship.

આમ ઉપલા ચાર કાર્યો જનતાના હાથમાં રોપ છે અને બીજા પાંચ તે વખતની સરકાર બજાવે છે. આથી જનતા અને સરકારમાં સમતોલપણું પણ જળવાય છે.

આ નવ કાર્યો કાંઈ નવા નથી. ઉપલા ચારમાંથી ત્રણ સ્વીટઝરલેંડમાં વરતીમાં છે. અને લગભગ અમેરીકાના ૬ રાજ્યોએ ઉપલા ચાર કાર્યોને બહુજ સફળતાથી પાર પાડ્યા છે. તેથી ચીન માટે પણ તે સહેલા થઇ પડશે એવી અમને ખાત્રી છે.

સરકારી ખાતાના જે પાંચ કાર્યો છે તેમાંથી ત્રણ તો યુનાઇટેડ સ્ટેટસ ઓફ અમેરીકાએ પણ પોતાના બંધારણોમાં દાખલ કર્યા છે. પણ ઉપલા બે કાર્યો ચીનમાં સદીઓથી પોતાના આપ્યા છે તેથી ચીને સરકારના હાથમાં આ પાંચ કામ સોંપ્યા છે.

આગલી પેઢીઓની સેન્સરશીપ રાજ્યના ઉપર બહુજ અસરકારક નીવડી છે એ પ્રયાસે હાલના પ્રતિનિધના રાજ્યોની Impeachment ની નીતી સામે સરખાવી શકાય. ફરક ફક્ત એટલોજ છે કે એ પાવરને તેઓ આજાદ લેખતા નથી.

પરીક્ષાની પ્રથા જે દેશના ઉત્તમ જોગવાઓને શોધી કાઢવાની છે તે ઘણી જુની અને અસરકારક છે. એ પ્રથાને ઇંગ્લાંડે થોડે ઘણે અંશે કબૂલી છે. તેના પણ સરકારી નોકરોની પરીક્ષા લેવાય છે. આ ઉપર દર્શાવેલા બન્ને પાવરોને કોડકર સાહેબે આજાદ કીધા છે જેથી સરકારને સદ્ધરતા પડે.

રોગનો મસલો એવો છે કે ચાલુ સરકારને પોતાની જનતાના બાધ ખોરાકા તેમજ કપડાં અને રહેઠાણની સગવડ કરે. ચીનની સરકાર આની જિમ્મેદાર છે, અને એ કામ સરળ કરવા માટે સરકારને ખેતી, હુન્નર, ઉદ્યોગ અને ખોદકામની જરૂર છે.

ટુંકમાં ત્રણ મુદ્દાઓનો હેતુ એજ છે કે લોકોની સરકાર લોકની બને અને લોકો માટે બને એટલે કે આખો પ્રદેશ જનતાનેજ હવાલે રહે અને તેમાં જેટલી ફરજદારો હોય તે જનતાજ ભોગવે. વળી દરેક સત્તાધારી બીજો પણ જનતાનાજ હાથમાં હોય એટલેજ પ્રજા સર્વપક્ષી બની શકે અને આમ કનફુસીયસનો ધ્યેય પુરો પડશે

જ્યારથી ઈ. સાતના આ ત્રણ મુદ્દાઓ લોકરાજ્ય રચવાયા પછી અમલમાં મુકાયા ત્યારથી મુસલમાનોની હાલત પહેલા જેવી ઉંચી બની ગઇ.

હાલના ચીનના બંધારણીય કાયદા અનુસાર મુસલમાનોને મત આપવા કે લેવાનો તેટલોજ હક છે કે જેટલો બિન-મુસ્લિમ ચીનીને છે. મુસલમાનો સરકારમાં ગમે એટલા ઊંચા ઓદ્દા સ્વીકારી શકે છે. પણ શરત એ છે કે તેઓ કાબિલ હોવા જોઇએ દાખલા તરીકે મા-ઝોન-એનીયાસ હાલ મા-પી-આન યુનાનનો

ઇસ્લામી એસોસીએશનના પ્રમુખ વી-ચાઉ પ્રતના કમાન્ડર-ઇન-ચીફ હતા અને કામ-યલાઉ ગવર્નર પણ થયા હતા નામદાર લો-શાઓ-પુ જેઓ ઉપલા એસોસીએશનના ઉપપ્રમુખ છે તેઓ જનરલ હતા. નામદાર લુ-ચી-ચીંગ ક્વીગેડીઅર જનરલ હતા ઇસ્લા-મીક રકૂ ના પ્રીન્સીપાલ યાંગ-વેન-પુ કેળવણી ખાતાના ડાયરેકટર છે. ઉત્તર ચીનમા નામદાર મા-ચુંગ-યીન જનરલ છે અને નામદાર મા-હુંગ-કુંગ નીંગ-શીઆ પ્રાંતના ચેરમેન છે. વળી નાનકીંગની મધ્ય સરકારમાએ ઘણા મુસ્લિમ ઓફીસરો છે. તેમજ ઘણા કાબિલ મુસ્લિમ ચીનીઓ સરકારી કેળવણી ખાતામાં રોકાયલા છે ચીંગ સરકારની ગફલતાઇ અને કૂરતા પર વિચાર કરી અમો પાંચ કરોડ મુસ્લિમો આજની લોક સરકાર તેમજ ડોકટર સાનના ત્રણ મુદ્દાઓની દાદ આપ્યા વિના રહી શકતા નથી.

જ્યે કે ચીનમાં મુસ્લિમો અને બિન-મુસ્લિ-મોનો મતાધીકાર સરખો છે છતાં મુસ્લિમો અભ્યાસના અભાવે બિન-મુસ્લિમની બરાબરી કરી શકતા નથી. અને ધાન ગૃહોમાથી ઘણા પોતાના હકો પાછા આપી દે છે.

કેળવણી માટે ચીનમા હજારો મસ્જિદો છે કે જેઓના મદ્રસાઓમાં અરબી ભણતર અપાય છે. પહેલા તેમને કુર્આન પઢતા શીખવે છે પછી અરબી વ્યાકરણ શરૂ કરે છે અને પછી કુર્આનની સમજુતી અને હદીસ પણ શીખવાય છે. અહિના ગ્રેન્યુએટો બીજી મસ્જિ-દોમાં ઇમામ કે મુદરિસ બને છે વિદ્યાર્થી-ઓને ધનવાન વર્ગ જોઇતી તમામ જરૂરતો પૂરી પાડે છે. આ નિશાળો જુના જમાનાની છે.

ઇસ્લામી કેળવણીના સુધારામાં ઘણા ઉત્સાહી મુસ્લમાનો દીની તેમજ દુન્યવી ભણતર માટે કામ કરી રહ્યા છે. તેઓએ જુદા જુદા વિષયોની નિશાળો ખોલી છે આ રજીસ્ટર્ડ થએલી શાળાઓમાથી પસાર થઇ મુસ્લિમ વિદ્યાર્થીઓ સરકારી નિશાળોમા પોતાનો અભ્યાસ આગળ ધપાવે છે. દાખલા તરીકે યુનાનપુની મુસ્લિમ મીંગ તેહ માધ્યમીક શાળાના ઘણા વિદ્યાર્થીઓ સરકારી કોલેજમાં હાલ અભ્યાસ કરી રહ્યા છે

ઇસ્લામો હાલતને સુધારવા માટે ઉપલી નિશાળ અને યુનાનની ઇસ્લામીક એસોસીએ-શન પુરતો ભાગ ભજવી રહ્યા છે. આ પોલીજ નિશાળ અને એસોસીએશન છે જેણે અલ-અઝહર યુનિવરસીટી સાથે વ્યવહાર શરૂ કર્યો અને કેટલાકને ત્યાં અભ્યાસ અર્થે મોકલ્યા. અને હું પહેલો માણસ છું જેણે કેળવણીના સુધારા અર્થે એક મોટન દરખાસ્ત દોર્યું. હું નામદાર શહેનશાહ તેમજ યુનિવર-સીટીના વડાનો આભારી છું કે જેમણે અમારા વિદ્યાર્થીઓને મફત ભણતર તેમજ બોર્ડીંગની સગવડ કરી આપી.

આજની હાલત જોતાં માલુમ પડે છે કે ચીનમાં મુસલમાનો માટે ઘણી આશાઓ રાખી શકાય એના મુખ્ય બે કારણો છે. પહેલું એ કે સરકાર દરેક કોમને કેળવણીમાં આગળ વધારવા કાયદાથી બંધાએલી છે અને બીજું એ કે ઉચ્ચ વિદ્યાના મુસલમાનો એક નહિ તો બીજે રસ્તે પોતાથી બનતું કરી રહ્યા છે. આ એક કુદરતી મદદ છે જેને અલ્લાહ પુરી પાડશે.

છેવટે મારા વાંચકોની દરેક ઉત્કંઠાઓ પુરી પાડવા હું એક બીજો નિબંધ લખીશ કે જેમાં ચીની મુસલમાનોની રહેણીકરણી, લગ્ન, મૌત તેમજ સ્ત્રીઓની જીંદગી ઉપર પુરતો પ્રકાશ પાડવામાં આવશે.

મોહમ્મદ ઈબ્રાહીમ શાહ-કયુઓ ચેં

ઉર્દૂ

શાહ યુ ચેં

સને ૧૯૩૦ : ચાઈનીસ રીપબ્લીકની વીસમી સંવત્સરી અંગે વસ્તીના આંકડાઓ સરકાર તરફથી પ્રાંતવાર જાહેર કરવામાં આવ્યા હતા.

પ્રાન્ત				કુલ વસ્તી			મુસ્લિમો
કિઆંગસુ	...	...	...	૩૪૧૨૬૦૦૦	...	...	૨૦૦૦૦૦૦
ચેકીઆન્ગ		...	...	૨૦૬૪૩૦૦૦	...	...	૧૦૦૦ ૦૦
કીઆંગસી	...	...	...	૨૦૩૨૩૦૦૦	...	...	૮૦૦૦૦૦
આંકવેઇ	...	...	...	૨૧૭૧૫૦૦૦	...	...	૧૦૦૦૦૦૦
હુબેઇ	...	...	...	૨૬૬૬૦૦૦	...	...	૫૦૦૦૦૦
હુનાન	...	...	...	૩૧૫૦૧૦૦૦	...	...	૧૦૦૦૦૦
સ્ચેઝ્વાન		...	...	૪૭૬૬૨૦૦૦	..	...	૪૫૦૦૦૦૦
હોપેઇ	...	...	...	૩૧૨૩૩૦૦૦	...	...	૪૦૦૦૦૦૦
હોનાન	...	...	...	૩૦૫૬૬૦૦૦	...	...	૩૦૦૦૦૦૦
શાન્ટુન્ગ	...	...	...	૨૮૫૩૭૦૦૦	...	...	૨૦૦૦૦૦૦
શાન્સી	...	...	...	૧૨૨૩૦૦૦૦	...	...	૧૫૦૦૦૦૦
શેન્સી	...	...	...	૧૧૮૦૨૦૦૦	...	...	૬૫૦૦૦૦૦
કાન્સુ	...	...	...	૬૨૮૧૦૦૦	...	...	૪૫૦૦૦૦૦
ચીન્ગહાઇ		...	...	૬૧૬૫૦૦૦	...	...	૧૫૦૦૦૦૦
નીન્ગશીઆ		...	...	૧૪૫૦૦૦૦	...	...	૧૪૦૦૦૦૦
યુન્નાન	...	...	...	૧૦૦૭૧૦૦૦	...	....	૭૦૦૦૦
કવાન્ગટુંગ		...	...	૩૨૪૨૮૦૦૦	...	...	૨૦૦૦૦૦
કવાન્ગસી	...	...	...	૧૩૬૪૮૦૦૦	...	...	૨૬૦૦૦૦
યૂનાન	...	...	...	૧૩૮૨૧૦૦૦	...	...	૪૦૦૦૦૦૦
કવેઇચોવ	...	...	...	૧૪૭૪૬૦૦૦	...	...	૩૦૦૦૦૦૦
લાયોનીન્ગ	...	...	...	૧૫૨૩૩૦૦૦	...	...	૧૫૦૦૦૦
કીરીન	...	...	...	૭૬૪૫૦૦૦	...	...	૧૪૦૦૦૦
હોઇલુન્ગકીઆન્ગ		...	...	૩૭૨૫૦૦૦	...	...	૧૫૦૦૦૦
રીનકીઆન્ગ		...	...	૨૫૫૨૦૦૦	...	...	૨૫૫૨૦૦૦
જાડોલ	...	...	...	૬૫૦૪૦૭૭	...	...	૪૦૦૦૦૦૦
ચાહાર્ય૨	...	...	...	૧૬૬૭૦૦૦	...	...	૧૦૦૦૦૦૦
સી-ચેદ	...	...	...	૨૧૨૩૦૦૦	...	...	૨૦૦૦૦૦૦
સીકાન	...	...	...	૮૯૦૬૦૦૦	...	...	૧૦૦૦૦૦
ટીબેટ	...	...	...	૩૭૨૬૦૦૦	...	...	... ?
મોંગોલીઆ બહાર		...	...	૬૧૦૬૦૦૦	...	...	... ?

એક ભયંકર દ્રષ્ટિ દોષ.

જગત સુધર્યું કે બગડ્યું

લખનાર:-"ગાફિલ"

વર્તમાન સુધારાઓમાં અંજાઈ જતા આજનાં માનવ જગતને ઉજ્જવળ ભૂતકાળ પ્રત્યે દ્રષ્ટિપાત કરવાનોયે અવકાશ નથી વર્તમાન જગતની વિનાશી પ્રગતિ ઉપર વારી જતા અલ્પ ઇન્સાનોને ભૂતકાળની દુનિયા અંધકારમયજ દિસે છે. અલ્પ કેળવણી, છતાં અસાધારણ શક્તિના એ કાળને લેખે અજ્ઞાનતાનાં જમાનાની ઉપમા આપે છે જ્યારે આજનાં સુધરેલા જગતમાં શાંતિ શોધીયે જડતી નથી, એ સહુ વિસરી જાય છે.

આજે પ્રત્યક્ષ દેખાતા સાધનો જેવા કે રેલ્વે, તાર, ઇલેક્ટ્રીક, ટેલીફોન, રેડીયો, વાયરલેસ, સ્ટીમર, સબમરીન અને એરોપ્લેન, એ સુધરેલા જગતે વિજ્ઞાનની કરેલી શોધખોળને આભારી છે, એમ કહી જઇએ કેમ એ સર્વ સાધનો કેવળ મનુષ્ય જાતિના ઉદ્ધાર અર્થેજ ઉપજની કાદવમાં આવ્યા હોય, એમ જનતાને મનાવવામા આવે છે. જોકે એ સર્વ સાધનો જનતાની સેવા અર્થેજ અસ્તિત્વમાં આવ્યા નથી, પણ જનતા ઉપર પોતાની આણ વર્તાવવા, અને ટકાવવાની મલીન ભાવના સેવતા મુત્સદ્દીઓની સફળતા અર્થેજ એ નવી નવી શોધો થઇ રહી છે, એ નિર્વિવાદ સત્ય છે જનતા ભોળી છે, હાલની એકજ બાજુ કે જે મુત્સદ્દીઓ રજુ કરે છે, તે જોવાને, અને તેમાંજ સંતોષ માનવાને ટેવાયલી છે પ્રાચીન કાળમાં ધર્મના ઓઠા હેઠળ થયેલા યુધ્ધોનેયે ટપી જાય, એવા યુધ્ધ એ આશીર્વાદ સમા ગણાતી વિજ્ઞાનની નવી શોધોનાં દુરૂપયોગ દ્વારા થઈ રહ્યા છે, ધરતીનાં અમુક કકડા કે તેલના માટે લાખો ઇન્સાનોનો સંહાર એ સુધરેલા જગતની ચરમ હદ તો બીજું શું છે? જમીન ભૂખ સંતોષવા, માનવભક્ષી યુધ્ધો ખેલવા, એ આગળ વધેલા આજનાં જગતની અગ્રેસર છે. કોણ કહે છે કે જગત સુધર્યું છે?

પ્રશ્ન એકજ ઉપસ્થિત થાય છે. કે જે જમાનાના (ભુતકાળ)ને આપણે જિત કેળવાયલા અને જિત સુધરેલા જમાના તરીકે ઓળખીએ છીએ, અને જે જમાનામાં આજનાં કહેવાતા સુધરેલા સાધનોનો સદંતર અભાવ હતો, એવા એ અંધારવાળા જમાનામાં લોકો શું આજના કરતાં વધારે સુખી ન હોતા? કેટલેક શાંતિવાળા એ આગળ ન વધેલા ગયુના કાળમાં આજનાં સુધરેલા ઇન્સાનો કરતાં અનેક ગણું સાચું સુખ હતું. અલબત મુસાફરીઓ લાબી અને અગવડના ભરેલી હતી, ખરી. દૂર દેશનાં સમાચારો તત્કાળ નહોતા મળતા, છાપાઓનુંય નામ ન હતું, વસ્ત્રોની ટાપટીપ ને ખોરાકની સ્વાદિષ્ટ વાનગીઓ નહતી. લુગડાં ઇલેક્ટ્રીકથી ધોવાતા કે ઇસ્ત્રી થતા નહિ. એ બધું સત્ય છે, છતાં એ પણ નક્કર સત્ય છે કે અગવડ ભરેલી મુસાફરીઓ ઇન્સાનનાં શરીર વિકાસ માટે ઉપયોગી ને ઉપકારક નીવડતી, સદ્ર ખોરાક સર્વ સાધારણ રોગોથી માનવીને મુક્ત રાખતો, હાથે લુગડાં ધોવાતાં અને એવાજ નાના નાના કાર્યો જાતે આટોપી લેવાથી એક પ્રકારનું વ્યાયામ થઈ જતું, કે જે અકબંધ કે અપચાને તો ઇન્સાનથી સતત અળગુંજ

રાખતું. છાપાઓ ન હતાં, પરિણામે એટમ અસ્ત્રાઓ દ્વારા ફેલાતા વૈરઝેરનેયે રુદન ન હતું, અને એવું એવું ઇન્સાની આલમને હાની કરતા કાંઈજ ન હતું, પરિણામે આજનાં ઇન્સાનો કરતાં આગલા ઇન્સાનોનું આવરદા વ્હોટું હતું. શરીર મુદ્દઢ હતાં, માનસિક વેદનાઓ, કે જે આજનાં કહેવાતા સુધરેલ માનવીને સતત કેરી ખાય છે, એનું તો નામ નિશાન પણ ન હતું. વસ્ત્રો સ્વચ્છ ન હતાં, પણ અંતર નિર્મળ હતાં. આજે વસ્ત્રો માટે સતત કાળજી લેવાય છે, પણ અંતરની પરાવાર મલિનતા દૂર કરવા પ્રત્યે સર્વ બેદરકાર છે. આજનાં લોકોની દ્રષ્ટિએ આગલા લોકો સુધરેલા ને કેળવાયેલા ન હતા, પણ એમનામાં જે હતું, તે આજનાં લોકોમાં શોધ્યુંયે જડે તેમ નથી. એ કહેવાતા ણિત કેળવાયેલા લોકો હૈયે વસે તે કહી દેતા, આજનાં લોકો બાલાડંબરમાં માને છે, ખટપટમાં વિશ્વાસ ધરાવે છે, વિશ્વાસઘાતમાં કાબેલીયત ધરે છે. આગલા માનુસોમાં માણુસાઇ હતી એમનાં દિલ સાફ હતાં, એ નીતિનાં ઉપાસક અને અનીતિનાં કટ્ટર શત્રુ હતા. પ્રસંગ આવ્યે મિત્ર, સહોદર કે બહેનની માટે માથું મૂકી દેતા, બદલાની લેશ માત્ર પણ ઇચ્છા સેવ્યા વિના. જેને આજે પ્રાચિન, કાળ કે અસુધરેલા કાળ તરીકે ઓળખાવવામાં આવે છે, એ કાળનાં એ અસુધરેલા ઇન્સાનો, આજે મુન્નાભીમાં સંતોષ માનતા પામર માનવીઓ કરતાં વધારે સ્વાભિમાની અને સ્વમાનપ્રિય હતા. એ જે બોલતા તે પાળતા. વચનભંગની આજની પ્રથા એમનામાં ન હતી. ભણ્યાજ ન હતા, એટલે આજની પેઠે ઉંદાં ભણાવવાની તો વાતજ કયાં રહી? ભણ્યા ન હતા, છતાં સ્વધર્મી અને પોડોશી ધર્મની મહત્તા પૂરેપૂરી પિછાણતા હતા. ભણ્યા ન હતા, છતાં અસત્યથી સતત અળગા રહેતા, ભણ્યા ન હતા, છતાં એ જમાનામાં બધાની બહુ દીકરીનાં શીયળ સલામત હતાં, ભણ્યા ન હતા, માટેજ ઉદાર હતા, ક્ષમાશીલ હતા, દરગુજર કરનારા હતા ભણ્યા ન હતા, માટેજ ઇશ્વરને વધારે ભજતા, અલ્લાહની વધુ બંદગી કરતા. ભણ્યા ન હતા, માટેજ સર્વ બદીઓથી પર રહેતા. આજે તો લોકો ભણ્યા છે, અને છતાં મિત્ર શોધ્યોયે જડે તેમ નથી. મિત્ર જડે તો વિશ્વાસ કરવો કે કેમ એ પ્રશ્ન મુંઝાવી નાખે છે. ભણ્યા છે એટલા માટે છટકી જવાની નવી નવી યુક્તિઓ અમલમાં મૂકાય છે. વિશ્વાસઘાત, વચનભંગ, અને થાપ દેવી એ તો આજનાં કહેવાતા સુધરેલા જગતમાં કાબેલીયત ગણાય છે. વિચિત્ર વિચિત્ર અનીતિઓને અનીતિઓ ન ગણાવવાનાં ઉધાય પ્રયત્નો થઇ રહ્યા છે. બે સગા ભાઇઓ, કે બે ગાઢ મિત્રો એક બીજાનાંમાં વિશ્વાસ મૂકે એવી પરીસ્થિતિ પણ નથી રહી અને છતાં કહેવાય છે, કે દુન્યા આગળ વધી રહી છે, જગત સુધર્યું છે. ઉપરોક્ત સત્ય હકીકતોને લક્ષમાં લેતાં તો સ્પષ્ટ પુરવાર થાય છે, કે દુન્યા પાછળ હટી રહી છે, જગત દીનપ્રતિદીન સુધરવાને બદલે બગડતું જાય છે.

કાયદાઓનાં અગણીત તાણાવાણા વચ્ચે અટવાએલો આજનો ઇન્સાન, ખટપટમાં નિષ્ણાત થવા પામ્યો છે, એનો અલ્પાંત કોઇનાથીયે પાર કરી શકાય તેમ નથી. આગલા ઇન્સાનોની જીવન દિલસૂફી સાદી, નિર્મળ ને



મુસ્લિમો ઇચ્છે; તો આ વાત સાવ સરળ અને સહેલી ત્યા સત્વર અમલમાં મૂકી શકાય તેવી છે. કારણ કે ઈસ્લામ સમાનતા અને સહિષ્ણુતાનો મઝહબ છે, ઉચ્ચનિચતાં ભેદ-ભાવને એ પવિત્ર મઝહબમાં સ્થાનજ નથી. મત મતાંતરોથી એ મઝહબ પર છે. સંકુચિત મનોદશાને એ વખોડે છે. કમનસીબે મુસ્લિમો સ્વશિક્ષણથી વેગળા રહી પારકાં પોથાં-ઓમાં ગોથાં ખાય છે. અન્ય પ્રજાઓનાં આચરણનો અભ્યાસ કરે છે, પાશ્ચિમાત્ય પદ્ધતિ ઉપર મીટ માંડે છે, અને અન્યને ચીલે ચાલવાથી કદાચ મૂક્તિ મળશે, એવી વાહીયાત મનોદશા સેવે છે. મુસ્લિમો માર્ગ ભૂલ્યા છે, કારણ કે લાખો પુસ્તકોદ્વારા જે નહિ સાંપડે, તે માત્ર એક પવિત્ર કુર્આન શરીફ દ્વારા સાંપડી શકશે. જીવનની સાચી ફિલ્સૂફી માટે મુસ્લિમો વલખાં મારે, એ મુસ્લિમો માટે શરમ ભરેલી વાત છે અન્ય પ્રજાઓએ જે આકાશી કિતાબદ્વારા પોતાનાં જીવન પથ અજવાળ્યાં, એ પવિત્ર અલ્લાહનાં કલામને સમજવાની મુસ્લિમો શા માટે જેહમત ઉઠાવતા નથી? એ એક શોચનીય પ્રશ્ન છે, મુઠ્ઠીભર મુસ્લિમો જે કિતાબનાં આદેશ અને ઉદ્દેશને અનુસરી સમસ્ત જગત ઉપર પોતાનું વર્ચસ્વ સ્થાપી શકયા, એજ અમૂલ્ય કિતાબ (કુર્આન) આજે પણ મુસ્લિમોનાં ઘેર ઘેર હોવા છતાં જગતનાં ચાલીસ કરોડ મુસ્લિમો સ્વ-માન સહ જીવી શકતા નથી, એ શું ઓછી શરમ ભરેલી બીના છે? "ઇકબાલ" સ્પષ્ટ શબ્દોમાં કહી ગયા છે કે:-

"ગર તૂ ભી ખ્વાહી મુસલમાં ઝીસ્તન;
નિસ્ત મુમ્કિન જુઝ બ કુર્આં ઝીસ્તન"

દુનિયામાં મુસ્લિમો પણ જો એમ માનતા હોય, કે જગત સુધર્યું છે, તો એ એમની માન્યતા ભયંકર ભૂલભરેલી છે, બાહોશ નરમાં અંજાઈ જવાની ભૂલ મુસ્લિમો ન કરે, એમ હું ઈચ્છું છું. માનવ જગતની મૂક્તિ અને સાચો ઉદ્ધાર માત્ર ઈસ્લામે નક્કી કરેલા આદર્શો દ્વારાજ થવાનો છે, અન્ય એકેય માર્ગ મૂક્તિનો નથી. મુસ્લિમો હજુ પણ ચેતે, અનુકરણનાં સર્વનાશી રોગથી પોતાને બચાવે કારણ કે મુસ્લિમોનાં જીવન મરણનાં સર્વ પ્રશ્નોનો ઉકેલ માત્ર પવિત્ર કુર્આન મારફતજ થઇ શકશે. પશ્ચિમનાં કહેવાતા કે દેખાતા સુધારા માનવ જગતને મૂક્તિ નહિ અપાવી શકે. મુસ્લિમો એ સાચી સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટે પવિત્ર કુર્આન શરીફમાંથીજ પ્રકાશ મેળવ્યે છુટકો છે. એ સિવાય એકેય આદર્શ મુસ્લિમોને મૂક્તિ અપાવી શકશે નહિ અને "ઇકબાલ"નાંજ સ્પષ્ટ શબ્દો ઉપર અમલ કરવાની હું પ્રિય વાંચક વર્ગને નમ્ર નહિ, પણ ભારપૂર્વક ભલામણ કરું છું. "ઇકબાલ" આપણને આઝાદીનો સાચો ઉપાય સુચવતા કહે છે કે:-

"અય બતકશીદહ અસીરે આઝાદ શવ;
દામને કુર્આં બગીર આઝાદ શવ."

સુધરેલા જગતનાં અ-સુધરેલા વાતાવરણમાં અટવાએલા મુસ્લિમો ઉપરોક્ત લીટીઓ વાંચી વિચારી ત્વરિત ચેતે, એ માત્ર એકજ હેતુએ આ લખ્યું છે અસ્તુ.

"નેપોલીયનની ઉદારતા."

અનુવાદકઃ-'મજાક' (હોશ)

નેપોલીયન બોનાપાર્ટ જેવો બહાદુર અને દીલેર હતો તેવોજ રહમ દિલ પણ હતો આ દિલ તે હતું કે લડાઇના મેદાનમાં પત્થરથી પથારે સખત રહેતું અને ઉદારના વખતે તે મોમ જેવું નરમ પણ થતું.

૧૮૦૬ સ૰ ૧૮૦૪માં જ્યારે જનરલ લે૰ જોલીસે નેપોલીયનનો જીવ બચાવને માટે કાવતરૂં રચ્યું તો તે કાવતરૂં ઉઘાડું પડી જતાં તે પકડાયો અને કાવતરામાં તેને મોતની સજા (ફાંસી) થઇ. સદરહુ જનરલને એક ચૌદ વર્ષની દીકરી હતી તે ઘણીજ ખૂબસૂરત તેમજ નરમ દિલવાળી હતી. જ્યારે તેણે પોતાના પીતાના માટે ફાંસીની સજા સાંભળી ત્યારે તે ઘણીજ ગભરાઇ ગઇ અને બાપનો જીવ બચાવવા માટે રસ્તાઓ શોધવા લાગી છતાં કોઇ રસ્તો જડયોજ નહીં. જેથી છેવટે ચુપચાપ ઘેરથી નીકળી રાજમહેલ તરફ જવા લાગી. અને મોટા દરવાજે પહોંચીને જોયું તો પહેરેગીર ઉંઘેલો છે. તેથી નાઉમ્મીદ થઇ. પછી તેણીએ દરબાનને પોતાની સર્વે કહાણી કહી સંભળાવી અને અંદર જવાની આજીજી કરી. દરબાનના દિલમાં દયા આવી, અને તેણીના કલાવાલ્લાથી તેણીને ઘણીજ ખુશીથી અંદર જવાની રજા આપી. બાદ તેણી રાણી "જોસફાઇન"ની રૂમમાં જઇ પહોંચી. એક ખૂબસૂરત છોકરીને પોતાના રૂમમાં જોતાં રાણીને એટલે નેપોલીયન બોનાપાર્ટની સ્ત્રીને થયું કે આ છોકરી રાજમહેલમાં કેવી રીતે આવી

રાણીએ પૂછ્યું:-"તું કોણ છે?"

છોકરીઃ-"રાણી સાહેબા, હું બદનસીબ જનરલ લે૰ જોલીસની દીકરી છું."

રાણીએઃ-"અહિં આવવાનું કારણ?"

છોકરીઃ-"મારા બાપને બાદશાહ સાહેબે કોઇ કાવતરામાં પકડાઇ જતાં મોતની સજા ફરમાવી છે અને તે થોડાજ વખતમાં મારાથી જુદા થનાર છે. માટે બસ રહમ દિલ રાણી સાહેબા એ તો હું કહી શકતી નથી કે તે બેગુનાહ છે અગર તે ગુનેહગાર છે તો મોતની સજાને માટેજ લાયક છે, પણ તે બેકસો તો નહીં. જ્યારે તેના વિના મારી જીંદગી બેકાર છે. અને આ દુઃખીયારી છોકરી પણ જીવવી મુશ્કેલ છે. તેઓ મને ઘણોજ પ્યાર કરે છે. મારા માટે જે જોઇએ તે હાજર કર્યું છે. જો તે આ દુન્યામાં ન રહ્યા તો હું પણ તેની સાથેજ જઇશ બસ રહમ દિલ રાણી સાહેબા, મારા ઉપર દયા કરો, દયા કરો. અને તેના માટે બાદશાહ સલામતને સિફારિશ કરી મારી અપાવો."

આ શબ્દો છોકરીના મોઢે સાંભળતાંજ તેની આજીજારી ઉપર રાણીને દયા આવી અને તેણીને આંખોથી દીલાસો આપવા લાગી.

નેપોલીયને પોતાની રાણીને ખાનગીમાં કહી રાખ્યું હતું કે મારી વિરૂધ કોઇ કાવતરૂં થઇ રહ્યું છે અને તે કાવતરૂં ફકત મારા મોતને માટેજ છે અને આ બાબતમાં કોઇને માટે પણ સિફારિશ ન કરે અગર કોઇની સિફારિશની જરૂર હોય તો રૂબરૂમાં નહીં પણ કાગળ ઉપર લખી કરે.

જેથી રહમદીલ રાણી જોસફાઇને-છોકરીને સલાહ આપી કે "જ્યારે રાજા નેપોલીયન પોતાના વજીરોની સાથે ફલાણા રૂમમાંથી જાય

ત્યારે તું તેઓની રૂબરૂ જઈ બેધડક તારી આહોઝારી અને દિલી ખ્વાહિશ જાહેર કરજે. તેઓ ઘણાજ રહમ દિલ છે, માટે તેઓ મારી આપશે. પણ તને કોણે અહીંયાં મોકલી છે તે તું જાહેર કરતી નહીં. જ્યારે રાજા તેજ રૂમમાંથી વછરો જોડે જવા લાગ્યો ત્યારે તે છોકરી દોડતી દોડતી જઈને રાજાના પગોમાં પડી ગઈ અને આહોઝારી કરવા લાગી અને કહેવા લાગી કે "અય રહમ દિલ બાદશાહ માફ કરો, માફ કરો, મારા બાપને માફ કરો."

નેપોલીયને કહ્યું,-"અય છોકરી તારો બાપ કોણ છે અને તું કોણ છે?"

છોકરીએ આજીજી પૂર્વક કહ્યું:-"બાદશાહ સલામત, મારૂં નામ મીસ લે૦ જેલીસ છે અને મારા બાપને ફાંસીનો હુકમ આપે કર્યો છે."

નેપોલીયને કહ્યું:-હા, અય છોકરી, આ તારા બાપનો બીજો ગુન્હો છે, તારા બાપે મને મારી નાખવાનું કાવતરૂં રચ્યું હતું. અફસોસ આ બાબતમાં હું કાંઈ કરી શકતો નથી."

છોકરી ઘણીજ આજીજીપૂર્વક બોલી:-"બાદશાહ સલામત એ તો હું જાણું છું કે પહેલી વખતે મારો બાપ બિલકુલ બેગુનાહ હતો. આ ગુનાહમાં તો હું નથી કહી શકતી કે તે બેગુનાહ છે પણ હું મારી માગવા માટે આવી છું માટે મારી માગું છું."

નેપોલીયને સર્વે બીના સાંભળી. તેણીનો એક એક શબ્દ તેના દિલ ઉપર ઘર કરી રહ્યા હતા. તેણે તેણીને ખુશી થઇ હાથ પકડી ઉઠાડી અને માન અવાજથી કહ્યું:-

"ઉઠ મારી દીકરી ઉઠ તારી ખાતર તારા બાપને માફ કરૂં છું અને મને જવા દે." આ સાંભળતાંજ તે કમનશેર છોકરી ખુશીના લીધે બેહોશ થઇ ગઇ. નોકરો તેણીને ઉપાડી રાણી જોસફાઈનના રૂમમાં લઇ ગયા. પછી રાણીએ તેને હોશમા આણી તે પોતાના બાપને આ ખુશખબરી સંભળાવવાને બેટલી બેકરાર હતી કે રૂમમાં આવતાજ તેણીએ ચાલવા માંડ્યું. રાણીએ કહ્યું: "દીકરી, ઉભી રહે આટલી ઉતાવળ શું છે? તારો બાપ હવે છુટી જશે." પણ તેણીએ માફી માગીને જવા માટે આજીજી કરવા માંડી અને ચાલતી થઇ. તેથી રાણીએ નેપોલીયનના એડીકેમ્પ મીલા વેલીયર અને તેની સ્ત્રીને મોકલ્યાં જ્યારે તેઓ જેલની અંદર ગયાં કે જ્યાં જનરલ લે૦ જેલીસ કેદ હતો તે અંધારી કોટડી હતી ત્યા તે રહેવાને માટે બેદખાનામાં બેજાર હતો અને આહોઝારી કર્યા કરતો હતો. છોકરીએ જઇ પોતાના બાપને છુટકારા વિષે કહી સંભળાવ્યું અને ખુશીના લીધે ત્યાં પણ પાછી બેહોશ થઇ ગઈ. તેના બાપને બેડી મુકવામાં આવ્યો. બેહોશ છોકરીને પગ તેણીના બાપ સાથે મી વેલીયરે ઘેરે પહોંચાડી અને ત્યાં તે હોશમા આવી. છોકરીની બાપ સાથેની પિછરી મહબ્બતની તારીફ થવા લાગી અને સાથે સાથે નેપોલીયનની ઉદારતાની પણ વાતો થતી.

આ વિષેની નેપોલીયનને ખબર આપવામાં આવી જેથી તે મનમાજ હસ્યો અને મુખેથી નીકળ્યું કે "ગરીબ છોકરી!" ખુશ નસીબ તે બાપ છે કે જેને આવાં સંતાન હોય."

—o—



એક પરિચય લેખ

ગુજરાતના ઉર્દૂ ગઝલકાર

લખનાર : બચુઅલી જી. પટેલ

કચ્છ રાજ્યના કેરા ગામે સંવત ૧૯૪૪માં જન્મ પામેલા અને 'ચમન' ઉપનામે મશહૂર બનેલા આ ઉર્દૂ-ગઝલકારથી મુસ્લિમ ગુજરાતી જનતા ભાગ્યેજ પરિચિત હશે. આજથી વીસ-પચીસ વર્ષ પહેલાં એમનું સ્થાન ગુજરાતી સાહિત્યમાં એક કાવ્યકાર તરીકે આગળ પડતું મોખરેનું હતું. એ વખતે એમણે રચેલી ગઝલો હજીય અનેક હૃદય-ઘરમાં એવુંજ સ્થાન જાળવી રહી છે.

બચપણથીજ એમની સ્મરણ શક્તિ સતેજ હતી. દસ વર્ષની નાની ઉમ્મરે તો તેઓ કિતાબમાંથી સારી રીતે મજલિસો પઢતા. જે એ કાળના બાળકો માટે એક અશક્ય કાર્ય ગણાતું. કુદરતે અર્પેલી કાવ્ય શક્તિના કારણે અને ગુજરાતી લીપિમાં પ્રગટ થતા એ સમયના ઉર્દૂ-ઝબાનના માસિકોના સતત વાંચને એમને ઉર્દૂ-ઝબાન તરફ મમત્વ પેદા થયું. એક મિત્રે ઉર્દૂ-ગઝલોના આપેલ સંગ્રહે તો એમનું કવિત્વ ઝળકી ઉઠ્યું. પરિણામે એમણે ગુજરાતી લીપિ અને ઉર્દૂ-ઝબાનમાં જે લખ્યું એ નવલા અને સલ્લામ હતા. ધીરે ધીરે તેઓ એમાં પ્રગતે કરતા રહ્યા અને જેમ જેમ હથોટી બેસતી ગઇ એમ એઓ ગઝલો રચતા ગયા. ૧૯૧૬ માં એમની પહેલી ગઝલ એ વખતના પ્રસિદ્ધ 'ગુજરાતી' સામયિકના 'ભર કટોરા રંગ'માં એના સંપાદક શીરજીએ છાપી, જેથી એમના ઉત્સાહમાં વધારો થયો.

સંવત ૧૯૫૬ માં તેઓ પરદેશ ગયા. ઘટાલી સોમાલીલેન્ડના મગદીસામાં પન્દર મહિના પેટ-વડિયે નોકરીએ રહ્યા. એમની સાથે એમના વડીલ બંધુઓએ પણ નોકરી સ્વીકારેલી. વખત જતાં નોકરીથી છૂટા થઇ, અલગ ધંધાની શરૂઆત કરેલી. જેમાં ખુદાએ ખૂબજ ઇઝઝત અને બરકત આપી. વેપારી આલમમાં મશહૂર થયેલા એમના વડીલોની સરકારે પણ 'સર'નો ઇલ્કાબ આપી કદર કરી. હાશમ બ્રધર્સના નામથી ચાલતી ત્રણે ભાઇઓની પેઢીની સરકારમાં સારી પ્રતિષ્ઠા હતી.

ક્યારે પ્રગટ્યાં પણ બીજી પેઢીઓ કરતાં મોખરે ગણાતી.

અહિં પણ ઉર્દૂ-ગઝલોનો પ્રવાહ વહેતો રહ્યો અને ૧૯૨૦માં 'દીવાને ચમન' નામનો ગઝલ-સંગ્રહ બહાર પડ્યો. તેની પ્રસ્તાવનાનું લખતાં સાક્ષર શ્રી. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ લખ્યું કે: 'દીવાને ચમન'માંની ગઝલો લખનાર કવિએ કેવા સંજોગોમાં પોતાના કાવ્યો રચ્યાં છે, તે એક જુદીજ કહાણી છે. સોમાલી લોકનાં મુલકમાં બેઠા બેઠા ઉર્દૂ-શાયરોની માત્ર કવિતા વાંચી તે ઢબ પર ગઝલો રચવી એજ એક ધ્યાન ખેંચે એવી વાત છે અને જ્યારે એ ગઝલોના વાચકને એમ લાગે કે 'ચમન' કવિએ એકલી તે ઢબ પર કવિતા રચી નથી, પરંતુ એ નામીચા શાયરોની જેવી અદ્‌ભુત કાવ્યશક્તિનું પણ ઘણે ભાગે તેમાં દર્શન કરાવ્યું છે, ત્યારે ખરેખર તેને હેરત ઉપજ્યા વગર રહેશે નહિ. કાવ્યશક્તિ, એકલા વાંચન અથવા અભ્યાસ કે કેળવણીથી આવતી નથી. એ શક્તિ તો કુદરતીજ હોય છે. મહાન કવિઓના કાવ્યનો અભ્યાસ તો તે શક્તિને ખીલવે છે યા સાચે માર્ગે દોરવે છે. શાયર 'ચમન'ની બાબતમાં પણ એમજ થયું લાગે છે. છુપી રહેલી પરંતુ કુદરતી કાવ્ય શક્તિને 'હાલી' અને 'ગાલિબ' જેવા ઉર્દૂ-કવિઓની કૃતિના અભ્યાસે ખીલવી પ્રસિદ્ધિમાં આણી છે.

"દીવાને ચમન"ની ભાષા છે ઉર્દૂ અને તે પણ ઉંચા પ્રકારની ઉર્દૂ અને લીપિ છે ગુજરાતી. મતલબ એવી છે કે ઉર્દૂ લીપિ ન જાણનારે, પણ ઉર્દૂ-ભાષા જાણનાર તેમાંની ગઝલો સમજી શકે છે. ગુજરાતીમાં ગઝલો લખનાર જો ઉર્દૂ ભાષા સમજી શકતા હોય તો તેમને મારી ભલામણ છે કે આ ગઝલોનું દીવાન તેમણે ધ્યાનપૂર્વક વાંચવું.

"'ચમન'ની ગઝલો જો ઉર્દૂ-લીપિમાં છપાઈ બહાર પડે તો ઉત્તર હિન્દુસ્તાનના શાયરો પણ જાણી શકે કે ગુજરાતમાં અજે નવાણી સાલ્યનો અંત આવ્યો છે, છતાં ઉર્દૂ કવિતાના ભક્તો [illegible]

આવી રીતે એમને પ્રોત્સાહન મળતાં એમનું કાવ્ય-ઝરણું વહેતું રહ્યું અને જોતજોતામાં ૧૯૨૫માં 'બહારે ચમન' નામનું બીજું ગઝલ-પુસ્તક બહાર પડ્યું. એના બે બોલમાં 'ચમન' સાહેબે લખેલું [illegible] અલાણ કર્યા અને ઉર્દૂ ગઝલો કેમ [illegible] એને વાત કરવાને ઠીક ઠીક ઉર્દૂ નથી આવડતું, તે ગઝલો તે શી રીતે લખી શકે? એ તો કોઇ પૂર્વના સુસંસ્કારોને લઇ અંતરની પ્રેરણાઓ છે." એ અભણતા આ ઉદ્‌ગારો ભણેલાને શરમાવે તેવા નથી લાગતા?

ગરીબ માબાપને ત્યાં જન્મેલ અને બાર ધોરણથી આગળ વધેલ આ શાયરનું આખું નામ મહમદ હાશમ 'ચમન' છે. એમનો અભ્યાસ માંડ ગુજરાતી બે ચોપડી સુધી અને કુરાનને શરીફનો શિક્ષણ પુરતો હોવા છતાં એમની સ્મરણશક્તિ ગજબની તો ખરી છે કે એકવાર 'સોહલોલ' ઉર્દૂ કવિતા એ બીજી વખત અક્ષરશઃ ગાઇ શકે છે, તેમાં કયાંય પણ કંઇ ફેર આવતો નથી. મુંબઇના રેડીયો પર સાંભળેલ ગઝલ, થોડીવાર પછી કશાયે ફેરફાર વિના એમને ફરી ગાતાં ઘણા મિત્રોએ સાંભળ્યા છે. એવી વિસ્મય પમાડનારી એમની સ્મરણશક્તિ છે. જ્યારે સ્ફોકામતા તો ખરેખર આશ્ચર્યજનક છે. એ ગાતા હોય ત્યારે એમની ટોક હાલે છે. તે જોનારની ટોક પણ ડોલાવે છે. ડોલ્યા વિના રહી શકતી નથી. જે વેળા તેઓ 'મેહફિલમાં

ઝુમતા જો જમે શરાબ આયા'ની ગઝલ ગાય છે તે વખતે તો ગમે તેવા સાભળનારની ડોક ડોલ્યા વગર રહેતી નથી. 'દીવાને ચમન'ની આ એક ગઝલ ખૂબ લોકપ્રિય નિવડી છે.

(ગઝલ)

"મેહફિલમેં ઝુમતા જો જમે શરાબ આયા.
સૂની થી જો મસ્તિયાં કે શમ્મ સ્વર ન ફવારૂ આયા.
ઔરોં કો દેખતેથે પરન્તુ ઉઠા ઉઠા કર,
હમ પર નજર જો આઇ મુહ પર નિકાબ આયા.
તુરન્તનો વોહ જો આયે કુછભી મેં સોચ લાયે,
ઠોકર લગોકે બોલે ગુસ્સે લિખાબ આયા.
છુપકે રકાબસે વોહ આએ તો મુહસે નિકલા,
કાહેસે છુપકે છુપકે મેરા શુમાર આયા.
રાજે વસલકા ખુશીમેં ગુઝરીથી શબ હસીમે,
મુર્ગે સહર જો બોલા હમ પર અઝાબ આયા.
થી. આરઝુકે ઉતરી હમલી, કલી મિસ્રેકે,
કાતિલ વો બનકે બયકે જબકે શબાબ આયા.
નાસેહ કી નસીહત ઉનકો 'ચમન' ન માનો,
વાયેજ હમારે આગે લેકર કિતાબ આયા.

આ ઉપરાંત તેઓ એક અચ્છા લેખક પણ છે. ૧૯૨૬માં સ્વદેશ પાછા ફર્યા ત્યારે દેશમાં જાગૃતિનો જુવાળ ચઢેલો. જૂના કાયદાઓ સુધારણા માગે છે એવો પવન ચારે તરફ વાતો હતો. શાયર 'ચમન' પણ એ ઝપાટામાંથી મુક્ત ન રહી શકયા. શિયાળામાં એમને કેલ્વાટ કુંવરજી ગયા. જોયો ૧૯૨૬માં એમણે 'શહાદતનો સીધો અર્થ' નામની પુસ્તિકા છપાવી, પોતાના અર્થે ફ્રિતાઅસરી આલમમાં મુક્ત કહેવાયા. હોમમાં એક ધરતીકંપ અર્પા થયો. ઠેર ઠેર વિપ્લવ ટોળા ભાગ્યો. મહાત્મા ગાંધીજીની અસહકારની ચળવળે કવિશ્રીને પણ કંઈક કરવાની તાલાવેલી લગાડેલી. પરંતુ શક્તિ પાછા ફરીને ૧૯૨૩માં એમણે 'સત્ય' નામક પુસ્તિકા લખેલી. એમના આ બે પુસ્તકોથી કોમને એમના તરફ તિરસ્કાર પેદા થયો.

આવા એ શાયર 'ચમન' અસાધારણ સ્પષ્ટ વક્તા છે એ નિર્દોષ ભાવે અને નિર્ભયપણે ગમે તેને ગમે ત્યારે નગ્ન સત્ય સંભળાવી દે છે. એજ કારણ છે કે એમણે પોતાના આ સ્પષ્ટપણાથી કોમી બિગદરોના રોષના ભોગ બનવા પામેલા. હુંયે દિલ-બ-દિલ એમને એજ ફ્રિતાઅસરી ગઝલ તરફ મમત્વ પેદા થયેલ છે.

એમણે લખેલાં રચેલાં પુસ્તકો આ છે.

(૧) 'દીવાને ચમન' (ગઝલ સંગ્રહ)
(૨) 'બહાર ચમન'
(૩) 'સત્ય' (છુટક લખાણ)
(૪) 'શહાદતના સીધો અર્થ'

બંધ માસિક "આંદોલન"

ફક્ત ત્રણજ દિવસની અંદર 'શ્રી નોટ' ગ્રાહકોઓ ચાલુ થાય છે. માસિક આંદોલનની કોઇપણ ફરિયાદ માટે ટપાલ મળો. દવા સાથે ગેરંટી પત્ર આપવામાં આવે છે. કીંમત રૂા. ૫-૮-૦ પરદેશ રૂા. ૧૦

ગર્ભ રહેતો અટકાવવા:-

"રાહત" દવા ફકત ત્રણજ દિવસ ખાઇ લેવાથી જીંદગી ભરમાં કદી ગર્ભ રહેતો નથી માસિક ચાલુ. કયોંજ તકલીફ નહિ. ડોકટર વૈદ્યોએ અજમાવેલી દવા સાથે ગેરંટી પત્ર મોકલવામાં આવે છે. કીંમત રૂા. ૫-૮-૦. પરદેશ રૂા. ૧૦

ડા: એસ. એચ. ખાન,
૪૨ ચર્ચગેટ સ્ટ્રીટ, મોનજીની સામે
ફોટ, મુંબઇ. ફોન: ૨૨૩૪૩.

અસ્માઉલ હુસ્ના

સંપાદક

રિકાઈ-સાબેરી

"યા મુન્તકેમો" (અદદ ૬૩૦) "એ કાફિરો અને સરકશોને હલાક કરવાવાલા" (૧) એને હમેશા કસરતથી પઢનારની આંખ ૪૦ અ૦ કદી દુખશે નહીં. (૨) કોઇ દુશ્મન અગર ઝાલિમના જુલ્મ અને સખ્તી બરદાસ્ત નહીં થઇ શકે ત્યારે દર જુમ્માએ એને ૬૩૦ વખત પઢવાથી ૪૦ અ૦ દુશ્મન દોસ્ત થઇ જશે અને ઝાલિમ જુલ્મથી બાઝ આવશે. (૩) દીન દુન્યાના કોઈ પણ હલાલ કામ માટે દરરોજ અર્ધી રાત પછી એને ૬૩૦ વખત પઢી દુઆ માગેથી ૪૦ અ૦ કામ બહુ જલ્દી થઇ જશે. (૪) જો કોઇ માણસ પોતાના દુશ્મનોથી ઇન્તેકામ અને બદલો ન લઇ શકે તો તેવી નીયતથી એને કસરતથી પઢવાથી ખુદાપાક ઇન્તેકામ લેશે. (૫) દુશ્મનની હલાકીની નીયતથી દરેક ફર્ઝ નમાઝ પછી એને ૧૦૦ વખત ૪૧ દિવસ પઢવાથી ૪૦ અ૦ દુશ્મન હલાક થઇ જશે. (૬) દુશ્મનની હલાકી માટે તેમજ ઝાલિમની હલાકી માટે દરરોજ ૧૧ દિવસ સુધી ઝોહોરની નમાઝ પછી પૂરી "બિસ્મિલ્લાહ" ૭૮૬ વખત પઢી ૭૦ વખત "બિસ્મિલ્લાહ હિર્રહમાનિર્રહીમિલ્લઝી અનતિલ વોજહો વ અશ્અતિલ અસ્વાતો વ જલ્લત્ મિન્હુલ કોલૂબો અંતોસલ્લયા વ તોસલ્લેમા અલા સૈયેદેના મોહંમદીંવ વ આલેહી વ સાહબેહી અંતકદી હાજતી પ્રી હેલા કે....યા કાહેરો, યા કહહારો, યા કાદેરો, યા મુકતદેરો, યા મુન્તકેમો, યા અલ્લાહો." પડવું એમાં જ્યાં ખાલી જગ્યા છોડી દીધી છે ત્યાં દુશ્મન અગર ઝાલિમનું નામ બોલવું, ૪૦ અ૦ બહુ જલ્દી હલાક થઇ જશે. (૭) "યા કહહારો, યા મોઝિલ્લો, યા મુન્તકેમો "ઇશા અગર સવારે નમાઝ પછી ૪૦ દિવસ દરરોજ ૧૦૦૦ વખત પઢવાથી ૪૦ અ૦ ઝાલિમ હલાક થશે. યાદ રાખવું જોઇએ કે દુશ્મનથી શરીઅત મુજબ જે બદલો લેવા હુકમ હોય તેનાથી વધુ બદલા માટે કદી પણ મજકુર અમલ કરવા નહીં કેમકે નહીં તો પોતે હેરાન થશે.

"યા અકુવ્વો" (સંખ્યા ૧૫૧) "ગુનાહો અને તકસીરોને માફ કરવાવાલા" (૧) જેણે બહુ ગુનાહ કર્યા હોય તો એને કસરતથી પઢવાથી ૪૦ અ૦ ખુદાપાક તેના ગુનાહ માફ કરી દેશે. (૨) એને હમેશા કસરતથી પઢનાર ૪૦ અ૦ દરેક ગુનાહથી બચેલો રહેશે. (૩) એને હમેશા કસરતથી પઢનારના દિલની સીયાહી ખુદાપાક દૂર કરી તેને નેક રસ્તે ચાલવાની હિદાયત આપશે. (૪) ત્રણ હપતા સુધી લગાતાર એને કસરતથી પઢવાથી બધા દુશ્મન દોસ્ત થઇ જશે અને લોકો તેની ઇજ્જત કરશે. (૫) એને હમેશાં કસરતથી



પઢનાર દુશ્મનોની શરારત, હરકતો, સખ્તી વગેરેથી બચેલો રહેશે અને ખુદાપાક સિવાય કોઇથી ડરશે નહીં. (૬) એને હમેશા કસરતથી પઢનારના બધા ગુનાહ માફ થઇ રબ્બાએ ઇલાહી હાસિલ કરશે

"યા રઉફો" (અદદ ૨૮૬) "એ બહુ મહેરબાન" (૧) કોઇ ઝાલિમના હાથથી કોઇને છોડાવવા ઇરાદો હોય તો એને ૧૦ વખત પઢી તેના તરફ દમ કરી તેને માટે સિફારિશ કરશે તો ઇ૦ અ૦ તેને છોડી દેશે (૨) એને હમેશા કસરતથી પઢનાર ઉપર ઝાલિમ પણ મહેરબાની કરશે અને અને બધા લોકો તેને દોસ્ત રાખશે અને તેની સાથે માયા મહેરબાનીથી વર્તણુંક રાખશે. (૩) એને હમેશાં કસરતથી પઢનાર ઉપર લોકોનું દિલ ખેંચાશે. (૪) કોઇનું દિલ પોતા તરફ ખેંચવું હોય તો અમુક જગ્યા અને વખત નક્કી કરી ફિલ્લાફ જેસી ૧૧ વખત દરૂદ શરીફ પઢી, ૨૮૬ વખત એને પઢી, ૧૧ વખત છેલ્લે દરૂદ શરીફ પઢવું. એવી રીતે ૪૧ દીવસ પઢવું. પણ પઢતી વખતે જેનું દિલ ખેંચવું હોય તેનો તસવ્વુર રાખવો, હલાલ કામ સિવાય અમલ કરનાર પોતે હેરાન થશે તે યાદ રાખવું. (૫) પોતાનો ગુસ્સો અગર બીજા કોઇનો ગુસ્સો ઉતારવા માટે ૧૦ વખત એને અને ૧૦ વખત દરૂદ શરીફ પઢવાથી ઇ૦ અ૦ ગુસ્સો ઉતરી જશે.

"યા મોસેકલ મુલ્કે" (સંખ્યા ૨૧૨) "એ બંને જહાનના બાદશાહ" (૧) એને હમેશાં કસરતથી પઢનાર કદી કોઇનો મોહતાજ થશે નહીં. (૨) એને હમેશાં કસરતથી પઢનારની બંને જહાનની દરેક હાજત ખુદાપાક પૂરી કરશે. (૩) એને હમેશાં કસરતથી પઢનાર તવંગર થશે. (૪) એને હમેશાં કસરતથી પઢનારને બંને જહાનમાં માન, ઇજ્જત અને ઉચા દરજ્જા મલશે. (૫) એને હમેશાં કસરતથી પઢનારની તંગદસ્તી અને બીજી બધી આફત બલા વગેરે દૂર થઈ જશે. "મોસેકુલ મુલ્કે લાશરીકલહૂ વહદહૂ લાઇલાહા ઇલ્લાહૂ" એને હમેશાં કસરતથી પઢનારને ઉપર લખેલા બધા ફાયદાઓ ઉપરાંત અનેક ફાયદાઓ મળશે.

"યા ઝુલ્જલાલે વલ્ઇકરામે" (અદદ ૧૦૬૪) એ બુઝુર્ગી અને બખ્શીશના માલીક" (૧) જેનું દિલ હમેશા ગમગીન અને ઉદાસ રહેતું હોય તો એને કસરતથી પઢવાથી ઇ. અ. તેનું દિલ બરોબર થઇ જશે (૨) એને હમેશા કસરતથી પઢવાથી ઇજ્જત અને બુઝુર્ગી મળશે. (૩) એને દરરોજ કમતીમાં કમતી એકવીસ હજાર વખત બાવીસ નિષ્ઠાથી અને શરીઅતની પાબંદી સાથે પઢનાર હમેશા બામોશ રહેશે અને હમેશા મૈયી ઇસરાર જોનો રહેશે અને હમેશા મહબીયતના આલમમાં રહેશે (૪) એને એકસો વખત પઢી પાણી ઉપર દમ કરી બીમારને પીવાડવાથી ઇ. અ. બહુ જલ્દી સારો થઇ જશે. (૫) કોઇ માણસને ગમે તે કારણે બહુજ ગમ રહેતો હોય તો એને પાનસો વખત પઢી પાણી ઉપર દમ કરી પીવાડવાથી ઇ. અ બહુ જલ્દી દરેક ગમ દૂર થઈ જશે. (૬) અગર કોઇ ઔરત પોતાના ધણીની નઝરોથી પડી ગઇ હોય (ધણી તેને ચાહતો ન હોય) તો એને સવારે અગર સાંજે અગર ગમે તે વખતે દરરોજ એક હજાર વખત પઢશે તો ઇ. અ. તેનો ધણી તેની ઉપર મહબ્બત કરતો થઇ જશે. એવીજ રીતે મરદ પણ પોતાની ઔરત માટે કરી શકે છે (હરામ

અસ્માઉલ હુસ્ના

સં	પા	૬	૬

રિકાઈ-સાબેરી

"યા મુન્તકેમો" (અદદ ૬૩૦) "એ કાફિરો અને સરકશોને હલાક કરવાવાલા" (૧) એને હમેશા કસરતથી પઢનારની આંખ ૪૦ અ૦ કદી દુખશે નહીં. (૨) કોઇ દુશ્મન અગર ઝાલિમના ઝુલ્મ અને સખ્તી બરદાસ્ત નહીં થઇ શકે ત્યારે દર જુમ્માએ એને ૬૩૦ વખત પઢવાથી ૪૦ અ૦ દુશ્મન દોસ્ત થઇ જશે અને ઝાલિમ ઝુલ્મથી બાઝ આવશે. (૩) દીન દુન્યાના કોઈ પણ હલાલ કામ માટે દરરોજ અર્ધી રાત પછી એને ૬૩૦ વખત પઢી દુઆ માગેથી ૪૦ અ૦ કામ બહુ જલ્દી થઇ જશે. (૪) જો કોઇ માણસ પોતાના દુશ્મનોથી ઇન્તેકામ અને બદલો ન લઇ શકે તો તેવી નીયતથી એને કસરતથી પઢવાથી ખુદાપાક ઇન્તેકામ લેશે. (૫) દુશ્મનની હલાકીની નીયતથી દરેક ફર્ઝ નમાઝ પછી એને ૧૦૦ વખત ૪૧ દિવસ પઢવાથી ૪૦ અ૦ દુશ્મન હલાક થઇ જશે. (૬) દુશ્મનની હલાકી માટે તેમજ ઝાલિમની હલાકી માટે દરરોજ ૧૧ દિવસ સુધી ત્રોહારની નમાઝ પછી પૂરી "બિસ્મિલ્લાહ" ૭૮૬ વખત પઢી ૭૦ વખત "બિસ્મિલ્લાહ હિર્રહમાનિર્રહીમિલ્લઝી અનતિલ ચોબાહો વ ખશઅતિલ અસ્વાતો વ જલ્લત્ મિન્હુલ કોલૂબો અંતોસલ્લયા વ તોસલ્લેમા અલા સૈયેદેના મોહંમદીંવ વ આલેહી વ સાહબેહી અંતકદી હાજતી યૂ હેલા કે....યા કાહેરો, યા કહહારો, યા કાદેરો, યા મુકતદેરો, યા મુંન્તકેમો, યા અલ્લાહો." પડવું એમાં જ્યાં આલી જગ્યા છોડી દીધી છે ત્યાં દુશ્મન અગર ઝાલિમનું નામ બોલવું, ૪૦ અ૦ બહુ જલ્દી હલાક થઇ જશે. (૭) "યા કહહારો, યા મોઝિલ્લો, યા મુન્તકેમો "ઇશા અગર સવારે નમાઝ પછી ૪૦ દિવસ દરરોજ ૧૦૦૦ વખત પઢવાથી ૪૦ અ૦ ઝાલિમ હલાક થશે. યાદ રાખવું જોઇએ કે દુશ્મનથી શરીઅત મુજબ જે બદલો લેવા હુકમ હોય તેનાથી વધુ બદલા માટે કદી પણ મજકુર અમલ કરવા નહીં કેમકે નહીં તો પોતે હેરાન થશે.

"યા અકુવ્વો" (સંખ્યા ૧૫૬) "ગુનાહો અને તકસીરોને માફ કરવાવાલા" (૧) જેણે બહુ ગુનાહ કર્યા હોય તો એને કસરતથી પઢવાથી ૪૦ અ૦ ખુદાપાક તેના ગુનાહ માફ કરી દેશે. (૨) એને હમેશા કસરતથી પઢનાર ૪૦ અ૦ દરેક ગુનાહથી બચેલો રહેશે. (૩) એને હમેશા કસરતથી પઢનારના દિલની મોયાહી ખુદાપાક દૂર કરી તેને નેક રસ્તે ચાલવાની હિદાયત આપશે. (૪) ત્રણ હપતા સુધી લગાતાર એને કસરતથી પઢવાથી બધા દુશ્મન દોસ્ત થઇ જશે અને છોડો તેની ઇજ્જત કરશે. (૫) એને હમેશાં કસરતથી

(૩) જે મકાનમાં રહેતા હોય તેની ચારે બાજુ લીટી ખેંચી દરરોજ ૨૦૨ વખત એને પછી મકાનની ચારે તરફ દમ કરવાથી ૪૦ અ૦ બધી આફત બલાથી બચેલા રહેશે.

"યા મુકરીતો" (અદદ ૨૦૬) "અૈ ઇન્સાફ કરવાવાલા" (૧) એને દરરોજ એકસો વખત પઢનાર શયતાનના મકરો ફરેબ અને વસવસાથી બચેલો રહેશે (૨) દીન દુન્યાની કોઇ પણ હાજત માટે અને હાજત પૂરી થાય ત્યાં સુધી દરરોજ સાતસો વખત પઢવાથી ઇ૦ અ૦ બહુ જલ્દી હાજત પૂરી થશે. (૩) કોઇ રંજમાં પકડાઇ ગયા હોય તો દરરોજ સીત્તેર વખત પઢવાથી ઇ૦ અ૦ રંજ બહુ જલ્દી દૂર થઈ જશે. (૪) એને કસરતથી પઢનારનું દિલ ઇબાદતમાં લાગી જશે. (૫) જેને નમાઝમાં બહુ વસવસા આવતા હોય તો દરરોજ સવારે એને એક હજાર વખત ૪૦ દિવસ સુધી પઢશે તો ૪૦ અ૦ વસવસા દૂર થઇ જશે. (૬) અગર કોઇ મરદ તેની ઓરતોમાં બરોબર ઇન્સાફથી રહેતો ન હોય તો એને સાત હજાર વખત પઢી કોઇ ખાવા પીવાની ચીજ ઉપર દમ કરી તેને ખવાડવાથી અગર પીવાડવાથી ઇ. અ. ઇન્સાફથી રહેશે.

(અપૂર્ણ)

ધી રાંદેર સ્ટોર્સ.

ન્યુસપેપર એજન્ટસ.

ટાવર રોડ—સુરત.

મુંબઇથી રવિવારે પ્રગટ થતું **'વતન'** સાપ્તાહિક
જ. જિન્નાહ સ્થાપિત. કી. દોઢ આના

અમદાવાદથી સોમવારે પ્રગટ થતું **'દીન'** સાપ્તાહિક
તંત્રી:—નિઝામુદ્દીન કુરૈશી. કી. બે આના

સુરતથી શુક્રવારે પ્રગટ થતું **'હમદર્દ'** સાપ્તાહિક
તંત્રી:—સૈયદ મોહમ્મદ. કી સવા આનો

રાજકોટથી શુક્રવારે પ્રગટ થતું
'મુસ્લિમ બુલેટિન' સાપ્તાહિક
તંત્રી:—'શબનમ'. કી. બે આના

ઓલ ઇન્ડીયા રેડીઓના પખવાડીક
'આવાઝ' (ઉર્દૂ) કી. સાડા
'સારંગ' (હિન્દી) ત્રણ આના

સુરતથી દર અંગ્રેજી પંદરમી તારીખે પ્રગટ થતું **'કારવાં'** માસિક
તંત્રી:—'વહશી'—'બેકાર'. કી સાત આના

અમદાવાદથી દર ઇસ્લામી પહેલી તારીખે પ્રગટ થતું **'નિઝામ'** માસિક
તંત્રી:—'નિઝામુદ્દીન કુરૈશી'. કી. બે આના

"પાશ્ચાત્ય શિક્ષણ, સંસ્કૃતિ, અને સ્ત્રી વર્ગ."

[મૂળ લેખકઃ-જનાબ મૌલાના અબ્દુલ હકીઝ સાહેબ, બલ્યાવી.]
(અનુવાદકઃ-ઇસાભાઇ ઇબ્રાહીમ કાવી)

જો કોઇ દર્દી માટે કોઇ નુસ્ખો (પ્રિસ્ક્રીપ્શન) પસંદ કરવામાં આવે, અને તેનાથી તેને ફાયદો ન થાય, તો ફરી તેજ પ્રિસ્ક્રીપ્શનનો તેનાજ જેવા બીજા દર્દી માટે ઉપયોગ કરવો નરી મુર્ખતા અને અજ્ઞાનતા છે. આ એવો સર્વમાન્ય સિદ્ધાંત છે કે કોઇ અભણમાં અભણ મનુષ્ય પણ એનો પ્રતિવાદ કરી શકતો નથી, " **મન જરૈબલ મુજરીઁ હુદ્દત બિહીન્નદામહુ**" (પરીક્ષિત વસ્તુને પારખવાનું પરિણામ શરમિન્દગીજ છે.) એજ દ્રષ્ટિકોણનું શબ્દ-ચિત્ર છે। અને બંને જહાંના સરદાર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમનું ફરમાન "**લા યુલ્દગુલ મુઅમિનુ મિન હુજરિવ વાહિદતુન મર્તૈન**" કિન્તુ ઇમાનવાળો એક દરથી બીજીવાર ડંખાતો નથી. પણ એ તરફજ ઇશારો કરે છે!

જ્યારે એ સિદ્ધાંત સર્વ સ્વીકાર્ય છે, અને એ પ્રિસ્ક્રીપ્શન પુરૂષો માટે લાભદાયક થયું પણ નથી, તો પછી શું કારણ છે કે શિક્ષણ પ્રશ્નમાં પુરૂષો ઉપર પ્રિસ્ક્રીપ્શનનો ઉપયોગ કર્યા પછી સ્ત્રીઓ ઉપર પણ તેનો ઉપયોગ થઇ રહ્યો છે!!

૧૯ મી સદીમાં કૌમી પ્રતાપ, પ્રભાવ, અને પ્રતિષ્ઠા, કિન્તુ શાસનપદ ગુમાવ્યા પછી જ્યારે તે યુગના સમાજ-સુધારકો, અને કૌમી કાઇદોઓએ જોયું કે પરાધિન અવસ્થામાં રહ્યો સહ્યો વૈયક્તિક પ્રભાવ પણ અસ્તાચળ પ્રતિ ઢળી રહ્યો છે તો તેમણે વિચાર્યું કે હવે પરિશેષ સ્વમાનના સંરક્ષણ માટે પાશ્ચાત્ય શિક્ષણ અને ફિરંગી રંગ-ઢંગ સંપાદન કર્યા વિના અન્ય કોઇ માર્ગજ નથી!!! જો કે તેજ સમયે કૌમના અન્ય માર્ગદર્શકોએ એ યોજનાનો પ્રતિરોધ કર્યો, અને ચેતવણી આપી કે એ યોજના મુસ્લિમોને ઉત્થાનની ઉચ્ચ્યએ ઉન્નિત કરવાને બદલે પતનની પરાકાષ્ટાએ પહોંચાડશે। અને તેની સ્વાતંત્ર્ય-ભાવના કેવળ નાશ્વદ થઇ જશે! પરંતુ એ વિરોધ કરનારાઓને 'મુલ્લાં'! બુદ્ધિવિહિન, અને સંકુચિત વિચારસરણીવાળા કહેવામાં આવ્યા! અને ખુદા તથા રસૂલ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની આજ્ઞાઓનું ઉલ્લંઘણ કરીને પોતાના વાસ્તવિક સ્વમાનનો સર્વનાશ વહોરનારી સમાજે એ યોજનાનો સહર્ષ સત્કાર કર્યો। પ્રારંભમાં એ પ્રિસ્ક્રીપ્શને આ દ્રષ્ટિએ કંઇક સફળતા મેળવી કે થોડું અંગ્રેજી જાણનારાવાળો મોટી મોટી



પત્રીઓ પર આવતા રહ્યા. પરંતુ હમણાં જે હાલત છે તે વર્તમાનપત્રોના વાંચક વર્ગથી છુપી નથી! એક સાધારણ દરજ્જાની નોકરી માટે સેંકડોની સંખ્યામાં ટુટી પડે છે! એ ઉપરાંત બીજા વિચારવા યોગ્ય વસ્તુ આ પણ છે કે "મુસલમાન આ વિશાળ વિશ્વપટ પર જે એટલા માટેજ આવ્યો હતો કે,

"બી. એ. ફુ.એ નોકર ફુએ,
પેન્શન મિલી ફિર મર ગયે,"।

તો માનવું પડશે કે આલિમો અરેબ્બર ભૂલતા હતા, અને પાશ્ચાત્ય શિક્ષણના પ્રચારકો કૌમના મહા ઉપકારક! પણ જે મુસ્લિમોનો જીવન-ઉદ્દેશ એ સિવાય કંઈ બીજોજ છે તો જોવું જોઇએ કે તેમાં કયાં સુધી સફળતા મળી? ૧૮૫૭ના મુક્તિ સંગ્રામ પછી 'હેનરી લેરેંગહન હાગ્સ" જે બંગાળનો સીવીલીયન હતો તેણે ૧૮૫૮માં "ભારતમાં ભુતકાલિન વિપ્લવ, અને આપણી ભાવીનીતિ" નામની પોતાના કૃતિમાં લખ્યું છે કે:-

"તે મુસલમાન પહેલા ખલીફાના સમયથી વર્તમાન સુધી એક સરખી રીતે મગરૂર, અસહિષ્ણુ, અને અત્યાચારી રહ્યા। હમેશા તેઓનો એજ હેતુ રહ્યો છે કે કોઇ પણ રીતે ઈસ્લામી હુકૂમત સ્થાપિત થાય, અને જિંગીઓ સાથે ધર્મ-લાગણીને ઉત્તેજન મળે! મુસ્લિમો કોઇ બીજી ગવર્નમેન્ટના કે જેનો ધર્મ જુદો હોય ઉત્તમ પ્રજા બની શકતા નથી, એટલા માટે કે કુર્આની આજ્ઞાઓના અસ્તિત્વમાં એ વાત શક્યજ નથી."

[હુકૂમતે-મુઘ્ ૪૦તીયારી પૃષ્ઠ ૫૫ ૫૬,]

એજ પેજીરી હતી જેના વડે મુસ્લિમોને સંસ્કરિક-ઉત્કર્ષના પ્રલોભનો 'બ્રીટીશ ધાર્મિક શિક્ષણથી અલગ રહેવાના પ્રચંડ પ્રયાસો આદર્યા અને શક્ય એવી રીતે તેમને ધર્મથી વિમુખ કરવાની રમતો રમાઇ, જે સફળ થઇ। મિસ્ટર લિન્ચના કથનાનુસાર દેશની સાથે "દ્વિભાગ" પણ કરી લેવામાં આવ્યો.

પ્રારંભમાં જ્યારે મુસ્લિમોના એ માનસિક પરિવર્તનનો આરંભ થયો, તે સમયે ઈસ્લામી નિયમોનું ઉલ્લંઘન કરતાં શરમ આવતી હતી. પરંતુ જેટલા પ્રમાણમાં પાશ્ચાત્ય સંસ્કૃતિનો રંગ ચઢતો ગયો તેટલાજ પ્રમાણમાં એ શરમ ભાન ઓસરતું ગયું! અને હવે તો આ વખત આવ્યો છે કે ખુદા અને રસૂલ (સલ્લ)ના અદકાયોથી દ્રોહ કરવો કોઇ અપરાધ ગણાતો નથી! જે કોઇ શખ્સ ખુદાઇ કાનૂનોથી ઉત્કર્ષણ કરે તો તે પોતાના એ કૃત્યથી શરમાતો નથી! બલ્કે ઉલ્ટો આત્મા-પાલકને શરમાવવાનો પ્રયાસ કરે છે! જે કોઇ 'કથન' કે 'વર્તન'ના સમર્થનમાં કુર્આન અને હદીસથી કામ લેવામાં આવે, તો તે આપણા 'રોશન ખિયાલ' વર્ગને માટે "અહલ-ઝંઝાર" બનવાને બદલે (ખુદાની પનાહ) વહેમ અને વસવસાનો ઝરો બની જાય છે! પણ જે કોઇ કથનને માટે કોઇ 'બ્યુટન' યા 'બેકન'નું નામ રજુ કરવામાં આવે તો મરદનો બુકા બની જાય છે.

એજ તે શિક્ષણ વિષયક સાદીપ મોરજના હતી જેને 'મોર્લે'એ ઇ. સ. ૧૮૬૫ના એક પત્રમાં આલેખી હતી કે.

"શિક્ષિત હિન્દુસ્તાનીઓ પ્રકૃતિ-ભારતના મત, નીતિ અને વિચાર સરણીમાં બિલકુલ

એ રીતે તેને નવયુવક સ્ત્રી, પુરૂષોના દુરાચરણોથી પરિચિત થવાનો પુરતો પ્રસંગ મળ્યો છે પોતાના એક ગ્રંથમાં લખે છે કે:—

"હાઇસ્કુલની ઓછા માં ઓછી ૪૫ ટકા વિદ્યાર્થીનીઓ કોલેજ-લાઇફ પહેલાંજ ભ્રષ્ટાચારી થઇ ચુકી છે! અને લાર પછીના શિક્ષણ ધોરણમાં એ પ્રમાણ એનાથી પણ વધી જાય છે."

એક બીજા પ્રસંગે એજ ગ્રંથકાર લખે છે કે:—

"હાઇસ્કૂલની 'વર્ય'વાણી ૪૯૫ બાળાઓ જેણીઓએ ખુદ મ્હારી સ્હામે કબૂલ કર્યું છે કે તેણીઓએ લડકાઓદ્વારા "પુરૂષ-સબંધ"નો પરિચય થયો છે! એમ થી માત્ર ૨૫ એવી હતી જેણીઓ સગર્ભા થઇ હતી, કેટલીક અનાયાસે બચી ગઇ હતી! પરંતુ ઘણીખરીને બર્થ કંટ્રોલની અસત્કારક યુક્તિઓનું સંપૂર્ણ જ્ઞાન હતું! એ વાકેફિયત તેણીઓમાં એટલી પ્રસરી ચુકી છે કે લોકોને તેના ખરા અડસટ્ટાની ખબર નથી! (તરજુમાનુલ કુર્આન)

હવે આપ પોતે વિચાર કરો કે કદાચ ખુદા ન કરે તમે પોતે પણ એ માર્ગે તો નથી જઇ રહ્યા? જેના ઉપર યુરોપ અને અમેરીકા ચાલીને પોતાની નૈતિક હાલતને પાયમાલ કરી ચુક્યા છે!

"ન સમ્હોગે તો મીટ જાઓગે અય હિન્દુસ્તાંવાલો" તુમ્હારી દાસ્તા તક ભી ન હોગી દાસ્તાનોમે!

આપ કહીશો કે અમે સ્ત્રીઓ માટે શિક્ષણ, અને સભ્યતાના વિરોધી નથી. બલ્કે અમારો હેતુ શિક્ષણ-પદ્ધતિની સુધારણા છે. અમે ઇચ્છીએ છીએ કે આપણી બા, બહેનો અને બેટીઓ એવું શિક્ષણ અને સભ્યતા શીખે કે જે તેણીઓની મઝહબી અને ઇસ્લામી વિશેષતાઓનો વિનાશ ન કરે, બલ્કે નઝદીક જેવી પ્રત્યેક તઅલીમ જે નૈતિક હાલતનું રક્ષણ કરે તે મુસ્લિમોનો ધ્યેય હોવો જોઇએ. અને જે શિક્ષણ દુરાચાર, અધર્મવાદ અને નાસ્તિકવાદ તરફ લઇ જાય એનાથી તો અજ્ઞાન રહેવું જ ઉત્તમ છે.

"ગર ન ઇલ્મત સૂયે યઝદાં રહબરત
જહલ અઝાં ઇલ્મ સદ રહ બેહતરસ્ત"


—o—



પુરૂષોના કપડાં સાયન્ટીફીક રીતે વેતરતાં અને સીવણ શીખવા માટે રૂબરૂ મળો યા લખો.

મુરાદ ટેલરીંગ વર્કસ
એન્ડ ઇન્સ્ટીટ્યુટ

MURAD TAILORING WORKS.
Try our Secret Good Fit for Scientific Cut, up-to-date Fitting & Modern style.
પ્રો. એસ. જી. મુરાદ.
ચુનારવાડા મસ્જીદ પાસે, રાજકોટ.



શ્રી વિક્ટોરિયા જ્યુબિલી મદ્રેસાહ કન્યાશાળા, પોરબંદર.

કારવાં [માસિક] Registered No. B. 4327.

તંત્રી: "વહશી" બંદરી. ...સહતંત્રી: "બેકાર"

માસ મે ૧૯૪૨

પુસ્તક. ૩ જું અંક ૯ મો

અનુક્રમણિકા.

વિષય સૂચ.		લેખકનું નામ		પૃષ્ઠ.
આહ્વાન	... ...	એ. પુરકીન	...	... ૫૦૫
ઇસ્લામી શિક્ષણ (કુર્આન)	...	મૌ૦ અ. રહીમ સા૦	...	... ૫૦૬
" " (હદીસ)	...	" " " "	...	... ૫૦૭
પોક	...	રા. વૃજ્જરો	...	... ૫૦૮
આવાજની દુનિયા	... ...	"બેકાર"	...	... ૫૧૨
ચાંદુડીયાં	... ...	.....	...	૫૧૩–૧૪
કતારા	... ...	મૌ૦ અ. અશરફ	...	... ૫૧૬
"આંધળી છોકરી"ના ઉદ્ધારગીર	...	વલી	... ...	... ૫૧૮
ચારિત્રનું બળ	... ...	હાશિમ	... ...	.... ૫૨૦
ફૂંમિયાં ને તિરમારખાં	... ...	શાન્ત	... ...	... ૫૨૧
"અટારીમાં"	... ...	અશરાફ	... ...	... ૫૨૪
સિદ્ધિના સન્માર્ગ	... ...	"ગાફિલ"	...	... ૫૨૫
જીવનનાં વહેણ (પાંચ કલમે લખાયલી વાર્તા)		"જોગ"–"કિસ્મત"	...	... ૫૨૯
ચીનમાં ઇસ્લામ	... ...	"બખ્શી"	... ...	... ૫૩૬
એક ભયંકર દ્રષ્ટિ કોપ	... ...	"ગાફિલ"	... ...	... ૫૪૨
નેપોલીયનની ઉદારતા	... ...	"મઝાક"	... ...	... ૫૪૭
ગુજરાતના ઉર્દૂ ગઝલકાર	...	બચુબક્ષી	... ...	... ૫૪૯
અરબાઉલ હુરના	... ...	રિકાઇ–સાબેરી	...	... ૫૫૨
પાશ્ચાત્ય શિક્ષણ, સંસ્કૃતિ અને સ્ત્રી વર્ગ		ઇસ્લાભાઇ	... ...	... ૫૫૬

વાર્ષિક લવાજમ–હિન્દ અને સીલોન રૂા. ૪, બર્મા રૂા. ૫, પરદેશ રૂા. ૮

"કારવાં" દર અંગ્રેજી મહીનાની તારીખ પંદરમીએ પ્રગટ થઇને તેજ દીવસે પોષ્ટ કરવામાં આવે છે. રેપર ઉપર ગ્રાહક નંબર હમેશા લખવામાં આવે છે. પત્રવ્યવહાર વેળા તે લખવા ચૂકશો નહીં. અંક નહીં મળવાની ફરિયાદ લિંદના માસકાએંતા. ૨૫મી સુધીમાં કરવી.

Printed by: Maganlal Mangaldas Patel, at The 'Gangotri' Printing Press Kanpith, Khadal Bazar, Surat.

Published by: Azum Ahmed Esmail Vahshi for Vahshi Sahitya Karyalaya Tower Road, Surat.

2355



હિન્દના અગ્રગણ્ય અને મુંબઈ ઇલાકાના ખાસ
રાજદ્વારી લાગવગ ધરાવતા મુસ્લિમ આગેવાન

સર ઇબ્રાહીમ રહેમતુલ્લાહ મર્હૂમ

જેમના અવસાનની ખોટ મુંબઈ ઇલાકાને વરસો સુધી રહેશે.

"કારવાં"માં અવારનવાર પોતાના કાવ્યોથી જાણીતા થએલા ગુજરાત અને બૃહદ ગુજરાતના આશાવાદી કવિ અને લેખક ભાઇ અહમદ યૂસુફ "ગુલ"નું તેમના વતન પોરબંદરમાંજ ૨૮ વરસની ભર યુવાનીમાં અકાળે અવસાન થયું છે. (ઇન્ના૦) ખુદા મર્હૂમને ગરીકે રેહમત કરે અને એમનાં કુટુંબી જનોને સબ્રે જમીલ અતા કરે ! આમીન !

પુસ્તક ત્રીજું અંક ૧૦ મો



ચિત્રા



જુન ૧૯૪૨

અપરિપકવ

મંઝિલ ક્યાં ?

પ્રભાત અણવિકસ્યું જ રહ્યું એનું સોનેરી તેજ હેતુહીણ બની ક્ષણ માત્રમાં વિલીન થયું.

જીવન-વહેણમાં પ્રશ્નાળતાએ પ્રવેશ કર્યો, ઉષા એની બહારમાં ખિલી ઉઠી. ક્ષીતીજને આરે ઉભેલી સંધ્યાએ હાસ્ય વેર્યું.

મધ્યાન્હે અંગારા વરસાવ્યા ત્યારે જ સંધ્યાએ રવિ ત્યાથમ્યો.

જીવનપ્રભાત ખીલે છે, વિકસે છે, તપે છે, પરંતુ જીવન પંથ ક્યાં-પૂર્ણ થાય છે ? જીવન મંઝિલ સુધી કોણ પહોંચે છે ?

હૃદયનું યૌવન

યૌવન એ જીવન છે. યૌવન એ જીવનની વસંત છે

વસંત આવે અને કુંજોમાં કિલકાંરવ ગુંજે. નિગમતી કલ્પનાઓ યૌવનપર મરે છે.

યૌવન જીવનને રીઝવે છે. પ્રાણમાં પ્રેરણાનાં વિદ્યુત પાય છે.

પરંતું મારા હૃદયનું 'યૌવન' તો એના વિકાસ પહેલાંજ કરમાઇ ગયું છે એનું શું ? માત્ર દેહના યૌવનનું મહત્વ શું ?

સામ્યવાદ !

મહેનત, મંઝદૂરી કરી શ્રમજીવીની કાયા પડછંદ બની છે. વ્યવસાયની ચિન્તાઓમાં રહી આમોદ પ્રમોદ કરતાં કરતાં શ્રીમંતનું જીવન નિર્મળ બન્યું છે.

શ્રમજીવી શ્રમજીવનમાં એકતાર છે. શ્રીમંત નિર્મળ જીવનમાં છે. ન બનેમાં સામ્યવાદ !'

'બેખુદ' ધોરાજવી

"પ્રેમ"

સંયોગોનું દ્વાર ને, પવિત્રતાનું સર્વોત્કૃષ્ટ, મર્મસ્પર્શિ ભવ્ય ચિત્રાણ : એ' પ્રેમ : એ' ચિત્રણ માનવ-અંતરે પગલીયે પગલીયે અંકિત થાય છે-જ્યારે, મન, ઉન્મત્ત સુંદરતા ને આકર્ષતાના સામર્થ્ય તળે દબાય છે ત્યારે..!


એના વર્ણન કાજે લફ્ઝો ક્યાંથી આણવા ? એ' સારૂ મથનોય શા કરવા ?...જ્યાં, પ્રેમ : સ્વયં અવર્ણિય છે-અદ્રશ્ય ને અશ્રવર્ણિય છે ત્યાં !

હા, હૃદય એક માત્ર વસ્તુ, એના દિગમ્બર તાદૃશ્યતાનું-તત્સમયતાનું હુબહુ વિરાટ સ્વરૂપ છે...

એકાંત, વિરહ, અપમાન, તિરસ્કાર, બદનામી, દીવાનગી-કૃના આદિથી સંયોજિત પ્રેમ : એની ગહન ઘેરી સમસ્યાઓ-તત્સવિતા આલેખી શકાય-કલમેર-કુટિરેથી હૃદયજ્યોત બહાર આણતા ને નયન લેખિની વળે, આશામય-નિરાશા પૂર અક્ષરે, આંતમૃષ્ઠ-પૃષ્ઠે !'...

કલ્પના વાટે, મન વાડીમાં સરી જતી મધુ-મિઠી પ્રેરણા 'ને અદૃશ્ય દ્રષ્ટાના દિવ્યત્તમ દર્શનને તલસ્યુર, એ' પ્રેમ-સુગંધિની છતી પ્રતિતિ છે...

એ' વિલસે છે-ભવ્યતા અભિષેકે છે, મધમધતા સ્નેહ-વાત્સલ્ય તર, સદ્ભાવિ પ્રાણ-છિપોની અંતરગત 'ગુલ-કયારીઓ'માં સદા સર્વદા !... મર્હુમ "ગુલ" (પોરબંદર)



ઈસ્લામી શિક્ષણ

[illegible] ફરમાન (કુર્આન)

[illegible] આદુલ્હીમ સાદિક સાહબ

(૧૯૫) હે લોકો ! પોતાના ઉપરના ખુદાઇ ઉપકાર યાદ કરો. શું ખુદાના સિવાય બીજો કોઇ રોજી આપનાર છે ? જે આકાશ અને જમીનથી તમને રોજી આપતો હોય ! તેના સિવાય કોઇજ હાકેમ નથી. ફરી કયાં અવળા જાઓ છો ? (કુર્આન)

* * * *

(૧૯૬) તું કહી દે મારો પરવરદિગાર ચાહે તેની રોજી ખોલી દે છે અને ચાહે તેને માપથી આપે છે પરંતુ ઘણા લોકો સમજતા નથી (કુર્આન)

* * * *

(૧૯૭) અલબત અમે તેમને તે મહાન અજાબ પહેલાં (દુન્યામાં) થોડી શિક્ષા ચખાડીશું કે કદાચ તેઓ (અમારા તરફ) પાછા વળે. (કુર્આન)

* * * *


(૧૯૮) તું કહી દે જો તમે (જંગમાં) મરવા અથવા માર્યા જવાથી નાસો છો તો આ નાસવું તમારા કંઇ કામ નહિ લાગે અને ફરી પણ થોડાજ દિવસ સિવાય (વધારે) ફળ નહિ પામો. (કુર્આન)

* * * *

(૧૯૯) જો કોઇ વાતને તમે જાહેરમાં કહો અથવા તેને છુપાવો તો (યાદ રાખો કે) ખુદાપાક દરેક વસ્તુને જાણનાર છે. (કુર્આન)

* * * *

(૨૦૦) તું કહી દે અગર ખુદા તમારી સાથે બુરાઈ ચાહે તો કોણ તમને તેનાથી બચાવી શકે છે અથવા તમારા ઉપર મહેરબાની કરવા ચાહે (તો કોણ તેને હટાવી શકે છે) અને તેઓ પોતાના માટે ખુદાપાકના સિવાય કોઇ દોસ્ત કે કોઈ મદદગાર નહિ મેળવે. (કુર્આન)



ઈસ્લામી શિક્ષણ

રસૂલુલ્લાહ સલ્લ૦નું ફરમાન (હદીસ)

મૌલાના અબ્દુર્રહીમ સાદિક સાહબ

(૧૯૫) રસૂલુલ્લાહ સલ્લ૦એ ફરમાવ્યું કે નેકી અથવા એહસાનની કોઈ વસ્તુને હલકી કે થોડી સમજવી નહિ. અને તારા મુસ્લિમ ભાઇને વચન આપી તેનો વિરોધ કર નહિ (મુસ્લિમ)

× × × ×

(૧૯૬) રસૂલુલ્લાહ સલ્લ૦એ ફરમાવ્યું કે મુરદાર જનવરનું તો માત્ર આલુંજ હરામ છે. (એટલે તેની ખાલ, હાડકાં, દાંત, વાળ વગેરેને ઉપયોગમાં લેવું હરામ નથી.) (સહીહૈન)

× × × ×

(૧૯૭) રસૂલુલ્લાહ સલ્લ૦એ ફરમાવ્યું કે તમો ડાબા હાથ વડે ખાઓ નહિ. કારણ કે ડાબા હાથે શયતાન ખાય છે. (મુસ્લિમ)

× × × ×

(૧૯૮) રસૂલુલ્લાહ સલ્લ૦એ ફરમાવ્યું કે દેશમને તો તેજ પુરૂષ પહેરે છે જેનો (આખેરતમાં) હિસ્સો નથી (મુસ્લિમ)

× × × ×

(૧૯૯) રસૂલુલ્લાહ સલ્લ૦એ ફરમાવ્યું કે (લડાઈમાં) શત્રુ જોડે બાથ ભીડવાની ઇચ્છા કરો નહિ. પણ જ્યારે તેઓ સાથે ભેટો થાય તો દૃઢ રહો. (બુખારી)

× × × ×

(૨૦૦) રસૂલુલ્લાહ સલ્લ૦એ ફરમાવ્યું કે જે ચીજમાં પ્રાણ હોય તેને નિશાનો બનાવો નહિ. (મુસ્લિમ)



ચાલતાં ન્યાયને રસ્તે ચાલશે. થોડાક મિત્રો (જો હોય તો)ને આગળ લાવવા સારૂ તેઓ ઘણાને ધક્કા દઈ પાછા હડસેલવાનું પસંદ નહિ કરે.

અને પેલા 'કારવાં'ના તંત્રી પાસે 'ઝાર'નું ભાષણ છાપવા બદલ મફી માંગાવવા નીકળેલા મિત્રો રેડીઓવાળા પાસે માફી માંગાવવા કેમ જતા નથી? ભાષણ પહેલાં રેડીઓ પર બોલાયું પછી 'કારવાં'માં છપાયું. 'કારવાં'નો પ્રચાર કંઈ રેડીઓથી વધુ નથી! પછી શા માટે 'કારવાં'ને દંડાવાય છે અને રેડીઓને કંઈ કહેવાતું નથી? ખરી વાત તો એજ હતીને, કે, ગુજરાતને-વાચકોને ભરમાવી પોતાનો સ્વાર્થ સાધવો હતો.

• • •

'આધળી છોકરી'ના ઉઠાવગીર આસિમ જેવા ઢોલ વગાડતા ફરે છે કે એ કવિતા નીચે મે સુચિત લખ્યું છે માત્ર આટલાજ તરણાના આધારે તેઓ તરીને પાર જવાની હિંમત રાખતા હોય તો એ હિંમત દાદને કાબિલ છે પરંતુ જનાબ 'આસિમ' સાહબ સાંભળીને ખુશ થાય કે 'ચોર' કરતાં ચોરી પકડનાર વધુ હુશ્યાર હોય છે! સુચિત લખવાની વાત છે ત્યાં લગી આપને જણાવવાનું કે આપે 'બેયડીયોજ'માં સુચિત લખ્યું હતું. પણ 'વસંત' માસિકમાં તો સૂચિત નથી લખ્યું ને? ઓહ તમારૂં એમ પણ કહેવું છે કે હું સૂચિત લખું છું છતાં તંત્રીઓ તે કાપી નાખે છે! ખૂબ તંત્રીઓને પણ લેતા દેખવાની અક્કલ કાઢી છે! આખર છોતો રંગીલા કવિને! ચાહે તો પેનનો, 'દિમાગનો,' કે હાથનો પણ વાંક કાઢી શકો છો, પણ આપને એ બધા ગવાહો શોધવાની તસ્દી ન થાય તેટલા માટે હું ફરીથી કહું છું કે એ ગઝલ આપે પોતેજ ગુજરાત-કાઠીઆવાડમાં ગાઇ સંભળાવી હતી, અને આપ ગાતા હતા ત્યારે કદી પણ સૂચિતનો શબ્દ ઉચારતા ન હતા આપના મુખેથી સાંભળનારા ગુજરાતીઓ જોગએ તેટલા છે. માટે હવે એ નકામી તસ્દી આપ છોડી દો! કેમકે હજી ઘણોય માલ ચોરીનો આપને ત્યાં છે અને તે પણ એવો કે સૂચિત નહિ પણ ઉચિત

વળી સૂચિત કોને કહેવાય? સીધું ભાષાંતર કરો તેને સૂચિત ગણાવવું છે? કૃપા કરી આપ શબ્દકોશ તથા થોડાક વિવેચનો વાંચી ગયા પછી આવજો.

ઋણ કેમ?

"મુંબઇ રેડીયો પર છેલ્લો ગુજરાતી મુશાયરો થયો તેમાં ફક્ત ત્રણજ શાયરોનાં નામ કેમ પ્રગટ થયાં હતાં?" એક મુશાયરાથેલા મિત્રનો પ્રશ્ન. એ ત્રણ સિવાયના મુંબઇના બીજા શાયરો પર ઠારકાની છાપ નહિ લાગી હોય એટલે શાનું નામ પ્રગટ થાય?


•—•

સાદિક બુક ડેપો

રાંદેરના

ગુજરાતી તર્જુમાવાળા કુર્આન શરીફના પારાઓ, આઠસૂરા સંગ્રહ અને બીજાં પુસ્તકો માટે પધારો.

ધી રાંદેર સ્ટોર્સ, ટાવરરોડ, સૂરત



સવાલ–એક શખ્સ ગુજરી ગયો. તેણે પાછળ આ લોકો છોડ્યા છે. તેનો માલ કેવી રીતે વહેંચવો જોઇયે તે નકકી કરી જણાવશો. એક ઔરત, ત્રણ દીકરા, એક દીકરી, એનો જવાબ આપો.

જવાબ–પ્રથમ મર્હૂમના માલમાંથી કફન દફનનો ખર્ચ અને કરઝ હોય તો તે અને મર્હૂમની વસીયત હોય તો તે ત્રીજા માલ સુધીમાંથી અદા કર્યા બાદ કુલ માલના ભાગ ૮, કરવા. તેમાથી ઔરતને એક ભાગ એટલે આઠમો હિસ્સો અને દરેક છોકરાને ભાગ ૨, છોકરીને ભાગ ૧, મળશે. ઔરતની મેહેર બાકી હોય તો તે વારસા વતરોક આપવી પડશે, (સિરાજી)

સવાલ–એક જણ ગુજરયો છે. તેની ઔરત છે અને એક છોકરો છે અને બે સગા ભાઇ છે. કોને કેટલું મલશે તે જણાવો.

જવાબ–શરઇ હકો અદા કર્યા બાદ કુલ માલના ભાગ ૮, કરવા. જેમાંથી આઠમો ભાગ એટલે એક ઔરતને મળશે અને બાકીનો કુલ માલ છોકરાને મલશે, ભાઇઓને કંઇ મલશે નહિં. ઔરતની મેહેર બાકી હોય તો તે તેણીને વારસા વતરોક અદા કરવું જરૂરી છે. (સિરાજી.)

સવાલ–એક માણસ મી. ઉસમાન નામનો ગુજરી ગયો છે તેની માત્ર બે છોકરીયો છે અને બે ભાઇઓ છે. જેઓ સગા એક માબાપથી છે અને એક ભાઇ બેન સાવકા એટલે બાપ એક અને મા અલગ છે. તો મરનારનો વારસો કેમ વહેંચવો?

જવાબ–પ્રથમ શરઈ હક એટલે કફન દફનનો ખર્ચ, કર્જ અને વસીયત માલના ત્રીજા હિસ્સા સુધીમાંથી, એ સર્વ અદા કર્યા પછી જે માલ બચે તેના ભાગ ૬ કરવા. એમાંથી બે બે ભાગ દરેક છોકરીને અને એક એક ભાગ દરેક સગાભાઇને મળશે. સાવકા ભાંઇ અને સાવકી બ્હેન મહરૂમ છે એમને કંઇ મળશે નહિ (સિરાજી.)

સવાલ–એક માણસ મરણ પામ્યો છે. તેનો બાપ હયાત છે. એને એક છોકરો છે અને તેની એક ઔરત નિકાહની છે. તો કોને કોને કેટલું અને કેવી રીતે મળશે?

જવાબ–સર્વથી પહેલાં શરઇ હકકો અદા કર્યા બાદ માલના ભાગ ૨૪ કરવા. મર્હૂમના બાપને ભાગ ૪ મળશે. દીકરાને ૧૭ મળશે અને ઔરતને ભાગ ૩, એટલે આઠમો હિસ્સો મળશે. તેણીની મહેર બાકી હશે તો તે પણ તેણીને વારસા વતરોક ધણીના માલથી મળશે. (સિરાજી.)



સવાલ–બકરો ખસ્સી કરવો દુરસ્ત છે કે નહિ અને કુર્બાનીમા ચાલે કે નહિ ?

જવાબ–બકરો ખસ્સી કરવો જાઇઝ છે, અને કુર્બાનીમાં પણ ચાલી શકે છે એમાં કંઇ બાધો નથી. બલ્કે ખસ્સીની કુર્બાની આપવી અફઝલ છે. (ઇમદાદુલ ફતાવા)

સવાલ–એક છોકરા, છોકરીના નિકાહ થયા હતા ત્યારે બન્ને નાના હતા હવે મોટા થયા છે. મર્દ, ઔરતમાં કોઇ તરેહનો મેલાપ થયલો નથી, બીલકુલ એકાંતમાં પણ કોઇ વાર મળેલા નથી. હવે મર્દએ તેણીને તલાક આપી છે. તો તેણી ઇદ્દત ગુજારે કે નહિ ?

જવાબ જો વિદાગરી થઇ ન હોય તેમજ એકાંતમાં કોઇ વખતે મળવા ન હોય એટલે ખિલ્વતે સહીહા પણ ન થઈ હોય તો એવી સુરતમાં ઔરતને તલાક મળવાથી ઇદ્દત ગુજારવી ન પડશે. (દુરે મુખ્તાર, શામી.)

સવાલ–ઔરત હામેલા છે અને ઝિનાથી હમલ માલમ પડે છે તેની સાથે એક જણે નિકાહ પઢયા તો એ નિકાહ થાય કે નહિ.

જવાબ–જે ઝિના કરનાર મર્દ છે તે માણસ તેણી સાથે હમલની હાલતમાં નિકાહ કરી શકે છે જ્યારે કે મજકુર હમલ એજ ઝાનીથી હોય. બીજાએ નિકાહ કરવા જાઇઝ નથી. હદીસ શરીફમાં છે કે એકની ખેતીમાં બીજો પાણી પીવડાવે નહિ.

હુવાઇ હુમલા પ્રસંગે શું કરવું ?

રાંદેર માટે સરકારી સૂચના.

સુરતના ડી. માજીસ્ટ્રેટ મી. વૈદે હિંદ રક્ષણ કાયદાની રૂએ પોતાને મળેલી સત્તાને આધારે રાંદેર શહેરમાં દુશ્મન હલ્લો થાય તો તે-અંગે પ્રજાએ અમલમાં મૂકવાના નિયમો અંગે એક હુકમ બહાર પાડયો છે. એ હુકમ પ્રમાણે જે માણસને કંઇ કામ ન હોય ને જે ઘરમાં હોય તેણે ઘરમાંજ રહેવાનું છે; જે લોકો બહાર હોય ને કામ વગરના હોય તેમણે શેલ્ટરનો આશ્રય લેવાનો છે. રસ્તે ચાલતા વાહનોએ ડાબી બાજુએ જઇ ઉભા રહેવાનું છે. ઘોડા કે બળદોને વાહનથી છોડી નાંખી નજીકમાં કોઇ થાંભલા કે ઝાડ સાથે બાંધવાના છે, એવી જગા ન મળે તો પૅંડ સાથે બાંધી શકાશે. પોલિસનાં બહોર સર્વિસનાં ને સરકારી વાહનોનેજ એ વખતે રસ્તા પરથી પસાર થવા દેવામાં આવશે બાકી વખતે બાનગી વાહનોની લાઇટો બુઝાવી નાંખવી પડશે. તમામ લોકો જ્યાં પણ હોય ત્યાં તેમણે પોલીસના હુકમો માનવા પડશે. કોઇ પણ મકાન માલીકને પોલીસ કે એ. આર પી ના અમલદારની સુચના પ્રમાણે કોઇ પણ માણસને પોતાના ઘરમાં આશ્રય આપવો પડશે. ઘાયલ થયેલાને સારવાર માટે લઇ જવા સત્તાવાળાઓ કોઇ પણ બાનગી વાહન ઉપયોગમાં લઇ શકશે. ફાયર બ્રાગ્રેડની નજીકમાં વાહનો રખાશે નહી. ૬૦ ફુટનું અંતર રાખવું જોઇશે. દરેક વાહનવાળાએ ચોકકસ માપનું દોરડું સાથે કાયમ રાખવું પડશે.



—: પંક્તિ :—

" પીતો હતો હું તેથી વધુ ઢોળતો હતો. "

કાફિયા:—ઢોળતો, ચોળતો વગેરે. રદીફ:—હતો.

—[૧]—

સ્મરણ કોઇનો ઉરને ખંખોળતો હતો,
સુતેલ ઊર્મિઓ કોઇ ઢંઢોળતો હતો!
માહે મહીં તમારી—જુદાઇની રાતમાં;
હું દિલને, દિલ કદી મને ઝંઝોળતો હતો.
તરસીગયા—અને અમે તડપીને રહી ગયા;
એક ઘૂંટભર ન દીધો—બધું ઢોળતો હતો.
ઝંખી. ઉઠું છું, ઉધ મહીં હું ઘડીઘડી;
આ કોણ દરઘડી મને ઢંઢોળતો હતો.
મસ્તી હતી જરાકને, ઉોલન વધુ હતું;
પીતો હતો—હું તેથી વધુ ઢોળતો હતો.
સુધાને એ ઘડી હજી ગુજરી હતી મને;
આપીને સાં પ્રલય મને ઢંઢોળતો હતો.
"નાશાદ," દિલ મહીં કોઇ આવી કદી કદી;
સંતાપને—છૂપીને જીવન ખોળતો હતો!
["નાશાદ"

—[૨]—

જ્યાં જ્યાં હું એક મારો નજર ખોળતો હતો;
ત્યાં ત્યાં હું લાખ ઊર્મિઓ ઢંઢોળતો હતો.
એને હું ઠેર ઠેર જગે ખોળતો હતો;
એક વિશ્વ માટે વિશ્વ કુંજ ડોળતો હતો
કુંજ અથુ એને યાદ કરી રોળતો હતો;
પીતો હતો હું તેથી વધુ ઢોળતો હતો.
એક જગની ઉિન્નતિ હતી મુજ જાગૃતી મહીં;
હર યુગ યુગે યુગે મને ઢંઢોળતો હતો
કોઇને મન બુરો હતો કોઇને મન ભલો;
જેવો હતો જે એવો મને તોળતો હતો
એક એકે ખોળતા હતા હુંમેશ લાખ રૂપ;
એક હું કે એક રંગ સદા ઘોળતો હતો.
એક હું કે માનતો હતો એને મુગટ મણી;
એક એક પગ તળે મને રગદોળતો હતો.
એક રંગીના થવા દીધું પાપી જીવે જીવન;
હું રંગતો હતો અને એ રોળતો હતો.
"ધાયલ" જીવન મહીં મંા નડેલો જીવનનો મોહ;
તરણાની તોલે જીવને હું તોળતો હતો.
["ધાયલ"

—[૩]—

શું હું અમરતો મારાં નયન ચોળતો હતો?
સમજ્યા વિના શું મોંઘી મતા રોળતો હતો?
મૃત્યુના તાંતણાઓને રંગોળતો હતો;
જીવનનાં માળખાંઓને ઢંઢોળતો હતો.
ઉપાતા ગાત્ર રંગનું નિતરણ ગૃહી ગૃહી;
કો કલ્પનાનાં પાત્રને વિંછોળતો હતો.
જે કલ્પનાએ સર્જ્ય પ્રતિભાઓ રૂપની;



તેને પ્રણયના તેજ થકી ઘેાળતેા હતેા.
આતેા જુએા કે તારવા હાલ્યા છે દેશને;
કણથી ભર્યો તે પહેલાં કુટુમ્બ ખેાળતેા હતેા.
શે ગ્હારા પ્રાણ ખીલવ્યા એવા ઉધાનમાં;
જ્યાં, પાનખરનેા વાયરેા વ ટેાળતેા હતેા.
'સાબિર' કહું શું તેજ કૃપાઘેરી કૂરતા;
પીવા ન દેતેા તેથી વધુ ઢેાળતેા હતેા.
વટવા.] ['સાબિર'

-[૪]-

જેને હું આમ તેમ ફરી ખેાળતેા હતેા;
દિલમાંજ બેઠેા તે મને ઢઢેાળતેા હતેા.
જોઇને સ્વર્ગમાં મને રહેમત હસી પડી;
જ્યારે ફરિસ્તેા મારા ગુન્હા તેાળતેા હતેા.
ગઈ કાલના એ ભાળીને જાણું છું આજ પણ;
મારા જીવનનું ફૂલ જે રગદેાળતેા હતેા.
દરિયા કિનારે સાંજના છે બાળપણની યાદ;
ગાતી હતી તું ગીત ને હું ડેાળતેા હતેા.
મારા એ દિવસેાને હજુએ ભૂલ્યેા નથી;
"પીતેા હતેા હું, તેથી વધુ ઢેાળતેા હતેા."
એ રીત પાન ખાતા હતા આજે શેખજી;
જાણે કે પાડેા ઘાસને વાગેાળતેા હતેા.
ના'નેા નીકળ્યેા 'કણ'થીએ દુન્યામાં હું 'અમીન'
મારી નઝરથી જ્યારે મને તેાળતેા હતેા.
સુરત] [અમીન

-[૫]-

અંતરની ઉર્મિઘેાને હું ચી'ખેાળતેા હતેા;
આરામ ઝિન્દગીનેા છતાં ખેાળતેા હતેા!
નરગિસની આંખમાં કહિ બુલબુલની પાંખમાં!
વ્યાકુળ હૃદયની જ્યેાતને હું 'ખેાળતેા' હતેા!
શાને અને શું મુજને ખબર કંઇ નથી છતાં;
જીવનમહીં જરૂર કંઇક ખેાળતેા હતેા!
આંખેા કરી હું બંધ નિમિરતામાં રાતની!
અંધકારમય જીવનની શમા ખેાળતેા હતેા!
જીવનથી હાય ઘેાર હું બેઠેા હતેા છતાં,
મૃત્યુમહીં જીવનનું કિરણ ખેાળતેા હતેા!
સૌરભ હતી કુસુમની કંટકમહીં છતાં;
ગુલશનના ફૂલફૂલમાં હું ખેાળતેા હતેા!
જીવ્યા છતાં મરીને દરેક રાતના "હુઝી";
જીવન મરણના મર્મને હું ખેાળતેા હતેા!
દુનિયા મળી છતાં ન ફણી દિલની આરજૂ!
એવું તે શું "હુઝી" તુ અહીં ખેાળતેા હતેા?
રાંદેર] ['હુઝી'

-[૬]-

મુજ આશ પગ તળે કેાઇ રમદેાળતેા હતેા;
હાથેાને હું નિરાશ થઇ ચેાળતેા હતેા
હું પી, ખરાબ, મસ્ત બની ઢેાળતેા હતેા;
અંતરને મારા ઘેાઇને અંધેાળતેા હતેા.
મુજ ઝિન્દગીને મદ મહીં તરબેાળતેા હતેા;
પીતેા હતેા હું તેથી વધુ ઘેાળતેા હતેા
સાકીની દેાસ્તીમાં હતેા દુશમનીનેા રંગ;
અમૃત કહીને જામમાં વિષ ઢેાળતેા હતેા
કેા' એવફાથી આશ વફાની કરીને હું;
જીવનને મારા ખાક મહીં રેાળતેા હતેા.
અશ્રુ હું સારતેા હતેા તે સંગદિલ સમિપ;
મેાતી અમૂલ્ય ધૂળ મહીં રેાળતેા હતેા.
લેખાં મહીં લલાટના સુખ, ચેન શેાધવા;
પુસ્તક હું મારા ભાગ્ય તણું ખેાળતેા હતેા.
"ઉલ્ફત" જગત મહીંથી નિરાશાએા સાંપડી;
આશાએા નિજની પગ તળે રગદેાળતેા હતેા.
અરબેાધન] ['ઉલ્ફત'

-[૭]-

કિલ્લેાલતેા હતેા, દિલ હિલેાળતેા હતેા,
આયુષ્ય-બાગ ચેન થકી ફેાળતેા હતેા.
રૂઝાવવાને ઘાવ જીવન વેદના તણા,

હું ઇશ્ક તણી ઔષધીને ઘોળતો હતો
મિરજાન તણાં રૂદન 'મહીં એ દર્દ સાંભળ્યું,
સાગર તણા સંગીતમાં જે ખોળતો હતે
મારા જિગરની જ્વાળ તણું રૂપ પેખવા,
દૃષ્ટિને સાંધ્યરંગ વિષે ખોળતો હતો.
આ દિવ્યતા ભરેલ વિસારી જળાશયો,
કાદવમાં કેમ કાય સદા રોળતો હતો?
રોધું છું આજ શૈશવને એજ સ્થાનમાં,
દિનરાત જ્યાં હું યૌવન ફંફોળતો હતો.
ટપકાવી અશ્રુબિંદુ સિતમગરની રૂબરૂ,
રત્નોને ધૂળમાંય હું રગદોળતો હતો.
આરંભમાં હું કંપી જતો જામ ધોબતાં,
પીતો હતો હું તેથી વધુ ઢોળતો હતો.
'કિસ્મત' મરણને આમંત્રણ આપવા કહી,
મરકદની પાસ જીવન ફંગોળતો હતો.
ભાવનગર] ['કિસ્મત'

-[૮]-

હસતા હતા સહુ મને સમજાઇ એ ગયું,
પીતો હતો હું તેથી વધુ ઢોળતો હતો.
ચકચૂરની કથાને જરા સાંભળો અરે,
એ ચેનને તજીને વ્યથા ખોળતો હતો.
ગુલશનમાં ઝૂલતો તો સંતમ સાથ મસ્ત થઈ,
એ જ્વાબને પ્રભાત મહીં ખોળતો હતો.
જેવું જતન કર્યું હતું "ચમકાર!" ખૂનથી,
કોઠો બનીને એજ જિગર ખોળતો હતો.
ભાવનગર] ['ચમકાર'

-[૯]-

કાજળ લગોડવાનો કર્યો ઠોળતો હતો;
એ નાની સરખી કીકીમાં દિલ ખોળતો હતો
લાગે છે વાર આમ તો, સાકી! દે આસરે;
એમાં શું હરઘડી તું ભલા તોળતો હતો?
પાનાર થાકી જાય છે, પાતાં હવે મને;
એવાય દી' હતાં કે હું મહીં મોળતો હતો!
કદિનો દાસ હોવા છતાં ઢોંગ ધર્મના;
એવો સમાજ કોઇનું શું ખોળતો હતો?
આવે છે લુત્ફ ખૂબ જીવનમાં અનેરા આજ;
નહોતો હું પીતો આખો સદા ચોળતો હતો!
દુનિયા ભલે કહે એ વિચારે, ડરી ડરી,
જીવન અમૂલ્ય, ખાકમાં રગદોળતો હતો;
"આઝાદ" મુજ યુવાનીમાં મસ્તી અજબ હતી,
પીતો હતો હું તેથી વધુ ઢોળતો હતો!
પેટલાદ] ['આઝાદ'

-[૧૦]-

હું ખેવકના દિલમાં વફા ખોળતો હતો;
દિલ એનું વ્યર્થ હાય, હું ઢંઢોળતો હતો.
મળવાથી આપના મને જીવન મળી ગયું;
હું આપ ખુદને આપમાં હું ખોળતો હતો.
તેઓ ભલેને કાઢે હસી મારા ખોલને;
પણ તેના હરએક બોલને હું તોળતો હતો.
સાકીની હર અદાતણી મસ્તીમાં મસ્ત થઈ;
પીતો હતો હું તેથી વધુ ઢોળતો હતો.
નાદાન મિત્રોથી તો હું થાકી ગયો જગે;
ને તેથી દાના દુશ્મનોને ખોળતો હતો.
એ નાઝ, નખરાં, આંખ, અદાઓથી શું ગરજ?
હું એના દિલમાં પ્રેમ સદા ખોળતો હતો.
બન્નેની એમ પૂરી થતી પ્રાર્થના સદા;
પત્થરમાં એક, દિલમાં ખુદા ખોળતો હતો.
દુઃખ મુજને એ થયું છે કે "શૌકીન" દુઃખ ગયું;
દુઃખમાંય જિન્દગીની મઝા ખોળતો હતો.
જેતપુર] 'શૌકીન'

-[૧૧]-

એ સહતાની વાત બહુ ડોળતો હતો,
પણ સ્વાર્થ–કાંટે વાત બધી તોળતો હતો.
દૃષ્ટિ મળી ને પળ મહીં મયની મઝા ગઇ;



પીતો હતો હું તેથી વધુ ઢોળાતો હતો.
સેવેલાં કંઈક સ્વપ્ન તણી આશ ફળી છે;
જુગ જુગથી હું એ ધન્ય ઘડી ખોળતો હતો
તરવીર હરેક પુષ્પને હું આપની ગણી;
જીવન-અમી હર પુષ્પ ઉપર ઢોળતો હતો.
ઉત્સાહ અને આશમાં તરબોળ કરીને;
સુતેલા હૃદયને ફરી ઢંઢોળતો હતો.
મસ્જિદમાં ખુદા જાણે ખુદા ના મળ્યો કે શું?
ઝાહિદ મયકદામા ખુદા ખોળતો હતો.
ખેડૂત પકવે ધાન્ય છતા રોટી કાજ તો;
શ્રીમંત પાસ શિરને એ રગદોળતો હતો.
'દુઃખ એ તો ભાવિ સુખનો મુનાદી છે ભગ્નદિલ!'
નૂતન ઉમ્મીદમાં હું હૃદય ખોળતો હતો
અંતરની આગ અંતરે અંતે સમાવીને,
મુખ પર હું સ્મિત સાથે અમી ઢોળતો હતો.
ગંગા જીવનની ઉલટી વહી ભાગ્ય તો જુઓ!
"સાગર" થઈને સામું નદી ખોળતો હતો!
જેતપુર] ["સાગર"

-[૧૨]-

કોઇની યાદમાં હું હૃદય રોળતો હતો;
ને નેત્ર અશ્રુઓ થકી હું ખાળતો હતો.
નિજ ઝુલ્ફને વિખેરી કંઈ ખોળતો હતો,
કે શ્યામ નાગણોને એ ઢંઢોળતો હતો?
જાગ્યા મિલનના કોડ ઉભયમાં અરસપરસ;
કોઇ મને ને કોઇને હું ખોળતો હતો.
મસ્તી તરંગે-રંગે ચડી મારી એટલી,
પીતો હતો હું તેથી વધુ ઢોળાતો હતો.
વ્યર્થા વિયોગ કેરી સદંતર મટાડવા;
મનમાંજ મનને, મન થકી હું ચોળતો હતો.
મારા સમીપ પટકીને મુજ દિલને ફૂંતે;
મુજને બતાવી પગ તળે રગદોળતો હતો.
કાતિલ તું ત્યારે કત્લને મુજને કરી શકયો
ખંજરને ત્યારે કેમ શિરે તોળતો હતો?
પરમાર્થને વિસારીને તે સ્વાર્થી થઇ ગયો!
જુઓ, અતિ જે ઊંડા જગે ડોળાતો હતો.
પકડીને પાસું ઝોળે છે આજે સુખો મને;
"બિસ્મિલ" દુઃખોને કાજે હું હીંચોળાતો હતો.
ધોરાજી] ['બિસ્મિલ'

-[૧૩]-

સાકી કનેથી ઝૂંટવી દીચોળાતો હતો;
જે કાલ ધર્મ વાતો બહુ ડોળાતો હતો
પાપીના પાપમાં એ મહા પાપ તો જુઓ;
પોતાનાં પાપ પારકા પર ઢોળતો હતો!
દુઃખ-દર્દ-ગમ ને આફતો આવો વધાવી લઉં;
જીવનને જાણવાનો સમય ખોળતો હતો.
મારી ખતા મેં જોઇ કે જીવન ફળી ગયું;
અન્યોની આજ તક હું ખતા ખોળતો હતો.
પુરા-વસંતની એ લહેરો ને મસ્તીઓ,
નિત આશ-પ્રેમ ઝૂલે હું હિંડોળતો હતો.
એને છે રૂપ પર તો મને ગર્વ પ્રેમ પર!
ભોળવતા મુજને, તેમને હું તોળતો હતો.
એ સાકી કયાં? મદિરા કયાં? ને મારી શક્તિ કયાં?
પીતો હતો હું તેથી વધુ ઢોળાતો હતો
સમજી નહીં ખુદાને કે હું મારી ખુદાને,
ખુનખાને જઈ ખુનને હું ઢંઢોળતો હતો.
શું લાગણી કે પ્રેમ-વફા હીન હૃદયની આશ;
પત્થર પરે હું પાણી વૃથા ઢોળતો હતો.
દિલની ને મારી જીદ મહીં યૌવન વહી ગયું.
દિલ રૂપ ખોળતું હું પ્રણય પોળતો હતો.
કરતું પ્રથમ અમલ ન તો કહેશે જગત તને,
"મઝલૂમ" મોટી વાતો ફક્ત ડોળતો હતો.
જેતપુર] 'મઝલૂમ'

-[૧૪]-

નેત્રે પડી, સ્વરૂપને તે ઢોળતો હતો;

હું દિલ પરોવી તેમાં પ્રણય ખોળતો હતો.
સખીતણા સત્કારે થયું ભાન એટલું;
હું ઓષ્ટ ખાલી જામ મહીં ખોળતો હતો.
પંથે પથિકને ભાવિનાં દુઃખથી ઉગારવા;
વાયુ બનીને વાયરો હું ઢંઢોળતો હતો.
કળજુગના મુજ આંખે નિહાળીને રંગ-ઢંગ;
સતજુગની પ્રેરણાઓ ઉરે ખોળતો હતો.
તે ખાક સાથ સાધે છે. મારા મરણ પછી;
ચરણોમાં જેને જીવતાં રગદોળતો હતો.
કંઈ સંતકેરી વાયડી વાણી સુણી સુણી;
"પીતો હતો હું તેથી ઢોળતો હતો."
કરતો સાં નાશ એની સુવાનીનો બાગબાન;
"મુઝતર" સમીર પુષ્પને જ્યાં ઠોળતો હતો.
ધોરાજી] ['મુઝતર' હાંસોટી

-[૧૫]-

પહેલાં અદબથી આવી કો' ઢંઢોળતો હતો;
જોયું કે લાશ છે પછી રગદોળતો હતો,
કે'તો હતો પિતાની કમાઇ ઉડાવનાર;
"પીતો હતો હું તેથી વધુ ઢોળતો હતો."
મૂસાની આરઝૂ વધી જોઇ સનમનું રૂપ;
કહેવાયું "લનતરાની" છતાં બોલતો હતો,
લયલાને શોધતો હતો અથવા ખુદાને તે;
દિવાનો નો'તો કૈસ કંઈ બોળતો હતો.
ભળતાંજ આંખો ચાર હું હૈરાન થઈ ગયો,
દિલને ગુમાવી દઈ પછી ટટોળતો હતો,
એની છબીને આયનામાં જોઇને 'મઝાક';
હૈરાન થઈ નિજની છબી બોળતો હતો!
ડભોઇ] ['મઝાક'

-[૧૬]-

ભોવાઇ જાદુ મુજમાં તને ખોળતો હતો,
અશ્રુમાં રકત આવે નયન ચોળતો હતો,
મુનમાં ઉમંગ, નયને શરમ, ચહેરો લાલ લાલ,
દર્પણમાં તાકી શું એ સનમ બોળતો હતો?
લઇ જામ કરમાં પળ પળે સાકીના નામ પર,
પીતો હતો હું તેથી વધુ ઢોળતો હતો.
પર્વતની ચોટીએથી દિવસ અંતે આલમો,
સૂરજના રાસ ધામમાં રંગ, ઢોળતો હતો.
વિરહમાં દીપ, જ્યોતિને અશ્રુની ધારથી,
દિન રાત નયન પારણે હિંડોળતો હતો.
ચેટલાદ] ['જ્યોતિ'

-[૧૭]-

જ્યારે હું આશહીન જીવન રોળતો હતો,
ત્યારે હું મૃત્યુનેજ સદા બોળતો હતો.
સ્વપ્નામાં પુષ્પ-સેજ હતી ને જીવન મહીં,
કંટકને દિલ તણા ઝુલે હિલોળતો હતો.
માટી તણો મનુષ્ય સહી ના શકે કંઇ,
એવું વિચારી ખાકમાં અંધોળતો હતો.
જીવન તણી અમૂલ્ય પળો સાંપડી નહીં,
જેને રડી રડી નિત બોળતો હતો.
દુર્ભાગ્ય કેવું! જામ અધૂરો હતો અને;
પીતો હતો હું તેથી વધુ ઢોળતો હતો.
મારી સુષુપ્તિમાંજ જુવાની મરી ગઇ,
જાગ્રત બની હું રકતાં નયન ચોળતો હતો.
"બેકામ" ભવરણે હું થયો સ્નેહ-જળ વિના,
ને રેતમાંજ જિંદગી રગદોળતો હતો.
ભાવનગર] ['બેકામ'

-[૧૮]-

સુરા ને સાકી સાથ સનમ બોળતો હતો,
છેવટ થઇ નિરાશ નયન ચોળતો હતો.
કિંમતી શરાબ જામ ભરી ઘટઘટાવતાં,
પીતો હતો હું તેથી વધુ ઢોળતો હતો.
સૌંદર્ય, સૌરભે ભર્યા યૌવન-ગુલાબને,
નિષ્ઠુર માનવી પગે રગદોળતો હતો.
જીવન-દિવાલ-દાગને વિનાશવા "નિશાત,"

અક્ષાહની રહેમત વડે એ ઠોળતો હતો.
ભાવનગર] ["નિશાત"

-[૧૯]-

સૌંદર્ય ને તે બેટરી લઈ બોળતો હતો;
મુખ પર જે પાઉડરને સદા ચોળતો હતો.
પ્રીટ પ્રેમીનું કર્યું ન નસીબેય કનેકશન;
તે જોગતો હતો અને એ તોળતો હતો
પ્રીયતમના હાથે ખાઈ રહ્યો છે તે ચંપલો;
માખણ પળે પળે જે ઘણું ઢોળતો હતો.
પ્રેમી હૃદય ગુમાવીને દિલગરના આંગણે;
બિચારો ખૂણો ખાંચરો ટંટોળતો હતો!
ફેશન પરસ્ત ને કદી પુરસન નહીં મળી;
પોતાની મૂછ દાઢી સદા બોળતો હતો!
શા માટે આસી કાપો મહોબ્બતનો બૅંકરોટ?
દિલનો તમારા બોળામાં ભરોળતો હતો!
સુરત] ['આસી'

-[૨૦]-

નિજ દેહને હું ધૂળમાં રગદોળતો હતો;
ને ધાન્ય હું ધરાયી સદા બોળતો હતો.
'જગનાત'ના બિરૂદને નિભાવવા ખાતર;
પ્રસ્વેદના બિંદુમાં હું બોળાતો હતો.
અટોળ કાટલાંથી સદા તોળાતો હતો;
ને બાપ તણું નામ ફકત બોળતો હતો!
નવયુગની નારી કદી મેણાં મને દેશે;
કે મર્દ થઈ 'બાળ' સદા રોળતો હતો!
દયો પુત્ર તણા કારણે અંદર થયું કાણું;
ને બ્હારથી દીવાલને હું પોતતો હતો
નિજ મુખ તણી કાળાશને છુપાવવા માટ;
હા! પાઉડર સદા હું મુખે ચોળતો હતો!
મેલા થએલ દિલને અરીસાના પીંજામાં;
હું ઉજળું કરવા કદી ઝબોળાતો હતો!
સેવક બની હું દેશનો નેતા થયા પછી
કૂસંપ તણું વિષ સદા ઘોળતો હતો!
કરવા હું કૌમવાદ તણા મૂળને પેદા;
હાથે કરીને પેટ સદા ચોળતો હતો!
ખૂબી' શી કળાકારની કે પીંછીને બદલે;
કેન્વાસ ઉપર આકૃથી રંગોળતો હતો!
શરણાઇ રચકે સાંભેલું બજતું અમે જોયું;
ત્યાં ધૂળમાં કણાને કોઈ રોળતો હતો!
સાક્ષરના લિસ્ટમાંથી કમી નામ કયમ થયું?
પીતો હતો તેથી વધુ ઢોળતો હતો!
સાહિત્ય—સનેપાતનો 'મરીઝ' થઈ જતાં;
મુશાયરામાં કાવ્ય હું વાગોળતો હતો!
'ઓકાર' ચોરીનુંયે નથી ભાન કંઈ તને;
ને કાવ્યક્ષેત્રમાં તું ડા'પણ ડોળતો હતો!
શહેર] ['ઓકાર'

-[૨૧]-

મોતીને પામવાની સદા વ્યર્થ આશમાં,
તારૂં પ્રશાંત જીવન કાં ડોળતો હતો!
સમ્રાજ્ય પાનખરનું ચમનમાં હતું જ્યાં,
બુલબુલ તણું હૃદય તુંકાં ટંટોળતો હતો!
મિટાવવા અમાસ તણા શાપને, પ્રભુ,
ધરતીને ચાંદની મહીં ઝબોળતો હતો.
તું જાણતો હતો કે નયન અંધ છે જ્યા,
દર્પણમાં કેમ તારૂં વદન બોળતો હતો!
પ્યાલી ફગાવી દઈને મેં બોબો મચાવ્યો હતો,
પીતો હતો હું તેથી વધુ ઢોળતો હતો.
ન્હોતું "શિતાબ"ને અહીં નિત રાચવું સદા,
કાં લાખણીને દેવા મહીં ઘોળતો હતો!
ભાવનગર] ['શિતાબ'

-[૨૨]-

જોને સિતમથી મુજને તે નિત રોળતો હતો.
એક હું હતો કે તોયે ન મુખ બોળતો હતો
તે જાણકારે મુજને પુકાર્યો દુઆ કરી;



દિલ, મારું જ્યારે રાખમાં હું ખોળતો હતો.
કાવે રકીબ પ્રેમમાં મનું નહિ કદી;
પીવાયીએ વધારે તો ગો ઢોળતો હતો.
એવા વિચારથી કે ફરી પણ મઝા મળે;
દુકડા જીગરના 'બઝ્શી' બધા ખોળતો હતો.
રાદેર] 'બઝ્શી'

-[૨૩]-

મુજપર બથાવ્યો વ્યોમ જે કંઈ તોળતો હતો,
એને ગૃહીને હોંસે હું હીંચોળતો હતો;
કો'કૂર મારી આશને રગદોળતો હતો,
હું મારા દિલને હસ્ત મહીં ચોળતો હતો.
બેખુદ થઈને સાકીની હરએક અદા ઉપર,
પીતો હતો હું તેથી વધુ ઢોળતો હતો.
બુલબુલને આજ કૈદ તેં સૈયદ કાં કર્યું?
ગુલ્બાન પુરબહારથી જ્યાં કોળતો હતો.
જીવનના પંથ પર હું વિચારવાને લે! "નયાઝ!"
વિઘ્નોને શોધી શોધીને ઝંઝોળતો હતો.
પોરાજ] ['નયાઝ'

-[૨૪]-

પીતો હતો હું તેથી વધુ ઢોળતો હતો;
દ્વોધિત્ થઈને સાકી મને ખોળતો હતો.
ગુસ્સે થવું ન જોઈએ ગુસ્સો ઉચિત્ નથી;
હું તો જરાક આપને ઢંઢોળતો હતો.
ઊભી કરી છે ગુલને પોતાનાં હાથથી,
કાલે ઉદરને જાતે અહીં ચોળતો હતો.
કેવું અસીમ વેર! જઈ કબ્ર પર, ગઝબ;
પગમાં લઈને રાખને રગદોળતો હતો.
મનહર તો આપકો હવે તેની ખબર પડી;
બ્યાકૂળ થઈને હું તો હૃદય ખોળતો હતો.
ઇબોઇ] [અમીરૂદ્દીન મુન્શી

-[૨૫]-

કયાં છે તે મુજ રમ્યાન હું ખોળતો હતો;
જે કાજ તુજ હૃદયને હું ઢંઢોળતો હતો.
મસ્તી મદિરાલયમાં હતી મારી બેદિસાબ;
પીતો હતો હું તેથી વધુ ઢોળતો હતો.
ચકચૂર હું હતો ને તે દિલ આંચકી ગયા;
ઉભો ઉભો ત્યાં હું ચક્ષુઓ ત્યાં ચોળતો હતો!
બગસરા] ['મરતાન'

[૨૬]

દિલમાં હું સદા તુજને ખુદા બોળતો હતો;
ને તારી લીલા જગજગે તું ઢોળતો હતો!
સ્વપ્ના મહીં સૌ કામ બગડતાં ગયાં અને;
હું જાગૃતિમાં આવી આંખો ચોળતો હતો!
જીવન તણા સાગર મહીં હું ઉંડે ઉતરી;
કૃપકાંઓ મારી મોતી સદા બોળતો હતો.
દુઃખી કાં લખી આજ ગઝલ 'તાજ' તેં આજે?
ગુર્જરગિરામાં તુજ સમો શું બોળતો હતો!
રાદેર] ['તાજ'

-[૨૭]-

કયાં ગઇ એ વીરતા હવે ધરલામમાં આજે?
મુસ્લિમ-દિલોને આત્મ જે ઢંઢોળતો હતો.
કયાં જગતને અંજાણ છે હુસૈન (રજ)ની વ્યથા;
જે આત્મને નિજ ખૂનમાં બોળતો હતો!
કરીને યાદ દિલમાં હુસૈની વ્યથાને તું;
'દીપક'કાં ઉભો ઉભો ચક્ષુ ચોળતો હતો?
બગસરા] ['દીપક'

-[૨૮]-

રીસાયલા સાકીનુ શરણ બોળતો હતો,
જીવન, મદિરાલયમાં હું રગદોળતો હતો.
"આઝાદ" એટલે છે બધા સાકી તુજ ઉપર,
પીતો હતો તું તેથી વધુ ઢોળતો હતો.
બગસરા] "તુજ" આઝાદ

-[૨૯]-

બીજાના હૃદય ગીતથી રીઝે નહી મનડું
હું મારા હૃદય ગીતને ઢંઢોળતો હતો.
લાખણ મદીરા ગૃહમાં ન થાતું તને કદી

એ સાંભળી હું માથાને ખંજોળતો હતો
બગસરા] [ઉમંગી

-[૩૦]-

ચક્ષુથી પ્રસ્તાવપને હું ઢોળતો હતે;
મુજ અશ્રુઓને ધૂળમાં રગદોળતો હતો.
અંતે તો ફાની દેહનો આ અંત આવશે;
તેથી અનંતને હું સદા ખોળતો હતો.
લાખ્યું છે લાખ યત્ન છતાં ઝાડીયું મને;
ઉર-સિંધુથી મોતી હું સદા ખોળતો હતો.
ત્યાં પ્રેરણાનો તાર અચાનક તૂટી ગયો;
હું મન-હિંચોળે આત્મને હિંચોળતો હતો.
આઘાત પર આઘાતથી એ ધસધસી ગયું;
'વહુશી' તુ શિથિલ દિલને કાં ઢંઢોળતો હતો?
રાદેર] [વહુશી

-[૩૧]-

મનને હું મસ્તી-પારણે હિંચોળતો હતો;
એની દિવાનગીને હું ઢંઢોળતો હતો
બિસ્તર મહીં હું આંખ હજી ચોળતો હતો;
કમબખ્ત કાળ! શાને સિતમ ઢોળતો હતો?
મ્હારી તડપને જો જરા, મ્હારી તરફ નજો;
અંધકાર માંહિ કોણ તને ખોળતો હતો?
જીવન-બહાર કેવી ગુજારી ન પૂછતું;
પીતો હતો હું તેથી વધું ઢોળતો હતો.
બરબાદ થઈ ગયો હું; થયું હાય! મુજ પતન,
કારણકે ખુદ ખુદીને હું રગદોળતો હતો.
'અશરાફ' તે વ્યથા ન મટી જેની ખાતરે;
જીવન મહીં સદા તું જીવન રોળતો હતો.
વહાલુ] [અશરાફ

-[૩૨]-

મોજાંને ચીરી માર્ગ જો હું ખોળતો હતો,
સાગર મને જળ-પારણે હીચોળતો હતો
ક્ષુદ્રી કોઈ મળી જતે દિલ-જખ્મ કાજ પણ;
મુજથી સિતારો ભાગ્યનો મુખ મોળતો હતો,
મારા જિવનની રજથી થશે લાખ 'ઇન્કિલાબ,'
તેથી જિવનને રજમાં હું રગદોળતો હતો.
મારી વ્યથાને શું કહું? તુજને ખબર નથી?
તુજ નામ કાજ જિંદગી હું રોળતો હતો!
છેવટ તપી તપીને સૂરજ ડૂબતો હતો;
હું હાથ ધરી દિલ પરે, દિલ ચોળતો હતો.
યૌવનની બેખુદીમાં મને ભાન ક્યાં હતું?
પીતો હતો હું તેથી વધુ ઢોળતો હતો
હસતી હતી ત્યાં પાંખડી ગુલ્શનમાં ફૂલની;
હું કોઇનું દિલ હાથમાં લઇ ચોળતો હતો.
ગાતો મધુર ગાઇ 'વલી' વીણા-તાર પર
મૂતેલ ઊર્મિઓને હું ઢંઢોળતો હતો
કરમાડ] ['વલી'

-[૩૩]-

હાથોમાં દિલ લઇને કોઇ ચોળતો હતો;
દુન્યામાં નામ કોકનું એ બોળતો હતો.
આખી કઝા શિરે ખડી તુચ્છાર થઇને હુ;
મુતેલ મારાં ભાગ્યને ઢંઢોળતો હતો.
મુજ જિન્દગીને જીવતાં બરબાદ તેં કરી,
મરવા પછી શું આકને રગદોળતો હતો?
હું બેખુદીમાં એટલો બેખુદ હતો કે હાય,
પીતો હતો હું એથી વધુ ઢોળતો હતો.
દિલમાં રહીને ઉમ્ર ભર અંજાણ થઇ કાં?
તું છાનો છાનો દિલને શું ટોળતો હતો?
દુન્યાના રંગ રૂપ નિરખવાના કોડમાં,
આંખો વિનાનો અંધ જગત ખોળતો હતો.
સાકીએ જામ દીધો મને હર્ષથી ભરી,
મસ્તીમાં આમ તેમ બધું ઢોળતો હતો.
આંખોમાં અશ્રુ કંપકના મેહસરમાં હાય હવ,
ખુદ પાપ પુન્ય જ્યારે ખુદા તોળતો હતો.
કોથી નિરાશા દૂર સા. દિલથી મેં "ફના"
આશાને ઉર હીચોળે હું હીચોળતો હતો.
રાંદેર] ['ફના'



કલાકારો રાખતા થયા છે. લાંબા વાળ એ પદ્મિનીની નિશાની ગણાતી હતી તેને બદલે હવેની પદ્મિની બૅબ્બ્ડહૅર વાળી ગણાય છે! સ્ત્રીઓ વાળ કપાવે છે ત્યારે પુરુષ નૃત્યકારો વાળ વધારી રહ્યા છે! પહેલાં સતિઓની પૂજા થતી હતી તેમના ફોટાઓ ઘરની દીવાલો પર ટંગાતા હતા તેને બદલે હવે એક્ટ્રેસોની પૂજા થઈ રહી છે અને તેમના ફોટા જ્યાં હોય ત્યાં લટકાવેલા જોવામાં આવે છે! પહેલાં નાચ-ગાયન એ હલકા લોકોનો ધંધો ગણાતો હતો પણ હવે તો ખાનદાની ઘરોમાં નાચવું એ મહાન કળા ગણાય છે! પહેલાં ઉચ્ચ સંસ્કાર માટે કેળવણી લેવાતી હતી; હવે તો લગ્નની લાયકાત, અને ફક્ત શોખ માટે કેળવણી લેવાઈ રહી છે! આમ સમાજે જાણે અજાણે ઊંધા મસ્તકે તપ કરવા માંડ્યું છે!

●

હિંદુસ્તાનમાં ભણવાની સ્કૂલો તો હતી, ગાવા વગાડવાની સ્કૂલો પણ હતી, હવે ઉદયશંકરે નાચવાની સ્કૂલ પણ ઉઘાડી છે. ચોરીની નિશાળો તો ઉઘાડવાની જરૂરજ નથી કારણકે સીનેમાઓય ચોરીની નાઇટસ્કૂલોની ગરજ સારી શકે એમ છે! અને બાકીમાં ચોર સાહિત્યકારો પણ ઠીક ઠીક ચોરી શિક્ષણના બાનગી ટ્યુટરોની ગરજ સારી શકે એમ છે! હસવાની સ્કૂલો તો ઉઘડીજ નથી પણ નાદાર થતા વહેપારીઓ, કડચામાં જતી પેઢીઓ કે બૅંકો એ પોતાના ગ્રાહકો માટે રડવાનું શિક્ષણ આપતી શાળાઓની ગરજ સારે છે! ડાકુગીરીની કોઇ જાહેર સ્કૂલો તો નથી પણ કેટલાંક દેશી રાજ્યો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ડાકુગીરી કેમ કરવી તે બતાવી શકે એમ છે! છેવટે ભણેલાઓ બેકારો બાપા બેસી ન રહે, યા તો માંડ્યો મારીને હિંસા ન કરે એટલા ખાતર ભણેલા બેકારોને ઠેકાણે પાડવા અને જર્નાલીઝમને બદનામ કરવા સંત નિહાલસીંઘ દેહરાદૂનમાં એક જર્નાલીઝમની સ્કૂલ કાઢવાના છે. ખુદા એમને કુ-તેહ બક્ષે તો સારૂ બાકી આપણે તો એમ સાંભળતા આવ્યા છીએ કે "કવિ, લેખક ને જર્નાલિસ્ટ તો માના પેટથી પાકે છે કોઇના બનાવેલા બનતા નથી!"

●

લડાઇથી મરનારાઓનો નસીબદાર કે એકે સપાટે મરી જાય છે; પણ આપણો મધ્યમવર્ગ તો વગર મોતે જ મરી ગયા જેવો થયો છે. અનાજ, સાબુ, ઘાસતેલ, ખાંડ, ચાહ, ઘરભાડાં વગેરે બધુંજ મોંઘું દાટ થઇ ગયું છે. ગરીબોએ તો એક દિવસ કાઢયો એટલે એક વરસ કાઢયા જેવું લાગે છે! લડાઇ તો આવતી આવશે તે પહેલા આ મોંઘવારીજ આપણું તો શું ધુંટી રહી છે તેનું શું? સરકારી નીયમનોથી પરિસ્થિતિમાં કંઇ ફેર પડયો નથી. અનાજ ઉગાડવાની વાતો શહેરની સભાઓ ને છાપાઓમાં થાય છે. જે લોકોએ સ્વપ્નામાં પણ હળનો દાંડો ન પકડયો હોય તેમના આગળ અનાજ ઉગાડવાનાં ભાષણો કરવાથી શું ફાયદો? સરકારી માણસો હવે તો કંઇક મામલામાં જમીન ખેડૂતોને સૂચન કરે છે કે "કપાસ ન વાવો, અનાજ વાવો." પણ ખેડૂતો કે જે દેવાના ડુંગરા નીચે દટાએલા છે તેમને "અનાજનો ભાવ વધુ વાવવાથી ગગડી જશે તો?" એવો સંશય જાય છે. સરકારે બોધક ખેડૂતોને જોઇએ તેટલું બી, તથા નજીવા વ્યાજની લોનો ઘીરો તથા ઉંચા ભાવે અનાજ વેચાવી આપવાની બાંહેધરી કરાવી આપવી જોઇએ જો આમ ખેડૂતને વિશ્વાસમાં લેવાય તો પછી આવડા મોટા બેતી પ્રધાન દેશમાં ઓછામાં ઓછી

અનાજની ખૂબ તો ટળીજ જાય! બાકી ઘરસેટ જેવી વસ્તુઓની ચિંતા તો 'દિવેલ'ને અપનાવવાથી ટળી શકે એમ છે અલબત્ત કપાસને બદલે દીવેલીએાથી પણ નાણાં મળી શકે એવી બેહુનોને ખાતરી થાય તોજ!

●

લંડનનું એક અખબાર હિંદી સરકારની નીતિ પર અફસોસ જાહેર કરતાં લખે છે કે: "હિંદુસ્તાન પાસેથી ચાહવામાં આવે છે કે હિંદીઓ લશ્કરમા ભરતી થાય અને ઇંગ્લાંડ ખાતર પોતાની જાતનો ભોગ દઇ પોતાના દેશનું રક્ષણ કરે! છતાં હિંદીઓ ઉપર જરૂર વિશ્વાસ નથી કે તેમને બંદુકતો ઠીક પણ તલ્વાર રાખવીએ ગુન્હો ગણાય!" એમા એ અખબારે ઉંચા નીચા થવાની કંઇ જરૂર નથી. હથિયાર હાથમાં હોય ત્યારે તો સૌ કોઇ બહાદુરી બતાવી શકે! વગર હથિયારે દેશનું રક્ષણ કરવું એનુજ નામ ખરી બહાદુરી છે! બાકી પેલા શાયરે જે લખ્યુ છે તે ખરૂંજ છેને કે:-

'ઈસ સાન્તી પે કૌન ન મરજાય અય ખુદા;
લડતે હે મગર હાથમે તલ્વાર હી નહિ!"

●

જુદી જાતી દાખો કે જુદોજ સૂર નીકળે એવા છત્રીસ સૂરવાળા વિચિત્ર વાજા જેવી હિંદની હાલત થઈ ગઇ છે. એક તરફ લાટ સાહેબના રાષ્ટ્રીય મોરચાની વાતો થાય છે; તો બીજી બાજુ ગાંધીજી ગોરાઓને દેશ ભેગા થવાની ને જબાન આવે તો તેનો અહિંસાત્મક અસહકાર કરીને નમાવવાની વાતો કરે છે, તો ત્રીજી બાજુ રાજાજી પ્રાંતિક સરકારોને અપનાવવાની વાતો કરે છે તો ચોથી બાજુ કૉંગ્રેસ રાજાજીને દબાવવાની વાતો કરે છે, ઝીણા તો પાકિસ્તાન સિવાય બીજી કશી વાતજ કરતા નથી, ત્યારે જવાહર ગોરીલા લડાઇની વાતો કરે છે, ત્યારે અમેરિકન મીશન પોતાનીજ ઢોલકી વગાડે છે, આમ જેટલાં મોઢાં તેટલી વાતો થઈ રહી છે. પણ અલ્લામિયાંએ બિચારા હિંદના મોઢા સામે જોઇ લગાડેલી ચીન તરફ ધોકેલી કઇ લાલ તો આપણને ગપ્પાં મારવાની ઠીક ફુરસદ આપી દીધી છે. ભલે હિંદી સેનાપતિ હિંદના સંરક્ષણની વાતો કર્યા કરે, આપણે તો મોંઘવારીના મંજીરા વગાડીને ભજન ગાવું જોઇએ કે:

"પ્રભુને ગમે તે અમે સૌ સહેવું;
સદા રાજ રાજ રહેમાં રહેવું!"

●

"વિમાન આવ્યો!" "વિમાન આવ્યો!" એ પોકાર આજે છ માસ થયાં પડી રહ્યો છે. વિમાનની અછત દિલીપાઇન ગયું, ડૉંગડૉંગ ગયું, મલાયા ગયું, સીંગાપોર ગયું, જાવા સુમાત્રા ગયું ને છેલ્લે બ્રહ્મદેશ પણ ગયું, છતાં "વિમાન આવ્યો!" "વિમાન આવ્યો!" નો પોકાર પડતોજ રહ્યો. હવે ચીન પણ એજ પોકાર કરી રહ્યું છે. "૧૦ ટકા આપો ને સો ટકા લાભ મેળવી લ્યો!" "દસ દુનિયાં સિ તેર દર આકેજત" જેવી વાત છે. પણ સાંભળે છે કોણ? પૂર્વને માટે વિમાનોની અછત છે. બાકી જર્મની પર તો એકજ રાતમાં એક હજાર વિમાનો ઉડાવામાં હતાં! અછત છે ફક્ત પૂર્વને માટે; કારણકે હજુય પૂર્વના મોરચાનું મહત્વ પશ્ચિમ મોરચા જેટલું નથીને! હાલનો હીટલર કરતાં ટોજોનો દાઢો સીધો હોય એમ દેખાય છે! રે બિચારૂં ચીન! બીતરફા બેહ ભગવાન જાણે બાકી સાધન વગર એકલી બહાદુરી શું કામ લાગે? ડાકલાં વગરતો દેવી પણ ચઢતી નથી.

●

કાગળ પર સરકારી અંકુશ થયો. હોય બધાં છાપાનુ કદ ઘટી રહ્યું છે અને કીંમત વધી રહી છે; ત્યારે 'ચારચાં' તેટલાજ કદનાં

કાયમ રહ્યું હોઇ છુટક નકલની કીંમત ઘટાડી રહ્યું છે. અત્યાર સુધી છુટક નકલની કીંમત ૭ આના હતી તેને બદલે હવે પાંચ આના થઇ છે. એ તરફ અમે અમારા વાંચકોનું ધ્યાન ખેંચીએ છીએ.

મેનેજર

●

સર ઇબ્રાહીમ રહમતુલ્લાહના જન્નત નશીન થયાના સમાચાર વાંચી બ્રાડેર મુસ્લિમ જનતા દિલગીર થઇ છે. જ્યારે મુસ્લિમો રાજદ્વારી કકકો ઘુંટતા હતા; ત્યાર પહેલાંથી એ મુંબઇ ધારાસભાના સભ્ય થયા છે. મુંબઇ ધારાસભાના એ પહેલાજ મુસ્લિમ પ્રમુખ હતા. સરકાર તરફથી અને લોક તરફથી પણ એ ચુંટાયા હતા. એમની ૨૭ વરસની ઉજ્જવળ કારકીર્દી ઉપરાંત મુંબઇ ધારાસભાના એ વરસો સુધી પ્રમુખ રહ્યા હતા. તેમજ વડી ધારાસભા, મુસ્લિમ લીગ, મુસ્લિમ એજ્યુકેશનલ કોન્ફરન્સ, મુંબઇ મ્યુનિસિપાલીટી વગેરેના પણ પ્રમુખ રહ્યા હતા ટુંકાણમાં સરકારી લાગવગ, રાજદ્વારી, આર્થિક અને કેળવણી ક્ષેત્રમાં તે અગ્રભાગે હતા એમના ઇન્તેકાલથી મુંબઇને ખોટ રહેશે. ખુદા મરહુમને ગરીક રહમત કરે અને એમના કુટુંબને સબ્રે જમીલ અતા કરે. આમીન.

લેટેસ્ટ ડીઝાઇનનાં

• સુટીંગ્સ–શરટીંગ્સ

• લેડીઝ ડ્રેસ ફેબરીકસ

• ફેન્સી કાપડ

એક જ ભાવ અને ઓછા દરથી

ખરીદવાનું જાણીતુ મથક

'ગીવ એન્ડ ટેક' સ્ટોર્સ

ચોક–બઝાર : સુરત.

વતનના માટે બલિદાન દે!

અનુવાદકઃ—"તાજ" (રોહિત)

◆

પરમાત્માએ જ્યારે તને પેદા કર્યો ત્યારે તને કહ્યું હતું કે હે મનુષ્ય હું તને તારા વતનનો વિશ્વાસુ બનાવીને મોકલું છું.

તું પોતાના દેશનો વિશ્વાસુ છે. પ્રભુની આપેલી વસ્તુઓનો ચોકીદાર છે તારી ફરજ છે કે તું આ વસ્તુઓની માવજત કરે.

આગળ વધ, વતનના માટે બલિદાન દે, જેથી તું દેશનો સાચો વિશ્વાસુ જાહેર થાય.

તારી માતાએ તને જન્મ આપ્યો. જ્યારે તે તને ધવરાવતી તો તને કંઈ વાતો પણ સંભળાવતી હતી.

તેની વાતો એ હતી કે 'હે! મારા વહાલા પુત્ર, મેં તને દેશના માટે, વતનના માટે, જન્મ આપ્યો છે. વતનની હિફાઝત કરજે'

આગળ વધ, વતનના માટે બલિદાન દે, તું પોતાના એ ધર્મને બજાવ કે જે તારી માતાએ તને ધાવણની સાથે સાથેજ શિખવ્યો હતો.

તારી બહેન પોતાની સખીઓમાં બેસી તારી બહાદુરી ને હિંમતના વખાણ કર્યા કરે છે.

તેનું માનવું છે કે દુનિયા એમ કહે કે તેનો ભાઇ સાચો દોમ પરસ્ત ને વતન-પરવર છે

આગળ વધ, વતનના માટે બલિદાન દે, જેથી તારી બહેનની સખીઓ તેને તારી ઝવેરીકતાના મેણાં ન મારે!

તારી પ્રિયતમા હંમેશા તારા વખાણ ને તારીફ કર્યા કરે છે. તે તારૂં નામ ઘણા અભિમાનથી લે છે

તે તને ઉચ્ચસ્થાને જોવા ચાહે છે. ને પોતે પણ ઉચ્ચ સ્થાને રહેવાની આશા પોતાના હૃદયમાં સેવે છે.

આગળ વધ, વતનના માટે બલિદાન દે, જેથી તે તારા બલિદાનનાં વખાણ ગર્વપૂર્વક કરી શકે.

તારા જેવા લાખો નવજુવાનો પેદા થયા, ને ફના થઈ ગયા, જગત તેમનાં નામ સુદ્ધાં જાણતું નથી

તારા પછી પણ લાખો નવજુવાનો પેદા થશે, ને ભૂલાઈ જશે.

આગળ વધ, વતનના માટે બલિદાન દે, જેથી તારૂં નામ વતનના ઇતિહાસમાં સોનેરી અક્ષરોથી લખાય.

જ્યારે તું વતનની ખિદમત કરતો દેવતાઓ પાસે જશે; તે વખતે દેવતા તારા મસ્તક પર સોનેરી તાજ રાખી દેશે.

તારી મા આ તાજ પર ફખ્ર કરશે. તારી બહેન ખુશી ન સમાશે, તારી પ્રિયતમાનું મસ્તક ગર્વથી ઉંચું રહેશે.

માટે આગળ વધ, અને વતનના માટે બલિદાન દે!

-[૬૪]-

એક સંભારિલથી દિલને લગાડીને હાથ હું;
ઉર-ઊર્મિયોને ખાકમાં રગદોળતો હતો.
જીવનની કૈદ, આહ! ખુદારા મ્હને ન પૂછ;
અરમાન દિલનાં રક્તમાં તરબોળતો હતો.
નાદાન તારી યાદથી કંટાળી જઈ હું;
ઉર-પારણે સુરાહીને હિંચોળતો હતો.
મૂતેલ ઉર-જગતને ફરી ઝળઝળાવવા;
નાદાન --તારી—યાદને ઢંઢોળતો હતો.
યૌવન-સુરાની હાય! મ્હને કદ કયા હતી?
"પીતો હતો હું, તેથી વધુ ઢોળતો હતો."
તેના સિતમની શાન કે ગુમરાહ 'આહુર'
તેના કરમ-ચરણમાં શરણ ખોળતો હતો.

કઠોર] ['આહુર'

-[૬૫]-

સો વાર આંખડીથી મ્હને તોળતો હતો;
માનો ન માનો આજ કશું બોળતો હતો.
હર જનમમાં હું હોઉં જરા બોળતો હતો;
મ્હારી પસંદગીની સુરા બોળતો હતો.
વિદેગી કાસકી વળી માથે ચઢાવે કોણ?
હું વાળ આંગળીથી હવે ઓળતો હતો.
ખૂશ્બુ નવી નવી મળે એવા ખિયાલથી;
પુષ્પો નવાં નવાં તે હવે ચોળતો હતો.
હેરાન એટલો હું શબે વરસમા હતો;
તે સોડમાં હતા અને હું બોળતો હતો.
મ્હારી મન્જલ શી કે હું ઢોળી શકું ભલા?
ઢોળાવતું હતું કોઇ હું ઢોળતો હતો.
મોટો મળે બનાવવાથી કામ રાખવો.
બાકી તો સ્નેહ એનો નર્યો ડોળ-તો હતો!
મોજાને ચીરતોજ હું આવ્યો ગયો 'નિસાર'
સિંધુ મ્હને જળ પારણે હિંચોળતો હતો.

કઠોર] [નિસાર

બઝમે ઇકબાલ, કઠોરના
બીજાં વર્ષના પ્રગટ થયેલાં પુસ્તકો
મુહમ્મદી દર્પણ મૂલ્ય ૦-૧૨-૦ (પોસ્ટેજ ૦-૨-૦ વધુ)
દુખ્તે સિરાજ „ ૦-૬-૦ (પોસ્ટેજ ૦-૧-૦ વધુ)
—: તૈયાર થતાં પુસ્તકો :—
ઇકબાલ.....સીરતી. માટીના ઘડા.....કમ્મ માતરી,
સ્ટોકીસ્ટ:—પી રાંદેર સ્ટોર્સ ટાવરરોડ, સુરત.

'આસિમ' ભૈયા ચોરી કરી

સલામ સાહબ !

અકબર (ઈલાહાબાદી)

(૧) ખુદાકે મુનબ્બિર, નબીમે માદ્દિન ખુદા કે પીરો ઇમામ સાહબ
ઉન્હીં કે દરપર ઝુકી હૈ ખનકત સનામ માહબ સનામ માહબ

(૨) ખુદા કી પૂજા નમાઝ કયમી ખુદાકી ગંગા ખુદા ઝમઝમ,
ઇસા હય હૈરત કે દરપે હરએક હમેબી દેા એક જામ સાહબ

(૩) હઝાર સમજાને હય મેાહ મમકેા કે સમ નહિ નામદાર હેાતે
કરેા ખમેાશી વ નેકબખ્તીમે જાકે તુમ ઘરમા નામ માહબ

(૪) મગર નહિ માનતા હય કેાઈ હરેક કી ચેહ દરિમિત હય ઉન્સે,
મુજહે ભી તુમ છાપકેા કહીં પર મેાની હેા જાયે નામ માહબ

(૫) મેરી તુમ્હારી નહિ નિમેગી મીયાન્તા હુ મે આમ યહામે
સનામ સાહબ, સનામ માહબ, સલામ સાહબ, સનામ સાહબ

[દીવાને અકબરથી]



બિરાદર 'આસિમ' ઇકરાર કરો !

'કારવા'ની માર્ચ માસની મેહફિલ'મા વન્દુ થયેલા ગુજરાત કાઠિયાવાડના કવિ બિરાદરે પર વેાળીના આગન્તુકે જે પ્રહાર કર્યો છે તેના જવાબમા મારા તરફથી પત્રદ્વારા ખુલાસાની માગ ણી કરી છે ગુજરાતના સારા જાણીતા

આસિમ ની આ ચોરી ન ઉપક્ષ કાવ્ય છે આસિમ અને પ્રત્યક્ષ કાવ્ય ? જાના અયબાની વાત છે પણ "પરાયા માલ અપના" કરનાર એ મશહુર તકિયા ચીકાર માટે વિનયના અયબાની શી જરૂર ? ચોર તો ખાદી પણ ચોરે ને કિ ખાખ પણ ચોરે આસિમ ચાહે તો સાહિત્યના દરેક વિભાગમા ઘુસી શકે છે ! કાવ્યના દરેક રસમા પોતાની ટાગ અડાડી શકે છે ! કોના બાપની કઇ ? કયા લોહીનુ પાણી કરવા બેસવુ પડે તેમ હતુ ?

આ ગેરતની તો દાદ દેવી ઘટે કે ચોરીને મઝન લખીને ઇનામ માગી રહ્યા છે ! 'અકબર' પોતે જીવતા હોત અને તેમને આ સમાચાર

ઈનામ માગે છે!

હવે કંઈ આપો ઈનામ સાહબ.

"સાદિક" માટે ખાસ લખનાર :–'આસિમ' બોદેરી.

(૧) ન ધર્મ જાણે ન દીં પિછાણે, છે કયાંના પંડિત કમાલ સાહબ,
છતાંયે લોકો નમે એ કહેતાં નમું છું મહારાજ સલામ સાહબ.

(૨) છે કયાંની પૂજા નમાઝ કેવી ? એ કયાંની ગંગા તે કયાંની ઝમઝમ?
જાણે હોટલના ડારે કે છે, અમોને પણ અર્પો જામ સાહબ.

(૩) કહું છું સમજાવી હું બધાને કે ફીર્તિ કોકટ મળેના ભાઈ,
તમે તમે ચાંપલુસી જાણને, મુખે કરો ખરતુ ખ્રામ સાહબ.

(૪) છતા ન માને છે કોઈ મ્હારી કહે છે નિશદિન અધિપતીથી,
અને છાપી દીઓ તમે પણ કે મ્હારૂં થઈ જાયે નામ સાહબ.

(૫) મ્હારી તમારી ન નભશે ભાઈ, મિથાવું છું હું હવે અદીથી,
સલામ સાહબ, સલામ સાહબ, સલામ સાહબ, સલામ સાહબ.

કહે છે કર જોડી તમને "આસિમ" 'સાદિક' તણા છે અધિપતીજી,
ગઝલ સુણાવી છે કેવી સારી હવે કંઈ આપો ઈનામ સાહબ.

["સાદિક" માસિક મે સને ૧૯૩૧ (અંક ૫ મો) પાનું ૨૫૮.]




એવા એક પણ ગઝલકારે ત્યાં કલમ ચલાવી નથી ! એમ કહેનાર 'વલ્લી'ના આગન્તુકની પીઠ થાબડનાર ભાઈ આસિમ ધ્યાન આપશે કે ? હજુ પણ સમય છે પોતાની બાધી મુઠ્ઠી લાખની સમજી પોતાની શીરજોરી છોડી દે. અને પોતાની કૃતિઓ માટે ઈકરાર કરશે. 'વલ્લી'

પહોંચતે તો જરૂર તેઓ નવી એકાદ ગઝલ લખીને 'આસિમ'ને ઈનામ પહોંચતું કરત. પણ હવે શું થાય ?

આ ચોરી જરા પુરાણી છે. પણ તે ચોરી તો છે જ. આસિમની નવી ચોરીઓનુ કાયદેસર લીસ્ટ તૈયાર થતુ હોવાથી રસિકો આ અંકે તો આટલેથી જ સંતોષ માને. હા. એક નવી બીના રજુ કરૂં છુ છે એ, કે, કવિ (?) આસિમ પયની પેઠે ગદ્યના પણ ચોર છે. અને એની સાબિતી પણ આ પાના પર રજુ થશે. છેવટ ભાઈ 'એકાર'નો આ ગેઅર આસિમને અર્પણ કરૂં છું

'કાંયું પીન્યું બધુ કપાસ થયું,
ખાલીને ઘોઈ પણ ટસર ન થઈ'.

*'વલ્લી' (કરમાડ)



આવાજની દુનિયાંકે દોસ્તો ! તમે, કબીરનું પેલું ભજન તો સાભળ્યું હશેજ કે "નાવમેં નંદીયા ડૂબી જાય !" યાને કે ઉંધે ઘડે પાણી ન ભરાય એવું જગત જાણતું હતું; પણ ચાલુ લડાઇએ ઉંધે ઘડે પાણી ભરવાની માન્યતાને ખરી પાડી બતાવી છે. જુવો આજ સુધી લડાઇ હિંદુસ્તાનની દૂર હતી ત્યાં સુધી હિંદી રેલ્વેના સ્ટેશનો પર જાત્રાનાં સ્થળો, હવાખાવાનાં ડેકાણાં; ઇતિહાસિક ઇમારતોના આકર્ષક દેખાવોનાં રંગીન પોસ્ટરો ચોંટાડી લોકોને રેલ્વેમા મુસાફરી કરવા લલચાવવામાં આવતા હતા ! બલકે પ્રવાસીઓની સગવડ ખાતર ઓનટીફીટ કાઢવામાં આવતી હતી; તેને બદલે હવે જાણે રેલ્વે એ પ્રવાસીઓથી તૌબા પોકારતી હોય તેમ સ્ટેશનો પર પોસ્ટર ચિત્રો દ્વારા જાહેરાત કરે છે કે રેલ્વેની મુસાફરીમાં પૈસા ન વાપરતાં ખેતીમાં તે પૈસા વાપરો, ટ્રેનને બદલે જરૂર પડે તો બજારમાં બેસો !

અત્યાર સુધી ઇલેકટ્રીક કંપની, વેપારીઓ જાત જાતની ભપકાદાર જાહેરાતો કરી લોકોને વિજળીના ફાયદા સમજાવતા હતા; તો હવે કહેવાય છે કે વિજળી ઓછી વાપરવાથી દેશને ફાયદો થશે. પહેલાં ભૂખ હડતાલ પર ઉતરનાર મજદૂરો અને કામદારોને સરકાર દેશના દુશ્મન લેખતી પણ હવે ઓછું ખાનાર અને ઉપવાસ કરનાર દેશના લાભમાં ગણાય છે। પહેલાં કાગળના વહેપારીઓ પેપરવાળાઓની પાછળ પાછળ ફરતા હતા; પણ હવે પેપરવાળાઓ કાગળવાળાને પગે લાગે છે તોય કાગળના વહેપારીઓ આંખ ઉઘાડતા નથી ! પહેલાં તંત્રીઓ ગ્રાહકો વધારવા આકાશ પાતાળ એક કરતા હતા; હવે ગ્રાહકો ઘટાડવા પ્રયત્ન કરે છે ! પહેલાં કોમ્યુનીસ્ટો જુલમગાર, દયાહીન અને નાસ્તિક ગણાતા હતા; પણ હવે તો દયાળુ, ધીરજવાળા અને ધાર્મિક વૃત્તિના ગણાય છે ? પહેલાં ઘરને આંગણે ખાડો ખોદીએ તો મ્યુનિસીપાલીટીઓ દંડી નાખતી હતી પણ હવે ફરજીયાત ખાડા ખોદાવાય છે ! પહેલા મ્યુ. કુવા પુરાવી દેતી હતી તેને બદલે હવે ખોદાવી રહી છે ! પહેલાં મોટરોને ઉતેજન મળતું હતું હવે ઘોડાગાડી અને બજારોને ઉત્તેજન મળી રહ્યું છે ! આમ લડાઇ દરેકને ઉંધા ઘડે પાણી ભરાવી રહી છે.

●

પહેલાં ઉધા ભરતકે તપ કરનાર સાધુબાવાંઓને જોઇને લોકો આશ્ચર્ય પામતા હતા પણ હવે તો આખી સમાજ રચનાજ જાણે ઉંધી થઈ ગઇ હોય એમ જણાય છે. કાલ સુધી મરદો મૂછના વાળને ટેકની વસ્તુ સમજતા હતા, આજે મૂછ મૂડાવવામાં ટેક સમજે છે ! રડ્યા ખડ્યા કોઇ મૂછવાળા જોવામાં આવે છે તો તે વિલન કેરેકટરના એકટર હોય એવો ભાસ થાય છે ! મવાલીઓ મોટી મૂછ રાખે એવી આજે જાણે માન્યતા બંધાતી જાય છે ! કાલ સુધી મવાલીઓ મોટા વાળો રાખતા, હવે

સુલતાનની બેટી

[અનુવાદકઃ-સીરતી]

[એક ઐતિહાસિક નાટિકા]

ઇતિહાસ : ઇ. સ. ૧૪૫૩
સ્થળ : બોસ્ફોરસ, દુર્કનો ઓશિયાઇ કિનારો
સમય : મધરાત

[બે તુર્ક સિપાહી એક મોટા પત્થરને અઢેલી આપસમાં વાતો કરતા બેઠા છે.]

પહેલો : "મધરાત થઇ, ચાલો હવે જરા આરામ લઇએ."

બીજો: "આજનું યુદ્ધ તો ખરેખર અપ્રતિમ હતું. છેલ્લા છ મહીનામાં આજના જેવી લડાઇ થઇ ન હશે, આજે ત્રીજી રાત્રે આપણને રહેજ આરામ કરવાનો મૌકો મળ્યો."

પહેલો : "અને બોગાક કલાક પછી યુદ્ધ ક્ષેત્રની લાશો ઉપર થઇને આપણને ફરી આક્રમણ કરવું પડશે."

બીજો : "આવી ઘોર ભયંકર અને લાંબી જંગ પછી પણ!"

પહેલો : "તમે નથી જાણતા એ તો સુલ્તાનનો નિયમજ છે જ્યારે બન્ને તરફની ફૌજો થાકીને ચૂર થઇ જાય, અને કોઇને પણ હુમલાનું ગુમાન સુધ્ધાં ન હોય, એવેજ ટાણે સુલ્તાન સખ્ત હુમલો કરવાનો હુકમ આપે છે."

બીજો : [હોઠ નિચાસ નાંખી] "ખુદાએ હવે, ખુદા કયારે વિજય નસીબ કરે છે!"

પાત્રો : સુલ્તાન મુહમ્મદ, વઝીરે આ'ઝમ, સિપહસાલાર, સુલ્તાનની પુત્રી ફરઝાના, હસન, (એક ગુલામ) મંત્રીઓ, ખ્વોજા, સિપાહીઓ વગેરે.]

પહેલો : "સુલ્તાને કોઇ વાતની કચાશ ન રાખી, તોપો આખો દિવસ ગોળા ફેંકતી રહે છે, તીરોનો તો જાણે વરસાદ વરસાવવામાં આવે છે, સુરંગો ઉડાવવામા આવે છે, ખન્દકોને પત્થરો અને લાશોથી ભરી દેવામાં આવે છે, માનવજીવનને તુચ્છ લેખવામાં આવે છે, છતા કુસ્તુન્તુનિયહ ફતેહ થતું નથી."

બીજો : "દુશ્મન પણ તો લડવામાં પાછી પાની કરતો નથી. આપણા આક્રમણોનો કેવી બેજિજકી અને બંબાકોરપૂર્વક મુકાબલો કરે છે! એ લોકો પાસે યુધ્ધ સામગ્રીનો ટોટો નથી ધાર્મિક જુસ્સો પણ અપૂર્વનીય છે. દરરોજ આપણે કિલ્લાની દીવાલમાં ગાબડાં પાડીએ છીએ; ત્યાં બમણાંથી પૂરાં બળ અને વેગથી આપણો મુકાબલો કરે છે."

પહેલો : "ચુપ, સામે કોણ આવે છે!"

બીજો : [પહેલાએ ચીંધેલી દીશા તરફ જોઈ] "બોગાક તુર્ક સૈનિકો લાશોઓને ઓળંગતા હોય એમ લાગે છે."

છે ! લોહીએ કામકાજમા મશગૂલ છે]

મસેકા : 'બેટા ફરઝાના ! આમ આવ હું તને એક નવી વાત સભળાઉ '

[ફરઝાના-વીસ વસ્તની ખૂબસૂરત કુમારિકા પોતાની જગ્યાએથી ઊભી અદબપૂર્વક માની સામે આવી બેઠી]

ફરઝાના 'ફરમાવો, ઉમ્મીજાન !"

મસેકા : "ખુમ્બી પર વહાણ ચલાવવામા આવ્યાનુ તે કદી સાભળ્યુ છે ?"

ફરઝાના : "કદી નહિ ઉમ્મીજાન ! કોઇ પુસ્તકમા પણ એવું વાચવામા આવ્યું નથી નતો કોઇ કાલ્પનિક વાર્તા યા પરીકથામા એવુ સાભળ્યુ છે "

મસેકા "એ માન તારા મુહતરમ પિતા સુલતાનને ફાળે જશે આજ પચ્ચીસ હજાર સૈનિકો ઝમીનને સરખી કરવાના કામે મંડી પડયા છે એક એક હજાર સિપાહીએને એક માપન ઝમીનનો ટુકડો સોપવામા આવ્યો છે બે હજાર કારીગરો લાકડાના તખ્તા કાપવા અને તેને સરખી સપાટ ધરતી ઉપર બિછાવવામા લાગેલા છે તેન અને ચરબીના હજારો પીપો એ તખ્તાને ચીકણા કરવા માટે ભેગા કરવામા આવ્યા છે"

ફરઝાના 'એથી શુ થશે ?"

મસેકા 'તુ સમજી નહિ, કાગા સમુદ્રમા બેકાર પડેલા આપણા નૌકા કાફલાને આપણા સિપાહીઓ પાત્રીસ માઇલ ખુમ્બી પરથી ખેચી કુસ્તુન્તુનિયની સામે સમુદ્રમા નાખી દેશે એ પછી આપણો વિજય ચોકકસ છે"

ફરઝાના [હર્ષાવેશમા માને વળગી પડી] "સુબ્હાન'લાહ ઉમ્મીજાન' સુબ્હાનલ્લાહ"

[**મસેકા** : [ગર્વ પૂર્વક] "જગતનો ઇતિહાસમા તારા પિતાનું નામ સુવર્ણાક્ષરે' લખાશે, અને ખુમ્બી પર વહાણો ચલાવવાનો કૃત્ય એક માત્ર તુર્ક સુલ્તાનને હાસિલ થશે "

ફરઝાના 'ઉમ્મીજાન આ વાત મગજી કઈ રીતે ? કોઇ સરદારે યોજના પેશ કરી હશે ?'

મસેકા : "નહિ બેટા ! આવી યોજનાઓ એક માત્ર તારા પિતાનુ દિમાગજ ઘડી શકે છે ! તેઓ આખો દિવસ રણભૂમિમા નિર્ગમન કરી, સાજે પછી આરામ ફરમાવે છે. મધરાત વિત્યા કરે તેઓ મગ્ન થઇ જાય છે પછી તેઓ એકાતમા કેટલોક સમય ઇસ્તબુલમા ગાળે છે ત્યારબાદ મેદાનમા જઈ વિચાર તલ્લીન બની આવી જટિલ સમસ્યાઓને ઉકેલે છે ગઇ સાજે તારા પિતાએ કુસ્તુન્તુનિયહ પર વિજય પ્રાપ્ત કરવાની આ યોજના વિચારી હતી આજ તેના પર અમલ શરૂ પણ થઇ ગયો છે બુદ્ધા આવીને કામયાબ કરે !"

ફરઝાના 'આમીન ! મા ! અમ્મા કયા હશે અત્યારે ? હું તેમને સલામ કરી આવુ '

મસેકા તેઓ સફરની તમામથી ફારિગ થઇ પાત્રીસ હજાર સિપાહીઓ સંગાથે રવાના થઈ ગયા છે અફસોસ ! તું તે ભવ્ય દ્રશ્ય જોઇ શકી નહિ તુ ત્યારે કુર્સાતની નિશાનમા મશગૂલ હતી "

ફરઝાના [ઠંડો નિશ્વાસ નાખતા] "ઓહ, ઉમ્મીજાન ! કેવુ શાનદાર દ્રશ્ય હતો !"

મસેકા "તારા અમ્મા સાદા વસ્ત્રોમા એક કોદાળી ઉપાડી પચ્ચીસ હજાર સૈનિકોના મોખરે ચાલતા હતા બધા સૈનિકોના હાથમા કોદાળી, કોદાળી અને પવડા સિવાય બીજુ કોઈ હથિયાર ન હતુ"

ફરઝાના : "આહ, અબ્બા કેટલી બધી મહેનત કરે છે !"

મલેકા : "બેટી ! બાદશાહની જિમ્મેદારી સામાન્ય માણસ કરતાં અનેક ગણી વધારે હોય છે. બાદશાહ ઐશઆરામ માટે નહિ પણ જનકલ્યાણના કામો કરવા માટે પૈદા થાય છે. તે દેશો અને કૌમોના ઇતિહાસમાં ક્રાન્તિ પ્રગટાવી સંસ્કૃતિ અને સંસ્કારોને ચાર ચાંદ લગાડે છે."

[સુલ્તાન મુહમ્મદની બહેન દાખલ થાય છે. એક હાથમા તરબીહ છે ચહેરા પર વૃદ્ધાવસ્થાના ચિન્હો છે, કમર રહેજ વાંકી વળેલી છે પણ ચાલ ઢાલ અને અંદાઝથી પ્રભાવ અને શાન ટપકે છે, બા દિકરી સન્માનાર્થે ઉભા થઇ ઝુકીને સલામ કરે છે.]

સુલ્તાનની બહેન : "જીવતી રહે બેટા ! ખુદા તારી મુરાદો પૂરી કરે અને તારૂં ઇમાન સલામત રાખે"

[બહેન મસનદ પર બેસે છે. મલેકા અદબપૂર્વક સામે બેસે છે. ફરઝાના વાંચન માટે બીજા તખ્તમાં ચાલી જાય છે.]

બહેન : "ફરઝાના ! ક્યાં ગઈ બેટી ?"

મલેકા : "અભ્યાસ ખંડમાં ગઇ છે."

બહેન : "ખુદા એને લાંબુ આયુષ્ય અર્પે."

મલેકા : [આંખોમાં હર્ષના આંસુ સ્ફુરિત] "સુલ્તાનની માનીતી પુત્રી, અમ્માંબી ! સુલ્તાન એને પોતાના પુત્રો કરતાં અધિક ચાહે છે"

બહેન : "કેમ ન ચાહે, બેટા ! દિકરી ઘરની રંજાઅન અને શોભા છે. હવે તો માશાઅલ્લાહ જવાન થઇ ચૂકી છે. એના લગ્નની હવે તો આપણે ફિકર કરવી જોઇએ."

મલેકા : "સુલ્તાનને ફિકર ! તેમને તો કૌમ, મુલ્ક, ધર્મ અને જિહાદ સિવાય બીજી કોઇ વાતની ફિકરજ નથી."

બહેન : "હારી દિકરી ફરઝાના !"

મલેકા : "એથી આપ એમ ન સમજતા કે સુલ્તાનને ફરઝાનાનો જરાય ખ્યાલ નથી. તેઓ યુધ્ધ પ્રસંગે પણ-જ્યારે તેમને રતિભાર ફુરસત હોતી નથી -ત્યાં લગી ફરઝાનાનું મોહું ન જુએ ત્યાં લગી અન્નને હાથ સુધ્ધાં લગાડતા નથી. બહુધા તેઓ તેને પોતાની સંગાથેજ જમાડે છે"

બહેન : [મસ્તક ધુણાવતાં] "પણ તેના નિકાહની કોઇ સ્થળે વાત તો કરી રાખી હશે?"

મલેકા : "આપણા સ્નેહી બાદશાહોમાં ફરઆના અને તાતારના શાહઝાદાઓના સંદેશા આવી ચૂક્યા છે પરંતુ સુલ્તાને હજી લગી મંજુરી આપી નથી."

બહેન "મંજૂરી નથી આપી ? ફરઆના અને તાતારના શાહઝાદા ફરઝાના માટે બરેબર સંપૂર્ણ લાયક છે."

મલેકા : "સુલ્તાન તેમને પસંદ નથી ફરમાવતા. તેઓ કહે છે કે હારી પુત્રી ફરઝાનાને લાયકના તેઓ વર નથી. ફરઝાનાની શાદી વિવાહનો પ્રશ્ન આપ જેવા બુઝુર્ગો સિવાય બીજું કોણ ઉકેલી શકે એમ છે ?"

° ° °

[શાહી દરબાર એક વિશાળ તંબૂ હેઠળ એક હજારની લગભગ કીંમતી અદ્દસરો અને સલ્તનતના અમદારો એકત્ર થયા છે. સુલ્તાન મુહમ્મદ એક સુનહરી તખ્તપર સામે તલ્યાર મૂકી બેઠા છે.]

સુલ્તાન : "બધી તૈયારીઓ સંપૂર્ણ થઇ ચૂકી ?"

સિપહસાલાર : "જહાપનાહ ! કોઇપણ જાતની ઉણપ રેહવા પામી નથી. આપનો ઇશારો થતાજ ખુસ્કી પર વહાણો ચાલી શકે છે. કુ તુન્તુનિયહ પર અધિકાર સ્થાપિત કરવાને હવે કોઇ રુકાવટ આડે આની શકે એમ નથી"

એક સરદાર : "આપણા જહાજને જોવા નિધારિવા રયળે પહોંચ્યા કે કુસ્તુન્તુનિયહ આપણુ જ છે. યૂનાનીઓ હવે વધુવાર મુકાબલો કરી શકે એમ નથી."

સિપહસાલાર : 'આજે તેઓ આપણી સામે અત્યંત એજિજરીપૂર્વક ઝઝૂમ્યા છે. આપણને એથી ભારે ખુવારી સહન કરવી પડી છે"

બીજો સરદાર "દિવસભરના હુમલાઓમા આપણે તેમને જેટલુ નુકસાન પહોંચાડીએ છીએ તેટલુ દુશ્મનો રાતોરાત પુરું કરી લે છે સવાર પડે આપણને એથી ભારે ખુવારી સહન કરવી પડે છે"

સુલ્તાન : [સિપહસાલારને સંબોધી] "આપણા સૈન્યની એકત્ર સંખ્યા ઓશિયાઇ કિનારે કેટલી છે?"

સિપહસાલાર:-"એક લાખ વીસ હજાર. વીસ હજાર શહીદ અને ઝખ્મી થઇ ચુકયા છે.

સુલ્તાન : "વાહ આજ અને કાલનો દિવસ આ લડાઇનો આખરી દિવસ છે. તમામ સરદારો મૈદાને જંગ તરફ સિધાવી જાય કેવળ સિપહસાલાર અને વઝીરે આ'ઝમ મસ્વિરા માટે અહિં રેજે

[બધા સરદારો ઉભા થઇ જાય છે. અને પોતપોતાની ટુકડીઓમાં, શામિલ થવા માટે ચાલ્યા જાય છે]

સુલ્તાન : [વઝીર અને સિપહસાલારને સંબોધી] "આજ માત્ર એક લાખ સૈનિકોને લડાઇમા ઉતારવામા આવે, બાકીના વીસ હજાર સૈનિકોને હુકમ પહોંચાડી દો કે તેઓ આવતી કાલે રાત્રે, લડાઇ માટે તૈયાર રહે. જ્યારે ફૌજો મૈદાને જંગમાંથી પાછી ફરે ત્યારે વીસ હજાર સિપાહીઓ રાત્રિના અંધકારમાં હુમલો કરી દુશ્મનને આખી રાત જંગમાં મશ્ગૂલ રાખે. આથી તેઓ દીવાલોનું ચણતર કરી શકશે નહિ."

સિપહસાલાર : "જેવો હુકમ."

સુલ્તાન : "રાતની લડાઇ દુશ્મનને હૈરાન પરેશાન કરી નાખશે. વળતે દિવસે આપણા એક લાખ સૈનિકોના હલ્લા સામે તેઓ ટકી ન શકશે. દાઢી પીટાવી દો કે કાલે જે માણસ સૌથી પહેલા કુસ્તુન્તુનિયહ પર ચઢી ઇસ્લામી ઝંડો ફરકાવશે તેને યૂનિયહની હુકૂમત સોંપવામાં આવશે, અને શાહી ખાનદાનમાં તેની ફરજંદોનુસાર શાદીની જોહમણ કરવામાં આવશે"

વઝીરે આ'ઝમ: "અત્યારેજ દાઢી પીટાવી દેવામા આવશે ખુદા અમીરુલ કરદાન અને ઉદાર બાદશાહને સલામત રાખો"

[બીજે દિવસે સવારે એક લાખ તુર્ક સૈનિકોએ ઓશિયાઇ કિનારા પરથી કુસ્તુન્તુનિયહ પર હુમલો કર્યો આખી રાત લડવાથી યૂનાની ફૌજ ઉજાગરા અને થાકથી થાકીને ચૂર થઇ રહી હતી ત્યાં યમદૂત જેવા એક લાખ તુર્ક તેમના માથે આવી ત્રાટકયા. સીડીઓ લગાડવામા આવી ઉપરથી ઉકળતું સીસું અને મોટા મોટા પત્થરો ફેંકવામાં આવતા હતા. અનેકવાર સીડીઓ લટકાવવામા આવી, હજારો મુસલમાનો શહીદ થઇ ચૂકયા છતા કોઇ માણસ દીવારની

પેલે પાર પહોંચી શકયો નહિ. સુલ્તાન મુહમ્મદ મુસલમાનોને બરોબર પ્રોત્સાહન આપી રહ્યો હતો. કદી ઘોડાપર આ કાંઠેથી પેલા કાંઠા લગી દોડી સિપાહીઓને શૂર ચઢાવતો તો કદી સ્વયં દુશ્મનો પર હુમલો કરતો.

બાર વાગે સુલ્તાને જોયું તો નવેસરથી સીડીઓ લગાડવામાં આવી છે. હસન નામનો એક ગુલામ ચાલીસ જવાનોને સાથે લઇ સીડીઓ પર ચઢવાની કોશિશ કરી રહ્યો હતો. ચોમેરથી તુર્કો તેમની કુમકે દોડ્યા. ભયંકર લડાઇના મંડાણ થયાં. ઉપરથી તીરોનો વરસાદ વરસતો હતો. ઉકાળેલું સીસું રેડાતું હતું. હસનના અનેક સંગાથીઓ થોડેક સુધી પહોંચી ખતમ થઇ ગયા, પરંતુ હસન બરાબર એક સીડીને વળગેલો રહ્યો. એક હાથમાં તુર્કી ઝંડો, બીજામાં એક અત્યંત મોટી ઢાલ જેમાં તેણે પોતાનું આખું શરીર છુપાવી દીધું હતું અને દાંતોમાં પોતાની તલ્વાર પકડી મક્કમતાપૂર્વક ધીમે ધીમે ઉપર ચઢી રહ્યો હતો. અનેકવાર વજનદાર પત્થરો તેની ઢાલ ઉપર પડ્યા, તે અનેકવાર નીચે પટકાતો બાલ બાલ બચ્યો. તેનું આખું શરીર પરસેવે રેબઝેબ રહ્યું હતું.

અત્યંત લાંબો અને ભીમકાય શરીરવાળો હસન, કમથી કમ દસ જવાનો સાથે એકલો લડી શકે એવો હતો. કિલ્લાવાળાઓનો વિરોધ તેને થંભાવી ન શકયો. ધીમે ધીમે તે દીવાર ઉપર ચઢી રહ્યો હતો.

સુલ્તાન એકીટશે આ જવાનની હિંમતથી નિહાળી રહ્યો હતો હવે તે દીવારથી થોડાજ ગજના ફાસલા પર હતો. સુલ્તાને તાબડતોબ બીજા સ્થળોએ સીડીઓ લગાડી હુમલો કરવાનો હુકમ આપ્યો, જેથી યૂનાનીઓને પરાણે બીજી તરફ લક્ષ આપવું પડે અને શાયદ આ જાંબાઝ સિપાહીને ઉપર ચઢી જવામાં કામયાબી હાસિલ થાય.

તુર્કો "અલ્લાહો અકબર"ના નારા લગાવતા કરી સીડીઓ પર ચઢવા લાગ્યા યૂનાનીઓ ચોમેરથી એકત્ર થઇ તેમનો મુકાબલો કરવા લાગ્યા. અચાનક હસન દીવાર પાસે પહોંચી ઉભો રહ્યો, હવે તે દીવારની ઉપર હતો તેણે તુર્કી ઝંડો ફરકાવ્યો અને "અલ્લાહુ અકબર"નો એક એવો ગગનભેદી નારો લગાવ્યો કે આજ લગી પાંચ વખત "અલ્લાહો અકબર" (અલ્લાહ મહાન છે)નો નારો કુસ્તુન્તુનિયહમાં સંભળાય છે.

હસનના ઉપર પહોંચવાની સાથેજ તેના બીજા દસ બાર સંગાથીઓ પણ ઉપર જઇ પહોંચ્યા. તેઓ કિલ્લાની રાંગ ઉપર ચઢી શકયા. એ દરમિયાન હસનને એકલા હાથે સંખ્યાબંધ યૂનાની સૈનિકોનો સામનો કરવો પડ્યો. તે અત્યંત શક્તિશાળી અને દિલેર હતો. એક હાથમાં ઢાલ અને બીજામાં તલ્વાર લઇ તે દુશ્મનો વચ્ચે વિદ્યુત વેગે ઘુમી રહ્યો હતો. તેના સંગાથીઓ ઉપર આવી પહોંચ્યા એટલે યુધ્ધનો આખો નકશોજ બદલાઇ ગયો. યૂનાનીઓ પોતાની જાનો બચાવી નાસભાગ કરવા લાગ્યા. શહેરના દરવાજા ઉઘાડી નાંખવામાં આવ્યા અને સુલ્તાન મુહમ્મદ વિજેતા તરીકે કુસ્તુન્તુનિયહમાં દાખલ થયો.

• • •

[શાહી હરમસરાનો દરવાજો. દરવાજા બહાર હસન સુંદર વસ્ત્રોમાં સજ્જ થઇ સિપહસાલાર અને બીજા સરદારો જોડે વાતો કરી રહ્યો છે.]

સિપહસાલાર : "હસને! તમો શાહી ખાનદાનમાં અકરામને પાત્ર છો. સુલ્તાન સાથે બગલગીર થવાનો હક્ક આજ તમને હાસિલ થયો."

એક સરદાર : "હવે તો તમો દુનિયાના બાદશાહ બન્યા."

બીજો સરદાર : "અને તમારાં લગ્ન શાહી ખાનદાનમાં થશે."

સિપહસાલાર : "પણ તમારી માંગણી કંઈક ગુસ્તાખીભરી અને અપમાનકારક છે."

હસન : "એટલે?"

સિપહસાલાર : "તમે શાહી ખાનદાનની કુમારિકાઓમાંથી સુલ્તાનની બેટી સાથે લગ્ન કરવાની ઇચ્છા પ્રદર્શિત કરી છે."

હસન: "જ્યારે મને કહેવામાં આવ્યું કે તમો શાહી ખાનદાનની બધી ઉમર લાયક કુમારિકાઓમાંથી કોઈ પણ એક સાથે શાદી કરી શકો છો, ત્યારે મેં બાદશાહની બેટીને એ તમામમાં શ્રેષ્ટ અને ઉત્તમ ગણી તેના હાથની માંગણી કરી, એમાં મેં બોટું શું કર્યું છે?"

સિપહસાલાર : [તલ્વાર ખેંચી] "ચૂપ રહે, ગુસ્તાખ!"

[હસન પણ તલ્વારને મ્યાન બહાર ખેંચે છે. એટલામા સુલ્તાન મુહમ્મદ હરમસરામાંથી બહાર નીકળે છે. બન્ને પોતપોતાની તલ્વારોને મ્યાન કરી અદબપૂર્વક ઉભા રહે છે.]

સુલ્તાન : [સિપહસાલારને ક્રોધિત થઈ] "મ્હારા ખાનગી મામલામાં આમ છડેચોક વાંતો કરવી તમને શોભાસ્પદ નથી. (હસનને) તમો સઘળા જોડેના તંબૂમાં આરામ ફરમાવો. હું હમણાંજ આપ લોકોને તેડાવું છું."

[સુલ્તાન પુનઃ હરમસરામાં જાય છે.]

[સુલ્તાન મુહમ્મદ મસનદ પર બેઠો છે. સામે બ્હેન અને ભત્રીજા બેઠાં છે. સુલ્તાનના ચ્હેરા પર ચિંતા અને વ્યાકૂળતાની છાયા ફરી વળી છે.]

બ્હેન: "ભાઈ! આ વિજયે અને આનંદના અવસરે આમ ચિંતાતૂર રહેવું આશ્ચર્યકારક કહેવાય."

સુલ્તાન : "હું મ્હારા એક કોલ અને વચનની પાબંદી અર્થે પરેશાન થઇ રહ્યો છું."

બ્હેન : "કેવો કોલ?"

સુલ્તાન : "જે બહાદુર મુસલમાને કુસ્તુન્તુનિયહ પર સૌથી પહેલાં ઇસ્લામી ઝંડો ફરકાવ્યો હતો, તે શાહી ખાનદાનમાં શાદી કરશે."

બ્હેન : "કોની સાથે?"

સુલ્તાન: "તેણે ફરજાનાના હાથની માંગણી કરી છે."

ભત્રીજા : "મ્હારી બેટી ફરજાના!"

બ્હેન : "તે છે કોણ?"

સુલ્તાન : "એક મુસલમાન સિપાહી."

બ્હેન : "તે કયા ખાનદાનથી છે?"

સુલ્તાન: "ગુલામ હતો. આજ પંચ વર્ષ પૂર્વે તેને આઝાદ કરવામાં આવ્યો. ફૌજની એક સામાન્ય ટુકડીનો તે અફસર છે."

બ્હેન : "તોપ તે અને તો ગુલામજ હોય ને?"

સુલ્તાન : "પણ તે મુસલમાન છે. સવા લાખ મુસલમાનોમાં તેની બરોબરી કરી શકે એવો એક નથી."

બ્હેન: "તે રંગે રૂપે કેવો છે? તેની વય કેટલીક હશે?"

સુલ્તાન : "પચ્ચીસેક વરસની વય હશે. રંગે શુદ્ધ કાળો, કદે અલંત લાંબો, બળવાન એવો કે ફરીશ્તા પરથી ફેંકવામાં આવેલો પત્થર પોતાના બાહુઓ પર રોકી શકે છે. દસ વીસ માણસો સાથે એકલો લડી શકે છે."

ખ્હેન : "પુષ્કળ ઝરજવાહિર અને કોઈ દૂરદરાઝ પ્રાંતની હકૂમતથી આ સમસ્યાનો ઉકેલ આસાનીથી આવી શકે એમ છે."

સુલ્તાન: "ઝર જવાહિર અને દુનિયાની સલ્તનત તો તે મેળવી ચૂકયો. પરંતુ રૂખ્સત થવા પહેલાં તે ફરઝાંના સાથે શાદી કરવા માંગે છે."

ખ્હેન : "ઓટલી હિંમત?!"

સુલ્તાન : "મહેં એલાન કર્યું હતું એટલેજ તેણે આ માંગણી કરી છે."

મલેકા : "મ્હારી બેટીનું શું થશે?"

સુલ્તાન: "તે એક બહાદુર મુસલમાનની પત્ની થશે."

મલેકા : "મ્હારી દિકરી સીમમ જેવા કાળા હબ્શી ગુલામ સાથે શાદી નહિ કરી શકે. તે એના કરતાં મૃત્યુને વધુ પસંદ કરશે."

સુલ્તાન : "તને એક મુસલમાન બાદશાહના વચનની કીંમત નથી?"

મલેકા : "પણ મ્હારી ફરઝાનાને એ શી રીતે ગમશે?"

સુલ્તાન : "એમાં મ્હારો ધઝઝન અને ઝિલ્લતનો સવાલ છે મ્હારી ઝિંદગી અને આરામ ફરઝાનાનો નિર્ણય ઉપર અવલંબિત છે."

[પરદાને ખસેડી ફરઝાના ઝડપથી અંદર પ્રવેશે છે. સુલ્તાનની ખ્હેન, મલેકા અને સુલ્તાન ફાટે ડોળે તેને જોઇ રહે છે. તેમની વચ્ચે થતી વાતચીત ફરઝાનાએ સાંભળી લીધી છે એ વર્તી કતાં તેમને વારંવાર ગતી નથી. ત્રણે મસ્તક ઝુકાવી ખામોશ રહે છે.]

ફરઝાના : "મ્હારા આકા! મ્હારા સુલ્તાન! ખુદાના પાક નામ ઉપર જ્યારે આપે એક વચન આપ્યું; ત્યારે મ્હારે ખુદાની મર્જી ઉપર મસ્તક ઝુકાવી દેવું જોઇએ. તમે અમસ્થા ચિંતાતૂર થાઓ છો. ફરઝાના તમારી પુત્રી છે. તે એક મુસલમાન મુજાહિદની ગુલામીમાં જવામાં પોતાનું ગૌરવ માને છે. ઇસ્લામમાં કાળા ગોરાનો ભેદભાવ નથી. હું એ હબ્શી ગુલામને મ્હારો સિરતાજ માનીશ, અને તેની સેવામાં કોઇ પણ પ્રકારની ઉણપ આવવાં દઇશ નહિ. મ્હારો પતિ તે બહાદુર મુસલમાન મુજાહિદ થશે જેણે સૌથી પહેલાં કુસ્તુન્તુનિયહ પર ઇસ્લામી ઝંડો ફરફરાવ્યો હતો."

[હર્ષથી સુલ્તાનની આંખોમાંથી આંસુ વહેવા લાગે છે. તે ઉભો થઇ ફરઝાનાને ગળે લગાડી તેના કપાળ પર ચૂંબન આપે છે.

સુલ્તાન : "બેટા! તું ખરેખર ફરઝાના છે. હું તને મ્હારૂં આ ખંજર ભેટ આપું છું. જગતના ઝવેરીઓ એનું મૂલ્ય આંકી નહિ શકે એવું અને મ્હારી નઝરમાં તે એક તોહફો છે. હસન સાથે પરણ્યા પછી ઇસ્લામી જગતની તમામ ફૌજ તારી સંગાથે હશે. લાખો મુસલમાનોની દુઆઓ તારા માટે અલ્લાહ કનેથી રહમત ખેંચી લાવશે. આપના વચનને પુરૂં કરવા માટે તેં જે નિખાલસતા તત્પરતા બતાવી છે તેનો અલ્લાહ તને નેક બદલો આપશે.

[સુલ્તાન પુનઃ બેટીના કપાળનું ચૂંબન લઇ મોતીઓની માળા તેના ગળામાં પહેરાવે છે. પછી અલંત હર્ષિત થઈ તંબૂની બહાર નીકળે છે. [પરદો પડે છે.]

(ઉર્દૂ ઉપરથી)

સાક્ષરોના અભિપ્રાયોમાંથી :-

મુંબઈ. (૪)

ગીરગામ પોસ્ટ તા. ૨૦-૯-૩૬

તમારો પત્ર અને પુસ્તક મળ્યાં. આજથી ચાળીસ વર્ષ પર મેં Persian Prosody with Figures of Speech નામનું એક નાનું પુસ્તક લખેલું; એજ ધાટી ઉપર તમારૂં પુસ્તક લખાયલું છે. તે અંગ્રેજીમા છેઃ તમારૂં ગુજરાતીમાં છે એટલો ફેરઃ અને ગુજરાતીમાં આવા પુસ્તકની અતિ ઘણી જરૂર હતી. ગુજરાતના બે અગ્રગણ્ય સાક્ષરોએ ફારસી પીંગળશાસ્ત્ર વિષે મને પૂછેલું. એમને હું રા: રણછોડભાઇ ઉદયરામના પીંગળશાસ્ત્ર તથા મારા હ્યાનકડા પુસ્તક સિવાય બીજું કાંઇ બતાવી શકેલો નહિ: મતલબ કે ફારસી પીંગળશાસ્ત્ર સમજવે જાણવાની ગુજરાતીઓને ઉત્કંઠા છે, પણ તે પૂરી પાડવા માટે લાયક પુસ્તક ન હતું, તે ખોટ તમારા પુસ્તકે પૂરી પાડી છે. તે પુસ્તકમાં ગુજરાતી પીંગળ શાસ્ત્ર જોડે મળતાપણું કે તફાવત બતાવવાની કંઇ જરૂર ન હતીઃ તમે ઉંડા ઉતરી એ બંને ભાષાઓનું પિંગળ શાસ્ત્ર પરસ્પર કયાં, મળતું આવે છે અને કયાં કયાં તેમાં ફેર હોય છે એ બહુ સારી રીતે બતાવી આપી તમારા પ્રયાસની કીમત ને ઉપયોગીતા વધારી છે.

આપણા હાલના ગુજરાતી સાહિત્યમા તો તમારો પ્રયાસ ઘણો ઉત્તમ છે, એની જોડીનું બીજું પુસ્તક મારી જાણમાં નથી.

(દી. બ.) કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી
(એમ. એ. એલ. એલ. બી.)

કવિઓને શાઈર
અને
શાઈરને કવિ બનાવનાર
કૃત્ત આજ એકજ પુસ્તક છે.
અરબી પિંગળ સરળ ગુજરાતીમાં
"ઝાર," રાંદેરી કૃત
'શાઇરી' ભા. ૧-૨

ભાગ પહેલામાંઃ-અરબી પિંગળ, છંદ પ્રકાર, છંદોની સરળ સમજુતી, અરબી-સંસ્કૃત પિંગળ મિલન, કાવ્ય પરીક્ષાની રીત, ઇત્યાદી.

ભાગ બીજામાંઃ-પ્રાસ (કાફિયહ), તૂકાન્ત (રદીફ), પદ્ય પ્રકાર, ધ્વન્યાદીનું વર્ણન અને સમજુતી.

કીંમત ૬ આના, પરદેશ એક શીલીંગ, (પોસ્ટ ખર્ચ સહિત)

પ્રકાશકઃ-'વહશી' સાહિત્ય કાર્યાલય, સુરત.
એજન્ટોઃ—
'ધી રાંદેર સ્ટોર્સ' કણપીઠ, સુરત.

અમદાવાદ તા. ૨૦-૯-૩૬

તમે મોકલેલાં શાયરીનાં બે પુસ્તકનું બુક પોસ્ટ મોકલ્યું છે તે મળ્યું છે.....ફારસી અરબી પિંગળ ગુજરાતીમાં ઉતારવાના આ તમારા પ્રયત્ન છે તે જોઇ હું ઘણો ખુશ થયો; તમારા એ પ્રયત્નને સંપૂર્ણ સફળતા ઇચ્છું છું.

(દી. બ.) કેશવલાલ ધ્રુવ
(બી. એ.)

સાક્ષરોના અભિપ્રાયોમાંથી :-

આ ચોપડી ઘણી આવકારપાત્ર છે. અરબી પર્શિયન છંદ રચનાનાં રણછોડભાઇ ઉદયરામ અને દી. બ. કૃષ્ણલાલ ઝવેરીનાં પુસ્તકો દૃષ્પ્રાપ્ય છે, અને રણછોડભાઇનું પુસ્તક શિખાઉ માટે સરળ પણ નથી. અરબી પર્શિયન છંદ રચનાની ભાઇ 'ઝાર'ની પુસ્તિકા એ વિષયની ઉત્તમ પ્રવેશિકા છે. ગુજરાતી પરિભાષા વાપરી, આપણા છંદો સથે સરખામણી કરી. યાદ રહે તેવા નમૂના આપી લેખકે વિષયને સરળ બનાવ્યો છે. અરબી પર્શિયન પદ્ય રચના સંબંધી કેટલાક ખોટાં ખ્યાલો પ્રવર્તે છે તે આ પુસ્તિકાથી દૂર થશે એવી આશા રહે છે

વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી.
૪-૧૦-૩૬ M. A.
કોલેજ, સુરત. Professor of English & Gujarati.
M. T. B. College, Surat.

...તમારૂં પુસ્તક હું ઉતાવળે વાંચી ગયો છું. અરબ્બી અને ગુજરાતી પિંગળની સમજ તમે બહુ સરળતાથી આપી છે. પુસ્તક પદ્યરચનાના અભ્યાસીને ઘણું ઉપયોગી થઈ પડે તેવું લખાયું છે. પણ એ પુસ્તકનો સૌથી ઉપયોગી ભાગ બીજો "પ્રાસ"ને લગતો છે. આજ સુધી કોઇ ગુજરાતી પુસ્તકમાં યમક યા પ્રાસાનુપ્રાસને લગતી આવી વિસ્તારથી સંપુર્ણ સમજણ આપેલ મેં વાંચી નથી એ માટે હું તમને મુબારકબાદી આપું છું, અને ઇચ્છું છું કે તમને આ તમારા પ્રયાસમાં સંપુર્ણ ફતેહ મળે

મદ્રાસ, લી- શુભેચ્છક.
૧૬-૧૦-૩૬ (કવિ શ્રી) અરદેશર ફરામજી

સંક્ષિપ્ત.....ના.....સન્માર્ગ

રજુ કરનાર : "ગાફિલ"

(સર્વ હક્ક લેખકને સ્વાધીન છે)

૪૧૪

પ્રત્યેક રાજ્ય કે સંસ્થા જ્યારે લઘુમતિવાળા પ્રતિપક્ષીનાં વિચાર, વાણી અને વર્તન ઉપર ત્રાપ મારે છે, ત્યારથીજ તે રાજ્યતંત્ર કે સંસ્થા આપખુદ બને છે. શાસન ચલાવનાર કે કારભાર કરનાર બહુમતિવાળા પક્ષે લઘુમતિનો પોતાના માટે શો મત છે, એ જાણવાના સતત પ્રયત્નો કરવા જોઇએ. અને એ ત્યારેજ જાણી શકાય, કે જ્યારે લઘુમતિવાળા પક્ષ ઉપર અંકુશ ન હોય, અર્થાત તેને વિચાર અને વાણીની સ્વતંત્રતા મળેલી હોય. બાકી તો "હા-જી-હા" કહેનારાઓનાં આધારે શાસન ચલાવનાર મહાન સમ્રાટોનેય તાજ ગુમાવવા પડયા છે. એ દીવા જેવું સત્ય છે. વ્યક્તિ કે સમષ્ટીનાં મહાન શત્રુ જો કોઇ હોય, તો તે "હા-જી-હા" કહેનારાઓજ છે.

૪૧૫

પોતાની ખામીઓ સ્પષ્ટ રીતે રજુ કરનારને, સંતોષકારક ખુલાસો આપવાની ધર્મસભાની પ્રથામાં અસાધારણ રહસ્ય સમાયેલું છે. મહાન ખલીફા હઝરત ઉમર (રજિ અ૦)ને જે એક સાધારણ માણસ પ્રશ્ન પુછી શકતો. આવી સર્વોત્તમ પ્રથાનો, અંત આવતાંજ ધર્મસાફ પણ સત્તાના માટે મૃત્યુ વશ થયો છે.

૪૧૬

સ્પષ્ટ રીતે પોતાની ઉર્ણાપો રજુ કરનારનેજ સાચા મિત્રની ઉપમા આપી શકાય. પણ પ્રજાનાં દુર્ભાગ્યે દેશી રાજ્યોમાં પણ "હા-જી-હા" કહેનારાઓના આધારે કારભારો થાય છે. પરિણામે વ્યક્તિગત કોઇને અંગુલી નિર્દેશ કરવાની તક સાંપડતી નથી. ખામીઓ જાહેરમાં ન આવે, ત્યાં સુધી યોગ્ય સુધારાની આશા શી રીતે રાખવી ? એ પ્રશ્નજ અણઉકેલ છે.

૪૧૭

ભયની ચોક્કસ ક્ષણો એવી હોય છે, કે જે જુલ્મગારને પણ મુંઝવી નાખે છે. છતાં ભયના ચાલ્યા જતાંજ કેટલાક જુલ્મગારો બમણી ગતિથી પોતાનાં ચક્રો ચલાવે છે.

૪૧૮

પ્રત્યેક સત્તા કે સમાજ લાંબી મુદત ટકી શકતાં નથી, તેનાં મૂખ્ય કારણો એ છે, કે તેમનામાં બેકારી અને ભૂખમરો ટાળવાની શક્તિ કે કુનેહનો સદંતર અભાવ હોય છે. ઇસ્લામી પધ્ધતિ પ્રમાણે જો ઝકાત અને બૈતુલ માલની સુંદર અને સંપૂર્ણ રચના કરવામાં આવે, તો બેકારી સ્વયં ટળી જાય. અને તેથી ભૂખમરાનો પણ રહેજે અંત આવી રહે. આજે પ્રચલિત દેખાતા સોશીયાલીઝમ કે આઇંદા પ્રચલિત થનાર કોઇ પણ ઇઝમ દ્વારા સમસ્ત માનવ જગતનો ઉધ્ધાર થવો અશકય છે. પ્રજાની આર્થિક સ્થીતિ સુધારવા, રાજ્યની આવકનો દશમો ભાગ જ્યાં સુધી પધ્ધતિસર ન ખરચાય, અને પ્રજાનો શ્રીમંત અને મધ્યમ વર્ગ જ્યાં સુધી પોતાની ચોખ્ખી કમાણી ઉપર સૈંકડે અઢી ટકા પોતાનાં નિર્ધન ભાઇઓની આર્થિક અવદશા ટાળવાનાં માર્ગે ન ખરચે, ત્યાં સુધી જગતની આર્થિક આંટીઘુંટીનો અંત આવે એ કલ્પના કરવી પણ સદંતર નાદાની છે.



૪૧૯

શોષક પછી ભલેને તે પુરૂષ હોય કે સ્ત્રી. એક વાત તો ચોક્કસ દેખાશે, તે એ કે તે પોતાની પરતંત્ર પ્રજાની ગુલામી ચીરંજીવી બનાવવાના અને એ રીતે પોતાની સત્તા ટકાવી રાખવાના સતત પ્રયત્નો અને અવનવા પ્રયોગો કર્યાજ કરશે. કોઇ પણ પ્રજાએ પોતાની પરવશતા દૂર કરવા, જાતેજ કટીબદ્ધ થવું જોઇએ.

૪૨૦

બીખારીઓને નોકરી ગમતી નથી, કારણ કે તેમને આમતેમ આંટા મારતાં ખવાય એથી વિશેષ રોટલો મળી રહે છે, અને સ્વમાન હાનીથી તેઓ ટેવાઇ ગએલા હોય છે. તેમનું શરીર ગમે તેટલું બળવાન હોય, પણ તેનામાં એક અવયવ ઓછું હોય છે અને તે "નાક" ભીખ માંગવાનો હક્ક ન હોય, એવા તંદુરસ્ત માનવીઓ પણ "નાક"ની કિંમત આંકતા નથી. પરિણામે તેમને યાચનાનાં ઓછા ટુકડા પણ ભાવે છે.

૪૨૧

સમાજના આગેવાનો કે પટેલીયાઓ પોતાની પટેલાઇ કે સત્તા ટકી રહે, એટલા ખાતર જુનવાણી, પ્રત્યાઘાતી, અને પ્રગતિવિરોધક તત્વોનો સાથ લઇ, પ્રત્યેક પ્રગતિશીલ ભાવનાનો, વિચારનો, અને કાર્યનો વિરોધ કરે છે. અને એ રીતે આજના યુવાનોની અણુપીકસી અણુકણી આઝાદીની ભાવનાને સદંતર રૂંધી નાખે છે. એ અત્યંત ખેદજનક બીના તો છેજ પણ અયોગ્ય હોય, એવી એકંદર પ્રથાઓનો અંત આણવા, યુવકો શા માટે તત્પર થતા નથી, એ પ્રશ્ન પણ વિચારવા જેવો છે. યુવકો વાતો કરવામાં જેટલા શૂરા છે, તેટલાજ કાર્ય કરવામાં અધુરા છે ઉદ્યમ સુનો દ્વારા કોઇ પણ પ્રશ્નનો નીવેડો લાવી શકાય નહિ, તેમજ ભાષણો વડે પણ કાર્યસિદ્ધિ થવાની આશા રાખવી એ મૂર્ખતા છે. યુવકોને સામાજીક સડાઓને જો દૂર કરવાની સાચી ધગશ હોય, તો પ્રથમ એકતા સાધીને પછી સામટા બળે કાર્યક્ષેત્રમાં ઝંપલાવવું જોઇએ. કેવળ વાતોથી નહિ, પણ પોતાનાં વર્તન વડે સત્યને પ્રકાશમાં આણવાના પ્રયત્ન કરવાં જોઇએ કારણ કે આપણને હવે શબ્દોની જરૂર નથી, પણ કાર્યની જરૂર છે.

૪૨૨

આજની સામાજીક રૂઢિઓ એવી છે, કે જે કેટલીક વખતે ઉચ્ચ માર્ગનાં દ્વારો બંધ કરી દે છે. જીવનનો ખુલ્લા માર્ગને રૂંધી નાખવો, ઉત્સાહી લોકોના ઉત્સાહને નિરૂત્સાહમાં ફેરવી નાખવો, યોગ્ય એવા ઉલ્લાસ અને આનંદનો અંત આણવો, અનેકની આશાઓને ચોક્કસ કારણો વગર મૂળમાં મેળવી દેવી, યોગ્ય જણાતી તમન્નાઓને પણ પૂર્ણ ન થવા દેવી, સાહસિક વૃત્તિને દાબી નાખવી, ટીકાનો અવાજ સુધાં ન નીકળે, તેની સાવચેતી રાખવી, રોષની જ્વાળાઓ ઉપર રિવાજો રૂપિ કુંડું પાણી રેડી દેવું, બધુરામાં પૂરું ધાર્મિક ફરમાનોનું ઉલ્લંઘન કરીને પણ રૂઢિ પૂજા કરવી, એવી આજની સામાજીક પ્રથા છે. બોલવાનોજ જ્યાં અધિકાર ન હોય, ત્યાં અમલનો પ્રશ્નજ ક્યાં રહે છે?

૪૨૩

બીકમાંથી લાંચ, અને ગુન્હામાંથી બીકનો જન્મ થાય છે, ગુન્હો ન થાય તોજ

લાંચનો પોતાની મેળે અંત આવી જાય. માટે ગુન્હેગાર ન થાય એવો વ્યક્તિગત સંયમ કોઇએ નિશ્ચય કરવો જોઇએ.

૪૨૪

પરણનાર પુરૂષે બે વાતો અમલમાં મૂકવીજ. એક તો એ કે જ્યાં સુધી પોતે પોતાના પગ ઉભા રહેવાની શક્તિ ન કેળવે, ત્યાં સુધી કોઇએ પરણવુંજ ન જોઇએ. પોતાના પગ ઉપર ઉભનાર એવા સ્વાવલંબી યુવકને પરણવાનો હક્ક છે. ખરો, પણ જીવનસાથીની પસંદગીનું કાર્ય તેણે બીજાઓને સુપરત કરવું જોઇએ નહિ. દુનિયામાં પ્રથમ સ્વાવલંબી થવું, પછી જીવન સાથીની જાતિ પસંદ કરીને પરણવું. જાતે પસંદગી કરવાનો અર્થ એ નથી, કે પશ્ચિમની પધ્ધતિએ પરણવા પહેલાં થોડોક સમય સાથે ગાળવો, કે મૈત્રી કરી જોવી પણ એનો અર્થ એ છે, કે જેની સાથે તમારે જીવન જોડવું હોય, તેનાં વિષેની શક્ય તેટલી વધારેમાં વધારે માહીતી મેળવી લેવી અને પછી હા ભણવી.

૪૨૫

સ્વમાન સહ જીવી ન શકાય તો મૃત્યુ બેહતર છે. એટલા માટે દરેક યુવકે સ્વમાન સહ જીવીને પોતાની જવાબદારીઓનું સંપૂર્ણ ભાન થયા પછીજ પરણવા તત્પર થવું. પારકી દીકરીનો ભવ બગાડવાનો કોઈ પણ યુવકને અધિકાર નથી.

૪૨૬

સાચા મિત્રની પસંદગીનું કાર્ય અતિ કપરું છે. દશમાંશ વર્ષની સતત શોધખોળ પછી પણ, આપણને આપણી ખામીઓ જણાવે, અને યોગ્ય પંથે દોરવી શકે એવા એકાદ મિત્રનું મળવું અતિ મુશ્કેલ છે. આપણી સ્વચ્છંદતાને પોષનાર, અને દુર્ગુણોને વખાણનાર, હા-માં-હા મેળવનાર મિત્રોનો જમાતમાં તોટો નથી. આપણે શ્રીમંત હોઇએ તો આપણી ખરીની પણ પરવા કર્યા વિના, આપણા દોષો સ્પષ્ટ શબ્દોમાં રજુ કરે, એવા મિત્રો શોધ્યાંએ જડે તેમ નથી.

(અપૂર્ણ)



પુરૂષોનાં કપડાં સાયન્ટીફીક રીતે ચેતરતાં અને સીવણ શીખવા માટે રૂબરૂ મળો યા લખો.

મુરાદ ટેલરીંગ વર્કસ

ગ્રેજ્યુએટ

MURAD TAILORING WORKS.

Try our Secret Good Fit for Scientific Cut, up-to-date Fitting & Modern style.

પ્રો. એસ. જી. મુરાદ.

ચુનારવાડા મસ્જિદ પાસે રાજકોટ.



થઇ જશે. (૭) દરેક આફત બલામાંથી એને કસરતથી પઢી બદન ઉપર દમ ઈ. અ. બહુ જલ્દી છૂટકારો થઇ જશે. જે કોઇ પોતાની ઔરત સાથે હમબીસ્તર પહેલાં ૭૦ સી-તેર વખત "યા મુગની" ઢશે તો ઇ. અ. ઔરત રહમની દરેક રીથી બચેલી રહેશે. (૮) જેની છોકરી ી હોય અને તેના નિકાહની માંગણી થતી ાય તેમજ તેના જહેઝને માટે કંઇ ન તો જુમ્આની રાતથી શરૂ કરી દરરોજ પછી એને ૧૧૦૦૦ અગીઆર હજાર પઢવું એવી રીતે કે ઇતવારની રાતે ૧૧ પૂરા થાય એ મુજબ પઢવું અને દુઆ પછી જુએ કે ગૈબથી શું જાહેર થાય અ. પહેલી વખત કામ થઇ જશે, નહીં ા દિવસ પછી પાછું પઢવું.

"યા મોઅતી" (અદદ ૧૨૯) "એ અતા ાલા" (૧) એને કસરતથી પઢનાર કોઇનો ાજ થશે નહીં (૨) એને કસરતથી પઢ- નેક કામો કરતો થઇ જશે અને ઇ. અ. મોતથી મરશે અને જીંદગીભર કોઇનો ાજ થશે નહિ. (૩) એને કસરતથી પઢ- । બધી ઉમ્મેદ ખુદાપાક પૂરી કરે છે. એની અને "યા મુગની"ની તાસીર ા એક બીજાને મલતી જુલતી છે એટલે ી તાસીર સરખી છે, જો "યા મુગની મોઅતી" બંનેને મેલવી પઢશે તો ઇ. કામ બહુ જલ્દી થઇ જશે. (૫) "યા તેયસ્સાએલીના"ને કસરતથી પઢનાર કોઇનો મોહતાજ થશે નહીં. દરેક દુઆ ા પહેલાં એને ત્રણ ત્રણ વખત પઢવાથી દુઆ કબુલ થશે. એને કસરતથી પઢનારની દરેક દુઆ ખુદાપાક કબુલ કરશે. (૬) જો કોઇને કંઇ અમાનત સોંપી હોય અગર કોઇ પાસેથી પોતાનો માલ વગેરે પાછો નહિ મલતો હોય તો:-"યા મોઅતેઓ કુલ્લે શૈઇન"ને ઇશાની નમાઝ પછી એક અઠવા- ડિઆ અગર જરૂર જણાય ત્યાં સુધી દરરોજ એને ૪૧ વખત પઢશે તો ઇ. અ. બહુ જલ્દી પૈસા, માલ વગેરે પાંછા મળી જશે. (૭) યા મોઅતે અરસાએલીના યા બદી ઉસ્સમાવાતે વલ્અર્દે યા માલેકુલ મુલ્કે યા ઝુલ્જલાલે વલ્ઇકરામે યા હય્યો યા કય્યૂમો યા અલ્લાહો યા રહમાનો યા રહીમો યા સમીઓ ઇસ્મા દુઆઇ વ યસ્સેર ઓમૂરી વ હલ્સેલ મુરાદી બેખ- સાએસે લુતફેકા યા લતીફો યા લતીફો ને 'કસરતથી પઢનાર કદી કોઇનો પણ મોહતાજ થશે નહીં' તેની દરેક મુસ્કીલ ખુદાપાક આસાન કરી દેશે અને તેની દરેક દુઆ ખુદાપાક કબૂલ કરશે અને એ ઉપરાંત દીન અને દુન્યાના બીજા અનેક 'ફાયદાઓ' તેને મળશે. અમુક બુઝુર્ગોના કહેવા મુજબ એમાં ઇસ્મે આ'ઝમ છે. દરેક દુઆ માંગતા પહેલાં એને એક વખત (ત્રણ વખત બેહતર છે) પઢી દુઆ માંગેથી ઇ. અ કબૂલ થઈ જશે.. (૮) દીન, દુન્યાના ગમે તે જાયજ કામ માટે કામ પૂરું થાય ત્યાં સુધી ઇશા પછી પોતાના નામના અદદ અગર ૧૨૯ વખત કિબ્લારૂ બેસી, લોબાન અગરબત્તી સળગાવી, દેહી અત્તર લગાડી, નંબર સાતની દુઆ એક વખત પૂરી પઢી જે કંઇ કામ માટે હોય તેની દુઆ માંગી "બે ઇઝઝતે જુમ્લા અંબિયા (અ. સા

વ. સ.) વ બે ઈઝઝતે મોહમદીન (સ. અ. વ. સ.) વ બે ઈઝઝતે જુમ્લા ઔરીયાએ કિરામ (રહ. અ.) અકદે હાજરી યા કાદીયુલ હાજાત અકદે હાજરી યા કાદીયુલ હાજાત અકદે હાજરી યા કાદીયુલ હાજાત "પઢવું એવી રીતે ૧૨૬ વખત અગર પોતાના નામના અદદ મુજબ પઢવું. ઈ. અ. બહુ જલદી કામ થઈ જશે.

"યા મોનેઓ" (સંખ્યા ૧૬૧) "એ દીન દુન્યામાં હલાકતથી બચાવવાવાલા" (૧) જો મરદ ઔરતમાં ટંટા દિસાદ અગર નારાજી અને ગુસ્સો પૈદા થઇ ગયો હોય તો બિસ્તરા પર સુતી વખત મરદ અગર ઔરત એને ૨૧ વખત પઢશે તો ઇ. અ. તુરત મેલ એખલાસ થઇ જશે, અને મહબ્બતમાં વધારો થશે. (૨) જે કોઇ એને દશ જુમ્આ સુધી દરરોજ ૧૬૧ વખત પઢશે તે ઇ. અ. તવંગર થઈ જો અગર તેના ગુજરાનું કોઇ સારૂ સાધન ખુદાપાક કરી આપશે. (૩) એને કસરતથી પઢનારની જીભ, આંખો, હાથ પગ વગેરે દરેક રીત અને જાતના ગુનાહોથી બચેલા રહેશે અને બહુ નેક ખસલત થઇ જશે. (૪) જેનો શોક નારાજ અને ગુસ્સે થઇ ગયો હોય તો એને સવાર સાંજ એકવીસ એકવીસ વખત પઢી શોક ઉપર રૂબરૂ અગર તેની પીઠ તરફ દમ કરવાથી ઇ. અ. તેનો ગુસ્સો અને નારાઝી દૂર થઇ જશે. (૫) બેકુન દરરોજ એને ૧૬૧ વખત પઢી પોતાનાં ખેતર ઉપર ચારે તરફ દમ કરશે તો ઇ. અ. બધી આફતોથી ખેતર બચેલું રહેશે. (૬) એને સવાર સાંજ કસરતથી પઢવાથી જે કંઇ મુરાદ હશે તે ઇ. અ. પૂરી થશે (૭) દીન દુન્યાના કોઇ પણ કામ માટે કામ પૂરૂં થાય ત્યાં સુધી દરેક ફર્ઝ નમાઝ પછી તે કામની નીયતથી ૧૬૧ વખત પઢવાથી ઇ. અ. બહુ જલદી કામ પૂર્ણ થશે.

હાસ્યરસના જાણીતા લેખક

"ચેકાર" કૃત પુસ્તકો

૧. જુની આંખે નવા તમાશા કી. રૂા. ૧ | ૨. કલમ ચાબુક કી. રૂા. ૧
૩. અકકલના ઇજારદાર કી. રૂા. ૧ | ૪. હું રાજા હોઉં તો! કી. રૂા. ૨
૫. રમતા રામ કી. રૂા. ૨ | ૬. સનમની શોધમાં કી. રૂા. ૨
૭. અક્કલના બાં (છપાય છે.)
૮. બે. જુદું.

શ્રી રાંદેર સ્ટોર્સ : ટાવર રોડ, : સૂરત.

દોઢેક મિનિટ પછી શકૂરભાઇ વિજયી ચહેરે પગનાં ભરતા આવ્યા મારી પ્રત્યે એક તિરસ્કારમય દૃષ્ટિ ફેંકી એક ખુરશી પર એમણે સ્થાન લીધું. આખો ખંડ અત્યારે હાઈકોર્ટના સ્વરૂપમાં પલટાઇ ગયો હતો. કોઇ ગંભીર કેસ ચાલતો હોય એવી શાંતિ છવાઇ ગઇ હતી. એક ખુરશી પર સામેની બાજુ ન્યાયદેવીની માફક મા બેઠા હતા. એની સામેની ખુરશી ઉપર મહત્વના સાક્ષીના પિંજરામાં બેઠા હોય એવી અદાથી શકૂરભાઇ બેઠા હતા બાજુના સોફા પર બાબુભાઇ અને સતીશ વકીલની હાજરી સૂચવતા હતા જ્યારે સામેના કોચ પર બેઠેલાં મારી નાની બહેન અને ભાઇ પ્રેક્ષકોની ગરજ સારતા હતા. અને હું તો 'બરતરફ કંઇક ક્ષોભ પામેલો, અપરાધીની માફક આરામ ખુરશીમા પડયો હતો.

જરા વારની શાંતિ પછી કેસ ચાલુ થયો.

'શકૂર! તેં આને કયારે, કયા જોયો હતો' ન્યાયદેવીએ પ્રશ્ન કર્યો

'માસી બા! મેં નઝીર ભાઇને અને એમના મિત્ર રફીકને લગભગ આઠ પીઠા પાસેની પાનવાળાની દુકાને બહાર ખુરશીઓ ઢાળી બેઠેલા અને શરાબ પીતા જોયેલા. નઝીર ભાઇના હાથમાં શરાબનો શીશો પણ હતો'

'ઓ, અરે! એમાં આટલો ગોટાળો?' ઉપાધિનું કારણ જાણી લેતા હું આનંદમા નાચી ઉઠયો.

'એસ, પુરી વાત સાભળી લેવા દે!' બાબુભાઇએ વચ્ચેથી વાત કાપી વકીલાત શરૂ કરી :

'હં, શકૂર તેં ખાત્રી કરી હતી કે એ બે જણ નઝીર અને રફીક હતા?'

'તે ખાત્રી વિના કહેતો હઇશ? હું બે વર' એમની આગળથી પસાર થયો પણ કોઇનું ધ્યાન ખેંચાયું નહિ' શકૂરભાઇ ઉગ્ર તપાસથી સહેજ રોષે ભરાઇ બોલ્યા.

'અરે, ભાઇ' મારો ખુલાસો કોઇ સાભળશે કે નહિ? હમણા, આ ગોટાળાનો અંત લાવી દઉં'

'હા, બોલવા દોને એને. છાને ખુલાસો કરે' શાંત બેઠેલા સતીશે કહ્યું

'બોલ જોઉં, શું કહેવું છે તારે. યાદ રાખજે બોટું નહિ ચાલે,' માએ ખુલાસો કરવાની તક આપી. સૌ ઉત્સુકતાથી મારી સામું જોઇ રહ્યા.

'કાને સાજે અઢીથી જમીને સીનેમા જોવા ગયેલો બેવ સાડા આઠે શરૂ થનારો હોવાથી હું અને રફીક ટિકિટો લઇ ચા પીવા હોટલ તરફ ચાલ્યા. સીનેમા સામે પીઠાની બાજુમાં બોધવજી પાનવાળાની દુકાન છે ત્યા આગળ રફીકના બેચાર મિત્રો, રસ્તા પર ખુરશીઓ ઢાળી બેઠા હતા એમાથી એક અમને બોલાવ્યા, એક જણે બધાને ફાલસાનુ શરબત પાયું તેને શકૂરભાઇના કહેવા બેબસ્યે શરાબ માની લીધો!'

'ઉભા રહો ફાલસાનો રંગ વાદળી હોય છે. શકૂર! તે આ લોકોને જે પીણું પીતાં જોયેલા એનો રંગ કેવો હતો?' બાબુભાઇએ છેવટ સુધી વકીલાત કરી લેવાનો નિશ્ચય કરી લીધો લાગ્યો



'મેં બરાબર ધારીને નહોતું જોયું, પણ લીલા જેવો રંગ જણાયો.' શકૂર ભાઇએ સહેજ ઢીલા પડી જઇ જવાબ વાળ્યો.

'પણ તારી પાસે શીશો હતો એનું શું?'

'પૂછો માને. મા! તમે કાંઈ શુક્રાણના શરબતનો શીશો લાવવાનું નહોતું કહ્યું? અને આજ સવારે મેં તે આપેલો કે નહિ? બસ!'

'વાહ, શકૂર શીશીમાં પ્રવાહી લાવ હતો!'

'હા ગાસીબા!' શકૂરે પરાજય સ્વીકારતા છેક ઢીલા સ્વરે કહ્યું.

'મને ખાત્રી હતી. મારો પુત્ર એવું કરેજ નહિ.' માએ મત ઉચ્ચાર્યો.

'નઝીરલાઇ સર્વાનુમતે નિર્દોષ!' મારા નાનાભાઇએ જાહેર જતાં દિખળ કરી, અને નાની બહેને જીભ બહાર કાઢી ચાળા પાડતાં પૂર્તિ કરી,

'વાહરે શકૂર ભાઇ, વાહ!'

બધાના મુક્ત હાસ્યથી ઓરડો ગુંજી ઉઠ્યો. શકૂરભાઇ પણ હસ્યા કિંતુ પરાજીતના જેવું વિષાદી હાસ્ય!

[સંપૂર્ણ]

ધી રાંદેર સ્ટોર્સ.

ન્યુસપેપર એજન્ટસ.

ટાવર રોડ—સુરત.

મુંબઇથી રવિવારે પ્રગટ થતું **'વતન'** સાપ્તાહિક
જ. જિન્નાહ સ્થાપિત. કી. દોઢ આના

અમદાવાદથી સોમવારે પ્રગટ થતું **'દીન'** સાપ્તાહિક
તંત્રી:-નિઝામુદ્દીન કુરૈશી. કી. બે આના

સુરતથી શુક્રવારે પ્રગટ થતું **'હમદર્દ'** સાપ્તાહિક
તંત્રી:-સૈયદ મોહમ્મદ. કી. સવા આનો

રાજકોટથી શુક્રવારે પ્રગટ થતું
'મુસ્લિમ બુલેટિન' સાપ્તાહિક
તંત્રી:-'શબનમ'. કી. બે આના

ઓલ ઇન્ડીયા રેડીઓના પખવાડીક
'આવાઝ' (ઉર્દુ) **'સારંગ'** (હિન્દી) કી. સાડા ત્રણ આના

સુરતથી દર અંગ્રેજી પંદરમી તારીખે પ્રગટ થતું **'કારવાં'** માસિક
તંત્રી:-'વહુશી'-'બેકાર'. કી પાંચ આના

અમદાવાદથી દર ઇંગ્લીશી પહેલી તારીખે પ્રગટ થતું **'નિઝામ'** માસિક
તંત્રી:-'નિઝામુદ્દીન કુરૈશી'. કી. બેઆના

સીમાબ ની કવિતા

એમની કાર્યમંદિરોની પૂરેપૂરી લગ્નજ તો એમના મૈખાનામાં પહોંચ્યા સિવાય આવી શકતીજ નથી. આ નાના એવા પૈમાનામાં તો એમની જુની જુની, સુરાહીઓમાંથી ચોટાં બિંદુઓ ટપકાવી દીધાં છે.

[મૂળ લેખક : અબ્દુલ્લા કાતમી (સીમાબી)]
[અનુવાદક : ઉમર કુરેશી]

હિંદી ઉર્દૂના વિખ્યાત નવલિકાકારનું કહેવું છે કે ઉર્દૂ શાયરી અગાઉ જે રસ્તે વહી રહી હતી એ રસ્તે અત્યારે પણ વહી જાય છે, છતાં પણ તેમાં હવે કાંઇક ઉંડાણ-ઘનતા આવી ગઇ છે. કદાચ આ શ્રીમાને ઉર્દૂ કવિતાનું અધ્યયનજ નથી કર્યું નહિતર એમના મુખથી આવી બેહુદી વાત ભાગ્યેજ નીકળત. ઉર્દૂ કવિતા કોઇ પણ યુગમાં ઘનતા વિહોણી રહીજ નથી. "મીર" અને "ગાલિબ" એનાં જવલંત દૃષ્ટાંતો છે અને હવે તો ઉર્દૂ કવિતા પહેલાં કરતાં તદ્દન જુદા પ્રકારની થઇ ગઇ છે, તેમજ પહેલાં કરતાં એણે વિશેષ ઘનતા પ્રાપ્ત કરી છે. "નગમયે દિલ," "નગમયે રૂહ," "નગમયે ઝાર," "લતી કિયાત," "બાલે જિબરીલ," "આહંગે રિઝમ," અને "કારે ઇમરોઝ"ના અધ્યયનથી એની પ્રતીતિ થાય છે.

આધુનિક ઉર્દૂ કવિતાને ત્રણ વિભાગોમાં વહેંચી શકાય છે. હાલી-યુગ, ઇકબાલ-યુગ અને સીમાબ-યુગ. પહેલા બન્ને યુગો કરતાં સીમાબ-યુગની એક વિશિષ્ટતા છે કે એ જીવનનાં સમસ્ત ક્ષેત્રોમાં પ્રવેશે છે અને એનું દૃષ્ટિબિન્દુ પણ અતિ વ્યાપક છે.

સીમાબની શૈલીમાં જ્યાં ઇકબાલની ઇસ્લામિયત અને હાલીની કૌમિયતનું આશ્ચર્યકારક ઔચિત્ય છે ત્યાં બાયરનની ઇતિહાસિકતા, શૈલીનો રહસ્યવાદ, નઝરૂલ ઇસ્લામનો ક્રાંતિવાદ અને ટાગોરનો વિશ્વપ્રેમ પણ મૌજૂદ છે. આટ આટલું હોવા છતાં પણ તે સર્વથા મૌલિક હોઇ આપણી પ્રશંસા માગી લે છે અને એ કારણેજ આજના નવજવાન ઉર્દૂ શાયરો "આમ્રા સ્કૂલ"નું અનુસરણ કરી ગૌરવાન્વિત બની રહ્યા છે.

સીમાબ સાહેબનું પૂરું નામ અલ્લામહ આશિક હુસૈન છે. "સીમાબ" એમનું તખલ્લુસ છે. પોતે દાર્શનિક કવિ "જિગર" તથા "અસમર"ની પેઠે ઉર્દૂના એકાંત શાંત સાહિત્યસેવક છે. ખ્યાતિની એમને લેશ પણ લાલસા નથી; એનો સર્વશ્રેષ્ઠ પુરાવો એ છે કે એમના "કારે ઇમરોઝ"માં કોઇ ભૂમિકા કે ઉપોદ્ઘાત નથી. એમણે આજસુધીમાં આશરે ત્રણસો પુસ્તકો લખ્યાં છે, જેમાં "કારે ઇમરોઝ" અને "કલીમે અજમ" અતિ વિખ્યાત છે. એમનામાં અજબ્બ કવિત્વ શક્તિ છે જેમાંથી જોશનો સાગર છલકી ઊઠે એની ક્રાંતિકારક નઝમ વીસ પચીસ મિનિટમાં રચી નાખી એ એમના માટે સહજ છે. "ફરિયાદ" વગેરે આવીજ નઝમોમાંથી છે. "કારે ઇમરોઝ" પણ માત્ર

એક મહિનાના પરિશ્રમનું પરિણામ છે. પોતાના પ્રિય શિષ્ય "ઝિયા" સાહબ સાથે પોતે સવારમાં ફરવા નીકળતા હતા અને રસ્તામાં પોતાના શિષ્યના બતાવેલા વિષય પર શેઅર કહેતા જતા હતા, જેને "ઝિયા" સાહબ લખી લેતા હતા. આ રીતે કેવળ બારના બારમા ભાગમાં આ શીઘ્ર કવિએ, ઉર્દૂ તો ઠીક પરંતુ ભારતની અન્ય ભાષાઓમાં પણ જેની જોડ નથી એવી અમર કાવ્યકૃતિ "કારે ઇમરોઝ" રચી નાખી.

જનના મુખ્યત્વે સીમાબ સાહબની ભાષા પર ક્લિષ્ટતાનું દોષારોપણ કરે છે. એ નિઃશંક છે કે એમની ભાષા ક્લિષ્ટ હોય છે પણ એક હિંદી વિદ્વાનના મતાનુસાર જેમ "પ્રસાદ"જી પર સંસ્કૃત-સાહિત્યની ઘેરી છાપ પડી છે એટલે એમના ભાવો સ્વભાવિક રીતેજ કઠિન વાણીમાં વ્યક્ત થાય છે એજ રીતે "સીમાબ" સાહબ પર પણ ફારસી સાહિત્યની ઊંડી અસર થઇ છે અને એમના ભાવો સ્વાભાવિક રીતેજ કઠિન ભાષામાં અભિવ્યક્ત થાય છે. એ ભાષાને રચતા નથી પરંતુ એનો અર્થ એમ નહિ કે એમને વ્યવહારૂ વાણી પ્રત્યે ધૃણા છે. જો એમ હોત તો પોતે ઘર, પ્રીતિ, દુઃખ, બાંકપન, ભાવાનક અને ગીત જેવા સાધારણ શબ્દોના પ્રયોગ પોતાની ભાષામાં કયારેય ન કરત. એટલે કે ફારસી-અરબીમાં એમના સમાનાર્થી અને એમનાથી ચડિયાતા શબ્દો પ્રસ્તુત હોઇ એને દોષ નહિ પણ વિશિષ્ટજ લેખની જોઇએ.

બે શબ્દો "કારે ઇમરોઝ" જો નામ વિશે પણ લખવાં આવશ્યક છે. "કારે ઇમરોઝ"નો અર્થ છે- આજનું કાર્ય. એમાં શું કરો, એ એનું નામજ સૂચવી આપે છે. પણ મને જિજ્ઞાસા છે કે આ "કારે ફર્દા-" આવતી કાલનું કાર્ય-પણ છે કારણકે એમાં કેટલીક એવી બાબતો પણ છે કે જેનો ઉપયોગ હાલ તુરત તો ભવિષ્ય પરજ આધાર રાખે છે. મારી તો શ્રધ્ધા છે કે "કારે ઇમરોઝ" સદાબહાર ફૂલની પેઠે સર્વદા તાજું રહેનાર સર્જન છે. આ એક એવો સાગર છે કે એમાં જેટલી ડૂબકીઓ મારવામાં આવશે એટલું પ્રાપ્ત કરી શકાશે: એના લાભ કયારેક મોતી, કયારેક હીરા અને કયારેક અન્ય જવાહિરોના સ્વરૂપમાં મળતા રહેશે. નીચેની પંકિતઓ મારા દાવાની સત્યતા પરખવામાં મદદગાર નીવડશે.

કવિતા બે પ્રકારની હોય છે-ભાવના પ્રધાન અને કલ્પના પ્રધાન, પરંતુ સાચી કવિતામાં એ બન્નેને અંશ બરાબર હોય છે. એ અનુસાર સીમાબ સાહબ સાચા કવિ છે. એમની કવિતા ઉચ્ચ કલ્પના અને શ્રેષ્ઠ ભાવનાની સાથેસાથ સ્વાનુભવોથી ઓતપ્રોત હોય છે. એમાં હૃદય અને બુધ્ધિ-દિલ અને દિમાગ બન્નેની ક્ષુધા એકીસાથે શમી જાય છે. આ યુગપ્રવર્તક કવિ પોતાની જવાબામુખી કલમનો પરિચય કેવા પ્રકારે આપે છે.

"નિત્યમેં અત્રમે મહબ્બતકો કુરસતે તમાશર,
એક ઈન્સાન હય મેરે દરદમેં રોયા."

આજના સંકુચિત અને શીઘ્રગામી માનવજીવનને લક્ષમાં રાખી કવિ કેવી સુંદર વાણી સંભળાવે છે,

"આદિરના ચલ, આદિરના એ જલ્વએ નૂરાની!
બર લેને દે નઝરોંમેં જલ્વોંકી દરખશાની."

આજની પેઠે પહેલાં હિન્દુ, મુસ્લિમ અને ખ્રિસ્તીઓ નહોતા પણ માત્ર માનવો હતા. કવિ એનું સમર્થન કરે છે.

દેખેં, એ કારને આશ્રમ 'દેખ અય 'સરમાયાદાર, નામુરાદીકા મુરક્કા, બેકસીકા 'શાહકાર. બેકસીકે અર્ક ચેહરે પર ખુશીકા નૂર હય, અકસરે શાદી બિસાતે મોહબ્બિલે મઝદૂર હય."

સાથોસાથ પશ્ચિમની સભ્યતાનું નગ્ન ચિત્ર પણ જોઈ લેશો. કેવું બીભત્સ દૃશ્ય–

"ચાહ યક અતિલકદા હકકી જહાં પુરસિશ નહી હોતી, ઝમીરો રહકી તા દૂર ગુંજઈશ નહી હોતી."

પૂર્વગ્રહ અને હઠધર્મીથી કવિ દૂર–સુદૂર રહે છે સુસંવેદ સ્થાપના એજ એનો આદર્શ હોય છે. જે "કારે ઇમરોઝ"મા "રસૂલે કાયનાત' વિશે નઝમો છે એમાં "શ્રી કૃષ્ણ" અને "ગૌતમ બુદ્ધ" વિશે પણ કાવ્યો છે. નીચે થોડા શેઅર આપવામા આવ્યા છે. જુઓ કેટલાક મધુર શબ્દો, કેવી ભોદક ભાવનાઓ અને કેવી ઘેરી કલ્પનાઓ છે–

શ્રી કૃષ્ણ–

"અબકે બાસુરી નગ્મોં ને અપને વજ્દ કિયા, ખુદ અપની જિન્દગીએ પુર વકારસે ખેલા. ગુઝિશ્તા સુબ્હે મહબ્બતકો ઢૂંઢને નિકલા, એક આફતાબે મહબ્બતકી રોશની લેકર. ફલકકો યાદ હુઆ ઉસ અહદે પાકકી બાતેં, વો બાસુરી, વો મહબ્બતકી સાંવરી રાતે."

ગૌતમ બુદ્ધ–

"બન્દ આખે કરકે ઉસ દુન્યાકે મકરૂહાતસે, તૂને હાસિલ કી જિયાએ દિલ તજલ્લિયાતસે.

અંગ્રેજી સાહિત્યમાં "ચાઇલ્ડ હૅરોલ્ડઝ પિલગ્રિમેજ" એ કવિતા અતિ વિખ્યાત તેમજ લોકપ્રિય છે. મૌલાનાએ "અર્જે તાજ"માં આ રીતિની થોડી નઝમો અતિ સફળતા સાથે રચી છે. ઉપરોકત અંગ્રેજી કવિતા કરતાં પણ આ અધિક સફળ થઇ છે એમ કહેવામાં અતિશયોકિત થઇ નહિ લેખાય.

કેવું પ્રકૃતિચિત્રણ, ભાવોની કેવી ઉચ્ચતા, કલ્પનાની કેવી ઘનતા અને કેવી તેજસ્વી રંગી શૈલી–બધી બાજુઓથી આ એક ચમત્કાર જેવીજ માલૂમ પડે છે. એમ તો "કારે ઇમરોઝ" એજ આ યુગનું સહુથી મોટું સાહિત્યક કારનામું છે. પરંતુ એમાં પણ આ નઝમ વિશ્વ સાહિત્યમાં પોતાનું ખાસ સ્થાન ધરાવે છે. હિંદી ઉર્દૂમાં આ વિષય પર ઘણાંએ કાવ્યો રચાયેલાં છે પણ આની સરખામણીમાં ઊભી રહે એવું એક પણ કાવ્ય નથી.

એક પ્રવાસીને પોતાના સહપંથ સીમાજ સાદત તાજ મહલની સફર કરાવે છે અને પોતાની વિશિષ્ટ વાણીમાં કેવાં કેવાં રહસ્યોનું ઉદ્‌ઘાટન કરે છે–

"હિમ્મતે મુસ્લિમ અગર એસે બના લે ચન્દ પર, મૈનકે હર બન્દ હો બન્યે હરીમે હિન્દ પર."

આવ ઓ પ્રવાસી!

"તેરી આંખોંમે તમાશાએ નયા હસરત કર, આઈના એહસાસકા અપને બનાઉ મગ તુઝે"

લાલ કિલ્લાનું દૃશ્ય જોઈને–

"સુર્ખ તામીર ઈસકી લાલેકા ફસુર્દા બામ હૈ, દામને હસ્તી પે રૂખા સા લહૂકા દાગ હૈ."

ગૌતમાદુલ્લાની ઇમારત–

"આહે લી ઉસ સરઝમીમે ઉસકી હિમ્મતને બનાઇ મરહમત કી ઉસકો હિરતને હયને જબિતાં."

આરામ બાગમાં–

'હાં, યે હૈ દેખે હુએ ગુલગશ્તે અન્દાઝે જમાલ. સબ્ત હૈ ઇસ પર હુસીનોં કે જિરામે નાઝનીં. ઈન્કિલાબે રફ્તારસે લાલેકા દિલ પુર દાગ હુય, હુય બહારોંકા યે રંગી મકબરા યા બાગ હુય.''

મુજ્દાન અલ્લાહ! ખેર, સર્વ સ્થાનોમાં ઘૂમી વળી સીમાબ સાહબ પોતાના સાથી સાથે જ્યારે મસ્જિદમાં પહોંચે છે અને ત્યાં ઘુંટણભર બેસી ખુદાની સામે હાથ પ્રસારી દુઆ માંગે છે, પરંતુ કેવી અદાથી? જરા એના શબ્દો પર લક્ષ રાખશો. આ ક્રાંતિવાદી કવિ અહીં પણ–આ શાંતિના સ્થાનમાં પણ નથી ભૂલતા જાણે કે એમના મુખમાંથી દુઆના રૂપમાં જ્વાળા નીકળે છે–

"મદ્દસારે રંગો નવાસે ફિર હો જિન્દા આમશી, સાજે કોહનાસે હો પૈદા નગમએ ચંગો રબાબ. ફિર હો આસારે શિકસ્તાસે નમૂદે યક જહાં, જલ્વાગર હો ફિર જવાની બેહિજાબી બેનકાબ. મકબરે બન જાય ઇસ દુન્યાકે બૈવાને દુયાત, ઇન્કિલાબે નવ કોઈ ઐસા ખુદા પૈદા કરે."

ક્યાં સુધી લખવું? હું એજ મદમસ્તમાં શું કે શું લખું શું ન લખું. એમ થાય છે કે આખા દીવાનની નકલ કરી નાખું પણ મારામાં એટલું ધૈર્ય નથી. સીમાબ સાહબની કૃતિઓથી આજે ઉર્દૂ સાહિત્ય-સંસાર ઝગમગી રહ્યો છે. સત્ય તો એ છે કે–

"મચાયા 'ઇન્કી!' સીમાબ'ને નામૂસે ઉર્દૂકા. બની હૈ એક હકીકત સાયરીકે તુકબાચીનોંમેં."

બેશક સીમાબ સાહબે ઉર્દૂમાં અંતરરાષ્ટ્રીય ગૌરવ પ્રાપ્ત કર્યું છે, એમની કાવ્યમદિરાની પૂરેપૂરી લજ્જત તો એમના ગૈબનામાં પહોંચ્યા સિવાય આવી શકિતજ નથી. આ નાના એવા પૈમાનામાં તો એમની જુદી જુદી સુરાહીઓમાંથી થોડા બિંદુઓ ટપકાવી દીધાં છે. એનાથી મખમૂરોને જો થોડો ઘણો પણ આનંદ પ્રાપ્ત થશે તો એટલાં મારાં અહો ભાગ્ય.

* હિંદી માસિક "હંસ" (માર્ચ ૧૯૩૬)ના પૃષ્ઠોને આધારે નવ્યા આવશ્યક ફેરફાર સાથે.

બંધ માસિક "માંદગી"

ફક્ત ત્રણજ દિવસની અંદર 'શ્રી નોટ' ગોળીઓથી આબુ થાય છે. માસિક અડચણની કોઈપણ ફરિયાદ માટે રૂબરૂ મળો. દવા સાથે ગેરંટી પત્ર આપવામાં આવે છે. કીંમત રૂ. ૫-૮-૦ પરદેશ રૂ. ૧૦

–:ગર્ભ રહેતો અટકાવવા:–

"રાહત" દવા ફક્ત ત્રણજ દિવસ ખાઈ લેવાથી જીંદગી ભરમાં કદી ગર્ભ રહેતો નથી માસિક આવુ. કશુંજ નુકસાન નહિ. ડૉકટર વૈદોએ અજમાવેલી દવા સાથે ગેરંટી પત્ર મોકલવામાં આવે છે. કીંમત રૂ. ૫-૮-૦ પરદેશ રૂ. ૧૦

ડૉ. એસ. એચ. ખાન,
૪૨ ચર્ચગેટ સ્ટ્રીટ, મોનજીની સામે
ફોર્ટ, મુંબઇ, ફોન. ૨૧૩૪૩.

પ્રોફેસરો કૉલેજના ભૂલકણા પ્રાણીઓ.

લેખક : ઇબ્રાહીમ મીસ્રો ("મસ્ત રફીક")

કૉલેજના પ્રોફેસરો વિચિત્ર અને જબરી પ્રાણીઓ હોય છે. આ પ્રોફેસરો માટે મારા મગજ ઉપર ઘેરલાક કૉલેજયનોએ એવો રબર રોલ્સ મારી દીધેલો કે, એમના જેવા વિદ્વાન, આકિલો ફાજિલ અને દાનાઇના દાણા વેરનારા આ દુનિયામાં ઓછજ હશે! બીસ્તરના દર્દારો વર્ષ પહેલાંના રદીનકસતો બ્બલ આપતા આ ગંભીર ચહેરાવાળા પ્રોફેસરો જમાના જૂના, પોથાંનાં પોથાં વાંચીને એટલા બધા જ્ઞાનના ભંડારો બની ગયેલા હોય છે કે, એમનાં બેજબાં નજીવી વાતો માટે બ્બલે જબાજ ખાલી હોતી નથી. તેઓ મોટી વાતોના ધડાકા અને ધડાકા મારી અધુરા ઘડા જેવા કૉલેજયનોને સતેલાઇથી છલકારી અને મલકારી મૂકે છે. કૉલેજનું વાતાવરણજ એવું હોય છે કે, એ ગંભીર મૂર્તિ પ્રોફેસરો પણ હાસ્યમૂર્તિ બની જાય છે. તેઓ ચાર્જી ચેપલીન જેવા કરટ કલાસ કૉમિડીઅનો હોય છે. તેઓ પોતે હસતા નથી પણ બીજાઓને હસાવે છે.

દેડકાનું દાસ્તાન

એક વાર મૂસોલ્ઝના એક પ્રોફેસર દેડકાનું દાસ્તાન પેશ કરી રહ્યા હતા. દેડકાંઓ ઉપરનાં એમના એ લેકચર દરમિયાન એમણે કાગળનું પાર્સલ ઉઘાડ્યું અને દેડકાને બાજુએ મરકો લગાડેલી પાઉંની સલાઇસોનો ટેબલ ઉપર ઢગ કર્યો. છોકરાઓ ખડખડાટ હસી પડ્યા. પ્રોફેસરના દેડકાનું શું થયું એ વાત પર છોકરાઓ અકલ્પ્ય ચમત્કાર લાગ્યા એટલામાં એક મરતી-ખોર કૉલેજયને ઉભા થઇને ટકોર કરી કે, "સાહેબ, તમે પાઉની સલાઇસોને બદલે દેડકો તો દફન નથી કરી ગયાને!"

નામની ભૂખ

એક બીજા પ્રોફેસરને પેપરોમાં પોતાના નામો છપાવવાનો પુષ્કળ ધખારો હતો. એટલું જ નહિ પણ પોતે કોઇ મહાન માણસ હોય તેમ પોતાનું બાજુ બોલેબોલ છપાયલું જોવા આતુર રહેતા. અખબાર નવેસો એ પ્રોફેસરને અકલના ઓથમીર સમજતા એટલે આઠ દસ લાઇનમાં એમને પતાવી દેતા. આ મામલો એમના માટે અસહ્ય થઈ પડ્યો એટલે એક સભામાં એમણે રિપોર્ટરો ઉપર બ્લીટઝ-ક્રેગ ચલાવ્યો, પરંતુ રિપોર્ટરોને સભામાંથી "વોક આઉટ" કરતા જોયા કે, બમણું રમતા હાર્યા જુગારીની માફક એમણે ઔરંજ અખાડા કાઢવા માંડ્યા અને પોતે કઇ બાબત ઉપર ભાષણ કરવા આવ્યા હતા, એ સદંતર ભૂલીજ ગયા બીજા દિવસે એમણે પેપરોમાં સંપૂર્ણ બ્લેક આઉટ જોયો અને એ અંધારપછેડો ચાલુ રહેલો જોઈ તેઓ ખૂબજ અકળાઈ ગયા. તેઓ પોતેજ પોતાનાં ભાષણોની નકલો એડીટરો ઉપર અગાઉથી ધકેલવા લાગ્યા પણ એમની દાળ કરી ગળી નહિ એટલે ગુપચુપ પેપરવાળાઓની માફી માંગી પોતાની ભૂલ સુધારી. ત્યારથી પ્રેસ રિપોર્ટરો આ પ્રોફેસરને જોઇ "હલ્લો પ્રોફેસર, લાઉ ડુ યુ ડુ નાવ?" કહીને એમનું સ્વાગત કર્યા વગર રહેતા નથી. એ પ્રોફેસર હવે પોતાને ઇન્સાફ અપાવાનીજ

પ્રેસ રિપોર્ટરોને નરમ થી જોરી અરજ કરે છે. ઓક્સનાઓમાં પોતાનું ફકત નામ છપાયેલું જોઇ એમને સંતોષ થાય છે. સસ્તી જાહેરાત મેળવવા માટેની એમની ભૂખ આમ યત્કિંચિત્ મટતી રહે છે.

છોકરો આવ્યો

એક ઓક્સફર્ડ પ્રોફેસર પોતાના બીસીસને એક પાર્ટીમાં સાથે લઈ ગયેલા. એમના મહોલ્લાદાર કોઇની સાથે વાત કરવા ગયા કે પ્રોફેસર સિધા પોતાની કારમાં બેસી ઘરે ચાલ્યા ગયા અને ઘરે ગયા પછી એમને યાદ આવ્યું કે, બૈરીનેજ સાથે પાછી ઘરે લાવવાનું ભૂલી ગયેલા. એક પ્રોફેસરે જે પોતાના બીજા દિવસના ક્લાસ વર્કનો તિયાર કરતા બેઠા હતા તેઓને કોઇએ ખબર આપ્યા કે "પ્રોફેસર, તમારે ત્યાં છોકરો આવ્યો." પ્રોફેસરે બેધ્યાન પણે કહ્યું કે, "જરા મારી બૈરીને બ્હાર કરતા જજો!" કહેવાની જરૂર નથી કે, પ્રોફેસર પોતેજ એક જરૂરીના બાપ થયાના એ સમાચાર હતા! પોતાની બૈરી સુવાવડખાનામાં સિધાવેલી, એ વાત એમના મગજમાંથી નીકળી ગયેલી!!

ટ્રેઇન ચોકાવી

રાત દિવસ ગ્રીક હિસ્ટ્રીનાં પુસ્તકો વાંચતા એક પ્રોફેસર ટ્રેઇનમાં મુસાફરી કરી રહ્યા હતા, તે વખતે એમણે જમની સાંકળ ખેંચી આખી ટ્રેઇન ઉભી રખાવી દીધી હતી. રેલ્વે સત્તાવાળાઓએ તપાસ કરતાં માલમ પડ્યું કે, એક બાજુના પ્રોફેસર પાયખાનામાંની પાણીની લંડીની સાંકળ ખેંચવાને બદલે "ઇમરજન્સી ચેઇન" ખેંચી કાઢી હતી અને તેઓ નિરાંતે પોર્યખાનામાં બેસી રહ્યા હતા. આ પ્રોફેસરનો દરજ્જો જોતાં એમની ભૂલ ઉપર દંડવામાં રોકાયેલા રેલ્વે સત્તાવાળાઓએ એમની સામે રેલ્વેના કાનૂન પ્રમાણે કામ ચલાવવાના અખાડા કર્યા હતા. પ્રોફેસરને રૂા. ૫૧)નો ચાંદલો થતો અટકી ગયો!

"લંચ"નું લફરું

એક ખ્રિસ્તી પ્રોફેસર જબરો "ફ્લર્ટ" હતો. જે દેખાવે તો અગમગમ્ય જેવો હતો, પણ મનમાં પોતાને "જોન જૂઆ"નો અવતાર સમજતો. એને બૈરી પણ એવીજ મળી. બેઉ સરખે સરખાં હતાં. એક દહાડો પ્રોફેસર પોતાની બૈરી સાથે "લંચ" કરવા લાગ્યા કે, કોઇના આવવાનો અણસાર સંભળાયો. અને એમની ભૂલકણી ભારજાએ ગભરાઇને કહ્યું કે "માઇ હસબંડ!" અને એ પ્રોફેસરને હાથનાં કર્યા હૈયે વાગવાં લાગ્યાં. છોકરી કોલેજીઅન છોકરીઓ સાથેના એમના "રોમાન્સ"ની વાત ખુલ્લી પડી જતાં એને કોલેજમાંથી પણ પાણીચું મળ્યું અને પોતાની બૈરીયે પણ એ એટલો બધો બેસર બની ગયેલો કે, એ આપઘાત કરવાનો વિચાર કર્યા કરતો, પરંતુ ભૂલકણો સ્વભાવને લીધે એ આપઘાત કરવાનું પણ ભૂલી જતો.

આ કોલેજના પ્રોફેસરો બરેજ બરાબર આદમીઓ હોય છે. કોલેજના તોફાની છોકરા છોકરીઓ એમને ચામ ખજાવી મારે છે. પ્રોફેસરો એટલે ઘેલા માણસો એવી માન્યતા સામાન્ય બનતી જતી હોય તો જરા પણ નવાઈ નહિ. ભૂલકણો સ્વભાવ એ પણ અરિયર. મગજની એક નિશાની છે. અને કોલેજના પ્રોફેસરો પાછા બાકી બરાબરજ હોય છે.

સ્વીકાર અને સમાલોચના

"એને પરણવું નહોતું" અને બીજી વાતો: લેખકઃ આનંદશંકર ધ્રુવ. કરાંચીના અમારા સહચર "મહાગુજરાત"નું આ પ્રથમ ભેટ પુસ્તક છે. એમાં લેખકની નવ નવલિકાઓ પુસ્તકાકારે પ્રગટ થઈ છે. "એકલતાના ડામ," 'નિર્મળ કાનો,' 'અભિલાષા' એ ઉત્તમ નવલિકાઓ છે. દોઢ રૂપીયાની કિંમતમાં સિંધ ન્યુઝપેપર્સ, કરાંચીના સરનામે મળી શકે છે.

શાહાદતની ફિલ્સૂફી: અનુવાદકઃ ગુલામ હુસૈન મુસ્તુફા (કરાંચી) આ પુસ્તિકામાં શાહાદત વિષે દલીલોપૂર્વક વિવેચન કરવામાં આવ્યું છે. મૂળ લેખ પ્રો. નકહત શાહજહાંપુરીએ ઉર્દૂમાં લખ્યો હતો. અનુવાદમાં ભાષા વિગેરેનું પ્રમાણ ઘણું સારૂં સચવાયું છે. આવા ઉચ્ચ દરજ્જાના અનુવાદ માટે અભિનંદન આપીએ છીએ.

"પયગામ": જેતપુરની મેમન યુથ લીગ તરફથી એના એક આદર્શ "શિષ્ટ સાહિત્યનો શકય પ્રચાર કરવા" અર્થે આ પુસ્તિકા પ્રગટ કરવામાં આવી છે. આ દિશામાં એનો પહેલો જ પ્રયાસ છે. એના લેખો જોતાં માલૂમ પડે છે કે ભવિષ્યમાં એ ઘણું ઉપયોગી કામ સાબિત થશે. કાર્યકર્તાઓને સુંદર ભવિષ્ય ઇચ્છીએ છીએ. આગામિ અંકે નવા લેખો મેળવવા તરફ વિશેષ ધ્યાન અપાય તો સારૂં.

મેમણની મીલાદ ભેટ: મેમણ ઇજ્યુકેટિંગ સોસાયટી, કુતિયાણા તરફથી પ્રચાર માટે મીલાદ સમયે આ ભેટ મુસ્લિમોને આપવામાં આવી છે. એમાં પૈગમ્બરે ઇસ્લામ સલ્લ૦ની હદીસો તથા ઇસ્લામી શિક્ષણ પર વિવેચન કરવામાં આવ્યું છે. પુસ્તિકા કદમાં નાની છતાં ઉપયોગી છે.

મી વિક્ટોરીયા જ્યુબીલી મદ્રેસા હાઇસ્કૂલ, પોરબંદરનો રિપોર્ટ ત્યા. હિસાબઃ 'કારવાં'ના વાંચકો સમક્ષ આ સંસ્થાનો પરિચય અમે કરાવી ચૂકયા છીએ. સંસ્થા હસ્તક એક હાઇસ્કૂલ, એક મીડલસ્કૂલ, પ્રાયમરી સ્કૂલ, કન્યાશાળા તથા એક પબ્લીક લાયબ્રેરીનો વહિવટ છે. મુસ્લિમ કેળવણીમાં સક્રીય ફાળો આપતી આ સંસ્થાનું અમે સુંદર ભવિષ્ય ઇચ્છીએ છીએ.

અસ્સલાતઃ જમઇય્યતે તબ્લીગુદ્દીન, દીવો (ભરૂચ) તરફથી પ્રગટ થયું છે. આ નાનું સરખું પુસ્તક અગત્યના તે દીની મસઅલાનો સંગ્રહ છે. જે દરેક મુસ્લિમે જાણવા ખાસ જરૂરી છે.

મદ્રસએ નુરૂલ ઇસ્લામ, દીવાનો ૫૦, ફિફ્થ રિપોર્ટ તથા **હિસાબઃ** મૌ. અહમદ સભાત સાની, કોશિશોથી જારી થયેલો આ મદ્રસો દીવાના મુસ્લિમોની ઇસ્લામી કેળવણી તરફની જાગૃતિની સાક્ષી પૂરે છે. એમાં ખાસ નોંધવા જેવી, આજત ગામના ઇસ્લામી ભાઇઓનો સંપ છે. તેમનાજ સંપનું ફળ આપી રહેલી આ સંસ્થા હજી વધુ ફળે અને કાર્યકર્તાઓની ઉમ્મીદો પૂરી થાય એવી અમારી દીલી ઇચ્છા છે.

"ઇસ્માઇલી": નવરોઝ અંકઃ મુંબઇથી પ્રગટ થતા અમારા સહચરનો આ ખાસ અંક છે. અંગ્રેજી તથા ગુજરાતી લેખોનો ઠાઠદાર ગ્રંથ છે. આર્ટીસ્ટ પુષ્પાલતાના ત્રિરંગી ચિત્રો ખાસ ધ્યાન ખેંચે છે.

નિવાપાંજલીઃ 'જતિ', 'મુનુ ગામડું', અને 'ત્રિવેણી'ના પ્રગટકર્તા ડો એમ. ઓ. મુરૈયા (ધોડબંદર રોડ, બોગેશ્વરી) તરફથી ગુજરાતીને નવી ભેટ છે. ગ્રોમ્સ ગ્રેની મશહૂર Elegy નો સમશ્લોકી અનુવાદ છે. છપાઇ અને કાગળ વિગેરે એની મોહકતામાં વધારો કરે છે. કિં. દોઢ રૂપીયો છે અને અનુવાદકના સરનામેથી મળી શકે છે.


આરેફ બી. એ.



શ્રી. મુહમ્મદ યુસુફ લાંસીયા 'અજ્ઞ' જેમને શાહીની મુબારકબાદી પેઠે ફર્સ્ટક્લાસ ફર્સ્ટક્લાસ અને સાથે સાથે બી.એ. ની પરીક્ષામાં સેકન્ડ ક્લાસમાં કામ્યાબ થવા બદલ અભિનંદન આપીએ છીએ. એમની શાદી આનંદી નિવડ્યા એવી ખુદા પાસે દુઆ છે.

ઈસ્માઈલ આદમ ઈસ્માઈલ 'કાદરી'ના નામથી પણ ફરજંદ જેમણે ચાલુ વર્ષની બી. એ. ની પરીક્ષામાં ફર્સ્ટક્લાસ મેળવ્યો છે અને હવે એમ. એ. માટે તૈયારી કરી રહ્યા છે.







વર્તમાન હિંદના પ્રથમ પંક્તિના શાયર
જનાબ 'આરઝૂ' લખનવી સાહબ.

'કારવાં'ના એપ્રીલના અંકના ૪૫૮મા પૃષ્ઠ પર એમનું
મશહૂર કાવ્ય 'માતાકો પ્રણામ' પ્રસ્ટ થયું હતું



સંદરના રંગીલા કવિ 'આસિમ' બંદેરી.

કે જેમણે 'આરઝૂ' લખનવી સાહબના 'માતાકો
પ્રણામ' નામના કાવ્યને તરજીને ગુજરાતીમાં
'માતૃ પૂજન' નામથી રજુ કર્યું હતું. વધુ માટે
'કારવાં'ના એપ્રીલના અંકના ૪૫૯મા પૃષ્ઠ પર જુવો.

પુસ્તક ત્રીજું અંક ૧૧ મો



ચાંદની



જુલાઈ ૧૯૪૨

[જનાબ "આરઝૂ" લખનવી સાહબની ઓળખાણની વાંચકોને જરૂર ન હોય. ૭૩ વર્ષના એ વયોવૃદ્ધ કવિ ઉર્દૂ–સાહિત્ય જગત ઉપરાંત આજની સિનેમા–સૃષ્ટિમાં પણ ખૂબ ચમકી રહ્યા છે. અમારી મુલાકાત વેળા જે કાવ્ય–પ્રસાદી અર્પણ કરી હતી તે નીચે રજુ કરવામાં આવે છે]

તંત્રી

"કદમ કદમ પે હવા સાંસ બનકે આતી હૈ"

રહે રિઝાકી ફિઝા ઝિંદગી બઝહાતી હૈ;
કદમ કદમપે હવા સાંસ બનકે આતી હૈ!


જફાએ બખ્તપા ગુસ્સા મુજહે દિખાતી હૈ;
યેહ નામુરાદ જવાની કે રૂઠી જાતી હૈ!

નઝર નવાઝ હૈ દિનકોણી શાને મકતલે નાઝ;
ઝમીન ટૂટે, સિતારોંસે જગમગાતી હૈ!

યેહ ઇલ્તેફાતકી કાફિર અદા ખુદાકી પનાહ;
જો ખૂન કરતી નહીં ખુદકુશી સિખાતી હૈ.

ન જાને કૈનસે નકશેકેા હો બકાએ દવામ;
ઉજાળ ઉજાળકે દુન્વા બસાઇ જાતી હૈ.

"આરઝૂ" લખનવી



ઈસ્લામી શિક્ષણ

[illegible] તઆલાનું ફરમાન (કુર્આન)

મ સ.ના અબ્દુર્રહીમ સાદિક સાહબ

(૨૦૧) કોઇ ઇમાનદાર પુરુષ અને ઇમાનદાર સ્ત્રીને યોગ્ય નથી કે જ્યારે ખુદા અને તેનો રસૂલ કોઈ કામનો હુકમ આપી દે તો (ફરી) તેમને માટે પોતાના કામનો અધિકાર રહે, અને જેણે ખુદાપાકની અને તેના રસૂલની નાફરમાની કરી તો તે જાહેરી ભૂલ કરી માર્ગ ભૂલ્યો. (કુર્આન)

* * * *

(૨૦૨) અમારી વાતોને તો તેઓજ માને છે કે જેમને તે વડે જ્યારે સમજાવવામાં આવે છે તો સિજદો કરતાં ઢળી પડે છે, અને પોતાના પરવરદિગારના વખાણ સાથે પાકઝાતને યાદ કરે છે અને તેઓ અભીમાન કરતા નથી. (કુર્આન)

* * * *


(૨૦૩) જેઓ ઇમાન લાવ્યા અને ભલાં કામ કર્યાં તો તેમને માટે પરોણાગત તરીકે સદા રહેવાના બગીચા છે તે કામોના બદલામાં જેને તેઓ કરતા હતા. (કુર્આન)

* * * *

(૨૦૪) અને જેમણે નાફરમાની કરી તેમનું ઠેકાણું આગ (જહન્નમ) છે. જ્યારે તેમાંથી નીકળવા ચાહશે ત્યારે તેમાંજ પાછા ધકેલી દેવામાં આવશે અને તેઓને કહેવામાં આવશે કે તે આગનો અઝાબ ચાખો જેને તમે જુઠાડતા હતા. (કુર્આન)

* * * *

(૨૦૫) તમારે રસૂલુલ્લાહના કામોનું ભલું અનુકરણ કરવાનું હતું (તમારે) એટલે તે માણસને માટે જે ખુદા (થી મળવા)ની અને આખેરત (ના સવાબ)ની આશા રાખતો હોય અને ખુદાપાકને બહુ યાદ કરતો હોય. (કુર્આન)



(૨૦૧) રસૂલુલ્લાહ (સલ.)એ ફરમાવ્યું કે અચીત વાત આ છે કે કોઇ પૈગમ્બરે જ્યાંસુધી જન્નતમાં પોતાની જગ્યાને જોઈ નથી, તે પછી તેમને મરવા જીવવાનો અખત્યાર અપાયો નથી ત્યાંસુધી તે મૃત્યુ પામતા નથી. (સહીહૈન)

× × × ×

(૨૦૨) રસૂલુલ્લાહ (સલ.)એ ફરમાવ્યું કે મારૂં અને મારી ઉમ્મતનું ઉદાહરણ તે પુરુષ સમાન છે કે જેણે આગ સળગાવી હોય અને તેમાં જીવડાં તથા પતંગિયાં આવી પડતાં હોય, તેમ હું તમારી કેડ પકડી રાખું છું પણ તમો અંધાધુન તેમાં પડો છો. (મુસ્લિમ)

× × × ×


(૨૦૩) રસૂલુલ્લાહ (સલ.)એ ફરમાવ્યું કે ઇર્ષા કરો નહિ. અને એક રિવાયતમાં છે કે બે જણ સિવાય કોઇને ઇર્ષા કરવી યોગ્ય નથી. એક તે જેને ખુદાએ કુર્આન આપ્યું હોય અને તે તેને નિશદિન પઢયા કરતો હોય તો તે કહે કે જેવું એને આવડે છે તેવું મને આવડત તો હું પણ એના જેમ કરત. અને બીજો તે જેને ખુદાએ માલ આપ્યો હોય અને તે યોગ્ય રીતે તેને ખર્ચ કરતો હોય તો તે કહે કે જેવો એને આપ્યો તેવો જો મને આપત તો હું પણ એના જેમ કરત. (બુખારી)

× × × ×

(૨૦૪) રસૂલુલ્લાહ (સલ.)એ ફરમાવ્યું કે આગલા પૈગમ્બરોની વાતોમાંથી જે વાત ફેરફાર વિનાની લોકોને મળી છે તેમાંની એક વાત આ છે કે જ્યારે તું લાજ મૂકે તો જે ચાહે તે કર. (બુખારી)

× × × ×

(૨૦૫) રસૂલુલ્લાહ (સલ.)એ ફરમાવ્યું કે તમને ખબર છે કે જન્નતમાં લઈ જનાર મૂખ્ય વસ્તુ કઇ છે ? અલ્લાહનો ડર અને સદ્‌વર્તન. (તિર્મિઝી)



લીબીયાની ધરતી પણ આજે કેટલાક સમય થયાં વાવણી અને લણણીની મોસમ કોઈ અજબ રીતે રોપાય ને લણાય છે! રોમેલે વાવેલ, વાવેલે લણેલ; અને વાવેલે વાવેલ,ને ઓશીંનલેક ઉછરેલ, રોમેલે લણેલ છે! આમ પડેલો વાવે ને બીજો લણે, ને બીજો વાવે તે પડેલો લણે એવું લીબીયાની ધરતી પર થયાજ કરે છે. પણ અંતે રોમેલની રાંપીનો ઘા વધુ કારગત નીવડયો, વાવેલ તો દૂર પડ્યા, ઓશીંનલેક અટવાઈ ગયા ને રીચી રહી ઉકળા જેથી તોબુક પડ્યું! ચર્ચીલ કહે એ પડ્યું છે પણ તે સદાય રહેવા માટે નહિ પણ ઉભું થવા માટે પડ્યું છે! લીબીયામાં પડેલા તોબુકને હેર બેલીશા, બેવીન વગેરે એતો પાર્લામેન્ટમાં ઉભુંય કર્યું હતું; પણ એ તોબુકનું ભૂત ચર્ચીલના ચિરૂટના ધૂમાડાથી હાલ તો ભાગી ગયું છે! લીબીયામાં ભલે લશ્કરની હાર થઇ પણ પાર્લામેન્ટમાં ચર્ચીલની જીત થઇ છે, ને બરફકા ગેલાની જેમ પાર્લામેન્ટના વિરોધી પ્રવચનોની દલીલો ઓગળી ગઇ છે! ચર્ચીલના આશાવાદે એકદમ રંગ રાખ્યો છે. ઓશીંનલેક આખરે મળેલી ૮મી સેનાની લગામ જાતે પકડી છે, ને અલઅમીનને મોરચે રોમેલને થોભાવી દીધેલ છે. જો સિત્ર સૈન્યો એ મોરચાને ટકાવી રાખે ને એલેકઝાંડ્રીયાને ઉની આંચ ન આવવા દે તો ઠીક; નહિતર ચીટનનું ધરિયાની મહારાણી પદ તો ઝુંટવાઇ જશે સાથે જર્મનોના જમીનપરના દાદા સાબીત થશે જો! અત્યારે અમેરિકન લશ્કરની નવિન કુમક, રશીયાની સૈનાનું મીસરને મોરચે આગમન અને નવિન વિમાની સહાય વડે ઓશીંનલેક, રોમેલ સામે જબ્બર પેચ જમાવે એમ લાગે છે. વારંવાર લોકોના કનકવાને 'કન્નાગાંસી' કાપનાર રોમેલનો એ કનકવો એ મોરચે કપાય તો નવાઇ નહિ! પણ ભૂમધ્યનો માર્ગ મોકળો હોઇ રોમેલને માંલ્ટે ચઢાવનારાઓ ગાંજ્યા જાય એવા નથીને! બેર! ખુદા મીસરની પુરાણી સંસ્કૃતિને નાઝી વંટોળીયાથી બચાવે એ દુઆ કરીને રશિયાના સમરાંગણ તરફ ડોકીયું કરીએ. છેલ્લી ખબર એ કે અલઅમીન આગળ નાઝી પ્રવાહ અટકી ગયો છે, ને બ્રિટનનું પલ્લું નમતું થયું છે.

રોમેલની તરાપે રશિયાના નાઝીઓના ટાંટીયામાં પણ જોર આ'યું છે. સેબેસ્તપોલનો ગઢ આંઠ માસ સુધી ઝઝુમ્યા પછી શહીદ થયો છે. એ ગઢ પડ્યો તો પડ્યો પણ સાથે દોઢ લાખ જર્મનોને લેતો પડ્યો છે. ભારે ભોગે હીટલરે પીછું તો ખોરયું છે; પણ એ સોદો એને મોંઘો પડ્યો છે! ખારકોવની આજુબાજુ પણ બીજા ચાર મોરચા હીટલરે ઉભા કર્યા છે. "હું તો મરું પણ તને રાંડ કરું!" એ ન્યાયે નાઝીઓ રશિયનો સામે



પુનઃ રણે ચડ્યા છે. જર્મન સાથીઓને કોકેસસને માર્ગે ધકેલવા હીટલર મરણીયો સંગ્રામ ખેલી રહ્યો છે. પણ સામે સ્ટેનલીનનો હથોડાને દાતરડુ ય ગાંજ્યું જાય એમ નથી તો. યુરોપનો યુધ્ધ દેવતા હાલતો હીટલર પર ખૂબ પ્રસન્ન થયો લાગે છે. કારણ કે લાખોની સંખ્યામાં લાશો ઢળતી હોઇ રોહીની ઉજાણી તેને મળી રહી છે! બીજી બાજુ ચીનના કરોળીયાના જાળામાં જપાન ગુંચવાઇ પડ્યું હોય એમ જણાય છે કે પછી મંચુરીયામાંથી સૈબીરીયા પર તરાપ મારવાનો લાગ જોતી જપાની બિલ્લી શાણી થઇને બેઠી હોય! ગમે તેમ પણ લંડન ને વૉશીંગ્ટનની આટ આટલી દોડધામો છતાંય ધરીનો ધમધમાટ ઓછો થયો નથી! ધરીના ચક્રોને અડધે રસ્તે અટકાવવાં હોય તો મિત્ર રાજ્યોએ તાકીદે જર્મનીની પીઠ પાછળ નવો મોરચો ઉભો કરી દેવો જોઇએ. મંત્રણાઓ અને કરારોના રથસીયા ગાડાથી કામ ન આવે!

●

ખાંડના વહેપારીઓ જે 'ખાંડ ખાતા હતા' તેને હવે સરકારી પ્રતિજ્ઞામે 'વા ખાતા!' કરી દીધા છે. લોકો ખાંડ મેળવવા આકાશ પાતાળ એક કરી રહ્યા છે. સૌરાસ્તપોરબંદરને મોરચે નાઝીયોએ જેવાં ધાડાં ઉતાર્યાં, હતાં તેવાં ધાડાં શેર બશેર ખાંડને માટે ખાંડના વહેપારીઓની દુકાને ઉતરી રહ્યાં છે. વહેપારીઓ 'ખાંડ નથી!' એમ ઘસીને ના કહે છે છતાં આહકો તોઃ-

"જોઇશે હેં તેરે ટરપે તો કુછ કરકે ઉડેંગે,
થોડીસી ખાંડ દે નહિ તો મરકે ઉડેંગે!"

જેવી પ્રતિજ્ઞા કરીને બેઠા છે. ખાંડને બદલે વલસાડી ગોળ ખાવાની સુરીયાણી સલાહ કોઇ માનતું જ નથી! હિંદને હવે સ્વરાજ કરતાંય ખાંડનું મહત્વ વધુ સમજાયું છે! કારણ કે આઝાદીની દેવી કરતાં ચહ દેવીના ભક્તોની સંખ્યા મોટી છેને! મીસરના મોરચાનું તો થવાનું હશે તે થશે, રશિયાના મોરચાનું જે થવાનું હશે તે થશે પણ ખાંડના અભાવે પેલાં ચહદેવીના મંદીરોનું (હોટલોનું) શું થશે? એજ ચિંતામાં ચાહદેવીના ભક્તો પડ્યા છે! બીજી બાજુ ડોકટરો છાશ્યાં લે છે કે પણ કિવનાઇન નથી તેનું શું? ચોમાસું બેઠું છે ને દાઢીઓ તાવ આવશે તો કિવનાઇન વગર શું કરીશું? ત્રીજી બાજુ બંગાળીઓ કહે છે કે બંગાળમાં મીઠું નથી તેનું શું? અમે માનતા નથી 'ફેઅલુસ હક્ક' જેવા અડીખમ માનવીની સરકારમાં મીઠું ન હોય એ કેમ મનાય? ખેડૂતો જે અનાજના પકવનારા છે, તેજ બૂમો પાડે છે કે અનાજ મળતું નથી ઘાસલેટ મળતું નથી! તો બીજી બાજુ ભૂખ્યા લોકો ધાડ પાડવા તૈયાર થયા છે. આમ હિંદનું કોકડું ગુંચવાયું છે! દાણો, ઘાસલેટ, ને ખાંડ સંઘરી બેઠેલા સાધન સંપન્ન માણસો અને વહેપારીઓ ખબ્બા પર ચોકા કરતા નાગની ગરજ સારી રહ્યા છે જેથી લોકો જે નાગોને પકડવા સરકારને મદારી બનવાની ફરજ પાડી રહ્યા છે. જે કે સરકારને મદારીનો પાઠ ભજવતાં સારી રીતે આવડે છે; પણ તેનેજ પોતાની પડી છે ત્યાં લોકોના રોદણાંને કોણ સાંભળે? હિંદમાં કારોબારીનો વિસ્તાર વધી રહ્યો છે! ને હિંદમાં ભૂખમરાનો વિસ્તાર વધી રહ્યો છે ગાંધીજી 'જાઓ' કહે છે, રાજાજી 'ચાલો' કહે છે, ને ત્રીજાજી કશું કહેતાજ નથી; ત્યાં વચમાં પડેલું દેશનું ગાડું કેમ નીકળે?

●



"રણમાં શરારે હો ગુજરાતી વીરા!"નો આદ્યસ્રષ્ટા જગવનાર મહાકવિ શ્રી નાનાલાલે આખરે રંગ રાખ્યો ખરો. ને એમના પગલે ચાલીને બિંદના બધાય સાક્ષરો અને કવિઓ યુદ્ધ પ્રયાસ તરફ વળ્યા તો બિંદનો બચાવ આપોઆપ થઈ જાય અને બિંદી સરકારને માથેથી રક્ષણની ચિંતાજ ટળી જાય. કયા ભાગ એવો છે કે 'મહા કવિ શ્રી. નાનાલાલે ગૃહરક્ષણને માટે ૨૦ હજાર ગુજરાતીઓનું રક્ષણદળ ઉભું કરવાને માટે વાયસરોય પર પત્ર પાઠવ્યો છે." પણ લાટ સાહેબે હજુ તેનો જવાબ આપ્યો હોય એમ જણાતું નથી. શું બીજાઓની જેમ લાટ સાહેબ પણ કવિઓને 'તરંગી' સમજી બેઠા હશે? અને ખરું પુછાવો તો યુદ્ધમાં કે બીજા કોઇ પણ ક્ષેત્રમાં 'તરંગ' સિવાય બીજું છે પણ શું? હીટલરને જગત પર સાશન કરવાનો 'તરંગ' સાંપડ્યો ને યુદ્ધ સાંપડ્યું. બ્રિટન-અમેરિકાને જગત પર લોકશાહી સ્થાપવાનો 'તરંગ' સાંપડ્યો ને સામે પ્રતિકાર કર્યો. ક્રિપ્સને 'તરંગ' સાંપડ્યોને ને બિંદ આવ્યા પણ બિંદ ધગીને ના પાડી લીનલીથગોને 'તરંગ' સાંપડ્યો એટલે આખના યોજના પાની મૂકી 'અનાજ વાવો'ની જેહાદ જગાવી. રોજને 'તરંગ' સાંપડ્યો કે 'એશિયા એશિયાવાસીઓ માટેજ છે!" અને આમ રંગ-તરંગમાં દુનિયા રંગાઇ ગઇ એટલે હવે તો મંજીરા લઇ ગાવાનુંજ બાકી રહ્યું ને કે: 'દુનિયા રંગ રંગીલી બાબા દુનિયા રંગ રંગીલી"

●

'હુવા' નેરથી ફુંકાય તેનું નામ 'વા' અને વા જોરથી ફુંકાય તેનું નામ 'અફવા'. એ અફવાને ઉગતીજ ડામી દેવા માટે બિંદમાં રાષ્ટ્રીય મોરચો રચાયો છે પેપરોમાં રાષ્ટ્રીય મોરચાએ પ્રોપેગન્ડાની કિલ્લેબંદીઓ ઉભી કરી અફવા'ના વંટોળીયાને અટકાવાની 'હુવા' દેવા માંડી છે; પણ હોટલોમાં બેસનારા ગપ્પા પ્રેમીઓ, ચોરાના ચંડૂલીયા આશીઓ, અને મંદીરની ઓસરીઓ પર મહાલનારા ભાંગના ભકતોના કાનો સુધી હજુ એ પ્રોપેગન્ડા પહોંચ્યો નથી. "હીટલરને એસા તડાકા મારા કે એક દિનમે પોલેંન્ડ છીન લિયા! અમેરિકાકે લશ્કરને બિગર લડાઇકો આવશ્યક્તા હૈ લિયે હારતા નંઇ હૈ! ચીનનો રાજા અરીણ આપતો નથી તેથી બરમાના રાજાએ ચીનપર ચઢાઇ કરી છે! સીંગાપોર પાછું લેવા મદ્રાસના રાજાએ જાપાનના રાજા પર ચઢાઇ કરવાના છે! બીરબલબીમને કેર્ન રોમેલ નામે નામે દાકતરે હરાવ્યો તેથી અહીંના દાકતરો બહુ ફાટી પડ્યા છે! ઇટલીની શાદી હીટલરકે સાથ હોનેકી હૈ!" આવાં તદ્દન ધડપાયા વગરનાં ગપ્પાઓ સામે રાષ્ટ્રીય મોરચાનું પણ શું ચાલે? જગત કયાં જઇ રહ્યું છે તેનુંય ભાન ન હોય એવા આસામીઓને કોણ સમજાવે? ખરેખર! જાણકારનેજ મરાવારો છે!

●

જેમ વરઘોડામાં સાજન-માજન મોહું, તેમ વરઘોડાની શોભા વધારે ગણાય. એ ન્યાયે વડા લાટ સાહેબે પોતાની કાઉન્સીલની શોભા વધારવા પંદર શોભાનાં પુતળાં બેસાડી દીધાં છે! શોભાનાં પુતળાં એટલા માટે કહેવામાં આવે છે કે તે પ્રજાના પીઠબળ વિનાનાં એટલે ચાવી આપે તે મુજબ ચાલનારાં છે. એ તંત્રજ એવું છે. એ ખુરસીઓજ એવી જાદુઇ છે કે એની ઉપર બેસનાર 'હીઝ માસ્ટર્સ વૉઇસ'ની રેકાર્ડ બની જાય છે ને "સાંવરેકી મોર



બંધ; તો કે હારે ઘાં ભાઈ હારેલાં!" કરવા લાગી જાય છે. વડી કારોબારી વિસ્તારાય કે સંકોચાય પણ કંપ વ્યવસ્થામાં ફેર પડવાનો નથી. ઉદ્દેશ એ સુંદર હાથીઓને પાલવવાનો બોજો હિંદ જેવા ગરીબ દેશ પર વધ્યો છે! એ એકટરોને બીજું કશુંજ કરવાનું નથી ફક્ત સુત્રધાર જે તંબુરો વગાડે તેના સૂરમાં સૂર પુરી "કરિશ્મએ કારોબારી"નો ખેલ ભજવવાનો છે. અને એ વાતતો દીવા જેવી છે કે એ પુરા પંદર જણ ભલે પ્રજાના પીઠબળ વિનાના હોય પણ ખેલ ભજવવામાં તો પાવરધાજ છે! લાટ સાહેબે ઘોળે દા'ડે દીવો સળગે ગોતેલાં રત્નો તે કંઈ ઓછાં હોય? ખેર! ગમે તેમ પણ હિંદના માથે એટલો બોજો વધ્યો છે. આપણેય શું કરીએ હજી ત્યાં ૧૦૦ પુરા! હિંદની તાલ ઉપરથી ટેક્ષના ભારને લીધે એક એક વાળ ન ખરી પડે ત્યાં સુધી કશીય ચિંતાનો વિષય નથી. મોંઘવારીને લીધે લાખો ભૂખ્યા નાગાં રહેતાં હોય તે સાથે કર લેનારાઓને શી નિસ્બત છે? અને કકળાટ કર્યેય શું વળે? બસ મંજીરા વગાડી ગાવુંજ બાકી રહ્યું કે:

"ન અન્ન આરોગવા વસ્ત્રો ન તન છે,
મરે તો દાટવાને નવ કફન છે,
છતાંયે ટેક્ષનું ભારે વજન છે;
હવે તો હે હરિ તારે ભજન છે!"

લેટેસ્ટ ડીઝાઈનનાં

• સુટીંગ્સ–શરટીંગ્સ

• લેડીઝ ડ્રેસ ફેબરીકસ


• ફેન્સી કાપડ

એકજ ભાવ અને ઓછા દરથી

ખરીદવાનું જાણીતુ મથક

'ગીવ એન્ડ ટેક' સ્ટોર્સ

ચોક–બઝાર : સુરત.



સવાલ–રસ્તામાં કંઈ કુર્આન શરીફનો કાગળ અથવા કિતાબનો કાગળ પડેલો જુવે તો ઉઠાવી લેવો જોઇએ કે નહિ? એવા કાગળો દુકાનદારોને લોકો વેચે છે અને તેના પડીકા બંધાય છે તો એવી રીતે વેચવું દુરસ્ત છે કે નહિ?

જવાબ–માર્ગમાં જ્યારે એવા કાગળો મળે તો ઉઠાવી લેવાજ જરૂરી છે. બેઅદબીથી બાજુ આવવું જોઇએ જે લોકો બેપરવાઇ રાખી ઉઠાવતા નથી તેઓ સખત બેઅદબી કરે છે ઉઠાવીને દફન કરી દેવા જોઇએ તેમજ જે કાગળો પર કુર્આનપાકની આયતો અથવા અલ્લાહ, રસુલનું નામ હોય તે દુકાનદારોને વેચવું ન જોઇએ. સખત બેઅદબી થાય છે. મુસલમાનોએ આ વાતનો ખાસ ખિયાલ રાખવો જોઇએ. બેઇજ્જતી અને બેઅદબીથી બચાવવું મુસ્લિમો ઉપર જરૂરી છે.

સવાલ–ઇદને દિવસે ઢોલ તાસાં વગેરે વગાડતા જવું અને જુલુસ કાઢવો, ઇમામ અથવા કાઝીને હાથી પર કે સવારી પર બેસાડી લઈ જવું કેમ છે?

જવાબ–ઇદની નમાજ પઢવા જતાં ઇદગાહ સુધી સરઘસ કાઢવો અને તેમાં ઢોલ, તાસાં વગાડવા જોઇએ નથી. કેટલાક જાહેલ મુસલમાનો ઇસ્લામની શોકત સમજે છે, એ બિલ્કુલ ભૂલ ભરી વાત છે બાહ્ય રીતે દરેક પ્રકારની શોકત કરવી અને દમદબો દેખાડવો દુરસ્ત છે, હરામ રીતે દબદબો અને શોકત કરવાની ઇસ્લામ કદીઅત આપતી નથી. સવારી ઉપર બેસી કાઝી કે ઇમામ વિગેરે એ જવું જોઇએ તો છે લેકોન ઇબાદત (સત્કર્મ)ની સુન્નત પગે ચાલીને જવાની છે, અને સુન્નતની તાબેદારીમાં ઘણો સવાબ અને લાભ સમાએલો છે.

સવાલ–સુતેલી હાલતમાં કેટલાક માણસોને મોઢેથી રાલ નીકળે છે. તે રાલ તકીયા કે કપડાં ઉપર પડે તો કપડું પાક છે કે નહિ?

જવાબ– માણસના મોઢાની રાલ નાપાક નથી કપડું પાક છે.

સવાલ–એક માણસે મુખમાં અબ જોયો કે તેને ઓદનેલામ થયું પણ સવારે જોતાં કપડા ઉપર કંઈ જરૂર અસર દેખાતી નથી તો એવી હાલતમાં ગુસલ વાજિબ થશે કે કેમ?

જવાબ જો તેના કપડાં પર કોઈપણ પ્રકારનો મનીનો ધબ્બો (દાગ) ન હોય તો ગુસલ વાજિબ નથી, અને જો ખાબ યાદ ન હોય, તેને સવારે કપડાં ઉપર મનીનો દાગ જુએ તો ગુસલ વાજિબ થશે.

સવાલ ભેંશીને તપાંથી કપડાં ધોતાંને અડે છે તેમાં શક રહે છે કારણ કે ભેંશી કાફેર હોય છે તો આપણે ઘરના પાળા ભેંસાં

કે નહિ? તેમજ જો નવું થાન કે તાકા કપડાંના ખરીદીએ છીએ તો તે પણ પાક ગણાય છે કે નાપાક?

જવાબ-ધોબીને ત્યાંના કપડાં શકને લઇ ધોવાં ઝરૂરી નથી. મતલબ કે જ્યાંસુધી જાહેરમાં નાપાકી લાગેલી ન હોય ત્યાં સુધી તેને ધોવાની ઝરૂરત નથી તે પાક છે.

સવાલ-હમારા ગામમાં ઇદગાહ છે. ત્યાં અગળ વાળ્યું વગાડવાં જાએઝ છે કે નહિ? અને ઇદગાહથી કેટલા છેટે વગડી શકાય?

જવાબ-ઇદગાહની બિલકુલ નઝદીકમાં વાળ્યું વગાડે નહિ. આસ કરી મુસલમાનોએ મસ્જદ પાસે વાળ્યું વગાડવાં ઘણુંજ ખરાબ કામ છે. કેટલીક જગ્યાએ મુસલમાનો મસ્જદ પાસે વાળ્યું વગાડવાનો એહતેયાત કરતા નથી જેથી બીજી ગૈર કોમોને મોકો મળે છે. અને વાળ્યું વગાડવા માટે સખ્ત વઈદ આવી છે.

સવાલ કબ્રસ્તાનમાં મસ્જદમાનો દર કબર ઉપર નાખવો જાએઝ છે કે નહિ?

જવાબ-મસ્જદનો દર કબર પર જબરદસ્તી નાખવો ન જોઇએ. મય્યતના લાગતા વળગતાઓ મહૂંમના સવાબ માટે મસ્જદમાં ખુશીથી આપે તો કાંઇ વાંધો નથી.

સવાલ-એક હાફેઝ છે અને તેનામાં ગુસ્સો તથા તકબ્બુરી છે, તો તેના પાછળ નમાઝ કે તરાવીહ પઢવી જાએઝ છે કે નહિ?

જવાબ-તકબ્બુરી તો દરેક માણસ માટે શરીઅતમાં હરામ છે તકબ્બુરી અને કબર તો ફકત ખુદાની ઝાતનેજ સઝાવાર છે, હાફેઝ સાહેબને જોઇએ કે નકામો ગુસ્સો ન રાખે. પણ કોઈ મોકા પ્રમાણે બ્યાજબી રીતે ગુસ્સો કરવામાં આવે તો લાભકારક છે.

સવાલ-એક ચેરા ઇમામ નમાઝ પઢાવે છે અને તે નમાઝ પઢાવતાં પઢાવતાં બહુ હાસે છે; તો તેની પાછળ નમાઝ પઢવી જાએઝ છે કે નહિ?

જવાબ-નમાઝ પઢતાં પઢતાં હાલવું ન જોઇએ, એ મકરૂહ છે.

સવાલ-જો કોઈ માણસનું મકાન મસ્જદની સામે હોય ત્યાં વાજું વગાડવું જાએઝ છે કે નહિ?

જવાબ-મસ્જદની સામે મકાનમાં વાજું ન જોઇએ. મસ્જદની બેહુરમતી થાય છે. આસ કરી નમાઝના ટાઇમે વાજું વાગવાથી નમાઝીઓને ઘણી તકલીફ થાય છે. અને સખ્ત ગુનાહનું કારણ છે.

સવાલ-એક આદમી છે તે કોટ અને પાટલુન, તથા બગીસ અંદર નાખીને પાંચ વખતની નમાઝ પઢે છે તો તેની નમાઝ પઢવી જાએઝ છે કે નહિ?

જવાબ બિલકુલ યુરોપીયનના લિબાસની મુસાબેહત કરી તેજ પોશાકમાં નમાઝ પઢવી મકરૂહ છે.

સવાલ-એક હાફેઝ છે, તે આખો દિવસ મસ્જદના ગોદડાં લઇને મદ્રસામાં સુએ છે અને તે કહે છે કે મસ્જદનાં ગોદડાં લઇને મદ્રસામાં સુવું જાએઝ છે. મદ્રસો પણ મસ્જદમાં છે. માટે મસ્જદનાં ગોદડાં લઇને મદ્રસામાં સુવું જાએઝ છે કે નહિ?

જવાબ-મુતવલ્લીની રજા મેળવી મસ્જદનાં ગોદડાં પર સુઇ શકે છે. કારણકે ઘણી જગ્યાએ મસ્જદોમાં સુવા માટે ગોદડાં બનાવવામાં આવે છે.

સવાલ-હમારા એક ગામમાં આજે ૭ દિવસ થયાં એક ફકીર આવેલો છે; તે કહે છે



કે રૂા. ૫૦ આપો પણ લોકોએ નહિ આપવાથી ભૂખે પડી રહેલો છે. લોકો ખવડાવે છે તો પણ ખાતો નથી અને કહે છે કે રૂા. ૫૦ આપશો ત્યારે જઇશ તો એને આપવા કે નહિ?

જવાબ–મજકુર ફકીરની એ જબરદસ્તી છે "રૂપિઆ આપે તોજ ખાઉ નહિ તો ખાઉ નહિ." એ તેનો નકામો ઢોંગ છે. એવા ફકીરોએ આજકાલ ધંધો અખત્યાર કરી લીધો છે એવાઓને પૈસા આપવામાં કંઇ સવાબ નથી.

સવાલ અઝાનના વખતે કુર્આને શરીફ, તરબી, દરૂદ–વજીફા પઢવાથી કંઇ ગુનોહ થશે કે કેમ?

જવાબ–અઝાનના વખતે કુર્આને શરીફ, તરબી, દરૂદ પઢી શકે છે.

સવાલ–હમારા ગામમા મસ્જીદના ધાબા ઉપર મદ્રસો છે તો તે મદ્રસા ઉપર સુવાથી ગુનોહ થશે કે?

જવાબ–અગર જમાઅતખાના ઉપર ધાબું છે તો તે ધાબું પણ જમાઅતખાનાના માફકજ મસ્જીદમાં દાખલ છે માટે એહતેયાત રાખવો જોઇએ.

સવાલ–શાદી વખતે કોટ અને ગુંદીવાળું પાટલુન ઘુંટીની નીચે સુધી પહેરે છે તો નિકાહ થશે કે કેમ? અને શાદી વખતે પીઠી લગાડવી અને સેહરો બાંધવો જોઇએ કે નહિ?

જવાબ–પાટલુન કે પંજાર અથવા લુંગી ઘુંટીથી નીચે લટકાવવી સખ્ત હરામ અને મોટા ગુનોહ છે. તેમજ શાદી વખતે પીઠી લગાડવી અને સેહરો બાંધવો દુરૂસ્ત નથી એ હિંદુઓના રિવાજ છે માટે એહતેયાત રાખવો જોઇએ

સવાલ–એક માણસ મસ્જીદમાં સુઈ રહે છે અને જમાઅત વખતે જમાઅત સાથે નમાઝ પઢતો નથી તો એ જાએઝ છે કે નહિ?

જવાબ–મસ્જીદમાં હંમેશા સુઇ રહેવું અને જમાઅતથી નમાઝ ન પઢવી ઘણી બેશરમી અને મોટો ગુનોહ છે.

સવાલ–એક હાફેઝ છે તે ફજરની નમાઝ પઢયા વગર તરાવીહ પઢાવે તો તરાવીહ થશે કે નહિ? અને તે કોઇવાર ઓકી કરીને ખડું પણ કરતો નથી.

જવાબ–તરાવીહમાં કંઇ બાધો આવશે નહિ. અને ઓકી કરી કતરો જવાનો ડર ન હોય તો ખડું કર્યા વિના ચોઇ શકે છે.

સવાલ–એક માણસ એક પીરની કબર પાસે દરરોજ વજીફા, તરબીહ પઢે છે અને પછી પિર પાસે રૂપિઆ માગે છે તો તેમ કરવાથી ગુનોહ થશે કે કેમ?

જવાબ–પીરની કબર પાસે વજીફો પઢવો અને પીર પાસે રૂપિઆ માગવા દુરૂસ્ત નથી. એ મોટામાં મોટો શિર્ક છે આપણી હાજતો ખુદા પાસેજ માગવી જોઇએ પીર પેગમ્બરો સર્વે ખુદાનાજ મોહતાજ છે.

ભુલ સુધારો

ગયા અંકના ફતાવા કોલમમાં પહેલા મરઅલાના જવાબમાં ભૂલ છપાય છે. તે સુધારી વાંચશો, કે હમલવાળી ઔરતને પ્રસાથે નિકાહ દુરૂસ્ત છે પરંતુ જિમાઅ (સોહબત) હમલ અવતરે નહિં ત્યાં સુધી દુરૂસ્ત નથી, પણ જે જાનીથી હમલ હોય તો તે ભાર્ત સોહબત કરી શકે છે.



એક સસલા'ભાઈ પોતાની સ્ત્રી સાથે એક તળાવ પાસે રહેતા હતા. ત્યાં થઈને રોજ હાથીનું ટોળું પાણી પીવા જતું સસલીને તો ગમ્મતું ન હોવાથી તેણે સસલાભાઈને પાણી ચઢાવી કોઈ પણ રીતે હાથીઓને રસ્તો ભૂલાવી દેવાનું કહ્યું. સસલાએ પારધિઓની પક્ષીઓ પકડવાની જાળ જોએલી. તે ઉપરથી પ્રેરણા લઈ હાથીઓના રાહમાં લાંબા વેલાનું ગુંચળું બનાવી પાથર્યું અને તેમાં ભાર મૂકવા સારૂ પોતે જાતેજ વેલાના જાળમાં લપાઈ રહ્યા. (પોતાનું વજનજ સૌથી વધુ હશે એમ એની માન્યતા હતી.) હાથી પાણી પીવા આવ્યા. પીને ચાલ્યા, પણ પેલા વેલાના ગુંચળામાં હાથી સપડાવાને બદલે એક હાથીના પગમાં પેલું ગુંચળું ભરાઈ ગયું. હાથીને એના ગુંચળાનો શો હિસાબ? વેલા ઢસડાવા માંડ્યા સાથે સાથે સસલાભાઈ પણ ઘસડાતા માંડ્યા થોડે દૂર સુધી પહોંચ્યા તો સસલીએ ભા-યું કે એના બહાદુર પતિએ હાથીઓને તો નસાડી મૂક્યા છે; પણ હવે તેઓ દૂર ભગાવી દેવા પૂંઠે પડી પાછળ પડ્યા છે. સસલીને દયા આવી અને તેણે પોતાના પતિને વારતાં કહ્યું: "એ રહેવાદો રહેવાદો." (કંઈ મુઆ. હવે જવા દો. એ બિચારાને!)

સસલાએ પોતાની બૂરી હાલતનો જવાબ આપતાં કહ્યું કે, "આ રઢિયાળા તો રહેવા મૂકે છે, પણ સૂંઢાળા છોડે ત્યારને!" (કિંવા હું તો ઉલટો જાળમાં ભરાઈને ઘસડાઈ રહ્યો છું. હાથી છોડે ત્યારે છૂટું.)

ભાઈ આસિમની સ્થિતિ પણ કંઈક એવીજ થઈને રહી. છે. 'કારવાં'ના ઊંટોના રસ્તામાં જાળ પાથરીને તે તથા તેમની 'ખડાનાં કાટલાં' મંડળી તેમાં લપાઈ બેઠી હતી. પરંતુ એ જાળમાં ઊંટના પગ ભરાવાને બદલે; ઊંટના પગમાં એમની જાળ ભરાઈ ગઈ છે. ઊંટ ચાલ્યેજ જાય છે, જાળ ઘસડાઈ રહી છે, અને તેમાં ભરાઈ બેઠેલા મૂર્તિઓ અથડાતી કૂટાતી ઘસડાઈ રહી છે આસિમ ઊંટોને શું જતા કરવાના હતા? હવે તો એ ઠેકાળા (ઊંટો) એમને છોડે ત્યારે છૂટે હંમી ઉઘાડવા નીકળેલા કેવી હાંસી હોરી રહ્યા છે! બનાવવા નીકળેલા આબાદ પોતેજ કેવા બની ગયા છે!

'શ્રી. શયદા જેઓ પુરાણા ગઝલકાર છે આ ગઝલ-મંડળના પ્રમુખ છે તેમણે શરૂઆતમાં બાલાશંકર વિષે બહુ ટુંકમાં એક મનનીય પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતમાં સાચી ગઝલ લખનાર કવિ

બાલાશંકરજ હતા. અને તેમણે એક જરૂરી સૂચન પણ કર્યું હતું; કે આ મુશાયરા માટે પસંદ કરાએલી પંક્તિ શ્રી. બાલાશંકરની રચેલી છે અને તેમણે તેના પર એક સુન્દર ગઝલ પણ લખી છે પરતુ તેમાં ગઝલશાસ્ત્રના નીયમ પ્રમાણે ઘણી ત્રુટીઓ છે અને તે કાફીયાની."

(વેણી તા. ૧૩-૬-૪૨)

ઉપરનો ફકરો (ખરૂં કહો તો એક સંયુક્ત વાકયજ) બારિકાઇથી-જરા ઔર બારિકાઇથી -ફરીને જોઇ જાવ ચર્ચાઇ રહેલા વિષયની વાત પછી, લખાઇ રહેલી ભાષાને પડેલાં (તોળી) જુઓ. અડધો ડઝન જોડણી દોષો પણ બાજુએ મૂકી દો, માત્ર વ્યાકરણના ભેદો માં 'આગન્તુક'ને ખેંચી આણો, અને કહો કે, આ શું તે-મણે તે-મણે મચારી છે! એકજ વાકયમાં ચાર તે મણે? એ નામના ત્રણ ત્રણ સર્વનામો? અને તે ત્રણેય એકજ પ્રકારના? આગન્તુકની નાક સામેની નાકવાળા શબ્દો મટે પણ તેમણે, અને ત્યાં હાજર નહિ તેવા સર્વસ્થ બાલાશંકર માટે પણ તેમણે? શું 'તેમણે' સિવાય 'આગન્તુક' બીજું કોઇ સર્વનામ જાણે છે યા નહિ? કંઇ વ્યાકરણના નામનો દેવાળીયો તો નથીને? એમ હોય તો તે ભાષાએ પહેલાં વ્યાકરણ પર કાબુ મેળવીને પછી વિવેચકના ક્ષેત્રમાં કૂદવું જોઇએ. એમ, ના હોય તો જાણી જોઇને ગુજરાતીનું ખૂન કરનાર એ ભાષા ખૂનીએ હવે એટલેથીજ અટકવું જોઇએ. કુંગકુંગી વગાડી યા કારકોનાળી ઉંચકી અપરસમાં રાચતા એ ભાઇ ગુજરીને વધુ કજોત ન કરે તો સારૂ.

હવે 'આગન્તુક' જે વિષય ચર્ચી રહ્યો છે તેની વાત, જરાક ફરીથી એનું લખાણ જોઇ જાવ, ગઝલશાસ્ત્રના નિયમ પ્રમાણે જેની ગઝલમાં ઘણી ત્રુટિઓ ('આગન્તુક' "અને તે કાફિયાની" લખે છે. અરે દોસ્ત; કાફિયાની તો એકજ ત્રુટી ગણાય! ઘણી શી રીતે?) હોય તેને 'સાચો ગઝલ લખનાર' કેમ કહેવાય? તે ગઝલ સુંદર કેવી રીતે હોઇ શકે? શું આગન્તુકની આંખે સાચી અને સુંદર ગઝલ તેજ દેખાય છે જેમાં શાસ્ત્રીય રીતે ઘણી ત્રુટિઓ હોય! આ તે બાલાશંકરને અંજલિ અપાઇ રહી છે યા તેમની કુથલી થઇ રહી છે? કોઇ સમાજાવે કે અમારે શું સમજવું?

પણ 'થોડી' ને 'ઘણી' લખવાની બીમારીનો "આગન્તુક" પુરાણો મર્જ છે. જુઓ તે લખે છે કે "વરસમાં મોસમો તો ઘણી આવે છે." (વેણી તા. ૨૦-૬-૪૨) હા, ભાઈ ઘણી પણ તે કેટલી? આ દેશમાં તો તેની સંખ્યા નક્કી થએલી છે શું તેમાં પણ તારો ફેરફાર કરવાનો વિચાર છે? સંખ્યને અસંખ્ય બનાવવા છે? કુદરતી કાનૂનોમાં પણ દખલગીરી! જરે! યાર, જા. જા

ત્રણ મહીના લગી "વાર્તા અને વિવેચનનું માસિક" રહી, એક ન્યુઝપ્રીંટ પેપર (શાહીને બદલે પરભારામાંથી લેખે શોધી લેતું પેપર) ચોથા માસથી "વાર્તા અને જનતાનું માસિક" બની ગયું છે. આ ફેરફાર શાથી થયો? 'વિવેચન'નું હતું તે "જનતા"નું કેમ થયું? આ પ્રશ્નો પર હું વિચારૂં છું ત્યારે મને ઉપર વર્ણવેલી "વરસમાં આવતી ઘણી મોસમો" સંભરે છે. અને તે મોસમો અનુસારજ આ ક્રાંતિઓ થતી હશે હારવીને બાંદરામાંથી માણસ બન્યો એ શોધી કાઢયું પરંતુ કોઇએ હજી લગી એ શોધી કાઢયું નથી કે

માણસ, માણસમાંથી શું થશે? 'મજલિસ' વિષે ગણુ મને એજ ફિકર છે કે, વિવેચનમાંથી તે જનતાનું બની હવે જનતામાંથી કોનું બનશે? હવે પછી તેના મુખપૃષ્ઠ પર વાર્તા અને (?) શું લખારો? કંઈ એવું ન થાય કે તે વાર્તા અને વ...પણ અત્યારથી એ ખુલ્લા શા માટે ઉઘાડવા?

X

મ્હારા મિત્રે વળી પાછો 'કવિતા'નો જુનનો અંક મોકલી આપ્યો છે અંક ખોલીને પહેલુંજ પાનું જોતાં 'પથ્થર (ખરૂં શું હશે પત્થર યા પથ્થર (?))ની વેદના'ની કવિતા જોઇ, છંદનું નામ જોતાં વિચારમાં પડયો **પ્રવાહી** અનુષ્ટુપ, પ્રવાહી અનુષ્ટુપ? ત્યારે તો 'ઘન અનુષ્ટુપ' અને "વાયુરૂપ અનુષ્ટુપ" પણ હોવાજ જોઇએ. પિંગળ તો થોડુ ઘણું હું ય શીખ્યો છું. પણ એ કવિતાકાર રતુભાઇ દેસાઇ (જેઓ તેના તંત્રી મંડળમાં પણ છે) મ્હારાથી વધુ જ્ઞાતા હશે એમ માની એક જિજ્ઞાસુ તરીકે 'પ્રવાહી અનુષ્ટુપ'નું ટચુકલું રેખાચિત્ર દોરવાની એમને ભલામણ કરૂં છું. આશા છે કે તેઓ તેમ કરશે. સાથે સાથે તેઓ એટલી વધુ કૃપા કરે તો ઘણુંજ સારૂં કે તેમની કવિતાની ત્રીજી લીટી મ્હને સમજાવે.

"ટાઢમાં ટૂંટિયું વાળી તાપમાં તપતો રહ્યો;"

પદ્યનું ગદ્ય બનાવ્યા સિવાય પણ એતો સમજાય છે કે આ તાપમાં તપનાર, અને ટાઢમાં 'ટૂંટિયું વાળનારઃ પત્થરને ઉદ્દેશાએલુ છે. કિંવા એનો કર્તા પત્થર છે. પણ નથી સમજાતું એટલુંજ કે 'પત્થર ટૂંટિયું કેવી રીતે વાળે? શું પત્થર વિષે એ સ્થિતિ શક્ય છે? બહુ વિચારવા છતાં મને તો એ સમજાતું નથી. ભાઈ 'રતુભાઈ દેસાઇ' ટૂંટિયું વાળેલા પત્થરો મને બતાવે તો માનું, અને સમજું.

X

જે 'મજલિસ'માં બધાના દિલની કથા.' હતી અને જેનું સંપાદન શ્રી. સયલાભ પણ કરવાના હતા તે, મજલિસ પણ ન થઇ અને ભાઇ સયલાભ ફરી ન દેખાયા. એ ભાઇને દિલાસો આપું છું કેઃ-

"હજારોં હસરતેં ઐસી હૈ,
જીનકા ખૂન હોતા હૈ;
બહોં અરમાન ઐસે હૈ,
જો દિલકે દિલમેં રહેતે હૈ?"

પણ આ દિલાસાથી તેઓ તાવ ખાઇ જશે અને જરૂર એકાદ નવી મજલિસ ગોઠવી કાઢશે. એમ હું માનું છું. જોઇએ હવે શું થાય છે?

ચિંતન!

આવ, દિલમાં તને વસાવી દઉં;
ભેદ મારા બધા બતાવી દઉં.
છે નિરાશાના જે તિમિર ઘેરાં;
જ્યોત તુજ નામની જગાવી દઉં.
મોત હરરોજ માનવીને કહે-
ચાલ, ઝગડા બધા પતાવી દઉં.
મેં તો ધર્યું છે એટલું મનમાં;
જાઉં, રીસામણા મનાવી દઉં.
ઝઉં છું; થાય છે પછી શું શું?
બેહયા જિંદગી બનાવી દઉં,
હૃદય સમજું છું એ બધું 'ઉત્તમ;'
કો' હૃદય દ્વાર હચમચાવી દઉં!

ચેટલાદ] ["ઉત્તમ"

લીલાની હકીકત ▶

"રહેવાદો શાએરીની લપાલપ ઓ શેખજી,

આજકી રાત

લેખક : અખ્તર શીરાની

●

કયું ન ગુલઝારમેં ઠંડીલાતી ફિરે મૌજે નસીમ,
કયું ન હર ફૂલપે ગુલરેઝ બહારે તસનીમ,
કયું ન આબાદએ અફ્લાકપે પરવાઝે શમીમ,
કયું ન હર ઝર્રો બને જલ્વગહે તૂરે કલીમ,
કે ઉન્હે દેખેગે હમ જલ્વાતુમાં આજકી રાત.

●

આજ કયા બાત હે દુનિયા કે નઝારે ખુશ હૈં?
બાગમે ફૂલ સરે ચર્ખ સિતારે ખુશ હૈં!
એક મૈ નામસી સરમસ્તી કે મારે ખુશ હૈં?
એકમેં ખુશ નહિ બલ્કે બીહેં સારે ખુશ હે!
હે ખુશી ચાર તરફ નગ્મએ અર આજકી રાત!

●

ગાએબાના જો હુમેં નામે સિખા કરતીથી,
દૂરસે હમપે દિલ અપના જો ફિદા કરતીથી,
બાદે અશ્આરમેં ગુમનામ દિયા કરતીથી,
હોકે એ પર્દા જો પર્દેમે રહા કરતીથી,
સામને હોગી વહી શોખ અદા આજકી રાત!

●

દિલકી રગરગમેં હે એતાબ મહબ્બત ઉસકી,
આંખકે પર્દેપે લેહરાતી હે સૂરત ઉસકી,
બિસ્તરે રહમે આબાદહે ઉલ્ફત ઉસકી,
મેરે જઝબાતપે તારીહે લતાફત ઉસકી,
ઔર કુછ યાદ નહિ ઇસકે સિવા આજકી રાત!

●

(વધુ માટે જુઓ ટાઇટલ પેજ ત્રીજું)

"'લીલા'ની હકીકત ન કહી ત્યારે 'આસિમ' એ ભેદ છે, એ ભેદ રહી જાય તો સારું."

ભાઈ 'આસિમ' એ ભેદને શા માટે ભેદ રૂપે રાખવા ચાહતા હતા? શું એ ભેદ ખુલતાં તેમની શાયરીનો ભેદ પણ ઉઘાડો થવાની બીક હતી! (હું ધારું છું કે) એમજ હોવું જોઇએ. પણ એમની બીક એમની આગળ આવી 'લીલા' અસલમાં 'સલ્મા' નીકળી. એ શયખ (આસિમનું ખરું નામ મહમૂદ-

◀ પડદો ઉંચકાયા પછી

પોલાદના ચણા છે એ ભજીયાં ગરમ નથી.”

મીયાં શયખ છે) સાહબે એક મુસ્લિમ બાળાની શુદ્ધિ કરી તેને હિંદુ બનાવી હતી. શાયરીમાં નામ કમાવાની ખુજલીને લઈ 'આસિમ' કેવી કેવી લીલાઓ રચે છે તેનું આ એક ચમચમતું ઉદાહરણ છે.

યાચના બનાવટી; ઇચ્છા નકલી, સલામ પારકી, અને છેવટે પ્રિયતમા પણ ડમિ-ટેશન. આ કાળમાં સોનું આપી રૂપીઆ તોલે ન વેચાય તો કયાં જાય?

— 'વલી' કરમાડ.

લીલાનું મિલન

રચનાર : 'આસિમ' રાંદેરી

●

ન કાં વાય સુરભી પવન આજ રાતે?
ન કાં વેરે ખુશ્બુ ચમન આજ રાતે?
ન કાં હો રૂપેરી ગગન આજ રાતે?
કરે કાં ન કુદરત જતન આજ રાતે?
કે લીલાનું થાશે મિલન આજ રાતે,
રે લીલાનું થાશે મિલન આજ રાતે?

●

બધે રમ્ય દૃશ્યો ન જગમાં દિસે કાં?
નભે તારા કણીઓ ન આજે હસેકાં?
પતંગવાઓ દીપકથી આંધે ખસે કાં?
ધરે મારા જન્નત ન આવી વસે કાં?
કે પાવન થશે મુજ સદન આજ રાતે,
રે લીલાનું થાશે મિલન આજ રાતે.

●

મને પત્ર ચોરીથી લખતી હતી જે,
દિદા મુજ ઉપર દિલ નિજરથી થતી જે,
સદા મારી ચિન્તા હૃદય રાખતી જે,
મને દાદ કાજો તણી આપતી જે,
હશે ખાસ ને ગુલબદન આજ રાતે,
રે લીલાનું થાશે મિલન આજ રાતે

●

મરૂં મુજ નસે નસમાં જેની મોહબ્બત,
ફરે છે નયન કીકીઓ જેની મૂરત,
જડાઇ છે અંતરભરી જેની મૂરત,
ધુપાઇ છે મુજ કાવ્યમાં જેની રંગત,
હું ગાઇશ એના કવન આજ રાતે,
રેલીલાનું થાશે મિલન આજ રાતે.

(વધુ માટે જુઓ ટાઇટલ પેજ ત્રીજું)

●

સ્વીકાર અને સમાલોચના

મ્હુંગવાણીકા માતમઃ—એક પ્રતિકાવ્ય. રચનારઃ—અબ્દુલ ગફૂર 'આસી' તેહરીરી પ્રકારા ઝાંપાબજાર—સુરત. કીં. ફક્ત એક પૈસો. 'કારવાં'ના વાચકોને આશ્ચર્ય થશે કે એક પૈસામાં કાવ્ય વેચાય અને તેવા કાવ્યનો રિવ્યુ 'કારવાં'માં? પૈસો કીંમત તો ફક્ત કાગળ ને છપાઇનો છે, અને કીંમમાં સારા પ્રમાણમાં વ્હેંચાય એ હેતુ છે. કાવ્યની પ્રથમ ચાર લીટીઓથીજ એનો અંદાજ થઇ શકશે.

"બજ્યે કબાબ ખાકર પીરો જવાં હમારા,
હોટલમે પલ રહા હય યેહ કારવાં હમારા!
આખિર કો રંગીલાએ શાદી કે નાચ મુજરે;
બન્યે હે હા પળા હય સિરવી મકાં હમારા."

જનાબ 'આસી'ની કલમ કૌમ પર કટાક્ષો કરી સુધારાનો આવેજ પ્રયત્ન જારી રાખે એ ઇચ્છવા જોગ છે. અમે એમના આ નજીવા પ્રયત્નને સફળો થવાની આશા રાખીએ છીએ.

ઇન્નેસિરાજઃ—અનુવાદકઃ સાલિહ બકાલી સાદર પ્રકાશકઃ—બજમે ઇકબાલ કેડોદર. મૂલ્ય ૭ આના. બજમે ઇકબાલનો આ ૯ મો મણકો એના શિષ્ટ અને ઇષ્ટ ધોરણ અનુસાર નીકળ્યો છે. બજમે ઇકબાલની ઉત્તમ વિષય પસંદગી માટે બે મત હોઇ શકે નહિ, એમ આ પુસ્તક વાંચવાજ જણાય છે. અને વળી સાલેહ બકાલીની વસ્તુ પસંદગી એટલે સુવર્ણમાં સુગંધીની મરજ સારે છે. મુસ્લિમ ગુજરાતે છેલ્લા બે દાયકામાં જે મુસ્લિમ લેખકો પેદા કર્યા છે તેમાં સાલેહ બકાલીનું સ્થાન અનોખુંજ છે. એમની કલમ, અનુવાદની હથોટીને સંપૂર્ણ વરી ચૂકી છે એમની આડંબર રહિત ભાષા અને સુરસ તથા સહજ શૈલી આ પુસ્તકનીય શોભા બની છે. પુસ્તક વસ્તુ વિકાસ અને ભાષાની પ્રૌઢ ગુંથણીથી ઝળહળતા દિમાગ અને દિલજીત બન્યું છે. તે બદલ બજમે ઇકબાલના સંચાલકો ફરતાંય સાલેહ બકાલી વધુ અભિનંદનને પાત્ર ઠરે છે. મુસન્નફનો પોતાની આ એકની એક ગ્રંથમાળા છે માટે તેને લીખ આપી ઉત્તેજે એમ અમે કહેતા નથી. પણ એના પ્રકાશનો ખુદ ઉત્તેજન માંગી લે છે અને તેનું દિશા સૂચન કરવું એ અમારી ફરજ છે.

●

શુદ્ધ શોધો સાર જીવન સારમાં!

હું વસી સંસારમાં ક્ષણવારમાં;
પીદરૂં છું તહતિહલ-અન્ધારમાં.
પ્રેમ-વરસા ઝલિકલ-કુવ્વુલ-અઝીમ;
શુષ્ક શોધો સાર જીવન-સારમાં
કુત્તકુલ્લાહ—મરતના'તુમ—વરમજીં;
પ્રાપ્ત જય-પાસું કરી લો હરમાં.
સંતજી વલ્લાહુ—યહદી—મયયશા;
કેમ સમજીને ધસો તકરારમાં.
લેયુદ્દિબ્બુ—કુલ્લ-મુખ્તાલિન-કેખૂરે;
કાં અતિત નિશદિન કરો તકરારમાં?
તાતુમૂનલ-હક્ક—અન્તુમ—તા'લમૂન;
ધાર કર્યાં છે આપની તલવારમાં!
ઇન્નમા—અમવાલુકુમ-અવલાદુકુમ;
શું "કલીમ" એના રસો છો પ્યારમાં!

"કલીમ" વાહિદી

જીવતા ડંખ

[એક મૌલિક નાટિકા]

લેખકઃ "ઇજન" ધોરાજવી

સલમાઃ–એક કૉલેજીયન યુવતિ.

શફીકઃ–એક કૉલેજીયન યુવક.

પ્રવેશ ૧ લો

શફીક : (નવલકથાના પુસ્તકને બંધ કરી) સલમા! હજુ કયાં સુધી તારી પ્રતિક્ષા કરું? તું હજુ કેમ નથી આવી! જો તને તારા વચનની કંઇ કિંમત નથી તો પછી આમ કરી બીજાને શા માટે હેરાન કરે છે? ચાર વાગ્યાનો વાયદો કર્યો. (ઘડિયાળ તરફ નજર કરી) ઓહ! હવે તો સાડા પાંચ થયા હમણાં જ પણ થઇ જશે અને ઘડેલા પ્રેગ્રામ પર પાણી ફરી વળશે. (આકુળ વ્યાકુળ બની ચારે તરફ નિહાળ નાખતાં) ફરવાનો સમય પણ પસાર થઇ રહ્યો છે. હવે શું કરું? (રૂમમાં ચક્કર લગાવતાં ઘડીભર મૌન રહી) જવા-નામમાં વિલંબ કરવાનું. આજની સંધ્યા એમજ પસાર કરી નિરાંતે ઉઠી જવાશે બીજું શું થાય? (નવલકથાનું પુસ્તક હાથમાં લઇ પુનઃ વાંચવાનો પ્રયત્ન કરતાં) અરે! જ્યાં ચિત્તજ ઠેકાણે નથી ત્યાં શું વાંચન કરું? (પુસ્તકનો ઘા કરીને) હજુ તો પ્રેમનો પ્રારંભ છે; ત્યાં તો આ આકુળતા વ્યાકુળતા સર્જવી પડે છે અને લગ્ન પછી તો ખુદા જાણે એ બેયમ સાહેબાનાં કેટલાં કેટલાં નખરાં સહન કરવાં પડશે? (ટેબલ પર પડેલી સલમાની તસ્વીર તરફ નજર કરી) "પ્રેમ પાત્ર પ્રિય સલમા." એ શબ્દો કોણે લખ્યા? પ્રિય સલમા! ઓહો, સ્થળઃ–શફીકનો રૂમ.

સમયઃ–સાંજના સાડા પાંચ.

(અહોભાવ કરતાં) એ શબ્દો મેંજ લખ્યા છે કાં? તો એની જગ્યાએ હુંજ પાછું કેમ ન લખી દઉ "ધિક્કારને પાત્ર સલમા" (બે કાચની વચ્ચે રહેલી તસ્વીર ઉપાડે છે) સા...કૉલેજના શિક્ષણમાંજ કંઇ એવી અસર છે, ત્યાં એ શું કરે? હોતું આવું તો ના કહેતાં એને કોણે રોકી હતી? બસ વચન આપી દીધું. આમ પ્રતિક્ષા કરાવવા! (રોષપૂર્વક બે કાચ વચ્ચેની તસ્વીર કાઢી લઇ) બસ, હું તો હવે આ ચાલ્યો (ઝાપટી કોટ પહેરી લઇ) હવે ભલે સલમા અહિં પધારે, રૂમના દર્શનાર્થે! (કોઇના પગરવનો અવાજ કાને પડે છે)

"શફીક . શફીક . !"

શફીક : (છબી અને કાચ ટેબલના ખાનામાં ફેંકવી દઇ) કોણ સલમા? (રૂમનાં દ્વાર ઉઘડે છે) આવ સલમા! હું તો તારી રાહ જોઇ રહ્યો. (ખુરશીને રૂમાલ વતી સાફ કરી હાથ સંજ્ઞાથી) બેસ સલમા, કાં આજે તો બહુ વાર લાગી?

સલમા : આજે ચાર વાગ્યે ગામથી પિતાનો ટેલીગ્રામ હતો, જો આ રહ્યો. (ટેલીગ્રામ શફીકના હાથમાં આપીને એનીજ ગડમથલમાં આજ તો ખૂબ મોડું થયું. એ બદલ શફીક તારી માફી માગું છું. નારાજ તો નથી થયો ને?

શફીક : (જરા આશ્ચર્ય પામતાં) એહ! એમ હતું? (ટેલીગ્રામ હાથમાં જોઈને તેમ રાખીને) સલમા! મેં તો તારા માટે ન જાણે શું શું વિચારી લીધું હતું એની ન પૂછ વાત!

સલમા : લગભગ બધા કવિઓ એવુંજ કરતા હોય છે.

શફીક : પણ હું ક્યાં કવિ છું?

સલમા : તારી કલ્પનામાંજ કવિત્વ છે અને શબ્દોની મીઠાશ એજ તારી કવિતા છે.

શફીક : (મંદ હાસ્ય કરતાં) સલમા! એ તો તું કવિ અને કવિતાની મશ્કરી કરી રહી છે!

સલમા : (ગલોફા પર રૂમાલ ફેરવતાં) કેમ શું કવિતા કરવાનો કોઇ અમુક વ્યક્તિ-ઓએજ ઇજારો લીધો છે?

શફીક : એમ નથી કવિ દલપતરામે એક કાવ્યમા કહ્યું છે કે, (અર્ધા રાગ જેવા સ્વરે)

પિંગળ પાઠ પઢ્યા વિના,
કાવ્ય કરે જન કોઇ,
વ્યાકરણ વિના વાણી વદે,
વાણી વિમળ ન હોય."

સલમા : અરે, આ તો તું સાહિત્યકાર નીકળ્યો? ખૂબ. સાહિત્ય વિષેનું તારું જ્ઞાન પણ અગાધ છે, લે! જવા દે. સમય ઘણોજ થઇ ગયો છે, અને મારે હજુ તને ઘણું ઘણું કહેવું છે.

શફીક : તો પછી કહી નાખને. નકામા વિષયો શા સારૂ છેડે છે?

સલમા : તો પછી ટેલીગ્રામજ તું વાંચી લે ને!

શફીક : (કુતુહલ વૃત્તિએ ટેલીગ્રામ વાંચતાં) અરે, આમાં તો તને બોલાવે છે!

સલમા : હારતો

શફીક : પણ આમ એકાએક? શા માટે? એવું શુ કામ હશે?

સલમા : (જરા ગંભીર બની સંકોચાતાં) કોણ જાણે શું કામ હશે? કદાચને તારા પિતાએ આપણા સંબંધ વિષેની વાત તારા પત્રથી જાણી મારા પિતાને જાણ કરી હોય. અને એ બાતર બોલાવેલ હોય...!

શફીક : (ઉંડા વિચારમાં ગરકાવ થઈ) હું પણ એમજ માનું છું. પિતાજીને આપણા સંબંધ વિષે સારૂ સારૂ લખ્યું હતું લગ્ન જેવા પ્રશ્ન માટે બોટી મર્યાદાની આડ મેં ગણકારી નહોતી!

સલમા : તારી માન્યતા સાચી હશે. એમ અંતઃકરણથી ઇચ્છું છું.

શફીક : ઇચ્છા પાર પડે તો તો આ અવની પર સ્વર્ગ ઉતરે

સલમા : (પુલકિત ભાવે) શફીક! તું મને કયાક ગાંડી ન કરે.

શફીક : પણ હું તો એક સમયથી ગાંડો બની ગયો છું એનું કેમ?

સલમા : પ્રેમના પ્રારંભે તો લગભગ બધજ પુરુષો એમજ કહેતા હોય છે.

શફીક : હું એ પુરુષો પૈકીનો નથી. એ તો મારા આત્માનો આવાજ છે અને મારૂંજ છે કે તૃપાતૂર નયનોને આકર્ષનારી તારી સૌમ્ય મૂર્તિએ એક લાંબા સમયથી મારૂં સાનભાન લૂંટી લીધું છે.

સલમા : (લાગણીમય સ્વરે) શું સાચું કહે છે? ખરેજ!

શફીક : ખરેજ સલમા, સાચેજ.

સલમા : (જરા વિચાર કરીને) શફીક! હું પુછું છું કે લગ્ન પછી પણ આપણા જીવનમાં આજ જેવીજ પ્રફુલ્લતા રહેશે કે?

શફીક : એમાં તને શંકા છે? સલમા, વસંતના હાસ્ય ઢોળાયા વિના પુષ્પજગની મહત્તા કદી સમજાતી નથી!

સલમા : પણ પરાગ પ્રસારતા એકાદ પુષ્પનો રસ ભ્રમર ચુસી લઇ જા' બીજા બીજેના પુષ્પની શોધમાં પલાયન થાય તો?

શફીક : મન મંદિરના અણુ ઉઘડ્યા દ્વારે કે' ઉગતી કળીના ભોગ લે એ માનવ નહિ પણ અધમ.....

સલમા : (ગદ્‌ગદિત સ્વરે) બસ, બસ, મને વિશ્વાસ છે આપણા શિક્ષણના સિંચન આપણા જીવન છોડને પોષણ દે, એનો વિકાસ થાય, એ વિસ્તૃત બને. એની સુવાસ ચોમેર પ્રસરે એજ મારી અંતરેચ્છા છે.

શફીક : આપણી ઇચ્છા ફળો. આપણું જીવન સુખ સંતોષનો રસથાળ બનો.

સલમા : હું હવે જઉંશ ગુડ નાઇટ.

શફીક : (સલમાને જતી જોઇ) સાંજે સલમા, હું સ્ટેશને મળીશ. (બન્ને હસ્તધુનન કરી સલમા જતી રહે છે.)

પ્રવેશ ૨ જો

સ્થળ: કૉલેજ હૉસ્ટેલમાં શફીકનો રૂમ.

સમય: સવારના નવ વાગ્યાનો.

શફીક : (પલંગ પરથી એકાએક બેઠો થઇ સ્વગત) શું થયું હશે? એક મહિનો થયો. પિતાજીને ચાર પત્રો લખ્યા સલમાને બે પત્રો લખ્યા. પણ કોઇનોયે જવાબ નહિ! શું હશે? કંઇ સમજ પડતી નથી! સલમા સાથે બધું નક્કી કર્યું હતું. દરેક પત્રમાં પિતાજીને એ વિચાર દર્શાવ્યો હતો; છતાં ઉભય પૈકી એકનોયે પત્ર નહિ! કેટલું આશ્ચર્ય? (થોડીવાર મૌન રહી વિચાર કર્યા પછી) કદાચને પિતાજી સલમાના પિતા સાથે આ મરસ્લેહત તો નહિ ચલાવતા હોય? (કંટાળીને) તો પછી મને ખબર આપવાં એ લેકિાને શું થાય છે? ગમે તેમ હોય. કદાચ એમજ હશે. પિતાજી પણ કૉલેજ જીવનના સસ્કારો ઝીલેલા મહત્વાકાંક્ષી માનવ પૈકીના એક છે. તેઓ જરૂર મારા કાર્યને વધાવી લેશે. અનાદાર કે નિષ્ફળતાનો જરાયે ભય નથી. જરૂર હું વિજયી થઇશ (જરા શંકાશીલ બની વિચારોની પરંપરામાં ગોથાં ખાઇ) અરે! હું આ શું કરી રહ્યો છું? યુવાનીના ઉન્માદે કઇ દિશાએ દોડી રહ્યો છું. મારૂં શિક્ષણ મારા પુરતું નથી, બીજી દ્રષ્ટિએ પણ કોઇનું આભારી છે. શું મને લગ્નની જેટલી લગન છે એટલી પિતાજીને નહિ હોય? જરૂર હોવીજ જોઇએ! પછી શા માટે તેઓ લગ્ન નહિ કરતા હોય? એમનું વય હજી ઝાઝું વધ્યું નથી, એમનું યૌવન હજુ આનંદમય છે. કદાચને મારા લગ્નથી એમને ખેદ થાય તો? એમની સુતેલી સ્મૃતિઓ જાગૃત બની જાય, એમની વેદનાઓ ખીલી ઉઠે. એમનું દબાયેલું દર્દ પાછું સજીવ બને તો તો મારૂં લગ્ન સ્વપ્ન નિષ્ફળજ બને. પ્રફુલ્લતાની મહેકતી સૌરભ અદૃશ્ય બને. મારૂં લગ્ન કાયમી નિરાશાનો વિષય બની જાય હું શું કરૂં? કેવો પ્રસંગ! (બન્ને હાથ મસળી) હું કદાચ ધૈર્ય ધરૂં, એક વાર લગ્ન ન પણ કરૂં. પરંતુ

સલમા ધૈર્ય ધરી શકશે ! ગમે તે થાય, જ્યારે પિતાજીના મમત્વે મને ઉંચુ શિક્ષણ અર્પ્યું છે, મારી શક્તિનો વિકાસ કર્યો છે. એમની લાગણીનાજ પ્રતાપે હું આગળ ધપી શકયો છું. એ બધું કેમ ભુલું ? જો એને ભુલી મારા ઐશ્વર્ય કાજ બીજી દિશાએ વહન કરું તો તો મારા આદર્શોનું મૃત્યુ થાય મારા શિક્ષણ અને પ્રગતિમય જીવનમાં ધૂળ પડે. (ઉંડા વિચારમાં તન્મય થઇ) બસ એજ નિર્ણય છે. પિતાજી લગ્ન કરે પછીજ મારે લગ્ન કરવા ! (શરીક નામની જૂમ પાડી ટપાલી દ્વાર ઠોકે છે)

શરીક : (ઉભો થઇને) કોનો પત્ર હશે ? (દ્વાર ખોલી ટપાલીના હાથમાંથી પત્ર લઇ ફોડી અતિ કુતુહલપૂર્ણ ઉચ્ચા અવાજે વાંચે છે)

નિરાદર શરીક,

આશ્ચર્ય પામીશ નહિ. આ પત્રદ્વારા એક અતિ મહત્વના સંદેશની તને જાણ કરું છું થોડા દિવસ પહેલા સલમા સાથે તારા ભાવિ લગ્ન જોડાણની વાત સાંભળી મને બહુજ હર્ષ થયો હતો. પરંતુ એ વિષયમાં ઉંડા ઉતરી મેં તપાસ કરી તો જુદીજ વસ્તુ દેખાઇ છે. અને એ સત્ય છે. કદાચ તું આજે નહિ માને તો ભવિષ્યમાં તને સાચું માનવુંજ પડશે. સલમાના પિતાએ તારી સાથે સબંધ જોડવા કરતાં તારા પિતા સાથે સલમાનો સબંધ સંધવા ખૂબખૂબ પ્રયત્નો કર્યા અને એમાં એને સફળતા મળી ગઇ છે.

તારી ખાતર તારા પિતાએ સબંધ જોડવામાં કંઇ સંકોચ અનુભવતા હોય એમ હું અનુમાન કરું છું. બાકી સલમા પ્રત્યેનું એમનું આકર્ષણ તો અનન્ય છે. અને સલમા ! એના પિતાના ઉપદેશ પાસે લાચાર બની છે. જરાક જેટલોયે નૈતિક વિરોધ કરવાનીય એનામાં હિંમત નથી ! શા કારણે ? કોણ જાણે ! આ બધુંય જોતાં મારી સલાહ મુજબ હવે તારા માટે એકજ વસ્તુ બહેતર છે; કે તું તારા પિતા અને સલમાના માર્ગ વચ્ચેથી દૂર ખસી જઇ તારા પિતાને ઉદાર હૃદયે ઉભયનું જોડાણ કરવા આગ્રહ કરે.

લી તારો વિસરાયલો

અનિસ

(પત્ર વાંચનાંજ, શરીક બે હાથ વચ્ચે માથું પકડી જમીન ઉપર એક ઉંડા નિસાસો સાથે બેસી જાય છે.)

(પડદો પડે છે) ખત્મ

બંધ માસિક "માંદગી"

ફક્ત ત્રણજ દિવસની અંદર 'ધ્રી નોટ' ગોળીઓથી ચાલુ થાય છે. માસિક આવ-ચવની કોઇપણ ફરિયાદ માટે રૂબરૂ મળો. દવા સાથે ગેરંટી પત્ર આપવામાં આવે છે. કીંમત રૂા. ૫-૮-૦ પરદેશ શી. ૧૦

—:ગર્ભ રહેતો અટકાવવા:—

"રાહત" દવા ફક્ત ત્રણજ દિવસ ખાઇ લેવાથી જીંદગી ભરમાં કદી ગર્ભ રહેતો નથી માસિક, ચાલુ, કશુંજ નુકસાન નહિ. ડૉકટર વૈદોએ અજમાવેલી દવા સાથે ગેરંટી પત્ર મોકલવામાં આવે છે. કીંમત રૂા. ૫-૮-૦ પરદેશ શી. ૧૦

ડૉ. એસ. એચ. ખાન,
૪૨ ચર્ચગેટ સ્ટ્રીટ, મોનજીની સામે
કોટ, મુંબઇ, ફોન. ૨૧૩૪૩.

અસ્માઉલ હુસ્ના

સંખ્યા ૬

રિકાઈ-સાબેરી

"યા દાયેમો" (અદદ ૧૦૦૧) "એ અરર પડોંચાડવાવાળા" (૧) જેનાથી વખત અને જગ્યાની પાબંદી (એટલે નક્કી કરેલ વખત અને જગ્યા) થઇ શકતી હોય અને તે જો દર જુમ્આની રાત્રે એને ૧૦૦૧ વખત ડિબ્લાઇ એકાન્તમાં બેસી પઢયા કરશે તો ધીમે ધીમે ઇ. અ એકદમે કુર્બમાં દાખલ થશે, આ દરજ્જાની આગળ જાહેરી કમાલ કંઇ પણ ગણત્રીના નથી (૨) જેની ઇઝ્ઝત કમ થઈ ગઇ હોય અગર જે ઇઝ્ઝતદાર થવા માંગતો હોય તો દર જુમ્આની રાત્રે અને ઐયામે બેઝમાં ઇશાની નમાઝ પછી એકસો એકસો વખત પઢવાથી ઇ. અ. ઇઝ્ઝતદાર થઇ જશે. (૩) દર જુમ્આની રાત્રે એકસો વખત પઢવાથી ઇ. અ. દરેક આફત થકા વગેરેથી બચેલો રહેશે. (૪) જેનું દિલ ઇમાદતમાં લાગતું ન હોય તો એને આસમાન તરફ મોઢું કરી દરરોજ ૧૦૦૧ વખત પઢવાથી ઇ અ. દિલ જરોબર થઈ જશે, અને ઇબાદતમાં લાગી જશે (૫) શયતાનને દૂર કરવા અને, નફસે અમ્મારહને મારવા માટે પીર (સોમવાર)ના ઝોહોરની નમાઝ બાદ શરૂ કરી દરરોજ ૧૯૧૯ વખત પઢવું અને જુમ્આની નમાઝ બાદ પ્રથમ ખામ કરવું ઇ. અ પરેશાનીજનક છૂટકારો થઇ જશે; બહુ બહુ તો બે ત્રણ દફ્તા એ મુજબ કરવું ઇ. અ. જરૂર નજાત મેળવશે. (૬) આફિતના મુકામોથી બચવા માટે એને કસરતથી પઢતા જઇ વચ્ચે વચ્ચે આફિતનું નામ પણ લેવાથી ઇ. અ તેના મુકામોથી બચેલો રહેશે અને આફિતને જરૂર નુકસાન પહોંચશે. (૭) અગર કોઇ નવી જગ્યાએ દેશ પરદેશ વગેરેમાં જવું થયું હોય અને ત્યાં રહેવું બેહતર છે કે કેમ તે જાણવું હોય તો ઐયામે બેઝ જે જુમ્આને રોજથી શરૂ થતા હોય તેના રોઝા રાખે અને રોઝાની હાલતમા એને ૧૦૦૧ વખત પઢશે તો ઇ અ. ત્રણ દિવસમાંજ તેને ખબર પડી જશે કે તેને માટે તે જગ્યા સારી છે કે ખરાબ. જો એ ત્રણ દિવસમાં નજર ખબર પડે તો બીજા થોડા દિવસ દરરોજ ૧૦૦ વખત પઢતા રહેવું ઇ. અ ખબર પડી જશે.

"યા નાફેઓ" (સંખ્યા ૨૦૧) "એ નફો પહોંચાડવાવાળા" (૧) ફિકરીમાં, આગબોટમાં બેસી મુસાફરી કરતી વેળા એને તેટલા દિવસ કસરતથી આમર કમમાં કમ દરરોજ ૨૦૧ વખત પઢવાથી ઇ. અ. દરેક આફતોથી બચી જઇ સહીસલામત ધારેલી જગ્યાએ પહોંચી જવાશે (૨) દરેક કામ શરૂ કરવા પહેલાં ૪૧ એકતાળીસ વખત એને પઢી લેવાથી ઇ. અ. તે કામ મરજી મુજબ પૂર્ણ થશે. (૩) રજબના મહીનામાં એને કસરતથી પઢનાર ઇ. અ. ઇસરારે ઇલાહીથી આબાદ થશે. (૪) એને કસરતથી પઢનાર ઇ. અ. કોઇ ગમમાં પકડાશે નહીં. (૫) હજની મુસાફરીમાં એને કસરતથી

પઢનાર ય અ સહીસલામત ઘેર પાછો ફરશે (૬) એને કસરતથી પઢનાર બીમાર ઉપર દમ કરશે તો ય. અ. બહુ જલ્દી સારો થઈ જશે. (૭) વેપાર ધંધા માટે કોઇપણ માલ ખરીદવા પહેલાં એને ૪૧ વખત પઢવાથી ય. અ તે માલમાં સારો નફો થશે. (૮) રજબ, શઅબાન અને રમઝાન (રમઝાન) મહીનામાં દરરોજ એને ૭૦૦૦ સાત હજાર વખત પઢનાર ય અ. સાહેબે કશ્ફ અને સાહેબે બાતિન થશે.

"યા નૂરો" (અદદ ૨૫૬) "અૈ રૌશની-વાલા" (૧) દર જુમ્આની રાત્રે સાત વખત સૂરએ નૂર અથવા સૂરએ ફતેહા અને ત્રણ હજાર વખત એને પઢનારના દિલને અરીસા જેમ સાફ અને નૂરાની બનાવે છે, અને તેના દિલમાં નૂર પેદા થાય છે (૨) દરરોજ સવારે ૨૫૬ વખત પઢનારનું દિલ રૌશન થશે. (૩) એને કસરતથી પઢનારની રૌશની ય. અ. કાયમ રહેશે. (૪) આંખો । સુરમો લગાડતી વખત એને પઢતા રહી લગાડવાથી ય અ. આંખોની રૌશનીમાં વધારો થશે, અને આંખોની બીજી બીમારીઓ પણ દૂર થશે. (૫) જે ઘરમા દરરોજ સવારની નમાઝ પછી એને ૧૧૨૧ વખત પઢવામાં આવે તે ઘર ય. અ. નૂરથી રૌશન થશે અને તે ઘરમાં સાપ બિચ્છુ વગેરે ઝહેરીલા જનવાર તેમજ જીન ભૂત વગેરે રહેશે નહીં અને બહુ ટોણાની પણ કંઇ અસર થશે નહીં (૬) "અલ્લાહો નૂરૂસ્સમાવાતે વલ્અર્દે" યા નૂરો" વરસાદના તોફાન, કાલી આંધી વખત ૧૦૦૦ વખત એને પઢવાથી ય. અ. અંધારૂં દૂર થઇ જશે. (૭) સૂરજ અને ચાંદ ગ્રહણ વખત એને વગર ગણત્રીએ કસરતથી પઢવું બહુ ફાયદામંદ છે.

"યા હાદી" સંખ્યા ૨) "અૈ રસ્તો બતાવનાર" (૧) જે કોઇ આસ્માન તરફ મોઢું કરી હાથ ઉંચા કરી (દુઆ માગે તેમ) એને કસરતથી દરરોજ પહેલી હાથો ઉપર દમ કરી મોંઢા અને આંખો પર ફેરવશે તો ય. અ એહલે મા'રેફતનો મર્તબો તેને મલશે અને બસરારે ઇલાહી તેની ઉપર ખુલશે. (૨) દી। દુન્યાની ગમે તે હાજત માટે અગર ગમે તે મુશ્કિલ માટે બે રકાત નમીલ પઢે. પહેલી રકાતમાં "સૂરએ ફાતેહા" પછી "આયતુલ કુર્સી" પઢે અને બીજીમાં "સૂરએ ફાતેહા" પછી 'સૂરએ ઇખ્લાસ" ત્રણ વખત પઢી સલામ ફેરવી "યા હાદી"ને એકી સાંસે જ્યાં સુધી સાંસ કાયમ રહે ત્યાં સુધી પઢતો રહે. જ્યારે સાંસ તુટે ત્યારે તુરત દુઆ માગે ય. અ. બધી મુશ્કિલ આસાન થઈ જશે અને ધારેલુ કામ થશે, એવી રીતે કામ પૂર્ણ થાય ત્યાં સુધી પઢતા રહેવું (૩) સફરમાં રસ્તો ભૂલી જનાર જો "યા હાદી એહદીની"ને કસરતથી પઢશે તો ય. અ રસ્તો જલ્દી મલી જશે. (૪) જે કોઇ સવારની અને ઇશાની ફર્ઝ નમાઝ પછી સાત સાત વખત "યા હાદી" ને દુઆ માંગતા હાથ ઉંચા કરી એને પછી હાથ ઉપર દમ કરી હાથને મોંઢા ઉપર ફેરવશે તો દરેક કામમા તેની અક્કલ બરોબર કામ કરશે અને તે જે મસ્વેરો કે સલહ આપશે તે મીઠો અને બરોબર હશે. (૫) હાકિમ, મુફતી, કાજી, કૌમના સરદાર અગર કોઇ પણ માણસ જ્યારે તેને કોઇનો ઇન્સાફ કરવા સોંપવામાં આવ્યો હોય ત્યારે જો પ્રથમ એને સાત વખત પઢી લેશે તો ઇ. અ. હક અને ખરો ઇન્સાફ કરશે. (૬) મુસાફરી શરૂ કરવા



પહેલાં એને અગીઆર વખત પઢનાર ઇ. અ મુસ્કુરીની દરેક આફતથી બચેલો રહેશે અને તેના બધા કામ બરોબર સહેલાઇથી થશે. (૭) એને કસરતથી પઢનારની આંખોની રોશનીમાં વધારો થતો રહેશે તેમજ અક્કલમાં પણ વધારો થશે. (૮) "યા હાદી ઐહદેનસ્સિરાતલ મુસ્તકીમ"ને દરરોજ ઇશાની નમાઝ પછી ૧૧૦૦ અગીઆર સો વખત હમેશા પઢનાર બદી પણ ઇ. અ. કોઇનો મોહતાજ થશે નહીં, ખુદાપાક તેની દરેક હાજત પૂરી કરશે. (૯) એને (નંબર ૮) હમેશા કસરતથી પઢનાર બરાબ્ર રસ્તે ચઢી ગયો હશે તો ઈ. અ. રાહે રાસ્ત પર આવી જશે અને નેક કામો કરતો થઈ જશે. બુરા કામોથી છૂટવા માટે ઇકસીર છે. (૧૦) કોઇ પણ ગામ કે શહેરમાં દાખલ થવા પહેલાં એને (નંબર ૮) ૨૧ વખત પઢનાર શહેર કે ગામની દરેક બુરાઇ-ઓથી ઇ અ. બચેલો રહેશે.

"યા બદીઓ" (અદદ ૮૬) "કોઇ પણ નમુનો જોયા વગર દુન્યાની દરેક ચીજ બનાવનાર" (૧) કોઇ પણ મતલબ પૂર્ણ થતી ન દેખે તો દરરોજ રાત્રે એને એક સો વખત પઢવાથી ઇ. અ. બહુ જલદી કામ થઇ જશે. (૨) એને હમેશા કસરતથી પઢનાર દરેક ગમ અને મુશ્કિલથી ઇ. અ. બચેલો રહેશે અને એવા વખતમાં એને કસરતથી પઢવાથી ઇ. અ. બહુ જલદી છૂટકારો થઇ જશે. (૩) દરરોજ એક હજાર વખત પઢવાથી દરેક બીમારી અને ગમ ઇ. અ. બહુ જલદી દૂર થઇ જશે. (૪) કોઇ પણ હાજત પૂર્ણ કરવા દરરોજ એક હજાર વખત પઢવું. ઇ. અ. હાજત પૂરી થશે. (૫) "યા બદીઉસ્સમાવાતે વલઅર્દે યા બદીઓ" કોઇ પણ ગમ અને મુશ્કિલ માટે, એને તે ગમ કે મુશ્કિલ દૂર થાય ત્યાં સુધી, દરરોજ એક હજાર વખત અને ઓછી વખત નહીં બની શકે તો ૮૬ અગર ૭૦ વખત પઢતો રહેશે તો ઇ. અ બહુ જલદી મુશ્કિલ આસાન થશે અને ગમ દૂર થઇ જશે. (૬) કરતે ખાસ માટે તેની નિય્યત કરી રાત્રે કિબ્લારૂ આવ્યું બેસી નજર ૫ ને ઓટલી વખત પઢતો રહે કે પઢતાં પઢતાં ઉંઘ આવી જાય ત્યારે ત્યાંજ સુઇ જવું. ઈ. અ. ખ્વાબમાં હાલ માલૂમ થઇ જશે. કામ પૂરું થાય ત્યાં સુધી પઢવું (૭) "યા બદીઉલ અજતએમે બિહક્કેરે યા બદીઓ" દીન દુન્યાના બધા ફાયદા અને કમાલાત હાસિલ કરવા દરરોજ એને બારસો વખત પઢવું (૮) મહબ્બતને માટે ઉડદે માદમા બોદામાં મીસરી (સાકરીયા ખાંડ જેને ચીનાઇ ખાંડ પણ કહે છે તે) રાખી મહબૂબતું ધ્યાન ધરી, ઇશાની નમાઝ પછી, બિનર પઢવા પહેલાં, એકજ નાકથી કરેલ જપાએ બેસી દરરોજ છસો વખત પઢવું. (૯) દુશ્મનની હલાકી માટે નંબર ૮ મુજબ બોદામાં બાકી ચીજ રાખી પઢવું. પણ આ અમલ ૧૫ ચાંદ પછી શરૂ કરવો જોઇએ અગર નંબર ૮ને બદલે "યા બદીઉલ અજતએમે બિતકેરે" પઢશે તો પણ ચાલશે.

"યા બાકી" (સંખ્યા ૧૧૨) "એ હંમેશા રહેવાવાલા" (૧) દરેક જુમ્આની રાત્રે ઇશાની નમાઝ પછી એક સો વખત પઢનારના દરેક અમલ (નેક કામ) ખુદાપાક કબૂલ કરે છે અને પઢનારને કોઇ પણ તરેહનો રંજ કોઇ પહોંચાડી શકશે નહીં. (૨) દુશ્મનની હલાકીના નિય્યતથી શનીવારના ઝોહોરની નમાઝ પછી અગર બીજે કોઇ વખત નક્કી કરી બે રકાત

નફીલ (દુશ્મનની હલાકીની નિય્યતથી) પઢી દુશ્મન હલાક થાય ત્યાં સુધી દરરોજ એક સો વખત પઢવું ઈ. અ. દુશ્મન હલાક થશે અગર તેને તાબે થઇ જશે. (૩) સૂરજ નીકલવા પહેલાં દરરોજ એક સો વખત પઢનાર ઇ. અ. મરતાં સુધી કોઇ દુઃખ તકલીફમાં પકડાશે નહીં અને કયામતમાં ઇ. અ. બખ્શાઇ જશે (૪) કોઇ રંજ કે મુસીબતમા પકડાઇ જનાર દરરોજ એક હજાર વખત પઢનાર ઇ. અ. બહુ જલ્દી એમાંથી છૂટો થઈ જશે. (૫) કોઇ ખેતી બરબાદ થવાની ધાસ્તી લાગતી હોય તો "અલ્લાહો બાકી"ને દરરોજ ૧૭૯ વખત પઢી ચારે તરફ દમ કરવાથી ઇ. અ. બરબાદીથી બચી જશે.

"યા વારેસો" (અદદ ૭૦૭) "એ માલિક અને એના પછી બધાનો વારેસ" (૧) સૂરજ નીકલતી વખત એને એકસો વખત પઢનારને ઇ અ કંઇ રંજ પહોચશે નહીં. (૨) એને કસરતથી પઢનારના બધા કામો પૂરા થશે અને અમનમાં રહેશે. (૩) એને કસરતથી પઢનારની ઉમરમાં બરકત થાય છે. (૪) મગરેબ પછી અને ઇશાની પહેલાં એને ૧૧૨૧ વખત પઢનારના દિલની પરેશાની અને હૈરાની, ગભરાટ વગેરે ઇ. અ બહુ જલ્દી દૂર થઇ દિલમાં ખુશી પૈદા થઈ જશે (૫) કોઇના નજદીકના સગા જે લાવારસ હોય અને તેમની માલ મિલકતના વારસ થવા ઇરાદો હોય તો તેની નિય્યતથી જગ્યા અને વખત નક્કી કરી દરરોજ ૭૦૭ વખત એને પઢવું ઇ. અ. કામ થઇ જશે.

(અપૂર્ણ)

"ભુલ સુધારો"

"કારવાં" માસ જુન ૧૯૪૨ના પાના ૫૬૯ની કોલમ ૧લીમાં નમ્બર ૧૧ વાલી દુઆમાં:-"અલ્લાહુમા યા નીયેા" છે તેને બદલે "અલ્લાહુમ્મા યા ગનીયેા" એ મુજબ પઢવું.

પાના ૬૦૦ની કોલમ બીજીમાં ૭ નંબરની દુઆમાં છેલ્લે યા લતીફો બે વાર છપાયલું છે તેને બદલે યા લતીફો ત્રણ વખત પઢવું

બજમે ઇકબાલ, કઠોરના

બીજા વર્ષના પ્રગટ થયેલાં પુસ્તકો

મુહમ્મદી દર્પણ મૂલ્ય ૦-૧૨-૦ (પોસ્ટેજ ૦-૨-૦ વધુ)
હબ્બે સિરાજ " ૦-૬-૦ (પોસ્ટેજ ૦ ૧-૦ વધુ)

—: તૈયાર થતાં પુસ્તકો :—

ઇકબાલ.....સીરતી. માટીના ઘડા.....કૃષ્ણ માતરી,

સ્ટોકીસ્ટઃ—શ્રી રાંદેર સ્ટોર્સ ટાવરરોડ, સુરત.

આફ્રિકાનો વિજેતા

અનુવાદક:-સાલેહ બકીલી સાહબ.

મૂસા બિન નસીર ગણના મુસલમાનોના શ્રેષ્ઠ સેનાપતિઓમાં થાય છે, જેમના ચરણોને વિજય અને કિર્તિએ હંમેશ ચુમ્યા છે. એઓ હઝરત ઉમર ફારૂક (રદી૦)ની ખિલ્લતના સમયમાં જઝીરહ (મેસોપોટેમિઆ)ના એક ગામ કુરતૂનાની પાસે હિ. સ. ૧૯માં જન્મ્યા હતા. એમના પિતાના નામ વિષે મતભેદ છે. કેટલાક એમને ઇબ્ને નસીર ઇબ્ને ઝૈદ બિકરી અને કેટલાક ઇબ્ને અબ્દુર્રહમાન ઇબ્ને ઝૈદ ત્મારી કહે છે. ઇતિહાસકાર ઇબ્ને ખલ્લીકાનનો મત છે કે એમના પિતાનું નામ નસીર હતું અને તે બની લખમના ગુલામ હતા. એજ નામ બરૂં માનવામાં આવે છે. એવીજ રીતે એમના કબીલા વિષે પણ મતભેદ છે સામાન્ય રીતે મનાય છે કે એઓ બની ઉનય્યહ અથવા બની લખમ વંશની એક ઔરતના ગુલામ હતા. જ્યારે હઝરત ખાલિદ બિન વલીદ (રદી૦)એ ઇરાનીઓને અયનુત્તમરમાં પરાજીત કર્યા, ત્યારે ત્યાંના એક દેવળમાંથી એમના પિતા ગિરફ્તાર થયા હતા અને તેમણે જણાવ્યું હતું કે તેઓ મૂળ બિકર બિન વાઈલના વંશમાંથી છે. જો આ રિવાયતને ખરી માનીં લેવામાં આવે તો, તેઓ એક આઝાદ પુરુષ હતા અને બિકર બિન વાઈલના કબીલા સાથે સંબંધ ધરાવત હતા. માત્ર અયનુત્તમરમાં મળી આવવાથી મૂસા કહેવાવા લાગ્યા હતા. ટુંકમાં આ બાત ઉપર બધાય ઇતિહાસકારો એક મત છે કે મૂસા બિન નસીર, અબ્દુલ-અઝીઝ બિન મરવાન બિન હકમના ગુલામ હતા.

મૂસાના પિતા હ૦ અમીર મુઆવિયા (રદી૦)ના અંગરક્ષક હતા. પરંતુ સિફ્ફીનના યુધ્ધમાં એમના તરફથી શરીક થયા ન હતા. એ સિવાય એમના વિષે કાંઈ જાણવું નથી ખુદ મૂસા વિષે કહેવાય છે કે અમીર મુઆવિયાએ એમને દર્યાઈ સેનાના અફસર મુકર્રર કર્યા હતા. તેઓ કિબ્રસ (કેટ)માં લડયા હતા અને ત્યાં તેમણે કિલ્લા પણ ચણાવ્યા હતા. અમીર મુઆવિયાની વફાત પછી યઝીદના સમયમાં મૂસાનું નામ સાંભળવામાં આવતું નથી. એ પછીના ઝમાનાઓમાં પણ એ ગુમનામ રહ્યા છે. અને જ્યારે અબ્દુલ મલિક તમામ ખિલાફતનો એકલો માલિક બની ગયો, ત્યારે તેમણે પોતાના ભાઇ અબ્દુલ અઝીઝને મિસરનો અને બીજા ભાઇને કૂફાનો ગવર્નર બનાવ્યો. મૂસા, અબ્દુલ અઝીઝની પાસે મિસરમાં હતા. અબ્દુલ મલિકે અબ્દુલ અઝીઝને લખીને મુસાને ઓલાળા અને બશીરના વઝીર, સલાહકાર અને ઇરાકના દીવાનના જોખમદાર અમલદાર મુકર્રર કર્યા. મૂસા, બશીરની સાથે બસરા ગયા. બશીરનું ત્યાં અચાનક મૃત્યુ થયું. એના મરણ પછી અબ્દુલ મલિકે હજ્જાજ બિન યૂસુફને આ પ્રાંતનો ગવર્નર નિમ્યો. કેમકે હિસાબ બરાબર ન હતો અને મૂસા ઉપર ઉચાપત કરવાનો આરોપ હતો, જેથી એમને ગિરફ્તાર કરી શિક્ષા આપવાનો હુકમ કર્યો. મૂસા ત્યાંથી નાસીને અબ્દુલ અઝીઝની પાસે શામ (સિરિયા) ચાલ્યા ગયા. તે એમને લઈને અબ્દુલ મલિકની પાસે આવ્યા. ખલીફાએ મૂસાને પચાસ હજાર દીનારનો દંડ કર્યો, જે એમણે ત્રણ માસમાં અબ્દુલ અઝીઝની મદદથી અદા કરી દીધો અને તેમનીજ સાથે મિસર ચાલ્યા ગયા. અબ્દુલ મલિકે સીધા રીતે હસ્સાન બિન

નુઅમાનને આફ્રિકાનો ગવર્નર નિમ્યો, પણ અબ્દુલ અઝીઝ એનાથી નાખુશ હતા. અબ્દુલ અઝીઝે ખલીફાની મંજુરી વિનાજ એને પદ-ભ્રષ્ટ કરીને એને સ્થાને મૂસા બિન નસીરને ત્યાંના ગવર્નર બનાવી દીધા. એમની નીમણુંક હિ. સ. ૭૮ ના અંતમાં થઇ. તેઓ તુરત આફ્રિકા તરફ રવાના થઇ ગયા ઝાતુલ જમાજમ રથળે લશ્કરનું નિરક્ષણ કર્યું અને ૫ જમાદીઉલ અવ્વલ ૭૯ હિજરીને સોમવારે આફ્રિકા પહોંચી ગયા આવી રીતે સાડ વર્ષની વયે મૂસા આફ્રિકાના ગવર્નર બની ગયા. જે સમયે તેઓ ત્યાં પહોંચ્યા તે વખતે ત્યાં મુસલમાનોની એવી હાલત થઇગઇ હતી કે દુશ્મનોના ડરના માર્યા ઘરોમાંથી નિકળી પણ શકતા ન હતા. લશ્કરી તાકત ઘણી નબળી થઇ ગઇ હતી. મરિજનો સુબ્બાની હાલત તૂટી ફૂટી હતી. એમણે ત્યાં પહોંચતાંજ આ હાલતમાં પરિવર્તન ઉત્પન્ન કરી દીધું. સૌથી પ્રથમ ઝબકરાનને જીતી લીધું. અહીંઆથી ત્રણ લાખ કૈદી એમને હાથ લાગ્યા. આ એમના મહાન વિજયનું મંગલાચરણ હતું. એની અસર એવી થઈ કે ખલીફા અબ્દુલમલિક પણ ખુશ થઇ ગયા, એ પછી એમણે વિજયોનો સિલસિલો ચાલુજ રાખ્યો. હિ. સ ૮૩માં ટયુનિસ મુકામે વહાણો બનાવવાનું કારખાનું (દારૂસ સિન્અત) સ્થાપ્યું અને હિ. સ. ૮૪ સુધી એમાંજ પરોવાયલા રહ્યા. હિ. સ, ૮૫માં એજ મુકામથી એમણે એક નૌકાસૈન્ય પોતાના પુત્ર અબ્દુલ્લાહની સરદારી હેઠળ સિસિલી રવાના કર્યું. જેણે એક શહેર જીતી લીધું અને ઘણી માલમતા મેળવી.

ખલીફા અબ્દુલ મલિકના મૃત્યુ પછી પણ વિજયો બરાબર થતાંજ રહ્યા. સરદાનિયહ (સાર્ડીનીયા) ઉપર હુમલો કરવામાં આવ્યો. રોમસમ્રાટ અકસાનાના બાદશાહને પરાજીત કર્યો. મ્યુરકા ટયુ જીતાયું અને મૂસાના ગુલામ તરીકે તન્જા ઉપર કબ્જો કર્યો. હિ. સ. ૯૨માં સ્પેન ઉપર આક્રમણ કરીને તે ફતહ કર્યું. મૂસાની ખાસ પ્રતિજ્ઞા એમાં છે કે એમણે હમેશાં આ વિચાર રાખ્યો કે જે વિજયો પ્રાપ્ત થાય તે અધુરાં ન રહી જાય. હમણા સુધી આફ્રિકાના ઇસ્લામી વિજયોમાં આ ખામી હતી કે અરબોએ બર્બરીઓને ઇસ્લામથી જાણીતા કરવાના ચાલુ પ્રયત્નો કર્યા ન હતા. પરિણામ એ આવતું હતું કે બર્બરી* હમેશા મુસલમાનો સાથે ઝગડા ઉત્પન્ન કરતા હતા. એનો ઉપાય કરવામાં આવ્યો અને પશ્ચિમના નવા જીતાયલા પ્રદેશોમાં અરબોને ખાસ આ કામે નિમવામાં આવ્યા કે લોકોને ઇસ્લામનું શિક્ષણ આપે અને એમને સભ્યતાશીળ બનાવીને ભવિષ્ય માટે કાયમી સુમેલ શાન્તિનો માર્ગ સાફ કરે

* "બર્બરી", આફ્રિકાના ઇસ્લામી વિજયો વખતે મિસરથી લઈને એટલાંટિક સમુદ્ર સુધી તમામ ઉત્તર આફ્રિકાના પ્રદેશોમાં વસેલા હતા એમના વિષે વિદ્વાનો હજુ સુધી ફેસલો કરી શકયા નથી કે એ લોકો કયા વંશમાંથી છે. પરંતુ એમની પુરાતનતા એના ઉપરથી સિદ્ધ થાય છે કે ઈસવી સન પૂર્વે ૧૩૦૦ અને ૧૭૦૦ના મિસરી શિલા લેખો અને ચિત્રોમાં એમના નામ અને ચિત્રો મળી આવે છે. કેટલાક અરબ ઇતિહાસકારોનુ કથન છે કે બર્બરી ખરી રીતે હમયરી છે. અફ્રરકયશ કૈબ્રે કયસ કાબ્રે સબયથી તુબ્બા યમને (યમનના બાદશાહે) આફ્રિકા અને પશ્ચિમના પ્રદેશોને ફતહ કર્યા ત્યારે તે એની સાથે અહિંઆ આવ્યા હતા અને અહિંઆજ વસી ગયા હતા. એક માન્યતા એવી પણ છે કે આ લોકો શામ (સિરિયા)ના વતની છે અને ત્યાંથી આફ્રિકા આવ્યા હતા. વલ્લાહો અઅ્લમ.

સ્પેન જીતવાને માટે મૂસાએ પોતાના ગુલામ તારિક બિન ઝયાદને મોકલ્યો હતો. જેણે સ્પેનના બાદશાહ લઝારીક ને હરાવીને તલીતલીયહ (ટોલેડો) સુધીનો પ્રદેશ જીતી લીધો. મૂસા પોતે પણ સ્પેન ગયા અને ત્યાંથી હિ. સ. ૯૪માં ખિલાફતના દરબારમાં હાજિર થવાને માટે રવાના થઇ ગયા. એમાં મતભેદ છે કે મૂસા વલીદની જિન્દગીમાં દમિશ્ક પહોંચ્યા હતા યા નહી. સુલૈમાને એમને વિલંબ કરીને પહોંચવાની તાકીદ કરી કે જેથી મારો મનીમત વલીદને મળવાને બદલે પોતાને મળે મૂસાએ એના હુકમનું ઉલ્લંઘન કર્યું હતું જેથી સુલયમાને એમને શિક્ષા કરી. એમને તડકામાં ઉભા રાખવામાં આવ્યા અને દંડ પણ કર્યો દંડની રકમ જુદી જુદી બયાન કરવામાં આવે છે. કેટલાક ત્રણ લાખ દીનાર અને કેટલાક એક લાખ દીનાર કહે છે. આ દંડ યઝીદ બિન મુહલ્લિબની મદદથી અદા થયો. એ પછી જણાય છે કે મૂસા સુલૈમાનના દરબારમાંજ રહેવા લાગ્યા. જ્યારે હિ. સ ૯૭માં ખલીફાએ હજ કરી છે, ત્યારે મુસા પણ એની સાથે હતા અને એજ પ્રવાસમાં વાદી ઉલ કુરા આગળ એમની વફાત થઈ.

(આ લેખ, "અન્દલૂમ અઝઝાહિરહ" કર્તા: તગરી બરદી, "મુકરી", "અલ ઈમામતહ વ સિયાસતહ" કર્તા: ઇબ્ને કુતૈબહ, અને "ઈબ્ને ખલ્કાન"ના આધારે લખાયલો છે.)

ધી રાંદેર સ્ટોર્સ.

ન્યુસપેપર એજન્ટસ.

ટાવર રોડ—સુરત.

મુંબઇથી રવિવારે પ્રગટ થતું **'વતન'** સાપ્તાહિક

જ. જિન્નાહ સ્થાપિત. કી. દોઢ આના

અમદાવાદથી સોમવારે પ્રગટ થતું **'દીન'** સાપ્તાહિક

તંત્રી:–નિઝામુદ્દીન કુરૈશી. કી. બે આના

સુરતથી શુક્રવારે પ્રગટ થતું **'હુમદર્દ'** સાપ્તાહિક

તંત્રી:–સૈયદ મોહમ્મદ. કી. સવા આના

. બાજેટથી શુક્રવારે પ્રગટ થતું

'મુસ્લિમ બુલેટિન' સાપ્તાહિક

તંત્રી:–'શબનમ'. કી. બે આના

ઓલ ઇન્ડીયા રેડીઓના પખવાડીક

'આવાઝ' (ઉર્દૂ) **'સારંગ'** (હિન્દી) કી. સાડા ત્રણ આના

સુરતથી દર અંગ્રેજી પંદરમી તારીખે પ્રગટ થતું **'કારવાં'** માસિક

તંત્રી:–'વહશી'–બેકાર'. કી. પાંચ આના

અમદાવાદથી દર ઇસ્લામી પહેલી તારીખે પ્રગટ થતું **'નિઝામ'** માસિક

તંત્રી:–'નિઝામુદ્દીન કુરૈશી'. કી. બેઆના

૩ • બા • ઈ

સાફલ્ય [૧] [૨] જીવન-ઉદ્દેશ

કાં ભલા અંધાર પટથી થરથરે ?
ઝુલ્મ-વર્ષા તુજ પરે છો ઝરમરે;
ભક્તિ દીપક આત્મમાં પ્રગટાવ, તો
તુજ કને સાફલ્ય આવી કરગરે.

"શું શમા નિજને જલાવી જાય છે?
અશ્રુમય જીવનાંત શું એ ચા'ય છે?
હું મરૂ એની પહેલાં ઉંચરી,
મૃત્યુ પરવાના શિખાવી જાય છે."

[૩]

હાય, વિધિ !

રે, ભ્રમરનું ગીત ગુંજ્યું ઉપવને,
આવકારી, પુષ્પ મલકયું નિજ મને;
ચૂસી રસ નિર્દય ભ્રમર ભાગી ગયો,
ને ખરેલું પુષ્પ ચગદ્યું કોઈ જને.

ભિન્નતા [૪] [૫] મનીષા

પથ જીવનનો સદા એકજ ચહું,
ને હૃદય કે' છે : પલટાતું રહું;
પૂર્ણ તેજે હું કદી મલકાઉં વા,
ગાઢ અંધારે વ્યથા, ચિંતા સહું.

કોઈ ભયાનક પર્વતે ચડવું કદી,
ને અટૂલા, એકલા રડવું કદી;
ના ગમે એ; ગાઈ મીઠાં ગીતડાં,
ધોધ સાથે ખેલવું પડવું કદી.

[૬]

પરમાર્થ

જ્યાં કદી સ્વકાજ એકે ચાહ ના,
પરહુ.ખો રહેવા છતાં જ્યાં આહ ના;
જ્યાં પરાર્થે મૃત્યુની છે ઝંખના,
રાહદારી જૂજ એવા રાહના

વિપત્તિ [૭] [૮] દમન

વાદળો વિપત્તિનાં ઘનઘોર છે,
ને સતત વરસાદ કેરૂં જોર છે;
મુજ હૃદય-સર એ ઝીલી છલકાય છે,
ચક્ષુ વાટે મૂક એનો શોર છે.

આભ પર પથરાય ઉપાનું અમી,
સાગરે છે તેજ કેરી ના કમી;
હાય ! કિન્તુ ડોલતી ભમ નાવને,
કોઈ ખડકના સ્થામ ઓળાએ દમી.

'બેફામ'

સિદ્ધિ.....ના.....સન્માર્ગ

રજુ કરનાર : "ગાફિલ"

(સર્વ હક્ક લેખકને સ્વાધીન છે)

૪૨૭

જીવનનાં માર્ગો મોકળા કરવા માટે આપણે વધારેમાં વધારે સદ્ગુન કરવા તત્પર થવું જોઇએ. ખાસ કરીને આર્થિક દ્રષ્ટિએ આઝાદ બનારજ પોતાની અન્ય એકંદર દુકારટો દૂર કરી શકે છે,

૪૨૮

આપણો વિકાસ સડેલી એવી સામાજીક રૂઢીઓને અપનાવી લેવાથી અટકે છે. જીવનમાં ઓજવાળાં પાથરી શકે એવી જુનવાણી રૂઢીઓને માન આપવામાં આપણું ગૌરવ છે, પણ જે રૂઢીઓને આપણી નૈતિક શક્તિનો વિકાસ થવા દેતી ન હોય, તેવી રૂઢીઓને તો યુવાનોએ સત્વર ધૂળમાં મેળવી દેવી જોઇએ, આગેવાનોનો આગ્રહ તો પોતાની આગેવાની જળવી રાખવા માટેનોજ હોય છે. તેઓ સમસ્ત જ્ઞાતિ કે સમાજની પ્રગતિ સદંતર થંભી જતી પોતાની સગી આંખે જોવા છતાંએ આંખ આડા કાન કરે છે. સત્તાના મોહમાં સદ્યાસદ્યનું ભાન પણ તેમને રહેતું નથી.

૪૨૯

આપણાં સમાજમાં હજુયે એક પ્રથા એવી છે કે જેનો મૂળમાંથી નાશ થવો અત્યંત જરૂરી છે. દાખલા તરીકે બે જીવનનાં જોડાણ કરતી વખતે, કન્યાના માબાપોને વરના વડીલો એમ સમજાવે છે, કે તમારે તો અમારા સામું જોવાનું છે ને? છોકરો તો હજુ બાળક છે, એને શું ખબર? પડે ઇત્યાદિ અને કન્યાનાં માબાપો પણ ખરેખર વરનાં વડીલોનેજ જુએ છે. વરને સમજવાની ભાંજગડમાં પડતાં નથી. જો કે ખરી રીતે તો છોકરાનેજ દરેક દ્રષ્ટિએ જોવાની જરૂર છે. કારણ કે કન્યાનું જીવન તેની સાથે જોડવાનું હોય છે. વરનાં વડીલો સાથે કન્યાને કશીજ લેવા દેવા હોતી નથી. છતાં આપણામાં બન્નેનાં વડીલો પરણનારનો વિચાર ન કરતાં, પોતાનેજ જુએ છે. પરિણામે અસંખ્ય અણખીલ્યા પુષ્પોને ખીલતા પહેલાંજ કરમાઈ જવાનો દુઃખદ પ્રસંગ જોવો પડે છે. એ સ્થિતિ અતિ વહેલો પલટો માગી લ્યે છે.

૪૩૦

વર કન્યા કરતાં વયમાં અને વિદ્વતામાં વડીયાનો હોવો જોઇએ. શારીરિક શક્તિ અને આર્થિક સ્થીતિ કન્યા કરતાં વરની ઉત્તમ હોવી જોઇએ. ઓછામાં ઓછી આ ચાર બાબતો તો સંબંધ જોડનાર વડીલોએ અવશ્ય લક્ષમાં રાખવી જોઇએ. જ્યાં એ વસ્તુઓનો અભાવ હોય, ત્યાં બન્નેના ભવ બગડવાનો વધુ સંભવ રહે છે, એ પ્રત્યેક યાદ રાખવું અત્યંત જરૂરી છે.

૪૩૧

સમય એવો આવ્યો છે, કે કન્યાઓએ પણ જીવનનાં અગત્યનાં પ્રશ્નોને જાતેજ છણી લેવા તત્પર થવું જોઇએ. ખાસ કરીને જીવન સાથીની પસંદગી બાબતમાં તો તેમણે પોતાના વિચારો સ્પષ્ટ શબ્દોમાં વડીલો આગળ રજુ કરીજ દેવા જોઇએ. કારણ કે એમ કરવાનો સંપૂર્ણ અધિકાર પ્રત્યેક કન્યાનો છેજ. જીવનના છેલ્લા શ્વાસ સુધી જેને પોતાના જીવન સાથી તરીકે સ્વીકારવો હોય, તેના માટે ધાર્મિક દ્રષ્ટિએ પણ પોતાનો મત સ્પષ્ટ રીતે આપ-

વાનો કન્યાને અધિકાર મળેલો છે. માટે પ્રત્યેક કન્યાએ આવા મહત્વના પ્રશ્નમાં રસ લેવોજ જોઇએ. અન્યની પસંદગી ઉપર આધાર રાખવાની મણાઇ દાખવવી જોઇએ નહિ. માનવ-જીવનમાં જો કોઇ સહુથી વધારે અગત્યની બાબત હોય, તો તે જીવન સાથીની પસંદગીની છે.

૪૩૨

પાશ્ચિમાત્ય પધ્ધતિને અનુસરી સ્વતંત્રતાને બદલે સ્વછંદતા આવી વસે, એવી અયોગ્ય કન્યા કેળવણીની અંશમાત્ર પણ આપણને જરૂર નથી પણ પોતાનાં સુખદુઃખથી પતિને માહેતગાર કરી શકે, તેટલા અક્ષર જ્ઞાનની તો દરેક કન્યાને જરૂર છેજ. ધાર્મિક શિક્ષણ સાથે મર્યાદીત સંસારિક શિક્ષણ કન્યાને આપવું જોઇએ આખુંયે શરીર દેખાય, એવા નિર્લજ્જ-વાધા સથે સ્ટેજ ઉપર આવીને આપણી કન્યાઓ ભાષણ આપે એ જરૂરી નથી. પણ ગૃહકાર્ય સાથે એકાદ ગૃહઉદ્યોગ, અને વ્યહવારિક જ્ઞાન હોય, એટલે પ્રત્યેક કન્યા પોતાનું જીવન સાર્થક કરવા સમર્થ પૂરવાર થાય છે. મુસ્લિમો એ કન્યા કેળવણીના વિષયમાં બીજી બધી બાબતોમાં કરતાં વધારે કાળજી અને સંભાળ રાખવી ઘટે છે

૪૩૩

મુસ્લિમ કન્યાઓને સાધારણ અક્ષરજ્ઞાન સાથે ઉપયોગમાં આવી શકે એવો એકાદ હુન્નર પણ અવશ્ય જોઇએ. કે જેથી પ્રસંગ આવતાં તે પોતાનું ગુજરાન સરળતાપૂર્વક ચલાવી શકે. સ્વગૃહે કે શ્વશુરગૃહે રહીને પણ તે સ્વાવલંબી જીવન ગાળી શકે. અર્થાત કોઇના માટે પણ તે ભારરૂપ ન નીવડે.

૪૩૪

બુદ્ધિને દબાવી, લાગણીના પ્રવાહમાં પોતાની જાતને વહાવી દેનાર ઘણીક વખતે બહુજ પસ્તાય છે. લાગણીના ઉછાળા ઉપર અંકુશ મૂકવો આસાન નથી, પણ અત્યંત આવકાર દાયક છે.

૪૩૫

સામાજીક પ્રથાઓમાં બુદ્ધિને દાબી દેવાના અને લાગણીના અતિરેકને મહત્ત્વ આપવાના પ્રસંગો ઘણા આવે છે, તે એવા પ્રસંગો અંતર વલોવી નાખનારા હોય છે.

૪૩૬

સત્તાનો મોહ જગતના અન્ય એકેંદર મોહ અને મદ કરતાં વધારે ભયંકર હોય છે, ને તે છતાં પ્રત્યેક માનવી સત્તાનાં મોહમાં સપડાયેલો નજરે પડે છે.

૪૩૭

આપણી અવદશા ઠગારા આત્મસંતોષ વડે વધારે થવા પામે છે. અને એવીજ રીતે અંધ શ્રધ્ધા આપણને સાચી વસ્તુ સ્થીતિથી માહેતગાર થવા દેતી નથી.

૪૩૮

પરતંત્ર પ્રજાને જ્યારે પોતાની પરતંત્રતાનું પૂરેપૂરું ભાન થાય છે. ત્યારે તેનામાં મુક્તિ કે મૃત્યુ માટે ઝંપી જવાની તમન્ના પ્રકટે છે. અને પછી તો મુક્તિ માટે કેટલા થઇ જવામાંયે તે પછાત રહેતી નથી. પણ જેમની નીતિ દહીં દુધીયા જેવી હોય છે, જેમનું ધ્યેય ઢીલું પોચું હોય છે, તેવાઓ સિદ્ધાંત સાથે હરપળે સમાધાન કરવા તત્પર રહે છે. અને આવા માણસો થોડી સત્તા હાથમાં આવતાંજ સંતોષ માની લ્યે છે પરિણામ એ



આવે છે, કે સિધ્ધાંતના ભોગે આવા માણસો પોતાની સત્તાને ટકાવી રાખવાના પ્રયત્નો કરે છે.

૪૩૯

ધ્યેયને પહોંચી વળવા માટે સ્વસ્થતા અને શુદ્ધ તર્કશક્તિની આવશ્યકતા છે, સ્વસ્થતા વિના શુદ્ધ તર્ક શક્તિની આશા રાખવી વ્યર્થ છે, માટે દરેક સંજોગોમાં માનસિક સ્વસ્થતા જાળવી રાખવી અત્યંત જરૂરી છે. જે લોકો માનસિક સ્વસ્થતા ગુમાવી બેસે છે, તેઓ ગમે ત્યારેય પણ પોતાની મહત્તા વધારી શકતા નથી, એ નીર્વિવાદ સત્ય છે.

૪૪૦

જાણવું હોય છતાં જાણી ન શકીએ, એવી બાબતો ભાગ્યેજ હોય છે. ઇચ્છા હોય છતાં ન જાણી શકાય એવી વસ્તુ જગતમાં એકેય નહિ હોય જાણવા માટે માત્ર મળી ઇચ્છા શક્તિની જરૂર છે.

૪૪૧

ઉસ્કેરી મૂકેલા માનવ સમૂહને નીતિ અનીતિ કે સત્યાસત્યનું સાચું ભાન રહેતું નથી. એનો ખ્યાલ કરેવાતા આગેવાનોને હોવોજ જોઇએ. કારણ કે ઉસ્કેરણીનું પરિણામ હમેશાં નુકસાનજ આવે છે

૪૪૨

વાતાવરણનાં પણ અનેક પ્રકારો છે. એક વાતાવરણ ઉપજાવતાં પરીવર્તન અને પ્રગતિનાં માર્ગે જનતાને દોરવી શકાય છે. જ્યારે એક વાતાવરણ એવુંએ હોય છે, કે જેનાથી જનતાની પ્રગતિ થંભી જાય છે. પ્રત્યેક ડાહ્યા માણસે સંપૂર્ણ વિચાર કર્યા પછી ચોક્કસ પ્રકારનું વાતાવરણ ઉપજાવવા મથવું જોઇએ

૪૪૩

મળેલા માનપત્રોને વારંવાર વાંચવા કરતાં, થયેલી ટીકાઓ ઉપર દ્રષ્ટિપાત કરવાથી, આપણે આપણી પોતાની જાતને વધારે સુધારી શકીએ છીએ.

૪૪૪

સમાન બળવાળા શત્રુને મુત્સદ્દીઓ મુલાકાત આપવા આતુર હોય છે શરણે આવેલાને કોઇ મુલાકાત આપવાનું ઇચ્છતો જ નથી. તેને તો માત્ર શરમ ભરેલી સધીજ સુપ્રત્યક્ષ સ્વીકારવાની હોય છે.

૪૪૫

યાદ રાખજો માતા જેવા સમાનશીલ મિત્રનો સમસ્ત પૃથ્વી ઉપર તમોને જોટો નહિ જડે, માટે માતાની યોગ્ય સેવા કરવામાં પછાત રહેશો નહિ, કારણકે "ઇશ્વર" પછી આ દુનીયામાં "મા"નો દરજ્જો સહુથી મ્હોટો છે.

૪૪૬

જીવનના છેલ્લા શ્વાસ સુધીમાં એક પણ નિશ્વાસ (નિસાસો) નાખશો નહિ ચાળીસ વર્ષના સ્વાનુભવે કહું છું, કે નિશ્વાસનો કાંઇજ અર્થ નથી. નિશ્વાસથી નબળાઇ અસત્યતા વધે છે. ધ્યેયને પહોંચી વળવા માટે અણ અટકયા પ્રયત્નોની આવશ્યકતા છે.

"જહાં, બહાદુર થમો હરગિઝ
ન તુમ રાહે તરક્કીમેં,
જહાં આરૂ સિમટતે હોંય
વહાં સય્યાદ હોતા હય"

નિશ્વાસ તમારા ઉત્સાહને ભાંગી નાખશે નિશ્વાસ પછી તમે હતાશ થઇ જશો. માટે નિશ્વાસ જેવી નકામી અને તંદુરસ્તીને હણી નાખનારી કોઇ વસ્તુથી સદા દૂર રહેજો.

(અપૂર્ણ)



ઝાકરસાર
ઝાર રાંદેરી.

ઝાર પીલ્સ—આ ગોળીઓ ઘણા લાંબા અનુભવ પછી જાહેરમાં મુકી છે. કોઇ પણ કારણે ગુમાવેલી શારીરિક, માનસિક, દરેક શક્તિઓને પાછી મેળવવામાં તેમાં ખાસ કરી મરદાઇ માટે છેવટનો ઉપાય કહીએ તો લગારે અતિશયોક્તિ નથી. અતિ સ્ત્રી સમાગમ, કુટેવ, કે ગમે એ કારણે ગુમાવેલું પુરૂષત્વ (મર્દાઇ) પાછું મેળવવામાં અમારા લાંબા અનુભવમાં આજ સુધી એનાથી ઇકસીર ઉપાય એકે આવ્યો નથી. બેજ દિવસમાં જિર્યાન, પાચનશક્તિ, રૂકાવટમાં પણ પોતાનો ગુણ બતાવવો શરૂ કરે છે. અને શરીરમાંથી સુસ્તી, ઢીલાપણું, કમર, માથા, સાંધા અને રગોના દુઃખાવાઓને દૂર કરે છે. એમાં કસ્તુરી, અંબર અને સોનાની ભસ્મ જેવી કીમતી વસ્તુઓ હોવા છતાં માત્ર પબ્લિકના લાભાર્થે ૩૨ ગોળીઓની કીમત રૂા. ૬-૦-૦ પોસ્ટ ખર્ચ જુદો.

ઝાર તિલા—આ તિલામાં સર્વથી વધુ ખૂબી તો એ છે કે એના ઉપયોગથી કોઇપણ રીતની જલન કે ફોલ્લીઓ થતી નથી. તેમ એને લગાડી પાન કે પાટો બાંધવાનીયે અગત્ય નથી મસળતાંજ ચામડીમાં ઘુસી જાય છે. રગોની નબળાઇને દૂર કરવામાં આ તિલો ખરેખર ચમત્કારી છે, હજારો રૂપીઆ ખર્ચે જે લાભ ન મળે તે લાભ માત્ર અઢી રૂપીઆમાં મેળવી શકાય છે. કીમત ૨-૮-૦ (અઢી) પોસ્ટ ખર્ચ જુદો.

આનંદ રસ—આ વિચિત્ર તિલો મર્દાઇ અને ઇમ્સાક (વીર્ય સ્તંભન) માટે ખાસ છે. ગરીબોને બસ લક્ષમાં રાખીને આ કકળાટ તિલો જાહેરમાં મુકયો છે. એના ઉપયોગથી ખાસ જગ્યામાં સખ્તી અને ઇમ્સાકમાં બેવડો વધારો થાય છે. કીમત ડબ્બીનો રૂા. ૧) પોસ્ટ ખર્ચ જુદો.

મુકવ્વી વ મુમ્સિક—કસ્તુરી, અંબર, સોનાની ભસ્મ જેવી કીમતી વસ્તુઓ વડે તૈયાર કરવામાં આવેલી આ દવા ઇમ્સાક અને મર્દાઇ માટે અજોડ છે. જિર્યાન, (ધાતુસ્રાવ) ધ્વતિલામ, (સ્વપ્નદોષ) તેમજ વીર્ય વિકારની દરેક ફર્યાદો આ દવા માત્ર બેજ દિવસમાં દૂર કરે છે. શોખીનો માટે આ દવા ખાસ છે. એક તોલો દવા બાર દિવસ ચાલે છે કીમત તોલા એકનો રૂપીઓ એક, પોસ્ટ ખર્ચ જુદો.

દવાએ સુઝાક—આ પીવાની દવા છે. ગમે એવા નવા કે જૂના પરમિયાને મટાડે છે. હજારો માણસો સારા થયા પછી આ દવા પબ્લીક સનમુખ ધરી છે. એક શીશી સાત દિવસ ચાલે છે. સાધારણ બીમાર માત્ર એકજ શીશીમાં સારો થઇ શકે છે. ગમે એવા જુના પરમિયાને માત્ર બે શીશી કાફી છે. ઇન્જકશનો વડે પોતાનું ભવિષ્ય પાયમાલ ન કરતાં એક વાર આ દવા લેવા અમારી ભલામણ છે કીમત શીશીનો રૂપીઓ દોઢ, પોસ્ટ ખર્ચ જુદો. (રૂબરૂમાં પરમિયાનો શર્તીયા ઇલાજ કરીશું)

હિન્દ બહારથી મંગાવનારાઓએ બ્રીટીશ પોસ્ટલ ઓર્ડર Manager, The Rander Unani Pharmacy : ના નામે મોકલવો. ફાર્મસીમાં મળતી દરેક દવાઓનું સૂચિપત્ર મુફત મોકલવામાં આવશે. લખો અથવા મળો :

મેનેજર **ધી રાંદેર યૂનાની ફાર્મસી**

રાંદેર, Rander, Dist. Surat.

આફ્રીકાના એજંટ:-Union Printing Works 91, Victoria Street, Durban(Natal)

અનવર કડીઓ

● લેખક : ખ્વાજા અહમદ અબ્બાસ.
● ● રૂપાંતરકાર : હાશિમ. કઠોર.

અનવર મિસ્ત્રિનો હરખ માતો નહતો. આજે તેના એકલોતા પુત્ર ઇબ્રાહીમની વહુ-ઘરની લક્ષ્મી-પહેલીજવાર પધારવાની હતી વહુ આવવાથી એના અંધકારમય ઘરમાં ચંદરણું પથરાશે, અને બનવાજોગ છે કે, વહુના પુનિત પગલાંથી એની ઉધતી કિસ્મત પણ જાગી ઉઠે! એને રોજગાર પણ મળી જાય!

અનવર આજે ઘણો ખુશ હતો પૂરા પાંચ વર્ષ પછી એના કરચલીઓવાળા ચેહરા પર હાસ્યની રેખા નજરે પડતી હતી. આજે તો, હુક્કાના ધુમાડામાં પણ એને કંઇ ઔર મિઠ્ઠુત-મઝા-મળતી હતી આંગણામાંના ઝાડની છાંયડીમાં બેઠો તે ડૂબતા સૂર્યના રંગો નિરખી રહ્યો હતો. ભૂરા ભૂરા ગગન પર કાળી કાળી વાદળીઓ દોડી રહી હતી. એની નજર મંધ્યાથી ઉતરીને સામેની કેડી પર પથરાઇ ગઇ. એજ રસ્તે તો ઇબ્રાહીમ આવવાનો હતો.

સૂર્ય ડૂબવાંની સાથે એનું હાસ્ય પણ અંધકારમાં ડૂબી ગયું પત્નીને મર્યાને એક દાયકો વીત્યા છતાં જ્યારે પણ તે યાદ આવતી તો અનવરની આંખો છલકાઇ જતી. કેટલો ચાહતો હતો તેને પોતાનો પુત્ર પરણાવવા નો? હાય! આજે તે, હયાત હોત? થોડીવાર સુધી અનવર ચૂપચાપ બેઠો રહ્યો. જ્યારે બીજાં ઝુંપડાંઓમાં દીવા ઝળક્યા ત્યારે તેને પોતાના અંધકારભર્યા ઘરનો ખ્યાલ આવ્યો . કેમણાં પુત્ર અને પુત્રવધુ આવવાનાં છે. એવે ટાણે અંધારું હોવું અપશુકન લેખાશે. એમ વિચારતો તે ઉઠ્યો અને ઘરમાં જઇ દીવો પેટાવ્યો. ઘર શું હતું બાર ચોરસ ફૂટ જમીનને પતરાંથી ઘેરો લીધી હતી! છત પણ પતરાંની હતી જે ઉનાળામાં વધુ ગરમી દેતી, વરસાદમાં ટપકતી; અને શિયાળામાં હિમ જેવી થઇ જતી. નવી દિલ્હીથી એક માઇલ દૂર ટેકરીઓ પર તેનો નિવાસ હતો. નવી દિલ્હીની ઇમારતો બાંધવાના ટાણે તેઓ ધંધાર્થે આવી વસ્યાં હતાં. તે ઇમારતો બંધાઇ ગઇ તો એમનો ધંધો પણ પડી ભાંગ્યો. અનવર ખાનદાની મિસ્ત્રી હતો. કળાકાર કહીયે. એના પૂર્વજોએ લાલ કિલ્લો અને જુમ્મા મસ્જિદ જેવી શાહી ઇમારતો ચણી હતી. અને તેણે વાઇસરીગલ લૉજ, તથા એસેમ્બલી ચેમ્બર જેવા મહાલયો બનાવ્યા હતા. પણ લડાઇ શરૂ થઇ તો સીમેન્ટ વગેરે સરસામાનના ભાવ વધી જવાને લીધે લોકોએ નવાં મકાનો બંધાવવાનું છોડી દીધું હતું છએક મહીનાથી તો અનવર બીલકુલ બેકાર હતો. એના પુત્ર ઇબ્રાહીમે એક કંટ્રાકટરને ત્યાં પટાવાળાની નોકરી કરવા માંડી હતી. અને એજ આધાર પર એમનો જીવન વ્યવહાર નભી રહ્યો હતો. પુત્ર નોકર થયો સાંભળી એના હૈયામાં કેવી શૂલો ભોંકાઈ હતી? અનવર જેવા રાજમિસ્ત્રીનો પુત્ર અને નોકરી કરે? માન્યું કે, પુત્રનો પગાર બીજા કડીયાઓની છુટ્ટી આવક કરતાં સારો હતો. પણ તેથી શું? એક કારીગર છેવટ પણ કારીગર છે. પોતાની કળાનો જાણકાર, પોતાના હાથ પગ દિલ દિમાગનો માલિક! સમયની કેદથી મુકત, ચાહે ત્યારે કામ કરે, જ્યારે ચાહે ન કરે. તે કોઇનો નોકર નથી. કે, કોઇ એના પર રોફ જમાવે. અનવર ખાનદાની મિસ્ત્રી હતો. તેને પોતાના કામપર ફખ્ર હતો. કેટલું મહત્વનું કામ હતું એનું? એની સહેજ શરતચૂક સુંદર બંગલાને કદરૂપો બનાવી શકતી હતી ઈંટ, ગારો, અને ચુનાથી તાજમહેલ



જેવા રૂપાળા, કુતુબમિનાર જેવા બુલંદ, અને સંગ્રહસ્થાન જેવા કળામય મકાનો તે ઉભાં કરી શકતો હતો. ચિત્રકાર ચિત્રમાં રંગભરીને, શિલ્પી પત્થર કોતરીને જેમ મૂર્તિમાં આત્મા રેડી શકે છે, એવીજ રીતે એક મિસ્ત્રી થાંભલા, ભીંતો, ઝરખા, બળીઓ, મિનારા, અને ગુમ્બજોમાં પ્રાણ રેડી શકે છે; આવો કળાકારનો નખીરો આજો દિવસ એક અભણ અને તુંડ મિજાઝી કંટ્રાકટરની સેવા કરવા પર લાચાર થાય એ કેટલું વિચિત્ર!

અનવર આર્થિક પ્રશ્નોની ગુચોથી અજ્ઞાન હતો; રાજદ્વારી પ્રશ્નો સાથે પણ એને કોઇ સંબંધ ન હતો. તેને તો એ કરિયાદ કરવાનો વિચાર સુદ્ધાં નહોતો આવ્યો કે, નવી દિલ્હી સાત સમંદર પારથી આવેલા ફિરંગીઓ માટે કેમ વસાવવામાં આવી? એને તો દુઃખ એટલુંજ હતું કે રચયિતા કળાનો કોઇ કદરદાન ના રહ્યો. એના જેવો નિપુણ કળાકાર અને બેકાર રહે? એમ કેમ? આખર કેમ? તે એવી ગડમથલમાંજ હતો કે, દરવાજાની બહાર કોઇના ખાસવાનો અવાજ આવ્યો.

"અરે ભાઇ અનવર, કહેા બહુ આ ગફ્ફર"

"આવ ચચા, અંદર આવ, ઇબ્રાહીમ બહુારો લેકે, અભી આતાહી હેાગા"

આગન્તુકનું નામ ખૈરુદ્દીન હતું. તેઓ કુટુંબમા સૌથી વૃધ્ધ જમાઅતના સરપંચ, ગુરૂ નેતા-જે કહેા તે હતા-અંદર આવ્યા.

"ચાચો સારૂં થયું. ઇબ્રાહીમની વહુ આવી જશે તો તમારા ખાવા પીવાની સંભાળનો રાખશે? પરંતુ"...આટલું બોલીને ખૈરુદ્દીન અટકી ગયા. કંઇક કહેવા ચાહતા હતા. પણ કહેતાં અચકાતા.

"બોલો, ચાચા પરંતુ શું?"

"ભાઇ બીજી તે શું હોય. એમજ વિચાર આવ્યો કે, રાત્રે તમે સુઈ કયાં જશો? તે પૂછું"

"હું કયાં સૂઇશ?" "કેમ?", અને પછી અનવર ખૈરુદ્દીનનો ભાવાર્થ કળી ગયો. આજે એનો પુત્ર...અને ઘરમાં એકજ તો ઓરડો છે. એટલી વિશાળ જગ્યા પણ નથી કે, વચમાં પડદાની આડ ઉભી કરી શકાય! શું થાય હવે?

"ચિંતા ન કરો મ્હારે ત્યાં ચાલો" એમ કહેતાં ચાચા ખાંસતાં ખાસતાં સરકવા લાગ્યા. ખસવામાં થોડીક ખંધાઇ પણ હતી.

"નહિં ભૈ ચાચાને ત્યાં નહિં જઉં" અનવરે પોતાના આત્માને જવાબ વાળ્યો. હું ગમે ત્યાં પડયો રહીશ. એમ કહેતાં તેણે પરગણી પાથી જાડી ચાદર ખેંચી અને બબે નાખી. કંડી પોન નો દમામ જમાવી રહી હતી. કંઈ ટૂટિયું વળવાની જગ્યા મળી તો ચાદર ઓઢી પડયો રહીશ એક રાતની તો વાત છે.

ઇબ્રાહીમ પોતાની વહુ સાથે ઘરમાં આવી ગયો. ઘુંઘટ કાઢીને વહુ ઉભી હતી અનવરથી સમજાતું ન હતું કે, નવી દુલ્હનથી શું વાત કહેવી.

"કેમ ભાઇ ઇબ્રાહીમ આવી ગયા તમે લોકો?" ચૂપકીદી તોડવા માટે એમજ મેળ વગરનો સવાલ તેણે કર્યો અને જવાબ માટે થોભ્યા સિવાય "સારૂ તો, તમે આરામ કરો" એમ કહી તે ચાલી નીકળ્યો નવી દિલ્હી માઇલો સુધી ઝગમગી રહ્યું હતું. અનવરને ડુંગરી પરથી એમ ભાસતું હતું કે, રૂપાસ

પાયાજોમાં કોઈ નિપુણ કડીયાએ હીંગ જડી દીધા છે. "આટલા મોટા શહેરમાં શું એક આદમીને રાત વિતાવવાની જગ્યા નહિં મળે? કોઇ ઓરડો યા રૂમ કે કોટડી ન સહી, કોઇની ઓસરી કાં ઓટલા પર રહીશ."

નવી દિલ્હીના તમામ રસ્તાઓ અનવરના પરિચિત હતા. કેમ ન હોય? એના પોતાના હાથોએ તો એ શહેર બનાવ્યું હતું શું તે એટલું પણ ન જાણે? તે દરેક ઇમારતને કુટુંબની વ્યક્તિઓ પેઠે બરાબર પિછાણતો હતો. આ 'બાઇસરીગલ લૉજ' લાટ સાહેબને રહેવાનું સ્થળ એમાં સેંકડો રૂમ છે. દરેક રૂમ એટલો વિશાળ છે કે, અનવરની દસ ઝુંપડીઓ સમાઈ જાય. બાથ રૂમ સંગે મરમરના; અને તે ડઝનબંધ. એક એક ઓરડા જેટલા વિશાળ ચમકારા મારતી ફર્શબંધી. નાચઘરનો મોટો ખંડ, ચારેબાજુ મોટા મોટા આરસાઓ, લાકડાંની પૅાલીશ કરેલી આયના જેવી ફર્શ. સાદ્યંત અને મેમ એના પરતો ઘૂસ કરે છે!

પરંતુ આજે 'બાઇસરીગલ લૉજ'માં અંધારું કેમ? હા ઠીક યાદ આવ્યું. તહેવારોના દિવસોમાં લાટ સાહેબ કલકત્તે જાય છે ને? આટલો મોટો મહેલ જેવો મહેલ સાવ ખાલી પડયો છે? સેંકડો રૂમો, રૂમ જેટલા મોટા બાથ રૂમો, માઇલો સુધી લંબાયેલા વરંડાઓ કાચ જેવી ફર્શવાળો નાચવાનો મોટો ખંડ બધુંય ખાલી? શું એક ચણનાર તરીકે કોઈ ગોદામની ઓરડીમાં, કોઇ વરંડામાં અનવર કડીયાને ગોઠું મારવાની જગ્યા નહિં મળે? ઇમારતના મુખ્ય દરવાજા પાસે અનવરને એક લાકડાના પિંજરા સમી કોટડી દેખાઈ. આ પણ ખાલી કાં ન હોય? અહિં પણ રાતની રાત વિતાવી શકાય! એમ વિચારતો તે આગળ ડગ ભરતો હતો ત્યાં પેલા પિંજરા જેવી કોટડીમાંથી મોટી મોટી મુંછોવાળો સિપાઇ નીકળ્યો અને અનવરને જોઇ તાડુકયો. "કોણ છે રે? અને પછી પાસે આવીને "અરે ઓ... શું તાકી તાકીને જોઇ રહ્યો છે? લાટ સાહેબની કોઠી કોચવાનો ઇરાદો છે?" અનવર ત્યાંથી ચૂપચાપ સરકયો. આબરૂ ન જાય એટલા માટે.

નવી દિલ્હીની સડકો હરતરફ ફેલાયેલી હતી. પહોળી, સ્વચ્છ, અને ચળકતી. અનવરના મકાનનું ફર્શ પણ એની બરાબરી કરી શકે તેમ ન હતું. વિજળીની રોશનીમાં રાત દિવસ જેવી લાગતી હતી. પરંતુ એ રોશનીમાં સૂર્યની તે ગરમી કયાં? જે કોઇને ટાઢે મરતાં બચાવી શકે? ટાવરમાં અગિયારના ટકોરા થયા. અનવર શરદીથી ધ્રૂજ રહ્યો હતો. ઉતાવળે ચાલવાથી ગરમી આવે એમ વિચારી તેણે પોતાની ગતિ વધારી, પરંતુ હવા એટલી ઠંડી હતી કે તેના લાકડામાં કોઇ બરફના લાલા ભોંકી રહ્યું હોય એમ તેને લાગ્યું. તેના દિમાગમાં બાઇસરીગલ લૉજનો નકશો ઘુમી રહ્યો હતો. એક વ્યકિતના વસવાટ માટે આટલું મોટું મકાન? હા, લાટ સાહેબ પણ એક આદમી હોય છેને? એને માટે સેંકડો રૂમોની જરૂરત છે, નાસ્તાનો રૂમ અલગ; બપોરનું ખાવું લેવાનો અલગ, રાતનો અલગ, અને પેલો કાચ જેવો નાચવાનો ખંડ! એક આદમીના માટે આટલું બધું? અને અનવર કડીયા માટે! એ બધી ઇમારતોના ચણનાર માટે! રાત વિતાવવાની નાની સરખી કોટડી પણ નહિ! આટલી લાંબી ઉંમરમાં અનવરના દિમાગમાં એક બંડખોર પ્રશ્ન ઘોળાઇ રહ્યો. કેમ? આવું કેમ?

ચાલતાં ચાલતાં અનવરે દિલ્હીની બધીય સડકો ઘસી નાખી પણ કયાંય ગોયું મારવાનું ઠેકાણું તસીબ ન થયું. જ્યારે સડકની રોશની પાછળ રહી ગઇ તો અનવર એકાએક અટકયો. સામે કંઇ આલીશાન ઇમારત દેખાય છે? જે ચાંદનીમાં પણ ચમકી રહી છે! તેને યાદ આવ્યું કે, એ તો હુમાયૂનનો મકબરો છે એના દરવાજાના કોઇ ખુણામાં પડયા રહેવાની જગ્યા મળીજ જશે. અનવરના લથડતા પગોમાં બળ આવ્યું. જલદી જલદી કદમ ઉઠાવતો તે મકબરાની તરફ લપકયો હજી તો તે દરવાજા પાસે પહોંચ્યો પણ ન હતો કે પુરાતન ઇમારતોની દેખરેખ ખાતાના ચપરાસીએ તેને ધુત્કારી કાઢયો "કોણ મુઓ છે તું?" રસ્તો માપ, નહિ તો ગાયું રંગાઇ જશે"

અનવરમા હવે એટલું બળ બાકી ન હતું કે ચપરાસી સાથે વિવાદમા ઉતરે યા તેની ખુશામત કરે તે પાછલા પગે ત્યાંથી ચલ્યો. ફરીને નવી દિલ્હી તરફ. એના દિમાગમાં પાછો પ્રશ્ન સળવળ્યો "બાદશાહ મરી જાય તો, એની બનાઇ જતી લાશ માટે આટલો મોટો મહેલ જોઇએ! અને મારા જેવી ચાલતી ફરતી લાશ માટે એક ઓરડી પણ નહિ? આ હુમાયૂનનો મકબરો કોણે ચણેલો? મારા બાપદાદાએજ ને? અને આજે મનેજ અહિંથી કુતરાંની પેઠે હાંકી કાઢવામાં આવે છે! કેમ? આવું કેમ... લાટ સાહબનો મહેલ...ત્રણસો ચારસો રૂમ ચા પીવાનો રૂમ અલગ,...સીગારેટ પીવાનો અલગ ..શરાબ પીવાનો અલગ અને એક બાદશાહ ..જેને મર્યાને સેંકડો વર્ષો વીતયાં... એની કબર માટે મહેલની જરૂરત?...અને અનવર કબીયા માટે કંઇ પણ નહિ? કેમ? આવું કેમ?

એના પગો લથડવા લાગ્યા, સડકની એક કોર પર તે ચાદરમાં લપેટાઇને ગોયું ખાઈ ગયો. ઉંઘ ઘણી ઉપર પણ આવી જાય છે. બરફના ભાલા વાગતા રહ્યા તોય અનવર સૂઇ ગયો.

પ્રભાતે જ્યારે પહાડની પાછળથી સૂરજે ડોકિયું કરી નવા દિલ્હી પરથી અંધકારનો પડદો હટાવ્યો તો સૂર્યના કિરણો 'વાઇસરીગલ લૉજ' પર પડયાં પરંતુ તેની સંગીન દીવાલોને ભેદીને અંદર ન વધી શકયાં. એક કાળા દેવની પેઠે 'વાઇસરીગલ લૉજ'નો ઓળો ઝમીન-પર ઉતરી આવ્યો. અને અનવર કબીયાની ટુટિયું વાળેલી લાશ પર હસતો હસતો ફરી વળ્યો.



પુરૂષોનાં કપડાં સાયન્ટીફીક રીતે વેતરતાં અને સીવણ શીખવા માટે રૂબરૂ મળો યા લખો.

મુરાદ ટેલરીંગ વર્કસ એન્ડ ઇન્સ્ટીટયૂટ

MURAD TAILORING WORKS.

Try our Secret Good Fit for Scientific Cut, up-to-date Fitting & Modern style.

પ્રો. એસ. જી. મુરાદ.

ચુનારવાડા મસ્જિદ પાસે રાજકોટ.

નાશમાંથીજ નવસર્જન થશે.

અનુવાદકઃ-એચ. ઈ. વલીઆણી

જુના અને જર્જરીત ખંડેરને કે' આલીશાન ઇમારતમાં પલટાવવા માટે પ્રથમ તેને જમીનદોસ્ત કરવું પડે છે. અને પછીજ તેના ઉપર નવું ચણતર કામ કરવાથી એ રથળે નવસર્જન નજરે પડે છે.

જગતભરમાં રથળે રથળે જુનવાણી-જડધાલુ વસ્તુઓ માનવતાનું નિકંદન વાળી રહી છે. ક્યાંય શાન્તિ નથી, સાચો સ્નેહ નથી, ન્યાય નથી, નીતિ નથી અને માનવતા ઉપર કલંકના થપેડા બાઝી રહ્યા છે. અનીતિ, અશાન્તિ, કલેશ, છળકપટ, આપસની સાહમારી, સ્વજનોની નજીવા ઉપર પ્રવર્તતી આપખુદીની આણ, અત્યાચાર, ઈર્ષ્યાવૃત્તિ, ગીમતખોરી, બુરાઇ અને બદરસમો આપણી ઉન્નતિના મૂળમાં કાતિલ કુહાડાઓ વીંઝે છે.

આપણું યુવકબળ વાડાબંધીના સંકુચિત કુંડાળામાં અટવાઇ, કચવાઇ, ચગદાઇને એવી બેમાલૂમ પીછેહઠ કર્યે જાય છે કે જેના ઉપર મુક વેદના સિવાય અશ્રુબિંદુઓ સારવા સિવાય વિશેષ આપણે કંઈ કરી શકવાની શક્તિ ધરાવતાનથી

રૂઢીવાદ, પરાધીનતા અને ઘોર ગુલામીનું ગોઝારું ખપ્પર ભરતા આપણા સ્ત્રી સમુદાયને અપરોધો, ભાષકાંગલુ, નિર્માલ્ય, અસરકારી, અભણ, ગંદુ અને કંગાલિયત ભર્યું આપણું બાળ-જીવન જુઓ અને યુવક બળની પ્રવૃત્તિઓ, પ્રગતિઓ તથા ઉન્નતિઓમાં સદાયે અવરોધી જુનવાણી વિચારોની કિલ્લેબંદીમાં કેદ કરી રાખવામાંજ પોતાનું ગૌરવ સમજતા તથા વર્તમાન આંદોલનો સાથે ભળીને આગેકુચ ધપ્પતી યુવક શક્તિ સામે સુગ તથા શંકા સેવતા આપણા વૃધ્ધો આખર એમના જીવનકાળ દરમ્યાન શું ઉકાણી શકયા છે તેનો સરવાળો કાઢો તો તેઓની જીંદગીના છેડે આખર અંધકાર તથા નિરાશ સિવાય કશુંજ જણ શે નહિ.

કોણ જાણે રૂઢીવાદનું, રૂઢી પુજકોનું અને જુનવાણી નાદ રસમોના પાખંડી પ્રહર, અને પુષ્ટ એવા કેદખાર પોપકેનું આ રગશીયું ગાડું કયાં સુધી ચાલ્યા કરશે? સમાજ સ્થાનના આ જર્જરિત ખંડેરો અને અળખામણાં ખોરડાઓને આપિકી મિલકત સમજી "બાપના કુવામાં બુડી મરવાનો" કોણ જાણે કયાં સુધી દાલિક આગ્રહ રાખવામાં આવશે?

નૂતન પ્રકાશનું ઝોકય કિરણ જે ભાંગ્યા તૂટયા મકાનમાં જઈ ન શકે એ મકાનને વળગી રહી, એનો કબ્જો જમાવી બેસી એમાંજ જીંદગી પૂરી કરવી જીવન સાફલ્ય માનવાનો મોહ આપણા મુરબ્બીઓને શા માટે? એને એકજ ઝટકે જમીનદોસ્ત કરી ત્યાં નવસર્જન કરી એક માણસ તરીકે તેમાં રહી શકાય જીવી શકાય તેવી પદ્ધતિથી રહેવામાં પાપ શો?

સમાજ જીવન સાથે જોડાયેલી એવી અનેક સંસ્થાઓ છે કે જેમાં જુનવાણી માણસે પણ પોતાનો પગદંડો જમાવી રાખ્યો છે અને નવસર્જન કરવા દિનરાત તલસતી નવજવાન શક્તિના વેગ આડે સંગીન દીવાલો ખડી કરવામાં આવી છે પરંતુ એ દીવાલો સામે ટક્કર ઝીલતી યુવક-તાકત તેને હવે જીર્ણ અને જર્જરિત બનાવવા માંડી છે અને તેમાં આંતરિક ગાબડાઓ પડવા લાગ્યા છે. તૂફાનના ઝાપટાઓ એકને એક દિવસે નાશકારક નીવડયા સિવાય રહેશે નહિ.

સમયનો એકજ સપાટો, યુવક શક્તિનો એકજ ઝપાટો એને જડમુળમાંથી ખોદી-તોડી જમીનદોસ્ત કરી તેના સ્થાને જીવનારાઓને નિરાધાર બનાવી મૂકે તે પહેલાંજ નીજ હાથેજ એનો નાશ કરી દઇ સાં નવસર્જન કરવું એ શું નીતિ વિરૂધ્ધ છે?

સાચેજ નાશમાંથીજ નવસર્જન થયું છે, થાય છે અને થશેજ...!

"પ્યારી ઝુંપડી"

જેવી તેવી પણ મ્હારી—પ્યારી ઝુંપડી,
છે, નંદનવનથી સારી—પ્યારી ઝુંપડી.

ઉદય અસ્તમાં એક રસે રહેનારી,
મીઠી મધુરી કુદરતની બલીહારી–
હસે વસે તુજહ આંગણ અંદર,
કુદરત લીલા ન્યારી,—પ્યારી ઝુંપડી.

નરપતિ ધનપતિ રોગી નિરોગી,
મહેલો મહીં રહેતા સૌ ભોગી;
પર્ણકુટિ તુજહ છાંયમાં કિંતુ–
દેવ સમા વસતા મહાયોગી,
સિદ્ધિ લબ્ધી કરનારી—પ્યારી ઝુંપડી.

ભવ્યભૂવન વસતા શ્રીમાનો,
ચિંતા થી મુંઝાય જ માનો;
સ્વર્ગપૂરી તુજહમાં તો કિંતુ,
અંશ ન ભાસે રે ચિંતાનો;
નિશ્ચય પાવન કરનારી—પ્યારી ઝુંપડી.

શીતળ છાયા થી સતોષી,
અમૃતથી દે મનને પોષી;
એક ભયો ગુણ તુજહમાં નોખો,
રહે તુજહમાં રંક રાય ને જોષી
સુંદર મહેલોથી સારી—પ્યારી ઝુંપડી.

દુ:ખમાં ભાગીદારી ખાતા,
એજતો છે મુજહ શાંતીદાતા;
છીનવે ના સંતોષ કો એથી,
અર્પે તો એ અર્પ વિધાતા.
તુજહ આશ્રયમાં રહેનારી—પ્યારી ઝુંપડી.

"મસ્ત હુશીબ" સાગરદી.

ચક્રમો સાથે મુલાકાત!



લેખકઃ—ઈબ્રાહીમ હાજી મહમદ મીસ્ત્રી.

અકકલ કોઇના બાપની નથી. અકકલ તો ખુદાએ આપેલી ચીજ છે. સૃષ્ટિ પર દૃષ્ટિ કરતાં મને લાગે છે કે, જગતની ઝમરદસ્ત માનવ વસ્તીમાં અકકલની સરખી વહેંચણી થઈ હોત તો ઈન્સાનની જિન્દગી સુકકા પુલાવ જેવી થઇ પડતે બધા અકકલનાં બાંગ્રો હતે તો અકકલના અધૂરાગ્રો પાસેથી આપણે અત્યારે જે મન્દદ મેળવી શકીએ છીએ તે મેળવવાની વાતનો વિચાર સરખોય કરતે નહિ. ખુદાના ભેદ ખુદાજ જાણે. એ ભેદ જાણવાની કડાકૂટમાં પડવાની કશી જરૂર નથી. આપણને તો આ પૃથ્વી પર જીવતા માનવ પ્રાણીઓનો અભ્યાસ કરવો જોઇએ અને તેમાંથી આપણને ઘણું જાણવાનું મળી આવશે. એ વાત ઘણાઓ જાણતા નથી કે, ધસેલા ભેજાંના માણસો સાથેનો વાર્તાલાપ મસાલેદાર ચટણી જેવો હોય છે. આવા લોકોથી કંટાળી જનારા માણસો જિન્દગીની અનુપમ મોજથી મેહરૂમ રહે છે.

ચક્રમોની સોબતમાં

એક સાંજે હું સાગર કિનારે કે મિત્રોની મંડળી સહિત કોઇ મેળાવડામાં સરી જતાં કોઇ બેવકૂફની મુલાકાતથી મને જેટલી ખુશાલી ઉપજે છે, તેટલી મહાન કે જાણીતા માણસોને મળવાથી ઉપજતી નથી. મહાન માણસો પોતાની ગંભીર રસથી ભરપૂર ગહન વાતોથી મારા દિવસના થાકમાં વધારો કરે છે, જ્યારે ચક્રમો મારો માનસિક થાક ઉતારી શરીરમાં અજબ તાજગી ભરપા કરે છે. મારા દોસ્તો હમેશાં મારા માટે કોઇ ચક્કરબાજી શોધતા હોય છે અને તેવું કોઇ માનવ "જનવર" એમની આંખે ચડતાં ઝટ તેની સાથે મારો મેળાપ કરાવે છે.

વાતો કરાવો!

આવાં ભેજાં ગેપ માણસો પાસેથી ગમ્મત મેળવવાનો તરીકો તમારે જાણવો જોઇએ. તેઓની સાથે તમારે તકરાર કે દલીલો મુદ્દલ કરવી નહિ. તેમોને વાતો કરાવવી અને તે મોટાંરૂપી દાણડી એક વખત ઉપાડે કે, તમારે નિરાંતે બેસવું, ધીમું હસવું, ડોકું હલાવવું અને જાણે એમની અફલાતૂન વાતોની તમારી ઉપર સરસ અસર થઇ હોય તેવો દેખાવ કરવો. તેઓ જ્યારે છેકજ ધડ પૂંછડા વગરની કે હરકત મૌલા જેવી વાતોને વટોળે ચઢતા દેખાય ત્યારે તેઓને બીજા વિષય પર ખેંચી જવાની સરળ કોશિશ કરવી જોઇએ. આ ક્રમ સહેલું છે. એ ટીકડી ગેપ કહે કે, "મારા મત પ્રમાણે શરાબબંધી માટે મુન્શીજ જવાબદાર છે!" આ વખતે તમારે વચ્ચેજ ઝૂકાવી દેવું કે, "તમે મુન્શીની વાત કરો છો, પણ મેં એમની પ્રાયવેટ લાઇફ વિષે કેટલીક સનસનાટી-ભરી વાતો સાંભળી છે!" અને પેલો કોલાણું ગેપ તમારી આગળ સચિવ મુન્શીની બાનગી વાતોનો મરી મસાલો ભભરાવીને હેવાલ રજૂ કરવા માંડશે. તમને લાગે કે હવે તો એ મૂર્ખાઈની હદ કૂદાવી રહ્યો છે ત્યારે તમારે ફરી પોકું "શન્ટીંગ" કરવું.



પાટા બદલાવો.

આ ટ્રીકથી મને કાતર્યા ગેપોથી ઘણી ગમ્મત મળે છે અને તેઓને જરા પણ વહુમાવ્યા વગર હું આસાનીથી દોરવી શકું છું. તેઓને કોઇ વાર યાદ આવે છે કે, તેઓ શરૂઆતમાં કાંઈ વાત કરતા હતા અને એ વાત શું હતી તે ભૂલી ગયા તો તમારે તરત કહેવું કે "તમે મુન્શીના શોફર વિષે કાંઇક બોલવા જતા હતા." અને પાછી એ "ફૂલ્સ ટ્રેન" નવા પાટા પર દોડતી જણાશે. એ ખૂબ વિચાર કરીને ગોળાઓ ગબડાવવા શરૂ કરશે. એની પાસેથી તમે નહિ ધારેલું, નહિ જાણેલું અને નહિ સાંભળેલું સાંભળી શકશો.

સવાલો પૂછતા નહિ.

એક ઔર વાત પણ ધ્યાનમાં રાખવી જોઇએ. ઓવકૂફોને સવાલો પૂછી મુઝવશો નહિ. એમની વાતો ધીરજ ધરીને સાંભળો. તેઓ મોટેથી હસે ત્યારે તમારે પણ ખડખડાટ હસવું. એમ કરીને તમે તેઓને વિશ્વાસમાં લઇ શકશો; કેમકે મૂર્ખાઓ સાથે હલોલો કરવી એ પણ મૂર્ખાઈ છે. ઓવકૂફો કાંઇ સમજતાજ નથી. એમને સમજાવવા જશો તો તેઓ તમારાથી નારાજ થઇ જશે અને મજાહ પણ ચાલી જશે.

સિનેમામાં સમીક્ષા

આ તો એક ટાઇપના અનાડીઓની વાત થઇ બીજી ટાઇપના "ઇડીઅટો" સિનેમામાં જોવામાં આવે છે. ન્યૂઝ રીલ ચાલતું હોય ત્યારે તેઓની જુદી ન્યૂઝ "કોમેન્ટ્રી" (સમાચાર સમીક્ષા) સાંભળવા હું મારો એક કાન "રિઝર્વ" રાખું છું. પડદા પર હિટલરને જોઇ એક ચોચાં ભેજાંના પ્રેક્ષકે કહ્યું કે, "એ તો સેની રીફેન્સ્ટોલ નામની ખૂબસૂરત સ્ટારના પણ પ્રેમમાં હતો. એ દગાબાજે આ છોકરીને પણ છોડી દીધી!" બીજાએ બાકયું કે, "જર્મનીના બદુક પ્રોપેગેન્ડા મિનિસ્ટર ડો. ગબલ્સના નખો નકરી છે. પેપરોમાં બરાબર લખાણો કરવા માટે કયઝર વિલ્યમે તેના નખો છોલાવી નાખેલા!" આવી બાનગી. બબગ (Secret Informations) સિનેમા જોતી વખતે મને ઘણી મળે છે, કેટલાક ચકમો જાણે પોતેજ પિકચર જોઇને બરોબર સમજી શકે છે તેમ ધારી પોતાના સાથીઓને બબડવું સહેલું સમજવે છે, ત્યારે પણ અચ્છી મોજ મળે છે આસપાસ પિકચર જોઈ રહેલા માણસોને ખલલ થાય છે, તેની આવા ઓવકૂફોને કશી ગતાગમ હોતી નથી.

પાર્ટીઓમાં પાગલો.

ઓવકૂફોની એક ઔર જાતનો અનુભવ તમને પાર્ટીઓમાં મળી શકશે. તમારી સાથે કોઇ વિલાયતી સેન્ટના છંટકાવથી મહેકતા અપ-ટુ-ડેટ ફાંકડા જુવાન સાથે મુલાકાત કરાવવામાં આવે. એ ભભકાભર્યા ડ્રેસમાં આવેલો જુવાન ઇરાનના શાહ રિઝાશાહ પહેલવીને ગાદી પરથી ઉઠાડવામાં આવ્યા તે માટે પોતે જરા પણ અજંપ થયો નથી, એવો અભિપ્રાય આપે, તેના ટેકામાં દલીલો રજૂ કરે અને તમને લાગે કે, એ સવારના પેપરમાં વાંચેલો અગ્રલેખ પોતાની ભાષામાં રજૂ કરી રહ્યો છે, તો તમારે તેની અક્કલ પર જરા પણ હસવું નહીં. એજ ભીંતમારૂ પાસેથી તમે હેર હિટલર અને તેના અંગત વફાદાર સાથી હેર હેસનાં ભંગાણ વિષેની ચોંકાવનારી વાતો પણ જાણી શકશો. આ વાત તમોએ આગલી સાંજે રેડીઓમા સાંભળી હતી, તેનો તેને જરાય ખ્યાલ આપતા નહિ આવા કેટલાય માણસોનો પાર્ટીઓમાં મને ભેટો થયો છે

મારી અજ્ઞાનતામાં તેઓનો સંપૂર્ણ વિશ્વાસ અને મારી ઉપર પ્રભાવ પાડવા માટેની તેમની મગરૂરી મારા બદનમાં ચરક કે ડોશીના મકેદાર કપ કરતાં પણ વધારે સ્ફૂર્તિ લાવે છે.

પવનચક્કી કોલેજ્યન

અક્કલના બારદાનો અજાણ આદમીઓ હોય છે, એવો તમારે કદિ ખ્યાલ કરવો જોઇએ નહિ. ભણેલા ગેનકૂફોનો પણ આ દુનિયામાં તોટો નથી. કોલેજના કેટલાક પ્રોફેસરોના પરિચયમાં આવ્યા પછી મને લાગે છે કે, આ લોકોમાં પણ ચકમપણું કીક પ્રમાણમાં ઠાંસીને ભરેલું હોય છે. મસ્તીખોર વૃત્તિવાળા કોલેજ્યનોએ તેમને પાગલો બનાવી મૂકવા હોય તો નવાઇ નહિ. આ ઘેલાપણાનો ચેપ કોલેજ્યનોને પણ લાગ્યા વગર રહેતો નથી. મુંબઇની એક કોલેજમાં અભ્યાસ કરતા એક કોલેજ્યન સાથે મારી ઓળખાણ કરાવવામાં આવતાં તેણે એવો દેખાવ કર્યો કે, જાણે પોતે જવાહરલાલ નેહરૂ કે મહમદઅલી ઝીણા જેવો "અગત્યનો માણસ" હોય! એ હંમેશાં લાલ ટાઇઓ ગળે બાંધી ફરતો એટલે તે કોમરેડ એમ. એન. રૉયના મતનો હોય એવું અનુમાન કરવાનું સહેજે મન થાય પરંતુ એના મિત્રોએ ખાનગીમાં એવી બાતમી પૂરી પાડી કે, એ મી. ઝીણાને ફૂલહાર પહેરાવવા જાય છે તેમ ગાંધીજીના દર્શને પણ દોડી જાય છે. એ બિલકુલ પવનચક્કી હતો. આ પવનચક્કીનો કવચિત કવચિત મારો ભેટો થઇ જાય છે, ત્યારે મને ઘણી ગમ્મત પડે છે.

મારે ખુલ્લા દિલનો એકરાર કરવો જોઇએ કે, ચક્રમો સાથે મુલાકાત લેવાથી મારા મગજ ઉપર જે અસર થાય છે તે ઘણીજ અકસીર હોય છે. એમની વાતો મને યાદ આવે છે ત્યારે હું ખડખડાટ હસું છું અને મારા રંજ-ગમ ભૂલી જાઉં છું. મારા દોસ્તોએ પણ હવે ચક્રમોને ચગાવવાનો "આર્ટ" શીખી લીધો છે, એટલે અમારી એવી મુલાકાતો "સનસ-નાટીભરી" નહિ તો ગમ્મત ઉપજાવનારી તો છે જ. ખુદા હાફિઝ!

હાસ્યરસના જાણીતા લેખક

"અકબર" કૃત પુસ્તકો.

૧. જુની આંખે નવા તમાશા કી. રૂા. ૧। ૨. કલમ ચાબુક કી. રૂા. ૧।
૩. અક્કલના ઇજારદાર કી. રૂા. ૧॥ ૪. હું રાજા હોઉં તો! કી. રૂા. ૨
૫. રમતા રામ કી. રૂા. ૨ ૬ સનમની શોધમાં કી. રૂા. ૨॥
૭. અક્કલના બાં (છપાય છે.)
૮. બ. જુદું

શ્રી સુંદર સ્ટોર્સ : ટાવર રોડ, : સૂરત.

તૂટેલાં રમકડાં

અનુવાદક : "સીરતી" સાહેબ.

[ઉર્દૂના મશહૂર લેખક જનાબ મઝહર અન્સારી બી. એ. (ઓન૰)ની એક હૃદયંગમ ભાવપૂર્ણ નવલિકા]

બાળકે મા તરફ જોઈ કહ્યું;

"મા! મ્હારાં રમકડાં તો લઇ લેવા દેશોને?"

માતા ટૂંકમાં કપડાં ગોઠવતી હતી. તેણે માથું ઉંચું કરી બાળક તરફ જોયું:

"તારાં રમકડાં...! તા...રાં...રમકડાં..."

અને તેનો ચહેરો સુફેદ પુણી જેવો થઇ ગયો. ધ્રુજતે સાદે તેણે પૂછ્યું:

"શું કહેતો હતો મ્હારા લાલ...!"

બાળકે પુનઃ કહ્યું:

"હું એમ કહી રહ્યો હતો કે તું મ્હારાં રમકડાં તો લઇ લેવા દેશોને?"

બાળકની વાત ઘા હોય તેમ ઔરત ઢગલો થઇ ઝમીન ઉપર ફસકાઇ પડી. તેના મુખપર ગભરાટ અને બેચેનીના ચિન્હો અંકિત થઇ ઉઠ્યાં. બાળક બોલ્યો:

"હવે આપણે આ ઘરનો ત્યાગ કરી રહ્યાં છીએ,...અબ્બાના ઘરનો! પછી હું મ્હારાં રમકડાં અહિં શા માટે રેહવા દઉં? ખબર નથી આપણા જવા પછી કોણ અહિં આવી રહે...અને મ્હારાં રમકડાં તોડી ફોડી નાંખે?"

ઔરત ફાટે ડોળે બાળકને તાકી રહી. તેના લાંબા વાળ તેના મુખપર પથરાયલા હતા. તેનું મુખ મ્લાન હતું અને આંખોમાં દુઃખ અને બેચેની તરવરતાં હતાં. કંપતા સ્વરે તે બોલી:

"બેટા! આપણે જે નવા ઘરમાં જઇ રહ્યા છીએ તે કાંઈ મોટું નથી, માત્ર બેજ ઓરડા છે. તું તારાં સઘળાં રમકડાં લઇ લેજે તો રાખીશું કયાં?" બાળક બોલ્યો:

"રાખીશું કયાં? ઓરડામાં રાખીશું વળી! જેમ અબ્બાના ઘરમાં રાખતા હતા તેમ!"

મા બોલી:

"પણ બેટા! અબ્બાજાનનું ઘર તો ઘણું મોટું છે અહિં તારાં રમકડાં માટે એક અલગ ઓરડાની વ્યવસ્થા થઇ શકતી હતી, જે બે ઓરડાવાળા ઘરમાં આપણે જઇ રહ્યાં છીએ ત્યાં એક આખો ઓરડો તારાં રમકડાંઓથી ભરાઇ ગયો તો બાકીનો ઝરૂરી સામાન આપણે રાખીશું કયાં?" બાળક ચકિત થઇ પૂછ્યું:

"ઝરૂરી સામાન? તો શું રમકડાં ઝરૂરી નથી?" માએ અજબ થઇ તેના તરફ જોયું. બોલી:

"છે, જીવનમાં સઘળાનેજ રમકડાંઓની ઝરૂરત પડે છે પણ દિકરા! તારા રમકડાં એક બે ચોરાંજ છે. એક આખો ઓરડો એનાથી ભરાયલો પડયો છે. બધાંજ લઇ લેવાની જીદ પકડશે તો નવું ઘર આખુંજ તારાં રમકડાંઓથી ભરાઇ જશે."

બાળક માની આ ફિલસૂફી સમજી શકયો નહિ. માનો સિદ્ધાંત કરી તે ચૂપ રહ્યો. અચાનક તેના દિમાગમાં એક વાત આવી અને તે ઝડપથી આગળ વધી માના ખોળામાં ચઢી બેઠો. અને તેની ગરદનની આસપાસ પોતાના નાનકડા હાથને વિંટાળી દઈ તેની આંખોમાં આંખો નાંખી કહેવા લાગ્યો:



"મા! મારી વાત માનશે? આપણે શા માટે અબ્બાનું ઘર છોડી જવું જોઇએ? અહિંજ રહીએ તો શું બેટું છે? કેવું સરસ મકાન છે...પેલા નવા ઘરમાં તો માત્ર બેજ ઓરડા હશે...હું રમીશ કયાં?"

ઔરતે બાળકની વાતનો કોઇ ઉત્તર આપ્યો નહિ. તેનું માથું દુઃખમાં આગળની તરફ ઝુકેલું હતું. તેના વાળની વિખરાયલી લટોએ તેની આંખોને ઢાંકી દીધી હતી. માતા રહેરાને જોવાની નિષ્ફળ કોશિશ છોડી દઇ બાળક બેળામાંથી ઊઠીને ઉભો થયો અકસ્માત તેની નજર ઔરતની ગરદન ઉપર પડી અને પછી તે તલ ઉપર જે બિલ્લોરસમી સુરાહીનાર ગરદનના શણગાર રૂપ હતો. તેણે પોતાનો હાથ ઉંચો કર્યો અને એક આંગળી તે તલ ઉપર મૂકી બોલ્યોઃ

"અબ્બાજાન આ તલને પ્યાર કરતા હતા; બરાબર મા?"

ઔરત બેબાકળી બની દુઃખ પાસેથી ખસી જઇ ચીસ પાડી ઉઠીઃ

"તું મ્હને કેમ પજવી રહ્યો છે? મ્હને કામ કરવા દેવું છે કે નહિ? જા.....બ્હાર જઇ રમ!"

તેનો સાદ ઘેરો બની ગયો અને બન્ને હાથોમાં પોતાના મુખને છુપાવી દઇ તે રડવા લાગી.

બાળક થંભી ગયો. તે માતાના રૂદનની મતલબ કાંઇ પણ સમજી શકયો નહિ પરંતુ ન સમજવા છતાંય તે માની સાથે હતો તે રડી તો એ પણ રડયો. તેના બોલ્ટ થરથર્યા, તે પણ રડતી રડતી નરવશ થઇ કર્યા ઉપર ઢળી પડી; તો એ પણ રડતો રડતો તેની પાસે કર્યા પર બેસી ગયો. પછી ડુસકે ચઢી જઇ બોલ્યોઃ-

"આઇ.. તો...હું....પણ...મા...તે.... પ્યાર...નહિં.....કરું....હું....અબ્બા...ને.... કહી ..દ...ઇ...શ...કે...મા...એ..."

અને બાકીને અધુરૂં રાખી તે પુનઃ રડી માની ગોદમાં લપાઇ ગયો.

ચોક પળ-નહિં વીતી ત્યાં ઔરતના બોલ્ટ તેના આંસૂભીના રૂખ્સારો પર હતા. બોલીઃ-

"મ્હારી જાન! મ્હારા લાલ! તું શા માટે વલવલી રહ્યો છે...મા મરતી હોય તો બચ્ચું મરે, તને શાને ઉની આંચ આવે?... હું મ્હારા દિલના ટુકડાને પ્યાર ન કરું એ બની શકે છે? તને નારાઝ કરીને મા જરો કયાં?...આવ ઉઠ..."

બડબડતી જતી હતી અને પોતાના પાલવ વડે બાળકના આંસૂ લુછતી જતી હતી. બાળકે માતા વર્તનને આશાભર્યું જોઇ કહ્યુંઃ

"તો પછી મા! તારે આ ઘરને શા માટે છોડવું જોઇએ...કેવું સરસ મા છે...નવું ઘર તો છેક નહાનું હશે...ન ત્યાં બાગ હશે, ન વાળું હશે અને ન તો ત્યાં રમવાકયાં મૂકવા માટેની જગ્યા..."

આંખો પરથી રૂમાલને ખસેડી લઇ ઔરતે જવાબ આપ્યોઃ

"નહિં બેટા! હવે અહિં તો આપણાથી રહેવાય એમ નથી આ અબ્બાજાનનું ઘર છે. હવે આપણે તારા અબ્બાની કોઇ વસ્તુને હાથ લગાડવો ન જોઇએ."

બાળકે બાકૂળ થઇ પૂછ્યું:



"કેમ નહિ? શું અબ્બાજાન ના પાડે છે? તે તો મના નથી કરતા. તેમણે તો કદી ના પાડી નથી તે તો કહેશે કે દરેક ચીઝને લાય લગાડો ..તે તો કદી નથી કહેવાના કે અહિંથી ચાલ્યા જાઓ..." ઔરત માથું ધુણાવી બોલીઃ

"નહિ બેટા! તું એ વાતો નહિં સમજે!"

બાળક ખામોશ થઈ ગયો. જ્યાંથી ચાલ્યા હતા ત્યાં ફરી આવી ગયા. મા પુનઃ દુકમાં કપડાં ગોઠવવા લાગી તેનું માથું ફરી દુકમાં આગળની તરફ ઝુકી ગયું, બાળક ફરી ચિંતા-ગ્રસ્ત ચહેરે ઉભો રહી ગયો. તેના સવાલો ફરી ઉત્તર વિનાના રહી ગયા.

પરિસ્થિતિને સમજવા માટે તેણે પુનઃ મગજને કસવા માંડયું. તે વિચાર ઝોકે ચઢી ગયો. તેની નીગાહો આખા ઓરડામાં ફરી વળી. બારી પાસે,એક ખૂણામાં એક પીપાનો ગોઠવેલો હતો. પીપાના પાસે પુસ્તકોની એક અલમારી હતી જેમાંથી પુસ્તકો કાઢી કાઢી તે તરફનો જોયા કરતો હતો અલમારીથી થોડાક અંતરે આતશદાન હતું...મનમાને મનમાજ બાળકે એ વસ્તુઓનો મુકાબલો પેલા બે નાના ઓરડાઓ સાથે કર્યો જેનું વર્ણન માએ કર્યું હતું તે વિચારવા લાગ્યોઃ તે ઓરડા આવડા મોટા તો શાનાજ હોય, વધુમાં વધુમાં બબરચીખાના જેવડા હશે તો પછી મ્હારૂં બબેક ઓઢાં કયાં લટકાવીશ, મ્હારો કાષ્ટનો ઘોડો કયાં કયાં દોડશે? મ્હારી રેલ ગાડી કયાં ચાલશે? મ્હારો રીંછ કયાં નાચશે? અને હા...પેલું ગામ કયાં વસાવીશ જે અબ્બાજાને પુંઠાના મકાનોથી તૈયાર કરી આપ્યું છે? તે એકદમ બોલી ઉઠયોઃ

"આ! આપણે બધાં રમકડા લઇ લઇશું સાથે."

ઔરતે બાળકની વાત સાંભળી ન સાંભળી કરી દુક કપડાંઓથી ભરાઇ ચૂકી હતી. તેને બંધ કરતાં બોલીઃ-

"આ તો થયું ત્યારે, હવે વાસણોનો વારો." બાળક વચ્ચેજ બોલી ઉઠયોઃ-

"લઇ લઇશું ને બધાં રમકડાં?"

ઔરતે ચૂપ રહેવા ઈચ્છયું. બાળક તેને ઢંઢોળી બોલ્યોઃ-

"કેમ, મા!" ઔરત બોલીઃ

"સારૂં...સારૂં! સાંભળ્યું હવે. લઇ લેજે (કંઇક વિચારી) જેટલાં સારાં રમકડાં હોય તેજ લેજે...જો તારા ઓરડામાં જગ્યા જે લાંગેલાં રમકડાં ન હોય તેને એક જગ્યાએ એકઠાં કરી રાખ. સારાંજ રમકડાં લેવાનાં છે તૂટેલાં નહિં"

આ જાણે આખરી જવાબ હતો. બાળક સમજી ગયો કે માની તરફનો આ આખરી જવાબ છે. એટલે તે કાંઇ પણ બોલ્યા વિના દરવાજાની બહાર નીકળી ગયો. માના શબ્દો તેના દિમાગમાં ગૂંજી રહ્યા હતા...સારા રમકડાં લેવાનાં છે. તૂટેલાં નહિં!

થોડેક જગ્યા તે થંભી ગયો. તે વિચારવા લાગ્યો સારાં રમકડાં મ્હારી પાસે છે કેટલાં? બબેક ઓઢાં છે તેમાં તો તરાડો પડી છે; રેલગાડી છે તેતો સાંધ વગેરેલી છે, ઘોડો છે તેનાતો બે કાનજ નથી, અને રીંછ તો કયાંથી સાજોજ નથી અને આજ એક રમકડું તેને સઘળાં રમકડાંમાં પ્રિય હતું નજીક પહોંચી

બાળકે ઓરડાનો દરવાજો ઉઘાડ્યો. અંદર દાખલ થઈ જોયું તો ધરવા કરતાંય વધુ સ્થિતિ ખરાબ હતી. જેને સાજું સમું કહી શકાય એવું એકપણ રમકડું ન હતું બાળક પ્રત્યેક રમકડાંને હાથમાં લઈ અવલોકવા લાગ્યો.

કામ ઘણું હતું અને સમય થોડો !

થોડીક સમય વિચારમાં ગાળી તે અંતે ઊઠ્યો, અને સીધો બાપના ઓરડામાં જઈ ત્યાંથી ચુંદરની શીશી અને થોડાંક ચીંદરડાં લઈને માના ઓરડામાં જઈ સોય દોરો લઈ પુનઃ પોતાના ઓરડામાં આવ્યો અને તૂટેલાં રમકડાંઓને એકત્ર કરી તે કામે મંડી પડ્યો.

સૌથી પહેલો નંબર રીંછનો આવ્યો. બાળકે તેને ઉપાડી છતી સરસું ચાંપ્યું, પછી તેની દુરસ્તીના કામમાં તલ્લીન થઈ ગયો.

* * *

સંધ્યા ઢળવા લાગી.

બાળક પોતાના કામમાં બરાબર તલ્લીન હતો. અચાનક ઘરનો દરવાજો કોઈએ ખટખટાવ્યો. એકચિત્ત થઈ રમકડાંઓની દુરસ્તી પાછળ મંડી પડેલા બાળકને તેની કાંઈ ખબર ન પડી. અલબત્ત, મુખ્ય ચોકમાં ઉલ્લીન બેઠેલી તેની માએ ખટખટની આવાજ સાંભળી, નોકર ચાકર બધાને કાઢી મૂકવામાં આવ્યા હતા એટલે પોતેજ દરવાજો ઉઘાડવા માટે ઊઠી. પરંતુ તે ચોકમાંથી બહાર નીકળે તે પૂર્વેજ એક પુરુષ તેની સામે આવીને ઉભો રહ્યો. ઔરત બોલાણી જોતી બોલી ઉઠી :

"તમે...તમે...આવ્યા ?"

પુરુષે ઉત્તર આપ્યો "હા"

ઔરત બોલી : "સારૂં સારે, તમારૂં આ ઘર સંભાળો. દેહી વિદાય થાય છે. જે વસ્તુઓ મ્હારી હતી તે મ્હેં બાંધી લીધી છે. બાકીમાં તમારૂં ઘર તમને મુબારક હોજ."

પુરુષે આગળ વધી ઔરતનો હાથ પકડી લીધો.

"તું ગાંડી તો નથી થતી ગઇને ?"

"હા હાં, હવે તો હું ગાંડીજ છું, બલકે ગાંડાઓ કરતાં બદતર. તમે મ્હને જે કાંઈ કહ્યું છે તે સાંભળ્યા પછી હું આ ઘરમાં રહું એ ડાહ્યપણ કાળે બની શકે એમ નથી હું તમારા આગમનની રાહ જોઇનેજ બેઠી હતી, સંભાળો તમારૂં ઘર, આ સ્થળ હવે ન તો મ્હારે લાયક રહ્યું છે ન તો મ્હારા બાળકના."

"બાળકને લઈ જનારી તું કોણ ? બાળક મ્હારૂં છે."

"તેજ બાળક જેની મા તમારી નિગાહોમાં નિર્લજ્જ છે, જેને તમે અનેકો વચ્ચે બે-આબરૂ કરી."

"અને તેં અનેકો વચ્ચે મ્હને શું શું નથી કહ્યું ? ઘરનો ખર્ચ કરકસરથી ચલાવવો જોઇએ, માત્ર આટલી વાત પર તું મ્હારા ઉપર વરસી નથી પડી ?"

"તમે તે વાતને બહાનું બનાવી મ્હને શું શું નથી કહ્યું ? તમારો સ્વભાવ તો એક જિદ્દી બાળક જેવો છે."

"અને તારો ? તું તારૂં જોઉ. પ્રત્યેક વાત પર તું નાદાન છોકરીની જેમ ચીડાય છે તેનું શું ?"

ઔરતે પુરુષના આ સવાલનો કોઇ ઉત્તર ન આપ્યો. ખંડમાં ખામોશી પ્રવર્તી રહી.



અંધકાર વધતો જતો હતો એક તરફ પુરુષ ઉભો હતો, રોષ ભર્યો, બીજી તરફ ઔરત ઉભી હતી લાગણીઓના તૂફાનને કાબૂમાં રાખતી...અચાનક બાળક ખંડમા દાખિલ થઇ આવતાંજ બોલ્યો :

"મા...મા...તું ઝરા મ્હારા ઓરડામાં તો ચાલ મ્હેં..."

વાકય અધુરૂં રહ્યું અને તેની નિગાહ પુરુષ પર પડી.

"અબ્બાજાન!" કહીને તે દોડયો અને બાપને વળગી પડયો. બાપની છાતી સાથે વળગી રહી તે બોલ્યોઃ

"અબ્બાજાન! તમે કયાં હતા? આજ કેટલા દિવસ થયા છતાં તમે ઘર તરફ મેહું ફેરવીને પણ ન જોયું? મ્હને તમે કેટલા બધા યાદ આવતા હતા, ખબર છે તમને? ઉહું! કયાથી ખબર હોય તમને? આજ કેટલા દિવસ થા તમે અહિં કયાં આવ્યા હતા જે! મા અને હું અહિંથી જઇ રહ્યા છીએ, એક નવું ઘર લઇશું. પણ તે ઘણુંજ ન્હાનું છે. મા કહે છે કે તેમાં બેજ ઓરડા છે. એટલેજ મ્હે..."તેને રમકડા યાદ આવી ગયાં, અને રમકડાંની યાદ આવતાંજ માનું રૂદન તેની આંખો સામે ફરી ગયું "એટલેજ મ્હેં..." વાકયને અધુરૂ છોડી બાળક માને સબોધતાં બોલ્યોઃ "મા...! મ્હારી મા! સાંભળને!... મ્હેં સઘળાં રમકડાં સીધી સાંધીને ઠીક કરી લીધાં છે. સારાં રમકડાં હોય તેજ લેવાના છે એમ કહેતી હતીને તું? પણ મ્હેં જઇને જોયું તો એક પણ રમકડું સાજું નથી. મ્હેં ખૂબ મહેનત કરી કે ઈનું ચામડું સીધ્યું તો કોઈની ટાંગ જોડી...મ્હારાં તૂટેલાં રમકડાં હવે બધાંજ દુરસ્ત થઇ ગયાં છે."

પુરુષે સ્ત્રી તરફ જોયું. આંખોમાં આંખો નાંખીને અને તેની આંખો આંસૂઓમાં ડૂબી ગઇ.

ઔરતે આ દૃશ્ય જોઇ મોઢું ફેરવી લીધું.

બાળક જે નાટકની અસરથી સા'વ અંજાણ હતો–બાપની ગોદમાંથી ઉતરી બહાર જવા લાગ્યો. દ્વાર ઉપર પહોચી તે બોલ્યો :

"મા! ચાલ, હું તને મ્હારાં રમકડાં બતાવું!"

તેના અવાજમાં કંઇ ઓર ખેંચાણ હતું કે મા અને બાપ બન્નેના બન્ને એક સાથે તેના ઓરડામાં દાખલ થયાં, જે રમકડાંનો બાઝાર સમો લાગતો હતો.

બાળકે ચમકદાર આંખો વડે માનો સત્કાર કર્યો. તે પોતાના કાર્યની વિગત જણાવવા લાગ્યો.

"માએ આજ સવારે મ્હને કહ્યું હતું કે આપણે એક નવા ઘરમાં જઇને વસીશું. મ્હેં પૂછ્યું, હું મ્હારાં સઘળાં રમકડાં લઇ લઉં? માએ કહ્યું જે રમકડાં તૂટેલા ન હોય તેજ લેવાના છે. પણ અબ્બાજાન! મ્હારૂં એકપણ રમકડું સાજું ન હતું. બસ મેં આખી રાતની મહેનત અને માનો સોય દોરો લઇ સીધી સાધી બધાં રમકડાં ઠીક કરી લીધાં. હવે જોઉં મા શું કહે છે, તેને લઇ જવા માટે..."

કકરાને પૂર્ણ કરી ને હસી પડયો...

થીંગડાં લગાવી...અને ઉધાં ચતા ટાંકા મારી તેણે પોતાના તૂટેલાં રમકડાં...દુરસ્ત કરી લીધાં હતાં, અને તેની કાર્યરેખા સ્ત્રી પુરુષ ઉભયની દૃષ્ટિ સામે હતી.



એક કપડાંનો થેલો હતો જેના કાન ઉંધા ચત્તા ટાંકાઓ વડે જોડી દેવામાં આવ્યા હતા. એક બ્લેક બોર્ડ હતું જેની તરાડોને કાળી શાહી વડે પૂરવામાં આવી હતી, એક પતરાંની રેલગાડી હતી જેના તૂટેલાં પૈડા સૂતળીથી ગાડી સાથે જબરદસ્તી બાંધી દેવામાં આવ્યાં હતાં. એક ઉનના કપડાંનું રીંછ હતું જેના ઉખડી ગયેલા પગો ખૂબ યત્નપૂર્વક જોડવામાં આવ્યા હતા. છતાં રીંછનો એક હાથ ગાયબ હતો અને તેનું શરીર ઠેરઠેરથી ફાટેલું હતું. તેની કદરૂપતા છુપાવવા માટે તેને ખૂબ લાંબી કમીસ પહેરાવવામાં આવી હતી જે જમીન સુધી લટકતી હતી.

બાળક પ્રત્યેક વસ્તુ માને દેખાડતો જતો હતો. તેના હર્ષનો પાર ન હતો. માને સંબોધી તે કહેવા લાગ્યો.

"મા! જો, હવે મ્હારાં રમકડાં બરાબર થઇ ગયાંને? હવે તને નવા ઘરમાં બધા રમકડાં લઇ લેવા દેવા પડશે."

ઔરત જે પોતાના પોપટનો કલરવ સાંભળી ચુપચુપ ઉભી હતી–લાગણીવશ બની ગઇ. તેની આંખોમાંથી આંસુઓ સરકવા લાગ્યાં અને તે એકદમ આગળ ધસી પતિની પ્યાલો-શમાં ઢળી પડી.

"બાળક પોતાના રમકડાંથી વિખૂટું પડવા તૈયાર નથી, પછી તે તૂટેલાં ફૂટેલાં કે નકામા કેમ ન હોય અને આપણે અન્યોન્યના જીવન સાથી છીએ અને અન્યોઅન્યના રમકડાં, છતાં નેજવી વાત પર શા માટે વિખુટાં થઇએ. તમે નારાજ થાઓ, ગુસ્સે થાઓ...તમને હક્ક છે...હું તમને મનાવીશ...બાળકોને તૂટેલાં રમકડાં પણ પ્રિય હોય છે. તેમની નજરમા તે કદી તૂટેલાં નથી હોતાં... તો પછી મ્હને તમો શા માટે પ્રિય ન હો...ભલેને તમો મ્હારાથી ગમે તેટલા નારાઝ કેમ ન હો..."

બીજીજ પળે બન્ને હસતાં હતાં. બાળક માને કહેતો હતો,

"મા! ચાલને નવા ઘરે. તું તારી ટૂંક ઉપાડ અને હું મ્હારાં રમકડાં!"

કરગરે છે.

નિરાશાના નિસાસા કાં ભરે છે,
થઇને મર્દ મુસિબતથી ડરે છે.
ફક્ત દેહ ચારની છે તુજ યુવાની,
તું શાને ગર્વ એના પર કરે છે.
હૃદયની વેદનાઓ ત્યારે વધે છે,
જ્યાંઓ કોઇની જ્યાં સંભરે છે.
લઇને દાગ દિલમાં કોઇનો શું,
શશી આ વ્યોમ પર કંઇ વિરહરે છે.
ધટા છે, જામ છે, કંઠી હલ્યા છે,
ને સાકી પાસ કોઈ કરગરે છે
પછી કિસ્મતની એનુ પૂછવું શું?
નજર જેના ઉપર તારી ફરે છે.
અગર હો આત્મ બળને આત્મ વિશ્વાસ,
વિજય અંતે નિશંક તેને વરે છે.
વફાનો અર્થ પણ સમજે નહિ જે,
અરે "ઐયાશ" તું તે પર મરે છે.

"ઐયાશ" (જેતપુરી)

સાક્ષરોના અભિપ્રાયોમાંથી :-

મુંબઇ. (૪)

ગીરગામ ચોરટ તા. ૨૦-૯-૩૬

તમારો પત્ર અને પુસ્તક મલ્યાં. આજથી ચાળીસ વર્ષ પર મેં Persian Prosody with Figures of Speech નામનું એક નાનું પુસ્તક લખેલું; એજ ધાટી ઉપર તમારૂં પુસ્તક લખાયલું છે. તે અંગ્રેજમાં છેઃ તમારૂં ગુજરાતીમાં છે એટલો ફેરઃ અને ગુજરાતીમાં આવા પુસ્તકની અતિ ઘણી જરૂર હતી. ગુજરાતના બે અગ્રગણ્ય સાક્ષરોએ ફારસી પીંગળશાસ્ત્ર વિષે મને પૂછેલું એમને હું રા. રણછોડભાઇ ઉદયરામના પીંગળશાસ્ત્ર તથા મારા જ્ઞાનકડા પુસ્તક સિવાય બીજું કાંઇ બતાવી શકેલો નહિ : મતલબ કે ફારસી પીંગળશાસ્ત્ર સમજે જાણવાની ગુજરાતીઓને ઉત્કંઠા છે, પણ તે પૂરી પાડવા માટે લાયક પુસ્તક ન હતું. તે ખોટ તમારા પુસ્તકે પૂરી પાડી છે. તે પુસ્તકમાં ગુજરાતી પીંગળ શાસ્ત્ર જોડે મળતાપણું કે તફાવત બતાવવાની કંઇ જરૂર ન હતીઃ તમે ઉંડા ઉતરી એ બંને ભાષાઓનું પિંગળ શાસ્ત્ર પરસ્પર કયાં મળતું આવે છે અને કયાં કયાં તેમાં ફેર હોય છે એ બહુ સારી રીતે બતાવી આપી તમારા પ્રયાસની કીમત ને ઉપયોગીતા વધારી છે.

આપણા હાલના ગુજરાતી સાહિત્યમાં તો તમારો પ્રયાસ ઘણો ઉત્તમ છે. એની જોડીનું બીજું પુસ્તક મારી જાણમાં નથી.

(દી. બ.) કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી
(એમ. એ. એલ. એલ. બી.)

કવિઓને શાયર
અને
શાયરને કવિ બનાવનાર
ફક્ત આજ એકજ પુસ્તક છે.
અરબી પિંગળ સરળ ગુજરાતીમાં
"ઝાર," રાંદેરી કૃત
'શાયરી' ભા. ૧-૨
ભાગ પહેલામાં:-અરબી પિંગળ, છંદ પ્રકાર, છંદોની સમજ સમજુતી, અરબી-સંસ્કૃત પિંગળ મિલન, કાવ્ય પરીક્ષાની રીત, ઇત્યાદી.
ભાગ બીજામાં:- પ્રાસ (કાફિયહ), તુકાન્ત (રદીફ), પદ્ય પ્રકાર, કસાદીનું વર્ણન અને સમજુતી
કીંમત ૯ આના, પરદેશ એક શીલીંગ, (પોસ્ટ ખર્ચ સહિત)
પ્રકાશકઃ-'વહશી' સાહિત્ય કાર્યાલય, સુરત.
એજન્ટોઃ—
શ્રી રાંદેર સ્ટોર્સ કણપીઠ. સુરત.

અમદાવાદ તા. ૨૦-૯-૩૬

તમે મોકલેલાં શાયરીનાં બે પુસ્તકનું બુક પોસ્ટ મોકલ્યું છે તે મળ્યું છે.. .....ફારસી અરબી પિંગળ ગુજરાતીમાં ઉતારવાના આ તમારા પ્રયત્ન છે તે જોઇ હું ઘણો ખુશ થયોઃ તમારા એ પ્રયત્નને સંપૂર્ણ સફળતા ઇચ્છું છું.

(દી. બ.) કેશવલાલ હર્ષદરાય ધ્રુવ
(બી. એ)

સાક્ષરોના અભિપ્રાયોમાંથી :-

આ ચોપડી ઘણી આવકારપાત્ર છે. અરબી પર્શિયન ૭૬ રચનાનાં રણછોડભાઇ ઉદયરામ અને દી. બ. કૃષ્ણલાલ ઝવેરીનાં પુસ્તકો દૃષ્ટાપ્ય છે, અને રણછોડભાઇનું પુસ્તક શિખાઉ માટે સરળ પણ નથી. અરબી પર્શિયન છંદ રચનાની ભાઇ 'ઝાર'ની પુસ્તિકા એ વિષયની ઉત્તમ પ્રવેશિકા છે. ગુજરાતી પરિભાષા વાપરી, આપણા છંદો સાથે સરખામણી કરી. યાદ રહે તેવા નમૂના આપી લેખકે વિષયને સરળ બનાવ્યો છે. અરબી પર્શિયન પદ્ય રચના સંબંધી કેટલાક ખોટા ખ્યાલો પ્રવર્તે છે તે આ પુસ્તિકાથી દૂર થશે એવી આશા રહે છે

વિષ્ણુપ્રસાદ ૨ ત્રિવેદી.
૪-૧૦-૩૬ M. A.
કોલેજ, સુરત. Professor of English & Gujarati
M. T. B. College. Surat.

...તમારૂં પુસ્તક હું ઉતાવળે વાંચી ગયો છું. અરબ્બી અને ગુજરાતી પિંગળની સમજ તમે બહુ સરળતાથી આપી છે. પુસ્તક પદ્યરચનાના અભ્યાસીને ઘણું ઉપયોગી થઈ પડે તેવું લખાયું છે. પણ એ પુસ્તકનો સૌથી ઉપયોગી ભાગ બીજો "પ્રાસ"ને લગતો છે. આજ સુધી કોઇ ગુજરાતી પુસ્તકમાં યમક યા પ્રાસાનુપ્રાસને લગતી આવી વિસ્તારથી સંપુર્ણ સમજણ આપેલ મે વાંચી નથી એ માટે હું તમને મુબારકબાદી આપું છું, અને ઇચ્છું છું કે તમને આ તમારા પ્રયાસમાં સંપુર્ણ ફતેહ મળે

મદ્રાસ, લી૰ શુભેચ્છક.
૧૬-૧૦-૩૬ (ત્રિ શ્રી) અરદેશર ફરામજી
અખબારના ખુદા હાફિજ.

કોર્ટની શોધમાં

લેખક:-'રફ્તાર'

"ડીટેક્ટીવ સાહેબ! તમને આ શહેરમાં પ્રેક્ટીસ શરૂ કીધાને આજે બરાબર ચાર વરસ અગિયાર મહિના ત્રેવીસ દીવસ અને છે કલાક થયા" ડીટેક્ટીવ અબ્દુ મિરઝા પોતાની નોંધપોથીના પૃષ્ઠો ફેરવતા સ્વગત બોલ્યા: "પ્રેક્ટીસની શરૂઆતમાં ગુન્હાઓની કેટલી ભરમાર હતી! અને હવે ત્રીસ દિવસમાં ભાગ્યેજ એક બે કેસમાં મથું મારવું પડે છે. અબ્દુ મિરઝાનોજ પ્રતાપ છે કે ગુન્હેગારોને ટૂંકી મુદતમાં દાબી દીધા."

ડીટેક્ટીવ અબ્દુ મિરઝાએ કૉલેજ સુધીની કેળવણી પ્રાપ્ત કરી હતી શાળાજીવનમાં તેણે ગુન્હા શોધનની નવલકથા ખૂબ વાંચેલી ત્યારથીજ તેમને ગુન્હા શોધનના સાહસો કરવાનો ચટકો લાગેલો. વડિલોપાર્જિત મિલકતના પોતે એકલા વારસ હોવાથી કમાણી કરી આપે તેવા ધંધાની વધુ અગત્ય ન હતી તેમના મિત્રે ગુન્હા શોધનની પ્રવૃત્તિ હાથ ધરી સમાજને ગુનેહગારોના ત્રાસમાંથી રાહત આપવાની અપીલ કરતાં આજથી લગભગ પાંચ વરસ પહેલાં ડીટેક્ટીવ અબ્દુ મિરઝાએ ખાનગી ગુન્હા શોધનનું કામ ઉપાડી લીધું હતું.

અબ્દુમિરઝા તેમના મિત્રો પાસે એવો સખત અભિપ્રાય વ્યક્ત કરતા કે "જો સમાજમાં એક નવી ભાષા વ્યવહારમાં ચૂકવામાં અને જેમાં ચોર-ચોરી, ખૂન-ખૂની, ગુન્હેગાર-ગુન્હો કે ન્યાય-ન્યાયાધિશ એવા શબ્દોજ ન હોય તો પછી તે સમાજમાં કદી ગુન્હાના કાર્યો જનવાજ ન પામે."

એક વાર એક મિત્રે માર્મિક પ્રશ્ન કરેલોઃ "ડીટેક્ટીવ સાહેબ! તો એ નવી ભાષામાં ઔલાદ શબ્દ ન રાખવામાં આવે તો પછી સંતતિ નિયમનની માયાજાળ પણ મટી જાયને?" અલબત્ત અબ્દુ મિરઝાએ આ પ્રશ્નનો કશો ઉત્તર આપ્યો હોય તેવું જાણમાં નથી આવ્યું.

પાંચ વર્ષની તેમની કારકીર્દિનો ઝળહળતો ઈતિહાસ રચાયો હતો. "રાણીનો હાર" "રિપોર્ટરની નોંધપોથી" "ઝવેરીનો ગલ્લો" અને એવા અનેક કેસો તેમણે હાથ ધરી જનતાને છક કરી નાખે તેવાં પરાક્રમો કર્યાં હતાં. "ઝવેરીના ગલ્લા"ના કેસમાં ગુનેહગારનો પીછો પકડવા ઘેરથી મુંબઇ સુધીની મુસાફરીની તૈયારી કરી નીકળી પડેલા. રસ્તામાં એક બૉર્ડ ઉપર કલકત્તાની એક મોટી કુંપનીની જાહેર ખબર વાંચી તે કંપની અને કલકત્તા શહેરની વ્યાપારી મહત્તાના વિચારમાં ગરકાવ થઇ ગયા. સ્ટેશન પર જઇ મુંબઇને બદલે વિચારમાં ને વિચારમાં કલકત્તાની ટીકીટ લઇ લીધી અને સેકન્ડ કલાસમાં હરીફામ થઇ તેજ વિચારમાં નિંદ્રાધિન થઇ ગયા. કેટલાક સ્ટેશનો પર મિરઝા સાહેબને ગાડી બદલવી પડી. ત્યારે પણ પોતે કલકત્તાજ જઇ રહ્યા હોય તેમ યંત્રવત ગાડી બદલાવી લેતા. કલકત્તાનું સ્ટેશન આવ્યું. ટ્રેઇન ઉભી રહી અબ્દુ મિરઝા ટિકિટ આપી પ્લેટફૉર્મની બહાર આવ્યા. એક ભલકારા ભાડુતી રેક્ષા

જોઇ તેમાં રથાન લીધું અને ડ્રાઇવરને આજ્ઞા કરી "ચલાવ"

"સાબ! કીધર જના હૈ?" ડ્રાઇવરે પ્રશ્ન કર્યો

"કીધર જના હૈ?" અબ્દુ મિરઝા ડ્રાઇવરના શબ્દોનો પડઘો પાડી અટકી પડયા. તેમને તત્કાળ ભાન થયું કે પોતે મુંબઇને બદલે કલકત્તા આવી પડયા છે. અને હવે ગુન્હેગારનું શું? ચકલું હાથમાથી ઉડી જશે માટે મુંબઇ જતી પહેલી ગાડી પકડવા ઝડપભેર મોટરમાંથી નીચે ઉતરી પ્લેટફૉર્મ તરફ ધસ્યા. ડ્રાઇવર આ વિચિત્ર ઉતાવળની અગમ્ય વર્તણુકથી હસી પડયો.

ભાગ્યજોગે ગુનેહગાર નાસતો ફરતો મુંબઇથી તેજ ગાડીમાં કલકતા આવેલો; તેનું બદાર નીકળવું અને અબ્દુમિરઝાનું દાખલ થવું. ગુન્હેગાર અબ્દુ મિરઝાને જોઇ ડોબલાઇ ગયો. તેણે નાસવાનો પ્રયત્ન કર્યો, તે પહેલા બીજા માણસોની સહાયથી ગુન્હેગારને ગિરફતાર કરી લીધો.

સવારનો નાસ્તો કરી અબ્દુ મિરઝા નોંધ પોથીનાં પાનાં ઉથલવતા પોતાની કારકીર્દીના દિવસોની ગણતરી કરતા હતા, તેટલામાં ઘંટડી વાગી અબ્દુ મિરઝાએ દ્વાર ખોલી આગંતુકને અંદર લીધો

"જુલમ ડીટેકટીવ સાહેબ! જુલમ" આગંતુક આવતાંની સાથેજ ઉદગારો કાઢવા માંડયા.

"તૈયબઅલી કાકા, શાંત થાઓ, નિરતે બેસો પછી આપણે વાતો કરીએ"

આગંતુક મીરાઇના જાણીતા જોષીપારી તૈયબઅલી મીરાઇવાળો હતો. અબ્દુ મિરઝાએ તેમની ઉંમરના લેહાજથી "કાકા"ના માનવીય શબ્દથી સંબોધ્યા હતા

તૈયબઅલીએ જગ્યા લીધા પછી ફરી આવેશમય ઉદગારો કાઢયા "ડિટેકટીવ સાહેબ! બેાડે દિવસે લુટારાઓ ધાડ પાડશે તો વરતીનો નાશ થશે મારી દુકાનમાંથી મારો કોટ ચોરાઇ ગયો!"

"શું? તમારો પોતાનો કોટ?" અબ્દુ મિરઝાએ આશ્ચર્યસહ પૂછ્યું.

"હા મારો કોટ મારી બૈરીનો નહિ કોન્યુ કે તે કુરતુ પહેરે છો!"

"સ્ત્રીઓ તો કુરતાંજ પહેરેનો હું પણ કુર...નહિ મારી પત્ની પણ કુરતું પહેરે છે. તૈયબકાકા, તમે જરા શાંતિ રાખી નળિયાથી તળિયા સુધીની વિગતવાર હકીકત મને સમજાવો, અબ્દુ મિરઝાના હાથમાંથી ગુનેહગારની કાળા ચોરની પણ હિમ્મત નથી."

"વાત એમ છે કે ડીટેકટીવ સાહેબ! આજે સવારે નવો બેાયેલો કીરમજી રંગનો કોટ બારણાથી-તેનાં અંદરના બીસામાં રૂ. ૧૭(-)ની નોટોનું બંડલ મૂકયું. કારણ કે ઘરમાં બધુ જોખમ નહિ રાખતાં બેન્કમાં જમે કરાવી દેવાનું હું વધારે મુનાસબ ધરૂં છું. દુકાન હંમેશા નોકરજ ઉઘાડે છે એટલે દુકાને આવી કોટ ઉતારી ખાનામાં માથે પાસેની બીજી ઉપર ટાંગ્યો—"

"બરાબર તમારી બેાડની ઉંચેજ કે નહિ?"

"નહિ, જરા; દર જલેબીના પાળતા મથાળે. કોટમાં તમે કોઇ ચીજ નાંખો અને તે કોટના

બીસામાં નહિ જતાં છટકી જાય તો જલેબીનો થાળમાં જઈ પડે."

"હં! બરાબર પછી?"

"અમારી દુકાનનો રિવાજ છે કે ચાંદરાતે માંડ બગોરે સાફ કરી, ફરી સામાન ગોઠવીએ છીએ. નોકરની મદદથી માંડ ઉપરથી મીઠાઈના થાળ ઉતારી, માંડની નીચેનો કચરો સાફ કરી બધું ફરી બરાબર ગોઠવી, મેં મારી બેઠક લાંબી. થોડીવારમાં એક ઘરાક આવ્યો તેને આપવા માટે કોટમાંથી પરચુરણ કાઢવા ઊભો થયો. ખુદા જાનત કરે એ ચોરના બેટા પર, કે મારો કોટ ત્યાં ન હતો. આસપાસ બધે તપાસ કરી પણ તેનો પત્તો ન લાગ્યો તેથી તમારી સલાહ લેવા અહિં આવી પહોંચ્યો. ડીટેકટીવ સાહેબ! મારા કોટનો તમે પત્તો લગાવી આપશો તો હું તમને "નેહાલ" કરી દઈશ."

"નહિ, પૈસા કરતાં હું મારા કાર્યની તેહમંદીની વધુ ઈચ્છા રાખું છું. આઠ દીવસમાં તમારો કોટ, તમારા પૈસા અને તમારો ચોર તમારા ઘરે પહોંચતા કરી દઈશ."

"નહિ સાહેબ. મારે ચોર નથી જોઈતો. એ તમે રાખજો!"

"વાહ! વાહ! તમો દુકાને જાઓ. થોડી વાર પછી તમારી પાછળ મારી "હરિણી" (સાઈકલ) પર સવાર થઈ તમારી દુકાને આવું છું અલબત્ત મારે બનાવવાળી જગ્યા તપાસવી જોઈશે."

અબ્દુ મિરઝાએ દુકાન, દુકાનની અંદરની જગ્યા, બારણા, કોટ ટાંગવાની જગા એ બધું નીરખીને તપાસ્યું. કોઈ પણ ઉપયોગી હકીકત હાથ ન લાગી. ફકત એટલું જ બીના અબ્દુ મિરઝાને મુંઝવનારી હતી કે કોટ ટાંગવાની ખીલી તેના સ્થાનેથી નીકળી ગઈ હતી પણ તે કયાંયે દેખાતી ન હતી. અબ્દુ મિરઝાએ ડાયરી કાઢી નોંધ ટપકાવી લીધી.


"કોટનો રંગ તમે કેવો કહો હતો-કિરમજી રંગનો કેમ નહિ?"

"હા-સાહેબ"

"હું હવે રજા લઈશ. કંઈ મહત્વની હકીકત જાણે તો મને વાકેફ કરવાનું ચૂકશો નહિ"

બે દિવસ પછી અબ્દુ મિરઝા ઘણા દિવસે નવાં આવેલા કેસનું રહસ્ય ઉકેલવાના ઊંડા વિચારોમાં ગર્ક થઈ ઑફિસની રસ્તા પરની બારી પાસે બેઠા બેઠા બજારનું દ્રશ્ય નિહાળતા હતા દૂર દૂર રસ્તા પરથી એક ગાડી પસાર થતી જોઈ અબ્દુ મિરઝા એકાએક ચમકીને બોલી ઊઠયા "ઓ-હો કિરમજી રંગ! ચાલ હરિણી લઈને પાછળ પડું"

ખરેખર તે ગાડીમાં બેસનાર વ્યકિત કીરમજી રંગનું કોઈ કપડું પહેરીને બેઠી હતી. અબ્દુ મિરઝા સાઈકલ લઈ તેની પાછળ પડયા. પુષ્કળ ઝડપ રાખવા છતાં ગાડી પકડી ન શકાઈ. ગાડીએ રફેદફે છોડયું, વેગ ન રસ્તા પર આપી અને નઝદીકના ગામડાનો રસ્તો પકડયો. ગાડી આગળ અને તેની પાછળ ઘણે દૂર સાઈકલ. લગભગ બે કલાકની દોડ પછી ગાડી એક નાના ગામડામાં આવી ઉભી રહી. અબ્દુ મિરઝાએ છૂટકારાનો દમ લીધો. ગાડીની નઝદીક પહોંચવા વધારે જોરથી સાઈકલ હાંકી. પણ આહ અબ્દુ મિરઝાની ત્યારે નિરાશા વચ્ચે તેમાંથી કીરમજી રંગની સાડી પહેરેલી યુવતિ નીચે ઉતરી પડી!



કુદરત

દુઃખાઈ જાઉં છું કદી હરખાઈ જાઉં છું;
દુન્યાના બેઉ રંગમાં રંગાઈ જાઉં છું
કર્યા દેવ છું કે દાવો કરું દેવતાઈનો;
માણસ છું ભૂલ થાય રખે ખાઈ જાઉં છું.

• ગઝલ •

...: ના બોલ વ્યંગમાં :...

ક્રોધે કરો ન ભંગ વધુ અણુ બંગમાં;
પ્રજળી રહી છે અગ્નિ એ મુજ આ ગે ચંગમાં.

સો કોઈ છે આંગ સ્વયં રંગ ઢંગમાં;
કોને ખબર કે કોણ છે દિપક પતંગમાં.

તુ રંગ ભેર લડને બહાદુર જંગમાં;
તારા જીવનનો રંગ રહી જાય રંગમાં.

જીવન મહીં જગત છે, જીવન છે જગત મહીં;
છૂપા અનેક રંગ છે પ્રત્યેક રગમાં.

ત્યાં ત્યાં છે વાસ દર્દનો જ્યાં જ્યાં વસે છે દિલ;
કાંટા ભર્યા છે આદિથી ગુલના ઉછંગમાં.

એમાં અસંખ્ય ચિત્ર સજીવન કરું છું હું;
ચેતન અજબ ભરેલ છે મારા તરંગમાં.

સગનથી પાયમાલ થયા વિશ્વમાં અમે;
દિલ મારા સંગમાં અને હુ દિલના સંગમાં.

છેડીને કોઇ જોઇ લે હસ્તીના વાઘને;
રાગો ભર્યા અનેક છે એ મોર ચંગમાં.

"ઘાયલ" એ ઘાવ જીંદગી જાતા રૂઝાયતા;
ભૂલે ચૂકે તું બોલજે "ના બોલ વ્યંગમાં."

"ઘાયલ"]

[પાછો

કેપ્તાન સાદિક

"મુઝતર" હાંસોટી (ઘોરાજી)

વફા મેટ્રીક પાસ હતી. એટલે શૌહર પણ એજ્યુકેટેડ અને કમાણીવાળાની જરૂરત હતી. સાદિક ખાસી આવદાનીવાળો, સર્વિસમેન હતો. તેથીથી પહેલાં પરિચિત ન હતો. પરંતુ સાદિકની ગુફ્તગુ વફાના માતપિતાના દિલમાં ઘર કરી ચૂકી હતી. કારણ કે એની પ્રત્યેક વાતથી સજ્જનતા પ્રગટ થતી હતી વફા અને સાદિક ઉભયની નિસ્બત થઇ ગઇ. એકમેકનાં આચરણથી બેઉ પ્રથમથીજ વાકિફ હતાં એટલે પહેલીજ નજરમાં બેઉ એક બીજા ઉપર ફિદા ફિદા થઇ ગયા વફામાં પણ નામ પ્રમાણે લક્ષણ હતાં, જિન્દગીભર વફાદાર સાબિત થવાનાં. સાદિકની તમન્ના હતી કે શાદી સવેળા થઇ જાય, જેથી પોતાની વફાને લઇ આનંદ સાગરમા ગરક થઇ જાય. વફાના માત-પિતાની જિંદના પ્રયોજનને અમૂલ્ય ઝવેરાત અને કપડાં તૈયાર કરાવવાં પડયાં; જેથી કર્જદાર પણ થઇ ગયો. બેઉ લગ્ન-ગ્રંથીથી જોડાઇ ગયાં. પરંતુ દુન્યા જ્યારે જુએ છે કે બે ખાનદાનો એકમેકની સાથે જોડાયાં છે; તો ઇર્ષાળુઓ એવી કોશિશ કરે છે કે કેમે કરી ઉભયમાં અણબનાવ થઇ જાય! અદેખાંઓએ પોતાનું અનિષ્ટ પ્રકાશ્યું; તો પણ શાદી તો નિર્વિઘ્ને થઇનેજ રહી.

એમ તો પ્રત્યેક હાલતમાં પતિ-પત્નિ ઉભય હંમેશ હર્ષાવેશમાં મસ્ત રહેતાં. પરંતુ કર્જના પ્રયોજને સાદિક પત્નિની તમામ જરૂરીયાતો પરિપૂર્ણ કરી શકતો ન હતો. એટલે પત્નિનું હૃદય જ્યા કરતું. વફા કેમકે શ્રીમંતની પુત્રી હતી. એટલે સો દોઢસો રૂપિયા તો તેણીને આનગી ખર્ચમાં જોઇતા હતા. લાંબો સમય વીતી ગયો છતાં કર્જ જેમનું તેમ રહ્યું. એક વેળા વફા પોતાના પિયેર ગઇ. ત્યાં તેણીના માત-પિતાને સાદિકની કુદશાની જાણ થઇ. તેઓએ નિર્ણય કરી લીધો કે જ્યાં લગી સાદિક કર્જથી બાકાત ન થઇ જાય, ત્યાં લગી પુત્રીને સાસરે મોકલવી નહીં.

મહાન લડાઇ ચાલુ હતી. દરેક વસ્તુ મોંઘી હતી. થોડા પગારમાં પતિ પત્નિનું ગુજરાન પણ ચલાવવું, ભવિષ્યમાં, ઔલાદની કેળવણીમાં ખર્ચ કરવો, વૃદ્ધાવસ્થાને વિચાર કરવો એ ઉપરાંત કર્જ પણ ભરપાઇ કરવું. આ વિચારોએ સાદિકને રાત-દિન બેચેન બનાવી દીધો હતો. સાદિક એક મજબૂત બાંધાનો કદાવર નવયુવાન હતો અને વળી ગ્રેજ્યુએટ પણ હતો. મિલિટરીમાં નવયુવાનોની ઘણી માંગ હતી. ગવર્નમેન્ટે તેને કમીશન આપ્યું તેણે થોડાક વિચાર પછી તેનો સ્વીકાર કર્યો. તેણે ધૂન કરી કે પોતાની પત્નિની સલાહ નહોતી લીધી શું કરે? પત્નિ કંઇ તેને રજા આપત કે?

પત્ર-વ્યવહાર બિલ્કુલ બંધ થઇ ગયો એટલે પત્નિને ઘણોજ ખેદ થયો. સાથેજ સાદિકનો સઘળો સર-સામાન તેણીના પીયર પહોંચી ગયો.

જ્યારે પત્નિને ખબર થઇ કે સાદિક મિલિટરીમાં જોડાઇ ગયો છે, તો તેણીના હોશકોશ ઉડી ગયા. દુન્યા અંધકારમય દીસવા લાગી અને તેણી એક નિરાશાની પ્રતિમા સમી રહી ગઇ.

૭ માસની ટ્રેનિંગ પછી સાદિકની લેફ્ટનન્ટ તરીકે નિમણુંક કરી મિસ્ત્ર મોકલી દીધો. આ વખતે અહીં અંગ્રેજો અને જર્મનો વચ્ચે ભીષણ યુદ્ધ ખેલાઇ રહ્યું હતું. લેફ્ટ૦ સાદિકે પોતાની વીરતા અને બહાદુરીના કારણે ઘણી નામના પ્રાપ્ત કરી. તેને 'કેપ્તાન' બનાવવામાં આવ્યો. લડાઇ બરાબર એક વર્ષ લગી જારી રહી. જેમાં કેપ્તાન સાદિકને ડાબા

(૧૯૪૨



પેઢામાં એક ગોળી લાગવાથી જરા સરખો ઝખ્મ થઇ ગયો પરંતુ તેની કંઇ ઉંડી અસર ન થઇ એક મહીનાના ઇલાજ પછી તે તંદુરસ્ત થઇ ગયો. આ અણધારી આફતની ખબર વફાને ન થાય એવી સાદિકની આશા હતી. કારણ કે તેને ભય હતો કે આવા સમાચાર સાંભળી વફા જીવંત રહી શકશે નહિ વફાને બરાબર પ્રત્યેક મહીને ગવર્નમેન્ટ તરફથી રૂા. પાંચસોનું મસિક વળતર મળતું હતું તેવું પણ બંધ થઇ ગયું હતું. બસ્રે તેણીની પાસે એક મોટી મૂડી એકઠી થઇ ગઇ હતી તેણીના નાના બાળક માટે આયા અને નર્સ નોકર હતી. દરેક રીતે સંતુષ્ટ હતી તેણીને જેની ખોટ હતી, તો તે કપ્તાન સાદિકની–પોતાના પતિની.

કપ્તાન સાદિકને આરામ થયા બાદ ગવર્નમેન્ટે તેને ફરી હિંદુસ્તાન રવાના કરી દેવાનું ફરમાન કર્યું કેમકે તે સંપૂર્ણ સેવાઓ અર્પણ કરી ચૂકયો હતો. હવે તેને હિંદના રક્ષણાર્થે પાછો મોકલવાનું મુનાસિબ હતું. વફાને પણ તાર દ્વારા ખબર મળી તેણીના હર્ષની સીમા ન રહી આજે તેણીને ખરી ખુશી પ્રાપ્ત થઇ. આજે તે પોતાના સાદિકના સત્કાર અર્થે કરાચી જવાની તૈયારીમાં તલ્લીન છે. નાના જમાલને પણ નવા કપડાં પહેરાવવામાં આવ્યાં, એક નર્સ પણ સાથે જવા તૈયાર થઇ. બીજે દિવસે વફા કરાંચી બંદરે પહોંચી. જહાજના આગમનમાં હજુ એક કલાકની વાર હતી. આ એક કલાક પણ તેણીને એક સૈકા જેટલો માલુમ પડયો. એક કલાક પીતી ગયો, બસ્રે બીજો પણ પસાર થઇ ચૂકયો હતો કે કરાંચીના અફસરોને ટેલીફોન દ્વારા ખબર મળી કપ્તાન સાદિકના જહાજને બંદરેથી બે માઇલના અંતરે દુશ્મનોએ નીચેથી બાકું કરી દીધું, જેથી જહાજ ડુબી ગયું છે. ધીમે ધીમે આ સમાચાર સઘળા બંદરોએ પહોંચી ગયા જ્યારે આ ખબર વફાના કર્ણો પર અથડાયા તો તેણી મૂર્છિત બની સમુદ્રમાં પડી ગઇ કેમકે તેણી બરાબર કિનારે ઉભી વાટ જોઇ રહી હતી કે અહો જહાજ આવીને ઉભું રહેશે.

પેલી તરફ કપ્તાન સાદિક થોડાક સિપાઇઓ સહિત એક હોડીમાં બેસી નીકળ્યો હતો. ઘણીજ ત્વરિત ગતિએ કરે આવી રહી હતો. અને પોતાની પ્રચંડ દુરબીનથી સમુદ્ર-તીરે જોઇ રહ્યો હતો. એક માઇલના છેટે ઉભેલી વફા દુરબીનમાં જેવી નયન-ગોચર થતી કે જાણે તેણી તેના નિકટમાં ઝડી પુરપોદાર હાથમાં લઇ સાદિકને પહેરાવવા અર્થે આતુર છે. કપ્તાને વર્દી પહેરી હતી અને જ્યારે વફા દરીયામાં પડી...તેજ સમયે તેની હોડી પણ...કિનારે આવી લાગી. વફા તેને ઓળખી ન શકી. અથવા તેણીએ આ તરફ જોયું ન હતું. તેની દ્રષ્ટિ તો ઘણી દૂર સમુદ્ર ભણી એક મહાન જહાજની આગમનની વાટ જોતી હતી. કપ્તાન સાદિકે પોતાની હોડીમાંથી કૂદકો માર્યો અને થોડીજ વારમાં પોતાની વફાને હાથોમાં ઉઠાવી કાઢી લાવ્યો. પરંતુ વફા હજી બેભાન હતી. વફાને કારમાં સુવાડી દીધી. નર્સે પૂછયું, આપ કોણ છો ! કપ્તાને તુર્તજ જવાબ આપ્યો. હું "કપ્તાન સાદિક" નર્સના હર્ષની હદ ન રહી તેણીએ નાના બાળકને આગળ ધરી કહ્યું, કે "લેફ્ટનન્ટ જમાલ આપના સત્કાર અર્થે આવ્યા છે." સાદિકે પોતાના જમાલને ગોદમાં લઇ લીધો અને ચિત્ત પ્રેમથી પ્યાર કર્યો પરંતુ તેને વફાની ફિક્ર હતી. મોટર ડીન્સર હોટલમા પહોંચી. ડૉકટરની પ્રથમથીજ ત્યાં ટેલીફોન દ્વારા વ્યવસ્થા થઇ ચૂકી હતી, અર્ધા કલાકમાંજ વફા ભાનમાં આવી ગઇ, જ્યારે ભાનમાં આવ્યું ત્યારે તેણીએ પોતાને સાદિકની આગોશમાં જોઇ !

(ઉર્દૂ ઉપરથી સુચિત)

પ્રણય શ્વાસ ઉર જેના ભરતો હતો હું,
વિરહમાં સદા જેના મરતો હતો હું.
વિચારોમાં જેના વિચરતો હતો હું,
કવિતા સદા જેની કરતો હતો હું.
હશે ગોદમાં તે સજન આ જરા તે,
રે લીલાનું થાશે મિલન આજ રાતે.

●

પ્રથમ પ્રેમ મંદિરમાં લાવીશ એને,
પછી ભેટ દિલની ધરાવીશ એને.
બધી આપવીતી સુણાવીશ એને,
કહું શું ? કે શુ શું બતાવીશ એને.
થશે દિલથી દિલનું કથન આજ રાતે,
રે લીલાનું થાશે મિલન આજ રાતે.

●

છતાં ડર છે કેમ એ મુલાકાત થાશે ?
મને દર્શ તેના ત્યાં સાક્ષાત થાશે ?
પછી બાકી બાકીથી ત્યાં વાત થાશે ?
ખતમ કેમ એ સ્વપ્ન સમ રાત થાશે ?
કે ગભરાય છે બારું મન આજ રાતે;
રે લીલાનું થાશે મિલન આજ રાતે !

(ગોકળભાઈ દિવેટીયાની આ.
તા. ૨૭-૧૦-૪૦ પાનું ૧૯)

નિરખી રંગીનીસે અહંકાર હું મદભરીશ મેરે,
નિરખી ઉલ્લાસોંસેહું આરપાર પુર અજ જોશ મેરે,
નિરખી પુરકતમેં બયજાત હું ગુમ હોશ મેરે,
નિરખે જલ્વોંસે તમન્નુરહું હમ આગોશ મેરે,
જલ્વા દિખલાએગી તો ઇસે સજા આજકી રાત !

●

પાકિ હદ્દે દિલેઝાર કરેંગે ઉન્હો,
ગમે ઉલ્ફતસે બખરદાર કરેંગે ઉન્હો,
મહરમે જજબએ ઇસરાર કરેંગે ઉન્હો,
ગોદમેં લેંગે ઉન્હું પ્યાર કરેંગે ઉન્હો,
દિલકી રગરગસે મેં આતીહું સદા આજકી રાત !

●

લેકિન ઇજિદારે બયાલાત કરેંગે કયું કર ?
શર્મ આતી હે મુલાકાત કરેંગે કયુ કર ?
બાત કરતી હે મગર બાત કરેંગે કયું કર ?
બન્મ યેહ બ્યાબ કિસી રાત કરેંગે કયુ કર ?
આદયે આજકી યેહ બ્યાબતુમા આજકી રાત !

●

("ગુપ્તહે બહાર" પાનું ૨૬-૨૪)

વ્યુત્પત્તિ

'આસિમ'ની પ્રેમ-લીલા એટલે
'અખ્તર' કીરાનીની 'સલમા' +
'અલ્બાકૂ' મશ્રવાદીની બિભલા.

વધુ માટે આપનો અંક જો

કારવાં [માસિક] Registered No. B. 4327.

માસ જુલાઈ ૧૯૪૨

પુસ્તક ૩ જું તંત્રી : "વહશી" બૂંદરી. અંક ૧૧ મો

અનુક્રમણિકા.

વિષય સૂચિ.		લેખકનું નામ		પૃષ્ઠ.
"કદમ કદમ પે હવા સાંસ બનકે આતી હૈ"		ૐ૦ "આરઝૂ" લખનવી સા૦		૬૧૭
ઈસ્લામી શિક્ષણ (કુર્આન)	...	મૌ૦ અ. રહીમ સા૦	... ...	૬૧૮
" " (હદીસ)	...	" " " "	... ...	૬૧૯
આયંબરી દુનિયા ...	...	'બેકાર'	... ..	૬૨૦
ફતાવા ...	...	મૌ૦ અ. અશરફ સા૦	... ...	૬૨૪
બોઠ	...	રા વગુજરો	... ...	૬૨૭
"ચિંતન" (કાવ્ય) ...	...	"ઉત્તમ"	... ...	૬૨૯
લીલાની લકીકત-પડદો ઉંચકાયા પછી		"વની" ...	... ...	૬૩૦
સ્વીકાર અને સમાલોચના ...		સંપાદક ...	... ...	૬૩૨
"શુદ્ધ બોધો સાર જીવન સારમાં" ...		'કલીમ' ...	... ...	૬૩૨
જીવતા ડંખ (નાટિકા) ...		"ધુંજન" ...	... ...	૬૩૩
અરબાઓલ હુરના ...	...	રિકાઈ-સાબેરી	... ...	૬૩૭
આફ્રિકાનો વિજેતા ...	...	"સાલેહ બકીલી"	... ...	૬૪૧
રૂબાઇ	...	"બેકાર" ...	... ...	૬૪૪
સિદ્ધિના સન્માર્ગ ...	...	"ગાર્ડેલ"	... ...	૬૪૫
અનવર કહીએ ...	...	"હાશિમ"	... ...	૬૪૬
નાશમાંથીજ નવસર્જન થશે ...		વલોઆણી ...	... ..	૬૫૩
"પ્યારી ઝુપડી" (કાવ્ય) ...		"મરત હબીબ"	... ...	૬૫૪
ચકમો સાથે મુલાકાત ...	...	ઇબ્ન. મીસ્કી	... ...	૬૫૫
તૂટેલા રમકડા ...	...	"સીરતી"	... ...	૬૫૮
"કરગરે છે" (કાવ્ય) ...		"ઝૈયાશ"	... ...	૬૬૩
કોટની શોધમાં ...	..	"રઇસ"	... ...	૬૬૫
"ના બોલ વ્યંગમાં" (કાવ્ય) ...		"ઘાયલ"	... ...	૬૭૦
કપ્તાન સાદિક ...	...	"મુઝતર"	... ...	૬૭૧

વાર્ષિક લવાજમ:-હિન્દ અને સીલોન રૂા ૪, બર્મા રૂા. ૫, પરદેશ શી. ૮

છુટક નકલ પાંચ આના

"કારવાં" દર અંગ્રેજી મહીનાની તારીખ પંદરમીએ પ્રગટ થઈને તેજ દીવસે પોષ્ટ કરવામાં આવે છે. રેપર ઉપર ગ્રાહક નંબર હમેશા લખવામાં આવે છે. પત્રવ્યવહાર વેળા તે લખવા ચૂકશો નહીં. અંક નહી મળવાની ફરિયાદ હિંદના ગ્રાહકોએ તા. ૨૫મી સુધીમાં કરવી.

Printed by: Maganlal Mangaldas Patel, at The 'Gangotri' Printing Press. Kapath, Khara Bazar, Surat.

Published by: Azam Ahmad Esmail 'Vahshi' for Vahshi Sahitya Karyalaya Surat.

રાખીલે અમ કૌમ કેરી અય ખુદાયા લાજ તુ

રચનાર : "મઝલૂમ" જેતપુર

મુસદ્દસ

શું અજબ જાહોજલાલી શાન એ શૌકત હતી,
વેપાર વાણીમાં બધે કેવી ભલા રાહત હતી,
લાખોની રોઝી હતી, લાખોની ત્યાં બિલ્કત હતી,
શું કહું ગઈ કાલના બરબાની શું હાલત હતી?
હાય ત્યાં આજે કયામતની ઘડી દેખાય છે,
રે વરસતી આફતોની ત્યાં ઝડી દેખાય છે.

યુદ્ધથી બરબાદમાં આજે કેવી લાગી લ્હાય છે,
કોઇ જળ રસ્તે, કોઇ પગ રસ્તે, નાસી જાય છે,
માલ બિલ્કત ત્યાં દબાવી કોઈ તો ગભરાય છે,
કો' અભાગી ભોગ આજે યુદ્ધ કેરો થાય છે,
કોઈ તો એવા બિચારા આવવા મોહતાજ છે,
કોઇ તો ઘરબાર સાથે થઈ ગયા તારાજ છે.

કોઇના ત્યાં પુત્ર-રત્નો, કોઇના ત્યાં તાત છે,
કોઇના સ્નેહી-સગાં ને કોઇના ત્યાં, ભાતૃ છે,
આજ તેઓનાં ઘરે દિનરાત ઉલ્કાપાત છે,
આહ-નિસાસા છે અને નિત રક્ત અશ્રુપાત છે,
આહ! તેઓની કથા લખતાં કહું શું થાય છે,
કમ્પી રહી મારી કલમ મુજ ઉર સળગી જાય છે.

યુદ્ધ કારણને લઇ જેઓ અહીં આવ્યાં ભલા,
કોઇને રે કયાં ખબર છે એમના ઘરની દશા,
લખ્યા હતા કંઇ પાસ તેથી આજતક પુરી ક્ષુધા,
આજ તેઓના ઘરેઘર છે ખરેખર કરબલા,
આજ તો આ છે દશા, કાલે વળી શું થાય છે,
કુદરત કર ભારી ભયંકર યા ખુદા દેખાય છે.

(વધુ માટે જુઓ ટાઇટલ પેજ ત્રીજુ)

પુ. ૬ નં. ૭ ક્રમાંક ૧૨ મો



ચિનગારી



ઑગસ્ટ ૧૯૪૨

હિકાયતે રંગૂન

અઝ: જનાબ હાફિઝ "ઉલ્ફત" સાહેબ [બરોધન]

ઈસમેં ઈસ્લામિયોં કા ખૂન નઝર આતા હૈ,
હમકો રંગીન જો રંગૂન નઝર આતા હૈ.

ઇસ જગા પૂલ તિજારતકે ખિલા કરતે થે,
અબ વહાં ખૂન હી બસ ખૂન નઝર આતા હૈ.

ફૌજે આદા કા હુવા કરતા હૈ દિન કા છાપા,
રાત હોતી હૈ તો શબ ખૂન નઝર આતા હૈ.

શેહ મેં હો કોઇ બરમા કે યા દેહાતમેં હો,
આજ કોઇભી ન મામૂન નઝર આતા હૈ.

ગોશે ગોશે મેં હૈ દુન્યા કે કિયામત બરપા,
અબ બિગડતા રુખ્સે મરદૂન નઝર આતા હૈ.

આજ બરગશ્તા હૈ અફસોસ જમીંભી હમસે,
ઔર બદલા હુવા ગરદૂન નઝર આતા હૈ,

હમ જો ઇસ્લામસે બદલે તો ખુદાકાહમસે,
આજ બદલા હુવા કાનૂન નઝર આતા હૈ.

આજ ફિર દૌર હય ફિરઔનીયો હામાનીકા,
હુમમેં મૂસા હૈ ન હારૂન નઝર આતા હૈ.

હૈરે સદ હૈરે કે અબ લૅલિઝે આઝાદીકા,
હિન્દ મેં કોઈ ન મજનૂન નઝર આતા હૈ.

આહ! બરબાદિયે રંગૂનસે મુસ્લિમ-ગુજરાત,
મુબ્તિલાયે ગમે રંગૂન નઝર આતા હૈ.

સુનકે બરમામેં જબૂં હાલ વતન વાલોંકા,
દેખિયે જિસ્કો વો મહઝૂન નઝર આતા હૈ.

ઐશો દૌલતકા જહાં ગર્મ થા બાજાર 'ઉલ્ફત',
અબ વહાં આગ હૈ યા ખૂન નઝર આતા હૈ.



ઈસ્લામી શિક્ષણ

[illegible] નું ફરમાન (કુર્આન)

[illegible] ના આદુર્રહીમ સાદિક સાહબ

(૨૦૬) જે લોકો મુસલમાન મરદો અને મુસલમાન સ્ત્રીઓ પર તેમના કંઈ ગુનાહ કર્યા વિના તોહમત મુકે તો તેમણે અસત્ય અને જાહેરી પાપનો બોજો ઉઠાવ્યો (કુર્આન)

* * * *

(૨૦૭) અમે કોઇ વસ્તીમાં કોઇપણ ડરાવનાર (નબી) નથી મોકલ્યો પરંતુ ત્યાંના આસુદા લોકો કહેવા લાગ્યા જે કંઇ તમારા હસ્તે મોકલવામાં આવ્યું છે તેને અમે માનતા નથી. (કુર્આન)

* * * *


(૨૦૮) જો ખુદાપાક લોકોને તેમની કરણી પર (તરત) પકડે તો પૃથ્વીના પટ પર એકે પ્રાણીને (જીવતુ) છોડત નહિ પરંતુ તેમને એક નિર્માણ થએલી મુદ્દત (મૌત) સુધી મોહલ્લત આપે છે, ફરી જ્યારે તેમની મુદ્દત આવી લાગે તો ખુદાના બંદા ખુદાની નિગાહમાં છે. (કુર્આન)

* * * *

(૨૦૯) જે લોકો ખુદાની કિતાબને પઢે છે અને નમાઝ કાયમ રાખે છે અને અમારી આપેલી રોજીમાંથી છુપી અને જાહેર રીતે દાન આપે છે તેઓ એવા વેપારની આશા રાખે છે જેમાં કદિ ટોટો ન આવે. (કુર્આન)

* * * *

(૨૧૦) હે લોકો! બેશક ખુદાપાકનો વાયદો સત્ય છે તો દુન્યાની જીંદગી તમને ધોકામાં નાખે નહિ અને ખુદાના નામથી તમને તે દગલબાજ (શૈતાન) છેતરે નહિ. (કુર્આન)



(૨૦૬) રસૂલુલ્લાહ સલ. એ ફરમાવ્યું કે આપસમાં વિરૂદ્ધતા કરો નહિ કારણ કે તમારાથી આગળ જે લોકો થયા તેઓ માહોમાહે વિરૂદ્ધ પડયા જેથી તેઓ હલાક થયા. (બુખારી)

× × + ×

(૨૦૭) રસૂલુલ્લાહ સલ. એ ફરમાવ્યું કે તમો પોતાને માટે ભલાઈનીજ દુઆ કરતા રહો, કારણ કે જે તમો કહો છો તે ઉપર ફરિશ્તા આમીન કહે છે. (મુસ્લિમ)

× × × ×

(૨૦૮) રસૂલુલ્લાહ સલ એ ફરમાવ્યું કે જેવી રીતે ઈસા બિન મરયમ અલૈ૦ના હદ ઉપરાંત વખાણ થયા તેવી રીતે મારા વખાણ કરો નહિ, અને કહો કે હું બુદાનો બંદો અને રસૂલ છું. (સહીહન)

× × × ×

(૨૦૯) રસૂલુલ્લાહ સલ. એ ફરમાવ્યું કે બુદાના બાસ અગ્નિ વડે કોઇને શિક્ષા કરો નહિ. એટલે અગ્નિથી કોઇને બાળો નહિ (બુખારી)

× × × ×

૨૧૦) રસૂલુલ્લાહ સલ. એ ફરમાવ્યું કે અલ્લાહની નાફરમાનીમાં કોઇની તાબેદારી નથી. તાબેદારી તો સારા કામમાંજ છે. (સહીહૈન)



બસ ચાલ્યા જાઓ!

ગાંધીજીએ અંગ્રેજોને કહ્યું છે કે; "બસ ચાલ્યા જાઓ!" એજ પ્રમાણે બીજાઓ પણ 'ચાલ્યા જાવ'નો મંત્ર ઉચ્ચારે તો શું પરિણામ આવે એનો કોઇએ વિચાર કર્યો છે? સારૂં! ધારોકે ગાંધીજીના કહેવાથી ગોરા ચાલ્યા જાય. તેજ પ્રમાણે બરમાઓ હિંદીઓને કહે કે "બસ અહીંથી ચાલ્યા જાવ!" તો જે ૪-૫ લાખ હિંદીઓ હજુ બરમામાં ધામા નાખીને પડ્યા તેને ગાંસડાં પોટલાં બાંધવા પડે! મલાયા ને સીલોનવાસીઓ પણ હિંદીઓને કહે કે; "બસ ચાલ્યા જાવ!" તો તેમને પણ બિસ્તરા બાંધવા પડે. સાઉથ અને ઇસ્ટ આફ્રિકાવાળા પણ કહે કે "હિંદીઓ ચાલ્યા જાય" તો એકલો હિંદમાં ૪૦ કરોડની વસ્તી છે ને એ બધાં હિંદનાં સંતાનો હિંદ ભેગા થાય તો બોધવારી કેવું પરિણામ લાવે એ વિચાર્યું છે? બેર! વીર સાવરકર જેવા કોઈ છેલ્લે પાટલેના વિચારક એમ કહે કે "મુસલમાનો તમે મૂળ અરબસ્તાનથી આવ્યા છો માટે તમારા મૂળ દેશમા ચાલ્યા જાવ!" તો હિંદની વસ્તીમાં પાછી ૮-૯ કરોડની બાદબાકી થાય. પણ વળી કોઇ અનાર્ય લીડર બધા હિંદુઓને કહે કે; "હે આર્યજનો આપ તો એશિયામાંથી હિંદમાં આવ્યા છો. હિંદના મૂળ વતનીઓ તો અમે અનાર્યોજ છીએ માટે આપ પણ હિંદમાંથી ચાલ્યા જાવ!" તો શું પરિણામ આવે એનો કોઇ દેશના કાળજે વિચાર કર્યો છે?

અરે! કાને ઉડીને બેરીઓ કહે કે; "બરદો ચાલ્યા જાય! ઘરની માલિક અમે જ છીએ." વાત ખરી છે. સ્ત્રીને સંસ્કૃતમાં ભાર્યાજ કહી છે. ભાર્યા એટલે ઘરનો ભાર ઉઠાવનાર. જો આમ થાય તો બધા ભયડાઓ ઘરબાર છોડીને કયાં જાય! અવી રીતે "બસ ચાલ્યા જાઓ"નો પવન આખા જગતમાં ફુંકાય તો શું પરિણામ આવે? આફ્રિકાના 'હબ્શી' અને 'કાફરા' ગોરાઓને કહે કે "બસ ચાલ્યા જાઓ!" અમેરિકાના 'નિગ્રો' અમેરિકનોને કહે કે "ચાલ્યા જાઓ!" ઈસ્ટ ઇંડીઝ અને વેસ્ટ ઇંડીઝની દેશી પ્રજાઓ પણ ગોરાઓને કહે "ચાલ્યા જાઓ!" તો એ બધા કયાં જાય હોલેંડ કે ઇંગ્લાંડમાં તો સમાયજ નહિ તો શું દરિયામાં પડે? પરિણામે જંગલી અને અનાર્ય પ્રજાઓ ફાવી જાય અને સુધરેલી અને સંસ્કૃત ગણાતી પ્રજાઓ રવડી જાય! તો શું ગાંધીજીનો વિચાર દુનિયાને રવડાવી મારવાનો છે? એના કરતાં ગાધીજી એવોજ ફતવો કાઢે કે "જે માણસ જ્યાં હોય ત્યાંજ રહે પણ સીધી રીતે રહે ને પોતાના પગો મજબૂત કરવા કોઇના ટાંટીયા તકાસે નહિ!" અસ્તુ:

●

જો બૈરાંઓ ધારે તો?

કહેવાય છે કે "બૈરાંઓના કાળજાં કોમળ હોય છે, દિલ નાજુક હોય છે, હૃદય દયાળુ હોય છે." હું આ વાત માનવાને "ના

પાડું છું...આજે જગતમાં દરરોજ હજારોના હિસાબે મરદો હણાય-છે કપાય છે. રાવન-સરખિ રક્ષસને તાબે કરીને સરમુખત્યારો લાખોની કતલ ચલાવી રહ્યા છે વરસ દિવસે તો કરોડોની સંખ્યામાં મુડદાં ખડકાય છે. લાખો બાળકો અનાથ અને લાખો સ્ત્રીઓ વિધવા થાય છે. એ બધું નજરે જોયા પછીય બૈરાંઓનું હૃદય પીગળતું નથી! હીટલર તો ચાહો છો એટલે તેને બાદ કરીએ તો બાકી ગોરીંગ, ગોબેલ્સ, રે મેલ, બક, ચર્ચીલ, ડુનિન, ટ્રિપ્સ, એમેરી, રૂઝવેલ્ટ, નોક્ષ, હલ, સ્ટેન્લીન, ટીમોશી કો, મોલોટોવ, ઓશીનસ્કેક, મેક આર્થર, ટોજો, મીકાડો, ચાંગ, મુસોલીની વગેરે લડાઇના સંચાલકોની સ્ત્રીઓ ભેગા મળે અરજ કરે કે "બૉમ્બરલર! લડાઇ જ્યાં છે ત્યાંને ત્યાં જ થંભાવી દયો, નહિતર અમે છુટાછેડા લઇશું." આમ ધમકી આપે તો એ લડાઇખોર ભેજાંઓ તરત વિચાર કરતાં થઇ જાય. અને માનો કે બૈરીઓની ધમકીને ન ગણકારે અને છુટાછેડા કરી નાખે તો એ બૈરાંઓ વિશાળ પાયા પર ચળવળ ચલાવી લડાઇ બાતાના દરેકે દરેક ચકલસરથી માંડીને નાનામાં નાના સૈનિક સુધીની સ્ત્રીઓને છુટાછેડા લેવરાવવાની ફરજ પાડે. અને એ ચળવળને વેગ આપવા તમામ જગતની સ્ત્રીઓ પ્રતિજ્ઞા લે કે કોઇ પણ 'લડાકુખોર' સાથે પરણવું નહિ; તો પછી એ ફરજીયાત થયેલા વાંઢાઓ કોના માટે લડે? શા માટે લડે? અને લડે ને મુલકો મેળવે તોય એ શુષ્ક મુલકો 'વાંઢાસ્તાન'માં ફેરવાઇ જાય અને જગતનો બધોય રસકસ સુકાઇ જાય! અંતે બધાય કંટાળીને શાંત થાય. પણ આમ કયારે થાય? એ દયની દેવી બૈરીઓ ધારે તોજ! તો હવે આથી સાબિત થયું છે કે જગતને લડતું જ રાખવાની કે શાંત પાડવાની ચાવી બૈરાંઓનાજ હાથમાં છે, ચહે તો એ દયાની દેવીઓ જગતને ઉગારે કે મારે! બાકી ભગવાનને ભરોસે તો હવે કશુંય ન છોડાય કારણ કે ભગવાન ખુદ બૉમ્બોના ધડાકાથી લાકીને પૃથ્વી ઉપરથી પલાયન થઇ ગયેલ છે! અને જો તેમ ન થયું હોય તો કોઇની તાકાત છે કે ખુદ ભગવાનના ઘરો પર બૉમ્બ વરસાવી શકે અને દેવળો કે મસ્જિદોને તબેલાના રૂપમાં ફેરવી શકે? માટે હે નારી! હવે તો જગતને ઉગારવાની તારી છે વારી! જો તું થઇ ખારી, તોજ ભાયડાઓ જાહેર કરશે લાચારી! અસ્તુ:

આપણા દેશના મોરચા!


યુરોપમાં બીજો મોરચો ઉપસ્થિત થાય કે ન થાય પણ હિંદમાં તો ધારસેટનો મોરચો ઉપસ્થિત થઇ ગયો છે. શીશા અને ડબલાં સાથે ધારસેટ લેવા ઉભેલાં બૈરાં, છોકરાં, અને મરદોની અલગાર જોઇને "**धारसेटकी आस तमन्ना आज हमारे दिलमें हुय**"ની પંક્તિ યાદ આવે છે. અને ખાંડના એક રતલ કે બે રતલનાં પડીકાં મેળવવા માટેની પડાપડી તો છપ્પનીયા કાલની યાદ તાજી કરાવે છે. આ પ્રમાણે ધારસેટ ને ખાંડનો મોરચો એક તરફ ધિકમી રહ્યો છે; ત્યારે પેટ્રોલનો મોરચો તો સાવ ઠંડો થઈ ગયો હોઇ બિચારા ડ્રાઇવરો માખ્યો મારતા થઇ ગયા છે પણ કોણ જાણે આ લડાઇની અસર તો માખીઓ ઉપર પણ થઇ ગઇ છે અનાજની અછતની જેમ માખીઓની અછત દેખાય છે; એટલે માખ્યો મારવાનો ધંધો પણ શી રીતે ચાલે? બીજી બાજુ સાબુ, ચાહ, ને દિવાસળીનો મોરચો ઉભું ઉભું થવાની તૈયારી કરે છે. કેટલાક ચૈસા-

દારો તો જાણે સાત પેઢીનો મેલ દૂર કરવાનો હોય; તેમ સાબુની પેટીઓ પર પેટીઓ વસાવી રહ્યા છે! અનાજનો મોરચોય વિકમી રહ્યો છે ૮૦ ટકાના ખેતી પ્રધાન દેશનાં સંતાનો અનાજ માટે વલખાં મારે એ પણ સમયની બલીહારી છેને! ફક્ત 'વા' ખાઈને પેટ ભરવાનો ધણાએ.એ ઇરાદો સેવ્યો છે. ભૂખમરાને લીધે થતા આપઘાતોની પરંપરા જોતાં ભગવાન પણ જાણે ભૂખમરાને આવકારી રહ્યો હોય એમ ઉત્તેજન આપી રહ્યો છે. અને જો તેમ ન હોય તો લીલા દુકાળ જેવું કરી નાખે! વરસાદ જ્યાં પડે છે ત્યાં એવો તળીયા ઝાટક પડે છે કે ખેતરો પણ ખોદાઈ જાય છે તો તૂલને તે કયાં રડીએ? જ્યાં સુકું છે ત્યાં હજીય કચ્છના રણ જેવું સુકું છે! આગળ જતાં ધારણેટનો મોરચો પડી ભાંગતાં દીવેલનો મોરચો ઉભો થવાનો સંભવ છે. અગમચેતી વાપરીને આપણા શોધકોએ દીવેલની ફાનસો પણ તૈયાર કરવા માંડી છે. હવે લોકોને જુલાબ માટે બીજું દીવેલ લેવા જવું નહિ પડે. બાળવા માટે આરેડ્યું પીવામાં પણ ચાલશે! કોઈ વીરલો આ બધાના કારણરૂપ હીટલરને જુલાબ આપે એવો નહિ પાકે ત્યાં સુધી જગત આવી રીતેજ હેરાન પરેશાન થયા કરવાનું!

માંગ, માંગે તે આપું!

રામલીલાના રાજાએ! "માંગ, માગે તે આપું!" કહે તેમ ક્રિપ્સ કૉંગ્રેસને કહી રહ્યા છે. ફરક એટલો કે માંગવાનું હાલ; પણ આપવાનું લડાઇ પછી! ગાંધીજી કહે છે કે "વાયદાના સોદાથી અમે થાકી ગયા છીએ, હવે ટોલ્સે ચલાવવાની વાતોથી અમે રિઝાવાના નથી!" બીજી બાજુ રાષ્ટ્રપતિ મૌલાના આઝાદ પણ કહે છે કે 'માંગ, માગે તે આપું!" યાને કે "ભલે ગોરાઓ રાજ મુસ્લિમ લીગને આપી જાય તેમાંય અમને કંઈ વાંધો નથી." એ વાતને સરદાર પટેલ પણ ટેકો આપે છે પાર્લામેન્ટમાં પણ એમેરીને એ સંબધી સવાલો પૂછે છે; પણ ઝીણા સાહેબના તો પેટનું પાણીય હાલતું નથી. 'માંગ માંગે તે આપુ!'ના વચનમાં એમને વિશ્વાસ નથી. અને ગાંધીજી ગોરાઓને "ચાલ્યા જાઓ." કહે છે એ પણ એમને તો નાટક જેવો તમાશો ભાસે છે. "બહુ બોલનાર જલ્દી થાકે," અને 'ન બોલવામાં નવ ગુણ' એ બે કહેવતોને એમણે મજબૂત પકડી રાખી છે! પાકિસ્તાનનું પૂછડું એ છોડવા માંગતા નથી, અને એ સિવાયની બીજી વાતો સાંભળવા પણ માંગતા નથી. જોઇએ છીએ હવે એમની કારોબારી શું રંગ જમાવે છે? બાકી રાજાજીનું 'હાઉસન જાઉસન!' હવે ટાઢું પડતું દેખાય છે, અને સપ્રુ-ની ગેરહેજરી પણ.

"હમ બાંચી કે બેલસે કુછ કમ નહિ હૈંય; ઉમ્મીદ ફિરે પર જહાં થે વહીં હૈંય!" ની કહેવત રૂપિ શબેરને ખરી પાડતી ગાંધીજીના વટોળીયામાં અટવાઇ ગઇ છે! મહાસમિતીનો ભેંસ ભડકામણો હરાવ મુબઈ ખતે પસાર થઇ ગયો છે અને ખરેખર! જગતના બધાંય રેડીયો સ્ટેશને અને છાપાંઓને એ હરાવે ભડકાવી માર્યાં છે. પણ અમને તો આશા છે કે એનો અમલ થતા પહેલાં તો બાંધકોડના છુપાં યંત્રો ચલુ થઇ ગયાં હશે ને અમેરિકાના આસ્માનમાંથી કોઇ સુલેહનો દૂત આવી પડશે ને પછી બધું હતું તેમને તેમ; "ખોટી રફ્તાર બેઢંગી ને પહેલેથી વાહ અબજી હો!" ની જેમ હાલતું થશે!



સવાલ કબ્રસ્તાનમાં જઈ મુરદાઓને કેવી રીતે સલામ કરવી? તે લખશોજી

જવાબ-કબ્રસ્તાનમાં જઈ આવી રીતે સલામ પઢેઃ-અસ્સલામો અલયકુમ યા અહલલ કુબ્બરે અન્તુમલના સલફુન વ નહનો લકુમ તબઉન વ ઇન્ના ઇન્શાઅલ્લાહો બેકુમ લાહેકુન યગફેરૂલ્લાહો લના વ લકુમ વ રહમુ નહ્લ હો વ ઇયાકુમ. (મશકિન ફલાહ)

સવાલ-એક માણસે પોતાની જમીન, ઘર મસ્જિદમાં આપી દીધાં છે અને તેના પીતરાઇ ભાઇ ગરીબ છે તેને આપ્યાં નથી. તો એમ કરવું જાએજ છે કે નહિ?

જવાબ-અગર પોતાની હયાતીમાં પોતાની મિલ્કત મસ્જિદમાં આપી દીધી છે કબજો વહીવટ વગેરે પણ મસ્જિદના હવાલે કરી આપ્યો છે તો એ આપવું સહી થઇ જશે. ફરી કોઇ લઇ શકતું નથી. પણ વારેસોને ઠોકરી થયો માલ એવી રીતે આપી દેવો કે વારેસોને કંઇ મળે નહિ એવી તેના સિરે આખેરતની જવાબદારી રહેશે (આલમગીરી)

સવાલ-શરાબ બંધીના જે ઇસ્લામી કાનુન છે તે કાનુનો શું શું છે? અને શરાબ બંધીનું મુખ્ય કારણ શું છે? શું તેનું કારણ એ છે કે શરાબ પીવાથી માણસ પોતાના હવાસ ખોઇ બેસે છે. અને પોતાનું તેને કંઇ ભાન રહેવું નથી. અગર જો તેમ હોય તો એવો શરાબ પીવામાં આવે કે જેથી નશો ન ચડતો હોય તો જાએજ છે? અગર તો દવાના તરીકાથી એટલે કે દવા તરીકે જીસ્મને ફાયદો આપ તેવી અને થોડા પ્રમાણમાં પીવાથી ફાયદો થતો હોય તેમ પીવામાં આવે તો શું વાંધો છે? મેં જોયું છે જે દેશના લોકો શરાબ પીએ છે તેમના શરીર તંદુરસ્ત દેખાય છે. અને તેથી ખોરાક પણ સારા પ્રમાણમાં લઇ શકે છે તો એવી જાતના ઉંચા શરાબ પીવાથી શું નુકશાન છે? છેવટમાં મારી મતલબ પુછવાની એ કે શરાબ જો સારી જાતનો હોય અને તે પીવાથી ફાયદો થતો હોય તો તે પીવામાં વાંધો છે? આશા છે કે તમો જવાબ આપશો.

જવાબ-શરીઅતે ઇસ્લામમાં શરાબ પીવી હરામ અને સખ્ત ગુનો છે. કુર્આને પાક અને સહીહ હદીસોમાં એની ઘણીજ વધુ અને ખુવાર તથા નુકસાનો બયાન કરવામાં આવ્યાં છે. "મુસ્કે માઅદહ"માં હકતઆલા ફરમાવે છે કે "હે, ઇમાનવાળાઓ નક્કી વાત એજ છે કે શરાબ, જુગાર, બુત, ફાલના તીર, એ સર્વ નાપાક અને શયતાની કામ છે. માટે એનાથી બીલકુલ છેટા રહો, કે તમને નજાત મળે. અશ્ચિત શયતાન

તો એમ ચાહે છે કે શરાબ અને જુગાર વડે તમારા પોતપોતામાં દુશ્મની અને ફીના પૈદા કરે. અને અલ્લાહની યાદ અને નમાઝથી તમને રોકે, માટે અત્યારે પણ બાઝ આવો." હદીસની કિતાબ 'મઝને માજહ'માં છે કે હઝરતે (સલ્લ૦) ફરમાવ્યું કે શરાબ ન પીયો કારણકે એ દરેક બુરાઇની કુંચી છે." બીજી હદીસમાં છે કે આપે (સલ્લ) ફરમાવ્યું કે "હે, લોકો શરાબથી તમો બચો કેમકે એ દરેક પ્રકારના ગુન્હાઓની જડ (મૂળ) છે." એના પીવાથી માણસની અક્કલ હુશિયારીમાં ફતૂર આવે છે. શર્મ અને હયા નીકળી જઇ બેમુરવ્વતી આવી જાય છે. અને દરેક જાતના બૂરા અને ભૂંડા કામો કરવા લાગે છે. મનલખ કે જાહેરમાં તેમજ બાતેનમાં ઘણા નુકસાનો છે વળી હદીસ શરીફ છે કે જેના વધારે પીવાથી નિશાહ ચઢતી હોય તેનું એક ટીપું પણ પીવું હરામ છે. શરાબ વિષે જાહેરમાં થોડાક ફાયદા કરતાં નુકસાન અને ગુન્હો વધારે છે. આજકાલ જે નવી શરાબો ભારી કીંમત કે જેના થોડા પીવાથી નિશાહ ચઢતી નથી એ પણ વધારે ઝેરદાર અને હન્ની મઝહબના મોટા મોટા પુરહાઓ કિરામ (રદી)ના મત અને વચન મુજબ હરામ છે. અને ફતવો અપાયલો એજ વચન છે અને એમાંજ એહતેયાત છે. અને ઇમદાદુલ ફતાવાના કર્તા અને મવલાના અબ્દુલહય લખનવી (રહે.) પોતાના મજમૂઅહ ફતાવામાં એજ વાતને જોર આપે છે કે દરેક પ્રકારની શરાબ હરામ છે ફરી તે થોડીક કેમ ન હોય. તિબ્બી રૂએ ઘણીજ નુકસાનકારક છે. પીનારનું જિગર ખરાબ થઇ જાય છે. વળી થોડી થોડી પીતાં વધુ પીવાની આદત થઇ જાય છે. વળી અમેરિકાના મોટા મોટા ડૉકટરોએ શરાબની બુરાઇયો અને નુકસાનો લખ્યાં છે. શરાબ કરતાં ઘણી સારી બીજી વસ્તુઓ છે કે જેના વાપરવાથી માણસના શરીરમાં જાદૂ સમાન તાકાત પૈદા થાય છે ઘણા ઉમદા અને ઉંચા કીંમતના રવાદિષ્ટ શરબતો, ખમીરાઓ, યાકૂતી, હલવા, માજુન બને છે જેથી માણસ જાઇઝ રીતે કુવ્વત અને તાકાત મેળવી શકે છે. માટે કોઇ પણ વસ્તુ શરાબવાળી ન વાપરવી જોઇએ શરાબ અને સ્પિરિટ વાપરવાથી અમારા દિલોમાં ખરાબીયો પૈદા થઇ રે. અને ઇમાની કુવ્વત તથા દીલાગી જોશ નીકળી ગયો છે અને માત્ર જોવાની રહ વિનાની સૂરતો રહી ગઇ રે. હે અલ્લાહ ઇસ્લામ અને માત્ર મુસલમાનોને કુવ્વત તથા ગલબો આપ.

સવાલ-એક માણસ ગુજરી ગયો છે તેના પાછળ તેન સગાઓ આ મુજબ છે. અને તેના કફન, દફનનો ખર્ચ વિગેરે બાદ જતાં 'કુલ્લે, પુરા રૂા ૨૪૦૦) છે તેને વહેચી આપશો. ઓરત એક, દીકરી એક, બાપ, મા, ભાઈ એક, બહેનો બે છે,

જવાબ-પ્રથમના શરઈ હકો બાદ કરતાં અગર સાફી રોકડ રૂા. ૨૪૦૦) મર્હૂમના છે તો આ પ્રમાણે વારેસોમાં વહેચણી થશે. ઓરતને રૂા. ૩૦૦) એટલે આઠમો ભાગ દીકરીને રૂા ૧૨૦૦) એટલે અર્ધો ભાગ માને છઠ્ઠો ભાગ રૂા. ૪૦૦) બાપીના રૂા ૫૦૦) મર્હૂમના બાપને મળશે. એટલે પુરા રૂા. ૨૪૦૦) થયા મર્હૂમના ભાઇ, બહેનો વારેસ થતાં નથી માટે કંઇ મળશે નહિ. (સિરાજી)



અવકાશનો અભાવ અને કાગળોની અછતને લીધે 'આશ્રિમ' પ્રકરણ હવે મુલતવી રાખીએ છીએ, અને સાથે સાથે એક ચોરી નહિ પણ ચિરન્જેરીની નોંધ રજુ કરીએ છીએ. સુરતના રંગીલા કવિ 'અમીન આઝાદ'ની એક ગઝલ 'કારવાં'ના જુલાઈ સને ૧૯૪૦ ના અંકમાં પ૩ પાને પ્રગટ થઈ હતી, તેનો એક શેઅર આખેને આખો તફડાવીને ભાઈ 'મરીઝ' મુંબઈવાળાએ 'ચેતના' સાપ્તાહિકના તા. ૭-૨-૪૨ના અંકમાં 'કેસરની કયારી'માં પોતાની ગઝલમાં સાંગોપાંગ ઠપાવી મારેલ છે. આ રહ્યો તે શેઅર:—

"રંગે છે જાતજાતના રંગોથી જગ મને;
હું છું કે છોડતો નથી મારા ચિતારને."

ગુજરાતી સાહિત્યમાં આવી ચિરન્જેરીઓ કયાં સુધી ચાલતી રહેશે?

●

"...અને સાહિત્યના ચોરો, લેભગુઓ, તુંડમિજાજીઓ, કર્ણાટુઓની સખ્ત ખબર લેતું ..આ પાનું સાહિત્યનો ચોકસ વર્ગ બહુ માનપૂર્વક વાંચે છે." એવી ગર્વપૂર્વક નોંધ લેનાર કલમ શું પોતાનાજ હૃદયનું પ્રતિબિંબ રજુ કરતી નથી?

"દિલકે આઇને મેં હૈ તસ્વીરે યાર;
જબ જરા ગરદન ઝુકાઇ દેખલી!"

ભલા બિચારા સાહિત્યના ચોર, લેભાગુ, તુંડમિજાજી અને કર્ણાટુઓનેય ગુજરાત નભાવી રહ્યું છે એ એની કદરદાની છે! બાકી ચોર આપીને કલ્લી કાઢી લેવાની તમન્ના રાખનાર આશાવાદીઓ તો 'નરસિંહ મહેતાની' શાદન્તેગ કુંડી ખરે ક્રિતાલ અને મંજીરા સહિત ભજન કરી રહ્યા છે. એ જોઇને અમને પણ એક કાઠિઆવાડી ભજનનું સ્મરણ થઈ આવે છે કે:

"જાગલા છેતો ઉપર ધોળા ને મનના મેલા."

●

જ્યાં સુધી જગતમાં ચંદ્રનું અસ્તિત્વ છે; ત્યાં સુધી દૂધની યાદી કાયમ રહેવાની. અને દૂધની સાથે ભેંસનું અસ્તિત્વ પણ નજરમાં સમાવાનુંજ. અને ભેંસ યાદ આવે તો તેની સાથે 'મોટા ભેંસના મોટા રોળા'ની તલપદી ગુજરાતી કહેવત પણ સંભારવાનીજ! જાણો છો? એવું એક ઉદાહરણ ગુજરાતે પુરું પાડ્યું છે. "લોક જીવનને કાવ્યમાં ઉતારનાર અને ૧૯ મી સદીમાં ૨૦ મી સદીની ઝલક બતાવનાર; 'કલ્લોલિની', 'રાસતરંગિણી' જેવાં ચાર ચાર ભાગ પુરતોથી ગુજરાતી સાહિત્યને ભરપુર

[૧૧૨

કરનાર દરિયાઈ દિલ કવિ ઓટાદકરે ૨૫ રૂ.ની પંતુજીગીરીથી ૧૮ રૂ. પતાં દેઈ છોડયો હતો. ગુજરી ગયા ત્યારે એમના સરણેથી ફક્ત ૫૦ રૂ. ની પોટલી નીકળી હતી એ કવિના અવસાન પછી ગુજરાતે એમની 'રાસ તરંગિણી'ની ૧૩ હજાર નકલો ખરીદી હતી." લ્યો. કહો હવે એ માટે દોષ કોને દેવો? કવિની કમનસીબીને કે ગુજરાતની કદરદાનીને?

"આજની અર્થઘન કવિતાની ૧૪ પંક્તિ સમજવા માટે ૨૪ લીટીનું ટિપ્પણ વાંચવું પડે એ કવિતા, કવિતા કેમ કહેવાય?" શ્રી સંજીવના એ પ્રશ્નના ઉત્તરમાં કહી શકાય કે આજકાલના ઉઘાડા માથાવાળા કવિઓ ભૌતિક પાઘડી તો પહેરતા નથી; પણ આવી રીતે કવિતાઓનાં ટિપ્પણો લખીને માથા કરતાં પાઘડી મોટીની કહેવતને નૈતિક ટેકો તો આપે છે જ. અર્થમેળ, માત્રામેળ–વર્ણમેળ, રૂપમેળ કે લયમેળના ગુંચવાડામાં પડેલા નૂતન કવિઓએ એ અભિમન્યુના ચક્રાવામાંથી બચવા સારૂ છંદોની કેદમાંથી મુક્ત થવાનું પસંદ કરી 'આઝાદ' કવિતાઓ રચવાનું પસંદ કર્યું છે. એ આઝાદ કવિતાઓને મન ફાવે તે રીતે વાંચી કે ગાઈ શકાય છે. વેજીટેબલ ઘી ખાનારા આજના કવિઓ મગજને ઓછી તકલીફવાળાં એવાં 'આઝાદ' ગીતો ન રચે તો શું રચે?

છપ્પા તો શામળભટ્ટના, કડવું તો પ્રેમાનંદનું, પ્રભાતીયાં તો નરસિંહ મહેતાનાં, ગરબી તો દયારામની, લાવણી તો નર્મદાશંકરની, દોહરા તો દલપતરામના, ગઝલ તો શાલ કે કલાપિનીજ; એ બધી શોધો તો થઈ પણ છંદ્યાં દોનાં? તે હજુ નક્કી થયું નથી. વર્તમાન કોઈ કવિ છાપ્યાંમાં નામ કાઢી અમર થાય તો? એ અણ-બોલાયલો પ્રદેશ બોડ્યા જેવો તો છે જ!

'વસંતવિલાસ' એ ગુજરાતનું અજોડ શૃંગાર કાવ્ય છે. મધ્યકાલિન યુગના એ કાવ્ય પરની ચર્ચા હજુય ટાઢી પડી નથી. સ્વ. કેશવલાલ હ. ધ્રુવ, એ કાવ્ય વિષે કહેતા હતા કે; "એ શૃંગારી કાવ્યનો કર્તા અંધાર પછેડો ઓઢી અગોચર રહેલો છે." આ ઉપરથી સમજી શકાય છે કે; કોઈ આધેડ વયનો ડગલા પાઘડીવાળો ભદ્ર પુરૂષજ એનો કર્તા હશે; પણ લોકો તેની પ્રૌઢ રસિકતાની ટીકા કરે એ ભયથીજ તે અગોચર રહ્યો હશે. બાકી જો કોઈ યુવાન એનો કર્તા હોત; તો પોતાનું નામ બેધડક શૃંગાર-સમ્રાટ કવિ તરિકે જાહેર કરી દીધું હોત, ને ફ્રાંસેજોમાં તો તેની પૂજા પણ થતી હોત!

શૃંગાર રસને બાજુએ મૂકીએ, એ તો મધ્ય કાલિન યુગનો રસ છે. આજકાલ તો જાતીય રસે શૃંગાર રસને ઠગારી દીધો છે. બીભત્સરસનું સુધરેલું નામ જાતીયરસ છે અને એ રસનું વહન કરાવનાર જાતીય વિજ્ઞાનના લેખો તો આજકાલનાં સામયિકો ઘણા અભિ-

સાવધાન

કૃષ્ણપ્રસાદ મ. આચાર્ય પોતાની 'બે ઘડી મોજ' તા. ૩–૩–૪૦ ના અંકમાં છપાએલી વાર્તા 'ગરીબને ઠુંપડું' ને મૌલિક સર્જન તરિકે ગણે છે કે? ખુલાસો નહિ થાય; તો આવતા અંકે એ બાબત પર અજવાળું પાડવામાં આવશે.

—વલી



માનપૂર્વક છાપે છે! કોણ કહે છે કે કોઠા પંડિત મરી ગયો છે? અરે! તે મરી ગયો હોય તોય તેનો આત્મા ભૂત બનીને અનેકને વળગ્યો રહ્યો છે. પશ્ચિમના ઓઠવાઇ ગયેલા પુસ્તકોનાં અનુવાદો ગુજરાતીમાં ઢગલે ઢગલ છપાઇ રહ્યા છે. એ ઝાઝિયની કુસેવા થઇ રહી છે કે સુસેવા થઇ રહી છે; એ તો એ લખનાર, લખાવનાર જાણે!

o

'કવિ કીર્તિ' નામે પુસ્તકમાં "કવિ કોણ હોઇ શકે? એ શિર્ષક હેઠળ લેખક જણાવે છે કે તે મનનો વિજેતા અને સૃષ્ટિને પ્રેમથી સાંકળતો હોવો જોઇએ. સત્યથી પવિત્ર બનેલી તેની વાણી હોવી જોઇએ, અને શાશ્વત કાળ ઉપર તેની નજર હોવી જોઇએ." પણ આજનો કવિ તો ઉપરોક્ત ગુણોથી વિપરિત મનોદશાનોજ સ્વામિ જણાયો છે! મનનો વિજેતાને બદલે ક્ષુબ્ધ મનનો, સૃષ્ટિને પ્રેમથી સાંકળવાને બદલે ઘુરકતા શ્વાન જેવી વૃત્તિજ ધારણ કરીને ફરતો, અને વાણી તો સત્યથી પવિત્ર બનવાને બદલે અસત્યનીજ મીઠાશ ફેલાતી જણાય છે! શાશ્વતકાળ પર નજર રાખવાને બદલે વર્તમાન કાળનેજ ભરતો માને 'કાલની મુ-ઘી કરતાં આજનું છઠું સારું.' એવી મનોદશા ધરાવનો હોય છે!

મુ-ઘી ઇ-ાની વાત આવી તો આપણા જાણીતા કવિ શ્રી બોટાદકા યાદ આવી જાય છે. તેઓ કહે છે કે; "આપણા દેશમાં સંસ્કૃત પંડિતો નવા શબ્દો તો મુખથી ઈંડાં મૂકે તેમજ કુદરતી રીતે ઉપજાવી શકે છે; પણ ચલણી અને તેજ સાચા સિક્કા, બાકીના બધા તો માત્ર કાંકરાજ છે" પણ એમણે પોતે ગુજરાતીને દેવતા પથરા માર્યા છે-ના, આપ્યા છે. તે કેમ કહેશો કે?

o

વેચવાના છે.

ટાઇપરાઇટરો

રેમિન્ગ્ટન ન્યુમરો :-ગુજરાતી.
અન્ડરવુડ સ્ટેન્ડર્ડ :-ઈંગ્લીશ-ફ્રેન્ચ.
પુલ્સકેપ સાઈઝના તદ્દન ચાલુ હાલતમાં

ધી રાંદેર સ્ટોર્સ

'કારવાં' એજન્ટસ :-

(૧) મેસર્સ વિઠ્ઠલદાસ એન્ડ કું.,
પો. બોક્ષ ૭૬૩૬,
બોલાનસબાગ.

(૨) મેસર્સ તન્ના ન્યુસપેપર એજન્સી
નાનકવાડા,
કરાંચી

(૩) ઓસમાનીયા ટ્રેડીંગ કું.
ન્યુસ પેપર એજન્ટસ,
૨૧ [illegible]

સ્વિકાર અને સમાલોચના

નગર રે ઃ પ્રકાશક: ઉમર હુજી ઇસ્માઈલ ગેડિલ.

કવમી ખિદમતનાં ૫૦ વર્ષ: પ્રસિદ્ધ કર્તા-અ. અઝીઝ હાજી મુસુફ દાણાવાલા મુ. ગો. પોરાજી. ઉપરોક્ત બંને પુસ્તિકાઓ પોરાજીના મરહુમ નગરશેઠ અ. ગની મૂસાની જીવન ઝરમર રજૂ કરતી ટુંકી નોંધો સમાન છે. બંને પુસ્તિકાઓ વાચતાં કોમી હમદર્દી માટે લોહી પાણી એક કરનાર અને નિરવાર્થ ભાવે જીવનની એક એક મિનિટને ખર્ચનાર એવા બુઝુર્ગ વડિલો અનુકરણને પાત્ર છે પંચ પટેલો અને નગરશેઠોએ એમના જીવનમાંથી ખાસ બોધપાઠ લેવા યોગ્ય છે. પુસ્તિકાઓ એકજ વિષયની હોઇ ભેગું રિવ્યુ લીધું છે. પ્રયાસ અભિનંદનને પાત્ર છે.

શહાદતઃ પ્રકાશકોઃ ગુલામહુસેન નૂરાની: ઉમર કુરેશી. મંત્રીઓ મુ સા મંડળ ભાવનગર. શહીદે કરબલાની તેરમી શતાબ્દિ પ્રસંગે આ પુસ્તિકા પ્રગટ કરવામાં આવી છે. કાર્બિ-આવડના જાણીતા ૯ શાયરોનાં કાવ્યો તથા ત્રણ લેખો પુસ્તિકામાં છે. પ્રયાસ સફળ અને આકર્ષક છે. એક આનાની કીંમત વાજબીજ છે. પુસ્તિકાનો એક ટુકડોજ નમુના તરિકે રજુ કરીએ છીએ એ ઉપરથી આખી પુસ્તિકાની કીંમત સમજાશે

સ્વાર્પણ

"તુજ કર્મને સંભારી દુનિયાં રુદન કરે છે,
લઈ અશ્રુઓની માળા તારું જપન કરે છે;
નિજ ધર્મ અર્થે રણમાં માથું કપાવનારા,
તુજ ભવ્ય સ્વાર્પણનું દુનિયા મનન કરે છે."

—'બાપલ'

'મુહંમદી દર્પણ' પ્રકાશકઃ બઝમે ઇકબાલ કડોર. સમાલોચના આવતા અંકે

લેટેસ્ટ ડીઝાઈનનાં

• સુટીંગ્સ–શરટીંગ્સ

• લેડીઝ ડ્રેસ ફેબરીકસ

• ફેન્સી કાપડ

એકજ ભાવ અને ઓછા દરથી
ખરીદવાનું જાણીતુ અથક

'ગીવ એન્ડ ટેક' સ્ટોર્સ

ચોક–બઝાર : સુરત.

ત • ક • દી • ૨

લેખક : અબ્દુલ સત્તાર એ. અમીન [મુંબઇ]

ઘસઘસાટ નિદ્રામાં સૂતેલા માનવીને શું ખબર હોય છે કે તે આ દુન્યામાં છે કે નહિ?

જ્યારે તે નિંદ્રાદેવીના ખોળામાંથી મુક્ત થાય છે. ત્યારે તે જાણે છે કે હું કયાં છું. અને મારી શી સ્થિતિ છે?

આ એક માનવીની જીવન કથની છે. ઇન્સાન દુન્યામાં અવતરી કંઇ સમજ સુજ પકડે છે. ત્યારથી તે આશાઓના અસીમ સમુદ્રમાં તરવાનું શરૂ કરે છે. તે પોતાની જીવન નૈયા તેજ આશાઓના સહારે ચલાવે છે, ને એમ કરતાં કરતાં પોતાની જીંદગીના અંતિમ દિવસો પસાર કરી પરલોક પ્રતિ સીધારે છે.

સાબિરઅલી અને શરીફા બંને ધણીધણીયાણી હતાં. તેઓ ગરીબીથી જકડાયલા પણ એક નાના ગામમાં સંતોષી જીવન ગુજરતાં. સાબિરઅલીના લગ્નને આજે દશ વસંત વીતી ગઇ હતી છતાં હજુ તેમનું ઘર નાના બચ્ચાઓના કિલકિલાટથી સુનું હતું.

જગતના તારણહાર ખુદાની કૃપાએ અને સાબિરઅલીને એક પુત્રથી નવાજ્યો.

સાબિરઅલી અને શરીફા બંને ધણીધણીયાણીના હર્ષનો પાર રહ્યો નહિ, આજની ખુશી તેમના જીવનની પ્રથમ ખુશી સમજી પોતાની હસ્તી પ્રમાણે બધા ગામ લોકોને પોતાની ખુશીમાં શામેલ કર્યા.

સાબિરઅલીએ પોતાના પુત્રનું નામ અસગર રાખ્યું.

નદીના વહેણની માફક અસગરના દિવસો પસાર થતા લાગ્યા અને અસગર પાંચ છ વરસનો થયો, એટલામાં તો તેનાં પિતાએ તેને ગામના નાના સરખા મદ્રેસામાં દાખલ કર્યો.

અસગર નાનપણથીજ હોશિયાર અને મહેનતુ હોવાથી બે વરસની મહેનત બાદ તેણે કુર્આનેપાક પૂર્ણ કર્યું. અસગર ગામની નાનકડી શાળામાં મૂકાયો.

ત્રણ વરસમાં તો અસગર શાળાના ત્રણ પગથીઆં કુદાતી ગયો. ત્રીજા વરસની પરીક્ષા થઇ ગઈ અને શાળા એક માસના લીધે બંધ થઈ. તેજ દિવસોમાં તેમનાં ગામથી ઘણે દૂર એક રમણીય સ્થળે દર દસ વરસે એક મોટો મેળો ભરાતો. આ મેળામાં દુન્યા ભરના શાહ સૌદાગરો આવતા, એમાં પ્રવાસીઓ આવતા અને તંબુ નાંખી થોડા દિવસો રહી આનંદ માણતા. સાબિરઅલી પણ પોતાના નાના સરખા કુટુંબ સહિત મેળામાં પહોંચ્યો, ને એક નાનો સરખો તંબુ નાખી તેમાં રહેવા લાગ્યો.




[૨]

એક સંધ્યાની શુભ કે અશુભ ઘડી સાબિરઅલીના જીવનમાં લખાઇ હતી તેજ સંધ્યાએ સાબિરઅલી પોતાની સ્ત્રી અને બાળક સાથે મેળામાં ફરવા નિકળ્યો.

માણસોની ઠઠ એટલી બધી જામી હતી કે ચાળી મારેતો પાર મેળામાં પિતાથી વિખુટા થઇ જવાના ભયે અસગરે આપની આંગળી મજબુત ઝાલી હતી. પણ કુદરતના આગળ કોઇનું ચલ્યું છે કે અસગરનું ચાલશે?

કુદરતે પિતાની આંગળી અસગરના હાથથી અલગ કરી દીધી. અલગ થતાંની સાથેજ અસગર કયાં અને એના માત પિતા કયાં? અસગરનું નાનું સરખું દિલ આ જોઇ ગભરાઇ ગયું અને રૂદન કરવા લાગ્યું.

આ બાજુ બાપ અસગરને જુએ છે, પણ તેનો પત્તો નથી. તે 'અસગર!' 'અસગર!' કરવા લાગ્યો. ઘણી ઘણીઆણી એટલા જોરથી રૂદન અને શોર બકોર કરવા લાગ્યાં કે જતાં આવતાં માણસોનું લક્ષ તેમના તરફ ખેંચાયું. વાત વાતમાં ભીડ જામી કોઇ પુછે છે શું થયું? કોણ ખોવાયું? પણ કોઇ તેમની મદદ કરવા ઉભું રહ્યું નહિ. બધાયે ઉભા રહેતાં, જોતાં અને ચાલ્યા જતા.



[૩]

ઇબ્રાહીમ મોટો વેપારી હતો. તે આ મેળામાં દુકાનનો માલ લઇ આવ્યો હતો. તેની નજરે રડતો અસગર ચઢ્યો. તેણે તેને સમજાવી દિલાસો આપ્યો. તેના નાના સરખા દિલને શાંતિ આપી કે તારા માત-પિતા હમણાં આવશે.

ઇબ્રાહીમ પૈસે ટકે સુખી હતો છતાં જો તેને દુઃખ હોય તો એકજ હતું, કે તેના ઘરે કોઇ સંતતિ ન હતી.

ને રહીમની લીલા તો જુઓ. તે એકને આબાદ કરે છે અને એકને બરબાદ. અસગર પોતાના માત પિતાને માંગતો હતો, ન કે પૈસાને! અસગરને પૈસા એશઆરામ મળી રહ્યું હતું પણ તેની કનેથી માતપિતા જેવા મહાન નેઅમત ઝુંટવાઇ રહી હતી અસગર. ઇબ્રાહીમને ત્યાંજ પોતાની જીંદગીના દિવસો વ્યતિત કરવા લાગ્યો.

ઇબ્રાહીમે અસગરને પોતાનો પુત્ર માની લીધો. તે તેના સુખ દુઃખની સંભાળ રાખવા લાગ્યો; પણ સાબિરઅલી અને શરીફા પોતાના પુત્રના વિયોગથી રડી રડી આંખોનું નૂર ખોઇ બેઠા. તેમના જીવનમાં આ ભયંકર આફત હતી. ગરીબીના દુઃખને તેઓ સહન કરી શકયાં, પણ પોતાના પુત્ર વિયોગના દુઃખને સહન કરવા તેઓ અશકત હતાં.

સાબિરઅલીએ પોતાના પુત્રની ઘણી શોધ-ખોળ કરી. ગામના લોકોએ પણ શોધખોળમાં સાબિરઅલીની મદદ કરી. તેઓ મેળાનાં શોધ-ખોળ માટે નીકળ્યા; પણ કમનસીબે જે થોડાક ગામવાસીઓ શોધખોળ માટે પહોંચ્યા તેજ દિવસે ઇબ્રાહીમ પોતાની દુકાન ઉઠાવી અસ-ગરને લઇ પોતાને ગામ વિદાય થયો હતો.



[૪]

અસગર ઇબ્રાહીમ સોદાગરની સાથે તેના શહેર સુલ્તાનપુર ગયો. ત્યાં ઇબ્રાહીમની સ્ત્રી મયમૂના સાથે તે રહેવા લાગ્યો. મયમૂનાએ

પણ અસગરને પોતાનો પુત્ર માની લીધો, અને તેના સુખ, દુઃખની ભાગીદાર બની ગઇ. બન્ને ધણીધણીયાણી અસગરને હંમેશાં ખુશ હાલ અને સુખી રાખતા, અને તેના માત-પિતાની યાદ પડવા દેતા નહિ,

ઇબ્રાહીમે અસગરને શહેરની શાળામાં અભ્યાસ કરવા મૂકયો. અસગર અસલથીજ હોશિયાર અને મહેનતુ હોવાથી તેણે પ્રગતિ સારી કરી. તેણે મેટ્રીકની પરિક્ષા પસાર કર્યા પછી તેણે ડૉકટરી લાઇન લીધી અને એ લાઇનની સારી ડીગ્રી મેળવી.

ઇબ્રાહીમની આર્થીક સ્થિતિ સારી હતી, છતાં લોક સેવાની નિષ્ટાથી અસગરે એક સરકારી દવાખાનામાં નોકરી મેળવી. તેનો જે પગાર થતો તેમાંથી ગરીબો માટે દવા લાવી તેમની મદદ કરતો.

કોઇ પણ ગરીબ માણસ બીમાર હોય અને અસગર સાંભળે તો તત્કાળે તેના ઘર ભણી દોડી જઇ તેની દવાદારૂ કરતો.

અસગરના આ કાર્યે તો થોડાજ દિવસોમાં ગામેગામ તેની પ્રખ્યાતી અને પ્રતિષ્ઠા વધારી દીધી

અસગરના પુત્ર વિયોગી પિતા સાબિર-અલીની તબીઅત પુત્ર વિયોગે દિવસે દિવસે લથડતી ગઇ. ને એમાં તેના અંતિમ દિવસો નજીક આવ્યા હોય એમ ભાસતું.

બંનેની આંખોમાં તો ખુદાએ પાણી દૂર આપી દીધું પણ દિલને શાંતિ અર્પી નહિ.

અસગરના ગામમાં પણ તેનું નામ પહોંચી ગયું હતું. એટલે શરીફા પોતાના પતિને લઇ શહેર ભણી ચાલી. કેટલાક દિવસની મુસાફરી પછી તે પોતાના પતિ સાથે સુલ્તા-નપુર પહોંચી. અને ડૉકટર અસગરનું દવાખાનું શોધવા લાગી. આખરે મહા મુસીબતે દવાખાનું જડયું.

જ્યારે અસગરના માબાપ તેના ઘરે પહોંચ્યા ત્યારે તેમની હાલત એક ભિખારી કરતાંએ બુરી હતી

અસગરે સાબિરઅલીની તપાસ કરી દવા આપી. જાણે તેના હૃદયમાંથી એકદમ કુદરતી પ્રેમ-સરિતા વહી રહી હોય તેમ શરીફાને કહ્યું કે "માજી! બાજુમાં હોસ્પિટલના રૂમમાં રહો, કારણ કે તમારા પતિની હાલત ઘણી ખરાબ છે. અને તમારૂં અત્રે કોઇ સગું સોતું યે નથી."

[૫]

શરીફાએ પોતાના પતિ સાથે દવાખાનાના ઓરડામાં રહેવાનું શરૂ કર્યું. અસગર રોજ સાંજ સવાર સાબિરઅલીની દેખરેખ રાખતો, સારવાર કરતો, અને જલ્દી સારો થઇ જાય તેવી આશાએ દવા કરતો.

એક રાત્રે સાબિરઅલીની તબીયત વધારે ખરાબ થઇ ગઇ, તેથી શરીફા અસગરને જઇ બોલાવી લાવી.

સાબિરઅલીની આવી કફોડી હાલત જોઇ શરીફા રડવા લાગી. આ જોઇ અસગર પોતાના દિલને કાબુમાં રાખી શકયો નહિ. અને પોતે પણ ગુજરેલા દિવસો અને પોતાના માતપિતાને યાદ કરી રડવા લાગ્યો.

જ્યારે શરીફાએ જોયું કે ડૉકટર પણ રડે છે. ત્યારે તેણે પોતાના દિલને સમજાવી પોતાનું રૂદન બંધ કર્યું અને ડૉકટરને સમજાવવા લાગી અને કહ્યું કે "બેટા રડ નહિ" બેટા કહેવાની સાથેજ ન જાણે અસગરના મોઢામાંથી "અમ્મા" નીકળી ગયું.

"અમ્મા"નો શબ્દ શરીફાને કર્ણે પડતાંજ તેણીએ પાછું ફરવાનું શરૂ કરી દીધું.

"અમ્મા! તમે એટલું બધું રડો છો શા માટે?" અસગરે રડમસ અવાજે પુછ્યું.

'બેટા રડવું તો એના ઉપરથી આવે છે કે સાંભળ, અમારો પણ એક પુત્ર તારા જેવોજ હતો, તે પણ આજે હોત તો તારા જેટલોજ થાત. ખુદાએ તેને અમારી પાસેથી એકાએક ગુમ કરી દીધો."

આ વાત આગળ ચાલે તે પહેલાં ઇબ્રાહીમ પણ પોતાના બાળક પુત્રને શરીફા પાસે આવેલો જોઇ ત્યાં આવી પહોંચ્યો. શરીફાએ વાત આગળ ચલાવી "એક દિવસની વાત છે કે હું મારા પતિ, અને મારો પુત્ર અમે ત્રણે અમારા ગામથી ઘણે દૂર મેળામાં ગયા હતા. ત્યાં અમારા પાપોએ અમારા પુત્રને મેળામાં અમારાથી છૂટો કરી દીધો. અમે ત્યાં ઘણી શોધ કરી પણ કાંઇ પત્તો લાગ્યો નહિ. આજે એ વાતને વીસ વરસ વીતી ગયા છે અને તેનાજ ગમમાં આ મારા પતિ બીમાર પડયા છે."

અસગરે જ્યારે આ વાત સાંભળી ત્યારે તેનું દિલ બેચેન થઈ ગયું.

ઇબ્રાહીમ જે બેઠા બેઠા ઘણા રસપૂર્વ આ વાત સાંભળતો હતો તે એકાએક બોલી ઉઠયોઃ "સાંભળો? આજથી વીસ વરસની વાત છે કે જ્યારે હું મેળામાં મારી દુકાન લઇ ગયો હતો. હું એક દિવસે સાંજના મારી દુકાને બેઠો હતો ત્યારે એક બાળક રડતો રડતો આવ્યો. મેં એને સમજાવી બેસાડયો પણ એતો તેના માતા અને પિતાને શોધતો હતો આખરે મહામુશી'લતે એને સમજાવી હું એને અહીંઆ લાગ્યો, અને ભણાવી ગણાવી ડૉકટર બનાવ્યો કે જે આજે તમારી સામે છે."

વાત પૂરી થતાંજ શરીફા એકદમ ડૉકટર અસગરને ભેટી પડી. અને પોતાના પતિને કહ્યું કે "આ રહ્યો તમારો અસગર, આ તમારા ડૉકટરજ તમારો પુત્ર અસગર છે!"

અસગરનું નામ સાંભળતાંજ સાબિરઅલી એકદમ ઉભો થઇ ગયો અને પોતાના પુત્રને ભેટી પડયો. અને ખુશીના આવેશમાં રડવા લાગ્યો.

"અસગર, અસગર, બેટા અસગર, ખું મનુષ્યનું જીવન પણ એક સ્વપ્ન છે!"

"હા, અબ્બાજાન મનુષ્યનું જીવન એક સ્વપ્ન સમાન છે."

ડૉકટર અસગરે રડમસ અવાજે કહ્યું. "મનુષ્ય આ દુન્યાના સુખને હંમેશનું સુખ માને છે પણ તે નથી જાણતો કે આ દુન્યાની જીંદગી અને સુખો સ્વપ્ન સમાન છે. ખરી જીંદગી તો મૃત્યુ પછીજ છે."

આ વાતોમાં જ્યારે અસગર પડયો હતો ત્યારે તેના પિતાના છેલ્લા શ્વાસ ચાલી રહ્યા હતા.

સાબિરઅલિએ આ ક્ષણભંગુર પાપમય જગતથી મૂકત થઇ પરલોક ભણી વિદાય લીધી. વિદાય વખતે તેના મુખમાંથી છેલ્લા શબ્દો નીકળ્યા

"આહ તકદીર!"

હોસ્પિટલની રૂમની ઉંચી ભોંતોએ સામે પ્રતિધ્વની કર્યો.

"આહ તકદીર!"

(સંપૂર્ણ)

કા.સ.મ

: લેખક :
અબ્દુલહુસેન 'આઝાદ' [બગસરા]

"નોકરી મળી?" કાસમ ઘરમાં પ્રવેશતાંજ તેની સ્ત્રી અમીનાએ પ્રશ્ન કર્યો.

"ના, હજુ સુધી તો નથી મળી, અને મળવા સંભવ પણ નથી. કારણ કે આવા નાના ગામમાં ભાગ્યેજ કોઇને નોકરની જરૂર પડે છે." કાસમે નોકરી ન મળવા બાબત ખુલાસો કર્યો

"ખુદા હંમેશા ગરીબોનેજ રીબાવી રીબાવીને મારે છે! નથી સમજતમાં આવતું કે આ ફરીયાદ જગતના તાત આગળ નહિ તો બીજા કોના આગળ કરવી?" અમીના એ પોતાની ઉપરી વરાળ કાઢવતાં ખુદાને દોષિત ઠરાવ્યો.

* * *

કાસમ અને અમીનાનો ગૃહસંસાર આજ બે વરસ થયાં ચંદ્રાઇ ચૂક્યો હતો. વળી અમીનાની ગોદમાં હમણાં એક બાળક પણ રમતું થયું હતું. એક બાળકના માતા-પિતા થવા બદલ તેઓ ખુદાનો શુક્રિયાદ માનતા હતા.

કાસમે જ્યારે અમીના સાથે નિકાહ કર્યો ત્યારે કાસમના પિતા હયાત હતા અને બારો પૂજી પણ સારી જોવી હતી. વળી તેનું ગુજરાન ચાલે તેવી નાની એવી દુકાન પણ ચાલતી હતી ભવિષ્યમાં આ સર્વનો માલિક એકલો કાસમજ હતો. કાસમને નિકાહ કરવાને હજુ ૭ મહીના નહિ વીત્યા હોય તેવામાં કાસમના પિતા લાંબી માંદગી ભોગવી ખુદાને લા પોતાના કાર્યોનો હિસાબ તેળાવવા ચાલતા થયા. કુટુંબી જનોમાં કાસમ અને તેની નવ-વિવાહીતા પત્નિ અમીના બન્ને એકલાંજ રહ્યાં.

કાસમ તેના પિતાના મરણ પછી દુકાનમાં અને ઘરમાં ધ્યાન ઓછું આપવા લાગ્યો. આખો દિવસ જ્યાં ત્યાં ભટકતો ફરતો તેમાંમાં લક્ષ્મીના માયાળુપણાનો લાભ લઇ દુનિયાની અનેક કુટેવોએ ઘર કર્યું. તે ઇસ્લામી સમાજથી દૂર થયો. જુગાર રમવા લાગ્યો, વિલાયતમાં બેસવા લાગ્યો, શરાબ તો તેનું રોજનું પીણું થયું. નમાઝ પઢવા માટે મસ્જીદ છે, તે તે જાણતો હોવા છતાં અજાણ્યો બની ગયો. ખુદા એ શું બલા છે તે જાણવાને તેણે ભાગ્યેજ કદી ઉદારતા દાખવી હશે. ગરીબાઇ એ શું છે? અને કયાં વસે છે? તે તો તે જાણવાનોજ નહોતો તેમ જાણવાને કદી તેણે પરવા પણ કરી ન હતી! સમાજથી તે ડરતો નહોતો, તેમ તેને બીજાનું કંઇ કારણ પણ ન હતું સમાજની તેને પડી નહોતી, તેમ સમાજ પણ તેની દરકાર કરતો નહોતો

આવી રીતે તેણે પોતાની પિતાની મૂડી ઉપર એક વર્ષ સુધી નાગચૂડ્યા કર્યા. કહેવત છે કે "બેઠા બેઠા ખાઇએ તો રાજના

ભંડારો પણ ખૂટી જાય." આ કહેવતાનુસાર કાસમના ખાનનાનું તળીયું દેખાવા લાગ્યું. તેની સ્ત્રી અમીના તેણે ઘણી વખત સમજાવતી પરંતુ કદી પુરુષોએ સ્ત્રીની વાત ઉપર ધ્યાન આપ્યું છે, તે કાસમ આપે? અમીના ગૃહીણી હતી, તે તેના પતિના દુર્ગુણો પ્રત્યે આખ આડા કાન કરી જતી.

કાસમના દુર્ગુણોએ આખરે કાસમને તથા તેની પત્નિને ગરીબાઇની જંજીરોમાં જકડી લીધાં. તેમ છતાં કાસમે તેની કુટેવોને છોડી નહિ કે જ્યાં સુધી તે તેની સ્ત્રીના ઘરેણાંગાંઠાં વેચીને પણ પોતાની ટેવોને નિભાવી રાખી શકયો.

છેવટે જ્યારે પાસે કંઇ ન રહ્યું ત્યારે તેને ભાન થયું કે ગરીબાઇ એ શું છે? અને ખુદાને માણસો શા માટે સંભાળે છે?

આખરે કુમાર્ગે ચડેલો કાસમ સુમાર્ગ તરફ વળવા લાગ્યો. આસ્તે આસ્તે તેનામાં ધર કરી રહેલ કુટેવોએ બીજે સ્થાન લીધું. ગરીબાઇ એ માણસોને એક તરફથી દુઃખી કરનાર પણ છે અને બીજી બાજુ તે સુખી કરનાર પણ છે. ગરીબાઇ એ પાપ નથી પણ પૂણ્ય છે.

કાસમે હવે ગરીબાઇના પન્નામાં બરાબર સંડોવાઇ ગયો. ઘરમાં ખાવાના સાંસા પડવા લાગ્યા. પતિનું મૃત્યુ પતિના ચરણમાં હોય એવી શાસ્ત્ર આજ્ઞાને વશ રહી અમીના પોતાનો ગૃહસંસાર અચૂક આગળ ધપાવવા લાગી.

* * *

આખરે જ્યારે કાસમ નોકરી મેળવવામાં નિષ્ફળ નીવડયો ત્યારે તેણે અમીનાને એક દિવસ કહ્યું.

"અમીના આ ગામમાં નોકરી મળવા મુશ્કેલ છે કારણ કે ગામ નાનું છે અને તેથી બાજુમાં કોઇને નોકરની જરૂર પડે. જો તારો વિચાર હોય અને તારી પાસે મુંબઇ જવા માટેની ટીકીટ જેટલા પૈસા હોય તો આપણે મુંબઇ જઇ વસીએ અને ત્યાં આશા છે કે જરૂર નોકરી મળી જશે.

કાસમની વાત અમીનાને પસંદ આવી. શા માટે પસંદ ન આવે? જગતમાં મરતાં માણસને બે કલાક વધુ જીવી લેવું અને ભૂખ્યા પેટે જે મળે તે ખાઈ લેવાનુ હંમેશાં પસંદ આવે છે.

અમીનાએ પોતાના સૌભાગ્ય ચિન્હ તરિકે છુપાવી રાખેલ બે બંગડીઓ કે જે સોનાની હતી તે કચવાતા હૃદયે કાસમના હાથમાં આપી, અને તેને વેચીને ટીકીટ પુરતા પૈસા મેળવી લાવવાનું કહ્યું

કાસમ તે લઈ સોનીને ત્યાં ગયો. સોનીને બતાવી તેની કિંમત પૂછી તો સોનીએ તેના વીસ રૂપિઆ કહ્યા ત્યાંથી તે લઇ એક શેઠને ત્યાં આવ્યો. શેઠને ત્યાં હા ના હા ના કરતાં છેવટે તેણે તે પચ્ચીસ રૂપિઆમાં વેચી

પૈસા લઇ કાસમ ઘેર આવ્યો અને બીજે દિવસે મુંબઇ જવા માટે તેણે તૈયારી કરવા માંડી

* * *

આખરે એક દિવસે કાસમ તથા તેની સ્ત્રી આશાઓના થોક ખડકી મુંબઇ આવી પહોંચ્યાં મુંબઇની ઝાકોઝમાલી નિહાળી તે ખૂબજ અચંબો પામ્યો અને તેની આશાઓ વધુ ઘેરી બની. તેના મનમાંથી અનેક વિચારોની હારમાળાઓ પસાર થઇ ગઇ મુંબઇની

મોટી મોટી ચાલીઓ તથા બીજી અનેક કારીગરીઓ નિર્દોષ તે કુદરતી વસ્તુઓને જોવા લાગ્યો. કાસમ મુંબઇ આવી મુસાફરખાનામાં વસ્યો હતો.

મુંબઇ આવી બે દિવસ મુસાફરખાનામાં રહી છેવટે તેણે એક સસ્તા ભાડાની ખોલી એક ગંદા લત્તામાં કે જ્યાં મજદૂર વર્ગજ રહેતો હતો; ત્યાં શોધી કાઢી અને નોકરી માટે તપાસ કરવા લાગ્યો. મુંબઇમાં એમ નોકરી મળતી કયાં સહેલી હતી? કાસમે અથાક પ્રયત્નો કર્યા, તનતોડ મહેનત કરી; પરંતુ તેને નોકરી ન મળી તે નજ મળી તેની આશાઓના થોક નીચે ગબડવા લાગ્યા. ટીપોટમાંથી બચત રૂપિઆ પણ ખૂટી ગયા અને ખાવાના સાંસા પડવા લાગ્યા.

જ્યારે તેને નોકરીની આશા ન રહી ત્યારે તેણે મજદુરી કરી જે કંઇ મળે તેમાંથી જીવન નિર્વાહ ચલાવવાનો મનસુબો કર્યો.

તેજ દિવસથી તે મજદૂરીની શોધમાં ભટકવા લાગ્યો.

આખરે તેને એક વણિકના મકાનના ચણતર કામ કરનાર કડીયાને ચુનાનાં તગારાં આપવાનું કામ મળી આવ્યું. અને તે કામ કરવા માટે પણ તે તૈયાર થયો. ફક્ત દસ આનાની રોજગારી માટે તે આદમ બલિદાન આપવા લાગ્યો હતોજ તે પૈસાની ખરી કિંમત આંકી શકયો! બાપ કમાઇ પર તાગડધીન-ના કરનાર આધુનિક યુવકોને ભાગ્યેજ ખબર હશે કે પૈસા કઇ રીતે પેદા થાય છે અને તેનો ઉપયોગ કયા માર્ગે કરવો જોઇએ. પોતાના મોજશોખમાં મસ્ત રહેનાર મ્હોટા બાપને ગરીબોની શું દશા અવદશા થઈ રહી છે તેની તેઓને કયાં પરવા છે? કાસમ જેવા અનેક આધુનીક યુવકો બેકારીના સોબંદી પંજામાં સપડાઇ જઇ પાછા છુટવાના અથાક પ્રયત્નો કરે છે પરંતુ અંતે છુટવા માટે એકજ ઉપાય બાકી રહે છે અને તે આત્મહત્યા કરી કુદરતના કાનુનનો ભંગ કરી દેવાનો રસ્તો લેવા સિવાય બીજું કંઈ નથી.

કાસમ આવી રીતે સુખદુઃખમાં પોતાની જીંદગીના બાકીના દિવસો પસાર કરી રહ્યો હતો એક દિવસ એવું બન્યું કે કાસમ અદ્ધર માંચડા ઉપર ઉભો રહી હંમેશના નિયમાનુસાર ચુનાનાં તગારાં ભરી આપી રહ્યો હતો. તેવામાં ભૂખમરાના લીધે આવેલી અશક્તિના પરિણામે તેને ફેર ચડયા અને તેનો એક પગ લથડયો અને ચોથા માળાના માંચડા ઉપરથી નીચે આવી પડયો. તેને ગંભીર ઈજા થઇ આ અકસ્માત કાસમ માટે જીવલેણ નીવડયો

શેઠે તેના ઘરની તપાસ કરાવી તેને ત્યાં ખસેડયો. અમીનાને પોતાના પતિના અકસ્માતની જાણ થતાં તે રોવા કૂટવા લાગી. પરંતુ વિધિતાના લેખો કોણ ફેરવી શકયું છે?

કાસમ એક દિવસ બેશુદ્ધ અવસ્થામાં રહી બીજે દિવસે મરણ પામ્યો.

અમીનાથી પોતાના પતિનો આઘાત સહન નહિ થવાથી તેણે પોતાના ૭ મહિનાના બાળક સાથે આત્મહત્યા કરી અને એક બાળકના ખૂનનુ પાપ વહોરી લઇ પતિ પાછળ ચાલતી થઇ.

બીજા દિવસો મુંબઇના પેપરોમાં નીચે પ્રમાણે ખબર છપાઇ;

"એક અકસ્માતને કારણે આખા કુટુંબનો નાશ."



પ્રોપ્રાઇટર
"આર" રાંદેરી.

આર પીલ્સ—

આ ગોળીઓ ઘણા લાંબા અનુભવ પછી જાહેરમાં મુકી છે. કોઇ પણ કારણે ગુમાવેલી શારીરિક, માનસિક, દરેક શક્તિઓને પાછી મેળવવામાં તેમાં ખાસ કરી મરદાઇ માટે છેવટનો ઉપાય કહીએ તો લગારે અતિશયોક્તિ નથી. અતિ સ્ત્રી સમાગમ, કુટેવ, કે ગમે એ કારણે ગુમાવેલું પુરૂષત્વ (મર્દાઇ) પાછું મેળવવામાં અમારા લાંબા અનુભવમાં આજ સુધી એનાથી દકસીર ઉપાય એકે આવ્યો નથી. બેજ દિવસમાં જિર્યાન, પાચનશક્તિ, રૂકાવટમાં પણ પોતાનો ગુણ બતાવવો શરૂ કરે છે. અને શરીરમાંથી સુસ્તી, ઢીલાપણું, કમર, માથા, ઢાંધા અને રગોના દુઃખાવાઓને દૂર કરે છે. એમાં કસ્તુરી, અંબર અને સોનાની ભસ્મ જેવી કીમતી વસ્તુઓ હોવા છતાં માત્ર પબ્લિકના લાભાર્થે ૩૨ ગોળીઓની કીમત રૂા. ૬-૦-૦ પોસ્ટ ખર્ચ જુદો.

આર તિલા—

આ તિલામાં સર્વથી વધુ ખૂબી તો એ છે કે એના ઉપયોગથી કોઇપણ રીતની જલન કે ફોલ્લીઓ થતી નથી. તેમ એને લગાડી પાન કે પાટો બાંધવાનીયે અગત્ય નથી. મસળતાંજ ચામડીમાં ઘુસી જાય છે. રગોની નબળાઇને દૂર કરવામાં આ તિલો ખરેખર ચમત્કારી છે, હજારો રૂપીઆ ખર્ચે જે લાભ ન મળે તે લાભ માત્ર અઢી રૂપીઆમાં મેળવી શકાય છે. કીમત ૨-૮-૦ (અઢી) પોસ્ટ ખર્ચ જુદો.

આનંદ રસ—

આ વિચિત્ર તિલો મર્દાઇ અને ધમ્સાક (વીર્ય સ્તંભન) માટે ખાસ છે. ગરીબોને ખાસ લક્ષમાં રાખીને આ કરારો તિલો જાહેરમાં મુકયો છે. એના ઉપયોગથી ખાસ જગ્યામાં સખ્તી અને ધમ્સાકમાં બેવડો વધારો થાય છે. કીમત ડબ્બીનો રૂા. ૧) પોસ્ટ ખર્ચ જુદો.

મુકવ્વી વ મુમ્સિક—

કસ્તુરી, અંબર, સોનાની ભસ્મ જેવી કીમતી વસ્તુઓ વડે તૈયાર કરવામાં આવેલી આ દવા ધમ્સાક અને મર્દાઇ માટે અજોડ છે. જિર્યાન, (ધાતુસ્રાવ) ધાતુતિલાસ, (સ્વપ્નદોષ) તેમજ વીર્ય વિકારની દરેક કુર્યાદો આ દવા માત્ર બેજ દિવસમાં દૂર કરે છે. શોખીનો માટે આ દવા ખાસ છે. એક તોલો દવા બાર દિવસ ચાલે છે કીમત તોલા, એકનો રૂપીઓ એક, પોસ્ટ ખર્ચ જુદો.

દવાએ સુઝાક—

આ પીવાની દવા છે. ગમે એવા નવા કે જૂના પરમિયાને મટાડે છે. હજારો માણસો સારા થયા પછી આ દવા પબ્લીક સનમુખ ધરી છે. એક શીશી સાત દિવસ ચાલે છે. સાધારણ બીમાર માત્ર એકજ શીશીમાં સારો થઇ શકે છે. ગમે એવા જુના પરમિયાને માત્ર બે શીશી કારી છે. હજારોનો વડે પોતાનું ભવિષ્ય બાયમાલ ન કરતાં એક વાર આ દવા લેવા અમારી ભલામણ છે કીમત શીશીનો રૂપીઓ દોઢ, પોસ્ટ ખર્ચ જુદો. (રૂબરૂમાં પરમિયાનો શર્તીયા ઇલાજ કરીશું)

હિન્દ બહારથી મંગાવનારાઓએ બ્રીટીશ પોસ્ટલ ઓર્ડર Manager, The Rander Unani Pharmacy : ના નામે મોકલવો. ફાર્મસીમાં મળતી દરેક દવાઓનું સૂચિપત્ર મુફત મોકલવામાં આવશે.

લખો અથવા મળો :

મેનેજર **વી રાંદેર યૂનાની ફાર્મસી.**

રાંદેર, Rander, Dist. Surat.

આફ્રીકાના એજંટ:-Union Printing Works 91, Victoria Street, Durban (Natal)

ચીનમાં ઇસ્લામનો પ્રથમ દુત

લેખક : જનાબ મુસ્તુફાબાદી સાહેબ

કેન્ટોનની જામેઅ મસ્જીદ જોકે શાહી ઇમારત નથી પરંતુ તેની લગભગ એકસો સાઠ ફીટ ઉંચો ગગનચુંબીત પુરાતન શાનો શૌકત અને જાહોજલાલીની યાદ અપાવતો, દુરથી કેન્ટોનની મુલાકાતે આવનાર મુસાફરોનું ધ્યાન આકર્ષતો અને ઇસ્લામનો શાંત અને મુંગી રીતે આદેશ આપતો અડગ મિનાર ઇસ્લામના એ પ્રથમ દુતના આગમન અને કાર્યસિદ્ધિ પર પુષ્પ વેરતાં શાહી પુરી રહ્યો છે.

ચીનના ચક્રવર્તિ સમ્રાટ ખલીફાસતના સશક્ત કાળ સમયે પ્રથમ ઇસ્લામી વ્યાકત તરીકે સાતમી સદીમાં વિશ્વના તારણહાર, જગત ઉપદેશક, પૃથ્વિના પરમ પરોપકારી. ઇસ્લામના મહાન પયગંબર (સ. અ. વ.)નો એકેશ્વરવાદનો અને ઇસ્લામ-વિશ્વધર્મનો શુભ સદેશો લઇ ચીનની જાહોજલાલી અને ધન ધાન્ય અને રસકસ્યો ઉભરાતી ભૂમિમાં સમુદ્રોની કંટાળાજનક અધુનિક સાધન રહિત અને સંકટપૂર્ણ સફર ખેડી અલ્લાહના આસરે કદમ મૂકયો. તે સમયે નતો કોઇ અરબોને ઓળખતું હતું કે નતો કોઇ તરફનો સંબધ હતો સંદેશવાહક વ્યક્તિ 'વહાબ ઇબ્ને કબાસા' માટે આ ભૂમિ એક નવિનજ સૃષ્ટિ હતી. તેનો સાથી ઇસ્લામ, અલ્લાહ અને અલ્લાહના અંતિમ પયગંબર ઉપરની અચળ શ્રદ્ધા, પવિત્ર પ્રેમ, ધર્મપ્રચારની અનેરી અને અડગ ધગશ અને આત્મવિશ્વાસ હતો.

પોતાની અંતપૂર્ણ ફરજ બાબતનાં વહાબ ઇબ્ને કબાસા હમેશા ચીનશાહના દરબારમાં હાજરી આપતા હતા. આપના પવિત્ર આચરણ અને નિષ્ઠા અને ધર્મભક્તિથી ચીનશાહનો ચાહ મેળવવાને તેઓ ભાગ્યશાળી થયા સમયના પ્રવાહ સાથે જેમજેમ તેઓને પોતાના કાર્યમાં સિદ્ધિ મળતી ગઇ. અને ઇસ્લામ ધર્મના વાવેલાં બીજને ઉગી, વૃક્ષ રૂપ ધારણ કરી જેમજેમ ફાલતું અને વિશાળ થતું જોયું; તો આપને ઇસ્લામના કેન્દ્રની આવશ્યકતા સ્વમળાઇ ને આથે ચીનશાહ પાસે પાયનખ્ત કેન્ટોનમાં એક પ્રભુરામ-મસ્જીદ બાંધવાનો ઇરાદો પ્રદર્શિત કર્યો. સમાટે પ્રેમ પૂર્વક માંગણીને મંજુર કરતાં ચિનના વિશાળ ખંડમાં ઇસ્લામનો આદેશ અને તૌહીદનો પ્રકાશ પ્રસરાવતી પ્રથમ ખાનએ ખુદા-મસ્જિદનો પાયો નંખાયો. આ નવિન પ્રભૂધામે, ઇસ્લામના પ્રથમ દુતની પવિત્ર રહેણી કરણી અને અમૂલ વચનોએ ચીનની સત્યપ્રેમી પ્રજાને આકર્ષિ લીધાં. સત્યના ઉપાસક અને ધર્મ પ્યાસા માનવીઓના ટોળે ટોળાં ઇસ્લામથી પાવન થવા લાગ્યા. ઇસ્લામનો આફતાબ વધુ પ્રકાશિત થઇ ચમકવા લાગ્યો. ઇસ્લામ-પ્રચારનું ક્ષેત્ર વધુ વિશાળ અને બોજાવુમય થવા લાગ્યું. અલ્લાહ અને અલ્લાહના પ્યારા રસુલ (સ.) ઉપર આસ્થા રાખનાર હીરાઓ જ્યાંને ત્યાં ચમકવા લાગ્યા અને અંધકારમય ચિત્ર ઝગમગતું દ્રષ્ટિગોચર થવા લાગ્યું.

ઇ. સન ૧૧૫૧માં ઉત્તર પશ્ચિમેથી એક "દઅવતુલ ઇસ્લામ" નામક મીશન ચીનમાં આવ્યું અને પૂરજોશથી ધર્મ પ્રચારનું કામ શરૂ કરવામાં આવ્યું. આ મીશનને પણ પોતાના કાર્યમાં સારી સફળતા મળી.



ખલીફા વલીદ બિન અબ્દુલ મલીકના શાસનકાળ દરમિયાન ઇસ્લામની સત્તા અને આણ ચીનના સીમાડા સુધી પ્રવર્તી હતી. ચીનનો શહેનશાહ ઇસ્લામનો ચહેરો બની ચૂકયો હતો. સેન્કોર પ્રગણાના શાસકે ઇસ્લામના સિદ્ધાંતોથી આકર્ષાઈ ઇસ્લામ ધર્મ સ્વિકારી લીધો હતો. પ્રજા પોતાના શાસકના આ પગલાથી અસંતુષ્ટ બનતા સામુદાયિક બળવો પોકાર્યો સેન્કોરના રાજ્યકર્તાની સ્થિતિ અત્યંત નાજુક બની, પરંતુ જે રાજાએ અલ્લાહ અને અલ્લાહના રસુલ(સ૰)નો પાક મઝહબ ખરા અંતઃકરણ પૂર્વક અને દૃઢપણે જતનના બદલાની, લાલચની કે મહત્વકાક્ષા પુરી કરવાની આશા અને ઉમ્મીદ રહીત સ્વીકાર્યો હતો, તેનો નિગેહબાન અને મદદગાર ખુદ પરવરદિગાર હતો. ખલીફા મન્સુર અબ્બાસી પાચહજાર અરબી મુજાહિદોના શક્તિશાળી સૈન્ય સાથે રાજાની મદદે ચઢયા બળવાખોરો આસાનીથી પરાજીત થયા અને હથિયારો મૂકી શરણ સ્વિકાર્યું અરબી મુજાહિદોએ ચીનને પોતાનું વતન બનાવી કેન્ટોન પરગણામાં વસવાટ કર્યો. તેઓએ રાજાનું હૃદય હરી લીધુ અને જુથના જુથો ઇસ્લામથી પાવન થવા લાગ્યા. ઝરીયાત અનુસાર સાન્સી, લાન્ચુ, ચીનાઇ તારતાર, ટીબેટ અને યુનાન વિગેરે સ્થળોએ મસ્જિદો બાંધવામાં આવી મુસ્લિમ ધર્મ પ્રચારકોને પ્રોત્સાહન મળ્યું અને ઉત્સાહપૂર્વક અમણા વેગથી તેઓ ઇસ્લામ ધર્મનો પ્રચાર કરવા લાગ્યા.

ચક્રવર્તિ મુગલ સમ્રાટ ચંગીજખાને ચીન ઉપર ચઢાઇ કરી જીતી લીધું અને કુલ સત્તા પોતાના પુત્ર તુલીખાનને સોંપી આ કુળદુપ અને ધનાઢય પ્રદેશનો શાસક બનાવ્યો. તુલીખાનના વંશની સત્તા ઈ સ ૧૨૪૮ થી ૧૩૭૦ સુધી રહી. આ મુગલ સાશન કાળ દરમિયાન પણ ઇસ્લામનો અજ્ઞત પ્રવાહ રહેજ પણ અટકયા વગર વહેતો રહ્યો અને મુસલ શાશનમાં અનેક મોટા હોદ્દાઓ મુસલમાનો ભોગવવા ભાગ્યશાળી બન્યા.

જ્યાં સુધી ઇસ્લામી મસ્જિદોના ગગનચુંબિત મિનારાઓ આસમાંઓ સાથે ગેલ કરતા ઇસ્લામની મહાન ફતેહ બદલ મૃદુમૃદુ હાસ્ય કરી રહ્યા છે, ઇસ્લામી ખાનકાહોમાં જ્યાં સુધી ઇસ્લામ પ્રચારની ભલી ભાવનાઓ અને ગુંજે ગુજી રહી છે જ્યાં સુધી ચીનમાં એક પણ ઇસ્લામિ હસ્તી જીવતી હશે અથવા જ્યા સુધી ઇસ્લામના પરવાનાઓ અને જતનિસારોની આરામગાહો અસ્તિત્વમાં રહેશે, અને જ્યાં સુધી ચીનના ઇસ્લામી ઇતિહાસના પાનાઓ પૃથ્વીપટ ઉપર કયામે સચવાયેલાં રહેશે; ત્યાં સુધી ચીનના ઇસ્લામના પ્રથમ દુત વહલાજ ઇબ્નેકબાસાની સ્મૃતિ તાજજ રહેવાની. એ અદ્વિતા એકલંપથી મુસાફરે અલ્લાહના ભરોસે ઇસ્લામનું પવિત્ર બી વાવ્યું. મુદ્દતની રહજ તે તેને પણી પાઇ, પોષી ઉછેર્યું. આજે એ બીજ એક મહાન વિશાળ વૃક્ષમાં વિકસ્યું અને તેનાં પાદશાઓ અર્થાત મુસલમાનોની સંખ્યા છેલ્લી માહિતિનુસાર આસરે પચ કરોડની ગણી શકાય છે.

જે મહાન ત્યાગી મહાપુરુષોએ, દાની જગતની મોહમાયા, વૈભવ, વિલાસ, આરામ અને ઐશને તિલાંજલી આપી, પોતાના પ્યારા દુખ્યુલ વતનને છેલ્લી સલામ કરી



માત્ર અલ્લાહ અને અલ્લાહના રસૂલનો પવિત્ર સંદેશ સંભળાવવા ખીણ ઝાડી પરકા અને અપરિચિત પ્રદેશને પોતાનું વતન બનાવ્યું. તેઓના વ્યક્તિત્વ સદ્‌ગુણ અને સદાચરણે પ્રત્યેક ભૂમિમાં ઇન્સાનીયતની ફરી ધુંકી, ભાન ભૂલેલાઓને, અંધકારમાં અથડાનારાઓને, મનુષ્યપણાને બેઆબ બેઠેલાઓને, ભાતૃભાવ, સગાવહાલના અને હમદર્દીને વિસરનારાઓને એક અતૂટ સૌહામણી સાંકળમાં જકડી એક નિરાળી કલમ બનાવી દીધી અને આ રીતે તેવા પ્રભુભક્ત આત્માઓ સદાને માટે અમર અને ચિરંજીવી બની ગયા. સત્ય છે કે જે માણસ પોતાનું સર્વસ્વ હોમી મરણ પહેલાંજ મરણ સ્વીકારી લે છે, તે સદા અમરજ રહે છે. (ખુદાની હજાર હજાર રહમતો હો એવા પવિત્ર અને ત્યાગી આત્માઓ ઉપર)

(ટકન ટાઈમ્સના આધારે)

—o—

ધી રાંદેર સ્ટોર્સ.

ન્યુઝપેપર એજન્ટસ.

ટાવર રોડ—સુરત.

મુંબઇથી રવિવારે પ્રગટ થતું **'વતન'** સાપ્તાહિક
જ. જિન્નાહ સ્થાપિત. કી. ટોટ આનો

અમદાવાદથી સોમવારે પ્રગટ થતું **'દીન'** સાપ્તાહિક
તંત્રી:-નિઝામુદ્દીન કુરેશી. કી. બે આના

સુરતથી શુક્રવારે પ્રગટ થતું **'હમદર્દ'** સાપ્તાહિક
તંત્રી:-સૈયદ મોહમ્મદ કી સવા આનો

નાગપુરથી શુક્રવારે પ્રગટ થતું
'મુસ્લિમ બુલેટિન' સાપ્તાહિક
તંત્રી:-'શબનમ'. કી. બે આના

ઓલ ઇન્ડીયા રેડીઓના પખવાડીક
'આવાઝ' (ઉર્દૂ) **'સારંગ'** (હિન્દી) કી. સવા ત્રણ આના

સુરતથી દર અંગ્રેજી પંદરમી તારીખે પ્રગટ થતું **'કારવાં'** માસિક
તંત્રી:-'બલુચી'-'બેકાર' કી પંચ આના

અમદાવાદથી દર ઇંગ્લીશી પહેલી તારીખે પ્રગટ થતું **'નિઝામ'** માસિક
તંત્રી:-'નિઝામુદ્દીન કુરેશી' કી. બેઆના

સિદ્ધિ.....ના.....સન્માર્ગ

રજુ કરનાર : "ગાફિલ"

(સર્વ હક્ક લેખકને સ્વાધીન છે)

૪૪૭

કોઇ પણ માણસને જો એક ખરાબ બહેન હોય, તો તે તેની કમનસીબી છે. પણ જો સ્ત્રી ખરાબ હોય, તો તે તેની પોતાની ભૂલને આભારી છે કારણકે સ્ત્રીની પસંદગી નો હક્ક પ્રત્યેક પુરુષને છે. જ્યારે બહેન માટે ભાઇ જવાબદાર હોતો નથી.

૪૪૮

બીજાની વેદના માપી શકાય એવા કોઇ યંત્રની શોધ થઇ હોય, તો જગતની આજની દુઃખદ સ્થિતિનું આપણને સંપૂર્ણ ભાન આવી જતે.

૪૪૯

પ્રેમના નામે માનવ સમાજમાં વ્યાપક બનેલી બદીનો વહેલામા વહેલો અંત આવે એ અત્યંત જરૂરી છે.

૪૫૦

તકદીર અને તદબીરના પ્રશ્નોમા રસ લેનારાઓએ તકરાર થાય ત્યાં સુધી પોતાના કક્કાને ખરો પાડવાના મિથ્યા પ્રયત્નો કરવા જોઇએ નહિ. દુનીયામાં એક પણ માણસ એવો નથી, કે જેણે પોતાની લાયકાત કેળવવામાં કે પ્રગતિ સાધવામાં પછાતપણું દાખવ્યું હોય, છતાં સર્વની સરખી ઉન્નતિ થતી નથી કેટલાક માણસો જીવનજીવતામાંજ ધ્યેયને પહોંચી વળે છે, જ્યારે કેટલાકો છેલ્લા શ્વાસ સુધી જેહમત ઉઠાવ્યા છતાયે સિદ્ધિને વરી શકતા નથી. સરખી ન થનારાઓ માટે ભાગ્યમાં જેઓ માનતા નથી, તેઓ એવો મત ઉચ્ચારે છે, કે તેમની કાળપ્રેરણામાં ખામી હતી. પણ એ દલીલ પણ સાચી નથી. અનેક વખતે નિષ્ફળ નીવડેલાઓએ પણ હતાશ થવું નહિ, અને ફરીથી પ્રયત્ન કરવાં. એટલા પૂરતી દલીલ સાચી છે પણ ભાગ્ય જેવી કોઇ વસ્તુજ નથી, એમ કહેવું એ નરી મૂર્ખતા છે. કારણકે જેઓ ભણેલા નથી, ભણેલાઓની દ્રષ્ટિએ સાંતર લાયકાત વગરનાં છે; છતાં ભણેલાઓ જેને નાલાયક ગણે છે, એવા નાલાયકો પાસેજ રીતસરની ડીગ્રીઓ મેળવેલા, લાયકાતવાળા માણસો ગુલામ તરીકે (સર્વીસમાં) ચાકરી કરતા હોય છે. આથી પૂરવાર થાય છે, કે ડીગ્રીઓ દ્વારાજ સિધ્ધિ મળતી નથી. માત્ર પ્રયત્નો દ્વારાજ પ્રગતિ થઇ શકી હોત, તો બીનકેળવાયેલાંનાં ભાગે બટકો રોટલો પણ ન આવત પણ વાસ્તવિક રીતે તેમ નથી પ્રયત્નો છતાં અલ્લાહની અગોદ્રષ્ટિની પણ આવંત જરૂર છે "બધુંયે સંભવિત છે" એમ કહેનારાઓએ તેમાં સુધારો કરીને "જો અલ્લાહની મેહર હોય તો કાંઇજ અસંભવિત નથી" એમ કહેવું જોઇએ. કારણકે માણસ ઉપરથી અલ્લાહની મેહર જો અળગી થઇ જાય તો પછી બીજા સિવાય બાકીજ શું રહે ? નેપોલીયનનાં "Everything is possible" વાળા વાકયમાં માનનારા મુસ્લિમો એ અલ્લાહની શક્તિનો નિરંતર ખ્યાલ રાખવો જરૂરી છે. એક વાત બીજી પણ ભૂલવા જેવી નથી, તે એ કે જો પ્રયત્નો દ્વારા સર્વની સરખી ઉન્નતિ થવા પામે, તો જગતના વ્યવહારનું શું થાય ? સર્વ સરખી સ્થીતિમાં



હોય, ત્યારે કોણ કોને જવાબ આપે? અને શા માટે જવાબ આપે? આ સર્વ વસ્તુઓનો સામટો વિચાર કરતાં સ્પષ્ટ પુરવાર થાય છે, કે તદબીર સાથે તકદીરની પણ આવશ્યકતા છેજ તકદીરમાં સદંતર નહિ, માનનારાઓ પણ જ્યારે નિરાશ થાય છે, ત્યારે કોઇ એક અદૃશ્ય શક્તિમાં લાચારીએ માનતા થાય છે સર્વ દ્રષ્ટિએ સદંતર નિષ્ફળ નીવડનાર, આખરે લાગ્ય પણ કોઇ એક વસ્તુ છે, એમ સ્વેચ્છાએ સ્વીકારે છે.

૪૫૧

પોતાને ખામીઓ રહિત માની લેવા કરતાં અન્યની દ્રષ્ટિએ પોતાની લાયકાત માપવાનું ચાલુ રાખવું વધારે લાભદાયક ગણાય.

૪૫૨

માણસની અયોગ્ય નહિ, પણ યોગ્ય ઇચ્છા પાર પાડવામાં ન આવે, તો તેને જીવનમાં રસ રહેતો નથી, પરિણામે જીવનો પાયો વધે છે.

૪૫૩

જે રિવાજો આપણને ધર્મથી દૂર રાખતા હોય, જે રિવાજો ઉપર અમલ કરવાથી, વખતનાં વહેણ સાથે ગુન્હેગાર થવાનો, કે ગુન્હાઓથી ટેવાઇ જવાનો ભય રહેતો હોય, એવા સર્વ રિવાજોને, પોતાની અને પોતાના સમાજની ઉન્નતિ ખાતર સત્વર તજી દેવાં જોઇએ.

૪૫૪

પ્રેમ એટલે દેહભૂખની અતિ તૃપ્તિ, એમ આજે ઘણાં લોકો માનતા હોય એમ લાગે છે. પ્રેમના પ્રકારો અનેક છે. પ્રભુ-પ્રેમ અને વિષ-પ્રેમ એ પણ એના પ્રકારો છે. જ્યાં આજે તો શરીર ભૂખની સગવડ સાચવવામાંજ લોકો પારંગત દીસે છે. અને "લગ્ન" પણ જાણે કેમ દેહભૂખની સગવડો આપવા માટેજ ન થતાં હોય, તેમ "લગ્ન" પણ જવાબદારીઓનો પૂરેપૂરો ખ્યાલ કર્યા વગરજ થતાં જોવામાં આવે છે. વાસ્તવિક રીતે જોતાં આજે પ્રેમ શબ્દ માત્રનો પણ દુરૂપયોગજ થાય છે. પ્રેમ સંબંધોમાં ભારોભાર દંભ અને પ્રપંચનીજ બોલબાલા થાય છે. વૃત્તિઓનાં ઉશ્કેરાટને સમાવવા માટે અનાદ કુમારિકાઓનાં શિકાર જ્યાં ત્યાં ખેલાતા હોય છે. આજનો માનવ સમાજ પ્રેમના પડદા પાછળ વાસનાઓ પોષી રહ્યો છે.

૪૫૫

વિશ્વાસવૃત્તિથી જીવન વેડફાઇ જાય છે. વિશ્વાસવૃત્તિ પોતાનાં અને પોતાનાં સ્વજનો માટે દુઃખ સિવાય અન્ય બીજું વસ્તુ આણી શકતી નથી. એ વૃત્તિઓનાં મૂળવળાટને તાબે થનારાઓએ યાદ રાખવું જોઇએ

૪૫૬

સફળતા પ્રાપ્ત કરવામાં સારું વાંચન, સર્વોત્તમ વર્તન અને વાતચીત કરવાની કળા અત્યંત ઉપયોગી નીવડે છે. સંસ્કારી કહેવાતા હોય, તેવાઓમાં પણ જો વ્યવહારિક કાર્ય કુશળતા ન હોય, તો તેઓ ધારેલું પાર પાડી શકતા નથી, અર્થાત નિષ્ફળ નીવડે છે.

૪૫૭

કોણ કયાં, કયારે અને શા માટે જન્મ છે? તેની ભાંજગડમાં તમારે પડવાનું નથી, પણ તમે પોતે કયાં અને શા માટે જન્મ્યા છો? એનું તમોને પૂરેપૂરું ભાન હોવુંજ જોઇએ. અન્યની ઉપાધી તમે છોડી દ્યો, તમારી દિલચાલની નોંધ લેનારાઓ અનેક પડ્યા છે, એમ ચોક્કસ માની લઇ, કાળજી પૂર્વક બોજ હળવું ભરો.

૪૫૮

પોતાનો પતિ સમયસર ઘેર ન આવે,

અને આવે ત્યારે અસ્વસ્થ દશામાં આવે, ત્યારે આતુરતાપૂર્વક માર્ગ પ્રતિક્ષા કરનાર વફાદાર પતિને જે આઘાત થતો હશે, તેનો ઠંગધડા વિનાનાં અને મોડી રાત્રે ઘેર આવનારા પતિઓને કયાંથી ખ્યાલ આવી શકે !

૪૫૯

પ્રણય અને દાંપત્યજીવનની મોટી મોટી વાતો કરનારાઓ, પરણ્યા પહેલાં પવિત્ર ભાવનાઓ સેવતા અનેક યુવકો, લગ્ન પછી દુઃખ મુદ્રતભાંજ લાગણી વિહોણા થઈ જવાનાં સંખ્યાબંધ દાખલા જોવામા આવે છે. ઉર્મિઓનાં ઓધ ઉછળતા આવા સંખ્યબંધ યુવકો પરણ્યા પછી તરતજ બેદરકાર કેમ બની જતા હશે, એ અત્યંત વિચારવા યોગ્ય પ્રશ્ન છે. સંભવિત છે, કે અનિચ્છાએ જીવન જોડનારાઓનીજ આવી કપરી દશા થતી હોય, માં બાપોએ આ પ્રશ્ન ઉપર વધારે લક્ષ આપવું ઘટે.

૪૬૦

સ્નેહ લગ્નમા માનનારાઓ અપાય એવા લગ્ન કર્યા પછી સુખીજ નીવડે છે. એમ રખે માનતા. સ્નેહ–ક્રમની રાંકળથી બંધાયલા અનેક નર–નારીઓના જીવન વેડફાઇ જવાનાં દ્રષ્ટાંતો પણ ઓછા નથી.

૪૬૧

સુંદર, મુડોળ અને સુલક્ષણી સ્ત્રી જ્યારે ગંભીર બને છે, ત્યારે પુરૂષને ગમતું નથી. પુરૂષની મુંઝવણ અમર્યાદિત વધે છે.

૪૬૨

સર્વોત્તમ અને સમર્થ કૃતિની કોરમ જેવું સંસાર જીવન સર્વ કોઇ માટે સુલભ નથી. પ્રેમ લગ્નની ગંઠાઇથી જકડાયેલા, એવા અપાય યુગલો નિરંતર આનંદ અને ઉલ્લાસમાંજ વખત પસાર કરી શકે, એવો પણ કોઇ ચોક્કસ નીયમ નથી. સ્નેહ–જીવનની અંદરમાં સદાયે ઊણી સળગતી હોય એમ પણ બની શકે છે. માટે દરેક યુગલે પોતાનાં ચક્ષુ સંજ્ઞે ગોનો સાચ તેટલો સદુપયોગ કરીને સંતોષ માનવો, એજ જીવન સાર્થક કરવાની સહુ સર્વોત્તમ રીત છે.

૪૬૩

જગતનાં અસંખ્ય ઈન્સાનોનાં હાસ્યમાં કૃત્રિમતા હોય છે. નિર્મળ હાસ્યનું પ્રમાણ દીનપ્રતિદિન ઘટતું જાય છે. અન્ય વસ્તુઓની જેમ હાસ્યમાં પણ ભેળસેળ પ્રવેશી ગઇ છે. કેટલાક લોકોનાં હાસ્યમાં તો જબ્બરની ખોટ હોય છે. કૃત્રિમ હાસ્યને લોકો જ્યારે પિછાણી શકતા નથી, ત્યારે તેમના ઉપર આપણને દયા આવે છે. હાસ્ય પાછળનાં રહસ્યને કળી લેવાની કળા પણ છેવટે એ નહિ, તેટલા માટે અત્યંત જરૂરી છે.

૪૬૪

સ્ત્રીને પુરૂષ કરતાંએ વધારે વસ્ત્રોની જરૂર પણ વાસ્તવિક રીતે જોતાં સ્ત્રી કરતાં પુરૂષનાં પાખંડ વધે તેમ છે અનેક ભોળી કુમારીકાઓને અવનવી રીતે ફસાવનાર પુરૂષો છે. આંખથી શરૂઆત કરીને જીભથી વચન અપાય છે ત્યારેજ સ્ત્રી વિશ્વાસ કરે છે, અને પછી તો પુરૂષ એ વિશ્વાસનો કેટલો દુરૂપયોગ કરે છે, એની કલ્પના માત્રથીએ અરેરાટી વછુટે છે.

૪૬૫

જગતનાં બાહ્ય વ્યવહારમાં સંખ્યાબંધ કુકર્મો કરનારને પણ તેની સ્ત્રી તો વફાદાર પતિ તરીકેજ ગણે છે. અપ્રમાણિકતામાં અવ્વલ એવા હમારા, તમારા ભરથારને પણ તેની પત્નિ તો દેવ સમાન ગણી પૂજે છે. અને કેટલાક પતિઓ પોતાની પત્નિ સમક્ષ સાક્ષાત દેવ



દેખાવાનાંજ સતત પ્રયત્નો કરે છે. પતિવ્રતા થવાનાં બોધપાઠ આપનારો પોતે એક પતિવ્રત પાળી શકતો નથી, એ પુરૂષ માટે ઓછું શરમ ભરેલું નથી.

૪૬૬

સ્ત્રી જ્યાં સુધી માત્ર સ્ત્રી તરીકે રહે, ત્યાં સુધી તો સ્વર્ગીય સુખનો લહ્વો લઇ શકાય છે, પણ સ્ત્રીને જ્યારે અન્યાય થાય, જ્યારે અસહ્ય યાતનાઓ સહેવી પડે, ત્યારે તે સ્ત્રી સુલભ મર્યાદા ઓળંગી જાય છે, પછી તો તે સ્ત્રી મટી કુલટાની કક્ષામાં સ્વયં મૂકાય છે. સ્ત્રીને એ કોટીએ ઉતારનાર વિશેષતઃ પુરૂષજ હોય છે. એનો ધિક્કાર ભાગ્યેજ કોઇ કરી શકે.

૪૬૭

પુરૂષ વર્ગની એક ન માફ થઈ શકે, એવી ભૂલ એ છે, કે તે સ્ત્રીની પ્રાથમિક નિર્દોષતાનો વધુમાં વધુ દુરૂપયોગ કરતાં અચકાતો નથી. પરિણામે અનેક સ્ત્રીઓનાં જીવન સર્વસ્વનો સર્વ નાશ થવા પામે છે.

૪૬૮

વફાદારીની ભાવનાનો આજનાં પુરૂષ વર્ગમાંથી લગભગ લોપ થયો છે. પોતાનાં ઉપર વિશ્વાસ મૂકનાર પોતાનાંજ જીવનસાથીને છેતરવામાં આજે પુરૂષ પરમસિદ્ધિ માને છે. એ અત્યંત દુઃખદ સ્થિતિ છે.

૪૬૯

ઉલ્લાસ, આનંદ અને માણવાની જુદી જુદી રીતોમાં માનનાર, આજનો યુવક વર્ગ, પ્રીતિનાં તોફાન વહેજ પોતાની જીવન નૌકાનાં કટકે કટકા કરી નાખે છે, અને એટલા માટે સંયમ અતિ ઉપયોગી છે.

૪૭૦

જ્યાં કળીએ કળી ભમીને પોતાની રસવૃત્તિને પોષવાની પુરૂષોની વૃત્તિ હોય, ત્યાં પતિભક્તિમાં રત રહેનારી પ્રમદાઓને શી રીતે સંતોષ થાય, એ એક આકરો ને વિચારવા યોગ્ય પ્રશ્ન છે. માણસનાં કોડ ધરાવતા પુરૂષોને સરળ સ્નેહજીવન ઇચ્છતી, ગૃહજીવનનાં ધર્મો જાળવવામાં જીવનની સાર્થકતા દેખતી પતિઓ ગુમેજ- શેની? ભ્રમરનાં જેવી ખાસીયત ધરાવતા પુરૂષ વર્ગને એક પતિવ્રત પાળવાની ફરજ પણ કોણ પાડી શકે? આ પ્રશ્નની ચોખવટ વહેલામાં વહેલી થવી જોઇએ

(અપૂર્ણ)

બંધ માસિક "માંદગી"

ફક્ત ત્રણજ દિવસની અંદર 'શ્રી નોટ' ગોળીઓથી ચાલુ થાય છે. માસિક અડચણની કોઇપણ ફરિયાદ માટે રૂબરૂ મળો. દવા સાથે ગેરંટી પત્ર આપવામાં આવે છે. કીંમત રૂા. ૫-૮-૦ પરદેશ રૂા. ૧૦

–:ગર્ભ રહેતો અટકાવવા:–

"રાહત" દવા ફક્ત ત્રણજ દિવસ ખાઇ લેવાથી જીંદગી ભરમાં કદી ગર્ભ રહેતો નથી માસિક ચાલુ. કશુંજ નુકસાન નહિ. ડૉકટર વૈદ્યોએ અજમાવેલી દવા સાથે ગેરંટી પત્ર મોકલવામાં આવે છે. કીંમત રૂા. ૫-૮-૦ પરદેશ રૂા. ૧૦

ડૉ. એસ. એચ. ખાન,

૪૨ ચર્ચગેટ સ્ટ્રીટ, મોનજીની સામે

કોટ, મુંબઇ, ફોન. ૨૧૩૪૩.

આધુનિક શિક્ષણ પામીને !!

રજુ કરનાર : 'તાજ' [ચંદેર]

ઉર્દૂ આલમના મશહૂર કવિ મુનશી અલી અઝીમ સાહબ 'અઝીમ' તેમની અઝીમાબાદીએ મૌલાના અકબર અલ્લાહાબાદીના રંગે પ્રદર્શીત કરેલા વિચારો !

આ કાવ્ય ૧૯૨૧માં આલેખાયું હતું-શાયેરના વિચારો કેટલા સત્ય છે એની પ્રતિતિ તમે કોઈ આધુનિક સુશિક્ષીતાને જોઈ કરી લેજો.

"બતા દું કયા નઇ તા'લીમ પાકર બીબીયાં હોંગી,
બલાયે બે-પનાહે કહ્મે મુઝતર બીબીયાં હોંગી."

સત્ય કહું ! આધુનિક શિક્ષણ પામીને સ્ત્રીઓ શું થશે ? એજ કે વિજ્ઞળી હુંચોને માટે અણધારી આફત !

"યકીનન મર્દકે કબ્જેસે બાહિર બીબીયાં હોંગી;
મુદ આરાઇસે અપની ફૌજે બેસર બંબીયાં હોંગી."

સાચે સ્ત્રીઓ પુરૂષોના અંકુશથી નીકળી પોતાની સુંદરતાનું પ્રદર્શન કરતી રહેશે એવી જાણે કોઇ સરદાર વિના ફૌજ !

"કમિટિ ઔર મજલિસકી ભી મેમ્બર બીબીયાં હોંગી;
ગરજ લિખ પઢકે મરદોંકી બરાબર બીબીયાં હોંગી."

કમિટીઓની અને મંડળીઓની સ્ત્રીઓ સભાસદ બનશે. સંક્ષિપ્તમાં પુરૂષોની સમાન સ્ત્રીઓ થઇને રહેશે.

"ખિયાલ આયા હે એહલે મુલ્કકો તા'લીમે નિસ્વાંકા,
તો અબ લેડી તુમા તાલીમ પાકર બીબીયાં હોંગી."

આજે દેશનું લક્ષ સ્ત્રીઓને આધુનિક શિક્ષણ આપવા તરફ દોરાયું છે. તો હવે એ શિક્ષણના પ્રતાપે સ્ત્રીઓ બીબીઓ મટી લેડી સ્વરૂપમાં દેખાશે !

"બનાયે ઇલ્મે દીં, જબ યે પઢેંગી ઇલ્મે અંગ્રેઝી;
તો ફિર મેંમોંકી હમ પલ્લા ન કયૂંકર બીબીયાં હોંગી."

જ્યારે ધાર્મિક શિક્ષણને બદલે સ્ત્રીઓને અંગ્રેજી શિક્ષણ અપાશે; તો પછી એ મેમ સાહેબ સમાન શા માટે ન બને ?

"મિસિસ કહેનેસે ખુશ હોંગી જરૂંગી લફ્ઝ બેગમસે;
હસૂલે ઇલ્મસે ફારિગ જો અકસર બીબીયાં હોંગી."



વિદ્યા પ્રાપ્તી પછી "મિસિસ"ના સંબોધનથી ખુશ થશે અને 'બેગમ' શબ્દથી એમને ઘણુ ઉપજશે !

"નઇ તેહઝીબ કા સાયા પડેગા નિસ્મે નાજુક પર;
વહુરે કિસ્સે કમેસે બાહિર બીબીયાં હોંગી."

નવીન સંસ્કૃતિની છાપ એમના વસ્ત્રાભૂષણ પર પડશે તો પછી એ પોતાના સ્ત્રીત્વને પણ વિસારે પાડશે.

"મુકદ્દમ હુકમે શૌહર પર કરેગી અપની મર્ઝીકો;
નઇ તેહઝીબ કે સદકેમેં ખુદસર બીબીયાં હોંગી."

નવી સંસ્કૃતિથી સ્ત્રીઓ એટલી અહંભાવી થશે કે એ પોતાના પતિના હુકમ પર પોતાનો વટ હુકમ ચલાવશે. !

"હવાયે શૌકે આઝાદીસે હોંગી ઉન્કી યે હાલત;
રહેંગે મહ' ઘરમેં ઔર બાહિર બીબીયાં હોંગી."

સ્ત્રી સ્વતંત્રાની ધૂનનું પરિણામ એ આવશે, કે પુરૂષો ઘરમાં રહેશે અને સ્ત્રીઓ ઘર બહાર !

"અયાં હોગા તહકમસે ભી લુત્ફે બાસ કા પેહલૂ;
મઝા હોગા અગર મરદોંકી અફસર બીબીયાં હોંગી."

સ્ત્રીઓની ઉન્નતિથી નવીજ વાત પરિણમશે, અને ખરી મજા તો, ત્યારે આવશે કે જ્યારે સ્ત્રીઓ પુરૂષો પર આધિપત્ય ચલાવશે.

"લિબાસે હિંદ પર હર વખત હોંગી ચશ્મકો ઉન્કી;
કુછ અયસી વઝએ અંગ્રેઝીકી ખૂગર બીબીયાં હોંગી."

અંગ્રેજી ઢબની એટલી બધી શોખીન બની જશે; કે પછી તો તે હીંદી વસ્ત્રોથી પણ ઘૃણાજ કરતી રહેશે.

"લિબાસે યૂરૂપી જબ રફતા રફતા ઝેબે તન હોગા;
નિગાહે શૌકમેં મેંમોસે બઢહકર બીબીયાં હોંગી."

જ્યારે યુરોપી ઢબથી પોતાની દેહલતા શણગારશે ત્યારે તો એ આધુનિક સંસ્કૃતિની કૃતિમા મેમ સાહેબથી પણ ઉચ્ચતર ભાસશે. !

"કહાંકી જુતીયાં અબ બૂટ ઉન્કે ઝેબે પા હોંગે;
બરાબેં નાઝમેં મેંમોસે બઢહકર બીબીયાં હોંગી."

હવે તો પગમાં નાજુક મોજડીને બદલે ઉંચી એડીવાળા બૂટ શોભાયમાન બનશે અને છાતી કાઢીને ચાલવાની છટામાં તો મેમ સાહેબાને પણ ટપી જશે !

"મિલેંગી સબસે મહરમ હોકે ના-મેહરમ યે બે-પર્દા;
મિલનસારીમેં મેંમોકી બરાબર બીબીયાં હોંગી."



બેપર્દા થઇ પોતાના તો શું પણ અપર પુરૂષોની પણ મુલાકાત લેશે, અને એ મિલનસારીમાં મેમ સાહેબથી પણ ચઢી જશે!

"મઝા હોગા દોબાલા પાર્કમેં જબ હમ યે દેખેંગે;
બગલમેં શૌહરોંકી ઝૂર પીકર બીબીયાં હોંગી."

ખરી મઝાતો ત્યારે આવશે કે જ્યારે પાર્કમાં, નશામાં ચકચૂર થઇ પતિ પત્નિના બોળામાં ઢળી પડશે! અને આ દ્રશ્ય અમે જોઇશું.

"પડેંગે તાઝિયાને બંદગાને ઇશ્ક પર કયા કયા;
સમન્દે નાઝ પર ચઢકર જો બાહિર બીબીયાં હોંગી."

જ્યારે એ પોતાની મગરૂરીમાં ઉતરયાને પડોંચશે ત્યારે તો કોણ જાણે આશિકો પર શી શી ગુજરશે?

"ખુલી ગાડીમેં બેઝુર્દા હવા ખાનેકો નિકલેંગી;
સરાસર લફઝ પર્દેસે મુકદ્દર બીબીયાં હોંગી."

હસતે મુખે પર્દાની પ્રથાને તિલાંજલી આપી ઓલેાક બેપર્દા ખુલ્લી ગાડીમાં ફરવા નીકળશે!

"ફરંગનકી તરહ યે નામ લેંગી અપને શૌહરકા;
કમ ઇન બાતોમેં મેંમોસે ન તલભર બીબીયાં હોંગી."

પોતાના પતિનું નામ લેવામાં પણ સંકોચ નહિ પામે, એટલુંજ નહિ પરંતુ એ વાતમાં તો મેમ સાહેબથી પણ બેકદમ આગળજ રહેશે!

"હસૂલે ઇલ્મ કે રુદકે કરેંગી મન્તકી બાતેં;
ઝરાસી બાતમેં શૌહર કે ખુદસર બીબીયાં હોંગી."

પોતાના શિક્ષણના પ્રતાપે તર્કવાદથી વાતો કરશે અને નાની સુની વાતોમાં પણ એ પોતાનું આધિપત્ય પતિ પર દાખવશે.

"યહી હે ઇન્કિલાબે દહર તો ઇન્કા ખુદા હાફિઝ;
અટ્કયે અઝમતે ઇસ્લામ ખુદસર બીબીયાં હોંગી."

અગર જગ પરિવર્તનનો એજ નિયમ તો પછી ખુદા રક્ષા કરે. અચીત તેવા મુસ્લિમ સંસ્કૃતિને માટે હાનિકારકજ નીવડશે.

'અઝીમ' ઉસ વખતકા દીલચસ્પ મન્ઝર દીદની હોગા;
તમાશાયે જહાં તાલીમ પાકર બીબીયાં હોંગી."

'અઝીમ' અચીત તે પ્રસંગ પણ જોવા જેવોજ થઇ રહેશે કે જ્યારે શિક્ષણ પામીને સ્ત્રીઓ જનતાને માટે એક તમાશા રૂપ થઇ રહેશે.

"યે સબ સચ હે 'અઝીમ' ઇસમેં તો મુત્લક શક નહિ લેકીન;
બરાબર રંગમેં મેંમોકે કયુંકર બીબીયાં હોંગી."

'અઝીમ' તું કહે છે એ સત્ય છે અને એ નિશંક વાત છે પરંતુ બાકીયાં તો એ પ્રશ્ન થઇ રહે છે કે મેમ સાહેબનું બરાબર રૂપરૂપ સ્ત્રીઓ શી રીતે ધારણ કરશે?

ગુજરાતી ભાષાના પ્રાધ્યાપકોની જરૂર છે.

ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન એવી સુરતની એક કૉલેજ માટે ગુજરાતી ભાષાના પ્રાધ્યાપકોની જરૂર છે. ઉમેદવારોએ ઓછામાં ઓછી ૫૫ ટકા ગુણ સાથે એમ.એ. પાસ કરેલ હોવું જોઈએ. ઉમેદવારોએ પોતાની અરજી તા. ૨૦-૧૨-૬૪ સુધીમાં નીચેના સરનામે મોકલી આપવી.

(૪)

Professors of English are required for
S. M. B. College, Surat.

Candidates should have at least 55% marks in M. A. Applications should reach the undersigned by 20-12-64.

Principal.

(૪)

પ્રોફેસરો જોઈએ છે.

ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન એવી સુરતની એક કૉલેજ માટે ઇંગ્લિશના પ્રોફેસરોની જરૂર છે. ઉમેદવારોએ ઓછામાં ઓછા ૫૫ ટકા ગુણ સાથે એમ.એ. પાસ કરેલ હોવું જોઈએ. ઉમેદવારોએ પોતાની અરજી તા. ૨૦-૧૨-૬૪ સુધીમાં નીચેના સરનામે મોકલી આપવી.

પ્રિન્સિપાલ

એસ. એમ. બી. કૉલેજ, સુરત.

(૪)

ગુજરાતી પ્રાધ્યાપકોની જરૂર છે.

ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન એવી સુરતની એક કૉલેજ માટે ગુજરાતી ભાષાના પ્રાધ્યાપકોની જરૂર છે. ઉમેદવારોએ ઓછામાં ઓછા ૫૫ ટકા ગુણ સાથે એમ.એ. પાસ કરેલ હોવું જોઈએ. ઉમેદવારોએ પોતાની અરજી તા. ૨૦-૧૨-૬૪ સુધીમાં નીચેના સરનામે મોકલી આપવી.

(૪)

પ્રિન્સિપાલ

એસ. એમ. બી. કૉલેજ, સુરત.

અસ્માઉલ હુસ્ના

સંપાદક

રિફાઈ-સાબેરી

"યા રશીદ" (સંખ્યા ૫૧૪) "ઐ સૌના રાહનુમા" (૧) કોઇ એવું સખ્ત અને મુશ્કિલ કામ અથવા સંજોગ આવ્યો હોય કે તેને કેમ કરવું તેની કંઇ સમજ પડતી ન હોય તો એને અસર પછી એક હજાર વખત અને ઇશા પછી એક હજાર વખત દરરોજ પઢવાથી જે કંઇ ઠીક તદ્બીર હશે તે ઇ. અ. જાહેર થશે. (૨) અસર અને ઇશા પછી દરરોજ કસરતથી પઢનારનું જાતિન મુનવ્વર થાય છે. (૩) એને હંમેશા એક હજાર વખત પઢનારના બધા મુશ્કિલ કામો વગર મહેનતે ઇ. અ પૂર્ણ થતા રહેશે અને બીજા બધા કામો પણ એવીજ રીતે પૂર્ણ થતા રહેશે. (૪) કોઇ ચીજ ખોવાય કે ચોરાઈ ગઇ હોય તો મગરેબ અને ઇશાની વચ્ચે એને એક હજાર વખત પઢવાથી ઇ. અ. બહુ જલ્દી તે ચીજ મલી જશે અગર તેની ખબર મલી જશે (૫) દરરોજ ઇશા પછી એક એક સો વખત પઢનારના બધા અમલ કબુલ થાય છે. (૬) દરરોજ સવારે નમાજ પછી તેમજ ઇશાની નમાજ પછી એક એક સો વખત પઢનારના રાત દિવસના બધા અમલ ખુદાપાક કબુલ કરશે અને પઢનારને મુકર્રબીનનો દરજ્જો અતા કરશે. (૭) પોતાની ઔરત સાથે હમબિસ્તર થતી વખત એને પઢવાથી ઇ. અ. નેક અને પરહેજગાર ઔલાદ ખુદાપાક આપશે. (૮) એને હમેશા કસરતથી પઢનાર ઇ. અ કોઈ મુશ્કિલમાં સપડાશે નહીં (૯) અગર કોઇ મુશ્કિલમાં સપડાઈ ગયા હોય તો એને કસરતથી પઢવાથી ઇ. અ. બહુ જલ્દી મુશ્કિલ આસાન થઇ જશે.

"યા સબૂરો" (અદદ ૨૯૯) "ઐ હિલ્મ અને બર્દાસ્ત રાખનારવાલા, ઐ બોઝા સહારનાર વાલા." (૧) એને હમેશાં કસરતથી પઢનાર ગમે તેવી સખ્તમાં સખ્ત મુશ્કેલીમાં પણ સબર કરે છે એટલે સાબિર થાય છે. (૨) કોઇ રંજ અને મુસીબત આવી પડે ત્યારે એને દરરોજ ૧૩૩ વખત પઢવાથી રંજ, મુસીબત તેમજ મુશ્કિલ ઇ. અ બહુ જલ્દી દૂર થઇ જશે. (૩) અગર કોઇનો શોક, કોઇ હાકિમ વગેરે ગુસ્સે અને નારાજ થઈ ગયો હોય તેમજ જો કોઇ ઔરતનો આશીક બદ-ઝબાની કરતો હોય તો અધી રાત્રે અગર બપોરે ૧૧૦૧ વખત એને પઢી ખુદાપાકથી દુઆ માંગશે તો ઇ. અ. બહુ જલ્દી બધું ઠીક થઇ જશે. આ અમલ પૂરા સાત દિવસ કરવો જોઇએ જો કામ પૂરું થાય તો પણ (૪) અગર કોઇ ઔરતનું બચ્ચું મરી ગયું હોય અને તેણીને તેનો બહુજ રંજ ગમ રહેતો હોય તો એક હજાર વખત એને પઢી પાણી ઉપર દમ કરી પીવાડવાથી ઇ. અ. બહુ જલ્દી રંજ ગમ દૂર થઇ જશે. (૫) એને હમેશા કસરતથી પઢનાર દુનીયામાં અજીઝ થશે અને બધી મખ્લૂક તેનાથી રાજી રહેશે.



"યા સાદેકો" (સંખ્યા ૧૯૫) "એ સચું બોલવાવાલા" "એ સાચા" જેને જુઠું બોલવાની ટેવ હોય તે એને કસરતથી પઢશે તો ઇ. અ એ બૂરી ટેવ છુટી જશે અને સાચું બોલવાની ટેવ પડશે' (૨) એને કસરતથી હમેશાં પઢનાર ઇ. અ. જૈબની સાચી વાતો જાહેર કરશે.

"યા સત્તારો" (અદદ ૬૬૧) "એ ગુન્હેગારોના ગુન્હાને છુપાવવાવાલા" કોઇપણ નમાઝ પછી એકસો વખત પઢનારના બધા ઐબ ખુદાપાક પોશીદા રાખે છે. (૨) એને કસરતથી પઢનાર ગુન્હાઓથી બચેલો રહે છે અને નેક થાલચલણવાલો થાય છે.

"બિસ્મિલ્લાહનિર્રહમાનીર્રહીમ."

હો વલ્લાહુલઝી લાઇલાહા ઇલ્લા હોવર્રહમાનુર્રહીમ. અલ્લાહુમ્મા અંતલ મલેકુલ હકકુલઝી લાઇલાહા ઇલ્લા અંતા. યા અલ્લાહો. યા રહમાનો. યા રહીમો યા મલેકો. યા કુદ્દુસો. યા સલામો. યા મોઅમેનો. યા મોહયમેનો. યા અઝીઝો. યા જબ્બારો. યા મુતકબ્બેરો યા ખાલિકો. યા બારેઓ. યા મુસવ્વેરો. યા ગફ્ફારો. યા કહ્હારો યા વહ્હાબો. યા રઝઝાકો. યા ફત્તાહો. યા અલીમો. યા કાબેદો યા બાસેતો. યા ખાફેદો. યા રાફેઓ. યા મોઇઝઝો યા મોઝિલ્લો. યા સમીઓ. યા બસીરો. યા હકમો યા અદ્લો. યા લતીફો. યા ખબીરો. યા હલીમો. યા અઝીમો. યા ગફૂરો. યા શકૂરો. યા અલીયો. યા કબીરો. યા હફીઝો. યા મોકીતો. યા હસીબો. યા જલીલો. યા કરીમો. યા રકીબો. યા મુજીબો યા વાસેઓ. યા હકીમો. યા વદૂદો. યા મજીદો. યા બાએસો. યા શહીદો યા હકકો. યા વકીલો. યા કવીયો. યા મતીનો. યા વલીયો. યા હમીદો. યા મોહ્સી. યા મુબદીઓ. યા મોઇદો. યા મોહ્યી. યા મોમીતો યા હયો. યા કય્યૂમો. યા વાજેદો. યા માજેદો યા વાહેદો. યા અહદો યા સમદો યા કાદેરો. યા મુકતદેરો. યા મુકદ્દેમો. યા મોઅખ્ખેરો. યા અવ્વલો યા આખેરો. યા ઝાહેરો. યા બાતેનો યા વાલી. યા મુતઆલી. યા બરો. યા તવ્વાબો. યા મુનતકેમો, યા અફુવ્વો યા રઉફો. યા માલેકલ મુલ્કે. યા ઝુલજલાલે વલ ઇકરામે. યા રબ્બો. યા મુકસેતો. યા જમેઓ યા ગનીયો. યા મુગની. યા મોઅતી. યા માનેઓ. યા દારો. યા નાફેઓ. યા નૂરો. યા હાદી યા બદીઓ. યા બાકી. યા વારેસો. યા રશીદો. યા સબૂરો. યા સાદેકો. યા સત્તારો.

એને દરરોજ એક વખત પઢનારની દરેક હાજત ખુદાપાક પૂરી કરે છે તેને કોઇનો મોહતાજ કરતો નથી અને જે કંઇ દુઆ માગે તે ખુદાપાક કબૂલ કરે છે.

ખુદાપાકના મુબારક નામો વઝીફા તરીકે પઢવા અફઝલ અને શ્રેષ્ઠ છે. એ પછી જે કંઈ ખુદાપાકથી માંગવામાં આવે તે ઇ. અ.



જરૂર ખુદાપાક આપશે. મજકુરને વઝીફા તરીકે પઢવાથી ઈસ્મે આ'ઝમ પણ હાથ લાગી જવા ઉમ્મેદ છે. કેમકે ઈસ્મે આ'ઝમ પણ અલ્લાહપાકનાજ નામોમાંથી છે.

હદીસ શરીફ મુજબ ખુદાપાકના નામોના વસીલાથી જે કઇ દુઆ માગવામાં આવશે તે ખુદાપાક કબુલ કરશે. તેમજ ખુદાપાકના નામોને વઝીફા તરીકે પઢનાર જન્નતમાં દાખલ થશે.

"ઇસ્મે આ'ઝમ"

આપણે દુનીયાદારો ઈસ્મે આ'ઝમ માટે જમીન આસમાન એક કરવા જેટલી મહેનત કરવા પણ બંધાએ નહીં તેને માટે નીચે લખેલ હકીકત પરથી દરેક સાહેબ સારી રીતે સમજી શકશે કે ઇસ્મે આ'ઝમ શું છે?

એક દિવસ 'હઝરત ઇબ્રાહીમ અદહમ બાદશાહ" (રે. અ.)ને કોઇએ સવાલ કર્યો કે આપને ઈસ્મે આ'ઝમ યાદ છે? જો હોય તો ફરમાવો. આપે જવાબ આપ્યો કે ભાઇ:-પેટને હરામ રોજીથી પાક સાફ રાખી કઇ પણ દુનીયા લાલચ વગર ખુદાપાકના જે પણ મુબારક નામનો વઝીફા ખરા દિલથી હમેશાં ચાલુ રાખશો તેજ ઈસ્મે આ'ઝમ છે.

માશા અલ્લાહ કેવો સારો જવાબ છે. દરેક સમજદાર સાહેબ આ ઉપરથી બધું બરોબર સમજી શકે છે. લંબાણ લખવાની જરૂર જોતો નથી. ખુદાપાક સૌને નેક હીદાયત આપે એજ.

"ઇસ્મે આ'ઝમ" બાબત ઉપર ટુંક ખુલાસો કર્યો છે છતાં અમુક અમુક બુઝુર્ગોએ જેને જેને ઇસ્મે આ'ઝમ કહ્યા છે તે લખું છું:—

(૧) અલ્લાહ (૨) અલ્લાહુમ્મા (૩) હુ (૪) રબ્બના (૫) બિસ્મિલ્લાહે રહિમે રહીમ (૬) યા હયો યા કયૂમો (૭) અલ્લાહો લા ઇલાહા ઇલ્લાહો વલ હયુલ કયૂમ (૮) વ ઇલાહોકુમ ઇલ્લાહુવં વાહેદુલ લાઇલાહા ઇલ્લા હો વર્રહમાનુર્રહીમ (૯) હોવલ્લાહુલ્લજી લાર્યુ લાહા ઇલ્લાહો વ રહમાનુર્રહીમ (૧૦) યા અલ્લાહો, યા રહમાનો, યા રહીમો (૧૧) યા બદીઅસ્સમાવાતે વલ અર્દે (૧૨) યા ઝલજલાલે વલ ઇકરામે (૧૩) યા બદીઅસ્સમાવાતે વલ અર્દે યા ઝુલજલાલે વલ ઇકરામે (૧૪) લાઇલાહા ઇલ્લા અન્તા સુબ્હાનકા ઇન્ની કુન્તો મિનઝઝાલેમીન (૧૫) યા મુકલ્લીબલ કુલુબે (૧૬) યા મોકલ્લેબલ અબ્સાર યા મોકલ્લેબલ અબ્સાબે યા સામેઅલ અસ્વાતે યા મુજીબદ દાઅવાતે યા કાદીયલ હાજાતે (૧૮) યા હસીબો (૧૯) ય

વાંચકોને !

ચલુ અંકથી અસ્માઉલ હુસ્નાની લોકપ્રિય લેખમાળા સમાપ્ત થાય છે. કોઇ ભાઇ સંપાદકની પરવાનગી વિના એને છપાવવાનું સાહસ ખેડે નહિ. નહિ તો તેનું જોખમ તેને પોતાને શિરે રહેશે.

સંપાદકની તનતોડ મહેનતનો કોઇ ભાઇ ગેરલાભ ઉઠાવે નહીં, નહીં તે ખુદાપાકના પણ ગુન્હેગાર થશે

આ ઉપયોગી લેખની સમાપ્તી સાથેજ આવતા અંકથી 'દીદારે રસૂલ' યાને દરૂદ શરીફની ફઝીલતોની ઘણી જરૂરી લેખમાળા ભાઇ 'રિફ્ય સાબેરી' તરફથી રજુ થશે.

-તંત્રી

સમીઓ (૨૦) યા બસીરો (૨૧) યા સદ્દેકો યા સત્તારો (૨૨) હરબોનલ્લાહો વ નેઅમલ વકીલો (૨૩) યા માલેકુલ મુલ્કે (૨૪) હો વલ્લાહુલ્લઝી લાઇલાહા ઇલ્લા હોવા રબ્બુલ અર્શીલ અઝીમ (૨૫) અલ્લાહો લાઇલાહા ઇલ્લા હોવા લહૂલ અસ્માઉલ હુસ્ના (૨૬) વ આનતિલ વજુહુલ બાકુલ કય્યુમ (૨૭) અલ્લાહુમ્મા ઇન્ની અસ્અલોકા બેઇસ્મેકલ મખ્ઝૂનિલ મકનૂનીત્તાહેરીલ મુબારકીલ કુદ્દુસીલ કબીલ કય્યુમીર્રહમાનીર્રહીમે જિલજલાલે વલ ઇકરામે (૨૮) યા અલ્લાહો યા રહમાનો યા રહીમો યા કરીમો યા સમીઓ યા સાદેકો યા સત્તારો (૨૯) અલ્લાહુમ્મા ઇન્ની અસ્અલોકા બેઅન્ની અશ્હદો અન્નકા અંતલ્લાહો લાઇલાહા ઇલ્લા અંતલ અહદુસ્સમદુલ્લઝી લમયલિદ વ લમ્યૂલદ વ લમયકુલલહૂ કુફુવન અહદ (૩૦) અલ્લાહુમ્મા ઇન્ની અસ્અલોકા બેઅન્ના લકલ હમ્દો લાઇલાહા ઇલ્લા અંતા યા હન્નાનો યા મન્નાનો યા બદીઉસ્સમાવાતે વલ અર્દે યા ઝુલ્જલાલે વલ ઇકરામે યા કૈરીલ યારેસીના યા અદ્દમરર્રિગીના યા સમીઉદ દુઅ ઐ યા અલ્લાહો યા અલ્લાહો યા અલ્લાહો યા આલેમો યા સમીઓ યા અલીમો યા હલીમો યા માલેકુલ મુલ્કો યા સલામો યા હકકો યા કદીમો યા દાએમો યા ગનીયો યા મોહીનો યા હકીમો યા અલીયો યા કાદેરો યા રૂહમાનો યા રહીમો યા કરીમો યા મોઅની યા માનેઓ યા મેઝની યા મુકસેતો યા હયો યા કય્યૂમો યા અહદો યાં અહદો યા અલદો યા રબ્બો યા રબ્બો યા રબ્બો યા વહહાબો યા ગફ્ફારો યા કરીબો યા લાઇલાહા ઇલ્લા અંતા મુઝ્ઝાનકા ઇન્ની કુન્તો મિનઝ્ઝાલેમીના અંતા હરબી વ નેઅમલ વકીલો. (૩૧) અલ્લાહુમ્મા ઇન્ની અસ્અલોકા બેઅન્ના લકલ હમ્દો લાઇલાહા ઇલ્લા અંતા વહદોકા લાશરીકા લકલ હન્નાનુલ મન્નાને બદીઉસમાવાતે વલ અર્દે યા ઝુલ્જલાલે વલ ઇકરામે. (૩૨) કુલ્લિલ્લા હુમ્મા માલેકુલ મુલ્કે.....છેવટ સુધી.

ઇસ્મે આ'ઝમની ખાસ તારીફ એ છે કે એ પછી જે કંઈ દુઆ માગવામાં આવે તે ખુદાપાક કબૂલ કરે છે અને દીન દુન્યવી દરેક હાજત પૂર્ણ થવા તેમજ બધી મુશ્કિલ આસાન થવા અકસીર સમાન છે દરેક વઝીફા વગેરેમાં નિય્યત અને ખરા અકીદાની તેમજ હલાલ રોઝીની ખાસ જરૂર છે એ સિવાય બધી મહેનત નકામી છે, તેનો જરૂર ખિયાલ રાખવો જોઇએ

કોઈ પણ ઇસ્મને વઝીફા તરીકે પસંદ કરે તો તેને કેટલી વખત પઢવું નક્કી કરવું જોઇએ કે દરરોજ ગમે તે બોજે તેટલી વખત પઢવું જોઇએ. એક દિવસ પછી બે દિવસ છોડી દેવું અગર કોઈ દિવસ વધુ અને કોઇ દિવસ કમતી એમ પઢવું ન જોઇએ એ બાબત પણ ધ્યાનમાં રાખવી જરૂરી છે, અને બદનની તેમજ કપડાની પાકીનો અને જે જગ્યાએ પઢવા બેસો તેની પાકીનો પણ જરૂર ખિયાલ રાખવો જોઇએ.

અસ્માઉલ હુસ્નામાંથી અમુક અમુક નામોને સાથે મેળવી પઢવાથી જે ઇસ્મે આ'ઝમની તાસીર ચેતા થઈ તેનાથી જે જે ફાયદા અને કામ થાય છે તે લખ્યું છું :—

જે બોજે કે ત્રણ ત્રણ અગર વધુ નામો તુય તેનાં દરેકના અદદનો સરવાળો કરી તેટલી વખત દરરોજ એક ચિલ્લા સુધી અગર ધારેલું કામ પૂરું થાય ત્યાં સુધી અથવા તો



પઢનારે પોતાના નામના અદદ મુજબ દરરોજ નક્કી કરેલ વખત અને જગ્યાએ એકાંતમાં બેસી પઢવું. પઢવાનું શરૂ કરવા પહેલાં તેમજ પછી રહ્યા પછી દરૂદ શરીફ પઢવું જરૂર ધ્યાનમાં રાખવું. જે આખા ફકરા છે તેને પઢનારે પોતાના નામના અદદ મુજબ પઢવું.

(૧) "યા હલીમો, યા અલીમો, યા અલીયો" (૧) સખતમાં સખત લાઇલાજ બીમારીમાંથી છુટવા તેમજ ગમે તેવા સંગીન મુકદ્દમામાં ફતેહ મેળવવા માટે અકસીર છે. (૨) એને ખતમની રીતે એક લાખ એકાવન હજાર વખત પઢવાથી ધારેલું ગમે તે કામ ઇ અ એકજ અઠવાડીઆમા થઇ જશે. (૩) સાધારણ કામ માટે દરરોજ એક હજાર વખત પઢવાથી ધારેલું કામ ઇ. અ. બહુ જલ્દી થઇ જશે.

(૨) "યા અર્હમર્રાહિમીન" (૧) એને કસરતથી પઢવાથી ધારેલું કામ ઇ અ. બહુ જલ્દી થઇ જશે (૨) દરેક મુસીબત દૂર કરવા એને હંમેશા કસરતથી પઢવું. ગમે તેવી સખત મુસીબત હશે, તો પણ ઇ. અ. બહુ જલ્દી દૂર થઇ જશે ( ) ઇશા પછી સજદામાં જઇ એકસો વખત પઢી દુઆ માગેથી લાઇલાજ બીમારી પણ ઇ અ સારી થઇ જશે (૪) ગમે તેવી સખત મુસીબતમાથી છૂટવા તેમજ ધારેલું કામ પૂરૂં થવા નંબર ૩ મુજબ પઢવુ (૫) એને હંમેશા કસરતથી પઢનાર ઉપર લખેલ ફાયદાઓ ઉપરાંત બીજા અનેક ફાયદાઓ મેળવશે.

(૩) "યા મલેકુલ અઝીઝો" એને કસરતથી પઢવાથી નફસાની શેતનત નાબૂદ થઇ જાય છે.

(૪) "યા સમદો" એને કસરતથી પઢવાથી ભુખ લાગી હોય તો નરમ પડી જાય છે અને વારંવાર ભુખ લાગતી નથી "અલ્લાહુ-રસમદો" એને કસરતથી પઢનારને ખુદાપાક ઇ. અ દરદે ગેબ અતા કરશે, અને તે કોઇનો મોહતાજ થશે નહીં એ સીવાય અનેક ફાયદાઓ મેળવશે.

(૫) "યા કુઅમાસો" એને કસરતથી પઢનાર દરેક રંજ-ગમ-ફીકર-અને વસવસ-ઓથી ઇ અ. બહુ જલ્દી છૂટો થશે અને એ ચીજોથી બચેલો રહેશે.

(૬) "યા સમીઉલ બસીરો" એને કસ-રતથી પઢનારની દરેક દુઆ ખુદાપાક કબુલ કરે છે.

(૭) "યા કાદેરૂલ મુકતદેરૂલ કવી-યુલ કાએમો" ભારે વજન ઉઠાવવાવાલા, સખત કામ કરવાવાલા એને કસરતથી પઢતા રહે તો ઇ. અ થાક લગશે નહીં. (૨) કોઇ પણ કામ શરૂ કરવા પહેલાં એને પઢવું શરૂ કરેથી ઇ. અ. બહુ સહેલાઇથી કામ થઇ જશે.

૮ "યા અઝીઝુલ જબ્બારૂલ મુતકબ્બેરો" (૧) એને કસરતથી પઢવાથી ઇજ્જત વધે છે અને પઢનારના દિલમાંથી હુંપદ-મગરૂરી દૂર થઈ દિલ નરમ થાય છે. (૨) કોઇ મગરૂર માણસ રૂબરૂ એને પઢવાથી ઇ. અ. નરમ થઇ જશે.

(૯) "યા નૂરૂલ બાસેતો" (૧) અગર કોઇ બાબત ખ્વાબમાં બતાવી હોય તો વજુ કરી બિસ્તર પર સુવે અને સુતા સુતા પઢવું ચલુ રાખવું ઇ. અ ખ્વાબમાં બધી બાબત માલુમ થઈ જશે. (૨) અગર કોઇ વાત સમ-જમાં ન આવતી હોય કે અમુક કામ કેમ કરવું તો એને ૨૫૬ વખત પઢવું ઇ. અ.

કોઈ સારો અંજામ (રસ્તો) મલી જશે. (૩) મુસાફરીમાં રસ્તો ભૂલી જનાર નબર ૨ મુજબ પઢશે તો ઇ. અ. જલ્દી રસ્તો મલી જશે.

૧૦ "યા અલીમુલ હુદીમો" એને કસરતથી પઢવાથી ઇલ્મ-રતનમાં તરક્કી મળે છે.

૧૧ "યા હુદીમુર ઉકુલ મતાનો" કરોપ તબીઅતવાળા એને કસરતથી પઢશે તો ઇ. અ દિલ બરોબર થઈ જશે અને કદી કોઇપણ માણસ વગેરેથી ડરશે નહીં. એકાંત જગ્યામાં જ્યારે દિલ પર બેચેની કે ગભરાટ લાગે ત્યારે એને કસરતથી પઢવું ઇ. અ. બધું ઠીક થઇ જશે.

૧૨ "યા કરીમુલ વહહાબો કુલ્લસો" જેની રોજી તંગ હોય અથવા જેને કોઇ હાજત હોય તો એને કસરતથી પઢવાથી ઇ. અ. બહુ જલ્દી ફરાખ રોજી મલશે તેમજ ધારેલું કામ પૂરું થશે.

૧૩ "યા હાદીયલ ખબીરૂલ મુબીનો" અર્ધરાત પછી એને કસરતથી પઢે અને દરેક ઓકસો પૂરા થએ "એહુદેની યા હાદી વ અગ્નેરની યા ખબીરા વ ઐનેની યા મુબીનો"ને એક વખત પઢી જે બાબત ખ્યાલમાં બનાવી હોય તેનું નામ લેવું એ મુજબ પઢતાં રહેવું જ્યારે ઉંઘ આવે ત્યારે સુઈ જવું ઇ. અ ખ્યાલમાં બધી બાબત માલૂમ થઈ જશે.

(૧૪) "યા મસ્સેકો યા હુકકો યા મુબીનો" તંગદસ્તી દૂર કરવા માટે કસરતથી પઢવું અકસીર છે. "લાઇલાહા ઇલ્લલ્લાહુલ મલેકુલ હકકુલ મુબીન" એને હમેશાં કસરતથી પઢનાર ઇ. અ કદી કોઇનો મોહતાજ થશે નહીં (૨) એને હમેશાં કસરતથી પઢવાથી તંગદસ્તી ઇ. અ બહુ જલ્દી દૂર થઇ જશે, (૩) એને કસરતથી હમેશાં પઢનાર ઇ. અ. મૌતની સખ્તીઓથી બચા જશે અને કયામતમાં મોટા મોટા દરજ્જા મેળવશે અને જન્નતીમા એ ઉપરાંત દીન દુન્યાના અનેક ફાયદાઓ પણ મેળવશે. (૪) એને કસરતથી પઢવાથી કરજદારીમાંથી બહુ જલ્દી ઇ. અ. છૂટા થઈ જવાશે.

(૧૫) "હોવર્રહમાનો આમન્ના બેહી વ કુલયહુ તવક્કલના" (૧) જે પણ હાજત કે મુરાદ હોય તેની નિય્યતથી એને કસરતથી પઢવાથી ઇ. અ. બહુ જલ્દી હાજત, મુરાદ પૂરી થશે. (૨) એને કસરતથી પઢનાર ઇ અ. કદી પણ કોઇનો મોહતાજ થશે નહીં. (૩) એને કસરતથી પઢનાર જીંદગીમાં દીન દુન્યાના અનેક ફાયદાઓ મેળવશે અને મૌતની સખ્તીઓથી બચી જશે અને કયામતમાં મોટા દરજ્જા મેળવશે. (૪) મકાનમાંથી બહાર નીકળતા પહેલાં "બિસ્મિલ્લાહ" પૂરી એક વખત, દરૂદ શરીફ એક વખત અને એને ૩ ત્રણ વખત અને એક વખત, દરૂદ શરીફ પઢવાથી ઇ. અ. ઘરે સુખરૂપ આવશે અને દરેક આફત બલાથી બચેલો રહેશે.

(૧૬) "યા દાએમુર અઝીઝો વલ બકાયા યા હુજ્જતાસો વલ અતાયા યા અલીહો યા રહમાનો યા રહીમો બેહકકે ઇય્યાકાનઅબોદો વ ઇય્યાકાનસ્તઈન" (૧) એને હમેશાં કસરતથી પઢનાર ઇ. અ. કદી કોઇનો મોહતાજ થશે નહીં. (૨) એને કસરતથી પઢનાર ઇ. અ. કદી કોઇ આફત, બલા, રંજ, મુસીબતમાં પકડાશે નહીં એવી ચીન્તામાં પકડાઈ જનાર કસરતથી પઢતો રહેશે તો ઇ. અ બહુ જલ્દી છૂટો થઈ જશે.


(૧૭) લાઈલ્લા ઇલ્લલ્લાહો વહદહૂ લાશરીકલહૂ લહુલ્મુલ્કો વલહુલ હમ્દો વહોવા અલા કુલ્લે શૈઈન કદીર એને હમેશાં કસરતથી પઢનારી નં. ૧૬ માં લખેલ ફાયદા મલે છે નંબર ૧૬-૧૭ના ઉપર લખેલ ફાયદાઓ ઉપરાંત બીજા અનેક દીન દુન્યાના ફાયદા મલે છે જે એના પઢનારને ધ. અ. જાહેર થતા રહેશે.

(૧૮) યા અલ્લાહો, યા રહમાનો, યા રહીમો, યા અહદો, યા સમદો, યા મુજીબો, યા મુકીતો, યા હકીમો, યા મજીદો, યા બાઇદો, યા લતીફો, યા હય્યો, યા કય્યૂમો, અકદે હાજતી યા કદીયુલ હાજત અકદે હાજતી યા કાદીયુલ હાજત અકદે હાજતી યા કાદીયુલ હાજત (૧) દીન દુન્યાના ગમે તે મુશ્કિલ કામ, ઉમ્મદ મુરાદ વગેરે પૂર્ણ થવા ઇશાની નમાઝ પછી વીતર પઢવા પહેલાં પોતાના નામના અદદ પ્રમાણે કામ પૂર્ણ થાય ત્યાં સુધી દરરોજ પઢવું (૨) કોઇ પણ કામ વગેરે માટે તકલીફ તો માત્ર યા કય્યૂમો સુધી હમેશાં કસરતથી પઢનાર ધ. અ. કદી કોઇનો મોહતાજ થશે નહીં, અને એ સિવાય બીજા અનેક ફાયદા મેળવશે જે લખી શકાય એમ નથી, પઢનાર પોતે સમજી શકશે

(સમાપ્ત)

"કવિતા" [માસિક]

- 'કવિતા' માસિક ગુજરાતીઓની કવિતા-ભૂખને સંતોષવા નીકળ્યું છે.
- 'કવિતા' માસિકે એક વર્ષ જેટલી ટુંકી વયમાં સારી પ્રગતિ સાધી છે.
- 'કવિતા' માસિક અકવિઓને પણ કવિતામાં રસ લેતા કરી શકયું છે.
- 'કવિતા' માસિકમાં આમ અને ખાસ, એ બધાય વર્ગના કવિઓ હાજર થાય છે.
- 'કવિતા' માસિક ઘેરબેઠા મુશાયરાની મઝા આપી જાય છે
- 'કવિતા' માસિકના તંત્રીઓ ત્રણ છે. ઈન્દુલાલ ગાંધી, મગનલાલ દેસાઇ, અને રતુભાઈ દેસાઇ.
- 'કવિતા'નું વાર્ષિક લવાજમ ફકત દોઢ રૂપિયો છે, 'એટલે રોજની ૪/૫ પાઇ પડી.
- 'કવિતા'નું લવાજમ ભરવાનું ઠેકાણું:-રતુભાઇ દેસાઈ 'કવિતા કાર્યાલય' વલ્લભનિવાસ, વિલેપારલે (મુંબઈ).



ટાંગાવાળો

અનુવાદકઃ-'સીરતી'

શાહ મુહમ્મદના તબિયાનો એક ભાગ કાપીને નખેલો બનાવી લેવામાં આવ્યો હતો આ બધું દાદાગીરીથી થયું હતું. અંતે રમઝાનની છતી સવા શીટની હતી, અને એ બીમકાય જવાનને નિહાળીને સઘળા દૈબત ખાઇ ગયા હતા. કોઇથી ચું કે ચાં થતું ન હતું. અધૂરામાં પુરૂં હોય તેમ કબૂતરોના પાંજરાંથી લઇ મઝાર લગી લીદ પથરાયલી રહેતી હતી. લીદ વિખેરે રમઝાનનો ઘોડો અને ઉપાડે મુખ્તપર. જેની નાકમાં દુર્ગંધ આવતી તે લીદ ઉપાડી નાંખતું. રમઝાનને તો ઘોડા સાથે મનલગ્ન હતી અલબત્ત, ઘોડાના વાનને તે અરિસા જેવું ચકચકિત રાખતો.

કમીટીમાં ભાગ્યેજ કોઇનું સાંભળવામાં આવતું હતું! રમઝાન પોતાના ટાંગામાં બેસાડીને દારોગાને નદી ઉપર મફત ફરવા લઇ જતો. દારોગા કહેતોઃ "અમારા રાજ્યમાં રમઝાનને સઘળી વાતની છૂટ છે." રમઝાન સમજતો, દારોગાનું રાજ અટલ છે. તેની આંખોમાં તબેલો ફરી જતો તસવ્વુરમાં ઘોડાનું થાન ઓર પણ ઝળહળી ઊઠતું. મહમ્મદના એક નવા અંદાઝથી તે ઘોડા તરફ જોતો; અને વિચારતો કે દારોગાને વખતે આ ગમતું ન હોય; નહિતર તે ટાંગામાંથી ઉતરી, ઘોડાની આંખોમાં આંખો પરોવી તેના માથાને પોતાની છાતી સાથે ભીંસી લેત.

ઘોડાનું નામ હતું 'ઇદુ' માનવીના રમતિયાળ બાળકની જેમ તેને કુદાંદ કરતો જોઇ રમઝાનને યકીન થઇ ગયું હતું કે મોટો થઇને આ અબુધક વછેરો એક સુંદર અને ચંચળ ઘોડો નીકળશે. અને જ્યારે તે બેહના દિવસો તેને ખરીદી લાવ્યો હતો; ત્યારે મોડે લગી તેના દાંતને તપાસતો રહ્યો હતો. અંતે તે ચાર પેઢીનો ઠોચયાન હતો અને ઘોડાઓ વિષેનું તેનું જ્ઞાન ઘણુંજ ઘહેરાણું હતું. 'ઇદુ'ને નવરાવતી વખતે રમઝાનનાં હાથ તેની કાળી મખમલી પીઠ પર ફરતા રહેતા. તેના ધોયલા ચારે પગ તે ખૂબ ચોળીને મોતો અને પછી તેનું મુખ ઉઘાડીને જોતો કે દૂધ સા દાંત હજી કેટલા બાકી છે અને ઇદુ પોતાની ધોયણી રમઝાનની છાતી પર ધપધપાવતો બતાવી રહ્યો હોય; "અત્યારથી મને ટાંગામાં જોડવાની વાત ન વિચારો, રમઝાન મિયાં! હજી તો કૂદકૂદના દિવસો છે મારા. પાંચ વરસનું વય ન થાય ત્યાં લગી મને ટાંગામાં ન જોડતા. પછી જોજો, મારા કેવા કસાં કર્યાં મજબૂત બની જાય છે અને હું કેવો દેકું છું!" રમઝાન કહેતોઃ "હવે મ્હારી પગુ આરામથી કે આમ મહનતીજ મરતી કર્યાં કરશે, ઇદુ બેટા!" પણ ઇદુ ન માનતો એટલે રમઝાન પોતાની મુરબ્બી દુલ્હનને બ્રમ મારતોઃ-"અરે, જરા આમ આવીને તો જો, સમજતી દે એને. તેંજ તો એને આટલો માથે ચઢાવી રાખ્યો છે; એની પીઠ પર હાથ ફેરવી ફેરવીને."

મુખ્તી દુલ્હન નજીક આવી કહેતી;-"તમે બસી બનો અદિ'આથી. હું પોને નવરાવીય મ્હારા બેટાને, તમને તો એની ચિકાયતો કરવામાં મઝા પડે છે."

અને રમઝાન કહેતોઃ–"લે, સંભાળી લે તારા બેટાને."

પોતાની વિવિધ રીતોથી ઇદુ પોતાનો પ્રેમ પ્રદર્શિત કરતો. પૂંઠીને તે વિચિત્ર રીતે ઉછાળતો અને રમઝાનને જોઈ તે હબુડબુચા લાગતો એ નિરાળી રમઝાન કહેતોઃ "થોભ જરા બેટા! આ આજ્યો તારા માટે સરસ મસાલો મંગાવ્યો છે. ખાશેતો ખુશ થઈ જશે."

પરંતુ ઇદુ એમ એટલી સરળતાથી માને એવો ન હતો હબુડબુચાનું તે ચાલુજ રાખતો. જાણે કહેતો કેમ ન હોયઃ "દૂર જશો નહિ, રમઝાનમિયાં! મસાલો તો પછી પણ આવશે. બ્હારે તો તમને જોયા કરવા છે, તમારી વાતો સાંભળ્યા કરવી છે." રમઝાન કહેતોઃ "અરે બેટા! આમ આપીરો શાનો થાય છે? હું જોતજોતામાં પાછો આવું છું, પછી છે કાંઇ?"

ઇદુ હબુડબુચાનું છોડી દેતો. પરંતુ તે રમમસ જેવો લાગતો અને પછી એમ લાગતું કે તે રમણજ ચટ દઈને કહેશેઃ "વારૂં ત્યારે, જર્બ આવો બહાર. વાર લગાડશો નહિ." અને ઇદુની ખૂબસૂરત મોચણી જમીન તરફ ઝુકી જતી.

ગત વરસથી રમઝાન વિધુર બની ગયો હતો પત્ની બિચારી ગોદાની ઓદણી મારે તરસતીજ રહી ગઇ. ઝમાનાની લીલી સુકાએ રમઝાનને ઘણો સતાવ્યો હતો. સાહજીનું દેવું વધી ગયું હતું. કયાંથી લાવીને આપે ગોદાની ઓદણી પોતાની મુરબ્બી દુલ્હનને? લઇ દઇને હતું તે ઇદુયેજ મનને મનાવતો હતો. એ સમજદાર, રમઝઝ ઇદુના બદલે તેની પાસે પરેલાંનો મુડદાલ ઘોડો હતે તો તેની જિંદગી એક આમોદ ગરમ બજાર જેવી બની રહતે.

અસ્તબલમાં બેઠાં બેઠાં અકબર રમઝાનની આંખો મીંચાઇ જતી, જાણે તે કોઈ સ્વપ્ન નિહાળી રહ્યો હોય ત્યારે તેને થતું કે ઇદુની આંખો પણ મીંચાઇ ગઇ છે. અને તે બન્ને એકી વખતે મુરબ્બી દુલ્હનને નિહાળી રહ્યા છે. ઇદુના ગળામાં હાથો પરોવીને તે પૂછતોઃ "સચું કેજ્જે ઇદુ બેટા! તને મુરબ્બી દુલ્હનની યાદ આવતી હશે; જે દરરોજ સવારે તને ચટી ભરાવતી હતી."

સત વરસના લંબાણુ અરસામાં મુરબ્બી દુલ્હનને કોઇ ખબર ન પડ્યું. પાંચ અવરયા માંજ તે જમીનની નીચે કબ્રમાં જઇને સૂતી. કોઇ કોઇ રાત્રે રમઝાનને એમ લાગતું કે તેની ગરદન પર કોઇ બાળકની આંગળીઓ ફરી રહી છે, જાણે કબ્રમાં મુરબ્બી દુલ્હનની કૂખ હરી થઈ ગઇ હોય અને અલ્લાહની કૃપથી તેનું બાપના તખેલામાં આવી પહોંચ્યું હોય અને તે વિચારતો કે આ સઘળું ઇદુની દુઆઓનુંજ પરિણામ છે આમળ ચાલીને તેના રબ્બમાં ઓર પણ રસદાયક ફરક દરપમાન થતું. તે જોતો કે તેનું બાળક એકલુંજ નથી, આખા થોરના બળકો કલબલ કરતાં તેની તરફ જોઇ રહ્યાં છે. અને ઇદુ હબુડબુચી રહ્યો હોયઃ "રમઝાનમિયાં! જુઓ તો આ ફલ્ય, હવે કોણ, આ સઘળામાં ખૂબસૂરત બચ્ચેરો કયો છે?"

આ સઘળાં સ્વપ્ન તેનાં સુનેરા સાગરના તરંગોને જગાડી નાંખતાં હતાં. લોકો સમજતા કે રમઝાન પરેલવાન છે અને એ બોદું પણ ન હતું. પરંતુ, એ પણ તો સાચું હતું કે પત્નિના મૃત્યુ પછી તેના આત્માએ ઘરઘર ઘુમવાનું મરણ કરી લીધું હતું. જાણે આ પછી વતનમાં બેઠું એમજ કંપતું રહે છે; તેની રૂહ પણ મુરબ્બી દુલ્હનની યાદમાં ઘુમતી રહેતી હતી.



"આઠ શેરનો તો ધણીનો આટો છે; ધંદુ બેટા!" રમઝાન પોતાની તંગદસ્તીના રોદણાં શરૂ કરી દેતો. જાણે હૈવાનના પુત્ર ઇન્સાનના ગમને ઠીક ઠીક સમજવાની બુદ્ધિ ધરાવતો હોયઃ "એક દિવસ તો સાડા પાંચ શેરનો થઈ ગયો હતો આટો. ધંદુ બેટા! આ તો સરકારને દયા આવી તે રૂપિયાના આઠ શેરનો ભાવ નક્કી કર્યો" અને ધંદુ પોતાની ખૂબસૂરત શ્યામણી ઉંચી કરી રમઝાનની તરફ જોતો, જાણે કહેતો હોયઃ "ગભરાય નહિં, રમઝાનમિયાં! આટો કરી આવી જરો પોતાના પહેલા ભાવ પર. રૂપિયાનો પંદર શેર" પણ રમઝાન મસ્તક ઝુકાવે ને બેસી જતો તેને એમ લાગતું કે કોઈ કરોળિયો તેના દિમાગમાં પોતાનું જાળું ગુંથી રહ્યો છે! ધંદુ હણહણતો, જાણે કહેતો હોયઃ "વાહ, રમઝાનમિયાં! ખૂબ પહેલવાન છો તમે પણ? અરે મિયાં! હિંમત કેમ હારો છો? આ તકલીફો હમેશાં થોડીજ રહેવાની છે?" રમઝાનનું મસ્તક ઉંચું થઈ જતું. ધંદુ પોતાની પૂછડી હલાવતો અને રમઝાનને તાકી રહેતો. જાણે કહી રહ્યો હોયઃ "બહુને ચંદી પણ તો નથી મળતી, રમઝાનમિયાં! પણ કોઈ પરવા નહિ હું તમારા માટે સો માર્કલ દોડીશ. લોહી પરસેવો એક કરી નાંખીશ."

અને સાચેજ ધંદુ દોડી દોડીને લોહી પરસેવો એક કરી નાંખતો. પરંતુ તેની આવક જોને તે હવાઇ રોઝી સમજતો-ઘણીજ ઓછી થઇ ગઇ હતી. ટાંગાનો સાઝ ઘણો પુરાણો હતો. નવા રબ્બર ટાયરની હવે કોઇ આશા ન હતી. તેનું મૂલ્ય ઘણુંજ ઘટી ગયું હતું. ઝમાનો બદલાઇ ગયો હતો. જાણે એકજ રાતમાં રૂઢિ બદલાઇ ગઇ અને સાંઢડાં હતાની ચિંતા તેના દિમાગને કોરી ખાતી હતી.

ધંદુનું કરમાયલું મુખ નિહાળીને રમઝાન પોતાને અપરાધી લેખતો. પહેલાં તે તેને દરરોજ દોઢ મણ લીલું ઘાસ, લૂસન ખવરાવતો. ઉપરાંત ચાર શેર ચણા પણ આપતો. હવે તો તેય ઘણા મોંઘા થઇ ગયાં હતાં. પંદર આનાનું લૂસન, મૂઠીયું વિગેરે આવતું અને આઠ આનાના ચણા, રમઝાન તેને પૂરો ખોરાક તો કોરે રહ્યો અર્ધો ખોરાક પણ આપી શકતો ન હતો. તેને પોતાની જાત પ્રત્યે ધિક્કાર છૂટયો અને હવે તેને એમ લાગવા માંડયું કે તેના દિમાગમાં ધંદુની આખરી લીદ દાખલ થઇ રહી છે અને તેના પેશાબની ધાર પણ અવશ્ય તેના દિમાગ પર રેડાશે. બેગૈરત આદમી! ભૂખ્યા ઘોડાથી કામ લેતો બંધ છે, જોને તે પોતાનો ખરીદેલો ગુલામ લેખે છે.

ભૂખ ઘણી સતાવતી, ત્યારે રમઝાનને પોતાના પેટમાં ધગધગતો લાવા-રસ ઉત્પન્ન થતો લાગતો. અને તેને થતું કે ધંદુના પેટમાં પણ લાવા ભડકી ઉઠશે. તે ટાંગાને થંભાવી દેતો, પરંતુ એ કોઇ ઉપાય થોડોજ હતો અને ગજબ ખુદાનો, ભૂખે મરતા લોકો તરફ જોતાં પણ તેને એમ લાગતું કે આ લોકો તેને ઘેરી રહ્યા છે, અને કરડે છેઃ "ખુદ તો મરશોજ ભૂખ્યો, પણ ગરીબ ઘોડાને શા માટે મારે છે પોતાની સંગાથે; એને વેચી કેમ નાંખતો નથી...?

પરંતુ ધંદુને વેચવાનો વિચાર રમઝાન કરી પણ શકતો ન હતો તે ઘણોજ ઉદાસ રહેતો. ગુસસ્સ તો ગુસસ્સ, કેટકેટલા દિવસો લગી

તે મોઢું મુખ્યાં ન ધોતો. તેની બાકી દમીસ અને સાફા પર કાદવનો રંગ ચડી ગયો હતો શાયદ તેના આત્મા ઉપર પણ

ખૂણ અને ગંદકીમાં બોવાયલા જેના રમઝાનને લાગ્યું કે યુધ્ધના સમાચારો લોહ-ચુંબક જેવી તાકાત ધરાવે છે.

"જરમનવાળો શું કહે છે તેની તને ખબર છે ઇદુ?" તેણે પ્રશ્ન્યું.

ઇદુ બાઘોરા રહ્યો. અને રમઝાન બોલ્યોઃ "જરમનવાલો કહે છે કે રૂસવાળો એનો સિક્કો માની લે."

થોડીવાર પછી ઇદુએ મસ્તક હલાવ્યું અને થોથણી ધમાવી રમઝાનની આંખોમાં આંખો પરોવી દીધી. જાણે કહી રહ્યો હોય.

'એ કોઇ નવિન ખબર નથી, રમઝાન-મિયા! શહેરનાં ચોપા દરવાજાની બહાર રેડિ-યોના મુખેથી હું પણ જંગની ગરમા ગરમ ખબરો સાંભળી લઉં છું."

જંગની તબાહી અને સર્વનાશના સમા-ચારો સાંભળતાં રમઝાનને પોતાની તકલીફો નિરર્થક અને ક્ષુલક લાગતી અરતબલમાં બેસીને હુક્કાનો દમ બેંચતાં તે વિચારતો, જરમની એક બહોજ મોટો દાગો છે. જેના પર સવાર બધને હિટલર રૂસમાંથી પસાર થવા માંગે છે. પરંતુ જ્યારે એક દિવસ કોઇ ઉતારના મુખે તેણે સાંભળ્યું કે રશિયન કિસાનો, અને મજદૂરો બે હજાર લાખી દીવાર બનાવી હિટલરનો માર્ગ રોકવને ઉભા છે અને હિટલરનો બાપ પણ એ માનવ દીવારને તોડીને આગળ નથી વધી શકતો, ત્યારે તેને બહોજ આનંદ થયો અને તબેલામાં પડેલાંઘોને તે પુચકારી ઊઠ્યો.

"રૂસની સડક પર હિટલરના ટાંગાના નવા રબર ટાયર પણ કામ આપી શકે એમ નથી." ઇદુ હણહણ્યોઃ જાણે કહેતો હોય: "મહારા માટે તમારા કોઇપણ સમાચાર નવિન નથી હોઈ શકતા, રમઝાનમિયાં!"

રમઝાન વિચારતો કે હિટલરનો પરાજય થાય તો લડાઇનો અંત આવી જાય. આ મત તેણે ઉતારઓની વાતો સાંભળી સાંભળીને બાંધ્યો હતો લડાઇએ પ્રત્યેક વસ્તુના ભાવ વધારી દીધા હતા. સેંકડો હજારો માઇલ દૂર થનારી લડાઇના ભયાનક પંજા હમણાંથી ગરીબોના મોંઢામાંથી રોટી છિનવી રહ્યા હતા, તેને ઇદુની ધુંધળી આંખોમાં ગમ અને ખૌફ ડોકે ટીંગાતા દેખાતા. જાણે તે લડાઇમાં મરનારાઓની ચીસ પુકાર સાંભળતો હોય...પળે પળે વધતી જતી પુકાર, જાણે એક વિચિત્ર પરંતુ ભારે ખૌફ તેના આત્માને પોતાની લોખંડી મુઠ્ઠીમાં ભીંચી રહ્યો હોય

રાહદીના કાંદાઓ જેવા લટકતા માથાના લાંબા વાળોમાં શાયદ રમઝાને કદી આંગળી-ઓની કાંસકી પણ ફેરવી ન હતી. તેની છાતીનું માપ પણ હવે ઘટતું ચાલ્યું હતું. પરંતુ મુન્નવરને તો તે પહેલાના જેવુંજ ઉચ્ચકોય સંપૂર્ણ નજરે પડતું હતું-પુરું સવારીટ. રમઝાન તેને હવે કદી કદી નદીએ મફત ફરવા લઈ જતો અને કબૂતરોના પાંજરા પાસેની લીદ ઉપાડતી વખતે મુન્નવરના હાવભાવમાં નૃત્ય જેવી કૈફિયત જણાતી. અને કદી મુન્નવર, ઇદુની પીઠ પર હાથ ફેરવતો તો તે તેની તરફ થોથણી ઘુમાવી હણહણતો. જાણે કહેતો હોયઃ

"હું તમને ઓળખું છું, મુન્નવર!"



એક દિવસ રમઝાન રાત્રે અગિયાર વાગે તબેલામાં પાછો ફર્યો. મુન્નવરે તેને જણાવ્યું કે તે ઇદુ માટે લીલા ઘાસની ગાંસડી લેવાની કોશિશ કરતો રહ્યો; પરંતુ કોઇ ઘાસવાળી ઉધાર આપવાને રાજી ન થઇ ઇદુએ બે ચાર પળત પોતાના માલિકના જમણા હાથ પર શોચણી થપથપાવી, જાણે કહેતો હોયઃ

"કોઇ પરવા નહિ, રમઝાનમિયાં! હું કોઈ ખાધા વિનાજ રાત કાપી નાંખીશ."

રમઝાન પરસેવે રેબઝેબ થઈ રહ્યો હતો. બીજા પાસેનીજ એક દુકાનની સામે ટાંગો શોભાવીને તે ત્રણ તન્નુરી રોટી ખરીદી ટાંગાપર બેઠો બેઠો આરોગી ગયો હતો. પરંતુ ઇદુ જે નવાપરા લગી ભૂખે પેટેજ લાંથી કર્યો હતો; હવે રાત્રે ભૂખેજ રહેશે. રાત ઘણી વીતી ચૂકી હતી. અત્યારે તો દાણો પણ મળી શકે એમ ન હતું.

રમઝાન વિચારવા લાગ્યા કે, જ્યારે મધરાત ટાણે ફરિસ્તો આવશે અને પૂછશેઃ "તમને કોઇ શિકાયત તો નથી, ઝમીનપર ચાલનારાઓ, તમારા માલિકથી?"

અને ઇદુ કહી દેશેઃ" આસમાન પર વસનારાઓ, અમને શિકાયત શાની હોય?"

ફરિસ્તો ઇદુની લગોલગ આવીને કહેશેઃ

"તમારા માલિક માટે હું દુઆ કરું છું. તમે પણ દુઆમાં શામિલ થઈ જાઓ મદદી સંગાથે."

અને ઇદુ મદારા માટે દુઆમાં શામિલ થઇ જશે. કેમકે માત્ર ફરિસ્તાની દુઆ ખુદાની બારગાહમાં કબૂલ નથી થતી. પ્રત્યેક રાત્રે ફરિસ્તો આવે છે અને પ્રત્યેક ઘોડાને એજ સવાલ કરે છે. માલિકની સામાન્ય ગેરવર્તણૂંકનો તો કોઇ પણ ઘોડો શિકાયત નથી કરતો. પરંતુ ઇદુ કેવો નેક ઘોડો છે કે ભૂખ્યા પેટે ચૌદ માઇલનો પ્રવાસ કર્યા પછી પણ તેને ખાવાનું કશું નથી મળ્યું અને ફરિસ્તાની સામે મદારી વિરૂધ્ધ એક શબ્દ પણ નહિં ઉચ્ચારશે; જો કે તે કહી શકે છે કે તે ભૂખ્યો ઉભો છે અને તેના માલિકે તેની આંખ સામેજ ત્રણ તન્નૂરી રોટી ખાધી છે.

રમઝાનને ઉંઘ આવતી ન હતી. દિવસ ભરના બનાવો અને અનુભવો વિવિધરૂપ ધારણ કરીને તેની સામે ફરવા લાગ્યા. અંધારામાં ઇદુનું મુખ સ્પષ્ટ નજરે પડતું ન હતું. ખાટલા પરથી ઊઠીને તે તેની પાસે ગયો. તે હમેશ મુજબ ઉભો હતો તેની શોચણી પર હાથ ફેરવતાં તે બોલ્યોઃ "હવે મૂઇ પણ બસ, ઇદુ બેટા! ફરિસ્તો આવે તો એ ન કહેતો કે તું ભૂખ્યો છે."

ઇદુએ શોચણી હલાવી નહિ, તે હણહણ્યો પણ નહિ ઇદુ ઉઘી રહ્યો છે એમ વિચારીને રમઝાન પાછો ખાટલા પર પડ્યો તે મુખી જવાન, જે દસ આનાથી શરૂ કરીને અર્ધા મુસ્કિલીથી બાર આનામાં આખો ટાંગો લઇને નવાપરા ગયો હતો, રમઝાનની આંખોમાં તરવા લાગ્યો. રમઝાનને તેને બતાવ્યું હતું કે તે એક વિધુર છે, પછી તેણે મુરબ્બી દુલ્હન માટે ઓઢણી ન લઇ શકવા, ઇદુને ઇદના દિવસે ખરીદવા અને હારોના વિષેની સઘળી વાતો વિસ્તારથી કહી સંભળાવી હતી. તે મુખી જવાને હમદર્દી પ્રદર્શિત કરતાં કહ્યું હતુંઃ "હાય,

તમે રૂસમાં જન્મ્યા હતે, કોચવાન!" એ સાંભળીને કે, રૂસમાં સઘળા ટાંગા સોવિયેટ સરકારના છે, એકલા ટાંગાજ નહિ, રેલ્વે અને મોટરો પણ, ત્યારે તેને ઘણો આનંદ થયો હતો. નવજવાને માથું હલાવતાં કહ્યું હતું: "રૂસમાં સઘળી વસ્તુઓ લોકો માટે છે. સઘળા મળીને પોતપોતાના હિસ્સાનું કામ, ખેતરમાં હોય, યા કારખાનામાં, કરે છે. સૌને ભૂખ લાગે છે. કોઇ ભૂખ્યું નથી રહેતું. સૌને સોવિયેટની હોટલોમાંથી ખાવાનું મળે છે." અને રમઝાને વિચાર્યું, રૂસમાં ખરેખર ઘણી મઝા પડતી હશે. તેની પાંપણો મીંચાવા લાગી, દિમાગના દીવા ટમટમાવા લાગ્યા. તે નિદ્રાની બારમાં વહી ગયો, વહેતો ગયો.....

તેણે જોયું તો આકાશમાંથી રોટીઓ વરસી રહી છે. તે ઘણો ખુશ થયો. સદીઓ વીતી, આકાશ ઉપરથી 'મન' અને 'સલ્વા' ઉતરતું હતું. હવે આ રોટીઓ વરસી રહી છે. એ નવા ઝમાનાનો 'મન' અને 'સલ્વા' છે. સઘળા ગરીબો માટે, સરસ ખૈરાત છે ખુદાની છે ખુદાની. હવે કોઈ ભૂખ્યું નહિ રહેશે. તે રોટીઓ તરફ લપક્યો.

તેની આંખ ઉઘડી ગઇ. એ તો સ્વપ્ન હતું. અલ્લાહની લઅનત હો એવા જૂઠા સ્વપ્ન ઉપર તે ઉઠીને બેઠો થઈ ગયો.

મુજાવર બોહુંક લીલું ઘાસ અને દાણા લઇ આવ્યો ત્યારે ઇદુ હણહણવા લાગ્યો... સૂર્યોદય થઈ ચૂક્યો હતો. મુજાવરે નજીક આવી ઇદુના કાન પર દાણાની આદટી લટકાવી દીધી. ઇદુ પુનઃ હણહણ્યો જાણે કહેતો હોય: "જ્યારે પણ કોઇ તમને 'મોટી દુંદવાળો' કહી તમારી મઝાક ઉડાવે છે ત્યારે ઇચ્છા થાય છે કે તેને કરડી ખાઉ, મુજાવર! અને તે માણસ રમઝાનજ કેમ ન હોય...સવા મણ છાતીવાળો, છ ફીટ ઉંચો, બીમકાય રમઝાન." મુજાવર બોલ્યોઃ 'જીવતો રહે, ઇદુ! અલ્લાહ રસૂલની અમાન"

પોતાના બિસ્તરામાં હાથ નાંખતાં રમઝાને મુજાવરને પોતાની પાસે બોલાવ્યો. રમઝાન અત્યંત સતોષી જણાતો હતો.

એક દિવસ, બે દિવસ, પાંચ દિવસ, અત્યંત મુશ્કેલીએ રમઝાને આઠ રૂપીઆ ભાર આના ભેગા કર્યા હતા, ત્યાં દસ રૂપિયાનો હપ્તો ભરવાનો સમય આવી લાગ્યો. સાંઇજી આવી પહોચ્યા અને અલકમલકની વાતોની મંજિલો પસાર કર્યા પછી મૂળ દસ રૂપીયાવાળી વાત ઉપર આવ્યા. પ્રથમ તો રમઝાનને થયું કે સાંઇજીને કહી દઉં કે મ્હારી પાસે ફક્ત પાચજ રૂપીઆ છે જે તમને સહાર્ય આપી શકું છું. બાકીના પાંચ રૂપિયા થોડાજ દિવસોમાં અદા કરી દઇશ; અને અગર કોઇ સંજોગોને લઇ ન કરી શકયો તો હવે પાછીના હપ્તામાં દસના બદલે પંદર અદા કરી દઇશ.

પરંતુ તે વાત માંડે તે પૂર્વેજ સાંઇજી બોલી ઉઠ્યા:

"તમારા હપ્તાઓમાં કદી ફરક પડતો નથી, રમઝાન મિયાં! તમે સમજી લેા. વખતસર દરેક હપ્તો ભરપાઇ કરી દેવામાં આવે તો વધુ આસાની ભરનારનેજ રહે છે."

રમઝાને ઇદુ તરફ જોયું, જાણે તેનો અભિપ્રાય માંગી રહ્યો હોય. બે-જબાન ઇદુની આંખોમાં રમઝાને તેની લાગણીઓ વાંચી



લેવાની વિદ્યા શીખી લીધી હતી તેની સિફારશ બેમજ લાગતી હતી કે, ખિસ્સાની સધળી રોકડ, પાઇએ પાઇ, સાંધજીની સામે ઢગલો કરી દેવામાં આવે અને રમઝાને તેમજ કર્યું.

સાંધજીએ રકમ ગણી લીધી. તેમના મુખપર બર્સરિયત જેવું હાસ્ય છવાઇ ગયું.

"એ કેમ આલશે, રમઝાન મિયાં? દસ રૂપિયાની જરૂરત છે, આમાં તો સવા રૂપિયો ઘટે છે."

રમઝાન બબડ્યો ચોંકી ઉઠ્યો :

"સવા રૂપિયો ઘટે છે, પાઇએ પાઇ તો ઢગલો કરી દીધો સાંધજી! હવે શું જોઇએ છે?"

"બસ્તો સવા રૂપિયો."

રમઝાનને એમ લાગ્યું કે બબડ્યો કોઇ તેના દિમાગમાં દાખિલ થઇને તેનું ભેજું ફૂંદી રહ્યું છે, બબડ્યો તેના દિલમાં સુરાખ કરવામાં આવે છે જેથી તેનું સધળું ખૂન કાઢી લેવામાં આવે. તેણે ઇદુ તરફ જોયું. તેની સિફારસ બેજ લાગી કે કાલ સાંજનો વાયદો કરી લો. અને દેણે તેમજ કર્યું.

સાંધજીના ચહેરા પર જિંદગીની લહેર દોડી ગઇ, અને તેઓ કબૂતરોના પાંજરા પાસે પડેલી લીદની તરફ જોતા બહાર નીકળી ગયા.

ઇદુ લજામણી રહ્યો હતો. તેના લજાદલ્લાટમાં તેની સમસ્ત ખુદ્દારીનું તેજ મૌજૂદ હતું. તે રમઝાનની તંગદસ્તીથી વાકિફ હતો. પરંતુ, બાપદ તે હમેશાં એક ખુદ્દાર કોચવાનના ટંગામાં બેસવાની ઇચ્છા રાખતો હતો. રમઝાનનું મસ્તક ઝુકી ગયું હતું. બબડ્યો સહીઓના દસ્તાવેજોની ઢગલીઓએ પોતાનો સધળો બોજ તેની ગરદન પર નાંખી દીધો હોય.

આંસૂભીની આંખે રમઝાને ઇદુ તરફ જોયું. ઇદુએ પોતાની થોબણી રમઝાનના ખભા પર મૂકી દીધી. બબડ્યો કહેતો હોયઃ "સવા રૂપિયો પણ કોઇ વસ્તુ છે, રમઝાનમિયાં? ચિંતાતૂર શાને થાઓ છો?" અને રમઝાને મસ્તક ઉંચું કરી ઇદુની આંખોમાં તેની લાગણીઓ વાંચી લીધીઃ "વાહ, એ સવા રૂપિયો હવે તારે ઝિમ્મે, ઇદુ બેટા!"

બીજે દિવસે રમઝાન સાંજના તબેલે પહોંચ્યો ત્યારે તેના ખિસ્સામાં ફક્ત એક રૂપિયો હતો તેની હાલત ઓછીવત્તી એક હારેલા જુગારી જેવી હતી, જેની તકદીરને સાપ સૂંઘી ગયા હોય.

ટંગામાંથી છોડીને ઇદુને તેના થાન પર બાંધવામાં આવ્યો ત્યારે તે પૂંછડીને ઉછાળી ઉછાળીને થાનની ભૂમિ સૂંઘવા લાગ્યો. બબડ્યો તે માટી ખાવા તૈયાર થઇ ગયો હોય. એક પીટાયલા ગધેડાની જેમ તેનું શરીર કળતું હતું. તે ઇચ્છતો હતો કે રમઝાન તેના શરીરની માલિશ કરીને તેનો થાક દૂર કરી દે. પરંતુ રમઝાનનો પોતાનો થાક પણ તો આજે કંઇ કમ ન હતો તે સજળ આંખે રમઝાનને તાકી રહ્યો. બબડ્યો કહી રહ્યો હોય "તૈયાર થઇ બબડ્યો, રમઝાનમિયાં! સાંધજી આવતાજ હશે."

રમઝાને નિર્ણય કરી લીધો કે સાંધજીને કાંઈ ન આપે બેમજ ટાળી નાખે. તે ખાટલો નાંખીને બેસી ગયો. અને મુજબર હુક્કો ગારીને પીવા લાગ્યો.

ઇદુ ઘણો ઉદાસ હતો તેના બેકાર રહેનારા કાટ ખાધેલાં-અંતરમાં બહાર નીકળવા ઇચ્છતા હતા. બબડ્યો પુત્રને માબુસ કરતાં કંઈ

ગણી વધારે ભૂખ લાગે છે. બિચારો ઇદુ તેની થેપણી પર પરસેવાના બિન્દુ પૂરી નીકળ્યા. ધીમે ધીમે તેણે પોતાના પેટને અંદર પિચકાવવા માંડયું. ભૂખ તો વધતી જતી હતી, અને તેના આંતરડાં વળ ખાઇ રહ્યાં હતાં.

રમઝાન પણ ઉદાસ હતો. સાંઇજી લાખ બોલાવે, તે તેની સાથે બોલવાજ નહિ આજે. ચૂપ સાધી લેવી કાંઇ મુશ્કિલ થોડુંજ છે. સાંઇજીની તો મતિ મારી ગઇ છે. ધણુંજ પજવે છે. કોઇ કોઇના રૂપિયા ખાઇ તો નથી જતું ને?

તેના મગજમાં પ્રકાર પ્રકારના વિચારો ધૂમરીઓ ખાવા લાગ્યા...આજ સાંઇજી બચે એમ લાગતુ નથી. જરા ટકટક કરી કે આ પહેલવાનનો સરદાર કોચવાન તેમને ઠીક કરી નાંખશે. આજે તે પોતાના ઇદુની સામે પોતાની જવામર્દીનો પરચો દેખાડશે

અને સાંઇજી આવી લાગ્યા તેઓ શાન્ત અને નમ્ર જણાતા હતા આવીને તે રમઝાનના ખાટલા પર બેસી ગયા. રમઝાનનો રોષ ન જાણે કેમ દબાઇ રહ્યો તેણે કોઇ બહાનું કાઢીને સાંઇજીને ટાળી નાખવાનો મનસૂબો કર્યો. પરંતુ તેના ઓષ્ટ ન હાલ્યા, જાણે ગોળકુંડાળું વાળી આમ બેસી રહેશે હમેશાં...હમેશાં

"હપ્તાનો અર્થ તો એજ થાય છે, રમઝાન!" સાંઇજી બોલ્યા: "કે રકમ અદા કરવામાં આસાની થાય"

રમઝાને બેદિલીથી મસ્તક ધુણાવી કહ્યું: "હાં, સાંઇજી!"

"એટલે એક હપ્તાની થોડી ઘણી બાકી પણ બીજા હપ્તામાં શામિલ થવી ન જોઇએ. અને ચોકખી વાત તો એ છે કે એમાં વધુ ફાયદો કર્જદારનેજ થાય છે."

"હાં, સાંઇજી!" રમઝાને ઇદુ તરફ આંખો ફેરવતાં ઉત્તર આપ્યો. ઇદુ હલબલ્યો, જાણે તે પોતાના માલિક સાથે કોઇ પ્રકારની નાઇન્સાફી પસંદ કરતો ન હોય અને એ વાતનો બળાપો કરી રહ્યો હોય કે રમઝાને અંતે શરાફતનો પાલવ શા માટે પકડી રાખ્યો છે આટલી દ્રઢતાથી? કેમ નહિ ધુતકારી કાઢતો એ કમબખ્ત સાંઇજીને?"

'તમારી ઇમાનદારી, તમારી દાનાઇ અને તમારી શરાફત," સાંઇજીએ ચેંતરો બદલીને કહ્યું: "એમાં તો મને કદી ફર્ક પડેલો જણાયો નથી"

"આપ માલિક હ્યાં." રમઝાને નરમ થઇ કહ્યું:

"પણ હપ્તો વખતસર અદા થઇ જવોજ જોઇએ રમઝાનમિયાં!" સાંઇજીએ રમઝાનના ખભા પર હાથ ટેકવતાં કહ્યું. "અને આ વાત હું મ્હારાજ રજાર્થ માટે થોડો કરી રહ્યો છું. એ બોજાથી જલ્દી છુટકારો મેળવવા માટે બસ આજ એક રીત હોય શકે છે"

"આજ લગી તો મ્હારા વિરૂધ્ધ એ બારામાં હર્ફ વટિક નથી ઉચ્ચર્યો, સાંઇજી!"

"એજ તો મ્હારૂં કહેવું છે" સાંઇજીએ તેની આંખોમાં આંખો નાખતાં કહ્યું: અને ખાટલા પરથી ઊઠીને ઉભા થઇ ગયા,

ખિસ્સામાથી રૂપિયો કાઢીને રમઝાને સાંઇજીની સામે ફેંકી દીધો.

'અને પાવલી" સાંઇજીએ રૂપિયો ઉપાડી લેતાં કહ્યું:

રમઝાને ઇદુ ભણી જોયું. તે થેપણી હલાવી રહ્યો હતો, જાણે કહેતો હોય: 'રૂપિયો તો તમે આપીજ બેઠા, રમઝાનમિયા! હવે કાલે પાવલી પણ મારજો સાંઇજીના માથા ઉપર." અને રમઝાને કાલનો વાયદો કર્યો.

સાંજ્યી જઈ ચૂકયા હતા. રમઝાનને લાગ્યું કે તેને ચોમેરથી નિરાશાએ ઘેરી લીધો છે. સદીઓની હુપ્તાની હથકડીઓમાં અંતે એક રૂપિયો અદા કરવાથી કેટલો ફર્ક પડી શકે છે? તે ઘણોજ ઉદાસ હતો, જાણે તેનું દિલ ઘેરાયેલ જરી ટમટમીને...અસ્તંગતના દીવા પેઠે.

ઇદુ પોતાના થાન પર ભૂખો ને ધાયલો હતો. રમઝાન તેની સામે શરમિંદો થવા માંગતો ન હતો. બિછાનુ બીછાવ્યા વિનાજ તે ખાટલા પર પડયો. તેણે પાસું પણ ન બદલ્યું. પીડ તો તબ્બતો બની ગઇ હતી. કોઇ બીજો સમય હતે તો તે ઇદુની પેઠેજ હણહણતે. થાકથી લોથપોથ જેવો તે પડયો રહ્યો. સૂવાની તેની ઇચ્છા હતી, ભૂખા પેટ પર ઉંઘ દોડતી આવે છે કોણ જાણે આજ તે કયાં અદ્રશ્ય થઇ ગઇ હતી.

ફરી મુજાવર આવી પહોંચ્યો. કયાંકથી તે બે રોટીઓ અને અચારની ચીરી લઇને આવ્યો હતો.

"રમઝાન! ઓ મિયાં રમઝાન!" દિલમાં ગલગલિયાં અનુભવતો તે બોલ્યોઃ "જો તારા માટે રોટી લાવ્યો છું તું ભૂખો શાનો રહે, તારી પાસેજ સૂકું જવું એક પેટથી વધુ ખાઇને. નહિ માણ્યા, એ મારથી નહિ બને. આખિર હું આ મહાન કુતુબનો મુજાવર છું, અને હું અલ્લાહ અને તેના કુતુબથી ડરું છું"

રમઝાનનું મન તુર્તજ 'મન' અને 'સલ્વા તરફ દોડી ગયું. મુજાવર રોટીઓ મૂકીને ચાલ્યો ગયો હતો. રમઝાને વિચાર્યું. 'અંતે મોકલીજ આપીને ખુદાએ અલ્લાહે, ખુદે કોઇનો દરવાજો ખટખટાવવો ન પડયો" તેજ સમયે ઇદુના ઘસઘસાટનો અવાજ રમઝાનના કાને અથડાયો. આજે ઇદુ કોઇરીતે રમઝાનની આખરી પાવલી માટે નદી સુધી ખાતો હતો. એ અરસામાં રમઝાને 'મન' અને 'સલ્વા'નો એક ટુકડો મોંઢામાં નાંખી લીધો હતો પણ ઝટ તેણે કોળિયાને હથેલી પર થુંકી કૂતરાની થાળ પર ફેંકી દીધો અને બોલ્યોઃ

"જ્યાં લગી તારા માટે ખાણો, તારા માટે 'મન' અને 'સલ્વા' નઝિલ ન થાય, ત્યા લગી હું કોઇ પણ વસ્તુ ખાવાનો નથી, ઇદુ બેટા!"

અને રમઝાને કાગળને વીંટાળી એક તરફ મૂકી દીધું અને ઝારદસ્તી પોતાની પાપણોના કમાડ બંધ કરવા લાગ્યો. (સંપૂર્ણ)



પુરૂષોનાં કપડાં સાયન્ટીફીક રીતે વેતરતાં અને સીવણ શીખવા માટે મુરાદ મળો યા લખો.

મુરાદ ટેલરીંગ વર્કસ એન્ડ ઇન્સ્ટીટ્યુટ

MURAD TAILORING WORKS.

Try our Secret Good Fit for Scientific Cut, up-to-date Fitting & Modern style.

પ્રો. એસ. જી. મુરાદ.

ચુનારવાડ મસ્જિદ પાસે રાદેર.

કુબ્રની ફર્યાદ

પશ્ચિમે સંધ્યા તણી રંગાવલિ રેલાય છે,
પુષ્પ સાથે માનવી કો' કબ્ર પાસે જાય છે,
ત્યાં ઘડી વિષાદથી એનું વદન વિલાય છે,
સૌરભે એ પુષ્પ કેરી કબ્ર-માટી ન્હાય છે;

ત્યાં અચાનક સાદ આવે કર્ણ કેરા દ્વાર પર,
"ફૂલડાં શાને ચડાવો ખાકના અંબાર પર?"

"રે, દીવાનો! આપ પોકારી મને કે'તા હતા,
દ્વાર પાસે તો મને ઉભવાય ના દેતા હતા,
પીઠ પર મુજ, બાળ ફેંકી પત્થરો રે'તા હતા,
જોઈ મુજને શ્વાન લ્હાવો ગાનનો લેતા હતા;

જીવતાં સીંચ્યું ન વારિ મુજ હૃદય-ગુલ્જાર પર,
ફૂલડાં શાને ચડાવો ખાકના અંબાર પર?"

"મુજ ઉદર કાજે કદી આપ્યો ન ટુકડો નાનનો,
મુજ તૃષાને દાખવ્યો વિવેક ના જળપાનનો,
ગમ નહોતો તાપ ઠંડી વેઠતી મુજ જાનનો,
ખ્યાલ કર્યાથી હોય મારા માન કે અપમાનનો?

સાંત્વન રેડ્યું ન કો'દી મુજ નયન-જળધાર પર,
ફૂલડાં શાને ચડાવો ખાકના અંબાર પર?"

ગાન થભે કબ્રનું ત્યાં નેનથી અશ્રુ ઝરે,
ને પછી ધઈ ફાતેહા એ માનવી આવે ઘરે,
રાત આખી ચિંતને ગાળી, પછી એ ઊચરે,
"આલી હાથે કોઈ, ના મુજ દ્વારથી પાછો ફરે"

કબ્ર-માટી સ્મિત વેરે ફાતેહા પઢનાર પર,
ફૂલડાં હો નિત સ્વજનના ખાકના અબ્બાર પર.

"કિસ્મત"

સુખ અને સફળતા કેમ મેળવશો?

એક અમેરિકન બીઝનેસમેનના વિચારો.

રજૂ કરનારઃ-ઈબ્રાહીમ હાજી મહમદ મીસ્ત્રી.

સુખ અને સફળતા માટેની માણસની ઝંખના જમાના જૂની છે. જિન્દગીમાં સુખી થવા અને ફત્તેહ મેળવવાના અનેક નુસ્ખાઓ સૂચવાયા છે, પરંતુ જમાનાની ઝડપી આગેકૂચની સાથે જીવન સાફલ્યની જૂની ચાવીઓ દટાઇ ગઇ છે અને નવી કુંચીઓની તલાશ થઇ રહી છે. અમેરિકાની જનરલ મોટર્સ કૉર્પોરેશનના આદ્ય પ્રેસીડન્ટ મી૦ ચાર્લ્સ અર્વીન વિલ્સન આપણને નવી દુનિયાનો નુસ્ખો બતાવે છે.

મી૦ વિલ્સન, ત્રણ દીકરાઓ અને ત્રણ દીકરીઓના પિતા છે. તેઓ પોતાનાં સંતાનોની કેળવણી તરફ ભારે ધ્યાન આપી રહ્યા છે. તેઓ માને છે કે, પોતાનાં બાળકો માટે કૉલેજની કેળવણી જીંદગીમાં એટલી બધી ઉપયોગી થઇ પડવાની નથી, જેટલી તેઓને ઘરમાં, રમતગમતનાં મેદાનમાં કે બીજી જગ્યાઓએ મેળવેલું ચોકસ અને સાચા સિધ્ધાંતોવાળું શિક્ષણ થઇ પડશે પોતાનાં બાળકો જીંદગીમાં સુખી અને સદ્ધર થઇ શકે, તે માટે મી૦ વિલ્સને ૭ નિયમો તૈયાર કર્યા છે. આ નિયમો એવા છે જેને અનુસરવાથી કોઇનાં પણ દીકરા-દીકરીઓ પોતાનું જીવન ફત્તેહમંદ અને ઉપયોગી બનાવી શકે. એ ૭ નિયમો આ રહ્યાઃ-

(૧) સફળતા માટે મનોબળ અને શ્રધ્ધાની સૌથી પહેલાં જરૂર છે. તમારે જે કામ કરવાનું હોય તે મક્કમતાથી કરો લાગણીવશ બની કામ કરવાની તમન્ના જાગે તેવાં કામો કરતાં આવાં કામો વધુ લાભદાયક નિવડે છે. તમે તમારી જાતને કાબૂમા રાખ્યા વગર બીજાઓ ઉપર વટ ચલાવવાની આશા રાખશો નહિ. તમે પહેલાં તમારી ઉપરજ સત્તા ચલાવતાં શીખો.

(૨) તમે બીજાઓને જેવી રીતે સમજવા, માપવા પ્રયત્ન કરો છો, તેવીજ રીતે તમે તમારા પોતાના માટે વિચાર કરવાની શક્તિ બીલકુલ નથી. આપણામાંના ઘણાખરા સારા સારીને વખતે બીજાઓના માટે સારો મત ધરાવે છે, પરંતુ મતફેરી થતાં આપણે એટલી ઉદાર નજરે તેમના માટે વિચારો કરતા નથી. આજની સોસાયટીમાં સાથે મળીને ફત્તેહ મેળવી શકતા હોવાથી બીજાઓના મતને માન આપવાની અને બીજાઓ તરફ સહનશિલતા બતાવવાની પહેલાં કરતાં અત્યારે વધારે અગત્યનુ છે. આપણને જીવનમાં પણ "રીપોર્ટસમેન"ના જેવું જીગર અને જુસ્સો રાખવો જોઇએ.

(૩) કોઇ પણ માણસનું ચારિત્ર તમે તેના દેખાવ પરથી હમેશાં નક્કી કરી શકો નહિ. તમે નક્કર હકીકત મેળવો અને તે પરથી અનુમાન બાંધો.

તમારા ચારિત્રમાં દેખાતી ખામીઓ દૂર કરો. આ કાર્ય તમને કાંઇક અણગમતું લાગશે ખરૂં, પરંતુ તમારી જાતને ઓળખવા માટે તે જરૂરી છે. તમારા અંતરને છેતરશો નહિ.

(૪) એક બાળક પણ મોટેરાંઓ પાસેથી વચન પાલનની આશા રાખે. એ વચન પાળવામાં જો વડીલો નિષ્ફળ નિવડે તો બાળક નારાજ થઇ જાય છે. તે વડીલોનું માન રાખતાં અચકાય છે. વચનનું પાલન કરવું જીવનમાં જરૂરી છે. તમારાથી કાંઇ બની શકવાનું નહિ હોય અથવા ચોક્કસ કામ કરી આપવાની તમને પૂરી ખાત્રી નહિ હોય તો કદિ કોઇને વચન આપતા નહિ. ગોળગોળ વાતો કરી એ મમજ્જની અરિયલતા, નિર્બળતા અથવા લુચ્ચાઇની નિશાની છે. એવા માણસો પર વિશ્વાસ મૂકતા લોકો અચકાય છે.

(૫) કામ એ આપણી જીંદગીનો રાજેતાનો એક ક્રમ છે. એ સુખ માટે જરૂરી છે. તમે ઉત્તમ રીતે તમારું કામ કરી જો સંતોષ મેળવશો, તેથી તમે સુખ અનુભવશો. કંટાળીને કરેલું કામ સારું નહિ થાય. એવાં કામથી તમને પોતાને પણ સંતોષ ઉપજશે નહિ. સુખની નિશાની સંતોષ છે.

(૬) હિમ્મત હારશો નહિ. કેટલીકવાર એવું બને છે કે, આપણને કેટલીક બાબતોમાં આપણી યોજનાઓ બરોબર પાર પડતી લાગતી નથી. તમારે એ યોજનાઓ પાર પાડવા માટે તમારી કોશેષો ચાલુ રાખવી જોઇએ. તમે કંઇક મેળવવા માગતા હો તો હાર નહિ ખાવાનો નિશ્ચય કરો. નિશ્ચયબળથી તમે આગળ વધી શકશો. હિમ્મત હારવાથી મુશ્કેલ કામો પાર પડતાં નથી. હિમ્મતવાનજ દુનિયામાં મુસીબતોનો મુકાબલો કરી જીંદગીના જંગમાં જીત મેળવી શકે છે.

તમારે જીંદગીમાં સુખ અને સફળતા પ્રાપ્ત કરવાં હોય તો આ નિયમોને અનુસરવાનું રખે ચૂકતા.

—૦—

હાસ્યરસના જાણીતા લેખક

"ચેકાર" કૃત પુસ્તકો

૧. જુની આંખે નવા તમાશા કીં. રૂા. ૧। ૨. કલમ ચાબુક કીં. રૂા. ૧।
૩. અકકલના ઇજારદાર કીં. રૂા. ૧॥ ૪. હું રાજા હોઉં તો! કીં. રૂા. ૨
૫. રમતા રામ કીં. રૂા. ૨ ૬. સનમની શોધમાં કીં. રૂા. ૨॥
૭. અક્કલના ખાં (છપાય છે.)
૮. બા. જાુઓ.

ધી સંદેર સ્ટોર્સ : દાવર રોડ, : સૂરત.

કેવો; ઘોર અન્યાય !

કેવો; ઘોર અન્યાય !
દાતા ! કેવો; ઘોર અન્યાય !

વિદ્યા, ઝુકે લક્ષ્મી ઉપર; નિજનું માન ગુમાવે,
વિદ્વાનોને કરે બાઈ આકરી; અનઘડ હુકમ ચલાવે.
કેવો; ઘોર અન્યાય !
દાતા ! કેવો; ઘોર અન્યાય !

સુંદર બાળા દેહને વેચે, દોષિત તે લેખાય,
પંડિત વેચે આત્મ છતાં પણ, જ્ઞાની તે કહેવાય.
કેવો; ઘોર અન્યાય !
દાતા ! કેવો; ઘોર અન્યાય !

કવિઓ કેરી વિચાર શ્રેણી, મુકાવે આભનું માન,
ગાએ એ, અજ્ઞાની નરેશના; રાત-દિવસ ગુણગાન.
કેવો; ઘોર અન્યાય !
દાતા ! કેવો; ઘોર અન્યાય !

કંઈક એવા, જન્મે સુખીયા; સુખમાં વિહરતા જાય,
દુઃખીયા એવા જન્મે; જેમના દુઃખથી શ્વાસ રૂંધાય.
કેવો; ઘોર અન્યાય !
દાતા ! કેવો; ઘોર અન્યાય !

અન્નછત્રી નિજ ઋણના બોજે; રોજ દબાતા જાય,
ધર્મીને ઘેર ધાડ; અધર્મી, ઘી ને કેળાં ખાય
કેવો; ઘોર અન્યાય !
દાતા ! કેવો; ઘોર અન્યાય !

આ દુન્યાના, પાપ નગરમાં; દરેક કષ્ટ ઉઠાવે,
ને એવા એ, પાંપ નગરનો; વિધાતા તુજને બતાવે !
કેવો; ઘોર અન્યાય !
દાતા ! કેવો; ઘોર અન્યાય !

"મસ્ત-ફુણીમ" સારોદી

ભાવના

વિદાય:—

વિશ્વના વિષાદમય વદન પર સંધ્યાની શ્યામ અલકલટો વિખરતી જાય છે. જેની પાળ સૂર્ય છુપાઈ ગયો છે. શાન્ત સંસાર પર સંધ્યા પોતાની શાન્તિમય પાંખો પ્રસરાવી બેઠી છે.

મારા પ્રસ્થાનનો સમય આવી લાગ્યો છે! માત, હવે મને વિદાય દે! તારી ચિત્રશાળામાં મેં ઘણુંજ અનિષ્ટ કર્યું છે. કેટલીયે રંગ પ્યાલીયો ફોડી નાંખી છે! અને કેટલાંય ચિત્ર બગાડી નાંખ્યાં છે!

આજ મારી આત્મ-શ્લાઘા તારી કૃતજ્ઞતાના બોજથી દબાઈને કુંઠરાઈ ગઈ છે. મારા અપરાધોને ક્ષમા કર! માતા હવે મને વિદાય દે!

દયા:—

કેટલો દયા પ્રેરક શબ્દ શું માનવી દયા પાત્ર છે...? શું માનવી જીવનમાં દયા સંગ્રહે છે? કેમ કહી શકાય—!

ત્યારે તે શું ઇચ્છે છે નિજ જીવનમાં? માનવી તો અભિલાષી છે-જર અને જોરુકમીનો તેને જોઇએ છે સત્તા અને સિક્કો. પરંતુ એ દયા યાચવાથી મેળવી શકાય એ અસંભવિત છે.

અંતિમ-અપેક્ષ:—

રજનીના પ્રથમ પ્રહરમાં શા માટે ન આવ્યા, પ્રાણેશ? જ્યારે યૌવનની પ્યાસી પ્રતિક્ષાની મદિરાથી છલોછલ ભરી હતી...!

અમૂલ્ય ઘડીયો અંધારામાં વિતાવી, હવે આવ્યા...! જ્યારે નિદ્રાની ભારી પલકો પર કેવળ મૃત્યુની રાગણી રમી રહી છે

સંધ્યાના રંગ:-

વરસી ગએલ દિવસોના વાદળ મારી જીંદગીમાં ઘેરાઈ આવે છે, પરંતુ વર્ષા વરસાવવાને કે તોફાન મચાવવાને નહીં. પરંતુ મારી નમતી સંધ્યાના આકાશને અવનવા રંગોથી રંગવા.

તકાવત:-

જ્યાં સુધી હૃદય-વિણા પર તમારાં રચેલાં ગીત ગાતો રહ્યો-મને નવ-સ્ફુર્તિ અવર્ણનિય અખંડ શાંતિનો આભાસ થતો રહ્યો. પરંતુ-જીવનની ઢળતી સંધ્યાએ હું મારા સ્વરચિત ગીત ઉચ્ચારવા લાગ્યો-તો જ્ઞાન થયું કે આંગળીયો કંપનહિન છે. ને સંગિત-રાશી નિદ્રિત.

ફે.બ.બ.ઘા નૂર અહમદ



એ યાદગાર મુલાકાત

: અનુવાદક :

હાશિમ ટીમોલ

[ડૉક્ટર ઇકબાલ સાથે અહમદ નદીમ કાસમી સાહબ મળેલા, તેનુ વર્ણન તેમણે એક લેખ દ્વારા રજુ કરેલુ છે. તેનું આ ગુજરાતી રૂપાંતર છે. અનુવાદક]

જિંદગીમાં એકવાર-માત્ર એકજવાર-હું 'ઇકબાલ'થી મળ્યો છું પરંતુ જીવનનાં સુધી એનો પર ગર્વ કરતો રહીશ કે એકવાર તો મેં એ મહાન હસ્તીનાં પડાઇને દર્શન કર્યાં, જીવનમાં એકવાર તો મે એ મહાન ચિંતકના મુખેથી સરતાં મોતી ઝીલ્યાં.

તે ભાગ્યશાળી દિવસ તા. ૨૮મી જુન ૧૯૩૭ નો હતો. હું "ઇન્કિલાબ" ઑફિસમાં કિમ્બા 'સાલિક' સાહબને મળવા પહોંચ્યો હતો. 'સાલિક' સાહબ તે વેળા મહારાં કાગળો તપાસી રહ્યા હતા. અંગ્રેજીની વાતો ચાલી. ગોષ્ટિમાં મૌલાના 'હસરત' કાસ્મિરી સાહબ પધાર્યા. વાત વાતમાં નક્કી થયું કે આજે બેએક કલાક 'ઇકબાલ' સાહબ સાથે વિતાવવા.

"ડૉક્ટર સાહબથી કદી મળ્યા છો 'નદીમ?' સાલિક સાહેબે પૂછ્યું. મે જવાબ વાળ્યો. 'જી ના"

"તો ચાલો-આજે સવેંજ મળીએ." આંખોના ભાંગે બે આંખો ડૉક્ટર સાહેબને ત્યાં એકલા જવાની હિંમત આપણામાં હતીજ નહિ 'જાવીદનામા' જેવી અલૌકિક કૃતિના કર્તા સામે જતાં હું કંપતો. ભય રહેતો કે કંઈ ભાન ભૂલી જવાય તો ? મને સ્વપ્નની

જરૂર કની ખુશાની મહેરબાનીથી તે સરળતાથી મળી આવ્યો.

'સલિક' સાહબ અને હું 'દસરત' સાહબના નિવાસે પહોંચ્યા. હજી 'દસરત' સહેબને કંઈ પૂછીએ તે પહેલાં તો 'અખ્તર શીરાની' સાહબ ટાંગામાં બેસી જતા દેખાયા. અમને જોઇ તેમણે ટાંગો રોકી લીધો અમે ત્રણે જણ જલદીથી ટાંગાપર ચઢી બેઠા. જદીદ મજિલ આવતાં લગીમાં તો ટાંગામાં કેટલીએ ચર્ચા ચાલી ગઈ જદીદ મજિલ પાસે પહોંચતાં દૂરથી ડૉ. યકબાલને જોઇ 'અખ્તર' સાહબે કહ્યું-'ઉર્ ! ડૉક્ટર સાહબ બહુજ દુબળા પડી ગયા છે."

નમ્બર સાહબને ત્યાં જરૂરી કામ લેવાથી 'અખ્તર' સાહબ તો ચાલ્યા ગયા, અને અમે 'જદીદ મંઝિલ' પ્રતિ વળ્યા. બંગલાના ઉપરના ભાગમા પગથારની પૂર્વે "એડિયાનો ઐ મદાન સિંધ" એક નાનકડા તકીયા પર પોતાની જરૂરની કોણી ટેકવી સત્ત આઠ ગૃહસ્થો સર્વે વાતચીતમા મશગુલ હતો. અમારા જવાથી તમા બેઠેલા સાહબો રજા માગી વિદાય થઇ ગયા.

અંજુમને ઇસ્લામના ઐક્ય બેઠકમા. ડૉક્ટર સાહબને દૂરથી જોયેલા પરંતુ આજે અતિ નજીકથી જોઇને મને થયું કે હું કયાંક દરિયો પાસ ન જતી જાઉં!

ડૉક્ટર સાહબે લીલા રંગના ગમ્બા પહેરેલા હતા. કમામની કરીયે બનાવટ કર્યા સિવય બારણાપર જોયાં બેઠાંજ આપે ફરમાવ્યું "બ્રધર્સે 'સલિક' સાહબ, કરીએ દસરત સાહબ કયા હાલ હય?" અને એ બન્ને સાહેબોથી હાથ મેળવ્યા બાદ મહારી તરફ વળ્યા.

"અહમદ નદીમ કાસમી" 'સલિક' સાહબે મહારી ઓળખ આપતાં કહ્યું.

ડૉક્ટર સાહબે મોં મલકારી હાથ લંબાવ્યો. અને પૂછ્યું "મઝામાં તો ઓને?"

મેં અટકી અટકીને જવાબ વાળ્યો- "આપની દુઆ છે" આ વેળા મને લાગ્યું હતું કે જગતમાં મુજ સમો નગીણાદર કોઇજ હશે! કોઇપણ મદાન બહિનોની પરેડ પડેલી મુલાકાતમાં દરેક ઇન્સાનને યાનું કરીને બોલાવે ભાવો ઉઠતા હશે.!

ડૉક્ટર સાહબ ધીમે ધીમે દુબળો બેઠેલો રહ્યા હતા. થોડીવાર પછી ફરમાવ્યું કે "બ્રધર્સ, 'દસરત' સાહબ,' "મતાએખાત" (રીસા કોલમ)ના શા હાલ છે?" દસરત સાહબ જોર પર છે, થોડા દિવસ થયા કે આપના દુબળાની ખુશી (રવભાવ) ઉપર પણ એ ફકરમ આવી ગઇતાં હતાં. અમે તે જોયા ઉપરતેમ લાગ્યું નથી."

ડૉક્ટર સાહબ-(હસતાં હસતાં) "ડૉક્ટરો બંધરાવી રોકે છે: કરી કરી શરૂ પડે કંઈ કંઈ બંધારી સંભળી લઉં છું. બને બંધતો નથી."

દસરત-"રમુજ કૉલમ તો આજકાલ કરીબો બોરે વહ્ય કરી દેવાઈ છે."

ડૉક્ટર સાહબ-"આપને તો યાદ હશે સલિક, કેરાનિવાની તે ઉનાળાના દિવસો. રાતના બાર બાર વાગ્યા સુધી મજલિસો જામતી"

સલિક-"જીવનની પુંજી સમા એ દિવસો ભૂલાય ખરા?"

વાતનો વિષય પલટા પર પલટા ખતો ઝફરઅલીખાનને ધસડી લાવ્યો. ડૉક્ટર સાહબ–"મૌલાનાની ખુદાદાદ લાયકાત વિષે બે મત નથી પરંતુ કાશ! તેઓ કોઇ નક્કર કામો તરફ વળ્યા હોત. મુસલમાનો માટે મૌલાનાએ જે કાંઇ કર્યું છે તે બસ નથી તેઓ ધારે તો ઘણું ઘણું કરી શકે તેમ છે રે! કરી શકયા હોત."

સાલિક–"ઝમીંદારમાં" તો હવે નવલિકાઓ શરૂ થવાની છે. મૌલાના થોડાક દિવસો ઉપર મળ્યા હતા ત્યારે કહેતા હતા કે હિંદુસ્તાનમાં મૌલિક વાર્તાઓ જરૂર પ્રમાણમાં લખાય છે તેથી શરૂ શરૂમાં વિદેશી સ્ટોરીઓના અનુવાદ પ્રગટ કરીશું. મેં કહ્યું હતું કે વિદેશી વાર્તાઓમાં જાનું વાતાવરણ એટલું તો ભરેલું હોય છે કે અહીંના વાંચકો એનાથી કંટાળે છે. દૈનિક પેપરમાં આવી વાર્તાઓ જગ્યા રોકે તો વાંચકો પર બોજરૂપ થઇ પડે."

ડૉક્ટર સાહબ–(સ્મિત વેરતાં) "મૌલાનાએ પોતાની પસંદગી 'ડયુમા'ના "કાઉન્ટ ઑફ મોન્ટીક્રીસ્ટો" પર ન ઉતારી? એ પણ એક વાર્તા જ છેને?"

આ સાંભળી સૌ ખડખડાટ હસી પડયા. ડૉક્ટર સાહબે વાતને ચલુ રાખતાં ફરમાવ્યું કે, "સારી વાર્તાઓને હુ ય આવકારું છું. સાહિત્યમાં વાર્તાએ પોતાનું ચોક્કસ સ્થાન કયારનું એ નક્કી કરાવી લીધું છે. આપણે પણ શા માટે તે તરફ મોં મચકોડીએ? પરંતુ એવી વાર્તાઓ શા માટે ન લખવી જે વાર્તાની વાર્તા અને સબકનો સબક હોય? ઇસ્લામના કર્મ વીરો એવાં એનાં કારનામાં કરી ગયા છે કે જેનું વર્ણન માત્ર અત્યુત્તમ અને સાચી વાર્તાથી ચઢે તેમ છે. મ્હારી તો લાંબા કાળથી એ ઇચ્છા રહી છે કે કોઇ હિંમતવાન લેખકને કહું કે એવા વર્ણનોની હારમાળા શરૂ કરે. એવી ગ્રંથમાળા મુસલમાનો માટે બેહદ લાભદાયી નીવડશે. એના માટે લેખન-સાહિત્ય માંગો તેટલું મળી આવે તેમ છે. એક એક પુસ્તક સો યા દોઢસો પાનાનું હોય તો બસ. એ હારમાળા કંઇક આવા નામોથી શરૂ કરાય, 'ઇસ્લામી સતોની લેખમાળા,' 'ઇસ્લામી વીરોની લેખમાળા.' એના પછી ઇસ્લામી યોધ્ધાઓ કવિઓ, ઇતિહાસકારો વગેરેની લેખમાળા. ખાસ મુસીબત તો એ છે કે આપણા લેખકો એ તરફ લક્ષ દેતા જ નથી. આજકાલના મુસલમાનોને જોયા પછી, અગાઉના મુસ્લિમો માટેના તેમના વિચારોમાંથી માનનું તત્વ લોપાઇ ગયું છે. એમ લાગે છે.

સાલિક–"પતનની પરાકાષ્ટા; મહાન ઉન્નત પ્રજાનું કેટલું અધમ પતન!"

ડૉક્ટર સાહબ–"હાં. થોડા દિવસ થયા હશે કે એક ઉતાવળીઆ તંત્રીએ લખી માર્યું હતું કે "જો ગાંધીજી અને નેહરૂ મુસલમાન થઇ જાય તો હિંદ તરત આઝાદ થાય!" હું કહું છું કે આ ગુલામ-આબાદમાં નવ કરોડ મુસલમાનો વસે છે. તેમાં બે ચાર ગુલામો ઉમેરવાથી શું ફેર પડી જવાનો હતો?" આમ કહીને ડૉક્ટર સાહબ હસ્યા. એ હસવું કેટલું કટાક્ષમય, કેટલું અર્થસૂચક હતું.

એના પછી મિસરના પ્રવાસમાં ડૉક્ટર સાહબ સાથે એક કાદિયાની હતો એ વાત નીકળી. ડૉક્ટર સાહેબ કહેવા લાગ્યા કે મિસરના લોકોને જ્યારે એ વાતની ખબર થઇ તો કાગળો અને પેપરોદ્વારા તેઓ મારી પાસે એનો



ખુમારી માંગવા લાગ્યા ને મેં અંજીર દીધો હતો.

પુરા ત્રણ કલાક અમે ઇકબાલ સાથે ગાળ્યા અને પછી રજા લઇ વિખુટા પડયા.

આહ! કેવું મહાન વ્યક્તિત્વ હતું અલ્લામા 'ઇકબાલ'નું! કેટલા ઉચ્ચ સ્થાનનો અધિકારી હતો એ મહાકવિ! જ્યારે ડૉકટર સાહબે મુલાકાત માટે હાથ લંબાવ્યો અને કંપને હાથે મે તે હાથથી હાથ મેળવ્યો તો મને એમ લાગ્યું કે જગતની દૌલત મારા ચણો નીચે છે. મારા હાથમાં પવિત્ર ખજાનાની ચાવીઓ પડાઇ ગઇ છે.

પાટીવાળો પેલંગ,—સાદા તકીઆ પર ટેકી દેકવી બેઠેલા 'ઇકબાલ' પ્રભાવિત કપાળ ભુરા ભુરા વાળ, ઉંડુ ઉંડુ વિચારતી આંખો, ખૂબ સફેદ છતાં પીળો પડેલો દેહ, મલકાતું મોં; એ ચિત્ર મહારા સ્મરણપટ પર હજુએ જેમનું તેમ છે. અને જીવીશ ત્યાં લગી તેમજ તાજું રહેશે.

(*કહોરના હસ્તલિખિત 'શહબાઝ'માંથી)

ભૂલ સુધાર

ગયા અંકમાં મી. એચ. ઇ વલીઆણીનો લેખ 'નાશમાંથી નવસર્જન' પ્રગટ થયો છે. તે લેખ અનુવાદિત નથી પણ મૌલિક છે. માટે ભૂલ સુધારીને વાંચવું.

તંત્રી

ગ્રાહકોને!

અમાગ માનવંતા ગ્રાહકોને આથી વિનતિ કરીએ છીએ કે આવતા અંકથી ઘણાખરા ગ્રાહકોનું નવું વરસ શરૂ થાય છે તો જે સાહબોને ગ્રાહક તરિકે રહેવાની ઇચ્છા ન હોય, તેમણે એક કાર્ડ લખી અમને જણાવી દેવું કે જેથી અમે વી પી કરવાના ખર્ચ અને તકલીફથી બચી જઇએ

મેનેજર

બજમે ઇકબાલ, કહોરના

બીજા વર્ષના પ્રગટ થયેલાં પુસ્તકો

મુહમ્મદી દર્પણ મૂલ્ય ૦–૧૨–૦ (પોસ્ટેજ ૦–૨–૦ વધુ)
ઇબ્ને સિરાજ „ ૦–૬–૦ (પોસ્ટેજ ૦–૧–૦ વધુ)

—: તૈયાર થતાં પુસ્તકો :—

ઇકબાલ.....સીરતી. માટીના ઘડા.....કૃષ્ણ માતરી,

સ્ટોકીસ્ટઃ—પી સંદેર સ્ટોર્સ ટાવરરોડ, સુરત.

શાદી ગમી ના વખ્ત પર કંઈ શૌક ને ફૅશન ઉપર,
વ્યર્થ એમજ વેડફાએ કૌમનું લાખોનું જર,
ચાહો છો બચવા ભયંકર આવતા ભાવીથી ગર,
તો ઉતારી લો હરેક બધુ જીવનમા કરકસર,
મુજ શ્રમજીવી ભાઇઓને એજ હું બતલાવું છું,
કરકસર હર બાબતમાં કરવાને હું સમજાવું છું.

ભુખમરો છે જય વકરતો જ્યમ વધે બેકાર છે,
ત્યમ છતાંએ શાંત આજે કૌમના ઝરદાર છે,
આ સમય એ કૌમ નૌકા ના તે તારણહાર છે,
કૌમના ભાવીના બસ તેઓજ જોખમદાર છે,
આજ મુસિકલમાં પડેલાને છોડાવા જોઇએ,
કૌમ ખાતર તો બધાનાઓ લુટાવા જોઇએ.

આશ છે તુજથી કૃપાળુ કર અમારા પર કૃપા,
અમ પાપીઓના પાપની હું તુજથી માંગુ છું ક્ષમા,
નિત નવી છે આફતો, ને નિત નવી છે આપદા,
દૂર કરતું અમ શિરેથી આજ આ કાળી બલા,
યાચના "મઝલૂમ"ની આ લે સ્વીકારી આજ તું,
રાખીશે અમ કૌમ કેરી ઓ ખુદાયા લાજ તું.

કાસિમઅલી એ. નૂનાની 'રફતાર' મહીંમ

'કારવાં'ના વાંચકો ભાવનગરવાળા ભાઈ 'રફતાર'થી અપરિચિત નહિજ હોય ? એ એક ઉગતા અને આશાસ્પદ કવિ ઉપરાંત સારા લેખક હતા. 'જ્યોત'ના નામે સામાજીક લેખો ઉપરાંત 'મન્સૂર' ના નામે મઝલુણી લેખો પણ લખતા હતા. એમના જન્નત નશીન થવાથી ગુજરાતે 'ફાની'ના રંગનો એક આશાસ્પદ કવિ અને લેખક ગુમાવ્યો છે. અમે દિલગીરી પૂર્વક આ નોંધ લઇએ છીએ. સાથે દુઆ ગુજારીએ છીએ કે ખુદા મહીંમને મગફિરત કરે અને તેમના સગાં સબંધીઓને સબ્રે-જમીલ અતા કરે ! આમીન.



કારવાં [માસિક] Registered No. B. 432

માસ ઑગસ્ટ ૧૯૪૨

પુસ્તક ૩ જું તંત્રી: "વહશી" બંદરી. અંક ૧૨

અનુક્રમણિકા.

વિષય સૂચિ.		લેખકનું નામ		પૃષ્ઠ
ફિરાયતે રંગૂન (ઉર્દૂ કાવ્ય)	...	"ઉસ્કૃત"	...	૬૭૨
ઇસ્લામી શિક્ષણ (કુર્આન)	...	મૌ૦ અ. રહીમ સા૦	...	૬૭૭
,, ,, (હદીસ)	...	,, ,, ,, ,,	...	૬૭૮
આવાજકી દુનિયા ...	...	"બેકાર"	...	૬૭૬
ફતાવા ...	...	મૌ૦ અ. અશરફ સા૦	...	૬૮૦
ચોઢ	...	રા. વલુભરા	...	૬૮૧
સ્વીકાર અને સમાલોચના	...	... ...	...	૬૮૪
તકદીર (નવલિકા) ...	...	'અમીત" (મુંબઇ)	...	૬૮૫
કાસમ (નવલિકા) ...	...	"આઝાદ" (બગસરા)	...	૬૮૬
ચીનમાં ઇસ્લામનો પ્રથમ દુત	...	"મુરતફાખાદી"	...	૬૮૭
સિદ્ધિના સન્માર્ગ ...	...	"ગાફિલ"	...	૬૯૬
આધુનિક શિક્ષણ પામીને	...	"તાજ" ...	...	૭૦૦
અરમાઉલ હુરના ...	...	રિઝાઇ–સાબેરી	...	૭૦૪
ટાગાવાળો (નવલિકા) ...	...	"સીરતી" ...	...	૭૦૫
કથની કર્યાદ (કાવ્ય)	...	"કિરમત" ...	...	૭૦૬
સુખ અને સફળતા કેમ મેળવશો ?	...	'મીસ્કો" ...	...	૭૦૭
કેવો ઘોર અન્યાય (કાવ્ય)	...	"મસ્ત–હબીબ"	...	૭૦૮
ભાવના	...	"નૂર અહમદ"	...	૭૦૯
એ યાદગાર મુલાકાત ...	...	"ટીમોલ" ...	...	૭૧૦
"રાખી લે અમ કૌમ..." (કાવ્ય)		"મજલૂમ" ...	...	ટાઇટલ ૨

વાર્ષિક લવાજમઃ–હિન્દ અને સીલોન રૂા. ૪, અમો રૂા. ૫, પરદેશ રૂા.

છુટક નકલ પાંચ આના

"કારવાં" દર અંગ્રેજી મહીનાની તારીખ પંદરમીએ પ્રગટ થઇને તેજ દીવસે પો. કરવામાં આવે છે. રેપર ઉપર ગ્રાહક નંબર હમેશા લખવામાં આવે છે. પત્રવ્યવહાર વેળા તે લખવા ચૂકશો નહીં. અંક નહીં મળવાની ફરિયાદ હિંદના ગ્રાહકોએ તા. ૨૫મી સુધીમાં કરવી.

Printed by: Magandal Mangaldas Patel, at The 'Gangotri' Printing *Kanpith, Khar ni Bazar,* Surat.

Published by: Azum Ahmad Esmail 'Vahshi' for Vahshi Sahitya *Tower Road,* Surat.